બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



ભાગ-૧

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ભાગ-૧

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ભાગ-૧

લેખક
સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-I

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:
May 2005. Copies: 5,000 (Total copies: 11,000)

ISBN: 81-7526-284-2

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ

તૃતીય આવૃત્તિ : મે ૨૦૦૫

પ્રત : ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

2. [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

વિભાવ્ય દાસભાવેન સ્વામિનારાયણં ભજે ॥




સનાતન વૈદિક યુગલ ઉપાસ્યમૂર્તિ


શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને


અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



અક્ષરપુરુષોત્તમની સનાતન વૈદિક ઉપાસનાના
પ્રખર પ્રવર્તક, લાખો જીવો માટે
શાશ્વત ઉપાસનાનો કઠિનતમ માર્ગ
સરળ કરી આપનાર ઇતિહાસસર્જક
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ



કઠિનતમ સંજોગોમાં પણ બ્રહ્મસ્વરૂપની
અલમસ્તાઈનો ઉત્સવ કરતા રહીને
લાખોને શ્રીહરિના પરમપદના અધિકારી બનાવનાર
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક અને
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી,
જેમની દિવ્યાકૃતિમાં લાખો આબાલવૃદ્ધો
રસતરબોળ થયા છે,
સર્વોત્કૃષ્ટ અક્ષરપદના અધિકારી બન્યા છે
એ અર્વાચીન યુગપુરુષ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના
આશીર્વાદ

સ્વામીશ્રીજી

પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર પોતાનું ધામ-અક્ષર અને મુક્તો લઈને પધાર્યા અને અનેક જીવોનું કલ્યાણ કર્યું. તે જ કાર્ય અને ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંત મુજબ અક્ષરે સહિત પુરુષોત્તમ, એટલે ભક્ત સહિત ભગવાનનાં મંદિરો કરી અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન સર્વેને સિદ્ધ થાય તે માટે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં છે.

પૂજ્ય યોગીજી મહારાજે તે જ્ઞાન ને કાર્ય, દેશ-પરદેશમાં અનેક મુમુક્ષુઓને દૃઢ કરાવ્યાં છે અને સ્વામિનારાયણ ભગવાનનો સંદેશો દેશ-પરદેશમાં સંતો-ભક્તો દ્વારા પહોંચાડી રહેલ છે.

પૂજ્ય યોગીજી મહારાજ, સાક્ષાત્ મહારાજનું સ્વરૂપ હતા. અને તેઓના જીવનમાંથી અનેકને પ્રેરણા મળી છે. તેઓ સાધુતામાં અજોડ હતા, અને બ્રહ્મ-ખુમારીમાં અખંડ ભગવાન સ્વામિનારાયણની ભક્તિ કરતા અનેક ભક્તોએ તેઓનાં દર્શન કરેલ છે. અને ધર્મ-નિયમમાં જરાપણ ચૂક ન થાય એટલે શ્રીજીમહારાજની આજ્ઞાનું દૃઢપણે પાલન કરવા-કરાવવામાં શૂરવીર હતા. અને શ્રીજીમહારાજના સ્વરૂપમાં મહિમા સહિત અનન્ય ભાવે ભક્તિ કરતા પણ જોયા છે. એકાંતિક ધર્મ તો સિદ્ધ હતો. એવા સર્વે દિવ્ય ગુણોથી સંપન્ન, શ્રીજીમહારાજ ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક એવા યોગીજી મહારાજનાં દર્શન સર્વેએ કરેલ છે. તો તેઓનું જીવન ચરિત્ર પૂ. મહંત સ્વામી, પૂ. ડૉક્ટર સ્વામી, પૂ. કોઠારી ભક્તિપ્રિયદાસજી તથા પૂ. ત્યાગવલ્લભદાસજી તથા વિવેકસાગર સ્વામી વગેરે સર્વેના સહકારથી પૂ. ઈશ્વરચરણ સ્વામી, જેઓએ પૂજ્ય યોગીજીમહારાજની સાથે સેવામાં રહીને તેઓના જે દિવ્ય પ્રસંગો જોયા-જાણ્યા-સાંભળ્યા-અનુભવ્યા તથા

હરિભક્તો, સંતો, અન્ય મહાનુભાવો પાસેથી પ્રસંગો પ્રાપ્ત કરીને (એકત્ર કરીને) આ જીવન ચરિત્ર તૈયાર કરેલ છે.

પૂજ્ય યોગીજી મહારાજના આશીર્વાદ અને કૃપાદૃષ્ટિ પૂ. ઈશ્વરચરણ સ્વામી ઉપર છે. એટલે આ ચરિત્રગ્રંથ તૈયાર કરવામાં યોગીબાપાની સતત પ્રેરણાથી દિવ્ય પ્રસંગો ને દિવ્ય ચરિત્રોથી ભરપૂર ગ્રંથ થયો છે. તો તે વાંચવામાં સર્વેને આનંદ થશે ને યોગીજી મહારાજનું દિવ્ય સાન્નિધ્ય સર્વેને અનુભવાશે ને શાંતિ થશે. તો સર્વેએ આ ચરિત્ર ગ્રંથ પોતાને ત્યાં વસાવી લાભ લેવા વિનંતી સહ આશીર્વાદ છે.

શા. નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના

જય સ્વામિનારાયણ.

દક્ષિણ આફ્રિકા,

તા. ૩૧-૧૨-૮૮



આચમન

'આપ તો હવે યુગપુરુષ છો.'

'ના, ભાઈ ના. હું તો દાસ છું.'

લીમડીમાં એક વયોવૃદ્ધ દર્શનાર્થી સદાશંકરભાઈએ યોગીજી મહારાજને સન્માન્યા ત્યારે એમણે એકદમ સહજભાવે પ્રતિભાવ દર્શાવ્યો; જાણે કોઈનો અપરાધ ન થઈ જતો હોય ! એવી દહેશત એ અભિવ્યક્તિમાં જણાતી હતી. આ હતી એમની આંતરિક પ્રતિભા ! ઇષ્ટદેવ-ગુરુ પ્રત્યેનો દાસત્વભાવ !

૧૯૭૦માં વિદેશથી પાછા ફર્યા બાદ ગુજરાતની પ્રજાએ એમને ઠેર ઠેર સન્માન્યા ત્યારે એમણે એક જ પ્રતિભાવ આપ્યો :

બોટાદ સ્વાગત-સભામા તેઓ કહે : 'તમે જે આદરભાવ આપ્યો તે સ્વામિનારાયણ ભગવાનનો છે. અમારો નથી, અમે દાસ-ભક્ત છીએ. વાસણ ઊટકનાર છીએ.'

તો સારંગપુરમાં સન્માન જોઈ એમણે સંત સ્વામીને પૂછ્યું : 'તમે કેમ આ બધું કર્યું ?'

'તમે દૂર દેશથી આવ્યા તેથી કરવું પડે ને !'

'અક્ષરધામથી આવ્યા છીએ ! તે ક્યાં દૂર દેશ છે ?' યોગીજી મહારાજે સહજભાવે સ્પષ્ટતા કરી.

શ્રીજીમહારાજે વચનામૃત સા. ૧૦માં આ જ ભાવ વ્યક્ત કર્યો : 'પોતાના જીવાત્માને ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિશે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનું ધામ તે અણુમાત્ર છેટે નથી. અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.'

સદા આત્મદૃષ્ટિએ વર્તતા, પરમાત્મા સાથે અખંડ યોગ જેમનો સધાયો છે એવા યોગીજી મહારાજના વિભૂતિતત્ત્વનો સાર સમજવો મનુષ્યબુદ્ધિથી દુર્લભ હતો.




અવતરણના ઉષાકાળથી જ સાંસારિક પંચવિષયો - પદાર્થો - બંધનોથી ક્યાંય દૂર આ બાલયોગીનું મન પ્રભુભક્તિમાં રમતું હતું. ઝીણાભાઈને બગસરા લગ્નપ્રસંગે લઈ ગયા તો મંદિરમાં ભજન કરવા માંડ્યું. ઘરઆંગણે માતા સારાં ભોજન-કપડાંનો આગ્રહ કરે તો કાંઈ ઇચ્છા જ નહિ. ભાણામાં જે પડ્યું તે ગળા નીચે ઉતારી દે; વધુ માગે નહિ. આવી ઉદાસીનતાથી જ જૂનાગઢી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીએ એમનામાં સાધુતાનું હીર પારખી લીધું અને મમતાપૂર્વક ત્યાગાશ્રમ અપાવ્યો.

ઝીણા ભગતમાંથી સાધુ જ્ઞાનજીવનદાસ થયેલા આ યુવાન સંત જૂનાગઢમાં મંદિર તથા સંતોની અતિશય સેવા કરી આકરાં વ્રત-ઉપવાસ આદરી સૌના લાડકવાયા 'જોગી' બન્યા.

પ્રીતે યજ્ઞપુરુષદાસ ગુરુને...

ગુણાતીત જ્ઞાન અને વ્રતમાં શૂરા અને પૂરા એવા ધુરંધર સદ્‌ગુરુઓ બાલમુકુન્દ સ્વામી, નારાયણદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી વગેરેનો સેવા-સમાગમ કર્યા પછી આ ઉત્કૃષ્ટ મુમુક્ષુ જાણે કોઈ ઉત્કૃષ્ટ ગુરુની શોધમાં હોય એમ પ્રથમ માધવપ્રિયદાસ સ્વામીની વાતોથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસમાં મનોમન આસક્ત થયા. રાજકોટમાં ભક્તરાજ કૃષ્ણજી અદાએ આ ભાવનાને ઘણું સમર્થન આપ્યું અને રાજકોટમાં જ અદાને ત્યાં શાસ્ત્રીજી મહારાજનું પ્રથમ મિલન યોજાયું.

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર જ્યોતિર્ધરના પ્રથમ દર્શને આ બાળ-જોગીએ એમનાં ચરણોમાં પોતાનું મન સમર્પિત કરી દીધું. આ સ્નેહમિલનમાં પરમાત્માનો સંકેત જરૂર જણાય. કારણ, જૂનાગઢી સમર્થ સંતોનું પડખું છોડીને, મૂળ સંપ્રદાયથી જુદા પડેલા અપમાનિત અને હડધૂત થતા આ શાસ્ત્રીજી મહારાજને વરવા એમનું મન તત્પર થઈ ગયું. ગુણાતીત પરંપરાને ઉજ્જવળ



રાખવા જ આ બાળજોગી જાણે અવતર્યા હોય તેમ જણાતું હતું.

જૂનાગઢ મંદિરના નાના એવા બાળસખા નારણ ભગતની મહોબ્બત છોડી ન શકે, એ સંતે જૂનાગઢી મહાન સદ્‌ગુરુઓની મહોબ્બત છોડી, શાસ્ત્રીજી મહારાજનો સથવારો લીધો, ત્યારે જરૂર જણાય કે આ જોગી પણ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનના જ્યોતિર્ધર થવા અવતર્યા હતા.

હજુ તો શાસ્ત્રીજી મહારાજનો નજીકથી સત્સંગ પણ નથી થયો એટલામાં આ એમનો આખરી નિર્ણય પૂર્વના સંકેત વગર અસંભવિત લાગે. આમ, યજ્ઞપુરુષ અને જ્ઞાનજીવનની જોડી સંધાઈ ગઈ અને અક્ષરપુરુષોત્તમના 'જ્ઞાનયજ્ઞ'નો આરંભ થયો, એ એક વિરલ છતાં શ્રીજીપ્રેરિત ઐતિહાસિક ઘટના હતી.

શ્યામ તન, શ્યામ મન, શ્યામ હૈ હમારો ધન...

આ પંક્તિ અનુસાર ગુરુ શાસ્ત્રીજી મહારાજ એમનું જીવન હતા, એમનું સર્વસ્વ હતા. તેઓ કહેતા : 'અમે સંવત ૧૯૬૭માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા. સંવત ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સ્વામી અતિશય રાજી થયા છે ને દર્શન દે છે ને સુખ આપે છે... અમને શાસ્ત્રીજી મહારાજ 'જોગી' કહીને બોલાવે તે એકદમ કાંટો ચઢી જાય કે મને શાસ્ત્રીજી મહારાજે બોલાવ્યો !'

ઉનાળાનો સખત તાપ કે વરસાદની હેલીઓ, શિયાળાની કડકડતી ઠંડી એવી કોઈ અગવડો જોયા વગર ઉપવાસથી તન શોષીને, અખંડ ભજનથી મનને પોષીને, ગુરુઆજ્ઞાથી ગામડાંના ધૂળિયા રસ્તા ઉઘાડે પગે ખેડીને, ગામોગામ ભિક્ષાની આહ્‌લેક લગાવતા, અક્ષરપુરુષોત્તમની ઝોળીઓ માગવામાં એમને અનેરો આનંદ આવતો.

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના નવા ભાગીદારો એવા ભક્તોને, રાખરખાવટથી - સેવા કરી બહુ સાચવતા. નહાવા માટે ગરમ પાણી આપવાથી માંડીને હરિભક્તોને ઊની ઊની રોટલીઓ જમાડવામાં એમણે શ્રીજીમહારાજની સેવા માનેલી. આથી



શાસ્ત્રીજી મહારાજને હરિભક્તોની સહેજ પણ ચિંતા કરવી પડતી નહિ. તેઓ સૌને જ્ઞાનામૃતથી સુખિયા કરતા. એમની ગેરહાજરીમાં યોગીજી મહારાજ પણ ભક્તોને સ્વામીની વાતો તથા કીર્તનો બોલીને કથાવાર્તાનું પોષણ પણ આપતા.

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન પછી એમની આજ્ઞા પ્રમાણે ગઢપુર મંદિરનું કાર્ય પૂરું કર્યું. સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સાથે રાખીને સંપ્રદાયની અનેકગણી વૃદ્ધિ કરી. તેઓ કહેતા : 'મને તો એક રોટલો ખાવા મળે તો તે ખાઈને સૂઈ રહું, પણ શાસ્ત્રીજી મહારાજની સંસ્થા વધે તે માટે દાખડો કરું.'

શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવની ઊજવણી માટે હરિભક્તોને સેવામાં પ્રેરવા ૭૪ વર્ષની અવસ્થા અને રોગોનું ઘર એવા શરીરથી સખત ઠંડીમાં જૂજ દિવસમાં ૯૦ ગામડાં ફર્યા. તેઓ કહેતા : 'શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવાની હોય તો હું માથું આપી દઉં, મારી જયંતી ઊજવે તે મને ગમે નહિ. હું તો વાસણ ઊટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર, મારે તો પહેલેથી સેવકધર્મ, ગુરુધર્મ નહિ. ગુરુ થવું ગમે જ નહિ, સેવક થવું ગમે.'

તા. ૭-૭-'૭૦ના લંડનથી ભારત પાછા ફરતાં વિમાનમાં સંતોએ તથા નારણ ભગતે યોગીજી મહારાજને જળપાન કરવા બહુ આગ્રહ કર્યો, પણ 'હમણાં પીશું, પછી પીશું' એમ કહી તેઓ ઠેલતા રહ્યા. પછી અતિશય આગ્રહ કર્યો ત્યારે કમને એક-બે ઘૂંટડા જળપાન કર્યું. નારણ ભગતે કારણ જાણવા બહુ કાલાવાલા કર્યા. ત્યારે કહે : 'ચાલીસ વર્ષ પહેલાં શાસ્ત્રીજી મહારાજે અમને નિયમ આપ્યો હતો કે મોટરમાં કે ગાડીમાં કંઈ ખાવું નહિ, પીવું નહિ.' સૌ સ્તબ્ધ થઈ ગયા. આ નાની એવી ગુરુઆજ્ઞાનું એમણે જીવનભર યથાર્થ પાલન કર્યું તો પછી બીજી આજ્ઞાઓને કેટલા વળગી રહ્યા હશે તે સહેજે સમજી શકાય.

વૈરાગ્ય - ત્યાગ રાજત વિમળ...

૧૬ વર્ષની વયે લોધિકામાં અન્નકૂટ પ્રસંગે બાપુએ નાનકડા જોગીને જમી



લેવા ઘણું સમજાવ્યા, ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી પાસે આજ્ઞા કરાવી, પણ તેમણે ઉપવાસ છોડ્યો નહિ. છતાં કોઈ હુંહાટા વગર નમ્રતાથી જણાવ્યું કે પેટમાં દુઃખે છે. આમ, ઉપવાસ અને વ્રતો યુક્તિપૂર્વક સાચવી લેતા. ત્રણ દિવસે તો એક ઉપવાસ ખરો જ. અને જો સારી રસોઈ હોય, તો ખાસ ઉપવાસને નોતરવાનો. છતાં રસોઈ કરવામાં, આગ્રહપૂર્વક પીરસવામાં તૈયાર, બીજાને ભગવાનના ભાવથી જમાડે ને જોઈને રાજી થાય. આવું નિર્વિકાર એમનું મન હતું.

બાળકો તથા યુવાનોને ઉપવાસ કરવાની ખૂબ પ્રેરણા આપતા. તે માટે 'યોગી યુવક ઉપવાસ કૉલેજ' એમણે શરૂ કરી હતી. જે કોઈ બાળક કે યુવક સેવાનો લાભ લેવા આવે તેને ઉપવાસ મળે જ. પણ પછી બીજે દિવસે એમને પારણાં કરાવવાની પણ એટલી જ સૂરત રાખતા.

ડાંગરામાં કિશોરભાઈ તથા જશભાઈને સખત ઉપવાસ લાગ્યો હતો તોપણ વહેલી સવારે નાહવા નદીએ મોકલ્યા અને પાછળ લીંબુનું શરબત જાતે બનાવી મોકલ્યું અને પોતા વતી યુવકોને બે દંડવત્ કરવા, લઈ જનારને આજ્ઞા કરી ! ત્યારે આ બંને યુવાનોનાં હૃદય અત્યંત દ્રવિત થઈ ગયાં.

૧૯૬૦માં ૭૦ વર્ષની ઉંમરે રોડેશિયામાં રામનવમી ઊજવી, ત્યારે આઠમથી એકાદશી સુધીના ચાર ઉપવાસ એમને એક સાથે થઈ ગયા. કારણ, આઠમ અને દશમે મુસાફરીમાં એમણે કાંઈ લીધું નહિ અને નોમ તથા એકાદશીના ઉપવાસ તો હતા જ. હરિભક્તોએ ઘણી વિનવણી કરી પણ સ્વીકારી નહિ.

એ જ પ્રવાસમાં, નૈરોબીથી એડન પ્લેનનો પ્રવાસ કર્યા પછી પ્રાયશ્ચિત્તનો ઉપવાસ એમણે એડનની સિતમ ગરમીમાં કર્યો હતો. એડનવાસીઓએ ફળનો રસ કે છેવટે નાળિયેરનું પાણી લેવા ઘણું સમજાવ્યા પણ એમની ટેક અડગ રાખી. ૭૦ વર્ષની ઉંમરે પણ એમનો ઇશક મોળો પડ્યો નહોતો.

આજન્મ ત્યાગની સુવાસથી મહેંકતા યોગીજી મહારાજમાં ઇન્દ્રિય-દમન સાથે આત્મવિચારરૂપ વૈરાગ્યની ભાવના પ્રબળ હતી. યુવા અવસ્થાએ પહોંચેલા



આ સંતને ભાવનગરમાં નીકળેલી રાજકુટુંબની અભૂતપૂર્વ સવારી જોવાનું પ્રલોભન જ્યારે સમવયસ્કોએ આપ્યું ત્યારે તેઓ ભગવાનના મંદિરમાં સેવા કરતા બેસી રહ્યા. જ્યારે વધારે આગ્રહ થયો ત્યારે સ્થિર મને એટલું જ બોલ્યા : 'જેનો ત્યાગ કર્યો તેનો ફરી સંકલ્પ શો ?' આ ટાણે પીઢ અને વૃદ્ધ સંતો-હરિભક્તો એમના ત્યાગને વંદી રહ્યા.

બાળસખા ભગવાનદાસ શેઠે મુંબઈમાં એમને ઝીણું ધોતિયું પહેરવા આપવાનો સંકલ્પ કર્યો ત્યારે એમણે ઘણી જ મુઝવણ અનુભવી. છેવટે નિર્ગુણદાસ સ્વામીએ એનો રસ્તો કાઢ્યો અને જાડું ધોતિયું સ્વીકાર્યું.

એ જ રીતે ગોંડલમાં એક ભક્ત એમને માટે ગરમ શાલ લાવ્યા અને જણાવ્યું કે તમે પસંદ કરો પછી હું સારી રંગાવી લાવું. ત્યારે તેઓ કહે : 'સાધુને બહાર રંગાવાય નહિ. ધૂડને ધૂડથી જ રંગાય.'

એમનો આ વાર્તાલાપ સાંભળી સભામાં બેઠેલા જાણીતા કવિ મકરંદ દવે એમની આ ભાવના ઉપર વારી ગયા.

સ્વામીશ્રી હંમેશાં જાડાં વસ્ત્રો પહેરતા અને હંમેશાં ધૂડથી જ રંગતા.

નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો...

શ્રીજીમહારાજે વચનામૃતમાં નિરૂપેલો સેવાનો આદર્શ એમણે રગેરગમાં વણી લીધો હતો. જો કે ગુણાતીત સંતપરંપરામાં સેવાનો મહિમા સારધાર જોવા મળે છે. સાક્ષાત્ પરમાત્મા શ્રીજીએ છાણાં થાપ્યાં તો ગુણાતીતે વાસીદું વાળી મહંતાઈ દીપાવી. ભગતજીએ ચૂનો કાલવ્યો તો શાસ્ત્રીજી મહારાજે મંદિરોના પાયા ગાળ્યા.

સેવાના વ્યસની આ મહાપુરુષે કછોટો મારી આરંભેલી સેવાની દોટ છેવટના શ્વાસ સુધી વણથંભી રહી. ભંડારનું કામ હોય કે પીરસવાનું, ઝોળી માગવાનું કે મંદિરના શ્રમનું, વાસણ ઊટકવાનું હોય કે ચોકો સાફ કરવાનું, ઠાકોરજીની સેવા, પૂજા, આરતી હોય કે એમને થાળ ધરાવવાનું, બધાં જ કામની



એમને ફાવટ. મહારાજ અને સ્વામીને રાજી કરવા સાત સમેલિયા બની દેહને વાટી નાખવાની એમને ખેવના હતી. એટલે તો અન્નકૂટની બધી વાનગીઓ બનાવવાનું જૂનાગઢમાં સાધુ હરિસ્વરૂપદાસજી પાસે નાની વયે શીખ્યા અને સ્વામી કૃષ્ણચરણદાસજીને રાજી કરવા વાસણોને કલાઈ કરવાનું શીખવાનું પણ એમણે બાકી રાખ્યું નહિ.

યોગીજી મહારાજ અને વૃદ્ધ સંત ધર્મસ્વરૂપદાસ ગોંડલમાં એઠાં વાસણ ઓરડીમાં સંતાડી દેતા અને બપોરે કોઈ ન જુએ એમ વાસણ ઊટકવાની સ્પર્ધા કરતા. કોઈ પૂછે તો કહેતા કે દેવતાઓ આવીને વાસણ ઊટકી ગયા.

અમદાવાદમાં ભરબપોરે છાનામાના રસોડામાં પેસી પુરાઈ જઈ, વાસણ ઊટકવા લાગ્યા. ત્યારે કોઠારી બબુભાઈની જાણમાં આવતાં વાસણ ઊટકતા માંડ અળસાવ્યા.

પોણા-સો વર્ષે પણ મુંબઈમાં એક બપોરે માંદગીના બિછાને એકાએક જાગ્રત થઈ સેવકને કહે : 'મને વાસણ ઊટકવા જવા દ્યો ને.' એમણે મીઠી રીસ કરી સુવાડ્યા તો થોડીવારે વળી આજીજી કરવા લાગ્યા : 'મને વાસણ ઊટકવા દ્યો ને.'

આ હતી એમની સેવાની લગન. જે શરીર કામ કરતું બંધ થયું છતાં સેવા વગર રહી શકતું નહિ. માંદગીમાં પણ સેવા કરવાના અહર્નિશ સંકલ્પ કરતું.

સેવામાં પણ ભજનનો દોર, અર્થાત્ ભજન કરતાં કરતાં સેવા કરવાની ટેવ. એટલે નવરા પડે તો કથાકીર્તન ચાલુ. મુખપાઠ કરેલી સ્વામીની વાતો, વચનામૃત અને કીર્તનોનો અખૂટ ભંડાર એમની પાસે હતો. એટલે પોતે જ કહેતા કે 'ધાણી ફૂટે એમ વાતું, વચનામૃત, કીર્તનો હું બોલતો.'

સવારના બ્રાહ્મમુહૂર્તથી જ ભજનની કડકડાટી બોલાવતા, મુક્તાનંદ સ્વામીના સિંધુડા જ્યારે એમના મુખકમળમાંથી નીકળતા ત્યારે ખરેખર તે પદો ધન્ય બની જતાં હશે. કારણ, એવી પ્રેમ અને શૂરવીરતાની પોતે મૂર્તિ હતા. સેવા સાથે ભજન-ભક્તિનું અનુસંધાન અને કથાવાર્તાનો પણ એટલો જ આગ્રહ



ઇષ્ટદેવમાં અપૂર્વ આસક્તિ વગર શેં સંભવે ?

અમૃત મહોત્સવમાં લાખોની મેદની વચ્ચે ઊંચા કમલાસને બિરાજ્યા પછી બીજી ક્ષણે જ્યારે સભામાંથી મંદિરે આવ્યા ત્યારે સૌ સેવકોની સાથે તાંદળજાની ભાજી તોડવા બેસી ગયા. તે જોઈ જતાં કાગબાપુનું કાળજું એમની સાધુતાથી વીંધાઈ ગયેલું અને બોલી ઊઠ્યા હતા : 'આ બાપો, હમણાં હજારોનાં હૃદયાસને બેઠેલો, અત્યારે નીચે બેઠો બેઠો ભાજી તોડે છે !' એમનું મસ્તક નમી પડ્યું.

હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે...

૧૯૭૦માં વિદેશની વિજયી ધર્મયાત્રા પછી મુંબઈમાં બોટાદના ભગા દોશીનો પરિવાર સ્વામીશ્રી પાસે ખુશાલી વ્યક્ત કરતો બોલી ગયો : 'બાપા ! આપે તો ડંકો માર્યો. મહારાજના વખતમાં પણ આપણો સત્સંગ ગુજરાતથી બહાર નથી ગયો ને આપે લંડન સુધી ફેલાવ્યો !'

ઉકાળો પીતાં સ્વામીશ્રીની રકાબી હોઠે રહી ગઈ ને એકદમ બોલી ઊઠ્યા : 'શું બોલો છો ? એવું ન બોલાય ! શ્રીજીમહારાજની દૃષ્ટિથી આ બધો સત્સંગ વધે છે. આપણે કોણ ? ગાડા નીચે કૂતરું ચાલ્યું જાય ને પછી જાણે 'હું ગાડું હંકારું છું.' એમ ન થાય. મહારાજની દૃષ્ટિથી ડંકો વાગ્યો છે !'

આમ, મહારાજના મહિમાનું અનુસંધાન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે મહારાજને ભૂલી જઈએ તો ગાડા નીચે ચાલતા કૂતરાની શેખી બરાબર છે. કહેતાં, આપણે તો નિમિત્ત માત્ર છીએ, કર્તા મહારાજ છે !

પાછળનાં વર્ષોમાં એક વાર સ્વામીશ્રીએ ભક્તો આગળ વાત કરી કે 'પહેલાં અમે ૩ વાગે ઊઠતા, માટલાના ઠંડા પાણીએ નાહતા. પ્રભાતિયાં બોલતા, ભંડાર કરતા, પીરસતા, વાસણ ઊટકતા... તે દી' બહુ મજા આવતી...!'

ત્યારે વચ્ચે જ એક ભક્તે પૂછ્યું : 'બાપા ! આમાં તો અમને ક્યાંય સુખ (દેહનું) દેખાતું નથી, તમને શું સુખ આવતું ?'



'ગુરુ, મૂર્તિનું સુખ ચહ ચહ આવે.' જાણે આજે પણ એ સુખ લઈ રહ્યા હોય એવા ભાવથી અને આનંદથી સ્વામીશ્રી બોલ્યા.

નિષ્કામી તે નારાયણરૂપ છે...

શ્રીજીમહારાજે પોતાના એકાંતિક સંતો માટે જેનું સર્વોચ્ચપણે પ્રતિપાદન કર્યું એવા નિષ્કામધર્મની દૃઢતા યોગીજી મહારાજના જીવનમાં કલ્પી ન શકાય એ હદે સાંગોપાંગ વણાયેલી જોવા મળતી.

૧૯૬૦માં નૈરોબી ઍરપોર્ટ ઉપર એન્ટેબી જવાનું વિમાન પાંખો ફફડાવી રહ્યું હતું. યોગીજી મહારાજ તેમાં ચઢવા આવ્યા તે પહેલાં અચાનક પૂછ્યું : 'બીજાં મુસાફરો (મહિલા) ક્યાં ?'

'એ તો બધાં બેસી ગયાં, હવે આપણે જ બાકી છીએ.' ભક્તોએ કહ્યું.

ત્યારે એવા સમયે એમણે હઠ લીધી કે 'હવે આપણાથી અંદર ન જવાય, બૈરાં અડી જાય. એ નીચે ઊતરે તો જ હું અંદર જાઉં.'

ભક્તોએ ધીરજ ગુમાવી, પણ એમની બાળસહજ નિર્દોષ મુખમુદ્રા જોઈ કોઈ બોલી શક્યું નહિ. કૅપ્ટનને વિનંતી કરી. સ્ત્રી-ઉતારુઓને નીચે ઉતાર્યાં ત્યારે જ યોગીએ વિમાનમાં પગ મૂક્યો અને વિમાનચાલકની પાછળ પડદાથી બંધ કૅબિનમાં, સુરક્ષિત જગ્યાએ પોતાનું સ્થાન લીધું.

૧૯૭૦માં પણ એન્ટેબી ઍરપોર્ટ ઉપર લંડન જવા વિમાનમાં આગળના ભાગમાં ફર્સ્ટ ક્લાસમાં યોગીજી મહારાજ બિરાજ્યા, પરંતુ એક મહિલા પરિચારિકા અંદર રહી ગઈ. બધા દરવાજા બંધ થઈ ગયા હતા. તેને ફર્સ્ટ ક્લાસના દ્વારમાંથી બહાર નીકળવા સિવાય આરો નહોતો. યોગીજી મહારાજ તો દૂર ખૂણામાં ગોઠવાઈ ગયા હતા અને ફરતો પડદો ગોઠવ્યો હતો, છતાં બહાર નીકળવા માટે જ્યારે આ પરિચારિકા ત્યાંથી પસાર થઈ ત્યારે હરણને ગોળી મારે ને જે વેદના થાય એ પીડા એમના મુખ પર છવાઈ ગઈ હતી.



એ જ યાત્રામાં લંડનથી મુંબઈ આવવા એમણે ખાસ સૂચના આપી હતી કે બૈરાં નજીક ન આવે એવા પ્લેનમાં જવું છે. તે માટે લંડનના ભક્તોએ ફર્સ્ટ ક્લાસની વ્યવસ્થા કરી. ત્યારે મુંબઈ ઍરપોર્ટ ઉપર કેટલાક ખબરપત્રીઓએ નોંધ લીધી કે 'સ્ત્રીઓથી દૂર ભાગવા, ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરતા સંતો.'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'ધન કરતાં ધરમ વધે. ધન ભલે જાય પણ ધરમ ન જાય. શ્રીજીમહારાજ ને અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજનો આ સિદ્ધાંત છે.'

પ્રેમ ભક્તિ જેને ઘટ આવે, તેહને રંગ હરિ રાચે રે...

નારદ અને શાંડિલ્ય ભક્તિસૂત્રોના સિદ્ધાંતોને પણ ટપી જાય એવી ભક્તિ-રીતિ યોગીજી મહારાજે આત્મસાત્ કરી હતી. વરતાલમાં હરિકૃષ્ણ મહારાજ સાથે તથા ગોંડલમાં ઘનશ્યામ મહારાજ સાથે તેઓ પ્રત્યક્ષ વાતો કરતા. કોઈ પૂછે તો કહેતા : 'મહારાજ સાથે અમારો ટેલિફોન ચાલે છે. બોલનારને સંભળાય, તમને ન સંભળાય. નહિ તો આપણું ગાડું ચાલે નહિ.'

મહારાજને હરદમ સાથે રાખી રૉકેટની ગતિએ સત્સંગ-પ્રવૃત્તિ કરતા યોગીજી મહારાજ હંમેશાં ગાડામાં બેસવા ટેવાયેલા હોવાથી ગાડું હલાવવાની જ વાત આગળ ધરતા.

નામ-રટણ તથા ભજન-સ્મરણના દોરથી મહારાજ સાથે સતત સંધાયેલા યોગીજી મહારાજ શ્રીજીમહારાજની પ્રત્યક્ષ નવધા ભક્તિ સહિત પરા ભક્તિનું સુખ-સાતત્ય માણી રહ્યા હતા.

ભક્તોના આગ્રહથી ભાવનગરમાં ઠાકોરજી સમક્ષ યોગીજી મહારાજ ભાવથી વિવિધ થાળ બોલ્યા અને સૌના આશ્ચર્ય વચ્ચે વાનગીઓ ઓછી થઈ ત્યારે સૌને પ્રતીતિ આવી કે જોગી થાળ ધરે છે ને મહારાજ સાક્ષાત્ જમે છે. આમ તો હરિકૃષ્ણ મહારાજ હંમેશાં એમના થાળ જમતા. કારણ, એવો તો ભાવથી થાળ બનાવે, મહારાજ પ્રત્યક્ષ જમતા હોય એમ વિવિધ થાળ ભાવથી બોલી એમ



મનુવાર કરે, મહારાજ સામે બેઠા હોય તેમ વધુ જમવા વારંવાર આગ્રહ કરે, ગળા ઉપર હાથ મૂકી વધુ લેવા સમ દે. વળી, મહારાજને પૂછતા જાય : *'ખારું ને મોળું રે હરિવર કહેજો જી, મીઠું, મરી, ચટણી રે માગી લેજો જી...'*

એ દર્શનનો લહાવો જેણે લીધો હોય તેને એમ જરૂર મનાય કે તેઓ મહારાજને સામે બેસાડીને પ્રેમપૂર્વક પ્રત્યક્ષ જમાડી રહ્યા છે. કારણ, પોતે મહારાજને સાકાર - મૂર્તિમાન સમજી ભક્તિ-ઉપાસના કરતા.

સાક્ષાત્ ભગવાન જેના હૃદયમાં વિરાજમાન છે એવા સાધુનાં લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજે વચનામૃત ગ.અં. ૩૫માં કહ્યું : 'પ્રથમ મોટું લક્ષણ એ છે કે ભગવાનને ક્યારેય પણ નિરાકાર ન સમજે, સદાય દિવ્ય સાકારમૂર્તિ સમજે.'

એ જ લક્ષણને વચનામૃત ગ.પ્ર. ૩૭માં મુખ્ય જણાવતાં શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એવી નિષ્ઠાવાળો સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ, તેને દુઃખવતાં થકા બીએ છીએ, તેનાં દર્શનને ઇચ્છીએ છીએ, તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા એ મોટા છે.'

આવું એક અણધાર્યું દર્શન સને ૧૯૬૮માં અયોધ્યાથી છપૈયા જતાં મનકાપુર સ્ટેશન ઉપર સૌને થયું. વહેલી સવારે પૂજા કરીને સ્વામીશ્રી સંઘ સાથે નીકળેલા. કશું અંગીકાર કરેલું નહિ તેથી મનકાપુર સ્ટેશન ઉપર વેઇટિંગ રૂમમાં યોગેશ્વર સ્વામીએ હરિકૃષ્ણ મહારાજને મગજ ધરાવી સ્વામીશ્રી આગળ મૂક્યો - થોડો આરોગે એ ભાવનાથી. પણ એમણે તો સૌ સંતો-હરિભક્તોને વહેંચી દીધો. ફરી થાળ ભરી મગજ મૂક્યો ને થોડું અંગીકાર કરવા આગ્રહ કર્યો તો કહે : 'તમારામાં રહીને જમું છું !' વધારે આગ્રહ કર્યો ત્યારે એકદમ હાથનું લટકું કરી બોલ્યા : 'છપૈયા દર્શન કરકે જમેગા.' ત્યારે મગજની પ્રસાદી મમળાવતાં સૌ છોભીલા પડી ગયા. જો કે એમણે તો ઉત્સાહથી જ પ્રસાદી આપી હતી, પણ પોતાની ટેકનો લેશ પણ આવેશ જણાવ્યો નહોતો.



ભાગવતમાં ઉદ્ધવજી જે ભક્તનો મહિમા વર્ણવે છે : 'आसामहो चरण-रेणुजुषामहं स्याम्...' અને ભક્તની ચરણરેણુના સ્પર્શની અભિલાષા સેવે છે, એથી પણ વિશેષ ભાવનાનું પ્રત્યક્ષ દર્શન પણ યોગીજી મહારાજમાં અનેક પ્રસંગે થતું.

સને ૧૯૫૬માં યાત્રા-ટ્રેનમાં પોંડિચેરી સ્ટેશન ઉપર ટ્રેન યાર્ડમાં પડી હતી. અને સૌ ભક્તો શહેરમાં આશ્રમ જોવા ગયા હતા. ત્યારે વિનુભાઈ અને જશભાઈ બંને યુવાન સેવકોનો હાથ પકડી એમણે ૧૪ ડબ્બાની મોટી ટ્રેનની પ્રદક્ષિણા કરી હતી. પછી ટ્રેનને દંડવત્ કરવા લાગ્યા ત્યારે જશભાઈએ દલીલ સુધ્ધાં કરી કે ટ્રેનમાં કોઈ છે તો નહિ ને દંડવત્ કોને કરો છો ?


ત્યારે તેઓ બોલ્યા : 'ભલે ભક્તો નથી, પણ તેમનો સામાન તો છે ને !'

ભક્તોના સામાનનો આ મહિમા ! તો ભક્તોની ચરણરજનો એમને કેટલો મહિમા હશે તે ત્રિરાશિ મૂકવાથી પણ સમજાય એવું નથી. કારણ, બીજા એક સમયે બંધિયામાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સેવા કરતા યુવકો, જે રાત્રે મંદિરના ફળિયામાં મોદ ઉપર સૂતા હતા, તેમને અર્ધરાત્રિએ જાગીને, કોઈ ન જુએ એમ તેઓ દંડવત્ કરતા હતા. વિનુભાઈ જાગી ગયા ને પૂછ્યું તો કહે : 'આ બધા યુવકો ઘર છોડીને અહીં આવી સેવા કરે, તેમનો મહિમા સમજવો જોઈએ ને !'

વચનામૃત ગ.મ. ૨૮માં ઉચ્ચારેલા શ્રીજીમહારાજના શબ્દો : 'હું ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, એ મારે વિશે મોટો ગુણ છે.' તે ભાવના અહીં એમનામાં મૂર્તિમાન જોવા મળતી.

ક્ષન્તવ્યમેવ સર્વેષામ્ ચિન્તનીયં હિતં ચ તૈઃ

યોગીજી મહારાજ કહેતા : 'સાધુતાના ગુણ શું ? ખમવું. તમે બહુ સારા છો - તે ખમવું. એમ ને ? ના, તમે અક્કલના બારદાન છો... એમ કોઈ કહે તે ખમવું. તે સાધુતાના ગુણ. મેં ટોકણી બહુ ખમી... ૪૦ વર્ષ ધોકા ખાધેલા, તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે...' વળી કહેતા : 'કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને ગમે, જેથી આપણે



સુધરાય. પણ માન આપે તે ન ગમે, અપમાન કરે તો રાજી.'

'ખમે એ સાધુ.' આ શબ્દોચ્ચાર વારંવાર એમના મુખમાંથી નીકળતો, જે એમના જીવનમાં પણ ઓતપ્રોત થયેલો હતો. એનું દર્શન ખેંગારજીભાઈને યુવાન વયે થયું હતું. શાસ્ત્રીજી મહારાજે તેમને યોગીજી મહારાજ સાથે ડાંગરા મોકલ્યા. અહીં રણછોડ ભગતના અક્ષરનિવાસ નિમિત્તે અંતિમ વિધિમાં સૌને યોગીજી મહારાજે બપોરે જમાડ્યા. રાજકોટથી વિજ્ઞાન સ્વામી પણ આવેલા. તેમને તથા ખેંગારજીભાઈને આરામ માટે આસન કરી આપ્યું, ત્યારે ખેંગારજીભાઈને સૂઈ ગયા જાણી વિજ્ઞાન સ્વામી એકાએક ઊઠ્યા અને યોગીજી મહારાજને ઊભા કરી ધોલધપાટ મારવા લાગ્યા અને બોલતા જાય : 'મોટો જોગટો થયો છે.'

એકાંતનો લાભ લઈ હાથ-પગથી મારવામાં ને ગાળો દેવામાં તેમણે કાંઈ બાકી રાખ્યું નહિ. આ ઘોંઘાટમાં ખેંગારજીભાઈ જાગી ગયા ને જોયું તો યોગીજી મહારાજને વિજ્ઞાન સ્વામી બેફામ ગાળો દે અને મારે. તેમનાથી આ જોયું ગયું નહિ ને એકદમ વિજ્ઞાન સ્વામીને હડસેલો મારી, ત્રાડ પાડી રોક્યા. જુવાન ખેંગારજીભાઈનું ખમીર જોઈને વિજ્ઞાન સ્વામી તત્કાળ શાંત થઈ ગયા, પણ ખેંગારજીભાઈની આંખ સામેથી આ દૃશ્ય ખસ્યું નહિ. તેમની અનિચ્છા છતાં શાસ્ત્રીજી મહારાજે શા માટે તેમને ડાંગરા મોકલ્યા તેનો ખ્યાલ તેમને આવ્યો. યોગીની ચરમ સાધુતાનું દર્શન થયું !

ઘણી વાર વિરોધીઓ ખૂબ હલકાં લખાણો લખી યોગીજી મહારાજ અને સંસ્થા વિરુદ્ધ પત્રિકાઓ બહાર પાડે, છાપામાં છપાવે, ત્યારે હરિભક્તો ઊકળી જાય. તેનો પ્રત્યુત્તર આપવા કાયદાકીય પગલાં લેવા તત્પર થઈ જાય ત્યારે યોગીજી મહારાજ સૌને રોકે ને સમજાવે : 'આપણે કાંઈ કરવું નથી. આપણો વિચાર કરવો કે આપણે એમાંનું કાંઈ કરતા નથી ને ? જો, ન કરતા હોઈએ તો ભવિષ્યમાં એવી ભૂલ ન કરીએ તેનો ખ્યાલ રાખવા માટે સમજવું.'

સને ૧૯૬૮માં કોલકાતામાં યોગીજી મહારાજ હરિભક્તો સાથે જૂના



સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા. અહીં જૂનાગઢના સંતો સેવામાં હતા, યોગીજી મહારાજ ભાવથી મંડળના મોટેરા સંત સાથે પૂછપરછ કરવા ગયા તો તે સંતે છણકો કરી એમનું અપમાન કર્યું. સભામાં ખૂણામાં ગાદી ઉપર બેસવા ગયા તો નીચે બેસાર્યા અને જેમતેમ બોલવા લાગ્યા. એવું ઘણું અપમાન સંતો-હરિભક્તોની હાજરીમાં કર્યું. સૌ સમસમી ગયા, પણ યોગીજી મહારાજના મુખારવિંદ ઉપર એ જ પ્રસન્નતા ! લેશ પણ ક્ષોભ કે વિષાદ નહિ ! મણિભાઈ મહેતા તો તે સંતને મારવા તૈયાર થઈ ગયા, પણ સૌ તેમને નીચે લઈ ગયા. ઉતારે આવ્યા ત્યારે પણ સૌ ઘણા જ ઉદ્વિગ્ન હતા, ત્યારે સ્વામીશ્રી સૌને શાંત કરતાં કહે : 'આપણને દર્શન તો કરવા દીધાં ને, એમ ગુણ જ લેવો.'

દૈહિક પીડાઓ પણ સ્વામીશ્રી એટલી જ સહી લેતા. સને ૧૯૬૦માં વિદેશથી આવ્યા ત્યારે ગોંડલ પહોંચ્યા પછી ખૂબ અશક્તિ જણાવા લાગી. બધાએ ઘણી પૂછપરછ કરી ત્યારે કહ્યું કે 'ચાર મહિનાથી હરસમાં સતત લોહી પડે છે તેથી આ તકલીફ છે.' આમ, દેહને તો ગણકારતા જ નહિ.

સંત દેશ-પરદેશ ફરે છે, સૌ જીવનાં અઘ હરે છે...

ગુજરાતમાં, કાનમમાં ડમણિયામાં કે ઝાલાવાડમાં ટ્રેક્ટરમાં વિચરણ કરતાં અનેક વાર પિચોટી ખસી જાય. ઝાડા થઈ જાય, મુસાફરીમાં સખત ધૂળ ઊડે તેથી સળેખમ થઈ જાય, ગળું બેસી જાય, પણ આ બધું તેમને કોઠે પડી ગયું હતું. પાછળથી ક્યારેક કહેતા કે 'આ દેહમાં ઘણા રોગ છે, પણ કેને કહીએ ?' સત્સંગમાં દેહને ઘસી નાખવું, વાટી નાખવું. આ માન્યતાથી તેઓ છેવટના શ્વાસ સુધી દેહનો ભીડો ખમતા રહ્યા.

એ સમયમાં વિચરણનું કાંઈ આયોજન થતું નહિ. મંદિરોના મુખ્ય સમૈયાઓમાં હાજરી આપવાની, પછી જ્યાં હરિભક્તો બોલાવે ત્યાં જવાનું, હરિભક્તોના વ્યાવહારિક પ્રસંગો લગ્ન, વાસ્તુ વગેરે સાચવવાના, તે માટે



કાઠિયાવાડમાંથી ગુજરાતમાં અને ગુજરાતમાંથી કાઠિયાવાડ દોડાદોડ થતી. ઉનાળામાં કાનમના વિચરણના બે મહિના સાચા, તો ભાદરવામાં એક મહિનો ઝાલાવાડના ભક્તોને રાજી કરવાના. તેમાં પધરામણીનો મનોરથ સૌનો પૂરો કરવાનો. કેટલીક જગ્યાએ તો વર્ષમાં એકથી વધુ વાર હરિભક્તોને ઘેર પધરામણીઓ થતી. વર્ષમાં એક વાર તો સાચી. રાત-મધરાત જોયા વગર યોગીજી મહારાજ વૃદ્ધ અવસ્થાએ પણ ભક્તોનું મન સાચવતા અને પધરામણી કરતા. પાછળથી તો ખુરશી ઉપર બેસીને પણ સો-સો પધરામણીઓ કરી હતી.

વર્ષમાં કેટલીય વાર ભક્તો દર્શને દોડી આવતા હોય પણ યોગીજી મહારાજ પત્રોથી પણ ભક્તોને મળવાનું-સંભારવાનું ચૂકતા નહિ. એક ગામ છોડીને હજુ બીજે ગામ જાય ત્યાં આગલે ગામ પત્ર કે ચિઠ્ઠી લખી સૌને સંભારે. રોજરોજ ટપાલમાં આવતા પત્રોના જવાબો તો લખવાના જ. એમાં પણ પૂરો ખટકો. જે ગામ જાય ત્યાં ટપાલનો સમય જાણી લે. તે પ્રમાણે ટપાલો લખી તૈયાર રાખે. ટપાલીને 'સાહેબ'નો આદર આપી, પ્રસાદ આપી રાજી કરે. જે પત્તું કે પત્રનો ખૂણેખૂણો વાંકડિયા મોટા અક્ષરોથી ભરેલો હોય, ત્યારે જાણવું કે તમારા ઉપર યોગીજી મહારાજની ટપાલ આવી છે. આંતર્દેશીયમાં ઘડીમાં અને કવરની પાછળ પણ લખવાનું તેઓ ચૂકતા નહિ. ટપાલનો પૂરેપૂરો ઉપયોગ અને ભક્તને બે શબ્દ જે વધુ લખાયા ! એવા જ કોઈ ઉમંગથી તેઓ રાત-દિવસ ટપાલો લખતા, જેમાં શબ્દે શબ્દે ઉત્સાહ અને ઉમંગના પડકારા હોય, પ્રત્યેક શબ્દમાંથી ભારોભાર પ્રેરણાબળ નીતરતું હોય.

સંત પરમ હિતકારી

એમને મન કોઈ પારકું-પરાયું નહોતું. સંપ્રદાયનાં મંદિરોમાં, તીર્થોમાં દોડી-દોડીને દર્શન કરતા. તેના જીર્ણોદ્ધારનો શુભ સંકલ્પ કરી કોઈને સેવાની પ્રેરણા આપતા. ગોમતી નદીમાં હંમેશાં પાણી રહે તે માટે આફ્રિકાના હરમાનભાઈ



મારફત પૂરો પ્રયત્ન કરાવ્યો. છપૈયામાં રેલવે સ્ટેશન માટે નંદાજીને પ્રેરણા આપી અને જે કાર્ય વર્ષોથી અટક્યું હતું તે સિદ્ધ કરાવ્યું.

યુવકો મારું હૃદય છે

અને સૌથી વિશેષ કોઈએ નહિ કલ્પેલું એવું એક કાર્ય એમણે યુવાનોમાં સત્સંગની ચિનગારી પ્રકટાવવાનું કર્યું. એથી આગળ યુવાનોને સંસારની અસારતા સમજાવી, ભગવદ્‌ભક્તિના વ્યાસંગી કર્યા ત્યારે સમાજ ચકિત થઈ ગયો.

જે કોઈ મુમુક્ષુ યુવાન મળે તેને સાધુ થવાનું તેઓ કહેતા, ત્યારે બધાને નવાઈ લાગતી કે 'આ બાવાએ શું માંડ્યું છે, સંસારનો ત્યાગ કરી ત્યાગી થવું એ કાંઈ ખેલ છે ? અને એની જરૂર પણ શું ?' પણ અનેકને બ્રહ્મવિદ્યા ભણાવવા આવેલા આ યુગપુરુષે, કોઈનું બોલ્યું સાંભળ્યું નહિ. પોતાનું કાર્ય ચાલુ રાખ્યું.

આણંદના રમણભાઈને વાત કરી ત્યારે તેમની બિલકુલ અનિચ્છા. એટલી ઇચ્છા તેમની હતી કે યોગીજી મહારાજના આશીર્વાદ મેળવી સારા ડૉક્ટર થવું. પણ 'સ્વામિનારાયણ લાડવાખાઉ સાધુ' તો થવું જ નહિ - એવી સૂગ પણ ખરી. પણ યોગીજી મહારાજની અસીમ સાધુતા અને વાત્સલ્યથી એમનું અંતર ફરી ગયું અને ત્યાગી થવા તૈયાર થયા.

આફ્રિકાથી આવેલા મહેન્દ્રભાઈ હંમેશાં એમને ના પાડતા. આફ્રિકામાં ૧૯૫૫માં ના પાડેલી. ૧૯૫૮માં દેશમાં આવીને પણ સાધુ બનવાની ના પાડી. કારણ, પોતાને આ વાત સમજાતી નહોતી. પણ યોગીજી મહારાજે એમને બે મહિના સાથે ફેરવી એવો તો નિઃસ્વાર્થ પ્રેમ ચખાડ્યો કે એમનું અંતર ભેદાઈ ગયું, એમને ખબર નહિ ને એમણે હા પાડી દીધી.

યુવકો પ્રત્યે એમના પવિત્ર પ્રેમ અને વાત્સલ્યનું દર્શન અનેક પ્રસંગે થતું. એક જ પ્રસંગ જોઈએ. સને ૧૯૫૯માં નારણભાઈ પટણી મુંબઈથી અડવાળ આવ્યા. યોગીજી મહારાજે તેમને લેવા માટે મહેન્દ્રભાઈને રાયકા સ્ટેશને સામે



મોકલ્યા. બપોરનો વખત, તાપ સખત. ધૂડમાં ચાલતા નારણભાઈનાં ચંપલ ફાટી ગયાં અને ઉઘાડા પગે ચાલતાં પગ ખૂબ દાઝયા, ફોલ્લા પડ્યા, પણ અડવાળ પહોંચતાં યોગીજી મહારાજ વાટ જોતાં બેઠા હતા. એકદમ ઊભા થઈને તેમને ભેટી પડ્યા અને બોલ્યા : *'દોહ્યલા મળવા દાસ, ભલા ભગવાનના... જીવનપ્રાણ આવી ગયા !'* આ શબ્દોમાં તો નારણભાઈનું હૈયું હિમ જેવું થઈ ગયું, અંતરમાં અકલ્પ્ય શાંતિ અને આનંદનો ધોધ વછૂટ્યો.

પછી તેમના શરીર ઉપર હેતથી હાથ ફેરવતાં બોલ્યા : 'શરીર કેમ સુકાઈ ગયું ?' આ દિવ્ય સ્પર્શ અને વાણી અક્ષરધામનાં હતાં. વળી, ખૂબ ભેટ્યા અને બોલ્યા : 'જગતની ગંધ કાઢી નાખવી છે, ચિંતા કરશો નહિ.'

સ્વામીશ્રી તરફથી જ સતત વહ્યા કરતી નિષ્કારણ પ્રેમ, કરુણા તથા વાત્સલ્યભીની લાગણીઓનો સ્પર્શમાત્ર સેંકડો યુવાનોનાં અંતરમાંથી જગતના કાંટા ખેંચી લેતો હતો; તેમનો હૃદયમાર્ગ નિષ્કંટક કરી, અક્ષરવાટે તેમને મૂકી દેતો હતો.

પોતે ધારેલો શુભ આંકડો '૫૧' એમણે જાહેર કર્યો. પ્રથમ ૫૧ નવ-યુવાનોને દીક્ષિત કરી સેંકડો યુવાનોને મોક્ષભાગી બનાવી આ દિશામાં પ્રેર્યા. સંતોને પણ સ્ત્રી-ધનનો સંપૂર્ણ ત્યાગ, બ્રહ્મચર્ય, સેવા, કથાવાર્તાની તાલીમ આપી વિદ્યાવ્યાસંગી બનવા અહર્નિશ પ્રેરતા રહ્યા.

વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી...

એમની ઉપદેશ-શૈલી પ્રવચનની નહિ પણ વાર્તાલાપની હતી. વચનામૃતની સૈદ્ધાંતિક વાતો પણ હળવી બનાવી પીરસતા. વચ્ચે વિવિધ દૃષ્ટાંતો હાવભાવ સાથે ચિત્રાત્મક રીતે રજૂ કરતા ત્યારે સભા લીન થઈ જતી. મધુર હલકે નંદસંતોનાં પદો લલકારીને સભાને મુગ્ધ કરતા; તો ભક્તોને પ્રશ્નો પૂછી જાગ્રત રાખી, કથાવાર્તામાં સામેલ કરવાની પણ એમની કળા આગવી હતી. એટલે જ એમની કથાવાર્તા સચોટ છતાં પ્રિય અને સર્વગ્રાહ્ય બનતી.



પ્રશ્નોના એમના સીધા-સાદા જવાબો ખંડનમંડનથી પર, બુદ્ધિગમ્ય તથા તર્કબદ્ધ રહેતા. ઘણાં વર્ષો પહેલાં મોરબીના નવા મુમુક્ષુ માર્કંડ દવેએ એમને ગોંડલમાં પૂછ્યું કે 'અમે શિવપંથી અને ગાયત્રી-ઉપાસક; તે છોડીને સ્વામિનારાયણની ઉપાસના કરવામાં દોષ કોઈ નહિ ને ?'

'છોકરાં નીચલા ધોરણમાં પાસ થઈ, ઉપલા ધોરણમાં જાય તેમાં શો વાંધો ?' ટૂંકોટચ, પણ ટોચની બુદ્ધિને પણ પંપાળે એવો આ ઉત્તર સૌ કોઈને નિરુત્તર કરી દે તેવો હતો.

દરેક નાની-મોટી વાત તેઓ એવી તો સરળતાથી સમજાવતા, જે વિદ્વાનો અટપટી બનાવી દેતા. ત્યારે લાગતું કે એમની વાણી અનુભવની હતી. તેઓ સમજાવતા :

'બ્રહ્મવિદ્યા એટલે શું ?'

'મૂર્તિમાન બ્રહ્મને ઓળખવા ને તેમાં હેત કરવું.'

'ભગવાનને મળેલા એટલે શું ?'

'એકાત્મભાવને પામેલા, મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા. ૨૦૦ વર્ષ પહેલાંના નંદ સંત અત્યારે ક્યાંથી હોય ?'

વળી કહેતા : 'ભગવાન ને સંતમાં મનુષ્યભાવ ન આવે, ઈ કલ્યાણનું જતન.'

'અવગુણ કોઈનો જોવાનો ઝેર પીવાનો રસ્તો ન લેવો.'

'માનના બે હાથ-પગ છે – ક્રોધ ને ઈર્ષ્યા.'

ગુણાતીત સંતનો અનૌપચારિક રીતે મહિમા સમજાવતાં એક વાર તેમણે કહેલું : 'કર્મે કરીને સત્પુરુષ નથી ઉપજતા. સત્પુરુષનો ભેદ તો અનાદિનો છે. અક્ષરધામથી આવેલા સત્પુરુષ છે તે જ જીવને તેના કર્મનું ફળ આપે છે.'

'મહારાજ સંતદ્વારે-અક્ષરદ્વારે સદા સાકાર છે. ભગવાનના એકાંતિક સંત-અક્ષરધામ, એ ભગવાનનાં ચરણારવિંદ છે.'

'ગુણાતીત તો એક જ. બીજા કોઈ મેળે માવજીભાઈ થઈ શકે નહીં.'



દેશ-પરદેશના હરિભક્તોને પોતાનું મન ઠાલવતાં વારંવાર આ સંદેશો તેઓ આપતા : 'સંગઠનભાવ રાખવો. એકબીજાના ગુણ-દોષ ન જોવા. મનદુઃખ ન રાખવું. બાંધછોડ કરી લેવી. મન નોખું રાખશો તો અમે કાંઈ કહી શકતા નથી. અમારે પૈસાની જરૂર નથી, સંપની જરૂર છે.'

હરતા-ફરતા પણ ઉપદેશ આપતા. મોટરમાં જૂનાગઢ જતાં રસ્તામાં કેસર કેરીની વાડીઓ જોઈને સેવકોને કહે : 'અહીંની કેસર કેરી જરાપણ ખાટી નહિ, બધી ગળી. સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું આવે. માટે સંતો-હરિભક્તોમાં દિવ્યભાવ - નિર્દોષબુદ્ધિ રાખવી. જો તેમ રહે તો કરવાનું-જાણવાનું કાંઈ બાકી રહેતું નથી.'

'અમે જળકમળવત્ રહીએ છીએ'

સને ૧૯૭૦માં ઇંગ્લેન્ડની ભૂમિ પર અંગ્રેજ ખબરપત્રીઓ સાથેનો યોગીજી મહારાજનો વાર્તાલાપ મનનીય હતો.

આ ભૂમિ ઉપરના આગમનનું કારણ પૂછતાં, એમણે ઘણા ખબરપત્રીઓને જણાવેલું કે 'ભગવાન સ્વામિનારાયણ જહૉન માલ્કમની રક્ષા કરવા દિવ્ય દેહે અહીં પધારેલા. એ પ્રાસાદિક ભૂમિનાં દર્શન કરવા, અમારા હરિભક્તોને મળવા, સત્સંગ કરાવવા, સૌને વ્યસનમુક્ત કરવા... અમે આવ્યા છીએ.'

ડેવિડ બ્લોન્ડી : 'આપને કોઈ આધિ, વ્યાધિ કે ઉપાધિ આવી છે ખરી ?'

યોગીજી મહારાજ : 'જિંદગીમાંય આવી નથી.'

ડેવિડ મર્ટન્સ : 'આ જગતમાં આપ કેવી રીતે રહો છો ?'

યોગીજી મહારાજ : 'શ્રીજીમહારાજે કહ્યું છે - આ જગત નાશવંત, તુચ્છ છે. તેમ માનીને આ જગતમાં જળકમળવત્ રહીએ છીએ.'

ડેવિડ મર્ટન્સ : 'આપ ભગવાન સાથે વાતો કરો છો તે બીજા કેમ જાણે ?'

યોગીજી મહારાજ : 'એ ભાવને પામ્યો હોય તે જાણે.'



'ભારતમાં ગુરુ-શિષ્ય સંબંધ' ઉપર સંશોધન કરતા યહૂદી લેખક પીટર બ્રન્ટને સ્વામીશ્રીએ એક વાત ભારપૂર્વક સમજાવેલી કે 'બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય હોય તે જ ગુરુ પાસે જવાથી મોક્ષ થાય. બ્રહ્મ થકી બ્રહ્મ થયેલા હોવા જોઈએ, તેનો આશરો કરવાથી શાંતિ થાય છે.'

ગુરુ મનાવવાનો લેશ ભાવ નહિ

યોગીજી મહારાજનાં પ્રથમ દર્શને અલ્પ પરિચયમાં આવનાર મહાનુભાવોના એકાએક નીકળેલા ઉદ્ગારો પણ થોડામાં ઘણું કહી જાય છે. વિદ્વાન વૈષ્ણવ ભક્ત પ્રાધ્યાપક બાંભણિયા કહેતા : 'યોગી જેવા સાધુ અનંત કોટિ બ્રહ્માંડમાં એકેય નથી – આ શાસ્ત્રીજી મહારાજના શબ્દો કાનમાં ગુંજે છે. મારો પણ એ જ સ્વાનુભવ છે. નિર્મળતા, મૂર્તિમાં સાક્ષાત્ ભગવાનનો ભાવ, સૌની રક્ષાર્થે માળા, દોડી-દોડીને સૌની સેવા કરવી, આવા અનેક ગુણો એમનામાં દેખાય છે.'

રાજકોટના વિદ્વાન લેખક મણિભાઈ પારેખ, સાધુતાના પ્રશંસક છતાં વિચક્ષણ ભાવે જોનારા તેઓ યોગીજી મહારાજ માટે બોલતા : 'જીવનની શુદ્ધિ, ભક્તિ, દીનતા અને સાદાઈ એમનામાં પૂરેપૂરાં ખીલી ઊઠ્યાં છે. એમની સાદાઈ બેનમૂન છે. જ્ઞાન, વિદ્વત્તા કે કર્મશીલતાનો ભાર હોય ત્યારે સાદાઈ દુર્લભ બને છે. હૃદયમાં સાચી ભક્તિથી સાદાઈ આવે છે. હજારોના ગુરુ છે, છતાં એનો ભાર શિરે નથી. ગમે તેટલા મહાન હોય પણ ગુરુ મનાવવાનો ભાર આવી જાય છે, જે સૌથી વધારે અભિમાન લાવે છે. જ્યારે યોગીજી મહારાજમાં દીનતા અને સાદાઈ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતાં જણાય છે.'

જ્યારે જાણીતા સાહિત્યકાર ઝીણાભાઈ દેસાઈ - સ્નેહરશ્મિ કહે છે : 'એમનાં પ્રથમ દર્શને જ અહોભાવથી મન સભર બની ગયું. પ્રેમ પ્લાવિત માનવતાની પરમ ભાગીરથીમાં લીન થઈ જવાની ધન્યતા મેં અનુભવી. મને માત્ર યાદ રહ્યું છે એમના વાત્સલ્યથી મઘમઘતું એમની ચોમેરનું હૂંફાળું વાતાવરણ.'



એવા જ બીજા વિદ્વાન ડોલરરાય માંકડે અનુભવ્યું : 'એમના સાન્નિધ્યમાં ગૂઢ અનુભૂતિ થાય છે; મન શાંત બને છે.'

તો રમણલાલ સોનીએ નિહાળ્યું : 'એમનાં અંગેઅંગમાંથી સર્વત્ર પ્રસરતું આનંદરૂપ ચૈતન્ય થોડી થોડીવારે એકદમ રાજી થઈ તાળી પાડી ઊઠે છે.'

મહારાજની શક્તિ કામ કરે છે

આવી અનેકવિધ સંતપ્રતિભા-સંપન્ન યોગીજી મહારાજને અનેક વાર નજીકથી જોયા પછી પણ કળવા મુશ્કેલ હતા. ઘણાં વર્ષો પહેલાં મુંબઈથી પ્રગટ થતા અંગ્રેજી સામાયિક 'Bhavan's Journal'માં 'How God came in to my Life' નામની લેખમાળામાં પ્રસિદ્ધ સંતોએ પોતાના અનુભવ વર્ણવેલા હતા. એ જોઈ અમે જિજ્ઞાસાપૂર્વક યોગીજી મહારાજને વિનંતી કરી કે 'આપનો અનુભવ જણાવો તો અમે તેમને લખી મોકલીએ.' ત્યારે તેઓ મર્માળુ હસીને બોલ્યા : 'અમારે તો અખંડ ભગવાનનું દર્શન છે !' એ પળે એમનું દર્શન અલૌકિક હતું.

એક સમયે મુંબઈના શેઠ જયસુખભાઈ કોઠારી પોતાના વેવાઈ રતિભાઈ મહેતાને લઈને ગોંડલમાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. મુમુક્ષુ રતિભાઈએ સીધો જ પ્રશ્ન પૂછ્યો કે 'આત્મદર્શન કેવી રીતે થાય ?'

થોડા ખચકાટથી પણ તેમની જિજ્ઞાસાને સંતોષવા બોલ્યા : 'આનો ઉત્તર તમને મનાય નહિ તેથી ન કહેવાય. તમારી વૃત્તિથી ભગવાન રાખવાની વાત છે. અમારે તો આવો ભક્તિયોગ છે, બીજું અમારી પાસે નથી. અમે તમને નિષ્કપટભાવે કહીએ છીએ.' પછી વચનામૃતમાંથી સમજાવ્યું : 'જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો.' સ્વામીશ્રીનો આ માર્મિક ઉત્તર અનુભવ ને સમાગમ વગર સમજવો મુશ્કેલ હતો.

આવી જ એક અદ્‌ભુત ઘટના અમદાવાદમાં બની ગઈ. દિવસ-રાત જોયા વગર વૃદ્ધાવસ્થાને અવગણતા યોગીજી મહારાજ જે વિચરણ કરતા હતા તે જોઈ



સત્સંગના પીઢ, વિચક્ષણ સત્સંગી અને સરકારી વકીલ હરિપ્રસાદ ચોકસીએ એમને એકાએક આશ્ચર્યથી પૂછ્યું : 'આપ આ ઉંમરે બહુ ભીડો કેવી રીતે વેઠો છો, તે મને સમજાતું નથી. આપ સ્વામિનારાયણ પોતે છો કે શું છો તે મને સમજાવો !' યોગીજી મહારાજના બે હાથ પોતાના હાથમાં લઈ તેઓ ગદ્ગદિત થઈ પૂછી રહ્યા હતા.

'એવું કાંઈ નથી. અમે તો દાસના દાસ છીએ.' મહારાજનો જાણે અપરાધ થઈ જતો હોય તેમ દાસભાવે તેઓ બોલ્યા.

ચોકસી સાહેબે એમના બે હાથ દબાવ્યા ને વધારે વિહ્વળ બની ઉત્તર માગ્યો. એમના આર્દ્ર ભાવથી મહાત થઈ છેવટે યોગીજી મહારાજ એટલું બોલ્યા : 'સ્વામિનારાયણ ભગવાને આપેલી શક્તિ કામ કરે છે.'

ગ્રંથ વિષે

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ.અં. ૨૬માં આધ્યાત્મિક રીતે ભગવાનના સંતનાં લક્ષણો સમજાવતાં કહ્યું : 'ઇન્દ્રિયો અંતઃકરણની માયિક ક્રિયાને દાબીને વર્તે પણ પોતે દબાય નહિ, ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, પંચ-વર્તમાનમાં દૃઢ રહેતા હોય; પોતાને બ્રહ્મરૂપ માને અને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય કે દેવ જેવા ન જાણવા, એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.'

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે અનેક વાર એમને માટે કહ્યું :

'યોગી જેવા સાધુ અનંતકોટિ બ્રહ્માંડમાં નથી.'

'વ્યાસજીએ ભાગવતમાં સાધુનાં જે લક્ષણો લખ્યાં છે તેમાં જો કોઈ લક્ષણ રહી ગયું હોય તો તે આ યોગીજી મહારાજમાં મળી આવે એવા એ સાધુ છે...'

'મારામાં અને યોગીમાં રોમનોય ફેર નથી.'

આવા અનેક પ્રેમોદ્ગારોથી એમણે પોતાના લાડીલા સેવક 'યોગી'ને નવાજેલા, જે એમની ઓળખ માટે યથાર્થ છે.



પરમાત્મા સહજાનંદ સ્વામીને હૃદયમાં અખંડ ધારણ કરનાર એવા આ ગુણાતીત સંતની ગાથાને અહીં શબ્દદેહ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે માયિક શબ્દોથી નિરૂપાય નહિ એવા અક્ષરરૂપ સંતનો આ અક્ષરપરિચય, માત્ર ચર્મચક્ષુ-દર્શન છે. એમની કૃપા વગર એમને અંતરની આંખેથી જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી.

એમને અંતર્ધાન થયાને આજે બે દાયકા વીતી ગયા. એમની સાથેના મોટા ભાગના સંતો-હરિભક્તો આજે હયાત નથી, તેથી યોગીજી મહારાજ સાથેના તેમના અનુભવોની કેટલીક વિગતો રહી જવા પામી. બાકી સેંકડો હરિભક્તો તથા સંતોએ પોતાના અનુભવો મોકલી આપ્યા, જેમાં મોટા ભાગના ચમત્કારો કહી શકાય એવા જ પ્રસંગો હતા. યોગીજી મહારાજના દિવ્ય જીવનને સ્પર્શે એવી વિગતો પ્રમાણમાં ઘણી થોડી ઉપલબ્ધ થઈ. બાકી આ બધાં લખાણોમાં લંબાણ, અસંગતિ, અધૂરી માહિતી ઉપરાંત તારીખ, સમય અને સ્થળની વિગતો પણ અપૂરતી હતી, છતાં યોગીજી મહારાજના જીવનને સ્પર્શતા મહત્ત્વના પ્રસંગોને આ ગ્રંથમાં અચૂક સ્થાન આપ્યું છે.

પરંતુ યોગીજી મહારાજ સાથે વર્ષો સુધી રહેલા એમના કૃપાપાત્ર સંતો પૂજ્ય મહંત સ્વામી - સાધુ કેશવજીવનદાસજી, પૂજ્ય ડૉક્ટર સ્વામી - સાધુ સ્વયંપ્રકાશદાસજી તથા પૂજ્ય વિવેકસાગર સ્વામી તેમજ હરિભક્તોમાં હર્ષદરાય દવે તથા શ્રી ગુણવંત દાણીની નોંધો ઘણી મહત્ત્વની બની રહી.

આ ગ્રંથનું સંપાદન-કાર્ય ઘણું વિશાળ હતું. કઈ રીતે સંકલન કરવું તે પણ પ્રશ્ન હતો. છેવટે સંપ્રદાયમાં આજ સુધી ચાલી આવતી જીવન ચરિત્રના ગ્રંથોની પરિપાટી સ્વીકારી, યોગીજી મહારાજના સળંગ જીવન સાથે અલૌકિક પ્રસંગો તથા ઉપદેશ સાંકળી લીધા છે. ઐતિહાસિક ક્રમ જાળવવા પ્રયત્ન કર્યો છે.

ગ્રંથ-સંપાદનની મારી કોઈ સૂઝ કે આવડત નહિ. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી - કેવળ એમની પ્રેરણાશક્તિના સહારે



ગ્રંથના કાર્યનો આરંભ કર્યો છે. ઘણી વાર એમ થાય છે કે આ મેં અનધિકૃત ચેષ્ટા કરી છે અને ગજા કરતાં મોટું સાહસ ખેડ્યું છે. કારણ, યોગીજી મહારાજના દિવ્ય જીવનને પ્રગટ કરવામાં અન્યાય થઈ જાય તો ? પણ હવે જ્યારે યોગી શતાબ્દી નજીક આવી રહી છે ત્યારે આ કાર્ય માટે ઘણું મોડું થતું હોવાથી તેમજ આ કાર્ય આજ સુધી કોઈએ હાથ ધર્યું નહિ, એમ ગુરુઋણ અદા કરવામાં થયેલા વિલંબને કારણે મનોમન અત્યંત ક્ષોભ અને વેદના અનુભવવાથી ન છૂટકે મેં સ્વીકાર્યું છે.

આભાર

હરિભક્તોના ખરડાઓમાંથી યોગ્ય પ્રસંગોનું પ્રથમ સંપાદન પ.ભ. ગુણવંતભાઈ દાણીએ કર્યું છે.

પણ સમગ્ર ગ્રંથ-સંપાદન અને સંકલનમાં મને અસાધારણ સહયોગ આપનાર પૂજ્ય સાધુ વિવેકપ્રિયદાસનો ફાળો અજોડ છે, જેનો હું શબ્દોમાં આભાર માની શકતો નથી. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ એમના ઉપર કૃપાશિષ વરસાવે એ જ પ્રાર્થના !

હસ્તપ્રતો તૈયાર કરવામાં અને અન્ય મદદમાં ધીરેન્દ્ર વીંછી, માર્કંડભાઈ દવે તથા ભાલચંદ્ર ઝાલા, ગ્રંથ પ્રકાશન વ્યવસ્થામાં અને સજાવટમાં સ્વામિનારાયણ અક્ષરપીઠના મારા સહકાર્યકર પૂજ્ય અક્ષરવત્સલ સ્વામી તથા પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી, પૂજ્ય બ્રહ્મર્ષિ સ્વામી, પૂજ્ય નિખિલેશ સ્વામી, પૂજ્ય વિમલપ્રકાશ સ્વામી, પૂજ્ય યોગીવલ્લભ સ્વામી વગેરે સંતો અને કાર્યકરોનો સહયોગ સાંપડ્યો છે. આભાર.

ફોટોગ્રાફ્સ - વજુભાઈ બી. પટેલ (નૈરોબી), શાન્તુભાઈ પટેલ (ધર્મજ), પૂજ્ય સિદ્ધેશ્વર સ્વામી, પૂજ્ય રામચરણ સ્વામી, ભૂધરજી મારૂ વગેરેના સંગ્રહમાંથી સાંપડ્યા છે. આભાર.

અંતમાં કેવળ જેમની પ્રેરણા અને આશીર્વાદથી આ ગ્રંથમાળા પ્રગટ થઈ



રહી છે એવા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણિપાત કરી, ગ્રંથક્ષતિઓ બદલ ક્ષમાયાચના માગી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના એકમાત્ર વારસદાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં શુભાશિષ અર્થે પ્રાર્થના સહ વિરમું છું.

'બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ,
એવી જ આશિષ દાસભાવે હસ્ત જોડી માગીએ.'

– સાધુ ઈશ્વરચરણદાસના
જય સ્વામિનારાયણ.

ક્રમિકા

પ્રેમલધારા-૧૧

પ્રેમલધારા-૧૨

પ્રેમલધારા-૧૩

પ્રેમલધારા-૧૪

પ્રેમલધારા-૧૫

પ્રેમલધારા-૧૬

પ્રેમલધારા-૧૭

પ્રેમલધારા-૧૮

પ્રેમલધારા-૧૯

પ્રેમલધારા-૨૦

પ્રેમલધારા-૨૧

પ્રેમલધારા-૨૨

પ્રેમલધારા-૨૩

પ્રેમલધારા-૨૪

પ્રેમલધારા-૨૫

ભાવાંજલિ

નિર્દોષતાની મૂર્તિ સમી વિચરતી એ અપ્રતિમ પ્રતિભામાંથી
બ્રહ્મની અલમસ્તાઈના આહ્‌લાદને
આ ધરા પર વિસ્તરવાની પ્રતિ પળ તક મળતી હતી...
માનવ જાતે આજ સુધી સહેલાં કષ્ટો, તિરસ્કારો અને વેદનાના સમૂહને
એકીસાથે આ પુરુષે વેઠવાનાં આવે તોપણ
એમના પ્રસન્ન હાસ્યની લાલીમા ભુંસાવી અશક્ય હતી...
જેમની વિશાળતાને કોઈ ખૂણો નહોતો...
જેમની વહેતી વાત્સલ્યગંગાનો કોઈ આદિ કે અંત નહોતો...
જેમનો નિવાસ પારલૌકિક ભૂમિકાથી લઈને
લાખોનાં હૈયાં સુધી વિસ્તર્યો હતો...
જેમનું અસ્તિત્વ, દાસત્વ અને મહિમા-ત્યાગ અને તિતિક્ષા તેમજ સેવા અને
ભક્તિની રસઘન મૂર્તિસમું હતું...
જેમની વાઙ્મય મધુરતા - બ્રહ્મના આનંદની સૂરાવલિ બની
આજે વરસો પછી પણ અનેકના કર્ણપટ અને હૃદયમાં ગુંજી રહી છે...
એવા આ ગુણાતીત પુરુષનું જીવનકવન -


માનવજાતના ઉત્થાનનો પ્રાણ છે,
અંતહીં જણાતાં દુઃખોના અંધકારમાં
સુખની જ્યોત પ્રગટાવતો દીપક છે...

અનેક યુવાપેઢીઓએ હૃદય સમર્પીને
આ પુરુષના પ્રેમને પૂજ્યા છતાં એ પૂજન અધૂરાં રહેશે...
શ્રુતિ-સ્મૃતિના અનેક અર્થોનો અનાયાસે સ્ફોટ કરતા,
સુહૃદભાવની અલૌકિક કવિતા અર્પી જનાર એ શ્રોત્રિય કવિની
કંઈ કેટલીય રચનાઓ ઉકેલવાના કોડ અધૂરા રહેશે...
એમના દિવ્ય જીવન કથનની જેમ !
એમના ગુણવર્ણનની જેમ !
આવી અનેક ભાવાંજલિઓની જેમ...!



સ્વામીશ્રી યોગીજી મહારાજે જન્મ ધારણ કર્યો હતો તે પ્રાસાદિક ઘર, ધારી (હાલ અહીં મંદિ

ઝીણાભક્તે તેજસ્વી અને સત્યનિષ્ઠ વિદ્યાર્થી તરીકે આગવી પ્રતિભા પાથરી હતી તે શાળા,





બાલ જોગી

કિશોરવયના નવદીક્ષિત સ્વામી જ્ઞાનજીવનદાસજી
સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા તે સમયે, આશરે સને ૧૯૧૩



તપસ્વી જોગી

અસહિષ્ણુતાની આગ વચ્ચે આકરાં તપ કરતા
તપોમૂર્તિ સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી, આશરે સને ૧૯૧૮



ધ્યાન જોગી

અનિમિષ નયને ધ્યાનમુદ્રામાં સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી
હરતાં ફરતાં સર્વ ક્રિયામાં ભગવત્ સ્વરૂપમાં સદા રમમાણ...









અક્ષર મંદિરના મહંત

લમાં અક્ષર દેરી પર નિર્મિત અક્ષર મંદિરના મહંત સ્વામીશ્રીએ ગુરુ શાસ્ત્રીજી મહારાજના વ
વર્ષો સુધી એકધારી ગોંડલની સેવા કરી.



વચન જોગી

ગુરુ શાસ્ત્રીજી મહારાજના વચને જ જીવનનો યોગ સાધનાર સ્વામીશ્રીએ
શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા એકધારી ૪૦ વર્ષ સુધી પાળી...







ગુરુહરિ સાથે ગજરાજ ઉપર સેવકભાવે (પારાયણ પ્રસંગે, સલાડ, સને ૧૯૪૬)



સ્વામી યોગીની રૂડી જોડલી, એ તો શોભે જોડાજોડ...







ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજની સેવામાં યોગીરાજ...

આફ્રિકા સત્સંગ મંડળના હરિભક્તો વચ્ચે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની ગો






મુંબઈમાં સૂર્યનારાયણની વાડીમાં નિર્ગુણદાસ સ્વામી સાથે યોગીરાજ (સને ૧૯૫૦)







પુરમાં પ્રતિષ્ઠા : શ્રીહરિના સંકલ્પે શાસ્ત્રીજી મહારાજે સાકાર કરેલા મંદિર પર અક્ષરપુરુષો
ધજા ફરકાવી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનાં કાર્યોનું સુકાન ઉપાડી લીધું.
(નીચે : ગઢપુર પ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં સ્વામીશ્રી)



અનુભવનું અમૃત



યોગીજી મહારાજના સ્મરણમાત્રથી જ અંતરીક્ષમાં ગુંજી રહેલા કેટકેટલાય પવિત્ર પુરુષોના પ્રશસ્તિ શબ્દો કર્ણપટ ઉપર લહેરાતા, આ દિવ્ય વિભૂતિ વિશે હૃદયસ્પર્શી વાતો કરી જાય છે. પ્રથમ પરિચયમાં જ અનેક મહાત્માઓ તથા સજ્જનોએ અનુભૂતિનાં જે શબ્દપુષ્પો વેર્યાં છે તેથી શાશ્વત માધુર્યનો રોમાંચ અનુભવાય છે. જો કે સંતના સ્વશબ્દો જ સ્વસ્વરૂપને વધારે સ્ફુટ કરે છે છતાં સંતને સંત જ ઓળખી શકે એ સુપ્રસિદ્ધ ન્યાયે પણ એવા કેટલાક વિશિષ્ટ સંતજનોના અમૂલ્ય ઉદ્‌ગારો યોગીજી મહારાજનું યત્કિંચિત્ દર્શન કરાવે છે.

'યોગીજી મહારાજના સાન્નિધ્યમાં મેં જે અનુભવ્યું તે હું શબ્દોમાં રજૂ કરી શકતો નથી. ઉપનિષદોમાં જે અનુભૂતિ છે તેનું મૂર્તિમાન સ્વરૂપ હતા. એ વૃદ્ધ કાયામાંથી આપોઆપ ફૂટી નીકળતો સર્વાત્મા બ્રહ્મનો સર્વોચ્ચ આનંદ, જાણે વિશુદ્ધ પ્રેમની સુગંધીમાન લહેરરૂપે ધસમસતો, એમની નજીક આવનારમાં પ્રવેશતો અને હૃદયને ભરી દેતો. પછી ભલેને તે જીરવવા સુપાત્ર ન હોય. એથી જ કોઈપણ એમને તથા એમના સાન્નિધ્યને છોડી શકતા નહીં. એવા આધ્યાત્મિક ગુરુને આપણે માત્ર પ્રણિપાત કરી શકીએ છીએ.'

કેવું સુભગ દર્શન ! ઉપનિષદો જેને 'નેતિ નેતિ' કહે છે, તે અક્ષરબ્રહ્મનું સમ્યક્ દર્શન એટલે યોગીજી મહારાજ ! જેમનો સહવાસ સાંપડ્યા પછી કોઈ એમને છોડી શકતું નહિ. વેદાંતના પ્રખર પ્રચારક, આધુનિક આંતરરાષ્ટ્રીય વિદ્વાન, ચિન્મય મીશનના સ્થાપક સ્વામી ચિન્મયાનંદજીના આ ઉદ્‌ગારો આપણને ટૂંકમાં ઘણું કહી જાય છે.

✧

સ્વાધ્યાય દ્વારા ગીતાના સંનિષ્ઠ ઉદ્‌ગાતા, સત્શાસ્ત્રોના પ્રવક્તા અને

ભારતીય અસ્મિતાના પ્રસારક દાદાજી પાડુરંગ શાસ્ત્રીજી તો યોગીજી મહારાજના વારંવાર દર્શનનો લોભ ખાળી શકતા નહિ અને પુત્ર પિતાને મળે એવા વહાલથી ભેટી પડતા. તેઓ કહેતા :

'યોગીજી મહારાજ પાસે જતાં જ એમની અડગ શ્રદ્ધાળુ વૃત્તિ, ઈશ્વરભક્તિમય અંતઃકરણ, તેવી જ રીતે નિઃસ્પૃહતા અને અમાનીત્વ ઇત્યાદિ ગુણો નજરે આવે છે.'

✧

લાખો દુઃખિયારાની વહારે દોડનાર પરગજુ સંત રણછોડદાસજી બાપુને યોગીજી મહારાજ સાથે પ્રથમથી જ ઘણો સ્નેહ હતો. અક્ષર મંદિર, ગોંડલમાં તેઓ અનેક વાર એમનાં દર્શને આવતા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં કહેતા કે 'ભારતમાં ઘણા યોગીઓ છે, પરંતુ યોગીજી તો યોગીરાજ છે. એક અને અદ્વિતીય છે.' વટાળ પ્રવૃત્તિની વર્તમાન સમસ્યાને ખાળવા માટે તેમની નજરમાં સારાયે ભારતમાં એક યોગીજી મહારાજ જ સમર્થ પુરુષ હતા.

ગણેશપુરીના સિદ્ધયોગી મુક્તાનંદ બાબાને પૂનામાં મળતાં રણછોડ-દાસજી મહારાજે કહેલું કે તમે ગુજરાત જાવ તો યોગીજી મહારાજનાં દર્શન જરૂર કરજો. તેમની ગુજરાતની યાત્રામાં તેઓ ગોંડલ, યોગીજી મહારાજનાં દર્શને આવવાનું ચૂક્યા નહિ અને પ્રથમ દર્શને જ બોલ્યા : 'પ્રેમસે પકા હુઆ પુરુષ ! મેરે ગુરુ પ્રતિ જીતના મુઝે પ્રેમ હૈ ઉતના હી આપમેં હૈ. આપ મેરે શિર પર હાથ રખકર આશીર્વાદ દો.'

✧

ભાગવત કથાકાર ડોંગરે મહારાજને મળતાં યોગીજી મહારાજે તેમને વિનંતી કરી હતી કે 'મારે એક વખત સમય લઈને આપના મુખે ભાગવત સાભળવું છે.'

ત્યારે યોગીજી મહારાજને પ્રણામ કરતાં તેઓ વિનયપૂર્વક એટલું જ બોલ્યા કે 'આપ ભાગવતને મારે ભાગવત શું સંભળાવવું ?' યોગીજી મહારાજને મૂર્તિમાન ભાગવત સ્વરૂપ જોતાં તેઓ વધુ બોલી શક્યા નહિ.

ભાગવતના એવા જ વિદ્વાન પ્રવક્તા કૃષ્ણશંકર શાસ્ત્રી અવારનવાર યોગીજી મહારાજનાં દર્શને દોડી આવતા. યોગીજી મહારાજ પ્રત્યે તેઓ અપાર સ્નેહ ધરાવતા અને અનેક વાર કહેતા :

'નિર્માનીપણું એ તો એમની પ્રભુપ્રદત્ત પ્રકૃતિ છે. સર્વસુલભપણું તો

એમના સ્વભાવમાં વસેલું છે. બાળક કે બુદ્ધિમાન બંને એમની પાસે આવે ત્યારે કાંઈક મેળવીને જાય.'

'આ સંતવર્યની એક વિશેષતા છે. એમની પાસે કોઈ ભેટ મૂકીને જતા નથી, પરંતુ કાંઈક લઈને જાય છે. જે સમીપમાં આવે તે શ્રદ્ધા લઈને જ જશે. સમાધાન, સંતોષ, સત્કર્મનો નિયમ, સત્સંગનો નિયમ, શુભાશીર્વાદ આવી અમૂલ્ય ભેટો વિના આયાસે મળે છે.'

'જ્યારે એમનાથી સત્સંગીજન વિખૂટો પડે છે, ત્યારે તે ભગવાનને ભેટીને જતો હોય એવો અનુભવ કરે છે.'

આ દુનિયામાં માનવીને જો મનાય તો ભગવાનની ભેટથી બીજી કોઈ મોટી ભેટ નથી. એવું અમૂલ્ય ભગવદ્દાન યોગીજી મહારાજ અખંડ કરતા રહેતા એ શાસ્ત્રીજીનો સ્વાનુભવ હતો.

✧

ગુજરાતના સાચા સમાજસેવક રવિશંકર મહારાજે છેવટ સુધી 'યોગી-ચરિતમ્'નું શ્રવણ કરેલું. તેઓ એમની સાદી ભાષામાં સમજાવતા :

'એમનું સાત્ત્વિક જીવન શુદ્ધ અને નિર્મળ છે. એ મહાપુરુષે પોતાનું જીવન સમાજને દૃષ્ટિમાં રાખીને એટલે કે માર્ગદર્શક બનીને વ્યતીત કર્યું છે. એમણે આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે, એ આપણને એમનું દર્શન કરતા જ જણાઈ આવે છે.'

યોગીજી મહારાજની ભાષા નહિ સમજતા, માત્ર એમને બ્રહ્મમસ્તીમાં ડોલતાં, બોલતાં સાંભળીને વિદ્વાન સંન્યાસી કાશીકાનંદજીએ મુંબઈમાં કહેલું કે 'શાસ્ત્રમાં શબ્દબ્રહ્મનો મહિમા ઘણો વર્ણવેલો છે પણ તેનો પ્રત્યક્ષ અનુભવ આજે યોગીજી મહારાજને સાંભળતાં થયો. તેઓ બોલે છે તે મને બહુ સમજાતું નથી, પણ એમની વાણીમાં અદ્ભુત તેજ છે.'

મધ્વ સંપ્રદાયના આધુનિક પ્રકાંડ વિદ્વાન, ભક્તહૃદયી ગોપાલાચાર્યજી મુંબઈમાં વારંવાર યોગીજી મહારાજનાં દર્શને આવતા અને કહેતા :

'સહજભાવે કરેલું યોગીજી મહારાજનું એક ક્ષણિક દર્શન, આપણને પ્રતીતિ કરાવે છે કે આ સંત નિરંતર ભગવન્મય બનીને હરે છે, ફરે છે અને જીવન જીવે છે. તેઓ અખંડ હસતા અને આનંદી છે. એમની એક સ્નેહભરી નજર કે મસ્તીમાં ડોલવું, હૃદયને ઉમદા વિચારો અને ઉદાત્ત ભક્તિથી ભરે છે, મનને પવિત્ર કરે છે, ચૈતન્યમય બનાવે છે. એમની ચમકતી આંખો, મલકતા

હોઠ અને તેજસ્વી મુખારવિંદ આપણને જરૂર આધ્યાત્મિક આનંદ અર્પે છે.'

✧

સ્વામિનારાયણ સંપ્રદાયના વાતાવરણમાં જેમનો ઉછેર થયો હોવા છતાં સંપ્રદાયનું વિશેષ મમત્વ નહિ એવા ગુણાનુરાગી, ગુજરાતના એક વરિષ્ઠ નેતા બાબુભાઈ જશભાઈ તો અનેક વાર એમનાં દર્શને આવતા અને પોતાનો અનુભવ દોહરાવતા :

'મારા ઉપર યોગીજી મહારાજની સૌથી વિશેષ છાપ એમણે અહમ્ ઓગાળી નાખ્યો હતો તેની પડી છે. ઘણા મહાપુરુષોને જોયા છે, જાણ્યા છે પણ પોતાની ઉચ્ચ કોટિ, વિશાળ શિષ્ય અને અનુયાયી સમુદાય, ઘણી સંપન્ન વિસ્તીર્ણ સંસ્થાના વડા છતાં પોતે શૂન્ય છે એવું અનુભવે અને બીજાને પોતાની સિદ્ધિઓ કાંઈ જ નથી એવી છાપ પાડે એવા પુરુષ વિરલ ગણાય.

'દુનિયામાં ભાગ્યે કોઈ મહાત્મા મળશે કે પોતાનું ઐશ્વર્ય પણ ભૂલી શકે. ઐશ્વર્યની સત્તા જેની પ્રબળ થઈ, એના દિલમાં અહમ્ રહી જાય છે. અહીં એક એવા પુરુષ છે જેને કંઈ અભિમાન નથી. ત્યાગનું પણ અભિમાન નથી.

'આધુનિક ભાષામાં વિદ્વત્તા કહેવાય એવું એમની પાસે નહિ, ભણતર પણ ઘણું ઓછું, છતાં જીવનકલ્યાણકારી તત્ત્વજ્ઞાનની અનુભૂતિ અને રજૂઆત સચોટ.

'બધી જ પ્રવૃત્તિઓની વચ્ચે ઈશ્વર સાથેની સગાઈ સતતપણે જાગ્રત રહે અને માળાના મણકે મણકે શ્રીજીમહારાજનું સ્મરણ થાય એવી એક નિષ્ઠા પણ વિરલ.

'પોતે એટલા નિરભિમાની કે એમના પ્રમાણમાં તુચ્છ ગણાય એવા નાના માણસોને પણ એ મોટા ગણીને તેમની સાથે આદરભર્યો વર્તાવ રાખે અને પોતે પેલા કરતાં નાના હોય એવો અનુભવ સામી વ્યક્તિને કરાવે.

'બાપાની આંખમાંથી વરસતું અમી સૌ કોઈ અનુભવે. સતત વહેતા પ્રેમ અને કારુણ્યની મૂર્તિ એમનામાં આપણને જોવા મળે.

'૧૯૬૭ થી ૧૯૭૧ના ગાળામાં હું પુરવઠા મંત્રી અને બાંધકામ-ખાતાનો મંત્રી હતો. એ દરમ્યાન એક વખત વરસ નબળું નીવડતાં હું ઘણી મૂંઝવણમાં હતો. ત્યારે એમણે દઢતાપૂર્વક કહેલું કે મુશ્કેલી તરી જવાશે. અને ખરેખર તરી જવાઈ.

'બાપાની મોટી સિદ્ધિ તો અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયનો વિકાસ છે. વૃદ્ધાવસ્થામાં પણ ઘણા પ્રવાસો ખેડીને શ્રીજીમહારાજનો સંદેશો ચારે દિશામાં,

દેશ-પરદેશમાં ગાજતો કરવાનો યશ એમને ફાળે જાય છે. અનેક તેજસ્વી, બુદ્ધિશાળી, ભણેલા-ગણેલા, સુખ-સાહ્યબીથી ઊછરેલા નવયુવકોને એમણે જુવાનીમાં સંસાર ત્યાગ કરાવી શ્રીજીમહારાજના ભક્ત અને જનસેવક, તપસ્વી, નિરભિમાની, કલ્યાણવાંછુ, ત્યાગી બનાવ્યા છે.

'સત્સંગ સાર્વત્રિક બને એ દૃષ્ટિએ બાપાએ બાળકોમાં, યુવાનોમાં, સૌમાં ફેલાવ્યો અને ઘસાઈ છૂટવાની વૃત્તિ જાગ્રત કરી. પ્રેમપૂર્વક સ્વાર્પણ કરતાં સૌને શીખવ્યું. ગરીબો, આદિવાસીઓ અને અકિંચનોની વચ્ચે પણ બાપાએ પોતાના સેવકોને મોકલ્યા.

'એમનો પ્રેમ શ્રીમંત અને ગરીબ, પોતાના અને પારકા વચ્ચે સમાન હતો.

'યોગીબાપામાં આપણે ગીતાજીનો આ શ્લોક જીવાતો જોયો છે :

निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वै र्विमुक्ताः सुखदुःखसंज्ञै र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥'

✧

રાજવીઓમાં બહુ વિચક્ષણ એવા પ્રોળ ઠાકોર ચંદ્રસિંહબાપુ યોગીજી મહારાજના અત્યત પ્રશસક હતા અને તેઓ ઘણી વાર બોલી જતા કે 'હજાર વર્ષમાં એક વાર યોગીજી જેવા પુરુષ પ્રગટ થતા હશે.'

આ અલ્પ આસ્વાદ માણ્યા પછી અસંખ્ય નામી-અનામી સત્સંગી-બિનસત્સંગીના આ પરમ ભાગવત સંત સાથેના પાર્થિવ તેમજ આધ્યાત્મિક અનુભવોની ગંગા જે અનંતરૂપે વિસ્તરેલી છે, તેનો કોઈ છેડો નથી. તેને ગ્રંથનાં વહેતાં પૃષ્ઠોમાં આપણે માણીશું. જો કે તે પણ સાગરમાં બિંદુ સમાન જ છે.

❀ ❀ ❀

દિવ્ય વાત્સલ્યની વહેતી ગંગા



ભગવાન સ્વામિનારાયણના પૃથ્વી ઉપરના પ્રાગટ્યના હેતુઓનું સદાકાળ સંવર્ધન કરવા જ ગુણાતીત ગુરુપરંપરાની આદર્શ સંતમાળ અવિરત પ્રગટે છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ સાધુતાનું સર્વાંગી નિદર્શન કરાવી, પોતાના ઈષ્ટ-અભીષ્ટ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતા સિદ્ધ કરી. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે, 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે અને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામીને રહેવાનું દિવ્ય ધામ છે' તે ઘોષિત કર્યું. જે માટે અનંત અપમાનો તથા તિરસ્કારો સહન કર્યાં, હડધૂત થયા. તત્કાલીન સંપ્રદાયે એમને વિમુખ ગણ્યા અને ઝેર આપ્યું પણ ભગતજી મહારાજ એમના જીવનકાર્યમાંથી વિચલિત ન થયા.

અક્ષર અને પુરુષોત્તમ વૈદિક યુગલ સ્વરૂપોની ઉપાસના, મુમુક્ષુઓ સદાકાળ કરતા રહે તે હેતુથી શાસ્ત્રીજી મહારાજે મંદિરોનું નિર્માણ કર્યું. વિદ્વત્તા સાથે સાધુતાના વિરલ સમન્વયથી તેમજ સત્યનિષ્ઠા, નીડરતા અને નમ્રતા સાથે અપમાન અને તિરસ્કાર જેવાં અસહ્ય કષ્ટોને પી જઈને, મૂઠીભર સંતો-ભક્તોના સહકારથી, કેવળ ભિક્ષાની ઝોળી ઉપર, શ્રીજીમહારાજનો એકમાત્ર આધાર રાખી ભવ્ય મંદિરો સ્થાપ્યાં. અક્ષરપુરુષોત્તમ ઉપાસના સૌને માટે સુલભ કરી અનંત મુમુક્ષુઓ માટે મુક્તિનું દ્વાર ખુલ્લું મૂક્યું.

બ્રહ્મરૂપ થઈ ભગવાનની ભક્તિ કરવી એ વેદાંતના સારરૂપ સિદ્ધાંતનું પ્રવર્તન શરૂ કર્યું અને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા માટે ભગવાનના ધારક ગુણાતીત સંત, આદર્શ ગુરુની આવશ્યકતા એમણે સમજાવી. પોતે અનેકને એ સ્થિતિ સિદ્ધ કરાવી, ભાવિ પેઢીનું સુકાન યોગીજી મહારાજ જેવા આદર્શ ગુણાતીત ગુરુને સોંપ્યું. જેમનું સંપ્રદાયમાં અનેરું આકર્ષણ હતું.

યોગીજી મહારાજ જેવા દિવ્યપુરુષનું વર્ણન કરવું અશક્ય લેખીએ તો

અતિશયોક્તિ ન ગણાય. કારણ ભગવાનના અનેક કલ્યાણકારી સદ્‌ગુણોનો પ્રકાશ એમના અલૌકિક વ્યક્તિત્વમાંથી સતત પ્રકાશતો હતો. કયા ગુણને ઓળખવો ? કઈ રીતે વર્ણવવો ? તેની માયિક બુદ્ધિમાં કાંઈ સૂઝ જ જડે નહિ. ત્યારે યોગીજી મહારાજ વારંવાર એક પદ ગાતા અને નિરૂપતા તેનું સ્મરણ થયા વિના રહેતું નથી.

હાંજી ભલા સાધુ, હરિકી સાધ,
તનકી ઉપાધિ તજે સો હી સાધુ.... ટેક

માન અપમાનમેં એકતા, સુખદુઃખમેં સમભાવ;
અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ....તનકી૦ ૧
લાલચ લોભ હરામ હૈ, ગ્રહે ન ગાંઠે દામ;
નારી નાગણી સમ તજે, રટે નિરંતર રામ....તનકી૦ ૨
મઠ ન બાંધે મમતા કરી, શઠતા કીની ત્યાગ;
કબહુ ક્રોધ ન ઉપજે, સો સાચા વૈરાગ્ય....તનકી૦ ૩
ત્યાગે તીખાં તમતમાં, રસના ભોગવિલાસ;
મુક્તાનંદ સો સંતકે, સદા રહત હરિ પાસ....તનકી૦ ૪

મુક્તાનંદ સ્વામી રચિત આ પદનું ગાન, પોતાની વિશિષ્ટ શૈલી અને લહેકામાં, પદના શબ્દે શબ્દ સાથે ઓતપ્રોત બની યોગીજી મહારાજ કરતા ત્યારે સાંભળનારને જરૂર પ્રતીતિ થતી કે આ સંતે આ પદ જીવનમાં સાંગોપાંગ ઉતાર્યું છે. પૃથ્વી ઉપર આ ભાવનું હરતું ફરતું સ્વરૂપ એટલે યોગીજી મહારાજ ! તેઓ પણ એક વાર અહોભાવમાં બોલી ગયા કે 'આ પદ અમારી 'માલિકી'નું છે.'

ટૂંકમાં, વૈરાગ્ય અને અષ્ટાંગ બ્રહ્મચર્ય, તપ અને સેવા, ત્યાગ અને તિતિક્ષા તથા ભક્તિ અને મહિમા સહિતનું એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ, સંસારની શબ્દસૃષ્ટિના આલેખનની પેલે પાર હતું.

આવા અનેક સદ્‌ગુણો છુપાવીને વર્તતા યોગીજી મહારાજે અનાયાસે મુક્તાનંદ સ્વામીના શબ્દો : *'સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુણ કો માન ન આવે...'* સિદ્ધ કર્યા હતા. તેથી જ એમને વર્ણવવા મુશ્કેલ હતા. અવારનવાર એમના મુખકમળમાંથી સરી પડતી ગુરુ નાનકજીની સાખી :

'નાનક નાને હો રહીએ, જૈસી નાની દૂબ;
ઘાસ ફીસ ઊડ ગયા, દૂબ ખૂબકી ખૂબ.'

આવી નાનપ સાહજિકભાવે સદા એમનામાં દેખાતી. સાથે ભગવાનના સંબંધવાળા ભક્તનો મહિમા પણ એમણે,

'તુલસી જા કે મુખનસે, ભૂલે નીકસે રામ;
તાકે પગકી પહેનિયા, મેરે તનકી ચામ.'

તુલસીદાસજીના આ કથન અનુસાર સિદ્ધ કર્યો હતો. આવા મહિમા તથા દાસત્વપૂર્ણ ભક્તિ સાથે ભગવદ્‌ગુણોને સદા ઢાંકીને વર્તતા યોગીજી મહારાજની પ્રતિભા પ્રેમ, વાત્સલ્યપૂર્ણ આંખો અને નિર્દોષ હાસ્ય દ્વારા અનાયાસે છતી થઈ જતી હતી.

એમની નિર્દોષતા બાલ સહજ ન હતી. કારણ, બાળક તો અજ્ઞાન અને અસામર્થ્યને લીધે નિર્દોષ જણાય છે. જ્યારે યોગીજી મહારાજ જગત તરફની સંપૂર્ણ ઉદાસીનતા અને ભગવાન પ્રત્યેના ગાઢ અનુરાગથી સહજભાવે અસ્ખલિત નિર્દોષતા વ્યક્ત કરતા હતા. એમના આ આગવા વ્યક્તિત્વથી પાત્ર-કુપાત્ર જોયા વગર એમણે નિર્દોષ પ્રેમ અને વાત્સલ્ય સૌ ઉપર વરસાવ્યાં. જેનો એક વાર પણ આસ્વાદ માણ્યા પછી તેને ફરીફરી માણવાનો લોભ કોઈ ટાળી શકતા નહિ. છૂટા પડ્યા પછી પણ એમના સાન્નિધ્યની હૂંફ વર્ષો સુધી વ્યક્તિની ચેતનાને વળગી રહેતી એવું એમનું આકર્ષણ હતું. જાણે નખશિખ નિર્દોષ પ્રેમમય વ્યક્તિત્વ ! સર્વત્ર છાઈ જાય, ક્યાંય પરાયું ન લાગે, અનેકને પોતાના કરી લે એવું અલૌકિક વ્યક્તિત્વ ! પ્રેમ નીતરતી આંખો અને વાત્સલ્યભર્યા હાસ્યથી પરમાત્માના દિવ્યાનંદનો સતત વ્યાપાર કરતા હોય એમ લાગે.

ડગલે ને પગલે ખમી લેવાની, ગમ ખાવાની વૃત્તિથી ઉદારતા, મીઠાશ અને મમત્વ એમના વ્યવહારમાં ક્ષણેક્ષણે જોવા મળતાં. હેત અને કરુણાના પાતાળ ઝરણામાંથી જ આ ભાવ પ્રગટી શકે. જીવનમાં ભગવાનના સંબંધે યુક્ત ભારોભાર પ્રેમાળતા અને આનંદમયતા પણ એટલી જ. પરમાત્માના અખંડ અનુસંધાનથી, હૃદયની તાજગી એવી ને એવી જ. નિત્ય નવપલ્લવિત એમનું બ્રહ્મતેજ ! પ્રયત્નસિદ્ધ સાધુ નહિ, સહજ સાધુ ! ગુણાતીત સાધુ !

શ્રીહરિની એકમાત્ર પ્રસન્નતા માટે જેમણે શીતળ ત્યાગ સાધ્યો છે, સેવા કરતાં જેમને આનંદ સમાતો નથી, 'નીચી ટેલ' સેવાભાવમાં જે સદા અહોભાગ્ય માની જોડાય છે, હૃદયના ઊંડાણથી બધા પ્રત્યે મીઠાશ રાખે છે એવા એમણે નિઃસ્પૃહપણે સેવાજીવનની દીક્ષા લઈ પોતાનું જીવન ભગવદ્-ભક્તો માટે નીચોવી નાખ્યું હતું.

એમના વિરલ વ્યક્તિત્વને સરળતાથી સંક્ષિપ્તમાં આ રીતે વર્ણવી શકાય કે જીવનમાં જેમ જેમ વધુ દુઃખ કે કષ્ટ આવે, એમ એમ જે વધુ આનંદ

અનુભવે, જીવનમાં જેમ જેમ વધુ અપમાન કે તિરસ્કાર થાય; એમ એમ વધુ આનંદ અનુભવે એવી કોઈ અલૌકિક વ્યક્તિ !

વાણીમાં સરળતા, લાઘવ અને પવિત્રતા, જાણે નિર્મળ અને નિષ્કામી હૃદયમાંથી ફૂટતું નિરહંકારી ઝરણું ! વર્તન સહિતની એમની હૃદયવેધક વાતોથી, સાંભળનાર સાથે આધ્યાત્મિકતાનો સેતુ બંધાઈ જતો. જીવનનું અણુએ અણુ જેમણે પરમાર્થમાં વાપર્યું છે, એવા સમાજમાં સતત શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસનું વાવેતર કરતા સંતની સુવાસ ક્યાં ક્યાં ન પ્રસરી શકે ?

આમ તો એમના સત્સંગમાં જ્યાં, જે કોઈ આવ્યા તે રંગાઈ ગયા. પણ જેમના જીવનમાંથી ધર્મ અને આસ્તિકતા ઓસરતાં જતાં હતાં તેવા યુવાનોને પણ એમણે લક્ષ્યમાં લીધા. ભલા, ભોળા અને અભણ દેખાતા યોગીજી મહારાજે ભણેલા-ગણેલા ચબરાક યુવાનોને આકર્ષ્યા, ત્યારે એમના કાર્યની ચોક્કસતા અને દૂરંદેશિતા સૌને સમજાયાં. આજનો યુવક રાગી, યોગીજી મહારાજ વિતરાગી. આજનો યુવક વિષયાસક્ત જ્યારે યોગીજી મહારાજ અનાસક્ત. દિશાહીન યુવકોનાં વિકૃત માનસ એમના સ્પર્શથી, પારસસ્પર્શ અનુભવી કાંચનવર્ણા વિશુદ્ધ બનવા લાગ્યાં. યુવાનોમાં આત્મબળ પ્રેરવાની એમની શક્તિ અમોઘ હતી. જીવનમાં પછડાયેલા, હારી ગયેલા, યુવાનોમાં અતૂટ આત્મવિશ્વાસ તેઓ જાગ્રત કરી શકતા. સેવાભક્તિથી યુવાનોને રંગી એમના જીવન પવિત્ર અને નિર્મળ કરતા એટલું જ નહિ, અનેક નાસ્તિક યુવાનોનું પરિવર્તન એ યોગીજી મહારાજનો મહાન ચમત્કાર હતો !

તેઓ કહેતા : 'ગુણ, વિનય અને સેવા એ વધવાનો ઉપાય છે. શ્રદ્ધા, ખપ અને સમાગમ પણ જીવનમાં આગળ વધવા અનિવાર્ય છે. સાચા સંતનો સમાગમ કરી લેવો. પણ જો હઠ, માન અને ઈર્ષ્યા રાખીએ તો સત્સંગમાંથી પડી જઈએ.'

ઇન્દ્રિયોના સંયમ સાથે યુવાનો પાસે બ્રહ્મચર્યપાલનનો તેઓ અતિ આગ્રહ રાખતા. આ નિયમપાલનમાં યુવાનોને સતત જાગ્રત રાખી, આત્માની અગાધ શક્તિનું સિંચન કરી બ્રહ્મચર્યનું પરિપાલન કરાવતા.

ઐહિક લાભ કે કીર્તિના લોભથી યુવાનોને યોગીજી મહારાજે આકર્ષ્યા નથી. જીવનમાં પગભર થવાનું, આત્મા-પરમાત્માનું જ્ઞાન પામી જીવનને ઉચ્ચતમ કક્ષામાં મૂકવાનું એમણે યુવાનોને શીખવ્યું છે. નીતિ ચારિત્ર્યઘડતર સાથે અધ્યાત્મજીવન જીવવાનું ધ્યેય આપી, યુવાનોને ઊર્ધ્વજીવન તરફ ગતિ-શક્તિ આપી છે. વ્યાસ, વાલ્મીકિ અને વસિષ્ઠના આશ્રમોમાં ઉચ્ચારાતા

બ્રહ્મવિદ્યાના મંત્રોને, આધુનિક કાળમાં પણ યુવાનોમાં સાકાર કરાવતી હરતી ફરતી કૉલેજ એટલે યોગીજી મહારાજ સ્થાપિત 'બ્રહ્મવિદ્યાની કૉલેજ.'

નાનાં બાળકોની સાથે નાના બની તેમને એટલું જ મહત્ત્વ આપી, એમણે પ્રેરણાપીયૂષ પાયાં. બાળપ્રવૃત્તિ તથા યુવકપ્રવૃત્તિ સાથે વડીલો માટે અઠવાડિક રવિસભાનો નિત્ય સત્સંગ, વચનામૃત, સ્વામીની વાતો આદિ સત્‌શાસ્ત્ર પઠનનું નિત્ય વ્યસન વગેરે સત્સંગપ્રણાલી પ્રસ્થાપિત કરી. સાથે ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિતા તેમજ ગુણાતીતાનંદ સ્વામી એમને રહેવાનું અક્ષરધામ છે એવી નિષ્ઠા દૃઢ કરાવી. અન્ય દેવ-દેવીની આસ્થામાંથી મનને પોતાના ઈષ્ટદેવ અને ગુરુમાં સ્થિર કરી પતિવ્રતાની ભક્તિ કરતાં સૌને શીખવ્યું. ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજનું પ્રગટપણું પૃથ્વી ઉપર અખંડ રહે છે, મહારાજનું એ બિરુદ છે. એ ગુણાતીત સંત એક અને અદ્વિતીય છે તે પણ સ્થાપિત કરી દૃઢ કરાવ્યું. છતી દેહે કલ્યાણની - પૂર્ણકામપણાની પ્રતીતિ કરાવી.

સંપ, સુહૃદભાવ અને એકતાના વિચારો ભારપૂર્વક વહેતા મૂકી, એમાં જ ગુરુનો રાજીપો છે એમ સમજાવી વિશાળ સત્સંગ-સમાજને સુહૃદભાવના સૂત્રથી ગ્રથિત કર્યો. ગુણાતીત જ્ઞાનના નાના વિભાગોને સંગઠિત કરી, પોતાની પ્રેમનિષ્ઠામાં મૂકી દીધા. પરસંપ્રદાય અને પરધર્મના અનેકોને સહજતાથી આકર્ષ્યા એ એમનું વિરલ કાર્ય. આવી રીતે સારાયે સમાજમાં યોગીજી મહારાજની પ્રેમપૂર્ણ દિવ્ય મૂર્તિ છાઈ ગઈ હતી. પ્રૌઢ અને વૃદ્ધ, ગરીબ અને તવંગર, વિદ્વાન અને સત્તાવાન કોઈ એમની વાત્સલ્યવિસ્તૃત છાયામાં બાકી રહ્યા નહિ. આમ, શાસ્ત્રીજી મહારાજે સર્જેલાં ઉપાસના મંદિરોની ફલશ્રુતિરૂપે યોગીજી મહારાજની અલૌકિક શક્તિથી અસંખ્ય આબાલવૃદ્ધ 'ચૈતન્ય મંદિરો' નિર્માયાં, જે માનવવંશના ઈતિહાસમાં અદ્વિતીય સિદ્ધિરૂપે લેખાશે.

ભારત બહાર આફ્રિકા તેમજ ઇંગ્લેન્ડમાં એમણે સંસ્કારસિંચન કરતાં, સદાકાળ ભક્તિનિષ્ઠાથી ધબકતાં સંસ્કારધામો - અક્ષરપુરુષોત્તમ મંદિરો રચ્યાં. સાથે સાથે સમાજનો સર્વતોમુખી વિકાસ સાધવા શિક્ષણ, સાહિત્ય, સ્વાસ્થ્ય, જનસેવા આદિ ક્ષેત્રોમાં તેમજ પછાત અને આદિવાસી ગણાતા સમાજનો ઉત્કર્ષ સાધવાનાં પણ અનેકવિધ કાર્યો આરંભ્યાં હતાં.

સ્વામિનારાયણ ધર્મની મહત્તાને વિશ્વના ફલક પર મૂકી દેવાનો જે ગજબ ઉત્સાહનો સ્રોત યોગીજી મહારાજમાંથી અવિરત વહેતો એ અવર્ણનીય હતો. ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી, ગુરુ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણા અને

શક્તિથી જ આ સંભવિત થયું છે એવું સતત અનુસંધાન રાખી એકમાત્ર સાધુતાની ફોરમથી તેઓ સર્વત્ર વ્યાપી ગયા.

'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'

માત્ર સમદર્શીપણું નહિ પણ નાના-મોટા ભક્તોમાં ભગવાનનો સંબંધ જોવાની દિવ્યદૃષ્ટિથી અસંખ્યનાં મન હરી લીધાં, ચિત્ત ચોરી લીધાં. જાણે કોઈ સમર્થ માનસશાસ્ત્રી ! જો કે એમ કહેવું પણ યોગ્ય નથી. કારણ, સર્વાન્તર્યામી પુરુષને માટે કશું અસંભવ નથી. એક સાથે અનેકની સરખી સંભાળ લે, સરખો પ્રેમ વરસાવે ત્યારે એમના અનેક સ્વરૂપનું દર્શન સૌને સહજ સાંપડતું. વિભિન્ન સ્વભાવ અને પ્રકૃતિઓને એક સાથે નભાવવાનું કાર્ય પ્રત્યેક આત્માના સ્પર્શ વગર, પૂર્ણ આત્મીયતા વગર કેમ સંભવે ?

જનસમાજ સાથેના સંપર્કમાં સૂક્ષ્મતાથી પ્રવેશતા તેઓ સર્વોત્તમ સંદેશ-વાહક હતા. નાના-મોટા કોઈને પણ તેઓ પોતાની સાથે લેશ અંતર કે ખાલીપો અનુભવવા દેતા નહિ. કુશળતા એટલી બધી કે પ્રત્યેકને સંતોષ આપી પ્રસન્ન કરી શકતા. વિશાળ સત્સંગસમુદાયને લક્ષમાં રાખી, સત્સંગના સામૂહિક વિકાસનાં આયોજનો વિચારતા. સૌને સાથે રાખી નિર્ણયો લેતા. અદ્‌ભુત સંયોજનશક્તિ ! વ્યક્તિ અને સમૂહ - બંનેના આધ્યાત્મિક ઉત્કર્ષનો સમાંતર વિચાર કરી એનો અમલ કરાવવાની વિશિષ્ટકળા એમનામાં સહજ હતી. પોતે નિરાળા રહી, કાર્યભાર વેઠી, યશ સૌને વહેંચી દેતા. કોઈ નાનીશી વ્યક્તિ પણ નારાજ ન થાય એવું સફળતાપૂર્વકનું આયોજન છતાં એમાં દેખાવ કે દંભનો લેશ નહિ. અંતરનું નિર્મળ સત્ય-હિત-પ્રિયકર પ્રતિબિંબ ! ભગવત્કૃપા અને શક્તિનો પરિચય !

ભગવાન સ્વામિનારાયણ પોતાના હૃદય સમા આવા સંતનો પરિચય આપતાં વચનામૃતમાં કહે છે : 'જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવના માન-અપમાનને સહન કરે છે. એ પણ મોટી સામર્થી છે. કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા...'

આમ, સતત જરણા કરતા, પોતાની સામર્થીને દાબીને વર્તતા યોગીજી મહારાજ, મન અને વાણીથી અગોચર હતા.

❀ ❀ ❀

ભાગ્યવાન સ્વજનો



ભારતીય સંસ્કૃતિને અનેકવિધ ક્ષેત્રોમાં ચિરકાળથી દીપાવવાનો યશ ગુર્જર ભૂમિને ફાળે જાય છે. આ વસુંધરામાં અણમૂલાં અને વિરલ પુરુષરત્નો સાંપડ્યાં છે. તેમાંય છેલ્લી બે શતાબ્દીનો ઈતિહાસ વધારે તેજસ્વી અને ચિંતનપ્રેરક છે. રત્નજ્યોતિસમી આ ભૂમિ બ્રહ્મવિદ્યાનું કેન્દ્ર બનીને તારા-મંડળમાં બિરાજી રહેલા ચંદ્રની જેમ શીતળ પ્રકાશના અર્ઘ્ય અર્પે છે. એ સહજાનંદ યુગમાં ગુજરાતનું ગૌરવ સમગ્ર ભારત પર છાઈ ગયું. સ્વામી સહજાનંદના સાન્નિધ્યથી સૌરાષ્ટ્રની પવિત્ર રજમાં આવી વસેલી ધર્મપૂત નિર્મળી વિશ્વને દિવ્ય જીવનનો સંદેશો પાઠવી ગઈ. આ નિર્મળતાને ઉજાળતી સંત-પરંપરામાં સૌરાષ્ટ્રમાં અમરેલીથી વીસ ગાઉના અંતરે આવેલા વડોદરા રાજ્યની હકૂમત નીચેના ધારી ગામને પરમાત્માના સંદેશવાહક અવતારવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ ગયું. જે પવિત્ર ભૂમિમાં સ્વામીશ્રી યોગીજી મહારાજ પ્રગટ થયા, જે કુળમાં આવા અનાદિ સિદ્ધ પુરુષ જન્મ લેવા પ્રેરાય એ મહાન પૂર્વજોના ઈતિહાસની આછી રૂપરેખાનું દર્શન મુમુક્ષુઓ માટે પ્રેરક બની રહે છે. જો કે એવું આછું દર્શન કરાવવામાં પણ ‘क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः’ - ક્યાં સૂર્યમાંથી ઉત્પન્ન થયેલો એ તેજસ્વી વંશ અને ક્યાં મંદબુદ્ધિ હું ?’

નવા યુગનો પવન હજી ફૂંકાયો ન હતો. સંસ્કૃતિના ઉગમસ્થાન સમી અને સુસંસ્કારોનાં પોષક ગામડાંઓ ભારતનાં ગૌરવધામ સમાં હતાં. તેમાંનું આ ધારી ગામ સ્વભાવે ભોળા અને નિષ્પાપ ગ્રામવાસીઓથી દીપતું હતું. ‘પવન, પથ્થર ને પાણી, એ ત્રણ ધારીની નિશાની’ – એ લઘુસૂત્રમાં આ ધરતીની નૈસર્ગિક ચેતના અને સૌંદર્યને લોકબાનીએ મધુર રીતે સાંકળી લીધા છે.

આ ગામમાં લુહાણા કુળમાં કાનજીભાઈ નામના એક ભગવદ્ભક્ત આવી વસ્યા. તેઓ સૂર્યનારાયણના ચૂસ્ત ઉપાસક હતા. સવાર-સાંજ સૂર્યદેવની

પ્રસન્નતા માટે અર્ઘ્ય આપતા. પોતાનો જીવનનિર્વાહ ચલાવવા માટે થોડો વ્યવસાય પણ કરતા.

આ અરસામાં જ ઉદ્ધવજીના અવતાર મનાતા સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પોતાના શિષ્યમંડળને લઈને સૌરાષ્ટ્રમાં કૃષ્ણભક્તિનો ઠેર ઠેર પ્રચાર કરી રહ્યા હતા. તેમના અદ્‌ભુત વ્યક્તિત્વથી, ઉપદેશથી અને સાધુજીવનથી લોકહૃદયમાં તેમનું સ્થાન ખૂબ જ ઊંડું હતું.

સંવત ૧૮૩૦માં વેપારના કામે કાનજીભાઈ ઠક્કર ભાલમાં ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં મછિયાવ ગામે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનાં તેમને દર્શન થયાં. પૂર્વના સંસ્કારોને લીધે તેમને રામાનંદ સ્વામીમાં તત્કાળ હેત થયું. તેમના સંકલ્પો શાંત થઈ ગયા. એ જ ઘડીએ સ્વામી પાસે તેમણે વર્તમાન ધરાવ્યાં અને એમના આશ્રિત થયા. રામાનંદ સ્વામીના વચને સૂર્યને બદલે તેઓ શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કરવા લાગ્યા.

સંવત ૧૮૪૨માં આસો માસમાં તેમને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. તેનું નામ જેઠાભાઈ રાખવામાં આવ્યું. તેમની આકૃતિ સૌમ્ય હતી. તેમનું ધર્મ-પરાયણ જીવન જોઈ પિતાને સંતોષ થવા લાગ્યો. નાની વયથી જ પિતાજીની સાથે તેઓ વેપાર-વ્યવસાયમાં જોડાઈ ગયા.

સંવત ૧૮૬૬માં જેઠાભાઈ સરકારી કામે વડોદરા ગયા હતા. ત્યાં તેમને તેમના મિત્ર ધનજીભાઈ મળ્યા. તે ડભાણ જતા હતા. ડભાણમાં રામાનંદ સ્વામીના ગાદીવારસ મહાપ્રભુ સહજાનંદ સ્વામીએ મોટો યજ્ઞ આરંભ્યો હતો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપવાનો શુભ પ્રસંગ પણ તે જ દિવસે હતો. ભગવદ્‌ભક્ત ધનજીભાઈના આગ્રહને લીધે જેઠાભાઈ પણ ડભાણ ગયા. શ્રીજીમહારાજની અલૌકિક મૂર્તિનું દર્શન થતાં જ જેઠાભાઈની ચિત્તવૃત્તિ તે મૂર્તિમાં ચોંટી ગઈ. આ પવિત્ર દિવસે જ જેઠાભાઈએ શ્રીફળ, સાકરનો પડો તથા એક કોરી શ્રીજીમહારાજના ચરણે ધર્યાં અને વર્તમાન ધરાવીને સત્સંગી થયા. શ્રીજીમહારાજે તેમના તરફ કરુણાસભર મંદ હાસ્ય કર્યું. પૂર્વસંસ્કારના યોગે જેઠાભાઈના અંતરમાં શ્રીજીમહારાજના દિવ્ય પરમાત્મસ્વરૂપનો નિશ્ચય થયો.

ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા મહોત્સવ ઊજવાયો અને જેઠાભાઈએ વર્તમાન ધરાવી કંઠી બાંધી. બરાબર આ જ સમયે તેમને ઘેર પુત્રજન્મનો આનંદ-ઉત્સવ થઈ રહ્યો હતો. કરુણાનિધિની કરુણા અને સત્સંગની દિવ્યતાનો ઉલ્લાસ હૃદયમાં ભરીને જેઠાભાઈ ધારી આવ્યા. ત્યારે આંગણે ખીલતા આ

કોમળ પુષ્પને પ્રભુનો ઉપહાર માની સહર્ષ તેડીને તેમણે હૃદય સરસું ચાંપ્યું. આ તેજસ્વી બાળકનું નામ વીરજી પાડવામાં આવ્યું.

ડભાણના યજ્ઞથી જેઠાભાઈના અંતરમાં સમૈયા-ઉત્સવનો મહિમા જણાયો. મહાપ્રભુ સહજાનંદ સ્વામીની ભક્તિથી તેઓ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવા લાગ્યા. પરંતુ જેમ રાજહંસ કમળદંડમાંથી સૂત્રને ખેંચી લે છે, તેમ જેઠાભાઈની ચિત્તવૃત્તિઓને શ્રીજીમહારાજનું દિવ્ય સ્વરૂપ નિરંતર આકર્ષી રહ્યું હતું. તેથી શ્રીજીનાં દર્શન માટે તેઓ ઘણી વાર વ્યાકુળ બનતા. એટલામાં જાણ થઈ કે સારંગપુરમાં પ્રભુ બિરાજે છે એટલે જેઠાભાઈ સારંગપુર ગયા.

વર્ષાઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. સહજાનંદ સ્વામીના નૈષ્ઠિક વ્રતધારી સંતોથી પુનિત થયેલી સૌરાષ્ટ્રની લીલીછમ ધરતી મીઠી સુગંધ પ્રસરાવતી હતી. શ્યામલ ઘનસભર આકાશ જેમ ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરે તેમ શ્રીજીમહારાજ પોતાના ભક્તવૃંદને અનેક પ્રકારનાં મધુર ચરિત્રોથી આનંદ પમાડતા હતા. ફલ્ગુ નદીમાં પરમહંસો સાથે સ્નાન કરી પાછી ફરતાં માણકી ઘોડી પર છલાંગ મારીને ચઢવા જતાં મહારાજનું એક ચરણ ભીની જમીન પર પડ્યું. શ્રીજીમહારાજની મોજડી ગારાવાળી જમીનમાં ખૂંચી ગઈ. જે જગ્યાએ શ્રીજીમહારાજની મોજડી ખૂંચી તે સ્થળે વરસાદનું પાણી ભરાયું. ભક્તરાજ જેઠાભાઈ પાછળ ઊભા હતા. તેમણે આ પ્રસાદીના જળનું આચમન કરી લીધું. બાજુમાં બીજા હરિભક્તો હતા તેમાંથી એક જણ બોલી ઊઠ્યું : 'અરે ! ગારાવાળું અનગળ પાણી ન પીવાય !'

જેઠાભાઈ ભક્તિભાવથી બોલી ઊઠ્યા : 'કોટિ ગંગા, કોટિ કાશી જેમનાં ચરણોમાં પાવન થવા આવે છે, તે મહાપ્રભુનાં ચરણો આ ભૂમિ પર પડ્યાં, તેનું જળ તો તીર્થજળથી પણ વિશેષ છે.'

તેમના અલૌકિક ભગવદ્ મહિમાથી સર્વ હરિભક્તો સ્તબ્ધ બની ગયા !

જેઠાભાઈના પુત્ર વીરજીભાઈને પણ સત્સંગનો વારસો જન્મથી મળ્યો હતો. પિતાની જેમ જ શ્રીહરિ પ્રત્યેની ઉજ્જ્વલ ભક્તિથી ગ્રામજનોને તેમને માટે અપૂર્વ આદર હતો. લોહાણા જ્ઞાતિમાં એ સમયે શાકભાજી વેચીને જીવનનિર્વાહ કરવાનો વ્યવસાય હતો. વીરજીભાઈએ પણ એ જ વ્યવસાય શરૂ કર્યો હતો. સાથે સાથે તે અરસામાં જ નવા બંધાયેલા સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની સેવામાં પણ તે પ્રવૃત્ત થયા હતા. ધારી ગામમાં જૂનાગઢ દેશના સંતો વારંવાર આવતા. તેથી વીરજીભાઈને તે સંતોના સમાગમનો લાભ

અનાયાસે મળી રહેતો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાદૃષ્ટિ પણ તેમના ઉપર થઈ હતી. વળી, જાગાભક્ત સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, બાલમુકુંદદાસ સ્વામી આદિ મોટા સંતોના વિશુદ્ધ તેજને જેમણે નિહાળ્યું અને અનુભવ્યું હતું, એ સૌના આશીર્વાદના ફળસ્વરૂપે વીરજીભાઈ થકી આ ઉજ્જ્વળ વંશપરંપરામાં ઘણી વૃદ્ધિ થઈ.[1]

વીરજીભાઈને ત્રણ પુત્રો અને એક કન્યારત્ન પ્રાપ્ત થયાં હતાં. તેમાં મોટા પુત્ર દેવચંદભાઈ સનદી વકીલનું કામ કરતા. અસીલોની અરજીઓ, દસ્તાવેજો વગેરે લખી આપતા. તે સમયમાં આ પ્રકારનું કામ કરનારને વડોદરા રાજ્ય સનદી વકીલ ગણતું. દેવચંદભાઈ જેવા પ્રેમાળ હતા તેવા જ પ્રતિભાસંપન્ન હતા. બનતાં સુધી અસીલોના દરેક ઝઘડાનો નિકાલ પરસ્પર સમજાવટથી તેઓ કરતા અને કચેરીમાં જવા દીધા વિના સુલેહ કરાવી આપતા. તેમના આવા ગુણોને લીધે સમાજમાં અને અગ્રણી અધિકારીઓમાં તેમણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. વળી, સ્વામિનારાયણ સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન, જીવન પ્રત્યેની દૃષ્ટિ વગેરેએ તેમના જીવનમાં સારી એવી અસર કરી હતી. જાગા સ્વામીના પ્રસંગથી ગુણાતીત જ્ઞાનપ્રાપ્ત કરનાર પિતા પાસેથી દેવચંદભાઈને પણ ગુણાતીત જ્ઞાન લાધ્યું હતું. જાગા સ્વામીનાં દર્શન તેમજ સમાગમ પણ તેમને વારંવાર પ્રાપ્ત થતાં. બાલમુકુંદદાસ સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી વગેરે ગુણાતીત જ્ઞાનના જ્યોતિર્ધરોને તેઓ ગુરુસ્થાને માનતા.

---

૧. તેમનો વંશવિસ્તાર આ પ્રમાણે છે :

- કાનજીભાઈ
  - જેઠાભાઈ
    - વીરજીભાઈ
      - દેવચંદભાઈ
        - વલ્લભભાઈ
        - કમળશીભાઈ
        - ત્રિભોવનભાઈ
        - નાનજીભાઈ
        - ઝીણાભાઈ (યોગીજી મહારાજ)
        - છગનભાઈ
      - ભીમજીભાઈ
        - કસ્તુરબહેન
        - સંતોકબહેન
      - મોહનભાઈ
        - કેશવલાલ
        - કાશીબહેન
        - ધારશીભાઈ
        - ગંગાબહેન
        - હરિલાલભાઈ
      - સાકરબાઈ

તેમના સૌથી નાના ભાઈ મોહનભાઈ ધર્મપરાયણ હતા. વીરજીભાઈની વૃદ્ધાવસ્થામાં મંદિરની સેવાનું કાર્ય તેમણે જ ઉપાડી લીધું હતું. તે કરિયાણાનો વેપાર કરતા પણ તેમના જીવનમાં પ્રભુભક્તિનું સ્થાન પ્રથમ હતું. સવારે વહેલા મંદિરમાં જઈને ઠાકોરજીની પૂજા-આરતી કરવી, કથા કરવી, બપોરે થાળ ધરવો ને ઠાકોરજીને પોઢાડવા તથા જગાડવા એ બધી પ્રભુસેવા પોતે જાતે જ કરતા. સંધ્યા આરતી પછી સ્તોત્રો તથા કીર્તનો બોલીને શ્રીજીને રીઝવવામાં તેમને ખૂબ જ શ્રદ્ધા હતી. તેમના આ પ્રકારના ભક્તિભાવને કારણે તેઓ વેપારમાં કે અન્ય વ્યાવહારિક કામકાજમાં બહુ ધ્યાન આપી શકતા નહિ. ઘણી વખત તો દુકાન ખુલ્લી મૂકીને અથવા તાળું વાસ્યા વિના મંદિરે ચાલ્યા જતા. લોકો તેમને જનક વિદેહીની ઉપમા આપતા.

એક દિવસ મંગળા આરતીનો સમય થઈ ગયો ને મોહનભાઈને મંદિરે જતાં મોડું થયું. તે જ વખતે મંદિરમાં ઝાલર, નગારાંનો મધુર નાદ થવા લાગ્યો અને મંદિરમાં દિવ્ય તેજ છવાઈ ગયું. આ ચમત્કાર મંદિરની પાસે જ રહેતાં પીંજારાની સ્ત્રીએ જોયો. તેથી નિસરણી મૂકીને વંડી ઉપરથી તેણે અંદર જોયું તો અપરંપાર તેજની સાથે આરતી થતી જોઈ. તે વિસ્મિત બનીને મોટેથી સાદ પાડવા લાગી. પછી નીચે ઊતરીને પોતાના પતિને જગાડ્યો. તેમની બૂમો સાંભળીને પાડોશીઓ દોડી આવ્યા. મંદિરમાંથી થતો ઝાલર, નગારાંનો મધુર નાદ તો સૌએ સાંભળ્યો પણ દિવ્ય તેજ થોડી વારમાં સંકેલાઈ ગયું. તે સ્ત્રીએ જે દૃશ્ય જોયું હતું તેનું એકી શ્વાસે તે વર્ણન કરવા લાગી. અહીં મોહનભાઈ નિત્ય નિયમથી મોડા પડ્યા. તેથી મનોમન શ્રીજીમહારાજની ક્ષમા માગતાં, પ્રાર્થના કરતાં મંદિરે આવ્યા. ત્યાં તો સૌ તેમને ઘેરી વળ્યા. અને આ દિવ્ય ચમત્કારની વાત ઉત્સાહપૂર્વક કહેવા લાગ્યા. ભક્તવત્સલ ભગવાનની આવી અસીમ કૃપા જોઈ મોહનભાઈની આંખોમાં-હૃદયમાં પ્રેમભક્તિનાં પૂર વહેવા લાગ્યાં. તેમની ભક્તિ જોઈને લોકો તેમના ચરણમાં નમી પડ્યા.

દેવચંદભાઈના દાંપત્યજીવનમાં પણ એવો જ સુમેળ સધાયો હતો. તેમનાં લગ્ન બાબાપર(વાંકીયા)માં ઋજુ અને પ્રેમાળ હૃદયનાં પુરીબા સાથે થયાં હતાં. પતિની જેમ જ પુરીબા પણ ધર્મપરાયણ અને મહાપ્રભુ સહજાનંદ સ્વામીની ઉપાસના-ભક્તિમાં રત રહેતાં. જીવનના તડકા-છાંયામાં આ સહનશીલ અને વ્યવહારકુશળ પત્નીએ દેવચંદભાઈને કદી ઊણપ જણાવા દીધી ન હતી. સર્વગુણ સંપન્ન માતા-પિતાના સર્વ સદ્‌ગુણો તેમનાં સંતાનોમાં

ઊતરી આવ્યા હતા.[૨]

આ ઉજ્જવળ વંશ પરંપરામાં પ્રકટેલા એક પછી એક દીવડાની નાનકડી જ્યોતમાંથી એક શુભ પળે ઉત્પન્ન થયેલો બ્રહ્મતેજનો અપાર પ્રકાશ સર્વત્ર પ્રસર્યો. એ દિવ્ય પુરુષના આગમનથી સમગ્ર ભૂતલ પર સર્વોચ્ચ આધ્યાત્મિક જ્ઞાનનું વિસ્તરણ થયું.

દિવ્ય પ્રાકટ્ય

માતા પુરીબામાં[3] જ્ઞાન અને ભક્તિનો સમન્વય સંપૂર્ણ સધાયો હતો. તેથી તેમની સુવાસ સમગ્ર ધારી ગામમાં પ્રસરી રહી હતી. પૃથ્વીના ભાગ્યને

---

૨. દેવચંદભાઈના બીજા પુત્ર કમળશીભાઈ પણ મહાન ભગવદ્‌ભક્ત હતા. કમળશીભાઈમાં વૈરાગ્યવૃત્તિ પ્રબળ હતી. જૂનાગઢના સદ્‌ગુરુઓના ચારેય હાથ તેમના ઉપર હતા. કમળશીભાઈ ધારીમાં જ મોઢવણિક પુરુષોત્તમની કાપડની દુકાનમાં ગુમાસ્તા તરીકે નોકરી કરતા હતા. શેઠ અને ગુમાસ્તાની નીતિ-ન્યાયની ઘણી જ સુંદર છાપ લોકો ઉપર પડી હતી. કમળશીભાઈને સ્વતંત્ર ધંધો કરવાની ઇચ્છા હતી, પણ ધારીમાં જ દુકાન કરવાથી શેઠના સમોવડિયા થયા કહેવાય. તેથી માતા-પિતાની તથા જૂનાગઢના સદ્‌ગુરુઓની આજ્ઞા લઈને તેમણે વીસાવદરમાં કાપડની દુકાન કરી. તેમની સાથે તેમના સૌથી નાના ભાઈ નાનજીભાઈ પણ વીસાવદર ગયા. ત્રિભુવનભાઈને વંશવૃદ્ધિ થઈ ન હતી. છગનભાઈ ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી અક્ષર મંદિર, ગોંડળમાં નામું લખવા રહ્યા અને અક્ષર મંદિરના કોઠારી તરીકેની કામગીરી છેવટ સુધી બજાવી. મોટા વલ્લભભાઈએ લગ્ન કર્યાં ન હતાં. તેઓ ધારીમાં જ પરચૂરણ વેપાર કરતા.

પુરુષોત્તમ લીલાધર બાબાપુર(વાંકીયા)ના વતની હતા. લીલાધરભાઈને શ્રીજી-મહારાજનાં દર્શન થયાં હતાં. તેઓ ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર જાણતા. તેમના પુત્ર પુરુષોત્તમભાઈને ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં હતાં.

પુરુષોત્તમભાઈ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવા માટે જૂનાગઢ ગયા ત્યારે સ્વામીએ પાસે બોલાવી હાથોહાથ પ્રસાદી આપી અને અનિમિષ દૃષ્ટિએ તેની સામું જોઈ રહ્યા. સ્વામી કદી કોઈના સામું દૃષ્ટિ માંડીને જોતા નહીં. પુરુષોત્તમભાઈના ભાગ્યનો પાર ન રહ્યો. કારણ, સાક્ષાત્ અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીની કૃપા તેમના પર વરસી હતી.

એ પછી બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી અને કૃષ્ણચરણદાસ સ્વામીનો તેમને વારંવાર યોગ થયો. પુરુષોત્તમભાઈને પરચૂરણ ચીજ-વસ્તુની દુકાન હતી. તેમની પ્રામાણિકતા અને સત્ય, મૃદુ વાણીથી ગામલોકોમાં તેઓ સૌના પ્રિય હતા.

વિશેષ મંગળમય બનાવવા અને એકાંતિક ધર્મને પોષણ આપવા આ દૈવી વિભૂતિના ઉદરમાં ભગવાનના હૃદય સમા સંતાત્માનો સંચાર થયો.

સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારસે,[૪] લંબગોળ મુખાકૃતિ અને આજાન બાહુવાળા આ બાળયોગીને માતા પુરીબાએ જન્મ આપ્યો. આ અવસર ફક્ત દેવચંદભાઈના કુટુંબ માટે જ નહિ પરંતુ સમગ્ર ધારી માટે પણ દિવ્ય અવસર મનાઈ ગયો. જે કુળમાં આવા દિવ્ય પુરુષ પ્રગટે છે, તે કુળના સૌભાગ્યની પરાકાષ્ઠા શાસ્ત્રકારોએ વર્ણવી છે.

कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च तेन ।
अपारसवित्सुखसागरेऽस्मिन् लीनं परब्रह्मणि यस्य चेतः ॥

જેનું ચિત્ત અપાર જ્ઞાન-સુખસાગર પરબ્રહ્મમાં લીન છે તેના જન્મથી કુળ પવિત્ર થાય છે, તેની માતા કૃતાર્થ થાય છે અને પૃથ્વી પુણ્યવતી બને છે. આ નવજાત દિવ્ય શિશુનો જન્મ ધરા ધામ ઉપર ભગવાન સહજાનંદ સ્વામીના પરમ સૌન્દર્ય અને અનંત માધુર્યના પ્રતીક રૂપે હતો. સહેજ શ્યામ શરીરે શોભતા આ બાળયોગીનું વિશાળ લલાટ તપાવેલા તામ્રવર્ણ સમાન તેજસ્વી હતું, જે તેમના મહાપુરુષ તરીકેનાં લક્ષણો દર્શાવતા ભવિષ્યવેત્તાઓ માટે આધારશિલા બન્યું હતું. હૈયામાં આત્મમંથનનું અમૃત ધરબાઈને ભરેલું હોય અને અમી વલોવાઈને અહર્નિશ નીતરતું હોય એવી તેમની સ્નેહાળ આંખોમાં પરમાત્મા સહજાનંદ સ્વામીની જીવંત કરુણાની કવિતા લખાયેલી હતી. એમનાં બન્ને ચરણોમાં અંકાયેલી ઊર્ધ્વરેખાથી પરમ યોગીપુરુષનાં ચિહ્નો આ બાળકમાં દૃષ્ટિગોચર થતાં હતાં. અનંતના હૃદયસિંહાસને આરૂઢ થવા આ અવનિ ઉપર આ બાળભક્ત અવતર્યા હતા તેમ એમનાં દર્શનથી તત્કાળ જણાતું હતું. ઝરણાના મુક્ત પ્રવાહના મધુર કલરવની જેમ એમના મુખ પર સદાય દિવ્ય હાસ્ય રમી રહેતું, જાણે એ મુક્ત હાસ્યના નાદબ્રહ્મમાં જ આ બાળયોગીની અવતાર-લીલાનું રહસ્ય સમાયેલું હતું.

વ્યવહારે સુખી હતી. સંતાનમાં તેમને ચાર પુત્રો ત્રિકમભાઈ, હરજીભાઈ, ફુલાભાઈ, નારણભાઈ તથા એક પુત્રી પુરીબાઈ હતાં. પિતૃપક્ષે પુરીબાઈ ચાર ભાઈઓ વચ્ચે એક જ બહેન હોવાથી લાડકોડથી, પ્રેમાળ અને ભક્તિભર્યા વાતાવરણમાં ઊછર્યાં હતાં. બાળપણથી જ તેઓ ભક્તિપરાયણ હતાં. વળી, સ્વભાવે પ્રેમાળ, હસમુખાં અને ભોળાં હતાં.

૪. તા. ૨૩-૫-૧૮૯૨, સોમવાર.

પુષ્પવેલ વૃદ્ધિ પામે છે છતાં તેના ઝડપી વિકાસને કોઈ પારખી શકતું નથી. તેમ આ બાળયોગી વૃદ્ધિ પામવા લાગ્યા. સૌ એમને 'ઝીણાભાઈ' નામથી સંબોધવા લાગ્યા. ઝીણાભાઈ દોઢ વર્ષના થયા ત્યાં સુધી ચાલતા નહીં. પગ બહુ પાતળા હતા અને હાથ લાંબા હતા. બોલતા શીખ્યા ન હતા. આ સંસારનાં કેવળ સ્વાર્થ ભરેલાં ચઢાણ-ઉતરાણને જાણે પ્રથમથી જ જાણતા હોય તેમ મૌન જ રહેતા. એમનાં નિર્મળ, કોમળ ચક્ષુમાંથી પ્રેમ પ્રતિબિંબિત થતો. એમની ચમકતી આંખો સામે જોનારના હૃદયમાં પણ પ્રેમનો ઊભરો આવી જતો. પુરીબાને એમના ઉપર અત્યંત વહાલ ઊભરાતું. સૌ કહેતાં : 'તે મૂંગો રહેશે, ચાલી નહિ શકે, આવી ખોડ રહી જશે.' પણ પુરીબાનું હૃદય ના પાડતું. પુરીબા ખેતરમાં કામે જતાં તોપણ પળવારેય ઝીણાને ઘેર રેઢો મૂકીને ન જતાં. ઝીણાભાઈ તો તેમની આંખનું રતન હતા.

ખેતરમાં કામે જતાં પહેલાં એક વૃક્ષ નીચે આસન ઉપર હેતથી સુવડાવતાં. પુરીબાઈ સાથે ગામની બીજી સ્ત્રીઓ પણ પોતાનાં બાળકોને લઈ કાલાં વીણવા જાય ત્યારે પોતાનાં બાળકોને આ જ રીતે ઝાડને છાંયે સુવાડી દે અને કાલાં વીણે. પણ તે બાળકો પોતાની માને ન જુએ એટલે મોટેથી રડવા લાગે. તેથી ખેતરનો માલિક ગુસ્સે થઈ જાય. દરેક બાળકની માને ગાળો દે, વઢે ને કહે : 'આ તમારાં રોતલ છોકરાંઓને લઈને શું કામ ખેતરે આવો છો ?'

આ રોજિંદો ક્રમ બની ગયો હતો. પણ પુરીબાઈને તે ક્યારેય કશું કહે નહીં. ઊલટું આદરથી ઝીણાની સામે જોઈ રહે અને કહે : 'આ ઝીણો બહુ ચમત્કારી બાળક છે. જુઓ, શ્રીકૃષ્ણ ભગવાનની જેમ કાયમ જમણા પગનો અંગૂઠો ચૂસ્યા કરે છે,' એમ બધાંને બતાવે અને કહે : 'પુરીબાઈ ! આ તમારો ઝીણો બહુ મોટો થશે, સૌ એને આદર આપશે. બધાંનો માનીતો થશે.'

આમ, ઝીણાની પ્રતિભા નાનપણથી પ્રસરતી જતી હતી. જે કોઈ એમને જુએ તે એમની નિર્દોષ મૂર્તિમાં આકર્ષાયા વિના રહેતા નહીં.

એક વાર દિવસ આથમતાં કામ પૂરું થવાથી પુરીબા તથા બીજી બાઈઓ જ્યાં સૌએ બાળકો સુવાડ્યાં હતાં ત્યાં આવ્યાં, જોયું તો ઝીણો ન મળે. તેમનો જીવ તાળવે ચડી ગયો. તે વખતે રાની પશુની બીક બહુ રહેતી. તેથી તેમને થયું કે 'કોઈ રાની પશુ આવીને બાળકને ઉપાડી ગયું હશે તો ?' પુરીબા રડવા લાગ્યાં. સૌ બાઈઓ પણ ચિંતાતુર બની ગઈ. ખેતરનો માલિક આવ્યો. તે કહે : 'આસપાસ તપાસ કરીએ.'

સૌ આજુબાજુ તપાસ કરવા લાગ્યાં ત્યાં થોડી વારમાં તો ઝીણાભાઈ ખેતરના બીજા શેઢા તરફથી મંદ ગતિએ ચાલ્યા આવતા હતા. પુરીબા તથા સૌ સ્ત્રીઓ એ તરફ ગયાં. પુરીબાએ દોડીને ઝીણાને તેડી લીધો. તેમની આંખમાં હર્ષનાં આંસુની ધારા ચાલી. ત્યારે ઝીણો તો હાથ લાંબો કરી અંગુલિનિર્દેશથી કાંઈ બતાવતો હતો. સૌને આશ્ચર્ય થયું. ખેતરનો માલિક કહે : 'ઝીણો કંઈ બતાવે છે. આપણે એ તરફ જઈએ.'

ખેતરના શેઢા તરફ જઈને જોયું તો વીણેલા કપાસની ગાંસડીઓ બાંધેલી પડી હતી. સૌ સમજી ગયાં. ખેતરનો માલિક કહે : 'આપણે બીજી બાજુ હતાં ત્યારે ચોર આવેલા અને ગાંસડીઓ બાંધેલી; પરંતુ નક્કી આ ઝીણાએ ત્યાં જઈને કંઈક કુતૂહલ કર્યું છે, જેથી ચોર આ ગાંસડીઓ મૂકીને નાસી ગયા છે.'

સૌને ખૂબ જ નવાઈ લાગી અને આ વાત ધારીમાં સર્વત્ર પ્રસરી ગઈ. લોકો કહેતા : 'આ બાળકે જરૂર રૌદ્ર સ્વરૂપ દેખાડ્યું હશે તેથી ચોર નાસી ગયા હશે.' એમ જાતજાતની અટકળો થવા લાગી.

સૌમ્યમૂર્તિ ઝીણાભાઈ અત્યંત મિતભાષી બાળક હતા. જાણે આ બધી વાતો સાંભળતા હોય એમ એમના મુખ પર મંદ મંદ નિર્દોષ સ્મિત રમી રહેતું.

ધ્યાનમગ્ન ઝીણાભાઈ

ઘણું ખરું બાળ અવસ્થામાં તોફાનવૃત્તિ અને ચંચળતા સહજ હોય છે. પરંતુ ઝીણાભાઈ આવી વૃત્તિઓથી તદ્દન પર હતા. તેઓ ખૂબ જ શાંત હોવાથી સદા મૌન જ સેવતા. ભરેલો કુંભ શાંત અને ગંભીર હોય છે, તેમ આ બાળયોગીનું મન શાશ્વત શાંતિની અગમ્ય સૃષ્ટિમાં સદા વિશ્રામ લેતું. તોપણ તેમની સાથે કાલી કાલી અને મીઠી બોલીમાં વાતચીત કરવાનો ઉત્સાહ આબાલવૃદ્ધ કોઈ રોકી શકતું નહિ. આ સુંદર બાળકના બે મીઠા શબ્દમાં પણ સૌને હૈયાધરપત મળતી. તેમના દરેક ચરિત્ર સૌ મુગ્ધભાવે નીરખી જ રહેતાં. તેમનું આકર્ષણ અજબનું હતું. બાળભક્ત ઝીણાભાઈ ફક્ત ઘરના જ નહિ પરંતુ આખા ગામના લાડકવાયા બની ગયા હતા.

પરમાત્માની વિભૂતિ સમા પુરુષ તેમના જન્મકર્મથી અનેક રીતે જુદા તરી આવે છે. ભગવત્ચિંતનમાં લીન રહેતા આ બાળભક્તમાં આ પ્રકારનાં વિભૂતિતત્ત્વનાં દર્શન પળેપળે થતાં હતાં. આ શાંતચિત્ત બાળક સદા ધ્યાનમગ્ન રહેતા. ભક્તિ અને સેવાભાવના સંસ્કારો તેમનામાં સહજ હતા. નિશાળમાં

સહપાઠી બાળકોને ભગવદ્ભક્તિની વાતો કરતા અને આગ્રહ કરીને સ્વામિનારાયણના મંદિરમાં દર્શને લઈ જતા. આવો અસાધારણ ભક્તિભાવ અને હૃદયની કુમળાશ જોઈ સૌ તેમના બાળસ્વરૂપમાં ખેંચાતાં.

પરમાત્મા સહજાનંદ સ્વામીની ભક્તિથી લોકોત્તર દિવ્ય ભૂમિકા આત્મસાત્ કરી હોય, એ સ્વરૂપના મહિમાનો સાક્ષાત્કાર કર્યો હોય એવી આત્મજ્ઞાનની અલમસ્ત ખુમારી તેમનામાં બાળપણથી જ જોવામાં આવતી.

ગામને પાદર ધારીના ચરણ પખાળતી શેત્રુંજી નદીનો ત્રિવેણી સંગમ રચાય છે. અહીં નદીના ત્રણ પ્રવાહ બની જાય છે અને છૂટેલા તીરની માફક આગળ વધે છે. આ જળધારાઓમાંથી એક નાની-નાજુક જળધારા વેગવંત પ્રવાહથી પાતળી અને વાંકીચૂંકી બની ઠાઠથી વહે છે અને પુલ નીચે 'પાતાળિયો' નામે ઝરો બની જાય છે. એ ઝરામાં ઝીણાભાઈ હંમેશાં પરોઢિયે સ્નાન કરવા જતા અને સ્થિપ્રજ્ઞની અદામાં ધ્યાનમાં બેસી શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન બની જતા. એ વખતે તપોવનના કોઈ ઋષિકુમારના ઓજસપૂર્ણ ભાવો તેમની મુખરેખાઓ પર અંકાઈ જતા. ઘણી વાર સાથે જતા સમવયસ્ક સખાઓને ઝીણાભાઈના આવા વર્તનથી ખૂબ કુતૂહલ થતું. સમાધિમાંથી ઝીણાભાઈ જાગ્રત થાય એવી આશાભરી નજરે આનંદપૂર્વક તેમના નાનકડા દેહને તેઓ નીરખતા. તેમના હૃદયની આવી સદા અંતર્મુખવૃત્તિ જોઈને બાળમિત્રો તેમને વિવિધ પ્રશ્નો પૂછતા. ત્યારે ઝીણાભાઈ ફક્ત સ્મિત કરીને ભગવાનનું ભજન સ્મરણ કરવાનો જ આગ્રહ કરતા, કારણ કે પોતાનો બ્રહ્મસૃષ્ટિ સાથેનો નિત્ય દિવ્ય સંબંધ આ પાર્થિવ સૃષ્ટિના અલ્પ જીવોને સમજાય પણ કેવી રીતે ?

છતાં ઝીણાભાઈનાં વર્તન અને ચરિત્રોથી તથા આધ્યાત્મિક વિચારસરણીથી સુજ્ઞજનોને એમની લોકોત્તર સ્થિતિનો પરિચય થઈ જતો. શિશુહૃદયની ઊર્મિઓ પણ જેમના કાબૂમાં છે, તેવા ઝીણાભાઈએ અભ્યાસમાં મન પરોવ્યું. જો કે એમણે તો માતાની કૂખમાં આવતાં પહેલાં જ શુકદેવની માફક તમામ વિદ્યાનું મૂળ બ્રહ્મવિદ્યા સિદ્ધ કરી હતી. તેથી આ લૌકિક વિદ્યા પણ એમને હસ્તામલકવત્ હતી. તીવ્ર સ્મરણશક્તિથી ઝીણાભાઈ અભ્યાસમાં પ્રથમ ક્રમે જ આવવા લાગ્યા.

बालस्यापि खेः पादाः पतन्त्युपरि भूभृताम् ।
तेजसा सह जातानां वयः कुत्रोपयुज्यते ॥

- સૂર્ય બાળક હોય છે તોપણ તેનાં કિરણો પર્વતો પર પડતાં હોય છે.

જેઓ તેજની સાથે જન્મ્યા હોય છે, તેમની વય નાની હોય તોપણ શું ?

સંવત ૧૯૫૫માં ૭ વર્ષની વયે ઝીણાભાઈને ધારીમાં સરકારી શાળામાં ભણવા બેસાડ્યા.

ધારીમાં છપૈયા-દર્શન

ઝીણાભાઈની ઉંમર ૭ વર્ષની હશે ત્યારે એક વખત અચાનક લીંબડાના વૃક્ષ ઉપર છેક ઊંચી ડાળે ચઢી ગયા. ત્યારે મોટાભાઈ કમળશીભાઈ કહે : 'ઝીણા ! કેમ ઉપર ચઢી ગયો ?'

ઝીણાભાઈ કહે : 'હું તો છપૈયાનાં દર્શન કરવા માટે ચઢ્યો છું ! અહીંથી છપૈયાનાં દર્શન થાય છે. તમારે દર્શન કરવાં છે ? તો અહીં ઉપર આવો, તમને પણ દર્શન થશે.'

કમળશીભાઈ ઝીણાભાઈની વાત હંમેશાં સાચી માનતા. કેમ કે તે કદી વાતચીતમાં કે મજાકમાં પણ જૂઠું બોલતા નહિ તેથી કુતૂહલવશ ઝાડ ઉપર ઝીણાભાઈ પાસે ગયા અને સાચે જ તેમને છપૈયાનાં દર્શન થયાં !

'આ તે કેવી વિભૂતિ ! શ્રીજીમહારાજની પ્રાગટ્ય ભૂમિનું અહીં બેઠાં દર્શન કરાવી શકે ! એની સામર્થી કેવી હશે ?' એમ વિચારતાં કમળશીભાઈ ઝીણાભાઈ સામું જોઈ રહ્યા.

ઐહિક વિલાસોથી અનાસક્ત

ઝીણાભાઈ સ્વભાવે આનંદી અને ગમતી બહુ. પણ જગત સંબંધી પંચવિષય - લગ્ન આદિનાં ગીતો - રજોગુણી પ્રવૃત્તિ એમને બિલકુલ ગમતી નહીં. કમળશીભાઈના વેવિશાળ પ્રસંગે ઝીણાભાઈ પુરીબા સાથે ચાનગઢ ગયેલા. ત્યાં સ્ત્રીઓએ જ્યારે ફટાણાં ગાવાં શરૂ કર્યાં ત્યારે ઝીણાભાઈ ગામના રામજી મંદિરમાં ચાલ્યા ગયા. નંદસંતોનાં કીર્તનો સિવાય બીજાં ગીતો એમને રુચતાં નહીં તેથી મંદિરની પ્રદક્ષિણાના પાછળના ભાગે જઈ તેઓ ધ્યાનમાં બેસી ગયા.

બપોરે ૧૨ વાગી ગયા. જમવાનો સમય થયો. પુરીબાએ તરત ઝીણાભાઈને યાદ કર્યા, પરંતુ તે આજુબાજુ ક્યાંય ન મળે. ઘરનાં કોઈ બાળકોને પણ ખબર ન હતી કે ઝીણાભાઈ ક્યાં ગયા છે. તપાસ શરૂ થઈ પણ ઝીણાભાઈ ક્યાંય મળ્યા નહિ. નાનું એવું ગામ તેથી પૂછપરછ કરતાં એક ભગતે કહ્યું : 'રામજી મંદિરની પ્રદક્ષિણામાં એક બાળક બેઠો છે. નવાં કપડાં પહેર્યાં છે ને માથે

ટોપી છે. આપણા ગામનો નથી. મે'માનનો લાગે છે.'

રામજી મંદિરમાં તપાસ કરતાં ઝીણાભાઈ તો ત્યાં વિચારમગ્ન બેઠા હતા. વેવાઈપક્ષનાં તેડવા આવ્યાં તો કહે : 'મારે નથી આવવું.' પછી એમને સમજાવીને લાવ્યા. માતા પુરીબા ઝીણાભાઈને ભેટી પડ્યાં. તેમને તો ઘણી ચિંતા થવા લાગી હતી. ઝીણાને પોતાની પાસે બેસાડીને જમાડ્યો.

✧

ધારીમાં ઝીણાભાઈની નિશાળના આગળના ભાગમાં કન્યાશાળા હતી. છોકરા છૂટે ત્યારે ઝીણાની મશ્કરી કરતા. આમાંથી ભણેલી છોકરી પરણવી છે કે અભણ ? ઝીણાભાઈ ક્યારેય આવી વાત સાંભળતા નહીં. કદાચ કોઈ વાર આવી વાત સંભળાઈ જાય તો પોતાના ગાલ ઉપર તમાચા મારતા. બાળપણથી જ તેમને કાર્તિક સ્વામીના જેવો બૃહદ્ વૈરાગ્ય હતો.

પુરીબાએ એક વાર કહ્યું : 'ઝીણા ! તારાં લગ્નનો લહાવો લેવાનું મને બહુ મન છે.'

ત્યારે અત્યંત ઉદાસીનતાથી ઝીણાભાઈ બોલ્યા : 'બા ! મોટાભાઈનું તો બગાડ્યું. હવે સંસારમાં પાડીને મારું શું કામ બગાડો છો ?'

આ સાંભળી પુરીબા ખૂબ રડ્યાં હતાં.

મંદિર એ જ ઘર

શાળાના જયશંકર માસ્તર, હરિશંકર દવે, મયારામભાઈ આદિ શિક્ષકોમાં ઝીણાભાઈની છાપ એક તેજસ્વી અને પરગજુ વિદ્યાર્થી તરીકેની હતી. સૌમાં વિલક્ષણ તરી આવતા ઝીણાભાઈના જીવનમાં ઓતપ્રોત બની ગયેલા સદ્‌ગુણો જેમ સહસ્રકમળદલ ખીલે તેમ ધીરે ધીરે પ્રગટ થતા હતા.

ધારીના સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા મોહનકાકા કરતા તેથી ઝીણાભાઈ નાની વયથી જ રાત્રે મંદિરમાં સૂતા. વળી દુર્ગાશંકર, પોપટ, જાદવજી, માવજી વગેરે પાંચ-સાત બાળમિત્રોને આગ્રહપૂર્વક મંદિરમાં સૂવા માટે તેઓ લઈ જતા અને તેમને કહેતા : 'જે સ્વામિનારાયણ મંદિરમાં વાંચે, તે નાપાસ ન થાય.'

પરોઢિયે ૪ વાગે ઊઠી નિત્યનિયમથી પરવારી ઝીણાભાઈ બાળમિત્રોને વાંચવા ઊઠાડે. આરતી પછી બાળમિત્રોને દંડવત્ કરાવે, ધૂન કરાવે. બાળમિત્રો આવી ભક્તિચેષ્ટાથી થાકી જતા, પણ ઝીણાભાઈ કદી થાકતા જ નહીં. સંધ્યા

આરતી વખતે ઝીણાભાઈ મંદિરે અચૂક પહોંચી જ જાય. આ રીતે નિશાળ અને મંદિર આ બે જ સ્થાન જ એમના શૈશવકાળનાં પ્રિય સ્થાનો હતાં.

સત્યનિષ્ઠ વિદ્યાર્થી

પાંચમા ધોરણમાં જગદીશભાઈ ભગવાનભાઈ પારેખ તથા મોતીભાઈ બંને શિક્ષકો બહુ કડક હતા. છઠ્ઠા ધોરણમાં હેડમાસ્તર ત્રિભોવન હરખજી પછી ગુજરાતના વતની નારણભાઈ ઉમેદભાઈ હેડમાસ્તર થયા હતા.

એક વખત ગુજરાતના વણિક શિક્ષક ચંદુલાલ માધવલાલ ઈતિહાસનો વર્ગ લેતા હતા. તેઓ જે પાઠ લે તે ન આવડે તેને અંગૂઠા પકડાવતા. વર્ગમાં દુર્લભજી કરસનજી, મથુરદાસ સુંદરજી, વલ્લભદાસ દામોદર, દુર્ગાશંકર ભટ્ટ, ચંદુ વગેરે વિદ્યાર્થીઓને પ્રશ્નનો ઉત્તર ન આવડ્યો તેથી શિક્ષકે અંગૂઠા પકડાવ્યા, પરંતુ ઝીણાભાઈએ ઉત્તર આપ્યો તેથી તે ઝીણાભાઈ ઉપર ખુશ થયા.

ચંદુલાલ માસ્તર હાથમાં સોટી લઈને ફરે. કોઈ ઊભો થાય તો ધીમેથી સોટી ફટકારે. કેટલીક વાર ન આવડે તો કાન પકડાવીને ઊઠબેસ પણ કરાવે.

✧

પાંચમા ધોરણમાં ચદુ નામનો વિદ્યાર્થી હતો. શાળાના આચાર્ય ત્રિભોવનદાસે તેને વગર વાંકે બાવડે ઝાલીને પછાડ્યો અને મૂઢ માર માર્યો. કોમળ સ્વભાવના ઝીણાભાઈ આ જોઈ ગદ્ગદિત થઈ ગયા. બીજાને શિક્ષા થાય તે ઝીણાભાઈ સહન કરી શકતા નહિ. ઝીણાભાઈ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ મંત્રજાપ કરવા લાગ્યા. બીજાં બાળકો બીકનાં માર્યાં આડાં-અવળાં તરી ગયાં. અતિશય મૂઢ મારને લીધે ચંદુ થોડા સમય પછી અચાનક મરી ગયો. ચંદુનાં મા-બાપે અધિકારી પાસે અરજ કરી તપાસ કરાવી. પણ શાળાના આચાર્ય સામે કોણ આંગળી ચીંધી શકે ? સત્યના આગ્રહી ઝીણાભાઈથી આ સહન થઈ શક્યું નહીં. સત્યધર્મના ધ્યેયથી ચલિત થયા વિના અને આચાર્યનો ડર રાખ્યા વિના અધિકારી સાહેબને તેમણે નમ્રતાથી કહ્યું, 'આચાર્યસાહેબે વાંક વિના ચંદુને માર્યો છે.' પછી તો બીજાં બાળકોમાંય હિંમત આવી અને ઝીણાભાઈના સત્યકથનમાં સાક્ષી પૂરી. વિશાળ ભાલપ્રદેશમાં ગોપીચંદનનું તિલક અને કુમકુમના ચાંદલાથી શોભતા આ ધર્મપ્રેમી બાળકનાં દૃઢ વચનો અધિકારી સાહેબે માન્ય રાખ્યાં. કારણ, જે ધર્મને બોલે છે તે સત્યને બોલે છે અને જે સત્યને બોલે છે તે ધર્મને બોલે છે. અધિકારી સાહેબે આચાર્ય

ત્રિભોવનદાસને બરતરફ કર્યા અને ઝીણાભાઈને ઇનામ આપી ઝીણાભાઈની સત્યનિષ્ઠાની કદર કરી.

આ જ વર્ગમાં ફરી એક વાર આવો જ પ્રસંગ બન્યો. જગદીશભાઈ ભગવાનદાસ પારેખ બહુ કડક શિક્ષક હતા. તેઓ ભૂગોળનો વર્ગ ચલાવતા. એક દિવસ એક પછી એક વિદ્યાર્થીને પ્રશ્નો પૂછવા લાગ્યા. દુર્લભજીને પ્રશ્નનો જવાબ ન આવડ્યો, તેથી જગદીશભાઈ તેનો હાથ સીધો રખાવીને આંકણી મારવા લાગ્યા. તેણે હાથ પાછો ખેંચી લીધો ને આંકણી તેની આંખમાં વાગી. તેની આંખો લાલ લાલ થઈ ગઈ અને તેને બહુ વસમું લાગ્યું. ઝીણાભાઈ આ જોઈ દયાર્દ્રભાવે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલવા લાગ્યા.

થોડી વારે દુર્લભજીના કાકા પુરુષોત્તમ સુંદરજી નગરશેઠને જાણ થતાં તેઓ આવી પહોંચ્યા અને બધાંને પૂછ્યું, પણ કોણ જવાબ આપે ? પછી વડલાવાળી શેરીમાં ઝીણા પાસે ગયા. એમણે તો સાચી વાત કહી દીધી કે 'વાંક દુર્લભજીનો હતો. તેને પ્રશ્નોના જવાબ નહોતા આવડતા અને વળી હાથ પાછો ખેંચી લીધો.'

નગરશેઠે સ્પષ્ટવક્તા ઝીણાભાઈની વાત માની લીધી અને શિક્ષક પણ તેમના ઠપકામાંથી ઊગરી ગયા.

✧

પ્રથમ કક્ષામાં પાસ થતા ઝીણાભાઈને કેટલાક ઠોઠ વિદ્યાર્થીઓ પરીક્ષામાં જવાબો લખી આપવાનું કહેતા ત્યારે ઝીણાભાઈ મમતાથી હાસ્ય કરી કહેતા : 'કહીશું ભાઈ ! કહીશું, મારી પાટી આમ રાખીશ તે તમે જોઈ લેજો.'

પરંતુ ઝીણાભાઈ તો દાખલા ગણી લે કે તરત જ પાટી ઊંધી વાળી દે. વિદ્યાર્થીઓ પૂછે : 'લેખામાં શું આવ્યું ?' પણ ઝીણાભાઈ કાંઈ બોલે નહિ. કોઈ વિદ્યાર્થી તો આ ગરીબ પ્રકૃતિના ઝીણાભાઈને મારવાની બીક પણ દેખાડતા. ત્યારે ઝીણાભાઈ કહેતા : 'તમે ગણોને ! મારું ખોટું હશે તો તમારુંય ખોટું પડશે.'

બીજાં બાળકો માસ્તરની નજર ચૂકવીને કોઈની પાટીમાંથી લખી લે તે તેમને ઠીક ન લાગતું. તે કામ આત્માની અંદર બિરાજી રહેલા પરમાત્માને છેતરવાનું હતું, આમ તેઓ માનતા.

ઝીણાભાઈ છઠ્ઠા ધોરણમાં આવ્યા ત્યારે હેડમાસ્તર નારણભાઈ ઉમેદભાઈ વિદ્યાર્થીઓને વર્ગમાં અભ્યાસ કરાવતા કહેતા : 'ઝીણાને પૂછવાની જરૂર નથી. તે કેવો હોશિયાર છે ! લેખાં, કૂંચી સાથે આવડે છે. તમને કેટલી બધી ભૂલ પડે છે ! તમે તેના જેવા થાવ.' એમ ઝીણાભાઈની પ્રશંસા કરતા.

મોતીભાઈ માસ્તર કડક ખરા પણ ઝીણાભાઈ ઉપર તેમને અત્યંત પ્રીતિ. મોતીભાઈ વર્ગના બધા વિદ્યાર્થીઓના મુખપાઠ લેતા. ન આવડે તો ખજૂરીની સોટી મારતા. ઝીણાભાઈ સહપાઠી મિત્રોને કહે : 'હાલો, હાલો, આંક પાકા કરી લો. નહિ તો મોતીભાઈ ચામડું ફાડી નાખશે.'

આમ, ઝીણાભાઈની રુચિ ભણવામાં અને ભજનમાં સહજ રહેતી. રમવાનો એમને શોખ નહતો, પરંતુ દુર્ગાશંકર, પોપટ, રાયસંગ વગેરે મિત્રો માટલીદાવ (ખોખો) રમાડવા પરાણે લઈ જતા. શુક્રવારે ઉજાણીમાં બધા છોકરા સાથે ઝીણાભાઈ દાળિયા અથવા કોઈ વાર પેંડા લઈને જતા.

અભ્યાસમાં જેણે આગળ નંબર લીધો હોય, તે ઝીણાભાઈ જાણે એટલે રાજી થઈને તેને વાંસામાં હેતથી થાપો મારે અને વખાણ કરે. ઘણી વાર પોતાના વિદ્યાર્થી મિત્રો સાથે કંઈક એવી રમૂજી વાત થાય તો હસી પડે અને મિત્રોને વાંસામાં થાપો મારે. મિત્રો ઝીણાભાઈના આ વિશિષ્ટ સ્પર્શને માણવા જ ક્યારેક રમૂજ ઊભી કરતા !

આત્મનિવેદી બાળભક્ત

ધારીથી એક માઈલના અંતરે આંબાવાડિયાની સુંદર જગ્યા આવેલી હતી. નિશાળનાં બાળકોને શિક્ષકો કોઈ વાર ત્યાં ઉજાણીએ લઈ જતા. ઘરે ઢેબરાં, પૂરી અને અથાણું કે સેવ-મમરા, જે કંઈ ભાતું બનાવ્યું હોય તે બાળકો સાથે લાવે.

શિક્ષકો બાળકોને વિવિધ રમતો રમાડે. સૌ બાળકો હરે-ફરે અને આનંદ કરે. ખાવાનો વખત થાય એટલે સૌ પોતપોતાનું ભાતું લઈને બેસે. એ વખતે ઝીણાભાઈ પોતાની સાથે શ્રીજીમહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીની વસ્ત્ર ઉપર છાપની પ્રતિમા લાવ્યા હોય તે ગોઠવે અને પોતાનું ભાતું પ્રેમપૂર્વક ધરે.

આ જોઈને સૌ બાળકો નવાઈ પામે. તેઓ પણ પોતાનું ભાતું ઝીણાભાઈ પાસે લાવે અને ઠાકોરજીને ધરવાનું કહે. ઝીણાભાઈ તો એક પછી એક દરેકનું ભાતું ધરતા જાય. આ જોઈને શિક્ષકો પણ ત્યાં ભેગા થઈ જતા. ઝીણાભાઈને તન્મય બનીને ભાતું ધરાવતા જોઈ સૌ નવાઈ પામતા અને પરસ્પર વાતો કરતા : 'આ બાળકમાં કાંઈક જુદા જ સદ્‌ગુણો રહેલા છે, ઝીણો જરૂર આગળ જતા મહાન ભક્ત બનશે.'

સૌ આનંદથી વિખરાતા, ઝીણાભાઈના ઠાકોરજીને ધરીને પોતાનું ભાતું ખાધું તે વાત બાળકો પોતાનાં મા-બાપને કરતા. આથી, ગામલોકો પણ તેમને

ભક્ત તરીકે જ ઓળખતા થયા હતા.

કીર્તન-ભક્તિના રસિયા

ઝીણાભાઈ છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે *'વાગે વૃંદાવનમાં વાંસળી'* એ કવિતા અભ્યાસમાં આવતી. દુર્ગાશંકરને તેનો રાગ આવડતો. તેથી ઝીણાભાઈ કહે : 'દુર્ગાશંકર ! મને શીખવી દ્યો. મને ગાવું બહુ ગમે.'

ઝીણાભાઈની આ ટેવ હતી. જે કંઈ સારું લાગે તે શીખી લે. ઝીણાભાઈનો રાગ બહુ મીઠો હતો. તેમના કંઠેથી કવિતા કે કીર્તન સાંભળવાં એ લહાવો હતો. કૃષ્ણ ભગવાનની વાંસળી વાગે અને ગોપ-ગોવાળિયા ઘેલાં બની જતાં. કાલિંદીનાં નીર થંભી જતાં. તેમજ ઝીણાભાઈ આ કવિતા મધુર સ્વરે ગાતા ત્યારે સૌને જુદું જ આકર્ષણ થતું. પોતાનું ભાન ભૂલી જતાં. પરમાત્માના સુખનો અનુભવ આવતો હોય તેમ સૌ ભક્તિ-સમાધિમાં લીન થઈ જતાં.

બીજા વિદ્યાર્થીઓ નારણભાઈ સાહેબ સાથે વાતચીત કરતાં ગપ્પાં મારતાં હોય ત્યારે ઝીણાભાઈ ખૂણામાં બેસીને ભજન કરતા. આ જોઈને હેડમાસ્તર નારણભાઈને કહેતા : 'ઝીણો ભવિષ્યમાં મોટો ભગત થશે એમ મને લાગે છે.'

સૌ વિદ્યાર્થીઓ તેમની મશ્કરી કરી કહેતા : 'એ સાધુ મહારાજ ! પછી અમારી સામું જોશો કે નહિ ?' ત્યારે ઝીણાભાઈના મુખ પર હાસ્ય રમી રહેતું.

છઠ્ઠા ધોરણની પરીક્ષા ચાલતી હતી. નારણલાલ માસ્તરે ભૂમિતિના પ્રમેય તૈયાર કરી ગોખી લેવા કહ્યું હતું. ઝીણાભાઈ તો બહુ ખંતથી ગોખતા ! તેમની 'ગોખણપટ્ટી'થી બીજા વિદ્યાર્થીઓને તેમની ઈર્ષ્યા થતી.

પરીક્ષામાં પ્રમેય પુછાયા. દુર્ગાશંકરે ઝીણાભાઈને ઈશારો કર્યો પણ તેઓ તો લખવામાં મશગૂલ હતા. ઊંચું જુએ જ શાના ? તેથી દુર્ગાશંકર એમના પર ચિડાયા. તેની બાજુમાં મણિશંકર દયાશંકર કરીને વિદ્યાર્થી હતો. તેણે દુર્ગાશંકરને પ્રમેયના સિદ્ધાંતની નકલ આપવા કાગળિયું કાઢ્યું. ઈન્સ્પેક્ટર તે જોઈ ગયા તેથી મણિશંકર સાકર ચાવે તેમ કાગળ ચાવીને ગળી ગયો. શિક્ષકે તેને ઠપકો આપ્યો. તેથી બધા વિદ્યાર્થીઓનું ધ્યાન પણ ત્યાં ગયું. ઝીણાભાઈને જાણ થતાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલવા લાગ્યા.

એ વખતે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર કાનજીભાઈ પુરુષોત્તમ હતા. તેમણે દુર્ગાશંકર તથા મણિશંકરને જુદા બેસાર્યા. પછી નારણભાઈને ઈન્સ્પેક્ટરે પાસેના વિદ્યાર્થી વિશે પૂછ્યું, ત્યારે તેઓ ઝીણાભાઈ સામું જોઈને બોલ્યા : 'આ છોકરો

ચોરી કરે તેવો નથી. ભણવામાં હોશિયાર અને પ્રામાણિક છે.'

ઇન્સ્પેક્ટર ચાલ્યા ગયા.

બહાર આવ્યા પછી દુર્ગાશંકર ઝીણાભાઈને ધમકાવવા માંડ્યા. એટલામાં હેડમાસ્તર નારણભાઈ સાહેબ ત્યાંથી પસાર થયા. તેમણે બૂમ પાડીને કહ્યું : 'એ કોણ ભગતને પજવે છે ?' એટલે દુર્ગાશંકર તથા મણિશંકર ભાગ્યા.

નારણભાઈ હેડમાસ્તર ઝીણાભાઈનો બહુ પક્ષ રાખતા.

'ઝીણા ! સાધુ બની જા ને !'

ઝીણાભાઈની સુકલકડી કાયાનાં બીજાં બે આકર્ષણ હતાં. એ હતાં સાદાઈ અને સંતોષ - એમના આત્માના અદ્ભુત અલંકારો ! બગસરાનું જાડું ફાળિયું ચાર છેડે પહેરતા, પહોળો પાનકોરાનો કોટ પહેરતા અને માથે કપડાની ટોપી, પગમાં દેશી જોડા. કેડ પર જાડી દોરી કે દોરડાનો ટુકડો બાંધતા, જેથી જાડી પછેડી ખસી ન જાય.

બપોરના આરામ સમયે બીજા વિદ્યાર્થીઓ ખેલકૂદ-રમતગમત કરતા હોય ત્યારે પોતે એક ખૂણે શાંત બેસી રહેતા. તેમની બે નાની આંખો હિમાલયનાં ઉત્તુંગ શિખરોથી યે ખૂબ ઊંચે અનંત આકાશની પેલી પાર મંડાયેલી રહેતી. શિક્ષકો ઝીણવટપૂર્વક તપાસ કરી એમની વિલક્ષણ રીતભાત સમજવાનો પ્રયાસ કરતા, પરંતુ તેમને તેનો ઉકેલ ન મળે એટલે આ કિશોરને તેઓ મજાકમાં પૂછતા : 'ઝીણા ! આવો વૈરાગ પાળે છે અને બધાથી ઉદાસ રહે છે તો સાધુ બની જા ને ?'

'હા, એવો જ વિચાર રાખ્યો છે.' તેઓ ટૂંકો ઉત્તર આપતા. અને પૂર્વવત્ એમના વદન પર નિર્મળ હાસ્યની અદ્ભુત રેખા પ્રસરી જતી.

ધરતીના એક ખૂણામાં ખેલતો આ કિશોર સાધુપુરુષ બની સૌરાષ્ટ્રમાંથી સાધુતાની સનાતન અસ્મિતા પ્રગટાવશે, એ પરમ રહસ્યની એ વખતે કોને ખબર હતી !

સોની ભક્તને દેવ અપરાધમાંથી મુક્તિ

એક વાર દેવચંદભાઈ ગઢડા દર્શને ગયા. ત્યાંના કોઠારીએ ઠાકોરજીના દાગીના ઘડાવવાની વાત કરી અને ધારીમાં કોઈ સારા સોની કારીગર માટે પૂછપરછ કરી. 'એક સત્સંગી સોની ધારીમાં છે. આપ કહો તો મોકલું,' તેમણે

કહ્યું. કોઠારીએ સંમતિ આપી તેથી દેવચંદભાઈએ ધારી જઈને સોની ભક્તને મોકલ્યા. સંપ્રદાયની પ્રથા મુજબ દાગીનાનું કામ મંદિરમાં જ કરવામાં આવતું પણ સોનીએ યુક્તિથી કંઈક સોનું કાઢી લીધું. એ પછી એક બે મહિનામાં તેમના પર બહુ મોટી કૌટુંબિક આપત્તિ આવી પડી. વ્યવહારમાં પણ ઘણી મુશ્કેલી ઊભી થઈ. હવે તેમને પશ્ચાત્તાપ થવા લાગ્યો અને દેવચંદભાઈ પાસે આવી પેટ છૂટી વાત કરી.

એ વખતે નાનકડા ઝીણાભાઈ પાસે જ ઊભા હતા. તેઓ તરત જ બોલી ઊઠ્યા : 'અરે મહાજન ! ઠાકોરજીનું ન લેવાય. હવે વ્યાજ સોતું આપવું પડે ! મહારાજ બહુ દયાળુ છે. કોઈ ભક્તના ગુના સામું જોતા નથી. માટે જલદી જાવ ને આપી આવો !'

મહાજનના ગળે આ નાનકડા બાળકની વાત ઊતરી ગઈ. આ બાળકમાં શ્રીજીમહારાજ બોલ્યા તેમ તેને લાગ્યું. તેમણે ગઢડા જઈ, કોઠારીની માફી માગી અને વ્યાજ સહિત સોનું ભરપાઈ કરી આપ્યું. કોઠારી પણ રાજી થઈ ગયા.

આ બાળભક્તની સૂઝ અને સલાહથી સોની ઠાકોરજીના દેવામાંથી મુક્ત થયા. તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ અને તેમને આવેલી મુશ્કેલી દૂર થઈ ગઈ.

આચાર્ય મહારાજની પધરામણીના કોડ પૂર્યા

ઝીણાભાઈની ઉંમર ૧૩ વર્ષની હશે. તે સમયે આચાર્યશ્રી શ્રીપતિ-પ્રસાદજી મહારાજ ધારી પધારવાના હતા. ઘરમાં ચાલીસ રૂપિયાની જ મૂડી હતી. આટલી ટૂંકી રકમમાં આચાર્ય મહારાજની પધરામણીની વ્યવસ્થા કેવી રીતે કરવી ? બાળક ઝીણાભાઈએ વડીલોની મૂંઝવણ જાણી લીધી અને તુરત જ બોલ્યા : 'તમે કોઈ ચિંતા કરશો નહિ. આચાર્ય મહારાજની પધરામણી ધામધૂમથી કરાવો. મહારાજ-સ્વામી બધું પૂરું કરશે.'

આખા કુટુંબને ઝીણાભાઈના પ્રત્યેક વચન પર વિશ્વાસ હતો અને એમની મીરાં અને નરસિંહ જેવી પ્રેમલક્ષણા ભક્તિ પર શ્રદ્ધા હતી. તેથી દેવચંદભાઈએ આચાર્યશ્રી પધારે તેવો સંદેશો જૂનાગઢ મોકલી આપ્યો.

ચાલીસ રૂપિયામાંથી આચાર્યશ્રી, સંતમંડળ તથા હરિભક્તો માટે જોઈતી રસોઈની સામગ્રી તથા અન્ય વસ્તુઓ લાવ્યા. હવે રૂપિયા ખર્ચાઈ ગયા. તેથી આચાર્ય મહારાજને શું ભેટ ધરવી ? એ ચિંતા દેવચંદભાઈને થઈ. તેઓ બપોરે ઘરે આવ્યા. અને પટારામાં કંઈ કારણસર જોયું તો ચાલીસ રૂપિયા જેમના તેમ

પડ્યા હતા ! દેવચંદભાઈ તથા ઘરના સર્વેને આશ્ચર્ય થયું. તેમણે ઝીણાભાઈ તરફ જોયું તો તેઓ મંદ મંદ હસી રહ્યા હતા. એમણે પૂછ્યું : 'બાપુ ! બધી તૈયારી થઈ ગઈ છે ને ? આચાર્ય મહારાજ બહુ રાજી થશે.'

દેવચંદભાઈ સ્તબ્ધ બની સાંભળી રહ્યા હતા.

નિર્દોષ બાળક ઝીણાભાઈના મહિમા યુક્ત ભક્તિભર્યા વદનને નીરખીને તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. પોતાનો આ બાળક ભવિષ્યમાં જરૂર મહાપુરુષ થશે તેવી તેમના હૃદયમાં પ્રતીતિ થઈ.

નિયત દિવસે આચાર્ય મહારાજ, સંતમંડળ તથા હરિભક્તો સાથે ધારી પધાર્યા. દેવચંદભાઈ તથા સૌ હરિભક્તોએ વાજતે-ગાજતે સામૈયું કર્યું. મંદિરે સભા થઈ. બપોરે મહાપ્રસાદ જમ્યા. ૪-૦૦ વાગે દેવચંદભાઈના ઘરે આચાર્ય મહારાજ પધરામણીએ પધાર્યા. નાનકડા ઝીણાભાઈને આનંદનો પાર નહતો. એ તો પ્રેમમાં મગ્ન થઈને તાળીઓ પાડી રહ્યા હતા અને પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરતા નાચી રહ્યા હતા. આચાર્ય મહારાજ તથા સંતોને દંડવત્ કરતા અને આશીર્વાદ લેતા, આ બાળકના નિર્દોષ ભક્તિભાવભર્યા ચહેરા પર સૌની નજર સ્થિર થઈ જતી.

વિધિપૂર્વક પૂજન-અર્ચન કર્યા પછી દેવચંદભાઈએ એકવીસ રૂપિયા ભેટ ધર્યા. આચાર્ય મહારાજે પ્રસાદીરૂપે સાત રૂપિયા પાછા આપ્યા.[૫] આ ઐશ્વર્ય-દર્શનથી સૌ ઝીણાભાઈ તરફ ભક્તિભર્યા આદરથી જોવા લાગ્યા.

બાળપણની વિલક્ષણતા

વર્ષો પછી એક વખત કમળશીભાઈએ વાત કરતાં કહ્યું હતું 'ઝીણાભાઈ નાના હતા ત્યારે કંઈ સમજાયું નહીં. ઘણી વાર પરભાવના શબ્દો બોલી જાય, પણ તે વખતે હૈયા ઉકલત ઓછી તેથી મને સમજ પડે નહીં.

'અહોહો ! ઝીણાભાઈની ભક્તિભાવના સંભારીને અંતર દ્રવી જાય છે. મંદિર-મંદિર રમે, સ્વામીની વાતું મોઢે કરે, ભક્તચિંતામણિના કોઈ પદની કડી બોલે. સૌને તેના સુંદર મધુરા રાગમાં ગુલતાન કરી દે. અમારાં ફોઈ માણેકબા તો ઝીણાભાઈનાં કીર્તનો સાંભળવા એમને કુંકાવાવ તેડાવતાં.

'મંદિરમાં સાધુ આવે તેની સેવા કરે, મંદિરની અને મોહનકાકાની સેવા

૫. તે પ્રસાદીના રૂપિયા હાલ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ સાથે રાખેલા છે.

કરે. સાધુ-સંતનો જ સંગ ગમે. ભણવામાં એક્કા, બધું જ જીભને ટેરવે, યાદશક્તિ ઘણી જ. ખપ પૂરતી ચીજવસ્તુ ન મળે તોપણ કોઈ દી' રાવ-ફરિયાદ નહીં, ગમે તે હોય તે જમી લે. બા કહે : 'ઝીણા, તને શું ભાવે ? બનાવી આપું.' કાંઈ ન બોલે. બસ હસી પડે. તેના જીવનમાં કોઈ દી' દુઃખ નહીં. કોઈ દી' માગે નહિ. બધા ભાઈઓ તથા મિત્રો ઉપર બહુ પ્રેમ ! કોઈ પારકા-પોતાના નહીં. સૌની ખબર રાખે તેવી નાનપણથી જ ટેવ...'

ઝીણાભાઈનું બાળપણ સંભારતાં કમળશીભાઈની આંખમાં આંસુની ધારા ચાલી રહી. તેઓ વધુ ન બોલી શક્યા. શબ્દોથી બ્રહ્મના ગુણોનું વર્ણન થઈ શકતું નથી. કેવળ આનંદની અનુભૂતિ થઈ શકે છે, સ્મૃતિ દ્વારા - અંતરની ભક્તિભાવના દ્વારા.

સંવત ૧૯૬૨ની આસપાસ ધારીમાં હરિમંદિરનો થોડો ભાગ વધારવા માટે નવું બાંધકામ થયું.[૬] એ વખતે કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળના ચતુર્ભુજદાસ સ્વામી, ભગવત્સ્વરૂપદાસ સ્વામી, ભક્તિતનયદાસ સ્વામી, જાદવ ભગત અને હરિદાસ સ્વામી વગેરે સેવામાં હતા. સિંહાસન અને મૂર્તિ તે જ રાખવામાં આવ્યાં. કૃષ્ણચરણદાસ સ્વામીના વરદ હસ્તે ફરી મૂર્તિપ્રતિષ્ઠા થઈ. મંદિર બંધાતું ત્યારે કુટુંબના બાળકો દોટ મૂકીને પથ્થરો ઊંચકીને પાયામાં પૂરણી કરતા. સાધુઓ આ સંસ્કારી બાળકોની સેવાભક્તિ જોઈ રહેતા અને મગજના લાડુની પ્રસાદી આપતા.

'પ્રેમભક્તિ જેને ઘટ ભાવી'

થોડા વખત પછી મંદિરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા થઈ. વીરજીબાપાની

---

૬. આ મંદિરનું નવનિર્માણ થયું ત્યારે બાજુમાં આવેલું પીંજારાનું મકાન વેચાતું માગવામાં આવ્યું. ધર્મદ્વેષીઓએ પીંજારાને વધારે પૈસા આપવાની લાલચે ભરમાવ્યો, પરંતુ પીંજારાની સ્ત્રીએ હઠ પકડી કે આપણે તો સ્વામિનારાયણના સાધુઓને જ આપવું છે. ત્યારે પીંજારો કહે : 'સ્વામિનારાયણના સાધુ લોભી, તે રૂપિયા થોડા અપાવશે, બીજેથી આપણને વધારે મળે છે. માટે તારી જીદ ખોટી છે.' ત્યારે પીંજારાની સ્ત્રીએ કહ્યું : 'અરે મૂરખ ! સ્વામિનારાયણના સાધુઓ તો બંદગી કરે બંદગી ! તેથી ખુદા આપણા ઉપર રહેમ કરશે. આપણી જગ્યામાં ખુદાનું નામ ક્યાંથી ?' પીંજારાને પોતાની સ્ત્રીની વાત સાચી લાગી અને જગ્યા આપી. પીંજારો અને તેની સ્ત્રી મંદિરની બાજુમાં જ રહેતાં અને જીવ્યાં ત્યાં સુધી તેમણે પીંજેલા સુંદર રૂની વાટ મંદિરને પૂરી પાડી હતી.

અવસ્થા થતાં મોહનભાઈએ મંદિરની દેવસેવા સંભાળી હતી. પરંતુ તેઓ વખતોવખત બીમાર પડી જતા, આથી ઠાકોરજીની સેવા-પૂજામાં શિથિલતા રહેવા લાગી. કોઈ દેવસેવા કરે એવી તેમના મનમાં ઇચ્છા હતી.

તેમની નજર ઝીણાભાઈ ઉપર ઠરી. ઝીણાભાઈના આનંદનો અવધિ ન રહ્યો. મોહનભાઈ દેવસેવા માટે ભક્તિભાવ નીતરતા પાત્રની શોધમાં હતા. એવું પાત્ર તેમને મળી ગયું. ઘણા વખતથી ઝીણાભાઈનું મન અભ્યાસમાં લાગતું નહિ અને તેથી દર વર્ષે પ્રથમ જ આવતા ઝીણાભાઈ છઠ્ઠા ધોરણમાં સાતમા નંબરે ઉત્તીર્ણ થયા હતા.

સરિતા સાગરને ભેટવા ગતિ કરે તેટલી જ ત્વરાથી ઝીણાભાઈએ ભગવાનની સેવા ઉપાડી લીધી. શ્રીહરિની રમ્યમૂર્તિનાં દર્શન કરતાં કરતાં ઝીણાભાઈ ધૂપ, દીપ અને આરતી વગેરે શ્રદ્ધાપૂર્વક કરતા. કૂવામાંથી પાણી સીંચીને તેમણે મંદિરમાં પુષ્પછોડ ઉછેર્યા, વંડી ઉપર પુષ્પવેલો ખીલવી. તેમાંથી પુષ્પો ચૂંટીને નિત્ય નવી નવી પુષ્પમાળાઓ પ્રભુકંઠે પહેરાવતા. જેમ મીરાં ગિરધરની મૂર્તિને રમાડતાં થાકતાં જ નહિ, તેમ ભગવાનની મૂર્તિમાં મહારાજ બિરાજે છે, એવું માનતા ઝીણાભાઈ એ રીતે જ તે મૂર્તિની તમામ સેવામાં પ્રત્યક્ષ ભક્તિભાવપૂર્વક પ્રવૃત્ત રહેતા. પ્રેમાનંદ સ્વામી રચિત *'અવિનાશી આવો રે, જમવા કૃષ્ણ હરિ...'* એ મોટો થાળ બોલીને ઠાકોરજીને જમાડતા. આ એમનો દૈનિક કાર્યક્રમ બની ગયો હતો.

બાળભક્ત ઝીણાભાઈ આંતરિક જીવનમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતોનું પ્રેરણાબળ હતું. જૂનાગઢથી સદ્‌ગુરુઓનાં મંડળો વખતોવખત ધારીમાં આવતાં અને જ્ઞાનપરબ માંડતાં. ધર્માદો ઉઘરાવનાર મંડળ સાથે એક વાર જાગાભક્ત સ્વામી પણ પધાર્યા હતા. તે વખતે વીરજીબાપાની આંગળીએ ચાર-પાંચ વર્ષની ઉંમરના ઝીણાભાઈ મંદિરે ગયેલા ત્યારે તેમના મસ્તકે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર આ મહાપુરુષના વરદ હસ્ત મુકાયા હતા. કૃષ્ણચરણદાસ સ્વામી ધારીમાં વારંવાર પધારતા અને ગુણાતીત જ્ઞાનનો પુનિત પ્રકાશ પાથરતા. વળી, ઘરમાં વંશપરંપરાગત સત્સંગ પણ હતો. એટલે માતા-પિતા, વડીલબંધુની સાથે જ શિક્ષાપત્રીના નિયમપાલનમાં તેમજ એકાદશી, જન્માષ્ટમી કે હરિનવમી આદિ વ્રત-ઉત્સવોમાં ઝીણાભાઈ અગ્રેસર જ હોય. જૂનાગઢમાં જેઠ સુદિ એકાદશીનો (ભીમ અગિયારસ) મોટો સમૈયો ઊજવવા વડીલો સાથે ચાલીને કુંકાવાવ સુધી જવામાં ઝીણાભાઈને અનેરો

આનંદ આવતો. થાકનું તો નામ નિશાન નહિ. કુંકાવાવથી ટ્રેઇનમાં બેસી ઝીણાભાઈ જૂનાગઢ જતા.

બાળભક્તની મોહની

કુંકાવાવમાં ઝીણાભાઈનાં ફોઈ ભક્તરાજ માણેકબા[૭] રહેતાં. તેઓ સ્વભાવમાં અને દેખાવમાં ઝીણાભાઈ જેવાં જ હતાં. ઝીણાભાઈની ભક્તિ-ભાવના જોઈને પોતાના જ પુત્ર હોય તેવું વહાલ તેમને ઊભરાતું. સંસારમાં રહ્યા છતાં તેમનું જીવન તો કડક નિયમપાલન અને વ્રત-ઉપવાસમાં જ વીત્યું હતું. તેમના પતિ જાદવજીભાઈ પણ ધાર્મિકવૃત્તિના. તેઓ મંદિરની સેવા બહુ ભાવથી કરતા અને કુંકાવાવનો 'દીવો' કહેવાતા. તેમના વડીલબંધુ સુંદરજી ગીલાને કુંકાવાવમાં જીન હતું.

ઝીણાભાઈ જૂનાગઢ જતાં ક્યારેક ફુઆને ત્યાં રોકાતા. માણેકબા તેમની ક્રિયામાં ચોખ્ખાઈ અને ચોકસાઈ જોઈ બહુ રાજી થતાં. ઝીણાભાઈ જ્યારે નહાવા બેસે, ત્યારે પહેલાં પાટલો ધોઈ નાખે. પછી તેના ઉપર બેસીને નહાય. બધી ક્રિયામાં પહેલું 'સ્વામિનારાયણ !' આટલા બાળકમાં આવી સમજણ કેમ આવી ? એવો વિચાર કરતાં ત્યારે માણેકબાને પોતાના અંતરમાં પ્રકાશ પ્રસરતો હોય તેમ જણાતું, ઝીણાભાઈ તો કોઈ સિદ્ધપુરુષ છે એવો ભાસ પણ થયા કરતો. તેઓ ઝીણાભાઈને રોકાઈ જવા ખૂબ આગ્રહ કરતાં, પણ ઝીણાભાઈ સમૈયા-ઉત્સવ કરવા જૂનાગઢ જતા રહેતા.

સ્વામી ! સાધુ બનાવો તો સારું !

જેમ ઝીણાભાઈને જૂનાગઢનું આકર્ષણ રહેતું, તેમ કૃષ્ણચરણદાસ સ્વામી વગેરે મોટા સંતોને પણ ઝીણાભાઈનું આકર્ષણ રહ્યા કરતું. તેઓ અવારનવાર ધારી આવતા રહેતા.

આ અરસામાં કૃષ્ણચરણદાસ સ્વામી ધારી પધાર્યા હતા. તેમનો ઉતારો મંદિરમાં હતો. ઝીણાભાઈએ આ જૂનાગઢી સંતમંડળની પ્રેમપૂર્વક તનતોડ સેવા કરવા માંડી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિ પામેલા કૃષ્ણચરણદાસ સ્વામીની નજર પ્રથમથી જ ઝીણાભાઈ ઉપર હતી. આટલી નાની વયે તેમની સેવા-ભક્તિથી, અતૂટ શ્રદ્ધાથી કૃષ્ણચરણદાસ સ્વામી તેમના ઉપર પ્રસન્ન થઈ

---

૭. ઝીણાભાઈનાં દૂરનાં ફોઈ.

ગયા. વળી, સૌ કિશોરોને અહીં મંદિરમાં ભેગા મળીને વાંચતા જોઈને પણ તેઓ બહુ રાજી થયા. સૌને આશીર્વાદ આપ્યા. ત્યારે મિત્રોએ કહ્યું : 'આ ઝીણાનું મન પૂજામાં જ હોય છે, વહેલો ઊઠીને ધ્યાનમાં બેસી જાય અને અમને પણ સ્વામિનારાયણની ધૂન કરાવે છે.'

ત્યારે સ્વામીએ પૂછ્યું : 'ઝીણા ! તારે સાધુ થવું છે ?'

ઝીણાભાઈએ આશ્ચર્ય પામીને નિર્દોષ જવાબ આપ્યો : 'સ્વામી ! સાધુ બનાવો તો સારું. મને મનમાં ઘણા વખતથી આ વાત કરવાનો વિચાર હતો પણ આપે મારા મનનું કહી દીધું. સાધુ બનીને મારે આપની સેવા જ કરવી છે. માટે તેડી જાવ તો આવું.'

કૃષ્ણચરણદાસજીને ઝીણાભાઈના આ ઉત્તરથી ખૂબ જ સંતોષ થયો. તેમને ઝીણાભાઈના મોટાભાઈ કમળશીભાઈ ઉપર પ્રીતિ અને વિશ્વાસ હતા તેથી ઝીણાભાઈને ત્યાગી થવા માટે અનુમતિ મેળવી આપવા સ્વામીએ તેમને વાત કરી. કમળશીભાઈ કૃષ્ણચરણદાસ સ્વામીનું વચન કદી લોપતા નહિ. વળી, તેમનામાં પણ જગત તરફ ઉદાસીનતા કાયમ રહેતી. ઝીણાભાઈનું મન પણ તેમણે પારખી લીધું હતું. ઝીણો ત્યાગી થશે એવું તેમને પણ લાગ્યા કરતું.

કમળશીભાઈએ બે હાથ જોડીને કહ્યું : 'સ્વામી ! આપની ઇચ્છા છે તો મારાં માતુશ્રીને સમજાવીને ઝીણાભાઈને આપની પાસે જૂનાગઢ મોકલી દઈશ.'

કૃષ્ણચરણદાસ સ્વામીનું અંતર પ્રફુલ્લિત બની ગયું. કમળશીભાઈને અંતરના આશીર્વાદ આપી સ્વામીએ જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું.

કૃષ્ણચરણદાસ સ્વામી જૂનાગઢ ગયા, પરંતુ ઝીણાભાઈનું હૃદય લેતા ગયા. શ્રીહરિની સેવા-પૂજામાં ઝીણાભાઈનું મન શાંતિ અનુભવતું છતાં અંતરમાં આત્મજ્ઞાનના ઉજાસ માટે સાચા સદ્ગુરુની ઝંખના તેમને સતાવવા લાગી. કમળ જો પોતાના જન્મ સ્થાનમાં આસક્ત બની સ્નેહપાશમાં બંધાઈને પડી રહે તો અંતે કોહી-સડીને નષ્ટ થઈ જાય. કમળને તો જગતમાં સુવાસ પ્રસરાવવાની જ હોય છે ને !

ઝીણાભાઈ પણ આવી જ સુવાસ પ્રસરાવવા પૃથ્વી ઉપર આવ્યા હતા. તેથી વધારે વખત ઘરે રહેવું પાલવે તેમ ન હતું. હૃદયના આ તીવ્ર સંકલ્પને અમલમાં મૂકવા તેઓ પોતાનાં ફોઈબા સાકરબાના પુત્ર જેરામને વૈરાગ્યની વાતો કરવા લાગ્યા. ઝીણાભાઈના મુખમાંથી વહેતી અસ્ખલિત જ્ઞાનધારા જેરામને સુખદાયક લાગતી. ત્યાગ, વૈરાગ્યની અને પ્રભુભક્તિની વાત તો

ઝીણાભાઈના અંતરે ઊગેલી હતી, તેથી એની વેધક અસર જેરામના અંતરમાં પણ થઈ અને બન્નેએ એક દિવસ ઘર છોડીને જૂનાગઢમાં સાધુ બની જવાનો નિશ્ચય કરી લીધો.

એકમાત્ર ત્યાગની સ્પૃહા

કોઈ સિદ્ધયોગી હોય એવી આ વિરલ વિભૂતિ હવે ઘણુંખરું અંતર્મુખ રહેવા લાગી. કુટુંબ સાથે રહેવા છતાં જેમને ક્યારેય કૌટુંબિક સ્પૃહા સ્પર્શી નહોતી એ ઝીણાભાઈ હવે ત્યાગના પંથે કેમ વહેલું પ્રયાણ થાય તે તક શોધી રહ્યા હતા.

આ બાળજોગી ઝીણાભાઈએ એમનાં ભાભી નંદુબાને કદી 'ભાભી' કહીને બોલાવ્યાં નહોતાં. એમણે આંખ ઊંચી કરી કદી ભાભી સામું જોયું પણ નહોતું. જાણે બીજા લક્ષ્મણ જતિ જોઈ લો ! જમવા બેસે ત્યારે બધું મેળવી પાણી નાખીને જમી લેતા. પુરીબા મીઠો ઠપકો આપે ત્યારે કોઈક વાર જુદું જુદું ખાય. જમવાનું ભાણામાં આવ્યું હોય તે ખાઈ લે, ફરી ભાભી પાસે માગે નહીં. ફરી પીરસે તો જમી લે. પુરીબા પાસે માગે. બહુ મીઠું બોલે : 'બા ! રોટલો ચોથિયું આપો' કે 'અડધો આપો.' 'છાશ બહુ સારી.' દૂધ ન પીએ. પુરીબા પરાણે દૂધ આપતાં. રસોઈ ટાઢી-ઊની હોય, ગમે તેવી ચલાવી લે. કોઈ દિવસ ખારા-ખાટાની ફરિયાદ નહીં. ઘરમાં બહુ ન રહે. મંદિરમાં મોહનકાકા પાસે ચાલ્યા જાય. મોહનકાકાને ઝીણા ઉપર અત્યંત હેત. ઝીણો જો જરા મોડો પડે તો તો તરત ઘરે આવે. તેઓ પણ ઝીણા વગર રહી શકતા નહીં. સેવાથી ઝીણાભાઈએ તેમને વશ કરી લીધા હતા.

ઝીણાભાઈનું મન હવે સર્વ વિષયો અને ભૌતિક સુખોથી અત્યંત ઉદાસ રહેતું. શ્રીહરિના નામની રટના સાથે બ્રહ્મની મસ્તીમાં ખોવાઈ જતા. ક્યારે ઘર છોડું અને સ્વામી કૃષ્ણચરણદાસને મળું એ વિચારથી એમને ક્યાંય ચેન પડતું નહીં. જાણે કોઈ બોલાવી રહ્યું હતું : 'ઝીણાભાઈ ! હવે સમય થઈ ચૂક્યો છે.'

ત્યાગ-વૈરાગ્યની ખાંડાધારે ચાલવાના કોડ જલદી પૂરા કરવા એમનું મન તત્પર બન્યું હતું. તેથી આ ઘર-સંસાર અને કુટુંબનાં બંધનોથી અકળાઈ જતા અને એ પળ પણ આવી પહોંચી.

પ્રભાતની તાજગી સર્વત્ર પ્રસરે તે પહેલાં જ ધારી ગામમાં એક અસાધારણ ઘટના બની ગઈ. એ હતી ઝીણાભાઈ અને જેરામનો ગૃહત્યાગ !

આ સમાચારથી માતા પુરીબા ઉપર તો જાણે વીજળી પડી હોય તેમ સખત આઘાત થયો. તેઓ બેશુદ્ધ બની ગયાં. નાનાં બાળકોએ રડારોળ કરી મૂકી. દેવચંદભાઈ ધીરજવાન હતા પરંતુ તેમના સંતાપનો પાર ન રહ્યો.

વીરજીબાપા જ્ઞાની હતા એટલે એમણે મૂંગા રહી આઘાત સહી લીધો. કોઈનાં આંસુ સુકાતાં નહતાં. આખરે વીરજીબાપા કહે : 'ઝીણાભાઈને જ્યાં હોય ત્યાંથી તેડી લાવો. ઝીણા વગર એની મા મરી જશે !'

પુરીબાનાં હૈયાફાટ રુદનને કોઈ રીતે ખાળી શકાય તેમ નહોતું. તે જાણવા છતાં કમળશીભાઈનાં પત્ની નંદુબાએ હૈયાધારણ આપવાનો પ્રયત્ન કર્યો : 'બા ! ઝીણાભાઈના ત્યાગ-વૈરાગ્યની જાણ તમને ક્યાં નથી ? ઈ સંસારમાં રહે તેવા નથી. ઈ મોટા ખાતાનો જીવ છે. તો એને જાવા દ્યો. બીજા દીકરાઓ તો છે જ ને !'

'દીકરા તો ખરા, વહુ.' પુરીબાના ગળામાં ડૂમો અટકી ગયો : 'પણ મારો ઝીણો એ ઝીણો. કેવો સોજો[૮] છે ! બધા ભાઈઓ ભેગા જમે, ત્યારે સારી વાનગી જમવાની બનાવી હોય તે બીજા ભાઈઓને આપી દે અને પોતે રોટલો લઈને જમી લે.

'નિશાળે જાય ત્યારે ખીસામાં દાળિયા-મમરા ભરી જાય પણ બીજા ભાઈબંધને આપી દે. તેણે કોઈ દી' પેટ ભરીને ખાધું નથી. કોઈની પાસે માગે તેવો નથી. અહીંથી એ ગમે ત્યાં જાય પછી એનું શું થાય ? વહુ, એના પંડની એને ખેવના નથી. એથી મને બહુ ચિંતા થાય છે, ક્યાંય ચેન પડતું નથી.'

પુરીબા પોક મૂકીને રડી પડ્યાં.

માતાનો સ્નેહ ઝીણાભાઈને આક્રંદ કરીને બોલાવતો હતો. નંદુબા આ પુત્રપ્રેમ આગળ કશું બોલી ન શક્યાં.

છેવટે કમળશીભાઈથી નાના ત્રિભોવનભાઈ અને જેરામના વડીલબંધુ જગજીવનભાઈ આ બન્નેને તેડવા માટે ગયા. બીલખા પાસે માંડણપરા ગામમાં સ્વામિનારાયણના મંદિરમાં તેમને આ બન્ને કિશોરોનો ભેટો થઈ ગયો.

ત્રિભોવનભાઈએ રડતા હૃદયે બધી પરિસ્થિતિ સમજાવી. બંનેને પાછા આવવા જણાવ્યું. ઝીણાભાઈની ઘરે પાછા જવાની જરાપણ ઇચ્છા નહતી. એમનું મન તો કોઈ અગમ્ય સૃષ્ટિમાં વિહાર કરતું હતું. ગિરનારના તોતિંગ, નિર્મમ પથ્થરોને આજે વાચા ઊઘડી હોય તેમ ગુણાતીત યુગના વારસાની યાદ

---

૮. ઉત્તમ, ગુણિયલ.

આપવા તે આ ઝીણાભાઈને બોલાવી રહ્યા હતા. પણ સંજોગો નિહાળીને ઝીણાભાઈ તથા જેરામ ધારી પાછા આવ્યા.

માતાપિતાને સંતોષ થયો. હવે ઝીણાભાઈએ સાંસારિક સર્વ પ્રવૃત્તિઓ વિસારે પાડી દીધી. જડભરત જેવું એમનું વર્તન હતું. ભજન-ભક્તિમાં જ એ રત રહેવા લાગ્યા. એમને. તો કૃષ્ણચરણદાસ સ્વામીના સમાગમમાં પહોંચી જવાની તીવ્ર ઝંખના જાગી હતી. બપોરે એક વખત જ જમવા માટે જતા. માતા પુરીબા, 'મારો ઝીણો રાત્રે જમતો નથી, તેને ભૂખ લાગી હશે !' એમ સમજીને સવારે દૂધ ને રોટલો મંદિરમાં લઈ જતાં અને વાત્સલ્ય વરસાવી ઝીણાભાઈને જમાડતાં. ઝીણાભાઈ વધારે બોલતા નહીં, ચૂપચાપ થોડું જમી લેતા. આમ ને આમ એક વર્ષ વીતી ગયું.

ઝીણાભાઈએ પોતાના દૃઢ નિર્ણયની વડીલબંધુ કમળશીભાઈને વાત કરી. કમળશીભાઈએ ઝીણાભાઈનો ત્યાગી બનવાનો દૃઢ સંકલ્પ જાણી લીધો, પરંતુ માતાપિતાની અનુમતિ મેળવીને જાય તો વધારે સારું એમ તેમને લાગ્યું. તેથી તેમણે માતા પુરીબાને સમજાવ્યાં : 'કૃષ્ણચરણદાસ સ્વામીને મારાથી વચન અપાઈ ગયું છે. હવે ઝીણાનું મન ઉદાસ થઈ ગયું છે માટે એને નારાજ ન કરવો, સ્વામીનો રાજીપો મેળવવા આપણે એને મોકલવો જોઈએ. વળી, તેઓ મને કહેતા હતા : ઝીણો સાધુ થશે તો ત્યાગને દીપાવશે. એના કપાળમાં સાધુ થવાના લેખ લખાયા છે.'

એક દિવસ ઝીણાભાઈએ પુરીબા પાસે હૈયું ખોલીને આર્દ્રભાવે કહ્યું : 'બા ! મને કેમ પાછો લાવ્યા ? મને જવા દ્યો. મારો ભવ સુધરી જશે. બા, મને રજા દ્યો.'

આ વિનંતીમાં અંતરનો પોકાર હતો. પુરીબાનો હૈયાબંધ છૂટી ગયો. તેઓ ખૂબ રડ્યાં. પણ તેમને જણાયું કે ઝીણાને તથા કૃષ્ણચરણદાસ સ્વામી બંનેને રાજી કરવા જોઈએ. જો કે લાડકવાયા પુત્રને ત્યાગી થવાની રજા આપવા તેમનું મન કેમેય માનતું નહોતું. આખરે તેમણે હા પાડી દીધી અને એક શરત મૂકી કે ઝીણો જતાં પહેલાં એક દિવસ તેમની પાસે રહે. કમળશીભાઈએ વીરજીબાપા અને પિતાજીની મૂક સંમતિ મેળવી લીધી. ઝીણાભાઈનું વૈરાગ્ય-વિભૂષિત હૃદય હર્ષિત બની ગયું.

❀ ❀ ❀

ગુણાતીતના પંથે



સંવત ૧૯૬૫ના કારતક સુદિ છઠની રાત્રે કમળશીભાઈ ઝીણાભાઈને મંદિરમાંથી ઘરે તેડી લાવ્યા. માતા ઝીણાભાઈને વહાલથી ભેટ્યાં. પ્રેમથી જમાડ્યા. માતાના આગ્રહથી આજે છેલ્લા દિવસે ઝીણાભાઈ રાત્રે ઘરે જ સૂઈ રહ્યા. ઘણાં વર્ષે પ્રથમ જ વાર ઝીણાભાઈ ઘેર રાત રોકાયા.

ધીમે ધીમે મધરાતના ઓળા પૃથ્વી ઉપર પથરાઈ ગયા. નિદ્રાદેવીના સામ્રાજ્યથી સર્વત્ર સૂનકાર છવાયો. પરંતુ માતા પુરીબાને આજે ઊંઘ આવતી ન હતી. સામે જ સૂતેલા પુત્રના મુખ ઉપર દીવાનો પ્રકાશ આછી તેજરેખા દોરતો સરી જતો હતો. શૂન્યમનસ્ક માતાએ પુત્રના સોળ વર્ષના જીવનનું સરવૈયું આજે કાઢવા માંડ્યું.

તેમની વેદના વધવા લાગી. રામને ફક્ત ચૌદ વર્ષના વનવાસની આજ્ઞા આપનાર માતાપિતાના વિલાપનું વર્ણન હૃદયદ્રાવક છે. ત્યારે માતાના હૈયાના હાર સમા, સર્વગુણ સંપન્ન આ રામ તો જીવનભરનો વનવાસ લેતા હતા ! તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમનું અંતર રડી ઊઠ્યું : 'હે ચંદ્ર અને નક્ષત્રોના પ્રકાશથી શોભતી રાત્રિ ! તું એમ ને એમ રહેજે. તારા નિવૃત્ત થયા પછી આવનારા પ્રભાતને હું જોવા ઇચ્છતી નથી.'

પરંતુ માતાની આ વેદના ઝીણાભાઈના આ મહાપ્રસ્થાનને વારી શકી નહીં. સંવત ૧૯૬૫ના[૯] કારતક સુદિ સાતમનું પ્રભાત થયું. માતાએ જાતે જ કંસાર બનાવ્યો. ઝીણાભાઈનાં ભાભી નંદુબાએ ઝીણાભાઈને કંસાર પીરસ્યો. માતા પુરીબાએ વહાલથી જમાડ્યા.

થોડું જમીને ઝીણાભાઈએ હાથ ધોયા. વિયોગની ઘડી આવી પહોંચી. માતા તથા ભાભીએ ભારે હૈયે પણ હસતા ચહેરે વિદાય આપી. માતાએ

---

૯. તા. ૧-૧૧-૧૯૦૮, રવિવાર.

કમળશીભાઈને વળાવવા મોકલ્યા. કમળશીભાઈએ માતાને આશ્વાસન આપ્યું : 'કોઈ ફિકર ન રાખશો. ધીરજ રાખવી, મહારાજ સૌ સારાં વાનાં કરશે.'[૧૦]

કમળશીભાઈ ઝીણાભાઈને મંદિરે દર્શન કરવા લઈ ગયા. એ વખતે પવિત્ર, વિદ્વાન અને વિચક્ષણ વિપ્ર દાડમાવાળા નારણજી મહારાજ મંદિરે આવ્યા હતા. બંને ભાઈઓ ઠાકોરજીનાં દર્શન કરી બેઠા. કમળશીભાઈએ નારણજી મહારાજને વાત કરતાં કહ્યું : 'આ ઝીણાભાઈની માગણી સ્વામી કૃષ્ણચરણદાસજીએ કરી છે. તેથી માતાને સમજાવી, તેમની રજા મેળવી, જૂનાગઢ મૂકવા જાઉં છું. આપ આશીર્વાદ આપો !'

આ સાંભળીને તેઓ ઘણા રાજી થયા અને પ્રસાદીનો લાડુ ઝીણાભાઈના હાથમાં આપી કહ્યું : 'લ્યો, આ મહારાજની પ્રસાદીનો લાડુ.'

ઝીણાભાઈએ ઘણા જ ભાવથી બે હાથમાં પ્રસાદીનો લાડુ લીધો ત્યારે નારણજી મહારાજે સહજાનંદ સ્વામીનો જયઘોષ કર્યો અને આશીર્વાદ મંત્ર બોલતા બે હાથ ઝીણાભાઈના મસ્તકે મૂક્યા.

કમળશીભાઈ ઝીણાભાઈને કુંકાવાવ સુધી વળાવવા ગયા, જ્યાંથી બે બાંધવો આ લોકના સંબંધથી હંમેશને માટે છૂટા પડતા હતા.

બાળપણથી જ કમળશીભાઈ અને ઝીણાભાઈની પ્રકૃતિમાં ઘણું સામ્ય હતું, પ્રારબ્ધ અનુસાર કમળશીભાઈને ગૃહસંસાર કરવો પડ્યો હતો. ત્યાગી થવા માટે એ પણ વડતાલ ચાર માસ રહી આવ્યા હતા અને ઉદાસવૃત્તિથી સંસાર-વ્યવહાર કરતા.

શુકદેવની બ્રહ્મસ્થિતિનો ખ્યાલ આપતા, બ્રહ્મચર્યના ઓજસથી ઓપતા, સમુદ્ર સમાન ગાંભીર્ય અને હિમાલય જેવી અડગ શ્રદ્ધાવાળા ઝીણાભાઈને જોઈ કમળશીભાઈ ગૌરવનો અનુભવ કરતા હતા.

---

૧૦. ઝીણાભાઈના ત્યાગી થયા પછી માતાની આંખે ઝામરવા થયો હતો અને ઝીણાભાઈ યાદ આવે ત્યારે રડી પડતાં અને કમળશીભાઈનાં પત્ની નંદુબા પાસે વાત કરતાં : 'અરે ! મારો ઝીણો કેવો સોજો હતો ! કોઈ દિવસ રડતો નહીં. અને હું જ્યારે કાલાં (કપાસ) વીણવા જતી, ત્યારે એક બાજુ ઝીણાને સુવાડી મૂકતી. ઝીણો જમણા પગનો અંગૂઠો મોઢામાં લઈને ચસ ચસ ચૂસ્યા કરતો અને હસ્યા કરે. બીજી બાઈઓનાં છોકરાં તો રડતાં; મારો ઝીણો એવો સુંવાળો, મારે કોઈનું કદી સાંભળવું પડ્યું નથી.' આમ, ઝીણાભાઈને યાદ કરી આંસુ સારતાં અને ઝીણાભાઈના સદ્‌ગુણની વાતો કરતાં.

વિદાયની વેળા આવી ગઈ. આ અંતિમ મિલન છે એવું યાદ આવતાં કમળશીભાઈની આંખો પણ ભીની થઈ ગઈ. પરંતુ પોતે જ્ઞાની હતા તેથી પોતાનું દુઃખ છુપાવી ઝીણાભાઈને તેમણે કહ્યું : 'ભાઈ ! કુળની લાજ રાખજો, ત્યાગને દીપાવજો, શ્રીજીમહારાજ તમારી રક્ષા કરશે.'

ઝીણાભાઈએ પ્રેમાળ આંખો વડીલબંધુ પર ઠેરવી અને નીચી ઢાળી દીધી.

કુંકાવાવ મંદિરમાં કમળશીભાઈએ કૃષ્ણચરણદાસ સ્વામીને ઝીણાભાઈની સોંપણી કરી, સ્વામીનું વચન પૂર્ણ કર્યાનો સંતોષ મેળવ્યો. ઝીણાભાઈ કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળ સાથે જૂનાગઢ ગયા. છ દિવસમાં જ જૂનાગઢના પાર્ષદ મંડળમાં ભળીને ઝીણાભાઈ હવે ઝીણા ભગત થયા. કૃષ્ણચરણદાસ સ્વામીએ એમને પાર્ષદી દીક્ષા આપી.

સેવા અને સત્સંગના વ્યસની

મેઘધનુષના રંગો જેમ દિલમાં વસી જાય તેમ ઝીણા ભગતના સાધુ-ગુણોને લઈને જૂનાગઢના સંત-પાર્ષદોનાં હૃદયમાં એમણે અનેરું સ્થાન મેળવી લીધું. ઝીણા ભગતને તો ભગવાનના ભક્તો સાથે સહજભાવે આત્મબુદ્ધિ દૃઢ હતી. એટલે જ એમની આધ્યાત્મિક ઉન્નતિ પણ સ્વાભાવિક હતી. દુર્લભ એવો સેવાધર્મ એમણે સામેથી સ્વીકારી લીધો હતો. ઝોળિયાં પારેવાં જેમ અધ્ધરથી પડતું મૂકે તેમ સંતો હરિભક્તોની સેવામાં ઝીણા ભગતે પોતાનો દેહ પડતો મૂકી દીધો.

આ સમયમાં કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળને ગોંડલમાં રહેવાની ચિઠ્ઠી મળી હતી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું જ્યાં સમાધિસ્થાન છે, જે સ્થાનની રજેરજ ચેતન બનીને બ્રહ્મ-પરબ્રહ્મના યશસ્વી નામનો મંગલ ધ્વનિ ઉચ્ચારે છે, તે અક્ષરતીર્થના મહિમાની સૌરભ ઝીણા ભગતના અંતરમાં કેટલી હશે ! જેમને શ્રીજીના પાદસ્પર્શે અંકિત સર્વ તીર્થોનો અપાર મહિમા છે એમને શ્રીજીના ધામસ્વરૂપ ગુણાતીતના આ સમાધિસ્થાનનાં દર્શનથી કેટલો આનંદ થયો હશે !

અક્ષર દેરીનાં દર્શન કરતાં એમના સ્મરણપટ પર અવનવાં સ્મૃતિચિત્રો તરી આવ્યાં. આ સ્થાન જાણે પોકાર કરીને એમને બોલાવતું હોય તેમ અહીં આવતાં ગુણાતીતની સ્મૃતિમાત્રથી જ તેઓ ધ્યાનસ્થ થઈ જતા. ખાડા-ટેકરા અને ઝાડ-ઝાંખરાવાળી આ ભૂમિની પગદંડીએ ચાલતાં અંતરાલમાંથી પણ નાદબ્રહ્મના શબ્દો એમને સંભળાવા લાગ્યા કે 'અહીં રહો, અહીં જ તમારું

સ્થાન છે.' આ દેરીની દિવ્યતા એમના અંતરમાં એકરસ થવા લાગી. જાણે અહીં જ એમનો પ્રાણ ન હોય !

અહીં આવ્યા પછી રોજ સવાર-સાંજ આ દેરીનાં દર્શને આવવાનો નિત્યક્રમ એમણે ગુરુની આજ્ઞાથી ગોઠવી દીધો હતો. શ્રીજીમહારાજના મળેલા માંડણ ભક્ત આ દેરીએ રહેતા. આ સ્થાનનાં દર્શનમાત્રથી ઝીણા ભગતના આનંદની સીમા ન રહી. ગોંડલી નદીમાં સ્નાન કરીને દેરીની પ્રદક્ષિણા કરે, માંડણ ભક્તને દંડવત્ કરે અને શ્રીજીમહારાજના પ્રસંગો તેમની પાસેથી ભક્તિપૂર્વક સાંભળે. પછી મંદિરે જતાં રસ્તામાં પોતાની સાથેના સાધુને ગુણાતીતાનંદ સ્વામીની વાતો કરે. અહીંના મહંત શાસ્ત્રી ધર્મતનયદાસ સ્વામી પણ ગુણાતીતાનંદ સ્વામીના મળેલા હતા. આ બધા સદ્‌ગુરુઓ અને સંતો પણ તે સમયે અક્ષર દેરીની માનતા કરાવતા અને તે સિદ્ધ થતી.

સેવાની ઉદાત્ત ભાવના, સ્નિગ્ધ હૃદય અને પ્રેમાળ વર્તન સાથેના વિશિષ્ટ સદ્‌ગુણોથી ઝીણા ભગતના જીવનમાં સાધુતાની સૌરભ મહેકવા લાગી. સરધારમાં કૃષ્ણચરણ સ્વામીએ હરિમંદિર કર્યું. તેમાં ઝીણા ભગતે આગળ રહીને સેવા કરી. કૃશ અને કોમળ દેહે પાયા ખોદતા, પથરા ઊંચકતા, ચણતરમાં મદદ કરતા અને તગારાં ઊંચકતા આ નાનકડા ઝીણા ભગતને જેમણે જોયા હશે તેમણે એમના મુખ ઉપર અવિરત સ્મિતરેખા રમતી જોઈ હશે. એમને મન આ કષ્ટ ન હતું, શ્રમ ન હતો, હતી કેવળ શ્રીહરિ પ્રત્યેની ભક્તિ ! તે ભક્તિનો આનંદ એમના મુખ પર સદાકાળ તરવરતો રહેતો.

કૃષ્ણચરણદાસજી પોતાના શિષ્યમંડળને હંમેશાં સેવાધર્મનો ઉપદેશ આપતા અને કહેતા : 'સ્વામિનારાયણના સંતોએ સેવા કરવી એ જ તેમનો જીવનમંત્ર છે.' તેઓ બ્રાહ્મમુહૂર્તમાં સૌને ઊઠાડતા અને સ્વસ્તિક આસન વળાવી શ્રીહરિમાં ધ્યાન-નિમગ્ન થઈ જવાનો ઉપદેશ દેતા.

તેમના મંડળમાં અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાવાળા એક વૃદ્ધ અને અપંગ સાધુ ધર્મજીવનદાસ રહેતા હતા. તેમની સેવા ઝીણા ભગતને સોંપી. ઝીણા ભગતે તે સેવા અત્યંત પ્રેમપૂર્વક કરવા માંડી. તેમને સ્નાન કરાવે, પૂજા પાથરી દે, જમાડે, પથારી કરી આપે અને પગ દાબે. તેમની સર્વ પ્રકારની સેવા વિનયપૂર્વક કરે. આથી ધર્મજીવનદાસે પ્રસન્ન થઈને ઝીણા ભગતને અંતરના આશીર્વાદ આપ્યા. કૃષ્ણચરણ સ્વામીની પાસે તેઓ ઘણી વાર ઝીણા ભગતની દાસત્વ-ભક્તિની પ્રશંસા કરતા.

તે વખતે જૂનાગઢ મંદિરમાં પાર્ષદોને સભામંડપ તથા ચોક વાળવો, વાસીદું વાળવું, મંદિરની ગાયો-ભેંસો ચરાવવા જવું અને તેની સેવા કરવી, ખડ વાઢી લાવવું, દાતણ કાપી લાવવાં, પડિયાં-પતરાવળાં બનાવવાં, રેંટ ફેરવવો, વાસણ માંજવાં, ચોકો સાફ કરવો તથા દળવું, લીંપવું વગેરે અનેક પ્રકારની સેવા બજાવવાની રહેતી. જૂનાગઢના સદ્‌ગુરુઓને પ્રસન્ન કરવા પાર્ષદો આ બધી સેવા શ્રદ્ધા અને પ્રેમપૂર્વક કરતા. ઝીણા ભગત બીજા પાર્ષદોની જોડમાં મંદિરની ગાયો-ભેંસો ચારવા જતા અને સંધ્યા સમયે પાછા ફરતા ત્યારે ચારસો દાતણ સંતો, પાર્ષદો અને હરિભક્તો માટે કાપી લાવતા. વળી, સવારે વાસીદું વાળવું તથા છાણા થાપવાં - આ બે ક્રિયા પણ આ સેવાની સાથે જ એમણે ઉપાડી લીધી હતી. છ માસ સુધી એમણે સેવા કરીને ગુરુને પ્રસન્ન કર્યા.

જૂનાગઢના મહંત બાલમુકુંદદાસજી તથા કૃષ્ણચરણદાસજીનાં અંતરમાં એક જ અભિલાષા નિરંતર રહેતી, સત્સંગ કેમ વૃદ્ધિ પામે ? તેથી મોટેભાગે તેઓ ગામડામાં જ વિચરતા અને સત્સંગની અભિવૃદ્ધિ કરતા. ઝીણા ભગતને પણ સ્વામીશ્રી સેવામાં સાથે લઈ જતા. ઠંડી, ગરમી કે વરસાદનાં દુઃખદાયક કષ્ટો ગણ્યા વિના ઝીણા ભગત સેવા-ભક્તિમાં મોખરે જ રહેતા. પોષ મહિનાની કડકડતી ઠંડીમાં તેઓ પાણીનાં માટલાં આખી રાત ખુલ્લામાં મૂકી, હીમ જેવા એ ઠંડા પાણીથી વહેલી સવારે નાહી લેતા. જે ગામે ઝીણા ભગત પહોંચે ત્યાં તરત જ પહેલાં મંદિરનો સભામંડપ તથા ચોક વાળી-ઝૂડીને સાફ કરી નાખે, પાયખાનાં તથા લઘુના ખાડા ધોઈ નાખે. બપોરે વાસણ માંજવા બેસી જાય. નવરાશના સમયમાં સ્વામીની વાતો તથા ભક્તચિંતામણિનાં કેટલાંક પ્રકરણો મોઢે કરે. સ્વામીની ત્રીજા પ્રકરણની વાતો તથા ભક્ત-ચિંતામણિનાં કેટલાંક પ્રકરણો આ વિચરણ દરમ્યાન એમણે મોઢે કર્યાં હતાં.

રાત્રિની સભામાં કૃષ્ણચરણદાસ સ્વામી બોલવાની આજ્ઞા કરે ત્યારે ધાણી ફૂટે તેમ કડકડાટ બોલે અને સંતો, હરિભક્તોને મુગ્ધ કરી દે. ઝીણા ભગતને કીર્તનો પણ એટલાં જ કંઠસ્થ. પ્રભુભક્તિમાં રત બનીને તેઓ ડોલવા લાગી જતા. ઝીણા ભગતના મુખેથી કીર્તનો સાંભળવાં એ અલૌકિક લહાવો હતો. વળી, ઝીણા ભગત *'સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું રે...'* એ નિષ્કુળાનંદ સ્વામીનાં પદો બોલતા ત્યારે કૃષ્ણચરણદાસજી તેમના ઉપર અત્યંત પ્રસન્ન થઈ જતા. ઝીણા ભગત ગુરુને રાજી કરવા આ પદો વારંવાર બોલતા.

ઉનાળાના દિવસોમાં ઝીણા ભગતને બાલમુકુંદદાસજીને પંખો નાખવાની

કૃષ્ણચરણ સ્વામીની આજ્ઞા હતી. બે માસ સુધી ઝીણા ભગતે બાલમુકુંદદાસ સ્વામી પોઢતા ત્યારે પંખો નાખવાની સેવા કરી. બાલમુકુંદદાસ સ્વામીએ આ નાનકડા ભક્તરાજના હીરને પારખી લીધું હતું.

સંવત ૧૯૬૫મા કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળને રાજકોટ પાસે સમઢિયાળા ગામે જવાનું હતું. ત્યાંના દરબારનું ગાડું સંતોને લેવા આવવાનું હતું. કોઠારિયા નાકાની બહાર ત્રિકોણિયા બગીચા પાસે સંતો તથા રાજારામભાઈ રાહ જોઈને બેઠા હતા.

ઝીણા ભગત મહારાજની આજ્ઞા પ્રમાણે કદી પણ વ્યર્થ કાળ નિર્ગમતા નહીં. તે બાબતનો બહુ ખટકો રાખતા. એટલે ઝીણા ભગત 'સ્વામીની વાતો' અને કંઠસ્થ કરેલાં કીર્તનો બોલ્યા અને ત્યાં ભગવદ્-ભક્તિમય વાતાવરણ ખડું કરી દીધું. સ્વામીને વિદાય આપવા આવેલા હરિભક્તો અને સાથે આવનારા સંતો સૌ સ્થળ અને કાળનું ભાન ભૂલી ગયા. કૃષ્ણચરણદાસ સ્વામી તો આ કિશોર પાર્ષદની વાણી સાંભળતાં મંત્રમુગ્ધ બનીને ડોલી રહ્યા હતા.

દોઢ કલાકે ગાડું આવ્યું ત્યારે જાણે સમાધિ તૂટી હોય તેમ સૌના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'વાહ ઝીણા ભગત, વાહ !'

શ્રીજીમહારાજ મધ્યના પચ્ચીસમા વચનામૃતમાં સેવાધર્મનું રહસ્ય સમજાવતાં કહે છે : 'જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં...'

ઝીણા ભગતના જીવનમાં આ વચનામૃતનું રહસ્ય સંપૂર્ણ વણાઈ ગયું હતું.

જૂનાગઢમાં કૃષ્ણસેવાદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી તથા નારણ-ચરણદાસ સ્વામી વગેરે સદ્‌ગુરુઓનાં આસને જઈને ઝીણા ભગતનો દંડવત્-પ્રણામ કરવાનો હંમેશનો નિયમ હતો. સૌની સેવા-પરિચર્યા કરવામાં ભગવાન સહજાનંદ સ્વામીની સેવાભક્તિ કર્યાનો આસ્વાદ તેઓ અનુભવતા. રામચરિતમાનસના *'સેવા ધર્મ કઠિન જગ જાના'* વચન મુજબ જે ધર્મ અતિ કઠોર વર્ણવાયો છે એ ધર્મ - સેવામાં ઓતપ્રોત બનેલા ઝીણા ભગત માટે કોમળ બની ગયો. એમની સેવા-ભક્તિની અતૂટ શ્રદ્ધા અને ઉત્સાહ જોઈને જૂનાગઢની ભરસભામાં કૃષ્ણચરણદાસજીના મુખમાંથી શબ્દો સરી પડ્યા હતા : 'ઝીણા ભગત તો મોટા સદ્‌ગુરુ થશે એવાં એમનાં લક્ષણો છે. એમની સેવા-ભક્તિને ધન્ય છે !'

ગુણાતીત જ્ઞાનના જ્યોતિર્ધરોના સમાગમમાં

ઝીણા ભગતને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના મળેલા સંતો-હરિભક્તોનાં દર્શનની સદા તાણ રહેતી. કૃષ્ણચરણદાસજી ઝીણા ભગતના અંતરને જાણતા. તેથી એક વખત કુંકાવાવના મંદિરમાં ઝીણા ભગતને વાત કરી : 'રાજકોટમાં ગુણાતીતાનંદ સ્વામીને મળેલા ને તેમની સાથે રહેલા કૃષ્ણજી અદા રહે છે.' વળી, ભગવત્સ્વરૂપદાસે પણ વાત કરી.

આ સાંભળી ઝીણા ભગતને તેમનાં દર્શન કરવાની ઝંખના જાગી. એમની સંકલ્પશક્તિમાં અતુલ બળ હતું. એમના સર્વ મનોરથો તરત જ સિદ્ધ થતા. કૃષ્ણજી અદાનાં દર્શનના પ્રબળ સંકલ્પને અનુરૂપ સમય આવી પહોંચ્યો.

સંવત ૧૯૬૬માં કૃષ્ણચરણદાસજીના મંડળને રાજકોટ જવાનું થયું. આ ત્યાગીમંડળ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ સર્વોપરી નિષ્ઠાવાળું હતું, એટલે કૃષ્ણજી અદાએ પણ મંદિરમાં બે વખત આવવા વિચાર્યું. તેથી હંમેશના નિયમ પ્રમાણે તો કૃષ્ણજી અદા સાંજે ૬ વાગે મંદિરમાં દર્શને આવ્યા. ભગવત્સ્વરૂપદાસે ઝીણા ભગતને એકદમ બોલાવીને કહ્યું : 'સ્વામીએ વાત કરી હતી તે આ કૃષ્ણજી અદા. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મળેલા છે.'

ઝીણા ભગતે અત્યંત ભાવપૂર્વક અદાને દંડવત્-પ્રણામ કર્યા. તેમની સાથે પૂજાજી બાપુ, હરગોવિંદભાઈ, છગનલાલભાઈ, શેઠ મોરારજીભાઈ તથા રામજી મિસ્ત્રી વગેરે હતા. સૌનાં દર્શન કરી ઝીણા ભગત રાજી રાજી થઈ ગયા.

કૃષ્ણજી અદા રોજ સવારે કથામાં એક કલાક બેસે. સ્વામી કૃષ્ણ-ચરણદાસજી તેમની પાસે જૂની જૂની વાતો કરાવે. આ વાતો સાંભળીને સૌને આનંદ થતો. વળી, સાંજના ૬ વાગે ફરી સત્સંગ-કથાવાર્તાનો લાભ આપે. બધા એક રુચિવાળા અને એક નિષ્ઠાવાળા હતા, તેથી અદા શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી તથા ક્યારેક શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરતા.

બાળયોગી ઝીણા ભગતે આ અમૂલ્ય તક ઝડપી લીધી. એમણે કૃષ્ણજી અદાનાં દર્શન-સમાગમનો અલભ્ય લાભ લેવા માંડ્યો. કૃષ્ણચરણદાસ સ્વામી પોતાના દરેક શિષ્યને બપોરે ચાર વાગે બોલાવીને ચીકુ, કેરી, કેળાં વગેરે જે ફળો ઠાકોરજીને મેવામાં આવ્યાં હોય તે આપતા. ઝીણા ભગત પોતાનાં ભાગનાં ફળો સાચવી રાખે અને કૃષ્ણજી અદાનાં દર્શને જાય ત્યારે તેમનાં

ચરણે ધરે અને ગ્રહણ કરવા બે હાથ જોડીને તેમને આગ્રહ કરે. કૃષ્ણજી અદા આ સ્નેહાળ ભક્તરાજનાં વિનયી વચનોથી આનંદ પામી, ઠાકોરજીને ધરીને મેવો જમતા. કૃષ્ણજી અદા નિર્દોષબુદ્ધિની, સાધુના તથા હરિભક્તોના મહિમાની વાતો કરતા. તેમની ગરીબ પ્રકૃતિ તેઓની આ પ્રિય સાખીના શબ્દમાં વણાતી : *'નાને સે નાને હો રહીએ, જૈસી નાની દૂબ...'*

ઝીણા ભગતે આ સિદ્ધાંત જીવનમાં વણી લીધો હતો. એમણે સેવા-ભક્તિથી કૃષ્ણજી અદાની પ્રસન્નતા મેળવી.

સ્વપ્નમાં જાગાભક્તના દર્શન

ઝીણા ભગતને આ સમયમાં પૂજાજી બાપુ, મેરુભા બાપુ વગેરે મુક્તોનાં દર્શનનું તથા તેમની ગુણાતીત જ્ઞાનવાતો સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. કૃષ્ણજી અદાએ તથા પૂજાજી બાપુએ એમને સ્વામી જાગાભક્તના મહિમાની ઘણી જ વાતો કરી હતી તેથી ઝીણા ભગતને મનમાં વિચારો આવવા લાગ્યા : 'જાગાભક્ત સ્વામી કેવા મહાન હશે !'

મંદિરમાં જ્યાં જાળી હતી, ત્યાં ઝીણા ભગત સૂતા હતા. સંકલ્પ થયો તે રાત્રે સ્વપ્નમાં જાગાભક્ત સ્વામીએ એમને દર્શન આપ્યાં. જાગાભક્ત સ્વામીએ ધોળો ફેંટો માથે બાંધેલો અને ધોતિયું કછોટો મારી પહેરેલું. ઝીણા ભગતે ઊઠીને બે દંડવત્-પ્રણામ કર્યા. ત્યાં સ્વામી બોલ્યા : 'દંડવત્ રાખો.'

પછી ઝીણા ભગતે કહ્યું : 'સ્વામી ! મારા અંતરની ઇચ્છા પૂરી કરી દર્શન આપ્યાં, આપ કંઈક વાત કરો.'

ત્યારે તેમણે આધ્યાત્મિક જીવનની સફળતા જે સિદ્ધાંતો ઉપર નિર્ભર છે તે રહસ્ય સમજાવતાં કહ્યું : 'તમારે બે વાત રાખવી. સત્શાસ્ત્રનું વ્યસન અને સારા સાધુનો સંગ.' ઝીણા ભગતના અંતરમાં સદ્ગુરુનાં આ દિવ્ય સૂત્રો સોંસરાં ઊતરી ગયાં. મનોમન એમણે જાગાભક્ત સ્વામીને વારંવાર વંદન કર્યાં.

રાજકોટમાં સત્સંગની ઉષાનાં સુવર્ણ કિરણો ઝીલીને ઝીણા ભગતે કૃષ્ણચરણદાસજીના મંડળ સાથે જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું.

જન્મજાત ગુણગ્રાહક દૃષ્ટિ

કૃષ્ણચરણદાસ સ્વામી મંડળ લઈને ગામડે વિચરણ કરવા માટે નીકળ્યા. પાર્ષદ ઝીણા ભગત પણ સાથે હતા. ફરતાં ફરતાં મંડેર ગામે આવ્યા.

આ ગામમાં કેટલાક નાસ્તિક હતા. તેમણે છોકરાંઓને ચડાવ્યાં અને આ વાનરસેનાએ સંતો ઉપર છાણ, ધૂળ વગેરે નાખ્યું. ઝીણા ભગત પણ આમાંથી બાકાત ન રહ્યા. એમના માટે આ પ્રથમ જ અનુભવ હતો. આગળ ઉપર સહનશીલતાનું મૂર્તિમાન દૃષ્ટાંત બનનાર આ બાળજોગી પ્રથમ અનુભવમાં જ ધીર અને સ્થિર રહ્યા. સૌ નદીએ સ્નાન કરી બીજે ગામ જવા નીકળી ગયા.

રસ્તામાં અન્ય સંતો મંડેરના લોકો પર બળાપો કાઢવા માંડ્યા, ત્યારે ઝીણા ભગત કહે : 'સારું ને ! આપણું શરીર પ્રસાદીનું થયું !' એમ રાજી થઈને હસવા લાગ્યા. ત્યારે કૃષ્ણચરણદાસ સ્વામી બોલી ઊઠ્યા : 'ધન્ય છે ઝીણા ભગત ! મોટા મોટા પરમહંસોમાં જે સમજણ હતી તે તમારામાં છે.' પછી સંતોને કહે : 'આ ઝીણા ભગતમાં અવગુણ જોવાની દૃષ્ટિ જ નથી.' એમ કહી તેમણે ઝીણા ભગતને પાસે બોલાવીને ખૂબ રાજી થઈને આશીર્વાદ આપ્યા.

પ્રાણ સ્નેહીનું પ્રથમ દર્શન

માધવચરણદાસજીના ગુરુભાઈ મહાન ત્યાગીપુરુષ માધવપ્રિયદાસજીને આ અરસામાં લગભગ એકસો બે વર્ષ થયાં હતાં. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ વીતેલું તેમનું સમગ્ર જીવન સંપ્રદાયમાં સૌને માટે આદર્શરૂપ હતું. ત્યાગની સાથે સાથે સેવામાં પણ તેમનો જોટો જડવો મુશ્કેલ હતો.

જૂનાગઢમાં મંદિરની ધર્મશાળાના ચણતરની સેવામાં શરતચૂકથી તેઓ ઉપરથી પડી ગયા હતા અને પેટ ઉપર સખત વાગ્યું હતું. તેથી પેટમાં તેમને કાયમ દુખાવો રહેતો. આ દુખાવો ઊપડે ત્યારે કોઈ પેટ ઉપર ચડીને પગ વડે પેટ દાબે ત્યારે દુઃખ હળવું થતું. કૃષ્ણચરણદાસ સ્વામીની આજ્ઞાથી ઝીણા ભગત માધવપ્રિયદાસ સ્વામીની સેવા કરવા લાગ્યા. ઝીણા ભગતને પ્રેમભક્તિનું અંગ હોવાથી આવા મોટા સદ્‌ગુરુના પેટ ઉપર પગ મૂકીને પેટ દબાવવું તે એમને અવિનય લાગતો. તેથી બે હાથ વડે ખૂબ જ જોરથી પેટ ચોળતા. છ માસ સુધી સવાર-સાંજ ઝીણા ભગતે આ મહાન પુરુષની સેવા ભક્તિપૂર્વક કરી.

આ દિવસો દરમિયાન માધવપ્રિયદાસ સ્વામીએ પણ ઝીણા ભગતમાં રહેલી અનેકવિધ પ્રતિભા, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ નિષ્ઠા અને ભક્તિભાવનાને નિહાળી લીધી. ઝીણા ભગત તેમના પ્રિયપાત્ર બની ગયા.

માધવપ્રિયદાસ સ્વામીને શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તનકાર્ય વ્યાપક બને એવી મહેચ્છા રહેતી. એ અદ્‌ભુત કાર્યની મશાલ સ્વામી યજ્ઞપુરુષદાસજીએ

વરતાલમાંથી બહાર નીકળી ચેતાવી હતી. યજ્ઞપુરુષદાસજી જૂનાગઢમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ માધવપ્રિયદાસ સ્વામી એમની પ્રતિભામાં અંજાયા હતા. એમના પ્રત્યે તેમને અત્યંત પ્રીતિ થઈ હતી. વળી, તેઓ ભગતજી મહારાજ તથા જાગાભક્ત સ્વામીના પણ અત્યંત કૃપાપાત્ર હતા, એ વાત પણ તેઓ જાણતા હતા. યજ્ઞપુરુષદાસજીની વિદ્યાભ્યાસની તેજસ્વી કારકિર્દી તેમજ અક્ષર-પુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનની ધગશ તેમણે ઝીણા ભગતને કહી સંભળાવી હતી. ત્યારથી જ ઝીણા ભગતના અંતરમાં આ વિરલ વિભૂતિનાં દર્શનની ઝંખના જાગી હતી. અતૂટ બળ ધરાવતી એમની સંકલ્પશક્તિ શાસ્ત્રીજી મહારાજને રાજકોટમાં ખેંચી લાવી.

યોગાનુયોગ કૃષ્ણચરણદાસ સ્વામીનું મંડળ રાજકોટ આવી પહોંચ્યું. શાસ્ત્રીજી મહારાજના આગમનના સમાચાર મળતાં મળસ્કે ચાર વાગે રાજકોટ મંદિરમાંથી ત્રણ સંતો આજી નદીમાં સ્નાન કરવાને બહાને કૃષ્ણજી અદાને ઘરે શાસ્ત્રીજી મહારાજનાં દર્શને ગયા. ઝીણા ભગત પણ સાથે હતા.

શાસ્ત્રીજી મહારાજ પરોઢિયે જાગ્યા, ત્યારે જાદવજીભાઈએ ખબર આપ્યા કે સતો દર્શને આવ્યા છે. સૌએ દંડવત્-પ્રણામ કર્યા અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ફેરવેલી માળા તથા એમની પ્રસાદીની તુંબડી શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરી. શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થયા. કૃષ્ણજી અદાએ સંતોને શાસ્ત્રીજી મહારાજનો પરિચય કરાવ્યો. શાસ્ત્રીજી મહારાજની સર્વતોમુખી પ્રતિભા જૂનાગઢી સંતોને અમૃત-મેઘની વર્ષા સમી અદ્‌ભુત લાગી. શાસ્ત્રીજી મહારાજ તો અક્ષરપુરુષોત્તમ મહાપ્રભુની સ્વરૂપનિષ્ઠાના ધારક હતા.

શ્રાવણ સુદિ સાતમનો એ શુભ દિવસ હતો.[૧૧] પ્રથમ દર્શન અને મિલને ઝીણા ભગતનાં નયનોમાંથી પ્રેમલધારા વહેવા લાગી. એમના રોમેરોમમાં અગણિત સૂરાવલિઓના તાલે તાલે શાસ્ત્રીજી મહારાજના નામનું દિવ્ય ગીત ગુંજી ઊઠ્યું.

ઝીણા ભગતની પ્રતિભા અકલિત હતી. એમના હૃદયમાં પ્રેમભક્તિનો પ્રશાંત મહાસાગર ઘૂઘવતો હતો. એ તો એ જ્ઞાનમૂર્તિના ચિત્રમાં ભક્તિકલાના વિવિધ રંગોના પૂરક બની જવાના હતા.

શાસ્ત્રીજી મહારાજ તથા આ બાળયોગીનું મિલન એટલે ધરતીની અને તેની ઉપર વસતી તમામ જીવસૃષ્ટિની પરમ સૌભાગ્યની મધુર ઘડી !

---

૧૧. સવત ૧૯૬૬, તા. ૧૨-૮-૧૯૧૦, શુક્રવાર.

જૂનાગઢી સંતો શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં કોઈ અવર્ણનીય સુખનો અનુભવ કરીને મંદિરે પાછા ફર્યા ત્યારે સૂર્ય પણ આ દર્શનથી તૃપ્ત થઈને અર્ઘ્ય આપી રહ્યો હોય તેમ આકાશને ઉષાના રંગે રંગી રહ્યો !

હાજડિયાળાનો ગરાશિયો ઊર્ધ્વરેખા ઓળખે છે

રાજકોટથી કૃષ્ણચરણદાસ સ્વામીને ગોંડળ, ઘોઘાવદર, રામોદ, બંધિયા વગેરે ગામોમાં જવાનું થતું. તેઓ સત્સંગની વૃદ્ધિ કરતાં કરતાં સરધાર પાસે હાજડિયાળા ગામમાં પધાર્યા. ગામમાં મંદિર ન હતું તેથી ચોરે ઉતારો કર્યો.

બપોરે કથા પછી સ્વામી પોઢી ગયા. ઝીણા ભગત પણ સેવામાંથી પરવારીને આડે પડખે થયા. એક ગરાશિયા હરિભક્ત સામુદ્રિક ચિહ્નના જાણકાર હતા. તે વખતે ઝીણા ભગતનાં ચરણોની રેખા તેમના જોવામાં આવી. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમને જોઈને ઝીણા ભગત બેઠા થઈ ગયા અને આવકાર આપ્યો. ત્યારે પેલા હરિભક્ત બોલ્યા : 'અહો ! તમે તો મહાન સદ્‌ગુરુ થશો, લાખો મનુષ્યો તમારા સાન્નિધ્યને ઝંખશે અને શ્રીજીમહારાજ તમારાથી એક ક્ષણ વેગળા નહીં રહે, તમારા ચરણમાં ઊર્ધ્વરેખા છે.'

આ શબ્દો સાંભળતાં જ ઝીણા ભગતે પોતાની પગની પાની ઢાંકી દીધી અને બોલી ઊઠ્યા : 'એવું ન બોલાય. હું તો સેવક છું અને મારા સદ્‌ગુરુ તો આ સ્વામી (કૃષ્ણચરણદાસ સ્વામી) છે.'

એમણે તે હરિભક્તને વિનવીને આ વાત કોઈને ન કહેવા જણાવ્યું. પરંતુ પેલા હરિભક્તે કૃષ્ણચરણદાસ સ્વામીને વાત કરી ત્યારે સ્વામી હસતાં હસતાં બોલ્યા : 'એ ભગતનાં લક્ષણો એવાં જ છે. ઝીણા ભગત મારી બહુ સેવા કરે છે.' બાળપણથી જ મહાન છતાં તૃણથી પણ ફોરાં બનીને સેવામાં પ્રવૃત્ત રહેવામાં ઝીણા ભગત કોઈ અનિર્વચનીય સુખનો આસ્વાદ લૂંટતા હતા.

તપનો ઈશક

સેવા અથવા દાસત્વભક્તિનું અદ્‌ભુત પદ ઝીણા ભગતે પ્રાપ્ત કર્યું. એમના નામ પ્રમાણે 'ઝીણા' નાનામાં નાના બની રહેવાની એમની વૃત્તિથી, તપ અને ત્યાગની રુચિથી એમના પ્રત્યે સૌનાં અંતરમાં ભક્તિભાવ પ્રગટ થતો હતો.

કૃષ્ણચરણદાસજી મેંગણી દરબારના આગ્રહથી અન્નકૂટ ઉત્સવ દર સાલ મેંગણીમાં ઊજવતા. પરંતુ લોધિકા દરબારના પ્રેમભીના આમંત્રણથી સંવત

૧૯૬૭ની સાલનો અન્નકૂટ ઉત્સવ ઊજવવા તેઓ લોધિકા પધાર્યા. સાટા-જલેબીની રસોઈ હતી. તપની રુચિવાળા ઝીણા ભગતે તે દિવસે ઉપવાસ કર્યો. ઠાકોર સાહેબને ખબર પડી એટલે તેઓ આવ્યા. આ નવા વર્ષના મંગલ દિવસે ઉપવાસ ન કરાય - એવું ઝીણા ભગતને સમજાવ્યું અને ભોજન કરી લેવા આગ્રહ કર્યો, પરંતુ ઝીણા ભગતે પેટમાં દુખવાનું બહાનું બતાવ્યું અને જમ્યા નહિ. તેથી દરબારે કૃષ્ણચરણદાસજીને વિનંતી કરી કે આ નાના પાર્ષદને જમાડો. કૃષ્ણચરણદાસજીએ ઝીણા ભગતને જમી લેવા જણાવ્યું. ઝીણા ભગત પેલો જ પ્રત્યુત્તર આપી શાંત રહ્યા. આવાં સુંદર પકવાનો ત્યજીને ઝીણા ભગતે ઉપવાસ કર્યો હતો. કૃષ્ણચરણદાસજી પોતાના આ શિષ્યની ત્યાગ-ભાવનાથી અત્યંત પ્રસન્ન થયા. રાત્રે સૂતી વખતે ઝીણા ભગતને પોતાની પાસે બોલાવ્યા અને માથે બે હાથ મૂકી આશિષ આપ્યા. સૌ નાના સંતોને આવો તપનો ઈશક કેળવવાની વાત કરી.

લોધિકાથી પાછા ફરતાં કૃષ્ણચરણદાસજી ગોંડળ અક્ષરતીર્થનાં દર્શન કરીને અમરેલી જિલ્લામાં (ખારાપાટમાં) ચલાલા, મોટા ગોખરવાળા, નેશડી, નાના ગોખરવાળા, ચરખડી, ઓળિયા, વાંકિયા, આંકળિયા વગેરે ગામોમાં સત્સંગપ્રચારાર્થે પધાર્યા. ચલાલા પાસે કમી કેરાળામાં મંદિર ચણાતું હતું. તેમાં ઝીણા ભગતે અત્યંત સેવા કરીને ગુરુને પ્રસન્ન કર્યા. એવી જ રીતે ઓઢાના સમઢિયાળામાં મંદિરનો કૂવો બાંધવામાં આ નાનકડા પાર્ષદનો પ્રબળ પુરુષાર્થ હતો. આવી અનેકવિધ સેવા-ભક્તિ કરીને ઝીણા ભગત કૃષ્ણચરણદાસ સ્વામીને હંમેશાં રાજી કરતા.

ફરતાં ફરતાં કૃષ્ણચરણદાસ સ્વામી કુંકાવાવ આવ્યા. તેમની સાથે ત્રણ સાધુ અને બે પાર્ષદો હતા. તે પાર્ષદોમાં ઝીણા ભગત પણ હતા.

એ વખતે પાર્ષદોને આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવવા વડતાલ જવાનું હતું. ટિકિટભાડા તથા ખરચી માટેના પૈસા કૃષ્ણચરણદાસ સ્વામી કદી મંદિરમાંથી ન લેતા, પરંતુ પોતાના હેતવાળા હરિભક્તો પાસેથી લેતા. એવું મંદિરનું-ઠાકોરજીનું તેમને મમત્વ હતું. એ વખતે મંડળધારી ગુરુ હોય તે જ સેવા માગી શકે, નહીંતર સોય જેવી વસ્તુ જોઈતી હોય તોપણ સાધુ-પાર્ષદથી હરિભક્ત પાસે માગી ન શકાય. ગુરુ પાસેથી માગીને લઈ શકાય. આવો ગુણાતીતાનંદ સ્વામીએ સાધુઓ માટે અસલથી ધારો પાડ્યો હતો. શામળભાઈ ગીગાભાઈએ સારી સેવા કરીને કૃષ્ણચરણદાસ

સ્વામીને રાજી કર્યા.

થોડા દિવસે આ મંડળ રાજકોટ આવી પહોંચ્યું. અહીં મૂળ નાપાડના વતની સ્વામી બાલમુકુંદદાસજીને[૧૨] શરીરે ગરમીનો રોગ થયો હતો. તેમને ખૂબ કષ્ટ પડતું. આ જોઈ ઝીણા ભગતનું હૈયું હલી ઊઠ્યું. અત્યંત નિષ્ઠાપૂર્વક તેમણે બાલમુકુંદદાસની શુશ્રૂષા કરી.

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજ રાજકોટ મંદિરે દર્શને આવ્યા. દર્શન કરી પાછા જતા હતા ત્યારે બહારની ચોકડીમાં ઝીણા ભગત બાલમુકુંદદાસજીને નવરાવી રહ્યા હતા. આ જોઈ શાસ્ત્રીજી મહારાજ તેમની નજીક આવ્યા. બાલમુકુંદદાસ તો એકદમ ઊઠી, જેમ તેમ શરીર લૂછી, દંડવત્ કરવા લાગ્યા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી : 'સ્વામી ! દયાળુ ! મુને પતનો રોગ થયો છે. દવા ઘણી કરી, પણ રોગ મટતો નથી.'

પછી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા 'તમે ગુજરાતમા આવો તો ચાણસદના વૈદ્ય મનસુખભાઈ પાસે તમારી દવા કરાવીએ. તમારો રોગ મટી જશે અને દેહક્રિયા થાય તેવું થઈ જશે.[૧૩]

ઝીણા ભગતે પણ દંડવત્ કર્યા. શાસ્ત્રીજી મહારાજે પલભર માટે આંખમાં આંખ પરોવી, મર્માળું હાસ્ય કરીને તેમને આશિષ આપી, વિદાય લીધી.

❀ ❀ ❀

---

૧૨. સાધુ બાલમુકુંદદાસ મૂળ ગુજરાતમાં આણંદ પાસે નાપાડ ગામના વતની. જ્ઞાતિએ પાટીદાર હતા. જૂનાગઢના સાધુ રઘુવીરચરણદાસ, વરતાલ સમૈયો કરી નાપાડ ગયા હતા. ત્યાં આ મુમુક્ષુને જોઈને તેમને થયું કે 'આ જો સાધુ થાય તો ત્યાગને દીપાવશે.' તેથી તેમને વૈરાગ્યની વાતો કરી પોતાની સાથે જૂનાગઢ તેડી ગયા.
જૂનાગઢ આવ્યા પછી એક દિવસ તેમને પૂછ્યું : 'ઘર યાદ આવે છે ?'
ત્યારે તેમણે કહ્યું, 'ના.'
અખંડ કથાવાર્તાથી તેમને ત્યાગની ખુમારી ચઢી ગઈ. સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી તથા વિજ્ઞાનદાસ સ્વામીના યોગમાં આવવાથી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ નિષ્ઠા સમજાઈ. એ પછી તેમણે સાધુની દીક્ષા લીધી.

૧૩. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લઈને બાલમુકુંદદાસજી છ મહિના ચાણસદ રહ્યા હતા. વૈદ્યે દવા આપી. સ્વામીશ્રીના આશીર્વાદ હતા તેથી રોગમાં ઘણી રાહત થઈ. તેઓ પોતાની દેહક્રિયા જાતે જ કરી શકે, રસોઈ બનાવે, કીર્તન ગાય, સભામાં વાતો કરે એવું થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી સદાય સુખિયા થઈ ગયા.

ભાગવતી દીક્ષા



પાર્ષદના શ્વેત વસ્ત્રોમાં શોભતા ઝીણા ભગતને ભાગવતી દીક્ષા લેવાનો સમય હવે આવી ગયો. સ્વામી ચતુર્ભુજદાસજી સાથે ઝીણા ભગતને વડતાલ દીક્ષા અપાવવા માટે મોકલ્યા.

સંવત ૧૯૬૭ના ચૈત્ર સુદિ તેરસના સુવર્ણ પ્રભાતે[૧૪] આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજે ઝીણા ભગતને ભાગવતી દીક્ષા આપી. સેવા અને ભક્તિએ યુક્ત જ્ઞાનથી રંગાયેલા ઝીણા ભગતનું નામ 'જ્ઞાનજીવનદાસ' આપવામાં આવ્યું. એ વખતે જૂનાગઢના અગિયાર પાર્ષદોને સાથે દીક્ષા આપવામાં આવી હતી.

વરતાલમાં દીક્ષા સમારંભ પૂરો થયો. પછી જૂનાગઢી નવદીક્ષિત સંતો પાછા ફરતાં અમદાવાદ નરનારાયણના મંદિરે દર્શન માટે રોકાયા.

બીજે દિવસે શ્રીજીમહારાજની પ્રસાદીની અડાલજની વાવનાં દર્શન કરવા અને સ્નાન કરવા, સાત ગાઉ ચાલીને જવાનો આ મંડળના સર્વે સંતોએ સંકલ્પ કર્યો. સાંજે પાછા ફરવાનું હતું.

એ જ દિવસે જ્ઞાનજીવન સ્વામી તથા જોડિયા સાધુ હરિપ્રસાદ સ્વામી (જૂનાગઢના ભંડારી સ્વામી)એ ઉપવાસ કર્યો હતો. બપોરે સૌ સંતો દૂધની પૂરી, અથાણું વગેરે લઈ વાવ ઉપર જમવા બેઠા ત્યારે સૌને આ બંને સાધુના ઉપવાસની જાણ થઈ. બધાંએ જમી લેવા ઘણું સમજાવ્યું પણ આ બંને તપસ્વી સાધુઓ તો અતિ ઉત્સાહમાં હતા. તેમાં પણ 'જ્ઞાનજી' સ્વામી તો ઉપવાસમાં આટલું ચાલ્યા પછી પણ થાકનું નામ-નિશાન ન હોય તેમ એવા ને એવા જ પ્રફુલ્લિત હતા.

તે દિવસે સૌ આવવા-જવાના ચૌદ ગાઉ ચાલ્યા. તેમાં આ બે સંતોને

---

૧૪. તા. ૧૧-૪-૧૯૧૧, મગળવાર.

નિર્જળા ઉપવાસ ! અમદાવાદના મોટા મોટા સદ્‌ગુરુઓ તથા સાધુ, બ્રહ્મચારીઓએ આ વાત જાણી ત્યારે સૌ આવા નાના સાધુઓના તપના તેજથી અંજાયા અને જૂનાગઢના આવા વૈરાગ્યવાન સાધુઓની પ્રશંસા કરવા લાગ્યા.

મૂળીના સદ્‌ગુરુ નાના સાધુની ધ્યાનમુદ્રામાં મુગ્ધ

જૂનાગઢી સંતમંડળ અમદાવાદથી મૂળી દર્શને આવ્યું. નાના સંતોને જુદાં જુદાં મંદિરોનાં દર્શન થાય અને તીર્થયાત્રા થાય, એ હેતુથી મંડળના મોવડી ચતુર્ભુજ સ્વામીએ આ યાત્રા ગોઠવી હતી.

એ વખતે શ્રીજીમહારાજના વખતના તદ્રૂપાનંદ સ્વામીના શિષ્ય હરિનારાયણ સ્વામી મૂળીમાં રહેતા. જૂનાગઢના બાલમુકુંદદાસ સ્વામી સાથે તેમને ઘણું હેત હતું. તેઓ આ નવદીક્ષિત સંતોને મળીને બહુ રાજી થયા.

વહેલી સવારે કથામાં આ નવા થયેલા જૂનાગઢના સાધુઓને તેમણે પ્રશ્નો પૂછ્યા. જ્ઞાનજીવન સ્વામીને પૂછ્યું : 'જૂનાગઢમાં સ્વામીએ શું શીખવ્યું છે ?'

જ્ઞાનજીવન સ્વામી તરત સ્વસ્તિક આસન વાળી ધ્યાનમાં બેસી ગયા. યોગધારણાના અંગરૂપ આ ધ્યાનમુદ્રા સાથેનું નાના સાધુનું દર્શન તેમને અલૌકિક લાગ્યું. તેથી બહુ રાજી થયા. પછી કીર્તન બોલવાનું કહ્યું. તરત જ્ઞાનજીવન સ્વામીએ કીર્તન ઉપાડ્યું. એમનો રાગ અને હલક સાંભળીને તેઓ વિશેષ રાજી થયા. અને આશીર્વાદ આપ્યા. અને ચતુર્ભુજ સ્વામીને કહે : 'તમે નાના સાધુઓને સારા તૈયાર કર્યા છે.' એમ કહી ઘણી પ્રાસાદિક વાતો કરી.

જૂનાગઢના 'જોગી'નો વારસો

પોતાના સુંદર નામ જ્ઞાનજીવનદાસને અનુરૂપ 'दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद् ब्रह्ममयं जगत्।' એ સૂત્ર અનુસાર નિર્મળ હૃદયના આ નાના સાધુ સર્વેને બ્રહ્મદષ્ટિથી જ નીરખતા હતા.

એ સમયે જૂનાગઢના સંતોની ત્યાગ-વૈરાગ્યની છટા બંને દેશોમાં અતુલનીય અને પ્રશંસાપાત્ર હતી. જ્ઞાનજીવન સ્વામીએ પણ ભગવાનની પ્રસન્નાર્થે આકરી તપ-સાધના આરંભી, કડક વ્રતપાલનમાં બબ્બે દિવસે ઉપવાસ કરવાનું શરૂ કર્યું. ચાતુર્માસમાં તપ્તકૃચ્છ, ચાંદ્રાયણ, ધારણાં-પારણાં આદિ વ્રત અતિ ઉત્સાહથી શરૂ કર્યાં. કોઈની પાકી રસોઈ છે, એવી ખબર પડે ત્યાં નિર્જળ ઉપવાસ કરી નાખે. વળી, દૂધ તો પીતા જ નહિ. ઘીનો છાંટોય ન લેતા.

મિષ્ટાન્ન ઉપર તો રુચિ જ નહિ. રોટલો, દાળ, છાશ વગેરે સાદું ભોજન ભગવાનને સંભારીને જમી લેતા. કંતાનનું આસન કરીને હાથનું ઓશિકું રાખી સૂતા. શ્રીજીમહારાજની પ્રસન્નતા પણ આવા નિષ્કામી તપસ્વી પર જ ઊતરે છે.

ગઢડા અંત્ય પ્રકરણના વચનામૃત ૧૧ પ્રમાણે તપ અને નિયમો દ્વારા જ્ઞાનજીવન સ્વામીએ યુવાવસ્થાના પ્રારંભથી જિતેન્દ્રિયપણું સિદ્ધ કર્યું હતું. બ્રહ્મચર્યના ઓજસથી તેઓ ઓપતા હતા. અસીમ તપને લીધે જૂનાગઢની સંતમંડળીમાં એમને 'જોગી' એવા લાડીલા નામથી સૌ બોલાવવા લાગ્યા. જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામીની ઉજ્જ્વલ પરંપરાગત જ્યોત હજીય અખંડ જલતી હતી ! તેઓ ઘણી વખત કહેતા : 'અમે કાંઈ હઠયોગ સિદ્ધ કર્યો નથી. યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરે કર્યાં નથી. પણ જૂનાગઢમાં અમે બહુ તપ કરતા, તેથી સૌ 'જોગી' કહીને બોલાવતા.'

વૈરાગ્યના રંગે રંગાયેલા આ 'જોગી'એ સેવાને જીવનમંત્ર બનાવ્યો હતો. દીક્ષા લઈ જેવા તેઓ જૂનાગઢ પહોંચ્યા કે પૂર્વવત્ અનેકવિધ સેવાઓ અતિ ઉત્સાહથી શરૂ કરી દીધી. દેહને વાટી નાખવાની અને આત્મનિષ્ઠાની ચરમસીમાએ પહોંચી, ઈશકથી સેવા કરવાની તેમની શ્રદ્ધા જોઈ જૂનાગઢી સદ્‌ગુરુઓ નાનકડા 'જ્ઞાનજી' સ્વામીમાં કોઈ વિશ્વવિભૂતિ જોઈ રહેતા.

કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં જ્ઞાનજીવન સ્વામીની સાથે ભંડારી સાધુ હરિપ્રસાદ પણ હતા. જ્ઞાનજીવન સ્વામીએ ભંડારની ક્રિયા શીખી લેવા વિચાર્યું અને હરિપ્રસાદ સ્વામી પાસે જઈ વિનંતી કરી : 'સ્વામી ! મને બધી રસોઈ શીખવો.' હરિપ્રસાદ સ્વામીને સામે ચાલીને આવા સાધુ રસોઈ શીખવા આવે તે બહુ ગમ્યું અને ઘણા ટૂંકા ગાળામાં જ્ઞાનજીવનદાસ સ્વામીએ તેમની પાસેથી ઘણી રસોઈ શીખી લીધી.[૧૫]

બાળમિત્રોનું કુતૂહલ

આમ, ભંડાર કરવાથી માંડી નાની-મોટી તમામ સેવાની સાથે ગામડે

૧૫. વર્ષો પછી યોગી મહારાજ જ્યારે જૂનાગઢ દર્શને જતા ત્યારે દરેક સંતને આસને મળવા જતા. હરિપ્રસાદ સ્વામીને પણ ખાસ મળતા. તેઓ કહેતા : 'સ્વામી ! યાદ છે ને ! રસોઈ શીખવી હતી !'
યોગીજી મહારાજ હસીને તાળી પાડીને બોલતા : 'હા સ્વામી ! યાદ છે, કેમ ભૂલાય !' યોગી મહારાજ ભક્તો પાસે ભેટ મુકાવીને તેમને રાજી કરતા.

વિચરણ પણ સતત ચાલુ રહેતું.

અમરેલી જિલ્લાનાં ગામોમાં ફરતા આ મંડળને ધારીના હરિભક્તોએ તેડાવ્યું. તેથી કૃષ્ણચરણદાસ સ્વામી અને સંતો કુંકાવાવ આવ્યા. અહીંથી ધારી જવાનું હતું, પરંતુ ત્યાગીના નિયમ અનુસાર પોતાના જન્મ સ્થાનમાં તો જવાય નહીં, તેથી જ્ઞાનજીવનદાસ સ્વામી જોડમાં એક સાધુ લઈ જૂનાગઢ પાછા ગયા અને કૃષ્ણચરણદાસ સ્વામી મંડળ સાથે ધારી પધાર્યા.

એ વખતે મંદિર સામેની જ ખડકીમાં રહેતા જ્ઞાનજીવનદાસ સ્વામીના પૂર્વાશ્રમના મિત્રો પોપટ રાયચંદ, માવજી તથા દુર્ગાશંકર વગેરે કૃષ્ણચરણદાસ સ્વામીનાં દર્શને આવ્યા. સૌની ઓળખાણ કરી કૃષ્ણચરણદાસ સ્વામીએ રાજી થકા સૌને આશીર્વાદ આપ્યા. પછી કહે : 'તમારા ઝીણા ભગત તો હવે સાધુ થઈ ગયા અને 'જ્ઞાનજીવનદાસ' નામ ધારણ કર્યું છે. અમારી બહુ સેવા કરે છે.'

આ સાંભળી મિત્રોએ કુતૂહલવશ પૂછ્યું : 'સ્વામી ! ઝીણો ક્યાં છે ?' નવું નામ કોઈને જલદી મોઢે ચડ્યું નહીં.

ત્યારે ચતુર્ભુજ સ્વામીએ કહ્યું : 'જેમ દરજી સીવવાનું કામ કરે, વાણિયો વેપારનું કામ કરે છે, તેમ ભગત હવે ભગવાનનું કામ કરે છે અને જૂનાગઢમાં રહે છે.'

'પણ સ્વામી, અમને તેના વગર સોરવતું નથી.' મિત્રોએ કહ્યું.

ત્યારે કૃષ્ણચરણદાસ સ્વામી બોલ્યા : 'અમારાથી બે દિવસ છૂટા પડ્યા છે, પણ એમના હેતાળ સ્વભાવ અને સેવા-ભાવનાથી અમને પણ સૂનું સૂનું લાગે છે.'

સૌને ઝીણાને મળવાની ઇચ્છા હતી પરંતુ એ વખતે નાના કિશોરોથી જૂનાગઢ પહોંચવું કઠણ હતું. ચાલીને કુંકાવાવ સુધી જવું પડે. પછી ટ્રેઇનમાં બેસવું પડે. ઘરની બહાર પગ નહીં મૂકેલા કિશોરોને બધું અજાણ્યું અજાણ્યું લાગે. તેથી ભવિષ્યમાં ફરી ક્યારેય ઝીણાને મળીશું, બાળપણની સ્મૃતિ કરીશું અને તેને સાધુના વેશમાં જોઈને પગે લાગીને આશીર્વાદ લઈશું - એમ સૌએ મન વાળ્યું.

દુર્ગાશંકર બોલ્યા : 'ઝીણો તો સાધુ થઈને સંસારથી ઉદાસ થઈ ગયો હશે. તેથી હવે તો ઈ પહેલાં જેવો આનંદી નહીં હોય. તપ-ત્યાગ કરીને આપણી નિશાળના પેલા વડલા નીચે ધ્યાનમાં બેસી જતો તેમ ધ્યાનમાં બેઠો હશે તો આપણને બોલાવશે પણ નહીં.'

પોપટ રાયચંદ કહે : 'ના, ના, અલ્યા, એવું હોય ! એવું કેમ બોલે છે ? ઝીણો તો પહેલેથી આનંદી સ્વભાવનો છે. બહુ ગમતી, વાતવાતમાં કૂદે, નાચે અને પોતે હસે અને ભેળા બધાંયને હસાવે. તે ઝીણો ઉદાસ કેવી રીતે બની જાય ?'

આવાં સંસ્મરણો તાદશ્ય થતાં સૌ બાળમિત્રો ભીની આંખે જૂનાગઢ ભણી મોં રાખી અલક્ષ્યમાં દૃષ્ટિ ઠેરવી દેતા. જાણે હમણાં તેમનો 'ઝીણો' સાદ દઈને બોલાવશે ! કૃષ્ણચરણદાસ સ્વામી પણ વિચારવા લાગ્યા કે ઝીણા ભગતમાં આ બધાંએ એવું તે શું જોયું છે કે એમની પાછળ ઘેલા થયા છે ! જ્ઞાનજીવન સ્વામીના ગુણ ગાતાં થાકતા નથી.

બે દિવસ ધારીમાં કથાવાર્તાનો લાભ આપી કૃષ્ણચરણદાસ સ્વામી જૂનાગઢ પધાર્યા.

સાત સમેલિયા

થોડા સમય પછી ફરી તેમના મંડળને કુંકાવાવથી આમંત્રણ આવ્યું તેથી તેઓ કુંકાવાવ આવ્યા. નવદીક્ષિત જ્ઞાનજીવન સ્વામી સાથે હતા.

એ વખતે પિત્તળના વાસણનું ચલણ હતું. જ્ઞાનજીવનદાસ સ્વામીને વાસણને કલાઈ કરવાનું પણ સારું ફાવતું. શામળભાઈના પુત્ર ભગવાનભાઈ જોઈતી ચીજવસ્તુ લાવી આપે, વળી ધમણ પણ ફૂંકે અને જ્ઞાનજીવન સ્વામી કલાઈ કરતા જાય, ભજન કરતા જાય અને દરેક વાસણ કલાઈ કરીને ભગવાનભાઈને બતાવે. પછી પૂછે : 'કલાઈ કેવી થઈ ? સ્વામી રાજી થાશે ને ?'

જ્ઞાનજીવન સ્વામીના અંતરમાં તો ગુરુને રાજી કરવાની જ એક તમન્ના હતી. તેથી એમની સર્વ ક્રિયા ભક્તિરૂપ બની હતી. કૃષ્ણચરણદાસ સ્વામી વાસણ હાથમાં લઈને ચારે તરફ ફેરવીને જોતા, ચતુર્ભુજદાસ સ્વામી તથા મંડળના સાધુઓને દેખાડતા અને જ્ઞાનજીવન સ્વામીની પ્રશંસા કરતાં કહેતા : 'જ્ઞાનજી તો સાત સમેલિયા છે. બધી ક્રિયા શીખી લે. એકેય ક્રિયામાં પાછા ન પડે. ભગવાન અને સંતને રાજી કરતાં બહુ આવડે.'

જ્ઞાનજીવન સ્વામી ભગવાનભાઈને વાસણ ઊટકવાનું પણ શીખવતા. વાસણ ઊટકવાં એ પણ એક ભક્તિ છે અને તેથી જ તે કળા પણ છે. તેમાંયે સ્વચ્છતા અને શુદ્ધભાવ જરૂરી છે. આમ, સર્વ પ્રકારની સેવામાં તૈયાર, થાકનું નામનિશાન નહીં. વળી, મુખ પર સદાય રમી રહેલા નિર્દોષ હાસ્યથી જ્ઞાનજીવન સ્વામીના શબ્દેશબ્દમાં ભાવ છલકાતો.

રાત્રે જમ્યા પછી કહેતા : ‘હાલો, ભગવાનભાઈ ! વાસણ ઝપાટામાં ઊટકી નાખીએ. પછી કથા અને ચેષ્ટામાં પુગી જઈએ, તો સ્વામી બહુ રાજી થઈ જાય.’

જ્ઞાનજીવન સ્વામી સાથે ભગવાનભાઈને બહુ આનંદ આવતો. બંને એઠાં વાસણ પાણીથી ધોઈ, સાફ કરી ઢગલો કરે, પછી ઝડપથી ઊટકવા માંડે. ચોખ્ખા ગાળેલા બે પાણીથી ભગવાનભાઈ સાફ કરવા લાગે. પછી સારી રીતે સાફ કરેલી છીપર ઉપર ઊંધાં મૂકી દે.

રાત્રે ચેષ્ટા પછી આ સૂકાયેલાં વાસણ યથાસ્થાને ગોઠવીને પછી જ જ્ઞાનજીવન સ્વામી સૂતા.

સંતો માટે ભગવાનભાઈ જુદા જુદા હરિભક્તને ઘરેથી સીધું લાવતા. કૃષ્ણચરણદાસ સ્વામી અને સંતોને જમાડીને મહેમાન હરિભક્તો હોય તે સૌને જમાડ્યા પછી ભગવાનદાસને પીરસીને જ્ઞાનજીવન સ્વામી પણ તેમની સાથે જમવા બેસતા. જમતા જાય અને તેમને આગ્રહ કરીને પીરસતા જાય. ‘કઢી લ્યો, કબાલા તોડી નાખે એવી, ખાતાં આંગળાં કરડી નાખીએ એવી બની છે. આજે તો વઘાર ચતુર્ભુજ સ્વામીએ કર્યો છે.’ એમ વાતો કરતાં કઢીનો વાટકો ભરી દેતા, રોટલા ને ખીચડી પીરસતા. અથાણું અથવા મરચાં હોય તે આપતા.

કેટલીક વાર ભગવાનભાઈ ઘરે જમવાનું કહે ત્યારે હેતથી કહે : ‘અહીં જમી લો ને ભાઈસા’બ, સ્વામીની પ્રસાદી ક્યાંથી મળે ? કાયમ ઘરે જમીએ જ છીએ ને ?’

જ્ઞાનજીવન સ્વામીનો આવો પ્રેમ જોઈને ભગવાનભાઈ ઘર ભૂલી જતા. માતા કરતાં અધિક વાત્સલ્ય જ્ઞાનજીવન સ્વામી વરસાવતા.

આમ, જ્યાં જ્યાં આ મંડળ જતું ત્યાં જ્ઞાનજીવન સ્વામીની સેવા-ભક્તિની અને નિર્મળ વાત્સલ્યની સુવાસ પ્રસરી જતી. ગામડાંઓમાં વિચરતું આ મંડળ ક્યારેક ગોંડળ ‘અક્ષર દેરી’એ દર્શને આવતું. માર્ગમાં રામોદ એક-બે દિવસ રોકાતું.

યોગનિદ્રાના ધારક

રામોદના વાળંદ ગુણાતીતાનંદ સ્વામીના વખતથી જ સંતોનાં મુંડન કરવા માટે પગે ચાલીને જૂનાગઢ જતા. તેના વંશજ નારણભાઈ વાળંદ રામોદમાં હતા. તેઓ મંદિરમાં સૂતા. વૃદ્ધાવસ્થાને કારણે તેમને નિદ્રા ઓછી આવતી અને

પથારીમાં લગભગ જાગતાં જ પડ્યા રહેતા.

સંતમંડળ ચેષ્ટા બોલી રહે, બધા હરિભક્તો ઘરે સૂવા જાય પછી કૃષ્ણચરણ સ્વામી ૧૧-૩૦ વાગે સૂતા. જ્ઞાનજીવન સ્વામી ફક્ત કોથળો પાથરી, ગાતરિયું ઓઢીને સૂઈ જાય. એકાદ કલાક થાય એટલે આસનમાં બેઠા થાય અને આજુબાજુ સૌ સૂઈ ગયા છે તે જોઈ ધ્યાનમાં બેસી જાય. ક્યારેક તો ઠેઠ સવાર સુધી ધ્યાનમાં બેસતા. પછી સવારે ૪ વાગતાં સંતો સાથે સ્નાન કરવા જતા. જ્ઞાનજીવન સ્વામીની ધ્યાનની આ ક્રિયા નારણભાઈ વાળંદ પોતાને અનિદ્રાનો રોગ હોવાથી પથારીમાં પડ્યા પડ્યા જોઈ રહેતા. બે દિવસ તેમણે આ પ્રમાણે જોયું. ત્યાર પછી કૃષ્ણચરણ સ્વામી તથા સંતો-હરિભક્તો સમક્ષ આ વાત કરી.

ત્યારે કૃષ્ણચરણદાસ સ્વામી બોલ્યા કે 'જ્ઞાનજી તો સિદ્ધદશાવાળા સંત છે. એમને તો સદા યોગનિદ્રા છે.'

જ્ઞાનજીવન સ્વામીનો એવો અપાર મહિમા તેમના ગુરુમુખેથી સાંભળી સૌને ખૂબ આશ્ચર્ય થયું.

❀ ❀ ❀

સરિતા સાગરને મળે છે



અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન જૂનાગઢમાં 'ખૂણિયું' થઈ ગયું હતું. મોટા મોટા સદ્‌ગુરુઓ પણ દ્વેષીઓના ઉપદ્રવથી સભામાં છડેચોક આ સનાતન જ્ઞાનનો બોધ આપવામાં અચકાતા.

આ અરસામાં સ્વામી શાસ્ત્રીજી મહારાજે આ જ્ઞાન-દીપકની જ્યોતને સમારી પ્રદીપ્ત કરી હતી. બોચાસણમાં અક્ષરપુરુષોત્તમ ભગવાનના ભવ્ય મંદિર પર લહેરાતી ધજાઓ એમના દિવ્ય કાર્યનો મહાન સંદેશો આપતી હતી. શાસ્ત્રીજી મહારાજે બોચાસણના મંદિરથીયે બીજા એક ભવ્ય મંદિર માટે દિવ્ય ભૂમિ સારંગપુરને નજરમાં રાખીને તેની રૂપરેખા દોરી લીધી હતી.

વડતાલ અને અમદાવાદ એ બંને દેશોમાં શાસ્ત્રીજી મહારાજના અદ્‌ભુત કાર્યનો મોટો પડઘો પડ્યો હતો. જૂનાગઢમાં એમના આ સંદેશાએ અક્ષર-પુરુષોત્તમના ઉપાસક સંતોનાં હૃદયમાં આ જ્ઞાનનો વિશેષ ઉદ્‌ઘોષ કરવા માટે ઉત્સુકતા જાગ્રત કરી હતી. તેની સૌથી પહેલી અસર કૃષ્ણચરણદાસજીના સંત-મંડળ ઉપર થઈ.

કૃષ્ણચરણદાસજીના આસને હંમેશાં અક્ષરપુરુષોત્તમની સનાતન ઉપાસનાના જ્ઞાનની જ વાતો થતી હતી. વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્‌સ્વરૂપદાસ સ્વામી, નાપાડના બાલમુકુંદદાસ સ્વામી, બળદેવચરણદાસ સ્વામી, જાદવ ભક્ત, રણછોડ ભક્ત વગેરે સ્વામીના આસને કથાવાર્તામાં આત્મા-પરમાત્માના આ સબીજ જ્ઞાનનું જ નિરૂપણ કરતા. સૌની સાથે નાના સાધુ સેવામૂર્તિ જ્ઞાનજીવન સ્વામી પણ આ શુદ્ધ સ્વરૂપનિષ્ઠામાં ઓતપ્રોત બની ગયા હતા.

આ સંતોનાં અંતર સ્વામી શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં ખેંચાવાં લાગ્યાં. અક્ષરપુરુષોત્તમ પ્રભુના જ્ઞાન-ભક્તિના દિવ્ય અનુભવનું સુખ લેવું હોય તો મહોબ્બત તોડી, શાસ્ત્રીજી મહારાજની પ્રવૃત્તિમાં ભળવું જ રહ્યું. આ

અંગેની વાટાઘાટ આ સંતમંડળમાં અંદર અંદર થવા લાગી અને અંતે ભીમ એકાદશી(જેઠ સુદિ અગિયારસ)ના સમૈયા પછી વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્સ્વરૂપદાસ સ્વામી આદિ સાત સંતોએ અહીંથી ચાલી નીકળવું એવો નિર્ણય લેવાયો. આ નિષ્ક્રમણના પ્રેરણાદાતા શાસ્ત્રીજી મહારાજ હતા. સેવામૂર્તિ જ્ઞાનજીવન સ્વામી પણ આ સાધુઓના મંડળમાં જોડાયા હતા. આ જ્ઞાનના પ્રવર્તક સમર્થ સંત શિરોમણિ શાસ્ત્રીજી મહારાજના શરણે જવા એમનું હૃદય ઝંખી રહ્યું હતું.

જેઠ સુદિ સાતમના શુભ દિવસે વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્સ્વરૂપદાસ સ્વામી, નાપાડના બાળમુકુંદદાસ સ્વામી, બળદેવચરણ સ્વામી, હરિજીવનદાસ સ્વામી, પ્રભુજીવનદાસ સ્વામી, જ્ઞાનજીવનદાસ સ્વામી તથા જાદવ ભક્ત, રણછોડ ભક્ત, નારણ ભક્ત આ સંત-પાર્ષદોએ મંદિરમાંથી નીકળવાનો ઠરાવ કર્યો. 'આવા પીઢ અને અનુભવી સંતો જૂનાગઢ મંદિર છોડીને ચાલ્યા જાય એ ઠીક નહીં' - એમ લાગવાથી ઘણા સંતોએ તેમને સમજાવ્યા, પણ સૌનો આ નિર્ણય મક્કમ હતો. વળી, જનારા સંતોમાં કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળના જ વધારે સંત-પાર્ષદો હતા. તેથી કૃષ્ણચરણદાસ સ્વામીએ પણ વિજ્ઞાનદાસ સ્વામીને તથા ભગવત્સ્વરૂપદાસ સ્વામીને કહ્યું : 'હમણાં આ વિચાર બંધ રાખો તો ઠીક.'

વળી, સૌથી નાના સાધુ જ્ઞાનજીવનદાસ પણ સાથે ચાલ્યા જવાના છે એ જાણીને તેમના અંતરમાં ઘણું દુઃખ થયું. આ નાના સાધુની અખંડ સેવાથી કૃષ્ણચરણદાસ એમને વશ થઈ ગયા અને જ્યારે જ્ઞાનજીવન સ્વામીએ તેમને એકાંતમાં મળીને પોતાનો શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં જવાનો નિર્ણય જણાવ્યો ત્યારે તેમણે પ્રેમપૂર્વક કહ્યું : 'જ્ઞાનજી ! તમે ન જાઓ, તમે સેવા-ભક્તિથી અમારાં સૌનાં અંતર જીતી લીધાં છે. જો તમે રહો તો શ્રીજી-મહારાજની પ્રસાદીના ઓગણીસ ચરણારવિંદની જોડ જે મારી પાસે છે તે તમને આપું !'

પરંતુ જ્ઞાનજીવન સ્વામીના અંતરમાં ક્યારે બોચાસણ જઈએ અને શાસ્ત્રીજી મહારાજને મળીએ એ મંથન શરૂ થઈ ગયું હતું. એમના અંતરમાં આ એક જ વાત ઘોળાતી હતી. તેથી ગુરુચરણે એમણે વિનમ્ર બનીને ફરી રજા માગી. આ નાના સાધુના મક્કમ નિર્ણયથી, કોઈ અંતઃપ્રેરણાથી કૃષ્ણચરણદાસ સ્વામીએ પોતાના આ સુકુમાર સાધુની કાયામાં પ્રકાશી રહેતો અદ્ભુત આત્મા

જોયો. શાસ્ત્રીજી મહારાજ જેવા સમર્થ ગુરુને શરણે આ સાધુ જશે તો જરૂર આમની સાધુતાનું ઓજસ પૂર્ણકળાએ ખીલી ઊઠશે અને એમના દ્વારા શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનો દિગ્વિજય થશે એમ તેમને લાગ્યું.

આ નાના સાધુનો બુદ્ધિપૂર્વકનો નિર્ણય તેમને સર્વથા યોગ્ય જ લાગ્યો. પોતે સહર્ષ સંમતિ આપી અને કહ્યું : 'તમે જાઓ તેમાં મારા અંતરના આશીર્વાદ છે અને ભગવત્સ્વરૂપદાસ સ્વામી પણ આવે છે, તે વૃદ્ધ અને અંધ સાધુ છે. વળી, જાગાભક્ત સ્વામીના કૃપાપાત્ર છે. તો તમે તેમની સેવા કરજો. તમે સેવાભાવી છો એટલે આટલું ભાતું બંધાવીએ છીએ.'

જ્ઞાનજીવન સ્વામીને મન ગુરુ પ્રસન્ન ચિત્તે રજા આપે અને વળી આવા સદ્ગુરુની સેવા સોંપે એ પરમ ભાગ્ય હતું. તેમણે કૃષ્ણચરણદાસ સ્વામીને તથા માધવપ્રિયદાસ સ્વામીને દંડવત્ કર્યા. માધવપ્રિયદાસ સ્વામીએ પ્રથમ શાસ્ત્રીજી મહારાજના અતિ અદ્ભુત મહિમાની વાતો એમને કરી હતી. તેમની સેવા અને કૃપાના ફળરૂપે જ પોતાને શાસ્ત્રીજી મહારાજનું સાન્નિધ્ય સાંપડશે એમ જ્ઞાનજીવન સ્વામી માનતા હતા. માધવપ્રિયદાસ સ્વામીએ ઘણા હર્ષથી જ્ઞાન-જીવન સ્વામીના મસ્તકે બે હાથ મૂક્યા અને શાસ્ત્રીજી મહારાજને જૂનાગઢમાં ભણતા અને ઊનાની પારાયણમાં સાથે બેસતા તે વાતની યાદ દેવરાવીને 'જય સ્વામિનારાયણ' કહેવરાવ્યા.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનું જેમને જ્ઞાન હતું તેમણે તો મૂક સંમતિ આપી, પરંતુ આ સંતો જૂનાગઢ મંદિર છોડે એવું તેઓ ઇચ્છતા ન હતા. જો કે સંતોનો નિર્ણય અફર હતો. તેથી કોઈ કાંઈ બોલ્યું નહીં. નારણદાસ સ્વામીના શિષ્ય નીલકંઠદાસ સ્વામીએ જ્ઞાનજીવન સ્વામીની પીઠ થાબડીને કહ્યું : 'તમેય નાના સાધુ અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવવા માટે શૂરવીર થઈને જવાના છો ! મારી આ કાર્યમાં પૂરી સંમતિ છે.'

નીલકંઠદાસ સ્વામી મેવાસામાં કૃષ્ણજી અદાનો સમાગમ કરવા જતા તેથી તેમને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના હતી.

આ અરસામાં જ બોચાસણથી શાસ્ત્રીજી મહારાજનો વિજ્ઞાનદાસ સ્વામી ઉપર પત્ર આવ્યો હતો : 'તમારે ત્યાં આ જ્ઞાન કરવા-સાંભળવામાં ઉપાધિ છે. તેથી તમારે અહીં આવવું હોય તો આવી શકો છો. જો તમારે કાંઈ મદદ જોઈતી હોય તો ત્યાં દીવાન કેશવલાલને વાત કરશો.'

શાસ્ત્રીજી મહારાજના આ પત્રથી આ મંડળને વધુ પ્રેરણા અને પુષ્ટિ મળ્યાં.

'અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન તમારે છડેચોક કરવું હોય તો બોચાસણમાં દ્વાર ખુલ્લું થયું છે. માટે બોચાસણ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પાસે તમે જાઓ,' એવા ઉત્સાહપૂર્વકના શબ્દોથી જૂનાગઢના સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજીએ પણ આ સંતોને પ્રેરણાનાં પીયૂષ પાયાં. ઉપાસનાની શુદ્ધિનો માર્ગ આ સાધુઓએ અપનાવ્યો એટલે ભવિષ્યમાં થનારા ઉગ્ર વિરોધમાં તેમણે તેમનાં જીવન હોડમાં મૂકી દીધાં. આ શુદ્ધ ઉપાસનાના સર્વતોભદ્ર કાર્યની સિદ્ધિ માટે તેમણે જીવન-ભરની સાધનાને પણ તુચ્છ માની. સમગ્ર સંપ્રદાય તેમનો વિરોધ કરશે એ તેઓ જાણતા હતા. છતાં કેવળ સ્વામીશ્રીજીની પ્રસન્નતા અર્થે જ રાધારમણ દેવની ગુલાબી શય્યા છોડી એ કાંટાળો તાજ તેમણે પહેરી લીધો. જો કે આ બધી તૈયારીમાં એક માસ વીતી ગયો.

એવામાં સ્વામી શાસ્ત્રીજી મહારાજે દીવાન સાહેબ કેશવલાલભાઈ ઉપર પણ પત્ર લખી તેમને જણાવ્યું કે 'સ્વામી વિજ્ઞાનદાસજી ત્યાં છે તે આપણા હેતવાળા છે, તો તેમને સુખદુઃખ હોય તો પૂછશો.'

દીવાન સાહેબ આ પત્ર મળતાં જ મંદિરે વિજ્ઞાનદાસ સ્વામીની ખબર પૂછવા આવ્યા. સૌ સદ્‌ગુરુઓ ભેગા થઈ ગયા. દીવાન સાહેબને દર્શન કરાવ્યાં. પછી સભામંડપમાં સિંહાસનની ઊંચે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ જોઈ દીવાન સાહેબ બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં ઘણો દાખડો કરી આ જ મૂર્તિ પધરાવી છે. આ મૂર્તિ પધરાવવા સારુ જ પોતે બહાર નીકળ્યા.'

દીવાન સાહેબના આ શબ્દોથી સૌને લાગ્યું કે આ તો શાસ્ત્રી યજ્ઞપુરુષ-દાસજીના હેતવાળા લાગે છે. પણ પોતે કાંઈ બોલી શક્યા નહિ. પછી તેમણે વિજ્ઞાનદાસજીના ખબર પૂછ્યા. વિજ્ઞાનદાસજી માંદા સાધુની ઈસ્પિતાલમાં હતા ત્યાંથી તેમને બોલાવ્યા. દીવાન સાહેબે તેમને કહ્યું : 'બોચાસણથી સ્વામી શાસ્ત્રીજી મહારાજનો પત્ર આવ્યો છે, તો તમારે કાંઈ કામકાજ હોય તો મને વાત કરજો.' એ પ્રમાણે કહીને તેઓ ગયા.

બીજે દિવસે સવારે દીવાન સાહેબે બે ઘોડાની બગી વિજ્ઞાનદાસ સ્વામીને તેડવા માટે મોકલી. વિજ્ઞાનદાસ સ્વામી એક સાધુને સાથે લઈને દીવાન સાહેબને બંગલે ગયા. અહીં આવી તેમણે દીવાન સાહેબને કહ્યું : 'અમારે શાસ્ત્રીજી મહારાજના મંડળ ભેગા ભળી જવા બોચાસણ જવું છે. તો મંદિરમાં કોઈ ઉપાધિ ન કરે તેવો બંદોબસ્ત કરી આપજો.'

તેમની આ વાત સાંભળી દીવાન સાહેબે કહ્યું : 'તમો ચિંતા ન કરશો.

મારા માણસને ચિઠ્ઠી લખી આપી હું મોકલીશ.'

આ રીતે દીવાન સાહેબની મદદથી આ સંતમંડળને તેમનાં પુસ્તકો, ચરણારવિંદની જોડ તથા બીજા જે તેમના પદાર્થો હતા તે મળી ગયા. બીજે દિવસે મળસ્કે નીકળવાનું તેમણે નક્કી કર્યું.

અષાઢ સુદ બારસ, મળસ્કે આ સાત સાધુઓનું મંડળ ખભે ઝોળીઓ ભેરવી, હાથમાં માળા લઈને નીકળ્યું. છેવટની વિદાય લેતા પહેલાં શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરી, તેમને અખંડ ભેગા રહેવા પ્રાર્થના કરવાની સૌ સંતોની તીવ્ર ઇચ્છા હતી. મંગળા આરતી તો ૫-૩૦ વાગે થતી અને તેમને વહેલા નીકળવાનું હતું. છતાં શ્રીહરિ સહાય કરશે એવી આશાથી સૌ ઉપર ગયા. બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજી ઠાકોરજીની સેવામાં હતા. તેમણે આ સાત સાધુના મંડળની દર્શનની વ્યાકુળતા જોઈ તરત જ પડદો ઊંચો કરી ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. સંતો દર્શન કરી રાજી થઈ ગયા. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં દર્શનથી અંતરમાં શાંતિ થઈ ગઈ. મહારાજ પણ મંદ મંદ હસતા જાણે કહેતા હોય કે 'સિધાવો સંતો, હું તમારા ભેગો અખંડ છું.' મહારાજની આ મૂક વાણીનો મર્મ જાણે સમજી લીધો હોય તેમ આ સંતમંડળ અંતરમાં દિવ્ય આનંદનો અનુભવ કરતાં શ્રીજીમહારાજની પ્રસાદીના રાધારમણ દેવનાં દર્શન કરી નીચે આવી ગયું.

જૂનાગઢ મંદિરનો દરવાજો છોડવાની અંતિમ ઘડીઓ ગણાઈ રહી હતી. આ મંગલ પ્રભાતના મંગલ પ્રસ્થાનમાં હજુ કોઈ રોકતું હોય એમ જણાતું હતું. જ્ઞાનજીવન સ્વામી ઊંડા વિચારમાં ખોવાઈ ગયા હતા. તેમની સમગ્ર વૃત્તિઓ ભંડારમાં રહી ગયેલી મૂર્તિ પર કેન્દ્રિત થઈ ગઈ.

ઉતાવળે ઉતાવળે તેઓ મૂર્તિ લેવા ભંડારમાં પહોંચી ગયા. જે મૂર્તિને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પૂજી હતી તે મૂર્તિને ગુણાતીત પરંપરા દ્વારા જ પૂજાવું હતું. અપાર સેવાથી કૃષ્ણચરણદાસ સ્વામીની પ્રસન્નતા પામી આ પ્રભુપ્રેમના પ્યાસી નાનકડા સાધુએ આ દુર્લભ મૂર્તિની સેવા સુલભ કરી હતી. કૃષ્ણચરણદાસ સ્વામીના અઢાર સંતોના મંડળમાંથી જ્ઞાનજીવન સ્વામી પર જ આ મૂર્તિની સેવા કરવાનો કળશ ઢળ્યો હતો. આ સેવા સોંપતાં કૃષ્ણચરણદાસ સ્વામી બોલ્યા હતા : 'જ્ઞાનજી ! તમારે મહારાજને વિશે બહુ ભક્તિભાવ છે. તે તમો હરિકૃષ્ણ મહારાજની પૂજા કરો.'

આ મૂર્તિ એ જ્ઞાનજીવન સ્વામીની એક માત્ર સર્વોચ્ચ મૂડી હતી.

શાસ્ત્રીજી મહારાજે વરતાલથી પ્રસ્થાન કર્યું ત્યારે જે હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થીને આશિષ લઈને નીકળ્યા હતા તે હરિકૃષ્ણ મહારાજ આજે નાનકડી ચલમૂર્તિરૂપે જ્ઞાનજીવન સ્વામીની સાથે આવવા ઉત્સુક હતા. વિશુદ્ધ પ્રેમની પરાકાષ્ઠા હોય ત્યાં પ્રભુ પણ તેના પૂજકની પ્રતીક્ષા કરતા હોય છે.

બારસનાં પારણાં કરવા સાધુઓએ ભંડાર ખોલ્યો અને જ્ઞાનજીવન સ્વામીએ તરત જ પોતાની પ્રિય મૂર્તિ લઈ લીધી. અમૂલ્ય મૂડી લાધ્યાનો અવર્ણનીય આનંદ એમના મુખ પર ઊભરાઈ ગયો. એમને લાગ્યું કે હવે નીકળવામાં કોઈ જ વાંધો નથી. મહારાજની પણ એ જ મરજી છે.

જેમ જેમ સૌ જાગતા ગયા, તેમ તેમ તેમને સાધુનું મંડળ જાય છે તે સમાચાર મળતા ગયા. જ્ઞાનજીવન સ્વામીના સમવયસ્ક પાર્ષદ નારાયણ ભગત તો વાત સાંભળી દોડ્યા અને જ્ઞાનજીવન સ્વામીનું ગાતરિયું પકડી લીધું. પછી ભરાયેલ કંઠે કહે : 'જ્ઞાનજી ! તમે ન જાઓ, તમારા વિના અમને ચેન નહીં પડે ! અમારો સેવાનો ઉમંગ ઓસરી જશે ! અમે કોની સાથે ઊંચા સ્વરે ગાઈશું ? સ્વામીની વાતો અને વચનામૃત સમજવા કોની સાથે બેસીશું ? તમે અમારો આનંદ છો જ્ઞાનજી ! અમને મૂકીને તમે કેમ ચાલ્યા ?'

એટલું બોલતાં જ નારાયણ ભક્ત રડી પડ્યા. તેમના ભાવ અને લાગણીથી જ્ઞાનજીવન સ્વામીનું અંતઃકરણ દયાર્દ્ર બન્યું. આગળ ડગ ભરતાં તેઓ થંભી ગયા. એમનો મહોબ્બતી સ્વભાવ એટલે અન્યના દુઃખે તત્કાળ દુઃખી થતાં એમના અંતરમાં વેદના થવા લાગી.

આજ સુધી જૂનાગઢનું મંદિર એમના હૃદયસમું હતું. આટલાં વરસોમાં ગિરનાર પર્વત પર ચઢવાનો કે ઉપરકોટ જોવાનો સંકલ્પ પણ એમણે કર્યો નહોતો. મંદિર અને મંદિરમાં વસતા સંત-પાર્ષદો કે હરિભક્તોની સેવા એ જ એમનો આનંદ હતો. બ્રહ્મભાવની સિદ્ધિ માટે ભગવાન અને ભગવાનના ભક્તોની ભક્તિભાવપૂર્વક સેવા એ જ એક સાધન શ્રીજીમહારાજે બતાવ્યું છે. એ એક જ સાધનમાં જ દેહાભિમાન, સ્વભાવ અને દોષો નિર્મૂળ થઈ જાય છે. જો કે 'જ્ઞાનજી' સ્વામીની સિદ્ધ બ્રાહ્મીસ્થિતિમાં એમને કોઈ સાધન કરવાની આવશ્યકતા ન હતી, છતાં નિષ્ક્રિય શુષ્ક જ્ઞાન કરતાં પણ સક્રિય નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે. અન્ય સાધકોને પ્રેરણા મળે તે માટે જ્ઞાનજીવન સ્વામી સદા પ્રવૃત્તિશીલ રહેતા.

જ્ઞાનજીવન સ્વામીના અંતરમાં અક્ષરપુરુષોત્તમની ઉપાસના-પ્રવર્તનનો

ઉત્સાહ સદા જીવંત રહેતો. એમના દૃઢ સંકલ્પને સમજવાની આ ભલા-ભોળા નારાયણ ભક્તને ક્યાંથી ગમ હોય ? આ નાનકડા સંત દ્વારા જ મહારાજ અને સ્વામીએ સત્સંગની અભિવૃદ્ધિ કરવાનો નિર્ણય કર્યો હતો. એમનાં આ જ્ઞાન અને બ્રહ્મસ્થિતિના સ્ફુલિંગો સમગ્ર વિશ્વમાં પ્રસરાવવાનાં હતાં. સ્વામી શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ અર્થાત્ સ્વામી અને નારાયણની ઉપાસનાનો ધ્વજ ઊર્ધ્વગામી બનાવ્યો હતો. તેને વધુ અને વધુ ઉન્નત બનાવવા, તેની છાયા સમગ્ર વિશ્વમાં પ્રવર્તાવવા તેમજ ભગવાન સહજાનંદ સ્વામીના વચન પ્રમાણે, 'જૂનાગઢનું તો સર્વોપરિ કરવું છે.' એ જૂનાગઢના ગુણાતીત જ્ઞાનને વિશ્વપાત્રમાં ઠાલવવા માટે, 'જ્ઞાનજી' સ્વામીનું પ્રસ્થાન આવશ્યક હતું જ. તેઓ જતા હતા જૂનાગઢમાં ગુણાતીતે પ્રવર્તાવેલા બૃહદ્ વૈરાગ્યને પોતામાં વણી લઈને, તેઓ જતા હતા એ ગુણાતીત જ્ઞાનને પોતામાં સમાવી વિશ્વમાં પ્રસરાવવા અને સૌને શ્રીહરિની માહાત્મ્યે સહિત ભક્તિનું સુરેખ દર્શન કરાવવા. પરંતુ ભોળા નારાયણ ભક્ત પાસે આવી દિવ્ય દૃષ્ટિ ક્યાંથી હોય ! એમણે તેમને મીઠા શબ્દોમાં સાંત્વન આપ્યું. જૂનાગઢનું ગુણાતીત ઓજસ શ્રીહરિની જ્ઞાનજ્યોતને દિગંતમાં પ્રસરાવવા ચાલ્યું.

એ વખતે મુંબઈવાળા ભગવાનદાસ શેઠ બે ગાડાં ભાડે કરી લાવ્યા હતા. તેમાં બધો સામાન ગોઠવી દીધો. પછી સૌ સંતો કોન્ટ્રાક્ટર જાદવજીભાઈને ઘરે ગયા. રસોઈ કરી જમ્યા. આ વખતે રાજકોટથી કૃષ્ણજી અદાએ દામજીભાઈને ભાડાના રૂપિયા આપી મોકલ્યા હતા અને કહેવરાવ્યું હતું કે સૌ સંતો સીધા બોચાસણ જજો.

સૌ સંતો ત્યાંથી નીકળ્યા. સ્ટેશને આવ્યા. અહીં વિજ્ઞાનદાસ સ્વામીનો વિચાર ફર્યો અને રાજકોટ ઊતરી, કૃષ્ણજી અદાનાં દર્શન કરી, આગળ જવાનું નક્કી કર્યું. તે પ્રમાણે સૌ રાજકોટ ઊતર્યા.

રાજકોટમાં અવલબાએ મંદિર બનાવવા અર્પણ કરેલા ઘરમાં આ સંતો માટે ઊતરવાની વ્યવસ્થા કરી હતી.

જૂનાગઢથી આ સંતમંડળ રાજકોટ આવી ગયું છે તે સમાચારનો તાર શાસ્ત્રીજી મહારાજને સારંગપુર કર્યો. તે તાર મળ્યો કે તરત જ શાસ્ત્રીજી મહારાજ સાધુ હરિકૃષ્ણદાસને લઈને રાત્રે ૧૧-૩૦ વાગે રાજકોટ પધાર્યા. આ સંતોનાં દર્શન કરી તેમને ખૂબ આનંદ થયો. આ સંતોને પણ શ્રીજીના ધારક અને શ્રીજી-સ્વામીની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે જ પૃથ્વી ઉપર પ્રગટ

થયેલા આ ગુરુવર્યનાં દર્શનથી અંતરમાં અત્યંત શાંતિનો અનુભવ થયો. શુદ્ધ ઉપાસના પ્રવર્તનના વિરાટ કાર્યને વિશ્વવ્યાપી બનાવવા માટેનું આ સુભગ મિલન આધ્યાત્મિક ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ગણાશે.

તા. ૯-૭-૧૯૧૧, સંવત ૧૯૬૭ના આષાઢ સુદિ તેરસના દિવસે સાત સંતો શાસ્ત્રીજી મહારાજના મંડળમાં ભળ્યા.

શાસ્ત્રીજી મહારાજ આ સંતમંડળને લઈને સારંગપુર પધાર્યા. જૂનાગઢી સાધુઓના આગમનની સાથે સારંગપુરમાં અક્ષરપુરુષોત્તમના ભવ્ય પ્રાસાદનો પ્રારંભ કરી શાસ્ત્રીજી મહારાજે પોતાનું કથન સત્ય કર્યું. પીઠાખાચરના ઓરડામાં પટની મૂર્તિઓ પધરાવી ત્યાં હરિમંદિર કર્યું હતું. તેમાં આ સૌ સાધુઓનો ઉતારો હતો. ઉપાસના શુદ્ધિના પ્રવર્તન માટે કપરા સંજોગોમાં આ જૂનાગઢના સાધુઓએ જૂનાગઢથી પ્રસ્થાન કર્યું હતું. જેના પરિણામે શાસ્ત્રીજી મહારાજ એ સૌના પર બહુ રાજી રહેતા હતા.

ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે તો શ્રીજી-પ્રેરણાથી શૂરવીરતાપૂર્વક વડતાલથી પ્રસ્થાન કર્યું. પરંતુ જૂનાગઢી સદ્‌ગુરુઓની છત્ર-છાયામાં ઉછરેલા નાના-મોટા સૌ સાથે મહોબ્બતવાળા અને અતિ નમ્ર અને ગરીબ પ્રકૃતિવાળા જ્ઞાનજીવન સ્વામી, જૂનાગઢથી નીકળી શાસ્ત્રીજી મહારાજ સાથે ભળી શકે, એ માટે જ જાણે જૂનાગઢથી સંતમંડળ નીકળ્યું હોય તેમ નિમિત્ત બન્યું હતું. શ્રીજીમહારાજની ઈચ્છાથી જ શાસ્ત્રીજી મહારાજ સાથે જ્ઞાનજીવન સ્વામીનું સુભગ મિલન આથી શક્ય બન્યું. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજની સેવામાં તેઓ આવી ગયા. સરિતા અને સાગરનો સંગમ થયો !

આ સાધુઓના આગમનની વધામણીમાં નાગજી શેઠ તરફથી કંસારની રસોઈ આપવામાં આવી હતી. જ્ઞાનજીવન સ્વામી તથા એક નાના સાધુ ગામમાં ઝોળી માગવા ગયા. આ 'જોગી'ના હાથમાં પદ્મ હતું. તેથી રસોઈની સામગ્રી ઘણી મળી. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની પ્રતિભાનું મહિમાવંત આલેખન કરતી ડાયરીમાં યોગી મહારાજ[૧૬] લખે છે : 'તે દિવસે સારો કરકરો અઢી મણ ઘઉંનો લોટ આવ્યો ને શાસ્ત્રીજી મહારાજ અમારા પર ઘણા પ્રસન્ન થયા.'

નાગજી શેઠે ઘી, ગોળ, તેલ આદિ રસોઈની સામગ્રી આણી દીધી. ગામના કાઠી દરબારો તથા કડિયા, સુથાર હરિભક્તોને જમવાનું નિમંત્રણ

---

૧૬. હવેથી જ્ઞાનજીવનદાસ સ્વામીને 'યોગી મહારાજ'ના પ્રસિદ્ધ નામથી સંબોધીશું.

આપ્યું. યોગી મહારાજ તથા સંતોએ રસોઈ બનાવી. શાસ્ત્રીજી મહારાજે જાતે જ વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્સ્વરૂપદાસ સ્વામી વગેરે સૌ જૂનાગઢી સાધુઓને કંસાર પીરસ્યો. ખૂબ જમાડ્યા. યોગી મહારાજને ત્યાગ-વૈરાગ્યની અતિ રુચિ. અષ્ટાંગ બ્રહ્મચર્યના આદર્શ માટે 'નિષ્કામ શુદ્ધિ' ગ્રંથને તેઓ સદાય નજર સમક્ષ રાખતા. ઘી-દૂધ તો કદી લેતા જ નહીં, પરંતુ શાસ્ત્રીજી મહારાજ આજે એમના પર અઢળક ઢળ્યા હતા. કંસાર પીરસીને યોગી મહારાજના પત્તરમાં એમણે ઘીની ધારાવાળી કરી. એક સાથે પત્તર ઊંચકી પોતાની ટેવ મુજબ ગળે હાથ રાખી સોગંદ લેવા માંડ્યા, પણ શાસ્ત્રીજી મહારાજે એમને મન મૂકીને ખૂબ જ જમાડ્યા. યોગી મહારાજ પ્રથમથી જ મિતાહારી, પરંતુ આજે શાસ્ત્રીજી મહારાજે એમની પ્રકૃતિ ઉપરાંત પીરસ્યું હતું. યોગી મહારાજની ખેંચતાણ અને શાસ્ત્રીજી મહારાજના પ્રેમભર્યા આગ્રહથી કંસારમાં ઘી પીરસવું, એ આ લોકોત્તર પુરુષોની દિવ્ય લીલા હતી. યોગી મહારાજ બધું જમી ગયા. મહાન ગુરુનો શિષ્ય પર ભાવ અને મહાન શિષ્યની ગુરુભક્તિના ઇતિહાસનું પ્રથમ પૃષ્ઠ આ પ્રસંગથી નોંધાયું.

આ અરસામાં સારંગપુરના મંદિર માટે જમીન રાખી હતી. આ જમીનની આસપાસ વાડ કરવાનું કામ ચાલતું હતું. યોગી મહારાજ મળસ્કે ૩-૦૦ વાગે ઊઠી, સ્નાન-પૂજાથી પરવારી એક સાધુ સાથે મળી રોટલા ઘડી નાખતા. પછી સૂર્યોદય થતાં પહેલાં વાડ કરવા સંતો સાથે જાય. સેવામૂર્તિ યોગી મહારાજની કૃશ કાયા જોઈને સૌને એમના પર લાગણી થતી. પ્રજ્ઞાચક્ષુ ભગવત્સ્વરૂપદાસ સ્વામીને પોતે ગરમ પાણીથી સ્નાન કરાવે, તેમનાં વસ્ત્રો ધોઈ, સૂકવીને ગડી વાળી મૂકી રાખે. બપોરે જમાડે ને પત્તર ધોઈ પોતાના પત્તર સાથે એક લૂગડામાં બાંધી રાખે, આસન-પથારી કરી આપે. આ રીતે ભગવત્સ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતોને એમની સેવાની લગનમાં કેવળ આત્મીયતાનું દર્શન થતું.

જોગી વિના નિઃસ્તબ્ધ જૂનાગઢ

આવા સદ્‌ગુણી સાધુઓ ગયા તેથી ઘણા જૂનાગઢી સંત-પાર્ષદોનાં હૃદયમાં દુઃખ થયું. સ્વામી ચતુર્ભુજદાસજીને પોતાના મંડળની શોભારૂપ તપસ્વી અને જ્ઞાનમૂર્તિ યોગી મહારાજ ગયા તેનું વિશેષ દુઃખ સાલવા લાગ્યું. સંતોએ જૂનાગઢ છોડ્યું કે એક અઠવાડિયામાં સ્વામી ચતુર્ભુજદાસજીએ યોગી

મહારાજના પૂર્વાશ્રમના વડીલબંધુ કમળશીભાઈને વીસાવદર પત્ર લખીને તેડાવ્યા. પત્ર વાંચીને તે જૂનાગઢ આવ્યા. સાંજે કૃષ્ણચરણદાસ સ્વામીના આસને બાળમુકુંદદાસ સ્વામી, નારણદાસ સ્વામી, સ્વામી ચતુર્ભુજદાસજી આદિ સંતોએ કમળશીભાઈને બોલાવ્યા. કમળશીભાઈ સંતોનો ચરણસ્પર્શ કરી બેઠા. પ્રથમ બાલમુકુંદદાસ સ્વામીએ કમળશીભાઈને કહ્યું : 'વિજ્ઞાનદાસ વગેરે સાધુઓના જવાથી અહીં સંતમંડળ ઉપર વિપરીત પ્રત્યાઘાતો થયા છે. તેમાં પણ કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાંથી જ ઘણાખરા સાધુઓ ગયા છે, તેથી તેમને બંડિયા ઠેરવી સાધુઓએ ઘણો ઉપદ્રવ કર્યો છે.'

એટલી વાત કરી એટલે નારણદાસ સ્વામીએ કહ્યું : 'આ બધો ઉપદ્રવ તો અમે શમાવી દઈશું. બધા સાધુ ભલે પાછા ન આવે, પરંતુ 'જ્ઞાનજી સ્વામી' (યોગી મહારાજને લાડમાં સૌ 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા) પાછા આવે તો કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળનું દુ:ખ ઓછું થાય.'

નારણદાસ સ્વામીને કૃષ્ણચરણદાસ સ્વામી સાથે સખાભાવ હતો. બંનેનાં મંડળો દરેક ગામમાં લગભગ સાથે જ ફરતાં. બંને સદ્‌ગુરુ વચ્ચેના પ્રેમની અવિરત ગંગા તેમના મંડળના સાધુઓમાં આત્મીયતાનો સંવાદ પ્રસરાવતી હતી. આ નિકટના પરિચયથી 'જ્ઞાનજી સ્વામી'ની પ્રતિભા અને ગુરુની એમના પ્રત્યેની પ્રીતિને તેઓ જાણતા હતા. બાલમુકુંદદાસ સ્વામીની આજ્ઞા લઈને ચતુર્ભુજદાસજીએ કમળશીભાઈને રાજકોટ જઈ 'જ્ઞાનજી સ્વામી'ને સમજાવીને જૂનાગઢ લઈ આવવા ભારપૂર્વક કહ્યું.

કમળશીભાઈ રાજકોટ આવ્યા. મંદિરમાં દર્શન કરી સીધા કૃષ્ણજી અદાના ઘરે ગયા. કૃષ્ણજી અદાએ સામા ઊઠી આવકાર આપ્યો. તેઓ તેમના આવવાનો મર્મ સમજી ગયા છતાં આવવાનું કારણ પૂછ્યું. ત્યારે કમળશીભાઈએ સર્વ બિના કહી સંભળાવી. કૃષ્ણજી અદાએ તેમને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાની ઘણી વાતો કરી. વળી, શાસ્ત્રીજી મહારાજનો ઘણો મહિમા કહ્યો. કમળશીભાઈને અદાની વાતોથી ખૂબ જ સંતોષ થયો. એટલે તેમણે ફરી કહ્યું : 'સ્વામી બાલમુકુંદદાસજી પાસે જઈ 'અક્ષર'ની વાત કરશો. સ્વામી અંતર્યામી અને ભવિષ્યવેત્તા છે, તે બધું જ જાણે છે. તેઓ જ તમને બધી વાત કહેશે.'

કમળશીભાઈ જૂનાગઢ પાછા ફર્યા. તમામ સદ્‌ગુરુઓને તેમણે કૃષ્ણજી અદાએ કહેલી વાત કહી. દીર્ઘદ્રષ્ટા સદ્‌ગુરુઓ પ્રથમથી જ બધું જાણતા હતા.

બાલમુકુંદદાસજી તથા કૃષ્ણચરણદાસજી બંને કમળશીભાઈ ઉપર રાજી થયા.

પરંતુ કમળશીભાઈના અંતરમાં જે વાત ઘોળાતી હતી તે નીકળી ગઈ : 'જ્ઞાનજીને સ્વામી કૃષ્ણચરણદાસજીની માગણીથી મેં સાધુ બનવાની રજા મેળવી દીધી અને પુણ્યના દશાંશ ફળની મેં આશા રાખી હતી.' એટલું બોલતાં તેમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

ત્યાં બાલમુકુંદદાસજી હસીને બોલ્યા : 'કમળશી ! સૌ કરતાં વિશેષ દશાંશનું પુણ્ય તને મળશે. સ્વામી અને મહારાજની તારા પર ઘણી લાગણી છે, કારણ કે અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયનું કાર્ય કરવા અને આખા દેશમાં સ્વામિ-નારાયણની ધજા ફરકાવવી, તે કાર્ય યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી તથા જ્ઞાનજીવનદાસ સ્વામી દ્વારા મહારાજ અને સ્વામીને કરાવવું છે. અને તેમની ઇચ્છાથી જ આ વાત બની છે. માટે તારે મૂંઝાવાનું નથી. અમે બંને તારા પર સદાય પ્રસન્ન જ છીએ.'

આવાં મીઠાં વચનોથી કમળશીભાઈને સંતોષ થયો.

જો કે આ છતાં પણ જૂનાગઢના 'જોગી' જ્ઞાનજીવનદાસ ગયા તેથી વીજળી પડે ને આપત્તિ આવે તેવું કરુણ નિઃસ્તબ્ધ વાતાવરણ જૂનાગઢમાં છવાઈ ગયું !

❀ ❀ ❀

ઉપાસનાના ઉદ્‌ગમ સ્થાન બોચાસણમાં



સંવત ૧૯૬૭ની શ્રાવણી પૂનમનો સમૈયો શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં અતિ ધામધૂમથી ઊજવવાનું નક્કી કર્યું. જૂનાગઢી સંતોને આ સમૈયામાં તેડાવ્યા અને ગામોગામ સૌ હરિભક્તોને 'જૂનાગઢથી સંતમંડળ આવ્યું છે માટે સમૈયામાં પધારશો' - એવા આમંત્રણના પત્રો લખાવ્યા.

પત્ર મળતાં જ વિજ્ઞાનદાસ સ્વામી મંડળ સાથે સારંગપુરથી બોચાસણ આવવા નીકળ્યા. શાસ્ત્રીજી મહારાજ એ વખતે નારણભાઈ જોરાભાઈને ઘેર આણંદમાં વિરાજમાન હતા. શાસ્ત્રીજી મહારાજે મોતીભાઈને કહ્યું : 'આજે જૂનાગઢના વિજ્ઞાનદાસ સ્વામી, જ્ઞાનજીવનદાસ સ્વામી વગેરે સાત સંતો સારંગપુરથી બોચાસણ આવી રહ્યા છે, તો તમે ફૂલહાર લઈને સ્ટેશને જાવ અને તેમને અહીં તેડી લાવો.'

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી મોતીભાઈ ફૂલહાર લઈને આણંદના સ્ટેશને ગયા. આ સંતોને દંડવત્ કરી ફૂલહાર ધર્યા. એ વખતે યોગી મહારાજ બે ખભે બબ્બે અને એક માથા ઉપર એમ પાંચ પોટલાં ઊંચકીને ઝડપથી ચાલ્યા જતા હતા અને ઝડપથી સૌનાં પોટલાં ગાડીમાં ગોઠવી રહ્યા હતા. તેમનું પ્રફુલ્લ અને હાસ્યસભર મુખારવિંદ જોતાં જ મોતીભાઈ તથા સત્સંગ મંડળને ખૂબ આદર ઊપજ્યો. સૌએ પરસ્પર 'જય સ્વામિનારાયણ' કર્યા અને નારણભાઈના ઘરે આવ્યા.

પોતાના નિકટનાં વહાલાં સગાં આવ્યાં હોય ને જેવું આત્મીય વાતાવરણ બની જાય તેવું વાતાવરણ સર્જાઈ ગયું ! શાસ્ત્રીજી મહારાજ ઊભા થઈ સૌને હેતથી મળ્યા. આ મંડળને પણ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અત્યંત પૂજ્યભાવ અને ભક્તિભાવ હતા. તેમાંય હરિભક્તોનો પણ પોતા તરફનો પ્રેમ જોઈને આ સંતમડળને ઘણો આનંદ થયો.

નારણભાઈએ આ અતિ માંગલિક પ્રસંગે સુંદર રસોઈ કરાવી. ગામના હરિભક્તોને પણ આમંત્રણ આપ્યું અને પોતાને ઘેર સમૈયો કર્યો. તેમના પુત્ર મણિભાઈ પણ સંતોની સેવામાં હતા. યોગી મહારાજ સાથેના ટૂંકા પરિચયમાં પણ તેમને ઘણું હેત થઈ ગયું હતું.

આણંદથી શ્રાવણ સુદ તેરસના દિવસે બપોરની ગાડીમાં નીકળી સૌ પેટલાદ ઊતર્યા ને બોચાસણથી ગાડાં મગાવ્યાં હતાં તેમાં બેસીને શાસ્ત્રીજી મહારાજ તથા સંતો બોચાસણ આવ્યા.

બોચાસણમાં અક્ષરપુરુષોત્તમનું ભવ્ય મંદિર નજર સમક્ષ ખડું થતાં જ જૂનાગઢી સાધુઓને તેના રચયિતા શાસ્ત્રીજી મહારાજની અપરિમિત મહત્તાનો ખ્યાલ આવ્યો. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરતાં જાણે તે બંને મૂર્તિના પ્રસન્નતાભર્યા મંદ હાસ્યથી આવકાર પામતા આ સંતોના હૃદયમાં અલૌકિક આનંદની લહેર પ્રસરી ગઈ ! આ યુગલ સ્વરૂપની ઉપાસનાના કલ્યાણકારી કાર્યની આ સ્થાનમાંથી જ થયેલી શુભ શરૂઆતથી સૌની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં. ઉપાસના-શુદ્ધિના કર્તવ્ય પંથે પ્રયાણ કરનારાઓને, જેમને અન્ય લોકો પરાયા માનવા લાગ્યા હતા અને તે માર્ગમાંથી તેમને ચલિત કરવા માટે વિઘ્નો ઊભાં કરવાનો આરંભ કરી દીધો હતો, તેમને ઠરીઠામ થવાનું આ એક જ ધામ - બોચાસણ હતું. અહીં આવતાં સૌને કદીયે ન અનુભવી હોય તેવી પરમ શાંતિ થઈ. આ પુનિત ભૂમિની રજ સૌએ માથે ચડાવી.

જ્યાંથી ઉપાસનાના પ્રવર્તનની પગદંડીએ શાસ્ત્રીજી મહારાજના નેતૃત્વ નીચે પગલાં ભરવાનાં હતાં, તે સ્થાનમાં પગ માંડતાં યોગી મહારાજની લાંબા સમયની અભિલાષા પૂર્ણ થઈ. અક્ષરપુરુષોત્તમ ભગવાને અહીં વિરાજી આ પુણ્યવતી ધરાને ધામ બનાવી દીધી. યોગી મહારાજનાં પ્રેમમય લોચન આ યુગલ સ્વરૂપોની સૌન્દર્યસુધાનું પાન કરી રહ્યાં. પ્રથમ દર્શને જ એમની અનંત પ્યાસ છીપી ગઈ.

હરિભક્તોનો બહુ મોટો સમૂહ આ સમૈયે આવ્યો હતો. સભામાં સૌએ વાતો કરી. અંતમાં શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'જૂનાગઢનું મંડળ આવ્યું છે તે આપણને પુષ્ટિ મળી છે. હવે સારંગપુર મંદિરનું કાર્ય પણ આપણે ઝડપથી ઉપાડીશું.' એમ જાહેર કર્યું. હરિભક્તો ઘણા રાજી થયા.

જૂનાગઢી સંતમંડળને પણ ઘણો આનંદ થયો કે 'આપણે ખરે ઠેકાણે અને ખરે ટાણે આવ્યા છીએ. અહીં આપણા અંગને પોષણ મળશે.'

શ્રીજીમહારાજના સમયના વાતાવરણને ખડું કરતો આ સમૈયો અદ્‌ભુત રીતે ઊજવાયો.

બ્રહ્મવિદ્યામાં પારંગત

સમૈયામાં યોગી મહારાજની સેવાની અતૂટ શ્રદ્ધા, એમનું ભક્તિભીનું અંતર, સ્વામીની વાતો, વચનામૃતો અને ભક્તચિંતામણિનાં પ્રકરણો ધાણી ફૂટે તેમ કડકડાટ બોલવાની અદ્‌ભુત છટા, આ બધું નિહાળીને સંતો-હરિભક્તો એમની તેજસ્વિતાથી ઘણા અંજાયા.

બોચાસણમા સત્સંગિજીવનની પારાયણ ચાલતી હતી. તે પ્રસંગે ગુજરાતના સૌ હરિભક્તો તથા સંતોએ મળી શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી : 'યોગી મહારાજ સંસ્કૃતવિદ્યા ભણે તો સારું, અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં ભણેલા સાધુઓની જરૂર છે. માટે એમને આજ્ઞા આપો.'

આગળ પણ રાજકોટમાં કૃષ્ણજી અદા સમક્ષ આ વાત નીકળી હતી ત્યારે યોગી મહારાજે અદાને કહ્યું હતું : 'હું તો સેવા કરવા અને ભગવાન ભજવા આવ્યો છું. ભણવાની મારા અંતરમાં જરાપણ ઈચ્છા નથી.'

પોતાને પ્રિય આ નાના સાધુના હૃદયની સ્પષ્ટ અને સચોટ ઈચ્છા જાણીને અદાએ બીજાઓને સમર્થન નહોતું આપ્યું અને વાત અટકાવી દીધી હતી, પરંતુ આ વખતે શો જવાબ આપવો તેની વિમાસણમાં અદા પડ્યા. અભ્યાસ કરવાના અનુસંધાનમાં યોગીજી મહારાજે તા. ૨૧-૮-૧૯૧૧ના રોજ અદાને પત્ર લખ્યો. અદાએ એમની પ્રતિભાને પારખીને ઉત્તર લખ્યો હતો :

'સ્વામી કહે છે ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા જ છે અને વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજ એકમાત્ર એવા પુરુષ છે, તો એમની પાસેથી તમે બ્રહ્મવિદ્યા શીખજો, મારા અંતરના આશિષ છે.'

યોગી મહારાજે આ પત્ર શાસ્ત્રીજી મહારાજ સમક્ષ મૂક્યો. પત્ર વાંચીને શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થઈને બોલ્યા : 'તમે જ્ઞાની છો અને બ્રહ્મવિદ્યા ભણીને જ આવ્યા છો. તમારા દ્વારા સત્સંગમાં ઘણાં કાર્યો થશે. મારી ઈચ્છા પણ તમને ભણવાની ઉપાધિમાં પાડવાની નથી.'

ચાણસદમાં એકાંતવાસ

જૂનાગઢના સંતમંડળને કોઈ પ્રકારની ઉપાધિ ન આવે તે માટે શાસ્ત્રીજી

મહારાજે આ મડળને ચાણસદ મોકલ્યુ. આ મડળ છ માસ ત્યા રહ્યુ. મનસુખભાઈ વૈદ્યે બાલમુકુંદદાસ સ્વામીની દવા શરૂ કરી. હરખા પટેલ અને ગલાભાઈ વગેરે સેવા સારી કરતા. કોઈ કોઈ વખત પૂજાજી બાપુ પણ ચાણસદ પધારતા. શાસ્ત્રીજી મહારાજ પણ પંદર દિવસ - મહિને પધારે અને સમાગમનું સુખ આપે. અહીં મનસુખભાઈ વૈદ્યરાજ, અમથા પટેલ, મોતીભાઈ પ્રભુદાસ,[૧૭] બાવાજીભાઈ વગેરે અખંડ કથાવાર્તામાં બેસતા. આમ, ગુણાતીત જ્ઞાનની પુષ્ટિ થતી હતી.

જીવનનું સાફલ્ય સંયમમાં, નિયમમાં અને શ્રીહરિની અનન્ય ભક્તિમાં જ છે. આવી દૃઢતાવાળા આ વખતે સત્સંગમાં ઘણા સંતો-હરિભક્તો હતા. ચાણસદમાં રહેતા મહાપુરુષ સ્વામી તેમાંના એક. વરતાલના મંદિરના એક સમયના કોઠારી અને ભગતજી મહારાજના અનન્ય શિષ્ય સ્વામી મહાપુરુષદાસને અક્ષરપુરુષોત્તમની સર્વોચ્ચ ઉપાસનાનું પ્રવર્તન કરવું એ જ જીવનનું ધ્યેય હતું. ભગતજી મહારાજનું મહાપ્રસાદીનું ધામ ચાણસદ સદા એમનું પ્રિય ધામ બની ગયું હતું. મહાપુરુષદાસ સ્વામી ઘણા સમર્થ હતા. એમના પ્રભાવથી ચાણસદ તેમજ આજુબાજુનાં ગામડાંઓમાં સત્સંગની જાગૃતિ આવી ગઈ હતી.

યોગી મહારાજને મહાપુરુષદાસ સ્વામીની સેવા કરવાની ઉત્તમ તક મળતી. ત્રણ-ત્રણ દિવસે ઉપવાસ કરી લેતા આ નાના સાધુની વૈરાગ્યવૃત્તિથી તેમનું અંતર ભાવભીનું બની જતું. તપ, ત્યાગ અને વૈરાગ્ય એ સાધુનાં ભૂષણ છે, એમ મહાપુરુષદાસ સ્વામી માનતા. યોગી મહારાજ હંમેશાં વહેલી સવારે તેમને આસને પગે લાગવા જતા. ઉપવાસ પછીનાં પારણાંની સવારે તેઓ એમને લાડથી પૂછતા : 'મહેમાન વળાવ્યો કે ?' (અર્થાત્ પારણાં કર્યાં કે ?')

તેઓ હસીને જવાબ દેતા : 'હા ! મહેમાનને વળાવ્યા.'

પછી મહાપુરુષદાસ સ્વામી એમને સુખડીની પ્રસાદી આપતા.

આ રીતે ચાણસદમાં કથા, કીર્તન અને વાતોમાં બ્રહ્માનંદના દિવસો પસાર થતા હતા. યોગી મહારાજ રસોઈ બનાવતા અને સંતો-હરિભક્તોને ભાવપૂર્વક જમાડતા. એ વખતે એક વૃદ્ધ પાર્ષદ બપોરે વાસણ માંજતા. યોગી મહારાજને થયું કે 'આ ભગત વૃદ્ધ છે અને કૂવામાંથી પાણી ખેંચીને વાસણ માંજવામાં તેમને થાક લાગતો હશે માટે આ સેવા આપણે કરી લેવી.'

બપોરે કથા થઈ રહ્યા પછી સૌ પોતપોતાને આસને ગયા. એટલે તેઓ તે

---

૧૭. પ્રમુખસ્વામી મહારાજના પૂર્વાશ્રમના પિતાશ્રી.

વૃદ્ધ પાર્ષદ પાસે આવ્યા અને તેમને કહ્યું : 'ભગત ! તમે સૂઈ જાઓ. હું વાસણ ઊટકી નાખીશ. મારે બપોરે કાંઈ કામ હોતું નથી.'

તે પાર્ષદે તો યોગી મહારાજને ઘણી ના પાડી, પરંતુ એમના અતિ આગ્રહથી તેમણે તે ક્રિયા પડતી મૂકી. ત્યારબાદ તે સેવા હંમેશાં યોગી મહારાજ જ કરવા માંડ્યા. વૃદ્ધ ભગતને વહેલા સૂવા આવતા જોઈ મહાપુરુષ સ્વામીએ તેમને એક વાર પૂછ્યું : 'ભગત ! કેમ વાસણ ઊટકી વહેલા પરવારી જાઓ છો ?'

ત્યારે ભગતે બે હાથ જોડી નમ્રભાવે કહ્યું : 'ના, હવે 'જોગી' સ્વામી જ વાસણ ઊટકે છે. મને ઊટકવા નથી દેતા. મારા પર ઘણી દયા રાખે છે.'

મહાપુરુષ સ્વામી હસીને બોલ્યા : 'એમણે તો મધ્યનું ૭મું વચનામૃત સિદ્ધ કર્યું છે. નાના છે પણ સેવા ઘણી મોટી ઉપાડી છે.'

રાત્રિની સભામાં વિજ્ઞાનદાસ સ્વામીને મહાપુરુષ સ્વામીએ કહ્યું : 'આ 'જોગી' સેવામાં શ્રદ્ધાવાળા છે, એમનું તમે બહુ રાખજો, એમને સાચવજો. એમનામાં સાધુતાના તમામ ગુણો મને દેખાય છે.'

મહાપુરુષ સ્વામીની દૃષ્ટિ સદાય યોગી મહારાજ પર રહેતી. તેમણે ચાણસદમાં જ સંવત ૧૯૭૪માં દેહ મૂક્યો હતો.

યોગી મહારાજની બધી ક્રિયા ગુણ આવે તેવી. રસોઈ કરે, વાસણ ઊટકે, નિયમ-ચેષ્ટા બોલે. આ ઉપરાંત, મોટા સાથે મોટા અને નાના સાથે નાના. સૌની સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય.

યોગી મહારાજને શાસ્ત્રીજી મહારાજનો અલૌકિક મહિમા અને પ્રેમ. તેથી શાસ્ત્રીજી મહારાજ પણ કોઈ ને કોઈ મિષ લઈને વારંવાર ચાણસદ આવી જતા. વળી, અહીંના યુવાન ભક્ત મૂળજીભાઈને સમવયસ્ક યોગી મહારાજ સાથે બહુ હેત થઈ ગયું. મૂળજીભાઈને ભગતજી મહારાજે ખોળામાં બેસાડીને રમાડેલા અને બાળમુવાળા ઊતરાવીને તેમને માથે મુંડન કરાવ્યું ત્યારે ભગતજી મહારાજે તેના મસ્તકે સાથિયો કર્યો હતો અને હાથ મૂક્યા હતા. આવા પ્રસાદીના મૂળજીભાઈનો યોગી મહારાજ બહુ જ મહિમા સમજતા.

જ્યારે એકાંતમાં બધા યુવાનો બેઠા હોય, ત્યારે મૂળજીભાઈના સ્વમુખે ભગતજી મહારાજનાં ચરિત્રોની વાતો તેઓ કહેવડાવતા અને ગોષ્ઠિ કરતા.

યોગી મહારાજ રોજ સવારે સાડા ત્રણ વાગે ઊઠી જાય. બ્રાહ્મમુહૂર્તમાં શ્રીહરિના અખંડ સ્મરણ સાથે એક તાર બની ઉચ્ચ સ્વરે એક પછી એક પ્રભાતી ગાતા જાય. 'ધીર ધુરંધરા'નાં પદો ગાતા ગામની શેરીઓમાંથી કૂવે

નહાવા જાય ત્યારે પ્રભાતીના મધુર ધ્વનિથી ગ્રામજનોને પણ મીઠી તંદ્રામાં આ બ્રહ્મની અલમસ્તાઈનો સ્પર્શ થઈ જતો. ઝોળી માગતા, સ્વામીની વાતો, ભક્તચિંતામણિ, વચનામૃતનો પાઠ કરતા, ગોખતા, અને હેતવાળા બાળકો-યુવાનોને પણ ગોખવા માટે તેઓ આગ્રહ કરતા. સવારથી રાત સુધી સતત સેવામય જીવન ગાળતા આ 'જોગી' જ્ઞાનની વાતોમાં પણ એટલા જ પારંગત હતા. એમની સાદી, ગામઠી ભાષામાં યે સચોટતા અને વેધકતા હતી. વિષયના અંકુરને પણ બાળી મૂકે એવું એમની વાણીમાં તેજ હતું. છ માસના ટૂંકા નિવાસમાં તો આખા ગામના આબાલવૃદ્ધ પર આ પ્રેમાળ સંત છવાઈ ગયા.

આમ, સમાગમ અને કથાવાર્તામાં છ માસ વીતી ગયા પછી શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી બીજા છ માસ કાનમમાં સોખડા, સાંકરદા, અંજેસર, વાસણા, મીરસાપુર વગેરે ગામોમાં વિચરણ શરૂ કર્યું.

વરતાલના શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી પૂર્વાશ્રમના સાંકરદાના વતની. યોગી મહારાજનો પ્રથમ પરિચય તેમને સાંકરદાના સ્વામિનારાયણ મંદિરમાં થયો. તે પ્રસંગનું વર્ણન કરતાં તેઓ કહેતા :

'તેમનો પ્રથમ પરિચય મને, હું જ્યારે પૂર્વાશ્રમમાં હતો ત્યારે થયો હતો. સ્વામી વિજ્ઞાનદાસજી સાથે તેઓ સાંકરદા પધારેલા. તે વખતે એમની ઉંમર લગભગ ૧૮ વર્ષની હશે. આટલી નાની ઉંમરમાં પણ સાધુતાનાં લક્ષણોથી સંપન્ન એમને જોઈ, મને તેમજ જે જે હરિભક્તો એમના પરિચયમાં આવતાં તેમને સૌને થતું કે આવા સાધુ મળવા દુર્લભ છે.

'સ્વામીની વાતો ગંગાનો શીતલ શાંત પ્રવાહ છૂટે તેમ બોલતા. મુખ પર મંદ મંદ હાસ્ય વિલસી રહેતું. તેમનામાં વાણી તથા વર્તનની એકતા હતી.'

✧ ✧ ✧

સંવત ૧૯૬૯[૧૮] કારતક સુદ પૂનમનો સમૈયો બોચાસણમાં સારો ભરાયો હતો. શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ આ વર્ષો દરમ્યાન ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડે ગામડે વિસ્તરતો જતો હતો. ગામોગામથી અનેક હરિભક્તો સમૈયામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રમાં ફરતા વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ, ભગવત્-સ્વરૂપ સ્વામી, જાદવ ભક્ત વગેરે પણ આવ્યા હતા.

સમૈયા બાદ સોખડાના ત્રિભુવનદાસ ગોપાળભાઈએ શાસ્ત્રીજી મહારાજને પોતાને ગામ પધારવા વિનંતી કરી. તેમણે સોખડામાં નવાં ઘર

---

૧૮. તા. ૨૪-૧૧-૧૯૧૨.

કરાવ્યાં હતાં તેના વાસ્તુ પ્રસંગે તેમને 'સ્વામીની વાતો'ની પારાયણ કરાવવી હતી. તેમાં શાસ્ત્રીજી મહારાજ સાથે વિજ્ઞાનદાસ સ્વામીના મંડળને પણ ખાસ આમંત્રણ આપી તેડાવ્યું. આ પારાયણ પ્રસંગે ત્રિભોવનદાસના પુત્રો શંકરભાઈ, છગનભાઈ તથા નરસિંહભાઈને યોગી મહારાજ સાથે બહુ હેત થઈ ગયું. યોગી મહારાજ આ બધા યુવાનોને 'સ્વામીની વાતો' મોઢે કરાવતા. યુવકો-બાળકોને તેમનામાં તરત ભાવ ઉત્પન્ન થતો, કારણ કે તેમની હેત કરવાની કળા અલૌકિક હતી. વળી, યુવાન વય છતાં નિર્દોષ પ્રેમ અને સાધુતાથી આપોઆપ બાળકો તથા યુવાનો એમની મનોહર મૂર્તિમાં સહેજે આકર્ષાતા અને એમનાં વચનો હોંશે હોંશે માનતા.

નરનારાયણના ધામમાં યાદગાર પ્રસાદી

પારાયણ બાદ શાસ્ત્રીજી મહારાજ અને મંડળ ફરતાં ફરતાં અમદાવાદ આવ્યા. સૌ મંછારામભાઈને ત્યાં ઉતારો કરી સાંજે નરનારાયણ મંદિરમાં દર્શને ગયા. અહીં મંછારામભાઈના નાના ભાઈ છોટાભાઈએ બુલંદ અવાજે 'અક્ષર-પુરુષોત્તમ મહારાજની જય' બોલાવી અને એકદમ જ વિરોધી સાધુ-પાર્ષદો ભેળા થઈ ગયા. હાથમાં આવ્યું તે લઈ સંતોને મારવા માંડ્યા. શાસ્ત્રીજી મહારાજ તો ચપળતાથી બહાર નીકળી ગયા હતા, પરંતુ કેટલાક હરિભક્તો તથા સંતો અંદર રહી ગયા હતા. યોગીજી મહારાજ પણ અંદર હતા. હરિભક્તો અને સંતોને સાધુ-પાર્ષદોએ ગડદા-પાટુ અને ધુંબા મારવા માંડ્યા. સૌએ ઝડપથી દરવાજા બહાર નીકળવા પ્રયાસ કર્યો, છતાં બીજાઓની સાથે યોગી મહારાજને પણ વાંસામાં જોરથી એક ધુંબાની પ્રસાદી મળી. સૂકલકડી અને તપસ્વી કાયા બેવડી વળી ગઈ, છતાં મુખ ઉપર તો એક જ ભાવ. 'સ્વામિ-નારાયણ' મંત્ર બોલતા આ સંતના ચહેરા પર સાધુતાની ચમક જરાપણ ઝાંખી થઈ ન હતી.

અમદાવાદથી જૂનાગઢી સંતમંડળ ઝાલાવાડ તરફ ગયું.

✧

સારંગપુરમાં મંદિરની પ્રવૃત્તિ ચાલતી હોવાથી શાસ્ત્રીજી મહારાજને ઝાલાવાડ તરફ વિચરવાનું પણ થતું. તેથી ઘણાં ગામોમાં ગુણાતીત જ્ઞાનનાં બીજ વવાયાં હતાં. તેની પુષ્ટિ કરતું આ મંડળ શાસ્ત્રીજી મહારાજ સાથે પણ ઘણી વાર વિચરણમાં નીકળતું.

આ દરમ્યાન ઘણા નવા મુમુક્ષુઓ તથા જૂના પીઢ સત્સંગી ભક્તો

સંપર્કમાં આવતા. મોજીદડના માધાભા તેમાંના એક હતા. તેમને મૂળીના સદ્‌ગુરુ નિર્મળદાસ સાથે હેત હતું. વળી, સમાગમના ઇશ્કી અને જ્ઞાની એવા આ ભક્તને ઘણી વાર શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજના વિચરણ દરમ્યાન, તેમનો ભેટો થતો. આ બંને સદ્‌ગુરુ પ્રત્યે આદરના અંકુર ફૂટ્યા અને અક્ષરપુરુષોત્તમ જ્ઞાનની સત્યતાની તેમને પ્રતીતિ થઈ.

એક વાર એકાંતનો લાભ લઈ નિર્મળદાસજીએ માધાભાને કહ્યું : 'તમને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે આદર છે તે બહુ સારું થયું છે. સાચું જ્ઞાન અક્ષર-પુરુષોત્તમનું જ છે. તે સ્વરૂપોનો મહિમા વધારવા શાસ્ત્રીજી મહારાજ મંદિરો કરે છે. તે સાચે દેવળે ઘંટ વાગશે અને ઘરે ઘરે મહિમા પ્રસરી જશે. શાસ્ત્રીજી મહારાજમાં રહી શ્રીજીમહારાજ બધા સંકલ્પો સિદ્ધ કરે છે. અમારે તો પક્ષની તંતી નડે. તેથી અક્ષરપુરુષોત્તમના ગુણ ખુલ્લી રીતે ગાઈ ન શકીએ. વળી, મૂળી મૂકીને નીકળી પણ ન શકાય, પણ તમે સમાગમ કરી લેજો.'

માધાભા તો મૂળીના આ સદ્‌ગુરુની વાણીથી આભા બની ગયા. તેમણે નારણ પીતાંબરને વાત કરી અને સત્સંગમાં પ્રસિદ્ધ થઈ.[૧૯] ત્યાર પછી માધાભા શાસ્ત્રીજી મહારાજના નિષ્ઠાવાન શિષ્ય થઈને રહ્યા.

અદા ધામમાં પધારે છે

સત્સંગનાં અનેકવિધ કાર્યો કરી અદાએ સંવત ૧૯૬૯માં ભૌતિક દેહ છોડવાનો સંકલ્પ કર્યો. આ નિમિત્તે પારાયણ બેસાડી પોતાના હેતવાળા તથા અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા ભક્તજનોને તેડાવવા વિચાર કર્યો. હરગોવિંદભાઈએ આ અંગેના પત્રો ગુજરાતમાં લખ્યા.

તે વખતે શાસ્ત્રીજી મહારાજ ગુજરાતમાં વરસડ ગામે વિરાજતા હતા. એમને તેડાવવાનો તાર કર્યો. ગુણાતીત જ્ઞાનધારક કૃષ્ણજી અદાની તેજસ્વી જ્યોત અનેકને પ્રકાશ આપી હવે અદૃશ્ય થઈ જવાની છે એમ જાણીને નિર્ગુણદાસ સ્વામી તથા ગુજરાતના ઘણા હરિભક્તોને લઈ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા.

વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજને મોજીદડમાં આ પત્ર મળ્યો. તેથી તેઓ તથા ખત્રી છગન આંબા, છગનભાઈ ગગાભાઈ, ચચાણાના મેરુભા

૧૯. યોગી મહારાજ મોજીદડ પધારતા ત્યારે આ વાત કહેવા નારાયણભાઈ પીતાંબરભાઈને સભામાં આજ્ઞા કરતા.

બાપુ, ગુરુ ગણેશ ભક્ત, માધા પટેલ, હરજીભાઈ સર્વે મોજીદડથી ગાડામાં રાતે ચૂડા સ્ટેશને આવ્યા અને ટ્રેન દ્વારા સવારે રાજકોટ ઊતર્યા.

છગનભાઈ તથા હરગોવિંદભાઈ સામે લેવા આવ્યા હતા. તેમની સાથે સૌ કડિયા શેરીમાં મંદિરે ઉતારો કરવા ગયા. અડવાળથી બાપુભા સાહેબ, અગરસંગ બાપુ તથા અન્ય હરિભક્તો પણ આવ્યા હતા.

આસો સુદ નોમથી મણિશંકરભાઈએ મંદિરમાં 'સ્વામીની વાતો'ની પારાયણ શરૂ કરી હતી.

આસો સુદિ અગિયારસને શનિવારે કૃષ્ણજી અદાના જીવનની અંતિમ ક્ષણો ગણાઈ રહી હતી. તેમણે શાસ્ત્રીજી મહારાજ તથા અન્ય સંતોને 'જય સ્વામિનારાયણ' કર્યા અને થાક લાગ્યો હોય તેમ આંખો બંધ કરી થોડીવારે આંખો ખોલી ધીમે રહીને બોલ્યા : 'જ્ઞાનજી સ્વામી ક્યાં છે ? તેમને બોલાવો.'

સૌની પાછળ એક ખૂણામાં યોગી મહારાજ બેઠા હતા તેઓ એકદમ ઊઠીને આવ્યા અને દંડવત્ કરી ગદ્‌ગદ કંઠે અદા સમક્ષ હાથ જોડીને ઊભા રહ્યા.

અદાએ એમની આંખોમાં આંખો પરોવી દૃષ્ટિ કરી. આ ફૂલ જેવા કોમળ સાધુની સુવાસે અને પ્રેમાળ સ્વભાવે પોતાનું અંતર ભીનું કરી દીધું હતું. આ સાધુનું ઋણ પોતા ઉપર પણ હોય એવા ભાવથી તેમનું અંતર દ્રવિત થઈ ગયું. તેમની આંખમાં આંસુ આવ્યાં, જાણે આ નાના સાધુથી વિખૂટા પડવું તેમને ગમતું ન હતું. પૂર્ણ પ્રસન્નતા વેરતા અદાના એ વરદ હસ્ત યોગી મહારાજના મસ્તક પર ફરી રહ્યા. પછી ધીરેથી અદા બોલ્યા : 'જ્ઞાનજી ! તમો સ્વામી શાસ્ત્રી મહારાજની સેવા કરજો.'

તે વખતે નિર્ગુણદાસ સ્વામી બોલ્યા : 'જોગી ! આ કૃષ્ણજી અદા તમારા પર હાથ મૂકતા નથી પરંતુ શ્રીજીમહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીએ તમારા પર હાથ મૂક્યા છે એમ માનજો.'

એ પ્રસંગને યાદ કરતાં યોગીજી મહારાજ ઘણી વાર કહેતા : 'મને આશીર્વાદ આપતી વખતે કૃષ્ણજી અદાની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.'

તે દિવસે સંધ્યા આરતી બાદ શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નિર્ગુણ સ્વામી, વિજ્ઞાનદાસ સ્વામી વગેરે અદાના ઘરે બેસવા ગયા. અદાએ શાસ્ત્રીજી મહારાજ માટે આસન તૈયાર રખાવેલું. સૌ બેઠા. પછી શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી ! વાતું બોલો.' પછી યોગી મહારાજ વાતું બોલ્યા. શાસ્ત્રીજી મહારાજે રાતે ૧૦ વાગ્યા સુધી વાતો કરી. પછી સૌ મંદિરે આવ્યા.

તે જ રાતે ૧-૩૦ વાગે અદાએ દેહ મૂકી દીધો.

સંવત ૧૯૭૦માં અદાની અગ્નિસંસ્કારની પવિત્ર ભૂમિ ઉપર સમાધિ સ્મારક રચવાનો આરંભ થયો. તેમાં વિજ્ઞાનદાસ સ્વામીના મંડળે પોતાની અમૂલ્ય સેવા આપી. યોગી મહારાજ અન્ય સાધુઓ સાથે આજી નદીમાંથી પાણીના દેગડા ભરી લાવતા. ચૂનો કાલવવામાં જોઈતું પાણી પૂરું પાડવાની આ સેવા ભારે શ્રમવાળી હતી, પરંતુ યોગી મહારાજના મુખ પર સદાય પ્રસન્નતા જોવામાં આવતી. કૃષ્ણજી અદાની દેરી રચાઈ અને શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા થઈ ત્યારે સર્વે સંતોને અત્યંત આનંદ થયો. યોગી મહારાજને આ સ્થાનની દિવ્યતા અંતરમાં હતી જ. કૃષ્ણજી અદાનું સ્મૃતિ સ્થાન કાયમને માટે ઊભું કરવામાં પોતે અમૂલ્ય ફાળો આપ્યો હતો, તે દ્વારા અદાનું ઋણ વાળ્યાનો એમને સંતોષ થતો. પૂજાજી બાપુ, મેરુભા બાપુ, વિજ્ઞાનદાસ સ્વામી, રણછોડ ભક્ત વગેરે સૌ યોગી મહારાજની આ સેવાથી અત્યંત પ્રસન્ન થયા. કૃષ્ણજી અદાના તેરમા પછી પારાયણની પૂર્ણાહુતિ કરી સૌ હરિભક્તો વિખરાયા.

'અક્ષરાધિપતિ સ્વયં પુરુષોત્તમની જય'નો ચમત્કાર

પછી શાસ્ત્રીજી મહારાજે વિચાર્યું કે આ વર્ષનો અન્નકૂટ ભગતજી મહારાજના જન્મ સ્થાને મહુવામાં કરવો. એમણે વિજ્ઞાનદાસ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી, રણછોડ ભક્ત, યોગી મહારાજ વગેરેને આ સંકલ્પ જણાવ્યો. સૌ રાજી થયા. બીજે દિવસે રાજકોટથી નીકળી જેતપુર પધાર્યા. એક લુહાર ભક્તની લાતીમાં ઉતારો કર્યો. પ્રસાદીનાં સ્થાનોમાં દર્શન કર્યાં. અહીં સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા ત્યારે સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી પણ હાજર હતા. તેઓ શાસ્ત્રીજી મહારાજને મળી ખૂબ રાજી થયા. નાના સાધુ 'જ્ઞાનજી' સ્વામીની સાધુતાની કાંતિને તો તેઓ પહેલેથી જ પિછાણતા હતા. તેથી એમને જોઈને તો ભાવવિભોર બની ગયા. માથે હાથ મૂક્યા. 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવાની તમને બહુ મોટી સેવા મળી છે, તે કરી લેજો.' એમ કહી આશીર્વાદ આપ્યા.

પછી ઉતારે પધાર્યા ત્યાં મેવાસાના દેવા ભગતે મેવાસા આવવા ખૂબ આગ્રહ કર્યો. તેથી સૌ ગાડામાં બેસી મેવાસા ગયા. યોગી મહારાજ તો જેવા ગાડામાં બેસે કે તરત જ સ્વામીની વાતો, કીર્તનો કે ભક્તચિંતામણિનાં પ્રકરણો બોલવા મંડી પડે. ટહુકાર બેસે અને મીઠી હલકે ગાતા જાય. શાસ્ત્રીજી મહારાજ

પણ હંમેશાં 'જોગી મહારાજ'ની અલમસ્તાઈ જોઈ ખૂબ રાજીપો બતાવતા.

મેવાસા પધારી સૌને કથાવાર્તાનો લાભ આપી, રાત રોકાઈ શિહોર આવ્યા. અહીંથી ટ્રેનમાં બેસી પાલિતાણા ઊતર્યા. સ્વામિનારાયણ મંદિરે આવ્યા. શાસ્ત્રીજી મહારાજે અગાઉથી સૌને ચેતવ્યા હતા કે પૂછ્યા વગર 'બોચાસણના છીએ' તેમ ન કહેવું અને પૂછે તો કહેવું.

સૌ મંદિરે ગયા. દર્શન કર્યાં. સૌએ ખૂબ આદરથી આવકાર આપ્યો. જમવાનો આગ્રહ કર્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે વિવેકથી ના પાડી અને યોગી મહારાજને કહ્યું : 'બે વચનામૃત બોલો.'

યોગી મહારાજે મંગલાચરણ કર્યું અને 'અક્ષરાધિપતિ સ્વયં પુરુષોત્તમની જય' એમ બોલી, જ્યાં વચનામૃતનો પ્રારંભ કરવા ગયા ત્યાં જ ત્યાંના એક મોટેરા હરિભક્તે પૂછ્યું : 'તમે બોચાસણના છો ?'

હવે છાનું રખાય તેમ નહોતું. તેથી નિર્ગુણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ આપી કે 'આ બોચાસણના શાસ્ત્રીજી મહારાજ.'

સૌને હતું કે વિરોધ થશે, પણ ધાર્યા કરતાં કંઈક જુદું જ બની રહ્યું હતું. હરિભક્તો તો ખુશ થઈ ગયા અને જમાડવા તેમજ બે દિવસ રોકાવા ખૂબ જ આગ્રહ કરવા લાગ્યા. પણ બગદાણા જવાનું હોવાથી રોકાવાય તેમ ન હતું. હરિભક્તોએ ગાડાં ભાડે કરી આપ્યાં, તેથી બીજે દિવસે સવારે બગદાણા જવા નીકળ્યા. તે સંધ્યા આરતીના સમયે બગદાણા રણછોડભાઈને ત્યાં પહોંચ્યા. રાતે ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા કરી.

બીજે દિવસે ગાડામાં બેસી સૌ મહુવા પહોંચ્યા. ભગવાનજીભાઈ, અમરસી શેઠ તથા ભાઈચંદભાઈ વકીલ વગેરે હરિભક્તો સામા તેડવા આવ્યા હતા. ગોપનાથના મંદિરમાં ઉતારો હતો. હરિભક્તો ઘણા આવ્યા. શાસ્ત્રીજી મહારાજે ભગતજીના મહિમાની એવી અદ્‌ભુત વાતો કરી કે રાતે ૧૧-૩૦ થઈ ગયા.

મહુવામાં ભગતજીનાં બધાં જ પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. અન્નકૂટનો ઉત્સવ પણ સારી રીતે કર્યો. પછી સૌ ભાદરોડ જવા વિદાય થયા. અહીંથી પાછા બગદાણા, કોટિયા, દરેડ થઈ કેરિયા ભીમજીભાઈને ત્યાં આવ્યા. ઘણા હરિભક્તો દર્શને આવ્યા હતા. હરિભાઈ મિસ્ત્રી, નાગજીભાઈ વગેરેએ ખૂબ આગ્રહ કર્યો તેથી રાત રોકાઈ સારંગપુર આવી પહોંચ્યા.

❀ ❀ ❀

સારંગપુરનો સેવાયજ્ઞ



અહીં શાસ્ત્રીજી મહારાજની કલાપૂર્ણ દૃષ્ટિથી પથ્થરોમાં પ્રાણ પુરાતા હતા. અક્ષરપુરુષોત્તમના મંદિર નિર્માણના ભગીરથ પુરુષાર્થમાં સૌ ભૂખ, તરસ, થાક, આળસ કે ઊંઘ વીસરી ગયા હતા. શાસ્ત્રીજી મહારાજની પ્રસન્ન દૃષ્ટિથી સંસારના ત્રિવિધ તાપનું તો ત્યાં દર્શન પણ થતું નહિ.

કાર્યનો આરંભ કર્યા પછી તેમાં વારંવાર વિઘ્નો આવે તોપણ શ્રેષ્ઠ પુરુષો તે કાર્યને છોડતા નથી. અહીં તો વિઘ્નોની પરંપરા હતી. ભેખધારીઓ તરફથી ઉપાધિઓનો પાર નહોતો. દમડી વિનાનો કોઠાર, જીવન જરૂરિયાતની સામગ્રીઓનો પણ અભાવ, એટલું જ નહીં પણ ક્યાંય મીઠા આવકારનો એક શબ્દ પણ સંતોને સાંભળવા મળતો નહીં. અપમાન અને તિરસ્કારની ઝડી વરસતી. યોગી મહારાજ ઘણી વખત કહેતા : 'એક વખત એક શેર તેલ અમે ત્રણ મહિના સુધી ચલાવ્યું. કારણ, શાક વિના વઘાર શાનો કરે ? સંતો ગામડાંમાંથી છાશ માગી લાવતા. એક ટંક પૂરતું ખાવાનું માંડ મળતું.'

આવા કપરા કાળમાં પણ હરિભક્તોનો પક્ષ, નિષ્ઠા અને સમર્પણ દાદ માગી લે તેવાં હતાં. ચોતરફથી વિરોધ હોવા છતાં તેમની જ્ઞાનપિપાસા એટલી જ તીવ્ર રહેતી અને બોચાસણ, સારંગપુર જેવાં સ્થાનો તેમને માટે મોક્ષની પરબ સમાં પુરવાર થતાં. અક્ષરપુરુષોત્તમના ગુણગાન ખુલ્લા હૃદયથી ગાવા બોટાદ, ભાવનગરથી જ નહીં, અમદાવાદ અને ગુજરાત તરફથી પણ હરિભક્તો સારંગપુર આવતા.

'ભગવાન ભજી લેવા'

એક વાર ભાવનગરના ભક્તરાજ કુબેરભાઈ તથા તેવા જ વિચક્ષણ બુદ્ધિવાળા ભક્તરાજ અડવાળના બાપુભા સાહેબ જ્ઞાનગોષ્ઠિમાં ભેગા થઈ

ગયા. વચનામૃત નિરૂપણમાં તત્ત્વજ્ઞાન બાબત પરસ્પર પ્રશ્નોત્તરી થઈ. ચર્ચામાં કોઈ એકબીજાથી ગાંજ્યા જાય તેમ નહોતા. તેથી ધીરે ધીરે ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ પકડવા માંડ્યું. એટલે અમદાવાદના યુવાન ભક્ત ખેંગારજીભાઈ ચૌહાણ ત્યાંથી ઊઠી યોગી મહારાજ પાસે ગયા. તેઓ તો ભંડારની સેવામાં વ્યસ્ત હતા, છતાં વાત જાણી તેથી સભામાં પધાર્યા. કુબેરભાઈએ પ્રશ્નની છણાવટ કરી અને કહે : 'જોગી મહારાજ ! કરો આનો ઉત્તર !'

જ્ઞાનનું અનાદિ સ્વરૂપ - જેને વેદ-વેદાંતનાં રહસ્યો હસ્તામલકવત્ છે, તે યોગી મહારાજ નમ્રતાથી બોલી ઊઠ્યા : 'એનો ઉત્તર શાસ્ત્રીજી મહારાજ આવશે ત્યારે કરશે. આપણે તો ભગવાન ભજી લેવા !'

પોતાના સમગ્ર જીવનનો નિચોડ એમણે આ એક વાક્યમાં ઠાલવી દીધો. જાણે ચમત્કારી અસર થઈ હોય તેમ ચર્ચા આટોપાઈ ગઈ ! વાતાવરણમાં જાણે ગુંજતું હતું : 'नहि नहि रक्षति डुकृञ्करणे... भज गोविन्दं भज गोविन्दम् ।' આધ્યાત્મિકતાને ચર્ચા કે વિવાદ સાથે નહીં, અંતરની શુદ્ધ ભક્તિ સાથે સંબંધ હોય છે. તે મર્મ સૌ અંતરમાં સમજી ગયા.

ગ્રીષ્મના તાપમાં અક્ષરપુરુષોત્તમની ઝોળી માગતા નિજાનંદી સંતો

હરિભક્તોની રાખ-રખાવટ, ભંડાર, કડિયાઓથી માંડી દરેક મહેમાનને હેતપ્રેમથી પીરસી યોગી મહારાજ સૌનું હૃદય જીતી લેતા. આર્થિક ભીંસ અને અગવડોની પરંપરા તથા મંદિરના બાંધકામ માટે રહેતા કડિયા-મજૂરોના ભોજન માટે યોગી મહારાજ જોડિયા સંત સાથે ગામોગામ ઝોળી માગવા નીકળી પડતા.

એક વખત મધ્યાહ્નના ધીખતા તાપમાં બરવાળા પાસે ભીમનાથમાં ઝોળી માગીને બે સાધુઓએ પોલારપુરની વાટ પકડી. એક અશક્ત વૃદ્ધ સાધુને ટેકો આપીને તરુણ સાધુ ખભે ઝોળી ભેરવી તેમાં લોટનું પોટલું મૂકીને ચાલતા હતા. ગ્રીષ્મ ઋતુમાંય તેઓ જાણે કોઈ સુખદ, શીતલ અને ગાઢ છાયામાં વિશ્રામ કરી રહ્યા હોય તેવી અનુભૂતિ એમના ચહેરા પર વરતાતી હતી ! વૃદ્ધ સાધુના કપાળ પર પડતી કરચલીઓ પર પ્રસ્વેદનાં બિંદુ વળગી રહ્યાં હતાં, છતાં મુખ પર આત્મસંતોષની રેખા રમતી હતી. તરુણ સાધુના મુખ ઉપર તો સદાય પ્રસન્નતા જ રહેતી હતી. નીચી દૃષ્ટિ અને ભગવાં વસ્ત્રો પરથી તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ છે તેમ સ્પષ્ટ જણાઈ આવતું હતું.

અડવાળના કરસનજી બાપુની શિક્ષક તરીકે પોલારપુરમાં નિમણૂક થઈ

હતી. તેમણે ખભે ઝોળીઓ ભેરવી 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ'નો આહ્‌લેક જગાવતા ઘેર ઘેર ફરતા આ સંતોને જોયા. કરસનસંગજી બાપુને આ ધર્મમાં ખાસ રસ ન હતો, પણ દરેક ધર્મના તેઓ અભ્યાસી હતા. જિજ્ઞાસુ અને સંતો પ્રત્યે આદરભાવવાળા હતા. વળી, તેમના વડીલો સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા. તેથી સહાનુભૂતિની ભાવનાથી તેઓ પેલા સાધુઓ પાસે ગયા. તેમનાં ચરણનો સ્પર્શ કર્યો. વૃદ્ધ સાધુએ તેમને આશીર્વાદ આપતાં 'જય સ્વામિનારાયણ' કહ્યા. કરસનસંગ બાપુએ સંતોનો પરિચય પૂછ્યો. તેઓ બોચાસણના શાસ્ત્રીજી મહારાજના મંડળના સાધુઓ હતા. પોલારપુરથી રોજીદ જતા હતા. તેમની ઝોળીમાં એક મણ લોટ થયો હતો. કરસનસંગજી બાપુને થયું : 'આ તડકામાં આટલો ભાર ઉપાડી જાય છે માટે એકો ભાડે કરી આપું.' તેમણે એકા માટે કહ્યું. પરંતુ તેમાંના વૃદ્ધ સાધુ મહાનત સ્વામીએ કહ્યું : 'રોજીદ દૂર નથી, છતાં અમારા આ 'જ્ઞાનજી સ્વામી'ને થાક લાગ્યો હશે.'

ત્યાં યોગી મહારાજ બોલી ઊઠ્યા : 'રોજીદ ક્યાં છેટું છે ? હમણાં પહોંચી જઈશું.' એમ કહીને હસતાં હસતાં એમણે પોટલું માથે મૂક્યું. એક ખભે ઝોળી ભેરવી અને બીજા ખભે મહાનત સ્વામીને ટેકો આપી કરસનસંગજી બાપુ તરફ અમીદૃષ્ટિ કરી 'જય સ્વામિનારાયણ' કહી વિદાય લીધી.

સાધુઓ ચાલતાં ચાલતાં રોજીદ પહોંચી ગયા. પણ યોગી મહારાજની આંખની ચમક અને મધુર હાસ્યની સૌરભ કરસનસંગ બાપુના અંતરમાં ઊતરી ગઈ. ફરી એક વાર એમનાં દર્શન કરવાનું મન થયું. હમણાં જ રોજીદ જઈ એમને મળી લઉં એવા ભાવો તેમના અંતરમાં ઊઠ્યા. યુવાન સાધુના પ્રથમ જ દર્શને તેમને કંઈક લાધ્યું હોય તેવું લાગ્યું.

કરસનસંગ બાપુના હૃદયની ભાવના યોગી મહારાજ જાણી ગયા હોય તેમ થોડા દિવસો પછી પોલારપુરમાં મહાનત સ્વામીની જોડમાં ફરી જઈ પહોંચ્યા. બાપુના હર્ષનો પાર ન રહ્યો. સંતોને તેઓ પોતાને ઘેર તેડી ગયા. મહાનત સ્વામીએ અક્ષરપુરુષોત્તમની ઉપાસના, રહસ્ય અને જ્ઞાનની વાતો કરી. શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવ્યો. ઉપકારક પ્રત્યે કૃતજ્ઞતા સહજ રીતે થાય તેમ આ બાપુનું અંતર પણ આ સાધુઓ તરફ ભક્તિભાવથી નમી પડ્યું. સાચા સંતો સાથેના પ્રસંગમાં મુમુક્ષુઓના પૂર્વસંસ્કારો આપમેળે જ જાગ્રત થઈ જાય છે.

આ બે સંતો બે રાત પોલારપુર રોકાયા. વિચક્ષણ બુદ્ધિ ધરાવતા કરસનસંગ બાપુ તો આ સંતોના અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવાનાં

ધ્યેય અને ધગશને જોઈ રહ્યા હતા. ઉપાસ્ય સ્વરૂપો પ્રત્યે સ્વાર્પણની ભાવના-પૂર્વકની ભક્તિ આ સંતોના અંતરમાં ઊભરાતી હતી.

યોગી મહારાજે કરસનસંગ બાપુના હૃદયમાં અસાધારણ સ્થાન જમાવી દીધું હતું. કંતાન પર હાથનું ઓશીકું કરી જમીન ઉપર જ સૂતા આ નાનકડા સંતવર્યને દેહનો દૃઢ અનાદર હતો. એમનું શરીર કૃશ હતું, છતાં નૈષ્ઠિક બ્રહ્મચર્યથી એમની કાંતિ અદ્‌ભુત શોભતી હતી. શ્વાસોચ્છ્‌વાસમાં સ્વામિ-નારાયણ મંત્રનો જપ કરતા અને એમની ભક્તિના ભાવથી ભીના રહેતા આ સંતવર્યમાં શ્રીજીએ પ્રવર્તાવેલા પંચવર્તમાન પૂર્ણપણે પ્રકાશી રહ્યા હતા. શ્રીજીનો એમને અખંડ સંબંધ હતો તેની આ પ્રતીતિ હતી.

આ સંતોએ જ્યારે વિદાય માગી ત્યારે કરસનસંગ બાપુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. યોગી મહારાજના ભક્તિમય જીવનની ફોરમથી તેમનું અંતર આ સંતનાં ચરણકમળમાં નમી પડ્યું. ઘણા દિવસથી જે વિચાર તેમના અંતરમાં હતો તે તેમણે કહી દીધો : 'સ્વામી ! કોઈ યુવાન સાધુ સાથે લાવતા હો તો સારું. આ વૃદ્ધ સાધુને સાથે ફેરવવામાં તમારે કેટલી બધી મુસીબત પડે છે !'

પરંતુ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે જેવો પ્રેમ અને ભક્તિભાવ તેવો જ ભક્તિભાવ આ વડીલ સંત પ્રત્યે રાખતા યોગી મહારાજ તત્ક્ષણ બોલી ઊઠ્યા : 'બાપુ ! આવા વૃદ્ધ સાધુ સાથે હોય એ તો મોટું સદ્‌ભાગ્ય કહેવાય. તેમના અનુભવ-જ્ઞાનનો લાભ મળે. પરમહંસ જેવા આ સાધુની સેવાનો અવસર મળે. ઝોળી આપણે ઉપાડીએ તેથી મંદિરની સેવા પણ વધુ થાય.' એટલું કહી પોતાની પ્રકૃતિ અનુસાર ખડખડાટ હસી પડ્યા.

યોગી મહારાજનો આ ઉત્તર સાંભળીને બાપુ તો સ્તબ્ધ થઈ ગયા ! એમનું હૃદય ગંગાના નીર સમું નિર્મળ હતું. એમના શબ્દે શબ્દમાં અપૂર્વ માધુર્ય હતું. બાપુએ એમનાં આ અમૃતવેણ પી લીધાં. તે જ ક્ષણથી મનોમન એમણે આ કિશોર વયના સાધુને પોતાના ગુરુ તરીકે સ્વીકારી લીધા. તેમણે વિચાર્યું :

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा–
स्त्रिभुवनमुपकार–श्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्यनित्यं,
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

— જેનાં મન, વચન અને શરીર પુણ્યરૂપી અમૃતથી ભરેલાં છે; જે ઉપકારથી ત્રણે જગતને પ્રસન્ન કરે છે અને બીજાના પરમાણુ જેટલા ગુણોને પર્વત

જેવડા મોટા કરીને હૃદયમાં પ્રસન્નતા રાખે છે; એવા સરળ સાધુઓ કેટલા ?

જેનો સહયોગ માત્ર નિષ્ઠાપ્રેરક

સંતો કેટલીક વાર સારંગપુરથી એકો લઈને નિંગાળા તરફ પણ ઝોળી માગવા જતા. અહીં કલ્યાણજીભાઈને સત્સંગ. તેથી તેઓ તેમના પુત્ર ઓધવજીને સંતોની સાથે ઝોળી માગવા મોકલતા. એ સમયમાં યોગી મહારાજની જોડમાં માનત સ્વામી રહેતા. તેઓ ખાસ કરીને કેરિયા, પીપળિયા અને ઉગામેડી - એમ ત્રણ ગામોમાં વિશેષ વિચરણ કરતા. ઝોળીમાં લોટ, ખીચડી અને ગોળ વિશેષ મળતાં.

યોગી મહારાજને તથા માનત સ્વામીને ઝોળી ખભે ઊંચકવાથી જેમ બળદને કાંધ પડી જાય તેમ ખભે કાંધ પડી ગયેલ. આવો પુરુષાર્થ કરીને આ બન્ને સંતો મંદિર અને સત્સંગ અર્થે ધર્માદો ભેગો કરતા. આટલો દાખડો કરવા છતાં તેમના મુખ પર કદીયે થાક કે કંટાળો દેખાતા નહીં. યોગી મહારાજ તો હંમેશાં કોઈપણ પરિસ્થિતિમાં સદા હસતા રહેતા અને જ્યાં જાય ત્યાં નિરંતર કથાવાર્તા-સેવા કરતા રહેતા.

ઓધવજીની ઉંમર એ વખતે ફક્ત ચૌદ વર્ષની હતી. તેથી તેને યોગી મહારાજની અક્ષરપુરુષોત્તમની વાત બહુ સમજાતી નહીં. પણ યોગી મહારાજ તેને ખૂબ જ પ્રેમથી જમાડતા, ખબર-અંતર પૂછતા અને તેની રુચિ પ્રમાણે વર્તતા. આથી, ઓધવજીને યોગી મહારાજ સાથે સહજ હેત થઈ ગયું.

નિંગાળામાં જૂના મંદિરના સંતો આવતા, પણ ખાસ જ્ઞાનની વાતો થતી નહીં. તેથી કોઈને વિશેષ સમજ ન હતી, પરંતુ સાથે રહેવાનો યોગ થતાં યોગી મહારાજે ઓધવજીનું હૃદય જીતી લીધું. તેના હૃદયમાં અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત રોપી દીધો, જે ફૂલીફાલીને તેમના સમગ્ર કુટુંબમાં ફેલાઈ ગયો.

પરમ પ્રેમસ્વરૂપ ભક્તિ

એક વાર યોગી મહારાજ નિર્ગુણદાસ સ્વામી સાથે સારંગપુરથી ગઢડા દર્શને જઈ રહ્યા હતા. બપોરે લગભગ ચાર વાગી ગયા હતા. ઠાકોરજીને પાણી પાવાનું હતું, પરંતુ રસ્તામાં નદી કે કૂવો આવ્યાં નહીં. તેથી યોગી મહારાજને મૂંઝવણ થવા લાગી કે ઠાકોરજી તરસ્યા થયા છે પણ પાણી ધરાવી શકાયું નથી.

એટલામાં નદી આવતાં ગાડું ઊભું રખાવી પોતે નીચે ઊતર્યા. ઠાકોરજીને

જગાડી નદીના નિર્મળ જળમાં સ્નાન કરાવ્યું. પછી ગાળેલું પાણી ધરાવ્યું અને દંડવત્ કરવા લાગ્યા. દંડવત્ કરતાં પ્રાર્થના કરતા જાય : 'મહારાજ ! ક્ષમા કરો, અપરાધ થઈ ગયો.' એમ બે-ચાર વાર માફી માગી.

ગાડામાં બેસીને આ ભક્તિમય લીલા જોઈને સ્મિત કરતા નિર્ગુણદાસ સ્વામીએ તેમને પૂછ્યું : 'શું અપરાધ થઈ ગયો ?'

એટલે તેમણે કહ્યું : 'સમય થઈ ગયો હોવા છતાં ઠાકોરજીને પાણી ધરાવી ન શકાયું તે અપરાધ થયો જ ને !'

એટલે નિર્ગુણદાસ સ્વામીએ કહ્યું : 'પણ પાણી ન મળ્યું અને ન ધરાવ્યું એમાં અપરાધ શાનો ?' જો કે એમને મનમાં તો થયું જ કે આવી પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થાય તો જ મહારાજ વશ થાય !

✧ ✧ ✧

સંવત ૧૯૭૦ના અન્નકૂટના સમૈયા પછી શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજ તથા સંતમંડળને સારંગપુર રહી સેવા કરવા આદેશ આપ્યો હતો. તેથી ઝોળી માગવા અને હેતવાળા હરિભક્તોના આમંત્રણથી તેઓ આજુબાજુનાં ગામડાંઓમાં કથા પ્રસંગે અને ધર્માદો લેવા જતા અને બાકીના સમયમાં મંદિર-નિર્માણની સેવામાં જ વ્યસ્ત રહેતા. કેટલાક સંતો મંદિર માટે મળેલી વિશાળ જમીન ફરતે વાડ કરવાની સેવા કરતા તો કોઈ બાંધકામ અને પાયા ખોદવાની સેવામાં રહેતા. આમ, મંદિરનિર્માણનું કામ ધમધોકાર ઊપડ્યું.

શાસ્ત્રીજી મહારાજને આ સંતોની કાર્યશક્તિનો અને સેવાભાવનાનો સંપૂર્ણ ખ્યાલ હતો. તેથી જ તો ધમધોકાર ચાલતા કારખાનાનાં કામ વિજ્ઞાનદાસ સ્વામી અને યોગી મહારાજની જવાબદારી ઉપર છોડ્યાં હતાં. પોતાનું અલક્ષ્ય-પણે ચાલતું અવિરત વિચરણ આ સંતોને આભારી હતું. તેથી શાસ્ત્રીજી મહારાજ પણ આ મંડળ ઉપર ખૂબ રાજી રહેતા. શાસ્ત્રીજી મહારાજ સતત વિચરણમાં પણ પોતાના લાડીલા યોગી મહારાજ અને સેવા કરનારા અન્ય સંતોની ખબર રાખતા. અવારનવાર કોઈને કોઈ મિષે સારંગપુર આવી ખૂબ હેત-પ્રેમથી લાડ લડાવતા. નાનાં-મોટાં સૂચનો કરતા. પણ 'જોગી મહારાજ' માટે તેમને કાંઈ જ કહેવાપણું ન હતું. સેવાની કોઈપણ પ્રવૃત્તિ એવી નહોતી કે જેમાં યોગી મહારાજની સેવાના પ્રાણ પુરાયા ન હોય ! શાસ્ત્રીજી મહારાજ જાણતા કે 'જોગી' સેવામાં ને સેવામાં દેહનીયે સંભાળ નહીં રાખે. તેથી ઘણી વાર પોતાની સાથે આજુબાજુનાં ગામોમાં વિચરણ માટે લઈ જતા.

કુંકાવાવમાં કુલદીપક

આવી જ રીતે ગામડે ફરતાં ફરતાં શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ વગેરે સને ૧૯૧૪માં કુંકાવાવ પધાર્યા. અહીં સુંદરજી ગીલાના જીનમાં ઊતર્યા હતા, જે યોગી મહારાજના પૂર્વાશ્રમના ફુઆ જાદવજીભાઈના વડીલબંધુ થતા.

બરાબર આ જ દિવસોમાં આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પણ કુંકાવાવ પધાર્યા. તેથી આજુબાજુનાં ગામડાંમાંથી પણ હરિભક્તો આવ્યા હતા. કુંકાવાવના હરિભક્તોની સ્થિતિ મધ્યમ. તેથી સૌ મુઝાયા કે આ સૌને જમાડવાની વ્યવસ્થા કેવી રીતે કરવી ? ત્યાંના આગેવાન હરિભક્તો સોની શામળા બાપા, ધરમશી ગોપાળ વગેરેને શાસ્ત્રીજી મહારાજ સાથે પણ ખૂબ હેત હતું. તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને મૂંઝવણ ઠાલવી. ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'તમે મુઝાશો નહીં, શ્રીજીમહારાજની મૂર્તિ મૂકો, બધું પૂરું થઈ જશે.'

જાદવજી દામોદર, ગોવિંદ લીંબા દેવાણી તથા ધરમશી ગોપાળ ડોબરિયા ત્રણેએ સાથે રસોઈ આપી. રસોઈ તો ફક્ત ૫૦ હરિભક્તોની હતી, પરંતુ મહારાજની મૂર્તિ પાસે ઘીનો દીવો કરીને રસોઈ ઉપર કપડું ઢાંકી દીધું. પછી 'વાસુદેવ હરે' કર્યા અને બધા મહેમાન હરિભક્તોને જીનમાં જમવા બેસાડી દીધા. યોગી મહારાજ ભેટ બાંધીને પીરસવા લાગ્યા. સૌને ખૂબ જમાડ્યા છતાં રસોઈ ખૂટી જ નહીં. ત્યાર પછી ગામના હરિભક્તોને જમાડ્યા તોપણ રસોઈ વધી. ગામમાં તમામને આ વાતનું ઘણું આશ્ચર્ય થયું.

સૌથી વધુ આનંદ યોગી મહારાજના પૂર્વાશ્રમનાં ફોઈ માણેકબાને થયો. તેમનો વહાલસોયો 'ઝીણો' સાધુ બનીને જરૂર કુળ દીપાવશે, એવી તેમને આશા જાણે પોતાના જીવતાં જ ફળીભૂત થઈ હોય તેમ તેમને લાગ્યું !

'આવા સાધુનો મહિમા સમજો'

સારંગપુરમાં મંદિરનું કામ પૂરજોશમાં ચાલતું હતું. શાસ્ત્રીજી મહારાજ મંદિરના બાંધકામ પર જાતે દેખરેખ રાખતા અને નાના-મોટા સર્વે, સેવાકાર્યમાં જોડાઈ જતા. યોગી મહારાજ ઘણુંખરું રસોડામાં રસોઈ કરતા હોય અને સમય મળતાં જ મંદિરના કામમાં તગારાં ઊંચકવાની સેવામાં પહોંચી જાય.

એક વખત કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામી તગારાં ભરી આપતા હતા.

યોગી મહારાજની એકવડી કાયા આખા ભરેલા તગારાથી નમી જતી. વળી, તગારું માથે મૂકે તો માથું ડગમગવા લાગતું.

શાસ્ત્રીજી મહારાજે આ જોયું અને ભક્તિવલ્લભ સ્વામીને કહ્યું : 'જોગીને આવી રીતે તગારાં ન ભરી આપો. મરી જશે ! એમના જેવા સાધુનો મહિમા સમજી બે પાવડા જ નાખવા, એટલું તો બસ થઈ પડે.'

ત્યારે તેમણે કહ્યું : 'આપ કહો ત્યારે સમજ પડે ને ! નહીંતર હું તો બધાની હારે પાવડા ભરી ભરીને ઠપકારું.'

શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજની બહુ ખબર રાખતા. એટલું જ નહીં, પોતાની સાથેના સંતોને પણ એમનો મહિમા કહી ખબર રખાવતા. એ વખતે કૃશકાય 'જોગી'માં અજોડ વિભૂતિ જોવાની દૃષ્ટિ બીજા તો કોને હોય ?

સૌના સુહૃદ 'જોગી'

આ વિરાટ કાર્યને પહોંચી વળવા માટે યોગી મહારાજનો શ્રમ તો અજોડ હતો જ. સાથે બીજા વડીલ સંતોમાં બ્રહ્મર્ષિનું બિરુદ મેળવનાર, ગરીબ પ્રકૃતિના વૃદ્ધ સદ્‌ગુરુ પુરુષોત્તમદાસ સ્વામી, સંતદાસજી, નારાયણચરણદાસજી વગેરે તથા નાના-મોટા દરેક સંતને શાસ્ત્રીજી મહારાજે સેવા સોંપી દીધેલી. નિર્ગુણદાસ સ્વામી પણ બધા કામકાજ પર નજર રાખે.

યોગી મહારાજ ગામડે ફરી ઝોળી લાવે અને મંદિરે આવે ત્યારે હરિભક્તોની સરભરા કરે. તથા મળસ્કે ૩ વાગે ઊઠી નાહી-પૂજાદિકથી પરવારીને, ખેતી તથા મંદિરના કામમાં જનારા માટે રોટલા ઘડી કાઢે. સૌને છાશ, રોટલા ને મરચાં જમાડી કામે મોકલી આપે. પુરુષોત્તમ સ્વામી તેમના ધીરા અવાજે શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરે. સંતદાસ સ્વામી મંદિરનું પરચૂરણ કામકાજ સંભાળે.

એક વાર કામકાજમાં સંતદાસ સ્વામીની ભૂલ થઈ ગઈ. આમેય તેઓ વૃદ્ધાવસ્થાને લીધે ક્રિયા કરવામાં કંઈક મંદ. તેથી નિર્ગુણદાસ સ્વામી તેમના ઉપર ગુસ્સે થઈ ગયા. એવામાં યોગી મહારાજ ત્યાંથી નીકળ્યા અને વાત જાણ્યા વગર જ બોલી ઊઠ્યા : 'નિર્ગુણ સ્વામી ! દયાળુ ! એ ભૂલ તો મારાથી થઈ છે.' એમની મીઠી, પ્રેમાળ વાણી સાંભળીને નિર્ગુણદાસ સ્વામીનો રોષ શમી ગયો.

યોગી મહારાજ કહેતા : 'બીજાની સેવા પોતે કરી લેવી, એકબીજાને સંપીને સેવા કરવી. બીજા ભક્તનો વાંક હોય તો પોતાના માથે લઈ લેવો. આ

સુહૃદભાવના ગુણો છે. આવો સુહૃદભાવ હોય તો મોટા ગુણ આવે - એમ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહેતા.' યોગી મહારાજના જીવનમાં આવો સુહૃદભાવ કેટલાયે પ્રસંગમાં જોવામાં આવતો.

'સંતદાસ સ્વામી બહુ સારા, પુરુષોત્તમ સ્વામી બહુ મોટા, વિજ્ઞાન સ્વામી બહુ જ્ઞાની, નિર્ગુણ સ્વામી બહુ સમરથ' - આમ, સૌના મોટાપણાના, જ્ઞાની-પણાના, સમરથપણાના ગુણગાન ગાતાં ગાતાં યોગી મહારાજ પોતાની સેવાના રોજિંદા કામ માટે ચાલ્યા ગયા !

સારંગપુર મૂર્તિપ્રતિષ્ઠામાં દરબારોને આકર્ષણ

મંદિરનું કાર્ય આગળ વધ્યું. સંવત ૧૯૭૨ના વૈશાખ સુદિ છઠના શુભ દિવસે મૂર્તિપ્રતિષ્ઠા કરવાનો શાસ્ત્રીજી મહારાજે નિર્ણય લીધો. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ લાવવા યોગી મહારાજ તથા પ્રેમવતીદાસ સ્વામી વડોદરા ગયા. ત્રણેય મૂર્તિઓ મહાપ્રયત્ને ગાડીમાં લાવીને, વૈશાખ સુદ પાંચમના દિવસે કુંડલી સ્ટેશને સંતોએ ઉતારી, સારંગપુરની ભાગોળે આવ્યા. શાસ્ત્રીજી મહારાજ મંદિરના પરથાર પર અનિમિષ નયને મૂર્તિઓની રાહ જોઈ ઊભા હતા. એટલામાં આ સંતો મૂર્તિઓ લઈને આવી ગયા. શાસ્ત્રીજી મહારાજ સંતોને મળ્યા. યોગી મહારાજને છાતી સરસા ચાંપ્યા. અત્યંત પ્રસન્નતા દર્શાવી. અલૌકિક સુખ આપ્યું. ફરીથી યોગી મહારાજ સેવાઓમાં મંડી પડ્યા.

અહીં સો વર્ષ પૂર્વે શ્રીહરિએ ભાખેલાં વચનો 'ભક્ત સહિત ભગવાન બેસશે' એ આવતીકાલે સત્ય ઠરવાનાં હતાં. તેથી કોને ઉત્સાહ અને ઉમંગ ન હોય ! હરિભક્તોનાં મંડળો અને સંઘો ગામોગામથી આવવાં લાગ્યાં.

આ પ્રસંગે અડવાળથી દાદુભા બાપુ તથા બાપુભા સાહેબે સારંગપુર જવાનો સંકલ્પ કર્યો. મૂળીના સંત નિર્મળદાસજીના પ્રસંગથી તેમને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે પછી શાસ્ત્રીજી મહારાજના યોગમાં આવતા પ્રગટ ઉપાસનાનું રહસ્ય સમજાયું. તેમને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ. તેમણે વિચાર્યું કે 'અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠાનો જોગ બહુ સારો છે અને ફરી ફરી આવો જોગ મળશે નહીં. માટે આપણે સારંગપુર જવું.'

તે સમયે અડવાળ મંદિરના પૂજારી તરીકે તેમજ વડીલ તરીકે ગુરુ કાશીરામ દવે હતા. તેમને પૂછીને નીકળવા વિચાર કર્યો, પણ થયું કે 'જો ના

કહેશે અને આમન્યા તોડીશું તો ઠીક નહીં લાગે. માટે પૂછ્યા વિના સારંગપુર જતા રહીએ. પછી ઠપકો આપે તે સાંભળી લઈશું.' તેથી તેઓ પ્રતિષ્ઠાના આગલા દિવસે સારંગપુર પહોંચી ગયા.

યોગી મહારાજ તો અનેકવિધ સેવામાં રત હોય. છતાં તેમણે આ બંને યુવાનોને દૃષ્ટિમાં રાખ્યા. શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી પણ તેમને જોઈ રાજી થયા. સમૈયા દરમ્યાન તેઓ યોગી મહારાજના પરિચયમાં વિશેષ આવ્યા. એમના પ્રેમાળ વ્યક્તિત્વ અને રાખરખાવટથી બહુ ખુશ થયા. યોગી મહારાજ તેમને પ્રેમથી જમાડે. રાજા-મહારાજાને આદર આપતા હોય તેવા જ ભાવથી વાણીનો વિવેક-અદબ બહુ જાળવે. આવા એક-બે નહીં, કેટલાય હરિભક્તોની સગવડો અને મન બંને સાચવવામાં યોગી મહારાજ અતિશય નિપુણ હતા, જેનાથી પારકા પણ પોતાના બની જતા.

વૈશાખ સુદ છઠના દિવસે[૨૦] અક્ષરપુરુષોત્તમ મહારાજની વેદોક્ત વિધિ-પૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. જે મંદિરના નિર્માણમાં, શૂન્યમાંથી સર્જન કરવામાં યોગી મહારાજની સેવા પણ અજોડ હતી. વળી, દેહે કરીને કોઠાર, ભંડારનાં અનેક કાર્યો છતાં તેઓ દાદુભા, બાપુભા જેવા અનેકનાં દિલ સહેજે જીતી લેતા.

જ્યારે આ બંને દરબારો વિદાય થયા, ત્યારે યોગી મહારાજે પ્રસાદી બાંધી આપી. ગદ્‌ગદ થતા બંને યુવાનોએ યોગી મહારાજને અડવાળ પધારવા ભાવભર્યું નિમંત્રણ આપ્યું.

સારંગપુર મંદિરની શરૂઆત થઈ ત્યારથી યોગી મહારાજ પ્રથમ વિજ્ઞાનદાસ સ્વામી સાથે અને પછીથી નિર્ગુણદાસ સ્વામી સાથે અડવાળ પધારતા અને ઝોળી માગતા. ગામના સ્વામિનારાયણ મંદિરમાં તેમને ઊતરવા દેવાનો પ્રતિબંધ હતો. તેથી હેતવાળા હરિભક્તો સંતો માટે દરબારી ઉતારામાં રહેવાની વ્યવસ્થા કરતા. ઝોળીમાં અનાજ ભેગું થાય તે ધંધુકા સ્ટેશન ઉપર લઈ જવા માટે એકો પણ જોડી આપતા. તેમાં વિજ્ઞાનદાસ સ્વામી બેસતા અને યોગી મહારાજ હાથમાં માળા લઈને એકાની પાછળ ચાલતા. જ્યારે નિર્ગુણદાસ સ્વામી આવતા, ત્યારે તેઓ એ પ્રમાણે બેસતા અને પાછળ યોગી મહારાજ ચાલે. એ વખતે યોગી મહારાજ પગમાં જોડા પહેરતા નહિ, ઉઘાડા પગે ચાલતા. એમને શરીરને દમવું, તપ કરવું એવું એક જ નિશાન હતું અને આવાં તો અનેક ગામડાં ફરવાનાં થતાં.

❀ ❀ ❀

---

૨૦. તા. ૮-૫-૧૯૧૫, સવત ૧૯૭૨.



જ્ઞાનસત્રો દ્વારા બ્રહ્મરસની લહાણ

જેઠ માસમાં ગાનાના હરિભક્તો શનાભાઈ લાલાજી, શનાભાઈ જીવાભાઈ, બકોરદાસ તેમજ સોમાભાઈએ શાસ્ત્રીજી મહારાજને ગાના બોલાવી 'કેરીઉત્સવ' કરી મોટો સમૈયો કરવા વિચાર કર્યો. શાસ્ત્રીજી મહારાજને પત્ર લખી આગ્રહભર્યું આમંત્રણ મોકલ્યું. વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ વગેરે પણ સાથે આવે તેવો આગ્રહ કર્યો. તેથી શાસ્ત્રીજી મહારાજે સૌ સંતમંડળને આણંદ આવવા પત્ર લખ્યો. અહીં આણંદમાં ભક્તરાજ કેશવલાલ પ્રાગજીએ પોતાના ઘરે સંતોને રોકી ખૂબ કેરીઓ જમાડી.

પછી શાસ્ત્રીજી મહારાજ તમામ સંત-હરિભક્તો સાથે ગાના પધાર્યા. હજુ સારંગપુર મૂર્તિ-પ્રતિષ્ઠાના ઘોષ શમ્યા નહોતા અને આ ઉત્સવ યોજાયો તેથી સૌનો આનંદ સમાતો ન હતો. આમ્રઉત્સવની મીઠાશની સાથે શાસ્ત્રીજી મહારાજ અને સંતમંડળની જ્ઞાનવાણીની મધુરતાનો ભારે મેળ જામ્યો. હરિભક્તો અક્ષરધામનું સુખ લેતા જાણે તૃપ્ત જ થતા નહોતા.

કથા પૂર્ણ થતાં જ 'વાસુદેવ હરે' થયા. યોગી મહારાજે આમ્રરસ સાથે મિષ્ટ વાનગીઓનો થાળ ઠાકોરજીને *'અવિનાશી આવો રે, જમવા કૃષ્ણ હરિ...'* એ થાળ બોલી જમાડ્યો.

પ્રેમ જાણે એમના દેહમાંથી દૃષ્ટિ દ્વારા, વાણી દ્વારા, ભજન દ્વારા બહાર આવવા પ્રયત્ન કરતો હોય, તેમ એમની ક્રિયા જોતાં જ સૌને જણાતું. જાણે પ્રેમની સાક્ષાત્ મૂર્તિ ન હોય ! એમનો પ્રેમ જોઈને સાક્ષાત્ મહારાજને થાળ જમવા પધારવું પડતું. શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં એવા જ તીવ્રભાવે જોડાયેલા આ યોગી મહારાજ શાસ્ત્રીજી મહારાજના અંગરૂપ બની ગયા હતા. સેવામાં સદા તત્પર અને સેવાનો અવકાશ ન હોય ત્યારે કથામાં સ્થિર આસન અને સ્થિર વૃત્તિએ બેસવું, મેષોન્મેષ દૃષ્ટિએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં જ કરવાં – આવા

અતિ અપાર પ્રેમથી જોડાયેલા આ સંત, સત્સંગમાં અણમૂલા રત્ન સમાન પંકાયા.

શાસ્ત્રીજી મહારાજે પણ સૌને જાતે જ રસ પીરસીને ખૂબ જમાડ્યા. બે દિવસ તો સૌને આમ્રરસ અને જ્ઞાનરસથી પરિતૃપ્ત કરી દીધા. સૌને અપાર આનંદનો અનુભવ થયો.

ગુરુહરિની પિતાતુલ્ય સ્નેહવર્ષા

પછીના શિયાળામાં શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ વગેરે કોસીન્દ્રા પધાર્યા. અહીં રતિલાલ પુરુષોત્તમદાસ પટેલના ઘરે ઊતર્યા. પોષ માસની કડકડતી ઠંડીના દિવસો હતા. શાસ્ત્રીજી મહારાજે રાતે ૧૨ વાગ્યા સુધી અદ્દ્ભુત વાતો કરી. સૌ બ્રહ્માનંદનો અનુભવ વાગોળતા સૂવા ગયા.

થોડીવારે યોગી મહારાજ દિશાએ જવા ઊઠ્યા. પછી આવીને ધૂળથી હાથ ધોયા અને ચોકડી પાસે પાણીનાં માટલાં ભરેલાં હતાં તે લઈ ઠંડા બરફ જેવા પાણીથી નહાવા લાગ્યા. શાસ્ત્રીજી મહારાજની આંખ હજી મળી ન હતી. થોડો અવાજ થયો તેથી બહાર આવીને ઊભા અને કૃશકાય તપોમૂર્તિ યોગી મહારાજને બરફ જેવા પાણીએ સ્નાન કરતા જોઈ એકદમ પ્રેમાર્દ્ર થઈ બોલ્યા : 'જોગી ! દેહને બહુ કારસો આપો છો. આવું કષ્ટ વેઠવું રહેવા દો. હવે હરિભક્તોના ભાવ પૂરા કરવા અને તેમને રાજી કરવા માટે તપનો ઈશક મોળો પાડી દો.'

આ મીઠા ઠપકાને જાણે મૂક સંમતિ આપતા હોય તેમ યોગી મહારાજ મંદ મંદ હસી રહ્યા. શાસ્ત્રીજી મહારાજે એક હરિભક્તને જગાડી, સગડી પેટાવી લાવવા કહ્યું અને કહે : 'લ્યો, જોગી ! તાપો, ટાઢ ઊડી જશે !' ગુરુની પિતાતુલ્ય સ્નેહવર્ષા અને શિષ્યની ત્યાગછટાનું આ સુભગ દર્શન હતું.

ફરતાં ફરતાં શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી તથા યોગી મહારાજ વડતાલ દર્શન કરવા પધાર્યા. મંદિર ઉપર દર્શન કરવા ગયા, ત્યાં મંદિરનો ચોકિયાત રાજુ મિયાં આવ્યો. તે અપશબ્દો બોલવા લાગ્યો અને સંતોને બહાર જવા કહ્યું. ત્યારે યોગી મહારાજ હાથ જોડીને કહેવા લાગ્યા : 'અમે જઈએ છીએ, પણ સંતોના જોડા અક્ષરભવન પાસે છે તે લઈને જઈએ.'

એટલામાં નિર્ગુણદાસ સ્વામી તથા રામચંદ્ર ઠાકર ત્યાં આવ્યા. નિર્ગુણદાસ સ્વામી અગાઉ વડતાલના મુખ્ય કોઠારીના મદદનીશ હતા. રાજુ મિયાં તેમને સારી રીતે ઓળખતો. તેથી તેમણે ઠપકો આપતાં કહ્યું : 'એમને કાઢે છે ? આંખની શરમે'ય નથી રાખતો ?'

ત્યારે રાજુ મિયાં હાથ જોડીને નમી પડ્યો અને માફી માગતાં કહ્યું : ‘બાપજી ! આપને ન ઓળખું એવું બને ? પણ હું તો ચિઠ્ઠીનો ચાકર છું તેથી બોલવું પડે.’

પછી તરત જ મંદિરમાંથી બહાર નીકળી ગયા. કોઈને ઓછું આવ્યું નહીં, કારણ અપમાનની આ પરંપરા પણ જૂના સંપ્રદાયમાં જ્યાં જ્યાં જતા ત્યાં ચાલુ જ હતી. એટલે આવી અવગણનાઓ તો શાસ્ત્રીજી મહારાજને કોઠે પડી ગઈ હતી. યોગી મહારાજ તો ગુરુને પગલે પગલે સૌહાર્દતાની પગલીઓ પાડતાં પાછળ જઈ રહ્યા હતા. એક બાજુ હેતવાળા હરિભક્તો અદ્‌ભુત ઉત્સવોનું આયોજન કરતા, તો તુરંત અપમાનના ‘ઉત્સવો’ પણ ચાલુ રહેતા.

સારું એટલું મારું

અહીંથી વિચરણ કરતાં સંતમંડળ સારંગપુર આવી પહોંચ્યું. સારંગપુરના મંદિરમાં કોઠારી તરીકે ભગતજી મહારાજના શિષ્ય માતરના શંકર ભગત હતા. તેમને એવો નિયમ હતો કે રાત્રે મોડું થાય અને ચેષ્ટાનાં પદો ન બોલાયાં હોય તો બીજે દિવસે ઉપવાસ કરી લેતા. શ્રીહરિના સ્વરૂપમાં તેમને ભક્તિ હતી. એક વાર તેઓ ગામડે ફરવા ગયેલા. રાત્રે પાછા ફરતાં ઘણું મોડું થઈ ગયું હતું. વળી, થાકને લીધે તરત જ સૂઈ ગયા. બીજે દિવસે નિયમ પ્રમાણે તેમણે ઉપવાસ કર્યો.

બપોરે ૧૨ વાગે ‘હરે’ થયા. જમવાની પંક્તિ થઈ. યોગી મહારાજે શંકર ભગતને ન દીઠા એટલે તેમને બોલાવવા માટે પોતે આવ્યા. તેમના આસને જઈ યોગી મહારાજે તેમને વિનયપૂર્વક કહ્યું : ‘આજે આપ જમવા કેમ નથી પધાર્યા ?’

ત્યારે શંકર ભગતે કહ્યું : ‘આજે મારે ઉપવાસ છે. ગઈકાલે રાત્રે મોડું થઈ ગયું અને ચેષ્ટા ન બોલી શક્યો, તેથી વળતે દિવસે અન્ન ન લેવું એવો મારો નિયમ છે. માટે આજે હું પત્તર નહીં માંડું.’

યોગી મહારાજ આ સાંભળી ચકિત થઈ ગયા. આવા દૃઢ નિયમપાલક પુરુષને અંતરથી તેઓ નમી રહ્યા. આ પ્રસંગથી એમણે પણ તુરંત મનોમન એવો નિયમ લઈ લીધો !

ચીંથરે વીંટ્યું રતન

સંવત ૧૯૭૩માં વિજ્ઞાનદાસ સ્વામીનું મંડળ રાજકોટમાં ચાર માસ રહ્યું. આ અરસામાં, કૃષ્ણચરણદાસજી જૂનાગઢથી રાજકોટ પધાર્યા છે એવા સમાચાર

મળતાં ભગવત્સ્વરૂપદાસ સ્વામી તથા યોગી મહારાજ તેમનાં દર્શન માટે મંદિરે ગયા. એ વખતે સભામાં કૃષ્ણચરણદાસ સ્વામી કથાવાર્તા કરતા હતા. ભગવત્સ્વરૂપદાસજીને દૂરથી જ જોતાં તેમને ખૂબ આનંદ થયો. સામા ઊઠીને તેમને ભેટી પડ્યા. યોગી મહારાજ દંડવત્ કરવા લાગ્યા. એમને ઊભા કરી એમના મસ્તકે પોતાના વરદ હસ્ત મૂક્યા. બંને સદ્ગુરુઓનો પાંચ વર્ષે મેળાપ થયો.

સંતોનો પ્રેમ નિહાળી ત્યાં બેઠેલા હરિભક્તોનાં અંતર ભીંજાઈ ગયાં. થોડી વાર તો મૌન છવાઈ રહ્યું. પછી ભગવત્સ્વરૂપદાસજી બોલ્યા : 'આ 'જ્ઞાનજી' સ્વામી છે તેથી મારું ચાલે છે, એ મારા હાથ-પગ છે. મંદિરની અખંડ સેવામાં નિવૃત્તિ ન મળે, છતાં પણ મારી સંભાળ રાખવાનું ચૂક્યા નથી. વળી, મારી પાસે ભક્તચિંતામણિ, હરિલીલામૃત વગેરે ગ્રંથોના રાગ-ઢાળ પણ શીખે છે અને મધુર હલકથી ગાય છે. એમનામાં ઘણા ગુણ છે, પણ આપ આશીર્વાદ આપો. જેથી સર્વગુણે સંપન્ન બને.'

ત્યારે કૃષ્ણચરણદાસ સ્વામી બોલ્યા : 'જ્ઞાનજી તો મણિ છે મણિ ! એના ઉપર કોને હેત ન થાય !'

બાજુમાં એક વૃદ્ધ પુરાણી સાધુ બેઠા હતા. તેમણે મજાકમાં હસતાં હસતાં કહ્યું : 'દેખાય છે તો ગરીબ ગાય જેવા પણ છે તો ચીંથરે વીંટ્યા રતન જેવા હોં !'

આ વાતચીત દરમ્યાન યોગી મહારાજ તો નીચે મોં રાખી બેઠા હતા.

કૃષ્ણચરણદાસ સ્વામીએ કહ્યું : 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને મારા 'જય સ્વામિનારાયણ' કહેશો. આપણે લોકદષ્ટિએ ભલે જુદા કહેવાઈએ, પણ ગુણાતીત જ્ઞાનના વારસદાર છીએ; એ દૃષ્ટિએ જૂનાગઢ અને બોચાસણ જુદાં નથી. વિજ્ઞાનદાસ સ્વામી વગેરે સાધુઓને પણ અમારા 'જય સ્વામિનારાયણ' કહેશો.'

ભગવત્સ્વરૂપદાસ સ્વામી તથા યોગી મહારાજ ત્યાર પછી ફરી કૃષ્ણચરણદાસ સ્વામીને મળી શક્યા નહીં. આ એમનું અંતિમ મિલન હતું.

અહીં એક વાર કંઈક સામાન્ય ભૂલ બદલ વિજ્ઞાનદાસ સ્વામી એમના સ્વભાવ પ્રમાણે અત્યંત ઉગ્ર થઈ ગયા અને યોગી મહારાજને જમતાં ઉઠાડી મૂક્યા. હરગોવિંદદાસ મહેતાએ આ જોયું. બધા આરામ કરવા ગયા પછી યોગી મહારાજને તેમણે પૂછ્યું : 'જ્ઞાનજી ! આટલું બધું સહન કેમ કરો છો ? તમને નાસી છૂટવાનું મન થતું નથી ?'

ત્યારે તેઓ હસીને બોલ્યા : 'ગુરુ ઠપકો આપે તે આપણા સારા માટે જ હોય છે. શિક્ષા વિના ખટકો ન રહે.'

યોગી મહારાજની વાણી સાંભળી હરગોવિંદભાઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

શુદ્ધ ઉપાસના પ્રવર્તનમાં સહભાગીઓ...

એ વખતે શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું કાર્ય તો સુંવાળો રાજપથ છોડીને આડબીડ-વનપર્વતોને માર્ગે ચાલવા જેવું મુશ્કેલ કાર્ય હતું. આ કાર્યમાં વિઘ્નસંતોષીઓ હજારો વિઘ્નો ઊભાં કરતાં, પરંતુ શાસ્ત્રીજી મહારાજની કૃતનિશ્ચયતા અને શ્રીજીના અખંડ સંબંધને વરેલા ઐશ્વર્ય, પહાડ જેવાં વિઘ્નોને પણ તૃણવત્ બનાવી દેતા. તેમના આ કાર્યમાં જેમણે ભક્તિ માનીને સેવા કરી, સહકાર આપ્યો તે સર્વની મહત્તા પણ ઓછી ન હતી. તેમાં મોજીદડના માધાભા તથા હરજીભા અને ચચાણાના મેરુભા મોખરે હતા. મેરુભા બાપુનું શૂરવીરતાનું અંગ હતું. તેઓ કોઈથી દબાતા નહીં અને સત્ય વાત કહેવામાં કે સમજાવવામાં કોઈની મહોબ્બત પણ રાખતા નહીં. ડાબો પગ વાળી, જમણા પગને ઊભો રાખી વીરાસનની મુદ્રામાં તેઓ ચપટી વગાડીને જ્યારે વાતો કરતા હોય, ત્યારે શાસ્ત્રજ્ઞો અને પંડિતોને લાગતું કે શૂરવીરતાને ઓપ આપે એવી વિદ્વત્તા આ દરબારે ક્યાંથી પ્રાપ્ત કરી ? જ્ઞાન એ કૃપાસાધ્ય અને અનુભવગમ્ય વસ્તુ છે. યોગી મહારાજને તેમના પ્રત્યે અત્યંત પૂજ્યભાવ હતો.

ભાદરવા વદિ અમાસનો સમૈયો પ્રતિવર્ષ મોજીદડ પાસે નારાયણ ધરે ઊજવવાનો સંપ્રદાયમાં એક રિવાજ હતો. શ્રીજીમહારાજ તથા પરમહંસોએ ધરામાં ઘણી વાર સ્નાન કર્યું હતું. વળી, દેવાનંદ સ્વામીએ ત્યાં હનુમાનજીની આરતી ઉતારેલી. તેથી એ મહાપ્રસાદીના સ્થાનમાં મૂળી, વઢવાણ અને બોચાસણના સાધુઓનો ત્રિવેણી સંગમ થતો.

મોજીદડથી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ તથા માધાભા, હરજીભા વગેરે ગાડામાં બેસી નારાયણ ધરે જતા. રસ્તામાં યોગી મહારાજ વ્યર્થ સમય ન ગાળવો એ શ્રીજીની આજ્ઞાનુસાર 'સ્વામીની વાતો' અને કીર્તનો એમની વિશિષ્ટ હલકથી બોલતા.

નારાયણ ધરાની આજુબાજુ સંતો-હરિભક્તોનાં વૃંદ ભેગાં થતાં. તે સમયે પ્રવચનો થતાં, કીર્તનો બોલાતાં. ભગવદ્ભક્તોનું આ સ્નેહમિલન બ્રહ્માનંદના કિલ્લોલમાં ક્ષણની માફક પસાર થઈ જતું. બપોરે ૪-૦૦ વાગે સૌ પાછા ફરતા. યોગી મહારાજ ચચાણાના મેરુભા બાપુ, અડવાળના બાપુભા બાપુ, અગરસંગ બાપુ વગેરે ભક્તોને આગ્રહ કરીને પોતાની સાથે મોજીદડ લાવતા. અહીં બ્રાહ્મણે

રસોઈ તૈયાર કરી હોય તે સૌને ભાવપૂર્વક પીરસતા. રાત્રે કથા-કીર્તનો થતાં.

એ વખતે પ્રજ્ઞાચક્ષુ ગુરુ ગણેશ ભક્ત મોજીદડ સત્સંગ મંડળમાં મોવડી હતા. તેમનું મૂળ વતન મૂળી પાસે રામપરા; પરંતુ તેમની યોગ્યતા જોઈને માધાભા તેમને મોજીદડ મંદિરમાં ઠાકોરજીની સેવા માંટે તેડી લાવ્યા હતા. મોજીદડમાં શાસ્ત્રીજી મહારાજ દર વર્ષે પધારતા. બે માસ રહેતા. તે વખતે કથાવાર્તાનો અખાડો જામતો. યોગી મહારાજ રસોઈ બનાવતા. ગણેશ ભક્ત રસોડાના બારણા પાસે બેસી જ્ઞાનવાતો કરતા. બંને વચ્ચે નિકટનો સખાભાવ હતો. રાત્રે મંદિરના કૂવાના થાળામાં બંને સૂઈ જતા. યોગી મહારાજ ગમતી સ્વભાવના હોઈ કોઈ કોઈ વખત એમ બોલતા : 'બધાય મારા ગુરુ, પણ હું કોઈનો ગુરુ નહીં.' એમ ખડખડાટ હસી પડતા. ગુરુ ગણેશ ભક્ત પણ તેમની આવી વિનોદવાણી સાંભળી હસી પડતા. આમ, આનંદમાં દિવસો પસાર થતા હતા.

સ્વપ્નમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ

એક વખત ગણેશ ભક્તે તેમને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ કેવા પ્રભાવશાળી સત્પુરુષ છે ! વડતાલમાં રહી તેમણે અક્ષરપુરુષોત્તમની મૂર્તિ વઢવાણમાં પધરાવી. મૂર્તિઓ ઘણી સુંદર છે.' ત્યારે યોગી મહારાજ ભંડારમાં રોટલી વણતા હતા. તેઓ એકાએક અટકી ગયા અને આ રસપ્રદ પ્રસંગની વધુ વિગત જાણવા માટે ગણેશ ભક્તને અનેક પ્રશ્નો પૂછ્યા. ગુરુ ગણેશ ભક્તે આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહ્યો. ગુરુનો મહિમા સાંભળતાં કયા શિષ્યને હર્ષ ન થાય ? યોગી મહારાજને પણ મનમાં થયું કે ક્યારે વઢવાણના એ મંદિરમાં, અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરું ?

એ સંકલ્પ મૂર્તિમંત બન્યો. તે રાત્રે સ્વપ્નમાં વઢવાણ મંદિરના અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનાં એમને દર્શન થયાં. અક્ષરપુરુષોત્તમ પ્રભુએ શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. શ્વેત સુરવાળ અને મસ્તક ઉપર શ્વેત જામનગરી પાઘ શોભતી હતી. યોગી મહારાજના અંતરનો આનંદ સ્વપ્ન અવસ્થામાં તો અંતઃસ્થ જ રહ્યો. સવારે એમણે ગણેશ ભક્તને આ સ્વપ્નની વાત કરી. એમના સ્વપ્નનાં દર્શનની વાત સાંભળીને ગણેશ ભક્તને પણ ઘણો આનંદ થયો.

ત્યારબાદ થોડા દિવસે વિજ્ઞાનદાસ સ્વામી સાથે એમને વઢવાણ જવાનું થયું. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં. યોગી મહારાજનાં રોમે રોમ પુલકિત થઈ ગયાં. તે દિવસે સ્વપ્નમાં જે દર્શન થયાં હતાં તેવાં જ શ્વેત

વસ્ત્રો આ મૂર્તિઓએ પરિધાન કર્યાં હતાં. એમના શબ્દોમાં કહીએ તો – 'મોજીદડમાં ગણેશ ભક્તે વાત કરી તે મનમાં થયું કે વઢવાણમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની કેવી મૂર્તિઓ હશે ? રાત્રે સ્વપ્નમાં દર્શન થયાં અને જ્યારે અમે વઢવાણ ગયા અને દર્શન કર્યાં, ત્યારે સ્વપ્નમાં જેવા દર્શન થયા હતાં તેવાં જ દર્શન થયાં. શ્વેત જામનગરી પાઘ મહારાજે ધારણ કરી હતી.'

સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ શ્રીહરિનું સહજ અનુસંધાન રાખનાર યોગી મહારાજના સંકલ્પો શ્રીહરિ શા માટે પૂરા ન કરે ?

ડાંગરા મંદિરમાં અજોડ સેવા

સવત ૧૯૭૪ના શ્રાવણ માસમા ડાગરામા એક માસના જ્ઞાનસત્રનુ આયોજન થયું. સ્વામી જાગાભક્તનું મહાપ્રસાદીનું સ્થાન ડાંગરા જ્યાં તેમણે દેહ મૂક્યો. ભક્તરાજ પૂજાજી બાપુ, તેમના પુત્ર જસમતસિંહ, રણછોડ ભક્ત તથા ડાંગરાવાસી દરબારો આ પુણ્યભૂમિનો મહિમા વધારતા હતા. શાસ્ત્રીજી મહારાજ પણ અહીં વખતોવખત આવતા. અહીં તેમણે સ્વામી જાગાભક્તની અંતિમ સેવા કરી હતી.

આવી પવિત્ર ભૂમિમાં મંદિર કરવા માટે હરિભક્તોએ નિર્ધાર કર્યો. તે વખતે વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ તથા જાદવ ભગત, રણછોડ ભગત, નારણ ભગત વગેરે ડાંગરા મંદિર કરવા માટે રોકાયા. યોગી મહારાજ ક્યારેય સેવામાં દેહને ગણતા નહીં. ખાણમાંથી પાણા કઢાવી, ગાડાં ભરાવીને મંદિરની જગ્યાએ ઊતરાવતા, ચૂનાની ભઠ્ઠી ભરાવવી વગેરે સેવામાં મદદ કરતા. મંદિરના પાયા ખોદાય તથા ચણતર કામ થાય તેમાં કડિયા, કારીગરો અને મજૂરોનું બહુ ધ્યાન રાખતા.

કોઈ સંત રસોઈ-કામમાં મદદમાં આવે તો ઠીક, નહીં તો યોગી મહારાજ એકલા સવારે ગોળ, રોટલા, છાશનું શિરામણ; બપોરે અડદની દાળ, રોટલા ને સંભારો; અને ત્રણ-ચાર દિવસે પાકી રસોઈ મોતૈયા લાડુ, દાળ-ભાત, શાક અને કોઈ દિવસ ચૂરમાના લાડુ પણ બનાવે. સાંજે ખીચડી, કઢી, રોટલા ને લીંબુ, મરચાં કે ગુવારનું અથાણું હોય. એ વખતે ચા કે ઉકાળો નહીં. હરિભક્તોને દિવસમાં બે વખત જમવાનું. યોગી મહારાજ સૌને પ્રેમથી પીરસે અને ખૂબ જમાડે. રાજકોટ, ભાવનગરથી મહેમાનો આવે ત્યારે સૌની ખૂબ સરભરા કરે અને સૌને રાજી કરી દે, જેથી રસોઈ આપીને જ જાય.

આ દિવસો દરમ્યાન યોગી મહારાજ પગ વાળીને બેસતા નહીં. રાત્રે ઘણી વાર વાસણ ઊટકવા પણ બેસી જાય. નિયમ-ચેષ્ટા પછી રાતે ૧૨ વાગે સૂવે. એક કોથળો પાથરે ને હાથનું ઓશીકું બનાવે. ગાતરિયું ઓઢીને સૂઈ જાય. વળી, પાકી રસોઈ હોય ત્યારે ઉપવાસ કરી લે; પણ હરિભક્તોને જમાડવામાં સવાયો પ્રેમ. આવી સાધુતાની મૂર્તિ !

ચણતર કામમાં પાણી છાંટવા એકાદ સાધુને સાથે લઈ જાય. કામ પતાવીને રાતે ૧૨ વાગે સૂવે ને સવારે ત્રણ વાગે તો ઊઠી જાય !

આમ, આ યોગમૂર્તિ સંત, ભક્તિયોગને સિદ્ધ કરવાના દરેક પગથિયાને પાર કરી ભગવાન અને ભક્તની અનેક પ્રકારની સેવાને જ ભક્તિ માની સેવાનો કોઈ અવકાશ જવા દેતા જ નહીં. વળી, પથ્થર લાવવા માટે ગાડાંની જરૂર પડે તો સૌને મીઠાશથી કહે : 'બાપુ, 'મહારાજ' ! ગાડાં જોડો.'

'મહારાજ' શબ્દ યોગી મહારાજ ડાંગરામાં રહેતા બ્રાહ્મણ ખેડૂતોને ઉદ્દેશીને બોલતા. અહીં બ્રાહ્મણોને પણ ખેતી હતી. મંદિરથી આથમણી દિશામાં આજે પણ એ બ્રાહ્મણવાડો છે. યોગી મહારાજની પ્રેમાળ વાણી સાંભળી સૌ ગાડાં લાવતા અને વળી પૂછતા કે 'સ્વામી ! ગાડાં ફરી ક્યારે લાવવાં છે ?'

ત્યારે યોગી મહારાજ કહેતા : 'જરૂર હશે ત્યારે તેના આગલે દિવસે કહીશું. પણ તમે સૌ સાંતી હાંકી, પરવારીને રાતે બે ઘડી કથામાં બેસવા આવો તો ઘણો લાભ થશે.'

આ પ્રમાણે યોગી મહારાજે સૌને એવું આકર્ષણ કરેલું કે સૌ એમને વશ થઈ ગયા હતા. રાતે કથામાં યોગી મહારાજ પોતાના ઘેરા, સૂરીલા કંઠે કીર્તનો બોલે અને સૌને બ્રહ્માનંદમાં ગરકાવ કરી દે. વિજ્ઞાનદાસ સ્વામી પણ કથાવાર્તા કરે. યોગી મહારાજ કીર્તનો સાથે ઘણી વાર 'સ્વામીની વાતો' પણ ખૂબ જ હલકથી બોલતા.

મંદિરનું કામ પૂરું થયું એટલે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા અને મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. રણછોડ ભગત તથા નારણ ભગત આ મંદિરમાં વિશેષ રહેતા.

આ પ્રસંગે એક હરિભક્તે રસ-પૂરીની રસોઈ આપી હતી. પ્રથમ પંક્તિ જમીને ઊઠી. પછી પીરસનારા ત્રણ સંતો જમવા બેઠા. એવામાં ખબર આવ્યા કે ભાવનગરથી કુબેરભાઈ, નાનુભાઈ શેઠ, નારણભાઈ મિસ્ત્રી વગેરે આવે છે. તરત જ સૌ સંતોએ પત્તર મૂકી દીધાં. વિજ્ઞાનદાસ સ્વામીએ યોગી મહારાજને સભામાં બોલાવ્યા અને પૂછ્યું : 'કેમ જમવાનું તૈયાર છે ને ?'

બે હાથ જોડીને એમણે 'હા' પાડી અને મહેમાનોને ભંડારમાં લઈ ગયા. કુબેરભાઈએ રમૂજમાં કહ્યું પણ ખરું : 'જ્ઞાનજી ! અમને મૂકીને વહેલા જમી લીધું ને !' યોગી મહારાજે સૌને રસ-પૂરી પીરસ્યાં અને પ્રેમથી સૌને જમાડીને તૃપ્ત કર્યા. પછી બપોરે ત્રણ વાગે ખીચડી રાંધીને આ ત્રણે સંતો જમ્યા.

પ્રથમ વાર પંચતીર્થીમાં

ડાંગરાના મંદિરનું કામ પૂરું થયું પછી રાજકોટમાં કડિયા શેરીના મંદિરનું કામ શરૂ કરવાનું હતું, પણ તે પહેલાં વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ અને ત્રણ સંતો તેમજ શંભુ ભગત અને તેમના પિતાશ્રી દેવજી બાપા સોરઠની પંચતીર્થીનાં દર્શને નીકળ્યા.

જેતપુર, ધોરાજી, ફણેણી, વરજાંગ જાળિયા, ગણોદ, માણાવદર, મેઘપુર, પીપલાણા, આખા થઈ સૌ બાલાગામ પધાર્યા. વિજ્ઞાનદાસ સ્વામીના પૂર્વાશ્રમના બંને ભાઈઓ નારણભાઈ તથા પુરુષોત્તમભાઈને યોગી મહારાજનાં દર્શન થતાં જ તેઓ બહુ રાજી થઈ ગયા.

સાંજે ચાર વાગે યોગી મહારાજ જ્યાં રામાનંદ સ્વામી અને શ્રીજી-મહારાજ પધારેલા તે પ્રસાદીના મંદિરે કુંભાર વાડામાં દર્શને ગયા અને સભા કરી. સર્વે કુંભાર હરિભક્તોને એમની કથાવાર્તા સાંભળી આનંદ થયો. યોગી મહારાજે શ્રીજીમહારાજના વખતમાં આ બાજુના બે કુંભાર હરિભક્તો સાધુ થયા હતા તે પ્રાસાદિક વાતો વિસ્તારથી કરી.

બીજે દિવસે બે ગાડાં જોડીને સૌ સંતો પંચાળા પધાર્યા. અહીં મંદિરમાં દર્શન કર્યાં. તે પછી દરબારગઢમાં પધરામણી થઈ. દરબારે સંતોનું સ્વાગત કર્યું. પૂજન કરી ભેટ-સેવા કરી. શ્રીજીમહારાજે ફૂલદોલનો ઉત્સવ કરી પ્રસાદીનાં વસ્ત્રો ઝીણાભાઈને આપ્યાં હતાં, તેનાં દર્શન દરબારે કરાવ્યાં. તેમજ શ્રીજી-મહારાજે વચનામૃત કરેલાં તે પ્રસાદીના ઓરડાનાં દર્શન પણ કર્યાં.

અહીંથી કેશોદ થઈને ટ્રેનમાં ગોંડલ જવાનું હતું. તેથી વિજ્ઞાનદાસ સ્વામી કહે : 'ગાડાં જોડાવો.'

ત્યારે કોળી હરિભક્ત વેજાભાઈ કહે : 'સ્વામી ! વરસાદ બહુ થયો છે. ગાડાં ચાલશે નહીં.' તેથી પુરુષોત્તમભાઈ બે ઘોડા લઈ આવ્યા.

ઘોડા ઉપર બેસવાની યોગી મહારાજે હસીને ના પાડી અને બોલ્યા : 'અમે ચાલતા આવીશું.' પરંતુ હરિભક્તોને પ્રેમ બહુ, તેથી ચાલવા શાના દે ?

વળી, રસ્તામાં સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. તેથી બધાયે બહુ આગ્રહ કર્યો પણ બેસે જ નહીં. વિજ્ઞાનદાસ સ્વામીએ પણ બહુ કહ્યું. આખરે શંભુ ભગતે યોગી મહારાજને ઊંચકીને ઘોડા ઉપર બેસાડી દીધા. બધા હરિભક્તોના પ્રેમભાવ પાસે એમને નમતું મૂકવુ પડ્યું.

વિજ્ઞાનદાસ સ્વામીના ઘોડાને શંભુ ભગત દોરે અને યોગી મહારાજના ઘોડાને પણ શંભુ ભગત દોરે. પાછળ બીજા બધા ચાલ્યા આવે. પંચાળાથી કેશોદ દસ માઈલ થાય. બરાબર સમયસર સૌ કેશોદ પહોંચી ગયા. રસ્તામાં ઠેર ઠેર પાણી તથા ગારો બહુ. છતાં તકલીફ વેઠીને પણ સંતોએ પંચતીર્થી કરી.

કેશોદથી ટ્રેનમાં બેસી રાતે ૨-૩૦ વાગે સૌ ગોંડલ પહોંચ્યા. તે વખતે રેલવે સ્ટેશન ગામમાં હાલ જ્યાં મ્યુનિસિપાલિટીની ઑફિસ છે તે સ્થળે હતું. તેથી ગાડીને પાટે ચાલતાં ચાલતાં મુખ્ય રસ્તા ઉપર આવીને અક્ષર દેરીએ આવ્યા. સર્વે સંતોને અક્ષર દેરીનાં દર્શન થયાં આનંદ થઈ ગયો. અત્યાર સુધીનો બધો થાક ઊતરી ગયો. સર્વેએ ગોંડલીમાં સ્નાન કર્યું, દેરીએ પૂજા કરી અને દંડવત્-પ્રદક્ષિણા કર્યાં.

એક લુહાર હરિભક્ત ગામમાં રહેતા હતા તેમને ખબર મોકલ્યા. વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ આવ્યા છે તે જાણી તેઓ વહેલી સવારમાં જ સુખડી તથા ઉકાળો લઈ દેરીએ ધરવા આવ્યા. યોગી મહારાજે અક્ષર દેરીએ થાળ ધરીને સર્વે સંતો હરિભક્તોને જમાડ્યા. શ્રીફળ વધેરીને સર્વેને પ્રસાદી આપી. એ પછી સૌ સંતો ટ્રેનમાં બેસી રાજકોટ પહોંચ્યા.

એ સમયે શાસ્ત્રીજી મહારાજ ડાંગરા પધાર્યા હતા. વરસાદ ઘણો જ વરસ્યો હતો અને નદીમાં પૂર આવેલું. ત્યારે દયાળજીભાઈ રાજકોટથી યોગી મહારાજનો પત્ર લઈને આવ્યા. તેમાં જણાવેલ કે 'આપ રાજકોટ પધારો.'

યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરીને તેડાવ્યા હતા. તેથી તેઓ તરત જ રાજકોટ જવા તૈયાર થઈ ગયા. પૂજાજી બાપુ તથા સૌએ કહ્યું : 'આવતીકાલે જવાનું રાખો.' પણ શાસ્ત્રીજી મહારાજ કહે : 'હવે એક ઘડી પણ ન રોકાવાય. જોગી બોલાવે છે !'

બરાબર તે જ વખતે જાયવાથી વખતસિંહજી બાપુ ઘોડી લઈને શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવેલા. શાસ્ત્રીજી મહારાજને તેમણે દંડવત્-પ્રણામ કર્યા. તરત જ શાસ્ત્રીજી મહારાજે આજ્ઞા કરી કે 'ઘોડી તૈયાર કરો, અમારે રાજકોટ જાવું છે.'

વરસાદ વરસ્યો હતો તેથી ગારો બહુ થયો હતો અને ઠેર ઠેર પાણી ભરાયાં હતાં. એક ઘોડી ઉપર શાસ્ત્રીજી મહારાજ બિરાજ્યા અને બીજી ઘોડી ઉપર પૂજાજી બાપુ બેઠા; સાથે સંતમંડળ તથા હરિભક્તો સૌ ચાલીને હડમતિયા સ્ટેશને આવ્યા. ત્યાંથી શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા.

આવી મુશ્કેલી વેઠીને શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજના એક શબ્દથી ખેંચાઈને રાજકોટ આવ્યા. એવી યોગી મહારાજની ગુરુભક્તિ હતી !

બગડમાં બાવાને પ્રેમથી બાંધ્યો

વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ મોહનભાઈના આમંત્રણથી લીંબડી પાસે બગડ પધાર્યા હતા. બગડમાં પાણીની બહુ મુશ્કેલી હતી. ફક્ત રામજી મંદિરના બાવાની વાડીના કૂવામાં જ પાણી હતું. સવારે ૬ વાગે સ્ત્રીઓ પાણી ભરવા જતી. તેથી મોહનભાઈએ આ મુશ્કેલી વિજ્ઞાનદાસ સ્વામીને જણાવી. ત્યારે યોગી મહારાજ બોલી ઊઠ્યા : 'આપણે વહેલા ૩-૩૦ વાગે નહાવા જઈશું, મોહનભાઈ, ચિંતા કરો મા.'

શિયાળાની કડકડતી ઠંડી હતી. સવારે ૩-૩૦ વાગે વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ મોહનભાઈને સાથે લઈને બાવાની વાડીએ આવ્યા. દરવાજે તાળું મારેલું હતું. ઘણી વાર સુધી બૂમ પાડી ત્યારે બાવો ઊઠ્યો અને ગુસ્સે થઈને કહેવા લાગ્યો : 'કૂકડો બોલ્યો નથી એટલી વહેલી સવારે તમારું અહીં શું દાટ્યું છે ?' એમ બબડતો બબડતો આવ્યો. સાધુઓને જોયા તેથી તાળું ખોલ્યું.

સંતોએ પહેલાં દંતધાવન આદિ કર્મ કરી લીધું. પછી કૂવામાંથી ડોલે ડોલે પાણી સીંચીને પોતે નહાયા. અસહ્ય ઠંડીને લીધે યોગી મહારાજની દાઢી ઠંડીથી ધ્રૂજતી હતી.

યોગી મહારાજ અહીં ત્રણ દિવસ રહ્યા. રોજ ગામમાં ઝોળી માગતા. કથાવાર્તા કરતા અને સાંજે ૪ વાગે બાવાની વાડીએ સ્નાન કરવા જતા અને બાવા માટે મગજના લાડુની પ્રસાદી લઈ જતા. બાવાને એમની સાથે બહુ હેત થઈ ગયું. આથી જો કોઈ સ્ત્રીઓ ત્યાં આવી જતી તો બાવો તરત કહેતો : 'હમણાં બહાર ઊભી રહે, સ્વામિનારાયણના 'જોગી' સાધુ આવ્યા છે. તેને ઉપવાસ પડશે.' એ રીતે સૌને રોકતો.

સાધુતામાં અજોડ આ સાધુ પ્રત્યે જૂનાગઢના નારણદાસ સ્વામીને પણ અત્યંત લાગણી હતી. સંવત ૧૯૭૯માં તેમણે ત્રીજી વાર સંદેશો મોકલ્યો :

'જ્ઞાનજીવનદાસ પાછા આવે તો જેતપુરથી જૂનાગઢ સુધી સામૈયું કરું.'

નાજુક ફૂલ જેવા સાધુને દુઃખ ન પડે એવી સહાનુભૂતિથી જ નારણદાસ સ્વામીના હૃદયમાંથી આવા ઉદ્‌ગાર સરી પડ્યા હતા, પરંતુ ઉપાસનાના શુદ્ધીકરણ માટે સનાતન સત્યનો પ્રકાશ પાથરવા નીકળેલા યોગી મહારાજની સૌરભ સર્વત્ર મહેકતી જ રહી હતી.

✧

સારંગપુરમાં મંદિરનું કામ તો હજુ ઘણું બાકી હતું. તેથી મંદિરના કામકાજને વેગ આપવા, અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરવા અને અહીં રહી સેવા કરતા અલમસ્ત દશાવાળા 'જોગી' મહારાજને મળવા શાસ્ત્રીજી મહારાજ અવારનવાર આવતા રહેતા. યોગી મહારાજને પણ શાસ્ત્રીજી મહારાજની શ્રીજીના સંબંધે યુક્ત અદ્‌ભુત મૂર્તિ જ લક્ષ્યબિંદુ મનાઈ ગઈ હતી. પોતાની સમગ્ર વૃત્તિઓને શાસ્ત્રીજી મહારાજની આ દિવ્ય મૂર્તિમાં કેન્દ્રિત કરી આ સાધુએ યોગની પરાકાષ્ઠા સિદ્ધ કરી હતી. શાસ્ત્રીજી મહારાજને જ તેમણે પોતાનું સર્વસ્વ માન્યા હતા. શાસ્ત્રીજી મહારાજ આવી સર્વોપરી નિષ્ઠાના દ્રષ્ટા અને સાક્ષી હતા. એટલે જ એમનાં દર્શન તેઓ વારંવાર ઇચ્છતા.

સર્વોપરી નિષ્ઠાના પ્રવર્તક થવા સર્જાયેલા આ 'જોગી' શાસ્ત્રીજી મહારાજનું હૃદય હતા. શાસ્ત્રીજી મહારાજના સામીપ્યને અખંડ પોતાના અંતરમાં અનુભવવા છતાં યોગી મહારાજને શાસ્ત્રીજી મહારાજના પ્રત્યક્ષ પ્રસંગની પણ ખૂબ જ અપેક્ષા રહેતી. એટલે શાસ્ત્રીજી મહારાજ પણ તેમને લાભ આપવા સારંગપુર પધારતા અને ત્યાંથી કેટલીક વાર પોતાની સાથે ગામડે પણ લઈ જતા.

ડુંડાસમાં એકાંતનું સુખ

એક વખત શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી યોગી મહારાજ તથા મોહન ભગતને લઈ અમૃતવેલ પધાર્યા. અહીંના સ્ટેશન માસ્તર ચૂનીલાલ ભટ્ટ શાસ્ત્રીજી મહારાજના શિષ્ય. તેમને શાસ્ત્રીજી મહારાજના આગમનથી ખૂબ આનંદ થયો. રાતે મોડે સુધી કથાવાર્તા થઈ.

શિયાળાની કડકડતી ઠંડી હતી. યોગી મહારાજ વહેલા ઊઠીને કૂવામાંથી પાણી ખેંચીને સ્નાન કરતા હતા. સખત ઠંડીને લીધે શરીરની ચામડી ફાટી જતી. આવી ઠંડીમાં એમને ઠંડા પાણીએ સ્નાન કરતા જોઈને ત્યાં વસતા લોકોને ખૂબ ભાવ થયો. તેમને થયું : 'અહો ! આ સાધુ આવી ઠંડીમાં, પાણીમાં

આંગળા બોળતા થીજી જાય એવા ઠંડા પાણીએ કેમ નાહી શકતા હશે ?' તેઓ સાચા આત્મનિષ્ઠ પુરુષ છે એવી સૌને પ્રતીતિ થતી.

પછી બાજુના ડુંડાસ ગામે પધારી શિવ મંદિરની ધર્મશાળામાં ઊતર્યા. તે બંધાવનાર કણબી શંકર ભગતે ભગતજી મહારાજનાં દર્શન કરેલાં અને સારો મહિમા સમજતા. પોતાની ધર્મશાળામાં સાધુ, સંન્યાસી, મુમુક્ષુ ઊતરે તેને તેઓ 'પ્રાગા પ્રભુ'ની વાત કરતા અને શાસ્ત્રીજી મહારાજ જ્યારે ડુંડાસ આવે ત્યારે સેવાનો લાભ અચૂક લેતા.

આ વખતે તેમણે સ્વામીશ્રીને દૂધપાક-પૂરીની રસોઈ જમીને જવા ખૂબ આગ્રહ કર્યો. શાસ્ત્રીજી મહારાજે જાતે જ દૂધપાક બનાવ્યો. યોગી મહારાજે અન્ય સામગ્રી તૈયાર કરી. થાળ બાદ શાસ્ત્રીજી મહારાજે સૌને જમવા બેસાર્યા અને જાતે જ ખૂબ આગ્રહ કરીને પીરસવા લાગ્યા. મિતાહારી અને તપસ્વી યોગી મહારાજ દૂધ તો લેતા જ નહિ. છતાં શાસ્ત્રીજી મહારાજના હાથે પ્રસાદી લીધી. પણ તેઓ તો ફરી વાર પીરસવા આવ્યા. યોગી મહારાજ ના પાડતા જાય 'હવે પીરસો તો મારા સમ' એમ બોલતા જાય. પણ શાસ્ત્રીજી મહારાજ કેમ માને ? 'આજે આ 'જોગી' ખરા લાગમાં આવ્યા છે ! મહારાજે દેહ સૂકવી નાખવા અહીં મોકલ્યા છે ? અનંતને બ્રહ્મરૂપ કરી ધામમાં લઈ જવા છે' – આવું જ કંઈક શાસ્ત્રીજી મહારાજ વિચારી રહ્યા હશે. જેમની દૃષ્ટિમાત્રથી હજારો નિર્વિષયી થાય તે યોગી મહારાજ બીજાની શિક્ષાને અર્થે જ આટલો ત્યાગ રાખતા.

યોગી મહારાજે પત્તર મોંએ અડાડી જ્યાં દૂધપાક પીવાની શરૂઆત કરી ત્યાં શાસ્ત્રીજી મહારાજે પત્તરમાં જ દૂધપાકની ધાર કરી. 'હા-ના' પાડવાની પરિસ્થિતિ જ ન રહી અને નાની એવી તાંબડી એમના પત્તરમાં ખાલી કરી નાખી ત્યાં સુધી શાસ્ત્રીજી મહારાજ પોતાના લાડીલા આ સંતવર્યને પીરસતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજને જાણે પોતે તૃપ્ત થતા હોય એવો આનંદ હતો !

અહીં એક દિવસ રોકાઈ મહુવા પધાર્યા. પ્રસાદીનાં તમામ સ્થાને દર્શન કરી મંદિરે આવ્યા. અહીં ભગતજીને વિશે અત્યંત ભાવવાળા બ્રહ્મચારી નિર્લોભાનંદજીને મળ્યા. તેમણે ભગતજીના મહિમાની ઘણી વાતો કરી.

ત્યાંથી જૂનાગઢ પધાર્યા. મંદિરે દર્શન કરવા ગયા. અહીં વૃદ્ધ બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ નિષ્ઠાવાળા હતા. શાસ્ત્રીજી મહારાજ તરફ તેઓ અત્યંત સદ્ભાવ રાખતા. 'યજ્ઞપુરુષ' આવ્યા છે - એમ સાંભળતાં જ તેઓ પથારીમાંથી બેઠા થઈ ગયા અને તેમને ભેટી પડ્યા. સાથે 'જ્ઞાનજી'

સ્વામી છે - એવું જાણીને તો તેમની આંખમાં હર્ષનાં અશ્રુ ચાલવા લાગ્યાં. યોગી મહારાજ દંડવત્ કરીને તેમની પાસે બેસી ગયા હતા. તેમને માથે બે હાથ મૂકીને બ્રહ્મચારી મહારાજ બોલ્યા : 'આ જોગી તો બહુ મોટા થવા સર્જાયેલા છે, તમારી ગાદી એ સાચવશે અને ગુણાતીત જ્ઞાનનો દેશોદેશમાં ડંકો મારશે.'

બ્રહ્મચારી મહારાજ સાથે કેટલીક વાતો કરી શાસ્ત્રીજી મહારાજ કરસન ભાણાને ઘેર પધાર્યા. ત્યાં ચોખ્ખું પાણી મંગાવી બ્રહ્મચારી મહારાજે આપેલી ઠાકોરજીની પૂરી, મગજ અને અથાણું જમ્યા. પછી તેમણે ટિકિટ કઢાવી દીધી અને બોટાદ જવા ટ્રેનમાં બેઠા.

ગાડીમાં શાસ્ત્રીજી મહારાજે સત્સંગની જૂની વાતો કરી અને યોગી મહારાજ તથા મોહન ભગતને આજ્ઞા કરી : 'સંતનાં લક્ષણનાં, મુક્તાનંદ સ્વામીનાં ચાર કીર્તનો[૨૧] કંઠે કરી નાખો... અને એ બરાબર પાકાં થઈ જાય પછી જ સારંગપુરમાં પાણી પીવું.'

યોગી મહારાજે તો બોટાદ આવતાં પહેલાં જ એ ચારે પદ કંઠસ્થ કરી લીધાં. સૌ બોટાદથી ચાલતા સારંગપુર પહોંચ્યા.

'શ્યામ હૈ હમારો ધન'

શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા ત્યારે ઠાકોરજીની પ્રદક્ષિણાનો ધાબો તૈયાર થતો હતો. તે ટીપવામાં વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ, હરિકૃષ્ણ સ્વામી અને ઘણી વાર શાસ્ત્રીજી મહારાજ પોતે પણ જોડાઈ જતા. ચૂનાનો ધાબો ઉઘાડે પગે ટીપવો પડતો. સંતોને કામનો ભીડો ખૂબ પડે. તેથી ચાર નાના સંતોએ સંપીને જતા રહેવાનો વિચાર કર્યો.

તે સંતો નિયમ-ચેષ્ટા બાદ રાતે ૧૨ વાગ્યા પછી હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિ લેવા ઠાકોરજી પાસે ગયા અને અંધારામાં ભૂલથી યોગી મહારાજ હંમેશાં સાથે રાખી સેવતા તે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ઉઠાવીને, ઝોળીમાં નાખી, થોરની વાડમાંથી બહાર નીકળવા છીંડુ શોધવા લાગ્યા ! પણ અંધારામાં તે જડ્યું નહીં. તેથી વાડ ઠેકીને નીકળી ગયા. વાડ કૂદતાં એક સાધુની ઝોળી

---

૨૧. (૧) સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ...
(૨) બડભાગી રે, પામે સંતનો સંગ, સંતથી મહાસુખ પામીએ...
(૩) સાચા સાધુ રે, સુંદર ગુણધામ, સમજીને સતસંગ કીજીએ...
(૪) સદા કરવો રે, હરિજનનો સંગ, દુર્લભ દર્શન સંતનાં...

વાડમાં ભરાઈ ગઈ, તે ખેંચી કાઢી સૌ પોતાને રસ્તે પડ્યા.

સવારે ખબર પડી કે ‘હરિકૃષ્ણ મહારાજ’ની મૂર્તિ નથી. પૂજારીએ સૌને ખબર આપી. યોગી મહારાજને ફાળ પડી કે ‘ઠાકોરજી ક્યાં જાય ? મારી પૂજામાં એવી તે શું ભૂલ પડી ?’ તેમના મંથનમાં વિહ્વળતા હતી, પ્રભુ પ્રત્યે પ્રેમ હતો. ક્યાંય ચિત્ત ચોંટતું નહોતું. શાસ્ત્રીજી મહારાજ આ જાણી ગયા અને યોગી મહારાજને માથે હાથ ફેરવી કહ્યું : ‘મૂંઝાશો નહીં. ઠાકોરજી તમારી પૂજા અને પ્રેમના ભૂખ્યા છે. એટલે ગમે ત્યાંથી પણ આવશે.’

યોગી મહારાજની આંખમાંથી અશ્રુ ચાલ્યાં જતાં હતાં. બધે તપાસ કરાવી. મૂર્તિની સાથે ચાર સાધુ પણ દેખાતા નથી તેની પણ જાણ થઈ. તેથી સોમા ભગત ઘોડી ઉપર બેસી આસપાસ બધે તપાસ કરી આવ્યા. આ ‘જોગીરાજ’ તો અશ્રુ સાથે દંડવત્ અને પ્રાર્થના, ધૂન અને માળાથી વારંવાર ઠાકોરજીની માફી માગી રહ્યા હતા. મોહન ભગત પણ શોધવા નીકળી પડ્યા. તપાસ કરીને નિરાશ વદને પાછા ફરતા તેમણે રસ્તામાં મશરૂનું નાનું ઓશીકું વાડ પાસે જોયું. ત્યાં વાડમાંથી ઠાકોરજીની પેટી પણ મળી આવી. અંદર ઠાકોરજી મંદ મંદ હસી રહ્યા હતા. સૌના આનંદનો પાર ન રહ્યો. યોગી મહારાજ તો આનંદવિભોર થઈ ગયા. ખોવાઈ ગયેલ એકલા-અટૂલા બાળકને અચાનક તેની મા મળી જાય અને જે અવર્ણનીય આનંદ થાય, તેથી પણ અધિક આનંદ એમના મુખારવિંદ પર રમી રહ્યો.

શ્યામ તન, શ્યામ મન, શ્યામ હૈ હમારો ધન.
આઠો જામ ઉધો, હમે શ્યામ હી સો કામ હે !

ઇન્દ્રિયનિગ્રહ અને તપ, આત્મનિષ્ઠા અને સંયમ-નિયમની ખાંડાધારે ચાલવા છતાં ‘જોગી’ની ભક્તિમાં શુષ્કતાનો પ્રવેશ નહોતો થયો. ઊલટું, પ્રેમની ફળદ્રુપતામાં ભક્તિના મોલથી તેમનું હૃદય દિવ્યતાથી લહેરાતું. એમનામાં હિમાલય જેટલી ઉન્નત ભક્તિ હતી તો સામે જ્ઞાનના મહાસાગરનું અગાધ ઊંડાણ પણ હતું. આ બધું તેમની વાણીમાંથી પ્રગટતું હતું. જ્ઞાનને જ એમણે જીવન બનાવી પોતાના નામને સાર્થક કર્યું હતું, એ જ્ઞાનજીવનદાસ - યોગી મહારાજને સમજવા કોઈપણ શ્રદ્ધાળુનું ગમે તેવું દીર્ઘાયુષ્ય પણ ટૂંકું પડે.

મહિમાની ચરમસીમા

બીજે દિવસે બપોરે યોગી મહારાજ મોહન ભગત સાથે બહિર્ભૂમિ જવા

નારાયણ કુંડે પધાર્યા. હાથમાં તુંબડી લઈ દૂર જતા યોગી મહારાજને મોહન ભગત જોઈ રહ્યા. અચાનક યોગી મહારાજ તુંબડી બાજુએ મૂકી મંદિરની દિશામાં દંડવત્ કરવા લાગ્યા. પછી જ્યારે પાછા આવી હાથ ધોતા હતા, ત્યારે મોહન ભગતે એમને દંડવત્ બાબત પૂછ્યું. યોગી મહારાજ કહે : 'આ સ્થાન તો બહુ જ ચમત્કારી છે. આ શિખરને પ્રણિપાત કરતાં મોટા મોટા અવતારો પણ પોતાના મુગટના વજ્રમણિ ઘસી નાખે છે, એવું આ અતિ મોટું ધામ છે.'

આવો અલૌકિક મહિમા સાંભળી મોહન ભગત સ્તબ્ધ બની ગયા. તેમને લાગ્યું કે પોતે કોઈ વિલક્ષણ 'જોગી'નાં દર્શન કરી રહ્યા છે ! ખરેખર યોગી મહારાજ મહિમાનું મૂર્તિમાન સ્વરૂપ હતા.

દરબારોએ ગુરુપદે અપનાવ્યા

અડવાળના બાપુભા, લીંબડીના દીવાન ઝવેરભાઈ દ્વારા શાસ્ત્રીજી મહારાજના યોગમાં આવ્યા હતા અને સારંગપુર મૂર્તિપ્રતિષ્ઠા વખતે સંવત ૧૯૭૨માં યોગીજી મહારાજ પ્રત્યે હેત થયું. આ અગાઉ તેઓ મૂળીના સંતોનો સમાગમ કરતા, પણ શાસ્ત્રીજી મહારાજના સંતોના ગુણો અને નિષ્ઠા જોયા પછી તથા યોગી મહારાજનો વિશેષ પરિચય થયા પછી તેઓ આ તરફ વળી ગયા. અડવાળનો સત્સંગ યોગી મહારાજના સંસર્ગથી ખીલી ઊઠ્યો.

એક વાર બાપુભાએ અહોભાવથી શાસ્ત્રીજી મહારાજને વાત કરી : 'મારે યોગી મહારાજને ગુરુ કરવા છે, માટે તમે રાજી થઈને હા પાડો.'

શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : 'જોગી ગરાસિયાના ગુરુ કહેવાય. કાઠી-ગરાસિયાને કોઈ વશ ન કરી શકે. તેને જોગી મહારાજ એક જ વશ કરી શકે.'

એ વખતે એક મોટેરા હરિભક્ત બેઠા હતા. તે કહે : 'ગુરુ સારા બનાવ્યા છે. કોઈને એક વેણ ઠપકાનું કહે નહીં એવા.'

યોગી મહારાજને ગુરુ કર્યા ત્યારે બાપુભા બાપુની ઉંમર એમના કરતાં બમણી હતી. બાપુભા દાદુભા બાપુને પણ યોગી મહારાજનો મહિમા કહી તેડી લાવેલા. અગરસંગ બાપુ વગેરે પણ સંવત ૧૯૮૦માં યોગી મહારાજના વિશેષ પરિચયમાં આવ્યા અને એમનામાં સૌને હેત વધવા લાગ્યું. એ પછી યોગી મહારાજનું વિચરણ ઝાલાવાડમાં વધુ રહેતું.

એક વખત બાપુભા બાપુએ શાસ્ત્રીજી મહારાજને અરજ કરી કે 'યોગી

મહારાજ તો પ્રથમ પંક્તિના સાધુ કહેવાય. માટે હવે આપ એમને રસોડાની સેવામાંથી નિવૃત્ત કરો.' ત્યારે કોઈએ કહ્યું કે 'યોગી મહારાજ રસોડામાંથી નિવૃત્ત થશે તો દરબારોને ગરમ ગરમ રોટલી કોણ ખવડાવશે !'

રસોઈ કરવી, પીરસવું વગેરે યોગી મહારાજનું આગવું અંગ હતું. જેના વગર પોતે ક્યારેય રહી શકે નહિ.

યોગી મહારાજ દૂધ અગર દૂધમાંથી બનેલી કોઈ ચીજ જમતા નહીં. એવો વૈરાગ્ય પાળતા. બાપુભાએ શાસ્ત્રીજી મહારાજને અરજ કરી કે 'દૂધના ઉકાળામાં ઘી નાખીને લેવાની યોગી મહારાજને તેઓ આજ્ઞા કરે, કારણ કે ઉપવાસ અને તપથી તેમનાં આંતરડાં નબળાં થઈ ગયાં હતાં. વળી, કબજિયાત પણ રહેતી, તે ઉકાળામાં ઘી લેવાથી દૂર થાય. વળી, શરીર સારું રહે.

યોગી મહારાજે થોડા દિવસ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા ઘી લીધું, પણ તે પછી કેવળ ઉકાળો લેતા પણ તેમાં ઘી લેવાનું બંધ કર્યું.

✧

વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ, ભગવત્સ્વરૂપદાસ સ્વામી વગેરે મોરબી પાસે ગારિયા ઘણી વાર જતા. અહીં ખોડાભાઈ, કાલિદાસભાઈ, અમૃતભાઈ, અરજણભાઈ, તુલસીભાઈ વગેરે સત્સંગી થયા હતા. મણિશંકર મયારામ નામે એક ભૂદેવને ભાવ થતા તેમણે પોતાના ઘરમાં જ એક ઓરડો અલગ કાઢી આપ્યો. વિજ્ઞાનદાસ સ્વામી અને યોગી મહારાજે તેમાં વિધિપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા કરી, હરિમંદિર સ્થાપ્યું હતું. વળી, યોગી મહારાજના શુદ્ધ-નિર્મળ પ્રેમે ગરાસદાર જસુભા રામભાઈનું હૃદય પણ જીતી લીધું હતું. તેથી તેમણે પણ મોટું મંદિર કરવા માટે સારી એવી જમીન અર્પણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

અહીં એક માસ સુધી રોકાણ કરી આ મંડળે ગામને સત્સંગ-ઘેલું લગાડ્યું હતું. શામજીભાઈ તથા તેમના પિતાશ્રી કાલિદાસને વિજ્ઞાનદાસ સ્વામી અને યોગી મહારાજ પ્રત્યે ખૂબ ભાવ હતો. કાલિદાસે પોતાના બંને પુત્રો શામજી તથા વેલજીનો હાથ યોગી મહારાજને સોંપતાં કહેલું કે 'આ બેય સેવકો તમારા માનજો. તેમનો સત્સંગ પાર પડે માટે તમને સોંપું છું. મારી આટલી ભલામણ સ્વીકારજો.' યોગી મહારાજે પણ આ વચન નિભાવ્યું હતું.

✧

આ સંતો ઝાલાવાડમાં પણ ઘણું ફરતા. તેમાં ચચાણા, કંથારિયા, લીમડી, મોજીદડ, નવાગામ વગેરે ગામો મુખ્ય હતાં. એક વખત ચચાણામાં મેરૂભા બાપુ

બીમાર થઈ ગયા. વિજ્ઞાનદાસ સ્વામી મંડળ સાથે ચચાણા પધાર્યા. મેરૂભા બાપુને યોગી મહારાજની વાણી અત્યંત મીઠી લાગતી, તેથી એમના મુખે ભક્તચિંતામણિની કથા સાંભળવા ઇચ્છા દર્શાવી. હંમેશાં સાધુ-હરિભક્તો મેરૂભા બાપુને ઘરે જતા અને યોગી મહારાજ ભક્તચિંતામણિની કથાનું રસપાન કરાવતા. મેરૂભા બાપુને યોગી મહારાજમાં અત્યંત પ્રીતિ હતી.

ડાંગરાના પૂજાજી બાપુને પણ યોગી મહારાજ પ્રત્યે વિશેષ હેત હતું. રાત્રે ચેષ્ટા પછી યોગી મહારાજ હંમેશાં તેમની વાતો સાંભળવા જતા. પૂજાજી બાપુ રસમય વાતો કરતા. આખ્યાનો પણ કહેતા. તે સાંભળતાં સાંભળતાં યોગી મહારાજને દિવસભરના શ્રમથી જો નિદ્રા આવી જતી તો પૂજાજી બાપુ હેતથી કહેતા : 'જ્ઞાનજી ! સૂઈ જાઓ, ખૂબ થાક્યા છો ને ! સેવા-ભક્તિ તમારા જેવી કોઈની નહીં એ તો કહેવું પડશે.' એમ કહી સૂવા માટે મોકલે.

રણછોડ ભક્તના અંતરમાં પણ યોગી મહારાજનાં તપ, ત્યાગ, વૈરાગ્યથી તેમના પ્રત્યેની ઊંડી છાપ પડી હતી.

સારંગપુરમાં અત્યારે હવેલી છે ત્યાં પથ્થરની જૂની મોટી ધર્મશાળા હતી અને તેમાં સર્વે સંતોનાં આસન રહેતાં. સમૈયાના એક દિવસે, બપોરની કથા પછી શાસ્ત્રીજી મહારાજ, પૂજાજી બાપુ, રણછોડ ભક્ત, વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્સ્વરૂપ સ્વામી, ગુરુ ગણેશ ભક્ત, કુબેરભાઈ, ઓધવજીભાઈ, છગનભાઈ વગેરે બેઠા હતા. એ વખતે સેવા અને પ્રેમની મૂર્તિ સમા યોગી મહારાજને જોઈ પૂજાજી બાપુ વિનોદમાં બોલી ઊઠ્યા : 'જેમ સાત ભાઈઓ વચ્ચે એક જ પુત્ર હોય તે બધા ભાઈઓનો વારસદાર ગણાય. તેમ જ જ્ઞાનજી ! અમારા બધાના વારસદાર તમે એક જણાવ છો. તમને અમારા બધાનો સુવાંગ વારસો મળશે.'

પૂજાજી બાપુના એ શબ્દોમાં રહેલી પોતાના મહાન અનુગામીની પ્રશસ્તિ સાંભળી શાસ્ત્રીજી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. ભાવિના ગર્ભમાં રહેલું સત્ય પૂજાજી બાપુની વાણી દ્વારા છતું થઈ ગયું.

અપકાર સામે ઉપકાર

अपकुर्वन्नपि प्रायः प्राप्नोति महतः फलम् ।
और्वं दहन्तमेवाजि संतर्पयति सागरः ॥

મહાપુરુષનું ખરાબ કરનાર માણસ મહાપુરુષ પાસેથી સારું જ ફળ મેળવે છે. જુઓ કે, વડવાનળ સાગરને બાળે છે, તોપણ સાગર તેને સંતોષ આપે છે.

એક વાર અમાસના સમૈયે યોગી મહારાજ તથા પુરુષોત્તમવલ્લભ સ્વામી અડવાળથી નારાયણ ધરે ગયા હતા. તે વખતે ઉત્તમચરણદાસ સ્વામી તથા નારાયણપ્રસાદદાસ નામના બે સાધુઓ પણ મૂળીથી ત્યાં આવ્યા હતા. તે બંને સાધુઓનો યોગી મહારાજને મારવાનો દુષ્ટ આશય હતો. યોગી મહારાજ નારાયણ ધરામાં સ્નાન કરવા ઊતર્યા એટલે તેઓ પથ્થર લઈને કિનારા પર આવ્યા. સમૈયાને કારણે ઘણા હરિભક્તો સ્નાન કરતા હતા, તેથી પથ્થર મારવાની તક મળી નહિ અને દુષ્ટ આશય પૂરો ન પડ્યો. પરંતુ યોગી મહારાજ બહાર નીકળ્યા ત્યારે તેમના પ્રત્યે અપશબ્દો બોલવામાં તેમણે કંઈ જ ખામી ન રાખી. યોગી મહારાજ તો હસતાં હસતાં ચાલી નીકળ્યા, પરંતુ સત્પુરુષોના દ્રોહનું ફળ અત્યંત દુઃખદાયી મળે છે. પેલા બે સાધુમાંથી ઉત્તમચરણદાસની મતિ બગડી. વીસ વર્ષ સુધી સાધુનો સ્વાંગ ધાર્યો હોવા છતાં સત્પુરુષના દ્રોહના પરિણામે વાસના ઉદય થઈ, સંસાર માંડ્યો અને અંતે અત્યંત દુઃખી થયા.

નારાયણપ્રસાદદાસ એક વાર યાત્રાએ નીકળ્યા ત્યારે રસ્તામાં તેને કાચ વાગ્યો. વરસાદ હોવાથી ઘામાં પાણી ચઢી ગયું અને પગ પાક્યો. એક સાધુ સાથે બોટાદ સ્ટેશને ઊતરી, ઘોડાગાડી કરીને બંને સારંગપુર આવ્યા. માર્ગમાં ખૂબ જ ગારો હતો. એટલે ઘોડાગાડીવાળાએ અહીંથી કારિયાણી જવાની ના પાડી અને ભાડું લઈ તે બોટાદ ચાલ્યો ગયો. હનુમાનજીનાં દર્શન કરવા ગયા પણ મંદિરના દરવાજા બંધ થઈ ગયા હતા. વરસાદ વરસતો હતો. પોતે જૂના મંદિરના સાધુ છે તેથી નવા મંદિરમાં તેમને ઉતારો નહિ મળે તેવી તેમને ધારણા હતી. છતાં તેઓ નવા મંદિરમાં આવ્યા. રાત્રિના ૧૧ વાગી ગયા હતા. પગ પાક્યો હતો, તેથી નારાયણપ્રસાદદાસને ખૂબ જ પીડા થતી હતી.

શાસ્ત્રીજી મહારાજ તે વખતે સારંગપુર બિરાજતા હતા. રાત્રિની કથા-ચેષ્ટા કરી સૌ સૂઈ ગયા હતા. ફક્ત યોગી મહારાજ સૂવાની તૈયારી કરતા હતા. ત્યાં ચોકિયાત પાર્ષદે ખબર આપ્યા કે બે અજાણ્યા સાધુ આવ્યા છે અને મંદિરમાં ઉતારો માગે છે.

યોગી મહારાજ દરવાજા સુધી લેવા ગયા અને આવકાર આપ્યો. પછી જમવા માટે આગ્રહ કર્યો. ભંડારમાં રસોઈમાં કશું વધ્યું ન હતું. તેથી ઠાકોરજીના થાળની પૂરી, અથાણું અને મગજના લાડુ આપ્યા. બંને સાધુઓ ખૂબ જ ભૂખ્યા થયા હતા. તેઓ જમ્યા. યોગી મહારાજે તેમને સૂવા માટે આસનો પણ તૈયાર કરી આપ્યાં. તે બંને સાધુઓ આસન પર આવ્યા એટલે

યોગી મહારાજે તેમને આવવાનું કારણ પૂછ્યું. નારાયણપ્રસાદદાસે કહ્યું : 'કારિયાણી દર્શને જવું છે, પરંતુ વરસાદને લીધે ગાડીવાળાએ અહીં ઉતારી મૂક્યા છે.' એમ કહી, વહેલી સવારે કારિયાણી જવાની ઇચ્છા દર્શાવી.

વહેલી સવારે યોગી મહારાજે તેમને ગાડું જોડાવી દીધું. નારાયણ-પ્રસાદદાસ યોગી મહારાજને ઓળખી ગયા હતા. નારાયણ ધરે યોગી મહારાજને પથ્થરો વડે મારવાનો તેનો દુષ્ટ સકલ્પ પૂરો ન થતા અપશબ્દોનો વરસાદ વરસાવી તેમનું અપમાન કર્યું હતું તે તેને યાદ આવી ગયું, પરંતુ એ જ સત્પુરુષ આજે અત્યંત પ્રેમપૂર્વક તેની સંભાળ રાખી રહ્યા હતા. તેથી અજાતશત્રુ એવા યોગી મહારાજનાં ચરણોમાં તેનું અંતર નમી પડ્યું. એ જ ક્ષણે તેના અંતરમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો : 'યોગી મહારાજ ! આપ સાચે જ અજાતશત્રુ છો. આપને કોઈ પ્રત્યે વેરભાવના નથી. આપનું હૃદય કેવળ પ્રેમથી જ ભરેલું છે.'

પરંતુ યોગી મહારાજે એમના મોઢા ઉપર હાથ મૂકી દીધા. પોતે કશો જ ઉપકાર કર્યો નથી એવા સહજ નમ્રભાવનું તેમાં દર્શન થતું હતું.

ફરી એક વાર નારાયણ ધરા પર કોઈએ યોગી મહારાજનું અપમાન કર્યું. તે વખતે કાઠી-ગરાસિયા તેમની સાથે હતા. તે બધા ખૂબ જ ગુસ્સે થયા. યોગી મહારાજે તરત જ તેમને વાર્યા અને શાંત પાડ્યા. પછી કહ્યું : 'શ્રીજી-મહારાજે સાધુતા કેળવવાની વાત કરી છે. માટે આપણે નમી દેવું, પણ આપણી સાધુતાની લાજ જાય એવું કશું ય ન કરવું.'

પછી કહ્યું : 'શ્રીજીમહારાજ આણંદ ગયા. ગામના લોકોએ ધૂળ ઉડાડી, પથ્થર માર્યા. સાથે કાઠી અસવારો હતા, તે સૌએ તલવાર કાઢી પણ મહારાજે સૌને તેમ કરતા અટકાવ્યા અને ગામ બહાર નીકળી ગયા. આણંદથી એક ગાઉ દૂર એક ઝાડ નીચે સભા ભરી. અહીં આણંદમાં ડાહ્યા માણસોને એમ થયું કે સ્વામિનારાયણ ભગવાનનું અપમાન કર્યું, તે ઠીક ન કર્યું. તેઓ પાંચ-પચીસ મળીને શ્રીજીમહારાજને મળવા વરતાલ ગયા. વાટમાં વૃક્ષ નીચે શ્રીજી-મહારાજને સભા ભરીને બેઠેલા જોયા. ગામલોકોએ પોતાની દુર્જનતા બદલ ક્ષમાની પ્રાર્થના કરી. શ્રીજીમહારાજ તથા સંતો પ્રસન્ન થયા. જો સાધુતા રાખી તો અપમાન કરનારાને પરિતાપ થયો અને એમના અંતરનું પરિવર્તન થઈ ગયું.'

યોગી મહારાજની આ વાત સાંભળી તેઓ શાંત થઈ ગયા અને વાત આગળ ન વધી. યોગી મહારાજ આવી ઉચ્ચ પરમહંસ કક્ષાના સંત હતા. એમના હૃદયમાં તો વિરોધીઓનું પણ ભલું કરવાની પ્રબળ ભાવના રહેતી.

'જોગી'ના મૂઠી ઊંચેરા જોગ

શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલા ગુણાતીત જ્ઞાનના યશોગાન જ્યારે ઝાલાવાડ-ગોહિલવાડની ધરતી પર પણ ગુંજવા લાગ્યા, ત્યારે અનેક દ્વેષી હૈયાંઓ ઈર્ષ્યાથી બળવા લાગ્યાં. એક તરફ ઉત્સવો-સમૈયાઓ અને પારાયણોની પરંપરાથી દિવ્યતાના હેલે ચડેલા ગુણાતીત ભક્ત-સમુદાયનાં આદર અને સન્માન, તો બીજી તરફ ગામડે ગામડે વિરોધોના વંટોળ. આ બંને સ્થિતિમાં *'જી રે સંત સદા શીતળ રહે...'* એ પંક્તિ અનુસાર અજ્ઞાનીઓના ઝેરને ગળી જઈ આ સંતમંડળ હંમેશાં સરળ વર્તનનાં અમીછાંટણાં કરતું ગામોગામ વિચરતું રહેતું.

ધોલેરા નજીકના સોઢી ગામમાં હરિભક્તોના આગ્રહથી યોગી મહારાજે પધરામણી કરી. ઠાકોરજીના થાળ માટે જાદરિયું બનાવવાની શરૂઆત કરી. એવામાં ધોલેરા મંદિરે જાણ થઈ કે 'બંડિયા આવ્યા છે.' તેથી ચાર ઘોડા અને બે ઊંટ લઈ પાળાઓ ધૂંઆપૂંઆ થતા સોઢી પહોંચ્યા. સખત શબ્દોમાં સંતોને ધમકી આપી. તાવડો ચૂલા પર રહી ગયો અને સંતોએ તત્કાળ ગામ બહાર નીકળી જવું પડ્યું. સૌ ખોરિયાણાના પંથે પડ્યા. સોઢીમાં કરેલો તિરસ્કાર ઓછો હોય એમ આ પાળાઓ સંતોની પાછળ ખોરિયાણે પહોંચ્યા. ત્યાંથી પણ ભૂખ્યા-તરસ્યા નીકળવું પડે એ સ્થિતિ થઈ. સહનશીલતાની મૂર્તિ સમા આ સંતોનાં કરુણામય વદન જોઈ ખોરિયાણાના હરિભક્તોનું ખમીર ઊછળી આવ્યું અને પાર્ષદોની ખૂબ ઝાટકણી કાઢી પક્ષ રાખ્યો અને સંતમંડળને જમાડીને વિદાય કર્યું.

ઝાલાવાડના એ સમયનાં ગામડાંઓમા ફરવુ એ આમેય તપ તો હતુ જ. કેમ કે જરૂરિયાત પૂરતી સગવડો મળવી પણ ત્યાં મુશ્કેલ હતી. એમાં વળી, એક છોગું ઉમેરાતું – ઉપેક્ષાનું, હડધૂત થવાનું !

ચચાણામાં યોગી મહારાજ અને સંતો અવારનવાર જતા. એક વાર અહીં મૂળીના સંતો આવ્યા હતા. તેમણે 'બંડિયા'ને જોયા અને ક્રોધે ભરાઈ સાધુને ન શોભે તેવા અપશબ્દો બોલવા લાગ્યા. પછી તો ગડદાપાટુ મારતા જાય અને બોલતા જાય : 'માળા બંડિયા, અહીં ક્યાંથી પેઠા ?'

એવામાં દરબાર જીલુભા ત્યાં આવ્યા અને યોગી મહારાજને ધુંબાપાટુની ઝડીમાંથી છોડાવી પેલા સાધુઓને ધમકાવી નાખ્યા. 'બંડિયાનો પક્ષ હોવાથી અમારું અહીં વધારે નહીં ચાલે' એમ વિચારી, છેવટે તે સાધુઓ ચાલ્યા ગયા.

યોગી મહારાજ તો ધીરેથી ઊભા થયા અને કહે : 'શરીર પ્રસાદીનું થયું !'

કંથારિયામાં તો મૂળીના સંતો જાય અને 'બંડિયા અહીં ઊતર્યા હતા' એમ જાણે, ત્યારે રસોડાનાં નળિયાં પણ ધોઈ નાખે ! પાણીનાં માટલાં તો વાપરે જ નહીં. નવાં મંગાવે. મેરુભાને આ બધું ન ગમતું. તેઓ આ સાધુઓની આવી દ્વેષવૃત્તિ પર કટાક્ષથી કહેતા : 'આ ગોદડાં પણ કાઢી નાખો, શાસ્ત્રીજી મહારાજ ને જોગી મહારાજ એમાં જ સૂતા હતા !'

સાધુઓ આ દરબારો સામે બહુ બોલી શકતા નહીં, તેથી સમસમી રહેતા અને તેની દાઝ આપણા સંતો ઉપર કાઢતા. આવા દાઝેભર્યા એક સાધુને ખબર પડી કે 'જોગી' અને કેટલાક બંડિયા સાધુઓ સુંદરિયાણામાં છે. તેથી મંડળ લઈ ત્યાં આવવા નીકળ્યા. અહીંના મહાલકારી બાલુભાને આ જાણ થઈ. તેઓ શાંત પ્રકૃતિના હતા. તેથી જરા ગભરાયા અને રસોડામાં સંતો પાસે ગયા ને કહેવા લાગ્યા : 'ઝટ ઝટ ખાઈને હાલવા માંડો, વાર આવે છે !'

સંતો સમજી ગયા કે દ્વેષી તરફથી વિઘ્ન આવશે. તેથી જેમ તેમ જમીને પોટલાં લઈ બહાર નીકળ્યા. ત્યાં તો પેલા સાધુ આવી પહોંચ્યા અને ગમે તેમ મારઝૂડ કરવા લાગ્યા. આ સંતોએ ભિક્ષા માગીને એકઠા કરેલા અનાજની ઝોળીઓ ફાડી નાખી. અનાજ વેરાવા લાગ્યું, પણ લેશ પણ પ્રતિકાર વિના યોગી મહારાજ અને સંતો ઝડપથી ગામ બહાર નીકળી ગયા.

આવા વિચરણમાં કોઈ ગામમાં કોઈ ભાવિકો પણ મળી જતા. આદરથી રસોઈ આપતા અને કથા પણ સાંભળતા. એવા એક ગામમાં એક શ્રદ્ધાળુએ લાડુની રસોઈ આપી. આ તપોમૂર્તિ 'જોગી'એ તો ઠાકોરજીને ધરાવી, બધા લાડુ તેને આપી દીધા. આથી જોડના સાધુ ત્રિકમચરણદાસની ઇચ્છા મનમાં ને મનમાં રહી ગઈ. વળી, બીજે ગામ જવા માટે પેલા ભાવિકે ગાડાનો આગ્રહ કર્યો, ત્યારે યોગી મહારાજે તેની પણ ના પાડીને કહ્યું : 'અમે ચાલ્યા જઈશું.'

એટલે ત્રિકમચરણદાસનો પારો ચડી ગયો. તે વખતે તો કાંઈ ન બોલ્યા, પણ રસ્તે ચાલતાં યોગી મહારાજને ધમકાવવા લાગ્યા : 'બધા લાડુ કેમ પાછા આપ્યા ?'

'હવે આવું નહીં કરું,' યોગી મહારાજે કહ્યું, 'આ વખતે ભૂલ થઈ ગઈ.'

પણ આ દિલગીરીથી ત્રિકમચરણદાસને સંતોષ ન થયો. તેને થયું કે આજે 'જોગી'ને ઉપવાસ પડાવું. તેથી રસ્તામાં દોડવા લાગ્યો. સંતોને જોડમાં ચાલવાનો નિયમ તેમાં જોડનો સાધુ દેખાય નહીં તો નિયમ-ભંગનો ઉપવાસ કરવો પડે, તેથી યોગી મહારાજ પોટલાના ભાર સાથે ધીમે ધીમે દોડવા

લાગ્યા ! 'ઊભા રો...' 'ઊભા રો...' એમ બૂમ પાડતા જાય.

આમ ને આમ ત્રિકમચરણદાસે મોજીદડ સુધી ત્રણ ગાઉ યોગી મહારાજને દોડાવ્યા. તેમને તો શ્વાસ ચડી ગયો. વળી, શરીર નાજુક એટલે પિચોટી ખસી જવાનોયે ભય રહે. શાસ્ત્રીજી મહારાજ મોજીદડ બિરાજતા હતા. તેમણે પરસેવે રેબઝેબ અને હાંફતાં હાંફતાં દંડવત્ કરતા યોગી મહારાજને પૂછ્યું : 'કેમ દોડ્યા આવો છો ? શું બાબત છે ?'

યોગી મહારાજે કહ્યું : 'કાંઈ નથી. આ ગુરુ મળ્યા છે ને !'

પછી ત્રિકમચરણદાસ પાસેથી વિગત જાણી ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેને બહુ ઠપકો આપ્યો. જો કે યોગી મહારાજના તેમની સાથેના વર્તનમાં કે આત્મીયતામાં કોઈ ફેર પડ્યો નહીં.

અહીં એક દિવસ સવારે યોગી મહારાજ પ્રભાતિયાં બોલતા હતા. ત્યારે મૂળીથી આવેલા બ્રહ્મચારી અખંડાનંદને ઊંઘમાં ખલેલ પડી. તેથી ઊઠીને ગુસ્સામાં કહે : 'આ રાગડા બંધ કરો, નહીં તો જોયા જેવી થશે.'

ત્યારે યોગી મહારાજ તો કાંઈ જ બોલ્યા નહીં. પણ ગણેશ ભગતે કહ્યું : 'આપ શાંત થાવ, હવે નહીં બોલીએ.'

સાચે જ, 'જોગી'ના જોગ અષ્ટાંગ યોગ કરતાંયે મૂઠી ચડે એટલા આકરા હતા. એકાંતમાં ચાલતી અષ્ટાંગ યોગની સાધનામાં સ્વભાવ-પ્રકૃતિનું ઘર્ષણ સહેવાનું ક્યાંથી બને ? જ્યારે વિઘ્નોની વચ્ચે રહીને ઘર્ષણોથી અલિપ્ત થઈ 'ખમવાનો સ્વભાવ' રાખી, સૌને રાજી રાખી પોતાના ધ્યેયને અચળ રીતે વળગી રહેવાની યોગી મહારાજની વિશેષતા કોઈપણ સાધનાને ટપી જાય એટલી સામર્થ્યવાન હતી.

આ અરસામાં, રામજીભાઈએ પોતાનાં રહેણાંકનાં નવાં મકાન બંધાવ્યાં હતાં, પરંતુ શાસ્ત્રીજી મહારાજ તેમાં પધારે અને રસોઈ જમે પછી જ તેમાં રહેવા જવું એવો તેમનો નિશ્ચય. તેથી ગણેશ ભક્તે શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે 'બાપા ! રામજીને ઉત્તમ રસોઈ દેવી છે તે સ્વીકારો.'

શાસ્ત્રીજી મહારાજ સંમત થયા. પોતે જાતે જ બુંદીના લાડુ બનાવ્યા. યોગી મહારાજે અન્ય સામગ્રી તૈયારી કરી. સૌ જમવા બેઠા ત્યારે શાસ્ત્રીજી મહારાજ લાડુ લઈ પીરસવા પધાર્યા. યોગી મહારાજે તો અર્ધો લાડુ અને અન્ય વસ્તુ લઈ જમવાનું શરૂ કર્યું, પરંતુ શાસ્ત્રીજી મહારાજે લાડુનો આગ્રહ કર્યો ત્યારે જરા ગુંચાયા ને આનાકાની કરવા લાગ્યા. ગળ્યું તેમની પ્રકૃતિને માફક ન

આવતું. એવામાં શાસ્ત્રીજી મહારાજે એક લાડુ લઈ મોંમાં મૂકી બે ભાગ કર્યા. અને કહે : 'હવે લેવો છે ?' યોગી મહારાજે તરત જ પત્તર ધર્યું. શાસ્ત્રીજી મહારાજ રાજી થયા. તેઓ જાણતા કે તપોમૂર્તિ 'જોગી' એમ તો લાડુ નહીં ખાય, તેથી તેઓ 'જોગી'ની મહિમાની નાડ પકડતા.

પ્રસાદીના લાડુની થોડી કણ જમીન પર પડી, તે જોઈ શાસ્ત્રીજી મહારાજ કહે : 'આ પ્રસાદી જે જમે તેનું કલ્યાણ થશે.'

'જી રે સંત સદા શીતળ રહે...'

એક વાર વિજ્ઞાનદાસ સ્વામી મંડળ સાથે નિંગાળા પાસે કેરિયા ગામે પધાર્યા. ગામમાં જૂના મંદિરનો સત્સંગ કર્યો અને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્ત થોડા હતા. સંતોએ જૂના મંદિરમાં ઉતારો કર્યો. રાતે કથાવાર્તા પછી સૌ હરિભક્તો પોતપોતાના ઘરે ગયા. યોગી મહારાજ ચેષ્ટા બોલી, આરામમાં જવાની તૈયારી કરતા હતા. ત્યાં અચાનક જ સાધુઓનું મંડળ વિરોધ કરવા ગઢડાથી આવી પહોંચ્યું. હજી શું થઈ રહ્યું છે એની જાણ થાય એ પહેલાં જ આવેલા દ્વેષી સંતોએ મંદિરનાં ખંડમાં ખીંટા પર લટકાવેલી ઝોળીઓ બહાર ચોગાનમાં ફગાવી દીધી. મંદિરના કમાડ અંદરથી બંધ કરી યોગી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામી વગેરે સંતોને ગડદાપાટુથી ખૂબ મારવા લાગ્યા. સંતો તો પ્રતિકાર કર્યા વિના 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' ભજન કરતાં કરતાં મહારાજને સભારતા હતા.

આ બાજુ દેકારો થતાં ગામમાં સૌને ખબર પડી કે શાસ્ત્રીજી મહારાજના સાધુઓને જૂના મંદિરના સાધુઓ આવીને મારે છે. ગામમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા વકીલ ઓધવજીભાઈ આચાર્ય રહેતા હતા. તેમને પણ કોઈએ ખબર પહોંચાડી. તરત જ ઓધવજીભાઈ મંદિર નજીક આવ્યા. પણ મંદિરના કમાડ અંદરથી બંધ હતા એટલે વંડી ઠેકીને ઓધવજીભાઈ અંદર કૂદ્યા.

જઈને જોયું તો યોગી મહારાજ વગેરે સંતો માર સહન કરતાં કરતાં 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' ભજન કર્યે જતા હતા. ગરીબ ગાય જેવા આવા શુદ્ધ વર્તનવાળા સંતોને થતો ત્રાસ જોઈને ઓધવજીભાઈએ ત્રાડ પાડી : 'ખબરદાર ! જો હવે હાથ ઉગામ્યો છે તો !'

માર મારતા સંતો અચાનક આ બુલંદ પડકાર સાંભળી હેબતાઈ ગયા. ચોગાનમાં જોયું તો ઓધવજીભાઈ વકીલ ઊભેલા. આવી પ્રતિષ્ઠિત વ્યક્તિને

જોઈને સંતો ખચકાઈ ગયા. તરત જ ઓધવજીભાઈએ કમાડ ઉઘાડી યોગી મહારાજ અને સંતોને બહાર કાઢ્યા અને જૂના મંદિરના સાધુઓને ધમકાવ્યા.

યોગી મહારાજ અને વિજ્ઞાનદાસ સ્વામી મંદિર બહાર નીકળ્યા. ત્યાં એક સાધુની આસુરી વૃત્તિ વળી પાછી સળવળી ઊઠી. એણે દોડીને યોગી મહારાજને કેડમાંથી પકડીને ઊંચા કરીને ભીંત સાથે અફાળ્યા. યોગી મહારાજને કેડમાં જોરદાર આંચકો લાગ્યો. છતાં તેઓ સ્થિર ચિત્તે મહારાજ-સ્વામીનું ભજન કરતા હતા. ગામના માણસોથી આ ન જોઈ શકાયું. એમણે ગઢડાથી આવેલા દ્વેષી સાધુઓને હાંકી કાઢ્યા.

સંતો પર વીતાવેલા આ ત્રાસની જાણ ભાવનગર કુબેરભાઈને થઈ. તેઓ તત્કાળ કેરિયા આવવા નીકળ્યા. નિંગાળા સ્ટેશને જ સંતો ભેગા થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજના આ લાડીલા સંતો પર ગુજારેલા સિતમથી હરિભક્તોની આંખમાં પાણી આવી ગયાં. તેમણે સંતોને વિનંતી કરી : 'સ્વામી ! આપણે ચાલો પોલીસ થાણે ફરિયાદ નોંધાવીએ અને કોર્ટમાં કેસ કરીએ.'

આ સાંભળીને યોગી મહારાજ તરત જ કાન આડા હાથ દઈ બોલી ઊઠ્યા : 'અરરર ! સ્વામિનારાયણ ભગવાન તો આપણા ઇષ્ટદેવ ! એમના સાધુ ઉપર ફોજદારી કરાય જ નહિ !' હરિભક્તોએ ઘણો આગ્રહ કર્યો.

'ઈ વાત બોલશો જ નહીં. આપણે તો સાધુ છીએ, તે સાધુને તો માન-અપમાન સરખાં હોય. આપણે તો કોઈ મારે તોપણ તેનું સારું થાય એ માટે રૂડા સંકલ્પ જ કરવા.'

સૌ યોગી મહારાજની અજાતશત્રુતા આશ્ચર્યમુગ્ધ બનીને નિહાળી રહ્યા. પછી સૌ ભાવનગર ગયા. ત્યાં યોગી મહારાજ અને સંતોની સારવાર કરાવી.

શાસ્ત્રીજી મહારાજના સંતોને ગઢડાના સંતોએ મારઝૂડ કરી છે એવા ખબર ગઢડાના જ મોટેરા સંતોને મળવાથી તેઓ કુબેરભાઈ પાસે ભાવનગર આવ્યા. પોતાના અણસમજુ સંતોની ભૂલ બદલ માફી માગી.

ભાવનગરથી વિજ્ઞાનદાસ સ્વામી અને સંતમંડળ ફરી પાછા ગામડે વિચરણ કરવા ચાલી નીકળ્યા.

ક્રોધની આગને ગળી જતો ઓલિયો

ગુરુ વિજ્ઞાનદાસ અને શિષ્ય યોગી મહારાજની પ્રકૃતિમાં આકાશ-પાતાળની ભિન્નતા હતી. ગુરુ અતિશય ક્રોધી, શિષ્ય અતિશય શાંત; ગુરુ

દુરાગ્રહી, શિષ્ય અતિશય સરળ; ગુરુ ધૈર્યહીન, શિષ્ય સહનશીલ. આ વિરોધાભાસી વ્યક્તિત્વ છતાં જે સંબંધ કોઈ જ વ્યક્તિ પલભર ન ટકાવી શકે એ સંબંધ યોગી મહારાજે વર્ષો સુધી જાળવ્યો હતો. યોગી મહારાજની સાધુતા ગુરુને મન લાચાર ભીરુતા હતી. પરિણામે, તેમની વચ્ચે એવા પ્રસંગો ઊભા થતા જેમાં તેમની ક્રોધાવેશ અવસ્થાનાં 'દર્શન' થતાં. યોગી મહારાજ આ અસહ્ય ક્રોધ અને મારઝૂડને કોઈ જ દાદ-ફરિયાદ વિના ગળી જતા. કાળું કાતિલ ઝેર પીને શંકર 'નીલકંઠ' કહેવાયા, પરંતુ એ લાચારી કે અપમાન, મારઝૂડ અને ઉપેક્ષાભરી યાતનાઓને કોઈ રંગ નથી હોતો, નહીં તો યોગી મહારાજના કંઠ સુધી સહન થઈ થઈને ધરબાયેલી પીડાને કોઈ નામ આપી શકાત !

'નીલકંઠ'ને તો એક જ વાર નીલકંઠ થવું પડ્યું; યોગી મહારાજને પ્રત્યેક પ્રસંગે આગના ઘૂંટ ગળવાના હતા.

એક વાર ધીખતા ઉનાળાની લૂ વરસતી બપોરે ધંધુકા નજીકના એક ગામડામાં આ ગુરુ-શિષ્ય જઈ ચડ્યા. ગામના નાસ્તિક દરબારે 'જોગટા, બાવા' જાણી કોઈ જ દાદ આપી નહીં. ઊલટી ગાળો ભાંડી ને અપમાન કર્યું. પણ તેમનાં પત્નીથી ન રહેવાયું. દરબારને ખૂબ વિનવ્યા, આંસુ સાર્યાં, ખોળો પાથર્યો અને કરગર્યાં કે 'સાધુને આપણા આંગણેથી ભૂખ્યા ન જવા દેવાય.'

દરબાર આ આંસુ અને આ લાગણીઓને અવગણી ન શક્યા અને પસાયતા પાસે સીધું ઉપડાવી મંદિરે આવ્યા. સંતોએ દરબારને આમંત્ર્યા કે 'જમવા આવજો.' દરબાર મોં ફુલાવી આ સાધુઓને જોઈ રહ્યા અને પીઠ ફેરવી ચાલતી પકડી. થોડાં વાસણોથી વધુ માણસોની રસોઈ બનાવવાની હોઈ યોગી મહારાજે ધીરે ધીરે રસોઈ તૈયાર કરવા માંડી.

રસોઈ તો તૈયાર થઈ પણ રોટલી પર ચોપડવા ઘી નહોતું. તેથી 'જોગી' જરા મૂંઝાયા. નવું ગામ, બધા અપરિચિત. તેમને દરબારનું ગર્વિષ્ઠ મોં યાદ આવ્યું અને માગવાની હિંમત થઈ નહીં. કદાચ માગીએ ને ગુસ્સે થાય, જેમ તેમ બોલવા લાગે તો ? વળી, 'આ સાધુઓ સ્વાદિયા થઈને ઘી માગે છે એમ સાધુનું ય ભૂંડું દેખાય.' એમ, વિચારી મૌન રહ્યા. પણ 'ઠાકોરજીના થાળમાં તો ઘી જોઈએ ને !' યોગી મહારાજને ઠાકોરજીની ભક્તિ પહેલી હતી. છેવટે દીવા માટેનું જરા જેટલું ઘી હતું તે લઈ થાળની બે-ચાર રોટલીઓ ચોપડી. તેમને થયું : 'ચાલો, શુકન પૂરતું તો મળી ગયું !' ઠાકોરજીને પ્રેમથી થાળ ધર્યો.

એટલામાં દરબાર આવ્યા. યોગી મહારાજે ગુરુ તથા મહેમાનોને જમવા

બેસાડી દીધા. પ્રેમથી પીરસવાનું શરૂ કર્યું. સૌ જમતા જાય અને જોગી પીરસતા જાય : 'લ્યો રોટલિયું.' પણ શેની ગળે ઊતરે ? દરબારને ઘી વગરની રોટલી કેમેય ભાવી નહીં. એમના નાસ્તિક અંતરમાં કુશંકા ઊઠી : 'નક્કી બાવાઓ ઘી ખાઈ ગયા. અને આપણને ઘી વગરના રાખ્યા ?'

તેમણે તો ચડભડ શરૂ કરી. જેમ તેમ થોડું જમીને ઊભા થઈ ગયા. વિજ્ઞાનદાસની સામે પણ જોયા વગર બબડતાં બબડતાં ઘર તરફ ચાલ્યા ગયા, તો પછી તેમની કથા સાંભળવા તો શાના રોકાય ! વિજ્ઞાનદાસ ક્રોધથી તમતમી ઊઠ્યા. ઊભા થઈ યોગી મહારાજને ઊધડા લીધા. અપશબ્દોની ઝડીઓ વરસાવવા માંડી. શબ્દો ખૂટ્યા એટલે હાથ ઉગામ્યા અને થાક્યા ત્યારે છેવટે બળતણનાં લાકડાંથી માર્યા ! આ બેસુમાર મારથી યોગી મહારાજ લગભગ મૂર્છાવશ થઈ ગયા. ગુરુ થાક્યા એટલે પથારીમાં જઈ આડા પડ્યા. આજના 'ગુના' બદલ તેમણે 'જોગી'ને એક ઉપવાસ પ્રાયશ્ચિત્તનો આપ્યો !

શરીર ખૂબ દુઃખતું હતું. ઠેર ઠેર સોળ ઊઠી આવ્યા હતા, છતાં વાસણ ઊટકવાનાં હતાં, ચોકો કરવાનો હતો. યોગી મહારાજે ધીરે ધીરે બધું કામ આટોપ્યું અને મંદિરના થાંભલે ટેકો દઈ હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' કરવા લાગ્યા.

દરબારે ઘરે જઈને રાડ નાખી : 'બાવાને જમાડીને શું લાડવો લીધો ?'

તેમનાં પત્ની આ સાંભળી દોડી આવ્યાં. ત્યાં દરબાર કહે : 'આ સાધુ તો એકલપેટા છે એકલપેટા ! ઘી તો એકલા ખાઈ ગયા. બીજાને કોરું જમાડે છે કોરું. જા, જોઈ આવ... !'

તેમનાં પત્નીને કાંઈ કહેવું હતું પણ ડૂમો ભરાઈ ગયો, બોલી ન શક્યાં. દરબાર ગૂંચવાયા. ત્યાં તેમનાં પત્ની રોઈ પડ્યાં ને કહે : 'અરે, આ ઘી તો એમનું એમ પડ્યું છે. મોકલવાનું જ રહી ગયું. ને કોઈ હતું જ નહીં, તે કેવી રીતે મોકલું ? મનેય મોડી ખબર પડી.'

દરબાર તો અવાક્ ! 'શું કહે છે !' તેમનો અવાજ ફાટી ગયો. ઘીની તપેલી પસાયતાને બદલે જાતે ઊંચકી અને ઝડપથી મંદિરે પહોંચ્યા, પણ થવાનું થઈ ગયું હતું. વિજ્ઞાનદાસ સૂતા હતા. એકવડી કાયાના નાનકડા સાધુ એકચિત્તે માળા ફેરવતા હતા.

'સ્વામી !' દરબારે કહ્યું.

યોગી મહારાજે તેમના તરફ જોયું. મીઠું હસ્યા ને કહે : 'આવો બાપુ !'

'પણ... આ શું સ્વામી !' દરબાર હાથમાં તપેલી સાથે સ્થિર થઈ ગયા. એ સંતના મોં પર મારના તાજા ઊઝરડા હતા. નાક સૂજી ગયું હતું. આંખો લાલ થઈ ગઈ હતી.

'કાંઈ નહીં.' સંતે ઊભા થતાં કહ્યું અને ખભેથી ગાતરિયાનો છેડો સરી પડ્યો. છાતીએ પણ એવા જ લાલ ચકામા, વાંસો પણ લાલચોળ, બળતણનાં લાકડાંના મારથી ઊઝરડામાં લોહી ઝમી ગયું હતું. દરબારના પસ્તાવાનો પાર ન રહ્યો. પોતાની ભૂલથી અને ગુરુના હાથથી શિષ્યને આ યાતના પડી છે, તે સમજી ગયા. પણ લાચાર હતા. નાનકડા શિષ્યનો પક્ષ રાખીને પણ ગુરુને તો તેઓ ઠપકો પણ આપી શકે તેમ ન હતું, કારણ કે 'જોગી' મહારાજે તેમને સમજાવી દીધા હતા ! દુ:ખી હૈયે દરબાર 'યોગી'નાં ચરણે ઢળી પડ્યા.

એવામાં વિજ્ઞાનદાસ જાગ્યા અને ઓરડા બહાર આવ્યા. જે દૃશ્ય જોયું તે તેમના પસ્તાવા માટે પૂરતું હતું. દરબાર યોગી મહારાજનાં ચરણે હતા, બાજુમાં ઘીની અકબંધ પડેલી તપેલી હતી. તેઓ સૂનમૂન થઈ 'યોગી' સામે પલભર જોઈ રહ્યા અને ફરી ઓરડામાં જતા રહ્યા.

દરબાર તે જ ક્ષણે સત્સંગી થયા. યોગી મહારાજ સાથે તેમને સહેજે હેત થયું અને બે દિવસ સંતોને રોકી ખૂબ સેવા કરી. 'યોગી'એ જ્યારે પોતાની રસોઈના લાડુનો કટકો ખાધો, ત્યારે જ તેમને સંતોષ થયો. વિદાય વેળાએ જ્યારે દરબારે કંઠી બંધાવી ત્યારે તેમનાં પત્નીના આનંદનો પાર ન રહ્યો. દરબારમાં પધરામણી કરાવી. આજે પોતાના ક્રૂર અને શુષ્ક પતિના જીવનને આ ઓલિયાએ અધ્યાત્મ રંગે રંગી દીધું હતું.

કસોટીની બાણશય્યા પર

સંજોગોની સતત બદલાતી કરવટ, પળે પળે પલટાતો ગુરુનો સ્વભાવ, રોજ નવાં ગામડાંનાં નવાં પાણી અને અનુભવોની ઘટમાળ 'યોગીરાજ'ના આનંદની ઓટ લાવવામાં સદંતર નિષ્ફળ નીવડી હતી. એ વખતે ઉનાળાના દિવસોમાં સોરઠની ધરતી પર વિચરવું એ મૂઢમારની પીડા જેવું હતું. કષ્ટ જેવું દેખાય નહીં ને અંગોમાં ડામ દીધા જેવી વેદના થયા કરે.

આવી બળતી બપોરે વિજ્ઞાનદાસ જૂનાગઢ નજીકના સ્ટેશને ઊતર્યા. એમની સૂચના અનુસાર યોગી મહારાજે હરિભક્તોને પત્ર લખ્યો હતો કે સ્ટેશને લેવા આવજો. પણ તિખારા વેરતી લૂમાં કોઈ માણસ ત્યાં ફરકતું નહોતું.

વિજ્ઞાનદાસ સ્વામી આ જોઈ ઊકળી ઊઠ્યા અને પળવારમાં તો અનુમાન પણ કરી લીધું કે જોગીએ પત્ર જ નહીં લખ્યો હોય. તેઓ તરત જ યોગી મહારાજ પર તૂટી પડ્યા. ધોલધપાટ સિવાય એમને શાંતિ થતી નહીં. તેથી ગાળો-અપશબ્દો અને હૈયું દાઝે તેવા આક્ષેપો પછી પણ એમના હાથ 'યોગી'ને ફટકારવા તત્પર રહેતા.

'સ્વામી', યોગી મહારાજે હાથ જોડી કહ્યું, 'કાગળ તો પોસ્ટ કરાવી દીધો હતો.' પણ ક્રોધનો વેગ કાંઈ સાંભળતો નથી. વિજ્ઞાનદાસની સગવડને આંચ આવી હતી. તેથી તેમના જ્ઞાનને-સમજણને ઝોકું આવી ગયું ! તેમણે આંતર-બાહ્ય બળતરા યોગી ઉપર વરસાવવા માંડી.

અંગારા વરસતી બપોરે સ્ટેશનના બળતા એકાંતમાં છાપરા નીચે ઊભેલા સ્ટેશન માસ્તર પણ પોતાની ઓરડીમાં બેસી ગયા હતા.

વિજ્ઞાનદાસનો ઊભરો શમ્યો. ત્યાં યોગી મહારાજે સ્ટેશન માસ્તરની ઓરડી તરફ પગલાં ભર્યાં.

'ક્યાં જાય છે ?' વિજ્ઞાનદાસ તાડૂકી ઊઠ્યા.

'સ્વામી ! ઠાકોરજી માટે અને આપના માટે પાણી લેવા.'

'નથી પીવું જોગટા,' વિજ્ઞાનદાસના શબ્દે શબ્દે ક્રોધના તણખા ઊડતા હતા. 'આજે તો તું ય દુઃખી થા અને હું ય દુઃખી થાઉં...'

'પણ ઠાકોરજી પણ દુઃખી થશે ?' યોગી મહારાજને આ વિચાર આવતાં તેઓ શૂન્યમનસ્ક થઈ ગયા. એમણે ગુરુ સાથે ગામડા તરફ જતા ચીલા પર ભગવત્સ્વરૂપદાસને દોરતા ચાલવા માંડ્યું.

તડકે બળતી આ ભેંકાર ભોમ પર પોટલાં સાથે અને અંધસંતને દોરતાં ધીરે ડગલે જોડા વગર ચાલવાની કલ્પના પણ રૂંવે રૂંવે કાંટા વાગ્યા જેવી લાગે, તો વાસ્તવિકતાને જીવનાર 'જોગી'ની સહનતાનો તાગ તો કોણ મેળવી શકે ? આમ ને આમ પાંચ-સાત ગાઉનો પંથ કપાયો. વિજ્ઞાનદાસ કંટાળ્યા. તરસ લાગી હતી. સ્ટેશને તો જાતે જ દુઃખી થવાનું ઊભું કર્યું હતું, પણ તેમણે હુકમ છોડ્યો : 'જોગી ! પાણી શોધી લાવ.'

થોડે દૂર ખોરડાં દેખાતાં હતાં. યોગી મહારાજ ત્યાં પહોંચ્યા. આખું ગામ શોકસભાની તસવીર જેવું લાગ્યું. ગામની કોઈ મોટી વ્યક્તિનું મરણ થયું હતું. તેથી 'જોગી'ની વાતને કોઈએ કાન ન કીધા. છેવટે પાણી વગર પાછા આવવું પડ્યું. વિજ્ઞાનદાસ આ વાત માનવા કેમેય તૈયાર નહીં. છેવટે તેમને ગળે ઊતર્યું.

આગળ ચાલ્યા. માર્ગમાં એક કૂવો જોઈ પાણી સીંચી ઠાકોરજીને પાયું. ગદ્ગદ થઈ કાલાવાલા કર્યા : 'માફ કરજો દયાળુ...' અને જોગીની આંખોમાં બે અશ્રુબિંદુ થીજી ગયાં. ગુરુને અને ભગવત્સ્વરૂપદાસને પાણી પાઈ પોતે પણ પીધું. આખે રસ્તે વિજ્ઞાનદાસના મોંમાંથી ધૂત્કાર અને કડવાશ છૂટી પડતાં હતાં. ગાળો ભાંડતાં ભાંડતાં થાકે ત્યારે ઊંધું ઘાલીને ઝડપથી ચાલવા માંડે. અંધ સંતની સાથે ધીરે ધીરે આવતા 'જોગી'નો જીવ ઊંચો થઈ જતો કે ગુરુને ઉપવાસ પડશે ! આ પદયાત્રા બહુ લાંબી ચાલી. સંધ્યા સમયે કોઈ એક ગામ આવતાં યોગી મહારાજે ઠાકોરજીને થાળ ધરવા, અહીં રોકાઈ જવા વિનંતી કરી.

'તારો બાપ ત્યાં રાહ જોતો હશે !' વિજ્ઞાનદાસ કાળઝાળ થઈને બોલી ઊઠ્યા. 'હાલવા માંડ જલદી...'

યોગી મહારાજ નીચું જોઈ ગયા. આટલી અવહેલના કોઈપણ દિલને રડાવવા માટે બસ હતી. જોગીને પણ દુઃખ થયું. અવહેલનાથી જ દુઃખ થયું; પણ પોતાની નહીં, ઠાકોરજીની ! એમણે રાતના અંધકારમાં હાથ જોડ્યા. આકાશ સામું જોઈ બે મિનિટ ઊભા રહ્યા. 'મહારાજ ! માફ કરો. આપનો સમય હું સાચવી શકતો નથી...' એમની આંખોમાંથી પડેલાં બે બુંદોએ ધરતી કંપાવી. આજુબાજુની વનરાજી જોગી તરફ ઝૂકી. 'જોગી'એ આગળ ચાલવા માંડ્યું.

આશરે ૯ વાગે નિર્ધારિત ગામે પહોંચ્યા ત્યારે નહીં તોય, ૧૦ થી ૧૨ ગાઉનો પંથ કપાઈ ચૂક્યો હતો. ત્રણે સંતો થાક્યા હતા. હરિભક્તો ભેગા થયા. વિજ્ઞાનદાસે 'લેવા કેમ નહોતા આવ્યા' તેમ પૂછ્યું, ત્યારે સૌ ભોંઠા પડી ગયા. 'સ્વામી ! પત્ર આજે ચાર વાગે મળ્યો. સામા આવવા વિચાર્યું પણ મોડું થયું છે એમ જાણી વિચાર માંડી વાળ્યો.' વિચાર માંડી વાળવાના એમના નિર્ણયનો ભોગ કેટલો ભયાનક લેવાયો છે, તેની એ નાદાન હરિભક્તોને શું ખબર હોય ?

રાત્રે ઠાકોરજીનો થાળ કરી, ધરાવ્યા પછી યોગી મહારાજે ગદ્ગદભાવે મહારાજની સ્તુતિ કરી. સૌને પીરસ્યું. વાસણ ઘસ્યાં. ચોકો સ્વચ્છ કર્યો અને એક કણ પણ મોંમાં મૂક્યા વિના આરામમાં ગયા ત્યારે ૧૨ ઉપર ઘણો સમય વીતી ગયો હતો. આજુબાજુ જોયું. કોથળો પડ્યો હતો તે લઈ મંદિરના થાંભલા આગળ બેઠા.

હાથમાં ફરતી માળાના મધુર રવ સાથે વાતાવરણમાં 'જોગીરાજ'ની સાધુતા ધબકતી હતી. રૂંવે રૂંવે ખૂંપેલા અપમાન, ધુત્કાર, ઉપેક્ષા અને મારનાં બાણો છતાં 'યોગીરાજે' શાંતિથી આંખો મીંચી.

બૃહદ્ વૈરાગ્ય

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અનુસાર આ સંતોનું મંડળ રાજકોટ, ડાંગરા, સારંગપુર, લીંબડી, મોજીદડ, કંથારિયા, ચચાણા, નવાગામ, અડવાળ, ભાવનગર, સોખડા, સાંકરદા, અંજેસર, મીરસાપુરા, ચાણસદ વગેરે ગામોમાં ફરવા જતું.

એક વાર વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ વગેરે ભાવનગર પધાર્યા.

અહીંના વતની ભક્તરાજ કુબેરભાઈ પણ બ્રહ્મજ્ઞાનના આ અખાડામાં આગળ રહેતા. પોતાની બુદ્ધિમત્તાનો પરિચય તેમની પ્રશ્નપરંપરાથી સૌને કરાવતા. કુબેરભાઈની તર્કશક્તિ ઘણી હતી. પ્રશ્ન પૂછે તો વિદ્વાન પણ ગૂંચવાઈ જાય અને ઉત્તર ન આપી શકે. કુબેરભાઈને યોગી મહારાજ ઉપર ખૂબ જ હેત હતું. યોગી મહારાજ પણ તેમને ઘણી વાર પ્રેમથી ઊની ઊની રોટલી જમાડતા. યોગી મહારાજને દાળિયા તથા મૂળા ઉપર રુચિ. તેથી કુબેરભાઈ શાકભાજી સાથે મૂળા તથા દાળિયા મંગાવતા અને આગ્રહથી એમને જમાડતા.

ભાવનગર રાજકુટુંબમાં લગ્નનો પ્રસંગ હતો. રાજમાર્ગેથી ફુલેકું પસાર થતું હતું. સૌ આ નિહાળવા જતા હતા. યોગી મહારાજ મંદિરમાં બેસીને 'સ્વામીની વાતો' વાંચતા હતા. એકાએક એક હરિભક્ત અંદર આવ્યા અને બોલ્યા : 'ચાલો ચાલો, અહીં કેમ બેઠા છો ? રાજકુટુંબમાંથી કોઈનું ફુલેકું નીકળ્યું છે. તે જોવા નથી આવવું ?'

ત્યારે યોગી મહારાજે કહ્યું : 'અમારે સાધુને શું ? જેને એક વાર ત્યાગ્યું તેને ફરી હૈયામાં શા માટે પેસવા દેવું !'

કુબેરભાઈ એ વખતે ત્યાં આવ્યા. તેમણે આ વાર્તાલાપ સાંભળ્યો અને આ નાનકડા સાધુને મનોમન નમી પડ્યા. તેમની વિશાળ બુદ્ધિએ આ 'યોગી'માં હિલોળા લેતું બ્રહ્મતત્ત્વ નીરખી લીધું.

'रूपौदार्यगुणैः पुंसां दृष्टिचित्तापहारिणम्...' સૌંદર્યાદિ રૂપગુણો અને ઔદાર્યાદિ આત્મગુણોએ કરીને દૃષ્ટિ અને ચિત્તને હરી લેનારા ભગવાનનો યોગી મહારાજને સાક્ષાત્ સંબંધ હોય તેવી કુબેરભાઈને આ પ્રસંગે પ્રતીતિ થઈ.

નિષ્કારણ દયા

ભાવનગરના કાનજીભાઈ સોની ખારવા ગામે તેમનાં ફોઈના ઘરે ગયા

હતા. અહીં તેઓ મંદિરે દર્શન કરવા ગયા ત્યારે યોગી મહારાજ ત્યાં હતા, તે બહાર સભામાં આવ્યા. કાનજીભાઈ સત્સંગી છે તે જાણી તેમની પાસે બેઠા. હાથની આંટી ગળામાં દઈને પ્રેમપૂર્વક કાનમાં આંગળી ફેરવવા લાગ્યા. પછી તેમને કહ્યું : 'કાનજીભાઈ ! સત્સંગ ક્યારે કરવો છે ?'

કાનજીભાઈના મનમાં થયું કે 'આ બંડિયા સાધુ કાનમાં કંઈ ફૂંક મારી દેશે તો એનું ગુણાતીત જ્ઞાન હૈયામાં ઉતારી દેશે, ને પછી બંડિયા સાધુ જ દેખાશે.'

તેઓ ઊઠીને ઝડપથી બહાર ચાલ્યા ગયા. પણ આ અકળ સાધુએ તેમના કાનમાં જાદુઈ મંત્ર ફૂંકી દીધો હતો. કાનજીભાઈને અક્ષરપુરુષોત્તમનાં સર્વોપરી સ્વરૂપોની નિષ્ઠા થઈ અને તેમને વધુ હેત યોગી મહારાજમાં જ થયું.

એ વખતે ભાવનગરમાં ગુજરાતના એક સુથાર ધંધાર્થે આવીને વસ્યા હતા. તેને અફીણનું વ્યસન હતું. તે રોજ વિજ્ઞાનદાસ સ્વામી પાસે આવે અને અફીણ છોડવાનું પાણી લે, પણ તે છોડી શકે નહિ. વિજ્ઞાનદાસ સ્વામી વ્રત, ઉપવાસ વગેરે કડક પ્રાયશ્ચિત્ત કરાવતા અને સુથારનું અફીણ છોડાવવા પ્રયત્ન કરતા, પણ પેલા સુથાર ભક્તનું વ્યસન છૂટે જ નહિ.

એક વખત આખો દિવસ તેમને ત્યાં રોક્યા અને બહાર જવાની બંધી કરી. સાંજ પડતાં તેનું અંગે અંગ તૂટવા લાગ્યું, બૂમો પાડવા લાગ્યો.

યોગી મહારાજની અત્યંત દયાળુ પ્રકૃતિ હતી. એમણે કાનજીભાઈને કાનમાં કહ્યું : 'આ બીચારો સારો ભગત છે, તેને ક્યાંકથી થોડું અફીણ લાવી આપો તો સારું.'

આ વાતની વિજ્ઞાનદાસ સ્વામીને ખબર પડી. તે યોગી મહારાજ ઉપર ક્રોધે ભરાયા અને જાહેરમાં ઘણો ઠપકો આપ્યો અને માર માર્યો.

જોગીને વેદનાથી કાંપતા જોઈને સુથાર ભક્તના અંતરમાં અરેરાટી છૂટી ગઈ. તેને થયું કે હું કેટલો પાપી અને અધમ કે મારે લીધે આ નાની વયના સાધુને આટલું બધું સહન કરવું પડ્યું ! દૃઢ મનોબળ કેળવીને તેણે પંદર દિવસમાં અફીણનું વ્યસન છોડી દીધું અને તે સુથાર ભક્ત જીવનભર યોગી મહારાજના ગુણગાન ગાયા કરતા.

સ્વાર્થ નિરપેક્ષ પરદુ:ખ નિવારણની ઈચ્છા અથવા પરદુ:ખે દુ:ખી થવું એ કારુણ્યનો અદ્‌ભુત ગુણ યોગી મહારાજમાં છલકાઈ રહ્યો હતો. સ્વાર્થ વિનાના પરોપકારમાં આવી દયા ભાગ્યે જ સંભવે. તેથી જ 'आत्मवत् सर्वभूतानि ततः पश्येन्नचान्यथा।' એવી દિવ્યદૃષ્ટિ યોગી મહારાજમાં રહેતી.

પ્રત્યક્ષ ભક્તિ

અનંત ગુણોનો ભંડાર હોવા છતાં યોગી મહારાજના હૃદયમાં ઊભરાતાં ભક્તિ તરંગો શ્રીહરિનાં ચરણકમળમાં જ સંલગ્ન થવામાં ગૌરવ અનુભવતાં હતાં. એમણે શ્રીહરિ પ્રત્યેની એકાંતિક ભક્તિ જ જીવનમાં એકમાત્ર ધ્યેય માન્યું હતું. ભક્તિવિભોર યોગી મહારાજની દૃષ્ટિમાં શ્રીજીમહારાજ અને સ્વામી વિના કશું જ આવતું ન હતું. શ્રીહરિની ભક્તિમાં જ કેવળ રત બની, તે દિવ્ય મૂર્તિની પૂજા કરવી, ચંદનથી અર્ચા કરવી, ધૂપ-દીપ અર્પણ કરવા, ભક્તિભાવપૂર્વક રચેલા થાળ બોલી શ્રીહરિને ભાતભાતનાં પકવાન જમાડવાં. આ સર્વ ક્રિયામાં યોગી મહારાજ અત્યંત આનંદ અનુભવતા. એમને જેવી પરાભક્તિ શ્રીજી-મહારાજમાં હતી, તેવી જ ગુરુભક્તિ શાસ્ત્રીજી મહારાજમાં પણ હતી. આ રીતે ઉપનિષદ્‌મંત્ર ‘यस्य देवे पराभक्तिः’ શ્રીજીની આજ્ઞાનુસાર એમનામાં સિદ્ધ હતો.

ભાવનગરમાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી તથા કુબેરભાઈ વગેરે એક હરિભક્તને ઘરે પધરામણીએ પધાર્યા. ગ્રીષ્મ ઋતુનો સમય હતો. કેરીની ઋતુ હતી. શાસ્ત્રીજી મહારાજને જમાડવા નાનજીભાઈ મિસ્ત્રી ધોળકાથી સારામાં સારી કેરી લાવ્યા હતા. યોગી મહારાજે કેરીઓ ધોઈ સાફ કરી, ઠાકોરજીને ધરી. પછી શાસ્ત્રીજી મહારાજને આપી અને વિનંતી કરતાં કહ્યું : ‘સ્વામી ! કુબેરભાઈ તથા નાનજીભાઈનો આગ્રહ છે, કેરી સારી છે તો આપ જમો.’

શાસ્ત્રીજી મહારાજ એક હાથમાં કેરી લઈ ચૂસવા લાગ્યા. એમના બીજા હાથમાં ઠાકોરજી હતા. નાનજીભાઈ મિસ્ત્રીએ ઠાકોરજીનું પૂજન કર્યું. પછી આરતી ઉતારી. એટલે કુબેરભાઈએ કહ્યું : ‘આ રસમૂર્તિનાં દર્શન કરો. ફરી આવાં દર્શન ક્યારેય નહિ મળે.’

આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં યોગી મહારાજ પોતાની નોંધપોથીમાં લખે છે : ‘આરતી થઈ રહ્યા સુધી સ્વામીએ કેરી ચૂસી ને અમે દર્શન કર્યાં. તે ઈદમ્ સાભરે છે.’

અડસઠ તીરથ મારા સંતને ચરણે

શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી બોચાસણ પધાર્યા. યોગી મહારાજ સ્વામીશ્રીની આજ્ઞાથી આશી આવ્યા. તેઓ હંમેશાં વહેલા ઊઠી પ્રભાતી કે

કીર્તન ગાતાં. આશીમાં વહેલી સવારે *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા...'* એ કીર્તન એમણે ઉપાડ્યું. તેમાં,

'લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે.'

એ ચરણ આવ્યું, ત્યારે મંદિરમાં સૂઈ રહેલા આર્યસમાજવાદી રણછોડદાસ બોલી ઊઠ્યા : 'મહારાજ ! આવું કીર્તન ન ગાશો. આ કળિયુગમાં એવા સંતો નથી હોતા. માટે બીજું બોલો.'

એટલે સરળ પ્રકૃતિના યોગી મહારાજે કહ્યું કે 'આપણે ક્યાં પડાપડી કરવી છે ? આ લો, બીજાં બોલીએ.' પછી બીજું કીર્તન ઉપાડ્યું.

રાતે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા અને કથાવાર્તા કરી ૧૨ વાગે પોઢ્યા. રાતે ૨ વાગ્યા હશે. તેવામાં મંદિરનાં કમાડ આપોઆપ ખૂલી ગયાં. એક શ્વેત ગાય અંદર દાખલ થઈ. ધીરે પગલે શાસ્ત્રીજી મહારાજના ઢોલિયા પાસે આવી અને એમનાં ખુલ્લાં ચરણો નજીક આળોટવા લાગી. દમના વ્યાધિથી રણછોડદાસ રાતે લગભગ જાગતા પડ્યા રહેતા. તેમણે આ દૃશ્ય જોયું. આશ્ચર્યથી તેઓ આ દેવતાઈ ગાયને જોઈ રહ્યા. થોડીવારે ગાય ઊભી થઈ અને ખડકી બહાર નીકળી ગઈ. રણછોડદાસને થયું કે 'લાવ, જોઉં તો ખરો કે ગાય ક્યાં જાય છે ?' તેઓ ગાયની પાછળ ખડકી બહાર નીકળ્યા. ગામની ભાગોળેથી ગાય આકાશ-માર્ગે અદૃશ્ય થઈ ગઈ. રણછોડદાસ અતિ આશ્ચર્યથી આંખે જોયેલી ઘટના વિચારવા લાગ્યા. એમની ભ્રાંતિ ટળી ગઈ.

પરોઢિયે જ્યારે યોગી મહારાજે પ્રભાતી પદો ગાવાં શરૂ કર્યાં, ત્યારે રણછોડદાસ કહે : 'સ્વામી ! પેલું અડસઠ તીરથવાળું કીર્તન ગાવ.'

યોગી મહારાજ કહે : 'કાલે તો તમે એ ગાવાની ના પાડતા હતા ને !'

ત્યારે તેમણે રાત્રે બનેલી હકીકત કહી. તેમને પ્રતીતિ થઈ કે શાસ્ત્રીજી મહારાજ સાચા વૈષ્ણવ સંત છે. સવારે તેઓ વર્તમાન ધરાવી સત્સંગી થયા. પછી મંદિરમાં જ રહેતા અને જે કોઈ આવે તેમને શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજના મહિમાની વાત કરતા.

તિતિક્ષા

બોચાસણમાં વસંત પંચમીનો સમૈયો કરી શાસ્ત્રીજી મહારાજ વિચરણમાં નીકળ્યા. વિજ્ઞાનદાસ સ્વામી પોતાના સંતમંડળ સાથે અંજેસર આવી પહોંચ્યા.

એ વખતે અંબાલાલ અમથાલાલ, રણછોડ ભૂવા પટેલ, હરમાનભાઈ ધોરીભાઈ, જેઠાભાઈ અંબાલાલ, નરસિંહભાઈ શનાભાઈ, જેઠાભાઈ બાપુભાઈ, જીવાભાઈ બાપુભાઈ વગેરે મુમુક્ષુઓ સત્સંગના યોગમાં આવ્યા. તેમને વિજ્ઞાનદાસ સ્વામીની કથાવાર્તા અને યોગી મહારાજની સાધુતાની ઊંડી અસર થઈ. જો કે વિજ્ઞાનદાસ સ્વામીનો અતિ તીખો સ્વભાવ જોઈ સૌ તેમનાથી ડરતા રહેતા અને યોગી મહારાજનો સમાગમ વધુ કરતા.

એક વાર યોગી મહારાજ અને માતમ સ્વામીએ રસોઈ બનાવી. ઠાકોરજીને થાળ ધરી સૌને જમાડ્યા. પછી યોગી મહારાજ અને માતમ સ્વામીએ પણ પત્તર માંડ્યું, પણ 'યોગી જ્યાં જાય છે ત્યાં હરિભક્તોને વશ કરી લે છે અને પોતાનો આદર ઓછો થાય છે' એવી ઈર્ષ્યાથી ગુરુનો ક્રોધ એકાએક ભભૂકી ઊઠ્યો અને યોગી મહારાજ જમવાનું શરૂ કરે તે પહેલાં જ ગર્જ્યા : 'જોગી, આજે ઉપવાસ !' એમ કહી પીરસેલું પત્તર ખેંચી લીધું. યોગી મહારાજ તરત જ ઊઠી ગયા. હરિભક્તોએ ઉપવાસ પાછો ખેંચી લેવા બહુ વિનવ્યા પણ વિજ્ઞાનદાસ એકના બે ન થયા. હરિભક્તોને અંતરમાં ઘણું દુ:ખ થયું.

સાંજે ૫ વાગે ગામની ભાગોળે આવેલા કૂવે સ્નાન કરતા યોગી મહારાજને નરસિંહભાઈ અને જેઠાભાઈ કહે : 'સ્વામી ! આપના ગુરુ વગર વાંકે આવું દુ:ખ આપે છે, તેમાં તમે કેમ કાંઈ બોલતા નથી ? તમારે તેમની સાથે ન જ રહેવું જોઈએ.'

ત્યારે યોગી મહારાજ એકદમ તેમનો હાથ ઝાલીને કહેવા લાગ્યા : 'એવું કાંઈ બોલશો નહીં. ગુરુ આપણને વઢે, ટોકે તે સારા માટે હોય, માટે આ વાત કોઈને કહેશો નહીં.' પછી કહે : 'માતમ સ્વામીને પણ કહેશો નહીં.' એમ કહી આજુબાજુ જોવા લાગ્યા, પણ માતમ સ્વામી શૌચ માટે ચાલ્યા ગયા હતા. હરિભક્તો તે સમજ્યા નહીં, પણ યોગી મહારાજ જાણતા કે માતમ સ્વામી જાણશે તો વિજ્ઞાનદાસને કહી દેશે, તેથી વળી ગુરુ ગુસ્સે થશે તો મારઝૂડ સિવાય તેમને શાંતિ નહિ વળે. એવું વારંવાર થાય તો હરિભક્તોને અવગુણ આવે. યોગી મહારાજની સાધુતાની પરાકાષ્ઠા નિહાળી હરિભક્તો સ્તબ્ધ થઈ ગયા.

આ વર્ષે અષાઢમાં ડાંગરના ધરુ પાકે તેટલો વરસાદ પડ્યો પછી દોઢ માસ પસાર થયો પણ ટીપું યે વરસાદ નહીં. તેથી એક વાર હરિભક્તોએ વિજ્ઞાનદાસ સ્વામી વગેરેને વિનંતી કરી કે 'હવે તો વરસાદ થાય તો ઠીક, નહીં તો કો'કને ત્યાંથી માગીને ખાવું પડશે.'

ત્યારે વિજ્ઞાનદાસ સ્વામી કહે : 'વરસાદ તો કાલે પડે, પણ પછી તમે કથામાં આવતા બંધ થઈ જાવ.'

હરિભક્તોએ જો વરસાદ પડતો હોય તો દિવસમાં બે વાર કથામાં આવવા બાંહેધરી આપી. એટલે વિજ્ઞાનદાસ યોગી મહારાજ તરફ જોતાં કહે : 'જોગી ! ધૂન કરો, અને મહારાજને તમે અરજ કરો તો વરસાદ થઈ જાય.'

એમણે તો તરત ધૂન ઉપાડી. સૌ સંતો-હરિભક્તો પણ તેમાં જોડાયા. 'જોગી' મહારાજ તો પોતાની લાક્ષણિક અદાથી મોટેથી તાળીઓ પાડી એક-ચિત્તે ધૂન બોલતા જાય. સૌ તલ્લીન થઈ ગયા હતા. વાતાવરણ ભક્તિમય બની ગયું. થોડીવારે જય બોલાઈ. સૌને વિશ્વાસ આવી ગયો કે જોગીએ ધૂન બોલાવી એટલે જરૂર વરસાદ થશે.

બીજે દિવસે એવો વરસાદ પડ્યો કે છેલ્લાં દસ વર્ષમાં ન થયું હોય તેવું વરસ થયું. સૌ મહિમા સમજ્યા કે યોગી મહારાજે કરેલી અરજ મહારાજ ક્યારેય પાછી ઠેલતા નથી.

આમ, હરિભક્તોના સુહૃદ થઈને 'સાધુ તો ચલતા ભલા' એ અનુસાર આ સંતો અહોનિશ વિચરણ કરતા. પગે ચાલીને અથવા ગાડામાં બેસીને એક ગામથી બીજે ગામ જતા યોગી મહારાજને જેમણે જોયા હશે; વળી રાત્રે એક હાથમાં ફાનસ લઈને, ખભે ઝોળીઓ ભેરવી બશેર, પાંચ શેર બાજરા માટે ઘરોઘર પધરામણી કરતા, કીર્તન ગાતા, વાતો બોલતા, મણ બાજરીનું વજન ઊંચકીને ચાલતા જેમણે જોયા હશે અથવા એ વાતો જેમણે સાંભળી હશે; તેમને યોગી મહારાજની સેવાની ધગશ અને સહનશીલતાનું હૃદયદ્રાવક દર્શન જરૂર થયું હશે !

નાપાડના બાલમુકુન્દદાસને યોગી મહારાજનો બહુ મહિમા હતો. તેઓ પોતાના હેતવાળા હરિભક્તોને ઘણી વાર તેમનો મહિમા કહેતા. નડિયાદના રામચંદ્ર મયારામ ઠાકરના નાના ભાઈ ભાઈલાલભાઈ ઠાકરને બાલમુકુન્દ સ્વામી સાથે હેત હોવાથી બાલમુકુન્દ સ્વામી તેમને ઘણી વાર કહેતા : 'યોગી મહારાજ તો સેવાની મૂર્તિ છે. એમને મહિમા યુક્ત ભક્તિનું બહુ અંગ. કોઈને દુ:ખ હોય તે જો યોગીના પ્રેમાળ મુખારવિંદનાં દર્શન કરે, તો દૂર થઈ જાય એવા મોટા એ સાધુ છે.'

ભાઈલાલભાઈ પણ વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ વગેરે પોતાના ખેતરે ભાલિયાપરા પધારે ત્યારે આવો મહિમા જાણીને સમાગમ કરતા.

યોગી મહારાજ વહેલી સવારે તથા બપોરે એમના ખેતરે કૂવા પર

નહાવા પધારે ત્યારે ત્યાં ચણાનો ઓળો પાડે, ઠાકોરજીને ધરાવે, વળી હરિભક્તો માટે પણ લઈ આવે ! થોડા લીલા ચણા જુદા લાવે અને ઠાકોરજી સારુ શાક બનાવી પ્રેમથી ધરાવે. રામચંદ્રભાઈ, ભાઈલાલભાઈ વગેરે તો આવો સ્નેહ, પ્રેમભક્તિ અને સાધુતાની સાથે અખંડ સેવામાં રહેતા આ સંતને જોઈ અહોભાવથી સંકલ્પ કર્યા કરતા : 'આ સાધુની સાથે અખંડ રહેવા મળે તો કેવું સારું !' તેથી તેઓ આ સંતમંડળનાં દર્શન કરવા પૂનમ, એકાદશી તથા વસંત પંચમી વગેરે ઉત્સવોમાં જતા અને સમાગમ કરી ધન્યતા અનુભવતા.

ક્રિયાશુદ્ધિના હિમાયતી

સંવત ૧૯૭૯માં બોચાસણમાં વસંત પંચમીનો સમૈયો સારો ઊજવાયો. અનેક હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી, યોગી મહારાજ તથા અન્ય સંતોના સમાગમનો લાભ લીધો. સૌ વિખરાયા પછી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી અને યોગી મહારાજ એક ડમણિયું લઈ બોચાસણથી ગામડે વિચરણ કરવા નીકળ્યા. ત્યારે ભાદરણથી રેલવે શરૂ થઈ ન હતી.

શાસ્ત્રીજી મહારાજને બહિર્ભૂમિ જવાનું થયું. પછી સ્નાન કરવા એક ખેતરના કૂવા પર લાકડાનો મોટો ચાકળો હતો ત્યાં પધાર્યા. ત્યાં ડોલને બદલે પતરાનો ડબ્બો બાંધેલો તેનાથી પાણી કાઢીને નહાવાનું હતું. એવામાં પેટલાદ બોર્ડિંગમાં રહી ભાદરણ અભ્યાસ કરતા વસોના રતિલાલભાઈ ત્યાંથી પસાર થયા. તેમણે શાસ્ત્રીજી મહારાજ અને સંતોને જોયા. એટલે તરત જ દોડી આવ્યા અને પાણી કાઢવા માટે ડબ્બો લીધો, ત્યારે યોગી મહારાજ તેમની પાસે આવ્યા અને હસીને કહે : 'લાવો, હું પાણી કાઢું.' પછી કહે : 'ઊટક્યા વિના પાણી ન કઢાય. ક્રિયા શીખવી પડે.' એમ લહેકાથી બોલ્યા. પછી ધૂળથી ડબ્બાને અજવાળ્યો અને હાથ ધોઈ, પાણી ખેંચીને શાસ્ત્રીજી મહારાજને તથા નિર્ગુણદાસ સ્વામીને સ્નાન કરાવ્યું. પોતે પણ સ્નાન કર્યું અને બધાં લૂગડાં ધોઈને સૂકવ્યાં.

સંતોની ક્રિયાશુદ્ધિ યોગી મહારાજે ઘણા યુવકોને શીખવી હતી. ખૂબ ધીરજથી, ખંતથી અને એક વાર, બે વાર કે દસ વાર એની એ ક્રિયા શીખવવી પડે છતાં એમને કંટાળો ન આવતો. ખૂબ પ્રેમથી અને અકળાયા વગર તેઓ આ શુદ્ધિ શીખવતા. જેથી, આચારનું મહત્ત્વ યુવકોના અંતરમાં સમજાઈ જાય અને તે પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થાય.

શાસ્ત્રીજી મહારાજના અવિરત વિચરણના પરિપાકરૂપે ગુણાતીત

જ્ઞાનનાં સત્સંગ કેન્દ્રો વિકસી રહ્યાં હતાં. મુંબઈ પણ તેમાંનું એક હતું. અહીં દહીંસરમાં સોમેશ્વર ગિરધરદાસ પીઠવાએ શાસ્ત્રીજી મહારાજ અને સંતમંડળ નિમંત્રી પારાયણ ગોઠવ્યું હતું. શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નિર્ગુણ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ તથા મોહન ભગત વગેરે સંતો અને હરિભક્તો આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ તેમજ સંતોની અલૌકિક વાણી અને સોમેશ્વરભાઈનો પ્રેમ, ઉમંગ અને સમર્પણથી સર્વત્ર દિવ્યતા પ્રસરી હતી.

પૂર્ણાહુતિ બાદ શેઠ ભગવાનદાસના આગ્રહથી સૌ મુંબઈ આવ્યા. જશભાઈ ભાઈલાલભાઈની ઑફિસના મકાનમાં જ ઉતારો હતો. સત્સંગનો તેમજ પધરામણીનો અહીંના સત્સંગ ભાવિકોએ લાભ લીધો. શાસ્ત્રીજી મહારાજે અહીંથી બોચાસણ જવા વિચાર્યું હતું. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હિમરાજભાઈના ભત્રીજા વલ્લભદાસના પુત્ર ઇન્દ્રજીભાઈ ઈન્દોર રહેતા હતા. તેમણે ઈન્દોર આવવા પ્રાર્થના કરી. સૌ ઈન્દોર આવ્યા. અહીં આઠ-દસ દિવસ રહી, સૌ હરિભક્તોના મનોરથ પૂરા કરી, કથા-વાર્તા કરી, શાસ્ત્રીજી મહારાજ તથા સંતો વડોદરા આવ્યા.

વરતાલમાં કાર્તિક સુદ બારસ, સંવત ૧૯૮૧માં શતવાર્ષિક પાટોત્સવ હોવાથી શાસ્ત્રીજી મહારાજ સર્વ સંતમંડળ તથા બસો જેટલા હરિભક્તોનો સંઘ લઈ વરતાલ પધાર્યા.

ગ્રામ્ય ભક્તોની શુશ્રૂષા અને ખેંચાણ

આ સમૈયામાં દેવચડીના નાનજીભાઈ તથા મેવાસાના દેવજી ભગત પણ ગયા હતા. તેઓ ગુજરાતનાં પ્રસાદી સ્થાનોમાં દર્શન કરી અમદાવાદ રોકાઈ રાજકોટ આવ્યા. અહીં દેવજી ભગતે કડિયા શેરીમાં આવેલા સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ઇચ્છા દર્શાવી. બંને ત્યાં ગયા ત્યારે ઠાકોરજીને થાળ થયા હતા અને જમવાનો સમય થયો હતો. યોગી મહારાજ તથા છગનલાલ ધનેશ્વર રાવળ પણ અહીં જ હતા. વિજ્ઞાનદાસ સ્વામી ભાવનગર હતા.

આ હરિભક્તોને જોઈ યોગી મહારાજ તો રાજી રાજી થઈ ગયા અને જમીને જવા આગ્રહ કર્યો. થાળી પણ તૈયાર કરી દીધી અને કહે : ‘ઠાકોરજીની પ્રસાદી લીધા વિના જવાય જ નહીં.’ વગર ઓળખાણે, વગર પરિચયે એમણે અત્યંત પ્રેમથી સૌને ખૂબ જમાડ્યા. પછી ભગવત્‌સ્વરૂપદાસ સ્વામીને જમાડી તેમણે પણ જમી લીધું.

યોગી મહારાજ જે ભાવથી થાળ બોલ્યા, વૃદ્ધ અંધ સંતને જમાડ્યા અને તેમને આદરથી હાથ ઝાલીને સુવાડ્યા તેમજ અપરિચિત હરિભક્તોને જે ભાવપૂર્વક જમાડ્યા – આ બધી એમની ક્રિયા, પ્રેમાળ સ્વભાવ અને કામકાજની ચીવટ જોઈને નવા હરિભક્તોને ખૂબ જ ગુણ આવી ગયો.

પછી યોગી મહારાજે આ બંને ભક્તોની ઓળખાણ કરી અને બપોરે વચનામૃતની કથા કરીને તેમને રજા આપી. હરિભક્તો ગોંડલ થઈને દેવચડી ગયા.

આ પરિચય પછી યોગી મહારાજ દેવચડી આવવા લાગ્યા. એ વખતે ગોંડલ અક્ષર મંદિર બંધાયું ન હતું. તેથી દેવજીભાઈ કડિયાને ત્યાં ઊતરીને ગાડું કરી આવતા. તેઓ ઝોળી માગવા જતા અને કહેતા : 'બધાંનું કલ્યાણ કરવું છે.'

દેવચડીમાં નાનજીભાઈ તથા તેમના ભાઈઓ ભૂરાભાઈ, ગોકળભાઈ, ભીમજીભાઈ, નરસીભાઈ, જેરામભાઈ, શામજીભાઈ તથા દેવજીભાઈ વગેરે હરિભક્તોનો વંશવિસ્તાર સર્વે અક્ષરપુરુષોત્તમની દૃઢ ઉપાસનાવાળા ભક્તો થયા.

યોગી મહારાજ દેવચડીથી ગાડું જોડાવીને ખોખરી-શિવરાજગઢ જતા. ત્યાંથી સુલતાનપુર, દેરડી, પીપળિયા, કુંકાવાવ વગેરે ગામોમાં વિચરતા અને નાનજીભાઈને પણ સાથે ફેરવતા.

વિજ્ઞાનદાસ સ્વામીની સાથે ફરતા યોગી મહારાજને હંમેશાં કડે ધડે રહેવું પડતું. એક વાર વિજ્ઞાનદાસ સ્વામીને જમાડીને યોગી મહારાજે જમવાની તૈયારી કરી. એવામાં વિજ્ઞાનદાસ સ્વામી આવ્યા ને કહે : 'જ્ઞાનજી ! ઊભા થાવ, ચોથા પ્રકરણની એકથી દસ વાતો બોલો.'

યોગી મહારાજ તો તરત ઊભા થઈ ગયા અને કડકડાટ 'વાતો' બોલી ગયા. પછી વિજ્ઞાનદાસે બાજુમાં પડેલા લોટામાંથી યોગી મહારાજના પત્તરમાં છલોછલ પાણી ભરી દીધું અને કહે : 'હવે ભેગું કરીને જમી લો !'

યોગી મહારાજ સ્વસ્થતાથી બધું પી ગયા. જાણે કાંઈ જ બન્યું જ નથી !

વિજ્ઞાનદાસ સ્વામી આવી રીતે અનેક વાર યોગી મહારાજને જમવા બેઠા હોય તે જ ઘડીએ ઊભા કરી વાતો બોલાવતા. ક્યારેક વાતોમાં ભૂલ પડે તો ઉપવાસ આપી દેતા. ક્યારેક હાથ ઊંધો રખાવી આંગળા ઉપર વેલણ પણ મારતા ! કોમળ આંગળીઓ પર વેલણના વારંવાર પ્રહાર થતાં યોગી મહારાજ ધ્રૂજી જતા, પણ એક શબ્દ બોલતા નહીં. મૂંગા મોઢે સહી લેતા.

વિજ્ઞાનદાસ સ્વામીની આવી કડક પરીક્ષા લેવાની રીતથી હરિભક્તો મનમાં સમસમી રહેતા. પુરુષોત્તમ ભગતને તેઓ કદી કસણીમાં લેતા નહીં,

કારણ કે તેઓ ગુરુને મોઢે તડફડ કહી દેતા. જ્યારે યોગી મહારાજે તો ગરીબ ગાય જેવી પ્રકૃતિ ધારણ કરી હતી.

આવી અનાદિ સિદ્ધદશા હોવાને લીધે જ આવા કઠોર અને કડક સ્વભાવવાળા ગુરુની પાસે રહીને તેનો તાપ પ્રફુલ્લિત વદને સહન કરી તેને રાજી કરવા સદા પ્રયત્નશીલ રહેતા.

'किं दुर्मर्षं तितिक्षूणां किमकार्यमसाधुभिः।' સહનશીલને તે વળી દુઃસહ શું હોય ? અને દુષ્ટોને ન કરવા જેવું દુષ્કર્મ શું હોય ?

✧ ✧ ✧

'અમારી ઘણી કસણી ખમે છે'

આ અરસામાં સંવત ૧૯૮૧માં ગારિયામાં જાની મણિશંકરભાઈએ પારાયણ યોજ્યું હતું. તેથી વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ અને અન્ય સંતો તથા હરિભક્તો આવ્યા હતા. એ વખતે ભાવનગરથી કુબેરભાઈ વગેરે હરિભક્તોની હાજરીમાં ખૂબ કથાવાર્તા થતી અને જ્ઞાનચર્ચામાં રંગત આવતી.

ગારિયાના દરબાર માનસિંહજીની નદીકાંઠે વાડી હતી ત્યાં વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ નહાવા જતા. સૌ હરિભક્તો સાથે જાય અને વિજ્ઞાનદાસ સ્વામીને સ્નાન કરાવે. એક વાર તેઓ કહે : 'આ જોગીને સ્નાન કરાવો. જોગી જેવા સાધુ ગોતવા ગયે મળે તેવા નથી. અમારી ઘણી કસણી ખમે છે.'

હરિભક્તોને તો આ સાંભળી આશ્ચર્ય થયું, સદા પોતાની ક્રૂર કસણીમાં શિષ્યને કસતા આ ગુરુ આજે શિષ્યનો મહિમા ગાતા હતા ! હરિભક્તોને તો યોગી મહારાજમાં અપાર હેત હતું જ. તેથી એ પ્રસંગે સૌએ યોગી મહારાજને ઘેરી લીધા અને માથે તથા શરીરે જળ રેડી સ્નાન કરાવવા લાગ્યા. પછી સર્વે સંતો-હરિભક્તોએ ત્યાં પૂજા કરી. ત્યારબાદ સૌ ગામમાં ઉતારે આવ્યા.

આમ, ગામડે ગામડે સત્સંગ કરાવી તેને સદા લીલો રાખવા આ મંડળ ખૂબ દાખડો કરતું.

સંવત ૧૯૮૧ના વૈશાખમાં સારંગપુરનો નવમો પાટોત્સવ ઊજવી શાસ્ત્રીજી મહારાજ ગુજરાત તરફ વિચરણ કરતાં આણંદ પધાર્યા. આણંદના પુરુષોત્તમભાઈ જોરાભાઈ ધંધાર્થે જબલપુર ગયા હતા. તેઓ પત્રો દ્વારા શાસ્ત્રીજી મહારાજને જબલપુર પધારવા આમંત્રણ આપતા. છેવટે શાસ્ત્રીજી મહારાજ સંતમંડળ સાથે જબલપુર પધાર્યા. અહીં નર્મદા કિનારે વસેલા ધનસુર

ગામમાં સત્સંગિજીવનની પારાયણ યોજાઈ.

વૈશાખી પૂનમની ચાંદનીમાં મંડપની બહાર ઢોલિયા ઉપર શાસ્ત્રીજી મહારાજ બિરાજ્યા હતા. પ્રકૃતિ બ્રહ્મના આનંદમાં લીન થઈ ગઈ હતી. સૌ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિમાં લીન હતા. શાસ્ત્રીજી મહારાજે દાસત્વભક્તિ પર વાત કરી. પછી કહે : 'સુરતના હરજી ભગત એવી દાસત્વભક્તિવાળા હતા. આજે પણ આ નિર્ગુણ સ્વામી, યોગી મહારાજ, અક્ષરપુરુષોત્તમદાસ, ઘનશ્યામ સ્વામી વગેરે એવા દાસત્વભક્તિવાળા છે. અમે જમતા હોઈએ ત્યારે આ જોગી તો મટકા રહિત દર્શન કર્યાં જ કરે, અને

'નાના ગ્રાસ લેવત મનગમતા,
નેણાં ભરી જોયા રે હરિ જમતા...નેણાં.'

એ કીર્તન બોલે અને મૂર્તિનું ધ્યાન કરે.' એમ દાસત્વભક્તિ ઉપર ઘણી વાત કરી.

સ્વામીશ્રી જબલપુરમાં પાંચ-છ દિવસ રહ્યા અને પુરુષોત્તમભાઈના સર્વ સંકલ્પ પૂરા કરી, તેમને આશીર્વાદ આપી, આણંદ પધાર્યા. સંતમંડળ ગુજરાતમાં વિચરવા લાગ્યું. ફરતાં ફરતાં વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ વગેરેએ સારંગપુર આવી રોકાણ કર્યું.

✧

એક વખત વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ વગેરે સંતો બોચાસણથી નીકળી રણોલી સ્ટેશને ઊતર્યા. સાથે પ્રજ્ઞાચક્ષુ ભગવત્સ્વરૂપદાસજી તથા યુવાન ભક્ત ભગવત્સિંહ રાણા પણ આવ્યા હતા. રણોલીથી સોખડા જવાનું હતું.

ભગવત્સિંહ ભગવત્સ્વરૂપદાસને દોરતા ચાલતા હતા. માર્ગમાં ભગવત્સિંહને થયું કે આવા વગડામાં અંધ હોય તે કેમ ચાલતા હશે ! તેમણે એ રીતે ચાલવાનો પ્રયોગ કર્યો. થોડું ચાલતાં બાજુમાં આવેલી થોરની વાડમાં જઈ પડ્યા. તેમણે ભગવત્સ્વરૂપ સ્વામીનો હાથ ઝાલ્યો હતો. તેઓ પણ થોરમાં પડ્યા અને બૂમો પાડવા લાગ્યા તથા ભગવત્સિંહને ભાંડવા લાગ્યા. આ સાંભળી વિજ્ઞાનદાસ તથા યોગી મહારાજ તરત પાછા ફર્યા અને બંનેને ઊભા કર્યા. કાંટા વાગ્યા હતા, તે સાફ કર્યા. કપડાં ખંખેર્યાં, છતાં ભગવત્સ્વરૂપ સ્વામીની વાક્ધારા ચાલુ જ હતી : 'એલા આંધળા, તું મને ક્યાં દોરવા આવ્યો ?' ભગવત્સિંહ રોવા જેવા થઈ ગયા. એવામાં વળી વિજ્ઞાનદાસ સ્વામીએ પણ વઢવાનું શરૂ કર્યું. ત્યારે યોગી મહારાજે ભગવત્સિંહનો પક્ષ લઈ નમ્રતાથી કહ્યું : 'ભૂલ થઈ ગઈ હોય તો મને વઢો, પણ છોકરું છે તે ભૂલ થઈ

જાય. માટે એને માફ કરો.'

વિનંતી કરીને ભગવત્‌સ્વરૂપદાસ સ્વામીને શાંત પાડ્યા. ત્યારે વિજ્ઞાન સ્વામી બોલ્યા : 'ડારા વગર કોઈ સુધરે નહીં. તમે ખોટો પક્ષ તાણો છો.'

પરંતુ યોગી મહારાજે ફરી ફરી ક્ષમા માગતા હોય તેમ એ જ વાત ઉચ્ચારી. જાણે પોતે જ ભૂલ ન કરી હોય ! વિજ્ઞાનદાસ સ્વામી તો સાથેના સાધુ કે યુવકની ભૂલ થતાં ગુસ્સે થઈ જતા અને મારી પણ લેતા.

યોગી મહારાજ વિજ્ઞાનદાસ સ્વામી તથા ભગવત્‌સ્વરૂપદાસ સ્વામીના કડક સ્વભાવને જાણતા હતા અને બીજી તરફ ભગવત્‌સિંહના મજાક કરવાના સ્વભાવને જાણતા હતા. બંનેની વચ્ચે સંવાદિતા જાળવવાની હતી. તેથી પોતે ઠપકો સહન કરીને પણ બંને સંતોને ભગવત્‌સિંહને વઢતા રોક્યા. જેથી ભગવત્‌સિંહ પણ પ્રેમપૂર્વક સેવામાં સમીપે રહે, નહીં તો ઘરે ચાલ્યા જાય. યોગી મહારાજની આવી દૂરંદેશી પ્રતિભાને કારણે અનેક ત્યાગીઓ, નવા યુવકો અને સ્વભાવવશ મુમુક્ષુઓ સત્સંગમાં નભી જતા. યોગી મહારાજને મન આ બહુ મોટી સેવા હતી.

'હસી જાણે જગ ઝેર પી સંતન તે કહેવાય'

વિજ્ઞાનદાસ સ્વામી તથા સંતમંડળ કાનમ તરફ વિચરણ કરતાં કરતાં સોખડા આવ્યું. અહીં મંદિરનું કેટલુંક જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું. વિજ્ઞાન સ્વામી અને સંતમંડળ તેમાં મદદ કરતા. યોગી મહારાજની તો એવી ચપળતા કે કોઈપણ સેવા હોય તે ઝડપથી છતાં વ્યવસ્થિત રીતે પાર પાડે.

મેડા ઉપર કામ ચાલતું હતું. તેમાં કોશની જરૂર પડી. તેથી વિજ્ઞાનદાસજીએ નાથાભાઈ જેઠાભાઈને બૂમ પાડી કોશ લાવવા કહ્યું. તે કોશ લઈને ઉપર પહોંચ્યા ત્યાં પગ લપસ્યો અને નીચે પડ્યા. પડ્યા એવા જ બેભાન થઈ ગયા.

આ વાતની જાણ તેના પિતા જેઠાભાઈ પ્રભુદાસને થઈ. તેઓ દુકાનેથી દોડતા આવ્યા. જોયું તો વિજ્ઞાનદાસ મોટા ઘાંટા પાડી હાથ જોડીને ઊભા રહેલા ગરીબ સ્વભાવના યોગી મહારાજને ધમકાવતા હતા : 'આ છોકરાને કોશ લાવવા કેમ કહ્યું ? છોકરાને ચડાવાય ? હવે પડ્યો તે જવાબદાર કોણ ?' એમ કહી ખૂબ અપશબ્દો કહી, પોતાની ભૂલનો ટોપલો નમ્રમૂર્તિ યોગી મહારાજ ઉપર નાખી દીધો.

આવી સખત ઝાટકણી કાઢતા વિજ્ઞાનદાસજીને જોઈ જેઠાભાઈ બોલ્યા :

'હશે સ્વામી ! એમને વઢશો નહીં. મહારાજની જેવી ઇચ્છા.'

ત્યારે યોગી મહારાજ ધીરેથી છતાં દઢતાપૂર્વક બોલ્યા : 'ચિંતા ન કરશો જેઠાભાઈ ! આ તો ભગવાનનો દીકરો છે. તે ભગવાન પાછો લાવશે.' અને સૌના આશ્ચર્ય વચ્ચે બરાબર કલાકે નાથાભાઈ ભાનમાં આવી ગયા.

યોગી મહારાજની આવી અપ્રતીમ સાધુતાથી વિજ્ઞાનદાસ સ્વામી ઝાંખા પડી ગયા. તેમને ઘણી વખત પાછા પડવું પડતું. પોતે કોશ મંગાવી હતી છતાં બધા વચ્ચે સાચા દેખાવા માટે શિષ્યને માથે આળ નાખ્યું, પણ દંભ અને કપટથી કેળવેલી ભલમનસાઈ આખરે મલિન અને છીછરી સાબિત થઈ.

જલુ પય સરિસ બિકાઈ, દેખહું પ્રીતિ કિ રીતિ ભલી ।
બિલગ હોઈ રસુ જાઈ કપટ ખટાઈ પરત પુનિ ॥

– જળ પણ દૂધ સાથે ભળી દૂધની જ કિંમતે વેચાય છે. પણ તેમાં કપટરૂપ ખટાઈ ભળતાં જળ અલગ થઈ જાય છે ને સ્વાદ જતો રહે છે.

એવી જ વાત વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ વચ્ચેના સંબંધની હતી. અત્યાર સુધી યોગી મહારાજે અસહ્ય યાતના હસતાં મુખે સહી લીધી હતી. પણ આવા પ્રસંગોથી જ એ ભાવિ નિર્માઈ રહ્યું હતું કે યોગી મહારાજ તેમનાથી અલગ થઈ જાય અને ગુરુના દંભનો – કપટનો પડદો સદાને માટે ચિરાઈ જાય.

જોગીનાં દોહ્યલાં અમી વર્ષણ

આમ તો દર વર્ષે બે વાર – કારતક તથા ફાગણ માસમાં વિજ્ઞાનદાસ સ્વામી મંડળ લઈને સોખડા, સાંકરદા વગેરે ગામોમાં વિચરણ કરતા, ધર્માદો ઉઘરાવતા, કથાવાર્તા કરતા. ઉઘરાવેલો ધર્માદો સાંકરદા મંદિરમાં ભેગો થતો અને હરિભક્તો ગાડામાં બોચાસણ મોકલી દેતા.

એક વખત પ્લેગના રોગચાળાએ ગુજરાતને ભીંસમાં લીધું ત્યારે લગભગ આખું સાંકરદા રોગના ભયથી ખાલી થઈ ગયું હતું. તે વખતે ગણ્યા-ગાંઠ્યા સત્સંગીઓને લાભ આપવા વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ એક ખેતર વચ્ચે માંડવો નાખી એક માસ પર્યંત ગામ બહાર રહ્યા હતા. વિજ્ઞાનદાસ સ્વામી વચનામૃત સમજાવતા અને યોગી મહારાજ 'સ્વામીની વાતો' મોઢે બોલી નિરૂપતા. ભજન-કીર્તનમાં યોગી મહારાજની લાક્ષણિક હલક એક દિવ્ય વાતાવરણ જમાવતી. તાળીના તાલબદ્ધ પટાકા, અને આત્માના અવાજથી શ્રીહરિ સાથેનું તાદાત્મ્ય સૌના હૃદય પર ભક્તિની ચિરંજીવ અસર પાડતું.

હરિસિંહ ભાવસિંહ, ગુમાનસિંહ પ્રભાતસિંહ, ઉમેદભાઈ કલ્યાણભાઈ, મંગળભાઈ માધવદાસ, સોમાભાઈ દેસાઈભાઈ, ફત્તેસિંહ, પુરુષોત્તમદાસ ગાંધી વગેરે હરિભક્તો સવાર-સાંજ કથાવાર્તાનો લાભ લેતા અને 'જોગી'ની માધુરી મૂર્તિમાંથી કોઈ દિવ્ય આનંદની સુખલહાણ માણ્યા કરતા.

વરતાલના સંતો પણ અવારનવાર સાંકરદા આવતા-જતા. જો તે વખતે શાસ્ત્રીજી મહારાજ કે વિજ્ઞાનદાસ સ્વામી અને યોગી મહારાજનું મંડળ મંદિરમાં હોય તો દ્વેષથી આ સાધુતા-સંપન્ન સંતોની સાથે તેઓ ઝઘડો કરતા, મારવાની ધમકી બતાવતા. એટલું જ નહીં, કોઈ વાર મારતા પણ ખરા.

આવું વારે વારે ન બને અને નિર્દોષ સંતોની રક્ષા થાય તે હેતુથી મૂળજીભાઈ ઝવેરભાઈ, મોહનભાઈ અનોપભાઈ, મોતીભાઈ જેઠાભાઈ, ભાવસિંહ ઉમેદસિંહ આ ચારેય ભક્તો રાતે સંતો સાથે સૂઈ જતા. તેમને સંતો સાથે ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ હતી. તેમાંય યોગી મહારાજ સાથે તો આત્મીય-ભાવે સૌ જોડાઈ ગયા હતા. એમની પ્રેમ કરવાની, પીરસવાની અને જેની રસોઈ હોય તેના મોંમાં કોળિયો ધરીને જમાડવાની રીત એટલી મધુર અને દિવ્ય હતી કે જડ મનુષ્યમાં પણ ભાવનાની ગંગા ફૂટી નીકળે.

યોગી મહારાજ રાજીપો વ્યક્ત કરતા ત્યારે અચૂક વાંસામાં ધબ્બો મારતા. આ લાક્ષણિકતા બાળપણથી જ એમનામાં હતી. કથામાં હરિભક્તોને વ્યક્તિગત નામ દઈને પૂછે : 'શું આવ્યું ?'

યોગી મહારાજ આવાં દોહ્યલાં અમીવર્ષણ હરિભક્તો ઉપર સહજભાવે કર્યા જ કરતા. જે જોગમાં આવે તે જન્મારે ભૂલી શકે નહીં...

'ગુરુની ગાદી નમસ્કાર કરવા યોગ્ય'

શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ એક વાર સાંકરદા પધાર્યા હતા. બપોરે જમ્યા પછી શાસ્ત્રીજી મહારાજ આરામમાં પધાર્યા. બહારગામથી આવેલા હરિભક્તો પણ જ્યાં જગ્યા મળી ત્યાં સૂઈ ગયા.

બપોરે રસોડામાંથી પરવારીને યોગી મહારાજ શાંતિથી ધ્યાનચિંતન માટે એકાંત શોધતા હતા, પણ ક્યાંય એવી જગ્યા ન મળી. મુખ્ય ઓરડામાં તો હરિભક્તો સૂતા હતા. આથી તેઓ આમતેમ જોતા હતા.

એ વખતે વરતાલના શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી પૂર્વાશ્રમમાં હતા. તેમણે વિનોદમાં કહ્યું : 'આ ગુરુની ગાદી ખાલી છે, ત્યાં સૂઈ જાઓ.'

ત્યારે યોગી મહારાજે હાથ જોડી કહ્યું : 'ગુરુની ગાદી તો નમસ્કાર કરવા યોગ્ય છે. તેના ઉપર સુવાય નહિ.'

ત્યારે શાસ્ત્રીજી કહે : 'એક વખત તો એ ગાદી ઉપર તમારે બેસવાનું જ છે ને !' સાંકરદામાં દરેક હરિભક્તના મનમાં યોગી મહારાજનો અપાર મહિમા હતો, તેથી આ શબ્દો સ્વાભાવિકતાથી શાસ્ત્રીજી શ્વેતવૈકુંઠદાસજીના મુખમાંથી સરી પડ્યા.

એટલે બે કાને હાથ દઈને યોગી મહારાજ બોલ્યા : 'હું તો એમનો દાસ છું, ગુરુ તો શાસ્ત્રીજી મહારાજ સ્વામી છે.'

શાસ્ત્રીજી શ્વેતવૈકુંઠદાસજીનું કથન સત્ય ઠર્યું. યોગી મહારાજે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની હંમેશાં દાસત્વભાવે ભક્તિ કરી. એમની આજ્ઞામાં ટૂક ટૂક વર્ત્યા. એટલું જ નહીં, તેમના કાર્યને વેગ આપવા માટે ગામડે-ગામડે અપમાન, માર, તિરસ્કાર સહીને શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં ગાઢ સ્નેહથી જોડાઈ ગયા. આમ, એમનામાં તો વગર કર્યા ગુરુ થવાના અસંખ્ય સદ્‌ગુણો હતા, તેથી જ તો એમનું ગુણાતીત સમુદાયમાં આદરભર્યું સ્થાન હતું.

ક્ષમાની વેદી પર

મીરસાપુરા પણ આવા પ્રેમી ભક્તોનું ગામ. શાસ્ત્રીજી મહારાજ તેને ગોકુળિયું ગામ કહેતા. ગામના સીમાડાના ખેતરોમાં ઈંટોના ચણતરથી બનાવેલું જીવાભાઈ રણછોડનું પાકું મકાન હતું. તેની પાસે ખેતરમાં કૂવો હતો. વિજ્ઞાનદાસ સ્વામી અને યોગી મહારાજ વિચરણ કરતા મીરસાપુરા આવતા ત્યારે ત્યાં જ ઊતરતા અને આ મકાનમાં રસોઈ કરતા.

એક વખત યોગી મહારાજે રસોઈ તૈયાર કરી. ઠાકોરજીને થાળ ધર્યો ત્યારે વિજ્ઞાનદાસ સ્વામીએ એકાએક યોગી મહારાજને આજ્ઞા કરી કે આજે ઉપવાસ કરવાનો છે. તેમણે તો ગુરુની આજ્ઞા તરત જ સ્વીકારી લીધી અને કોઈપણ પ્રકારની દલીલ વગર પત્તર ઝોળીમાં મૂકી દીધું.

જીવાભાઈ તથા તેમના કુટુંબીજનોએ બહુ વિનંતી કરી પણ વિજ્ઞાનદાસ સ્વામીએ મચક ન આપી. સૌને વિનંતી કરતા જોઈ યોગી મહારાજે સૌને વાર્યા અને હસતાં હસતાં કહે : 'ગુરુની આજ્ઞાનું પાલન આપણે કરવું જ જોઈએ. ગુરુને નારાજ ન કરશો.'

વિજ્ઞાનદાસ સ્વામીએ પોતાની જીદ છોડી નહીં.

આમ પણ યોગી મહારાજ બે-ત્રણ દિવસે એક ઉપવાસ અવશ્ય કરતા જ. મહિનામાં સહેજે ૮ થી ૧૦ ઉપવાસ તો થઈ જ જતા. ગામડે હરિભક્તો પાકી રસોઈ આપે ત્યારે તો ઉપવાસ કરી જ નાખે. બધી રસોઈ જાતે બનાવે, સૌને પ્રેમથી જમાડે પણ પોતે ભૂખ્યા રહે, તે કોઈને જણાવા ન દે. તેથી એમને ઉપવાસ કરવો એ સહજ બની ગયું હતું. પણ વિજ્ઞાનદાસ સ્વામીની આવી વારંવાર કનડગત અને આકરી કસોટીથી હરિભક્તો બહુ દુભાઈ જતા અને યોગી મહારાજ પ્રત્યે સૌને પ્રતિદિન અહોભાવ વધતો જતો.

આકર્ષણનો અતૂટ દોર

યોગી મહારાજ ઠાકોરજીના મુગટ કરાવવા માટે સોની હરિભાઈ સાથે લાગટ બે-અઢી મહિના સુધી ખેંગારજીભાઈના ઘરે રંગીલા પોળ, અમદાવાદમાં રહ્યા હતા. યોગી મહારાજના આ નિવાસ દરમ્યાન એમના પ્રેમાળ સ્વભાવ અને કેવળ હરિભક્તોની સેવા-સરભરા કરવાના એમના તાનથી અમદાવાદના નાના-મોટા સર્વે હરિભક્તો પણ એમને વશ થઈ ગયા હતા. અને સૌ એમ જ ઇચ્છતા હતા કે 'યોગી મહારાજ અમદાવાદ કાયમ રહે તો બહુ સારું. સૌએ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ આ પ્રસ્તાવ મૂકવો.'

એ વખતે મંછારામભાઈ તથા તેમના સુપુત્રો નંદુલાલભાઈ અને પાનાચંદભાઈ તેમજ ભવાનભા બાપુ, મનસુખરામ મિસ્ત્રી, તેમના ભાણેજ પુરુષોત્તમદાસ ગજ્જર, કોઠારી બબુભાઈ, કાનજીભાઈ ચૌહાણ તથા તેમના સુપુત્ર ખેંગારજીભાઈ, હરિભાઈ, અમૃતલાલ, ગિરધરલાલ કડિયા, તેમના ભાઈ અમૃતલાલ શેઠ, ભક્ત મોહનલાલ ધ્યાની, ચતુરભાઈ કડિયા, બકરી પોળ મંડળવાળા ત્રિભોવનદાસ મિસ્ત્રી, ભગતજી મહારાજના શિષ્ય ભક્તરાજ જેઠાલાલના પુત્ર મોહનભાઈ આદિ સર્વે સમર્થ પુરુષોને પણ યોગી મહારાજે ચમકનો પહાડ જેમ ચોતરફથી લોઢાને પોતાની તરફ ખેંચે તેમ સર્વેને એક પ્રકારનું અનેરું આકર્ષણ જગાવ્યું હતું. તેઓ યોગી મહારાજને દિવસમાં એક વખત પણ મળ્યા વગર રહી શકતા નહીં. એમની અજોડ સાધુતા, જ્ઞાન-ગરીબી, પ્રેમ, સેવા અને 'સ્વામીની વાતો' બોલવાની હલક અને સુરીલાં કીર્તનોના બ્રહ્મનાદમાં સૌ કોઈનાં અંતર ખેંચાઈ જતાં. આ આકર્ષણના દોરમાં એમણે સૌને એકસૂત્રમાં બાંધી દીધા હતા.

શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા અને એમણે આ જાણ્યું ત્યારે

એકદમ આનંદથી બોલી ઊઠ્યા : 'સૌને વશ કરવાની કળા તો એક જોગી મહારાજ પાસે આગવી રહેલી છે, કારણ કે બધામાં એ મહારાજ અને સ્વામીને જુએ છે. તેથી સૌને તેમનામાં મહારાજના, સ્વામીના ગુણો પ્રત્યક્ષ દેખાય છે.'

✧ ✧ ✧

સંવત ૧૯૮૪માં ગુજરાતમાં વિચરણ કરી સૌ સારંગપુર ફૂલદોલોત્સવમાં પધાર્યા. સમૈયો ખૂબ સારો થયો. અહીં હાલ જ્યાં શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિ-મંદિર છે, ત્યાં એ વખતે ઘાસનું બીડ હતું. વળી, ચારે બાજુ બાવળ અને ખીજડાનાં ઘણાં વૃક્ષો હતાં. શાસ્ત્રીજી મહારાજે આ જમીન ખેતીયોગ્ય બનાવવા સેવા ઉપાડી. સૌ સંત-હરિભક્ત તેમાં જોડાઈ ગયા. યોગી મહારાજની સૂકલકડી, સહેજ શ્યામ કાયા પણ ધૂળના ટોપલાનું માથે વજન આવવાથી કેડથી સહેજ વાંકી વળીને દોડાદોડ કરતી હતી. એમનું ચિત્ત તો થોડે દૂર ધૂળના ઢગલા પર ભગવું વસ્ત્ર પાથરીને મરક મરક હસતા શાસ્ત્રીજી મહારાજમાં હતું. તેઓ કછોટો વાળીને, કેડે ગાતરિયું બાંધીને, ધૂળના ટોપલા ઉપાડીને યોગ્ય જગ્યાએ ઠાલવતા હતા.

થોડીવારમાં કેટલાક હરિભક્તો શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા. પ્રણામ કરી બેઠા : 'સ્વામી ! વાતો કરો તો અંતર ટાઢું થાય !'

શાસ્ત્રીજી મહારાજે આ સાંભળી માથે ધૂળનો ટોપલો બે હાથે ઊંચકીને આવતા યોગી મહારાજ તરફ આંગળી ચીંધીને તરત જ કહ્યું : 'વાતો તો આ જોગી કરશે.' એમ કહીને શાસ્ત્રીજી મહારાજે ધૂળના ટોપલા નાખવાનું બંધ કરાવીને એમને વાતો કરવાની આજ્ઞા કરી.

યોગી મહારાજને આજ્ઞા થતાં જ ધૂળ ખંખેરી, ગાતરિયું ઓઢીને બેઠા અને તાળી વગાડી એમના સાહજિક લહેકામાં 'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી...' બોલી હરિભક્તોને વાતો કરી, શાંતિ પમાડી.

તેઓ વાતો કરતાં કરતાં વચ્ચે ખિલખિલાટ હસી પડતા. ઝોળી માગવા જાય ત્યારે પણ આહ્‌લેક નાખીને વચનામૃત મોઢે બોલે અને જે કોઈ ઝોળીમાં લોટ વગેરે આપે તેને પતાસાંની ભૂકીની પ્રસાદી આપીને રાજી કરે. અહીં જીવાખાચરના દરબારમાં દર્શને જાય કે ઝોળી માગવા જાય ત્યારે પણ વચનામૃત મોઢે બોલે. જીવાખાચરના ૧૦-૧૨ વર્ષની ઉંમરના વંશજ હકા-ખાચર લોટની તાંસળી લાવે એટલે તેમને હાથમાં પતાસાંની ભૂકી આપે. આમ, એ વખતે સમૈયાઓનો આધાર પણ ઝોળીઓ ઉપર જ હતો.

અહીં ફૂલદોલ ઉત્સવ બાદ શાસ્ત્રીજી મહારાજ સાથે બે માસ ભાલમાં વિચરણ કરી વૈશાખ વદ બીજના દિવસે જૂનાગઢ રાધારમણદેવના શતવાર્ષિક પાટોત્સવમાં પધાર્યા.

મહાજનો યેન ગતઃ સ પન્થા

શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ તથા અમદાવાદથી ખેંગારજીભાઈ ચૌહાણ આદિ હરિભક્તો આ ઉત્સવમાં ગયેલા. જૂનાગઢથી ટ્રેનમાં સારંગપુર જવા માટે સ્ટેશને આવ્યા. અહીં હજારો માણસોની ભીડ હતી. પણ શાસ્ત્રીજી મહારાજ તો સ્ટેશનથી એક-બે ફર્લાંગ દૂર યાર્ડ તરફ ચાલવા માંડ્યા. એમની પાછળ યોગી મહારાજ પણ પોટલાં ઊંચકી ચાલવા માંડ્યા. આ જોઈ નિર્ગુણદાસ સ્વામી બૂમો પાડતાં બોલવા લાગ્યા : 'સ્ટેશન આ રહ્યું ને આ બધા ક્યાં ચાલ્યા ?'

પાછળ જોઈ યોગી મહારાજ કહે : 'સ્વામી જે કરતા હશે તે ઠીક જ કરતા હશે. આપણે શંકા કર્યા વિના સ્વામીની પાછળ ચાલવા માંડો.' પણ આ તો નિર્ગુણદાસ સ્વામી ! તે તો યોગી મહારાજ પર ખિજાયા કે 'આવા ને આવા રહ્યા. પાછા ફરવાનું કહેવાને બદલે આપણને પાછળ આવવાનું કહે છે.'

નિર્ગુણદાસ સ્વામી સ્ટેશને પહોંચ્યા, ત્યાં સ્ટેશન માસ્તરે માહિતી આપી કે 'આ સમૈયાની ભીડને લીધે એક ખાસ ડબ્બો યાર્ડમાં રાખવામાં આવ્યો છે અને તેની ટિકિટ પણ આગલા સ્ટેશનેથી મેળવી લેવાની વ્યવસ્થા છે.'

એટલે નિર્ગુણદાસ સ્વામી, સંતો તથા હરિભક્તો યાર્ડમાં રાખેલા ડબ્બામાં આવ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ સ્મિત કરતાં કહે : 'આવો જગા રાખી છે.'

સૌને શાસ્ત્રીજી મહારાજના આ ચરિત્રથી ખૂબ આશ્ચર્ય થયું. પછી સૌ સંતો-હરિભક્તો બેસી ગયા, અને યોગી મહારાજે ધૂન-કીર્તન ઉપાડી સૌને ભક્તિ-ભજનમાં જોડ્યા. નિર્ગુણ સ્વામી વિચારતા હતા : 'મોટાપુરુષની ક્રિયા માત્ર નિર્ગુણ અને હેતપૂર્વકની હોય છે, તેનો મર્મ યોગી ખરેખરો પામી ગયા છે.'

તેમને યોગી મહારાજની નિર્દોષબુદ્ધિથી તેમના પ્રત્યે ખૂબ આદર ઊપજ્યો.

શાસ્ત્રીજી મહારાજ સાથે પંચતીર્થીનો લહાવો

અહીંથી સૌ સંતો-હરિભક્તોના સંઘ સાથે પંચતીર્થી કરવા નીકળવું, એમ શાસ્ત્રીજી મહારાજે નિર્ણય કર્યો.

પંચતીર્થીમાં વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ, નારાયણચરણદાસજી, અક્ષરપુરુષદાસજી તથા ભક્તિવલ્લભદાસજી તેમજ હરિભક્તોમાં રામજી લક્ષ્મણ માવદિયા, બાપુભા સાહેબ, રામચંદ્રકાકા વગેરે હતા.

અગત્રાઈ, મેઘપુર દર્શન કરી સૌ માંગરોળ આવ્યા. અહીં ડૉ. અર્જુનભાઈ ગગાભાઈએ રસોઈ આપી, પરંતુ ગાડાની મુસાફરી અને જાત્રાના પરિશ્રમથી સૌ સંતો થાકી ગયા હતા. એટલે ડૉક્ટરે આપેલ ઉતારે સૌ સંતો સૂઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજે મળી તમામ રસોઈ કરી નાખી. યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને સૂઈ જવા વિનંતી કરી અને પોતે એકલા જ રસોઈ કરશે એમ ઘણો આગ્રહ કર્યો, પરંતુ શાસ્ત્રીજી મહારાજ તો રસોઈ બની ત્યાં સુધી સાથે રહ્યા. ઠાકોરજીને થાળ ધરાવ્યા પછી સર્વે સંતો-હરિભક્તોને ઉઠાડીને જમાડ્યા. પછી ડૉ. અર્જુનભાઈએ ગાડાં ભાડે કરી આપ્યાં તે લોજ, પંચાળા, કાલવાણી, ઉપલેટા, ભાડેર થઈને સૌ માણાવદર આવ્યા.

અહીં મંદિરમાં ઉતારો કર્યો. પ્રસાદીનાં સર્વ સ્થાનનાં દર્શન કરી આવ્યા ત્યારે બ્રહ્મચારી ઈશ્વરાનંદજીએ સુંદર રસોઈ બનાવી રાખી હતી. તેમણે ભાવપૂર્વક જમાડ્યા. તેઓ બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજીના શિષ્ય હતા, તેથી શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ સાથે ખૂબ હેત હતું અને એમનો ઘણો મહિમા સમજતા. માણાવદરના હરિભક્ત કાનજીભાઈ તથા ઠાકરસીભાઈએ સારી સેવા કરી. શાસ્ત્રીજી મહારાજ પણ રાજી થયા.

માણાવદરથી ગોંડલ આવ્યા. અહીં મંદિરમાં બ્રહ્મચારી ઘનશ્યામાનંદજીએ ઉતારો આપ્યો અને સંતો-હરિભક્તોના સંઘને જમાડી તૃપ્ત કર્યા.

સાંજે અક્ષર દેરીએ દર્શને ગયા. ત્યાં શાસ્ત્રીજી મહારાજે વાત કરતાં કહ્યું : ‘ભગતજી મહારાજ અને મોટા સંતોનાં વચન છે કે ભવિષ્યમાં અહીં મોટું મંદિર થશે.’ પછી સૌએ દેરીએ દંડવત્, પ્રદક્ષિણા કરતાં આ સાક્ષાત્ સ્થાનમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પ્રાર્થના કરી : ‘સ્વામી ! દયાળુ ! હવે ક્યાં સુધી આ દિવ્યભૂમિને આમ નિર્જન રાખી આપ અહીં આ રીતે બિરાજશો ?’

યોગી મહારાજ તો અત્યંત આનંદમાં ડોલતાં ડોલતાં અક્ષર દેરીની પ્રદક્ષિણા ફરવા લાગ્યા.

અક્ષર દેરીએ શરદોત્સવ

આ વર્ષોમાં શરદ પૂર્ણિમાનો સમૈયો શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ

સ્વામી, યોગી મહારાજ વગેરે ગોંડળ - અક્ષર દેરીએ ઉત્સાહપૂર્વક ઊજવતા. તે વખતે હજુ અક્ષર મંદિરનાં મંડાણ નહોતાં થયાં તે છતાં અહીં ગુજરાત તેમજ ખાસ કરીને ઝાલાવાડમાંથી દર વરસે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્તો આ સમૈયામાં ખાસ આવે એવો શાસ્ત્રીજી મહારાજનો આગ્રહ હતો.

એ વખતે મોજીદડ, ચચાણા, કંથારિયા, અડવાળ આદિ ગામડાંઓના હરિભક્તો તેમજ વાંકાનેર-ગારિયાના હરિભક્તો ટ્રેઇનમાં ચૌદશની રાતે રાજકોટ ઊતરતા અને કડિયા શેરીના મંદિરમાં રોકાણ કરતા.

યોગી મહારાજ રાતે ૩ વાગે ઊઠી, નાહી-પરવારીને આગલા દિવસે તૈયાર રાખેલ બધી સામગ્રીથી રસોઈ શરૂ કરી દેતા. સવારે ૮ વાગે ત્યાં પચાસ-સાઠ હરિભક્તોના રોટલા ઘડીને તૈયાર કરી નાખે. થાળ ધરીને હરિભક્તોને તથા સાથેના સંતોને જમાડી પોતે છેલ્લે જમતા.

એ પછી ૯ વાગે ટ્રેઇન પકડીને સૌ પૂનમના દિવસે સવારે ગોંડલ પહોંચતા અને શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં રાત્રે ધામધૂમથી શરદોત્સવ ઊજવાતો. કથાવાર્તાનો અખાડો જામતો. રાતે ૧૨ વાગે દૂધ-પૌંઆનો પ્રસાદ લઈ સૌ વિખરાતા.

✧

રાજકોટ કડિયા શેરીના મંદિરમાં રહેતા ત્યારે યોગી મહારાજ એક સંતને સાથે લઈ ઘણી વાર ઝોળી માગવા નીકળતા. એ વખતે શિવાભાઈને બોલાવતા અને ઝોળી માગવા સાથે લઈ જતા.

મુખ્યત્વે મોરારજી મંગળજી શેઠ, માધવજીભાઈ ટાંક તથા છગનભાઈ ધનેશ્વરને ત્યાં ખાસ જતા. કીર્તનો તેમજ સ્વામીની વાતો બોલતા. તેથી હરિભક્ત તેમજ તેમના કુટુંબના આબાલવૃદ્ધ સર્વે ઘણા રાજી થઈ જતા. યોગી મહારાજ પધારે ત્યારે ઘરનો મહિલાવર્ગ બધું ઘરકામ પડતું મૂકીને બાજુના ઓરડામાં દૂર બેસીને એમના મધુર કંઠે ગવાતાં કીર્તનો અને વાતો સાંભળતાં, અને એમની ઝોળીમાં સૌ ખૂબ અનાજ, ઘી, ગોળ વગેરે આપતાં.

યુવાન ભક્તની મમતાભરી સંભાળ

આ અરસામાં જ અડવાળના ગોવિંદસિંહ રાજકોટમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણતા અને ગરાસિયા બોર્ડિંગ, રજપૂતપરામાં રહેતા. એ વખતે વિજ્ઞાનદાસ સ્વામીની સાથે યોગી મહારાજ, ભગવત્સ્વરૂપદાસજી તથા નિર્મળદાસ સ્વામી

આ ચાર સંતો તેમજ પાર્ષદો કડિયા શેરીના મંદિરે રહેતા હતા.

ગોવિંદસિંહજીને દરરોજ હાઈસ્કૂલથી છૂટી મંદિર દર્શન કરીને બોર્ડિંગ પર જવાનો નિયમ હતો. તે સમયે ઈન્ફલુએન્ઝા તાવની બીમારી વ્યાપક બની. જેમાં ગોવિંદસિંહ પણ સપડાયા. તેથી બે-ત્રણ દિવસ મંદિર જઈ ન શક્યા. યોગી મહારાજનો સ્વભાવ તો અત્યંત માયાળુ. એમણે વિચાર્યું કે ગોવિંદસિંહ કેમ દેખાતા નથી ? વિજ્ઞાનદાસ સ્વામીની રજા લઈને તેઓ નિર્મળદાસ સ્વામી સાથે ચાલીને બોર્ડિંગે આવ્યા. યોગી મહારાજનાં અચાનક દર્શન થતાં આશ્ચર્ય પામતા ગોવિંદસિંહ પથારીમાં ઝડપથી બેઠા થઈ ગયા. એમના પગમાં પડી ગયા. યોગી મહારાજ તેમની પાસે બેઠા. શરીરે હાથ ફેરવ્યો અને તાવ ઊતરી જાય તે માટે ધૂન કરી. તેમનો તાવ બે દિવસમાં જ ઊતરી ગયો. જ્યારે બોર્ડિંગમાં રહેતા બીજા વિદ્યાર્થીઓને દસ-બાર દિવસે ઘણી સારવાર પછી ઊતર્યો.

સ્વામીશ્રીની વાત્સલ્યભરી હૂંફની આ ક્ષણો ગોવિંદસિંહજીના જીવનમાં ચિરંજીવ બની ગઈ.

ભક્તાધીન

ગારિયાના હરિભક્ત પટેલ અરજણભાઈ મેઘાભાઈએ નવું મકાન કર્યું હતું. તેના વાસ્તુ વિધિ માટે તેના પિતા મેઘાભાઈ સાથે વિવાદ થયો. મેઘાભાઈ કહે : 'આવતીકાલે વાસ્તુ લેવું છે.' ત્યારે અરજણભાઈ કહે : 'રાજકોટથી સંતોને તેડાવીએ. વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ આવે ત્યારે વાસ્તુ કરીએ.' અરજણભાઈને યોગી મહારાજ સાથે ખૂબ હેત હતું. પણ મેઘાભાઈએ તો પોતાનું ધાર્યું કર્યું. બીજે દિવસે વાસ્તુનું મુહૂર્ત લઈ લીધું.

રાત્રે સૂતા ત્યારે અરજણભાઈના અંતરમાં બળતરા થવા લાગી. સંતો તેમને મન સર્વસ્વ હતા. યોગી મહારાજ વિના તો તેમને જરાય સોરવતું નહીં. તેઓ આવે ત્યારે તેમની પાસે જ બેસી રહે, ગોષ્ઠિ કરે અને સાંજે દરબારની વાડીએ નહાવા જાય ત્યારે પણ સાથે જાય. આરતી, અષ્ટક અને ચેષ્ટામાં પણ સાથે. રાત્રે ચેષ્ટા પછી પણ મોડે સુધી એમની સાથે બેસી વાતો કરે. આવી રીતે તેમને યોગી મહારાજ સાથે સખાભાવ થઈ ગયો હતો.

અરજણભાઈએ યોગી મહારાજના ચિંતવનમાં જ રાત પસાર કરી.

કોઈની પણ જાણ વગર સવારે એકાએક વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજ ગારિયા આવી પહોંચ્યા. અરજણભાઈને તો આનંદનો પાર ન રહ્યો.

તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. વાજતે-ગાજતે સામૈયું કર્યું. પુત્રની ભક્તિ પાસે મેઘાભાઈનું અંતર નમી પડ્યું. ગામલોકો પણ આ જાણીને આશ્ચર્ય પામ્યા. અરજણભાઈને ભાવના ખરેખર હૃદયપૂર્વકની હતી, તો ભગવાને તે પૂરી પણ કરી.

જેહિ કે જેહિ પર સત્ય સનેહા । સો તેહિ મિલઈ ન કછુ સંદેહા ॥

- જેનો જે પર સાચો સ્નેહ, તે તેને મળશે તેમાં સંદેહ નથી.

વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગી મહારાજે મકાનમાં બધે પગલાં પાડ્યાં, પુષ્પો છાંટ્યાં, ભાવપૂર્વક તેમની રસોઈ જમ્યા અને તેમના મનોરથ પૂરા કર્યા.

✧

વિજ્ઞાનદાસ સ્વામી ઘણું ખરું રાજકોટ કડિયા શેરીના મંદિરમાં જ રહેતા. એટલે ગામડાંઓમાં ફરી, થોડા દિવસે તો તેઓ રાજકોટ આવી જ જતા. તેમાં વળી, ગામડાંમાં કાંઈ યોગી મહારાજની ભૂલ થઈ હોય કે હરિભક્તોએ 'જોગી'નું બહુ રાખ્યું હોય તે બધું મનમાં સંઘરી રાખી, અહીંના મંદિરમાં તેઓ તેનો બદલો લઈ લેતા.

એક વખત વિજ્ઞાનદાસ સ્વામી વગેરે સંતોને જમાડી યોગી મહારાજ મંદિરના મેડે ભંડારમાં જમવા બેઠા. તેઓ હંમેશાં ઊભે પગે જમવા બેસતા. બે ગોઠણ વચ્ચે નીચું માથું રાખી જાણે કોઠીમાં દાણા પૂરતા હોય તેમ નીરસભાવે પાત્રમાં પાણી નાખી મેળાવીને ઉતાવળે જમી લેતા. એવામાં વિજ્ઞાનદાસ સ્વામી ત્યાં આવ્યા. તેમની ક્રોધવૃત્તિ સળવળી ઊઠી. એકાએક આવેગ આવી જતાં તુરત તેમણે બાજુમાં પડેલી સાણસી લીધી અને પૂરા જોરથી યોગી મહારાજના જમણા પગમાં સાણસી વતે ચીપટી ભરી. યોગી મહારાજના પગ બહુ પાતળા હતા અને પીંડી પણ જાણે માંસ વગરની હોય તેમ પાતળી છતાં પોચી હતી. સાણસીની સખત ચીપટીથી પીંડીમાંથી ચામડી સાથે માંસ બહાર આવી ગયું અને લોહીની ધારા છૂટી. જરા જેટલો ઉંકાર કર્યા વગર જાણે કશું જ બન્યું નથી એમ માફી માગવા યોગી મહારાજ ઊભા થવા ગયા, પણ પગનું બંધન છૂટતાં, સખત વેદના અનુભવતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા. શિષ્યને કણસતા છોડી, કઠોર હૃદયી ગુરુ ત્યાંથી તુરત ચાલી ગયા. પાછળથી બીજા ભક્તોએ એમના પગે પાટાપીંડી કરાવી. પણ પગની એ પીંડીમાં કાયમ માટે પડેલું કાળું ચાઠું એમણે વેઠેલી અપાર યાતનાઓનું જીવનભર સાક્ષી બનીને રહ્યું.

❀ ❀ ❀



પારકાનું દુઃખ અસહ્ય બનતાં આખરે વિજ્ઞાનદાસનો ત્યાગ

સંવત ૧૯૮૪માં રાજકોટ હરિમંદિરમાં વિજ્ઞાનદાસ સ્વામીએ ઉપાસનાના સિદ્ધાંત વિરુદ્ધ પોતાના ગુરુ યોગેશ્વરદાસ સ્વામીની મૂર્તિ પધરાવવા નક્કી કર્યું હતું. શાસ્ત્રીજી મહારાજે તેમને ઘણું સમજાવ્યા કે 'ગુણાતીત જ્ઞાનના પ્રવર્તક ભગતજી મહારાજ છે, તેમની મૂર્તિ પણ અમે ક્યાંય પધરાવી નથી, તમે આ નવું ક્યાંથી કાઢ્યું ?'

જો કે અગાઉ પણ આ જ મંદિરમાં તેમણે અક્ષરપુરુષોત્તમ મહારાજની કાષ્ઠની મૂર્તિઓ પધરાવી હતી ત્યારે પણ શાસ્ત્રીજી મહારાજે ઘણી અનિચ્છા દર્શાવી હતી. એમણે કહેલું : 'સાધુ થોડા, વળી મંદિરની આજીવિકા ન હોય ત્યાં સુધી મૂર્તિ પધરાવાય નહીં.' વળી, આ તો હરિમંદિર હતું. છતાં વિજ્ઞાનદાસ સ્વામીને વેગ ઊપડ્યો. તેથી છૂપી રીતે મેડા ઉપર ખૂણામાં યોગેશ્વરદાસની કાષ્ઠની મૂર્તિ ઘડાવવાની શરૂ કરી.

એક વખત તેનો ટચ ટચ અવાજ સાંભળી ભગવત્‌સ્વરૂપદાસ સ્વામી કહે : 'આ મેડે શું ટચ ટચ થાય છે ?' એમ કહી ઉપર ચડવા લાગ્યા. આમ તો દેખી શકતા ન હોવાથી કઠેડાના આધારે ઉપર જઈ પહોંચ્યા. ત્યાં વિજ્ઞાનદાસ સ્વામીએ જાણ્યું એટલે દોડતા ઉપર ચડ્યા. ભગવત્‌સ્વરૂપદાસ સ્વામી છેલ્લા પગથિયે પહોંચ્યા ત્યાં તો વિજ્ઞાનદાસ સ્વામીએ તેમના બંને પગ પકડી લીધા. ભગવત્‌સ્વરૂપદાસ સ્વામી કાંઈ સમજે તે પહેલાં તો વિજ્ઞાનદાસે એવા જોરથી પગ ખેંચ્યા કે તેમણે સંતુલન ગુમાવ્યું અને 'ધડામ્' કરતાંકને છેક નીચે પડ્યા.

સખત મૂઢ માર અને ઠેર ઠેર છોલાઈ જવાથી ભગવત્‌સ્વરૂપદાસ હૃદયદ્રાવક વેદનાથી બૂમો પાડવા લાગ્યા, પણ વિજ્ઞાનદાસ સ્વામીનો અવાજ તેમનાથી ઊંચો ગયો : 'આંધળા ! ઉપર શું છે તેની તારે શી પંચાત ? બેઠો નથી રહેતો ને પટલાઈ કરે છે ?'

આવા શોરબકોરથી સૌ એકઠા થઈ ગયા. યોગી મહારાજ તો સૂનમૂન બની આ વૃદ્ધ સાધુની પીડાનો સ્વાનુભવ કરી રહ્યા. તેમના રોમેરોમમાં આ અપમાન અને ઉપેક્ષાની દુઃખદ ઘટનાથી વેદના થવા લાગી.

અત્યાર સુધી છેલ્લાં ૧૭ વર્ષથી યોગી મહારાજને દુઃખ દેવામાં વિજ્ઞાનદાસ સ્વામીએ કાંઈ બાકી રાખ્યું ન હતું. કોઈ સામાન્ય માનવી પણ પોતાની સેવા કરતા એક આદર્શ સેવકનું આટલું અપમાન, તિરસ્કાર કે હડધૂતપણું કરે નહિ; મારે તો નહિ જ. પણ વિજ્ઞાનદાસ સ્વામીએ ગુરુ હોવા છતાં સાધુતાની મૂર્તિ સમા પોતાના આદર્શ શિષ્ય યોગી મહારાજ સાથે ઘાતકી રીતે વર્તાવ કરીને હદપાર કષ્ટ આપ્યું હતું. યોગી મહારાજે કદી કોઈ આગળ ખાનગીમાં પણ આ સંબંધી ફરિયાદનો હરફ ઉચ્ચાર્યો ન હતો.

ઘણા હરિભક્તોને આની જાણ હતી. તેથી એમને અવારનવાર કહેતા કે બધા હરિભક્તોને વાત કરો તો આ અસહ્ય કસણી બંધ થઈ જાય. ત્યારે યોગી મહારાજ એટલું કહેતા કે ‘ગુરુ જે કરે આપણા સારા માટે જ કરતા હોય, તો જ આપણે સત્સંગમાં આગળ વધાય.’

હરિભક્તોમાં યોગી મહારાજની ચાહના વધતાં આ અતિ ઈર્ષ્યાળુ ગુરુથી પોતાના શિષ્યની મોટપ ખમાતી નહિ. સાધારણ રીતે શિષ્યની વિશેષતાથી ગુરુ રાજી થાય, પણ આ એક એવી માટીના ગુરુ હતા કે લોકો શિષ્યની પ્રશંસા કરે તે તેમને ખૂંચતી અને પછી એકાંતમાં યોગી મહારાજને સારી રીતે મારતા.

એક વાર તો સોખડામાં ખુલ્લા મેડા ઉપરથી યોગી મહારાજને ધક્કો મારીને ઠેઠ મંદિરના ફળિયામાં ફેંકેલા. લગભગ ૧૪-૧૫ ફીટ ઉપરથી નીચે પડતાં ગમે તેનાં હાડકાં-ખોખરાં થઈ જાય અને કદાચ રામ રમી જાય, પણ મહારાજે ઘણી રક્ષા કરી. આ પ્રસંગથી હરિભક્તો વિજ્ઞાનદાસ સ્વામી ઉપર ખૂબ જ રોષે ભરાયા અને યોગી મહારાજ ઉપર થતા આ અમાનુષી અત્યાચારો કોઈપણ રીતે બંધ થાય તેમ સૌ વિચારવા લાગ્યા.

જો કે યોગી મહારાજની અડગતા આગળ હરિભક્તોની વેદનાને વાચા મળી નહિ, કારણ કે એમણે તિતિક્ષાની ટોચ ઉપર ઊભા રહી ગુરુની નિષ્ઠુર કસોટીમાંથી પાર ઊતરવાનો નિર્ધાર કરી લીધો હતો. સાથે ગુરુને વિશે દિવ્યભાવની અતિ દૃઢતા પણ કરી રાખી હતી.

પણ રાજકોટના આ પ્રસંગથી, પોતાના ગુરુભાઈ પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધ સાધુ ભગવત્‌સ્વરૂપદાસની આ નિર્દય અવહેલનાથી એમનું હૃદય દ્રવી ગયું અને

વિજ્ઞાનદાસનો ત્યાગ કરી, એમને લઈને સીધા સારંગપુર શાસ્ત્રીજી મહારાજ પાસે કાયમ માટે તેઓ સેવામાં આવી ગયા.

યોગી મહારાજના ગુરુ કહો કે ઇષ્ટ-અભીષ્ટ જે કાંઈ કહો તે તો સ્વામી શાસ્ત્રીજી મહારાજ જ હતા. જૂનાગઢમાં સ્વામી માધવપ્રિયદાસજીએ શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહ્યો, ત્યારથી જ એમના જીવનકાર્યમાં પડછાયો બની રહેવાનો યોગી મહારાજે નિર્ધાર કરી લીધો હતો. તે પછી કૃષ્ણજી અદાએ પણ શાસ્ત્રીજી મહારાજના ઐશ્વર્યની એમને પ્રતીતિ કરાવી અને વર્તમાનકાળે શ્રીજીના ધારક, પ્રાગજી ભક્તના વારસદાર, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક સ્વામી શાસ્ત્રીજી મહારાજની અપાર સામર્થી વર્ણવી એમની સેવામાં જ સમર્પિત થવા પ્રેરણા આપી. એમના દીક્ષા-ગુરુ સ્વામી કૃષ્ણચરણદાસજીએ પણ આ વાતને સમર્થન આપ્યું. આથી જૂનાગઢથી નીકળવાનો સંતોએ નિર્ધાર કર્યો. સ્વામી વિજ્ઞાનદાસ અને સ્વામી ભગવત્સ્વરૂપદાસ બંને સંતો કૃષ્ણચરણ સ્વામીના મંડળના હતા. એટલે જૂનાગઢથી જે સંતો નીકળ્યા તેમાં વિજ્ઞાનદાસજી જૂના અને ઉંમરે મોટા હતા. જ્ઞાનમાર્ગમાં પણ ઊંડા ઊતરેલા હતા. સ્વભાવે કડક અને કાર્યશીલ હતા તેમજ સૌ ઉપર વર્ચસ્વ ધરાવતા હતા. આથી તેઓ સંતમંડળના મોવડી બની ગયા. ભગવત્સ્વરૂપદાસજી પ્રજ્ઞાચક્ષુ હતા. જ્યારે યોગી મહારાજ સૌથી નાના અને મહોબતી સ્વભાવના હોવાથી મંડળધારી વિજ્ઞાનદાસ સ્વામીના આજ્ઞાંકિત સેવક બનીને રહ્યા.

વળી, શરૂમાં શાસ્ત્રીજી મહારાજે આ જૂનાગઢી સંતમંડળના સાત સંતોને સાથે જ રહેવાની આજ્ઞા કરેલી. યોગી મહારાજ સેવાભાવથી રસોઈ કરે, વાતો કરે અને સેવા કરે, એટલે વિજ્ઞાનદાસ સ્વામી એમને જ પોતાની સાથે ફેરવતા અને એમની સાથે ગુરુભાવ રાખતા. યોગી મહારાજે તો બધાનું શિષ્યત્વ સ્વીકાર્યું જ હતું, તો પછી વિજ્ઞાનદાસ સ્વામીના શિષ્ય બનીને રહે એમાં શી નવાઈ ! નવાઈ તો એ કે શાસ્ત્રીજી મહારાજના શિષ્ય થઈને રહેવા આવેલા વિજ્ઞાનદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના બરોબરિયા થઈ યોગી મહારાજ જેવા સંત ઉપર ગુરુપણું અજમાવ્યું. યોગી મહારાજની તો ગુણગ્રાહક દૃષ્ટિ હતી, એટલે જેની પાસેથી એક અક્ષર પણ શીખ્યા હોય તેનો ઉપકાર કદી ભૂલતા નહિ અને તેના ઋણ નીચે સદાય દબાયેલા રહેતા.

વિજ્ઞાનદાસ સ્વામીએ એમની ગરીબ પ્રકૃતિનો 'લાભ' લઈ એમના ઉપર ગજબનો કડપ જમાવેલો. ભગવત્સ્મરણ અને ભજન-ભક્તિ યોગી મહારાજના

રોમેરોમમાં વણાયેલા હતા. હાલતાં-ચાલતાં તેઓ 'વચનામૃત', 'સ્વામીની વાતો' તથા કીર્તનો મનોમન બોલતા. દમનકારી પ્રકૃતિના વિજ્ઞાનદાસજી પોતાનું ગુરુપણું યથાર્થ કરવા, ધાક જમાવવા એમને ટોકતા : 'કેમ જોગી ! મોઢું કેમ બંધ રહ્યું ? મોટેથી વાતો બોલો.' એમ વારે વારે આદેશ આપતા. તેઓ કચરો કાઢતા હોય કે વાસણ ઊટકતા હોય, પાણી ભરતા હોય કે રસોઈ કરતા હોય પણ વિજ્ઞાનદાસજીના હુકમો વારે વારે તીરની જેમ છૂટે : 'ત્રીજા પ્રકરણની ૩૩મી વાત બોલો... મધ્યનું નવમું બોલો...' અને યોગી મહારાજ બાળક જેમ આંક કડકડાટ બોલી જાય, તેમ મહારાજને સંભારીને મોટેથી 'વાતો', 'વચનામૃત' બોલી જતા.

આવા અજોડ, આજ્ઞાંકિત સેવક ઉપર દિન-પ્રતિદિન વિજ્ઞાનદાસ સ્વામીએ ખૂબ પકડ જમાવી દીધી. સ્વભાવવશ ખૂબ જ દમન કર્યું. યોગી મહારાજ સાધુતાના દાવે પોતાની સામર્થી છુપાવીને માત્ર સહન જ કરતા રહ્યા. આ વર્ષો દરમ્યાન ઘણા હરિભક્તોને થતું કે યોગી મહારાજનો આમાંથી છૂટકારો થાય તો સારું. વિજ્ઞાનદાસ સ્વામીને વિષે હેતવાળા ભક્તો પણ તેમના આવા વર્તનથી ત્રાસી ગયા હતા. અપમાન, તિરસ્કાર અને મારઝૂડના પ્રસંગો એક-બે નહિ પણ સોથી યે વધુ વાર બની ચૂક્યા હતા, એવું એક વાર યોગી મહારાજ પોતાના સેવક વિનુ ભગત પાસે અજાણતા બોલી ગયા હતા અને કહ્યું હતું કે 'હું મારા ગુરુને મારવા દેતો. એ રાજી થાય ને ! મારીને રાજી થાતા હોય તો આપણું શું જાય છે ? હું ઊભો રહું અને ગુરુ મારે.' આટલું કહી તેઓ હસી પડ્યા અને કહે : 'હવે એને સંભારવું નહિ.'

કાયમના આ ત્રાસને કારણે જ શાસ્ત્રીજી મહારાજે પણ પ્રસંગોપાત્ત યોગી મહારાજને વિજ્ઞાનદાસની મહોબત મૂકી છૂટા પડવા સમજાવ્યું હતું, પરંતુ અધ્યાત્મમાર્ગમાં તિતિક્ષા-સહનશીલતાનો સર્વોચ્ચ આદર્શ સ્થાપિત કરવા, આદર્શ સાધુતા સાથે સમર્થ થકા જરણા કરવાની ગુણાતીત સ્થિતિનું મુમુક્ષુઓને દર્શન કરાવવા, સત્તર સત્તર વર્ષ સુધી યોગી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામીનો આકરો તાપ સહન કરતા રહ્યા. છેવટે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનો સંકેત મળતાં વિજ્ઞાનદાસજીનો ત્યાગ કરી, પોતાના જીવનપ્રાણ શાસ્ત્રીજી મહારાજની સન્નિધિનું સાતત્ય મેળવી લીધું.

શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં યોગી મહારાજ એમના અનન્ય સેવક બનીને રહ્યા. કોહિનૂર હીરો કોલસાની ખાણમાં જઈ પડ્યો હતો પરંતુ હવે તે

આપમેળે પ્રકાશ પાથરતો બહાર આવી ગયો હતો.

તેથી જ શાસ્ત્રીજી મહારાજ ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ સુધીનાં શહેરો અને ગામડાંઓમાં જ્યાં જ્યાં જતા ત્યાં યોગી મહારાજને સાથે રાખતા. એમની પ્રેમપૂર્ણ સેવા-શુશ્રૂષાથી હરિભક્તો ઓછા ઓછા થઈ જતા. આવા સાધુગુણ-સંપન્ન યોગી મહારાજને જોઈને લોકોને થતું કે એ જેમને ગુરુ માને છે એ શાસ્ત્રીજી મહારાજ કેવા હશે ?

કોઈ કોઈ વાર પ્રસંગોપાત્ત વિજ્ઞાનદાસ સ્વામીની વાત નીકળતી અને સંતો તેમના માટે બે શબ્દો બોલતા ત્યારે યોગી મહારાજ ત્યાં હાજર હોય તો કંઈ પણ વાત બોલ્યા વિના ઊઠીને ચાલ્યા જતા, પરંતુ વિજ્ઞાનદાસ સ્વામીના ઘસાતાં બે વેણ પણ તેઓ કદી બોલતા નહિ કે સાંભળતા પણ નહીં.

ગઢડા પ્રથમના ૭૮ના વચનામૃતમાં શ્રીજીમહારાજને નાના આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : 'જે સંતને પાસે રહેતા હોઈએ, તેને જેવું આપણા ઉપર હેત છે તેવું સમગ્ર સંતને કેમ રહે ?'

ત્યારે શ્રીજીમહારાજે ઉત્તર આપતાં કહ્યું : 'જેને પાસે પોતે પ્રથમ રહેતો હોય અને તેને સાથે પોતાને ન બન્યું ત્યારે બીજા પાસે જઈને રહે તોપણ જેને પાસે પ્રથમ રહ્યો હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહીં. ત્યારે સર્વે સંતને એમ સમજાય જે, આ તો કૃતઘ્ની નથી. જેને પાસે ચાર અક્ષર ભણ્યો છે તેનો ગુણ મૂકતો નથી. માટે બહુ રૂડો સાધુ છે. એમ જાણીને સર્વે સંતને હેત રહે.

'અને જેની પાસે પ્રથમ રહ્યો હોય તેને મૂકીને બીજા પાસે જાય ત્યારે પ્રથમ જેની પાસે રહ્યો હોય તેની નિંદા કરે, ત્યારે સર્વ સંતને એમ જણાય જે, આ કૃતઘ્ની પુરુષ છે, તે જ્યારે આપણી સાથે નહિ બને ત્યારે આપણી પણ નિંદા કરશે. પછી તે ઉપર કોઈને હેત રહે નહિ.'

યોગી મહારાજની પ્રકૃતિ અતિશય નરમ હતી. તેથી કોઈની સામું કદી બોલે નહિ. કોઈનું ઘસાતું બોલે તો કાને હાથ દાબી ઊભા થઈ જાય. શ્રીજીમહારાજે સંતોના ગુણોનું જે વર્ણન પ્રસંગોપાત્ત કર્યું છે તેમાંથી આ અતિ અદ્‌ભુત ગુણ છે. જે ગુણાતીત સંત સિવાય ભાગ્યે જ જોવા મળે !

એટલે જ વિજ્ઞાનદાસ સ્વામીએ, પોતાને કરેલી આકરી કસોટીની જાણ યોગી મહારાજે છેવટ સુધી કોઈને કરી નહિ. એ સંબંધી હરફ પણ ઉચ્ચાર્યો નહિ. કોઈ પૂછે તો વાત ટાળી દે અથવા કાન ઉપર હાથ મૂકી દે. જાણે એ

વાત કહેવા-સાંભળવા પોતે તૈયાર જ નથી.

✧ ✧ ✧

સંવત ૧૯૮૫માં વસંત પંચમી તથા ફૂલદોલના ઉત્સવો શાસ્ત્રીજી મહારાજે સારંગપુર ઊજવ્યા. ફૂલદોલના સમૈયા માટે જ્યારે શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા, ત્યારે યોગી મહારાજ ઝાલાવાડમાં મોજીદડ, નવાગામની આસપાસ વિચરણમાં ગયા હતા. ગામેગામ અક્ષરપુરુષોત્તમનો મહિમા કહી સમાસ કરી રહેલા આ મંડળ ઉપર સારંગપુરથી શાસ્ત્રીજી મહારાજનો પત્ર આવ્યો કે 'તમે લોટ મોકલશો તો જ સમૈયો થશે.'

સારંગપુર મંદિરની પરિસ્થિતિ એ વખતે સારી નહીં. સમૈયામા હરિભક્તો આવે ત્યારે સરભરા શું કરવી એ પ્રશ્ન હતો.

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થતાં જ યોગી મહારાજ અડવાળ, કંથારિયા વગેરે આસપાસનાં ગામડાં ઘૂમી વળ્યા અને ઘેરેઘેર ફરી, ઝોળી માગીને દસ મણ લોટ લઈને ફાગણ સુદ દશમના સારંગપુર આવી ગયા. પોતાના પ્રિય શિષ્યનો આ પરિશ્રમ જોતાં જ શાસ્ત્રીજી મહારાજ ઊભા થઈ ગયા અને બોલ્યા : 'વાહ જોગી ! બહુ દાખડો કર્યો. આખો સમૈયો આમાંથી ઊજવાઈ જશે.'

ફૂલદોલનો ઉત્સવ ખૂબ સારી રીતે ઊજવાઈ ગયો. સૌ હરિભક્તો પણ ખૂબ રાજી થયા.

યોગી મહારાજની માળાનો ગાંધીજીને સહારો

ત્યારબાદ જળઝીલણી તથા અન્નકૂટ પછી અમદાવાદમાં સત્સંગનો લાભ આપી શાસ્ત્રીજી મહારાજ રદ્ધુ પધાર્યા. યોગી મહારાજ તથા સંતમંડળ સાથે જ હતું.

આ અરસામાં ગામડે ગામડે ભારતની આઝાદીના નારા ગુંજતા હતા. દેશમાં ચાલતી ચળવળોના પ્રેરક ગાંધીજીએ આ સમયે સાબરમતી આશ્રમમાંથી એક ઐતિહાસિક પ્રસંગની રૂપરેખા ઘડી 'દાંડીકૂચ' આરંભી હતી. રદ્ધુથી શાસ્ત્રીજી મહારાજ અને સંતો નવાગામ પધાર્યા તે જ સમયે 'દાંડીકૂચ' પણ નવાગામ પહોંચી હતી. એક વચનસિદ્ધ અને નીડર સંત તરીકે શાસ્ત્રીજી મહારાજને ગાંધીજી ઓળખે. શાસ્ત્રીજી મહારાજ નવાગામમાં જ છે, તે જાણી તેમણે મળવાની ઇચ્છા દર્શાવી. શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ અને નિર્ગુણ સ્વામી ગાંધીજીના નિવાસે પધાર્યા. સંતોનું સ્વાગત કરી ગાંધીજીએ કહ્યું :

'સ્વામીજી ! આપ આશીર્વાદ આપો, જેથી અમારું કાર્ય સફળ થાય.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે બાજુમાં બેઠેલા યોગી મહારાજને નિર્દેશી કહ્યું : 'તમારા પ્રયાસથી દેશને સ્વરાજ મળે તે માટે અમારા આ જોગી મહારાજ આજથી માળા ફેરવશે. પણ ધર્મ પ્રધાન રાખજો, તો તમારી ભેળા ભગવાન ભળશે.' ગાંધીજી રાજી થયા. સૌને પ્રણામ કર્યા.

ભારતને આઝાદી મળી ત્યાં સુધી - ૧૮ વરસ સુધી - યોગી મહારાજ રોજ ૨૫ માળા આઝાદી માટે ફેરવતા. કોઈ સ્વાતંત્ર્ય વીરના રાષ્ટ્રપ્રેમ કરતાં માળાનું ગૌરવ અને પ્રભાવ જુદાં જ હતાં.

✧ ✧ ✧

સંવત ૧૯૮૭(સને ૧૯૩૦)ના કાર્તિક માસમાં સ્વામી પુરુષોત્તમ-દાસજીને ખાનદેશમાં વિચરણ કરતાં ખૂબ મંદવાડ થઈ ગયો. દેહ હવે નહીં રહે તેવી પ્રતીતિ થતાં જ તેઓ બોચાસણ આવી ગયા. અહીં યોગી મહારાજે અપાર મહિમા અને સેવાભાવથી તેમની અંતિમ સેવા કરી. પુરુષોત્તમદાસ સ્વામી યોગી મહારાજ ઉપર અતિશય રાજી થયા. ભગતજી થકી બ્રહ્મર્ષિનું બિરુદ મેળવનાર આ સંતવર્યે માગશર વદ ૪ના દિવસે દેહ મૂક્યો. યોગી મહારાજ પુરુષોત્તમ સ્વામીની સાધુતાની ઘણી વાર વાતો કરતા.

અક્ષર મંદિરનો અક્ષય આદર

સંવત ૧૯૮૭માં રાજકોટમાં અક્ષર દેરીની જગ્યા લેવા બાબત સંતો તથા હરિભક્તોની એક મિટિંગ મળી. જેમાં ગામોગામથી સર્વ અગ્રણી હરિભક્તો પણ આવ્યા હતા.

શાસ્ત્રીજી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામી, યોગી મહારાજ, કુબેરભાઈ, પૂજાજી બાપુ, રણછોડ ભગત, વૈજનાથભાઈ, છગનલાલ ધનેશ્વર વગેરે સૌ કડિયા શેરીના હરિમંદિરે ઉપરના મેડા ઉપર ભેગા થયા હતા. અક્ષર દેરીની જગ્યા મળી જાય તો ત્યાં મંદિર કરવું અને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવી વગેરે ઘણી ચર્ચા-વિચારણા થઈ. પછી બધા હરિભક્તો કહે : 'આ જગ્યા આપણને વહેલી તકે મળી જાય તે માટે યોગી મહારાજ ધૂન કરે.'

એટલે શાસ્ત્રીજી મહારાજે એમાં સંમતિ આપતાં કહ્યું : 'તો આપણને જલદી મળે તેમાં સંશય નથી.'

પછી યોગી મહારાજે ધૂન શરૂ કરી. શાસ્ત્રીજી મહારાજ અને સર્વે

હરિભક્તોએ પણ સાથ આપ્યો. એ પછી બરાબર એક વર્ષે અક્ષર મંદિરની જગ્યા મળી અને મંદિર-નિર્માણ શરૂ થયું.

શાસ્ત્રીજી મહારાજની વિલક્ષણ પ્રતિભા અને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠાના બળે ગુજરાતની ધરા પર બે-બે મંદિરો સ્થપાઈ ગયાં હતાં. સંતોના અપાર શ્રમ અને ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિએ ભાવિકો અને મુમુક્ષુઓને ગુણાતીત જ્ઞાન જ મુક્તિકર છે એવો વિશ્વાસ અને પ્રતીતિ જન્માવ્યાં હતાં. જેના પરિણામે ગુણાતીત-સ્થાન અક્ષર દેરી ઉપર પણ અક્ષરપુરુષોત્તમ મહારાજનો ભવ્ય પ્રાસાદ રચાય તે માટે સૌ ઉત્સુક હતા.

જોતજોતામાં શ્રીજીમહારાજની ઇચ્છાથી અક્ષર દેરી સહિત આજુબાજુની વિશાળ જમીન મળી ગઈ અને સંવત ૧૯૮૮ના કાર્તિક માસમાં નારાયણજી મહારાજ તથા હરિભાઈ અમીને ગોંડલ જઈ જમીનનો પાકો દસ્તાવેજ મેળવ્યો.

જમીન મળતાં જ શાસ્ત્રીજી મહારાજે ખાતમુહૂર્ત કરી મંદિર કરવાની તૈયારી કરી.

મહારાજા ભગવત્‌સિંહજી જોગીના પ્રભાવમાં

મહારાજા સર ભગવત્‌સિંહજીની હાજરીમાં ખાત વિધિ થયો. મંદિર-નિર્માણની પ્રવૃત્તિ શરૂ થઈ. નાના-મોટા દરેક યથાશક્તિ સેવા કરતા હતા. ખાત વિધિના સમૈયા બાદ શાસ્ત્રીજી મહારાજ સંતમંડળ સાથે બોચાસણ થઈ અમદાવાદ પધાર્યા. પછી વસંત પંચમીનો સમૈયો પણ બોચાસણમાં કર્યો.

આ બાજુ ગોંડલમાં ધમધોકાર ચાલતી પ્રવૃત્તિમાં શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને મંદિરના કામ માટે મૂક્યા. યોગી મહારાજ મંદિરના કામ પ્રસંગે મહારાજા ભગવત્‌સિંહજી બાપુને મળવા જતા.

મહારાજાનું કામ ધોરણસર હતું. તેઓ જલદી મુલાકાત ન આપતા અને આપે તોપણ મુલાકાતીને તરત રવાના કરે. યોગી મહારાજ પોતાની સાથે પ્રસાદી લઈ જાય અને પ્રથમ પટાવાળાને આપે. તેથી તે રાજી થઈ અંદર જઈને મહારાજાને સમાચાર આપે : 'અક્ષર મંદિરથી સંતો આવ્યા છે.'

મહારાજા બોલાવે એટલે યોગી મહારાજ તેમને ઘનશ્યામ મહારાજની પ્રસાદીનો હાર પહેરાવી, પ્રસાદી આપે.

મહારાજા ભગવત્‌સિંહજી શાસ્ત્રીજી મહારાજના કુશળ સમાચાર પૂછતા, ત્યારે યોગી મહારાજ શાસ્ત્રીજી મહારાજ ક્યાં વિચરે છે, તે સમાચાર આપે

અને 'ગોંડલ પધારશે ત્યારે આપને સંદેશો મોકલશું' - એમ કહીને સ્વામીની પાંચ વાતું બોલે. કોઈ વાર કીર્તન પણ બોલે.

આ સમયે મહારાજા યોગી મહારાજ સામું એકીટશે જોઈ રહેતા અને એમની અલમસ્ત અવધૂત દશા નિહાળીને અંતરમાં સાશ્ચર્ય આનંદ અનુભવતા.

યોગી મહારાજ જ્યારે જવાની રજા માગે, ત્યારે પોતે દરવાજા સુધી ચાલીને સાથે આવે અને કહે : 'સ્વામી ! મંદિરનું કોઈ કામ હોય તો અમને જરૂર ખબર કરજો.'

મહારાજા ભગવત્‌સિંહજી વિચક્ષણ પ્રતિભા ધરાવતા મુત્સદ્દી રાજવી હતા. તેઓ યોગી મહારાજ પ્રત્યે અત્યંત આદર રાખતા અને પોતાના કારભારીને કહેતા : 'આ સાધુ નિર્વિકારી અને નિર્લેપ છે. જગતથી નિરાળા છે. એમના આગમનથી, દર્શનથી મને શાંતિ થાય છે. તેઓ આવે ત્યારે એમને ખોટી ન કરવા, તરત મારી પાસે લાવવા. તેઓ અહીં એવી સુવાસ પ્રસરાવી જાય છે, જેથી મારું અંતર એમની પાછળ પાછળ ખેંચાય છે.'

✧

અનેક જૂનાગઢી સદ્‌ગુરુઓનું આદરણીય અને ગુણાતીત જ્ઞાનના ચાહકોનું અતિ પ્રિય એવું આ સ્થાન ધીરે ધીરે વિકાસ પામતું હતું. પાયા ખોદાઈ ગયા હતા. હવે ચણતરનું કાર્ય ચાલતું હતું. 'વાડી'ની લેવાયેલી જમીન પર અક્ષર દેરીથી થોડે દૂર કામકાજની સગવડ માટે બે ઓરડી બાંધી હતી. એકમાં કોઠાર હતો અને બીજીમાં ભંડાર હતો. અહીંથી આગળ એક મોટા વડ પાસેનો ઓરડો બળદ બાંધવાની કોઢ તરીકે વપરાતો. શાસ્ત્રીજી મહારાજ પધારે ત્યારે તે જગ્યા સ્વચ્છ કરી ત્યાં ઉતારો કરતા.

એક વાર રાજકોટથી કેટલાક હરિભક્તો શાસ્ત્રીજી મહારાજ પધાર્યા છે એમ જાણી ગોંડલ દર્શન કરવા આવ્યા. યોગી મહારાજે સૌને માટે પ્રેમથી રસોઈ તૈયાર કરી. સાથેના સાધુ અક્ષરસ્વરૂપદાસ સ્વામીને કહે : 'અક્ષર-સ્વરૂપ ! આજે મહેમાનો બહુ આવ્યા છે. તેમને જમાડવાના છે. તે ખીચડી ને રોટલા તૈયાર છે. હવે તમે કરી નાખો કઢી, કબાલા તોડી નાખે તેવી !'

સૌ હરિભક્તોને એવી તો હોંશ અને હેતથી યોગી મહારાજે પીરસ્યું કે જાણે જન્મોજન્મની ભૂખ ભાંગી જાય !

શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજની આ લાક્ષણિકતાની ખાસ પ્રશંસા કરતા કે 'જોગીને હરિભક્તો માટે અનહદ પ્રેમ !'

સૌ હરિભક્તોને તેની વારંવાર પ્રતીતિ થતી.

યોગી મહારાજનું એ જ વિશિષ્ટ અંગ હતું. તેઓ પોતાની બ્રહ્મસ્થિતિની અતિશય મોટપ હોવા છતાં અહર્નિશ સેવા-પરિચર્યા કરીને ભક્તોને રાજી કરવા એને જ ભક્તિ માનતા. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે :

एवं कृष्णात्मनाथेषु मनुष्येषु च सौहृदम् ।
परिचर्या चोभयत्र महत्सु, नृषु साधुषु ॥

- શ્રીકૃષ્ણ જ જેઓના આત્મા તથા નાથ છે એવા મનુષ્યો ઉપર સ્નેહ રાખવો, સ્થાવર અને જંગમ બંનેની સેવા કરવી. તેમાં પણ મનુષ્યોની વિશેષ સેવા કરવી; મનુષ્યોમાં પણ સ્વધર્મનિષ્ઠ મનુષ્યોની વિશેષ સેવા કરવી; અને તેઓમાં પણ ભગવદ્‌ભક્ત મનુષ્યોની વિશેષ સેવા કરવી.

મંત્રશ્રદ્ધાથી કાળા નાગનું ઝેર ઊતરે છે

સંવત ૧૯૮૯ની સાલમાં ગોંડલમાં અક્ષર મંદિર ચણાતું હતું, ત્યારે હાલ જ્યાં ઉતારા છે ત્યાં સભામંડપની બાજુમાં આંબલીના વૃક્ષ પાસે સંતોને રહેવાની ત્રણ ઓરડી હતી. એક રાતે નિયમ-ચેષ્ટા કરી યોગી મહારાજ પોતાના આસને વચલી ઓરડીમાં સૂતા. બાજુમાં શાસ્ત્રીજી મહારાજ સૂતા હતા.

અર્ધ રાત્રિએ યોગી મહારાજની ડાબા હાથની તર્જનીએ એક મોટો કાળો નાગ કરડ્યો. યોગી મહારાજ તરત જ જાગી ગયા. ફાનસ લઈ જોયું તો પેટીની નીચે મોટો નાગ સંતાયો હતો.

સહેજ અવાજ થતાં શાસ્ત્રીજી મહારાજ પણ જાગી ગયા. જોયું તો 'જોગી'ને નાગ કરડ્યો હતો ! તરત જ યોગી મહારાજને અક્ષર દેરીમાં લઈ આવ્યા. 'સ્વામિનારાયણ' મંત્રની અખંડ ધૂન શરૂ કરી. પરંતુ ઝેરની અસર પ્રસરી રહી હતી. શરીર શ્યામ પડતું જતું હતું. સૌએ ડૉક્ટરને બોલાવી દવા કરાવવા કહ્યું, પણ શાસ્ત્રીજી મહારાજે ના પાડી. 'સ્વામિનારાયણ' મંત્રના બળ આગળ ડૉક્ટરનું શું બળ ! સૌ સંતો ભેગા થઈ ગયા અને ધૂનની રમઝટ શરૂ કરી દીધી.

'સ્વામિનારાયણના મંત્રથી કાળા નાગનું પણ ઝેર ઊતરી જાય છે' – એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોને આજે સમર્થન મળવાનું હતું. થોડા કલાકોમાં જ ઝેર ઊતરી ગયું. છતાં ઝેરની તીવ્રતાથી જ્યાં સર્પદંશ થયો હતો તે આંગળીનું હાડકું ખવાઈ ગયું. સર્વ સંતો-હરિભક્તો તેમજ ગોંડલ નરેશ ભગવત્‌સિંહજી તથા રાજ્યના અન્ય અમલદારોએ આ ચમત્કારની સત્યતાની

ખાત્રી કરી. તેઓને અક્ષર દેરી તથા સ્વામિનારાયણ મંત્રનો મહિમા સમજાયો.

ગોંડલ રાજ્યના વિદ્યાધિકારી ચંદુભાઈ પટેલે આ પ્રસંગને અનુલક્ષીને કહ્યું : ‘હું કોઈ પંથનો નથી. હું તો એક બંડખોર સુધારક છું. છતાં મને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે પૂરું માન છે. આવા પરમાત્માસ્વરૂપ સ્વામીના બે મહાન શિષ્યોના અંગત પરિચયમાં પણ હું આવ્યો છું. તે છે સ્વામી જ્ઞાનજીવનદાસજી તથા સ્વામી નિર્ગુણદાસજી. જ્ઞાનજીવનદાસ તે જ્ઞાનની જ મૂર્તિ છે. તેમને ગોંડલમાં જબરો કાળો નાગ આંગળીએ કરડ્યો હતો, તે વખતે પણ દવા કરવાની એમણે અનિચ્છા બતાવી. એમણે સ્વામીની વાતોમાં કહેલ સત્ય ઉપર નજર રાખી કે ‘કાળા નાગનું પણ ઝેર ઊતરી જાય તેવો મહાબળિયો ‘સ્વામિનારાયણ’ નામનો મંત્ર છે.’ સંતોએ દેરી સમીપે ‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ’ એવી ધૂન માંડી. અમારા મહારાજા ભગવત્‌સિંહજી સાહેબે અમને કહ્યું કે ‘એમને ડૉક્ટરને બતાવી, દવા અથવા જે કહે તે ઉપાય જલદી કરવા માટે સમજાવો.’ જેથી અમે તેમને કહ્યું જે, ‘સ્વામીજી ! તમારું જ્ઞાન આમાં કામ નહીં આવે. એ ક્યાંયે પડ્યું રહેશે અને તમે ઊડી જાશો. માટે માનો.’ પરંતુ ધૂનના ને ભજનના પ્રવાહમાં આ વાત કોણ માને ? અને અજબ આશ્ચર્યની વચ્ચે ભયંકર નાગનું ઝેર પણ ઊતરી ગયું ! આ નજરે જોનારાઓને આવા સાધુને માટે ઊંડા અંતરથી માન સિવાય બીજું શું હોઈ શકે ?’

✧

અક્ષર મંદિરના નિર્માણની પ્રવૃત્તિ વેગવંતી બનાવવા યોગી મહારાજ તથા સંતોની અપાર સેવા હતી. તેઓ રાત-દિવસ સેવામાં પ્રવૃત્ત રહેતા. પાયા ખોદવા, સંતો તથા કારીગરો, કડિયા તથા મજૂરોને જાતે જ રોટલા ઘડીને જમાડવા વગેરે સેવામાં યોગી મહારાજ દેહ સામું જોતા નહીં.

આમ, પૂર જોશમાં કાર્ય ચાલતું હતું તેવામાં દર વર્ષની જેમ શાસ્ત્રીજી મહારાજે સૌને સારંગપુર જળઝીલણીના સમૈયે તેડાવ્યા. ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. એકાદશીની રાતે શાસ્ત્રીજી મહારાજે સભામાં સારી કથાવાર્તા કરી. સૌ પૂનમ સુધી રોકાવા વિચારતા હતા.

આ બાજુ યોગી મહારાજ અને સંતો ગોંડલથી વિદાય લેતાં જ વિરોધીઓને તક મળી અને ગોંડલ નરેશના કાન ભંભેર્યા કે ‘શાસ્ત્રીના શિષ્યો કાર્ય અધૂરું મૂકી ચાલ્યા ગયા છે.’

મહારાજા ભગવત્‌સિંહજીએ ત્રણ વર્ષમાં મંદિર પૂર્ણ કરવાની શરતે જમીન

આપેલી. તેમણે રાજ્યના ઇજનેર વીરેન્દ્ર મહેતાને આ બાબત તપાસ કરવા જણાવી. બીજે દિવસે બપોરે અક્ષર મંદિરે જાતે નિરીક્ષણ કરવા જવાનું નક્કી કર્યું.

શાસ્ત્રીજી મહારાજ જેવા સર્વજ્ઞ પુરુષથી શું અજાણ્યું હોય ? બારસના દિવસે તેમણે સંતોને બોલાવ્યા અને તત્કાળ ગોંડલ જઈ કાર્ય શરૂ કરી દેવા આજ્ઞા આપી. સંતો કહે : '૨-૩૦ વાગે ટ્રેન છે, પણ બોટાદ શી રીતે જવું ?'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'એક ખટારો આવી રહ્યો છે. તમે જમીને તૈયાર રહો.'

સૌ તૈયાર થયા ન થયા, ત્યાં ખટારો આવી ગયો. 'બોટાદ ચાલો...' એમ બૂમ પડી. શાસ્ત્રીજી મહારાજે હકાભાઈને સાથે મોકલ્યા અને જસદણની ટિકિટ કઢાવી આપી. વળી, મંદિરથી નીકળવામાં એટલી ઉતાવળ કરાવી કે કોઈનાં પત્તર ને કોઈનું ધોતિયું તો કોઈનો લોટો લેવાનાં રહી ગયાં. યોગી મહારાજ એ પ્રસંગ સંભારતાં લખે છે કે 'તે દેખાવ મને નજરે તરે છે.'

ખટારામાં કુલ ૩૦ જેટલા સંતો-હરિભક્તો બોટાદ પહોંચ્યા અને સૌ ટ્રેનમાં બેસી ૪-૩૦ વાગે જસદણ ઊતર્યા. અહીં પોપટભાઈ શેઠને ત્યાં ઉતારો કર્યો. કથાવાર્તા તથા નિયમ-ચેષ્ટા કરી રાત રોકાયા.

સવારે ૭-૦૦ વાગે જસદણથી ખટારામાં બેસી ૧૦-૩૦ વાગે ગોંડલ પહોંચ્યા અને સૌ સેવામાં મંડી પડ્યા. બપોરે જમીને આરામ કર્યો ન કર્યો અને ૨-૦૦ વાગે ફરી ઘંટ વાગતાં સૌ સંતો-હરિભક્તો સેવામાં તનતોડ જોડાઈ ગયા. એટલામાં ૩ વાગે મહારાજા ભગવત્‌સિંહજી તથા ઇજનેર વીરેન્દ્ર મહેતા નિરીક્ષણ કરવા આવ્યા. ૫૦-૬૦ જેટલા સંતો, હરિભક્તો તથા કડિયા-મજૂરોને અપાર શ્રમ કરતા જોઈ તેઓ તો ચકિત થઈ ગયા ! તેમને મળેલી બાતમી જૂઠી સાબિત થતી હતી.

મહારાજા ભગવત્‌સિંહજીને યોગી મહારાજે વિનયપૂર્વક જણાવ્યું : 'અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી અમે સૌ જળઝીલણીનો ઉત્સવ કરવા સારંગપુર ગયા હતા. તે પૂરો થતાં જ અહીં પાછા આવી ગયા.'

આ સરળ, નિખાલસ ઉત્તર આગળ કશું પૂછવાનું રહેતું ન હતું. તેથી મહારાજાએ સંતોષથી કહ્યું : 'સ્વામી ! કંઈ મુશ્કેલી હોય તો કહેજો. અમારા તરફથી બધો જ સહકાર આપીશું.'

યોગી મહારાજે કહ્યું : 'બીજી તો મુશ્કેલી નથી પણ ચૂનાની જરૂર છે, તે સમયસર મળતો નથી.'

ત્યારે ભગવત્સિંહજીએ તરત ટેલિફોન જોડી અક્ષર મંદિરને તાત્કાલિક ચૂનો મળે તેવી વ્યવસ્થા કરી આપી અને જૂઠી બાતમી આપી મિથ્યા આક્ષેપ કરનાર વિરોધીઓને સખત શબ્દોમાં ઠપકો આપી રૂપિયા ૫૦/-નો દંડ કર્યો.

ગોંડલ નરેશને જોગીમાં આસ્થા

રાજ્યો વચ્ચે રેલવેની હદ મુકરર કરાવવા સંબંધી કેસ ચાલતો હતો, પરંતુ કેસની મુદતો પડતી અને કોઈ નિકાલ આવતો નહીં. એક વખત દીવાન જોશી સાહેબ અક્ષર મંદિરે આવ્યા અને ખાનગીમાં યોગી મહારાજને મળ્યા. પગે લાગીને બધી વાત કરતાં કહ્યું : 'મહારાજા સાહેબે કહેવડાવ્યું છે કે અમારો રેલવે બાબતનો કેસ પતે તેમ લાગતું નથી, તો આપ આશીર્વાદ આપો જેથી જીત થાય.'

યોગી મહારાજે તેમને હિંમત આપતાં કહ્યું : 'આપ ચિંતા ન કરશો. ગોંડલ બાપુએ આ અક્ષર મંદિર માટે જમીન આપી છે તો તેમનું કામ અક્ષર દેરી જરૂર કરશે.'

પછી યોગી મહારાજે તેમના કાર્ય માટે અક્ષર દેરીમાં માળા ફેરવવી શરૂ કરી. થોડા વખતમાં જ ગોંડલ નરેશની તરફેણમાં કેસનો ચુકાદો આવી ગયો.

✧

અક્ષર મંદિરની જગાનો શાસ્ત્રીજી મહારાજે કબજો લીધો તે અગાઉ એ જગા જૂના મંદિરના કબજામાં હતી. તેમણે તે વખતે અક્ષર દેરીના સ્થાન ઉપર ફરસબંધી તથા હાલ જે ગૌશાળા છે તે કરાવ્યાં હતાં. તેની કિંમત વસૂલ કરવા જૂના મંદિરના મહંત કૃષ્ણજીવન સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ પાસે વાત મૂકી હતી. વિજ્ઞાનદાસ કહે : 'એક ફદિયુંય આપવું નથી.'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'જૂનું મંદિર પણ આપણું જ છે. આપણે અહીં લાખો રૂપિયા ખર્ચ કરીશું તો આટલા વધુ.' એમ કહીને કિંમત કરાવી ચારસો રૂપિયા નક્કી કર્યા. પછી કૃષ્ણજીવનદાસને પૂછ્યું : 'તમે રાજી ?' ત્યારે તેઓએ પણ માન્ય રાખ્યું. અને શાસ્ત્રીજી મહારાજે પણ તેમને તે પૈસા તરત અપાવી દીધા. શાસ્ત્રીજી મહારાજનું ન્યાયપ્રિય વલણ જોઈ જૂના સત્સંગીઓને પણ ખૂબ ભાવ થયો.

જોગીના પ્રેમના આસ્વાદ, સેવાનું પ્રેરક બળ

અક્ષર મંદિરના નિર્માણમાં જેટલો સંતોને ઉમંગ હતો એટલો જ

હરિભક્તોને પણ હતો. તેથી બાંધકામ વગેરેની સેવામાં હરિભક્તો પણ આવતા.

એક વાર શરદ પૂનમના સમૈયા પછી પુરુષોત્તમપુરાથી આશાભાઈની સાથે તેમના પુત્ર રમણભાઈ પણ સેવા કરવા ગોંડલ આવ્યા. શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા સૌ હરિભક્તો સેવામાં રત રહેતા. કામ કરતાં ભૂખ લાગે. પણ તે વખતે બે વાર જમવાનો જ જોગ હતો, બીજી વ્યવસ્થા ઓછી.

યોગી મહારાજ રોટલા ઘડવાની સેવા કરતા. એક વાર બપોરે તેઓ ઠાકોરજીને મેવો ધરાવવા જતા હતા. ત્યારે રમણભાઈને ઝાડ નીચે બેઠેલા જોઈને પૂછ્યું : 'રમણભાઈ ! અહીં કેમ બેઠા છો ?'

તેમણે જરા આકળા થઈને કહ્યું : 'ખાવાનું તો કાંઈ મળે નહિ ને સેવા કરવાની ?'

યોગી મહારાજે તેમને પ્રેમથી કહ્યું : 'જુઓ, રસોડે હું સેવામાં છું, ભૂખ લાગે ત્યારે ત્યાં આવી જવું.'

રમણભાઈ આ પ્રેમાળ સંતને આદરથી જોઈ રહ્યા. પછી તો સોળ-સત્તર વર્ષની ઉંમરના આ કિશોર ભક્ત ભૂખ લાગે ત્યારે યોગી મહારાજ પાસે પહોંચી જાય અને યોગી મહારાજ તેમને બાજરાનો રોટલો અને આથેલું મરચું કે લીંબુ આપીને કહે : 'આ વડની ઓથે બેસીને જમી લ્યો !'

યોગી મહારાજના આવા હેતભાવ અને સરભરાથી રમણભાઈ ત્યાં સેવામાં ટકી રહ્યા હતા. અત્યંત સ્વતંત્ર મિજાજના રમણભાઈ કોઈને ગાંઠે એમ નહોતા. વળી, ભૂખ વેઠીને સેવા કરવાની એમની કોઈ તૈયારી નહીં, પણ હૃદયના પ્રેમથી યોગી મહારાજે એમનું દિલ જીતી લીધું. એ પછી તેઓ સત્સંગમાં યોગી મહારાજની આજ્ઞામાં હંમેશાં તત્પર રહેતા. આવી રીતે અનેક હરિભક્તોને યોગી મહારાજની રાખ-રખાવટથી સેવા કરવાનું બળ મળતું. ઘણી વાર તો ભક્તો એમના પ્રેમનો આસ્વાદ માણવા જ સેવા કરવા રોકાતા !

સંતોને દર મહિનાની સુદ તેરસે વતું કરાવવાનું હોય. ગોંડલમાં એક વખત વાળંદ યોગી મહારાજનું વતું કરતો હતો. એવામાં વાળંદનો પુત્ર કંઈ સમાચાર લાવ્યો. તેથી વાળંદ તો તેમનો સરંજામ સંકેલી ઊભો થઈને ચાલવા માંડ્યો ! હરિસ્વરૂપદાસ વગેરે સંતોએ તેને સમજાવ્યો, પણ વ્યર્થ !

યોગી મહારાજ બીજા વાળંદની વાટ જોતાં બેઠા. આવા સમયે પણ ભગવદ્સ્મરણનો સંબંધ રહેવો જ જોઈએ એમ માનતા યોગી મહારાજ કોઈક પ્રસંગ કાઢે, વાતો કરે, હસે ને હસાવતા જાય. આમ ને આમ બે કલાક જેટલો

સમય થયો ત્યારે બીજો વાળંદ આવ્યો. અન્ય સંતો અકળાઈ ગયા હતા, પણ યોગી મહારાજ તો અડધા મુંડને પણ ધીરજ રાખીને બેસી રહ્યા ! એક પણ મુખરેખા બદલાઈ નહીં. ન તો એમણે કંટાળો વ્યક્ત કર્યો કે ન તો વાળંદ પર રોષ ! શાસ્ત્રોએ અને વિદ્વાનોએ જે સ્થિતપ્રજ્ઞતાને ગાઈ બતાવી હતી તે યોગી મહારાજે જીવી બતાવી હતી.

યુવા સત્સંગ પ્રવૃત્તિના શ્રીગણેશ

અક્ષર મંદિરની પ્રતિષ્ઠાના પડઘમ વાગી રહ્યા હતા. એક પછી એક મુશ્કેલીઓ પાર કરી શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમના વેદોક્ત તત્ત્વજ્ઞાનને મૂર્ત સ્વરૂપ આપી એવી રીતે પ્રવર્તાવ્યું કે યુગો સુધી એ યુગલ ઉપાસનાની દિવ્યતા મંદિર, મૂર્તિઓ અને ભક્તિનિષ્ઠા દ્વારા પ્રવર્તતી રહે.

એક ત્રીજા ભવ્ય મંદિરનું નિર્માણ થઈ ચૂક્યું હતું. પ્રતિષ્ઠાનો સુવર્ણદિન ક્યારે આવે તેની સૌ પ્રતીક્ષા કરતા હતા.

અક્ષર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના પંદર દિવસ પહેલાં રાજકોટમાં કિશોર મંડળની સ્થાપના થઈ. તેમાં મંડળે મ્યુઝિક બૅન્ડ તથા દાંડિયા-રાસની તાલીમ લીધી. આ મંડળના પ્રાણ અને પ્રેરણામૂર્તિ યોગી મહારાજ હતા. તેઓ સૌને પ્રેમથી બોલાવતા, હેત કરતા અને દરેકને પ્રસાદી આપતા. સમૈયા-ઉત્સવે સૌને પ્રેમથી જમાડતા અને વાતો કરતા, તેથી આ મંડળમાં સૌને અનોખો ઉમંગ રહેતો.

એ વખતે મંદિરની પ્રદક્ષિણાનું ધાબું નાખવાનું કામ ચાલુ હતું. યોગી મહારાજ તગારામાં ચૂનો ભરી આપતા અને મંડળના કિશોરો ઉત્સાહથી ઝપાટાબંધ ઉપર લઈ જતા. સાંજે બધા લોઢાના તથા લાકડાના કૂબાથી ધાબો કૂટતા. યોગી મહારાજ સેવામાં સૌની સાથે રહેતા. પોતે બીજા કામમાં હોય તો થોડી થોડીવારે મંદિર ઉપર જઈ આવતા, જેથી સૌને કામ કરવાનો ઉત્સાહ રહેતો. રાજકોટના સર્વે હરિભક્તો તથા કિશોરોને તેઓ બપોરે તથા રાત્રે પોતાના હાથે જ પીરસતા અને સૌને ખૂબ જમાડતા. રસોઈ પણ એવી સ્વાદિષ્ટ થતી કે યાદ રહી જાય.

આ રીતે ગોંડલ મંદિરની પ્રતિષ્ઠા પૂર્વે, આજથી વર્ષો પહેલાં યોગી મહારાજે યુવાનોને સામૂહિક રીતે સત્સંગાભિમુખ કરવાનો આદર કરી દીધો હતો. એમના પ્રેમાળ વ્યક્તિત્વની આજુબાજુ યુવાનો સ્વાભાવિક રીતે આકર્ષાતા.

✧

અક્ષર મંદિરના ચણતરની સેવામાં એ વખતે મજૂરો સાથે સંતો-હરિભક્તો પણ સેવા કરતા. ભગવત્સ્વરૂપદાસ સ્વામી, મોટા અક્ષર-પુરુષોત્તમદાસ સ્વામી, રણછોડ ભક્ત, નારણ ભક્ત વગેરે સેવામાં હતા. કોઠારી અક્ષરસ્વરૂપદાસ તથા યોગી મહારાજ ભંડારની સેવામાં હતા. શાસ્ત્રીજી મહારાજે બોચાસણથી કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામીને પણ અહીં સેવા માટે બોલાવ્યા હતા. તેમની સાથે ગોપીનાથ પુરાણી પણ હતા. ગોંડલથી છ ગાઉ દૂર પાનેલીની પથ્થરની ખાણમાંથી પથ્થર લાવવા પડતા. ગોપીનાથ પુરાણી તથા બે સાધુ ખાણમાં કામ કરતા. યોગી મહારાજ દૂધનાં ઢેબરાં, પૂરી, ચોખ્ખું શાક બનાવીને તેમને મોકલતા. એમ આ બધા સંતોના ભગીરથ પુરુષાર્થથી આ ભવ્ય મંદિરનું નિર્માણ થયું.

સંવત ૧૯૯૦, વૈશાખ સુદિ દશમનું મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત[૨૨] આવ્યું. અનેરા દિવ્ય વાતાવરણમાં મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાનો મહોત્સવ ઊજવાયો.

ગુણાતીત સ્થાનના ગુણાતીત મહંત

પ્રતિષ્ઠાને બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજે સૌ હરિભક્તોને આ સ્થાનનો અપરંપાર મહિમા કહેતાં કહ્યું : 'જેમ શ્રીનાથજીમાં સાતસો રૂપિયાનો રોજ થાળ થાય છે, તેમ અહીં પણ થશે અને બ્રહ્માંડભરમાં સર્વોપરી મોક્ષનું સ્થાન અને લોકોના સર્વે શુભ મનોરથો પૂરા કરવાનું આ સ્થાન બની રહેશે.'

પછી કહ્યું : 'આવા મૂળઅક્ષર સ્વામીના સર્વોપરી સાક્ષાત્ સ્થાનના મહંત પણ સર્વોપરી અને સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ જ હોવા જોઈએ. માટે જોગી મહારાજને આજથી આ અક્ષર મંદિરની મહંતાઈનો હાર પહેરાવીએ છીએ.'

સર્વે સંતો તથા દેશદેશના હરિભક્તોની હાજરીમાં શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજના કપાળમાં ચાંદલો કરીને હાર પહેરાવ્યો. સૌએ પોતાના લાડીલા યોગી મહારાજને આનંદ-ઉલ્લાસથી વધાવી લીધા. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

અક્ષર મંદિરની જવાબદારી ઉપરાંત યોગી મહારાજનું વિચરણ પણ ચાલું રહેતું. જોડમાં સાધુ હરિસ્વરૂપદાસ હતા. યોગી મહારાજને તપનું અંગ બહુ. તેથી પોતે અવારનવાર ઉપવાસ કરતા. આથી જોડિયા સાધુ હરિસ્વરૂપદાસજીને

---

૨૨. તા. ૨૪-૫-૧૯૩૪, ગુરુવાર.

પણ ઉપવાસ કરવા પડતા. નાની ઉંમર અને ગામડામાં ફરવાનું તેથી હરિસ્વરૂપદાસજી ભૂખ્યા રહી શકતા નહીં. જ્યારે યોગી મહારાજ બપોરે ચાર વાગે દિશાએ જઈ સ્નાન કરે, એ વખતે બધાની ગેરહાજરીમાં ડબ્બામાંથી મગજના લાડુ લઈ તેઓ ખાઈ લેતા.

યોગી મહારાજ ભોળા ખરા, પરંતુ પરિસ્થિતિ સમજવામાં, મનુષ્ય પારખવામાં ખૂબ કાબેલ. તેઓ બધું જાણતા હોવા છતાં તુરત કાંઈ કહેતા નહીં, પરંતુ બીજે દિવસે પારણા વખતે કહેતા : 'ગુરુ, આજ્ઞા લોપવી નહીં. તપથી ઈન્દ્રિયો જિતાય છે. દેહ-દમનથી મહારાજ બહુ રાજી થાય. પણ દેહને સુવાડીએ, ખવડાવીએ, તેથી રાજી ન થાય.'

એમ બળની વાતો કરી હરિસ્વરૂપદાસજીને ભક્તચિંતામણિની પોતાની પ્રિય પંક્તિ સંભળાવતા : *'તપ જેવું વહાલું છે વાલમને, તેવું નથી બીજું કાંઈ...'* ત્યાગીઓ માટે તપ અત્યંત આવશ્યક છે. તપ વિનાનો ત્યાગ કામનાઓથી પરાભવ પામી સાધુતા, ગુણ, સામર્થ્યને પામી શકતો નથી. શ્રીજીમહારાજને તપ અતિ પ્રિય હતું. તેઓએ તપસ્વી વેશે સાત વરસ વિચરણ કર્યું હતું.'

આ પ્રમાણે યોગી મહારાજે તેમને બળની ઘણી વાતો કરી. એ રીતે તેઓ બીજાને ઉપવાસાદિ તપ કરવામાં પ્રવૃત્ત કરતા.

ગ્રામ્યજનોની મનોકામનાઓના પોષક

યોગી મહારાજ, મુનિસ્વામી અને હરિસ્વરૂપદાસ સોરઠમાં થોડો સમય ગીરપ્રદેશમાં પણ ફર્યા હતા. આ બાજુ બહુ સત્સંગ નહીં, પરંતુ યોગી મહારાજનું આકર્ષણ એવું હતું કે અજાણ્યાને પણ એમાં કુદરતી રીતે હેત થતું.

ગીર ભેંસોનો પ્રદેશ. જ્યાં હરિભક્તો હોય, ત્યાં સંતો ફરતા. તેમાં કોઈની ભેંસ માંદી હોય તો ગામડાંની પ્રથા મુજબ સંતોના આશીર્વાદથી ભેંસને સાજી કરવા માટે સંતોને લઈ જતા. યોગી મહારાજ હાથમાં જળ લઈ ભેંસ ઉપર છાંટતા અને બોલતા : 'કાળ, માયા, પાપ, કર્મ, યમદૂત, ભયાદહં સ્વામિનારાયણ...' અને ભેંસને સારું થાય તે માટે બે મિનિટ સ્વામિનારાયણ મંત્રની ધૂન કરતા અને ભેંસ ઘણી વાર સાજી પણ થઈ જતી ! જીવ-પ્રાણીમાત્ર પર દયા અને કરુણા વહાવતા આ સંતનું હૃદય હમદર્દી અને સહાનુભૂતિથી છલકાતું રહેતું. તેથી તેની ધારી અસર થતી. સાથે રહેનારાને તેનો અચૂક અનુભવ થતો.

ગ્રામ્યજનોની સામાન્ય મનોકામના પણ પૂર્ણ કરતા યોગી મહારાજને

આનંદ થતો. હરિભક્તોને આશીર્વાદ આપે, પણ સાથે તેનાં ઢોરઢાંખરને પણ ભૂલે નહીં. વળી, એમની ગાર-માટીનાં ખોરડાંમાં ફરી બધે પગલાં કરે. પટારા ઉપર હાથ મૂકે. અનાજની કોઠીઓમાં દાણા ભરપૂર રહે તે માટે સ્પર્શ કરી કોઠીઓ પ્રસાદીની કરે. ખડ ભર્યું હોય ત્યાં પણ ભક્તો યોગી મહારાજને લઈ જાય અને ખડ ખૂટે નહીં એવા આશીર્વાદ મેળવે. ભક્તોની આ બધી ભાવનાઓ પૂર્ણ કરતા યોગી મહારાજને કશું અજુગતું લાગતું નહીં, કારણ કે તેમણે ભક્તોને પોતાના માન્યા હતા. તેઓ શ્રીજીમહારાજના સંબંધવાળા ભક્તોનો અપાર મહિમા સમજતા.

ગુણાતીત જન્મ સ્થાનનો ઉત્કર્ષ

ભાદરામાં રહેતા કાના ભગત મૂળ જીરાગઢ(જિ. જામનગર)ના, પણ અગિયાર વર્ષની કુમળી વયે મૂળીમાં ધર્મપ્રિયદાસ પાસે દીક્ષા લીધી હતી.

સોળ વર્ષની ઉંમરે અન્નકૂટનો પ્રસાદ લઈ, મૂળીના સંતો ભાદરા આવ્યા તેમની સાથે કાનજી ભગત હતા. તે વખતે ભાદરાના હરિભક્ત વેલાભાઈ ભંડેરીએ કાના ભગતને ભાદરામાં જૂના મંદિરે પૂજારી તરીકે રહેવા ભલામણ કરી અને અનાજ-કપડાં પૂરાં પાડવાની જવાબદારી લીધી. આથી તેઓ ભાદરામાં જ રોકાઈ ગયા.

એક સમયે શાસ્ત્રીજી મહારાજનાં દર્શને તેઓ ગોંડલ ગયા. ત્યાં શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજનાં દર્શન થયાં. એ વખતે પાયા ગાળવાનું કામ ચાલતું. આ બંને વિભૂતિનાં દર્શન થતાં જ કાના ભગતને લાગ્યું કે આટલાં વર્ષોની પોતાની ભક્તિભાવના ફળી ! તેમને શાંતિ થઈ ગઈ. તેથી તેમણે ત્યાં જ રોકાઈ જવા માટે ઇચ્છા પ્રદર્શિત કરી, પણ શાસ્ત્રીજી મહારાજે તેમને ભાદરા આવવાનું વચન આપ્યું. યોગી મહારાજે તેમને ખૂબ જ ભાવપૂર્વક જમાડ્યા અને કહ્યું : 'તમને ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન ભાદરામાં, શ્રીજીમહારાજના પ્રસાદીના વશરામ સુથારના ઘરમાં મંદિર થયું તે સેવા મળી છે. આ સેવા અક્ષરધામના મુક્તને જ મળે છે.' એવો અલૌકિક મહિમા કહી, કાના ભગત તથા માંડણ ભગતને સુખડીની પ્રસાદી બાંધી આપી.

આ પ્રસંગે કાના ભગત તથા માંડણ ભગતને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ અને યોગી મહારાજમાં અપાર હેત થયું.

તે પછી શરદ પૂર્ણિમાનો સમૈયો ગોંડલ ઊજવાઈ રહ્યો હતો. તે વખતે આ

બન્ને ભક્તો દર્શને આવ્યા હતા. તેમને વિચાર થયો કે 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો તે જગ્યાએ આવું ભવ્ય શિખરબદ્ધ મંદિર છે અને સ્વામીના જન્મ સ્થાનમાં છાજનો કૂબો ?' તેમના મનમાં દુઃખ થયું.

માંડણ ભગતે શાસ્ત્રીજી મહારાજને ભાદરા પધારવા ફરીથી પ્રાર્થના કરી. ત્યારે એમણે કહ્યું : 'મૂળીનો દેશ. તે સાધુ આવે અને કજિયો કરે. હમણાં નહીં પાંચ-સાત વરસ પછી આવીશું.'

ત્યારે માંડણ ભગત કહે : 'તમે ગુણાતીત સ્વામી માટે બહાર નીકળ્યા છો તો ભાદરા તમારે આવવું જ પડશે. તેમના માટે દુઃખ વેઠો છો, તો ભાદરા પધારો. અમે ઉતારો આપીશું. કોઈ નામ નહીં લે.'

બંનેના અત્યંત પ્રેમભાવ અને આગ્રહ ભરેલી પ્રાર્થનાથી શાસ્ત્રીજી મહારાજ બંનેની સાથે જ ભાદરા પધાર્યા. ઉતારો જૂના મંદિરમાં કર્યો.

એ દિવસે જ મૂળીના ઘનશ્યામદાસ સ્વામી તથા નારાયણપ્રસાદદાસ સ્વામી નામ-ધર્માદો ઉઘરાવવા માટે ભાદરા આવ્યા. શાસ્ત્રીજી મહારાજનો ઉતારો મેડા ઉપર હતો અને આ સંતો નીચે ઊતર્યા. તેમણે માંડણ ભગતને કહ્યું : 'આ બંડિયાને ક્યાં અહીં ઉતાર્યા ? તમારો મોક્ષ બગાડશે.'

ત્યારે માંડણ ભગતે જવાબ આપ્યો : 'સ્વામી ! આ સાધુ અમારો મોક્ષ કરે એવા છે. તેમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ રહ્યા છે. હજાર વરસના ખીજડાને કાંટા અને સાંગરિયું આવે, અને પાંચ વરસના આંબાને કેરિયું (કેરીઓ) આવે. માટે એ તો આંબા જેવા છે. માટે તમે લોટ-દાળ લ્યો, પણ બીજું આડુંઅવળું બોલશો નહીં. તમારે આચાર્ય મહારાજ કે કેશવચરણદાસ પૂજારીને કહેવું હોય તો કહેજો.' આ સાંભળીને સાધુ સમસમી રહ્યા પણ બોલી શક્યા નહીં.

એ પછી શાસ્ત્રીજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાનમાં દર્શને ગયા. કબજાદાર ખેડૂતે સ્વામીશ્રીને દાખલ થવા ન દીધા. પછી ઘણી વિનંતી કરી ત્યારે માંડ પીગળ્યો અને દર્શન કરવા દીધાં. શાસ્ત્રીજી મહારાજે દંડવત્ કર્યા અને રજ મસ્તકે ચડાવી. પછી માંડણ ભગતને આશીર્વાદ આપતાં કહે : 'અહીં એક શિખરનું સુંદર મંદિર થશે અને શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી બેસશે.'

શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી અને પ્રયાસથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાનનું ઘર જે ખેડૂતનું હતું તેના માથે સરકારી દેવું હતું, તેથી તે બધું દોઢસો રૂપિયામાં જ મળી ગયું. એ પછી વિજ્ઞાનદાસ

સ્વામી એક વખત અહીં આવ્યા હતા. તેમણે માંડણ ભગતને કહેલું કે 'તું આ જમીન શાસ્ત્રીજી મહારાજને આપીશ નહિ.' પરંતુ માંડણ ભગતને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અત્યંત ગુરુભાવ અને ભક્તિ હતી, તેથી વિજ્ઞાનદાસ સ્વામીને ગણકાર્યા નહીં.

એવામાં શાસ્ત્રીજી મહારાજે માંડણ ભગતને કહેવરાવ્યું કે 'આ જગ્યા અદાના મંડળને સોંપી દેજો.' આ આજ્ઞા તેમણે શિરોમાન્ય કરી.

એ ખબર મળતાં જ મૂળીના કૃષ્ણકેશવદાસ સ્વામી ભાદરા આવ્યા અને માંડણ ભગતને સમજાવ્યું કે સ્વામીના જન્મ સ્થાનની જગ્યા બંડિયાને ન આપીશ.

માંડણ ભગતે દઢતાથી કહ્યું : 'જો હું ખોટું કરીશ તો ભગવાન મને દંડ દેશે, નહિ તો તમને દેશે. તમે ભગવાન જેવા સાધુ વિરુદ્ધ ન બોલો.'

તેમણે ફરી સમજાવ્યું કે 'ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવે અને તેમને ઘરેણાં પહેરાવે તે બધું ખોટું કહેવાય.'

આવા અસદ્ભાવના શબ્દો સાંભળતાં જ માંડણ ભગતે કહ્યું : 'સત્સંગના માર્ગમાંથી જે પડવાનો થયો હોય તે આવું બોલે.'

કૃષ્ણકેશવદાસ આ સાંભળી કાંઈ જ બોલી ન શક્યા, પણ શાસ્ત્રીજી મહારાજના અભાવથી તેઓ પાછળથી દુ:ખી થયા હતા.

ત્યારબાદ કાનજી ભગતને મૂળીના સંતોએ જૂના મંદિરમાંથી છૂટા કર્યા. તેથી નદીકિનારે રહેતા. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અલૌકિક મહિમા સમજતા હતા. ખાવા-પીવાનું અને સૂવાનું તથા ભજન-કીર્તન કરવાનું તેમણે અહીં જ રાખ્યું હતું. પાછળથી યોગી મહારાજની પ્રેરણાથી દાજી બાપુએ નદીકિનારે શ્રીજીમહારાજની પ્રસાદીની જગ્યાએ ઘાટ બાંધવાનું નક્કી કર્યું અને તેની દેખરેખનું કામ રાજકોટના ભક્તરાજ ઝવેરભાઈને સોંપ્યું; સાથે જન્મ સ્થાન ઉપર મંદિરના એક ઓરડાનું બાંધકામ શરૂ કર્યું. ઝવેરભાઈએ પ્રથમથી જ ગુણાતીત જન્મ સ્થાનના વિકાસમાં ઘણી સેવા આપી હતી. શરૂ શરૂમાં ઘણો વિરોધ હતો તેથી મુશ્કેલી ઘણી પડતી. રાજકોટથી ભાદરા તેઓ વારંવાર આવતા. એ જમાનામાં રસ્તા નહિ તેથી ઘણી હાડમારી વેઠવી પડતી. સાથે સીધું-સામાન લઈને આવવું પડતું.

જ્યારે યોગી મહારાજ ભાદરા દર્શને આવે, ત્યારે કાના ભગતને તેઓ બહુ જ પ્રેમથી જમાડતા. એક વાર કાના ભગતને મોહનથાળનાં પંદર-સોળ ચકતાં પીરસ્યાં અને કહ્યું : 'ભગત ! જમી જાઓ. વારે વારે આવું ક્યાંથી

મળે ? પછી તો રોટલા ને અડદની દાળ જ છે ને !'

મુશ્કેલી વેઠીને ભક્તિ કરતા ભક્તોની યોગી મહારાજના અંતરમાં કદર હતી, કારણ કે કેમ મુશ્કેલી વેઠાય છે તેનો તેમને સ્વાનુભાવ હતો.

કમળશીભાઈનાં અંતરપટ ખૂલે છે

શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ શરદ પૂર્ણિમાએ ગોંડલ બિરાજતા હોય ત્યારે સૌરાષ્ટ્રના હરિભક્તોને સમાગમનું સારું સુખ આવતું.

એક વખત યોગી મહારાજના પૂર્વાશ્રમના ભાઈ કમળશીભાઈને પણ આ સમૈયામાં આવવા વિચાર થયો. તેઓને અક્ષરપુરુષોત્તમ-જ્ઞાનની સત્યતા સમજાઈ હતી. વળી, યોગી મહારાજનાં પણ દર્શન થશે એવી પણ ઇચ્છા. તેથી તેઓ વીસાવદરથી જૂનાગઢ આવ્યા. અહીં આ સરળ હૃદયી ભક્તે સંતોને ગોંડલ દર્શને જવા વિશે વાત કરી. તેથી સાધુઓ ભેગા થઈ ગયા અને બોલવા લાગ્યા કે 'તમારે બંડિયાનાં દર્શન કરવા જવું છે ? તેમનો સમાગમ કરીને તમારે જૂનાગઢના મંદિર વિરુદ્ધ પડવું છે ? માટે અમે તમને અહીં નહીં જવા દઈએ.' એમ ખૂબ ગોકીરો કર્યો. પછી કહે : 'અહીં ગુણાતીતાનંદ સ્વામી ચાલીસ વર્ષ રહ્યા. તેમણે અહીં સમૈયો કર્યો છે. માટે સ્વામીના આ સ્થાનમાં ઉત્સવ ઊજવો અને તમારે જવું હોય તો આવતીકાલે સવારે જજો.' એમ ખૂબ વિરોધ કર્યો.

તેથી કમળશીભાઈ તેમની મહોબત મૂકી શક્યા નહીં અને બોલ્યા : 'જો સંતો રાજી થતા હશે તો હું ગોંડલ પછીથી જઈશ. બેય સમૈયા અહીં કરીશ.'

પૂનમનો ઉત્સવ જૂનાગઢ કરીને બીજે દિવસે તેઓ ગોંડલ આવ્યા. શાસ્ત્રીજી મહારાજ તે વખતે ગોંડલ વિરાજમાન હતા. કમળશીભાઈએ બધે દર્શન કર્યાં. સાંજે શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું : 'પૂનમના સમૈયે કેમ ન આવ્યા ? અને મોડા કેમ પડ્યા છો ?'

ત્યારે કમળશીભાઈએ વિગતથી બધી વાત કરતાં કહ્યું : 'અમને રોકી દીધા તેથી અવાયું નહીં.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'એ તો માયાએ પ્રવેશ કરીને તમને રોક્યા. એવી રીતે પૂર્વે ભગતજી મહારાજ, જાગા સ્વામી તથા શિવલાલ શેઠ વગેરેને તે તે દેશના સંતો - જૂનાગઢ સ્વામી પાસે જવા બંધી કરતા ને સમાગમ કરવા ન જઈ શકે તે માટે રોકવા આગ્રહ કરતા. તેવી રીતે આજે તમને જૂનાગઢવાળા અહીં આવવાની બંધી કરે છે. પણ તેને તમારે કહેવું કે જેમ

જૂનાગઢમાં સ્વામી વિરાજતા તેમ ગોંડલમાં 'કામિલ-કાબિલ મુર્શિદ સબ હુન્નર તેરે હાથમેં.' એવા સમર્થ પુરુષ બિરાજે છે. માટે તમે રોકશો તોપણ ત્યાં જઈશું.'

આજે શાસ્ત્રીજી મહારાજ મોજમાં હતા. વળી, સમૈયો પૂરો થઈ જવાથી હરિભક્તો પણ થોડા જ હતા. તેથી થોડી નિરાંત પણ હતી. તેથી આગળ વાત કરતાં કહ્યું : 'પૂર્વે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહી ઘણા સંતો અને સત્સંગીઓએ સમાગમ કર્યો, પણ છેલ્લાં બે-ત્રણ વરસ સાથે રહીને જેણે જેણે સમાગમ કર્યો તેનાં તો પુણ્યનો પાર આવે તેમ નથી. કારણ, સ્વામી એ પ્રસંગે અઢળક ઢળ્યા હતા અને જે વાતો કરતા હતા તે સર્વે વાતો પરાત્પર હતી. તે વાતો જેણે જેણે સાંભળી છે તે બધા બ્રહ્મરૂપ બની ગયા છે. એકાંતિકભાવને પામીને શૂરવીરતાના અંગવાળા બની ગયા છે. પણ જેણે પાછલી અવસ્થામાં 'વાતું' નથી સાંભળી કે સમાગમ નથી કર્યો, તેનામાં રૂડા ગુણ તો આવ્યા પણ થોડા આવ્યા છે.

'જેમ સ્વામીએ ચરિત્ર કર્યું કે 'મને કોઈએ અક્ષર કહેવો નહીં. માટે અમારા પગે અડીને સમ ખાઓ.' એટલે પવિત્રાનંદ સ્વામી વગેરેને રાજી કરવાની સ્વામીની મરજી જોઈ સૌએ સ્વામીના પગે અડીને સમ ખાધા અને સ્વામીને 'અક્ષર' કહેતા આળસી ગયા. પણ પાછા જ્યારે સાંખડાવદર ગયા, ત્યારે સ્વામીએ ભગતજીને કહ્યું : 'એલા પ્રાગજી ! અક્ષર કહેતો કેમ આળસી ગયો ?' ત્યારે પ્રાગજી ભગતે કહ્યું : 'તમે સમ આપ્યા હતા ને !' ત્યારે સ્વામી હસતાં હસતાં બોલ્યા : 'એ તો સત્પુરુષને પગે લાગ્યા, તે તો સુકૃત થયું, પરંતુ અહીં વગડામાં તને કોણે સમ દીધા છે તે બોલતો નથી ?' ત્યારે સહુ સ્વામીને પગે લાગી 'સ્વામી સાક્ષાત્ મૂળ અક્ષર છે' - એમ કહેવા માંડ્યા. તેમ કમળશીભાઈ ! તમારે પણ જૂનાગઢમાં બંધી છે તે બંધી ત્યાં રહેવા દેવી અને અહીં સીધા આવો તો કોઈ જાતની બંધી સ્વામી અને મહારાજ રહેવા દેશે નહીં.

'તમારે અને અમારે તો પૂર્વની ઓળખાણ છે. બાલમુકુંદદાસ સ્વામી સાથે તમારે હેત છે. તેમણે તમને આશીર્વાદ આપ્યા છે કે આ તમારા ભાઈ જોગી મહારાજ આખા બ્રહ્માંડમાં સત્સંગની પ્રવૃત્તિ કરાવશે અને મહાપ્રસિદ્ધિને પામશે. તમને બાલમુકુન્દદાસ સ્વામીએ જે વરદાન દીધેલું તે કામ અમે તથા જોગી મહારાજ વરતાલ-જૂનાગઢની મહોબત મૂકીને કરી રહ્યા છીએ. અક્ષર-પુરુષોત્તમના ડંકા દિગંતમાં વાગશે. માટે તમારે કેફ રાખવો ને બળ રાખવું. કોઈ ડારો દેવા આવે તો તેમને હેતથી-વિવેકથી જવાબ દેવો અને તેમને દબાવી

દેવા, એ તો તમારું કામ છે. તમે તો વેપારી છો, તે વેપારીની રીતે સમજાવી મોક્ષનું કામ તમારે કાઢી લેવાનું છે.'

આજે તો શાસ્ત્રીજી મહારાજ બહુ પોરસાવ્યા હતા. તેથી હજુ આગળ વાત કરી : 'પૂર્વે મહારાજને પણ છાણાં વીણવા જવું પડ્યું હતું, કાવડ લઈને માગવું પડ્યું હતું. દરેકમાં આત્મબુદ્ધિ રાખવી પડી હતી. તેમ આ જોગી મહારાજ તમારાથી નાના છે. તમારી સામે આંખ પણ માંડતા નથી. એવી સાધુતાનાં પૂરાં લક્ષણે યુક્ત છે. તેથી સાક્ષાત્ શ્રીજીમહારાજ તેમાં રહેલા છે. સાક્ષાત્ ગુણાતીત-સ્વરૂપ છે. એમનો સમાગમ કરવા તો તમારે ખાસ આવવું જોઈએ. અમારાં દર્શન કરવા તો તમે ઘણી વાર આવો છો, પણ એમનાં દર્શન કરવા આવવાનું નિયમ રાખો, તો તમારામાં પણ જોગી મહારાજના જેવા ગુણ આવે.'

ત્યારે કમળશીભાઈએ બે હાથ જોડી શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'સ્વામી ! તમારી આજ્ઞા પાળીશ અને હવે અનુકૂળતા કરીને ગોંડલ આવ્યા કરીશ.'

પછી શાસ્ત્રીજી મહારાજે અમદાવાદ, ભાવનગર, કંથારિયા, અડવાળ, રાજકોટ, ડાંગરા, જામનગર, જેતપુર, ભાદરા વગેરે ગામોના હરિભક્તોને કમળશીભાઈની ઓળખાણ કરાવીને મહિમા કહ્યો.

કમળશીભાઈ રાત્રિની ગાડીમાં જૂનાગઢ થઈ વીસાવદર ગયા. પોતાના નાના ભાઈ જોગી મહારાજનો શાસ્ત્રીજી મહારાજે અતિ અપાર મહિમા કહ્યો હતો તે વારે વારે તેમને સાંભરતો હતો અને તેનો આનંદ અનુભવાતો હતો. જે ઉદ્દેશથી કૃષ્ણચરણદાસ સ્વામીને તેમણે સોંપ્યા હતા, તે ગુણો અખંડ ધારણ કરી જોગી મહારાજે તેમના કુળનું ગૌરવ વધાર્યું હતું.

✧ ✧ ✧

અન્નકૂટના સમૈયા પછી શાસ્ત્રીજી મહારાજ આજુબાજુનાં ગામડાંઓમાં વિચરણ કરી ગુજરાત તરફ પધાર્યા. યોગી મહારાજ પણ સાથે હતા. કાર્તિક પૂનમનો સમૈયો બોચાસણ કરી, કાનમમાં વિચરી, યોગી મહારાજ મકર-સંક્રાંતિએ રાજકોટ પધાર્યા. આ દર વર્ષનો ક્રમ હતો. રાજકોટના ભાવિક હરિભક્તોને 'યોગી મહારાજ'ના સમાગમમાં અનેરો આનંદ આવતો. તેમાંયે પુણ્યપર્વણીના દિવસે એમનાં પગલાં પોતાના ઘરે થાય તેવો સૌનો આગ્રહ રહેતો.

મેંગણીના દરબાર અર્જુનસિંહ સાહેબ પણ પોતાના બંગલે યોગી મહારાજને પધરાવતા અને 'સ્વામીની વાતો' તથા કીર્તન વગેરે એમના મુખે સાંભળી ખૂબ રાજી થઈ સારી સેવા કરતા.

આમ, યોગી મહારાજની અપાર સાધુતા જૂના સંપ્રદાયના ધુરંધર હરિભક્તોને પણ સદ્‌ભાવના પ્રગટાવતી. તેઓ સૌ યોગી મહારાજનાં દર્શન અને આશીર્વાદ માટે સદા ઉત્સુક રહેતા.

સાધુતાની શીતળતા અસૂયાના અગ્નિને ઠારે છે

યોગી મહારાજમાં સાધુતાનો ઉદાત્ત ગુણ 'સહનશીલતા' અનેક પ્રસંગોમાં દેખાતો. યોગી મહારાજને હંમેશાં પોતાની પ્રતિભા છુપાવીને જ વર્તવાની સહજ ટેવ હતી. સૌને સન્માન આપતા અને સમ-વિષમ પરિસ્થિતિમાં બ્રહ્માનંદની મસ્તીમાં કદી વિક્ષેપ ન અનુભવતા આ સંતવર્યને, એક સાધુ પ્રકૃતિવશ હંમેશાં પજવતા હતા. એમની સાધુતાની શીતળતા સહન ન થતાં એમનું અપમાન કરે, મશ્કરી પણ કરે, છતાં યોગી મહારાજ તો સદાય બ્રહ્મમસ્તીમાં જ રહેતા. તે સાધુ તરફ એમને લેશમાત્ર પણ અણગમાનો ભાવ નહીં. નિર્વૈરી, પૂર્ણકામ અને અનિર્વચનીય પ્રેમના સ્વરૂપરૂપ એમની અપ્રતિમ સાધુતાની સુવાસ સદા સર્વત્ર પ્રસરી રહેતી.

શિયાળાની કડકડતી ઠંડીમાં તે સાધુ બીમાર પડ્યા. રાત્રે તેમના અંગમાં તાવ ભરાયો. તેથી તે અચેતન જેવા થઈ ગયા. મોડી રાત્રે ઠંડીને લીધે સીસકારા કરવા લાગ્યા. બધા ઘસઘસાટ ઊંઘતા હતા. તેમણે પાણી માટે બૂમ મારી. આવી કડકડતી ઠંડીમાં કોણ ઊઠે ?

યોગી મહારાજને રાત્રે માળા ફેરવીને પછી સૂવાનો નિયમ હતો. આ સમયે પેલા સાધુને કણસતા જોઈને એમને સહેજે દયા આવી. એમણે પાણી લાવીને પાયું. પછી મમતાપૂર્વક તેને માથે હાથ ફેરવ્યો અને મીઠાનાં પાણીનાં પોતાં મૂકવા લાગ્યા. થોડીવારે તે સાધુનો તાવ ઊતરવા લાગ્યો. તેમણે આંખો ખોલીને જોયું તો યોગી મહારાજ ! એમની આંખોમાં તેમણે માતાના સ્નેહ કરતાં પણ અધિક સ્નેહ નિહાળ્યો. તેમણે યોગી મહારાજનો હાથ ઝાલી લીધો. પોતાના મસ્તક અને આંખો ઉપર દબાવ્યો. તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

થોડી વાર પછી યોગી મહારાજે પ્રેમપૂર્વક કહ્યું : 'હવે તમને સારું છે. માટે ઓઢીને સૂઈ જાઓ. સવારે તો તાવ ઊતરી જશે.' એ ઓઢીને સૂઈ ગયા.

યોગી મહારાજે બીજા બે દિવસ તેમની શુશ્રૂષા કરી. તે સાધુ સંપૂર્ણ સાજા થયા. તેમને યોગી મહારાજ પ્રત્યે અપાર લાગણી થઈ અને એમને જ પોતાના પરમ હિતેચ્છુ માનવા લાગ્યા.

એક વાર ગુજરાતના એક હરિભક્ત અક્ષર મંદિરે આવ્યા. તેમને જૂનાગઢ જાત્રાએ જવું હતું. તેથી તેમણે યોગી મહારાજને પાંચ શેર મગજના લાડુ બનાવી આપવા કહ્યું. યોગી મહારાજે બનાવી આપ્યા. તે હરિભક્ત વહેલી સવારે નીકળી ગયા, પણ મગજના લાડુ જે પોતાના માટે બનાવરાવ્યા હતા તે નિમિત્તે મંદિરમાં કાંઈ જ સેવા કરી નહીં. તેથી એક ભક્તે યોગી મહારાજને કહ્યું : 'આવા માણસને ક્યાં રહેવા દીધો ? તેણે મગજના લાડુની સેવા પણ ન કરી.'

ત્યારે યોગી મહારાજ હસીને બોલ્યા : 'એ લાડુ પેટમાં રહીને બોલશે અને અક્ષર મંદિરની સેવા કરાવશે. આપણે એની ઇચ્છા મુજબનું કર્યું તેથી મંદિરનું તો સારું બોલશે !'

યોગી મહારાજનો પ્રત્યુત્તર સાંભળીને તથા આવી સાધુતા જોઈને તે ભક્તને યોગી મહારાજ પ્રત્યે અત્યંત ભક્તિભાવ થયો.

ગોંડલમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા વખતે લાકડાનું સિંહાસન કરાવેલું. ભાવનગરના કુબેરભાઈ, પીતાંબરભાઈ તથા ઠાકરશીભાઈ - આ ત્રણેય ભાઈઓને ચાંદીનું સિંહાસન કરાવવાનો સંકલ્પ હતો, પરંતુ તેમણે પોપટલાલ શુક્લ નામના એક વેપારીને માલ આપેલો, તે ઉઘરાણી બાકી રહેતાં ઘણી મોટી રકમ રોકાઈ ગઈ હતી.

શાસ્ત્રીજી મહારાજને કુબેરભાઈએ પોતાનો સંકલ્પ કહ્યો. પોપટલાલ શુક્લને બોલાવી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'તમે રકમ આપો તો ગોંડલમાં ચાંદીનું સિંહાસન થાય.'

ત્યારે તેમણે કહ્યું : 'ગોંડલના મહારાજા પાસે મારા એક લાખ રૂપિયા લેણા છે. તે આવે તેવી કૃપા કરો તો હું રકમ જરૂર આપી દઈશ.'

શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને કહ્યું : 'જોગી ! તમે અક્ષર મંદિરમાં બેસીને અગિયાર માળા ફેરવજો. જેથી શુક્લનું કામ થાય.'

યોગી મહારાજે માળા ફેરવવા માંડી. જે રકમ રોકાઈ હતી તે કદી આવે તેમ ન હતી, પરંતુ યોગી મહારાજની માળાના પ્રતાપે મહારાજાને પ્રેરણા થઈ. તેમણે સામેથી બોલાવીને પોપટલાલ શુક્લને એક લાખ રૂપિયા આપી દીધા.

તરત જ તેમણે લેણી રકમ કુબેરભાઈને આપી અને ગોંડલમાં ચાંદીનું સુંદર સિંહાસન થયું. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી આ કાર્ય સિદ્ધ થયું, પણ એમણે યોગી મહારાજની માળાને નિમિત્ત બનાવી. ગુરુ-શિષ્યનો આવો અલૌકિક સંબંધ હતો.

જોગીના ભોળપણમાં પણ ચમત્કાર

ગાનામાં શામળ ભગતના ખેતરમાં કેરીઓ સારી પાકી હતી. તેથી સંતોને તેડાવીને રસ-પૂરી જમાડવાનો તેમને સંકલ્પ થયો. શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીને તેમણે ગાના તેડાવ્યા. આ સંતોને જમાડવા માટે શામળ ભગતે સારામાં સારી કેરીઓ રાખી મૂકી હતી, પરંતુ તેમનો પુત્ર સત્સંગી નહીં તેથી દસ-બાર શેર રાખીને બીજી વેચી દીધી.

આ બાજુ યોગી મહારાજે એમની રીત મુજબ ૪૦ થી ૫૦ હરિભક્તોને જમવા માટે આમંત્રણ આપી દીધું હતું. સમય થતાં હરિભક્તો આવી ગયા. રસ ફક્ત એક તપેલી જ હતો. નિર્ગુણ સ્વામી બહુ ગુસ્સે થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ પણ સાથે ભળી ગયા અને મનુષ્ય-ચરિત્ર કરવા લાગ્યા કે 'બધા હરિભક્તોને જમવાનું કહ્યું પણ રસ તો જુઓ !'

યોગી મહારાજ તો બાળક જેવા નિર્દોષ. તેમણે જવાબ આપ્યો : 'હું રસ નહીં જમું. મારા ભાગનો રસ બધા હરિભક્તોને જમાડી દઈશ !' તોપણ એક વ્યક્તિના વધેલા રસમાં કેટલા હરિભક્ત જમી શકે ? પણ એમની નિર્દોષતા જોઈ આવા પ્રસંગે નિર્ગુણ સ્વામીનો ગમે તેવો ગુસ્સો પણ ઓસરી જતો અને તેમને હસવું આવી જતું.

૫૦ થી ૬૦ હરિભક્તોની પંગત બેસી ગઈ. યોગી મહારાજે બધાને પ્રેમથી પીરસ્યું. એ જ તપેલીમાંથી સૌને આગ્રહપૂર્વક રસ જમાડતા જાય. બધાને તૃપ્ત કર્યા છતાં રસ વધ્યો અને ઘરનાંને પ્રસાદરૂપે મોકલ્યો.

નિર્ગુણદાસ સ્વામી તથા હરિસ્વરૂપદાસ સ્વામી સૌ સ્તબ્ધ બની ગયા. શાસ્ત્રીજી મહારાજ એ વખતે બોલ્યા : 'યોગી મહારાજમાં શ્રીજી અખંડ રહ્યા છે. એમના પ્રતાપે રસોઈ ઓછી ન પડી પરંતુ વધી.'

સંતો યોગી મહારાજ સામે અહોભાવથી જોઈ રહ્યા, ત્યારે યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને નિર્દેશીને કહ્યું : 'આ બધો પ્રતાપ શાસ્ત્રીજી મહારાજનો છે. એમણે આપણી લાજ રાખી. શાસ્ત્રીજી મહારાજ ધારે તે કરી શકે.' આમ, શાસ્ત્રીજી મહારાજના મહિમાની અદ્‌ભુત વાતો કરવા લાગ્યા.

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ તથા હરિસ્વરૂપદાસ ગાડા રસ્તે નગાસર જતા હતા. ગાડાવાળો બળદને ખૂબ દોડાવતો હતો. થોડીવારે બળદની ગતિ ધીમી પડતાં યોગી મહારાજે ગાડાવાળાને પૂછ્યું : 'આ

બળદને કેટલા વેતર થયા છે ?'

આ સાંભળી સૌ હસી પડ્યા. ગાડાવાળો તો આ સાધુની નિર્દોષતા જોઈને આભો બની ગયો. શાસ્ત્રીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'સાધુરામ ! બળદને ધર કહેવાય ને ગાય-ભેંસને વેતર હોય !'

નિર્દોષમૂર્તિ યોગી મહારાજ પણ પોતાની અજ્ઞાનતાને હસી પડ્યા.

✧

સંવત ૧૯૯૧ના જેઠ માસમાં યોગી મહારાજ વગેરે રાજકોટ પધાર્યા હતા.

તે અરસામાં પૂંજાજી બાપુ ડાંગરામાં ખૂબ બીમાર પડ્યા. તેમણે 'યોગીરાજ'ને યાદ કર્યા. તેથી રાજકોટથી સંતોને તેડાવ્યા. વિજ્ઞાનદાસ સ્વામી તેમની પાસે બેસી અખંડ કથાવાર્તા કરતા. પૂંજાજી બાપુ કહે : 'જોગી પાસે કીર્તન ગવરાવો, વાતો બોલાવો...' એમ બહુ હેત રાખે. યોગી મહારાજ વાતો તથા કીર્તન બોલતા ત્યારે તેમને ખૂબ શાંતિ થતી. થોડા દિવસોમાં તેમણે દેહ મૂક્યો અને યોગી મહારાજની ઉપસ્થિતિમાં જ તેમનો અગ્નિસંસ્કાર વિધિ થયો.

બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. એમણે કહ્યું : 'એક દિવસ રાખ્યા હોત તો અમારે દર્શન તો થાત !' પછી સૌનો શોક હળવો થાય એ હેતુથી શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં ભવાન પટેલના ડેલામાં પારાયણ બેસાડ્યું. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી 'સત્સંગિજીવન'નું પારાયણ શ્રીજી-સ્વરૂપદાસ સ્વામી કરતા અને યોગી મહારાજ સવારે 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' તેમજ સાંજે 'નિષ્કુળાનંદ કાવ્ય'નું વાચન કરતા. પારાયણમાં બંને વખત શાસ્ત્રીજી મહારાજ આશીર્વાદ આપતા અને રાત્રે નિર્ગુણદાસ સ્વામી કથાવાર્તા કરતા. આમ, બ્રહ્મરસની હેલી ડાંગરામાં વરસી રહી. પારાયણ સારું થયું. પૂર્ણાહુતિમાં ઘણા હરિભક્તો આવ્યા.

આ પ્રસંગે જશવંતસિંહ બાપુએ અક્ષર મંદિરે રસોઈ આપી. તેમજ ગોંડલ ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પહેલાં યોગી મહારાજે તેમને કહેલું : 'બાપુ ! ઘનશ્યામ મહારાજની દશેય આંગળીએ તમારે વેઢ કરાવી આપવાના છે.' તે સેવા કરી જશવંતસિંહ બાપુએ યોગી મહારાજને રાજી કર્યા હતા.

સંવત ૧૯૯૨માં ઘનશ્યામ મહારાજની મૂર્તિ ગોંડલમાં પધરાવી તે પહેલાં ભાદરા આવતાં સ્ટેશનેથી ગાડામાં આવવાનું થતું. એક વાર માંડણ ભગતના પિતરાઈ બંધુ નાનજીભાઈ ગાડું લઈને સંતોને લેવા સ્ટેશને ગયા. શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ ગાડામાં બેઠા પણ એક બળદ તોફાને

ચડ્યો અને જોતર તોડાવી દૂર સુધી ભાગી ગયો. નાનજીભાઈ ક્ષણભર માટે વિચારમાં પડી ગયા. તેમણે જોયું કે સંતો ઊતરવાની તૈયારી કરે છે. ત્યારે એકદમ કહે : 'બાપા ! તમે બેસી રહો, એક બળદ સાથે હું તમને ગામમાં મંદિરે પહોંચાડી દઈશ.'

શાસ્ત્રીજી મહારાજ તેમને કાંઈ પૂછે તે પહેલાં તો તેઓ જોતરે જોડાઈ ગયા ! શરીરે ધીંગા અને મજબૂત કાઠીના નાનજીભાઈનું શરીર આજે મોક્ષના ખપમાં આવી ગયું. આ બંને સદ્ગુરુઓને તેઓ ગામના જૂના મંદિર સુધી લઈ આવ્યા.

નાનજીભાઈના અંતરમાં અતિ ઉમંગ હતો. તેમનું હૈયું આર્દ્ર બની ગયું. આવી સેવાનો અવસર ફરી ક્યારે મળે ?

આ લોકની દૃષ્ટિએ અભણ, ગામડિયા લાગતા આવા ભક્તો અધ્યાત્મ-દૃષ્ટિએ શ્રેષ્ઠ બુદ્ધિમાન ઠરે છે. કારણ, ખરે ટાણે સેવાની આવી સૂઝ સત્પુરુષોના સંબંધવાળા કોઈ સાચા ભક્તને જ સાંપડે. શાસ્ત્રીજી મહારાજ આ ભક્ત ઉપર અતિ પ્રસન્ન થઈ ગયા.

ઝેર તો પીધાં છે જાણી જાણી

આમ, ભાદરા અને ડાંગરા બંને તીર્થો હરિભક્તોના હોઠે ગુંજતા થયા હતા. આ મહિમાનો વિસ્તાર શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, પૂંજાજી બાપુ, રણછોડ ભગત વગેરેને આભારી હતો.

સંવત ૧૯૯૨ના[૨૩] વૈશાખમા યાગરાજ તીર્થ ડાંગરામાં રણછોડ ભગતનો અક્ષરવાસ થયો. હરિભક્તોએ દુઃખી હૃદયે તેમને ભાવાંજલિ આપી. શાસ્ત્રીજી મહારાજે તેમની ઉત્તરક્રિયા પ્રસંગે યોગી મહારાજને મોકલ્યા. વિજ્ઞાનદાસ સ્વામી તથા અન્ય સંતો પણ આવ્યા હતા.

ઉત્તરક્રિયા બાદ બારમું પણ સારી રીતે થયું. વિધિ તથા જમણવાર પછી સૌ જ્યાં જગ્યા મળી ત્યાં આરામ કરતા હતા. પોતાની અનિચ્છા છતાં શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી જ અહીં આવેલા અમદાવાદના ખેંગારજીભાઈને, આરામ માટે યોગી મહારાજે વ્યવસ્થા કરી આપી અને પોતે પણ આડે પડખે થયા. થોડી વાર થઈ ત્યાં ઘસઘસાટ ઊંઘતા ખેંગારજીભાઈ જાગી ગયા. મારકૂટનો અવાજ સંભળાતો હતો. ગાળોની વર્ષા થતી હતી. તેઓ અચાનક જાગી જવાનું કારણ

---

૨૩. સને ૧૯૩૬. યોગી મહારાજની ઉંમર ૪૪ વર્ષની હતી.

સમજ્યા અને ઊભા થયા પણ ત્યાં ને ત્યાં જ અવાક્ ! સ્તબ્ધ ! વિજ્ઞાનદાસ સ્વામી યોગી મહારાજને ન બોલી શકાય, ન સાંભળી શકાય તેવા શબ્દો બોલી યોગી મહારાજની છાતીએ ચડી જોરજોરથી છાતી પર, મોં તથા નાક પર માર મારી રહ્યા હતા.

ભગવત્સ્વરૂપદાસને રાજકોટમાં દાદર ઉપરથી પાડી નાખ્યા પછી, જોગી મહારાજ વિજ્ઞાનદાસને છોડી શાસ્ત્રીજી મહારાજ પાસે ચાલ્યા ગયા હતા. અને ત્યારપછી મંદિરની પ્રવૃત્તિ-સેવામાં ક્યારેક સાથે રહેવાનું થતું, પરંતુ યોગી મહારાજ સાથે ગામડે ફરવાનું તો ટળી ગયું હતું. છતાં આવા પ્રસંગે લાગ મળતાં શાસ્ત્રીજી મહારાજ કે કોઈ મોટેરા હરિભક્તોની ગેરહાજરીમાં તેમણે પોતાનું અસલ રૂપ ફરી ઉઘાડું કર્યું હતું.

'અલ્યા જોગટા ! બધા તને 'જોગી, જોગી' કહે છે, તેથી તેં મારામાંથી ગુરુભાવ કાઢી નાખ્યો છે. તે તું તારા મનમાં સમજે છે શું ?' અને ફરી એ જ ધૂંબાપાટુ.

પોતાની જગ્યા ઉપર જ થીજી ગયેલા ખેંગારજીભાઈ સમસમી રહ્યા હતા. યોગી મહારાજ દીનભાવે પ્રાર્થના કરતા હોય એમ હાથ જોડી કહેવા લાગ્યા ! 'સ્વામી, દયાળુ, મારો ગુનો થયો હોય તો માફ કરો...'

પણ વિજ્ઞાનદાસ સ્વામીનાં ક્રોધ અને ઈર્ષ્યાવૃત્તિએ માઝા મૂકી હતી. સતત 'ગુરુ હોવાનું' જાણપણું લઈને જીવતા આ સાધુ પોતામાં રહેલા માનના ઝેરને માર દ્વારા ઓકી રહ્યા હતા. તેમને મન તો સદા સેવક થઈને વર્તતા 'જોગી' એટલે પોતાનો માર ખાવા જ અવતરેલો ગુલામ ! યુવાન ભક્ત ખેંગારજીભાઈનું રાજપૂતી ખમીર ઊછળી આવ્યું. શાસ્ત્રીજી મહારાજના ઉપદેશથી ઘડાયેલું એમનું શૂરવીરતાનું અંગ અને પાજી-પળાવની છાયામાં ન દબાવવાની તેમની પ્રકૃતિ આ પ્રસંગે છતાં થયાં. તેમણે ત્રાડ નાખી : 'બંધ કરો તમારું આ ગુરુપણું. નહીં તો જોવા જેવી થશે.' અને તેમણે વિજ્ઞાનદાસનું મોં જોરથી દબાવી દીધું. વિજ્ઞાનદાસ આવા હુમલા માટે ક્યારેય તૈયાર નહોતા એટલે નિસ્તેજ મોં લઈને સ્થિર થઈ ગયા.

'હાં... હાં... ખેંગારજીભાઈ !' યોગી મહારાજ એકદમ ઊભા થઈને કહેવા લાગ્યા : 'છોડી દો, છોડી દો, આ તો આપણા ગુરુ કહેવાય !' પછી પોતાના ગળે હાથ દઈને સમ ખાતા હોય તેમ દયામણા અવાજે કહે : 'મૂકી ધો. સ્વામી રાજી નહિ થાય... આપણાથી આવું ન થાય. સહન કરી લેવું.

આપણે તો માર ખાઈને ગુરુને રાજી રાખવા...'

ખેંગારજીભાઈએ તેમને ધક્કો મારીને છોડ્યા અને તેઓ ચૂપચાપ બીજા ઓરડામાં જતા રહ્યા.

યોગી મહારાજ હજુ જાણે પોતે ગુનેગાર હોય તેમ સૂનમૂન બેસી ગયા. ખેંગારજીભાઈ પણ થોડી વાર ઊભા રહ્યા. શું કરવું તે સૂઝ્યું નહીં, તેથી ફરી આડે પડખે થયા. ઊંઘ હરામ થઈ ગઈ હતી. તેમણે વિચાર્યું : 'જોગી ! નિઃસીમ સાધુતા, ક્ષમાનો અવતાર... આવા અત્યાચારી ગુરુનો ય પક્ષ ! જોગી ધન્ય તમારી સહનશીલતા !' અને તેમના કંઠે ડૂમો ભરાઈ આવ્યો કે 'જોગીએ આવાં ઝેર જાણી જાણીને શા માટે પીધાં હશે !'

શાસ્ત્રીજી મહારાજે તેમને અહીં શા માટે મોકલ્યા હતા તે તેઓ સમજ્યા. શ્રીમદ્ભાગવતના શબ્દો અહીં સાકાર થતા હતા :

तिरस्कृताः विप्रलब्धाः शप्ताः क्षिप्ताः हता अपि ।
नास्य तत् प्रतिकुर्वन्ति तद्भक्ताः प्रभवोऽपि हि ॥

– ભગવાનના ભક્તો તિરસ્કાર કરાયેલા હોય, ઠગાયા હોય, શાપ અપાયેલા હોય, અપમાન કરાયેલા હોય તોપણ પોતે સમર્થ હોવા છતાં તેનો પ્રતિકાર કે સામનો કરતા નથી.

શ્રીનગર પારાયણમાં સૌના સુહૃદ

સંવત ૧૯૯૨ના અધિક ભાદરવામાં અમદાવાદના કાશીવિશ્વનાથ મંદિરમાં એક માસ માટે 'સત્સંગિજીવન' ગ્રંથનું પારાયણ બેસાડ્યું હતું. વ્યાસપીઠ પરથી ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ એમની સુધાવાણીનું પાન કરાવતા. એ વખતે રાત્રે મોડે સુધી કથાવાર્તા થતી અને અખંડ બ્રહ્મયજ્ઞ ચાલતો.

વહેલી સવારે ૪-૦૦ વાગે યોગી મહારાજ હાથમાં ઘંટડી લઈને ઠાકોરજીને જગાડવા આવ્યા. બબુભાઈ કોઠારી જાગી ગયા. તેમણે કહ્યું : 'હજુ ૧-૦૦ વાગે સૂવા ભેગા થયા ત્યાં આટલા વહેલા ઠાકોરજીને જગાડવા આવ્યા ?'

ત્યારે એમણે હસીને જવાબ આપ્યો : 'ઠાકોરજી જગાડવાનો વખત થઈ ગયો છે, તે આવવું જોઈએ ને !'

બબુભાઈ કોઠારીને થયું : 'જોગી મહારાજને જાણે સુષુપ્તિ અવસ્થા છે જ નહિ ! સદાય આનંદમાં રહેતા આ સંતવર્યે દેહ, ઇન્દ્રિયો પર કેવો કાબૂ મેળવ્યો હશે ?! કેવી ભક્તિભાવના હશે ?!'

આ પારાયણમાં યોગી મહારાજે સેવાભાવનાથી હરિભક્તોનો પ્રેમ જીતી લીધો. વહેલી સવારે હરિભક્તો સૂતા હોય ત્યારે સૌને ઉઠાડે... 'લો દાતણ...' એમ ટહૂકો કરતા સૌને દાતણ આપે. દાતણમાં પણ પાછળથી વધે તે, જેવું-તેવું વાંકું-ચૂંકું દાતણ જ પોતે લે. પછી સૌ સાથે પ્રભાતિયાં બોલતા જાય. સાબરમતી નદીમાં નાહવા માટે નીકળે.

'ધ્યાન ધર' અને 'ધીર ધુરંધરા'ના મુક્તાનંદ સ્વામીનાં પ્રભાતિયાં પોતાના ઘેરા-સુરીલા રાગથી ગાતા, ત્યારે પડઘાતા શબ્દો ભક્તોનાં મન હરી લેતા.

કોઈ હરિભક્તને ત્યાં રસોઈ હોય ત્યારે બધાની રસોઈ જાતે જ કરી, એક દોઢ-વાગે ઠાકોરજીને થાળ ધરાવવા બેસે. *'અવિનાશી આવો રે, જમવા શ્રીકૃષ્ણ હરિ...'* એવા લાંબા કેટલાય થાળ બોલે. ઠાકોરજી આગળ પંખો નાખતા જાય. વારેવારે પાણી ધરાવતા જાય. ડોલતાં ડોલતાં બોલે. 'મારા સમ' એમ કહી કેટલીય વાર વચ્ચે ગળે હાથ મૂકી તાણ્ય કરી, 'મહારાજ ! સ્વામી ! થોડું વધુ લ્યો, જમો' એમ ગદ્ગદ થઈ પ્રાર્થના કરતા જાય અને થાળ કરતાં બોલતા જાય. સ્વામી નિર્ગુણદાસજી બૂમો પાડે કે 'આ જોગી તો રસોઈ કરતા હતા તે પાછા ક્યાં થાળ જમાડવા બેઠા ? હવે તો ત્રણેક વાગે જમવાની પંક્તિ પડે તો મહારાજની દયા ?'

રસોઈ એવી ખંતથી, પ્રેમથી તૈયાર કરે કે ન પૂછો વાત. 'ખેંગારભાઈ ! દહીં ચોખ્ખું છે ? લાવોને ઝેરીને ગાળીને છાશ કરી નાખીએ;' 'દૂધપાક ભેગાં તો પત્તરવેલિયાં હોય તો જ મઝા પડે;' ચટણીયું-સંભાર પણ કરી નાખીએ;' 'કઢી કબાલા તોડી નાખે તેવી કરવી છે;' 'નિર્ગુણ સ્વામીને રાજી કરી દેવા છે'...

ત્યારબાદ પંક્તિમાં જાતે જ કેડ બાંધી પીરસવા માંડે. ચાર-ચાર, પાંચ-પાંચ વાર પીરસે. 'અક્ષરસ્વરૂપ ! શું જોઈ રીયા છો ? લાવો બીજાં કમંડળાં ભરીને, હાલો ફરી એક વાર ફરી વળીએ !...' 'લિયો લાડુ, લિયો દાળ્યું, લિયો છાશું ! લિયો દૂધપાક, લિયો ભજિયાં, લિયો ટાઢાં પાણી !'

વધુ આશ્ચર્યની અતિ મહાન વાત તો એ કે આવા પ્રેમથી રસોઈનો અદ્ભુત ઠાઠ જાતે તૈયાર કરી ઠાકોરજીને પ્રત્યક્ષ જ જમાડતા હોય અને મહારાજ જમતા હોય તેમ થાળ જમાડે. આખા સાધુ-હરિભક્તોના સમુદાયને એવા જ પ્રેમ અને મહિમાથી જમાડીને જ બ્રહ્માનંદ માણતા. યોગી મહારાજની આવી અલૌકિક સેવા-ભક્તિની વાત શાસ્ત્રીજી મહારાજ આગળ નીકળે ત્યારે સ્વામીશ્રી સૌને કહે કે 'આવા પ્રેમથી રસોઈ કરી સૌને જમાડ્યા તેના તમે

આટલા વખાણ કરો છો, તો એ યોગી મહારાજને પૂછો તો ખરા કે આપ કેટલું જમ્યા ?' ત્યારે જાણવા મળે કે તેમણે પોતે તો તે દિવસે ઉપવાસ કરેલો હોય !...

આથી જ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે વૈષ્ણવ સંપ્રદાયમાં ભક્તિ આચાર્ય મહારાજશ્રી વિઠ્ઠલનાથજીની સર્વોપરી ગણાય. પણ આવા ભક્તિવાળા હોય તેમનામાં પાછા આવા તપનો યોગ હોય નહિ, કારણ કે તપસ્વિતાવાળાના મનમાં ઠાકોરજીને જમાડવા, રમાડવા, સેવાથી રીઝવવામાં, કાંઈક શુષ્કતા કુદરતી જ રહે. પણ આવી સર્વોપરી સેવા-ભક્તિ અને સર્વોપરી ત્યાગ અને તપ એ બેનો અસંભવ સમન્વય તો આ યોગી મહારાજમાં જ મળે છે. એમની ભક્તિ તો વિઠ્ઠલનાથજીની ભક્તિ જેવી છે અને ત્યાગ-તપમાં પણ તેમનો જોટો ન મળે તેવા મોટા એ છે.

પારાયણ પછી શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થઈને બોલ્યા : 'જોગી મહારાજ છે, તેથી આપણી પારાયણ શોભી ગઈ. હરિભક્તોની રાખ-રખાવટ કરે, તેથી હરિભક્તોને પારાયણ સાંભળવામાં બહુ આનંદ આવે. 'જોગી મહારાજ જેવા સાધુ ગોત્યા જડે નહિ.' એમ ખૂબ મહિમા કહી રાજીપો વ્યક્ત કર્યો.

પારાયણમાં ગુરુ મગન ભગતના શિષ્ય રકનપરના અંબારામ ભગત પણ આવ્યા હતા. કરજીસણથી કચરાભાઈ માસ્તર તથા સાંતેજથી શંકર ભગત વગેરે આવ્યા હતા. તેમની સાથે ચલાસણથી રવજીભાઈને પણ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને લઈ આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે તેમના સામું જોઈ મધુર સ્મિત કર્યું અને કહ્યું : 'તમે તો અમારા છો, જૂના છો.'

રવજીભાઈ આ શબ્દોનો મર્મ સમજી ગયા પણ તે વખતે કંઈ બોલી શક્યા નહીં. સ્વામીશ્રીની આજ્ઞા લઈને ત્યાંથી શંકર ભગત સાથે સૌ સોરઠની પંચતીર્થી કરવા નીકળ્યા. છેલ્લે ગોંડલ આવ્યા. અહીં યોગી મહારાજ બિરાજતા હતા. તેમણે રવજીભાઈને પૂછ્યું : 'ત્યાગી થશો ?'

યોગી મહારાજના શબ્દોમાં કલ્પનાતીત જાદુ હતો. એમની પ્રેમાળ આંખોમાં એવી ચમક હતી કે જેમની સામે દૃષ્ટિ કરે તેના હૃદયમાં સ્મિતભર્યો ચહેરો અંકિત થઈ જાય. સૂક્ષ્મ અને ચિકિત્સક બુદ્ધિવાળા રવજીભાઈ સમજી ગયા કે આ સાધુ કોઈ વિરલ વિભૂતિ છે. તેમણે તે જ વખતે હા પાડી અને દીક્ષા લેવાની તૈયારી બતાવી.[૨૪]

✧

૨૪. સદ્‌ગુરુ સંતવલ્લભ સ્વામી; સારંગપુર રહેતા. (અક્ષરવાસ : સને ૧૯૯૩)

અમદાવાદના હરિભક્ત પ્રેમચંદ આશારામ ભગત, સંત સરયૂદાસ મહારાજના શિષ્ય હતા. તેમના ગુરુનો અંતકાળ આવ્યો એટલે તેઓ બહુ ખિન્ન થઈ ગયા અને ગુરુને પૂછ્યું : 'હવે મારું શું થશે ?'

ગુરુ સરયૂદાસ મહારાજે તેમને કહ્યું : 'તું જરાય ફિકર કરીશ નહીં. તને મારાથી મોટા સિદ્ધ અને ઐશ્વર્યવાન ગુરુ મળશે.'

આ પારાયણમાં પ્રેમચંદ ભગત શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા ત્યારે તેમને સમાધિ થઈ જેમાં પોતાના ગુરુ સરયૂદાસ મહારાજનાં દર્શન થયાં. તેમણે કહ્યું : 'અમે તને જે કલ્યાણના દાતા મોટાપુરુષની વાત કરી હતી, તે આ શાસ્ત્રીજી મહારાજ છે. તો તું શાસ્ત્રીજી મહારાજને ગુરુ તરીકે સ્વીકારી લે.'

પ્રેમચંદ ભગતની અમદાવાદ પાસે નરોડામાં જમીન હતી. તેઓ જમીન ઉપર શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજને પધરામણીએ લઈ ગયા. ખેતરમાં કૂવો હતો. શાસ્ત્રીજી મહારાજે તેમાંથી પાણી કઢાવીને ઠાકોરજીને ધરાવીને બધાને પ્રસાદીનું જળ આપ્યું.

આ વખતે પ્રેમચંદભાઈએ કહ્યું : 'મારે આ જમીન વેચવી છે પણ તેની કિંમત હાલમાં એક વીઘાની રૂપિયા ૧,૧૦૦ થાય, પરંતુ કોઈ લેવા તૈયાર નથી. આપ કૃપા કરો તો કોઈ ઘરાક થાય.'

યોગી મહારાજ આ વાત સાંભળી આખા ખેતરમાં ફર્યા અને ફૂલ છાંટ્યાં. શાસ્ત્રીજી મહારાજની તબિયત અસ્વસ્થ હતી. તેથી તેઓ કૂવા ઉપર બેઠા હતા.

એવામાં યોગી મહારાજ એકદમ રાજી થઈને બોલ્યા : 'જાવ ! એક વીઘાની દસ હજાર કિંમત આવશે.'

આ સાંભળી પ્રેમચંદ ભગત ખૂબ રાજી થઈ ગયા. સૌ શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા ત્યાં આવ્યા. ભગતે યોગી મહારાજના આશીર્વાદની વાત કરી. એટલે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'જોગી મહારાજ તો સિદ્ધ પુરુષ છે અને તેઓ જે બોલે છે તે સિદ્ધ થાય છે. એમના વચને અક્ષર દેરીની સેવા કરજો.'

સ્વયં શાસ્ત્રીજી મહારાજના મુખે યોગી મહારાજનો આવો અપાર મહિમા સાંભળીને પ્રેમચંદ ભગતને તથા અન્ય હરિભક્તોને પ્રતીતિ આવી કે યોગી મહારાજના આશીર્વાદ ચોક્કસ ફળશે.

અને જાણે ચમત્કાર થયો હોય તેમ સામે ચાલીને એક ઘરાક આવ્યો અને તેણે રૂપિયા ૧૧,૦૦૦ વીઘાના ભાવે જમીન ખરીદી લીધી !

ત્યારબાદ પ્રેમચંદ ભગત તથા તેમના પુત્ર અંબાલાલભાઈએ શાસ્ત્રીજી

મહારાજ તથા યોગી મહારાજની સેવા કરીને બંને સત્પુરુષોને પ્રસન્ન કર્યા.

જોગી જેવા સાધુને આવું દુઃખ ?

આ પારાયણ વખતે અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજનો ઉતારો કોઠારી બબુભાઈના મકાનના મેડા ઉપર હતો. સાંકડા દાદર ઉપર જાળવીને ચઢવું અને ઊતરવું સંતો માટે મુશ્કેલ હતું.

એમાં એક વાર યોગી મહારાજનો પગ પગથિયાં ઉપરથી લપસ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે એમનો હાથ પકડી લીધો. યોગી મહારાજ નીચે પડતાં બચી ગયા. નીચે ઊતરીને શાસ્ત્રીજી મહારાજ કહે : 'અહો ! આ જોગી જેવા સાધુને આવું દુઃખ હોય ? હવે ઉતારો સારો થાય તો સારું.' પરંતુ યોગી મહારાજ તો શાસ્ત્રીજી મહારાજની સામું જોઈ જાણે કશું જ ન થયું હોય તેમ ભજન કરી રહ્યા હતા. હાલતાં-ચાલતાં તેમને ભગવાનની સ્મૃતિ કરવાની ટેવ હતી.

આ વખતે ભાદરવા માસ સુધી વરસાદ થયો ન હતો. હરિભક્તો સ્વામીશ્રીને વારંવાર પ્રાર્થના કરતા ત્યારે સ્વામીશ્રી તેમને કહેતા : 'તમે જોગીને વાત કરો. તે દયાળુ છે. તે મહારાજને અરજ કરશે તેથી વરસાદ જરૂર થશે.'

શાસ્ત્રીજી મહારાજના અંતરમાં જડાયેલા યોગી મહારાજને પોતાની મહત્તાનો જરાપણ ખ્યાલ કોઈને આવવા દેવો ન હતો. ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ઈષ્ટદેવ શ્રીજીમહારાજને અંતરમાં અખંડ ધારીને વરસાદ પડે તે માટે તેઓ પારાયણમાં હંમેશાં ધૂન કરાવતા અને સૌના આશ્ચર્ય વચ્ચે ઐરાવત ઉપર ઈન્દ્રની પધરામણી થઈ એવાં દર્શન સાથે પુષ્કળ વરસાદ થયો.

શ્રીનગરની એક માસની દિવ્ય કથા પૂર્ણ થઈ. યજ્ઞ વિધિ બાદ ગ્રંથની નગરયાત્રા સંપૂર્ણ શોભા સાથે નીકળી. શાસ્ત્રીજી મહારાજ તથા નિર્ગુણદાસ સ્વામી બે ઘોડાની બગીમાં બિરાજમાન થયા. યોગી મહારાજ આખી શોભાયાત્રા દરમ્યાન શાસ્ત્રીજી મહારાજને ચમ્મર ઢોળતા હતા. એમનો સેવકભાવ નિહાળતી ભક્ત-મેદની આ નિર્માની સંતને અને સમર્થ ગુરુને આદરથી નમન કરી રહી હતી.

સંજીવની મંત્રસિદ્ધિ

યોગી મહારાજ અને સંતો કંથારિયા પધાર્યા હતા. અહીંના રત્નાભાઈ લુહારના પુત્ર કુબેરભાઈને દોઢ માસ સુધી મંદવાડ રહ્યો અને તેણે દેહ છોડી

દીધો. તેથી તેમને નીચે ભોંય પર લઈને દીવો પણ કરી લીધો હતો. ગામના દ્વેષી માણસોએ કહ્યું : 'કેસરીસિંહ દરબારને ઘરે જા, ત્યાં ભગવાન આવ્યા છે તે તારા દીકરાને જીવતો કરશે.'

રત્નાભાઈ સાવ ભોળા હૃદયના હતા. વળી, જુવાન દીકરો મરી ગયો તેથી ડૂબતો માણસ તણખલાને પણ ઝાલે, તેમ તે રડતાં રડતાં કેસરીસિંહ બાપુના ઘરે આવ્યા અને સંતો પાસે ધા નાખી. યોગી મહારાજ તો અતિ દયાળુ ! એમનાથી ચોધાર આંસુએ રડતા રત્નાભાઈનું દુઃખ જોવાયું નહીં. રત્નાભાઈએ કેસરીસિંહ બાપુને કહ્યું : 'મારો દીકરો ગુજરી ગયો છે તે પાછો અપાવો, કારણ કે ગામના માણસોએ કહ્યું છે કે તમારે ઘરે ભગવાન આવ્યા છે.'

ત્યારે બાપુએ કહ્યું : 'મારા ઘરે ભગવાન નહીં, પરંતુ ભગવાન જેને વશ છે એવા સાધુ આવ્યા છે, તે એમને લઈને આવું છું.'

સંતો હજુ ઠાકોરજીને બપોરનો થાળ જમાડવાની તૈયારીમાં હતા. પણ રત્નાભાઈની વાત સાંભળી યોગી મહારાજે તરત જ રસોડું બંધ કર્યું અને ધૂન કરતાં સંતો-હરિભક્તો સાથે રત્નાભાઈ લુહારના ઘરે આવ્યા. અહીં યોગી મહારાજે છોકરાના શરીરે હાથ ફેરવ્યો. તુંબડીમાંથી પાણી છાંટી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરી. થોડીવારમાં જ કુબેરભાઈ આળસ મરડીને બેઠા થયા.

રત્નાભાઈ તથા સર્વ કુટુંબીજનોના આનંદનો પાર ન રહ્યો. ઘડીભરમાં રોકકળ મટી ગઈ અને હર્ષોલ્લાસ થઈ ગયો. કોઈ ઉત્સવ જેવું વાતાવરણ થઈ ગયું. આખું ગામ ભેગું થઈ ગયું. સૌ સ્વામિનારાયણ ભગવાન તથા યોગી મહારાજનો જયઘોષ કરવા મંડી પડ્યા. દ્વેષીઓના હાથ હેઠા પડ્યા.

રત્નાભાઈ તથા તેમનાં સર્વ કુટુંબીજનોએ યોગી મહારાજ પાસે કંઠી બંધાવી. એમણે કુબેરભાઈને મહાકાળના પાશમાંથી છોડાવ્યા હતા. તેમને નિયમ આપ્યો કે તમારે ગમે તે કામ મૂકીને મંદિરે દર્શને જવું તેમજ કેસરીસિંહ પાસે કથાવાર્તા સાંભળવા જવું.

કુબેરભાઈએ આ આજ્ઞાનું જીવનભર પાલન કર્યું.

✧

એક વાર શાસ્ત્રીજી મહારાજ અડવાળ પધાર્યા હતા. બાપુભા સાહેબે વેડમીની રસોઈ આપી. શાસ્ત્રીજી મહારાજે જાતે સુંદર વેડમી બનાવી. બપોરે ૪ વાગ્યે યોગી મહારાજ બાજુના ગામડેથી આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજે આજે તેમને જમાડવાનો સંકલ્પ કર્યો હતો, પરંતુ યોગી મહારાજને આજે

ઉપવાસ હતો. સ્વામીશ્રીએ કહ્યું : 'તમારો ઉપવાસ પૂરો થયો. મારે તમને જમાડવા છે. જમી લ્યો.' એટલે યોગી મહારાજ પાત્ર લઈને જમવા બેસી ગયા. તેમની જોડના સાધુએ ઉપવાસ તોડ્યો નહીં. યોગી મહારાજને ગુરુની મરજીનો મહિમા હતો. શાસ્ત્રીજી મહારાજ એમને વેડમી પીરસવા લાગ્યા. યોગી મહારાજ ના પાડતા જાય પણ શાસ્ત્રીજી મહારાજ આગ્રહ કરી પીરસતા જાય. જેને ગુરુ-શિષ્યનો પ્રેમ નિહાળવાની દૃષ્ટિ છે, તેનો મહિમા છે, તેને માટે આ દર્શન ખરેખર દિવ્ય હતું ! તે દિવસે યોગી મહારાજને વેડમી જમાડીને શાસ્ત્રીજી મહારાજ અત્યંત તૃપ્ત થઈ ગયા !

ગુરુ-શિષ્યનો આત્મીય સંવાદ

સંવત ૧૯૯૩ના માગશર માસમાં રાજકોટમાં યોગી મહારાજને સારણગાંઠનું ઑપરેશન કરવાનું હતું. હીરજીભાઈ શેઠે હૉસ્પિટલમાં જુદી રૂમ રાખી સારામાં સારા ડૉક્ટર પાસે ઑપરેશનનો પ્રબંધ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજ એ વખતે ગોંડલમાં રહી, દૂધવટીનો પ્રયોગ કરતા હતા. એટલે દૂધ અને શેરડી જ જમતા. તેઓ ઑપરેશનને આગલે દિવસે રાજકોટ પધાર્યા. ઑપરેશનના દિવસે સવારમાં નાહી, પૂજાથી પરવારી, હૉસ્પિટલ જવા તૈયાર થયા. ઘોડાગાડી મગાવી હતી, પણ વાર થઈ એટલે આકળા થઈ ગયા. માથે રૂમાલ બાંધી જોડિયા સાધુને લઈને ચાલતા હૉસ્પિટલ ગયા. પોતાના અનન્ય ભક્તને મળવાની કેટલી તાલાવેલી !

એવી જ તાલાવેલી તે સમયે યોગી મહારાજને પણ શાસ્ત્રીજી મહારાજનાં દર્શનની હતી. તેમનાં દર્શન કર્યા વિના એમને ઑપરેશન થિયેટરમાં જવું ન હતું. ડૉક્ટરો ઉતાવળ કરતા હતા, પરંતુ એમની ચિત્તવૃત્તિ તો ગુરુહરિમાં જોડાઈ ગઈ હતી. તેથી શાસ્ત્રીજી મહારાજ પણ ઘોડાગાડીની રાહ કેમ જુએ ? ચાલતા હૉસ્પિટલ પહોંચ્યા અને તે જ સમયે યોગી મહારાજને સ્ટ્રેચરમાં સુવાડી ઑપરેશન થિયેટરમાં લઈ જતા હતા. એમણે સ્વામીશ્રીને દૂરથી ઉતાવળા આવતા જોયા. તેઓ સ્ટ્રેચરમાં બેઠા થઈ ગયા. એમનું ચાલ્યું હોત તો ઊઠીને દંડવત્ કરી લેત. સ્વામીશ્રી એમને જોઈને દોડ્યા. અંતરના ભાવથી મળ્યા. બંનેને પરસ્પર મળ્યાનો આનંદ થયો.

ઑપરેશન પછી યોગી મહારાજને એમની અલાયદી રૂમમાં લાવવામાં આવ્યા. ઘેનની અસર ઊતરી ન હતી. સ્વામી શાસ્ત્રીજી મહારાજ, હીરજીભાઈ,

મોરારજીભાઈ, પ્રભુદાસ શેઠ, દાજીબાપુ, ઝવેરકાકા વગેરે ઘેન ઊતરવાની રાહ જોતાં ધૂન કરતા હતા, પરંતુ ઘેન ઊતર્યું નહીં એટલે સર્જન એસ્પિનોલને બોલાવ્યા. હીરજીભાઈએ તેમને કહ્યું : ડૉક્ટર ! આ સાધુ એ સાર્વજનિક મૂડી છે, માટે બરાબર ધ્યાન રાખશો.'

બે કલાકે ઘેન ઊતર્યું એટલે યોગી મહારાજે માથું ફેરવ્યું. આંખો ઉઘાડી અને સામે જોયું તો શાસ્ત્રીજી મહારાજ મંદ મંદ હસતા ઊભા હતા. યોગી મહારાજે હાથ જોડી દીધા અને તરત જ પૂછ્યું : 'સ્વામીને દૂધ પાયું ?'

દૂધવટીનો પ્રયોગ કરતા શાસ્ત્રીજી મહારાજને દૂધ પાવાની સેવા યોગી મહારાજ કરતા. આ સેવાનું અનુસંધાન એમને સુષુપ્તિ અવસ્થામાં પણ અખંડ હતું. પરાભક્તિની આ અપૂર્વ સ્થિતિમાં ઇષ્ટનું અવિચ્છિન્ન અનુસંધાન રહે તે ગુણાતીત સ્થિતિની પરાકાષ્ઠા છે. જેમના અંતરમાં પોતાના ઈષ્ટદેવ સિવાય અન્ય કોઈ અનુસંધાન નથી, એ જ અક્ષરનું સાચું અને શુદ્ધ સ્વરૂપ કહેવાય !

આ ઑપરેશન સમયે હૉસ્પિટલમાં એમની સેવામાં નાગરદાસ રાજગુરુ નામે હરિભક્ત હતા. હૉસ્પિટલમાં જ તેમની નોકરી હતી. તેથી આ તક તેમને સહેજે મળી ગઈ. યોગી મહારાજનો મહિમા તેમણે હૉસ્પિટલના સર્જન સાહેબને સમજાવ્યો. તેથી સર્જન પણ બહુ પ્રભાવિત થયા હતા. અન્ય પાદરીઓને જે સગવડ મળતી તે બધી સગવડ યોગી મહારાજ માટે આપી અને એમની વિનામૂલ્યે સારવાર કરી.

યોગી મહારાજે બીમાર હોવા છતાં વસંત પંચમીનો સમૈયો હૉસ્પિટલમાં ઊજવ્યો અને શાસ્ત્રીજી મહારાજના ગુણોનું ગાન કર્યું.

એમણે હૉસ્પિટલમાંથી વિદાય લીધી ત્યારે સર્જન સાહેબ, અન્ય ડૉક્ટરો તથા સ્ટાફના માણસોને એમની સાથે અત્યંત આત્મીયતા થઈ ગઈ હતી. જાણે પોતાના નિકટના સગા-આત્મીય સ્વજનને વિદાય આપતા હોય તેવી લાગણી સૌએ અનુભવી અને સૌની આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં.

નાગરદાસે સર્જન સાહેબનો મહિમા સમજાવ્યો તેથી શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ તથા સંતો તેમના ઉપર ઘણા રાજી થઈ ગયા.

આ પછી રાજકોટમાં જ દોઢેક માસ આરામ કર્યો. બાદ ગોંડલ પધાર્યા.

✧

સ્વામી શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજ વચ્ચે સંપૂર્ણ ઐક્ય હતું. યોગી મહારાજને પણ શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં શ્રીજી જ સ્વયં દેખાતા.

તેથી એમના શબ્દે શબ્દને તેઓ અનુસરતા હતા. શાસ્ત્રીજી મહારાજે એમને એક વાર કહ્યું : 'આ દરબારોની સરભરા તમારે કરવી.'

ત્યારથી જ યોગીજી મહારાજે આ સેવા ઉપાડી લીધી હતી. એમની નિર્મળ, પ્રેમાળ આંખોમાંથી સૌને માટે એકધારો પ્રેમ વરસતો. આ દરબારોને જ્યારે તેઓ આગ્રહપૂર્વક ગરમાગરમ ફૂલકાંઓ જમાડતા, ત્યારે આ ફૂલકાં યોગી મહારાજ જાતે બનાવે છે એવું જાણવા છતાં દરબારોથી વધુ પડતું જમાઈ જતું. તેમને આસન-પથારી કરી દે, ઊને પાણીએ નવરાવે અને ઘણી વખત લૂગડાં પણ ધોઈ દે. એવી સેવા ભગવાનના ભક્તને ભગવત્‌સ્વરૂપ જાણી તેઓ કરતા.

એક વખત ગોંડલમાં કેટલાક દરબારોએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'યોગી મહારાજ સભામાં દેખાતા જ નથી. તેમને કોઈ વખત તો સભામાં બેસાડો.'

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : 'તમે ઊની રોટલી ખાવાનો સ્વાદ મૂકી દ્યો તો જોગી સભામાં બેસે ને !'

યોગીજી મહારાજની સેવાવૃત્તિથી સૌ અવાક્ બની ગયા.

✧

કાનમમાં વિચરણ કરી શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ જતા હતા.

એવામાં ઘનશ્યામ સ્વામી ચાણસદના મોતીભાઈના પુત્ર શાંતિલાલને લઈ બોચાસણ થઈ વાસદ સ્ટેશને આવી પહોંચ્યા. સુશીલ અને આકર્ષક સૌમ્યતા ધરાવતા આ કિશોરને જોઈ યોગી મહારાજ ખૂબ રાજી થયા.

આજે તો આ કિશોરે પણ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી ત્યાગના પંથે પ્રયાણ કર્યું હતું. તેથી યોગી મહારાજને કેમ ઉમળકો ન આવે ? એમણે શાસ્ત્રીજી મહારાજ સામે જોઈ કહ્યું : 'સ્વામી ! ચાણસદથી મુક્ત આવ્યા !'

શાસ્ત્રીજી મહારાજ પણ એમના પર ખૂબ રાજી થયા.

સૌ અમદાવાદ જવા નીકળ્યા.[૨૫]

અમદાવાદના શેઠ નંદુલાલ મંછારામને આ અરસામાં અનિદ્રાનો રોગ

---

૨૫. ટૂંક સમયમાં જ શાંતિલાલને અમદાવાદમાં સંવત ૧૯૯૬, કાર્તિક સુદિ ૧૧, તા. ૨૨-૧૧-'૩૯, બુધવારના રોજ પાર્ષદી દીક્ષા આપી. ત્યારપછી તા. ૧૦-૧-'૪૦ પોષ સુદ ૧ના દિવસે ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી 'નારાયણસ્વરૂપદાસજી' નામાભિધાન કર્યું. શાસ્ત્રીજી મહારાજે એમને પોતાના ઉત્તરાધિકારી નીમી સંસ્થાના પ્રમુખ બનાવ્યા, ત્યારથી 'પ્રમુખસ્વામી'ના હુલામણા નામે ઓળખાતા આજે તેઓ પ્રગટ ગુરુહરિ રૂપે બિરાજી અનંતના જીવનપ્રાણ બન્યા છે.

લાગુ પડ્યો હતો. શાસ્ત્રીજી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા હતા કે 'તમારું દર્દ મટી જશે. યોગી મહારાજ તથા સાધુ ભગવત્સ્વરૂપદાસ તમારી પાસે રહેશે.'

વળી, યોગી મહારાજને પણ આજ્ઞા કરી હતી કે 'શેઠની પાસે રહેવું અને ભજન-કીર્તન કરવાં.' આથી યોગી મહારાજને અમદાવાદ રોકાવાનું થયું હતું. પોતાના બંગલામાં જ સંતોની રહેવાની વ્યવસ્થા કરી હતી. તેમને ત્યાં બ્રાહ્મણ રસોઈયો હોવા છતાં યોગી મહારાજ જાતે જ રસોઈ બનાવતા.

બંને સંતો રોજ રાત્રે કથાવાર્તા કરતા. ભગવત્સ્વરૂપદાસ સ્વામી કીર્તનો ગાતા. અને યોગી મહારાજની તો શી વાત કરવી ? અમદાવાદનું સત્સંગ મંડળ પણ કથા-કીર્તનનો લાભ લેતું. નંદુલાલ શેઠ આ દિવ્ય શાંતિનો અનુભવ કરતાં ભગવદ્‌ભજનમાં લીન થઈ જતા અને રાત્રે તેમને ઊંઘ પણ આવી જતી !

આમ, એક મહિનો અહીં રહ્યા. શેઠનો અનિદ્રાનો રોગ દૂર થઈ ગયો અને તેમના અંતર પર આ પ્રેમાળ સંતની અમીટ છાપ પડી.

બ્રહ્મભાવની નજરેથી

યોગી મહારાજ જ્યારે બોચાસણ, સારંગપુર કે ગોંડલ પધારે, ત્યારે ત્યાં નવદીક્ષિત સંત-પાર્ષદોને ખાસ મળે. તેમની સાથે હેત કરે અને ત્યાગી જીવનને અનુરૂપ શીખ પણ આપે. પાટણાના જેઠા ભગત[૨૬] સારંગપુરમાં સેવા કરતા હતા. તેમના સંબંધી તેમને અવારનવાર ઉપાધિ કરતા. તેથી એક વાર યોગી મહારાજે તેમને કહ્યું : 'આપણે દૃઢતા રાખવી. સંબંધી ગમે તે સ્વાર્થ માટે કહે પણ આપણે માનવું નહીં. જો કોઈ લેવા આવે તો ગોંડલ આવજો. ત્યાં છેટે કોઈ આવી શકે નહીં.' એમ કહી વાંસામાં ધબ્બો આપીને કહે : 'ગુરુ, રાજી રહેવું.' એમ કહેતાં તેમનો હાથ દબાવી, કાનમાં આંગળી ફેરવતાં કહે : 'બહુ બળિયા.'

જેઠા ભગત કહે : 'સ્વામી ! હું તો શિષ્ય ગણાઉં. તમે મને 'ગુરુ' કેમ કહો છો ?'

યોગી મહારાજ દીનભાવે કહે : 'હું તો સૌમાં ગુણાતીતભાવ લાવીને મહારાજને દેખું છું, તેથી 'ગુરુ' કહું છું.'

જેમની આંખો અને હૃદય ક્યારેય જગતના આવરણથી આવરાયાં ન હોય એ પુરુષને બ્રહ્મદૃષ્ટિ સિવાય બીજું શું હોય ?

❀ ❀ ❀

---

૨૬. અક્ષરનિવાસી પૂજ્ય સનાતન સ્વામી, સારંગપુર.

અક્ષર દેરીની હૂંડી નવખંડમાં



ગોંડલ મંદિરના કામકાજમાં જે કડિયાઓ કામ કરતા તેમને અમાસના દિવસે પગાર ચૂકવાતો. અમાસના બે-ત્રણ દિવસ પહેલાં દરબાર હકાભાઈ ખાચર ગાર-માટીના ખોરડામાં બેસીને નામું લખતા હતા. સામે ગોદડી પર બેસીને યોગી મહારાજ ટપાલ લખતા હતા. એવામાં હકાભાઈથી એમના ઉતાવળા સ્વભાવને લીધે અને બે-ત્રણ દિવસ પછી કડિયાઓ પગારનો તકાદો કરશે ત્યારે શું આપીશું એની ચિંતામાં ને ચિંતામાં હિસાબના ચોપડા પર શાહી ઢોળાઈ ગઈ. તેઓ ઝંખવાણા પડી ગયા. યોગી મહારાજે આ જોયું. તરત જ તેઓ બોલી ઊઠ્યા : 'અહોહો ! હકાભાઈ ! આ તો શુકન થયા શુકન ! ભારે કામ થઈ ગયું !' યોગી મહારાજના નિર્દોષ મુખારવિંદમાંથી આનંદ નીતરતો હતો. એમને હસતાં જોઈ હકાભાઈ પણ હસી પડ્યા.

થોડીવારે યોગી મહારાજ પાસે હકાભાઈ ફરીથી હિસાબ તૈયાર કરીને આવ્યા અને અમાસ આવતી હોવાને કારણે કડિયાઓના પગાર અંગેની રકમનું શું કરવું એ પૂછ્યું. તે વખતે એટલી રકમની પણ સગવડ ન થતી. તેથી યોગી મહારાજે હિસાબનો કાગળ હાથમાં લીધો અને પછી લાલ શાહીથી એ કાગળમાં લખ્યું : 'હે સ્વામી ! હે મહારાજ ! હે દયાળુ ! આ કડિયાના પગારની રકમ જલદી મોકલો. આ તો આપનું કામ છે.' આટલું લખીને એમણે કાગળ હકાભાઈને પાછો આપ્યો. હકાભાઈએ કાગળ વાંચ્યો અને રમૂજ થઈ કે આમ તે કાંઈ પૈસા આવતા હશે ? ત્યાં તો યોગી મહારાજે કહ્યું : 'ચાલો બાપુ ! દેરીએ. ધૂન કરીએ તો સ્વામી હૂંડી મોકલશે.'

પછી હકાભાઈ યોગી મહારાજની સાથે દેરીમાં આવ્યા. ત્યાં ચરણારવિંદ પર કાગળ મૂકીને તેના પર પુષ્પ ચડાવ્યાં અને એકાગ્ર થઈને નીચે બેઠાં બેઠાં ધૂન કરવા લાગ્યા. લગભગ બે કલાક ધૂન ચાલી. હકાભાઈની ધીરજ તો ક્યારનીય

ખૂટી ગઈ હતી, પણ યોગી મહારાજ તો આંખો મીંચીને ધૂન કર્યે જ જતા હતા.

બરોબર બપોરે ૧૨ના ટકોરે રાજકોટથી મોરારજીભાઈ શેઠ આવ્યા. 'જ્ઞાનજી સ્વામી ક્યાં છે ?' એમ પૂછતાં તેઓ દેરીમાં દાખલ થયા. યોગી મહારાજ હજી ધૂન કરતા હતા. શેઠ આવતાં એમણે આંખો ઉઘાડી. શેઠે એમનાં ચરણોમાં પ્રણામ કરી વાત કરી કે 'સ્વામી ! તિથિ બંધાવવાની છે. તે લ્યો આ તેરસો રૂપિયા.'

હકાભાઈ સામું જોઈ યોગી મહારાજે કહ્યું : 'જાઓ, હકાભાઈ ! શેઠને પહોંચ ફાડી આપો. આ તો સ્વામીએ હૂંડી મોકલી છે.'

આ યોગી સ્વામી જરૂર ચમત્કારી છે, એવો મનમાં વિચાર કરતાં કરતાં હકાભાઈ ઑફિસમાં ગયા ને પહોંચ લખી. ત્યાં તો વીમા રજિસ્ટરથી એક કવર આવ્યું. ખોલીને જોયું તો શાસ્ત્રીજી મહારાજે બે હજાર રૂપિયા મોકલ્યા હતા. હકાભાઈ તો દોડતાં દોડતાં યોગી મહારાજ પાસે ગયા અને આ વાત કરી. એટલે તેઓ માથે હાથ ઘસતાં હસી પડ્યા અને કહ્યું : 'જાઓ, હવે એમાંથી કડિયાઓના પગાર ચૂકવી દેજો. ગુણાતીત બાપા બેઠા છે, એમની હૂંડી નવ ખંડમાં ચાલે છે.'

હકાભાઈને થયું કે યોગી મહારાજના સંકલ્પોમાં કેવું બળ છે ! સવારની મહાપૂજામાં યોગી મહારાજ અને પોતે એમ બે જણ હોય અને સિલકમાં કાંઈ ન હોય ત્યારે મન ફરી પાછું પડી જાય. પણ આવા પ્રસંગે એમનું સામર્થ્ય સહેજે જણાઈ આવતું.

જોગીનો 'સંકલ્પ જોગ'

મોટા અક્ષર સ્વામીની દેખરેખ હેઠળ ગોંડલ મંદિરનું તથા ઉતારાનું કામ ચાલતું હતું. કોઠારી તરીકે અક્ષરસ્વરૂપ સ્વામી હતા. હકાભાઈ નામું લખતા.

સૌ સંત-હરિભક્તો નિત્ય ગોંડલી નદીએ નહાવા જાય. તે સમયે ગોંડલી પર ઘાટ નહોતો. હકાભાઈને ઠંડા પાણીએ નહાવાનું ફાવે નહિ એટલે યોગી મહારાજ રોજ એમના માટે ગરમ પાણી કરી આપતા. અત્યારે ગૌશાળા પાસે જે આંબલી છે તે આંબલી નીચે યોગી મહારાજ સવારના વહેલા જાતે ચૂલો ફૂંકી ડબ્બામાં ગરમ પાણી મૂકતા. એમને મન શાસ્ત્રીજી મહારાજના આવા સંબંધવાળા ભક્તનો તેમજ આજ્ઞાથી આવી સેવા કરનારનો અનન્ય મહિમા હતો.

એ વખતે મંદિરમાં સાત કે આઠ જ સંતો હતા. યોગી મહારાજ વહેલા

ઊઠીને પ્રભાતિયાં બોલે. ઠાકોરજીની મંગળા આરતીમાં પહોંચી જાય અને આરતી બાદ મહાપૂજા કરે. પછી રસોઈ આદરે. થાળ કરીને બધા સંત-હરિભક્તોને જમાડીને બહાર બેસીને રાહ જુએ. બપોરની ટ્રેન જતી રહે અને એમાં જો કોઈ આવે તો તેને જમાડીને પછી જ જમે, પછી વાસણ માંજે, મંદિરની બીજી ક્રિયા કરે. સાંજે વળી ઠાકોરજીનો થાળ કરી સંધ્યા આરતી બાદ ઠાકોરજી આગળ એક પગે ઊભા રહીને એકાવન માળા ફેરવે. માળા પૂરી થાય પછી તાળી વગાડીને ઉચ્ચ સ્વરે ધૂન કરે.

એમની ધૂનનો નાદ સાંભળી ગણ્યાગાંઠ્યા ત્યાં આવેલા હરિભક્તો મંદિરમાં આવી જાય. ધૂનમાં તેઓ ગામોગામના બધા હરિભક્તોનાં વારાફરતી નામ લઈને બધાના દેશકાળ સુધરી જાય એમ પ્રાર્થના કરે.

અને દરરોજ ત્રણ સંકલ્પો કરે :

(૧) આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય, (૨) સાધુ વધી જાય અને (૩) રૂપિયાના ઢગલા થાય, જેથી મંદિરોનાં કાર્ય પૂરાં થાય.

હકાભાઈ રોજ આ ક્રમ નિહાળે. સહેજ શ્યામવર્ણા, સૂકલકડી કાયાવાળા, બ્રહ્મતેજથી ઓપતા, ધૂનમાં લીન આ સાધુને જોઈ હકાભાઈને નવાઈ લાગતી. હકાભાઈ નામું લખતા એટલે તેમને ખ્યાલ હતો કે સિલકમાં આઠ આના જ છે, ત્યાં રૂપિયાના ઢગલા ક્યાંથી થવાના છે ? પરંતુ યોગી મહારાજના સંકલ્પની શક્તિનો એમને ખ્યાલ ન હતો.

એક વખત શાસ્ત્રીજી મહારાજ ગોંડલ પધાર્યા ત્યારે હકાભાઈને ખબર-અંતર પૂછ્યા. શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજના સાન્નિધ્યનો મહિમા કહ્યો : 'હકાભાઈ ! તમારાં મોટાં ભાગ્ય છે કે તમને આ દેરીની સેવા મળી અને આ જોગી જેવા સંતનો સમાગમ મળ્યો. જોગીને રાજી કરી લેજો.'

'બાપા ! સેવા તો આપની કૃપાથી થાય છે. પણ મને બે-ત્રણ પ્રશ્ન થાય છે.'

'પૂછ.' શાસ્ત્રીજી મહારાજે કહ્યું.

'બાપા !' હકાભાઈએ યોગી મહારાજના સંકલ્પોની વાત કરતાં કહ્યું : 'આ જોગી સ્વામી રોજ સાંજે આરતી પછી સંકલ્પો કરે છે કે આખા બ્રહ્માંડમાં સત્સંગ થઈ જાય. પણ મંદિરમાં ગોંડલમાંથી બે લુહાર હરિભક્તો કેશવજી અને નારણભાઈ રોજ સાંજે દેરીએ દીવો કરવા આવે છે. ત્રીજા વીરમજીભાઈ અને ચોથા માવજી લુહાર. આ ચારથી પાંચમું કોઈ મંદિરે ડોકાતું નથી અને કદાચ આવે તો બહારગામથી આવે તે. આમાં બ્રહ્માંડમાં સત્સંગ કેવી રીતે થાશે ?'

હકાભાઈએ વાત ચાલુ રાખી : 'વળી બીજો સંકલ્પ કરે કે સાધુ વધી જાય. અહીં જે કાંઈ સાત-આઠ સાધુ છે તેમાંથીય બે-ત્રણ આપની સાથે ગુજરાત જવાની વાત કરે છે. અને હું નામું લખું છું તે મને ખ્યાલ છે કે સિલક કેટલી છે ? તેમાં રૂપિયાના ઢગલા ક્યાંથી થવાના છે ?'

શાસ્ત્રીજી મહારાજ આ સાંભળી હસ્યા. જોગીના સંકલ્પની જીવને શું ખબર પડે ? શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'હકાભાઈ ! આ જોગી તો અનાદિના જોગી છે, વચનસિદ્ધ સંત છે. એ જે સંકલ્પ કરે તે સ્વામી-શ્રીજીને પૂરા કરવા પડે એવું એમનું દિવ્ય સ્વરૂપ છે. તે એમના આ સંકલ્પો તમે તમારી નજરે પૂરા થયેલા જોશો.' એમ કહી શાસ્ત્રીજી મહારાજે હકાભાઈને આશીર્વાદ આપ્યા.

પછી મંદિરનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચનાઓ આપી. હકાભાઈ જોગીનો 'સંકલ્પ જોગ' વિચારતાં સેવામાં ચાલ્યા ગયા.

ઉપવાસમાં અમૃતના ઓડકાર

એવામાં એક હરિભક્ત રસોઈ આપવા આવ્યા. શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને બોલાવી તે બાબત જણાવી. રસોઈ, થાળ, આરતી, પૂજા, મહાપૂજા, સરભરા કે કોઈપણ પ્રવૃત્તિમાં શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજને આગળ કરી દેતા. રસોઈવાળા હરિભક્ત યોગી મહારાજે બનાવેલ ઠાકોરજીના થાળથી ખૂબ રાજી થઈ ગયા. યોગી મહારાજે પણ તેમને પણ પ્રેમથી જમાડ્યા. સૌ જમી જમીને બપોરની કથામાં બેસી ગયા.

શાસ્ત્રીજી મહારાજે ચાલુ સભાએ પૂછ્યું : 'જોગીમહારાજ ક્યાં છે ?' કોઈ બોલ્યું નહીં. ફરી પૂછ્યું : 'તેઓ જમ્યા કે નહીં તેની તપાસ કરો.' એમ કહી બે-ત્રણ હરિભક્તોને મોકલ્યા. તપાસ કરી ત્યારે યોગી મહારાજ જે ઓરડામાં રસોઈ થતી તેના બહારના ભાગમાં વાસણ ઊટકતા હતા.

હરિભક્તોએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે પુછાવ્યું છે કે તમે જમ્યા ?'

યોગી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'આજે મારે ઉપવાસ છે !'

હરિભક્તો તો દિગ્મૂઢ થઈ ગયા કે ધન્ય છે આ તપસ્વીને ! કારણ કે આજે બારસ હતી ! એકાદશીનો નિર્જળા ઉપવાસ તો કર્યો જ હતો. યોગી મહારાજે આવા બબ્બે ઉપવાસ તો કેટલીયે વાર કોઈને જણાવા દીધા વગર કર્યા હશે ! આ તો શાસ્ત્રીજી મહારાજે નિમિત્ત ઊભું કરી સૌને જણાવ્યું કે જેને આપણે 'જોગી' કહીએ છીએ તે કેવળ નામના નથી. હરિભક્તોએ જ્યારે

શાસ્ત્રીજી મહારાજને વાત કરી અને ઉપવાસ ન કરવા દેવા પ્રાર્થના કરી, ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'તમને આવું થાય છે, પણ જોગીના ચહેરા ઉપર જુઓ, બશેર લોહી ચડ્યું હોય તેવો આનંદ દેખાય છે ! આ તો જૂનાગઢના જોગી છે. એમને તો ઉપવાસને દિવસે અમૃતના ઓડકાર આવે છે.'

શાસ્ત્રીજી મહારાજના આ જવાબથી સૌનાં મસ્તક 'જોગી'નાં ચરણે આદરથી ઝૂકી ગયાં. શ્રીજીમહારાજે વચનામૃતમાં તપના ઈશકની જે વાત કરી છે તે ઈશકને આત્મસાત્ કરી, તપે કરીને ઈષ્ટદેવ-ગુરુને રાજી કરવા એ જ એમની રુચિ હતી. તેથી વારંવાર ભૂખ-તરસને સહન કરી, દેહદમન કરી, આકરું તપ કરતા.

મહારાજાને 'જોગી'ની સાધુતાનું ગૌરવ

ગોંડલ નરેશ ભગવત્સિંહજી ઈગ્લેન્ડમાં ભણેલા. તેમણે ઘણા સુધારા રાજ્યમાં દાખલ કર્યા હતા. મકાનોના પ્લાનમાં તેઓ ચારેબાજુએ ખુલ્લી જગ્યા રખાવતા. અક્ષર મંદિરમાં સભામંડપનું બાંધકામ શરૂ થયું ત્યારે રાજ્ય તરફથી ફરમાન થયું કે ૧૨૫ ફૂટ જગ્યા ચોતરફ ખુલ્લી રાખવી. શાસ્ત્રીજી મહારાજ કહે : 'આપણે સભામંડપ કરવો છે, તેથી આટલો ભાગ ખુલ્લો રાખી શકીએ નહીં.'

પરતુ મહારાજાનો હુકમ હોવાથી દીવાન સાહેબ કે રાજ્યના એન્જિનિયર પણ કાંઈક ફેરફાર કે દલીલ કરતાં ડરતા, કારણ કે મહારાજા પોતાની ધોરણસરની કાર્યવાહીમાં કોઈ વિક્ષેપ બરદાસ્ત કરતા નહીં અને કોઈની શેહશરમ રાખતા નહીં. દરેક નિયમમાં કડક અને ચુસ્ત રહેતા.

યોગી મહારાજ સાથે મહારાજાને બહુ હેત. તેથી શાસ્ત્રીજી મહારાજે આ અંગે યોગી મહારાજને મહારાજાને મળવા જવા કહ્યું અને વિગતથી વાત થઈ શકે તે માટે નિર્ગુણદાસ સ્વામી તથા હકાભાઈને સાથે મોકલ્યા.

મહારાજા સંતોનાં દર્શન કરી બહુ રાજી થયા. શાસ્ત્રીજી મહારાજના ખબર-અંતર જાણી આગમનનું કારણ પૂછ્યું. નિર્ગુણદાસ સ્વામી મહારાજાને કહે : 'અમે મંદિર ફરતી ૧૨૫ ફૂટ જેટલી જમીન ખુલ્લી નહીં મૂકી શકીએ. એમાં અમારે પાછળથી જગ્યાની ઘણી અગવડ પડે એમ છે.'

આ વાતથી તેઓ ગંભીર બની ગયા અને બોલ્યા : 'મારા રાજ્યમાં ધોરણસર કામ સિવાય કોઈ કામ થઈ શકતું નથી. માટે એ બાબતમાં હું લાચાર છું.'

ત્યારે નિર્ગુણદાસ સ્વામી કહે : 'અમે લાખો રૂપિયા દેશાવરમાંથી લાવી

અહીં તમારા રાજ્યમાં પાથરીએ છીએ. વળી, અક્ષર મંદિરના મહિમાથી દેશ-વિદેશમાં રાજ્યની અને ગોંડલની પ્રતિષ્ઠા વધે છે. તેથી આ કાર્યમાં તમારે સહકાર આપવો જોઈએ.'

મહારાજા નિર્ગુણદાસ સ્વામીની વાક્‌છટાથી પ્રભાવિત થઈ ગયા. તેમણે યોગી મહારાજ સામે જોયું. સાધુતાની મૂર્તિ સમા યોગી મહારાજમાં મહારાજાને ખૂબ શ્રદ્ધા હતી. તેઓ એમના મુખની વાણી સાંભળવા આતુર હતા. ત્યારે નિર્ગુણદાસ સ્વામી બોલ્યા : 'આપને યોગી મહારાજમાં સ્નેહ છે તો એમને રાજી કરો. તેઓ આપને કહી નથી શકતા, તેથી શાસ્ત્રીજી મહારાજે અમને મોકલ્યા છે.'

હવે મહારાજાને નમતું મૂક્યા વિના છૂટકો ન હતો. છેવટે તેમણે ૭૫ ફૂટ જેટલી જગ્યા ખુલ્લી મૂકવી તેવો નિર્ણય કર્યો અને બોલ્યા : 'અમારા યોગી મહારાજની સાધુતાથી હું ગૌરવ અનુભવું છું કે મારા રાજ્યમાં આવા દયાળુ ઈશ્વરમૂર્તિ સંતપુરુષ રહે છે.'

યોગી મહારાજનો મહિમા મહારાજાના મુખે સાંભળી નિર્ગુણદાસ સ્વામી તથા હકાભાઈ પણ રાજી થયા. સૌએ મંદિરે આવી શાસ્ત્રીજી મહારાજને સઘળી વાત કહી. એમની ઇચ્છા પૂર્ણ થતાં તેઓ પણ ઘણા પ્રસન્ન થયા.

✧

અક્ષર મંદિરમાં ધર્મસ્વરૂપદાસ નામે વૃદ્ધ સાધુ હતા. તેઓ ખૂબ સેવા કરતા. વાસણ ઊટક્યા વગરનાં પડ્યાં હોય ત્યારે એક ઓરડીમાં ભરી લે. પછી અંદરથી કમાડ વાસી યોગી મહારાજ તથા આ સાધુ બંને વાસણ માંજી લે. બપોરે ૩-૩૦ વાગે વાસણ ઘસાઈને તૈયાર પડ્યાં હોય ! વાસણ માંજવાનો જેનો વારો હોય તે પૂછે : 'આજે કોણે વાસણ ઘસ્યાં ?' ત્યારે યોગી મહારાજ હસીને જવાબ આપે : 'કોણ જાણે ? દેવતાઓ આવીને ઘસી ગયા હશે !'

બપોરે એકના સુમારે વીરમગામ તરફથી વેરાવળ જતી ટ્રેન આવતી. વળી, દોઢ વાગે વેરાવળથી વીરમગામ તરફ જતી ટ્રેન આવતી. તેમાં યાત્રાળુ હરિભક્તો અક્ષર દેરીએ દર્શન માટે ઊભરતા. યોગી મહારાજ સભામંડપના થાંભલા પાસે હરિભક્તોની વાટ જોઈને ઊભા રહેતા. ભક્તોના દર્શન થતા એમને અવર્ણનીય આનંદ થતો. જે દિવસે વધારે હરિભક્તો હોય, તે દિવસે એમને જાણે દિવાળી ! મનમાં ને મનમાં તેઓ વિચારતા : 'આજે વધારે સેવા કરવા મળશે !' સૌને ખૂબ તાણ કરી જમાડીને તૃપ્ત કરતા. જે દિવસે એક પણ

હરિભક્ત ન હોય, તે દિવસે યોગી મહારાજ જમી શકતા નહીં. એમના અંતરમાં થતું : 'આજે કોઈ ભગવદ્ ભક્ત નથી. હું કોને જમાડીશ ?' એમ દુઃખ થતું. કનકપાત્રમાં જ સિંહણનું દૂધ રહી શકે. તેમ આવી ગુણાતીત ભક્તિ, વિશુદ્ધ અને સર્વોચ્ચ કનકપાત્ર-અક્ષરપાત્ર યોગી મહારાજમાં છલોછલ ભરાયેલી રહેતી.

ઉપાસના-કાર્યની સ્પષ્ટતા

અક્ષર દેરી, અક્ષર મંદિર અને અક્ષરનો અપરિમિત મહિમા સમજનાર અને બ્રહ્મસ્થિતિને ધારનાર સતવર્ય 'જોગી મહારાજ'નો મહિમા પણ પ્રસરતો જતો હતો. શાસ્ત્રીજી મહારાજ પણ દરેક સમૈયે યોગી મહારાજને અચૂક બોલાવતા.

ભાદરવા માસમાં સારંગપુરમાં જળઝીલણીના સમૈયા પ્રસંગે યોગી મહારાજ સંતમંડળ સાથે સારંગપુર પધાર્યા. અહીં એક વિદ્વાન મુમુક્ષુ રવિશંકર જોશીને શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ પ્રત્યે ખૂબ સદ્ભાવ થયો હતો. જ્ઞાનગોષ્ઠિ કરતાં તેમણે યોગી મહારાજને પૂછ્યું : 'જૂના સંપ્રદાયથી આપ જુદા પડો છો. તેઓ સ્વામિનારાયણને પરમાત્મા માની ઉપાસે છે; અને તમારો સંપ્રદાય ગુરુને જ મુખ્ય માને છે. 'गुरुः साक्षात् परं ब्रह्म'નો સિદ્ધાંત આપે અપનાવેલ છે, એમ મને જૂના સંપ્રદાયના સત્સંગી મિત્રો તરફથી જાણવા મળેલ છે. આ બાબતમાં આપનું શું કહેવું છે? તમારો સંપ્રદાય જૂના સંપ્રદાયની સ્પર્ધા કરે છે એવું પણ કહેવામાં આવે છે. જો આ સાચું હોય તો મને એ અશિષ્ટ અને અરુચિકર લાગે છે ! એક ગામમાં સંપ્રદાયનું એક મંદિર હોય તો ત્યાં બીજું મંદિર શા માટે બાંધવું ?'

તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં યોગી મહારાજે કહ્યું :

'આ સંપ્રદાયમાં સહજાનંદ સ્વામી એક જ ભગવાન છે. શ્રીજીમહારાજને છોડીને કંઈ વાત થાય તો 'એક રતિ બિન, એક રતિ કો.' ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે. તેથી સ્વામી એ અક્ષર અને નારાયણ એ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી. શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજની સાથે સ્વામીની મૂર્તિ પધરાવી દીધી. ભક્તે સહિત ભગવાન. પરોક્ષના સંપ્રદાયમાં બધે જ ભક્તે સહિત ભગવાનની ઉપાસના છે.

'પણ ગુરુ એ મોક્ષનું દ્વાર છે. ગુરુ ભગવાનનો સાક્ષાત્ સંબંધ કરાવે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિવાળા ગુરુ એકાંતિક છે અને તે

દ્વારા શ્રીજીમહારાજ આ સત્સંગમાં પ્રગટ છે. એમ શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં ચોખ્ખી વાત કરી છે. શાસ્ત્રીજી મહારાજ એવા એકાંતિક પુરુષ છે.

'શ્રીજીમહારાજે જ્યાં જ્યાં મંદિરો કરવા સંકલ્પ કરેલો કે મારા અનાદિ ભક્તે સહિત મારે અહીં બેસવું છે; તો એ અનાદિ ભક્ત એ જ ગુણાતીતાનંદ સ્વામી અને પોતે તો ભગવાન હતા; પરંતુ એ વખતના દેશકાળને લઈને આ બન્યું નહીં. તેથી શાસ્ત્રીજી મહારાજ દ્વારા એ સંકલ્પ મહારાજે પૂરો કર્યો. એટલે એમાં સ્પર્ધા ક્યાં આવી ? મહારાજને બેસવું હતું તો બેઠા. વિઘ્નો બહુ આવ્યાં પણ સ્વામીએ મંદિરો કરવાનું કાર્ય છોડ્યું નહીં. આ મંદિરો શ્રીજી-મહારાજના સંકલ્પે બન્યાં છે. માટે પ્રોફેસર સાહેબ, આપણે તો ભક્તિ કરી લેવી.' એમ કહી માળા ઊંચી કરીને લટકું કરતાં ફેરવી બતાવી અને કહે : 'માળા ફેરવી લેવી અને એવા એકાંતિક સાધુમાં જીવ જોડી દેવો. આટલું કરવાનું છે.' એમ કહી પ્રોફેસરની આંખ સાથે આંખ મેળવી સૂચક દૃષ્ટિ કરી.

સ્વામીની નિર્દોષ વાણી સાંભળીને પ્રૉ. રવિશંકર જોશીની શંકાનું સમાધાન થઈ ગયું અને તેમને પ્રતીતિ થઈ ગઈ કે શાસ્ત્રીજી મહારાજ જેવા પરમ એકાંતિક સત્પુરુષ દ્વારા જ શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ છે. અને સત્સંગ-વૃદ્ધિનું કાર્ય કરી રહ્યા છે. માટે આજ સુધી મેં સાંભળેલી વાતો તદ્દન પાયા વગરની અને મુમુક્ષુઓને અવળે માર્ગે દોરનારી હતી.

યોગી મહારાજના ખુલાસાથી તેમનું અંતર પરમ શાંતિ અનુભવવા લાગ્યું અને તેમના બધા સંશયો નિર્મૂળ થઈ ગયા.

સારંગપુરમાં જળઝીલણીનો ઉત્સવ ખૂબ સારો ઊજવાયો.

ઠાકોરજી પ્રત્યક્ષ આરોગે છે

આ સમૈયામા ભાવનગરનું સત્સગ મડળ આવ્યું હતું. સમૈયા બાદ શાસ્ત્રીજી મહારાજને ભાવનગર લઈ જવા સૌની ઇચ્છા હતી. તેથી સમૈયો પૂરો થયા પછી ભક્તરાજ કુબેરભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'દયાળુ ! આપ ભાવનગર પધારો તો અમને સૌને સત્સંગનો લાભ મળે.'

સ્વામીશ્રીએ તેમનો ભાવ જોઈ હસતાં હસતાં કહ્યું : 'મારી તબિયત નરમ છે. એટલે મારે બદલે આ જોગી મહારાજને તમે લઈ જાઓ. હું તેમાં આવી ગયો.'

ભાવનગરના આ સત્સગ મંડળને તો સ્વામીશ્રીની આજ્ઞા અને

અનુવૃત્તિમાં જ સદા આનંદ મળતો. વળી, જોગી મહારાજ જેવા ગુણાતીત સંતને વિશે પણ તેમને અસાધારણ હેત હતું. તેથી શાસ્ત્રીજી મહારાજના આ સૂચનથી તેઓ સૌ રાજી થયા.

સ્વામીશ્રીની આજ્ઞાથી જોગી મહારાજ બે સંતો લઈને ભાવનગર પધાર્યા. ભાવનગરના મંડળને સત્સંગનું અનેરું સુખ મળવા લાગ્યું.

ભાદરવા વદિ ચૌદશને દિવસે પ્રભુદાસ શેઠના ભાણેજ જયંતીલાલ છોટાલાલ પટેલને ઘેર યોગી મહારાજ, સંતો અને હરિભક્ત મંડળને જમવાનું હતું. જયંતીભાઈના પિતાનું શ્રાદ્ધ હતું. તેમનાં માતુશ્રી કસ્તુરબા તો આ અણમોલ અવસર પોતાને આંગણે જોઈ ધન્ય બની ગયાં. આ પ્રસંગે શેઠ પ્રભુદાસભાઈએ તથા ભક્તરાજ કુબેરભાઈએ યોગી મહારાજને હાથ જોડી કહ્યું : 'આપને મહારાજ તથા સ્વામી વશ છે. તો આજે શ્રીજીમહારાજ અને સ્વામી થાળ જમે તેવી પ્રાર્થના કરો.'

યોગી મહારાજે હસીને કહ્યું : 'આપણે પ્રાર્થના કરીએ. મહારાજ, સ્વામી થાળ જમવા સાક્ષાત્ પધારશે.' એમ કહી ઠાકોરજી સમક્ષ થાળ મુકાવ્યો. આડો પડદો નાખી યોગી મહારાજે *'અવિનાશી આવો રે...'* એ થાળ બોલવાની શરૂઆત કરી. થાળમાં ખાંડના દસ લાડુ, દાળ, ભાત, બે શાક વગેરે મૂક્યાં હતાં. પાણી ભરીને ચાંદીના બે લોટા મૂક્યા હતા. પાંચ થાળ બોલાયા. અર્ધો કલાક વીત્યો, પછી મહારાજને ચળું કરવા પડદો ખસેડ્યો. જોયું તો થાળમાં લાડુ, દાળ, ભાત, શાક વગેરે ઓછાં થયાં હતાં ! પાણીના લોટા પણ થોડા ખાલી થયા હતા. આવો અદ્‌ભુત પ્રતાપ જોઈ યોગી મહારાજની અપૂર્વ ભક્તિનો સૌને ખ્યાલ આવ્યો. જેમણે ભગવાનના સ્વરૂપમાં સમગ્ર વૃત્તિઓ અખંડ જોડી રાખી છે અને તેથી જ ભગવાન જેમને અખંડ વશ વર્તે છે, તેવા આ સંત શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્ત છે. એટલું જ નહિ, પરંતુ એમના સંબંધથી અન્યમાં એવી ભક્તિ ઉદય થાય છે. એ સત્ય સૌને આ પ્રસંગથી સમજાયું.

ત્યાર પછી શરદ પૂર્ણિમાનો સમૈયો નજીક આવતો હોવાથી યોગી મહારાજ સીધા ગોંડલ પધાર્યા.

બીજાની ભૂલ માથે લેવાનું સૌજન્ય

આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજ તથા નિર્ગુણદાસ સ્વામી પણ ગોંડલ પધાર્યા હતા. હરિભક્તો પણ દેશ-પરદેશથી આવવા લાગ્યા. સંતો ઓછા હતા

અને કાર્ય વધારે રહેતું હોવાથી ભંડારમાં રસોઈ માટે સંતોની હંમેશાં તાણ રહેતી. એવામાં ઉતાવળ કરતાં સાધુ બળદેવચરણદાસથી ઘીનું બોઘરણું ઢોળાઈ ગયું. તે તો બીચારા હાંફળા-ફાંફળા થઈ ગયા. મંદિરની સ્થિતિ સારી નહીં અને આ સમૈયા પ્રસંગે જ ઘી ઢોળાઈ જવાથી બીજું ઘી લાવવાનો પ્રશ્ન ઊભો થશે, એમ જાણી તેઓ વધારે મૂંઝાયા. આ વખતે જ ત્યાં નિર્ગુણદાસ સ્વામી આવ્યા.

નિર્ગુણદાસ સ્વામીને સત્સંગનું મમત્વ ઘણું જ. વળી, સ્વભાવ પણ સહેજ આકરો, એટલે સહેજ પણ બગાડ ચલાવી ન લે. તેમણે પેલા સંતને ઊધડા લઈ લીધા. સાધુ કાંઈ બોલી ન શક્યા. નિર્ગુણદાસ સ્વામીનો અવાજ સાંભળીને યોગી મહારાજ કોઠારમાંથી બહાર આવ્યા અને ક્ષણવારમાં પરિસ્થિતિ કળી ગયા. યોગી મહારાજને આવેલા જોઈ નિર્ગુણ સ્વામીએ કહ્યું : 'આ જુઓને ! ઘી ઢોળી નાખ્યું. હવે આ સમૈયામાં બીજું ઘી ક્યાંથી લાવશો ?'

'સ્વામી ! એમાં એ સાધુનો વાંક નથી. મારાથી જ બોઘરણાને ઠેસ વાગી ગઈ ને ઘી ઢોળાઈ ગયું.' યોગી મહારાજે પેલા સાધુની ભૂલ ખૂબ જ સહજતાથી પોતાને માથે લઈ લીધી.

નિર્ગુણ સ્વામીએ યોગી મહારાજને પણ સહેજ ઠપકો આપ્યો : 'તો જરા ધ્યાન દઈને ચાલવું જોઈએને તમારે !' તેઓ હાથ જોડીને ઊભા હતા. નિર્ગુણ સ્વામી થોડું બોલીને ત્યાંથી ચાલ્યા ગયા.

દૂર ઊભા ઊભા હકાભાઈ ખાચર આ બધું જોતા હતા. નિર્ગુણ સ્વામી ગયા એટલે હકાભાઈ યોગી મહારાજ પાસે આવ્યા. કોણ જાણે કેમ પણ આ સરળતાની મૂર્તિ સમા 'જોગી સ્વામી' સાથે તેમને અજાણતા પ્રીતિ બંધાઈ ગઈ હતી. તેથી યોગી મહારાજને પૂછ્યું : 'સ્વામી ! ઘી તો તમે નથી ઢોળ્યું, તોપણ કેમ માથે લીધું ?'

'બાપુ ! ઘી તો ફરી આવશે. સાધુ આમ મૂંઝાય ને ચાલ્યા જાય તો સાધુ ક્યાંથી લાવશો ?' યોગી મહારાજની ભાવનામાં સાધુની મહત્તા હતી.

'પણ નિર્ગુણ સ્વામી વારંવાર ઠપકો આપે છે તોપણ તમે હસતા મુખે કેમ સહી લો છો ?'

આ સાંભળી તેઓ મલક્યા : 'ગુરુ ! આપણે તો અક્ષરરૂપ માનવું. તો આપણાથી કોઈ નાનું-મોટું ન મનાય. માટે હકાભાઈ ! અક્ષરરૂપ માનશો તો પછી આ બધું ફીકાં લાગશે.' અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતને યોગી મહારાજના જીવનમાં વણાયેલી જોઈ હકાભાઈ મનોમન એમને વંદન કરી રહ્યા.

નેવાનાં પાણી મોભે ચડાવ્યાં

ગોંડળના નગરશેઠ નૂરમહંમદભાઈનો કોન્ટ્રાક્ટ આખા રાજ્યમાં હતો. પથ્થરની ખાણો પણ તેમના કબજામાં હતી. એક વખત અક્ષર મંદિરમાં બાંધકામ માટે બહુ જ હલકા પ્રકારના પથ્થર આવ્યા. તેથી ગોપીનાથ સ્વામી શેઠની ઑફિસે ગયા. તેમના પુત્ર સાથે પથ્થર બાબતમાં રકઝક થઈ. પથ્થર પાછા આપ્યા. તેના રૂપિયા ૮૦૦ લેવાના બાકી હતા. શેઠ મોટા માણસ, વાયદા કરે પણ પૈસા પાછા આપે નહીં. યોગી મહારાજના મનમાં દુઃખ થયું. એમને મંદિરનું મમત્વ એવું કે કોઈપણ હિસાબે મંદિરના રૂપિયા ખોટા થવા ન જોઈએ. એમણે હકાભાઈને વાત કરી : 'તમે શેઠ સાહેબને સમજાવો અને અત્યારે રકમ મળી જાય તો આપણને કારખાનાના કામમાં ઉપયોગી થાય. માટે તમે મહેનત કરો તો સ્વામીના પ્રતાપથી જરૂર રકમ મળી જશે.'

રાજ્યમાં નૂરમહંમદ શેઠનું બહુ માન. તેથી કોઈ કાંઈ કહી શકે નહીં. હકાભાઈ તેમને મળ્યા અને કહ્યું : 'આપની મસ્જિદનું ધર્માદા-કામ હોય છે, તેમ આ પણ મંદિરનું ધર્માદા-કામ ગણાય. આપે તો મદદ કરવી પડે. અત્યારે મંદિરને ઘણી નાણાંભીડ છે. માટે અમારી લેણી રકમ આપો તો સારું.'

શેઠે જવાબ આપ્યો : 'તમારા સાધુ ગમે તેમ બોલી ગયા. અમારું અપમાન થયું છે. છતાં વખત આવ્યે તમારી રકમ આપી દઈશું. અત્યારે સગવડ નથી.' આ પ્રમાણે ફરી વાયદો થયો.

એ વખતે રાજ્યના દીવાન જોશીસાહેબ હતા. તેઓ મહાત્મા ગાંધી સાથે ભણેલા અને વિચક્ષણ રાજપુરુષ હતા. યોગી મહારાજ સાથે તેમને બહુ હેત અને મંદિરનો પક્ષ બહુ રાખતા. તેમને હકાભાઈએ વાત કરી. દીવાન સાહેબે કહ્યું : 'તમે અવારનવાર મારું ધ્યાન દોરજો. વખત આવે એટલે રકમ લઈ લેશું.'

આ વાત હકાભાઈએ યોગી મહારાજને કહી. ત્યારે તેઓ કહે : 'આપણે દેરીની માનતા કરો. રકમ જલદી આવી જાય તો ઠાકોરજીને સારી વાનગીનો થાળ જમાડીશું.'

યોગી મહારાજની શ્રદ્ધા અને અક્ષર દેરી પરનો અટલ વિશ્વાસ જોઈ હકાભાઈને આશ્ચર્ય થયું : 'આ બાવાજી માનતા કરશે, ધૂન કરશે, પણ શેઠની પાસેથી અક્ષર દેરીની લેણી રકમ લીધા વિના રહેશે નહીં.'

તેવામાં દીવાન સાહેબનો સંદેશો આવ્યો : 'હકાભાઈ તુરત મળવા માટે

આવી જાય.'

યોગી મહારાજ બોલ્યા : 'જાઓ, આપણી અરજી મહારાજે સ્વીકારી છે. રકમ મળી જશે.'

યોગી મહારાજે મગજના લાડુનો પ્રસાદ દીવાન સાહેબને માટે તેમની સાથે મોકલ્યો. હકાભાઈ ઉત્સાહમાં આવી ગયા. યોગી મહારાજના આશીર્વાદના સંદેશા સાથે દીવાન સાહેબને પ્રસાદ આપ્યો. તેઓ બહુ રાજી થયા અને કહ્યું : 'મારે પણ યોગી મહારાજનાં દર્શનની ઇચ્છા છે. ખજાનચી દુર્લભજીભાઈનો ચાર્જ મારી પાસે છે અને શેઠનું બીલ મારે મંજૂર કરવાનું છે, તો કાલે યોગી મહારાજને લઈને બંગલે આવો. જેથી મારે દર્શન થઈ જાય અને બીલની રકમ તેમના દેખતાં જ તમને આપી દઉં.'

બીજે દિવસે યોગી મહારાજ દીવાન સાહેબને બંગલે પધાર્યા અને આ કાર્ય કરી આપ્યું તેથી રૂડા આશીર્વાદ આપ્યા.

યોગી મહારાજે થાળ કરી સૌ સંતો-હરિભક્તો તથા મંદિરમાં કામ કરતા કડિયા-દાડિયાને જમાડ્યા. હકાભાઈને પણ બહુ જમાડીને તૃપ્ત કર્યા.

અક્ષર મંદિરની રકમ મળી ગઈ એ જાણી સર્વ અધિકારી વર્ગ તથા ગામના માણસો કહેવા લાગ્યા કે ન બનવા જેવી વાત બની છે. કારણ શેઠ પાસેથી કોઈ રકમ કઢાવી શકે નહીં. નેવાનાં પાણી મોભે ચઢાવ્યાં.

સૌને યોગી મહારાજ જેવા સિદ્ધ પુરુષ સિવાય બીજા કોઈથી આ કામ ન થઈ શકે, એવો મહિમા સમજાયો.

✧ ✧ ✧

સંવત ૧૯૯૫ની સાલમાં યોગી મહારાજ જેતપુર મંદિરમાં દર્શને ગયેલા. જામનગરના મોહનભાઈ મિસ્ત્રી મંદિરના કોઠલાને આરસ ચોડતા હતા. યોગી મહારાજે પ્રદક્ષિણા ફરતાં આરસનું કામ જોયું. કલા-કારીગરીના પારખું યોગી મહારાજે બહુ રાજી થઈને કહ્યું : 'અહોહો ! કામ બહુ સારું.' પછી પૂછ્યું : 'મિસ્ત્રી ! ક્યાં રહેવું ?'

'સ્વામી, જામનગર રહું છું.' તેમણે બે હાથ જોડીને જવાબ આપ્યો.

'અમારે અક્ષર મંદિરમાં આરસનું કામ કરવું છે, તો તમે આવશો ?'

'હા સ્વામી ! તમે તેડાવશો એટલે જરૂર આવીશ !' મોહનભાઈએ પ્રણામ કર્યા. યોગી મહારાજ ત્યાંથી વિદાય થયા.

વરસો પછી ગોંડલમાં જ્યારે મોહનભાઈ મિસ્ત્રીએ આરસનું કામ શરૂ

કર્યું, ત્યારે યોગી મહારાજે યાદ કર્યું : 'મોહનભાઈ ! જેતપુરમાં તમને આરસનું કામ કરવા ગોંડલ આવવાનું કહ્યું હતું તે યાદ છે ?'

મોહનભાઈ મિસ્ત્રીને નજર સમક્ષ તે પ્રસંગ તરવરી રહ્યો. જેતપુર મંદિરમાં આરસના કોઠલા ચોડતા હતા અને એક સાધુ આવેલા. તે જ આ યોગી મહારાજ છે એ જાણ્યું ત્યારે એમની વાણીની એની એ જ મીઠાશ ફરી તાજાં થયાં અને એમની સ્મરણશક્તિ માટે અતિ આદર ઊપજ્યો. યોગી મહારાજનાં ચરણકમળમાં તેઓએ દંડવત્પ્રણામ કર્યા. યોગી મહારાજે પણ તેમને આશીર્વાદ આપતાં કહ્યું : 'દેરીની સેવા મોટા મોટા અવતારોને પણ નથી મળતી, તે તમને મળી છે. તો મોટાં ભાગ્ય સમજીને કરી લેજો.'

ઉપાસના પ્રવર્તનના જાગ્રત પ્રહરી

સંવત ૧૯૯૫ના માગશર માસમાં શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢ કલ્યાણજીભાઈ શેઠને ત્યાં પધાર્યા હતા. એમના જૂનાગઢ આગમનનો પત્ર વીસાવદર કમળશીભાઈને મળતાં, તેઓ મંદિરે દર્શન કરી કલ્યાણજીભાઈ શેઠને ઘરે ગયા. દંડવત્પ્રણામ કરી બેઠા, ત્યારે શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા.

થોડી ઔપચારિક વાતચીત થયા પછી શાસ્ત્રીજી મહારાજે કથા શરૂ કરતાં કહ્યું : 'પ્રાગજી ભક્ત, જાગા સ્વામી, બાલમુકુન્દદાસ સ્વામી તથા કૃષ્ણજી અદા એ બધા સ્વામીને સેવીને સ્વામીરૂપ બની ગયા હતા. જૂનાગઢ દેશમાં બાલમુકુન્દદાસ સ્વામી મહાસમર્થ ગણાય. તેમણે જે ધાર્યું હોય તે કરે. યોગી મહારાજને તમે તેડવા ગયેલા ત્યારે તેમણે કહ્યું હતું કે 'આ જોગી લાખોને પ્રભુ ભજાવવા આવ્યા છે. તમારા જવાથી તેઓ પાછા નહીં આવે, કારણ કે તેમનો જન્મ મહારાજ-સ્વામીની ઉપાસના પ્રવર્તાવવા ને અનંત જીવને ભગવાન ભજાવવા છે. એમનામાં લાખો માણસ ખેંચાશે અને દેશ-પરદેશમાં તમારા કુળની નામના કાઢશે. જોગી સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ કરશે.' તે પુણ્યનો દશાંશ ભાગ લેવાની તમારી મરજી હતી. પણ તેઓ તો અમારી પાસે આવ્યા. તેથી તમારો દશાંશ ભાગ બંધ થયો એમ તમને લાગતું હતું. આ બધી વાતો આપણે થઈ હતી.

'જોગી મહારાજ તો એવા ને એવા છે. તે જો જૂનાગઢમાં રહ્યા હોત તો એમની બાલમુકુંદ સ્વામીએ કહી તેવી મોટાઈ કોઈને સમજાત નહીં અને આટલો સમાસ ત્યાં કરી શકાય પણ નહીં. કારણ ત્યાં વરતાલની બંધી, મંદિરના કોઠારીની બંધી; અને અહીં તો કોઈની બંધી નહીં. ફક્ત એક મારી

અનુવૃત્તિ પાળીને રહે છે અને સૌની સેવા કરે છે. સર્વને રાજી રાખે છે. કરોડો રૂપિયા ખરચતા જોગી મહારાજ મળે તેવા નથી. વ્યાસ ભગવાને શાસ્ત્રમાં જેટલાં સાધુનાં લક્ષણો લખ્યાં છે તે પણ જો કદાચ લખતાં ભૂલી ગયા હોય તો તે બધાં લક્ષણો જોગી મહારાજમાં સાક્ષાત્ દેખાય છે.

'તમે એમના ભાઈ છો. એમની સાથે તમારો સુહૃદભાવ છે, પ્રેમભાવ છે, હેત છે. તેથી તમારો મોક્ષ થઈ રહ્યો છે. પણ તમારી ગરીબ પ્રકૃતિ, તે તમારાથી બીજા સાધુની મહોબત મુકાતી નથી. એટલે તમે ઉઘાડા પડીને સાચી વાતમાં ભળી શકતા નથી. પણ તમારે તો અમારા ઉપર બહુ હેત છે, તે અમે જાણીએ છીએ. માટે તમે ખૂબ બળ રાખશો. તમે જૂનાગઢ આવો ત્યારે ગોંડલ આવવાનું રાખશો. વારંવાર આવવાથી હેતભાવમાં વૃદ્ધિ થશે અને પક્ષ પણ રહેશે.' પછી કમળશીભાઈની આગતા-સ્વાગતા કરી તેમને વિદાય કર્યા.

અહીં પ્રકાશપુરીની જગ્યા માટે શાસ્ત્રીજી મહારાજે અરજી કરેલી, પણ તે કામ થયું નહીં. શાસ્ત્રીજી મહારાજને ઊના જવું હતું, પણ વિચાર બદલ્યો અને કમળશીભાઈને વીસાવદર પત્ર લખ્યો કે 'અમે ત્યાં આવીએ છીએ,' પણ પત્ર સમયસર મળી શક્યો નહીં. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ અને એક પાર્ષદ બપોરની ૧૨-૩૦ની ગાડીમાં વીસાવદર આવ્યા. પત્ર પહોંચ્યો ન હોવાથી આ વાતની કોઈ હરિભક્તને ખબર નહીં. તેથી સૌએ માથે પોટલાં ઉપાડ્યાં. મજૂર કર્યા વિના જ સૌ મંદિરે આવ્યા. હરિભક્તોને ખબર આપી દીધા કે મંદિરમાં સંતો આવ્યા છે. માટે સૌ દર્શન કરવા આવશો.

સાંજે ૪ વાગે ટપાલ મળી. કાળસરી તથા વીસાવદરના બધા હરિભક્તો સમાચાર મળતાં રાત્રે સભામાં આવી ગયા.

નિર્ગુણદાસ સ્વામીએ પ્રથમનું ૬૭મું વચનામૃત નિરૂપણ કરી સૌને રસ-તરબોળ કરી દીધા. શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતાં વાત કરી કે 'જૂનાગઢ દેશમાં બધાયના ગુરુ સ્વામી બાલમુકુન્દદાસજી પણ અક્ષરપુરુષોત્તમને માનતા. અને તેમણે પણ ગામોગામ અક્ષરપુરુષોત્તમની ચિત્રપ્રતિમાઓ દરેક મંદિરમાં પધરાવી છે, અક્ષરપુરુષોત્તમની ઉપાસના-જ્ઞાનનું તેમણે પ્રવર્તન કર્યું છે. તે જ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે શિખરબદ્ધ મંદિરો બાંધી અક્ષરપુરુષોત્તમની ઉપાસના જગજાહેર કરી છે. આપણે એક જ મા-બાપના દીકરા છીએ. આપણા સૌના ગુરુ એક ગુણાતીતાનંદ સ્વામી જે અક્ષરધામનો અવતાર હતા. માટે તમે જો સર્વે ભળો ને 'હોલાઉપાડ' થાય તો અક્ષરપુરુષોત્તમના જ્ઞાનનો ડંકો વાગી જાય.'

આવી રીતે બે કલાક વાતો કરી. સૌ હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજનો તથા યોગી મહારાજનો અપરંપાર મહિમા સમજાયો.

બીજે દિવસે ઘરોઘર પધરામણી થઈ. રાત્રે પણ મોટી સભા ભરાઈ ગઈ. ગઈકાલે નિર્ગુણદાસ સ્વામીની વાતોથી બધાને બહુ સમાસ થયો હતો. આજે શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજ તરફ દૃષ્ટિ કરી, વાતો કરવા આજ્ઞા આપી.

યોગી મહારાજ 'સ્વામીની વાતો' બોલી નિરૂપણ કરવા લાગ્યા : 'શાસ્ત્રીજી મહારાજે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસનાનાં મંદિરો બનાવી મૂર્તિઓ પધરાવી, આપણા માટે મોક્ષનો મારગ ખુલ્લો મૂક્યો છે. તો આપણી ફરજ એ કે તેમના કાર્યમાં આપણે પુષ્ટિ કરવી. તે પુષ્ટિ તે શું ? કે અક્ષર દેરી ગોંડલ દર્શને આવવું. પ્રદક્ષિણા કરવી, મહાપૂજા કરવી-કરાવવી. વખતે ગઢડા કે વરતાલ દર્શને જઈએ ત્યારે સારંગપુર, બોચાસણ મંદિરે પણ દર્શન કરવા જવું. બે-પાંચ જણને નિષ્ઠાની વાત કરવી. આ પુષ્ટિ કરી કહેવાય.

'બીજું શું સમજવાનું છે કે વ્યવહાર કરતાં કરતાં શાસ્ત્રીજી મહારાજને રાજી કરી લેવા. તે ઉપર એક દૃષ્ટાંત છે જે, એક ઘોડાને તરસ લાગી, તે રસ્તામાં એક વાડીએ કોસ ચાલતો હતો ત્યાં ઘોડેસવાર ઘોડાને પાણી પાવા લઈ ગયો. પણ કોસનો અને ગરેડીનો કીચડુક-કીચડુક અવાજ સાંભળીને ઘોડો ભડકે ને ધોરિયા પાસે જાય નહીં. ઘોડાની તરસ મટે નહીં. ત્યારે ઘોડાવાળાએ કોશિયાને કહ્યું : 'ભાઈ કોશવાળા, તું કોશ હાંકતો બંધ કર તો આ કીચડુક-કીચડુક અવાજ બંધ થાય.' ત્યારે કોશિયો કહે : 'હે ઘોડાવાળા ભાઈ, હું જો કોશ બંધ કરીશ તો થાળામાં પાણી ખલાસ થઈ જશે. પછી શી રીતે ઘોડો પાણી પી શકશે ? માટે આ કીચડુક-કીચડુક થાય છે ત્યાં સુધીમાં પાણી પાવું હોય તો પાઈ લે. પછી તો પાણી નહીં મળે.

'આનો સિદ્ધાંત શું ? શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ છે તો તેમનાં દર્શન, સ્પર્શન, સેવા-સમાગમે કરીને રાજી કરી લેવા. ઘણા હરિભક્ત કહે છે : 'જૂનાગઢ કે વરતાલમાં ભળો તો અમે તમને માનીએ.' પણ અમે જો ત્યાં ભળીએ તો પછી છડેચોક અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ન થાય ને પ્રતિબંધ આવી જાય. માટે કીચડુક-કીચડુક થાય છે ત્યાં જ પાણી પાઈ લેવું. આ શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનો ગોવર્ધન પર્વત તોળ્યો છે. તો આંગળી અડાડીને ટેકો દઈએ, કંઈક અલ્પ સેવામાં આવી જઈએ ને કામ થઈ જાય.

'વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમના જ્ઞાનની ગંગા

વહેતી કરી છે. તેમાં તમે બંડિયા ભેગા ભળી ગયા, એમ કહેશે. પણ એને નહીં ગણો તો શ્રીજીમહારાજના આ કાર્યને સમજી શકશો અને તેમાં ભળીને આ સેવાનો લાભ લઈ શકશો. મોટા મોટા પરમહંસોને આ સેવા ન મળે તેવી સેવા શાસ્ત્રીજી મહારાજે દયા કરીને આપી છે. તો તેમાં ભળવું.'

આવી વાતોના નિષ્ઠાસભર પડકારા મુમુક્ષુઓને ઉપાસનાના અજ્ઞાનમાંથી ઢંઢોળી જાગ્રત કરતા. શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવતા. ઉપાસનાના પ્રહરી યોગી મહારાજની વાતોથી અને શાસ્ત્રીજી મહારાજની નિર્મળ પ્રતિભાથી સૌ હરિભક્તોને બ્રહ્માનંદનું સુખ આવ્યું.

અક્ષરપુરુષોત્તમનું શુદ્ધ જ્ઞાન અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા પ્રવર્તાવતી આ નિર્ગુણ-યોગીની જોડી હંમેશાં કાર્યશીલ રહેતી અને તેમની અનુભવ-વાણી દ્વારા સૌને સત્પુરુષમાં જોડાવાની પ્રેરણા આપતી.

આવી રીતે અવારનવાર ગોંડલની આજુબાજુ સત્સંગ કરાવી યોગી મહારાજ ગોંડલ પધારતા અને ત્યાંનો મહિમા પણ વિસ્તારતા.

'પ્રદક્ષિણા ફરો, રોગ મટી જશે'

આ સમયમાં હીરજીભાઈ શેઠ, તેમનાં પુત્ર સુલતાનભાઈ તથા પુત્રી રોશનબહેન તેમજ ફૂલીબા યોગી મહારાજનાં દર્શને ગોંડલ આવ્યાં. યોગી મહારાજ સાથે હીરજીભાઈને પહેલેથી જ હેત બહુ, તેથી ગોંડલ બે-ચાર દિવસ રહે. સુલતાનભાઈને ગોંડલમાં પેટનો દુખાવો ઊપડ્યો. આ દરદ તેમને ઘણા સમયથી હતું. દવા સાથે જ લીધી હતી. ઘણી દવા અગાઉ કરાવેલી પણ હઠીલું દર્દ મટતું જ નહોતું. અલબત્ત થોડી રાહત રહેતી. હીરજીભાઈ તેમને યોગી મહારાજ પાસે દર્શને લાવ્યા અને કહ્યું : 'જોગી ! આની ઉંમર સામું તો જુઓ. હજુ તો આડત્રીસ વર્ષનો જુવાન છે અને આવું મોટું દરદ જીરવાય ! તમે અક્ષર દેરીમાં પ્રાર્થના કરો ને આશીર્વાદ આપો તો ગુણાતીતાનંદ સ્વામી મટાડી દે.'

યોગી મહારાજે સુલતાનભાઈના શરીરે હાથ ફેરવ્યો ને ધૂન કરી. પછી કહે : 'સુલતાનભાઈ ! ઘનશ્યામ મહારાજને અને અક્ષર દેરીમાં એકાવન-એકાવન પ્રદક્ષિણા ફરો, રોગ કાયમ માટે મટી જશે.'

હીરજીભાઈને બીજે દિવસે જ જવાનું હતું. સુલતાનભાઈને પેટનો દુખાવો ચાલુ હતો. તેથી તરત પ્રદક્ષિણા ફરી શકે તેવી હાલત ન હતી. તેથી તેઓ રોકાઈ ગયા અને બે-ત્રણ દિવસ પ્રદક્ષિણા ફર્યા પછી યોગી મહારાજને વાત

કરી. તેથી તેઓ સુલતાનભાઈને અક્ષર દેરીમાં લઈ ગયા અને તેમના માથે હાથ ફેરવી પ્રાર્થના કરતાં બોલ્યા : 'સ્વામી ! તમારી આજ્ઞા સુલતાનભાઈએ પાળી છે. માટે તમે તેમને સારા કરી દેશો.'

આ શબ્દો સાંભળતાં જ સુલતાનભાઈએ જાણે અનુભવ્યું કે ગુણાતીતાનંદ સ્વામી તથા યોગી મહારાજનું સ્વરૂપ એક જ છે. એમાં જુદાઈ નથી. તેમને ઘણી રાહત સાથે અપાર શાંતિનો અનુભવ થયો. ત્યારબાદ તેમને ક્યારેય એ દર્દ થયું નહીં.

રાજકોટના નૌતમલાલ માસ્તરને સને ૧૯૨૮માં યોગી મહારાજનાં રાજકોટમાં દર્શન થયાં ત્યારથી સત્સંગનો રંગ લાગી ગયો. પ્રથમ લખતરમાં તેમની બદલી થઈ ત્યારે યોગી મહારાજ જ્યારે જ્યારે ટ્રેનમાં ત્યાંથી પસાર થતા, ત્યારે ચોખ્ખું પાણી સ્ટેશન પર લાવવા માટે તેમને પત્ર લખતા. તે સેવાનો લાભ તેમને મળતો. સને ૧૯૩૭ થી ૧૯૫૦ સુધી તેઓ જેતપુરમાં રહ્યા ત્યાં સુધી દર વરસે એક વાર યોગી મહારાજ તેમને ઘેર જતા અને સત્સંગનો લાભ આપતા. જ્યારે બદલી માટે યોગી મહારાજને તેઓ પ્રાર્થના કરતા, ત્યારે યોગી મહારાજ હસતાં હસતાં ઉત્તર આપતા : 'બદલી થાય તો અમારો ઉતારો ક્યાં થાય ? માટે બદલીનો સંકલ્પ કરશો નહીં. વળી, તમારે ગોંડલ નજીક કહેવાય. તેથી અક્ષર દેરીનાં દર્શન-પ્રદક્ષિણાનો લાભ મળે. માટે અહીં છે તે સારું છે.'

એક વાર નૌતમલાલ ગોંડલ યોગી મહારાજનાં દર્શને આવ્યા. તેમને પાછા ફરવાની ઉતાવળ હતી. તેથી રજા લેવા ગયા. પણ યોગી મહારાજે આગ્રહ કર્યો કે 'જમીને જજો.'

'પણ સ્વામી ! ટ્રેન મળે નહીં ને રાતે જવું પડે.' તેમણે ખુલાસો કરતાં કહ્યું.

યોગી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'તમારે માટે ટ્રેન એક કલાક મોડી થશે. માટે ચિંતા કરશો નહીં. શાંતિથી જમીને જજો.'

યોગી મહારાજનાં વચનો વિચારતાં તેમના મનમાં તર્ક-વિતર્ક થવા લાગ્યા : 'આવું બની શકે ખરું ?' પણ યોગી મહારાજના પ્રેમ આગળ તેમને નમતું જોખવું પડ્યું. યોગી મહારાજે જાતે પીરસીને તેમને જમાડ્યા અને પીરસતાં પીરસતાં કહેતા જાય : 'માસ્તર ! જમવામાં ઉતાવળ કરશો નહીં. હમણાં સ્ટેશને પુગી જવાશે.'

જમ્યા પછી યોગી મહારાજે તેમને રજા આપી. નૌતમલાલના મનમાં હતું કે ટ્રેન ઊપડી ગઈ હશે. વિચારમાં ને વિચારમાં તેઓ સ્ટેશને પહોંચ્યા.

ત્યારે હજુ તો ટ્રેન આવી જ નહોતી ! યોગી મહારાજનું વચન સાચું ઠર્યું. નૌતમલાલ યોગી મહારાજની સર્વજ્ઞતા વિચારતા હતા, ત્યાં ટ્રેન આવતાં તેઓ જેતપુર જવા રવાના થયા. આગ્રહ કરી ભક્તોને રોકતા અને જમાડતા યોગી મહારાજની મમતા તેઓ રસ્તે વિચારી રહ્યા હતા.

ખૂબ ભાવિક અને નમ્ર પ્રકૃતિના નૌતમલાલે યોગી મહારાજની ખૂબ સેવા કરી હતી. જ્યારે પણ તેમના ઘેર યોગી મહારાજ તથા સંતો ઊતરતા, ત્યારે જાણે મંદિરમાં રહેતા હોય તેવું તેમને લાગતું. અહીં ફૂલવાડીમાં માસ્તરનું મકાન હતું. ત્યાંથી યોગી મહારાજ અને સંતોને ઘોડાગાડીમાં બેસાડીને ભાદર નદીએ નહાવા લઈ જતા. જ્યાં શ્રીજીમહારાજે સ્નાન કર્યું હતું તે પ્રસાદીના દરેડા નીચે સ્નાન કરતા યોગી મહારાજને પણ અપૂર્વ આનંદ થતો.

✧ ✧ ✧

સંવત ૧૯૯૬ના પોષ માસમાં શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને અમદાવાદ તેડાવ્યા હતા, પરંતુ હીરજીભાઈ તથા રાજકોટ સત્સંગ મંડળનો એમને રોકવાનો અતિ આગ્રહભર્યો પત્ર આવ્યો. તેથી શાસ્ત્રીજી મહારાજે તેમને ત્યાં રોકાઈને હરિભક્તોને રાજી કરવા માટે આજ્ઞાપત્ર પાઠવ્યો હતો.

શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી આદિ સંતો અમદાવાદ, આણંદ, બોચાસણ થઈને આફ્રિકાના હરિભક્ત ત્રિભોવનદાસના પ્રેમાગ્રહથી ભાદરણ પધાર્યા. અહીં બે દિવસ રોકાયા. ત્રિભોવનદાસ તથા જીવાભાઈની રસોઈ જમતાં જમતાં શાસ્ત્રીજી મહારાજ કહે : 'અહો ! જોગી સાથે હોત તો કેવો આનંદ થાત ! જોગીની ખોટ સાલે છે.'[૨૭]

યોગી મહારાજ પ્રત્યે શાસ્ત્રીજી મહારાજનું આવું હેત જોઈને સર્વે હરિભક્તો અત્યંત આશ્ચર્ય પામ્યા.

મહા મહિનામાં શાસ્ત્રીજી મહારાજ વલસાડમાં લાકડાંની ખરીદી કરી મુંબઈ પધાર્યા. ગોવિંદાશ્રમ મીઠાઈવાળાને ત્યાં ઉતારો હતો. શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠાની વાતો તથા યોગીજી મહારાજના ઘેરા નાદબ્રહ્મના સૂરે ગવાતાં ભજનો - *'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...'* *'શી કહું શોભા સ્વામિનારાયણની નીરખી ઠરે છાતી...'*ના દિવ્ય પ્રભાવથી મુંબઈના હરિભક્તોને યોગી મહારાજ પ્રત્યે ખૂબ પ્રેમ જાગ્યો.

❀ ❀ ❀

---

૨૭. તા. ૧૭-૧-૧૯૪૦.

રવિસભાનો પ્રથમ આદેશ



એ પછી શાંતિલાલ હરિલાલ ભટ્ટે ભૂલેશ્વરમાં 'ભગવાન કલ્યાણની વાડીમાં' પારાયણ બેસાડી. જેમાં યોગી મહારાજે રવિવારે સત્સંગ સભા કરવા માટે હરિભક્તોને અતિશય આગ્રહ કર્યો, જેથી પ્રેરાઈને દર રવિવારે સાંજે ૬ થી ૮ 'લુહાર ચાલ'માં આવેલા ગોવિંદ નિવાસમાં સત્સંગ સભા કરવાનું સૌએ નક્કી કર્યું.

શાસ્ત્રીજી મહારાજની પાછળ ઘેલા ઘેલા થઈને સેવકભાવે ફરતા, જગતનું ભાન ભૂલી ધૂન-ભજન લલકારતા, ઓલિયા જેવા લાગતા યોગી મહારાજની ક્રિયા દેખીતી રીતે સામાન્ય લાગે. સૌને એમની સચ્ચાઈ, ભોળપણ અને સાધુતા માટે બેશક માન ઊપજે અને તેથી એમનામાં મન પણ ખેંચાય. વળી એમ પણ થાય કે આ સાધુ સૌને ભગવાન ભજાવવા બહુ દાખડો કરે છે, બહુ આગ્રહ રાખે છે, પણ એમની આજ્ઞા અને કાર્ય પાછળનો હેતુ સમજવો મુશ્કેલ હતો.

'ગામોગામ સત્સંગ મંડળ સ્થાપી તેમાં દર રવિવારે સત્સંગ સભા કરવી. બધાએ ભેગા થવું, સ્વામીની વાતો તથા વચનામૃત વાંચવાં, ધૂન-ભજન કરવાં.' યોગી મહારાજના મુખમાંથી વારંવાર નીકળતી આ આજ્ઞા બધાને સામાન્ય લાગતી. જો કે એ નિયમિત પાળવી અઘરી થઈ પડતી. પણ તેઓ આ માટે ખૂબ જ આગ્રહ રાખતા. વારંવાર પત્રો લખી પ્રેરણા આપતા. અનેક વાર મંડળમાં, રવિસભામાં શિથિલતા આવે પણ યોગી મહારાજ સતત સૌને જાગ્રત રાખતા. કાર્ય ચાલુ રખાવતા. ધીરે ધીરે જ્યારે ગામોગામ આવાં મંડળો સ્થપાયાં, રવિસભાઓ થવા લાગી અને સત્સંગ-સમાજ સુગ્રથિત થતો ગયો, ત્યારે સૌને સામાન્ય જણાતી આ આજ્ઞામાંથી થયેલો નોંધપાત્ર વિકાસ નજરમાં આવ્યો. પહેલાં માત્ર સમૈયામાં જે કથાવાર્તા થતી તે ગામોગામ દર રવિવારે

થવા લાગી. નિષ્ઠાની અને સંતના મહિમાની વાતોના પડકારાથી અનેકનો સત્સંગ દૃઢ થતો ગયો. નવા નવા મુમુક્ષુઓ રવિસભાથી સત્સંગમાં આવવા લાગ્યા. જોતજોતામાં કોઈ વિશેષ પ્રયત્ન વગર સત્સંગ-સમાજનું આંતરિક કલેવર બંધાતું ગયું, મજબૂત થતું ગયું, ત્યારે જ યોગી મહારાજની દીર્ઘદૃષ્ટિનો સૌને ખ્યાલ આવ્યો અને જૂનાગઢના જોગીની રીતે રીત, મોક્ષ અને વ્યવહાર, બંને પક્ષે યોગી મહારાજની કુશળતા, વિચક્ષણતા સૌને સમજાઈ.

ફાગણ સુદમાં શાસ્ત્રીજી મહારાજ તથા સંતમંડળ ઠાકોર સાહેબના ભાવભર્યા નિમંત્રણથી થાણાદેવળી પધાર્યા.[૨૮]

બપોરે ૧૨ વાગે પહોંચ્યા હતા તેથી જઈને તરત જ થાળ તૈયાર કર્યો. ઠાકોર સાહેબનો એવો ભાવ હતો કે રસોઈ માટે પાંચ-સાત રસોઈયા બોલાવી રસોઈ અગાઉથી તૈયાર રખાવી હતી. યોગી મહારાજને જમતી વખતે ‘મહારાજ જમો’, ‘સ્વામી જમો’ એમ મોટેથી બોલવાની ટેવ. રસોઈમાં બધું પીરસાઈ ગયું અને ‘જય’ બોલાઈ ગઈ. જમવાનું શરૂ થયું.

રસોઈયા મહારાજ બહુ પ્રેમી હતા અને પીરસવાની ઉતાવળમાં શાક ભુલાઈ ગયું. ત્રિભોવનદાસ આદિ સૌને એમ કે કાઠિયાવાડી રજવાડામાં કદાચ એવો નિયમ હોય કે શાક પછી પીરસતા હશે. એવામાં યોગી મહારાજ પોતાની ટેવ મુજબ મોટેથી બોલ્યા : ‘મહારાજ ! સાક્ષાત્ જમો.’ તે રસોઈયાએ સાંભળ્યું. તેને એકદમ યાદ આવ્યું. તેથી બોલ્યો : ‘અરે સ્વામી ! શાક પીરસવું ભૂલી ગયો છું, આ લાવ્યો.’ યોગી મહારાજ ‘સાક્ષાત્’ શબ્દ બોલ્યા, તે રસોઈયો ‘શાક શાક’ સમજ્યો અને ‘મહારાજ’ શબ્દ પોતાને ઉદ્દેશીને બોલાયો છે તેમ તેને લાગ્યું.

રસોઈયો શાક પીરસવા લાગ્યો અને આ રમૂજી પ્રસંગથી શાસ્ત્રીજી મહારાજ, સર્વ સંતો, હરિભક્તો તથા દરબાર પણ ખૂબ જ હસી પડ્યા. યોગી મહારાજ પણ પોતાની ટેવ મુજબ સૌની સાથે ખડખડાટ હસી પડ્યા. રસોઈયો ગૂંચવાયો પણ ખ્યાલ આવતાં જ તે પણ આનંદમાં આવી ગયો.

બપોરે ૪ વાગે ઠાકોર સાહેબના દરબારમાં પધરામણી થઈ. હારતોરા, પૂજન કરી તેમણે શાસ્ત્રીજી મહારાજના આશિષ મેળવ્યા. પછી થોડી જ્ઞાનવાતો કરતાં શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજના સ્વરૂપમાં આસ્થા રાખવા કહ્યું અને યોગી મહારાજે પણ તેમાં પુષ્ટિ કરી.

---

૨૮. તા. ૧૬-૩-૧૯૪૦.

ત્યાંથી અન્ય પધરામણી કરી ગોંડલ પધાર્યા.

ફાગણ વદ પાંચમથી બિલારા સ્ટેટના ઠાકોર હરિસિંહજીના પુત્રને પગે લગાડવાની માનતાના પ્રસંગે, તેમણે સંતમંડળને બિલારા તેડાવી સાત દિવસની ભાગવત પારાયણ યોજી. જેમાં શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજી વગેરે પધાર્યા.

પારાયણનો પ્રારંભ ફાગણ વદ પાંચમથી[૨૯] થયો. યોગી મહારાજ રોજ રાતે 'સ્વામીની વાતો'ની પારાયણ વાંચતા.

શાસ્ત્રીજી મહારાજ પછી ભેળીસાડો થઈ જશે ?

સંવત ૧૯૯૬, વૈશાખ સુદ ત્રીજના દિવસે[૩૦] અટલાદરામાં મંદિરનું ખાત ધામધૂમથી થયું. પછી ગોરિયાદ, સેજાકૂવા, ડભાસા થઈ શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા.

અહીં બકરી પોળમાં ત્રિભોવન મિસ્ત્રી રહેતા, કથાવાર્તા બહુ કરતા. અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હતા. તેમની પાસે એક હરિભક્ત આવ્યા. તેમણે પ્રશ્ન પૂછ્યો : 'શાસ્ત્રીજી મહારાજે ત્રણ મંદિર કર્યાં, ચોથું મંદિર અટલાદરામાં કરવાનો સંકલ્પ કરે છે અને પ્રવૃત્તિ કરે છે. પાંચમું મંદિર ગઢડામાં કરવું છે અને છઠ્ઠું મંદિર અહીં અમદાવાદમાં જમીન લઈને કરવાની વાતો કરે છે. તો આમ નોખા પડીને બધું કરે છે, તેના કરતાં ભેગા ભળી જતા હોય તો શું વાંધો છે ? તમારા જેવા હરિભક્તો કેમ કાંઈ કહેતા નથી ?'

ત્રિભુવન મિસ્ત્રી કહે : 'વરતાલ અને અમદાવાદના મોટેરા બધા સમાધાન માટે તો કહે છે, પણ અક્ષરની વાતથી બધું અટકે છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે - એ વાત વરતાલ કે અમદાવાદવાળા માનવા તૈયાર નથી. તેથી સમાધાન થાય તેવું કાંઈ દેખાતું નથી. પણ શાસ્ત્રીજી મહારાજ પોતે છે ત્યાં સુધી ઠીક ચાલશે. યોગી મહારાજથી નહીં ચાલે, કારણ કે તે તો ગરીબ પ્રકૃતિના સાધુ છે. દયાળુ મૂર્તિ છે. કોઈને ધખી-વઢીને કહે તેવા નથી. તેથી સત્સંગની સ્થિતિ એક રહેશે નહીં એમ દેખાય છે. બધે ભેળીસાડો થઈ જશે. કાં તો રજવાડામાં ભેળાવી દેશે. તે કરતાં તો વરતાલ કે અમદાવાદમાં ભળી જવું સારું છે. પણ શાસ્ત્રીજી મહારાજ પોતાના હાથે સોંપી જાય તેવું દેખાતું નથી. જેવી

---

૨૯. તા. ૨૮-૩-૧૯૪૦.

૩૦. તા. ૧૦-૫-૧૯૪૦, શુક્રવાર.

મહારાજની મરજી હશે તેમ થાશે. આપણે તો કથાવાર્તા કરી આનંદ કરવો.'

આ વાત શાસ્ત્રીજી મહારાજે સાંભળી ત્યારે તેઓ હસી પડ્યા અને બોલ્યા : 'જેણે જ્ઞાન આપ્યું છે, ઉપાસના સમજાવી છે, એણે મંદિરો કર્યાં છે. એને મંદિરોની અને મોક્ષની ચિંતા પણ હોય જ. પણ મહારાજ-સ્વામી આપણી રક્ષામાં છે. બધા જેમ ફાવે તેમ બોલે છે, પણ જોગી મહારાજને જેવો વ્યવહાર ચલાવતાં આવડે છે તેવો કોઈને આવડશે નહીં અને સત્સંગ પણ ઘણો વધારી દેશે. જેમ ગોપાળાનંદ સ્વામીએ શિવલાલ શેઠને કહ્યું હતું : 'તારે વ્યવહાર શીખવો હોય તો સુંદરણિયાના પૂજા શેઠ પાસે જજે. વ્યવહાર અને મોક્ષ બેય શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે.' તેમ જોગી મહારાજ વ્યવહાર અને મોક્ષ બેય સંભાળશે.'

ત્યારબાદ રાજકોટ, ગોંડલ, જસદણના હરિભક્તોને દર્શન-સમાગમનો લાભ આપી સૌ સારંગપુર પધાર્યા. આજુબાજુનાં ગામના હરિભક્તોના આગ્રહથી ત્યાં જઈ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ સૌને રાજી કરતા.

કાયમની મોજ

એક વાર શાસ્ત્રીજી મહારાજ જસદણથી સારંગપુર આવતા હતા. એમને લાઠીદડ થોડું કામ હતું, તેથી તેઓ, નિર્ગુણદાસ સ્વામી, બીજા બે સંતો તથા આશાભાઈના મોટા પુત્ર દેસાઈભાઈ, ખેંગારજીભાઈ વગેરે લાઠીદડ ઊતર્યા અને યોગી મહારાજ તથા અન્ય સંતો-હરિભક્તો સારંગપુર ગયા.

લાઠીદડનું કામ પતાવી શાસ્ત્રીજી મહારાજ કહે : 'સંધ્યા આરતી પહેલાં કોઈપણ સંજોગોમાં સારંગપુર પહોંચવું છે.'

વાવણીની મોસમ હોવાથી બધા ખેડૂતોનાં ગાડાં ખેતરે ગયાં હતાં. તેથી શાસ્ત્રીજી મહારાજ તો ખેંગારજીભાઈનો હાથ પકડી, એક સાધુ જોડમાં લઈને ચાલવા માંડ્યા. નિર્ગુણદાસ સ્વામી રોકાઈ ગયા. તેમનાથી આટલું ચાલી શકાય તેમ ન હતું. તેથી તેઓ રાત્રે ગાડામાં મોડા આવશે તેમ કહેવરાવ્યું.

રસ્તામાં ખેંગારજીભાઈએ સહજ પૂછ્યું : 'બાપા ! મોટાપુરુષ અમુક ઉંમરે અંતર્ધાન થાય ત્યારે હેતવાળા તેમના ગરીબ શિષ્યોનું પાછળથી શું થાય ?'

ત્યારે સ્વામીશ્રીએ તેમના પ્રતિ કરુણામય દૃષ્ટિ કરતાં કહ્યું : 'અલ્યા, આ બાવો તે કોઈ સાધારણ બાવો છે ? અહીં તો ભગવાન જ પ્રગટ કહેવાય. પાછળ પોતાના જેવા જ મોટા સાધુ રાખી જાય અને એમ બધાની ખબર રાખે

અને કાર્ય પૂરું કરાવે. આ જોગી મહારાજ અમારી જેમ સૌની ખબર રાખશે. સ્વામી કોઈને નધણિયાતા નહીં રાખે.'

સારંગપુર પહોંચતાં જ સંધ્યા આરતીનો ઘંટારવ ગુંજી ઊઠ્યો.

એ વખતે ગુજરાતના ચારસોથી પાંચસો હરિભક્તો જુદા-જુદા સંઘમાં દર્શને આવેલા. યોગી મહારાજે આરતી પછી જમાડવાની તૈયારી કરી રાખી હતી અને શાસ્ત્રીજી મહારાજ સંધ્યા આરતી વખતે આવી જ જશે એવી સૌને હૈયાધારણ આપી હતી. તેથી સૌની પંગત પડેલી. તે વખતે જ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થતાં જ સર્વત્ર જયનાદ થઈ રહ્યો.

શાસ્ત્રીજી મહારાજે સૌને પંગતમાં ફરીને આશીર્વાદ આપ્યા. પછી દર્શન કરી સૌ હરિભક્તો જમીને વિદાય થયા.

નિર્ગુણદાસ સ્વામી રાત્રે ૧ વાગે ગાડામાં સારંગપુર આવ્યા. ગુજરાતના તેમના હેતવાળા હરિભક્તોને મળાયું નહીં તેથી મનમાં બહુ દિલગીર થયા.

યોગી મહારાજે ખેંગારજીભાઈને બોલાવી કહ્યું : 'તમે સ્વામી સાથે નીકળ્યા તો કેવો આનંદ થયો ? સ્વામીએ કાયમની મોજ આપી દીધી ને !'

રસ્તામાં ખેંગારજીભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછેલા પ્રશ્નોના અનુસંધાનમાં યોગી મહારાજે અંતર્યામીપણે શાસ્ત્રીજી મહારાજે આપેલા ઉત્તરની સ્મૃતિ કરાવી સૂચક દૃષ્ટિપાત કર્યો. ખેંગારજીભાઈ આ બંને પુરુષો વચ્ચેની અધ્યાત્મ એકતાનો અનુભવ કરી રહ્યા !

જે વાતની પ્રતીતિ શાસ્ત્રીજી મહારાજના અક્ષરવાસ પછી યોગી મહારાજે તેમને તરત જ કરાવવા માંડી હતી.

✧

વૈશાખી પૂનમે રાજકોટથી મોહનભાઈ અજાગિયા વગેરે શાસ્ત્રીજી મહારાજનાં દર્શને સારંગપુર આવ્યા અને રાજકોટ પધારી પારાયણ કરવા નિમંત્રણ આપ્યું, પરંતુ શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજ અને નિર્ગુણ સ્વામીને રાજકોટ પારાયણ કરવા મોકલ્યા. અહીં ત્રણ દિવસની પારાયણ કરી.

એ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ અટલાદરા થઈ મુંબઈ પધાર્યા હતા. યોગી મહારાજ વિના શાસ્ત્રીજી મહારાજને હંમેશાં સૂનું સૂનું લાગતું. 'જોગી'નો નિર્દોષભાવ, પ્રફુલ્લ હાસ્ય, દૃષ્ટાંતસભર વાણી અને વ્યાવહારિકતાને વણી લેતી સચોટ આધ્યાત્મિક વાતોથી હરિભક્તોને ખૂબ સમાસ થતો. વળી, હરિભક્તોને બોલાવવા, રાખ-રખાવટ કરવી, તેમાં તો એવા કુશળ કે શાસ્ત્રીજી મહારાજને

લેશપણ ચિંતા ન કરવી પડે. તેથી મુંબઈમાં પારાયણનો પ્રારંભ કર્યો તે જ દિવસે શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને બોલાવવા તાર કરાવ્યો અને મુંબઈ બોલાવી લીધા. સૌને ખૂબ આનંદ થયો.

અહીં લાભ આપી સુરત થઈ, ગોંડલ મંદિર માટે સાગનાં લાકડાં ખરીદવા સૌ સોનગઢ ઊતર્યા. ત્યારબાદ અટલાદરા આવી ગોસ્વામીના ખેતરમાં હરિજનોને ઘર કરી આપવા બાબત નિર્ણય લઈ, જેઠ સુદ પૂનમે બોચાસણ જવા વડોદરા સ્ટેશને પહોંચ્યા, પણ ટ્રેન ચુકાઈ ગઈ. બીજી ટ્રેન મળે તોપણ બીજે દિવસે સવારે મળે. તેથી વડોદરા સ્ટેશને જ રાત્રિ રોકાણ કર્યું.

સવારે સ્નાન-પૂજાથી પરવારી રહ્યા ત્યાં વહેલી સવારે હરિભક્તો દર્શને આવી ગયા. સ્વામીશ્રીએ હરિભક્તોને કથાવાર્તા શરૂ કરી ત્યારે યોગી મહારાજ બાળકો સાથે દૂર જઈ બેઠા. એમણે ધૂન શરૂ કરાવી : *'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ...'*

બાળકોએ પ્રેમથી ધૂન ઝીલી. પછી યોગી મહારાજે *'દયાળુ પ્રભુ ! અક્ષર પુરુષોત્તમ...'* એ પ્રાર્થના ઝિલાવી અને પોતાની ઝોળીમાંથી દરેક બાળકને એક એક પતાસું પ્રસાદી કરીને વહેંચ્યું. સૌ ખૂબ જ રાજી થઈ ગયા.

ગાડીનો સમય થયો ત્યાં સુધી શાસ્ત્રીજી મહારાજે હરિભક્તોને કથા કરી તે સૌ શાંતિથી સાંભળી શક્યા, કારણ કે યોગી મહારાજે પણ બાળકોને ધૂન-કીર્તન બોલાવી, ભગવત્સ્મરણ કરાવ્યું હતું. સૌ બાળકોને પણ યોગી મહારાજમાં તરત જ હેત થઈ જતું.

શાસ્ત્રીજી મહારાજ તથા સૌ હરિભક્તોને ઘણો આનંદ થયો. સૌએ એમની પ્રશંસા કરી. તેઓ સાચે જ 'બાળકોના યોગીરાજ' હતા.

છનવો નિવાર્યો

સંવત ૧૯૯૬ની સાલનો દુકાળ 'છનવા' દુકાળ તરીકે ઓળખાયો. એ ખૂબ જ કપરું વરસ હતું. ઊપજ ઘણી ઓછી થઈ ગઈ. ખોખરીના લવજી ભગતના ઘરમાં પંદર માણસો ખાવાવાળા હતા અને નવ મણ જ અનાજનો પાક થયો !

આ સમયે યોગી મહારાજ સંતો સાથે ખોખરી આવ્યા. લવજી ભગતને કહે : 'અમે તો અનાજનો ધર્માદો લેવા આવ્યા છીએ !'

લવજી ભગતને મનમાં થયું કે આવા કપરા સમયે ભગવાન જ માગવા આવે. બીજાની હિંમત નહીં ! તેમણે કહ્યું : 'આપ જે માગો તે ધર્માદો આપીએ.'

'કેટલું અનાજ પાક્યું છે ?' યોગી મહારાજે પૂછ્યું.

લવજી ભગતે વાત ટાળતાં કહ્યું : 'આપ માગોને ! આપના પરતાપે હંધુય થાશે.' પણ જ્યારે યોગી મહારાજે અનાજનો ઉતાર જાણવાનો આગ્રહ રાખ્યો, ત્યારે તેમણે જે નવ મણ બાજરો પાક્યો હતો તે બતાવીને કહ્યું : 'આ બાજરો છે, તે ધર્માદામાં લઈ જાવ.'

'તો તમે શું કરશો ?' યોગી મહારાજ જાણે તેની દૃઢતા ચકાસતા હોય તેમ તેમને પૂછ્યું.

'આપની દયા છે તો બધું થઈ રહેશે. માટે અમારી ચિંતા ન કરશો.' લવજી ભગતના આ શબ્દોમાં વિશ્વાસનો રણકાર હતો. ભક્તની ભાવના સર્વસ્વ અર્પણ કરી દેવા સુધીની હતી.

આવી ભક્તિભાવના જોઈ યોગી મહારાજ પ્રસન્ન થયા. એમણે કહ્યું : 'તમારી કોઠીઓ બતાવો.'

પછી યોગી મહારાજે બધી કોઠીઓ ઉપર ઠાકોરજી પધરાવ્યા અને બોલ્યા : 'હવે આમાં બાજરો નાખો અને કોઠી બંધ કરી દ્યો. મહારાજ-સ્વામી બાજરો ખૂટવા નહીં દે. નવ મણ બાજરામાંથી બે મણ અક્ષર દેરીના ધર્માદામાં આપો.' વળી, હસતાં હસતાં કહે : 'જો તમારે ખૂટે તો મંદિરમાં ઘણો બાજરો છે. અમે આપીશું. તમારે જોઈએ તેટલો બાજરો આ કોઠીના સાણામાંથી કાઢજો, પણ માથેથી ઉઘાડશો નહીં.'

આખું વરસ વીતી ગયું, પણ બાજરો ખૂટ્યો નહીં ! બીજું વરસ સારું પાક્યું. નવો બાજરો આવ્યો તેથી સાણામાંથી બધો બાજરો કાઢ્યો, તો બે ગુણ બાજરો થયો. ઘરના સૌ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. સૌને થયું કે યોગી મહારાજે આપણી લાજ રાખી. જ્યારે લવજી ભગત ગોંડલ આવ્યા, ત્યારે યોગી મહારાજે તેમને કહેલું કે 'સ્વામીની વાતોમાં છે કે ધૂળમાંથી ધાન થશે.' લવજી ભગતને આ વાતનો અનુભવ થયો. તેઓ તો ગદ્‌ગદ થઈ ગયા.

યોગી મહારાજના પ્રતાપે આ કોઠીમાં વધેલા સાત મણ બાજરામાંથી આખું વર્ષ વાપર્યા છતાં વર્ષના અંતે દસ મણ થઈને નીકળ્યો.

યોગી મહારાજે કેવળ દયાનું અધિકપણું દાખવીને આવું ઐશ્વર્ય બતાવ્યું તોપણ તેઓ કદી પણ ગર્વ દર્શાવતા નહિ. વળી, હરિભક્તો સાથે એટલી એકાત્મતાથી વર્તે કે સામી વ્યક્તિને ખ્યાલ પણ ન આવે કે આપણે આ પુરુષના ઋણી છીએ.

કો સાહિબ સેવક કી નેવાજી આપુ સમાજ સાજ સબસાજી,
નિજ કરતૂતી ન સમુજિઅ અપને, સેવક સકુચ સોચુ ઉપ અપને !

એવા સ્વામી કોણ ? જે સેવકની બધી સામગ્રી સજાવે અને કોઈ પ્રકારનું કર્તાપણું સ્વપ્નેય ન લાવે કે જેનાથી સેવકના હૃદયમાં સંકોચ અનુભવાય !

જોગીથી જુદા પડવું ગમતું નથી

સંવત ૧૯૯૭ના કારતક સુદિ પૂનમના[૩૧] સમૈયા પછી ભાદરણના હરિભક્તોનો આગ્રહ હોવાથી, શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને ભાદરણ મોકલ્યા. જો કે શરીરે કસર જણાયા કરતી, પણ ગુરુ-આજ્ઞાથી તેઓ આઠ દિવસ અહીં રહ્યા.

સૌને કથાવાર્તાનું અલૌકિક સુખ આપ્યું. માંદગીની અસર જણાવા દીધા વિના હરિભક્તોની રુચિ મુજબ સૌને કથાવાર્તાનું સુખ આપ્યું. હરિભક્તોએ પણ સારી સેવા કરી.

શાસ્ત્રીજી મહારાજ બોચાસણથી સારંગપુર જઈ અમદાવાદ પાછા આવ્યા. એ વખતે નિર્ગુણદાસ સ્વામી પણ નડિયાદ થઈને અમદાવાદ આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'મારે 'જોગી'ને મળવા ભાદરણ જવું છે.'

ત્યારે નિર્ગુણદાસ સ્વામી કહે : 'હમણાં પૂનમના સમૈયે તો મળ્યા છો, પછી વારે વારે શું છે ?'

ત્યારે તેઓ કહે : 'જોગીથી તો જરાય જુદા ન પડીએ એવું થાય છે.'

એ પછી તેઓ ભાદરણ પધાર્યા. યોગી મહારાજના શરીરે કસર જોઈને સૌ દિલગીર થયા. યોગી મહારાજ તો કહે : 'સ્વામી ! દયાળુ ! આપની દયાથી સારું થઈ જશે.'

પછી એમને દવા કરવા અમદાવાદ રાખ્યા. પાંડુરંગ વૈદ્યે યોગી મહારાજની ખંતથી અને મહિમાપૂર્વક દવા કરી. તબિયતમાં ફેર પડ્યો અને તાવ ગયો.

એવામાં માગશર સુદ ચૌદશને દિવસે[૩૨] શાસ્ત્રીજી મહારાજનો આણંદથી પત્ર આવ્યો કે 'યોગી મહારાજને આણંદ મોકલશો.' તેથી તરત જ તેઓ અમદાવાદથી આણંદ પધાર્યા. યોગી મહારાજ હજુ હમણાં જ માંદગીમાંથી બેઠા થયા હતા. તબિયત હજુ નાજુક હતી, પણ ગુરુની આજ્ઞા યથાર્થ પાળનાર

૩૧. તા. ૧૫-૧૧-૧૯૪૦.
૩૨. તા. ૧૩-૧૨-'૪૦.

'જોગી'એ દેહને ક્યાં પોતાનો માન્યો હતો ? એમણે તો ગુરુને કૃષ્ણાર્પણ કરી રાખ્યો હતો. અને તેથી જ શારીરિક અશક્તિમાંયે ગુરુ-આજ્ઞામાં ટૂક ટૂક વર્તવા તૈયાર રહેતા.

આણંદમાં શાસ્ત્રીજી મહારાજ પણ બીમાર પડી ગયા હતા. તેઓ હરિભક્તોને વાતો કરી શકતા નહીં. તેથી તેમણે પોતાની વાતો અને પોતાની ઉપસ્થિતિથી જેટલો સમાસ થાય તેટલો જ સમાસ અને લાભ જોગી સ્વામી દ્વારા હરિભક્તોને મળશે એમ વિચારી યોગી મહારાજને તેડાવ્યા હતા. યોગી મહારાજે પણ હરિભક્તોની અપેક્ષા સુપેરે સંતોષી.

વસંત પંચમીને દિવસે શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજની જન્મ જયંતી ધામધૂમપૂર્વક ઊજવાઈ. તેમાં યોગી મહારાજ પધારી શક્યા ન હતા. એમણે એ સમૈયો ગોંડલમાં એટલા જ ઉત્સાહમાં ઊજવ્યો અને સૌને શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહી ગુરુભક્તિ અદા કરી.

સંવત ૧૯૯૭, ફાગણ વદ બીજે[૩૩] ગઢડામાં શાસ્ત્રીજી મહારાજના હસ્તે હરિમંદિરની પ્રતિષ્ઠા હોવાથી ગામોગામ વિચરતાં સંતમંડળો અત્રે ઉપસ્થિત થયાં હતાં. પ્રતિષ્ઠા ઉત્સવ સારી રીતે ઊજવાયો.

ગઢડા રાત રહી સૌ સારંગપુર આવ્યા.

બાળકોને સત્સંગનું ઉત્તેજન

ગામડે ગામડે સત્સંગનો વિકાસ થઈ રહ્યો હતો. યુવાનો અને વિદ્યાર્થીઓને પણ રસ વધતો જતો હતો, પરંતુ તેમને તેમની રીતે સત્સંગ વિષયક અને સંસ્કારલક્ષી જ્ઞાન આપવા માટે એક વ્યવસ્થિત આયોજનની જરૂર હતી. તેથી યોગી મહારાજની પ્રેરણાથી સારંગપુરમાં હકાખાચરે 'સત્સંગ પ્રચાર મંડળ'નું આયોજન કર્યું. તેમાં બાળકો-વિદ્યાર્થીઓને 'વચનામૃત', 'સ્વામીની વાતો', 'શિક્ષાપત્રી' અને કીર્તનોના જ્ઞાનની સાથે તે કંઠસ્થ કરવા પ્રેરણા અપાતી. તેના આદેશોને જીવનમાં મૂકવા સાંપ્રદાયિક પ્રસંગો અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહી પ્રેરણા અને માર્ગદર્શન અપાતું.

આમ, આ મંડળે ધીરે ધીરે તાલીમ-કેન્દ્રનો આકાર લીધો. જેમાં યોગી મહારાજ ઊંડો રસ લેતા. એમનું માર્ગદર્શન સતત મળતું રહેતું. યુવા પ્રવૃત્તિ તો

---

૩૩. તા. ૧૫-૩-૧૯૪૧.

તેમનું આગવું અંગ. વળી, આ પ્રવૃત્તિ એમના જીવન સાથે રસબસ થઈ ગયેલ 'મિશન' સમાન હતી.

સારંગપુરના થોડા વિદ્યાર્થીઓ આ તાલીમ-કેન્દ્રમાં સત્સંગ વિષયક જે કંઈ શીખતા તેની યોગી મહારાજે પરીક્ષા લીધી અને તેમાં વિજેતા થનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીને પોતાના હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા.[૩૪] આમ, વ્યવસ્થિત તાલીમનો દોર ત્યારથી શરૂ થયો. જાણે સત્સંગ શિક્ષણ પરીક્ષાનાં બીજ વવાયાં ! કેટલી ઊંડી સૂઝ અને કેટલી દીર્ઘદૃષ્ટિ !

જોગી વિના મારું કોણ શોભાડશે ?

અહીં એક રાતે સૌ ગાઢ નિદ્રામાં હતા. રાત્રિનું શાંત નીરવ વાતાવરણ આ સ્થાનની દિવ્યતાને વધુ ઓપ આપતું હતું. એવામાં ચોગાનમાં ઢોલિયા પર સૂતેલા શાસ્ત્રીજી મહારાજ જાગી ગયા. જોયું તો સિત્તેર-પંચોતેર ભક્તોનો સંઘ !

'આવો.' શાસ્ત્રીજી મહારાજે બેઠા થતાં પૂછ્યું : 'અત્યારે ક્યાંથી ?'

'બાપા ! કારિયાણી જતાં બસ બગડી તેથી રાત ગાળવા આવ્યા છીએ.'

'બહુ સારું, પ્રેમથી રહો. આ તમારું જ મંદિર છે. ઠાકોરજી જમાડ્યા ?'

'ના બાપા ! પણ અત્યારે આપને તકલીફ શા માટે આપવી ? આ દોઢ તો વાગ્યો છે !'

શાસ્ત્રીજી મહારાજ હસતાં હસતાં બોલી ઊઠ્યા : 'અમારે સાધુને વળી તકલીફ શી ? આ તો ટાણાની સેવા !'

શાસ્ત્રીજી મહારાજે વિચાર્યું કે અત્યારે ૭૫ ભક્તોની રસોઈ બનાવવા કોઈ તૈયાર નહીં થાય. બધા થાકીને સૂઈ ગયા છે. તેમને 'જોગી' યાદ આવ્યા અને ચહેરા પર પ્રસન્નતા લીંપાઈ ગઈ. હરિભક્તોને જરા વાર બેસવા કહી શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજના આસને એમને ઉઠાડવા માટે ચાલ્યા. બાજુમાં ભગવત્સ્વરૂપદાસના આસન નજીક આવ્યા. અંધારામાં સળવળાટ સાંભળી તેમણે પૂછ્યું : 'એ કોણ ?'

'એ તો જોગીનું કામ છે. હરિભક્તો આવ્યા છે તે જમાડવા જોઈશે ને...!'

ભગવત્સ્વરૂપ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજનો અવાજ પારખ્યો ને કહે : 'દયાળુ ! એ તો રાતે એક વાગે માળા ફેરવીને સૂતા છે. વળી, ત્રણ વાગે તો જાગી જશે. બપોરે કોઈ દિ' સૂતા નથી. અત્યારે એમને થોડો આરામ મળે તો ઠીક.'

---

૩૪. માર્ચ ૧૯૪૧.

'પણ ભગવત્સ્વરૂપદા' જોગી વિના મારું કોણ શોભાડશે ?' શાસ્ત્રીજી મહારાજના અવાજમાં વેધક આર્દ્રતા હતી : 'અત્યારે તો જોગી જ મારી લાજ રાખશે. માટે એમને જગાડવા દો.'

'પણ હરિભક્તોને સવારે જમાડીએ તો ?'

સદા કાગનિદ્રા અને હરણ ફડકો રાખતા યોગી મહારાજ આટલા વાર્તાલાપ દરમ્યાન જાગે નહીં તેવું કેમ બને ? તેઓ બેઠા થયા ને હાથ જોડી શાસ્ત્રીજી મહારાજ સામે ઊભા રહ્યા. એમને જોઈ શાસ્ત્રીજી મહારાજને અંગોઅંગ આનંદ ઊભરાયો : 'અહો, જોગી ! ચાલો રસોઈ બનાવવાની છે...'

'ભલે સ્વામી...' અને 'જોગી'એ મધરાતે સેવા માટે કછોટો વાળ્યો. દિવસ અને રાતના ખરલમાં હોમાઈ, સેવાથી લસોટાઈ, દેહને વાટી નાખવાની એમની વૃત્તિનો ઉમંગ, હરિભક્તોએ ત્રણ વાગે જમી લીધું ત્યારે પણ એવો ને એવો જ પલ્લવિત હતો !

સૂનૃત

એ પછીના દિવસોમાં યોગી મહારાજને સખત મરડો થઈ ગયો હતો. તેથી સારવાર લેવા રાજકોટ 'અદાની દેરી'એ રહ્યા હતા. જોડમાં સાધુ પુરુષોત્તમવલ્લભદાસ હતા. શરીરે ખૂબ નબળાઈ આવી હતી.

તે વખતે મનજીભાઈ નથુભાઈનો પેટ્રોલ પંપ સંભાળતા હીરજીભાઈ શેઠે શાસ્ત્રીજી મહારાજને અમદાવાદ પત્ર લખ્યો : 'આપ યોગી મહારાજનો સર્વોપરી મહિમા કહો છો, પણ એમની માંદગી પણ સર્વોપરી છે. શારીરિક અશક્તિ પણ ખૂબ છે. સહેજ અનાજ લે તેમાં પાંચ-છ વખત મરડાથી ઝાડે જવું પડે છે. દવા વગેરે સમયસર લેતા નથી અને જોડવાળા સાધુ પણ સેવામાં ખબરદાર નથી કે જેથી એમની સંભાળ લેવાય. તો આ કાગળ વાંચી એક સારા સાધુ સેવામાં તરત મોકલશોજી.'

પત્ર મળતાં જ શાસ્ત્રીજી મહારાજે તેમની સેવામાં રહેતા જગજીવનને કહ્યું : 'તું મારી સેવા કરે છે પણ યોગી મહારાજને ખૂબ માંદગી છે અને સેવકની જરૂર છે. તારે મિલની નોકરી છે, પણ રાજીનામું મૂકીને આજે સાંજની ગાડીમાં રાજકોટ જા. યોગી મહારાજ જેવા સાધુની સેવાથી સાક્ષાત્ શ્રીજી-મહારાજની સેવાતુલ્ય ફળ મળશે.'

જગજીવનભાઈએ શાસ્ત્રીજી મહારાજના વચન મુજબ ત્યાં પહોંચી

પ્રેમપૂર્વક યોગી મહારાજની સેવા કરવા માંડી અને એમની તબિયતમાં સુધારો થવા લાગ્યો. દસેક દિવસ પછી હીરજીભાઈ શેઠે શાસ્ત્રીજી મહારાજને 'યોગી મહારાજની તબિયત સુધારા પર છે અને આપે સેવક પણ સારા મોકલ્યા છે,' એમ લખી જણાવ્યું.

થોડા જ દિવસોમાં શાસ્ત્રીજી મહારાજ રાજકોટ આવી પહોંચ્યા. યોગી મહારાજ તો અચાનક ગુરુહરિનાં દર્શન થયાં તેથી આનંદમાં આવી ગયા અને દંડવત્પ્રણામ કરવા લાગ્યા. શાસ્ત્રીજી મહારાજે પણ એમને દંડવત્ કરતાં કહ્યું : 'તમે અમને દંડવત્ કરો તો અમારે તમને કરવા જોઈએ ને !'

હરિભક્તો પણ આ ભાવવાહી મિલનને અહોભાવથી માણી રહ્યા. શાસ્ત્રીજી મહારાજે ખબરઅંતર પૂછ્યા. યોગી મહારાજની તબિયત સુધારા પર હતી. વળી, આજે તો ખૂબ સારું જણાવા લાગ્યું. તેથી શાસ્ત્રીજી મહારાજે ગુણાતીત સ્થાન ભાદરાનાં દર્શનની ઇચ્છા જણાવી. સૌએ સહર્ષ વધાવી લીધી. સૌ ભાદરા દર્શન કરી રાજકોટ આવ્યા.

અહીં જગજીવનભાઈએ યોગી મહારાજને વિનંતી કરી કે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી આપની સેવાનો લાભ મળ્યો. જો આપ રાજી થયા હો તો રૂડા આશીર્વાદ આપો, જેથી જીવનભરનું સંભારણું રહે.

તે વખતે અદાની દેરીએ, મેડા ઉપર ચઢવાના પથ્થરનાં પગથિયાં ઉપર બેસી યોગી મહારાજે આશીર્વાદનો અદ્‌ભુત પત્ર જગજીવનભાઈને લખી આપ્યો. અધ્યાત્મ-માર્ગના દરેક સાધકને પથદર્શક બની રહે તેવો આ (૧૬ પાનાંનો) પત્ર આ પ્રમાણે હતો :

શ્રીજી સ્વામી સત્ય છે.

શુક્રવાર તા. ૨૮-૩-'૪૧

પાંચ વાર્તા સંબંધી વચનામૃતમાંથી વાર્તાની નોંધ :

કરવું - સંત સમાગમ (મન-કર્મ-વચને).

જાણવું - જડ-ચૈતન્યનો વિવેક.

મૂકવું - પંચવિષય, દેહાભિમાન, અવળો પક્ષ.

સમજવું - ભગવાનનું સ્વરૂપ.

રાખવું - બ્રહ્મ થઈને પરબ્રહ્મ.

ભગવાનની ભક્તિમાં વિઘ્ન ત્રણ મોટાં, તેની નોંધ : મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન, વચનામૃત છે.પ્ર. ૮ :

(૧) પોતાના દોષ ન ઓળખાય.

(૨) ભગવાનના ભક્ત થકી મન નોંખું પડી જાય.

(૩) ભગવાનના ભક્ત થકી બેપરવાઈ થઈ જાય.

મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન : વચ. છે.પ્ર. ૫મું. માહાત્મ્યે યુક્ત ભક્તિ આવ્યાનું શું સાધન ?

શ્રીજીમહારાજે જવાબ આપ્યો કે શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ, તેની સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે યુક્ત ભક્તિ જીવના હૃદયમાં ઉદય થાય છે. માહાત્મ્ય વગરની ભક્તિ ક્ષયરોગવાળી. જેમ દશ વરસની કન્યાને ક્ષયરોગ લાગુ પડે તે જુવાન થયા પહેલાં મરી જાય છે, તેમ માહાત્મ્ય વિનાની ભક્તિ મોળી પડી જાય છે. વચનામૃત સા. ૫મું.

મુદ્દો-૧

નીર્દોષ બુધી દરેકમાં રાખવી તે જ આપણી સેવા છે. ગ.મ. ૨૮ના વચનામૃતમાં ભક્તના ભક્ત થાવું. ગ.પ્ર. ૫૮ પાકો હરિભક્ત કેને જાણવો ? હરિભક્ત, તેના દાસનો દાસ થઈને રહેવું.

ગ.મ. ૬૨ : ત્રણ અંગમાંથી એક અંગ રાખીને દેહ મુકીને ધામમાં જાવું. આત્મનિષ્ઠાની ઉત્તમ, પતિવ્રતાપણું, દાસત્વપણું. દાસત્વપણામાં ૪ કલમ સમજવાની આવે છે.

(૧) ઈષ્ટદેવનાં દર્શન ગમે.

(૨) ઈષ્ટદેવ પાસે રહેવું ગમે.

(૩) ઈષ્ટદેવની ક્રિયા ગમે.

(૪) પોતાના ઈષ્ટદેવનો સ્વભાવ ગમે.

આ ચાર કલમ સમજવાની છે. આ મુદ્દા સમજીને જીવમાં ઉતારવા.

બીજો મુદ્દો

એકબીજાની ખટપટ ન કરવી, તે કો'કની વાત બીજાને કરવી ને બીજાની વાત કો'કને કરવી. તે સ્વભાવ સાધુતાના માર્ગમાં ખામી રાખે. માટે જેને મોક્ષ જોઈતો હોય તેમને તે સ્વભાવ મુકવો.

ત્રીજો મુદ્દો

સ્વામી જાગા સ્વામી કે'તા જે અવગુણ લેવાનું મન થાય તો પોતાના દેહનો ને પોતાના સ્વભાવનો ને પોતાની જાતિનો અવગુણ લેવો, પણ બ્રહ્મસ્વરૂપ એકાંતીક ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો.

ચોથો મુદ્દો

સહનશક્તિ એ જબરો ગુણ છે. કો'ક શબ્દ આપણને કટાક્ષથી કહે તો સામું ન બોલતાં સહન કરવું. તેમને ક્ષમા(નો) ગુણ કહે છે. તે ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાન્તિ અખંડ આપે છે ને આનંદના ફુવારા છુટે છે અને મોટા જીવમાંથી રાજી થાય છે. ત્યારે સ્વામી મુળ અક્ષરબ્રહ્મ કે'તા જે દેહ પડી ગીયો એટલે શું થીયું ? એ તો સાધુ થાવું ને સાધુતા શીખવી, ને મરી ગીયા એટલે થઈ રહ્યું ને કરવું બાકી કાંઈ ન રહ્યું એમ ન સમજવું. સ્વામી' જાગાભક્ત સ્વામી કે'તા જે પરક્રીયા ને પારકો આકાર ને પારકા દોષ જીવમાં ઘાલવા નહિ. એમ સ્વામી કે'તા. ક્યાંક વાત થાતી હોય ને પોતાના અંગમાં મળતી આવતી હોય તેટલી ગ્રહણ કરવી ને બીજીનો ત્યાગ કરવી. જે બીજા ભક્તને અરથે છે ને મારે અરથે નથિ, એટલે તેમનો અવગુણ આવ્યો ન કે'વાય.

પાંચમો મુદ્દો

ઝાઝો સમુહ હોય ન કોઈ વાત થાતી (હોય) ને આપણાથી તે મોટા હોય તે વખતે વાત સાંભળેલી (સાંભળી) લેવી. પણ હેત થાય ત્યારે વાત કરવી. પે'લું હેત કરાવવા શીખવું. હેત કરાવ્યા પછી વાત બેસે. માટે હેત થીયા પછી પોતાનો સિદ્ધાંત કે'વો.

છઠ્ઠો મુદ્દો

સુહૃદપણાનો મોટો ગુણ શીખવો. સુહૃદપણું એટલે એકબીજાની ક્રીયા સંપથી કરી લેવી. સેવા એકબીજાની કરી લેવી. કોઈ કહે તે ખમવું ને બીજાને તે વાત જણાવવી પણ નહિ - મુને ફલાણે આમ કહ્યું. અહોહો, મારા મોટાં ભાગ્ય જે આવા કેનારા ક્યાંથી મળે ! એમ કહેનારાનો ગુણ લેવો. સુહૃદપણું હશે તો જબરા ગુણો આવશે. સ્વામીનું વાક્ય છે. માટે અવશ્ય સુહૃદપણું રાખવું.

૭મો મુદ્દો

કથાવાર્તાનું વ્યસન રાખવું, કથાવાર્તાના વ્યસન હોય તો કર્યા વિના રહેવાય જ નહિ. મોટા વાતું કરતા હોય ને પોતે હાજર ન હોય તો હૃદયમાં બળતરા થવી જોઈએ. જ્યારે કથા સાંભળીએ ત્યારે શાન્તિ થાય. માટે શબ્દ ઝીલવા શીખવું. એકે શબ્દ વૃથા જાવા દેવો નહિ. નવિન નવિન વાતો યાદ રાખવી. તો જ શ્રુત કે'વાય. માટે ખરા શ્રુત થાવું.

આટલા સાત મુદ્દા જીવમાં ઉતારી, સમજી, કેફ રાખવો. વાત તો ઘણી થઈ, પણ ટુંકામાં આટલું સમજવાનું. મોટા વાતું કરતાં હોય ત્યારે વાત

સાંભળવી ને એકમને થઈને વચમાં કોઈપણ ડાપણથી બોલવું નહિ. અધર વચન ઝીલી લેવાં. બોલો સ્વામીનારાયણની જય, બોલો મુળ અક્ષર સ્વામીની જય, બોલો શાસ્ત્રીજી મહારાજની જય.

દા. સદા સેવક જ્ઞાનજીવનદાસજી

તા. ૧-૪-'૪૧, મંગળવાર

થોડાબોલા થાવું. વાણી જે વાપરવી તે દુધની પેઠે વાપરવી પણ પાણીની પેઠે ન વાપરવી. બોલ્ય બોલ્ય ન કરવું. ઘટે તેટલું બોલવું. સત્ય, હીત ને પ્રીય લાગે તેવું વચન બોલવું. એટલે સૌને આપણામાં હેત થાય, એવું અંગ રાખવું. આટલો પાઠ કરવાથી શાન્તિ રહેશે.

શુરવીર થાવું જેથી ઈન્દ્રિયું અંતઃકરણ થરથર કંપતા ફરે ને ખોટો ઘાટ પણ ન થાય. (વચનામૃત) છે.પ્ર. ૨ રાત-દીવસ વાંચ્યા જ કરવું. આટલી કલમ યાદી રાખવી. પૂજ્ય ભગતજી મહારાજ, પૂજ્ય સ્વામી જાગાભક્ત, પૂજ્ય અદાશ્રી ને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને સંભારવા. દરરોજ સ્મૃતિ રાખવી.

દા. જ્ઞાનજીવનદાસજી

ચૈત્ર સુદિ ૪, વાર મંગળ.

કોઈ વાળે ત્યારે આપણે વેગમાં હોઈએ તોપણ વળી જાવું. એ ગુણ જબરો છે. પણ પોતાનો એકડો સાચો રાખવો નહિ. એક વાત શીખવાની છે - કટ વળી જાવું. પોતાનો બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ ક્ષણ પણ મોળો પડવા દેવો નહિ. કામ-ક્રોધના ઘાટ થાય ત્યારે જ્ઞાને કરીને દબાવી દેવા. જો ભુંડો ઘાટ કર્યો તો તારા ભુક્કા કરી નાંખીશ. રાજ્યનીતીનું વચનામૃત ગ.મ. ૧૨ વાંચવું. પછી એક પણ સંકલ્પ ન થાય. સાંખ્ય વિચાર કરવા શીખવો. દેહ, લોક, ભોગ ખોટા સમજી લેવા. આવો વિચાર સવારમાં કરવો : હું ગુણાતીત છું ને મારા જીવમાં સ્વામીશ્રીજી સાક્ષાત્ બેઠા છે. પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ પોતાને માનવો. એ જ વિનંતી. ભુલચુક સુધારી વાંચશો.

જગજીવનભાઈ થોડા વધુ દિવસ યોગી મહારાજની સેવામાં રોકાઈ તેમનું સ્વાસ્થ્ય સંપૂર્ણ સારું થતાં અમદાવાદ આવ્યા. શાસ્ત્રીજી મહારાજ અહીં વિરાજમાન હતા. તેમણે દંડવત્ કરી યોગી મહારાજનો પત્ર તથા સમાચાર આપ્યા. એ વખતે શાસ્ત્રીજી મહારાજ બોલી ઊઠ્યા : 'જોગી મહારાજ તો આપણી સત્સંગની મહામૂલી મૂડી છે. એમનો દેહ આપણે બહુ સારી રીતે જાળવવો. ભવિષ્યમાં આ પૃથ્વી પર એમની પાસે ઘણાં મહાન અને અલૌકિક

સત્સંગનાં કાર્ય કરાવવાં છે.'

એ વખતે શાસ્ત્રીજી મહારાજની બાજુમાં જ ધોળકાના રેવાશંકર ત્રિવેદી, બબુભાઈ કોઠારી, અર્જુનભાઈ, વિનાયકરાવ સાહેબ આદિ સૌ ઊભા હતા. તેઓ શાસ્ત્રીજી મહારાજના અંતરના ઉદ્‌ગારો સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

'દેરી'ની રજથી દર્દ મટાડ્યું

અહીંથી શાસ્ત્રીજી મહારાજ વિચરણ કરતાં કરતાં ફરીથી અમદાવાદ પધાર્યા. યોગી મહારાજને સારંગપુરથી બોલાવી પીપળાવ, બોચાસણ, કરમસદ, ગાના થઈ નાપાડ પધાર્યા.

અહીં ૨૫ વર્ષના યુવાન હરિભક્ત મંગળભાઈ વલ્લભભાઈ પટેલને પરમિયાનો જીવલેણ રોગ લાગુ પડ્યો હતો. જુદી જુદી ઘણી દવા કરી પણ ફાયદો ન થતાં થાકીને આખરે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી. ત્યારે એમણે કહ્યું : 'તમે જોગી મહારાજ પાસે જઈને તમારા દર્દની વાત કરો. તે આશીર્વાદ આપશે તો રોગ મટી જશે.'

તેઓ યોગી મહારાજ પાસે આવ્યા અને શાસ્ત્રીજી મહારાજે કહેલી વાત કરી. અને દર્દ મટે તે માટે આશીર્વાદ માગ્યા.

યોગી મહારાજ કહે કે 'શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી મહારાજ તમારું દર્દ મટાડી દેશે. તમને અક્ષર દેરીનાં ફૂલ અને રજ અમે ત્યાં જઈને મોકલશું, તે સવારે અને સાંજે પાણીમાં નાખીને લેજો.'

ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અટલાદરા પધાર્યા.

આ બાજુ મંગળભાઈ રોજ પ્રસાદીનાં પુષ્પ અને રજની રાહ જોતા. તેમના મનમાં થતું કે કદાચ સ્વામી આ વાત ભૂલી તો નહીં ગયા હોય ને ? પરંતુ થોડા દિવસમાં જ તેમના ઉપર ટપાલમાં એક કવર આવ્યું અને તે ખોલતાં જ તેમાંથી અક્ષર દેરીના પ્રસાદીનાં પુષ્પ, દેરીની રજ તથા એમના આશીર્વાદનો પત્ર મળ્યો. આ ટપાલ મળી તેમાં જ તેમનું દર્દ તે વખતે જ ચાલ્યું ગયું.

થોડા દિવસોમાં તે સંપૂર્ણ રોગમુક્ત થઈ ગયા. તે રોગ ફરી કદી તેમને થયો નહીં. યોગી મહારાજ હંમેશાં શાસ્ત્રીજી મહારાજને જ આગળ કરતા અને ગમે તે કાર્ય થાય તો એમની કૃપાથી બન્યું એમ દૃઢતાપૂર્વક કહેતા.

✧

આ અરસામાં અટલાદરા મંદિરના પાયા ખોદાઈ રહ્યા હતા. આણંદના

વલ્લભભાઈ તથા બીજા ચાર યુવાન હરિભક્તો અહીં ખૂબ સેવા કરે. જો કે સેવા એવી કઠિન કે થાક અને ભૂખથી શરીર કામ કરતું અટકી જાય. તે દિવસોમાં નાસ્તો, રાત્રિ ભોજન જે કહો તે બપોરના એક વખતના ભોજનમાં ગણાઈ જતું. બપોરનું જે થોડું ઘણું વધ્યું હોય તે રાત્રે કામ લાગે. તેમાં જે વહેલો તે પહેલો ! બાકીના રહ્યા તે રહ્યા.

આવા વિપરીત સંજોગોમાં એક વખત રાત્રે સૌ જમવા બેઠા. સૌએ એક એક રોટલો માગ્યો, ત્યારે અડધો અડધો મળ્યો ! યોગી મહારાજે આ જાણ્યું. તે દિવસથી જ તેઓ સૌના માટે રોટલા રાખી મૂકતા અને પોતાના હાથે જ સૌને જમાડતા. ઘણી વાર તો પોતાના ભાગનું જમવાનું પણ આપી દેવું પડતું. આવો દૈહિક અને માનસિક - ઉભય ભીડો વેઠીને પણ હરિભક્તો કેમ રાજી થાય તેવી ભાવના એમને રહ્યા કરતી. તેથી હરિભક્તોને પણ સેવા કરવાનો ઉત્સાહ બમણો થઈ જતો.

એક વાર નિર્ગુણ સ્વામીને વડોદરા જવું હતું. તેમણે યોગી મહારાજને કહ્યું : 'જોગી ! જાવ ઘોડાગાડીમાં બેસી જાઓ. આપણે વડોદરા જવાનું છે. તમારે જોડમાં આવવાનું છે.'

નિર્ગુણ સ્વામી ઘોડાગાડી પાસે પહોંચ્યા. તેમણે ત્યાં યોગી મહારાજને જોયા નહીં. તેઓ ખિજાયા : 'ક્યાં ગયા જોગી ?'

ખૂબ તપાસ કરતાં જે ઘોડાગાડીમાં ઘોડો જોડ્યો નહોતો તેમાં બેઠેલા ! નિર્ગુણ સ્વામી એકદમ ગુસ્સામાં કહે : 'આટલા બધા નિર્માની થવાની શી જરૂર છે ? આ વગર ઘોડાની ગાડી ક્યારે વડોદરા પહોંચાડશે ? એન્જિન નથી આ !'

વર્ષો પછી યોગી મહારાજ પાસે આ વાત નીકળી ત્યારે એમણે કહેલું : 'હું તો સાવ ઠોઠબોઠ હતો. આ તો નિર્ગુણ સ્વામીની નિશાળમાં બધું શીખી ગયા !'

વાસ્તવમાં નિર્ગુણ સ્વામીની ધાક એવી હતી કે લોકો શું કરવું - ન કરવું તે ભાન ભૂલી જતા. નિર્ગુણ સ્વામી ગમે તેટલું વઢે-ધખે તોપણ યોગી મહારાજ સદાય હસતા રહે.

જ્યારે નિર્ગુણ સ્વામીના આકરા સ્વભાવની વાત કોઈ કાઢતું ત્યારે યોગી મહારાજ તેમના ગુણ ગાતા અને કહેતા : 'નિર્ગુણ સ્વામી સાથે ગમ્મત ચાલ્યા કરતી. બહુ આનંદ આવતો.' ધખે-વઢે ને આનંદ આવે એવા પુરુષ પૃથ્વીના આયુષ્યમાં ખૂબ થોડા અવતરે છે.

'જોગી'ના મુખમાંથી કોઈના વિશે ક્યારેય અવગુણનો એક શબ્દ પણ

નીકળ્યો નહોતો. એ જ તો એમની આધ્યાત્મિક ઊંચાઈ હતી !

અટલાદરાથી પ્રાગજીપુરા, ચિત્રાસર થઈ ડમણિયામાં ધોળકા પધાર્યા. ટ્રેન મોડી થવાથી દોઢ કલાક સ્ટેશને બેસી સૌએ કથા-કીર્તન કર્યાં. બાદ રાયકા થઈ અડવાળ પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે બે દિવસ લાભ આપી સારંગપુર તરફ પ્રયાણ કર્યું. યોગી મહારાજ અડવાળ રોકાયા. દરબારોને પણ યોગી મહારાજ સાથે ખૂબ ગોઠી ગયું હતું. પ્રેમાળ અને સેવાભાવી સ્વભાવના આ સરળતાની મૂર્તિ સમા સંતમાં તેઓ પરમહંસ-દશાને જોતા. સદા મસ્તીમાં રહી, અનેકને બ્રહ્મના આહ્‌લાદનો સ્પર્શ આપી, લૌકિક ભૂમિકાથી પર લઈ જતા આ પુરુષથી છૂટા પડવાનું થાય, ત્યારે આ કઠણ હૈયાના દરબારોની આંખોમાં પણ ઝળઝળિયાં આવી જતાં અને જ્યારે યોગી મહારાજ ફરી પધારે ત્યારે જ પૂર્વેનો એ ઉલ્લાસ એમના મુખ પર ચમકી રહેતો.

જોગી તો ગોદડિયા સાધુ છે

વૈશાખમાં ગઢડા તથા ગોંડલનો પાટોત્સવ કરી, અમદાવાદ થઈ, શાસ્ત્રીજી મહારાજ સાથે યોગી મહારાજ તથા સંતો મુંબઈ પધાર્યા.[૩૫] પંદર દિવસ સુધી કથાવાર્તા, ભજન-કીર્તનથી મુંબઈ મંડળને ખૂબ પુષ્ટિ આપી. સૌને સંતોષ પમાડી સુરત થઈ અટલાદરા પધાર્યા.

એ વખતે હર્ષદભાઈ દવે અટલાદરા સુધી સાથે હતા. તેમને મુંબઈ જવાનું હતું. તેથી નિર્ગુણદાસ સ્વામી તથા જોડના સંત બસ-સ્ટેન્ડ ઉપર મૂકવા આવ્યા. બસ આવવાની વાર હતી. તેથી ત્રણે પાણીના ગરનાળાની પાળ ઉપર બેઠા હતા. વાતમાં ને વાતમાં યોગી મહારાજની વાત નીકળી. ત્યારે નિર્ગુણદાસ સ્વામી ભાવમાં આવી ગયા અને હર્ષદભાઈને કહે : 'જોગી મહારાજ મારી સાથે ઘણો સમય ફર્યા પણ ક્રોધનું નામનિશાન નહીં. નિષ્કામ ધર્મ એમના જેવો કોઈ પાળી શકે નહીં. વળી, સંતો-હરિભક્તોની સેવા-શુશ્રૂષા પણ એવી જ કરે અને બધાની સાર-સંભાળ પણ ખૂબ જ રાખે. શાસ્ત્રીજી મહારાજ પણ કહે છે કે જોગી જેવા સાધુનો જોટો આખા બ્રહ્માંડમાં મળે તેમ નથી. આવી સાધુતાવાળા જોગી મહારાજ છે. માટે જોગી મહારાજને ઓળખી રાખજે, એ ગુણાતીત સંત છે, ગોદડિયા સાધુ છે.'

નિર્ગુણદાસ સ્વામી આ રીતે હર્ષદભાઈ દવેને શાસ્ત્રીજી મહારાજ તથા

---

૩૫. તા. ૧૯-૫-'૪૧, વૈશાખ વદ ૯, સં. ૧૯૯૭, સોમવાર.

યોગી મહારાજના મહિમાની ઘણી વાતો કરતા. તેઓ દરેકને શાસ્ત્રીજી મહારાજમાં જ જોડતા.

આત્મનિષ્ઠામાં શું દુઃખ હોય ?

આષાઢી પૂનમનો સમૈયો શાસ્ત્રીજી મહારાજે બોચાસણ કર્યો. તે દરમ્યાન યોગી મહારાજ ગોંડલ જ રહ્યા. તેમની તબિયત કેટલાક દિવસથી સારી રહેતી ન હતી. મોઢામાં નીચેના હોઠમાં ચાંદું પડ્યું હતું અને હોઠ ઉપર બહુ સોજો આવી ગયો હતો. તેથી કશું ખવાતું ન હતું. પ્રવાહી ખોરાક અને મગની મોળી દાળ લેતા. આ ખબર પડતાં ડૉ. દેવશીભાઈ યોગી મહારાજનાં દર્શને આવ્યા અને લાગણીપૂર્વક કહ્યું કે 'આપે મને આની વાત કેમ ન કરી ? આપના હોઠમાં પાક થયો છે અને તેથી અંદરથી રસી કાઢવી પડશે. માટે આજે આપ મારા દવાખાને આવો.'

સાંજે યોગી મહારાજ એક સંતને લઈને દેવશીભાઈના દવાખાને ગયા. ડૉક્ટરને એમણે કહ્યું : 'તમે દબાવીને રસી કાઢી લો. પીડા થાય તો ખમી લેશું.'

પછી તો ડૉક્ટર દેવશીભાઈએ હોઠ દબાવીને રસી કાઢી. અંદર સડો થયો હતો. તેથી તેટલો ભાગ ચીપિયાથી દબાવીને પરુ તથા બધો બગાડ કાઢી નાખ્યો. આ દરમ્યાન એમણે એક ઊંહકાર પણ કર્યો નહીં. ડૉક્ટરે લગભગ પંદર-વીસ મિનિટની આ પ્રક્રિયા પછી ડ્રેસિંગ કરી દવા આપી. યોગી મહારાજ તો પહેલાંની જેમ જ સ્વસ્થ હતા. એમના મુખ ઉપર વેદનાની એક પણ રેખા ઊપસી નહોતી. ડૉક્ટર દેવશીભાઈ વિચારમાં પડી ગયા કે આ તો ખરા સહન-શક્તિવાળા સંત છે ! નહીંતર આવી વેદનામાં ક્લોરોફોર્મ સુંઘાડ્યા વિના ઑપરેશન થઈ શકે જ નહીં.

યોગી મહારાજે તેમને પ્રસાદ આપ્યો અને વિદાય લીધી. ત્યારે દેવશીભાઈએ પૂછ્યું કે 'સ્વામી ! આપે એક પણ ઉંહકાર કાઢ્યો નહીં. તો શું આપને દુઃખતું નહોતું ?'

ત્યારે યોગી મહારાજ હસતાં હસતાં બોલ્યા કે 'ગુરુ, આત્મનિષ્ઠામાં શું દુઃખ હોય ?'

ષડૂર્મિ રહિત આ સંતની જડભરત અવસ્થામાં દેવશીભાઈએ ઘણી વાર મૂર્તિમાન આત્મનિષ્ઠાનાં દર્શન કર્યાં હતાં.

એ દરમ્યાન નડિયાદના દત્તરામ બારોટ, તેમના પુત્ર ઘનશ્યામભાઈ તથા

ભાણેજ અમૃતલાલને લઈને ગોંડલ આવ્યા હતા. તેમને સારંગપુરમાં ફૂલદોલના પ્રસંગે યોગી મહારાજે પ્રેમભર્યું આમંત્રણ આપ્યું હતું કે 'આપ ગોંડલ દર્શન કરીને નડિયાદ જશો. ભગતજી મહારાજના જૂના પ્રસાદીના પ્રસંગો સાંભળવાની અમારે ઇચ્છા છે.'

આ આમંત્રણને નકારી ન શકતાં તેઓ ગોંડલ આવ્યા. અહીં આવ્યા પછી તેમની તબિયત અચાનક બગડી. યોગી મહારાજે તેમને રાયણના ઝાડ નીચે ઢોલિયો પથરાવી દીધો અને સેવામાં નીલકંઠ સ્વામીને રાખ્યા. કોઠારી અક્ષરસ્વરૂપદાસજી પણ કોઠારમાંથી દૂધ વગેરે આપતા. યોગી મહારાજે તેમની દવા કરાવીને સાજા કર્યા. આ સમય દરમ્યાન સર્વ સંતો દત્તરામ બારોટ પાસે બેસતા. તેઓ ભગતજી મહારાજના અલૌકિક મહિમાની વાતો તથા ઘણા પ્રસંગો કહી સર્વે સંતોને રાજી કરી દેતા. તેઓ સાજા થયા પછી યોગી મહારાજે તેમને મગજની પ્રસાદી તથા રસ્તામાં જમી શકે તે માટે દૂધમાં સેવ-ગાંઠિયા વગેરે ભાતું સાથે બંધાવ્યું.

યોગી મહારાજને જૂના પ્રાસાદિક હરિભક્તોનો અપાર મહિમા હતો.

'આ સત્સંગ આવો ને આવો ઊજળો રહેવાનો છે'

ભાદરવા વદ બીજ ને રવિવારે[૩૬] ગોંડલની ધર્મશાળાનું તથા આરસ-પહાણ ચોડવાનું કામ શરૂ કરાવી ઘનશ્યામ મહારાજના સિંહાસનને ચાંદીનું પતરું મઢાવી સુશોભિત કરાવ્યું.

શરદોત્સવ ખૂબ દિવ્યતાથી ઊજવાયો. યુવરાજ ભોજરાજસિંહ પણ ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા. આ ઉત્સવ વખતે શાસ્ત્રીજી મહારાજ શ્રીજીપુરામાં રોકાયા હોવાથી અત્રે આવી શક્યા ન હતા. તેથી હરિભક્તોને દર્શન વિના વસવસો રહી ગયો. નિર્ગુણદાસ સ્વામી આવ્યા હતા, પણ સૌથી વધુ તો યોગી મહારાજને શાસ્ત્રીજી મહારાજની ઊણપ લાગતી હતી.

સભામાં યોગી મહારાજે આશીર્વાદ આપ્યા. તેમાં વાક્યે વાક્યે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને યાદ કરી, ગુણોનું ગાન કરીને ભક્તજનોને શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા સમજાવ્યો.

આ સમૈયામાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન ન થવાથી આફ્રિકાથી આવેલા કરમસદના શિવાભાઈ શ્રીજીપુરા ગયા. શાસ્ત્રીજી મહારાજ તો અહીં

---

૩૬. તા. ૭-૯-'૪૧.

ખેતી વગેરેની સેવામાં વ્યસ્ત હતા. આટલી વૃદ્ધ ઉંમરે એમને આવો શ્રમ કરતા જોઈને શિવાભાઈ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે સમૈયાનો અહેવાલ શાસ્ત્રીજી મહારાજને આપ્યો, ત્યારે તેઓ બોલ્યા : 'અહોહો ! સત્સંગ વધારવાની જોગી મહારાજની શું ધગશ ? આ સત્સંગ આવો ને આવો ઊજળો રહેવાનો છે.' એમ યોગી મહારાજનો અદ્‌ભુત મહિમા કહ્યો.

ગામડાના જુવાનની ભક્તિ-ભૂખ ભાંગી

યોગી મહારાજ તો શરદોત્સવમાં આવેલ તમામ હરિભક્તોને સેવા-સમાગમનો લાભ આપી રહ્યા હતા.

આ સમૈયામા રામોદના યુવાન ભક્ત મોહનભાઈ પણ આવ્યા હતા. તેમના દાદા હરિભાઈ જૂનાગઢના કૃષ્ણચરણદાસ સ્વામીના શિષ્ય હતા. તેમણે મોહનભાઈને વાત કરેલી કે 'કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળના સાધુ જ્ઞાનજીવનદાસજી 'જોગી' બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજ સાથે ભળેલા છે. તે ભારે તપસ્વી છે અને સાધુતાવાળા છે. તું ઈ સાધુનાં દર્શન કરવા જજે.'

મોહનભાઈને એ શબ્દો યાદ આવ્યા તેથી તેઓ અહીં આવ્યા હતા. સભામંડપનાં પગથિયાં પાસે ગયા ત્યાં સામે જ સંત ઊભા હતા. મોહનભાઈએ પૂછ્યું : 'અહીં જૂનાગઢના કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળના સાધુ 'જોગી' - જ્ઞાનજીવન સ્વામી નામે છે ?'

તે સાધુએ મર્મમાં સ્મિત કર્યું ને કહે : 'અમે જ છીએ !' એમ કહી હસતાં હસતાં મોહનભાઈની ઓળખાણ પૂછી આગતા-સ્વાગતા કરી. જમવા માટે પણ આગ્રહ કર્યો. તેમણે કહ્યું : 'હા સ્વામી ! ભૂખ તો લાગી છે, પણ મોડું થયું છે તેથી વ્યવસ્થા હોય કે ન હોય એમ થયું એટલે...'

યોગી મહારાજ ભંડારમાં ગયા. જોયું તો ત્યાં કશું જ ન હતું, પરંતુ ઠાકોરજીનો થાળ હજુ એમ જ પડ્યો હતો. તે લાવીને મોહનભાઈને પીરસ્યું. યોગી મહારાજનો પ્રેમભાવ અને સાધુતા નિહાળી મોહનભાઈને અંતરમાં આનંદ થયો. પછી તો તેઓ હંમેશાં સમૈયા-ઉત્સવે ગોંડલ આવવા લાગ્યા. યોગી મહારાજના સત્સંગથી તેમને અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન સમજાયું.

'કોઈને દુખિયો રે, દેખી ન ખમાય'

દિવાળી-અન્નકૂટના સમૈયા પછી કાર્તિકી પૂનમે યોગી મહારાજ

બોચાસણ પધાર્યા. તબિયત થોડી નરમ હતી. ઝીણો તાવ શરીરમાં કાયમ વર્તાયા કરતો. છતાં સૌને રાજી કરવા અત્રે પધાર્યા. સમૈયો ખૂબ સારો થયો.[37]

અહીંથી શાસ્ત્રીજી મહારાજની સાથે ધર્મજ, ભાદરણ વગેરે ગામડાંઓમાં વિચરણમાં જવાનું હતું. યોગી મહારાજ સાથે રાજકોટના વલ્લભદાસ પુરુષોત્તમ પોપટ સેવામાં હતા. તેમને તાવ આવ્યો હતો. યોગી મહારાજ તેમની પથારી પાસે બેસીને માથે હાથ ફેરવતાં બોલ્યા : 'મારે સ્વામીની સાથે ગામડે જવાનું છે, બે-ત્રણ દિવસમાં પાછો આવીશ. તમે મૂંઝાતા નહીં. ભક્તિવલ્લભદાસ કોઠારીને તમારી ભલામણ કરી છે. જે જોઈએ તે તમે કહેવરાવજો.'

પછી વિષ્ણુ સ્વામીને બોલાવીને કહ્યું : 'તમે ખીચડી કરી દેજો. બાજરાનું ઢેબરું કે જે કાંઈ કહે તે બનાવી આપજો. ઉકાળો તમારા હાથે પાજો. તમે દૃષ્ટિ રાખજો, વલ્લભદાસને તાવ ઊતરી જશે.' એ પ્રમાણે વિષ્ણુ સ્વામીને ઘણી ભલામણ કરી. વળી, જતાં જતાં કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામીને પણ ભલામણ કરી.

તેમણે બોરસદથી ફળાદિ મગાવી દીધાં. વિષ્ણુ સ્વામી રાબ કરીને પિવરાવતા. યોગી મહારાજે બે દિવસમાં બે વખત વલ્લભદાસ પર ચિઠ્ઠી લખી તેમને સાંત્વન આપ્યું હતું. હેત કરવાની તેમની આ વિશેષ રીત હતી. જતા-આવતા હરિભક્તો સાથે તેઓ અચૂક ચિઠ્ઠી મોકલી આપે. કોઈક દુઃખિયા, દાઝ્યા દિલને તેમાંથી સાંત્વન અનુભવાતું. હૈયે ધરપત વળતી અને લાગતું 'જોગી' મારા છે.

ત્રીજા દિવસે યોગી મહારાજ બોચાસણ આવ્યા અને સીધા જ વલ્લભદાસના આસને ગયા. વલ્લભદાસને તેમના દર્શન થતા જ આખમા આંસુ આવી ગયાં : 'આવી કરુણા કોણ કરી શકે ?'

યોગી મહારાજ તેમના કપાળે હાથ મૂકી બોલ્યા : 'બહુ તાવ નથી.' પછી વિષ્ણુ સ્વામી પાસે દૂધ મંગાવીને પોતે જ ઓરડામાં ચૂલા પર ઉકાળો મૂકીને કહે : 'ગરમ ગરમ ઉકાળો પી લો.' વલ્લભદાસનું માથું દુઃખતું હતું. તેથી પોતાની ઝોળીમાં બામ સાથે લાવ્યા હતા. તે કપાળે ઘસી આપ્યો. પછી હેતથી બોલ્યા : 'હવે ચિંતા કરશો નહીં. ખીચડી-રોટલો જે કહેશો તે બનાવી આપીશ.'

યોગી મહારાજ કોઈને દુઃખિયો દેખી ખમી ન શકતા. બે દિવસમાં વલ્લભદાસનો તાવ ઊતરી ગયો. તેઓ હરતા-ફરતા થઈ ગયા.

---

૩૭. કારતક સુદ ૧૫, સં. ૧૯૯૮, તા. ૩-૧૧-૧૯૪૧, સોમવાર.

કારતક વદ ચોથથી નડિયાદમાં 'સત્સંગિજીવન'ની પારાયણ શરૂ થઈ.[૩૮]

બાદ શાસ્ત્રીજી મહારાજ તથા નિર્ગુણ સ્વામી બદલપુર ગયા અને યોગી મહારાજ સાંકરદા પધાર્યા.

વદ તેરસે શાસ્ત્રીજી મહારાજ સાંકરદા પધાર્યા. તે જ દિવસે સારંગપુરથી તાર આવ્યો કે આપ નિર્ગુણ સ્વામી તથા યોગી મહારાજને લઈ સારંગપુર આવો. પોરબંદરના હરિભક્તોનો એ તાર વાંચી, તેમનો ખૂબ ભાવ પારખીને સૌ સારંગપુર જવા ત્યાંથી નીકળી અટલાદરા પધાર્યા.

બ્રહ્મપથના ભોમિયા

અહીં હર્ષદભાઈ દવે પણ આવ્યા હતા. મોતીભાઈ નાથાભાઈના ઘરે જ શાસ્ત્રીજી મહારાજ અને સંતોનો મુકામ રહેતો. સવારે નાહી, પૂજા વગેરે નિત્યકર્મથી પરવારી હર્ષદભાઈ યોગી મહારાજ પાસે ગયા. તેઓ પૂજા કરતા હતા. હર્ષદભાઈએ દંડવત્પ્રણામ કર્યા. ત્યારે એમણે હસીને આશીર્વાદ આપ્યા. હર્ષદભાઈએ સામે બેસીને પ્રાર્થના કરી : 'સ્વામી ! મને આપની આ પ્રસાદીની માળા આપો.'

'ઈ નો અપાય, શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની માળા અપાવું.'

હર્ષદભાઈએ હાથ જોડી કહ્યું : 'ના સ્વામી ! મારે તો આપની જ માળા જોઈએ છે. માટે એ જ આપો !'

ત્યારે એમણે વહાલથી કહ્યું : 'પ્રસાદી તો એક સ્વામી શાસ્ત્રીજી મહારાજ આપે. એ જ આપણા સ્વામી અને ઇષ્ટ. માટે તેમની પ્રસાદી હું તમને જરૂર અપાવીશ.'

પરંતુ તેમનો આગ્રહ ખૂબ. યોગી મહારાજે નમતું જોખ્યું ને કહે : 'તમને રાજી કરીએ. માળા આપીએ પણ રોજ પચ્ચીસ માળા ફેરવવાનું નીમ લ્યો !'

હર્ષદભાઈએ તે કબૂલ્યું. તેથી તેમણે બે હાથમાં માળા ઘસી પછી પોતાની છાતીએ અડાડીને આપી. તેઓ તો કૃતકૃત્ય થઈ ગયા. ગુરુ પ્રત્યેનો અપાર ભક્તિભાવ અને તાદાત્મ્ય 'જોગીરાજ'ને સિદ્ધ હતાં અને તેથી જ તેઓ બ્રહ્મપથના સાચા ભોમિયા બની શક્યા. બ્રહ્મના વ્યક્ત 'અહં'નું જેને ભાન હોય તે શુદ્ધ બ્રહ્મ ન કહેવાય.

અહીંથી નક્કી કર્યા મુજબ સૌ અમદાવાદ થઈ સારંગપુર પધાર્યા.

---

૩૮. તા. ૧૩-૧૧-'૪૧.

વિશિષ્ટ પ્રકારનો તાવ

ફાગણ વદ પાંચમના રોજ[૩૯] શાસ્ત્રીજી મહારાજની સાથે યોગીજી મહારાજે આણંદથી ગામડાં ફરવાનું શરૂ કર્યું. દિવસ-રાત કથા-કીર્તન અને હરિભક્તોની સેવામાં ગુરુના તાલે તાલ ચાલતા 'યોગીરાજ'ને અને ૭૭ વર્ષની વયોવૃદ્ધ અવસ્થામાં દિવ્ય શક્તિનો સંચાર લઈને વિચરતા શાસ્ત્રીજી મહારાજને જોઈ ગમે તેવાનું હૈયું દ્રવી જતું, કારણ કે એ વિચરણ ખૂબ ઝડપી છતાં હરિભક્તોને સંતોષકર તેમજ દેહની કોઈપણ અનુકૂળતા સ્વપ્નેય ન સચવાઈ શકાય તેટલું ભરચક અને ગાડાં દ્વારા કરાયું હતું. પંદર દિવસના એ ગાળામાં કાનમમાં સાડત્રીસ ગામોમાં અવિરત વિચરણ કર્યું. જેમાં આણંદના મોતીભાઈ સાથે હતા. ખંભાત થઈ બોચાસણ આવતાં યોગી મહારાજને તાવ ચડ્યો. એક હરિભક્ત કહે : 'કોઈ વૈદ્ય કે ડૉક્ટરને બોલાવીએ ?'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'એમનું કામ નહીં ! આ તાવ બીજી જાતનો છે !'

'બીજી જાતનો ?' હરિભક્તે પ્રશ્નસૂચક નજરે જોયું.

શાસ્ત્રીજી મહારાજ હસી પડ્યા ને કહે : 'બીજી જાતનો એટલે શું જોગી ? કહો !' પછી પોતે કહે : 'આજે એક પરોક્ષના સાધુને એમણે પૈસા ગણતા જોયા. તેથી શરીરે બળતરા ઊપડી ને તાવ આવ્યો છે. કહો, આમાં વૈદ્ય-ડૉક્ટર શું કરશે ?'

પેલા હરિભક્ત તો નિયમ-ધર્મના ભંગની અસર શરીર ઉપર શી રીતે થઈ શકે તે માનવા જ તૈયાર નહોતા. પણ સાચી વાત હતી. તેઓ 'જોગી' મહારાજની આ સ્થિતિને મનોમન વંદી રહ્યા.

આણંદ, પાલેજ થઈ શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ વગેરે ઠીકરિયા પધાર્યા.[૪૦] અહીં મણિલાલ નાનાલાલ ભટ્ટના અપાર ઉત્સાહને કારણે આવવાનું થયું હતું. મણિભાઈએ ભારે દબદબાથી સ્વાગત કર્યું અને વાજતે-ગાજતે ગામમાં લઈ ગયા.

એ વખતે યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું : 'મણિભાઈ સત્સગમાં સાવ નવા છે અને આજે આટલા બધા ભાવ અને મહિમાથી આવું ભારે સન્માન કેમ કરે છે ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'મણિભાઈ બ્રાહ્મણ છે અને છોકરાનો

---

૩૯. તા. ૭-૩-'૪૨. ૪૦. તા. ૨૩-૩-'૪૨.

જનોઈ પ્રસંગ હશે એટલે ગોઠવ્યું હશે.'

એવામાં સ્નાન કરવા જતાં યોગી મહારાજને મણિભાઈ એકાંતમાં મળી ગયા. એમણે તરત પૂછ્યું : 'મણિભાઈ ! તમારે ત્યાં જનોઈનો પ્રસંગ છે કે શું ? ગામ બધું બહુ જ શણગાર્યું છે અને મોટો ઉત્સવ કર્યો છે !'

ત્યારે મણિભાઈ કહે : 'હમણાં તો એવો કોઈ પ્રસંગ નથી પણ શાસ્ત્રીજી મહારાજ અને આપ જેવા મહાન સંતો પધારતા હો અને મારું ઘર પાવન થતું હોય તો આથી પણ વિશેષ આપનું સન્માન થાય અને ગામમાં સમાસ થાય એવી મારા હૃદયમાં ભાવના છે.'

તેમના હૃદયની અપૂર્વ ભક્તિભાવના જોઈને યોગી મહારાજ તેમના ઉપર તથા તેમના કુટુંબ ઉપર ઘણા રાજી થયા.

શૂરવીર ભક્ત મણિભાઈએ છૂટા વાવટા મૂક્યા હતા. ધામધૂમમાં જરા સરખીયે કચાશ વિના ખૂબ શાનદાર રીતે સમૈયો ઊજવાયો. શાસ્ત્રીજી મહારાજ તથા સંતો ખૂબ રાજી થયા.

અહીંથી અમદાવાદ હરિજયંતી કરી, ચૈત્રી પૂનમ કરવા બોચાસણ આવ્યા. પછી ડમણિયા દ્વારા ચાણસદ, ગોરિયાદ, સેજાકૂવા થઈ અટલાદરા પધાર્યા.

અમદાવાદમા પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણે યોજેલ પારાયણમાં આવવાનું થયું. જ્યાં જાય ત્યાં સૌને ગમ્મત સાથે જ્ઞાન પીરસતા જોગી મહારાજ સૌના લાડકવાયા બની રહેતા.

'જોગી તો લૂંટવા જેવા સાધુ છે'

વૈશાખમા પાટોત્સવનો સમૈયો ગોડલ કરી નિંગાળા, ગઢડા થઈ ભાવનગર પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે ભાવનગરથી સારંગપુર આવતા હરિભક્તોને કહ્યું : 'જોગીને રોકીએ છીએ. તે અમારા જેટલું સુખ આપશે. માટે લાભ લઈ લેજો. જોગી તો લૂંટવા જેવા સાધુ છે !'

યોગી મહારાજ પ્રભુદાસ શેઠને ત્યાં સાત દિવસ સૌને કથાવાર્તાનું સુખ આપીને ગોંડલ આવી પહોંચ્યા.

પ્રથમ જેઠ વદમાં ગોંડલ પારાયણની પૂર્ણાહુતિ કરી અમદાવાદ પધાર્યા. અહીં નંદા સાહેબની 'મજૂર મહાજન'ની ઑફિસે પગલાં કરી અટલાદરા, સુરત થઈ મુંબઈ આવ્યા.[૪૧] અહીં નેમાણી વાડીમાં કથાવાર્તા વગેરેનું સૌને

૪૧. તા. ૨૫-૬-૧૯૪૨.

ખૂબ સુખ આપ્યું.

મુંબઈથી સફાલા, વલસાડ થઈ દ્વિતીય જેઠ વદ બારસે ઝાડેશ્વર આવી પહોંચ્યા. અહીં વીરસદવાળા નારણજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજે સત્સંગ કરાવેલો.

આ વખતે યોગી મહારાજે બાળમંડળની સ્થાપના કરી.[૪૨] તેમાં માધવ ભગતના મોટા પુત્ર નારણભાઈને મંડળના પ્રમુખ નીમેલા. રામજીભાઈ વગેરે સૌ બાળકો બાળમંડળમાં જોડાયા. રામજીભાઈની ઉંમર તે વખતે દસ વર્ષની હતી.

તેઓ 'સ્વામીની વાતું' તથા કીર્તન મોઢે કરાવતા. સૌને નદીએ સ્નાન કરવા માટે લઈ જતા. સૌને તરવાનું કહેતા. માથે જળ ચડાવતા અને સત્સંગ નિયમિત થાય તે માટે ધૂન પણ કરાવતા. એ સમયે કોઈ બાળકોને એ ક્યાં ખબર હતી કે આ સત્પુરુષ ભવસાગર તરવાની કળા પણ સાથે સાથે શીખવી રહ્યા છે !

શ્રાવણ સુદ પૂનમનો સમૈયો બોચાસણ કર્યો પછી ભાદરણ પધાર્યા.[૪૩] અહીં હીરાભાઈ ચતુરભાઈને, મુંબઈમાં નોકરી કરતા પોતાના પુત્ર પરશુરામભાઈનું અચાનક અવસાન થવાથી ખૂબ શોક થયો હતો. સૌ અંદરથી ભાંગી પડ્યા હતા.

યોગી મહારાજ તથા નિર્ગુણ સ્વામી તેમના ઘરે પધાર્યા. આવા પ્રસંગે પડખે ઊભા રહેનાર આ બંને વિભૂતિઓ તરફ કૃતજ્ઞતાની લાગણીથી કુટુંબીઓ ગદ્‌ગદ થઈ ગયા. સૌને પ્રેમથી આશ્વાસન અને ધીરજ બંધાવી : 'મહારાજ સૌ સારાં વાનાં કરશે.' એમ કહી યોગી મહારાજે ધૂન કરાવી. સૌને ખૂબ શાંતિ થઈ ગઈ. એમની કરેલી ધૂનનો પ્રભાવ જ કાંઈ જુદો હતો !

ગંજીપામાંથી ગુણગ્રહણ

ભાદરણથી અમદાવાદ, શ્રીજીપુરા, પ્રાગજીપુરા થઈ ટ્રેનમાં સારંગપુર આવવા નીકળ્યા. વઢવાણ આવતા સુધી 'સ્વામીની વાતો' 'વચનામૃત' બોલી, નિરૂપણ કરી યોગી મહારાજે સૌને ખૂબ આનંદ કરાવ્યો.

વઢવાણથી કેટલાક યુવાનો ટ્રેનમાં ચઢ્યા. યોગી મહારાજ તો અલમસ્ત સ્થિતિમાં કીર્તનો ગાઈ રહ્યા હતા. પેલા યુવાનોએ ટ્રેન શરૂ થતાં ગંજીપો રમવાનો શરૂ કર્યો. તેમને આ કીર્તનોથી વિક્ષેપ પડતો હતો. તેથી તેમાંના એકે

૪૨. તા. ૧૧-૭-૧૯૪૨.

૪૩. તા. ૨૭-૮-૧૯૪૨.

કહ્યું : 'ઓ સાધુ મહારાજ ! ભજન બંધ કરો. અમારે અહીં પાને રમવું છે અને તમે નકામા ઘાટા તાણો છો.'

આ સાંભળી યોગી મહારાજ કીર્તન બોલતા બંધ થઈ ગયા. ગંજીપો રમનારા રમતમાં એટલા બધા મશગૂલ થઈ ગયા હતા કે તેમને રાણપુર સ્ટેશને ઊતરવાનું હતું, તે સ્ટેશન ગયું અને બોટાદ પહોંચ્યા. રાત્રિના ૨ વાગી ગયા હતા, એટલે આખી રાત ઠંડીમાં હેરાન થયા. વળી, રાણપુરથી બોટાદ સુધીનો 'ટિકિટ ચાર્જ' પણ આપવો પડ્યો. તેથી એક સાધુ બોલી ઊઠ્યા : 'આપણને કીર્તન ગાવા ન દીધાં તેથી કેવી વલે થઈ !'

તરત જ યોગી મહારાજે તે સાધુને કહ્યું : 'ગુરુ ! એવું ન બોલાય, આપણે તેમનો ગુણ લેવો. જેવો ગંજીપો રમવાનો તેમને વેગ છે, તેવો જ આપણે ભગવાન ભજવાનો વેગ રાખવો જોઈએ.'

યોગી મહારાજની આવી ગુણગ્રાહક દૃષ્ટિ જોઈ તે સંત મુગ્ધ બની ગયા !

કોઈ જ ગુણ ન હોય છતાં તેમાંથીયે ગુણ શોધી કાઢવાની દત્તાત્રેય-વૃત્તિ યોગી મહારાજને અત્યંત સુલભ હતી.

ભાદરવા સુદ ચોથથી ધનજીભાઈ સવજીભાઈના યજમાન પદે સારંગપુરમાં પારાયણનો પ્રારંભ થયો. ગામોગામથી જળઝીલણી ઉત્સવનો લાભ લેવા હરિભક્તો ઊમટ્યા હતા. ભાવનગર મંડળ પણ આવ્યું હતું.

ભાદરવા સુદ ૧૦ના રોજ કુબેરભાઈ, બોટાદના ઓધવજીભાઈ વગેરે બેઠા હતા અને કથા પ્રસંગમાં તત્ત્વજ્ઞાન સંબંધમાં પ્રશ્નોત્તર થયા. આ ચર્ચામાં પ્રશ્નોનું નિરાકરણ ન થઈ શકવાથી સૌએ યોગી મહારાજને તે પ્રશ્નો પૂછ્યા. જેમને શાસ્ત્રો અને તેના સિદ્ધાંતો આત્મસાત્ હોય અને વેદાંતનાં ઊંડાં રહસ્યો જેમને હસ્તામલકવત્ હોય તે પુરુષ ઘડીના છઠ્ઠા ભાગમાં ઉત્તરો આપી શકે તેમાં શું કહેવું ?

જો કે સૌને અત્યંત આશ્ચર્ય થયું, કારણ કે મોટે ભાગે આવા પ્રશ્નો પર યોગી મહારાજ ભાગ્યે જ ધ્યાન દેતા અને કોઈ ઉત્તરનો બહુ આગ્રહ રાખે ત્યારે 'ભગવાન ભજી લેવા' અથવા 'સમાગમ કરો, બધું સમજાશે', એમ કહી પ્રશ્નોના પિષ્ટપેષણ કરતાં, જીવનમાં આદર્શોને વણી લેવા વધુ આગ્રહ બતાવતા.

ભાદરવા વદ પાચમને બુધવારે શાસ્ત્રીજી મહારાજ ગોંડલ પધાર્યા. બે દિવસ રહી સૌને સુખ આપી યોગી મહારાજને સાથે લઈ કલ્યાણજી શેઠને ત્યાં દીવ પધાર્યા. પછી જૂનાગઢ, વેરાવળ થઈ ગોંડલ શરદ પૂનમનો સમૈયો

ધામધૂમથી ઊજવ્યો.

વાયદાના વેપારને તિલાંજલિ

અહીં ઝમરાળાના દેવશીભાઈ હરિભાઈ દર્શને આવ્યા હતા. તેઓ સારંગપુર ગયા હતા ત્યારે યોગી મહારાજે તેમના ખબર-અંતર પૂછ્યા. તેમણે તે સમયે બોટાદમાં કપાસિયાનો વાયદાનો વેપાર કર્યો હતો અને મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, તે વાત કરી અને કહેલું : 'રૂા. ૨૦ લેખે વાયદામાં ૪૦૦ ભાર કપાસિયા રાખ્યા છે ને ભાવ તો રૂા. ૧૬ છે. તેથી એક ભારે રૂા. ૪ની ખોટ જશે. પૈસાની ભારે તાણ પડી જશે !'

આ વાત સાંભળી તેમનો હાથ દાબી યોગી મહારાજે તેમને શરદ પૂનમના સમૈયે ગોંડલ આવવા કહેલું.

દેવશીભાઈ ગોંડલ આવી યોગી મહારાજની આજ્ઞા અનુસાર સેવામાં જોડાઈ ગયા. સમૈયો પૂરો થઈ ગયા પછી રજા લેવા ગયા ત્યારે યોગી મહારાજે કહ્યું : 'આવ્યા છો તો હજુ અઠવાડિયું સેવામાં રહો. તમારી ચિંતા મહારાજ-સ્વામીને માથે છે.'

તેમને જવાની ઉતાવળ હતી અને મનમાં સંકલ્પ-વિકલ્પ ઘણા થતા હતા, પરંતુ યોગી મહારાજના હેતથી બળ મળી ગયું અને એક અઠવાડિયા પછી યોગી મહારાજે સામેથી રજા આપી.

તેઓ ગોંડલથી સીધા બોટાદ આવ્યા અને તપાસ કરી તો કપાસિયાના ભાવ એક ભારના રૂા. ૨૪ થઈ ગયા હતા. તેમને ભાર દીઠ રૂા. ૪ની ખોટ જતી હતી તેને બદલે ભાર દીઠ રૂા. ૪નો નફો થયો.

કપાસિયાનો નફો લઈને તેઓ થોડા દિવસે પાછા ગોંડલ ગયા. યોગી મહારાજને મળ્યા. ત્યારે તેમણે નફાની વાત કરી અને કહ્યું : 'આપની કૃપાથી ભાર દીઠ રૂા. ૪નો ફાયદો થયો.'

યોગી મહારાજે હસતાં હસતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે લાજ રાખી.'

પછી એમણે તરત પાણીનો પ્યાલો મંગાવ્યો અને દેવશીભાઈના હાથમાં જળ મૂકીને કહે : 'બોલો, આજથી સટ્ટો કે વાયદો કરીશ નહીં.'

દેવશીભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. યોગી મહારાજના પ્રેમને લીધે તેમનું વચન અવગણી ન શક્યા અને જળ મૂક્યું. તે દિવસથી વાયદાનો વેપાર તેમણે છોડી દીધો. યોગ-ક્ષેમના રખેવાળ આ સંતવર્યને મન હરિભક્તોનું દુઃખ પોતાનું

દુઃખ હતું અને હરિભક્તો સદાય સુખિયા રહે તે માટે તેઓ હંમેશાં નિયમની લક્ષ્મણ-રેખા દોરી દેતા.

પરાભક્તિની અનેરી સૂઝ

શરદોત્સવ બાદ આસો વદ પડવાને દિવસે પંચાળા દરબાર કુમાર દીપસિંહજીનો આગ્રહ અને તેમનાં દાદીમાનો ખૂબ ભાવ હતો તેથી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી અને યોગી મહારાજ વગેરે પંચાળા પધાર્યા. પધરામણી, કથા-કીર્તન બાદ રાત રોકાઈ બાલાગામ આવ્યા.

અહીં પુરુષોત્તમભાઈના પુત્રો કરસનભાઈ, મોહનભાઈ, વલ્લભભાઈ તથા મથુરભાઈ આ સર્વે ભાઈઓએ ખૂબ સારી સેવા-સરભરા કરી શાસ્ત્રીજી મહારાજ તથા સંતોને રાજી કર્યા.

બપોરે યોગી મહારાજ તથા સંતોએ રસોઈ કરી. શાસ્ત્રીજી મહારાજ કહે : 'મને બહુ ભૂખ લાગી છે.' યોગી મહારાજે ઠાકોરજીનો થાળ જુદો કાઢી ધરાવવાનો શરૂ કર્યો અને સાથે સાથે શાસ્ત્રીજી મહારાજને પણ રુચિ પ્રમાણે પીરસી જમાડ્યા. ઇષ્ટદેવ ગૌણ ન થાય અને ગુરુહરિની પ્રત્યક્ષ ભક્તિમાં વિઘ્ન ન આવે એવી પરાભક્તિની સૂઝ બહુ વિરલ ગણાય.

સંતો-હરિભક્તોને પ્રેમપૂર્વક જમાડીને યોગી મહારાજ છેલ્લા જમ્યા.

પછી સૌને વલ્લભભાઈને ઘરે પધરામણીએ જવાનું હતું, પરંતુ શાસ્ત્રીજી મહારાજ તો આઠ ગોદડાં ઓઢી, ખૂબ તાવ આવ્યો છે એમ કહીને પલંગમાં પોઢી ગયા. વલ્લભદાસ શાસ્ત્રીજી મહારાજને પધરામણીએ આવવાનું પૂછવા ગયા ત્યારે એમણે કહ્યું : 'જોગી મહારાજને લઈ જાવ. જોગી આવશે એટલે શ્રીજીમહારાજ, અક્ષરધામ અને હું ત્રણે આવી ગયા.' એમ કહી પડખું ફરી ગયા.

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા મુજબ તેઓ યોગી મહારાજ તથા સંતો-હરિભક્તોને પધરામણીએ તેડી ગયા. સૌને શાસ્ત્રીજી મહારાજ જ પધાર્યા હોય તેવો આનંદ થયો.

પાછા ફર્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજ પલંગમાં બિરાજી મંદ મંદ હસતા વાતો કરતા હતા. પોતાની યોગીજી મહારાજ સાથે એકતા દર્શાવવા માટે જ શાસ્ત્રીજી મહારાજે જાણે તાવ ગ્રહણ કર્યો હતો.

❀ ❀ ❀

નિર્દોષબુદ્ધિમાં નિપુણ



પંચાળાથી લિયારા થઈ રાત્રે ૧૦ વાગે માણાવદર પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજને ખૂબ તાવ હતો. છતાં બીજે દિવસે ગામમાં ગાડાં દ્વારા પાંત્રીસ પધરામણીઓ કરી. અહીંથી શાસ્ત્રીજી મહારાજને પોરબંદર લાઇનમાં જવાનું હતું. જેતલસર જંક્શનથી પોરબંદર જવાય. બે ડબ્બા પ્લૅટફૉર્મથી દૂર સામસામી લાઇનમાં ઊભા હતા.

શાસ્ત્રીજી મહારાજ સાથે નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ તથા હરિભક્તોમાં અર્જુનભાઈ હતા. બંને સદ્‌ગુરુઓ એક એક ડબ્બા પાસે જઈ ઊભા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'આ ડબ્બે આવો.' તેથી યોગી મહારાજ પોટલાં ઊંચકી તે ડબ્બા તરફ ગયા. ત્યાં નિગુર્ણદાસ સ્વામી કહે : 'આ બાજુ આવો.' તેથી એ તરફ ગયા.

પછી તો બંને વારંવાર બોલાવે. તેથી યોગી મહારાજ લગભગ સાત-આઠ પોટલાં ઊંચકી ઊંચકીને જાય. આ ખેંચતાણ પા કલાક ચાલી. શાસ્ત્રીજી મહારાજ કહે : 'હું ઊભો છું તે ડબ્બો જશે.' અને નિર્ગુણદાસ સ્વામી કહે : 'આ ડબ્બો જોડાશે.' યોગી મહારાજ જરાય અકળાયા વિના જે બાજુ બોલાવે તે બાજુ પોટલાં ઊંચકીને જાય.

એવામાં જાણ થઈ કે આ બંને ડબ્બા જોડાશે. ત્યારે સૌ શાસ્ત્રીજી મહારાજ જે ડબ્બા પાસે ઊભા હતા તેમાં એકસાથે બેઠા. યોગી મહારાજ તો બેઠા એવા જ ખૂબ હસી પડ્યા અને નિર્દોષભાવે કહે : 'આજે બહુ રમૂજ થઈ. સ્વામીએ ભારે લીલા કરી. બહુ સુખ આપ્યું !'

ગમે તેવો ભક્ત પોતાની બુદ્ધિ વાપરી શંકા કરે અથવા સૂચન તો કરે જ, એવા પ્રસંગોમાં પણ યોગી મહારાજનો દિવ્યભાવ કદી કોઈએ ઝાંખો થતો જોયો નથી. ઊલટો નવો ઉમંગ, નવો ઉત્સાહ ! આવા ગુરુભક્તિમાં નિપુણ

અને બંને સદ્‌ગુરુઓનો મહિમા સમજનારા યોગી મહારાજને સમગ્ર સત્સંગ-સમાજ અક્ષરધામની ગુણાતીત મૂર્તિ માને તેમાં શી નવાઈ !

શાસ્ત્રીજી મહારાજના મુખ પર સંતોષ ચમકી રહ્યો. તેઓ યોગી મહારાજની સામે અત્યંત પ્રસન્નતાથી જોઈ રહ્યા. આ વિચરણ પછી આસો વદમાં ગોંડલ પધારી યોગી મહારાજની અન્નકૂટની સેવામાં જોડાઈ ગયા.

ગામમાંથી કંદોઈ બોલાવી તેની સાથે નક્કી થયા મુજબ યાદી બનાવીને કોઠારમાં યોગી મહારાજ જાતે જ લોટ, ઘી, તેલ વગેરે જોખવા માટે બેસતા. જોખીને પોતે તેમાં ચિઠ્ઠી મૂકે : 'આ લોટ-ખાંડ-ઘી મોહનથાળ માટે', 'આ મોતૈયા લાડુ માટે', 'આ બુંદીના લાડુ માટે', 'આ સાટા માટે'... જેમ જેમ જોખાતું જાય તેમ તેમ દરેક સામગ્રીમાં ચિઠ્ઠી મૂકે. બધી ચીજો ત્રણ-ચાર દિવસમાં વ્યવસ્થિત મુકાવી દે. કંદોઈને જરાપણ ખોટી થવું ન પડે. કંદોઈનું કામ પૂરું થાય એટલે યોગી મહારાજ તેને બ્રાહ્મણ પાસે પીરસાવે ને માથે ઊભા રહીને ખૂબ આગ્રહપૂર્વક જમાડે. તેને સમયસર ચા-પાણીની વ્યવસ્થા કરાવે. આમ, વ્યક્તિગત બધાનું ખૂબ જ ધ્યાન રાખે, એવી એમની સેવાની વિશિષ્ટ પ્રકૃતિ હતી. જેથી તેઓ સૌને પ્રિય બની જતા.

કંદોઈને વાસણ જોઈતાં હોય તે લાવી આપે. બરાબર ઊટકીને સાફ કરે, પછી આપે. ઠાકોરજીની મર્યાદા અને ચોખ્ખાઈ જાળવવા પોતે જ સેવામાં મંડી પડે. એમાં કોઈનો વિશ્વાસ ન કરે કે કોઈનો આધાર ન રાખે. પકવાન થઈ ગયા પછી લાડુ વાળવા માટે પોતે તૈયાર. મોહનથાળનાં ચકતાં પાડવા તૈયાર, ગોઠવવામાં તૈયાર, બધામાં તૈયાર. એ વખતે રસોડું અને ઠાકોરજીનો થાળ હરિસ્વરૂપદાસજી કરતા. તેમની મદદમાં પણ યોગી મહારાજ તૈયાર. પાંચ વખત આરતીમાં પહોંચી જાય. પોતે પણ આરતી ઉતારે. નીચે અક્ષર દેરીમાં બે વખત આરતી ઉતારે. દેરીમાં સવાર-સાંજ પોતે જ થાળ લઈ જાય. આમ, આખો દિવસ સેવા જ સેવા. થાકનું તો નામ જ નહીં. મુખ પર અખંડ હાસ્ય.

અન્નકૂટ ઉત્સવમાં ઠાકોરજી સમક્ષ બધી વાનગી યોગી મહારાજ તથા હરિજીવનદાસ સ્વામીએ ગોઠવી. અન્નકૂટ ગોઠવવામાં પણ યોગી મહારાજની વિશેષ નજર પહોંચતી. એમની કલાદૃષ્ટિ સહેજે દેખાઈ આવતી. ઠાકોરજી સમક્ષ ચડ-ઊતર પાટિયાં ગોઠવી તે ઉપર લાલ કપડું પાથરતા. ઉપરના ભાગમાં મેસૂર, જલેબી, સાટાં વગેરે ભારે મીઠાઈઓ ગોઠવતા. પછી બીજી વાનગીઓ, બે થાળ વચ્ચે ફાફડા-મઠિયા ગોઠવે. વચ્ચે વચ્ચે ફળફળાદિ અને મીઠાઈના

થાળ, ઉપર પાનનાં બીડાં. આજુબાજુ શેરડીના સાંઠા. આટલી બધી મહેનત પછી થાળ બોલવાનો ઉમંગ કોઈને ન રહે, પણ યોગી મહારાજ તો ઠાકોરજીને પ્રત્યક્ષ જમાડતા. એટલે પાંચ થાળ બોલે. વચ્ચે વચ્ચે જળ ધરાવે અને છેલ્લે આરતી કરી દંડવત્ કરવાના જ. અન્નકૂટ પર્વ એટલે યોગી મહારાજ માટે ઠાકોરજીને લાડ લડાવવાનો અતિ મંગલ ઉત્સવ !

અન્નકૂટનાં દર્શન માટે આસપાસનાં ગામડાંના હરિભક્તો તથા ગોંડલ શહેરના માણસો ઊમટે. અન્નકૂટની આરતી પછી બપોરે યોગી મહારાજ સૌ સંતો-હરિભક્તોને જમાડે. સાંજે બે ખૂમચામાં અન્નકૂટની વાનગી ગોઠવી, ઉપર સારું વસ્ત્ર ઢાંકી યોગી મહારાજ જોડના સંતને લઈને મહારાજાના બંગલે જાય. મહારાજા પણ રાજી થાય. પ્રસાદી આપી યોગી મહારાજ મંદિરે દર્શને આવવા આમંત્રે.

મંદિરે આવી બહારગામની પ્રસાદીના ટોપલા ગામ વાર તૈયાર કરાવી, મંદિરનું ગાડું જોડાવી પ્રથમ દેવચડી પધારે. જોડમાં પુરુષોત્તમવલ્લભ સ્વામી હોય કે અન્ય સંત પણ હોય. નીકળતાં પહેલાં ગાડાવાળાને પૂછી લે : 'બળદને ધરવીને પાણી પાયું ?' ગામડે પહોંચ્યા પછી ગાડાવાળાને ભૂલે નહિ. 'હાલો જમવા' એમ કહી તેને જમાડીને ગોંડલ મોકલી દે. દર વર્ષનો આ ક્રમ હતો. અહીંથી ગામડે ગામડે પ્રસાદ વિતરણ માટે નીકળી પડે.

ગામડાંઓમાં રાતે બધા હરિભક્તો મંદિરે આવે. તેમનો ઘઉં અને મગફળીનો ધર્માદો યોગી મહારાજ લખતા જાય અને સાથેના સંત-હરિભક્ત પ્રસાદીનાં પડીકાં વાળી આપતા જાય. હેતપૂર્વક બધાનાં નામ લઈ વ્યક્તિગત રીતે મળતા જાય. સુખ-દુઃખની વાત પૂછે અને ધર્માદા માટે પ્રેમપૂર્વક કહે : 'ગઈ સાલથી કાંઈક આગળ વધો, આ તો વાપરીએ તેમ વધે !' એમ બધાને હસાવતા આનંદ-કિલ્લોલ કરાવતાં સત્કર્મ તરફ વાળે.

દિવ્ય દર્શન દાન

દેવચડીથી ગાડું જોડાવી ખોખરી, મેવાસા થઈ જેતપુર પધારે. આ ક્રમ પ્રમાણે આ વખતે સૌ જેતપુર પધાર્યા. જેતપુર મંદિરમાં એમને દર્શને આવતા જોઈ મંદિરનાં બારણાં બંધ કરી દેવામાં આવ્યાં. દર્શનનો સમય હોવા છતાં પૂજારી વગેરેએ કમાડ વાસી દીધાં તેથી યોગી મહારાજની દર્શનની ઇચ્છા પૂરી ન થઈ. એમના ભક્તિપૂર્ણ હૃદયમાં નિરાશા વ્યાપી ગઈ. સાથેના સાધુ પણ

નિરાશ થયા. એમનું મન દર્શન કર્યા વિના પાછા ફરવાની ના પાડતું હતું.

તેવામાં થોડીવારે એક સંતે બારણાં ઉઘાડ્યાં અને હસતા મુખે આ બંને સાધુઓને આવકાર આપી અંદર બોલાવ્યા. છેક મંદિરના ગર્ભદ્વાર સુધી ગયા અને ભાવથી ભગવાનનાં દિવ્ય દર્શનનો આનંદ માણી તેઓ બહાર આવ્યા અને આભારવશ થઈ પેલા સંતને 'જય સ્વામિનારાયણ' કરવા માટે હાથ જોડ્યા, ત્યાં આસપાસ કોઈ હતું જ નહીં ! વળી, તેઓ પહેલાં જ્યાં દરવાજા બહાર ઊભા હતા ત્યાં જ હતા ! સંતોએ જાણ્યું કે 'જરૂર શ્રીજીમહારાજ ભગવાં વસ્ત્રો ધારણ કરીને પધાર્યા અને દર્શનનું સુખ આપ્યું.'

યોગી મહારાજ ભગવાનનાં દિવ્ય દર્શનની સ્મૃતિમાં મશગૂલ બની ગયા હતા. એમના મુખ ઉપર દર્શનનો આનંદ સમાતો ન હતો. જ્યારે એમને ચમત્કારની જાણ થઈ, ત્યારે એમનાં નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. શ્રીહરિનાં દર્શનની એમને કેટલી તીવ્ર તાલાવેલી હશે !

સંતમંડળને જેતપુરથી જૂનાગઢ જવું હતું, પણ વખત નહોતો. પ્રબોધિની એકાદશી ઉપર અમદાવાદ પહોંચવાનું હતું, એટલે વલ્લભભાઈને પ્રસાદી લઈ જૂનાગઢ મોકલ્યા. કલ્યાણજીભાઈ શેઠને પ્રસાદી આપી, વળતી ગાડીએ તેમને ગોંડલ આવવા સૂચના આપી.

યોગી મહારાજ જેતપુરથી નીકળી ટ્રેનમાં મર્યાદા સચવાય એટલે નાના ખાનામાં બેસી પુરુષોત્તમવલ્લભ સ્વામી સાથે ગોંડલ આવ્યા. સ્ટેશનેથી ચાલતાં ચાલતાં ખભે ઝોળી ભેરવીને મંદિરે આવી પહોંચ્યા. અહીં હરિજીવનદાસ સ્વામીને મળી, ભલામણ કરી. પછી ભગવત્સ્વરૂપદાસજી જેઓ એમની સાથે જૂનાગઢથી નીકળ્યા હતા તેમને મળવા ગયા. તેઓ છેલ્લા ઘણા વખતથી માંદગીના બિછાને હતા. તેમણે યોગી મહારાજને વિનંતી કરતાં કહ્યું : 'સ્વામી ! હવે ધામમાં તેડી જાવ. દુઃખ ખમાતું નથી.'

યોગી મહારાજના અંતરમાં કરુણા છલકાઈ. એમણે કહ્યું : 'હું પ્રબોધિની એકાદશીના સમૈયે શાસ્ત્રીજી મહારાજ પાસે અમદાવાદ જાઉં છું. સ્વામીને પ્રાર્થના કરીશ. તમારી અરજ સ્વામી પાસે કરીશ. તેથી મહારાજ-સ્વામી જરૂર ધામમાં લઈ જશે.' એમ કહી શરીરે હાથ ફેરવી, પોતાનાં વહાલાં સગાંથી છૂટા પડતા હોય તેમ અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યા. તેમના સેવકને કેટલીક ભલામણ કરી યોગી મહારાજ અમદાવાદ જવા નીકળ્યા.

બાવાભાઈની ઘોડાગાડી આવી હતી. તેમાં બેસીને સ્ટેશને ગયા. સવારે

અમદાવાદ આવ્યા. સીધા જ આમલીવાળી પોળે પધાર્યા.

યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને દંડવત્ કરી તબિયતના ખબર પૂછ્યા. સર્વ સંતોને મળ્યા અને બહુ રાજી થયા. પછી શાસ્ત્રીજી મહારાજ પાસે બેઠા ને ભગવત્સ્વરૂપ સ્વામીની વાત કરી. એ પહેલાં જ ગોંડલથી હરિજીવનદાસ સ્વામીએ મોકલેલા સમાચાર આવી ગયા હતા કે 'ભગવત્સ્વરૂપદાસ સ્વામી ધામમાં ગયા છે. મહારાજ, સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ એમને અંત ઘડીએ તેડવા આવ્યા હતા.'

શાસ્ત્રીજી મહારાજે પાંચ મિનિટ ધૂન કરાવી ભગવત્સ્વરૂપદાસ સ્વામીની મહારાજ, સ્વામીની નિષ્ઠા-ભક્તિના વખાણ કર્યા.

પ્રબોધિની એકાદશીએ સમૈયાની સભામાં યોગી મહારાજે સારંગપુરનું ૧૮મું વચનામૃત નિરૂપી સુંદર વાતો કરી. એમણે કહ્યું :

'શ્રદ્ધાવાન પુરુષ હોય તોપણ જો કુસંગનો યોગ થયો તો જગતવાર્તારૂપી વિષયના ફાંસલામાં ચડાવી કામ-ક્રોધનાં બીજનાં ઝાડ ઉગાડી દે છે. માટે ભગવાનના ભક્તને કોઈ દિવસ કુસંગ તો કરવો જ નહીં અને પોતાના સ્વભાવને સંત-સમાગમે કરીને ટાળવો.

'મોટાપુરુષને વિશે નિર્દોષબુદ્ધિ રાખવી અને એમ સમજવું કે મોટાપુરુષ જે જે કંઈ સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે જ છે. એમ વિચારી એમનો અતિશય ગુણ ગ્રહણ કરવો અને પોતાના અપરાધની ક્ષમા કરાવવી, તો પોતાના સ્વભાવની સર્વે મલિનતા નાશ પામી જાય.'

આવો આગ્રહ હોય તો જીવને સત્સંગ થાય

આમ, અમદાવાદમાં જ્ઞાનવાતો સાથે પધરામણીનો પણ હરિભક્તોએ લાભ લીધો. યોગી મહારાજ અહીંથી આણંદ આવ્યા. એમને સાથે લઈ શાસ્ત્રીજી મહારાજ પૂનમના સમૈયે બોચાસણ પધાર્યા. અહીં સમૈયો સારો ઊજવાયો. ગુજરાતના જ નહીં, કાઠિયાવાડના પણ ઘણા હરિભક્તો આવ્યા હતા.

સમૈયા બાદ બોચાસણથી ભાદરણ થઈ મોટર દ્વારા કોસીન્દ્રા રતિલાલ માસ્તરને ઘરે રાત્રે ૧૧ વાગે પહોંચ્યા. આ અણધાર્યા આગમનની કોઈને જાણ ન હતી. સૌ સૂઈ ગયા હતા. ઘણી બૂમો પાડીને બારણાં ખખડાવ્યાં. પછી જાગ્યા ત્યારે નિર્ગુણદાસ સ્વામી જરા ખિજાયા : 'આટલી બૂમો પાડી તોપણ કુંભકર્ણની જેમ ઊંઘી રહે છે. આ કેવી ઊંઘ !' એમ ઠપકો આપ્યો.

ઘરનો સ્ત્રીવર્ગ નીચે ઓરડામાં ચાલ્યો ગયો. રતિલાલે જમવાનું પૂછ્યું, ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ભાદરણથી જમીને નીકળ્યા છીએ.' પછી કહ્યું : 'પહેલાં વલ્લભભાઈ સુથારનું કામ છે, માટે બોલાવી લાવો.'

સુથાર આવી ગયા અને વાતચીત થઈ ગઈ. એ જ મોટરમાં સૌ તરત જ પાછા જવાના હતા. મોડી રાત્રે બીજું સ્વીકારે પણ શું ? રતિભાઈએ ભેટ મૂકવા માંડી. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'સુથારનું કામ તમે પતાવી દીધું એ મોટી ભેટ છે.'

શાસ્ત્રીજી મહારાજ સુથાર સાથે વાત કરતા હતા એ દરમિયાન યોગી મહારાજે રતિભાઈને કહ્યું : 'ગોંડલ અક્ષર દેરીએ ત્રણ મહિના પછી આસો સુદ તેરસે હરિયાગ છે. બિલાડાના ઠાકોર સાહેબ કરાવે છે. માટે 'સ્વામિનારાયણ' નામના સવા લાખ મંત્ર લખીને ઘરના સર્વે આવજો.'

રતિભાઈએ પોતાની થોડી અગવડોની વાત કરી આવવા અશક્તિ જણાવી. ત્યારે યોગી મહારાજ કહે : 'એ ચાલે જ નહીં. આવવું જ પડશે.'

આ ખેંચતાણ ચાલી રહી હતી ત્યાં નિર્ગુણદાસ સ્વામી આકળા થઈને યોગી મહારાજને ઠપકો આપતાં કહે : 'તેને ન આવવું હોય તો તમે બહુ તાણ શા માટે કરો છો ? તમારું વેવલાપણું હજી મટ્યું નહીં.'

પરંતુ યોગી મહારાજે રતિલાલ પાસે ગોંડલ આવવા વચન મેળવ્યું ત્યારે જ છૂટકારો કર્યો.

આ વાતચીત દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ પણ વચ્ચે વચ્ચે સૂચક દૃષ્ટિપાત કરી જોઈ લેતા હતા. સુથાર જતો રહ્યો પછી નિર્ગુણદાસ સ્વામીને કહે : 'જુઓ, હા પડાવી જોગીએ નક્કી કરી લીધું ! આવો આગ્રહ હોય તો જીવને સત્સંગ થાય. સત્સંગ કરાવવાનો ઇશક જોઈએ. જોગીની સત્સંગ કરાવવાની રીત જ ન્યારી છે.'

એક વાર શાસ્ત્રીજી મહારાજ રતિલાલને બોલાવીને કહે : 'સાંભળ, સારંગપુર મંદિરમાં ૨૫ મહાપૂજા મોકલાવજે.'

તેમણે કહ્યું : 'સારું બાપા ! મોકલી આપીશ.'

યોગી મહારાજ સંતોને રસોડામાં મદદે ગયા હતા. થોડી વાર પછી એમણે રતિભાઈને રસોડામાં બોલાવ્યા અને ધીરેથી કહે : 'એક વાત કહું ?'

'ખુશીથી કહો.'

'અક્ષર દેરીએ ૨૫ મહાપૂજા કરાવશો ?'

ઘડીભર તો રતિભાઈ વિચારમાં પડી ગયા. પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજે ૨૫ મહાપૂજા સારંગપુર મોકલવાની હમણાં જ આજ્ઞા કરી છે. તેનું કેમ કરવું ?'

ત્યારે તેઓ બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા તો માનવી જ પડે. સારંગપુર મહાપૂજા મોકલવી, પણ સાથે અક્ષર દેરીની સેવા થાય તો સારું. સગવડ હોય તો કરજો.'

યોગી મહારાજનો વિનય અને વાત કરવાની નમ્રતા તેમજ ગુરુભક્તિ જોઈને રતિલાલને ખૂબ ભાવ થયો કે આવા સાધુને ના કેમ પાડી શકાય ! તેમણે તરત જ કહ્યું : 'મારે તો તમને રાજી કરવા છે. માટે બંને જગ્યાએ મહાપૂજા કરાવીશ.' તે સાંભળીને યોગી મહારાજ રાજી થયા.

એ પછી ભેટાશી, બોરસદ થઈ ભાદરવા સ્ટેટના ઠાકોર નટવરસિંહની મોટર લેવા આવી હોવાથી ભાદરવા પધાર્યા. દરબારનો ભાવ પૂરો કરી, મોક્ષી થઈ નારાયણસ્વરૂપદાસ તથા નાના સંતોને સંસ્કૃત ભણવાનો પ્રારંભ થતો હોવાથી માગશર સુદ ચોથને શુક્રવારે અમદાવાદ પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે વિધિપૂર્વક સંસ્કૃતનો પ્રારંભ કરાવ્યો અને યોગી મહારાજ મોક્ષી હતા તેથી ફરી ત્યાં પહોંચ્યા.

અહીંથી સાંકરદા, સોખડા, વાસણા થઈ અટલાદરા પધાર્યા. પૂનમનો સમૈયો કરવા બોચાસણ જવાનું હતું, પણ શાસ્ત્રીજી મહારાજની તબિયત સારી ન હતી. સતત વિચરણ અને અવસ્થાને કારણે શરીર ઝાઝો ભીડો સહન કરી શકતું નહીં. તેથી યોગી મહારાજને કહે : 'જોગી ! બોચાસણ જશો ? તમે જાવ. તમારી વાતોથી હજારોને શાંતિ થાય છે.'

યોગી મહારાજ બોચાસણ પધાર્યા. પૂનમનો સમૈયો કરી અટલાદરા, સલાડ વગેરે જગ્યાએ રહી હરિભક્તોને લાભ આપ્યો.

ભીડો એ જ ભક્તિ

શાસ્ત્રીજી મહારાજની નાજુક તબિયત, છતાં વિચરણ બાબત તેઓ હંમેશાં તૈયાર રહેતા. ક્યારેક નિમિત્ત ઊભું કરી, યોગી મહારાજને મોકલી, એમનો મહિમા સમજાવવા પોતે ન જતા; તો ક્યારેક પોતે સામેથી ગામડે ફરવાનું નિમિત્ત ઊભું કરતા.

પૂનમના સમૈયા પછી યોગી મહારાજ અટલાદરા આવ્યા ત્યારે સાંકરદા

જવા માટે શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, એક નાના સાધુ, એક પાર્ષદ અને કોઠારી બબુભાઈ રાત્રે રણોલી સ્ટેશને ઊતર્યા. આગળથી કહેવરાવ્યું ન હતું. તેથી ગાડું આવ્યું ન હતું. ખાડા-ટેકરાવાળો કોતરોનો રસ્તો અને તેમાં વળી ઘોર અંધારી રાત. સૌએ પોટલાં ઊંચક્યાં અને ચાલતાં ચાલતાં પદમલા ગામ પહોંચ્યા.

શાસ્ત્રીજી મહારાજ થાકી ગયા હતા. તેથી ખેતરમાં એક ઝાડ નીચે જરા આસન જેવું કરી યોગી મહારાજે એમને સુવાડ્યા. બબુભાઈ કોઠારીને થયું કે શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજ સત્સંગ વધારવા કેવો ભીડો વેઠે છે ? આ પુરુષોને આવો ભીડો વેઠતા જોઈને તેમનું હૃદય દ્રવી ગયું.

યોગી મહારાજ જોડિયા સાધુને લઈને ગામમાં ગાડું લેવા ગયા, પણ જેને ઘરે બળદ તેને ઘરે ગાડું નહિ ને જેને ઘરે ગાડું તેને ઘરે બળદ નહીં. છેવટે એક ભાંગેલું ગાડું અને બે બળદ મળ્યા. ચલાવનાર પણ એવો જ મળ્યો.

આવી કષ્ટદાયક મુસાફરીમાં કોઠારી બબુભાઈનાં હાડકાં ખોખરાં થઈ ગયાં. તેમણે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આવી મુસાફરી મારાથી સહન ન થાય.' તેમણે યોગી મહારાજ સામું જોયું તો તેઓ તો સ્મિત સાથે 'મહારાજ, સ્વામી' એમ ભજન કરતા હતા. મુખ પર થાક કે કંટાળાનું નામનિશાન નહિ.

સાંકરદા પહોંચ્યા પછી એક હરિભક્તના ઘરેથી સીધું મગાવી યોગી મહારાજે બબુભાઈ કોઠારી તથા સાથેના સંત-પાર્ષદને મોડી રાત્રે ખીચડી-કઢી બનાવીને જમાડી દીધા. સૌને એવા પ્રેમથી પીરસ્યું કે સૌ થાક ભૂલી ગયા.

બબુભાઈ કોઠારી તો એમની સેવાભાવના જોઈને મનોમન વંદી રહ્યા અને તેમના અંતરમાં ઊગી આવ્યું કે આ સાધુ ભવિષ્યમાં જરૂર મોટા ગુણોના ધારક થશે અને હજારો હરિભક્તો એમનો પડ્યો બોલ ઝીલશે.

અહીંથી સૌ અમદાવાદ આવ્યા. શાસ્ત્રીજી મહારાજ અત્રે રોકાયા અને યોગી મહારાજ ગોંડલ ગયા.

સંવત ૧૯૯૯માં પોષ વદ પાંચમથી[૪૪] બાબરામાં શેઠ વનમાળીદાસે પારાયણ યોજી હતી. જોતજોતામાં બે-ત્રણ દિવસ પૂરા થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે ખૂબ આનંદ કરાવ્યો. પણ જાણે હજુ કંઈક ખૂટતું હતું. જોગીનું આસન ખાલી હતું. શાસ્ત્રીજી મહારાજને તો એમના વિના કેમ ચેન પડે ? શાસ્ત્રીજી મહારાજ ગોપીઓ, કૃપાનંદ સ્વામી, પૂજા ડોડિયા વગેરેનાં દૃષ્ટાંતો આપી ઘણી વાર કહેતા કે 'આજે જોગી મહારાજમાં આવી પ્રેમલક્ષણા ભક્તિ

---

૪૪. ૨૬ જાન્યુઆરી ૧૯૪૩.

છે. ભગવાન વિના એમનાથી રહેવાતું નથી.'

યોગી મહારાજ વિના શાસ્ત્રીજી મહારાજને ચેન ન પડ્યું. તેથી તેમને ગોંડલથી તરત બાબરા આવવા કહેવડાવ્યું. યોગી મહારાજ તરત જ આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજ આવા કોઈપણ સમૈયામાં, પારાયણમાં કે ઉત્સવોમાં યોગી મહારાજને અચૂક તેડાવતા. યોગી મહારાજના આવવાથી શાસ્ત્રીજી મહારાજને શાંતિ થઈ અને હરિભક્તોને પણ ખૂબ આનંદ થયો.

બાબરાથી કરિયાણા, ગઢડા, નિંગાળા, તાજપુર થઈ સારંગપુર પધાર્યા.

સૌ સંતોને શાસ્ત્રીજી મહારાજનાં દર્શનથી અપાર આનંદ થયો. અહીંથી વસંત પંચમીએ શાસ્ત્રીજી મહારાજનો ૭૯મો જન્મ જયંતી મહોત્સવ ઊજવવા સૌ બોચાસણ આવ્યા. અપાર ઉત્સાહ અને ઊંડી ગુરુભક્તિથી સૌએ શાસ્ત્રીજી મહારાજના ગુણાનુવાદ ગાયા. પછી અમદાવાદ થઈ યોગી મહારાજ તથા નિર્ગુણ સ્વામી અડવાળ, ચચાણા વગેરે ગામોમાં વિચરણ કરવા નીકળ્યા.

ચચાણામાં બાપુભા, અમરસંગ, દાદુભા વગેરેના સહકારથી પુરીબાના યજમાનપદે સુંદર પારાયણ યોજાઈ. જેમાં શાસ્ત્રીજી મહારાજ પણ પધાર્યા. યોગી મહારાજના મંગળ કથા-વાચનથી પારાયણનો પ્રારંભ થયો.

જે પ્રેમમાં સંસારના ત્રિવિધ તાપ ભુલાય છે

મોરબીના જગજીવન જીવરાજ કોટકને વેપાર અર્થે ગોંડલ આવવાનું અવારનવાર થતું. પ્રથમથી જ સત્સંગના સંસ્કાર. તેથી અક્ષર મંદિરે દર્શને આવે. યોગી મહારાજ ખબર-અંતર પૂછે. એક વખત તેઓ ગોંડલ આવ્યા ત્યારે યોગી મહારાજ કહે : 'જમવા ચાલો.'

તેથી જગજીવનભાઈ કહે : 'હું જમીને આવ્યો છું.'

'ક્યાં જમ્યા છો ?'

'માસીબાને ત્યાં.'

'એમ ! અહીં તમારાં સગાં રહે છે ?'

'ના સ્વામી ! પણ માસીબાનું ઘર એટલે લોજ !'

'લે ! ઈ તો હું સમજ્યો જ નહોતો.' યોગી મહારાજે પ્રેમથી કહ્યું : 'તમારે અહીં જ જમવાનું હોય. સત્સંગી માટે તો મંદિર છે !'

'બાપા ! ધર્માદાનું ન ખવાય.'

'એમ ન માનવું, આપણું ઘર જ માનવું. લોજમાં હવે ન જશો. અને

અહીં આવો ત્યારે જમ્યા સિવાય ન જવું. તમારે ઉતારો મંદિરમાં કરવો, તો અમે બહુ રાજી થઈએ.' યોગી મહારાજે કહ્યું.

જગજીવનભાઈ કહે : 'વેપાર-ધંધાને અર્થે વહેલું-મોડું થાય. માટે અહીં સંતોને તકલીફ આપીએ તે ખોટું દેખાય. માટે અહીં જમવાનું રાખતો નથી.'

યોગી મહારાજ હસતાં હસતાં કહે : 'અમારે સંતોને તકલીફ કાંઈ નથી. તમારા જેવા ભક્તો જમે તેમાં મહારાજ-સ્વામી ભેગા જમે અને અમારી ઉપર રાજી થાય.'

પછી તો જગજીવનભાઈને યોગી મહારાજ સાથે અપાર હેત થઈ ગયું અને અક્ષર મંદિરમાં શ્રદ્ધા વધી. યોગી મહારાજ તેમના વ્યવહારનું પણ બહુ ધ્યાન રાખતા.

એક વખત યોગી મહારાજે પૂછ્યું : 'આ વખતે વેપાર શાનો કર્યો છે ?'

જગજીવનભાઈ કહે : 'તેલ, ખાંડ, અનાજ વગેરે બધો સાથે જ ચાલે છે.'

'તેલનું તમારે ખાસ કરવું, તમને તેલના રાજા કરવા છે.' યોગી મહારાજે કહ્યું. જગજીવનભાઈએ એમનું વચન હૃદયમાં ધારી લીધું. તેમને અનુભવ થયો કે યોગી મહારાજ અંતર્યામી અને આર્ષદ્રષ્ટા પુરુષ છે. તેથી તેમણે તેલના વેપાર ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેઓ ઘણી વખત કહેતા કે યોગી મહારાજના આશીર્વાદના પ્રતાપે પોતે આખા મોરબીમાં તેલના મોટામાં મોટા વેપારી થઈ ગયા. તેઓ યોગી મહારાજને રૂબરૂ તેમજ ટપાલ દ્વારા અવારનવાર મોરબી પધારવા આમંત્રણ આપતા.

આ જ સાલમાં એક વખત શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ એક પાર્ષદ સાથે મોરબી આવવા નીકળ્યા. રેલવે સ્ટેશન પર રાત્રે ૧-૩૦ વાગે લેવા આવવા માટે પત્ર લખ્યો હતો. શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ માટે ઉતારાની વ્યવસ્થા જૂના મંદિરમાં કરી હતી. એ વખતે તેમને સેવા અને સમાગમનો અનેરો લાભ મળ્યો. તે પછી યોગી મહારાજ સાથે તેમને વધારે ને વધારે હેત થતું ગયું.

યોગી મહારાજ એ વખતે ઘણુંખરું ટ્રેનમાં જ મુસાફરી કરતા. જ્યારે તેઓ ગોંડલથી ટ્રેન રસ્તે અમદાવાદ જતા, ત્યારે એમનો પત્ર મોરબી જગજીવનભાઈ ઉપર હોય જ. તેમાં આજ્ઞા લખી હોય : 'વાંકાનેર સ્ટેશન ઉપર આવશો અને બે-ત્રણ રૂપિયાનાં પોસ્ટકાર્ડ સાથે લેતા આવશો.' કોઈ વાર કવરો સાથે લાવવાનું લખતા. જગજીવનભાઈને મનમાં થતું કે યોગી મહારાજ આવી

નાની સેવા શા માટે લખતા હશે ! તેમણે તેમનાં બાને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે 'સત્પુરુષ આવી નાની નાની સેવા લઈને આપણને તેમની સેવાની કાયમી સ્મૃતિ આપે છે અને આપણા જીવને બળ પણ આપે છે. વળી, આપણા જન્મ-જન્માન્તરનાં પાપકર્મોનો નાશ પણ કરતા હોય છે.'

યોગી મહારાજ વાંકાનેર સ્ટેશન આવે ત્યારે બારીમાંથી જોઈ જ રહ્યા હોય અને જ્યારે તેમને જુએ ત્યારે 'શેઠ બાપા આવ્યા' 'શેઠ બાપા આવ્યા' એમ રાજી થઈને બોલવા લાગે.

યોગી મહારાજનો નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ બીજે ક્યાંય જોવા મળે જ નહીં. સંસારના ત્રિવિધ તાપ આવા પ્રેમમાં સાચે જ ભુલાઈ જતા !

✧

અક્ષર મંદિરનું કામ ચાલતું હતું. હાલ યજ્ઞભુવન છે તે ઠેકાણે ઉગમણા બારની ઓરડીઓ હતી. યોગી મહારાજને મરડો થયો હતો. કોઈ સેવામાં ન હતું. દેવચડીથી નાનજીભાઈને ચઠ્ઠી લખીને સેવામાં બોલાવ્યા. બે દિવસ સેવા કરી ત્યાં રાજકોટથી હીરજીભાઈ આવ્યા. તેઓ યોગી મહારાજને મળવા આવ્યા ત્યારે ખબર પડી કે યોગી મહારાજને પેટમાં એવી આંકડી આવે છે કે એમને લગભગ ૪૦ વખત ઝાડે જવું પડે છે.

હીરજીભાઈને યોગી મહારાજ સાથે અતિશય હેત, તેથી બહુ આકળા થયા અને કોઠારી ભક્તિપ્રિયદાસને કહ્યું : 'યોગી મહારાજને આવો મરડો થયો છે પણ કોઈને વાત કેમ ન કરી ? આવો સાંખ્ય કેમ કર્યો ?'

પછી ડૉ. દેવશીભાઈને બોલાવ્યા. આઠ દિવસ સુધી એમને દવા આપી. તેઓ દરરોજ તપાસી જાય. યોગી મહારાજ તેમને હેત કરે. પ્રસાદી આપે. 'જોગીરાજ'ના પ્રેમાળ સ્વભાવથી અવારનવાર એમનાં દર્શને આવવાનું તેમને ગમતું. એક અઠવાડિયા પછી યોગી મહારાજને ઘણો આરામ થઈ ગયો.

હીરજીભાઈએ ડૉ. દેવશીભાઈને દવા તથા વિઝિટના બીલનું પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'મારે બીલ લેવું નથી, પરંતુ યોગી મહારાજનો આશીર્વાદ લેવો છે. આવા સાધુ બીજે ક્યાંય મેં જોયા નથી.'

યોગી મહારાજના આશીર્વાદથી તેઓ સારા પ્રતિષ્ઠિત ડૉક્ટર તરીકે પ્રસિદ્ધ થયા. રાજકારણમાં પણ આગળ આવ્યા અને સમાજમાં ઘણી સેવા કરી.

ફૂલદોલનો સમૈયો સારંગપુર કરી ફાગણ વદમાં અમદાવાદ, અટલાદરા, ચાણસદ થઈ સોખડા, સાંકરદા વગેરે ગામોમાં ફરી યોગી મહારાજ ચૈત્ર સુદ

આઠમના દિવસે અમદાવાદ પધાર્યા. શાસ્ત્રીજી મહારાજના સાન્નિધ્યમાં હરિજયંતીનો સમૈયો ખૂબ સારો ઊજવાયો.

રંગડાની રેલ

અમદાવાદથી ચૈત્ર સુદ અગિયારસના દિવસે નાવલી, નાપાડ થઈ પૂનમનો સમૈયો કરવા બોચાસણ પધાર્યા અને શાસ્ત્રીજી મહારાજ અટલાદરા રોકાયા.

વૈશાખમાં યોગી મહારાજ શાસ્ત્રીજી મહારાજને અમદાવાદ મળ્યા. શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયા. પોતાનું દેહ ન ગણીને કેવળ સત્સંગની પુષ્ટિ માટે વિચરણ કરતા રહેતા જોગી મહારાજ પર એમનો અંતરનો રાજીપો હંમેશ માટે રહેતો.

યોગી મહારાજ વૈશાખ સુદ દશમના પાટોત્સવના સમૈયે ગોંડલ પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ પણ સાથે હતા. તેથી સૌને અપાર ઉત્સાહ હતો. પાટોત્સવ વિધિ બાદ હરિભક્તોએ પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. સાકર વહેંચી. હારતોરા કર્યા પછી યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી : 'સ્વામી ! બે વાત કરો.' ત્યારે શાસ્ત્રીજી મહારાજે અતિ પ્રસન્ન થઈને જૂની જૂની પ્રસાદીની વાતો કરી.

અહીંથી શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નારાયણસ્વરૂપ સ્વામી તથા સંતો સારંગપુર, અમદાવાદ થઈ મુંબઈ આવ્યા. અહીંથી શેઠ રામજી કેશવજીએ નાસિકમાં યોજેલી પારાયણ નિમિત્તે મોટર રસ્તે સૌ નાસિક આવી પહોંચ્યા. સાથે નારાયણસ્વરૂપ સ્વામી, હરિવલ્લભદાસ પુરાણી, નારાયણજી મહારાજ વગેરે હતા.

પારાયણમાં સમાસ સારો થયો. અહીંથી મુંબઈ પધાર્યા. મુંબઈમાં સૂર્યનારાયણની વાડીમાં ઉતારો હતો. કથાવાર્તા અને કીર્તનની એવી રમઝટ જામતી કે મોડી રાત સુધી સૌ બ્રહ્માનંદનો અનુભવ કરતા. યોગી મહારાજની નિરાળી ભગવન્મય મસ્તીમાંથી નીકળતી વાણીનો જાદુ કેવો હતો તે નોંધતાં નિર્ગુણદાસ સ્વામી લખે છે કે 'યોગી તો રંગડાની રેલ વાળતા.'

જેઠ સુદમાં અટલાદરા તથા બોચાસણની આજુબાજુનાં ગામોમાં વિચરણ કરતા યોગી મહારાજ અને સંતો નાયકાથી પુરુષોત્તમપુરા આવ્યા. આશાભાઈ, ઈશ્વરભાઈએ નવાં ઘર કરાવ્યાં હતાં. તેનો વાસ્તુ વિધિ યોગી મહારાજના વરદ હસ્તે થયો. બાદ સારંગપુર પધાર્યા.

અમદાવાદથી ચંપકભાઈ શેઠ પણ અહીં આવ્યા હતા. તેમના પુત્ર કિરીટભાઈ પણ તેમની સાથે હતા. યોગી મહારાજ તેની સાથે ખૂબ હેત કરતા. યુવકો અને બાળકો તો તેમના હૃદય સમાન હતા! એક દિવસ કિરીટને પોતાની પાસે બેસાડી ધીરે રહીને કહે : 'વાતું આવડે છે ?' કિરીટ તો યોગી મહારાજના નિર્દોષ ચહેરા સામું તાકી જ રહ્યો. યોગી મહારાજ કહે : 'લ્યો, હું સંભળાવું.' એમ કહી પાંચ સ્વામીની વાતું બોલ્યા. પછી કહે : 'તમેય મોઢે કરી લ્યો. જ્ઞાન થાય. સ્વામી રાજી થાય. હું બોલાવું એમ બોલો.'

કિરીટને પોતાની સાથે આટલી સાહજિકતાથી વર્તતા આ સંતવર્ય સાથે થોડી મિનિટોમાં જ પ્રીત થઈ ગઈ. તે બોલવા લાગ્યો : 'કરોડ કામ બગાડીને...' યોગી મહારાજે એ વાત ત્રણ વખત બોલાવી અને બાળકને મોઢે થઈ ગઈ.

જીવમાત્રને ભગવાનના ઢાળે ઢાળી કલ્યાણનાં દ્વાર ખુલ્લાં મૂકવાની તેમની અનેક રીતોમાંથી આ પણ એક અલૌકિક રીત હતી.

બાજુના તાજપુર ગામે હરિમંદિરનું ભૂમિપૂજન હોવાથી આષાઢ સુદ એકમના દિવસે તાજપુર પધાર્યા. નિયમની એકાદશી ગોંડલ કરી.

માગશર સુદ પૂનમ[૪૫] 'બોચાસણ કરી શાસ્ત્રીજી મહારાજની સાથે ડમણિયા દ્વારા રણોલી, સાંકરદા થઈ અટલાદરામાં પોષ સુદ દશમના દિવસે પધાર્યા. શાસ્ત્રીજી મહારાજને પગે 'વા'નો જબરદસ્ત ઉપદ્રવ હતો. છતાં અહીં થોડી સારવાર લીધી ન લીધી ને ફરી એ જ રીતે ડમણિયામાં જેસીંગપુરા-વાગોડિયા, સલાડ, ભાયલી થઈ પોષી પૂનમે અટલાદરા પધાર્યા.

અહીં હાલ જ્યાં ભંડાર છે તે જગ્યાએ છાપરાવાળો ભંડાર હતો. બપોરે શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ અને નારાયણસ્વરૂપ સ્વામી તથા અન્ય સંતો ઠાકોરજી જમાડી રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ દરેકને તેમનો કાર્યક્રમ પૂછવા લાગ્યા. નારાયણસ્વરૂપ સ્વામીને પૂછ્યું એટલે તેઓ અમદાવાદ અભ્યાસ કરતા હોવાથી તેમણે હાથ જોડી નમ્રતાથી કહ્યું : 'સ્વામી ! અમદાવાદ જવાનું છે.'

પછી યોગી મહારાજને પૂછ્યું : 'તમારો કાર્યક્રમ શું છે ?'

'સ્વામી !' યોગી મહારાજે હાથ જોડ્યા : 'આપ કહો તે જ કાર્યક્રમ !'

શાસ્ત્રીજી મહારાજનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. એમણે નાના સાધુ નારાયણસ્વરૂપ સ્વામી સામે જોઈ વત્સલતાથી કહ્યું : 'નારણદા' ! આ

૪૫. ૧૧ ડિસેમ્બર ૧૯૪૩, શનિવાર.

જોગી મહારાજની જેમ તારે પણ શીખવાનું છે.'

સંપૂર્ણ શરણાગતિ એ દાસત્વનું લક્ષણ છે અને દાસત્વ એ યોગી મહારાજના વ્યક્તિત્વનો પર્યાય છે. વચનને અધ્ધર ઝીલવું ઉત્તમ છે. નારાયણ-સ્વરૂપ સ્વામીએ તો ગુરુહરિની આજ્ઞાથી જ પોતાનો કાર્યક્રમ સહજભાવે જ કહ્યો હતો. આ ત્રણે ગુણાતીત પુરુષોની લીલાની જીવને શું ગમ પડે ?

અન્નપૂર્ણા દાસી બને છે

રાજકોટ ઉત્તરાયણનો[૪૬] સમૈયો કરી યોગી મહારાજ વડોદરા આવ્યા. અહીંથી શાસ્ત્રીજી મહારાજની સાથે અમદાવાદ થઈ સારંગપુર જવાનું હોઈ યોગીજી મહારાજે જાળીલા સ્ટેશન માસ્તર હરગોવિંદભાઈને પત્ર લખ્યો કે 'જમવાનું ન બનાવશો. ફક્ત ઉકાળો તૈયાર રાખશો. સ્વામી સારંગપુર જાય છે. એમની સાથે ઘણા હરિભક્તો છે.'

બપોરે શાસ્ત્રીજી મહારાજ તથા સંતો-હરિભક્તો જાળીલા રોડ આવ્યા. હરગોવિંદદાસે કહ્યું : 'સ્વામી ! રસોઈ તૈયાર છે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'દેશકાળ સમજો છો કે નહીં ? સાથે કેટલા માણસ છે ?' એમ કહી રોકાવા માટે ઘસીને ના પાડી દીધી.

હરગોવિંદદાસને નિરાશ જોઈ કોમળ હૃદયી યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને નમ્રભાવે કહ્યું : 'સ્વામી ! માસ્તરનો બહુ ભાવ છે. વળી, રસોઈ તૈયાર છે. માટે ઠાકોરજીને થાળ ધરાવીને જમાડી, હરિભક્તોને થોડી થોડી પ્રસાદી વહેંચી દઈએ.'

યોગી મહારાજનું હરિભક્તો પ્રત્યે વાત્સલ્ય જોઈ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં આનંદ થયો. એમણે ગુણાતીત બાગના હજારો હરિભક્તોને લાડ લડાવી બ્રહ્માનંદનું સુખ આપનારા આ સમર્થ સંતને સમંતિ આપી.

યોગી મહારાજે ઠાકોરજીને થાળ ધરી સૌને જમાડી દીધા તોપણ રસોઈ વધી. શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'જોગી મહારાજ પ્રતાપી સંત છે. તેથી અન્નપૂર્ણા દાસી બનીને હાથ જોડી સેવામાં ઊભી રહે છે.'

હરગોવિંદદાસ માસ્તર તથા ઘરનાં સર્વના આનંદનો પાર ન રહ્યો, કારણ કે પોતાના ઘરે શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ જેવા સંતો તથા મોટા મોટા હરિભક્તો જમ્યા અને કૃતાર્થ કર્યા.

---

૪૬. તા. ૧૪-૧-૧૯૪૪; પોષ વદ ૪, સં. ૨૦૦૦, શુક્રવાર.

વાત્સલ્ય અને આત્મનિષ્ઠાની રમત

યોગી મહારાજ સારંગપુરથી પોષ વદમાં ગોંડલ પહોંચ્યા. થોડા દિવસ પછી અમાસના રોજ શાસ્ત્રીજી મહારાજ ગોંડલ પધાર્યા. અહીંથી યોગી મહારાજને સાથે લઈ જામનગર પધાર્યા. વસંત પંચમીએ શાસ્ત્રીજી મહારાજનો ૮૦મો જન્મ મહોત્સવ ઊજવવાનો હોવાથી બોચાસણ જવા જામનગરથી ટ્રેનમાં નીકળી, મહા સુદ ચોથને દિવસે આણંદ આવી પહોંચ્યા.

એ વખતે તેમનો ઉતારો મોતીભાઈ ભગવાનદાસને ઘરે રહેતો. શિયાળાની સખત ઠંડીના દિવસો હતા. કથાવાર્તા, ચેષ્ટા કરી રાત્રે સર્વે સૂઈ ગયા. યોગી મહારાજ પોતાના નિયમ મુજબ એક શેતરંજી ઉપર ચાદર ઓઢીને સૂતા.

થોડી વાર પછી શાસ્ત્રીજી મહારાજ જાગ્યા. યોગી મહારાજ સૂઈ ગયા છે એમ જાણીને એક રજાઈ લઈ ધીરેથી એમના પર ઓઢાડી દીધી. યોગી મહારાજ જાગતા હતા, પરંતુ તે વખતે આનાકાની કરી નહીં. પછી શાસ્ત્રીજી મહારાજ ફરી જાગ્યા. એમણે જોયું તો રજાઈ ઓઢેલી ન હતી. ફરીથી એમણે રજાઈ લઈને યોગી મહારાજને ઓઢાડી દીધી અને પોતે સૂઈ ગયા. ફરીથી યોગી મહારાજે રજાઈ કાઢી એક બાજુ મૂકી દીધી. આમ, ગુરુ-શિષ્યના પિતા સમા વાત્સલ્ય અને જડભરત સમી આત્મનિષ્ઠાએ જાણે પકડદાવની રમત માંડી.[૪૭]

ગુરુ-શિષ્યની આ લીલાના પ્રત્યક્ષ સાક્ષી ભક્તરાજ મણિભાઈ તથા મોતીભાઈ આ દર્શનથી ભાવવિભોર થઈ ગુરુ-શિષ્ય ઉભયના મહિમા-વિચારમાં ખોવાઈ ગયા.

યોગી મહારાજ પોતાના દેહને ચાંદ્રાયણ વ્રત જેવા તપથી દમન કરીને પણ સેવામાં અખંડ જોડી રાખતા. પોતાના દેહની બિલકુલ સંભાળ રાખતા નહીં. સારંગપુરના બીજા વચનામૃતમાં શ્રીજીમહારાજ લખે છે : 'તેના દેહની મોટા સંત અથવા પરમેશ્વર ખબર રખાવે તો ભલે, પણ પોતાને જાણે દેહનું જતન કરવું નહિ... ત્યારે તેને દેખીને તેના ઉપર પરમેશ્વર ને મોટા સંત તેને સ્નેહ થાય છે અને એ ભક્તને પણ ભગવાનને વિષે પ્રીતિ થાય છે.'

અહીંથી શાસ્ત્રીજી મહારાજ વગેરે ડમણિયામાં બેસીને વરતાલ દર્શને જતા હતા. સાથે મોતીભાઈ ભગવાનદાસ તથા મણિભાઈ નારણભાઈ બેઠા હતા. રસ્તે જતાં પ્રસંગોપાત્ત યોગી મહારાજના હેતભાવની વાત નીકળી. ત્યારે

---

૪૭. તા. ૨૮-૧-'૪૪, શુક્રવાર, મહા સુદ ત્રીજ.

શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'મારામાં ને જોગીમાં રોમનોય ફેર નથી. માટે એમનો મહિમા સમજી રાજી કરી લેજો. મન, કર્મ, વચને એમનો સમાગમ કરજો. હું ઓળખાણો હઈશ, પણ કંઈ કસર રહી ગઈ હશે તે જોગી મહારાજ દૂર કરશે.' એવો અલૌકિક મહિમા શાસ્ત્રીજી મહારાજે કહ્યો. તેથી આ બંને ભક્તો યોગી મહારાજનો મહિમા વિચારતાં મનમાં હરખાવા લાગ્યા.

ગુરુહરિની ૮૦મી જન્મ જયંતીએ આદેશ

મહા સુદ પાંચમે શાસ્ત્રીજી મહારાજનો ૮૦મો જન્મોત્સવ બોચાસણમાં શાનદાર રીતે ઊજવવાનો હતો. તેથી તમામ સંતમંડળો અત્રે એકત્ર થઈ ગયાં હતાં. સૌ કોઈ અપાર ઉત્સાહમાં હતા. શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજ પણ પેટલાદ થઈ બોચાસણ પધાર્યા. સર્વત્ર મંગળકારી અને આનંદકારી વાતાવરણ પ્રસર્યું હતું. ગુજરાતના ખૂણેખૂણેથી આવેલ ભક્ત-સમુદાય ગુરુવર્યને ભક્તિપૂર્ણ અંજલિ સમર્પવા ઉત્સુક હતો. યોગી મહારાજે આ પ્રસંગે 'સ્વામિનારાયણ પ્રકાશ' માસિકમાં ગુરુગુણ લખ્યા અને હરિભક્તોને ગુરુને પૂજવા અનોખી મહિમા-દૃષ્ટિ આપી. એમણે લખ્યું હતું :

'પૂજ્ય સ્વામીજી સભામાં બેસીને બ્રહ્મભાવ, મહિમા ને સુહૃદપણાની દિવ્ય વાતો અગાધ પ્રેમથી કરે છે. તે વખતે સાક્ષાત્ સ્વામી-શ્રીજી બોલતા હોય તેમ સહુને તાદશ્ય થાય છે. માટે આવા અલૌકિક પુરુષ સત્સંગના સ્તંભરૂપ, વર્તમાનકાળે બિરાજે છે. માટે તેમને મન, કર્મ વચને સેવી લેવા, તે મનુષ્ય દેહનું સાર્થક છે. એવા પુરુષને જો નહીં સેવાય તો પછી પશ્ચાત્તાપનો પાર નહીં રહે.

'જુઓ, ૮૦ વર્ષની અવસ્થા છતાં હજારો હરિભક્તોનાં કલ્યાણને માટે વિચરે છે. ગાડાં વગેરેમાં મુસાફરી કરી, ગામોગામ વિચરી, હજારો હરિભક્તોના મનોરથો પૂર્ણ કરે છે...'

યોગી મહારાજની લેખિની જાણે સૌના હૃદયની વાતને સ્ફુટ કરતી હતી. એમનાં છેલ્લાં બે વાક્યોમાં અનુભવનો અર્ક હતો. શાસ્ત્રીજી મહારાજને પડતાં કષ્ટના તેઓ મૂક સાક્ષી હતા અને હરિભક્તો તરફ શાસ્ત્રીજી મહારાજની આત્મીયતાના પણ મર્મજ્ઞ હતા. એમણે આગળ લખ્યું :

'પૂજ્ય સ્વામીજી તો દીવો ત્યાં દાતણ નહીં અને દાતણ ત્યાં દીવો નહીં, એવી રીતે વિચરે છે. જેમણે આવા મહાન ઘોર કળિયુગમાં અલૌકિક મંદિરો બનાવ્યાં; સારંગપુર, બોચાસણ, ગોંડલ આદિ સ્થળોએ મંદિરો કરી અક્ષર-

પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી ને શુદ્ધ ઉપાસનાનો ડંકો વગાડ્યો. માટે એવા પુરુષને ધન્ય છે...

'માટે સૌ હરિભક્તો, ગામેગામ ને ઘેરઘેર સ્વામી-શ્રીજીને સંભારીને પ્રાર્થના કરો કે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સદાય સાજા રહે. ને આપણને સર્વને વૃત્તિદ્વારે અને દૃષ્ટિદ્વારે કથાવાર્તાનું સુખ આપે... એવી સૌ પ્રાર્થના કરશો એ જ વિનંતી !'

કેટલી અદ્‌ભુત પ્રાર્થના ! શાસ્ત્રીજી મહારાજને નિરામય રાખવા એનો અર્થ એવો નહીં કે વધુ ભીડો આપવો, ગામડે ગામડે ફેરવવા; પણ 'વૃત્તિદ્વારે' અને 'દૃષ્ટિદ્વારે' કથાનું સુખ લેવું. શાસ્ત્રીજી મહારાજની વૃત્તિમાં કે દૃષ્ટિમાં 'જોગીરાજ' તો ક્ષણેક્ષણે સુખ, સુખ અને સુખ જ મેળવતા. કથાવાર્તાનો આનંદ જ મેળવતા. તેઓ તો ગુરુના અંતર્યામી હતા ને ! સૌને આ પ્રાર્થનાની ઘેરી અસર થઈ. શાસ્ત્રીજી મહારાજને ભીડો ન આપવાનો સૌએ મનોમન દૃઢાવ કર્યો.

મહિમાસભર પ્રવચનો અને કીર્તન-ભક્તિની સાથે અક્ષરપુરુષોત્તમને માટે આયખું ન્યોછાવર કરનાર યુગપુરુષની જયંતી ધામધૂમથી ઊજવાઈ.

સમૈયા બાદ નગાસરથી અમદાવાદ થઈ શાસ્ત્રીજી મહારાજની સન્નિધિમાં લીંબાસીમાં 'સત્સંગિજીવન'નું પારાયણ હોવાથી સૌ ત્યાં આવ્યા. પુરુષોત્તમદાસ તથા શંકરભાઈના યજમાનપદે પુરાણી હરિવલ્લભદાસજીએ પારાયણનો પ્રારંભ કર્યો. શાસ્ત્રીજી મહારાજે ભક્તિ-માહાત્મ્યના અધ્યાયો નિરૂપ્યા. બાદ યોગી મહારાજે તથા નિર્ગુણ સ્વામીએ પણ ગંગા સમ શીતળ જ્ઞાનવાણીથી સૌને શાંતિ પમાડી દીધી.

ફાગણ સુદમાં સારંગપુર પધારી ફૂલદોલોત્સવ બાદ નિર્ગુણ સ્વામીની સાથે તાજપુર પધારી, વદ ચોથને દિવસે નવા હરિમંદિરનું ખાત કર્યું. પછી ગોંડલ પધાર્યા. અહીં રાજકુટુંબમાં કોઈનું મરણ થવાથી યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજને પત્ર લખ્યો. તેથી તેઓ પણ ભાવનગરથી પધાર્યા. રાજા ભોજરાજસિંહને સાંત્વન અને આશીર્વાદ આપી સાંજે દેવચડી આવ્યા.[૪૮]

દેહાતીત નિરંતર ડોલત

વૈશાખી પૂનમ પછી બોચાસણથી ગાના, રણોલી, અંજેસર વગેરે ગામોમાં ફરતાં ફરતાં એક દિવસ મીરસાપુર આવ્યા. મંદિરમાં ઉતારો હતો.

૪૮. માર્ચ ૧૯૪૪.

સંતો-હરિભક્તોનો સમૂહ બહુ મોટો હતો. યોગી મહારાજ રસોડાની સેવામાં રહેતા. તેથી રાત્રે ચેષ્ટા પછી સૂવાનું મોડું થાય.

અહીં પણ એમને મોડું થયું. રાત્રે ૧૧-૩૦ વાગે સૂવા માટે આવ્યા. મંદિરમાં જગ્યા ઓછી અને ગોદડું પણ ન મળે. તેથી મંદિર બહાર ઝાડ નીચે ડાંગરના પરાળના ઢગલા ઉપર ગાતરિયું પાથરીને સૂતા. નીચે સળવળ સળવળ થાય. બે-ત્રણ વખત ઊભા થઈને જોયું પણ અંધારામાં કશું દેખાયું નહીં. તેથી યોગી મહારાજ તો ગાતરિયું નાખીને સૂઈ રહ્યા.

સવારે યોગી મહારાજ ઊઠ્યા અને ગાતરિયું લીધું તો મોટો જબરો નાગ નીકળ્યો અને ઝડપથી સરકીને ચાલવા માંડ્યો. ઘણા સંતો-હરિભક્તોએ તે જોયો.

શાસ્ત્રીજી મહારાજને ખબર પડી ત્યારે સંતોને બોલાવીને ઠપકો આપતાં કહ્યું : 'જોગી મહારાજ જેવા મોટા સંતનું આસન પાથરી દેવું જોઈએ. તેમની જગ્યા રાખ્યા વિના કેમ સૂઈ ગયા ?'

સંતોએ સદા દેહાતીત રહેતા યોગી મહારાજની માફી માગી.

પ્રત્યક્ષ દર્શનની પળેપળે ખેંચ

શરદ પૂનમ તથા અન્નકૂટ કરી કાર્તિક પૂનમનો સમૈયો બોચાસણ ઊજવ્યો. અહીંથી શાસ્ત્રીજી મહારાજની સાથે નડિયાદ, પેટલાદ, સુણાવ, નાર, લીંબાસી વગેરે ગામોમાં વિચરતા પુનાજ થઈ રઢુ પધાર્યા. આશાભાઈ, ઈશ્વરભાઈ, ખેંગારજીભાઈ, વિનાયકરાવ સાહેબ, અર્જુનભાઈ, શંકરલાલ ઠાકર તથા જગજીવનભાઈ વગેરે હરિભક્તો, શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી અને યોગી મહારાજ સાથે આ વિચરણમાં જોડાયા હતા. રઢુમાં સૌને ખૂબ લાભ આપી પુરુષોત્તમપુરા થઈ ચિત્રાસર જવા નીકળ્યા.

શાસ્ત્રીજી મહારાજ ઘોડા પર બિરાજ્યા હતા. સૌને સહેજે સહેજે માણકીના અસવાર શ્રીહરિની સ્મૃતિ થઈ જતી હતી. જેમ ગુણાતીતાનંદ સ્વામી પાછે પગે દોડી મહારાજનાં દર્શનનું સુખ લેતા, તેમ યોગી મહારાજ પણ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય મૂર્તિમાં અતિ મગ્ન થઈને દર્શનસુખ લેતા હતા.

ચિત્રાસરમાં બપોરે આરામ કરી શાસ્ત્રીજી મહારાજે સભા કરી. વાત કરતાં કહે : 'સ્વામી અને મહારાજના આપેલા વરદાન મુજબ આપણે બોચાસણમાં શિખરબદ્ધ મંદિર કરી જોટે મૂર્તિ પધરાવી. વળી, જૂનાગઢના સદ્‌ગુરુઓનો અને ભગતજી મહારાજ, જાગા સ્વામી આદિ મોટા મોટા

ભક્તોનો સંકલ્પ હતો તેથી આપણે અક્ષર દેરીની ઉપર શિખરબદ્ધ મંદિર કર્યું. આપણે ભગવાન અને તેના અનાદિ ભક્તની સરખી સેવાનું કાર્ય કર્યું છે...'

આમ, ભગવાન સાથે ભક્તની સરખી સેવાનો અપાર મહિમા કહ્યો.

બીજે દિવસે સાબરમતીમાં સ્નાન કરી અહીંથી શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા. યોગી મહારાજ સાંકરદા તરફ ગયા અને નિર્ગુણ સ્વામી બોચાસણ પહોંચ્યા.

સંસારની ઊલટી

આ અરસામાં સાંકરદા, મીરસાપુર, અંજેસર, ભરૂચ, ઝાડેશ્વર, અટલાદરા, બોચાસણ વગેરે સ્થળોએ વિચરણ કરી યોગી મહારાજ ભાદરણ પધાર્યા.[૪૯]

અહીં જુગાભાઈ હાથીભાઈ પટેલ નિષ્ઠાવાન હરિભક્ત. તેમને યોગી મહારાજ સાથે અપાર હેત. તેમનાં ધર્મપત્નીનો અક્ષરવાસ થયો, પછી ફરી વાર લગ્ન માટે માગાં આવવા લાગ્યાં. તેમને ફરી લગ્નની ઇચ્છા ન હતી. પણ સમય જતાં સંસારના ઘાટ થવા લાગ્યા. યોગી મહારાજ ભાદરણ આવતાં તેઓ એમની સેવામાં જોડાયા. તેમને યોગી મહારાજ સાથે એકાંતમાં હૃદય ખોલીને વાત કરવી હતી પણ મોકો મળતો ન હતો.

એક વાર યોગી મહારાજ સભામાંથી ઊઠીને તેમનો હાથ ઝાલીને બાથરૂમમાં જતા હતા. તે વખતે યોગી મહારાજે જ તેમને સામેથી અંતર્યામીપણે કહ્યું : 'ગુરુ ! હવે સંસારના ઘાટ ન કરવા. હવે ફરીથી સંસાર માંડવો જ નથી એવો દૃઢ નિશ્ચય રાખવો, તો તમે બહુ સુખી થશો.'

આ સાંભળી જુગાભાઈ બોલ્યા કે 'સ્વામી ! પ્રથમ સંકલ્પ ન હતો, પરંતુ હવે કામ બહુ પીડે છે.'

તેમનો નિષ્કપટભાવ જોઈને યોગી મહારાજે તેમની સામે દૃષ્ટિ માંડીને જોયું. તેમના અંતરમાં શાંતિ શાંતિ વ્યાપી ગઈ. સંકલ્પો વિરામ પામ્યા. યોગી મહારાજની આજ્ઞા અનુસાર તેમણે ફરી સંસાર માંડ્યો જ નહીં અને તેમને કોઈ મુશ્કેલી પણ નડી નહીં. ભગવાનના ધારક મોટા સંતપુરુષની રુચિમાં ભળવાથી, તેમની દૃષ્ટિથી કેવું કાર્ય થાય છે તે તેમણે જાતે અનુભવ્યું અને યોગી મહારાજનો બહુ મહિમા સમજ્યા.

અહીંથી પેટલાદ, રંગીપુરા, સુણાવ વગેરે ગામોમાં વિચરી અમદાવાદ,

---

૪૯. તા. ૨૫-૫-૧૯૪૪.

સારંગપુર થઈ ભાવનગરમાં એક માસ બિરાજ્યા. પારાયણ તથા પધરામણીના ભરચક કાર્યક્રમોમાં શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, નારાયણસ્વરૂપ સ્વામી વગેરેનો અમૂલ્ય કથાલાભ સૌને મળ્યો. પછી ગોંડલ ગુરુપૂનમનો ઉત્સવ કર્યો.

રાજકોટના હરિભક્તોએ પણ ગુરુપૂજનનો લાભ લીધો. બાદ મુંબઈ અઢાર દિવસનો લાભ આપી સુરત પધાર્યા. ખૂબ વરસાદ હોવાથી રેલવે-વ્યવહાર ખોરવાઈ જતાં સારંગપુરને બદલે સુરતમાં જ તાપીને કિનારે જળઝીલણીનો સમૈયો કર્યો. મગનભાઈ સેક્રેટરીના ઘરે સૈયદપુરામાં સૌ ઊતર્યા હતા. સુરતનું મંડળ નાનું છતાં ઉત્સાહ ખૂબ. તેથી સમૈયો સુંદર ઊજવાયો. કલેક્ટર વગેરે અધિકારીઓ પણ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા.

અહીંથી અટલાદરા પધારી ગામડે વિચરણ કરતા અન્નકૂટ-દિવાળીના સમૈયા કરવા ગોંડલ પધાર્યા.

‘એવા સંત સહુના સગા રે...’

અહીં શયન આરતી બાદ રાત્રિકથા ચાલતી હતી. એવામાં જૂના મંદિરના બે સંતો આવ્યા. યોગી મહારાજ બહુ જ રાજી થયા. તેમને મળ્યા. ખબર-અંતર પૂછી જાણી લીધું કે તેમને જમવાનું છે. ભંડારમાં લઈ જઈ બંને સંતોને ભાવથી ઠાકોરજીના થાળમાંથી જમાડ્યું. એક ઓરડામાં તેમના સૂવાનાં આસન પણ પથરાવી દીધાં.

બીજે દિવસે વિદાય વખતે સંતો યોગી મહારાજને મળવા આવ્યા ત્યારે યોગી મહારાજે હાથ જોડી પૂછ્યું : ‘કો’, અમારે લાયક કોઈ સેવા છે ?’

‘બીજું તો કાંઈ નથી,’ એક સંતે કહ્યું : ‘પણ અમે કાશીમાં ભણીએ છીએ, તે પુસ્તકો ખરીદવાં છે. દોઢસો રૂપિયા થાય તેમ છે.’

‘અહો...હો... એમાં શું ? લઈ જાવ તમતમારે...’ યોગી મહારાજે એક મોટા હરિભક્ત પાસે સેવા કરાવી સંતોને રાજી કર્યા.

એવામાં અચાનક એક સંત ગદ્‌ગદ થઈ ગયા. આંખોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. પૂછ્યું ત્યારે હાથ જોડી આંસુભીના સ્વરે કહેવા લાગ્યા : ‘સ્વામી ! મેં આપનો અપરાધ કર્યો છે. એક વાર તો આપને ગડદાપાટુ પણ માર્યા છે ને અપશબ્દો તો ખૂબ જ કહ્યા છે. હું પાપી છું. મને માફ કરો.’

તેઓ ‘જોગી’નાં ચરણે પડી ગયા. યોગી મહારાજ તેમને ઊભા કરી ભેટી પડ્યા. પછી હસતાં હસતાં કહે : ‘મને તો યાદેય નથી ગુરુ ! માટે મનમાં ન

લગાડવું. એને હવે દાટી દેવું. સંભારવું નહીં. મહારાજ બધું સારું જ કરે છે. માટે હવે તમે ભણીગણીને મોટા શાસ્ત્રી થાવ. સંપ્રદાયની સેવા કરો.'

બંને સંતો ગઢડા ગયા. કાશીમાં ભણ્યા. થોડાં વર્ષે શાસ્ત્રી થઈને આવ્યા ત્યારે તેમણે ગઢડાના ધીરજલાલ વૈદ્યને પોતાની આ વાત કરીને કહેલું કે 'અપરાધી હોવા છતાં યોગી સ્વામીએ મને પુસ્તકો લઈ દીધાં. સેવા કરી. અરે, સામા બેસીને અમને જમાડ્યા પણ હતા. આવા અજાતશત્રુ સંતને અમે બહુ દુભાવ્યા છે. એમને તો મારું-તારું ક્યાંથી હોય, પણ બીજાના આવા દ્વંદ્વો પણ પળમાત્રે નિવારી શકે તેવી સામર્થીવાળા સંત જો કોઈ હોય તો એ યોગી મહારાજ જ છે.'

'જોગી'ની નિર્મળ સાધુતામાં ઘણા મુમુક્ષુઓને પોતાનો દોષ-અપરાધ સૂઝી આવતો અને તેના પસ્તાવાનું ઝરણું ફૂટી નીકળતું. વ્યક્તિને પવિત્ર કરવાની અનેક રીતોમાંની 'યોગીરાજ'ની આ પણ એક રીત હતી.

સંવત ૨૦૦૧ની વસંત પંચમી અગાઉ આશરે દોઢેક માસ પહેલાં અમદાવાદના ચંપકલાલ શેઠને વિચાર આવ્યો કે 'શાસ્ત્રીજી મહારાજ જેવા સર્વોપરી સંત ૮૦ વર્ષ પૂરાં કરી ૮૧મા વર્ષમાં પ્રવેશે છે, તો ગુરુજયંતીનું અપૂર્વ પર્વ ઊજવવું જોઈએ. આ લોકના ઐહિક સુખ માટે પ્રયાસ કરનારને પણ જો લાખો રૂપિયાની ભેટ અર્પવામાં આવે છે, તો પારલૌકિક સુખ આપનાર ગુરુહરિને ચરણે ભક્તિના પ્રતીકરૂપે સવા લાખ રૂપિયા જેટલી ભેટ અર્પણ કરવી.' સૌએ અપાર ઉત્સાહથી આ વિચાર વધાવી લીધો અને મન મૂકીને સેવા નોંધાવી.

તીર્થભૂમિ બોચાસણના ધન્ય ભાગ્યે શાસ્ત્રીજી મહારાજનો ૮૧મો જન્મ જયંતી મહોત્સવ તેને આંગણે ઊજવાયો. અનેક શુક-સનકાદિક જેવા સંતો અને જનક, જયદેવ જેવા અસંખ્ય હરિભક્તોથી ધરતીને ગુણાતીત જ્ઞાને રંગી દેનાર પુરુષના જીવન-કાર્યને અંજલિ આપવા સૌ તલસી રહ્યા હતા.

જોગીના દાસત્વને વિદ્યાધિકારી નમી પડે છે

યોગી મહારાજના આગ્રહથી, પ્રેમાળ પત્રોથી અનેક પ્રતિષ્ઠિત મુમુક્ષુઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ગોંડલના વિદ્યાધિકારી ચંદુભાઈ પટેલ પણ યોગી મહારાજના અપાર હેતને કારણે પ્રથમ જ વાર બોચાસણ આવ્યા હતા.

રાતે કથા-કીર્તનની રમઝટ પછી સૌ વિખરાયા. મોડી રાત્રિએ ચંદુભાઈને શૌચ જવાની ઇચ્છા થઈ. તેઓ તો અહીંના સાવ અજાણ્યા. ક્યાં જવું ? પાણી

ક્યાં હશે ? વળી, દીવો કે ફાનસ મળે નહીં. તેથી અતિશય મૂંઝાવા લાગ્યા. આજુબાજુ જરા તપાસ કરી પણ અંધારામાં તેઓ લાચાર થઈ ગયા. બે-ત્રણ જણાને પૂછ્યું, પણ સ્થાનિક ચરોતરના ભક્તો તેમની બોલી સમજ્યા નહીં.

એવામાં હાથમાં ફાનસ લઈ યોગી મહારાજ નીકળ્યા. તેમણે જોયું કે ચંદુભાઈ મૂંઝાય છે. તેઓ પળભરમાં જ પરિસ્થિતિ કળી ગયા ને પૂછ્યું : 'શૌચ જવું છે ? હાલો.' એમ કહી ઝડપથી પાણીનો લોટો લઈ આવ્યા. ફાનસ સાથે રાખ્યું. અંધારામાં ચંદુભાઈને થોડે દૂર જાજરૂ સુધી મૂકી આવ્યા. ચંદુભાઈ તો દિગ્મૂઢ થઈને વિચારી રહ્યા હતા કે આ અક્ષર મંદિરના મહંત ! હજારો હૈયાંના આદરણીય સંતવર્ય આવી સાહજિકતાથી મારા જેવા ગૃહસ્થની સંભાળ લે છે !

થોડીવારે ચંદુભાઈ આવ્યા ત્યારે યોગી મહારાજ તેમને હાથ ધોવડાવવા લાગ્યા. આ પ્રસંગની એટલી ગાઢ અસર થઈ કે ક્યાંય પણ મસ્તક નમાવતાં સો વાર વિચારે તેવા વિચક્ષણ પુરુષ ચંદુભાઈ યોગી મહારાજની પ્રેમાળ મમતાથી ઘવાઈ ગયા. જીવનભર તેઓ આ પ્રસંગને વાગોળતા અને જોગીની એ લાક્ષણિક છબિમાં ખોવાઈ જતા. યોગી મહારાજની વિલક્ષણતા એ હતી કે ભાષાનો વ્યવહાર ખૂબ થોડો કરે, પણ આત્મીયતા એટલી ઊંડી કરે કે તેનાં મૂળ જીવનના કોઈપણ સંજોગોમાં નાશ ન પામે.

મહોત્સવનો બીજો દિવસ ધામધૂમથી ઊજવાયો. અનેક ઉત્સાહભર્યાં પ્રવચનો-કીર્તનો થયાં. સંતોના સાન્નિધ્યથી વાતાવરણમાં મંગળતા મહેકવા લાગી. નિર્ગુણ સ્વામી, યોગી મહારાજ, ભક્તિવલ્લભ સ્વામી, નારાયણસ્વરૂપ-દાસ સ્વામી, અક્ષરપુરુષોત્તમદાસ સ્વામી, અક્ષરસ્વરૂપદાસ સ્વામી, બાલમુકુંદ-દાસ સ્વામી, હરિવલ્લભદાસ સ્વામી, ગોવિંદ સ્વામી, અક્ષરજીવનદાસ સ્વામી વગેરે સંતોએ અપાર સેવા કરી.

વળી, સમૈયા દરમ્યાન અનેક મહાનુભાવોએ શાસ્ત્રીજી મહારાજને ભાવાંજલિ અર્પી. ચંદુલાલ વિદ્યાધિકારીએ પણ પ્રવચન કરતાં જણાવ્યું : 'પરમાત્મ-સ્વરૂપ સ્વામીશ્રીના બે મહાન સાધુ-શિષ્યોના પણ અંગત પરિચયમાં હું આવ્યો છું. તે છે - પૂજ્ય જ્ઞાનજીવનદાસજી અને પૂજ્ય નિર્ગુણદાસ સ્વામી.' એમ કહી યોગી મહારાજને સર્પનું ઝેર ઊતરી ગયું હતું, તે પ્રસંગ વિસ્તારીને કહ્યું.

'યજ્ઞ'ની આસપાસ 'જ્ઞાન' અને 'નિર્ગુણ' શક્તિઓ જોડાયેલ છે. પૂજ્ય સ્વામીશ્રીએ મહાન શિખરબદ્ધ મંદિરો કર્યાં પણ તેમણે જંગમ મંદિરો પણ તેવાં જ કર્યાં છે. પૂજ્ય સ્વામી જ્ઞાનજીવન સ્વામી તથા નિર્ગુણ સ્વામી તે જંગમ

મંદિરો છે.'[૫૦] સૌએ ધન્યતા અનુભવી.

સૌ શાસ્ત્રીજી મહારાજના તથા ઉત્સવના ગુણગાન ગાતા વિખરાયા ત્યારે સૌનાં અંતરમાં કાયમ આવી વસેલી વસંતનો ઉમંગ છલકાતો હતો.

ફાગણ-ચૈત્રમાં ફૂલદોલ અને હરિજયંતીના સમૈયા પછી વૈશાખમાં ગોંડલનો પાટોત્સવ ઊજવ્યો. વૈશાખ સુદ તેરસથી પોરબંદર સત્સંગ મંડળ તરફથી 'સ્વામીની વાતો'ની પારાયણ થઈ.

✧

શાસ્ત્રીજી મહારાજ અમદાવાદથી સારંગપુર આવ્યા ત્યારે યોગી મહારાજ અડવાળ હતા.[૫૧] શાસ્ત્રીજી મહારાજ પધાર્યા છે તે સમાચાર જાણી તેઓ તરત જ સારંગપુર પહોંચી ગયા.

દેવદર્શનની અધીરાઈ

બીજે દિવસે સૂર્યગ્રહણનો ઉત્સવ સૌએ ગઢડા કરવો એવી યોગીજી મહારાજની રુચિ જોઈ શાસ્ત્રીજી મહારાજે રાજી થઈને કહ્યું : 'જોગીની રુચિ એ અમારી રુચિ.'

સૌ રાજી થઈ ગઢડા જવા તૈયાર થયા પરંતુ સંજોગોવશાત્ યોગી મહારાજને રોકાવાનું થયું. શાસ્ત્રીજી મહારાજ વહેલા પહોંચ્યા. તેઓ ગોપીનાથજીના મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શન કરી આયરના ચોરે ઉતારે પધાર્યા.

યોગી મહારાજ મોડા પડ્યા. મંદિરે ઠાકોરજી પોઢી ગયા હતા. તેથી દર્શન ન થયાં. એમને તો ક્યાંય ચેન ન પડે. ઉતારે આવ્યા પણ દર્શન વિના અકળામણ થવા લાગી. સાધુઓના નિયમ અનુસાર ગામમાં મંદિર હોય ને સાધુ બહારગામથી આવે તો દર્શન વિના અન્ન-જળ પણ ન લેવાય. તેથી યોગી મહારાજે કાંઈપણ ન લીધું. થોડી વાર પછી તો ગ્રહણનો વેધ લાગી જવાનો હતો. તેથી આખો દિવસ ઉપવાસ કરવો પડે તેમ હતું.

શાસ્ત્રીજી મહારાજ જાણી ગયા કે 'જોગી દર્શન વિના મૂંઝાય છે.' તેથી તેઓ તેમને ઉતારાના બીજે માળે લઈ ગયા અને ગોપીનાથજીના મંદિરની ધજાનાં દર્શન કરાવ્યાં અને કહ્યું : 'શાસ્ત્રમાં લખ્યું છે કે દેવનાં દર્શન ન થાય તો મંદિરની ધજાનાં દર્શનથી એટલું જ પુણ્ય મળે છે.'

---

૫૦. તા. ૧૭-૧-૧૯૪૫.

૫૧. તા. ૧૮-૬-'૪૫; જેઠ સુદ ૯, સોમવાર, સં. ૨૦૦૧.

શાસ્ત્રીજી મહારાજના વચને ધજાનાં દર્શન કરી યોગી મહારાજે દંડવત્ કર્યાં અને પછી જ જળપાન કર્યું.

ગઢડાથી ભાવનગર, અમદાવાદ થઈ અષાઢના પ્રારંભે અટલાદરા પધાર્યા.

સંવત ૨૦૦૧ના અષાઢ સુદ ત્રીજના દિવસે અટલાદરામાં, અક્ષર-પુરુષોત્તમ મહારાજ ધામધૂમથી બિરાજ્યા. કાનમમાં જયજયકાર થયો. એક માસ વિચરણ કરી અટલાદરા પધાર્યા. અહીંથી શ્રાવણ સુદ પૂનમે બોચાસણ આવવાનું હતું. શાસ્ત્રીજી મહારાજનું સ્વાસ્થ્ય સારું નહોતું. તેથી યોગી મહારાજે વિનંતી કરી : 'સ્વામી ! આપ અહીં રોકાવ. હું અને નિર્ગુણ સ્વામી જઈ આવીએ.'

શાસ્ત્રીજી મહારાજે રાજી થઈને હા પાડી. પણ રાતે ૩ વાગે એકદમ બેઠા થઈ ગયા અને કહે : 'ચાલો, બોચાસણ જવું છે.' પછી સૌ તૈયાર થયા. પૂનમનો સમૈયો ખૂબ સારો થયો.

અમદાવાદમાં સરજુદાસ હૉલમાં શ્રાવણ વદમાં 'સત્સંગિજીવન'ની પારાયણ કરી, શાસ્ત્રીજી મહારાજ અટલાદરા પધાર્યા અને યોગી મહારાજ તથા નિર્ગુણ સ્વામીએ અમદાવાદ વિશેષ લાભ આપ્યો. બાદ યોગી મહારાજે ગોંડલમાં શરદ પૂનમ, દિવાળી, અન્નકૂટ કરી, કાર્તિક પૂનમનો સમૈયો બોચાસણ કર્યો. દરમ્યાન નિર્ગુણદાસ સ્વામીની તબિયત અતિશય ખરાબ થઈ ગઈ હતી. છતાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવાની તેમની ખૂબ ઇચ્છા હતી તેથી સ્ટ્રેચરમાં સુવાડી તેમને બોચાસણ લાવ્યા. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરી તેઓ રોઈ પડ્યા ! શાસ્ત્રીજી મહારાજે તેમને ઘણું આશ્વાસન આપ્યું.

જોગી તે જોગી

આ સમૈયા પછી ડભોઈ, મલાતજ થઈ શાસ્ત્રીજી મહારાજ પુરુષોત્તમપુરા પધાર્યા અને યોગી મહારાજ તથા પ્રેમવતીદાસ સાંકરદા ગયા. યોગી મહારાજને શરીરમાં ઝીણો તાવ રહ્યા કરતો. નબળું શરીર હોવા છતાં તેઓ આવા નાના રોગને તો ગણકારતાયે નહીં. થોડા દિવસ પછી શાસ્ત્રીજી મહારાજ સાંકરદા પધાર્યા. ખબર-અંતર પૂછતાં શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી કેમ છે ?'

'બહુ સારું છે. આપની દયા છે !' યોગી મહારાજે હાથ જોડી કહ્યું.

આ સરળ, નિર્દોષ સંતે શાસ્ત્રીજી મહારાજ સાથે છેલ્લાં છત્રીસ વર્ષના સહવાસ દરમ્યાન ફરિયાદનો હરફમાત્ર ઉચ્ચાર્યો ન હતો. એમના દેહની મુશ્કેલીઓ પણ બીજા જણાવે ત્યારે શાસ્ત્રીજી મહારાજ જાણતા. 'જે પોતાના

જ કષ્ટની વાત ન કરે, એમના મનમાં અન્યને વિશે ફરિયાદ કરવાનો લેશપણ ભાવ ક્યાંથી હોય ?' આવું જ કાંઈ વિચારતા - આનંદ પામતા શાસ્ત્રીજી મહારાજ 'જોગી' ઉપર પ્રેમનો ધોધ વરસાવતા.

યોગી મહારાજે હજુ હાથ જોડી રાખ્યા હતા. શાસ્ત્રીજી મહારાજને એકદમ ઉમળકો આવી ગયો. બાજુમાં પડેલો હાર જોગી મહારાજના ગળામાં પહેરાવી દીધો અને બોલી ઊઠ્યા : 'જોગી તે જોગી !'

અહીં બે દિવસ રહી શાસ્ત્રીજી મહારાજ અટલાદરા પધાર્યા અને યોગી મહારાજ સાંકરદા જ રહ્યા.

આ અરસામાં[૫૨] ચતુર્ભુજ સ્વામી સાધુ થયા હતા. શાસ્ત્રીજી મહારાજે તેમને યોગી મહારાજની જોડમાં રહી વિચરણ કરવા આજ્ઞા આપી હતી.

માગશર માસની સખત ઠંડી પડતી હતી. યોગી મહારાજને છેલ્લા પંદરેક દિવસથી તાવ રહ્યા કરતો. તેમાંયે આઠ દિવસ તો સતત તાવમાં જ પસાર થયા. નવા સંત ચતુર્ભુજ સ્વામી મૂંઝાવા લાગ્યા. માધવભાઈ પુરુષોત્તમભાઈ, મૂળજીભાઈ ઝવેરભાઈ વગેરેને વાત કરી. ત્યારે તેઓએ વડોદરાથી ડૉક્ટરોને બોલાવ્યા. ઇન્જેક્શન, દવા વગેરે આપ્યું. તાવ હળવો થયો. આ દિવસો દરમ્યાન યોગી મહારાજ મગના પાણી સિવાય કશું જ લેતા નહીં. તેમને સદા એ ચિંતા રહેતી કે 'રખે, મારા કારણે કોઈ હરિભક્તને તકલીફ પડે !' તેથી માંદગી દરમ્યાન પોતાની જરૂરિયાતો તદન મર્યાદિત કરી નાખી હતી.

થોડા દિવસે અટલાદરા પધાર્યા. થોડું સારું થતાં જ પાલેજ, ઠીકરિયા, અડોલ, ઈટોલા, પોર, અણખી, બીલ વગેરે ગામોમાં શાસ્ત્રીજી મહારાજ સાથે વિચરણ કરી અટલાદરા આવ્યા. અહીં એવો નિર્ણય લેવામાં આવ્યો કે 'દર વર્ષે વસંત પંચમીનો સમૈયો બોચાસણ ઊજવાય છે, પણ હવે તે સમૈયો કાયમ માટે અટલાદરામાં જ કરવો.'[૫૩]

'જોગી જમશે તો મહારાજ રાજી થશે'

સૌએ પોષ સુદ પૂનમનો સમૈયો શાસ્ત્રીજી મહારાજની સાથે સારંગપુરમાં કર્યો. અહીં થોડા દિવસ હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપ્યું. યોગી મહારાજ હંમેશાં 'સ્વામીની વાતો' બોલીને લાભ આપતા.

---

૫૨. તા. ૩૦-૧૧-૧૯૪૫ થી ૧૦-૧૨-૧૯૪૫.

૫૩. તા. ૧૫-૧૨-૧૯૪૫.

આ વર્ષે શેરડી ખૂબ પાકી હતી. તેથી સહજે અહીં શેરડી ઉત્સવ ગોઠવાયો. કથાવાર્તા દરમ્યાન યોગી મહારાજે 'આપણને તો શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે' એ વાત નિરૂપી. શાસ્ત્રીજી મહારાજે પણ સુંદર વાતો કરી.

બીજા દિવસે યોગી મહારાજને ગોંડલ જવાનું હતું. તેથી શાસ્ત્રીજી મહારાજે કોઠારી ધર્મવલ્લભદાસને બોલાવ્યા અને પૂછ્યું : 'શેરડી વધી હશે કે નહીં ?'

'હા સ્વામી ! છે ને.'

'તો જોગીરાજ સારુ લાવો. કાલે સવારમાં તે ગોંડલ જવાના છે. તે ભેગી દેવી છે.'

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થતાં રાતે જ તેઓ કોઠારી ઈશ્વર ભગતને લઈ ખેતરે ગયા અને શેરડી લઈ આવ્યા. શાસ્ત્રીજી મહારાજ ધર્મવલ્લભદાસ સ્વામી પર ખૂબ રાજી થયા અને કહે : 'ખરું ટાણું સાચવ્યું. તમારી શ્રદ્ધા ખરી ! કાલનો વાયદો રાખ્યો નહીં ! હવે જોગીરાજ જમશે ત્યારે મહારાજ રાજી થશે.'

શાસ્ત્રીજી મહારાજનાં આ ભાવપૂર્ણ વચનોથી સૌ રાજી થયા.

આ વખતે પ્રથમ વખત જ વસંત પંચમીનો ઉત્સવ બોચાસણને બદલે અટલાદરા ઊજવાયો. શાસ્ત્રીજી મહારાજનો ૮૨મો જન્મ જયંતી મહોત્સવ ઊજવવા યોગી મહારાજ પણ ગોંડલથી અહીં આવી પહોંચ્યા હતા. ભારે ભક્ત-મેદની જામી હતી.

સમૈયા પછી ડમણિયામાં બેસી શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ બાજવા, કરચિયા થઈ અટલાદરા પાછા આવ્યા. ઉંમરનો પ્રભાવ હવે શાસ્ત્રીજી મહારાજના અંગેઅંગ ઉપર સ્પષ્ટ રીતે વર્તાતો હતો, પણ હજુયે જાણે ગામડે ગામડાં ખૂંદી વળવાં ન હોય તે જ રીતે એમનું અવિરત વિચરણ ચાલતું રહેતું.

સાપની કાંચળી જેમ ઊતરતો તાવ

શિવરાત્રી મુંબઈમાં કરી. ત્યારબાદ અટલાદરાથી અમદાવાદ તરફ વિચરી રઢુ, ધોળકા થઈ ફૂલદોલ નિમિત્તે સારંગપુર પધાર્યા. અહીં મંદિરના ઉતારાના પાયા ગળાતા હતા. આ અરસામાં આફ્રિકાથી આવેલા સી.ટી. પટેલ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા સારંગપુર આવ્યા હતા. તેમને શાસ્ત્રીજી મહારાજ કહે : 'છોટાભાઈ ! સેવામાં ચાલો. ટોપલા ઊંચકવાની આ સેવા મોટા દેવોને પણ દુર્લભ છે.'

તેમણે શ્રદ્ધાપૂર્વક સેવામાં ઝુકાવ્યું, પરંતુ કોઈ દિવસ આવો સખત

પરિશ્રમ કર્યો ન હતો. તેથી રાતે ખૂબ તાવ આવી ગયો. જાણે કોઈ માથામાં ઘણ મારતું હોય તેમ માથું દુખવા લાગ્યું. છોટાભાઈ તો યોગી મહારાજના ઉતારા પાસે ગોદડા પર સૂઈ ગયા. તાવમાં જાણે પોતે બેભાન થઈ જશે એવું તેમને લાગવા માંડ્યું. થોડીવારે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. તબિયત જોઈ. પછી કહે : 'આરામ કરો. સારું થઈ જશે.' એમ કહી યોગી મહારાજને મોકલ્યા.

છોટાભાઈ તો લગભગ બેભાન જેવા હતા. ત્યાં કોઈનો પ્રેમાળ હાથ તેમના મસ્તકે ફરવા લાગ્યો. એ વત્સલ સ્પર્શે સંજીવનીનું કામ કર્યું. તેમણે આંખ ખોલી જોયું તો પાસે બેસી યોગી મહારાજ હાથ ફેરવતા હતા ! છોટાભાઈએ આંખ ખોલી, તેથી યોગી મહારાજે પૂછ્યું : 'છોટાભાઈ ! તાવ બહુ આવી ગયો, નહીં ? હમણાં સ્વામીની દયાથી ઊતરી જશે.' એમ કહી છોટાભાઈના પગ પાસે જઈ તેમણે ઓઢેલી ચાદર ધીરે ધીરે ખેંચવા લાગ્યા. ધીરેથી ચાદર સરકવા લાગી અને તાવ પણ માથેથી ઊતરી છાતી, પેટ અને પગ સુધી ચાદરની સાથે સાથે સરકવા લાગ્યો; અને પગેથી ઊતરી ગયો !

પરદેશમાં છોટાભાઈએ યોગવિદ્યાનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં અને સિદ્ધયોગીઓ આવા ઘણા ચમત્કારો કરી શકે છે એવું તેમણે જાણ્યું હતું. એવી સિદ્ધિ તેમણે શાસ્ત્રીજી મહારાજમાં નિહાળી હતી. યોગી મહારાજ પણ એવા જ સિદ્ધ હતા, છતાં છોટાભાઈએ તેમને સત્સંગમાં નાનામાં નાના બની, વિનમ્ર થઈ, દરેક હરિભક્તની ખૂબ જ ભાવપૂર્વક સેવા કરતા જોયા હતા. પોતાને સદાય નાના સમજતા આ મહાન સંત પોતાની અંદર કેવી અદ્‌ભુત શક્તિ છુપાવી રહ્યા છે, એ શક્તિ-ઐશ્વર્યનું દર્શન આજે છોટાભાઈને થઈ ગયું. તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ.

અહીંથી કારિયાણી, બોટાદ થઈ શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા અને યોગી મહારાજ ભાવનગર, રાજકોટ થઈ જામનગર આવ્યા. નામદાર દરબારના આમંત્રણથી શાસ્ત્રીજી મહારાજ પણ અહીં આવ્યા હતા.

ત્યારબાદ અટલાદરા થઈ સોખડા[૫૪] આવ્યા.

રમણભાઈ દેસાઈભાઈ પટેલને આ અરસામાં શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો. તેમની જમીન આણંદપરા અને સુવાચારી ગામમાં હતી. ત્યાં માણસરના ચૈતન્ય મહાપ્રભુના સંતોનો પણ રમણભાઈને યોગ હતો. વળી, તેઓ રાધેશ્યામ રાસમંડળીના પણ કલાકાર હતા, તેથી રાસ પણ લેતા. આ

---

૫૪. તા. ૨૬-૪-૧૯૪૬.

અરસામાં તેઓ સોખડા રહેવા આવ્યા હતા.

રમણભાઈ પાસે ચૈતન્ય મહાપ્રભુનું *'પંથાપંથી છોડો...'* કીર્તન શાસ્ત્રીજી મહારાજે ગવડાવ્યું. તે સાંભળી રાજી થઈને આશીર્વાદ આપતાં એમણે કહ્યું : 'તમારે યોગી મહારાજનો જોગ રાખવો અને તેઓ જેમ કહે તેમ કરવું.'

રમણભાઈ ઘણી વાર રાસમંડળ લઈને યોગી મહારાજનાં દર્શને જતા. એક વાર સંતસ્વામીએ તેમને ઉપદેશ આપતાં કહ્યું : 'પુરુષોથી સ્ત્રીઓ સાથે રાસ ન લેવાય. આ આપણા સંપ્રદાયના નિયમ વિરુદ્ધ છે. તેમાં સારું પરિણામ આવતું નથી અને ભક્તિ સિદ્ધ થતી નથી.'

રમણભાઈએ આ ઉપદેશની અને સિદ્ધાંતની વાત સાંભળતાં સાંભળતાં યોગી મહારાજ સામે જોયું, ત્યારે એમણે પણ માથું હલાવીને તેમાં મૂક રીતે અનુમતિની મહોર મારી દીધી. આ દિવસથી રમણભાઈએ રાસમંડળીમાં રમવાનું છોડી દીધું અને સાચા સત્સંગી થઈ ગયા.

પછી સોખડાથી વાસણા, અંજેસર, વડોદરા થઈ સૌ અમદાવાદ પધાર્યા.

અહીંથી યોગી મહારાજ અડવાળ પધાર્યા. તે દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ ઉત્તર ગુજરાત તરફ કડી પધાર્યા. છોટુભાઈના ઘેર ઉતારો કર્યો. નિર્ગુણ સ્વામી, કોઠારી ઈશ્વર ભગત, મોહનભાઈ બગડ વગેરે સાથે હતા.

રાતે કથાવાર્તાનો અદ્‌ભુત પ્રસંગ નીકળ્યો. શાસ્ત્રીજી મહારાજે ભાવમાં આવી જઈ પરમહંસોની ત્યાગ-વૈરાગ્યની છટા અને અધ્યાત્મ-શૂરતાનાં અનેરાં દૃષ્ટાંતો ટાંકી ઓલિયાઓની અલમસ્તાઈનું આબેહૂબ વર્ણન કર્યું. પછી કહે : 'આપણે તેમના જેવું તો વર્તાય નહીં. પણ સહેજે ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરી ઇન્દ્રિય-નિગ્રહ કરવો, તપ કરવું. તેમાં પણ ભક્તિભાવ જોઈએ...!' એમ કહી યોગી મહારાજનું વૃત્તાંત વિસ્તારથી કહેવા માંડ્યા. પછી કહે : 'જોગી' તે જોગી. બહુ પ્રેમ ! વલ્લભાચાર્ય જેવી પ્રેમલક્ષણા ભક્તિવાળા. પોતે એકાદશી નિર્જળા કરે તોપણ ઠાકોરજી માટે થાળ કરે તેમાં આળસ નહીં, એ ઠાકોરજી ઉપર કેટલો પ્રેમ !' શાસ્ત્રીજી મહારાજની વાતો ક્યારેક સહજ રીતે પોતાના આદર્શ શિષ્યના મહિમા તરફ વળી જતી અને સાથેના સંતો, હરિભક્તો પણ દર વખતે નવા ઉમંગથી જોગીરાજનો મહિમા ગાતાં શાસ્ત્રીજી મહારાજને તાકી રહેતા. મંત્રમુગ્ધ થઈ ગુરુ-શિષ્યની આ લીલાને માણી રહેતા.

❀ ❀ ❀



ગુરુની મારા ઉપર દૃષ્ટિ પડી ગઈ છે !

દર વર્ષની પ્રણાલી મુજબ ભીમ એકાદશીનો સમૈયો નિર્ગુણ સ્વામી તથા યોગી મહારાજની હાજરીમાં મુંબઈ ઊજવાયો. તે વખતે[૫૫] યોગી મહારાજના મુખારવિંદ ઉપર તેજસ્વિતા અને અખંડ દિવ્યાનંદ જોઈ, તે વખતના જાણીતા અર્થશાસ્ત્રી મનુ સૂબેદારે એમને પૂછ્યું : 'સ્વામીજી ! મેં ઘણા મહાત્માઓ જોયા છે, ઘણા મહાનુભાવના પ્રસંગમાં પણ આવ્યો છું, પરંતુ બ્રહ્મનો આવો અખંડ આનંદ મેં કોઈના મુખારવિંદ ઉપર જોયો નથી. આપની આ સિદ્ધિનું રહસ્ય શું છે ?'

નમ્રતાની મૂર્તિસમા યોગી મહારાજે હાથ જોડીને કહ્યું : 'મારા ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજની મારા ઉપર દૃષ્ટિ પડી ગઈ છે.'

તે સાંભળી પાસે બેઠેલા નિર્ગુણદાસ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'એ તો યોગી મહારાજ સાચું જ કહે છે, પરંતુ મારા અનુભવ પ્રમાણે તો તેમની આ સિદ્ધસ્થિતિ અનાદિની છે.'

✧

શ્રાવણ સુદ પૂનમનો સમૈયો બોચાસણ કર્યો. જેમાં શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગી મહારાજે 'સ્વામીની વાતો' બોલી રસાળ શૈલીમાં નિરૂપણ કર્યું :

'આ લોકમાંથી ઉદાસ થવાનું છે અને ભગવાનમાં જોડાવાનું છે. એ કરવાનું છે. જ્યાં જાવાનું છે તેનો ઉદ્યમ કાંઈ નહીં અને જ્યાં રહેવાનું નહીં તેના ઉદ્યમમાં રાત-દિવસ મંડ્યા છે. શ્રીજીમહારાજ અને મોટા સંતનો શું સિદ્ધાંત છે ? તેનો વિચાર કરવો. માટે આપણે તો ભગવાનની મૂર્તિ લઈને બેસવું.

'મૂર્તિ શું ? તો ભગવાનની કથાનું શ્રવણ કરવું ને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનું ધ્યાન કરવું. સત્સંગીઓ સાથે હળીમળીને, આવા ભગવત્‌સ્વરૂપ

૫૫. તા. ૧૦-૬-૧૯૪૬.

સંતની આજ્ઞા અનુસાર વર્તન કરી, આ જીવનું કલ્યાણ કરી લેવું, કહેતા પોતાના આત્માનું સુધારી લેવું. એટલા સારુ શ્રીજીમહારાજે આપણને મોકલ્યા છે.'

આમ, અમૃતલાભ આપી શાસ્ત્રીજી મહારાજ સાથે ડભાસી, આશી, વહેરા, બોરસદ, વાસદ થઈ જન્માષ્ટમી પ્રસંગે સૌ અટલાદરા આવ્યા.

કારતક પૂનમ અટલાદરા કરી શાસ્ત્રીજી મહારાજ મુંબઈ પધાર્યા, પરંતુ યોગી મહારાજનું સ્વાસ્થ્ય સારું નહોતું, તેથી તેઓ મુંબઈ જઈ શક્યા નહીં. ઉત્તરાયણ રાજકોટ કરી. વસંત પંચમીએ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનો ૮૩મો જન્મ મહોત્સવ ઊજવવા અટલાદરા આવ્યા. વયોવૃદ્ધ ગુરુહરિની અપાર કાંતિમાન મૂર્તિનાં દર્શનથી સૌનાં હૈયે શાંતિ થઈ. યોગી મહારાજ પણ એ દર્શન-સુખમાં ગરકાવ થઈ જતા હતા.

'હાથી ઉપર બેસાડી મણિભાઈએ મારી લાજ લીધી'

બાદ મણિભાઈ ભટ્ટે અપાર ઉત્સાહ અને શાનદાર તૈયારી સાથે યોજેલી પારાયણમાં સૌ સલાડ પધાર્યા.[૫૬]

મણિભાઈએ શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજને હાથી પર પધરાવી આખા ગામમાં ફેરવવાનો સંકલ્પ કર્યો હતો. પૂર્ણાહુતિના દિવસે તેમણે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી. તેમનો ખૂબ ભાવ જોઈ શાસ્ત્રીજી મહારાજ તે માટે સંમત થયા. પછી યોગી મહારાજને મણિભાઈએ વિનંતી કરી. એમણે તો મૃદુતાથી છતાં દૃઢતાથી ના પાડી દીધી : 'એ મારું કામ નહીં. એ શાસ્ત્રીજી મહારાજને શોભે, આપણને ન શોભે. આપણે તો સેવક.'

પછી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'જોગી ! તમારે ક્યાં એકલા બેસવું છે ? ઠાકોરજીની સાથે બેસવાનું છે. વળી, હાથીને લઈને તમારી ક્યાં મોટપ છે ? હજુ તો તમારી મોટપ અનંતગણી વધશે. ભગવાનને લઈને તમારી મોટપ છે.'

આ ગુરુ-આજ્ઞા શિરોમાન્ય કરી યોગી મહારાજ સંકોચાતા દિલે હાથી ઉપર બિરાજ્યા. અને શોભાયાત્રા પૂરી થયે નીચે ઊતર્યા ત્યારે ઉદાસ ચહેરે બોલી ઊઠ્યા : 'હાથી ઉપર બેસાડી આ મણિભાઈએ મારી લાજ લીધી.'

જેને હાથી ઉપરના સન્માન તૃણવત્ હતા તેવા ગુણાતીત પુરુષની આ વાણી હતી. વળી, જે સન્માન પોતાના ગુરુને ઘટે તેનો ઉપભોગ એક 'આદર્શ સેવક' તરીકે પોતે કેમ કરી શકે ? એ ભાવ પણ એમના ઉદ્ગારોમાંથી ધ્વનિત થતો

---

૫૬. તા. ૨૮-૧-'૪૭.

હતો ! કચરો અને કંચન, અપમાન અને સન્માનની સમાનતા વાણીમાં સહેલી છે, પણ જીવનમાં લાવવી તો ઘણી જ મુશ્કેલ. ખરેખર ! જોગીની જેમ સતત સ્થિતપ્રજ્ઞતાના શિખરે બેસવા તો જન્મોજન્મની સાધના પણ ઓછી જ પડે !

સલાડથી ગોરિયાદ, ચાણસદ, ઘાજ, સારસા, આણંદ થઈ અમદાવાદ પધાર્યા. ત્યાં ગોંડલના મહારાજા તરફથી સમાચાર આવ્યા હતા કે જોગીરાજને અહીં મોકલો. તેથી યોગી મહારાજ ગોંડલ પધાર્યા. ત્યાંથી સારંગપુરમાં ફૂલદોલોત્સવ નિમિત્તે આવી પહોંચ્યા.

અહીં સેવામાં એક બહેરા કુંભાર ભગત હતા. તે મંદિરનું વલોણું કરતા. યોગી મહારાજ તે ભગતને છાશ વલોવવામાં મદદ કરતા. યોગી મહારાજને સતત સેવા કરતા જોઈ જે કોઈ મહેમાનો આવતા તે ગુણ લઈને જ જતા. કોઈ એમને પ્રથમ વખત જ મળતું હોય છતાં પણ જાણે ચિર-પરિચિત હોય તેવી મમતા જોગી મહારાજ સૌ ઉપર દર્શાવતા. આ એમની પ્રભુદત્ત પ્રકૃતિ હતી.

આખા સત્સંગને જોગીની તાણ

ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કરી, ભાદરણ વગેરે ગામોમાં સત્સંગનો લાભ આપી, શાસ્ત્રીજી મહારાજ પાટોત્સવનો સમૈયો કરવા ગોંડલ પધાર્યા. હરિભક્તો ઘણા આવ્યા હતા. સમૈયો સારી રીતે ઊજવાયો.

બીજે દિવસે ચાલુ કથા પ્રસંગે રેલવે અધિકારી સીદીભાઈ સાહેબે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : 'સ્વામી ! યોગી મહારાજ અહીં સૌરાષ્ટ્રમાં વધારે રહે તેવી એમને આજ્ઞા કરો, તો અમને અહીં વધુ લાભ મળે.'[૫૭]

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'અહોહો ! જોગી મહારાજ જેવા સાધુ

---

૫૭. ગોંડળ રાજ્યના રેલવે અધિકારી સીદીભાઈ સાહેબને સત્સંગનો રંગ મૂળજીભાઈ મિસ્ત્રીએ લગાડેલો. અક્ષર મંદિરના પ્રારંભે તેઓ મંદિરે દર્શન કરવા આવતા. કોઈકવાર શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનો લાભ પણ મળી જતો. યોગી મહારાજ ઘણુંખરું ગોંડળ જ રહેતા. તેથી સીદીભાઈ સાહેબને તેમની સાથે અત્યંત હેત થઈ ગયું હતું. તેઓ એમને ચમત્કારી પુરુષ માનતા.

સ્વામિનારાયણ ધર્મની સ્ત્રી-પુરુષ મર્યાદા અને સંતોના નૈષ્ઠિક બ્રહ્મચર્યના વર્તનથી તેઓ અંજાયા, બહુ ગુણ આવ્યો અને તેઓ સત્સંગી થયા.

જ્યારે પણ સંતોને સ્ટેટનું અથવા રેલવેનું કંઈક કામ હોય, ત્યારે સીદીભાઈ સાહેબ જ પતાવી આપતા. સારંગપુર તથા ગોંડલમાં પથ્થરના વેગનની સગવડ પણ તેમણે કરી આપી હતી. વળી, હાલ જ્યાં 'અક્ષરદ્વાર' છે તેની બાજુનું ➡

બીજા ક્યાંથી મળે ? આખા સત્સંગને તેમની તાણ છે. પણ અહીં વધારે રહે તેવી ગોઠવણ કરશું.'

અનાયાસે સરી પડેલો આ અહોભાવ અને તે દ્વારા વ્યક્ત થતી ગુરુની શિષ્ય પ્રત્યેની પ્રીતિ સૌ વિસ્મિત બની સાંભળી રહ્યા !

'એક બગડે તો બીજું કામ આવે'

અહીં બે દિવસ રોકાઈ ગણોદ પારાયણમાં પધાર્યા.

એ સમયે ભાવનગરના લાભશંકર નાગરદાસ રાજ્યગુરુને વૅકેશન હોવાથી ગોંડલ આવ્યા હતા. તેમને પણ યોગી મહારાજ પોતાની સાથે ગણોદ પારાયણમાં લઈ ગયા. ઘણુંખરું દરબારી ગામોનાં વિચરણમાં શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજને સાથે જ રાખતા, કેમ કે તેમનું પરમહંસ-દશાનું શુદ્ધ વર્તન, સરભરા અને હેતનું અંગ, તેથી દરબારો સહજમાં વશ થઈ જતા. વળી, સાથે ફરતા યુવકો કે હરિભક્તોની પણ એવી સંભાળ લે કે શાસ્ત્રીજી મહારાજને કોઈ ચિંતા ન રહે.

ગણોદમાં અદ્‌ભુત પારાયણ થઈ. પૂર્ણાહુતિ પછી લાભશંકરભાઈને બાંટવા પહોંચવાનું હતું. શાસ્ત્રીજી મહારાજે તેમને જવાની રજા આપી. લાભશંકરભાઈ ઉતારે જતા હતા. ત્યાં યોગી મહારાજ મળી ગયા. એમણે પ્રેમથી બોલાવીને પૂછ્યું : 'ક્યારે જાવ છો ?' તેમણે વિગતે કહ્યું. તે સાંભળી યોગીજી મહારાજ કહે : 'જતાં પહેલાં મળી જજો.'

જ્યારે તેઓ મળવા ગયા, ત્યારે યોગીજી મહારાજ ટોપલીમાં ગાંઠિયા, સુખડી વગેરે બાંધી રહ્યા હતા. તેના ઉપર ભગવું કપડું વીંટાળી એક મોટું પડીકું લાભશંકરભાઈને આપીને કહે : 'રસ્તામાં બજારનું ન ખાવું. પહોંચતાં મોડું થાય ને ભૂખ લાગે તો આ પરસાદ ખાજો. ધર્મ-નિયમ પાળીએ તો મહારાજ રાજી થાય.' આટલું બોલતાં બોલતાં તો બીજું પડીકું પણ તૈયાર કરી નાખ્યું !

લાભશંકરભાઈ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : 'મારે એક પડીકું તો બહુ થઈ ગયું. બીજું પડીકું અહીં રાખો.'

'જ્ઞાનયજ્ઞ' મકાન સીદીભાઈ સાહેબે જ બનાવી આપ્યું હતું.

તેમની સૌથી મોટી સેવા તો યોગી મહારાજની આજ્ઞાનુસાર તેમણે અક્ષર મંદિરમાં ઘનશ્યામ મહારાજનું ચાંદીનું સિંહાસન કરાવી આપ્યું, એ હતી. યોગી મહારાજ આ ભક્તરાજને ખૂબ સાચવતા, હેત-પ્રેમ કરી લાડ લડાવતા.

યોગી મહારાજે પ્રેમથી આગ્રહ કરતાં સમજાવ્યું : 'ભલે બંને રહ્યાં. એક બગડે તો બીજું કામ લાગે.'

યોગી મહારાજના પ્રેમ આગળ તેમણે વધુ દલીલો ન કરી. તેઓ શાપુર જંક્શને પહોંચ્યા. ભૂખ લાગી હતી. ટ્રેન આવવાની વાર હતી. તેથી એક ઓટલા જેવું સ્થાન શોધી પડીકું છોડ્યું. બરાબર એ જ સમયે સામેના પાટા પર ઊભા રહેલા એન્જિનમાંથી વરાળ છોડવામાં આવી. તે એટલા વેગમાં છૂટી કે પળવારમાં તો પડીકું અને લાભશંકરભાઈ બંને ભીંજાઈ ગયા. માનવ સહજ થોડો ગુસ્સો તો આવ્યો, પણ તરત સ્વસ્થ થઈ કપડાં બદલી નાખ્યાં. આ ધમાલમાં બીજું પડીકું ભુલાઈ ગયું હતું, તે સ્વસ્થ થતાં જ સાંભરી આવ્યું ! અને સાથે સાથે યોગી મહારાજનો પ્રેમાળ ચહેરો અને આગ્રહભર્યા શબ્દો પણ યાદ આવ્યા : 'એક બગડે તો બીજું કામ આવે.'

યોગી મહારાજનાં આવાં હેત અને આવાં અચરજકારી કામણ યુવાનો કેમ વિસરી શકે ? જ્યારે માતા કરતાં પણ આ પુરુષ પાસે કંઈક વિશેષ હૂંફ, લાગણી, દિશાસૂચન મળતું, ત્યારે જ તો એ યુવાન-હૃદયોને 'યોગીરાજ'માં પરમાત્માની પ્રતીતિ આવી હતી.

પારાયણની પૂર્ણાહુતિ બાદ ગણોદથી વરજાંગ જાળિયા, ઉપલેટા, માણાવદર, પંચાળા, લોજ, માંગરોળ, કેશોદ, અગતરાઈ, આખા, પીપલાણા, જૂનાગઢ, જેતલસર, ઢસા, બોટાદ થઈ સારંગપુર પધાર્યા. આ પંચતીર્થીની યાત્રામાં શાસ્ત્રીજી મહારાજ સાથે ૨૫ જેટલા સંતો અને ૫૦થી વધુ હરિભક્તો જોડાયા હતા. સૌને દરેક સ્થળે ખૂબ સારાં દર્શન થયાં. મહારાજનો અપાર મહિમા જણાયો તેમજ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની મર્મસ્પર્શી વાણીનો પણ પ્રસંગોપાત્ત લાભ મળ્યો. આમ, આ પંચતીર્થીની યાત્રાથી સૌના અંતરમાં ખૂબ સમાસ થયો.

બાદ ગુરુપૂનમ બોચાસણ કરી યોગી મહારાજ નડિયાદમાં રામચંદ્ર ઠાકરને ઘેર પધાર્યા. બધા ખૂબ રાજી થયા. યોગી મહારાજે દત્તરામ બારોટના પુત્ર ઘનશ્યામભાઈને બોલાવી તેમના પ્રસાદીના ઘરે દર્શન કરવા ઇચ્છા દર્શાવી.

ઘનશ્યામભાઈએ બધી તૈયારી કરી દીધી. થોડીવારે યોગી મહારાજ તથા સંતો-હરિભક્તો પધાર્યા. આ મકાનમાં ભગતજી મહારાજ ઘણી વાર પધાર્યા હતા. તેઓએ હીંચકા ઉપર બેસીને હીંચકો પાવન કર્યો હતો તેમજ તેઓ ખુરશી પર પણ બેસતા. તે પ્રસાદીની ખુરશી તથા હીંચકો જોઈ યોગી મહારાજ ખૂબ જ

રાજી થયા. ભગતજી મહારાજ જે ઓરડીમાં બેસીને દૂધપાકની રસોઈ જમ્યા હતા, તે ઓરડીનું નામ 'અક્ષર ઓરડી' રાખવા દત્તરામ બારોટને યોગી મહારાજે કહ્યું હતું, તે પ્રસાદીની ઓરડીનાં દર્શન પણ યોગી મહારાજે કર્યાં. વળી, ઘનશ્યામભાઈ પાસે 'ભગતજી મહારાજ મેડી ઉપરથી અદૃશ્ય થઈને મંદિરમાં પહોંચી ગયા હતા અને પછી દત્તરામ બારોટ મંદિરે જઈ ભગતજી મહારાજને પૂજન કરવા તેડી લાવ્યા હતા' એ બધી વાતો યોગીજી મહારાજે કહેવડાવી. આ દર્શન અને વાતોથી પોતે ખૂબ અલમસ્તાઈમાં ડોલતાં ડોલતાં, 'એ જ ભગતજી મહારાજ આજે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ છે' એવી બળની વાતો કરી બધાને આનંદ પમાડ્યો. યોગી મહારાજ જ્યારે જ્યારે નડિયાદ પધારે, ત્યારે દત્તરામ બારોટના પ્રસાદીના ઘેર દર્શને જરૂર પધારતા.

અહીંથી અષાઢ સુદ દશમના રોજ ખેડા થઈ આણંદ રણછોડભાઈની વાડીએ પધાર્યા.

ભક્તોનું દુઃખ શમન કરતા સંતની લાક્ષણિક ઝલક

આણંદથી અમદાવાદ જવા નીકળ્યા. પહેલાં કરાંચીનો કાર્યક્રમ નક્કી થયો હતો, પણ તે મુલતવી રહેતાં એમણે અમદાવાદથી પૂનમ કરવા રાજકોટ જવા વિચાર્યું.

બારશનાં પારણાં કરવાનાં હતાં. તેથી સનાતન સ્વામીએ મગની ખીચડી, દહીં ઠાકોરજીને ધર્યાં. યોગી મહારાજ થોડી ખીચડી જમ્યા.

તે વખતે એમણે દર્શને આવેલા વલ્લભદાસને એક બાજુ બોલાવી કહ્યું : 'હાલમાં કોઈ સેવક સાથે નથી, તો તમે અમારી સાથે ગોંડલ આવો. સનાતન સ્વામી જોડમાં છે. કોઠારી બબુભાઈ પાસે ચારસો રૂપિયા ગોંડલ અક્ષર દેરીના આવ્યા છે. ત્યાં પૈસાની બહુ ખેંચ છે. તે તમે સાથે આવો તો બબુભાઈ પાસેથી પૈસા લઈ ટ્રેનમાં નીકળીએ.'

વલ્લભદાસ તો જવા માટે રાજી થઈ ગયા. સ્ટેશને જઈ ટિકિટ લઈ સૌ ટ્રેનમાં ગોઠવાયા. ત્રીજા વર્ગની હાડમારી ભરેલી મુસાફરી કરતાં કરતાં વિરમગામ સ્ટેશને પહોંચ્યા. અહીં યોગી મહારાજે અગાઉથી પત્ર લખ્યો હોવાથી છોટુભાઈ મણિભાઈ સ્ટેશને પેંડા વગેરે લઈને આવ્યા હતા. યોગી મહારાજ મુસાફરી દરમ્યાન પાણીનું ટીપું પણ લેતા નહીં. છોટુભાઈનો ભાવ હતો તેથી પેંડા ઠાકોરજીને ધરાવ્યા અને સૌને વહેંચી દીધા. વધ્યા તે

છોટુભાઈને આપ્યા ને કહે : 'પ્રસાદી છે. ઘરે લઈ જજો !'

છોટુભાઈ જોતા રહ્યા. યોગી મહારાજની ભાવવાહી મધુરતામાં ખેંચાયા અને આગ્રહ કરવાનું પણ ભૂલી ગયા કે 'સ્વામી ! આપ તો લ્યો.' અને ટ્રેન સુરેન્દ્રનગર તરફ નીકળી ગઈ. ત્યાંથી લીંબડી પહોંચ્યા ત્યારે વલ્લભદાસે પૂછ્યું : 'આપણે અષાઢી પૂનમે રાજકોટને બદલે આ તરફ કાર્યક્રમ કેમ ગોઠવ્યો ?'

યોગી મહારાજ કહે : લીંબડીમાં કેશુભા બાપુ જેલમાં છે. માટે તેમને મળવા ખાસ જવું છે.'

લીંબડી સ્ટેશન આવ્યું. જસુભા બાપુ, ગોવુભા બાપુ વગેરે દરબારો સામે આવ્યા હતા. ઘોડાગાડીમાં બેસીને બાપુના બંગલે પધાર્યા. રાત્રે હરિભક્તોને કથાવાર્તાનું અલૌકિક સુખ આપી, ચેષ્ટા બોલી પોઢી ગયા.

યોગી મહારાજને થાક ઘણો લાગ્યો હતો. વળી, આગલા દિવસે એકાદશીનો ઉપવાસ કર્યો હતો. બારસે સવારે પારણાં કર્યાં પછી કંઈ જ લીધું ન હતું. જાણે બીજો ઉપવાસ જ ! તેઓ કૃશ શરીરે આવો ભીડો વેઠતા અને તપ કરતા. અને છતાં અન્યને જમાડવામાં એમને વિશેષ આનંદ આવતો.

બીજે દિવસે સવારે દરબારોને થોડી કથાવાર્તા કરી લીંબડી જેલમાં કેશુભા બાપુને આશીર્વાદ આપવા માટે પધાર્યા. જેલર યોગી મહારાજને પગે લાગ્યો. પછી તાળું ખોલીને કેશુભાને બોલાવ્યા. તેમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો. તેઓ યોગી મહારાજનાં ચરણોમાં પડી ગયા. યોગી મહારાજે તેમને હેતથી ઊભા કરી અને બાથમાં લઈને મળ્યા. ખભે હાથ ફેરવી આશ્વાસન આપ્યું. 'શ્રીજીમહારાજ સર્વે સારાં વાનાં કરશે' એમ બોલતાં એમણે અત્યંત વહાલ વરસાવ્યું.

આ પ્રસંગે જેલર તથા અન્ય દરબારોની આંખ પણ ભીની થઈ. યોગી મહારાજે અન્ય કેદીઓને પણ પીઠમાં થાપા આપીને આશીર્વાદ આપ્યા. કેશુભા બાપુને ફરીથી ખૂબ જ આશ્વાસનના શબ્દો કહી, પ્રસાદી આપીને યોગી મહારાજે વિદાય લીધી. ત્યારે જેલર અહોભાવથી વિચારી રહ્યો કે આ તો પાપવિમોચની ગંગા સામે ચાલીને અહીં આવી. જે મારા અને સર્વ કેદીઓના દેહ તથા અંતરનાં પાપ ધોઈને ચાલી ગઈ !!

યોગી મહારાજ કેશુભાને દર્શન દેવા ગયા એમાં ઘણાનું કામ થઈ ગયું !

બપોરે થાળ થયા પછી યોગી મહારાજ કહે : 'દરબારો ! બેસી જાવ. થાળ થઈ ગયો છે.'

ત્યારે દરબારોએ કહ્યું : ‘ગોંડલ તો અમે મે’માન થઈને આવીએ છીએ અને પહેલાં જમી લઈએ છીએ, પણ આજ તો તમે અમારા ઘરે આવ્યા છો માટે તમે પહેલાં જમો. પછી જ અમો જમીશું.’

દરબારોનો અતિ આગ્રહ જોઈને યોગી મહારાજ તથા સનાતન સ્વામી પહેલાં જમ્યા, પછી દરબારોને જમાડ્યા અને કેશુભા બાપુ માટે યોગી મહારાજે પોતાના હાથે ટિફિન ભરીને જેલમાં મોકલ્યું.

બપોરની કથા બાદ સાંજે નથુભાઈ સોની, બાલુભા બાપુ, જટુભા બાપુ વગેરેના ઘરે પધરામણી કરી ઉતારે પધાર્યા.

સંધ્યા આરતી પછી યોગી મહારાજ *‘સંત જન સોઈ સદા મોહે ભાવે...’* અને *‘હાજી ભલા સાધુ...’* એ કીર્તનો બોલ્યા. અને થોડી વાત કરી પછી કહે : ‘હવે સનાતન સ્વામી લાભ આપશે.’ સનાતન સ્વામી કીર્તનો બોલ્યા. યોગી મહારાજ એ વખતે તકિયાને ઓઠીંગણ દઈને, આંખો મીંચીને, આરામ લેતા હોય તેમ બેઠા હતા. થાક બહુ જણાતો હતો. રાત્રે ચેષ્ટા બાદ આરામ કર્યો.

સવારે પૂજા કરી થોડા મમરા લીધા. હજુ ચહેરા પર થાક વર્તાતો હતો. આજે રાજકોટ જવાનું હતું તેથી ઘણા હરિભક્તો દર્શને આવતા હતા.

સાંજે ટ્રેનમાં વઢવાણ પધાર્યા. સ્ટેશને દર્શન માટે આવેલા હરિભક્તોને મળ્યા. આશીર્વાદ આપી રાત્રે ૨ વાગે ટ્રેનમાં રાજકોટ આવી પહોંચ્યા. સામા આવેલા હરિભક્તોએ જયઘોષથી સ્વાગત કર્યું. સૌને આશીર્વાદ આપી ઘોડાગાડીમાં ઉતારે આવ્યા. રાત્રે ૩ વાગે પોઢ્યા.

દરેડ દરબાર પ્રતાપસિંહજી બીમાર હોવાથી બીજે દિવસે સાંજે તેમને જોવા તેમના પુત્ર મહિપતસિંહજી સાથે મોટર દ્વારા હૉસ્પિટલમાં પધાર્યા.

રાજકોટથી ટ્રેનમાં જામનગર પહોંચ્યા. રામજીભાઈ મિસ્ત્રીના ઘરે પધારી સૌને કથાવાર્તાનું સુખ આપ્યું. પછી કહે : ‘મિસ્ત્રી ! સારંગપુરના દરવાજાનું કામ છે તે તમારી પાસે કરાવવાનું શાસ્ત્રીજી મહારાજે ખાસ કહ્યું છે. તેથી જ ખાસ મને મોકલ્યો છે. તો શાસ્ત્રીજી મહારાજને રાજી કરી લો.’ રામજીભાઈ પણ તરત સંમત થયા. આથી તેમના ઉપર ખૂબ રાજીપો દર્શાવ્યો.

અહીંથી મોડી રાત્રે ગોંડલ પહોંચ્યા અને ભાવથી શિખરનાં દર્શન કરી, ખૂબ થાક્યા હતા તેથી આરામમાં પધાર્યા. સવારે ૪-૦૦ વાગે સેવક વલ્લભદાસને પણ જગાડ્યા. પછી કહે : ‘આજે પગીએ ચાર ડંકા વગાડ્યા, પણ ઝાલર કેમ વગાડી નહીં ? ભૂલી જતો લાગે છે.’

વલ્લભદાસ કહે : 'સ્વામી ! આપ બહુ થાક્યા હતા એટલે મેં તેને ઝાલર વગાડવા ના પાડેલી. આરામમાં ખલેલ પડે ને ! માટે હજુ બે કલાક આરામ કરો. હવે તો ઘરે આવ્યા છીએ !'

'પણ ગુરુ,' યોગી મહારાજે કહ્યું : 'રાતે દેરીનાં દર્શન થયાં નથી ને ! હવે દર્શન કરીશું. અમારે તો અક્ષર દેરીનાં દર્શન એ જ આરામ છે. શરીર તો માંદું-સાજું થયા કરે, પણ તેને ગણવું નહીં. આજે તો અમારે દેરીની સેવા કરવી છે.' એમ કહી સ્નાનાદિકથી પરવારી દેરીની સેવા કરવા આવ્યા. પૂજા પછી દેરીમાં તથા ઉપર મંદિરમાં આરતી ઉતારી, દેરીમાં મહાપૂજા પણ કરી.

પછી વલ્લભદાસને બોલાવીને કહે : 'કોઠારમાં જઈને અમદાવાદ, લીંબડી, રાજકોટ, જામનગરની બધી સેવા લખાવી આવો, એટલે આપણા માથેથી જોખમ જાય.' વલ્લભદાસ સેવા લખાવવા ઑફિસમાં ગયા.

યોગી મહારાજ નાની વાતનો પણ ઘણો ખટકો રાખતા.

સવારે શણગાર આરતી પછી બધા સંતોને વ્યક્તિગત મળ્યા. ભક્તિપ્રિયદાસ સ્વામી, વાસુદેવ સ્વામી સૌને મળીને રાજી થયા.

બીજે દિવસે અમદાવાદ જવાનું હતું. ગણોદ દરબાર બહાદુરસિંહજીની મોટરમાં રાજકોટ પધાર્યા. આજે પણ દરેડ દરબાર પ્રતાપસિંહજીની ખબર કાઢવા ગયા. અહીં ગોંડલથી લાવેલો પ્રસાદીનો હાર દરબારને પહેરાવ્યો અને પાનનાં બીડાં આપ્યાં. દરબાર કૃતજ્ઞભાવથી આર્દ્ર થઈ ગયા. યોગી મહારાજ તેમની કેવી ખબર રાખતા હતા ! વળી, એમણે રાજકોટના મોટેરા હરિભક્તોને પણ ભલામણ કરી હતી. તેથી સૌ ખબર કાઢવા આવતા અને જોઈતી ચીજ-વસ્તુ મોકલવા પણ તૈયાર રહેતા.

દરબારની રજા લઈને યોગી મહારાજ સીધા જ રાજકોટ સ્ટેશન પધાર્યા. બીજે દિવસે વહેલી સવારે અમદાવાદ પહોંચી આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજને દંડવત્ કરી મળ્યા. શાસ્ત્રીજી મહારાજને બધા સમાચાર આપ્યા. સારંગપુર મંદિરના દરવાજાના કામ માટે રામજીભાઈ મિસ્ત્રી અને તેમના બધા કડિયા આવશે તે જાણીને શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : 'બહુ દાખડો કર્યો. આવો દાખડો તો જોગી જ કરી શકે. જોગી મહારાજને હરિભક્તોને રાજી કરતાં બહુ આવડે છે.' યોગી મહારાજને જોઈને શાસ્ત્રીજી મહારાજના અંતરમાં ટાઢક થઈ જતી. પછી વલ્લભદાસને જોઈને કહે : 'જોગીનો સેવક પણ સાથે લાગે છે.' એમ શાસ્ત્રીજી મહારાજે સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

આજે[૫૮] બપોરે સૌ જમવા બેઠા હતા, ત્યારે પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી સાણસીથી દાળની તપેલી પકડીને પીરસવા આવ્યા. એવામાં સાણસી છટકી ગઈ. બધી જ દાળ ઢોળાઈ ગઈ.

એ જોઈ કેટલાક સંતો તેમને વઢવા લાગ્યા. યોગી મહારાજ તો જમતાં જમતાં ઊભા થઈ ગયા અને તેમની પાસે જઈ હેતથી પૂછવા લાગ્યા : 'તમે દાઝ્યા તો નથી ને !' પછી શરીરે હાથ ફેરવી તેમને ગરમ દાળના છાંટા તો નથી ઊડ્યાને ! તેની પણ ખાતરી કરી લીધી અને ચિંતા કરવા લાગ્યા.

બ્રહ્મચારીને લાગ્યું કે 'જોગીરાજ' વહારે ન ધાયા હોત તો પોતે ચોક્કસ રોઈ પડત. હાર્યાને હૂંફ આપવી એ તો 'જોગીરાજ'ના સ્વભાવમાં હતું.

રોગને દરિયામાં નાખ્યો

બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ તથા સંતમંડળને કરાંચી જવાનું હોઈ તેમને ભાવભીની વિદાય આપવા સૌ હરિભક્તો સ્ટેશને આવ્યા હતા. આખો ડબ્બો રીઝર્વ કરી તેને આસોપાલવનાં તોરણ તથા ફૂલહારથી શણગાર્યો હતો. અક્ષરપુરુષોત્તમના જયઘોષ સાથે ટ્રેન ઊપડી. હરિભક્તોની આંખમાં વિયોગની વેદના અશ્રુબિંદુરૂપે ચમકી રહી.

કરાંચીમાં અભૂતપૂર્વ પારાયણ થયું. શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠાની, યોગી મહારાજની સુહૃદભાવ તથા પક્ષની અને નિર્ગુણ સ્વામીની ઉપાસનાની દૃઢતાની વાતો સાથે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના મધુર કંઠેથી વહી આવતી ઈષ્ટદેવ તથા ગુરુના મહિમાની વાતોની જ્ઞાન-સરવાણીએ, અનેક બળતાં હૈયાંને ઠારી, પરમાત્મ-સુખની શીતળતામાં તરબોળ કર્યાં.

આ દરમ્યાન અહીં રહી નોકરી કરતા નારાયણભાઈ વૈજનાથ વ્યાસના ભાણેજ લાલશંકર જોષીએ એક દિવસ શાસ્ત્રીજી મહારાજને પોતાના વાના સખત દુખાવા બાબત પ્રાર્થના કરી અને મટે તેવા આશીર્વાદ માગ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'જોગી મહારાજને વાત કરજો. તેઓ ધૂન કરશે, એટલે દુખાવો મટી જશે.'

સાત દિવસ તો જાણે પલકારામાં વીતી ગયા. પૂર્ણાહુતિ પણ ખૂબ સારી રીતે કરવામાં આવી. શાસ્ત્રીજી મહારાજ અહીંથી સંતમંડળ સાથે બિલારા જવા સ્ટેશને આવ્યા. ત્યાં સુધી લાલશંકરભાઈ યોગી મહારાજને એક યા બીજા

---

૫૮. તા. ૮-૭-'૪૭.

કારણોસર મળી શક્યા ન હતા. સ્ટેશને તો ખૂબ ભક્ત-મેદની હતી. ટ્રેન આવી ગઈ. છેલ્લી મિનિટો હતી ત્યાં ગમે તેમ કરી તેઓ ડબ્બામાં પેસી ગયા. યોગી મહારાજને ઝડપથી બધી વાત કરી. ત્યારે યોગી મહારાજ કહે : 'તમે શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લીધા છે, તેથી તમારું દરદ મટી જશે.'

'પણ સ્વામી ! એમણે આપના આશીર્વાદ લેવા આજ્ઞા આપી છે.'

'એમ ?' નિર્દોષભાવે હસી પડતાં યોગી મહારાજે ત્યાં જ ઉચ્ચ સ્વરે ધૂન શરૂ કરાવી. પછી પગ ઉપર હાથ ફેરવતાં કહે : 'તમારું દરદ તો અહીંના દરિયામાં ગયું ! હવે સારું થઈ જશે !'

એવામાં તો વ્હીસલ વાગી અને ટ્રેન શરૂ થઈ. લાલશંકરભાઈ ઝડપથી ડબ્બામાંથી ઊતરી ગયા અને એ જ ક્ષણે તેમના પગેથી જાણે કે દુખાવો પણ ઊતરી ગયો !

સંતમંડળ કરાંચીથી બિલારા આવ્યું. અહીં દરબાર હરિસિંહજીના યજમાન પદે પારાયણનો પ્રારંભ થયો.[૫૯] પૂર્ણાહુતિ પછી સર્વ સંઘ જયપુર આવ્યો.

અહીં શ્રીનારાયણ, રામનારાયણ, સત્યનારાયણ, રામસ્વરૂપ, ડૉ. ગણપતભાઈ પરીખ વગેરેએ સંતોનું સ્વાગત કર્યું. ડૉ. ગણપતભાઈએ શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી : 'દયાળુ ! સાત દિવસનું પારાયણ ગોઠવો અને અમને લાભ આપો.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમારી સાત દિવસની કથાનો ભાવ જોગી મહારાજ પૂરો કરશે.' એમ કહી પોતે મંદિરમાં પાંચ દિવસની 'સત્સંગિજીવન'ની કથાનો પ્રારંભ કર્યો[૬૦] અને રોજ ત્રણ અધ્યાય વાંચતા. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પણ દસ અધ્યાય વાચતા.

યોગી મહારાજ સૌ હરિભક્તોની સેવા-સરભરા કરીને રાજી કરતા. પૂર્ણાહુતિને દિવસે યોગી મહારાજે અદ્‌ભુત વાતો કરી.

જયપુરથી અમદાવાદ થઈ સ્વામીશ્રી સંતમંડળ સાથે મુંબઈ પધાર્યા. સૂર્યનારાયણની વાડીમાં ઉતારો હતો.

બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજે 'વાસુદેવ માહાત્મ્ય' ગ્રંથની પારાયણનો પ્રારંભ કર્યો અને શ્રીમુખથી કથાનું રસપાન કરાવી સૌને ખૂબ સુખ આપ્યું.

ગુલઝારીલાલ નંદા, હરિપ્રસાદ ચોકસી, મોહનલાલ પારેખ, હર્ષદભાઈ

---

૫૯. તા. ૨૮-૭-૧૯૪૭ થી તા. ૩-૮-૧૯૪૭.

૬૦. તા. ૪-૮-૧૯૪૭ થી તા. ૯-૮-૧૯૪૭.

દવે, નાનુભાઈ દવે, મહીપતભાઈ દવે, મણિલાલ જસાણી, કાનજી ધનજી ભટ્ટ, ભીખાભાઈ પ્રેમાનંદ પટેલ વગેરે આ કથાનો સારો લાભ લેતા. પૂર્ણાહુતિને દિવસે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગી મહારાજે પ્રેમ-સુધારસ વરસાવતાં કહ્યું :

'આ જગતમાં પથ્થરવાળી, ખાડા-ટેકરાવાળી પૃથ્વી ઘણી, પણ અનાજ પાકે એવી થોડી. તેમાં પણ ગુજરાત જેવી ફળદ્રુપ જમીન તો થોડી, જેમાં વૃક્ષો, ફૂલ, ફળ, બાગ-બગીચા થાય. વળી, એલચી, તજ, લવિંગ વગેરે તેજાના થાય એવી જમીન તદ્દન થોડી અને સોનું થાય એવી તો સાવ ઓછી.

'આ તો દૃષ્ટાંત છે. તેનો સિદ્ધાંત એ છે કે આ જગતમાં સાધુ-સંન્યાસી તો ઘણા છે પણ ભગવાનને મેળવી દે અને જીવને મોક્ષનો માર્ગ બતાવે, ધર્મ પળાવે એવા થોડા. એવા તો આ શાસ્ત્રીજી મહારાજ છે. આપણે એમને ઓળખીને જીવનું સાર્થક કરી લેવું.'[૬૧]

યોગી મહારાજની આ દિવ્ય વાણીમાં સૌ એકરસ બની ગયા. આખી સભામાં બ્રહ્માનંદ પ્રસરી ગયો. સૌને શાસ્ત્રીજી મહારાજનો પણ અતિ અલૌકિક મહિમા સમજાયો.

વીરપુરમાં પધરામણી

અન્નકૂટના સમૈયા બાદ યોગી મહારાજ વિચરણ કરતાં વીરપુર[૬૨] પધાર્યા. સાથે જયંતીભાઈ કોઠારી હતા. જલારામ ભક્તની જગ્યામાં દર્શન કરીને, ગાદીપતિ ગિરધરલાલજી મહારાજને મળવા ગયા. એ વખતે વાતચીત નીકળતાં ગિરધરલાલજીએ કહ્યું : 'જૂનાગઢના મોટા સંત ગુણાતીતાનંદ સ્વામી જલારામ બાપાને મળેલા અને આશીર્વાદ આપેલા. તેથી અમારું સદાવ્રત હાલે છે.' એમ કહી યોગી મહારાજને સંબોધીને કહેવા લાગ્યા : 'આપ પણ એક ઉચ્ચ કોટિના મહાપુરુષ છો. રાત-દિવસ ફરીને લોકોને ભગવાનના રસ્તે લઈ જાવ છો, એ બહુ મોટી વાત છે.'

યોગી મહારાજની સાધુતાની સુવાસે ભલભલાની ચિત્તવૃત્તિ એમની ગુણિયલ પ્રભામાં ખેંચાઈ જતી. યોગી મહારાજે અક્ષર મંદિરના અન્નકૂટનો પ્રસાદ આપી તેમની રજા લીધી.

પછી મેવાસા થઈને સૌ ગાડામાં પડવલા જતા હતા. રસ્તામાં ભૂલા

---

૬૧. તા. ૯-૯-૧૯૪૭ થી તા. ૨૦-૯-૧૯૪૭.

૬૨. ઑક્ટોબર ૧૯૪૭.

પડ્યા. ગાડાખેડૂ બીજા રસ્તે ચડી ગયો. પથરાળ રસ્તો હોવાથી ગાડું ખૂબ પછડાતું હતું. તેથી યોગી મહારાજ નીચે ઊતરી ગયા અને પડવલા સુધી દોઢ ગાઉ ચાલતા ગયા. ત્યારે જયંતીભાઈએ પૂછ્યું : 'સ્વામી ! કેમ ગાડું મૂકીને ચાલી રહ્યા છો ?'

યોગી મહારાજે કહ્યું : 'પિચોટી ખસી ન જાય એટલે. મારે પિચોટીનું દરદ છે. એટલે હેઠે ચાલવું ઠીક પડે.' એમ કહેતાં હસી પડ્યા. વાતવાતમાં હસી પડવાની એમની લાક્ષણિકતા અંતરના કોઈ ઊંડાણમાંથી વારંવાર છલકાતી હતી. સૌને અલૌકિક આનંદમાં ભીંજવી દેતી હતી. કોઈ ગંભીર પ્રસંગ કે વાતને ભુલાવી દેતી. આનંદ સાથે હળવાશનું વાતાવરણ પ્રસરી જતું.

આ અરસામાં યોગી મહારાજ સનાવા પધાર્યા હતા. હરિલાલ મોરારજી કોટકનો ખૂબ ભાવ હતો, તેથી આવવાનું થયું હતું. તેમનો ભાવ પૂરો કરી કુંકાવાવ રતિભાઈ સોનીના ઘરે પધાર્યા. સાથે સનાવાથી એક દરબાર હરિભક્ત આવ્યા હતા. સાંજે વાળુનો સમય થતાં રતિભાઈનાં માતુશ્રી લાખુબાએ સીધાનું પુછાવ્યું, પણ યોગી મહારાજે જમવાની અનિચ્છા દર્શાવી. તેથી લાખુબાએ બશેર દૂધ મોકલ્યું. યોગી મહારાજે તે પણ ન પીધું અને દરબારને કહે : 'લ્યો, બાપુ ! દૂધ આવ્યાં ! પીશો ?' એમ કહી ધીરે ધીરે બધું દૂધ પાઈ દીધું ! યોગી મહારાજ સૌ સૌની રુચિ સાચવી તેમને રાજી કરી લેતા.

ઘણા હરિભક્તોએ રાત્રિસભામાં લાભ લીધો. દેસાઈભાઈ સોની, ભગવાનભાઈ સોની તથા અન્ય સોની ભક્તો પણ આવી ગયા.

સુંદર વાતો કરી યોગી મહારાજે બીજે દિવસે અમરેલી જવા વિદાય લીધી. સૌનો રોકાઈ જવા માટે ખૂબ આગ્રહ હતો, પણ કાર્તિક પૂનમે બોચાસણ પહોંચવાનું હોઈ અમરેલી થઈ ગોંડલ પધાર્યા.

ગુરુહરિનો રજત-તુલા વિધિ

અક્ષરપુરુષોત્તમનાં ગાન સર્વત્ર ગુંજી રહ્યાં હતાં. ચારે દિશામાંથી ગુણાતીત જ્ઞાનના પડઘમ વાગી રહ્યા હતા. ૮૪ વર્ષની અવસ્થાએ પણ યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિ અને ભક્તિથી 'જ્ઞાન' અને 'નિર્ગુણ' શક્તિની સાથે શાસ્ત્રીજી મહારાજે કૂદકે અને ભૂસકે સત્સંગનો વિકાસ કર્યો હતો.

જોતજોતામાં તેમની ૮૪મી જયંતી - રજત-તુલા મહોત્સવ આવી પહોંચ્યો. અટલાદરાને આંગણે સત્સંગ સમુદાય એકત્રિત થયો હતો. તૈયારીઓ

ઘણી થઈ. અટલાદરાના ભક્તરાજ મથુરભાઈનો શુભ સંકલ્પ આજે સાકાર બન્યો હતો. અનેક પ્રતિષ્ઠિતો અને વિદ્વાનોએ શાસ્ત્રીજી મહારાજને ભક્તિભીની અંજલિ આપી. ભક્તસમાજે પણ અપાર ઉમંગથી આ ઉત્સવ વધાવી લીધો.

આ પ્રસંગે યોગી મહારાજે ગુરુહરિને ભાવાંજલિ અર્પણ કરતાં કહ્યું : 'શ્રીજીમહારાજનાં વચનો મુજબ, જેવા પુરુષના પ્રસંગથી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે તેવા પુરુષ મહારાજની દયાથી આપણને મળ્યા છે. આપણે ઓળખ્યા છે, તે આપણાં અહોભાગ્ય છે. આવા સાધુમાં મન, કર્મ, વચને જોડાવું. જીવ જોડવાથી જન્મ-મરણનું અનાદિનું દુઃખ મટી જાય છે. એ વિના દુઃખનો અંત આવતો નથી. સાંખ્ય વિચાર અને આવા સદ્‌ગુરુના સેવનથી તમામ કામ થઈ જાય છે !'

આમ, સૌને શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહ્યો. રજત-તુલા વિધિ પણ ખૂબ ભક્તિભાવપૂર્વક થયો. ૮૪મી જયંતી ભારે ધૂમધામથી ઊજવાઈ. સૌ ગુરુહરિનાં ગુણગાન ગાતાં વિખરાયાં.

પછી ઉત્તરાયણ પર્વ ઊજવવા યોગી મહારાજ રાજકોટ પધાર્યા. ગોંડલ થઈ શાસ્ત્રીજી મહારાજની સાથે રામોદ, દેવચડી, ગોંડલ, રાજકોટ થઈ જામનગર આવ્યા. અહીં સંપ્રદાયના અગ્રણી વિદ્વાન પંડિત કૃષ્ણવલ્લભાચાર્ય સાથે મુલાકાત થઈ. તેમણે ગુણાતીત જ્ઞાનનાં યશોગાન ગાયાં.

બાદ ડાંગરા, બોટાદ, સારંગપુર થઈ સૌ અમદાવાદ આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજ અહીં રોકાયા અને યોગી મહારાજ આણંદ થઈ નેનપુર ગયા.

નેનપુરનાં સ્મરણો

નેનપુરમાં હરિમંદિર તૈયાર થયું હતું. તેની પ્રતિષ્ઠા નિમિત્તે ત્યાંના હરિભક્તોએ પારાયણ યોજી. જેમાં શાસ્ત્રીજી મહારાજને પધારવા આમંત્રણ આપ્યું. પરંતુ શાસ્ત્રીજી મહારાજની તબિયત નાદુરસ્ત હતી, તેથી યોગી મહારાજ અને નિર્ગુણ સ્વામીને શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી આણંદથી નેનપુર, ખાસ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે આવવાનું થયું. અમદાવાદના મોટેરા હરિભક્તોને પણ શાસ્ત્રીજી મહારાજે સાથે મોકલ્યા હતા.

કથાની પૂર્ણાહુતિ ભારે ઉત્સાહ-ઉમંગથી થઈ.[૬૩] યોગી મહારાજે કથાવાર્તાનો અભૂતપૂર્વ લાભ આપ્યો. હરિભક્તો અને ગામના ભાવિકોનો ઉત્સાહ સમાતો ન હતો. દૂધપાક-પૂરીની રસોઈ હતી. તેમાં પણ યોગી

૬૩. તા. ૨૪-૨-૧૯૪૮.

મહારાજ જેવા પ્રેમ અને આગ્રહથી પીરસનારા હોય પછી શું પૂછવાનું ?

સૌ જમીને ઈન્દુલાલ યાજ્ઞિકના આશ્રમમાં આવ્યા. અહીં બાળકોએ *'વૈષ્ણવ જન તો...'* કીર્તન ગાયું. યોગી મહારાજે બાળસહજ શૈલીથી બાળકોને સંસ્કારપ્રેરક વાતો કરી.

રાત્રે યોગી મહારાજ સંઘ સાથે અમદાવાદ આવ્યા. શાસ્ત્રીજી મહારાજના પૂછવાથી હરિભક્તોએ સમૈયાની બધી વિગતો વિસ્તારથી કહી. પછી યોગી મહારાજે અતિ ઉત્સાહથી શાસ્ત્રીજી મહારાજને વાત કરી કે 'આપના પ્રતાપથી નેનપુરમાં મોટો જગન થઈ ગયો. દૂધપાક-પૂરીની રસોઈ કરી હતી.' સૌ હરિભક્તો પણ કહેવા લાગ્યા કે 'યોગી મહારાજે સૌને વારંવાર દૂધપાક પીરસીને અમને તૃપ્ત કરી દીધા.'

થોડી વાર પછી શાસ્ત્રીજી મહારાજે એક હરિભક્તને કહ્યું કે 'જરા જોગી મહારાજને તો પૂછો કે આપ કેટલું જમ્યા ?'

હરિભક્તોએ યોગી મહારાજને પૂછ્યું : 'આપ કેટલો દૂધપાક જમ્યા ?'

હસતાં હસતાં યોગી મહારાજે કહ્યું : 'મારે ઉપવાસ છે !'

હરિભક્તો તો સ્તબ્ધ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ એક યા બીજી રીતે 'જોગી'નો મહિમા વિસ્તારી દેતા.

ગઢપુરનું મંદિર જોગી પૂરું કરશે

ગંભીર માંદગીમાં પણ શાસ્ત્રીજી મહારાજે ફૂલદોલના ઉત્સવે સારંગપુર જવાનું નક્કી કર્યું. સારંગપુર પધાર્યા. શાસ્ત્રીજી મહારાજની અત્યંત નાજુક તબિયતના સમાચાર સર્વત્ર પહોંચી ગયા હતા. તેથી સૌ અધ્ધર શ્વાસે સારંગપુર દોડી આવતા. ભાવનગરથી કુબેરભાઈ તથા સત્સંગ મંડળ પણ સારંગપુર દર્શને તથા શાસ્ત્રીજી મહારાજની ખબર પૂછવા આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજની તબિયત જોઈને કુબેરભાઈ રડી પડ્યા.

થોડીવારમાં ગામડેથી યોગી મહારાજ તથા સંતો ફરવા ગયા હતા તેઓ પણ આવ્યા અને દંડવત્ કરી બેઠા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'જો, જોગી આવી ગયા ! હવે ચેન પડશે. હવે તમારા જેવા મોટા હરિભક્તો આવે તેની ખબર રાખવાની મને ચિંતા નહીં !' એમ રાજીપો બતાવ્યો.

થોડીવારે કુબેરભાઈએ પૂછ્યું : 'તમે એક તરફ મંદવાડ ગ્રહણ કરો છો અને બીજી બાજુ ગઢડાના શિખરબદ્ધ મંદિર માટે જગ્યા લેવાની વાત કરો છો !

આ લીલામાં કાંઈ સમજણ પડતી નથી. માટે જો તમારે ગઢડાની જગ્યા જોઈતી હોય તો તમે સાજા થઈ જાવ.'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'હું કાંઈ થોડો ધામમાં ચાલ્યો જવાનો છું ! આ તો થોડુંક વા જેવું થઈ ગયું હતું ને થોડી હાંફ હતી, તે પણ આ તમારી પ્રાર્થના સાંભળીને દરદ તો ગયું. હવે ગઢપુરની જગ્યાની વાત કરો.'

પછી ગઢપુરમાં દત્તાત્રેય ધાર પર મંદિરની વાતચીત કલેક્ટર ચુડાસમા સાહેબ સાથે થઈ હતી તે વાત સર્વેને કરી. ત્યારે કુબેરભાઈ કહે : 'તમારે ગઢપુરનું મંદિર કરવું હોય તો તેને માટે અડીખમ જબરા મહંત નીમજો. એટલે તે મંદિરને પૂરું કરવાની જવાબદારી તેમની રહે.'

એટલે શાસ્ત્રીજી મહારાજે તરત જ પોતાના ખભે ચાદર હતી તે લઈ યોગી મહારાજને ઓઢાડી અને કહે : 'આ ગઢડાનું મંદિર કરશે. જોગી મહારાજ ગઢપુરના મહંત ! ઝોળી માગીને અમે જે રીતે આ બધાં મંદિરો કર્યાં છે, તેમ તેઓ આ ગઢપુરનું મંદિર પૂરું કરશે.' એમ કહી ઊભા થઈને યોગી મહારાજને ભેટ્યા અને બોલ્યા : 'કુબેરભાઈ ! હવે તમે રાજી ?'

ત્યારે તેઓ કહે : 'જોગી મહારાજ જેવા સાધુ મહંત બને તેમાં તો અમે ખૂબ રાજી, પણ તમારા વિના એકલા જોગી મહારાજ શું કરશે ? તમારે પણ મંદવાડ ફગાવી દઈને તેમની ભેગા રહીને મંદિર કરવા ભળવું જ પડશે.'

એ સાંભળીને જાણે કોઈ બીમારી જ ન હોય તેમ છાતી કાઢીને શાસ્ત્રીજી મહારાજ કહે : 'અમે તેમનામાં અખંડ છીએ અને એ પણ અમારાથી જુદા નથી. જેમ તમે રાજી થશો તેમ કરીશું.' એમ કહીને પોતે ગઢપુરમાં કેવું મંદિર કરવું છે તેનો નકશો બનાવી રાખ્યો હતો તે મગાવ્યો અને કુબેરભાઈને બતાવીને કહે : 'ગઢડામાં ધાર છે તે જમીન ઊંચી છે, તો અમારે અમદાવાદના મંદિર જેવું બેઠી ઊભણીનું મંદિર કરવું છે.'

કુબેરભાઈ કહે : 'સ્વામીબાપા ! આપણે તો આ છેલ્લું મંદિર કરવું છે અને તે મંદિરની ધજા દસ ગાઉ દૂરથી આવનારા સત્સંગીઓને દેખાય અને કહે કે 'જુઓ, આ અક્ષરપુરુષોત્તમ મહારાજનું મોટું મંદિર છે તેની ધજા દેખાય છે. માટે નીચું મંદિર કરશો નહીં.'

એ સાંભળી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'અમારે તો હવે અવસ્થા થઈ, તે ઊંચું ચઢી શકાય નહીં. તેથી નીચું મંદિર કરવાની ઇચ્છા હતી. પણ તમારી ઇચ્છા છે તો ઊંચું કરીશું. ઘેલા નદીથી ઉપર મંદિર સુધી સવાસો પગથિયાં

લેવાં છે.' આ રીતે કુબેરભાઈ તથા સર્વે હરિભક્તોને રાજી કર્યા.

પછી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને 'ભક્તચિંતામણિ'ની કથા વાંચવાની આજ્ઞા કરી પોતે આડેપડખે થયા.[૬૪]

મનખાની મુરાદ

ભાવનગરના પ્રભુદાસ શેઠના ભાણા જયંતીભાઈ બીમાર હોવાથી હવાફેર માટે સારંગપુર આવેલા. દરવાજા ઉપર બંગલીમાં ઉતારો હતો. યોગી મહારાજને જાણ થતાં જ તેઓ જયંતીભાઈની તબિયત જોવા માટે આવ્યા અને ખબર-અંતર પૂછ્યા : 'કેમ રહે છે ?'

'આપની દયાદષ્ટિથી સારું રહે છે.'

થોડી વાતો બોલી યોગી મહારાજ કહે : 'શાસ્ત્રીજી મહારાજ સારું કરી દેશે. માટે આપણે મહારાજ-સ્વામીની નિષ્ઠાનું બળ રાખવું.'

પછી જયંતીભાઈએ યોગી મહારાજને તેમના જીવન અંગે પૂછ્યું. ત્યારે તેઓ બોલ્યા : 'જીવનમાં મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ મળ્યા તેથી આપણું જીવન ધન્ય બની ગયું. એમાં બધુંય આવી ગયું. નહીંતર ક્યાંય તેલ પળી જોખ કરતા મનખો હારી જાત.

'માટે જયંતીભાઈ ! આપણે શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે તેમાં વૃત્તિ લગાડી દેવી. બીજા કોઈમાં સાર કાંઈ નથી. આપણી આયુષ્યના સાંધનાર સ્વામી છે.' પછી કહ્યું : 'જોઈતું કારવતું મગાવી લેજો. અહીં કોઈ વાતની ખોટ નથી.' એમ બહુ ભાવ બતાવ્યો.

આ સમૈયામાં પૂર્વ આફ્રિકાથી ૫૫ હરિભક્તો દેશમાં આવ્યા હતા. ફૂલદોલનો સમૈયો કરી તેમને પંચતીર્થીમાં દર્શને જવાની ઇચ્છા હતી. તેથી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'પ્રથમ ગોંડલ જાવ. જોગી મહારાજ તમને અઠવાડિયું રોકીને ખૂબ રમાડી-જમાડીને સુખ આપે, ત્યાર પછી પંચતીર્થીમાં ફરજો.'

પછી શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને કહ્યું : 'આફ્રિકા મંડળને ગોંડલ લઈ જાવ. અઠવાડિયું રોકી, ખૂબ જમાડી, કથાવાર્તા કરી સુખ આપજો.'

એ પ્રમાણે સૌ ગોંડલ ગયા. આફ્રિકાના હરિભક્તોને યોગી મહારાજ દરરોજ જુદી જુદી રસોઈ કરી, જાતે જ પીરસતા અને ખૂબ જમાડતા. એ દિવસોની સ્મૃતિ એ હરિભક્તોનાં અંતરમાં સદા નવીન અને તાજી રહી. પછી

---

૬૪. તા. ૧૩-૩-'૪૮ થી તા. ૧૯-૩-'૪૮, ફૂલદોલોત્સવ.

સૌને પંચતીર્થીમાં જવા માટે ભાવભરી વિદાય આપી. સર્વે સ્થળે હરિભક્તો ઉપર અગાઉથી પત્રો લખી મોકલ્યા હતા. તેથી આફ્રિકાના હરિભક્તો જ્યાં જ્યાં ફર્યા ત્યાં આગળથી બધી સગવડતા થઈ જતી હતી.

સોરઠના હરિભક્તો ગુણાતીતાનંદ સ્વામી માટે માથું આપવા તૈયાર હતા. તેવો જ અનુભવ આ સર્વે હરિભક્તોને થયો કે યોગી મહારાજ માટે સોરઠના હરિભક્તો પોતાનું તન, મન અને ધન અર્પણ કરી દેતા હતા. સૌને અપાર આનદ આવ્યો.

જ્યારે શાસ્ત્રીજી મહારાજને આ વાત કરી, ત્યારે બહુ રાજી થઈને બોલ્યા : 'જોગી મહારાજને જે કામ સોંપીએ તેમાં અમને પૂરો સંતોષ થાય. પછી તેમાં જરાય ચિંતા જ ન રહે. હરિભક્તોને રાજી કરવામાં તો જોગી મહારાજની તોલે કોઈ ન આવે !'

✧

શાસ્ત્રીજી મહારાજનું સ્વાસ્થ્ય દિવસે દિવસે કથળતું જતું હતું. છતાં દેહની જરાયે દરકાર કરતા નહિ. દેહ હરિભક્તોને કૃષ્ણાર્પણ કરીને રાખ્યો હતો. આજપર્યંત જાતને ઘસી નાખી હતી. છતાયે એમને સતોષ ન હતો. પણ હવે તો આરામની અત્યંત જરૂર હંતી. તેથી 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા તેમજ સમૈયા અને પારાયણોમાં જાહેરાતો કરવી પડતી કે વિચરણ માટે કે પધરામણી માટે કોઈએ શાસ્ત્રીજી મહારાજનો આગ્રહ ન રાખવો. યોગી મહારાજ અથવા નિર્ગુણ સ્વામીને જ બોલાવવા.

વિચરણની કઠિનાઈઓ

ચૈત્ર સુદ નોમ - હરિજયંતીનો સમૈયો અમદાવાદમાં ખૂબ સારી રીતે ઊજવાઈ ગયો.[૬૫] ત્યાંથી પેટલાદ જઈ બોચાસણ જવાનું હતું.[૬૬] હરિભક્તો સ્ટેશને આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ અને નિર્ગુણ સ્વામી માટે જગાની તજવીજ કરવા પ્રયત્ન કર્યો પણ ત્રણેય વર્ગોમાં મુસાફરોની અત્યંત ભીડ હતી. હૈયે હૈયું દળાય તેવી આ ગિરદીમાં સૌને શાસ્ત્રીજી મહારાજની ચિંતા હતી. યોગી મહારાજે ત્રણ મોટાં પોટલાં ઊંચક્યાં હતાં. બપોરે ૧૨ વાગ્યાનો સમય હતો. ચૈત્ર માસની ગરમીથી તપતી ધરતી, ટ્રેનની બેસુમાર ગિરદી, નાજુક તબિયત, સામાનનો ભાર અને બોચાસણ પહોંચવાની

૬૫. તા. ૧૮-૪-'૪૮. ૬૬. તા. ૨૨-૪-'૪૮.

ઉતાવળ આવી વિપરીત પરિસ્થિતિ સર્જાઈ. સૌએ મોડેથી જવા વિનવ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'સંકલ્પ કર્યો છે એટલે જવાનું !' પછી જેમાં ચાર-પાંચ માણસો માંડ બેસી શકે તેવા સોડા-બૉટલ રાખવાના નાના ખાનામાં માંડ માંડ ચડ્યા. જોયું તો સામાન, સોડાની પેટીઓ અને બરફની પાટો પડી હતી. ક્યાં બેસવું એ પ્રશ્ન તો હતો જ નહીં, કારણ કે આજુબાજુ મુસાફરો પણ ઊભા હતા ! છેવટે સોડાની પેટી મૂકવાના પાટિયે બેઠેલા એક ભાઈને વિચાર આવતાં તે ઊભા થઈ ગયા અને ઘણી ઓછી જગા પર આ ત્રણે મહાપુરુષો ગોઠવાયા. યોગી મહારાજે ત્રણે પોટલાં પોતાના પગ ઉપર રાખી મૂક્યાં. જરાપણ હાલી ન શકાય એવી ગીરદીમાં બોચાસણ પહોંચ્યા ત્યારે ત્રણેનાં શરીર અકડાઈ ગયાં હતાં. છતાં મુખારવિંદ તો એ જ પ્રસન્નતાથી છલકાતાં હતાં.

'જી રે પ્રભુસંગે પ્રીત વધારવા, ફરે જગમાં રે, સાચા સંત સુજાણ...'

સાચા સંત વિના આવો ભીડો વેઠીને ભગવાન ભજાવવા કોણ વિચરે ?

બોચાસણમાં ચૈત્રી પૂનમનો સમૈયો કરી વૈશાખમાં અક્ષર મંદિરનો પાટોત્સવ કરવા ગોંડલ પધાર્યા.

અક્ષર મંદિરના પાટોત્સવમાં પધારવાની શાસ્ત્રીજી મહારાજની ખૂબ ઇચ્છા હતી, પરંતુ મુંબઈમાં ડૉક્ટરી તપાસ કરવાની હોવાથી નંદાજીએ શાસ્ત્રીજી મહારાજને આગ્રહપૂર્વક રોકી રાખ્યા અને કહ્યું : 'આપ રોકાવ, ગોંડલમાં યોગી મહારાજ આપના જેટલો જ આનંદ આપશે.'

ગોંડલમાં વૈશાખ સુદ નોમથી હરિભક્તો આવવા લાગ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ ન પધારી શક્યા તેથી યોગી મહારાજને સેવા-સરભરા ઉપરાંત કથાવાર્તાની બેવડી જવાબદારી આવી હતી.

નોમને દિવસે કથા પ્રસંગમાં 'સ્વામીની વાતો'નું નિરૂપણ કરતાં એમણે જણાવ્યું : 'આજે આપણને સર્વને શાસ્ત્રીજી મહારાજના જોગરૂપી સત્સંગ પ્રાપ્ત થયો છે. તેમાં મહારાજનો પ્રગટપણાનો ભાવ ધારણ કરવાથી બધા અર્થની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો માર્ગ શ્રીજીમહારાજે બતાવ્યો છે.'

યોગી મહારાજની ઉપસ્થિતિમાં ધામધૂમપૂર્વક પાટોત્સવ ઊજવાયો.[૬૭] કથા પ્રસંગે અંત્યનું બીજું વચનામૃત નિરૂપ્યું. સૌને ખૂબ આનંદ આવ્યો.

શાસ્ત્રીજી મહારાજે મુંબઈથી સૌની હૈયાધારણ માટે પત્ર લખી મોકલ્યો હતો. તે પણ બપોરની સભામાં વંચાયો. તેમાં લખ્યું હતું : 'જોગી સ્વામી

---

૬૭. તા. ૧૮-૫-૧૯૪૮.

ગોંડલમાં બિરાજે છે, તો સ્વામી અને મહારાજ આવી ગયા અને અમે પણ ત્યાં જ આવ્યા છીએ એમ સૌ કોઈ માનજો.' સૌ હરિભક્તોને પણ શાસ્ત્રીજી મહારાજની હાજરી હોય તેવા આનંદનો અનુભવ થયો.

આ સમૈયા પછી યોગી મહારાજ આજુબાજુ ગામડે વિચરી મોટેભાગે ગોંડલ રહેતા. તે દરમ્યાન અમદાવાદથી અર્જુનભાઈ કુટુંબ સહિત બપોરના મેઈલમાં ગોંડલ આવ્યા.

એ વખતે ભંડારમાં સારંગપુરના નારણદાસ નામે સાધુ હતા. તેમની પાસે પ્રસાદ માગ્યો. તેમણે જાણ્યું કે અર્જુનભાઈનું આખું કુટુંબ છે. તેથી ચૂરમાના થોડા લાડવા હતા તે આપી દીધા. થોડીવારે યોગી મહારાજ ભંડારમાં આવ્યા અને બે-ત્રણ મહેમાન હરિભક્તો આવ્યા છે તેમને જમાડવા જણાવ્યું, પરંતુ નારણદાસ તો વિચારમાં પડી ગયા. જરા ગભરાતાં ગભરાતાં વાત કરી કે 'પ્રસાદીના બધા લાડુ અર્જુનભાઈના કુટુંબ માટે આપી દીધા છે.'

તેમને એમ કે યોગીજી મહારાજ થોડો ઠપકો આપશે, પરંતુ તેઓ રાજી થયા અને નારણદાસ સ્વામીને કહ્યું : 'હા... ઈ તો તમે બહુ સારું કર્યું. આપણે સાધુએ હરિભક્તોને સાચવવા જ જોઈએ.' એમ કહી તત્કાળ થોડો શીરો શેકીને નવા આવેલા હરિભક્તોને જમવા બેસાડી દીધા. મનુષ્યમાત્રની આવશ્યકતા અને પરિસ્થિતિઓને સમજી યોગી મહારાજ મહિમાના આગવા અંગથી પોતાની ભક્તિ વ્યક્ત કરી દેતા.

એક પ્રસંગે યોગી મહારાજને રાજકોટ જવાનું થયું. એમણે જોડિયા સાધુને પોતાની સાથે આવવા તૈયાર થઈ જવા કહ્યું. એ વખતે અક્ષરપ્રકાશ સ્વામીએ યોગી મહારાજને કહ્યું : 'મને જોડમાં સાથે લઈ જાવ. મારે રાજકોટ આવવું છે અને બધાં પ્રસાદી-સ્થાને દર્શન કરવાં છે.'

ત્યારે યોગી મહારાજ કહે : 'તમારી અહીં ભંડારમાં વધુ જરૂર પડે. માટે ફરી જોગ કરીને લઈ જાશું.'

પરંતુ અક્ષરપ્રકાશ સ્વામીએ મમત પકડી કે 'તમે ના પાડશો તોય હું આવીશ. માટે હા પાડો કે મારે આપની સાથે આવવું. આ મારો મક્કમ નિર્ણય છે.'

યોગી મહારાજ કશું બોલ્યા નહીં. અક્ષરપ્રકાશ સ્વામીએ પોતાનું પોટલું તૈયાર કરી દીધું. બપોરે સૌ જમવા બેઠા. રસોડાની જવાબદારી તેથી અક્ષર-પ્રકાશદાસ રસોઈયા બ્રાહ્મણ સાથે મદદમાં ચૂલા ઉપરથી દાળનું તપેલું ઉતારવા ગયા. બંનેએ કાપડના કકડાથી તપેલું ઉપાડ્યું. પણ જોરથી છાલક વાગી અને

ધગધગતી દાળ ઊડી. અક્ષરપ્રકાશ સ્વામી છાતીએ, પેટે, હાથે બધે સખત દાઝી ગયા. તરત જ મોટા ફોલ્લા ઊઠી આવ્યા.

યોગી મહારાજ એકદમ પાસે દોડી આવ્યા. અત્યંત કરુણાથી તેમને ખભે હાથ ફેરવી, તેમનો હાથ ઝાલીને આસને લઈ ગયા. ડૉક્ટરને બોલાવી અક્ષરપ્રકાશ સ્વામીની સારવાર કરાવી.

યોગી મહારાજને રાજકોટ જવું પડે તેમ હતું. તેથી અક્ષરપ્રકાશ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! મેં હઠ લીધી તેથી જ હું દાઝ્યો. હવે તો મારાથી અવાય તેમ રહ્યું નથી. આપ જોડિયા સાધુને લઈને જાવ. આજ્ઞા લોપવાથી કેવું દુઃખ પડે છે તેનો મને આજે સાક્ષાત્ અનુભવ થયો.'

યોગી મહારાજે અત્યંત પ્રેમાળ નજરે તેમના તરફ જોઈને કહ્યું : 'હવે ફરી કાંઈ વિચારશો નહીં. ભજન કરવું તો શાંતિ રહે.'

'લોભ તજી હરિને ભજે'

બોચાસણમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ[૬૮] ધામધૂમથી થયો. આ સમૈયામાં કોસિન્દ્રાના રતિલાલ માસ્તર આવ્યા હતા. તેમનાં ફોઈએ યોગી મહારાજ માટે પાપડ મોકલ્યા હતા. રતિલાલભાઈ યોગી મહારાજ પાસે ગયા. પગે લાગીને પાપડનું પડીકું આપવા માંડ્યું. યોગી મહારાજે તેમને કહ્યું : 'આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ બિરાજે છે, એમને આપો. અમારાથી ન લેવાય.'

રતિલાલભાઈએ ખૂબ આગ્રહ કર્યો, પરંતુ યોગી મહારાજ ન માન્યા અને રતિલાલભાઈને શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ ગયા અને પાપડ ભેટ મુકાવ્યા.

યોગી મહારાજમાં શુદ્ધ નિષ્કામ ધર્મ અને અનાસક્તિરૂપ વૈરાગ્ય અનન્ય હતા. ગુરુભક્તિ એવી દૃઢ કે ગુરુ બિરાજ્યા હોય ત્યારે પોતાના માટે કોઈપણ ભેટ આવે તે ન સ્વીકારતા અને ગુરુને જ અર્પણ કરવા ભક્તોને કહેતા.

બોચાસણથી ડમણિયામાં શાસ્ત્રીજી મહારાજ સાથે રૂંદેલ, ગાના, મધવા, આણંદ થઈ મોટર રસ્તે સૌ અટલાદરા પહોંચ્યા.

આ અરસામાં[૬૯] રમેશભાઈ દલાલ અમદાવાદથી ઈન્દોર તેમના પિતાશ્રી પાસે જઈ રહ્યા હતા. એ વખતે વડોદરાથી વહેલી સવારે ૫ વાગે ટ્રેન મળે. તેથી આગલે દિવસે સાંજે તેઓ અટલાદરા આવ્યા અને શાસ્ત્રીજી મહારાજને

૬૮. તા. ૨૦-૭-૧૯૪૮.

૬૯. તા. ૨૭-૭-'૪૮ થી તા. ૧૨-૮-'૪૮.

દંડવત્ કરીને બેઠા. શાસ્ત્રીજી મહારાજે પૂછપરછ કરીને આશીર્વાદ આપ્યા.

એવામાં યોગી મહારાજ આવ્યા. રમેશભાઈએ તેમને બીજે દિવસે સવારે વહેલા ઈન્દોર જવાનું છે તે વાત કરી. ત્યારે યોગી મહારાજે પૂછ્યું : 'રસ્તામાં ભાતું લીધું છે ?'

રમેશભાઈએ કહ્યું : 'સ્વામી ! જરૂર નહીં પડે.'

યોગી મહારાજ આ સાંભળી મર્મમાં હસ્યા.

બીજે દિવસે વહેલી સવારે ૩ વાગે સ્નાનાદિકથી પરવારીને યોગી મહારાજે દૂધમાં પૂરી, બટાકાની સૂકીભાજી વગેરે તૈયાર કર્યું. હજુ તો રમેશભાઈ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને ગયા ત્યાં યોગી મહારાજ ભાતું તૈયાર કરીને પાછળ આવ્યા. રમેશભાઈને ભાતાની ટોપલી આપતાં કહ્યું : 'રમેશભાઈ ! રસ્તામાં આ પ્રસાદી જમી લેજો.'

તેઓ આનાકાની કરતા રહ્યા અને યોગી મહારાજે પ્રેમથી તે ટોપલી રમેશભાઈને આપી દીધી. તેઓ જ્યારે જ્યારે શાસ્ત્રીજી મહારાજ પાસે જતા, ત્યારે યોગી મહારાજ તેમના ખબર-અંતર પૂછે, જમાડે, રમાડે, અને રમૂજ કરાવે. એમ અત્યંત વાત્સલ્ય વરસાવે. આજે પણ યોગી મહારાજનો માતા જેવો પ્રેમ નીરખી રમેશભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

'વળી સમે સમે સંભાળ જાણો કરે હરિજનની રે,
એવું બીજું કોણ દયાળ, કાં રે મનાય નહીં મનને રે.'

ભક્તોના આદરમાં દેહનો અનાદર

યોગી મહારાજ થોડા દિવસ અટલાદરા રોકાઈ અમદાવાદ પારાયણમાં[૭૦] પધાર્યા. કૃષ્ણજી અદાની તિથિનો સમૈયો રાજકોટ કર્યો. બાદ ગોંડલ આવ્યા.

રાજકોટના લલિતભાઈ પૂજારાના બંધુ ઈન્દુભાઈને આફ્રિકામાં મર્યાદિત વસવાટની જ પરવાનગી મળી હતી. તેથી તે કાયદા મુજબ સ્થાયી થવું શક્ય ન હતું. આ વાત કરવા તેઓ ગોંડલ આવ્યા. યોગી મહારાજનાં દર્શન કર્યાં. એ વખતે યોગી મહારાજને ખૂબ તાવ હતો. છતાં પથારીમાં સૂતાં સૂતાં બધી વાત સાંભળી. પછી બેઠા થઈને કહે : 'તમે અક્ષર દેરીમાંથી ફૂલ લઈ આવો. હું આશીર્વાદ પત્ર લખી દઉં છું. ત્યાં કાયમ રહેવાનું થઈ જશે.' એમ કહી સખત

૭૦. તા. ૧૩-૮-'૪૮.

તાવમાં પણ કલમ-કાગળ લઈને બિરાજ્યા. પત્ર લખાઈ ગયો. જાતે જ પત્ર અને પુષ્પ આફ્રિકા પોસ્ટ કરી દીધાં. અને જાણે ઈમીગ્રેશનના અધિકારીઓમાં પ્રેરણા કરી હોય તેમ તેમને કાયમી વસવાટની પરવાનગી મળી ગઈ !

દેહનો અનાદર કરીને પણ હરિભક્તોનાં સુખ માટે યોગી મહારાજને કાયમ ચિંતા રહ્યા કરતી.

તબિયત સારી થઈ ત્યાં સુધી સાતેક દિવસ ગોંડલ રોકાયા. પછી રદ્દ થઈ શાસ્ત્રીજી મહારાજ સાથે અટલાદરા જન્માષ્ટમીના સમૈયે આવ્યા. અહીં કથાવાર્તા, કીર્તનનો સુંદર લાભ આપ્યો. અમદાવાદમાં ગણેશ ચતુર્થી કરી જળઝીલણી ઉત્સવ સારંગપુરમાં ઊજવ્યો.

ઠાકોરજીની સેવા નિમિત્તે અડવાળને મળતું પાણી

ઝાલાવાડના હરિભક્તોનો પ્રેમ ખૂબ. તેથી અમાસનો સમૈયો મોજીદડ કરી આજુબાજુનાં ગામોમાં પણ સૌના ભાવ પૂરા કર્યા.

સને ૧૯૩૫માં બ્રિટિશ સરકાર વખતે ભાદર નદીનું પાણી અડવાળ અને ધંધુકાને અડધો અડધ ભાગ મળતું હતું. તે બાબતમાં એક કૉંગ્રેસ કાર્યકરે સને ૧૯૪૮માં મુદ્દો ઉપસ્થિત કર્યો કે ધંધુકાને બે ભાગ પાણી મળવું જોઈએ અને અડવાળને એક જ ભાગ પાણી મળવું જોઈએ. તે માટેની અરજી કૉંગ્રેસ સરકારમાં દાખલ કરી. પરિણામે બે ભાગ પાણી ધંધુકાને અને એક ભાગ પાણી અડવાળને મળે એવું નક્કી કરવામાં આવ્યું. આ આયોજન માટે સરકારે રૂપિયા ૧૪ લાખના ખર્ચે કોટડા ગામની પાસે ભાદર નદી ઉપર બહુ મોટો ડેમ બાંધ્યો, જે દ્વારા પાણીની વહેંચણીના પ્રશ્નનું નિરાકરણ આવે.

શાસ્ત્રીજી મહારાજ નિયમ મુજબ અમદાવાદ રોકાયા હતા અને યોગી મહારાજ વિચરણ કરી અડવાળ પધાર્યા. અહીં હરિભક્તો ધંધુકા તરફ એક માઈલ દૂર મહાદેવના દેરા સુધી યોગી મહારાજનું સ્વાગત કરવા માટે ગયા. યોગી મહારાજ સાંજે આવ્યા હતા. હરિભક્તોને મળ્યા અને કહે : 'નદીમાં ઠાકોરજીને પાણી ધરાવી ગામમાં જઈએ.'

આ વખતે જામભા બાપુએ ઉપરોક્ત વિગતો યોગી મહારાજને સમજાવી. યોગી મહારાજે પૂછ્યું : 'આપણે શું નુકસાન જાય ?'

જામભાએ કહ્યું : 'આ અડવાળમાં મુખ્ય ઘઉં પાકે છે. આ નદીનું પાણી જે જે જમીનમાં, ખેતરોમાં રેલાય ત્યાં જ પાક સારો ઊતરે. રોજના સામાન્ય

જીવનમાં પણ પાણીની મુશ્કેલી રહે છે.'

ત્યારે યોગી મહારાજ કહે : 'ઘઉં ઓછા પાકે તો અક્ષર દેરીના ધર્માદામાં તૂટ પડે. માટે કરો ધૂન. વિઘન જતું રહે.' આમ કહી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરાવી. પછી ઠાકોરજીને ભાદરના પાણીમાં સ્નાન કરાવ્યું અને પ્રાર્થના કરી : 'હે મહારાજ ! અડવાળ ગામને પુષ્કળ પાણી આપજો.'

પ્રાર્થનામાં એવો સત્યતાનો રણકાર હતો કે મુશ્કેલી તરી જ જવાશે એમ સૌને પ્રતીતિ થઈ.

આ ચોમાસામાં નદીમાં એવું પૂર આવ્યું કે બંધથી એક માઈલ દૂર ભાદર નદીના પ્રવાહમાં કુદરતી રીતે જમીનનું ખોદાણ થઈ ગયું. અને નવું વહેણ એવી રીતે ચાલુ થઈ ગયું કે અડવાળ બાજુના ફાંટા સાથે ભળી ગયું ! અને એટલું પાણી આવ્યું કે છેલ્લાં ૫૦ વર્ષમાં આવું પૂર ક્યારેય આવ્યું નહોતું. હાલમાં પણ અડવાળને ધંધુકાથી પૂરતું પાણી આપવામાં આવે છે. એટલે કે સરકારે કરેલો રૂપિયા ૧૪ લાખનો કોટડા બંધ અડવાળ પૂરતો નકામો નીવડ્યો.

સત્પુરુષની કર્તુમ્-અકર્તુમ્ શક્તિનો કોણ પાર પામી શકે !?

ગુરુનું વચન વેદવાક્ય

અડવાળના દાદુભા બાપુના પુત્ર પ્રતાપસિંહ, અલવર સ્ટેટમાં નોકરી કરતા અને માસાહેબ ઝાલી મહારાજ પાસે અંગત સચિવ તરીકે હતા. યોગી મહારાજના આશીર્વાદથી સ્ટેટનાં ઘણાં કામ સારી રીતે પતી જતાં, તેથી માસાહેબને યોગી મહારાજ પ્રત્યે ઊંડી આસ્થા હતી.

એ વખતે માસાહેબ ઝાલી મહારાજનો 'પ્રીવી પર્સ'[૭૧] અંગેનો કેસ ગૃહખાતામાં ચાલતો હતો. તેમાં સફળ થવાય તે માટે યોગી મહારાજે ગોંડલ અક્ષર દેરીની બે હજાર રૂપિયાની માનતા આપી હતી. એમના આશીર્વાદથી કેસમાં સારું પરિણામ આવ્યું. 'પ્રીવી પર્સ'માં વધારો થયો. તેથી માનતા પૂરી કરવા પ્રતાપસિંહજી સેવા લઈને યોગી મહારાજ પાસે ગોંડલ આવ્યા.[૭૨]

યોગી મહારાજ તેમને શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ ગયા. પ્રતાપસિંહજીએ વિગતથી વાત કરી કહ્યું : 'અક્ષર દેરીની માનતાના રૂપિયા બે હજાર લાવ્યો છું.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને કહ્યું : 'જોગી ! એક હજાર અક્ષર દેરી માટે અને એક હજાર સારંગપુર મોકલીએ તો કેમ ?'

---

૭૧. અગત ખર્ચ. ૭૨. ઓગષ્ટ ૧૯૪૮.

શાસ્ત્રીજી મહારાજની મરજી એ જ યોગી મહારાજનું જીવન ! તેમના શબ્દો 'જોગી'ને મન વેદવાક્ય ! યોગી મહારાજે હસીને કહ્યું : 'સ્વામી ! આપની દયાથી રાજનું કામ સિદ્ધ થયું છે, તો આપને યોગ્ય લાગે તે રીતે સેવા ઉપયોગમાં લો.'

પોતાની રુચિમાં સારધાર વર્તતા આ 'જોગીરાજ' ઉપર શાસ્ત્રીજી મહારાજે અસાધારણ હેત જણાવ્યું અને પ્રતાપસિંહજીને પણ રાજી થઈને આશીર્વાદ આપ્યા.

'મહારાજ જોગીને વશ છે'

શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવા માટે યોગી મહારાજે ગામોગામ ફરીને સેવા ઉઘરાવતા સારંગપુર, ચુડા થઈ ઝાલાવાડમાં વિચરણ કરવા માંડ્યું. આ વખતે દાજી બાપુને ધ્રાંગધ્રા સાથે આવવા માટે યોગી મહારાજે વાત કરી. દાજી બાપુના મોટા પુત્ર ભગવત્‌સિંહ ધ્રાંગધ્રા સ્ટેટમાં મહારાજાના એ.ડી.સી. તરીકે નોકરી કરતા હતા, તેથી જ દાજી બાપુને સાથે લીધા હતા.

ભગવત્‌સિંહ તો દાજી બાપુની સાથે યોગી મહારાજનાં દર્શન કરી બહુ ખુશ થયા. સારી આગતા-સ્વાગતા કરી આગમનનું કારણ પૂછ્યું. યોગી મહારાજે જયંતી પ્રસંગની ઉજવણીની વાત કરી અને રૂપિયા પાંચ હજાર ખરડામાં લખાવવા કહ્યું. ત્યારે ભગવત્‌સિંહજીએ કહ્યું : 'મારા મેજર તરીકેના પ્રમોશનના રૂપિયા પાંચ હજાર પાંચસો સરકારમાં લેણા છે. પણ તે કામ વિલંબમાં પડ્યું છે. આપ કૃપા કરો તો તે રકમ મળે, અને મળે એટલે તે રકમ તરત મારે આપને અર્પણ કરી દેવી.'

આ વાત સાંભળી યોગી મહારાજ કહે : 'અમે આવતીકાલે સવારે પૂજામાં બેસીએ ત્યારે અરજી લખીને લાવજો. મહારાજને પ્રાર્થના કરીશું. જેથી કાર્યનો તરત નિકાલ આવી જશે.'

બીજે દિવસે સવારમાં ભગવત્‌સિંહજી અરજી લખીને લાવ્યા. યોગી મહારાજે અરજી હાથમાં લઈને પ્રસાદીની કરીને પોતે સહી કરી અને બોલ્યા : 'જાઓ મંજૂર !'

એ વખતે મહારાજાના બગીચાનો માળી ફૂલહાર લાવ્યો હતો. તે હાર ભગવત્‌સિંહે યોગી મહારાજને પહેરાવ્યો. તે પ્રસાદીનો હાર ભગવત્‌સિંહજીને પહેરાવી યોગી મહારાજે કહ્યું : 'જાવ, સરકારબાપા તમારી વાટ જોઈને બેઠા

હશે કે ભગવત્‌સિંહજીની અરજી આવે એટલે રોકડા રૂપિયા આપી દેવા છે.'

યોગી મહારાજના આશીર્વાદ લઈને ભગવત્‌સિંહજીએ સરકારને અરજી રવાના કરી અને તરત જ તે રકમ મંજૂર થયાનો સરકારનો ઓર્ડર આવી ગયો !

શાસ્ત્રીજી મહારાજ આ વાત જાણી બહુ રાજી થયા અને બોલ્યા : 'આ જોગી મહારાજ કહે તેમ મહારાજ કરે છે ! તેમના સંકલ્પે રૂપિયા પાંચ હજાર ને પાંચસો મળ્યા. તેમાં પાંચ હજાર અમારા ને પાંચસો તમારા.'

ભગવત્‌સિંહજીએ તે મુજબ જ રાજી થઈને સેવા કરી.

શરદ પૂનમ,[૭૩] દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો સ્વામીએ ગોંડલ ઊજવ્યા. શાસ્ત્રીજી મહારાજના દિવ્ય સાંનિધ્યથી અને યોગી મહારાજની સેવા-સરભરા યુક્ત સાધુતાથી પ્રત્યેક ઉત્સવોમાં નવીન તાજગી અનુભવાતી.

અન્નકૂટ બાદ પ્રસાદ વિતરણ માટે યોગી મહારાજ વિચરણ કરવા નીકળી પડ્યા. શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા.

વિચરણ દરમ્યાન યોગીજી મહારાજ જૂનાગઢ પધાર્યા. એમનો સંકલ્પ હતો કે માણાવદર વગેરે ગામડાં ફરી લેવાં. પ્રથમ માણાવદરમાં એક દિવસ રોકાઈને બાલાગામ જવા ગાડું જોડાવ્યું. યોગી મહારાજ સાથે પુરુષોત્તમવલ્લભ સ્વામી, ખીમા ભગત તથા અડવાળના બાપુભા હતા.

માર્ગમાં આંબલિયા ગામ આવ્યું. ત્યાં અંધારું થઈ ગયું. ગામને પાદર બે-ત્રણ માણસો મળ્યા. તેમણે કહ્યું : 'સ્વામીજી ! અહીં જ રોકાઈ જજો, કારણ કે નદીમાં પાણી આવ્યું છે અને ગારો છે. વળી બધે પાણી ભરાયાં છે.'

યોગી મહારાજ કહે : 'ચાલો મંદિરે.'

મંદિરે ઠાકોરજીની આરતી પૂરી થઈ અને અષ્ટક ગવાતાં હતાં. મંદિરમાં એક વૃદ્ધ પાર્ષદ સેવા કરતા હતા. આ સંતોને આવેલા જોઈને સર્વે હરિભક્તો પગે લાગ્યા. યોગી મહારાજે સભા કરી અને જૂનાગઢના બાલમુકુંદદાસ સ્વામી, નારાયણદાસ સ્વામી આદિ સંતોના મહિમાની બહુ વાત કહી. એમની વાત સાંભળીને સૌ હરિભક્તોને બહુ ગુણ આવ્યો, કારણ કે આ જૂનાગઢ દેશ હતો. તેના સંતોનો મહિમા તો સૌ સૌને ગમે જ.

આથી, મંદિરના કોઠારી હરદાસભાઈએ સીધું મગાવી દીધું. સંતોએ રસોઈ કરી થાળ ધર્યો. માલદેવભાઈ, જેરામભાઈ, મનજીભાઈ વગેરે હરિભક્તોને સંતોના સરળ વર્તનથી અને યોગીજી મહારાજે દેશકાળ જોઈને

---

૭૩. તા. ૧૭-૧૦-'૪૮.

વાત કરી તેથી ઘણો જ ગુણ આવ્યો. પાછળથી સૌને ખબર પડી કે આ તો બોચાસણના સંતો છે. છતાં યોગી મહારાજની વાણી, વિવેક અને વર્તનથી સૌને ઘણો ભાર પડ્યો.

ગોંડલમાં અનેક પ્રવૃત્તિને વેગ આપી ફરી યોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ પાસે અમદાવાદ થઈ કાર્તિક પૂનમના સમૈયે બોચાસણ જવા નીકળ્યા. ટ્રેનમાં જ બોચાસણ આવવાનું હતું. શાસ્ત્રીજી મહારાજની સાથે ટ્રેનમાં યોગી મહારાજ, નિર્ગુણ સ્વામી, નારાયણસ્વરૂપ સ્વામી, હરિજીવનદાસ સ્વામી, ગોપીનાથદાસ સ્વામી, નીલકંઠદાસ સ્વામી, અક્ષરપ્રિયદાસ સ્વામી વગેરે સંતો હતા. ટ્રેનમાં એટલી બધી ગિરદી હતી કે તમામ સંતોને ઉપવાસ પડ્યો. શાસ્ત્રીજી મહારાજે આટલી ઉંમરે પણ તે ઉપવાસ કર્યો.

પૂનમના સમૈયે બોચાસણ મંદિરના કોઠારી ધર્મવલ્લભ સ્વામીને શાસ્ત્રીજી મહારાજે કાયમ યોગી મહારાજની જોડમાં રહેવા આદેશ આપ્યો અને કોઠારી તરીકે હરિજીવનદાસ સ્વામીને નીમ્યા.

અહીંથી યોગી મહારાજ આણંદ પધાર્યા. સત્યનારાયણભાઈના ઘરે ઉતારો હતો. રાતે તેમના પ્રાંગણમાં યોગી મહારાજે કીર્તનો ગાયાં. સૌ ખૂબ રાજી થયા. બીજે દિવસે[૭૪] શાસ્ત્રીજી મહારાજ સાંકરદા જવાના હોવાથી સૌ સાંકરદા આવ્યા. અહીં યોગીજી મહારાજ પહેલાં ખૂબ રહેલા. બાળકો અને યુવાનોને હેત કરી એવા તૈયાર કર્યા હતા કે તે સમયે સાંકરદામાં ૧૦૦ બાળકોનું બાળમંડળ ચાલતું. આ તમામ બાળસભ્યોએ શાસ્ત્રીજી મહારાજને વધાવ્યા. બે દિવસ રોકાઈ, સૌને લાભ આપી અમદાવાદ પધાર્યા.

તે સમયે શાહીબાગનો બંગલો નવો જ ખરીદ્યો હતો. તેથી માગશર સુદ છઠના[૭૫] રોજ અક્ષરપુરુષોત્તમની તથા મોટી લાલજીની પંચધાતુની મૂર્તિ પધરાવી, સૌને કંસાર જમાડ્યો. પછી બોલ્યા : 'બાજુમાં બીજી જગ્યા મળી જાય એટલે શિખરબદ્ધ મંદિરનો પાયો અહીં નાખવો. તે કામ આ જોગી મહારાજ કરશે અને દરેકની સેવા અંગીકાર કરી હરિભક્તોને સુખિયા કરશે.'

એ વખતે સર્વે સંતો-હરિભક્તોને હૃદયમાં થયું કે સ્વામી આવો મહિમા કહે છે, માટે જોગી મહારાજ બહુ સમર્થ સાધુ છે.

અહીંના નિવાસ દરમ્યાન એક વાર શાસ્ત્રીજી મહારાજ સાથે યોગી

---

૭૪. તા. ૨૫-૧૧-૧૯૪૮.

૭૫. તા. ૬-૧૨-૧૯૪૮ થી તા. ૭-૧-૧૯૪૯.

મહારાજ રંગીલા પોળમાં ખેંગારજીભાઈને ત્યાં બિરાજમાન હતા. તેવામાં યોગી મહારાજના પૂર્વાશ્રમના ભાઈ કમળશીભાઈ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા. યોગી મહારાજ તેમને જોઈ વીજળીની ઝડપે ઊભા થઈ ગયા અને રસોડાવાળા રૂમમાં જઈ સેવામાં પરોવાઈ ગયા.

બહાર કથા પૂરી થઈ. સૌ હરિભક્તો વિખરાઈ ગયા. ફક્ત શાસ્ત્રીજી મહારાજ અને કમળશીભાઈ વાતો કરતાં બેઠા. કમળશીભાઈની ઇચ્છા યોગી મહારાજનાં દર્શનની હતી. શાસ્ત્રીજી મહારાજે પણ યોગી મહારાજને બોલાવવા પ્રયત્ન કર્યો, પણ એ તરફ જુએ તે બીજા !

પછી શાસ્ત્રીજી મહારાજે કમળશીભાઈને કહ્યું : 'એ તો ગુણાતીત પુરુષ છે અને તેઓ કોઈ રીતે તમને ભેગા નહીં થાય. માટે હવે તેમને બોલાવવા નથી.'

કમળશીભાઈ પણ ખરેખરા સત્સંગી હતા. તેથી બહુ આગ્રહ ન રાખ્યો અને મનોમન વંદન કરીને પાછા ફરી ગયા.

નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો

અહીં એક વાર યોગી મહારાજ, સંતો-હરિભક્તોને લઈને નારાયણ ઘાટ સ્નાન કરવા માટે પધાર્યા હતા. સર્વે સંતો-હરિભક્તો નાહતા હતા. એ વખતે કોઠારી બબુભાઈને જોઈને યોગી મહારાજ તેમની પાસે આવ્યા અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તેમના માથા ઉપર મૂકીને બીજા હાથથી પાણી રેડવા લાવ્યા અને બોલ્યા : 'તમારા માથા પર બેસીને શ્રીજીમહારાજ મંદિર કરશે.'

પછી બબુભાઈ સ્નાન કરીને વસ્ત્ર બદલી રહ્યા, ત્યારે ઘાટ ઉપર પડેલું તેમનું ભીનું ધોતિયું લઈને યોગી મહારાજ કહે : 'લાવો તારવી દઉં.'

બબુભાઈ તો સ્થિર થઈ ગયા. દૃઢતાથી ધોતિયું પકડી લીધું અને કહે : 'તમારાથી એવું કેમ થાય ?'

'તમારા જેવા શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર મહામુક્તની સેવા થાય.' યોગી મહારાજે દાસભાવે કહ્યું. યોગી મહારાજનો પ્રેમ અને મહિમાની અવધિ જોઈને બબુભાઈ તો છક થઈ ગયા.

અહીંના ભક્તરાજ વિનાયકરાવ સાહેબનાં ધર્મપત્નીની પ્રબળ ઇચ્છા હતી કે પુત્રપ્રાપ્તિ માટે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરવી. વિનાયક સાહેબે પોતાની નામરજી છતાં એક દિવસ શાસ્ત્રીજી મહારાજને સહેજે વાત કરી.

એ વખતે યોગી મહારાજ ત્યાં બેઠા હતા. તેથી શાસ્ત્રીજી મહારાજે

એમને કહ્યું : 'જોગી ! સંકલ્પ કરો કે વિનાયકરાવ સાહેબને ત્યાં મહારાજ મુક્ત મોકલે.' તુરત યોગી મહારાજે સંકલ્પ કરી ધૂન શરૂ કરી.

પાછલી અવસ્થામાં વિનાયકરાવ સાહેબને પુત્રપ્રાપ્તિ થઈ.[૭૬] આવા પ્રસંગો સર્જી શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજનો મહિમા સમજાવતા અને યોગી મહારાજ પણ હરિભક્તોના પ્રશ્નો અને મુશ્કેલીના નિવારણ માટે પ્રાર્થના કરતા. જેમાં એમની ભાવના એટલી ઊંડી રહેતી કે શ્રીજીમહારાજને પણ તેમાં ભળવું પડે.

શાસ્ત્રીજી મહારાજની કોર્ટમાં યોગી મહારાજની તરફેણમાં ચુકાદો

શાસ્ત્રીજી મહારાજનો ૮૫મો સુવર્ણ જયંતી મહોત્સવ નજીક આવી રહ્યો હતો. હજુ બે મહિના જેટલો સમય બાકી હતો. હરિભક્તોએ ગજાં બહારની સેવા નોંધાવી હતી. ગુજરાતમાં નિર્ગુણ સ્વામી ગામોગામ ફરતા અને કાઠિયાવાડમાં યોગી મહારાજ વિચરતા.[૭૭] સાથે હકાભાઈ તથા અર્જુનભાઈ ચાવડા પણ ફરી રહ્યા હતા.

ફરતાં ફરતાં યોગી મહારાજ તથા સંતો જામનગરમાં મિસ્ત્રી રામજી લક્ષ્મણ માવદિયાના ઘરે પધાર્યા. પોરબંદરનાં હીરાબા સાહેબનું ગામ પાંચસરા અહીંથી નજીક. તેમની ઇચ્છા એવી હતી કે યોગી મહારાજનાં પગલાં તેમના ગામમાં થાય તો ગામમાં સત્સંગ થાય. તેમણે હકાભાઈને આ વાત કરી. તે મુજબ યોગી મહારાજ જામનગરથી પાંચસરા પધાર્યા.

યોગી મહારાજના આગમનથી ગામનું વાતાવરણ દિવ્ય બની ગયું. ઘણા દરબારોએ વર્તમાન ધરાવ્યાં. ભોજન પછી પૂજા-આરતી વખતે ભેટ મૂકવા માટે હીરાબા સાહેબે એક સોનામહોર હકાભાઈને આપી હતી. તેમણે કોટના ઉપરના ખિસ્સામાં મૂકેલી, પણ તેમનો સ્વભાવ ઉતાવળો તેથી સોનામહોર કોઈ સ્થળે પડી ગઈ. આરતી-પૂજા પછી ભેટ મૂકવા જ્યાં ખિસ્સામાં સોનામહોર લેવા જાય તો ન મળે. તેમની મૂંઝવણનો પાર ન રહ્યો. તેમણે હીરાબા સાહેબ પાસે જઈ આ વાત કરી. તેઓ ઉદાર સ્વભાવનાં હતાં. તેમણે તરત જ હાથમાંથી સોનાની ચાર બંગડીઓ કાઢી ભેટમાં ધરી દેતાં કહ્યું કે 'તમે મૂંઝાશો નહીં. સોનામહોર

---

૭૬. રંતિદેવ.

૭૭. તા. ૨-૨-'૪૯ના દિવસે સુવર્ણોત્સવ માટે અટલાદરાથી સૌરાષ્ટ્રમાં ગામડાં ફરવા માટે વિદાય થયા હતા.

ખોવાણી તેની ચિંતા ન કરશો.'

પરંતુ હકાભાઈને તો જીવવું આકરું થઈ પડ્યું. સૌ મશ્કરીમાં હકાભાઈને કહે : 'આમ ને આમ દરબારોએ રાજ ખોયાં !'

એ પછી આ વાત તેમણે યોગી મહારાજને કરી. ત્યારે તેઓ કહે : 'જબરેશ્વર સમર્થ છે. પાંચ મહાપૂજા અક્ષર દેરીની માનો તો જડી જાય. આપણે ગોંડલ જઈએ છીએ. ત્યાં સ્વામીને પ્રાર્થના કરીશું.' એ પ્રમાણે હકાભાઈની મૂંઝવણ ટાળવા માટે યોગી મહારાજે અક્ષર દેરીનો મહિમા કહ્યો.

બે-ત્રણ દિવસમાં ગોંડલ સમાચાર આવી ગયા કે સોનામહોર રસોડા પાસેના ચોકમાંથી જડી ગઈ છે. એમની આજ્ઞાથી કરેલી મહાપૂજા સિદ્ધ થઈ અને હકાભાઈ રાજી થઈ ગયા. આ વાત સાંભળી શાસ્ત્રીજી મહારાજ વિનોદ કરતાં કહે : 'આ યોગી મહારાજ અક્ષર દેરીની મહાપૂજાઓ કરાવે છે, તેથી હરિભક્તોનાં કામ થઈ જાય છે અને બધાં બહુ રાજી થાય છે.'

ત્યારે નિર્ગુણદાસ સ્વામી બોલ્યા : 'કેટલાંકનાં કામ નથી પણ થતાં. તેથી એમણે મહાપૂજાનો બહુ આગ્રહ ન રાખવો જોઈએ.'

ત્યારે યોગી મહારાજ કહે : 'બધાંની મહાપૂજાના સંકલ્પો સ્વામી સિદ્ધ કરે છે. હકાભાઈને પૂછો કે પાંચસરાની સોનામહોર મળી કે નહીં ?'

હકાભાઈ બોલ્યા : 'હા, એ મહાપૂજા કરવાથી જ મળી હતી.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ હસી પડ્યા અને નિર્ગુણદાસ સ્વામીને કહે : 'જોગી મહારાજે સાક્ષી પણ તૈયાર રાખ્યો છે. તેથી કેસમાં તેની જીત થાય છે. અક્ષર દેરીની મહાપૂજા જોગી આપે છે, તેથી હરિભક્તોનાં કાર્યો સિદ્ધ થાય છે. એ પ્રત્યક્ષ વાત છે.' એ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે પણ મહિમાનું સમર્થન કર્યું.

અહર્નિશ ભક્તોની સેવાની લગની

જોતજોતામાં ૮૫મો જન્મ જયંતી મહોત્સવ આવી ગયો. ગુજરાતની સર્વ દિશાઓમાંથી વિશાળ ભક્ત-સમુદાય અટલાદરા... અટલાદરાનું ભજન કરતો તે તરફ વહેતો થયો. અસંખ્ય ભક્તોની સુંદર વ્યવસ્થા કરવામાં નિર્ગુણ સ્વામી, યોગી મહારાજ, નારાયણસ્વરૂપ સ્વામી વગેરે સંતોએ અપાર દાખડો કર્યો. ગામેગામથી આવતા હરિભક્તોની ખબર-અંતર પૂછી, જમાડી, સેવા કરી, યોગી મહારાજ સૌને હેત કરતા.

શાસ્ત્રીજી મહારાજની ભારોભાર સાકર મૂકી તેને સોનાથી તોલવામાં

આવી. સર્વત્ર જયજયકારની સાથે ગુરુભક્તિનાં દિવ્ય આંદોલનો પ્રસરી ગયાં.

ઉત્સવની આગલી રાતે સૌ જ્યાં જગ્યા મળી ત્યાં સૂઈ ગયા હતા. મંદિર, ગામ, સીમ જ્યાં જ્યાં વ્યવસ્થા મળી - ન મળી પણ સૌએ વેઠી લીધું.

મોમ્બાસાથી આવેલ સી.ટી. પટેલ રાત્રે ૧૧ વાગ્યા પછી સૂવા માટે જગ્યા શોધવા લાગ્યા, પણ તસુમાત્ર જગ્યા ન મળે. એમ ને એમ ૧૨ના ટકોરા થયા. તેઓ રસોડા પાસે પહોંચ્યા. જોયું તો યોગી મહારાજ જાગતા બેઠા હતા અને માળા ફેરવી રહ્યા હતા. સી.ટી. પટેલ પાસે ગયા. યોગી મહારાજ કહે : 'સૂતા નથી ?'

સી.ટી. પટેલ કહે : 'તે તો થશે પણ આપ કેમ જાગો છો ? થાક છે તોય ઉજાગરો કેમ કરી રહ્યા છો ?'

યોગી મહારાજે હસતાં હસતાં ઉત્તર આપ્યો : 'સમૈયો છે, રાતે મોડા હરિભક્તો આવે, તેમની સેવા કરવી જોઈએ ને !' એમ કહી જાતે જ તેમની સૂવાની વ્યવસ્થા કરી આપી. મધરાતે પણ સેવા માટે સુસજ્જ રહેતા અક્ષરધામના આ ઓલિયા વિશે સી.ટી. પટેલને ત્યારથી જ દિવ્યતા જણાવા લાગી.

દેહના રોગથી ભવરોગની કસર મટાડે છે

અહીં રાજુલાના ગોવિંદ ભગતે યોગી મહારાજ સાથે વલ્લભભાઈ ભીખાભાઈ ટાંકનો પરિચય કરાવ્યો. વલ્લભભાઈ પ્રથમ માર્ગી પંથમાં હતા. તેથી રાજુલામાં અન્ય બાવાઓ તથા તેમના સોબતીઓ ખિજાયા અને વલ્લભભાઈને કહે : 'કંઠી તોડી નાખ. આ તો ખોટો પંથ લીધો છે.'

આ જ અરસામાં વલ્લભભાઈને વિસ્ફોટકનો ચામડીનો રોગ લાગુ પડ્યો. તેથી, પ્રથમ જે ગુરુ હતા તે બાવાએ વલ્લભભાઈને કહેવરાવ્યું કે 'મને પગે લાગવા આવ. તો રોગ મટાડું.'

ત્યારે વલ્લભભાઈએ કહ્યું : 'આ રોગ તો મારા પ્રારબ્ધને લીધે આવ્યો હશે. તે મારા ગુરુ મટાડશે. પણ મારી શ્રદ્ધા ડગશે નહીં.'

પછી થોડા સમયમાં બાવાની પત્નીને ભૂત વળગ્યું. તે કોઈ રીતે જાય નહીં. તેથી વલ્લભભાઈએ કહેવરાવ્યું કે 'બાવાજી મને પગે લાગવા આવે તો મારા ગુરુના પ્રતાપે ભૂત કાઢું !'

વલ્લભભાઈનો રોગ વધતો ગયો, પરંતુ તેમની નિષ્ઠા દૃઢ થતી ગઈ અને જ્યારે ગોવિંદ ભગતે વલ્લભભાઈ માટે યોગી મહારાજને પ્રાર્થના કરી ત્યારે

તેઓ બોલ્યા : 'વલ્લભભાઈની દસ જનમની કસર એક જનમમાં જશે. રોગ મટે તેમ નથી, પણ હવે થોડા દિવસમાં રોગ જશે.' એ પ્રમાણે કેવળ એમની કૃપાથી નખમાંય રોગ ન રહ્યો.

બાદ શાસ્ત્રીજી મહારાજ આણંદ પધાર્યા અને મોતીભાઈ ભગવાનદાસના ઘરે ઉતારો કર્યો.

અહીં ભક્તરાજ મગનભાઈની પ્રેરણાથી ઈશ્વરભાઈ તથા પ્રભુદાસ લાલાજી શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા. તેમણે શાસ્ત્રીજી મહારાજને ગાના લઈ જવા માટે રૂપિયા ૫૧/-માં મોટર ભાડે કરી હતી. આ વાતની શાસ્ત્રીજી મહારાજને ખબર પડી એટલે બહુ ગુસ્સે થયા અને કહે : 'પાંચ રૂપિયા આપીને મોટરવાળાને પાછો કાઢો.' મોટરભાડાનો આટલો બધો ખોટો ખર્ચ સાંભળી તેઓ અકળાઈ ગયા હતા.

તેમણે શાસ્ત્રીજી મહારાજને બહુ અરજ કરી ત્યારે શાંત થયા અને કહે : 'મારે બદલે જોગી મહારાજને લઈ જાવ.'

શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને ગાના મોકલ્યા. એમણે રાત્રે સભામાં બ્રહ્મરસની હેલી વરસાવી. જાણે શાસ્ત્રીજી મહારાજ જ સ્વયં પધાર્યા હોય તેવું સુખ સર્વ હરિભક્તોને આવ્યું !

આપ સાક્ષાત્ હતા એટલે હિંમત હતી

અહીંથી શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ, ધર્મવલ્લભદાસ સ્વામી, અક્ષરપુરુષોત્તમદાસ સ્વામી, અક્ષરપ્રિયદાસ સ્વામી વગેરે ટ્રેન દ્વારા પાલેજ ઊતર્યા અને સારીંગ પધાર્યા.

મનુભાઈ જગ્નેશ્વરે ખૂબ ભક્તિભાવથી યોજેલ પારાયણ નિમિત્તે આવવાનું થયું હતું. આજુબાજુનાં ગામડાંઓમાંથી પણ આ પારાયણનો લાભ લેવા અનેક હરિભક્તો અહીં એકત્ર થયા હતા.

એક દિવસ મનુભાઈએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે નાંદ ગામે સંઘ સાથે નર્મદા-સ્નાન કરવા જઈએ.

તેમના પ્રેમભર્યા આગ્રહથી સૌ બળદગાડામાં બેસી નાંદ પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજે નદીકિનારે બેસીને સ્નાન કર્યું અને નિર્ગુણદાસ સ્વામી તથા ચતુર્ભુજદાસ સ્વામી તરતાં તરતાં થોડે દૂર સુધી ગયા. યોગી મહારાજને તરતાં ન આવડે તેથી લોટો લઈ કિનારે આવ્યા. ત્યારે શાસ્ત્રીજી

મહારાજે કહ્યું : 'સ્નાન કરી લ્યો.'

એવામાં યોગી મહારાજ કિનારા નજીક લપસ્યા અને પાણીમાં ડૂબકી ખાઈ ગયા. પછી તો ગભરાયા અને ડૂબવા લાગ્યા. ચતુર્ભુજ સ્વામીએ બૂમ પાડી એટલે નિર્ગુણદાસ સ્વામીએ તરતાં પાસે જઈને કપડું ઝાલીને કિનારે ખેંચી લાવ્યા.

સર્વે સંતો નાહીને બહાર આવ્યા. યોગી મહારાજ સ્વસ્થ થયા એટલે શાસ્ત્રીજી મહારાજે નિર્ગુણ સ્વામીની સમયસૂચકતા બિરદાવતાં યોગી મહારાજને કહ્યું : 'નિર્ગુણ સ્વામી ન હોત તો આજે તમે તણાઈ જાત.'

તરત જ યોગી મહારાજ બોલ્યા : 'આપ સાક્ષાત્ હતા એટલે હિંમત હતી.'

યોગી મહારાજને મન ગમે તેવી કપરી વિકટ પરિસ્થિતિમાં ગુરુ જ જાણે એક આધાર હતા.

સારીંગમાં ખૂબ સુંદર પારાયણ પર્વ ઊજવાઈ ગયું. સૌને શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાયો અને એમના સંતોનાં શુદ્ધ વર્તનની પણ ઘેરી અસર થઈ.

સર્વ કાર્યમાં હરિકૃષ્ણ મહારાજનું છત્ર

વિચરણ ચાલતું હતું તે દરમ્યાન ભાવનગરથી પારાયણનું આમંત્રણ મળ્યું. તેથી શાસ્ત્રીજી મહારાજ બોચાસણ, અમદાવાદ થઈ ભાવનગર પધાર્યા. યોગીની અલમસ્ત દશામાંથી આવતા જ્ઞાનપ્રવાહને માણવાની હરિભક્તોને હંમેશાં તાણ રહ્યા કરતી. તેથી શાસ્ત્રીજી મહારાજ પણ તેમને વાતો કરવા આજ્ઞા કરતા.

અહીં જાળીલાના સ્ટેશન માસ્તર હરગોવિંદદાસના પુત્ર હર્ષદભાઈ અભ્યાસ કરતા હતા. તેમને યોગી મહારાજ સાથે ગાઢ સ્નેહ બંધાયો. સંતોનો પ્રેમ સૌને માયાથી અલિપ્ત કરી પરમાત્માના સુખે સુખિયા કરે છે. હર્ષદભાઈ યોગીજી મહારાજને પત્ર લખે ત્યારે સંબોધન કરે : 'મારા પ્રાણ પ્યારા જોગિયા.' અને યોગી મહારાજ સંબોધન કરે : 'મારા ભાઈબંધ.'

આ અરસામાં હર્ષદભાઈ બી.એ.માં અભ્યાસ કરતા હતા. પરીક્ષાના સમયે જ તેમની તબિયત બગડી અને પરીક્ષા નહીં આપી શકાય તો શું થશે ? એ વિચારે તેઓ મૂંઝાવા લાગ્યા. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'પરીક્ષા આપવી. પાસ થઈ જશો.' પછી યોગી મહારાજને કહે : 'આ હર્ષદ પરીક્ષા આપે ત્યાં સુધી ભાવનગર રહેજો.'

યોગી મહારાજ મર્મમાં હસવા લાગ્યા. પરીક્ષા શરૂ થઈ ત્યારે હર્ષદભાઈ

યોગી મહારાજના ઉતારે પ્રભુદાસ શેઠના ઘરે રોજ સવારે ૧૦ વાગે દર્શને જાય. યોગી મહારાજ પોતાની પૂજામાં રાખતા તે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હર્ષદભાઈના માથા પર મૂકે અને કહે : 'મહારાજ બુદ્ધિમાં પ્રકાશ કરશે. પાસ થઈ જશો.' પછી દાદર સુધી મૂકવા માટે આવે અને શાસ્ત્રીજી મહારાજને યાદ કરી પરીક્ષા આપવાનું કહે.[૭૮]

શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજની કૃપાથી હર્ષદભાઈ પાસ થઈ ગયા અને એમના માટે અત્યંત અહોભાવ થઈ ગયો. તેમને થયું કે આ સંત કહે છે તેમ શ્રીજી કરે છે.

એ પીશે એટલે મારી તરસ છીપશે

અહીંથી ફૂલદોલ નિમિત્તે નિંગાળા થઈ સારંગપુર પધાર્યા. ફૂલદોલના ઉત્સવ પ્રસંગે યોગી મહારાજે ભક્તચિંતામણિનું ચોસઠમું પ્રકરણ એમની વિશિષ્ટ શૈલીથી જાતે વાંચીને નિરૂપ્યું.

અહીંથી અમદાવાદ, આણંદ થઈ ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કરી ટ્રેન દ્વારા બોટાદ જવા નીકળ્યા.[૭૯] ટ્રેનમાં ગિરદી સખત હતી. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી અને યોગી મહારાજને બેસવાની જગા માંડ માંડ મળી. વળી, શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણ સ્વામી બંનેનાં પોટલાં યોગી મહારાજે સાચવેલાં. ગરમી કહે, મારું કામ. ત્રણે મહાપુરુષો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. ચાલુ ટ્રેને પણ પવનની લહેરખી સરખી સ્પર્શે નહીં એવી ત્રાસદાયક ભીડમાં સંતો જેમ તેમ કરતાં અમદાવાદ આવી પહોંચ્યા. સ્ટેશને સર્વે હરિભક્તો દર્શન કરવા આવ્યા. તેમાં બબુભાઈ કોઠારી પણ હતા.

સંતોને પીવા માટે ઠંડા ચોખ્ખા પાણીની નાની માટલી તેઓ સાથે લાવ્યા હતા. તે જોઈને યોગી મહારાજ કહે : 'ઠાકોરજીને બહુ તાપ લાગ્યો છે, માટે ઠાકોરજીને નવડાવીને જળ ધરાવીએ.'

પછી ઠાકોરજીને થાળીમાં મૂકી નવડાવ્યા અને તે પ્રસાદીનું પાણી સૌને પાયું. ત્યારે શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થઈ ગયા અને કહ્યું : 'જોગી મહારાજને મહાપ્રભુ વલ્લભાચાર્યજીના જેવી સેવા-ભક્તિ છે.'

પછી શાસ્ત્રીજી મહારાજને પાણી આપ્યું એટલે એમણે કહ્યું : 'જોગી

---

૭૮. તા. ૯-૩-૧૯૪૯ થી તા. ૧૩-૩-૧૯૪૯.

૭૯. તા. ૧૫-૪-૧૯૪૯.

મહારાજને પાણી આપો. એ પીશે એટલે મારી તરસ છીપી જશે.'

પરંતુ યોગી મહારાજ તો ગાડીમાં પાણી કે અન્ન કાંઈ લેતા જ ન હતા. ઉનાળાની સખત ગરમીમાં પણ એમનો નિયમ અટલ હતો. એમણે ઠાકોરજીને જળ ધરાવ્યું અને શાસ્ત્રીજી મહારાજને પીવડાવ્યું. ગુરુ-શિષ્યને આવી એકતા હતી કે સ્થૂળ દૃષ્ટિએ જુદા દેખાતા આ ગુરુ-શિષ્યના સ્વરૂપમાં જ્ઞાનની દૃઢતાવાળાને તો 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે' એવું દિવ્ય દર્શન જોવા મળતું.

વિનય-વિવેકની અદ્‌ભુત કળા

ગોંડલમાં બે દિવસ રોકાયા. એક રાતે[૮૦] ૨ વાગે શાસ્ત્રીજી મહારાજ ઊઠ્યા અને કહે : 'મેખડી જવું છે. તૈયાર થાવ.'

સૌ તૈયાર થઈ સ્ટેશને પહોંચ્યા. ૪ વાગ્યાની ટ્રેનમાં કેશોદ ઊતર્યા. શાસ્ત્રીજી મહારાજનો પંચતીર્થી કરવાનો સંકલ્પ હતો.

નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ, અક્ષરપ્રિયદાસ સ્વામી, ગોંડલ મંદિરના કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી (લીંબાસીવાળા), અન્ય સંતો તથા વિનાયકરાવ સાહેબ, મોહનલાલ ઓધવજી (મોમ્બાસા), મોહનલાલ પુરુષોત્તમ પોપટ (જિન્જા) વગેરે સાથે હતા. કેશોદથી માંગરોળ, લોજ થઈ મેખડી પધાર્યા.

મોમ્બાસા વસતા મોહનભાઈ ઓધવજીભાઈ મૂળ અહીંના વતની. તેમના ઘરે ઉતારો કર્યો. રાતે સભા કરી. હજુ રસોઈ નહોતી કરી. શાસ્ત્રીજી મહારાજની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ વાત કરી શકે તેમ ન હતા. વળી, નિર્ગુણ સ્વામી પણ થાક્યા હતા. તેથી બાજુના ઓરડામાં આડા પડ્યા હતા. યોગી મહારાજને કથા કરવાની સાથે સાથે એ વિચાર પણ થયો કે રસોઈનું કેમ થશે ? જો કોઈ કથા કરે તો સેવામાં જવાય. નહીં તો સૌને ભૂખ્યા સૂવું પડશે. પણ ભગવાનને સંભારીને તેમણે કથા શરૂ કરી. એક પ્રસંગની શરૂઆત કરતાં એમણે કહ્યું : 'નિર્ગુણદાસ સ્વામી આ પ્રસંગ બહુ સારી રીતે કહી શકે.'

બાજુના ઓરડામાં નિર્ગુણ સ્વામીએ આ સાંભળ્યું એટલે બહાર આવ્યા ને કહે : 'શું પ્રસંગ ચાલે છે ?' પછી વાત જાણીને નિર્ગુણ સ્વામી આસન ઉપર બેઠા અને પ્રસંગ વિસ્તાર્યો. યોગી મહારાજ તરત જ રસોડામાં પહોંચી ગયા ! અન્ય પાસે કામ લેવાની છતાં વિનય-વિવેક ન ચુકાય તે ધ્યાન રાખવાની એમની પાસે અદ્‌ભુત કળા હતી.

---

૮૦. તા. ૧૩-૫-'૪૯.

બીજે દિવસે ઠાકોરજી જમાડી સૌ બપોરની કથામાં બેઠા. વચનામૃતનો ચોપડો ન હોવાથી યોગી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સામે જોયું. તેમણે આંખના ઇશારે જ જણાવ્યું કે 'મોઢે બોલો !' મરજી જાણીને યોગી મહારાજ પોતાની આગવી હલકે ચાર વચનામૃત મોઢે બોલ્યા.

ત્યાંથી સાંજે ૬ વાગે પંચાળા પધાર્યા. અહીં બાસાહેબને યોગી મહારાજ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો, તેથી સંતોને બે દિવસ રોકાવા માટે કારભારી તથા માધવજીભાઈ મારફત પ્રાર્થના કરી.

શાસ્ત્રીજી મહારાજ અહીં બે દિવસ રોકાયા અને કથાવાર્તા કરી સર્વે સંતો-હરિભક્તોને અલૌકિક સુખ આપ્યું. યોગી મહારાજે પંચાળાની લીલા વર્ણવી. વળી, અહીં આવેલા બાલાગામના પોલીસ પટેલને પણ સત્સંગ કરાવ્યો.

અહીંથી માણાવદર વલ્લભભાઈ, ભગવાનજીભાઈ, કાનજીભાઈ સોલંકી વગેરે મંડળ ઉપર પત્ર મોકલ્યો : 'શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી તથા સંતો તેમજ અમદાવાદના વિનાયકરાવ સાહેબ પણ અમારી સાથે છે. તો તમે બાલાગામ મોટર લઈને આવી જશો. તેમાં બેસી શાસ્ત્રીજી મહારાજ વગેરે માણાવદર પધારશે.'

પ્રથમ શાસ્ત્રીજી મહારાજ તથા સંતો ગાડીમાં બાલાગામ પધાર્યા. અહીં પધરામણી કરી હરિભક્તોનાં ઘર પાવન કર્યાં.

આ પંથકમાં તમામ હરિભક્તોને યોગી મહારાજ સાથે બહુ હેત. તેથી બીજે દિવસે કુંભાર હરિભક્તોએ પણ પોતાના ઘરે પધરામણી કરાવી.

બપોરે બે ગાડામાં સંતો-હરિભક્તો માણાવદર જવા નીકળ્યા અને માણાવદરથી આવેલી મોટરમાં શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, યોગી મહારાજ તથા વિનાયકરાવ સાહેબ વગેરે માણાવદર પધાર્યા. કાનજીભાઈ મિસ્ત્રીને ત્યાં ઉતારો હતો.

'જોગી'ના સાંનિધ્યનું આકર્ષણ

સાંજે સંધ્યા આરતીનાં દર્શન કરવા મંદિરે ગયા. બ્રહ્મચારી ઘનશ્યામાનંદજી તથા બ્રહ્મચારી પુરુષોત્તમાનંદજીએ ઘનશ્યામ મહારાજનો પ્રસાદીનો હાર પહેરાવી આવકાર આપ્યો અને બીજે દિવસે જમવા પધારવા આમંત્રણ આપ્યું. બીજા ઉપાધિ કરે તે હેતુથી શાસ્ત્રીજી મહારાજે તેમને ના કહી, પરંતુ તેમનો બહુ જ પ્રેમભાવ હતો તેથી સવારે ઉકાળા-પાણી લેવા માટે

સંમત થયા. પછી સૌને પ્રસાદી સ્થાનોએ દર્શન કરાવ્યાં. ગંગાજળિયા કૂવાનું પાણી સીંચીને કઢાવ્યું. યોગી મહારાજના કહેવાથી ગોરધનભાઈ બ્રહ્મભટ્ટે ઓટાનો લેખ વાંચ્યો. પોતે પાંચ વાતો બોલ્યા અને સ્થાનનો મહિમા કહ્યો. રાત્રે કથાવાર્તા બાદ બીજે દિવસે બ્રહ્મચારીના આગ્રહથી મંદિરે દર્શન કરી ત્યાં જ ઉકાળા-પાણી લીધાં. બપોરે ઠાકરશી બાપાને ઘરે ઠાકોરજી જમાડ્યા. સર્વે સંતો-હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજે દૂધપાક પીરસીને તૃપ્ત કર્યા.

અહીંથી મોટર રસ્તે મેઘપુર, પીપલાણા, આખા, વંથળી વગેરે ગામોમાં પ્રસાદી-સ્થાનોએ દર્શન કરી જૂનાગઢ જવાનું હતું. સૌએ તે માટે તૈયારી કરી. નિર્ગુણ સ્વામીએ સાથે આવેલા મણિભાઈ બ્રહ્મભટ્ટ તથા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટને કહ્યું કે 'ધર્માદાના ખરડા માટે યોગી મહારાજ હવે અહીં રોકાશે.' શાસ્ત્રીજી મહારાજની પણ આવી જ ઇચ્છા હતી.

સવારે વહેલા ઊઠીને સૌને ખીચડી-કઢી જમાડીને યોગી મહારાજ જમવા બેઠા હતા. ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ ઉતારે આવ્યા. શાસ્ત્રીજી મહારાજ ખાટલામાં સૂતા હતા અને નિર્ગુણ સ્વામી ટપાલ લખતા હતા. ગોરધનભાઈને જોઈને તેઓ બોલ્યા કે 'યોગીજી મહારાજ ક્યાં છે ?'

તેમણે જવાબ આપ્યો : 'જમવા બેઠા છે અને પછી તેઓ અમારી સાથે જૂનાગઢ આવવાના છે.'

આથી તેઓ આકળા થયા અને બોલ્યા કે 'એમને જૂનાગઢ ક્યાં જવાનું છે ? એમને તો ધર્માદા માટે અહીં રોકાવાનું છે.' આમ કહી એક પાર્ષદને યોગી મહારાજને બોલાવવા મોકલ્યા. તેઓ તરત જમતાં જમતાં ઊભા થઈ ગયા અને પત્તર ધોઈ, પાણી પીને એકદમ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા.

આ વખતે શાસ્ત્રીજી મહારાજ સૂતા હતા તે જાગી ગયા અને ખાટલામાં બેઠા થયા. બધાએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે યોગી મહારાજને અમારી સાથે જૂનાગઢ મોકલો તો સારું, કારણ કે તેઓ પ્રસાદીનાં સ્થાનોનાં અમને દર્શન કરાવે, પ્રસંગો કહે, મહિમા સમજાવે.

આથી શાસ્ત્રીજી મહારાજ હેતપૂર્વક બોલ્યા કે 'સૌને જોગીની તાણ છે. માટે જોગી તમે બધા સાથે જૂનાગઢ જાવ અને બધાંને પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરાવો.' આથી સૌ રાજી થઈ ગયા.

જૂનાગઢમાં સૌ કલ્યાણજીભાઈને ઘરે ઊતર્યા. તેમણે પણ યોગી મહારાજ અને મહેમાનોનું સ્વાગત કરી સારી રસોઈ જમાડી સંઘનું બહુમાન કર્યું.

બીજે દિવસે મંદિરે શણગાર આરતીનાં દર્શન કરી સભામંડપ તથા અન્ય પ્રસાદી-સ્થાનોએ દર્શન કરી ઉતારે આવ્યા. બપોરે ઠાકોરજી જમાડીને રાતે ટ્રેન દ્વારા સર્વે સંતો, હરિભક્તો સાથે ગોંડલ આવવા નીકળ્યા.

પંચતીર્થીના મહિમાની વાતો ચાલતી હતી. સૌ દર્શનીય સ્થળોની સ્મૃતિ વાગોળતા હતા. ત્યારે નિર્ગુણ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આ જોગી જ્યાં જાય ત્યાં દર્શન કરાવવાનાં બધાં સ્થળોએ જવાના જ, અને બીજા સાથે હોય તેમને પણ દર્શન કરાવવાનો બહુ આગ્રહ રાખે. એક વાર દર્શન કર્યાં પછી ફરી ફરી એમાં શું દર્શન કરવાનાં હોય ? વળી, તેમાં સમય પણ કેટલો બગડે ?'

જોગીનો આવો અપરાધ થતો હતો તેથી શાસ્ત્રીજી મહારાજ બોલી ઊઠ્યા : 'પરાભક્તિનું એ લક્ષણ છે. એમાં બીજાને બહુ લાભ થાય છે. મહિમા સમજાય છે અને દૃઢતા થાય છે. મહિમા સમજાય તો જ તીર્થનું માહાત્મ્ય સમજાય, જાત્રાનું સુખ આવે અને ફળ મળે. જોગી મહારાજ તો શ્રીજીમહારાજ અને સ્વામી પ્રત્યક્ષ વિચરતા હોય એવા ભાવથી સૌને દર્શન કરાવે છે. આથી હરિભક્તોને બહુ શાંતિ થાય છે. વળી, જોગી મહારાજની રાખ-રખાવટ એવી છે કે ગમે તેવો માણસ હોય તોપણ તેને ગુણ આવી જાય અને સત્સંગી થઈ જાય.'

આવો યોગી મહારાજનો અલૌકિક મહિમા સાંભળી સૌ સ્થિર થઈ ગયા. યોગી મહારાજ એ વખતે આંખો બંધ કરીને માળા ફેરવી રહ્યા હતા.

પંચતીર્થીમાં સાથે આવેલા હરિભક્તોને યોગી મહારાજે બધાં સ્થાનોનાં મહિમા સહિત દર્શન કરાવ્યાં એટલે સૌને યોગી મહારાજ પ્રત્યે અપાર ભાવ થઈ ગયો. વળી, સાથે શાસ્ત્રીજી મહારાજ પણ હતા, એટલે યોગી મહારાજની પોતાના ગુરુ પ્રત્યેની દાસત્વભક્તિ અને નિર્દોષબુદ્ધિના ઘણા પ્રેરક પ્રસંગો નજીકથી નિહાળવા અને અનુભવવા મળ્યા.

આ પંચતીર્થીમાં સૌ અલૌકિક સ્મૃતિનું ભાથું બાંધીને ગોંડલથી છૂટા પડ્યા ત્યારે યોગી મહારાજે સૌને ટ્રેનમાં સાથે બીજું ભાથું પણ બાંધી આપ્યું અને તે હતા ગોંડલ અક્ષર મંદિરની ઠાકોરજીની પ્રસાદીના લાડુ !

પછી રાજકોટ, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર વગેરે સ્થળોએ લાભ આપી શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા અને યોગીજી મહારાજ સુરેન્દ્રનગરથી તળાજા, ભાવનગર થઈ ગઢડા પધાર્યા.

❀ ❀ ❀

જોગી તો આખા બ્રહ્માંડ માટે છે



હજુ ગઢડા મંદિરનું ખાતમુહૂર્ત થયું ન હતું. આ અરસામાં ગામના હરિમંદિરમાં થોડી મરામત અને બીજાં કામ માટે રકમની જરૂર હતી. હરિજીવનદાસ સ્વામીએ યોગી મહારાજને આ વાત કરી.

એ વખતે રાજકોટના હરિભક્તો દર્શને આવેલા. યોગી મહારાજે તેમને આ વાત કરી હરિમંદિર માટે સેવા કરાવી.

અહીંથી યોગી મહારાજને ગામડે વિચરણમાં જવાનું હોવાથી હરિજીવનદાસ પાસે કંઠી માગી, પણ તેમણે કહ્યું : 'કંઠી તો ખલાસ થઈ ગઈ છે. કોઈ સેવક મળશે એટલે મગાવી લઈશું.' જો કે કોઠારમાં કંઠી હતી પણ કોઠારીએ આપી નહિ. યોગી મહારાજ કંઈ ન બોલ્યા અને ગામડે જવા નીકળી ગયા.

થોડા દિવસે શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી ગઢડા પધાર્યા.[૮૧] નિર્ગુણદાસ સ્વામી, નારાયણસ્વરૂપ સ્વામી, અક્ષરપ્રિયદાસ સ્વામી, ગોવિંદસિંહ ચુડાસમા વગેરેએ સારંગપુર જઈ 'ટેકરા પર મંદિર કરો' એમ સામે ચાલીને પ્રસ્તાવ મૂક્યો હોવાથી નકશા-માપ વગેરે લેવા શાસ્ત્રીજી મહારાજ અત્રે પધાર્યા હતા.

પ્રસાદી-સ્થાને દર્શને જતાં નિર્ગુણ સ્વામીએ ત્રણ-ચાર દિવસથી મનમાં ઘોળાતી વાત પૂછી લીધી : 'સ્વામી ! કોઠારી હરિજીવનદાસના કહેવાથી જોગી મહારાજે રાજકોટના હરિભક્તો પાસે સારી સેવા કરાવી, છતાં તેમણે થોડી કંઠીઓ પણ ન આપી. આવા વર્તનથી જોગી દુખાણા હશે.'

'સત્પુરુષ હોય તે દુખાય નહીં, ને દુખાય તો તે સત્પુરુષ કહેવાય નહીં. જોગી તો સત્પુરુષ છે. તે કદાપિ દુખાય જ નહીં.'

નિર્ગુણદાસ સ્વામીને 'હાશ' થઈ.

---

૮૧. તા. ૨૫-૬-'૪૯.

દર્શન બાદ ઉતારે પધાર્યા. વાતચીતમાં ગોવિંદસિંહ ચુડાસમા સાહેબે કહ્યું : 'આપનો ઘણા વખતનો સંકલ્પ હતો કે અહીં શ્રીજીમહારાજના સંકલ્પ મુજબ મંદિર બનાવવું. આપની ઈચ્છા લાખો રૂપિયા ખર્ચીને આરસનું મંદિર બનાવવાની છે. તેમાં જો યોગી મહારાજ અહીં રહે ને કામ ઉપાડે, તો સોનામાં સુગંધ ભળે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ ભાવમાં આવી ગયા અને કહ્યું : 'જોગીને ગઢડા રખાય નહીં. તે તો આખા બ્રહ્માંડ માટે છે !' ગોવિંદસિંહ ચુડાસમા તો આભા જ બની ગયા. તેમને 'યોગી'ના એક વિશેષ રૂપનું દર્શન થયું.

શાસ્ત્રીજી મહારાજ ત્રણ દિવસ રહી સારંગપુર પધાર્યા.

નૈરોબીમાં શિવાભાઈના યોગથી હિમાભાઈ પટેલને સત્સંગ થયેલો. તે પછી જશભાઈ ગાર્ડ, હરમાનભાઈ, મગનભાઈ વગેરેના સહવાસથી સત્સંગની ઘણી પુષ્ટિ થઈ.

આ સમયે હિમાભાઈ ભારત આવ્યા ત્યારે નિર્ગુણદાસ સ્વામીએ તેમને પત્ર લખ્યો કે તમે મને ભાદરણ મળી જાવ. ભાદરણ જઈ તેમણે નિર્ગુણદાસ સ્વામીનાં દર્શન કર્યાં. તેમણે રસિકભાઈ સેક્રેટરી પર અમદાવાદ ચિઠ્ઠી લખી આપી અને હિમાભાઈને સારંગપુર જવા માટે વ્યવસ્થા કરી દેવા જણાવ્યું. તે મુજબ તેઓ સારંગપુર ગયા.

શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં તેમનાં દર્શન કર્યાં. એમણે બધો પરિચય પૂછ્યો. ઉતારા-જમવાની બધી વ્યવસ્થા કરાવી. હિમાભાઈને ખૂબ ભાવ થયો, તેથી વર્તમાન ધરાવવા શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી અને સત્સંગી થયા.

બીજે દિવસે હિમાભાઈએ શાસ્ત્રીજી મહારાજ પાસે જવાની રજા માગી ત્યારે એમણે કહ્યું : 'જોગી મહારાજ આજુબાજુનાં ગામડાંમાં ફરે છે. તે આવે એટલે દર્શન કરીને જજો.'

એમની રાહ જોવામાં બીજા બે દિવસ નીકળી ગયા, પરંતુ યોગી મહારાજ હજુ ગામડેથી આવ્યા નહિ. ત્રીજે દિવસે હિમાભાઈએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'હવે મારે જલદી પહોંચવું પડે તેમ છે. તો આપ દયાળુ ! રજા આપો.'

ત્યારે તેઓ બોલ્યા : 'જોગી મહારાજનાં દર્શન કર્યાં વિના ન જવાય. આપણે એમને બોલવવા માણસ મોકલીએ.'

પછી એક ભગતને ગામડે બોલાવવા મોકલ્યા. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગી મહારાજ તરત આવી ગયા અને દંડવત્ કરી શાસ્ત્રીજી મહારાજની ખબર પૂછી : 'સુખી છો ને ?'

શાસ્ત્રીજી મહારાજે તરત જ કહ્યું : 'તમારા જેવા સાધુને મળીને વધારે સુખી છીએ.' પછી હિમાભાઈને યોગી મહારાજની ઓળખાણ કરાવી અને હિમાભાઈને આશીર્વાદ આપવા કહ્યું.

શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજે આશીર્વાદ આપી ભાતું અને પ્રસાદી બાંધી આપીને પછી જવાની રજા આપી. યોગી મહારાજનાં દર્શન કરીને જ જવાનો શાસ્ત્રીજી મહારાજનો આટલો બધો આગ્રહ જોઈ હિમાભાઈને ખૂબ આશ્ચર્ય થયું. જો કે યોગી મહારાજનાં પ્રેમાળ હાસ્ય અને ભાવ નીતરતી વાણીથી તેઓ અંજાયા હતા, છતાં શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી યોગી મહારાજ એમના વારસ બન્યા ત્યારે હિમાભાઈને ખ્યાલ આવ્યો કે તે દિવસે શાસ્ત્રીજી મહારાજે તેમને શા માટે રોક્યા હતા !'[૮૨]

નિયમની એકાદશીએ શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજને સારંગપુરથી અડવાળ જવા આજ્ઞા આપી અને ત્યાંથી ગોંડલ જવા કહ્યું. પોતે બોચાસણ ગુરુ-પૂર્ણિમાનો સમૈયો કરવા પધારી શકે તેમ ન હતું. તબિયત ખૂબ નાજુક થઈ ગઈ હતી. આ દિવસોમાં શાસ્ત્રીજી મહારાજે એવી માંદગી ગ્રહણ કરી કે સૌ ગભરાઈ ગયા. પોતે બેભાન જેવા થઈ જાય અને અતિશય તાવથી શરીર ધગી જાય.

એક દિવસ શાસ્ત્રીજી મહારાજે સેવકોને કહ્યું : 'જોગીને બોલાવો.'[૮૩]

'બાપા ! જોગી મહારાજ ગોંડલ છે.' સેવકોએ કહ્યું,

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ત્યાંથી બોલાવો.' એટલે સંદેશો મોકલ્યો. યોગી મહારાજ ગોંડલથી તત્કાળ સારંગપુર આવ્યા. ખબર-અંતર પૂછ્યા. થોડી વાર બેઠા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'જાવ, હવે ગોંડલ પાછા !'

યોગી મહારાજ દાસભાવે એક જ શબ્દ બોલ્યા : 'ભલે સ્વામી !' અને તેઓ ગોંડલ જવા નીકળી ગયા.

---

૮૨. સારંગપુરમાં હિમાભાઈને યોગી મહારાજનાં દર્શન થયાં પછી સને ૧૯૫૫માં નૈરોબીમાં દર્શન થયાં. એ વખતે યોગી મહારાજ સાથે તેમને તથા તેમના ચારેય પુત્રો ભાસ્કરભાઈ, કૃષ્ણકાંતભાઈ, સુરેશભાઈ, નરેશભાઈ વગેરેને એમનામાં હેત થઈ ગયું.

સને ૧૯૫૯માં યોગી મહારાજ ફરી પધાર્યા ત્યારે ભાસ્કરભાઈએ સેલ્સમેનની નોકરી માટે મર્કન્ટાઈલ બેંકમાં અરજી કરેલી અને તે બાબત આશીર્વાદ માગ્યા ત્યારે યોગી મહારાજે આશીર્વાદ આપ્યા : 'જાવ, નોકરી ત્યાં મળી જશે.'

બીજે દિવસે નોકરી મળ્યાનો સ્વીકૃત પત્ર બેંકમાંથી આવી ગયો.

૮૩. તા. ૨૬-૭-૧૯૪૯.

'જોગી ! તમે સાક્ષાત્ ગુણાતીત છો'

શાસ્ત્રીજી મહારાજને સારંગપુર રહી સંપૂર્ણ આરામ લેવાનો હતો. તેથી વિચરણ બંધ હતું. એવામાં શ્રાવણી પૂનમ[૮૪] આવી પહોંચી. આ દિવસે શાસ્ત્રીજી મહારાજે ગઢડા પધારી ભારે ઉત્સાહથી નવા મંદિરનું ભૂમિપૂજન કર્યું.

ગઢડાથી સારંગપુર બે દિવસ રહી અમદાવાદ આંબલીવાળી પોળે ઉતારે પધાર્યા. બપોરે નિરાંતનો વખત હતો. યોગી મહારાજ મેડા ઉપર નિત્ય-નિયમનો પાઠ કરતા હતા. એ વખતે રામચંદ્રભાઈ સેવામાં હતા. તેમને બોલાવી શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી મહારાજને બોલાવ.'

તેઓ મેડે ગયા અને સંદેશો આપ્યો કે તરત જ યોગી મહારાજ નીચે આવ્યા. હાથ જોડ્યા. એવામાં શાસ્ત્રીજી મહારાજ પણ ઢોલિયામાં બેઠા થઈ ગયા ને યોગી મહારાજનો જમણો હાથ પકડી તેમની આંખ સાથે આંખ મેળવી ધીરેથી અને સ્પષ્ટ સ્વરે કહ્યું : 'જોગી ! તમે તો સાક્ષાત્ ગુણાતીત જ છો !' પછી થોડી બીજી વાત કરી ઈશારાથી બહાર જવા સૂચવ્યું.

તેઓ ગયા પછી રામચંદ્રભાઈ બાજુમાં ઊભા હતા તેમને શાસ્ત્રીજી મહારાજ કહે : 'રામચંદ્ર !' તેઓ તો 'યોગી મહારાજ ગુણાતીત પુરુષ !' એ શબ્દો સાંભળતાં જ વિચારોમાં ખોવાઈ ગયા હતા. એકદમ તંદ્રામાંથી ઝબક્યા હોય તેમ કહે : 'હાં, સ્વામી !'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી મહારાજને 'બહાર જાવ' એમ કહેવું ન પડે, ઈશારામાં સમજી જાય. બીજાને તો 'જાવ' કહીએ તોય સંતાપ અને ના કહીએ તોય સંતાપ. અને જોગી તો મરજી સાચવનારા.' એમ કહી જરા આડે પડખે થયા. રામચંદ્રભાઈ રૂમની બહાર નીકળી ગયા.

હરિભક્તો આવવા લાગ્યા હતા. બહાર આશાભાઈ, બબુભાઈ કોઠારી, ચંપકભાઈ શેઠ વગેરે યોગી મહારાજ સાથે બેઠા હતા. ત્યાં જઈ રામચંદ્રભાઈ વાત કરવા લાગ્યા : 'સાંભળો, સાંભળો... એક આનંદની વાત છે.' એમ કહી યોગી મહારાજને પૂછ્યું : 'તમને હમણાં જ શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે તમે સાક્ષાત્ ગુણાતીત જ છો. એ વાત સાચી ?'

યોગી મહારાજ તો એક શબ્દ પણ બોલ્યા નહીં. છેવટે બહુ આગ્રહ કર્યો ત્યારે ઊભા થઈ ગયા. એટલે રામચંદ્રભાઈએ તેમનો હાથ પકડ્યો ને કહ્યું :

---

૮૪. તા. ૮-૮-૧૯૪૯.

'એમ જતા નથી રહેવું. આ સાચી વાત છે ?' ત્યારે માત્ર હકારમાં મસ્તક નમાવી તેઓ ઝડપથી મેડા ઉપર ચાલ્યા ગયા. બેઠેલા હરિભક્તોનો સાક્ષી કબૂલ કરતો હતો કે 'જોગી મહારાજ એટલે સાક્ષાત્ ગુણાતીત સ્થિતિ !'

એક વાર બબુભાઈ કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આ જોગી તો ભલા-ભોળા છે, તો તમારી પાછળ આ સંસ્થા ચલાવે તેવો કોઈ સાધુ ઊભો કરો.'

એ સાંભળીને શાસ્ત્રીજી મહારાજે વેધક નજરે બબુભાઈ સામું જોયું અને તેજસ્વી સ્વરે કહ્યું : 'બબુભાઈ ! જોગી મહારાજને તમે કેવા જાણો છો ? એ તો અનંત કોટિ બ્રહ્માંડનો વહેવાર ચલાવે એવા છે. 'કામિલ, કાબિલ સબ હુન્નર તેરે હાથ' એવા સર્વદેશી પુરુષ છે.'

શાસ્ત્રીજી મહારાજે અહીં અતિશય બીમારી ગ્રહણ કરી. સૌને ઉદ્વેગ થવા લાગ્યો. ગુજરાતથી સૌ ખબર પૂછવા આવવા લાગ્યા. એ સમયે આણંદથી પણ ઘણા હરિભક્તો એમની તબિયત જોવા અને દર્શન કરવા આવ્યા હતા. તેમાં મણિભાઈ જીવાભાઈ પણ સાથે હતા. શાસ્ત્રીજી મહારાજે તેમને એકાંતમાં બોલાવીને કહ્યું : 'આ જોગી મહારાજ જેવા પુરુષ બ્રહ્માંડમાં નથી. માટે તમે એમની સાથે હેત રાખજો.' પછી કહે : 'તમે ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા વખતે આવજો.'

મણિભાઈને પણ યોગી મહારાજની સામર્થીનો અનેક વાર અનુભવ થયો હતો. મણિભાઈનાં ધર્મપત્નીને ગળે કંઠમાળ હતી. એ વાત તેમણે યોગી મહારાજને કહી. ત્યારે યોગી મહારાજ કહે : 'ઑપરેશન નહીં કરાવવું પડે. લ્યો આ જળ.' એમ કહી પૂજાની પ્રસાદીનું જળ આપ્યું. જે ગળે લગાડવાથી કંઠમાળ મટી ગઈ હતી.

મણિભાઈએ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા શિરે ધારી.

ગુરુવચનના અધ્ધર ઝીલનારા

અહીં શાસ્ત્રીજી મહારાજની સેવામાં ઘણી વાર પ્રભાશંકર પંડ્યા રહેતા. તેમને નાની ઉંમરે જ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે આકર્ષણ થયું હતું.

એક વાર શાસ્ત્રીજી મહારાજ સૂતા હતા, તે એકદમ બેઠા થયા ને કહ્યું : 'પંડ્યા ! યોગી મહારાજ બહુ મોટાપુરુષ છે. હું ન હોઉં ત્યારે એમનો યોગ રાખજે.' એમ કહી ફરી સૂઈ ગયા.

બીજે દિવસે સાંજે ૫-૦૦ વાગે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'પંડ્યા ! જાઓ, જોગી પાસે વાતો શીખો.'

તેઓ ઊભા થયા ને બહાર નીકળતાં ઉંબરામાં જ યોગી મહારાજ સામા મળ્યા. પ્રભાશંકરભાઈએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે, વાતો શીખવાડો.'

'એમ !' યોગી મહારાજ આનંદમાં આવી ગયા. 'હાલો બેસીએ.' એમ કહી તત્કાળ ઉંબરા પર જ બેસી ગયા. પ્રભાશંકરભાઈ તો વિચારમાં પડી ગયા. ત્યાં તો યોગી મહારાજે વાતો બોલવાની શરૂ કરી એટલે તેઓ પણ ત્યાં બેઠા અને બોલવા લાગ્યા : 'કરોડ કામ બગાડીને...' તેમને લાગ્યું : યોગી મહારાજનું જીવન આ વાતનો પડઘો પાડે છે. નહીં તો પોતાનું કામ બગાડીને મને આ જ ક્ષણે વાતો શા માટે શીખવે ?

ગુરુઆજ્ઞા પાળવામાં પલભરનો વિલંબ પણ 'જોગીરાજ'ને પાલવે નહીં, કારણ કે તેમણે તો ગુરુભક્તિના આત્માની માવજત કરવાની હતી.

સારા પંચવિષયમાં મૂંઝવણ

જન્માષ્ટમીનો સમૈયો કરી શ્રાવણ વદ દશમના[૮૫] દિવસે મુંબઈ પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ સાથે યોગી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, અક્ષરપ્રિયદાસ સ્વામી, પ્રેમવતીદાસ સ્વામી વગેરે પધાર્યા હતા. અહીં સૂર્યનારાયણની વાડીમાં ઉતારો કર્યો. કથાવાર્તા, કીર્તનથી સૌને ખૂબ સમાસ થતો હતો.

અહીંના ભગવાનદાસ શેઠને યોગી મહારાજ ઉપર પહેલેથી જ ખૂબ હેત હતું. તેમણે એક દિવસ યોગી મહારાજને કહ્યું : 'મારે આપને એક સુંદર ઝીણું ધોતિયું ઓઢાડવું છે.'

આ વાત સાંભળીને યોગી મહારાજના અંતરમાં મૂંઝવણ થવા લાગી. શેઠ પ્રેમી હરિભક્ત છે, ને ઝીણું ધોતિયું લાવશે ને મારે પહેરવું પડશે. ના પાડી શકાશે નહીં. એ મૂંઝવણમાં તો ખાવું-પીવું ભાવે નહીં. ક્યાંય ચેન પડે નહીં.

છેવટે તેમાંથી રસ્તો કાઢવા નિર્ગુણદાસ સ્વામીને પોતાના મનની વાત કરી.

નિર્ગુણદાસ સ્વામી તો યોગી મહારાજની તપ, ત્યાગ, વૈરાગ્યની છટાને જાણતા હતા વળી, શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞાપાલનમાં અત્યંત ચીવટ રાખતા, તેની પણ તેમને ખબર હતી.

જ્યારે ભગવાનદાસ શેઠ દર્શને આવ્યા ત્યારે નિર્ગુણદાસ સ્વામીએ તેમને કહ્યું : 'તમે જોગી મહારાજને ઝીણું ધોતિયું આપવાની વાત કરી ત્યારથી એમના મનમાં મૂંઝવણ ઊપડી છે. જો તમારે એમને રાજી કરવા હોય તો જાડું

---

૮૫. તા. ૧૯-૮-'૪૯ થી તા. ૩૧-૮-'૪૯.

ધોતિયું લાવી આપો, તો વિશેષ રાજી થશે.'

પછી જ્યારે જાડું ધોતિયું ઓઢાડ્યું ત્યારે યોગી મહારાજને નિરાંત થઈ.

તેમને તો શ્રીહરિના વચન ઉપર તાન હતું :

પ્રભુની આજ્ઞા તપ, જાપ તેહ, પ્રભુની આજ્ઞા વ્રત સર્વ એહ !
આજ્ઞાથી સૌ સાધન સિદ્ધિ થાય, સર્વે પદો હસ્તિપદે સમાય.

અહીં યોગી મહારાજ મને તથા કિશોરભાઈ, નિરંજનભાઈ, મહેન્દ્રભાઈ વગેરે બાળકોને ભેગા કરી 'સ્વામીની વાતો', કીર્તનો અને નાનાં વચનામૃત મોઢે કરાવતા. પાઠ પણ લેતા. તે વખતે યોગી મહારાજ પરોઢિયે હજુ અંધારું હોય ત્યાં નાહી-પરવારીને વિશાળ વાડીના એક ખૂણામાં પૂજા કરવા બેસતા, જેથી શાસ્ત્રીજી મહારાજ પોઢ્યા હોય એમને જરાપણ ખલેલ ન પહોંચે. પૂજા કરતાં પહેલાં તેઓ ઘેરા રાગે રાઘવદાસના 'સલોકા' બોલતા : *'શ્રીસહજાનંદ મહારાજ હરિ, જાશો મા પળ એક વીસરી... ગામ ગઢડું... હરે...'*

એવા તો મધુર લહેકાથી અને ઘેરા અવાજે યોગી મહારાજ, મહારાજની લીલાનાં પદો બોલતા કે તે વખતે અમને ૧૦ કે ૧૨ વર્ષના બાળકોને પણ સાંભળ્યા જ કરવાનું મન થાય. બાળકો પદના અર્થ પૂરા સમજતા નહીં પણ યોગી મહારાજનું કડી કડીએ ભાર દઈને મધુરતાથી ગાવાનું, જાણે કોઈ અંતરનો અલૌકિક અવાજ ભલભલાનાં મનને હરી લેતો. પ્રેમજીભાઈ નામના એક કાપડિયા ભક્ત ઊંચે સાદે 'હરે...' બોલી સાદ પુરાવતા. વાતાવરણમાં સર્વત્ર દિવ્યતા ઉભરાઈ જતી. શાશ્વત શાંતિનો અનુભવ અંતરમાં સૌને થતો.

દેવ-ગાંધર્વોની ગાનવિદ્યાથી અનંત ગણી મનોહર, સાક્ષાત્ ભગવાનને પ્રસન્ન કરતી યોગી મહારાજની આ કીર્તન-ભક્તિ સાંભળવા માટે સૌ બાળકો ખાસ સૂર્યનારાયણની વાડીમાં રાત્રે સૂઈ રહેતા અને વહેલા પરવારી યોગી મહારાજને પૂજામાં સાંભળતા. એ આનંદ અને આકર્ષણ અવર્ણનીય અને અવિસ્મરણીય હતાં.

✧

આ દરમ્યાન ગોંડલમાં ભક્તિપ્રિય સ્વામી બીમાર થયા. તેમની ઉંમર ૭૫ થી ૮૦ વર્ષની હતી. તે વખતે હકાબાપુના ભાણેજ ભૂપતભાઈ જીવાભાઈ ધાધલ ગોંડલમાં રહીને હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા. તેમને શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજે ભક્તિપ્રિય સ્વામીની સેવા સોંપેલી. તેમની માંદગી ગંભીર ન હતી, પરંતુ તેમનો ધામમાં જવાનો પ્રબળ સંકલ્પ હતો. શાસ્ત્રીજી મહારાજ

જ્યારે ગોંડલ આવતા ત્યારે તે પ્રાર્થના કરતા. વળી, યોગી મહારાજ સાથે પણ તેમને અપાર હેત હતું.

એક દિવસ રાત્રે ભૂપતભાઈને સ્વપ્ન આવ્યું. તેમાં યોગી મહારાજ અક્ષર મંદિરના દરવાજેથી સુંદર શણગારેલી હાથણી ઉપર બેસીને પધાર્યા અને એક હાથણી ઉપર ખાલી અંબાડી હતી. અક્ષર મંદિરનાં પગથિયાં પાસે હાથણીઓ ઊભી રાખીને ભૂપતભાઈને બોલાવ્યા. પોતે હાથણી ઉપરથી ઊતરીને ભૂપતભાઈનો હાથ ઝાલીને મંદિરમાં દર્શને ગયા. અક્ષર દેરીમાં દર્શન કર્યાં. પછી ભૂપતભાઈને પૂછ્યું : 'ડોસા સ્વામી માંદા છે તે ક્યાં સૂતા છે ?'

'સ્વામી ! તમારી રૂમમાં જ એમનો ખાટલો છે.' ભૂપતભાઈએ જવાબ આપ્યો.

'અમો તેમને લેવા માટે આવ્યા છીએ, ચાલો આપણે ત્યાં જઈએ.' તેઓ ભૂપતભાઈ સાથે પોતે જે ઓરડીમાં કાયમ આસન રાખતા ત્યાં પધાર્યા.

યોગી મહારાજનાં દર્શન થતાં તરત જ ભક્તિપ્રિય સ્વામી ઊભા થઈ ગયા. યોગી મહારાજે તેમનો હાથ પકડ્યો અને બોલ્યા : 'તમને લેવા માટે આવ્યા છીએ.' ભક્તિપ્રિય સ્વામી તો બહુ રાજી થયા અને તેમના મુખ પર સ્મિતની રેખા અંકાઈ ગઈ. જાણે તેમના શરીરમાં માંદગી હતી જ નહીં, તેવી સ્ફુર્તિ આવી ગઈ. એક હાથણી ઉપર યોગી મહારાજ બિરાજ્યા અને બીજી ઉપર ભક્તિપ્રિય સ્વામી બિરાજ્યા. સર્વત્ર તેજ તેજ થઈ ગયું. યોગી મહારાજે ભૂપતભાઈ સામે દિવ્ય સ્મિત કર્યું અને બંને હાથણીઓ ક્ષણભરમાં અક્ષર મંદિરના દરવાજા તરફ થઈ અંતરીક્ષમાં અદશ્ય થઈ ગઈ !

વહેલી સવારે ભૂપતભાઈએ પોતાને થયેલા આ સ્વપ્નની વાત મંદિરના સંતો તેમજ દાજીબાપુ, કોઠારી છગનભાઈ, રાયસાહેબ વગેરે સૌને કરી. તેઓ સૌ આશ્ચર્ય પામ્યા, કારણ કે ડોસા સ્વામીની બીમારી ગંભીર ન હતી.

ભૂપતભાઈને તો આ દર્શનથી પ્રતીતિ આવી ગઈ અને કહેવા લાગ્યા કે 'આજે આ સ્વામી ધામમાં જશે. નહીંતર આવું સ્વપ્ન કેમ આવે ?'

બન્યું પણ એવું કે બરાબર સવારે ૯-૦૦ વાગે ભક્તિપ્રિય સ્વામીએ હસતાં, બોલતાં દેહ મૂક્યો. સૌને સ્વપ્નના રહસ્યનો ખ્યાલ આવ્યો અને આવા મંગલ મૃત્યુ માટે ભક્તિપ્રિય સ્વામીનાં સેવા તથા સદ્‌ભાગ્ય પણ વખાણ્યાં.

✧

યોગી મહારાજે મુંબઈમાં 'સ્વામીની વાતો'ના ત્રીજા પ્રકરણની અદ્‌ભુત

પારાયણ કરી. પૂર્ણાહુતિ બાદ સૌ સુરત, અમદાવાદ થઈ જળઝીલણીના ઉત્સવે સારંગપુર પધાર્યા.

નિયમ મુજબ યોગી મહારાજે શરદ પૂનમ ગોંડલમાં ઊજવી. શાસ્ત્રીજી મહારાજ અત્રે એક દિવસ રોકાયા. તેમાં ગોંડલના જૂના મંદિરે તથા કૈલાસ બાગ વગેરે પ્રસાદી-સ્થાનોએ દર્શને ગયા. ચંદુભાઈ વિદ્યાધિકારી દર્શને આવ્યા અને 'ભગવદ્‌ગોમંડલ'નું વિરાટ કાર્ય ઉપાડ્યું છે તે વાત કરી. શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજને વિનંતી કરી કે 'તેના કાર્યાલયમાં આપ પધરામણી કરો.' તેથી સંતોને સાથે લઈ શાસ્ત્રીજી મહારાજ કાર્યાલયમાં પધરામણીએ ગયા.

'જા, જોગીનો ફોટો પાડ !'

શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં વિરાજમાન હતા. સંવત ૨૦૦૫ના આસો વદ પડવા(સને ૧૯૪૯)નો દિવસ હતો. સારંગપુરમાં હનુમાનજીના શતવાર્ષિક પાટોત્સવને બે જ દિવસ બાકી હતા. તેથી હરિભક્તોનો ખૂબ ધસારો હતો. આજે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સભામંડપમાં ગાદી-તકિયે બેસી થોડા હરિભક્તો સાથે જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યા હતા. એવામાં ભાવનગરથી ગોપીનાથભાઈ આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજને પ્રણામ કરી તેમણે કહ્યું : 'સ્વામી ! મારે આપનો ફોટો પાડવો છે.'

શાસ્ત્રીજી મહારાજે તરત જ આજ્ઞા કરી : 'જા, જોગી મહારાજનો ફોટો પાડ.'

ગોપીનાથભાઈ સીધા ભંડારમાં પહોંચ્યા. યોગીજી મહારાજ ઠાકોરજીના થાળની તૈયારી કરતા હતા. ગોપીનાથભાઈએ જઈને કહ્યું : 'સ્વામી ! તમારો ફોટો પાડવો છે.'

યોગીજી મહારાજે કહ્યું : 'ના, આપણો ફોટો હોય નહીં. સ્વામીનો (શાસ્ત્રીજી મહારાજનો) પાડો.'

'પણ સ્વામી ! શાસ્ત્રીજી મહારાજે જ મને આજ્ઞા કરી છે કે જોગી મહારાજનો ફોટો પાડ.' આટલું કહ્યું ત્યાં તો યોગીજી મહારાજ બધું જ કામ પડતું મૂકીને બહાર આવી ગયા અને કહે : 'તો તો ચાલો.'

ગોપીનાથભાઈને યોગીરાજનું આજ્ઞાપાલનનું તાન એમના રૂંવે રૂંવે ઊભરાતું દેખાયું. ગોપીનાથભાઈએ સભામંડપની બહાર આવી યોગીજી

મહારાજને 'અક્ષર ઈલેક્ટ્રિક પાવર હાઉસ' પાસે ઊભા રહેવા વિનંતી કરી અને ત્યાં જ ફોટો પાડ્યો.

આજ્ઞાપાલન યોગીરાજનો જીવનમંત્ર હતો. એ વાતની સાક્ષીરૂપ આ છબી વચનપાલનમાં ક્ષણનો પણ વિલંબ ન કરવાની પ્રેરણા યુગોપર્યંત આપતી રહેશે.

'યે તો વિઠોબા હૈ'

આસો વદ ત્રીજના[૮૬] રોજ સારંગપુરમાં હનુમાનજીનો શતવાર્ષિક પાટોત્સવ ઊજવાતો હોઈ ગઢડાના કોઠારી વીરસંગ ભગતે શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી સહકાર માગ્યો હતો. વળી, ઉત્સવમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું હતું. તેથી સૌ આ સમૈયામાં પધાર્યા. કોઠારી નારાયણસ્વરૂપદાસે શાસ્ત્રીજી મહારાજની મરજી મુજબ જૂના સંપ્રદાયના તમામ હરિભક્તોની ખૂબ સંભાળ રાખી. હજારો ભક્તો આવ્યા હતા, જેમાં નંદાજી પણ હતા.

નંદાસાહેબ સાથે તેમનો શંકર નામનો જૂનો મહારાષ્ટ્રીયન ડ્રાઈવર પણ આવ્યો હતો. તેણે સંતોની ઘણી સેવા કરી હતી. આ સમૈયા દરમ્યાન એકાએક તેના પેટમાં દુખાવો ઊપડ્યો. તેની વેદનાથી તે સભામંડપની વચ્ચે બૂમો પાડતો પેટ પર હાથ રાખી કણસવા લાગ્યો.

સમૈયાની આટલી મોટી જન-મેદનીમાં કોણ કોની સંભાળ લે ? પણ યોગી મહારાજને ખ્યાલ આવી ગયો. તેઓ નાથા ભગતને લઈ મંડપમાં આવ્યા અને વહાલથી પૂછ્યું : 'પેટમાં દુ:ખે છે ?' પછી કહે : 'નાથા ભગત ! તેલ લાવો.'

તેઓ તેલ લાવ્યા ત્યાં સુધી યોગી મહારાજે તેને હૈયાધારણ આપી : 'હમણાં મટી જશે... સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલવું...'

પછી તેલ આવ્યું, એટલે હળવે હાથે તેના પેટ પર જાતે માલિશ કરવા લાગ્યા ! થોડી ક્ષણોમાં તો શંકરની પીડા શમી ગઈ અને આનંદથી યોગી મહારાજનો હાથ પકડી આજુબાજુના ભક્તોને સંબોધી કહેવા લાગ્યો : 'સુનો, સુનો, યે તો વિઠોબા હૈં, વિઠોબા કિતને કિરપાલુ હૈં, કિતને દયાલુ હૈં... મેરા દરદ ગુમ કર દિયા. છોટા સા માનુષ પર બહોત કરુણા કર દી.' કોઈ સાંભળે ન સાંભળે તેની જાણે તેને પડી ન હતી. તે તો બોલતો જ રહ્યો : 'યે તો વિઠોબા હૈં...'

યોગી મહારાજ હસતાં હસતાં ત્યાંથી સેવામાં જતા રહ્યા અને સાંજે તેને યાદ કરી ખીચડી-કઢી જમાડવાની વ્યવસ્થા કરી. આ હજારો હરિભક્તોની

---

૮૬. તા. ૧૦-૧૦-૧૯૪૯.

ભીડમાં પણ 'જોગી'ના પ્રેમનો સ્પર્શ પામેલો આ શંકર એ વહાલ અને એ વખત કેમ ભૂલી શકે ?

આ પાટોત્સવ નિમિત્તે મહુવાના મોહનભાઈ અમૃતભાઈ સારંગપુર આવ્યા. ઊતર્યા જૂના મંદિરમાં, પણ નવા મંદિરે જમવાની વ્યવસ્થા સારી તેથી તેઓ ત્યાં જમવા માટે ગયા. અહીં યોગી મહારાજનાં દર્શન કરીને જ શાંતિનો અનુભવ થયો. યોગી મહારાજે તેમને પરિચય પૂછ્યો અને ખૂબ હેત-પ્રેમ કરી જમાડ્યા. પછી શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ ગયા અને 'મહુવાના છે' એમ પરિચય આપ્યો. શાસ્ત્રીજી મહારાજ પણ 'મહુવાના' જાણી ખૂબ રાજી થયા. શાસ્ત્રીજી મહારાજની પ્રતિભા અને યોગી મહારાજનાં હેત તેમજ ધબ્બાથી તેઓ દિવ્ય અનુભૂતિ પામ્યા. આથી તેમને જૂના મંદિર તરફથી ઘણો વિરોધ થયો છતાં લેશપણ ભાવફેર ન થયો.

✧ ✧ ✧

કારતક પૂનમના સમૈયે બોચાસણ પધારી ગઢડા મંદિરનો ખાત વિધિ ક્યારે કરવો તે નિર્ણય શાસ્ત્રીજી મહારાજે લીધો. પછી અમદાવાદ, સારંગપુર થઈ ગઢડામાં ઘેલા કાંઠે પ્રાસાદિક ટેકરા ઉપર અક્ષરપુરુષોત્તમના સંગેમરમરના ભવ્ય પ્રાસાદનો ખાત વિધિ[૮૭] થયો. જેમાં ભાવનગરના દરબાર કૃષ્ણકુમાર-સિંહજી પણ ઉપસ્થિત હતા.

અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજનો ૮૬મો જન્મ જયંતી મહોત્સવ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાયો.[૮૮] વડોદરામાં પ્રસિદ્ધ મૂર્તિકાર કોલ્હાટકરને ત્યાં પધરામણી કરી ચાણસદ પધાર્યા.

નિર્ગુણદાસ સ્વામીની તબિયત ખૂબ જ બગડી હતી. તેથી તેમને મુંબઈ લઈ જવાનો શાસ્ત્રીજી મહારાજે નિર્ણય કર્યો. અહીં સૌ નંદાજીને બંગલે ઊતર્યા. નિર્ગુણ સ્વામીની સારવાર માટે ખૂબ સારી વ્યવસ્થા થઈ. યોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા મુજબ હરિભક્તોને 'વચનામૃત', 'સ્વામીની વાતો' સંભળાવે અને આનંદ કરાવે.

એક દિવસ સભામાં શાસ્ત્રીજી મહારાજે વાત કરી : 'જુદી સમજણ હોય તેવાની સાથે ક્રોધ કરવાથી કે વાદ-વિવાદ કરવાથી તેને જ્ઞાન સમજાઈ જતું નથી. તે તો હેત વધારવાથી અને ધીમે ધીમે સમજણ પાડવાથી થાય છે. જુઓને, જોગી મહારાજની રીતભાત, પ્રેમ તથા સેવાભાવ જ એવા કે ગમે

૮૭. તા. ૧૬-૧૧-૧૯૪૯. ૮૮. તા. ૨૩-૧-૧૯૫૦.

તેવાને હેત થાય છે અને તે પછી તેઓ વાત કરે તે સમજાય છે. માટે બહુ મોટું મન રાખવું. શાંતિ રાખવી. સેવાભાવ રાખવો. પ્રેમ રાખવો. અને વાત કહેતાં આકળા કે ઉતાવળા ન થઈ જવું.'

'જોગી મહારાજમાં અમે આવી ગયા'

અહીં શંકરલાલ સૉલિસિટરની તબિયત નાદુરસ્ત હોઈ શાસ્ત્રીજી મહારાજ તેમના ઘેર પધારવાના છે એ વાત સાંભળી, ધીરૂભાઈ ભટ્ટે પોતાના ઘેર પણ પધારવા શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી. શાસ્ત્રીજી મહારાજે તેમની વાત શાંતિથી સાંભળીને કહ્યું : 'ભલે અમે આવીશું.'

સભા સમાપ્ત થઈ એટલે ધીરૂભાઈ ભટ્ટને પાસે બોલાવીને શાસ્ત્રીજી મહારાજે ગાદી નીચેથી એક પત્ર કાઢીને વાંચવા આપ્યો. અમદાવાદથી ચંપકલાલ શેઠે પત્રમાં લખ્યું હતું : 'કોઈએ શાસ્ત્રીજી મહારાજની પધરામણી કરાવવા આગ્રહ રાખવો નહીં, પરંતુ એમની આજ્ઞાથી યોગી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીને પધરામણીએ લઈ જવા.'

આ વાંચીને ધીરૂભાઈ કહે : 'આપ જેમ કહો તેમ કરું.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'જોગી મહારાજને લઈ જાવ. અમે એમાં જ આવી ગયા.' પછી યોગી મહારાજે ધીરૂભાઈના ઘરે પધરામણી કરી. તેઓ ખૂબ રાજી થયા.

આશ્ચર્ય તો એ કે આ બનાવ પછી યોગી મહારાજ જ્યારે જ્યારે પણ તેમને ઘેર પધરામણીએ આવતા ત્યારે કહેતા : 'આ ઘર તો શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીનું છે.' જો કે તેમને ઘેર શાસ્ત્રીજી મહારાજ તો પધરામણીએ પધાર્યા જ ન હતા ! યોગી મહારાજનો આમ કહેવાનો આશય એ જણાતો કે તેઓ અને શાસ્ત્રીજી મહારાજ એ બંનેમાં જરાપણ ભેદ ન હતો.

મુંબઈના તત્કાલીન ગૃહપ્રધાન મોરારજી દેસાઈ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા.[૮૯] યોગી મહારાજે 'સ્વામીની વાતો' બોલી સત્સંગ-લાભ આપી ઉપસ્થિત પ્રતિષ્ઠિતોને રાજી કર્યા.

'આવો જોગી ! મળીએ'

મુંબઈના હરિભક્તોએ સારી સેવા કરી હતી. શાસ્ત્રીજી મહારાજ રાજી

---

૮૯. તા. ૨૮-૨-૧૯૫૦.

થયા ત્યારે એમણે ચંદન ચર્ચી ભેટવાનો ભક્તોનો ભાવ પૂરો કર્યો.

યોગી મહારાજ તો આ દિવ્ય દર્શન કરતાં ગુલતાન બનીને એક ખૂણામાં ગદ્ગદભાવે ઊભા હતા.

શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેના અદમ્ય આકર્ષણમાં સૌ હરિભક્તો પણ ગુલતાન થઈ ગયા હતા. એ ક્ષણે શાસ્ત્રીજી મહારાજનાં હૃદયરૂપ કે સર્વસ્વ કહેવાય એવા યોગી મહારાજને બોલાવવાનું તો સૌ વીસરી ગયા હતા !

શાસ્ત્રીજી મહારાજ સર્વે સંતો-હરિભક્તોને મળી રહ્યા પછી યોગી મહારાજ તરફ જોઈને હસતાં હસતાં અંતરના ઉમળકાથી બોલ્યા : 'આવો જોગી ! મળીએ.'

આ સાંભળી સૌ ભોંઠા પડી ગયા. પસ્તાઈ રહ્યા. મનમાં ને મનમાં વિચારવા લાગ્યા : 'અહો ! આપણે યોગી મહારાજને જ ભૂલી ગયા ? પ્રેમના અતિરેકમાં તેઓ અહીં જ, આપણી વચ્ચે જ છે તેનો ખ્યાલ આપણને ન રહ્યો ! આપણે તો સામે ચાલીને સ્વામીને મળ્યા, જ્યારે આમને તો સ્વામીશ્રી સામેથી બોલાવે છે. રાજીપાનો મેળાપ તો આ જ લાગે છે !'

યોગી મહારાજ ઊભા થયા, પાસે આવ્યા અને સ્વામીશ્રી એમને ભેટી પડ્યા. આ અદ્ભુત-અલૌકિક દૃશ્ય હતું. ગુરુ-શિષ્યના મિલનનો ઉચ્ચતમ પ્રસંગ હતો.

'છો તો એક ને દીસો છો દોય, તેનો મર્મ જાણે જન કોય.'

પૃથ્વી પણ પોતાનાં ધનભાગ્ય સમજી ક્યારેક જ બનતી આવી દિવ્ય ઘટનાથી કૃતાર્થતા અનુભવે છે, તો તેનાં દર્શન કરનાર કેવા મહાભાગ્યશાળી હશે !

ફાગણ વદ એકાદશીએ નિર્ગુણ સ્વામીને અત્રેથી ડૉ. લોંઢેની સારવાર હેઠળ મુંબઈ નજીક પેણની હૉસ્પિટલમાં ખસેડ્યા. તેમની સેવામાં ચતુર્ભુજ સ્વામીને મૂક્યા હતા. હરિજયંતીનો સમૈયો મુંબઈમાં જ ઊજવાયો.

એક દિવસ શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ તથા સંતમંડળ મુંબઈમાં હરિલાલ મગનલાલ ડ્રેસવાળાને ઘરે પધરામણીએ ગયા હતા.[૯૦] તેમણે પૂજન, આરતી પછી વાત કરતાં કહ્યું : 'અમારાં માતુશ્રી અને યોગી મહારાજ પૂર્વાશ્રમમાં સગપણમાં થાય છે. માતુશ્રીનું મોસાળ પણ ધારી હતું.'

આ વાત સાંભળતાં વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ યોગી મહારાજ ધ્રૂજી ગયા. એમણે તરત જ કીર્તન ઉપાડ્યું. શાસ્ત્રીજી મહારાજ મંદ મંદ હસી રહ્યા હતા.

---

૯૦. તા. ૫-૩-'૫૦, મુંબઈનો ફૂલદોલ ઉત્સવ.

દેહ અને દેહના સંબંધી થકી પોતાના ચૈતન્યને જુદો જાણનારા યોગી મહારાજને કોઈ બંધન હતું નહીં. છતાં શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ વર્તવાનો યોગી મહારાજનો કેવો ખટકો ! શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ ૪૪ના વચનામૃતમાં લખે છે : 'દેહ અને દેહના સંબંધીને વિશે અહં-મમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને તે સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.'

અહીંના નિવાસ દરમ્યાન હરિપ્રસાદ ચોકસી, મોરારજી દેસાઈના ભાઈ છોટુભાઈ દેસાઈ, મનુ સૂબેદાર, સરદાર વલ્લભભાઈના પુત્ર ડાહ્યાભાઈ, શેઠ રામસ્વરૂપ બિરલા, શેઠ પ્રબોધનભાઈ જમનાદાસ બજાજનો પરિવાર વગેરે અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજનાં દર્શન-સમાગમથી ધન્યતા અનુભવી.

બે માસના રોકાણ દરમ્યાન મુંબઈનો સત્સંગ પણ વેગવંતો બન્યો હતો.

અહીંથી અટલાદરા[૯૧] પધાર્યા. અહીં મોતીભાઈ નાથાભાઈ પ્રજાપતિને યોગી મહારાજનો યોગ થયો.

તેઓ પ્રથમ મૂળી મંદિરમાં ધ્યાની સ્વામી પાસે ગયેલા, પરંતુ ધ્યાની સ્વામી વિશેષ ધ્યાનમાં રહેતા તેથી વચનામૃતની બહુ વાતો કરતા નહિ. મોતીભાઈએ પ્રાર્થના કરી : 'સ્વામી ! આપ ધ્યાનમાં વિશેષ રહો છો. મેં સાંભળ્યું છે કે વચનામૃતમાં અદ્‌ભુત રહસ્યજ્ઞાન ભરેલું છે. તો આપ વચનામૃત સમજાવો. મારે વચનામૃત સમજીને શ્રીજીમહારાજે આપેલું જ્ઞાન પ્રાપ્ત કરવું છે.'

ત્યારે ધ્યાની સ્વામીએ આસપાસ જોઈને ધીરેથી કહ્યું : 'તારે વચનામૃતનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો બોચાસણમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પાસે જા. તને વચનામૃતનું જ્ઞાન પ્રાપ્ત થશે. અને તેમના મંડળમાં બીજા સાધુ જોગી સ્વામી છે, તેમની પાસે મળે તેમ છે.'

તેથી તેઓ અહીં આવ્યા હતા. તેમને ધીરે ધીરે હેત થયું. એમની કૃપાથી વચનામૃતનું અક્ષરપુરુષોત્તમનું દિવ્ય અલૌકિક જ્ઞાન તેમને સમજાવા લાગ્યું. આજીવન તેઓ અક્ષરપુરુષોત્તમના ચુસ્ત ઉપાસક બની રહ્યા.

સૌના ઓશિયાળા !

ગોંડલમાં વૈશાખ સુદ દશમના[૯૨] પાટોત્સવના સમૈયા પછી યોગી

---

૯૧. તા. ૩૦-૩-'૫૦. ૯૨. તા. ૨૭-૪-'૫૦.

મહારાજને આજુબાજુના વેકરી, ચરખડી, પડવલા, મેવાસા વગેરે ગામોમાં ધર્માદો ઉઘરાવવા જવું હતું. કોઠારી હરિજીવનદાસને કહ્યું : 'ગાડું જોડી દ્યો.'

કોઠારી કહે : 'ગાડું નવરું નથી.'

પછી ફરીથી વિનંતી કરી : 'ભૂતિયા કોઠા (ગોંડલની હદ) સુધી ગાડું મોકલો તો સારું.'

છેવટે કોઠારીએ ત્યાં સુધી ગાડું મોકલ્યું. ત્યાં વડ નીચે યોગી મહારાજ બેઠા. સાથે નાનજીભાઈ હતા તેમને કહ્યું : 'આ સડક ઉપરથી ગાડાં નીકળે તેને કહો - બે સાધુને વેકરી જાવું છે તો આપણને લઈ લે.'

ઘણાં ગાડાવાળાને કહી જોયું પણ કોઈએ હા ન પાડી. છેવટે થાકીને નાનજીભાઈએ પોણા બે રૂપિયામાં મોટર ભાડે કરી. યોગી મહારાજ તેમના આવા ભાવથી રાજી થયા અને વેકરી પહોંચ્યા.

અક્ષર મંદિરના મહંત હોવા છતાં યોગી મહારાજને હંમેશાં કોઠારીના ઓશિયાળા થઈને રહેવું પડતું. હંમેશાં દાસભાવે રહેતા આ સંતને કોઈ વિષે ફરિયાદ નહોતી. એમની આ અતિ સાધુવૃત્તિનો લાભ લઈ કેટલાય સંતો એમને દબાવતા રહેતા. જો કે એમને સૌના ઓશિયાળા રહેવામાં જાણે આનંદ આવતો ! નાનજીભાઈએ ટાણાંની સેવા કરી યોગી મહારાજને રાજી કરી લીધા.

દેવચડીમાં જૂનું મંદિર હતું, તે નવેસરથી કર્યું. પ્રતિષ્ઠા કરવા માટે યોગી મહારાજને બોલાવવા સૌએ વિચાર કર્યો. ભૂરાભાઈ કહે : 'ટોપરું ને સાકર વહેંચી, મૂર્તિ પધરાવી દઈએ.' ત્યારે નાનજીભાઈએ પોતાનો વિચાર જણાવ્યો : 'ગોંડલથી યોગી મહારાજને બોલાવીને તેમના વરદ હસ્તે ઠાકોરજી પધરાવવા છે અને ગામ-ધુમાડો બંધ કરવો છે.'

આ અરસામાં યોગી મહારાજ વેકરી થઈ દેવચડી પધાર્યા. પ્રતિષ્ઠાની વાત જાણી ત્યારે બધાની પરીક્ષા લેવાતી હોય તેમ યોગી મહારાજે પૂછ્યું : 'તમારો શો વિચાર છે ?'

સર્વેએ મળી કહ્યું : 'ગામધુમાડો બંધ કરવો છે.'

એ સાંભળી તેઓ બહુ રાજી થયા. યોગી મહારાજને સૌને જમાડવામાં બહુ આનંદ આવતો. પછી યોગી મહારાજે એક ખાંડી ઘઉં, પાંચ મણ કમોદ (ચોખા) અને ગોળ-ઘી વગેરે સીધા-સામગ્રીની યાદી જાતે લખી આપી !

નારણજી મહારાજના દીકરા ભાઈશંકરને બોલાવ્યા ને ચોખ્ખા ઘીની સુખડી બનાવી.

વૈશાખ વદ ચોથને દિવસે[૯૩] ધામધૂમથી પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. ગામધુમાડો બંધ કરવામાં આવ્યો. યોગી મહારાજનું વાજતે-ગાજતે સામૈયું કર્યું. આસપાસનાં ગામડાંઓમાંથી પણ ઘણા હરિભક્તો પ્રતિષ્ઠાનો લાભ લેવા માટે આવ્યા. શાસ્ત્રીજી મહારાજે પોતે ન આવી શકવા બદલ દિલગીરી વ્યક્ત કરી. અને યોગી મહારાજને આજ્ઞાપત્ર લખ્યો કે તમારા હાથે પ્રતિષ્ઠા કરી દેજો.

પ્રતિષ્ઠા નિમિત્તે હરિયાગ થયો. ગોંડલથી હરિજીવનદાસ સ્વામી તથા હરિકૃષ્ણદાસ સ્વામી વગેરે સંતો આવ્યા. પ્રતિષ્ઠા બાદ કથાવાર્તાનો લાભ લઈ સૌને પ્રસાદ લઈને જ જવા માટે યોગી મહારાજે આદેશ આપ્યો હતો.

ઘણા હરિભક્તો જમ્યા, પરંતુ સુખડી ખૂબ વધી. યોગી મહારાજની આજ્ઞાથી બધે વહેંચવામાં આવી તોપણ વધી.

સાંજે ગામમાં પધરામણીઓ કરી શિવરાજગઢ પધાર્યા. અહીં હરિમંદિર કરવાનું હોઈ તેનો ખાત વિધિ યોગી મહારાજના હસ્તે કરવામાં આવ્યો.

ગામડે ફરી યોગી મહારાજ રાજકોટ પધાર્યા. અહીં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં વિજ્ઞાનદાસ સ્વામીના શિષ્યો પુરુષોત્તમ ભગત તથા અંબારામ ભગત રહેતા હતા. પુરુષોત્તમ ભગતને શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજ પ્રત્યે બહુ ભાવ નહીં. તેઓ આવે ત્યારે ઉપર ઉપરથી ભાવ બતાવે.

યોગી મહારાજને અહીં સખત ઝાડા થઈ ગયા. તેથી વારંવાર નાહવા જવું પડતું. એ વખતે કંથારિયાના ખોડુભા બાપુના દીકરા દિલાવરસિંહ તથા ટપુભા ત્યાં અભ્યાસ માટે રોકાયા હતા. તેઓ યોગી મહારાજને નાહવા માટે ગરમ પાણી કરી આપતા. જો કે યોગી મહારાજ તેમને વારતા કે ટાઢે પાણીએ નાહી લેશું. પણ આ બંને યુવકોને ભાવ તેથી ગરમ પાણી કરવા જાય. ત્યારે પુરુષોત્તમ ભગત ખિજાય અને પાણી ગરમ કરવા ન દે અને કહે : 'સાધુને વળી ગરમ શું ? ટાઢે પાણીએ નાહી લો.'

યોગી મહારાજ તો કાંઈ બોલ્યા વિના નાહી લે. સ્નાન કરવા બેસે ત્યારે હંમેશાં એમને 'મહારાજ ના'વ, સ્વામી ના'વ' એમ બોલવાની ટેવ. પરંતુ જો ક્યારેક મનમાં સ્મરણ કરતાં સ્નાન કરતા હોય ત્યારે પુરુષોત્તમ ભગત દ્વેષથી કહેતા : 'જોગી ! મૂંગા કેમ ના'વ છો ? સ્મરણ કરતા નાહતા નથી તે લોહીથી નહાય છે. માટે લોહીથી ન ના'વું, પાણીથી ના'વું.'

યોગી મહારાજ તેમના કટાક્ષને સરળતાથી ગળી જતા અને મોટેથી ફરી

---

૯૩. સવત ૨૦૦૬. તા. ૫-૫-'૫૦.

બોલવા લાગતા : 'મહારાજ ના'વ, સ્વામી ના'વ.' વિજ્ઞાનદાસ સ્વામીનો વારસો તેમના શિષ્યોએ પણ એ જ રીતે જાળવ્યો હતો.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની પ્રમુખપદે વરણી

'જેના વેરી ઘાવ વખાણે' એ અનુસાર ટોચની અવસ્થાએ પહોંચેલું ભક્ત-ભગવાનની ઉપાસનાનું જ્ઞાન પ્રવર્તાવી, અક્ષરપુરુષોત્તમના કીર્તિગાન કરતાં મંદિરો સર્જી, યુગલ ઉપાસનાના પાયા પાતાળે નાખી શાસ્ત્રીજી મહારાજે ગુણાતીત જ્ઞાનનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. પોતાની વૃદ્ધાવસ્થામાં જ સંસ્થાના દૂરનાં ભાવિના વહન માટે એક સમર્થ સુકાની થવા અવતરેલા, સાધુગુણ-સંપન્ન યુવાન વયના એક તેજસ્વી સંત ઉપર એમનો કૃપા-કળશ ઢળ્યો અને જેઠ સુદ ચોથના શુભ દિવસે[૯૪] અમદાવાદ, આંબલીવાળી પોળના મહાપ્રસાદીના મંદિરમાં શાસ્ત્રીજી મહારાજના પ્રમુખપદે સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની જનરલ મિટિંગ મળી હતી, જેમાં યોગી મહારાજ, અક્ષરપુરુષોત્તમદાસજી, શા. નારાયણસ્વરૂપદાસજી, હરિજીવનદાસજી, અક્ષરસ્વરૂપદાસજી, ભક્તિવલ્લભ-દાસજી, ધર્મવલ્લભદાસજી, શા. પુરુષોત્તમચરણદાસજી, સોમા ભગત વગેરે સંતો-પાર્ષદો તથા શેઠ ચંપકલાલ બેંકર, આશાભાઈ, વિનાયકરાવ સાહેબ, હિરાભાઈ ચતુરભાઈ, મથુરભાઈ પટેલ, રામચંદ્ર ઠાકર, છગનભાઈ નારણભાઈ, ભાઈચંદભાઈ, મોતીભાઈ પટેલ, રામજીભાઈ ખત્રી, સીદીભાઈ સાહેબ, ગિરધરભાઈ પટેલ વગેરે હરિભક્તો ઉપસ્થિત હતા. સેક્રેટરી રસિકભાઈએ ગઈ મિટિંગનો અહેવાલ તથા સૂચના-પત્ર વાંચી સંભળાવ્યું.

પછી પોતાની તથા યોગી મહારાજની વચ્ચે નાનકડા કાંતિમાન સંત શા. નારાયણસ્વરૂપદાસજીને બેસાડી શાસ્ત્રીજી મહારાજે સભાને સંબોધતાં કહ્યું : 'જેમ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની ઉંમરમાં ગાદી સોંપી હતી, તેમ હું પણ આજથી મારી પ્રમુખ તરીકેની જગ્યાએ મારા સ્થાને સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું. તેમની ઉંમર નાની છે છતાં ગુણ ભારે છે. તો તમો તમામ સંત-હરિભક્તો તેમના આ જવાબદારીભર્યા સ્થાનને દીપાવવા તેમને સહકાર આપશો. વળી, અત્યાર સુધી તમો સૌ જેમ મારી આજ્ઞા પાળતા હતા, તેમ હવેથી આ સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપ-દાસજીની આજ્ઞામાં રહેજો...' એમ કહી પોતાની પાસેની ચાદર એમણે

---

૯૪. તા. ૨૧-૫-૧૯૫૦.

નારાયણસ્વરૂપદાસજીને ઓઢાડી.

પછી તેમને સંબોધીને કહે : 'આ જોગી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે. તેમની છત્રછાયામાં રહી તમારે સત્સંગ દીપાવવાનો છે.'

પછી યોગી મહારાજને કહેવા લાગ્યા : 'જોગી મહારાજ ! આ નારાયણ સ્વામીને જાળવજો. આજે એમને આશીર્વાદ આપો કે તમારા જેવા ગુણ એમનામા આવે.'

યોગી મહારાજે પણ આશીર્વાદ આપ્યા. નારાયણસ્વરૂપદાસજીએ પણ હરિભક્તોના પૂજન બાદ ગુરુવર્ય તથા યોગી મહારાજને દંડવત્ કરી ગદ્ગદ ભાવે સભાને સંબોધી. તેમણે કહ્યું : 'આજના મંગલ દિવસે હું મારા અંતઃકરણથી ગુરુહરિને પ્રાર્થના કરું છું કે મારામાં જો કાંઈ શક્તિ અગર જ્ઞાન હોય તો તે આપનું જ આપેલું છે. અત્યાર સુધીનું મારું ત્યાગાશ્રમનું જીવન આપશ્રીની સેવામાં મેં વીતાવ્યું છે. હવે આ ભગીરથ સેવા કરવાની જે આજ્ઞા આપે મને કરી છે, તે માટે સંપૂર્ણ શક્તિ અને બળ મને આપશો.'

આ વિનમ્રતાના સૂર સૌનાં હૃદયમાં ગૂંજવા લાગ્યા. સહુ સંતો-હરિભક્તોએ આ પ્રસંગને આનંદથી વધાવી લીધો. શાસ્ત્રીજી મહારાજ પણ પ્રસન્ન થયા અને કહ્યું : 'આજે મને શાંતિ થાય છે, કારણ કે તમે સૌ સંપ અને એકતાથી આ સત્સંગની અભિવૃદ્ધિ કરશો.'

છેલ્લા ચાર દિવસથી શાસ્ત્રીજી મહારાજ કશું જ જમ્યા ન હતા, પણ આજના પ્રસંગથી સંતોષ પામી થોડો રસ અંગીકાર કર્યો.

બાદ યોગી મહારાજ વિચરણ કરી ગોંડલ પધાર્યા.

બીજે જ દિવસે ઘણા જ આઘાતજનક સમાચાર આવ્યા કે નિર્ગુણદાસ સ્વામી ધામમાં પધાર્યા છે. યોગી મહારાજ અત્યંત ગમગીન બની ગયા. ધૂન કરી. પોતાના ગુરુબંધુ અને સત્સંગની અતિશય ટેક અને પક્ષની દૃઢતાને કારણે હજારોના લાડીલા, વળી આફ્રિકાના સત્સંગને નિરંતર પ્રેરણાપીયૂષ પાનાર આ સંતવર્યની કદાપિ ન પૂરી શકાય તેવી ખોટ પડી હતી. યોગી મહારાજે ગોંડલમાં તેમના અક્ષરવાસ નિમિત્તે પારાયણનો પ્રારંભ કરાવ્યો. વળી, પોતાની લાગણીઓને 'સ્વામિનારાયણ પ્રકાશ' માસિકમાં સ્મરણાંજલિ રૂપે વ્યક્ત કરતાં લખ્યું : 'આપનો મારા પ્રત્યેનો અપાર સ્નેહ જીવનભર ભુલાય તેમ નથી. અનેક પ્રસંગમાં આપની શૂરવીરતા, નિર્માનીપણું અને સત્સંગ-વૃદ્ધિ માટે અજોડ મમત્વ આપના વગેરે દૈવી ગુણો હર વખતે યાદ આવે છે.'

'યોગી મહારાજ દ્વારા મહારાજ સુખ આપશે'

ત્યારબાદ નિર્ગુણ સ્વામીના અક્ષરવાસ નિમિત્તે યોજાયેલી 'સત્સંગિજીવન'ની પારાયણમાં અમદાવાદ પધાર્યા.

નંદાજી અત્રે શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા અને દિલ્હી પધારવા માટે એમને અત્યંત આગ્રહભરી વિનંતી કરી. તેમના ભક્તિભાવથી પ્રસન્ન થઈને શાસ્ત્રીજી મહારાજ કહે : 'હવે તો જોગી મહારાજને લઈ જજો. તેમાં હું આવી ગયો. હવે તો જોગી મહારાજ દ્વારા મહારાજ સુખ આપશે.'

એ પછી શાસ્ત્રીજી મહારાજે યોગી મહારાજ તથા આશાભાઈ વગેરેને નંદાજીને સમાગમનો લાભ મળે તે હેતુથી દિલ્હી મોકલ્યા. જાણે સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ પધાર્યા હોય અને અક્ષરધામનું દિવ્ય સુખ પ્રાપ્ત થાય, એ જ સુખ, આનંદ અને શાંતિ નંદાજી તથા તેમનાં સર્વે કુટુંબીજનોને અને મિત્રોને અનુભવાયાં. શાસ્ત્રીજી મહારાજ બોલ્યા હતા : 'જોગી મહારાજ દ્વારા મહારાજ સુખ આપશે.' એમ જ થયું.

યોગી મહારાજ દિલ્હીથી પધાર્યા અને સીધા જ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને સારંગપુર ગયા. શાસ્ત્રીજી મહારાજને નંદાજીના સર્વે સમાચાર આપ્યા. તે જાણી શાસ્ત્રીજી મહારાજ અત્યંત રાજી થયા. યોગી મહારાજને બે દિવસ રોક્યા. અખંડ યાદ કરીને પોતાની પાસે બેસાડે. જોગી મહારાજ જરાપણ આઘાપાછા જાય એટલે તેમને જોવા માટે આંખ ચકળવકળ થાય અને આસપાસ જોવા માંડે.

'આ નારણદાસ તમને સોંપ્યા'

બે દિવસ રોકાઈને યોગી મહારાજે ગોંડલ જવા રજા માગી અને દંડવત્ કરી પગે લાગ્યા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને સામા બે હાથ જોડ્યા અને કહ્યું : 'સ્વામીના સ્થાનમાં જાઓ છો તો સ્વામી, ભગતજી મહારાજ અને જાગાભક્ત સ્વામીને અમારા વતી પ્રાર્થના કરજો અને દયાભાવ રાખજો.'

પછી કહે : 'હવે તો મહારાજ ધામમાં તેડી જશે... માટે આ નારણદાસ તમને સોંપ્યા અને મંદિરો તમામ પણ તમને સોંપ્યાં, તો ધ્યાન રાખજો.'

યોગી મહારાજ તો આર્દ્ર બની ગયા. એમને પણ શાસ્ત્રીજી મહારાજથી વિખૂટું પડવું ગમતું ન હતું, પરંતુ શાસ્ત્રીજી મહારાજે જ એમને અક્ષર મંદિરની જવાબદારી સોંપી હતી, તેથી જવું જરૂરી હતું. તેઓ રાત્રે ગોંડલ જવા નીકળ્યા.

બીજે દિવસે યોગી મહારાજને સંભારીને શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'અહો ! જોગી જેવા સાધુ અનંત કોટિ બ્રહ્માંડમાં નથી.' એટલું કહીને પ્રમુખ સ્વામીને બોલાવીને કહ્યું : 'જોગી મહારાજની આજ્ઞામાં રહેજો.'

વળી, ફરી વાર બોલ્યા : 'બીજાને તો ઓરડાની બહાર જવાનું કહીએ ત્યારે આઘાપાછા થાય પણ જોગી મહારાજ તો ઈશારામાં સમજી જાય અને તરત બહાર જતા રહે. અમારી અનુવૃત્તિ ચાલીસ વર્ષથી અખંડ પાળતા આવ્યા છે. એવા એ મરજીના જાણનારા છે.'

અષાઢી પૂનમના સમૈયે સંતમંડળો અમદાવાદમાં એકત્ર થયાં. જેમાં યોગી મહારાજ પણ પધાર્યા હતા.

સવારથી વરસાદ ખૂબ સારો હતો છતાં હરિભક્તોએ તેની પરવા કર્યા વિના કથાવાર્તા તથા ગુરુપૂજનનો લાભ લીધો. રસિકભાઈએ આફ્રિકા મંડળ અને શ્રીનગર વતી યોગી મહારાજને પ્રાર્થના કરી, તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજનું વિધિવત્ પૂજન કર્યું અને બંને મંડળો વતી ઠાકોરજીને આગળ રાખી આરતી ઉતારી. શાસ્ત્રીજી મહારાજે રાજી થઈ આશીર્વાદ આપ્યા. પ્રમુખસ્વામી તથા નારાયણજી મહારાજ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા.

'જોગી મહારાજ અને મારામાં રોમમાત્રનો ફેર નથી'

અટલાદરા જન્માષ્ટમીનો સમૈયો ખૂબ સારો ઊજવાયો. હરિભક્તો વિખરાયા. શાસ્ત્રીજી મહારાજ અત્રે જ રોકાવાના હતા.[૯૫]

સવારે કથા પ્રસંગમાં શાસ્ત્રીજી મહારાજે, 'सहसा विदधीत न क्रियाम्...' એ किरातार्जुनीयम्ના શ્લોક ઉપર થોડી વાત કરી. પછી 'अब्धौ विधौ वधूमुखे...' એ શ્લોક બોલીને કહે : 'અમૃત તો સંતપુરુષના કંઠમાં રહેલું હોય છે.' એમ કહી બોલ્યા : 'જોગી મહારાજ અને મારામાં રોમમાત્રનો ફેર નથી. હું તે જોગી ને જોગી તે હું. માટે એમને સેવીને રાજી કરી લેજો.'

પ્રમુખસ્વામી રોજ સવારના સમયે પોતાના મધુર કંઠે હરિલીલામૃતનો આસ્વાદ કરાવતા. એ પારાયણની પૂર્ણાહુતિ પછી યોગી મહારાજ તથા પ્રમુખસ્વામીને સૌરાષ્ટ્રમાં ગોંડલ, સારંગપુર જવાનું હતું, તેથી શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપીને રજા આપી.

યોગી મહારાજના અંતરમાં વરતાલ દર્શન કરીને ગોંડલ જવાની ઇચ્છા

---

૯૫. તા. ૩-૯-'૫૦ થી તા. ૧૭-૯-'૫૦.

હતી. શાસ્ત્રીજી મહારાજ આ જાણી પ્રસન્ન થઈને કહે : 'તમે વરતાલ દર્શન કરીને જજો.' પછી પ્રમુખસ્વામીને કહે : 'તમે પણ જોગી મહારાજ સાથે વરતાલ દર્શન કરીને પછી સારંગપુર જવાનું રાખશો.'

યોગી મહારાજને શ્રીજીમહારાજનાં પ્રસાદી સ્થાનોનો કેવો મહિમા હતો તે શાસ્ત્રીજી મહારાજ જાણતા હતા. અને યોગી મહારાજ પણ દરેક પ્રસંગે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની પ્રથમ આજ્ઞા લેતા અને પછી તે અનુસાર વર્તતા.

શરદ પૂનમ, દિવાળી, અન્નકૂટ ગોંડલ કરી શાસ્ત્રીજી મહારાજ અટલાદરા હોવાથી નિયમની એકાદશી કરવા અમદાવાદ પધાર્યા. કારતક પૂનમનો સમૈયો બોચાસણમાં ધામધૂમથી થયો. પછી કારતક વદ પડવાને દિવસે યોગી મહારાજ અટલાદરા પધાર્યા.[૯૬]

મહેળાવમાં ઐતિહાસિક પારાયણ

અટલાદરા અન્નકૂટોત્સવ પછી થોડા દિવસો સુધી મણિભાઈ સલાડવાળા, રામચંદ્રભાઈ, વિનાયકરાવ ત્રિવેદી, ચંપકલાલ શેઠ, આણંદના રણછોડભાઈ, મોતીભાઈ ભગવાનદાસ, મહેળાવના નારાયણભાઈ આદિ સર્વે હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજે ખૂબ સુખ આપ્યું. યોગી મહારાજ આવ્યા એ જ દિવસે રામચંદ્રભાઈએ શાસ્ત્રીજી મહારાજ પાસે પ્રસ્તાવ મૂક્યો : 'આપની હાજરીમાં જન્મ સ્થાન મહેળાવમાં એવો કાર્યક્રમ ગોઠવો જેથી પ્રગટના સાન્નિધ્યમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો ઉત્સવ થઈ જાય અને બ્રહ્મકિલ્લોલ થાય.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'એ તો નારાયણભાઈના હાથમાં છે. નારાયણભાઈ તમને બધાને લઈ જશે. તમે જજો. મારી તબિયત તો ત્યાં આવવા જેવી સારી નથી અને હું અહીંથી બહાર જઈ શકું તેમ નથી.'

રામચંદ્રભાઈએ ફરી પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા ! આપની સાથે જઈએ અને એકલા જઈએ એમાં ઘણો ફેર પડે. આપ સાથે હો તો ઘણો આનંદ આવે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'એમ હોય તો જોગી મહારાજને સાથે લઈ જજો. જોગી આવશે એટલે હું આવ્યો એમ જ માની લેશો. પણ હું તો નહીં આવી શકું.'

સૌ યોગી મહારાજ પાસે ગયા. તેઓ સભામંડપમાં બિરાજમાન હતા. રામચંદ્રભાઈએ વિગતથી બધી વાત કરી. યોગી મહારાજ ખૂબ રાજી થઈ ગયા

---

૯૬. તા. ૨૫-૧૧-'૫૦.

અને બોલ્યા : 'અહોહોહો ! આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાને દર્શનનો જોગ ક્યાંથી ? ત્યાંની રજમાં આળોટીએ તોપણ ઓછું છે. પણ આપણે તમામ હરિભક્તોને લાભ મળે તે માટે 'સ્વામીની વાતો'નું તથા 'હરિલીલામૃત'નું પારાયણ ત્રણ દિવસનું રાખીએ. ગામેગામ આમંત્રણ મોકલી દઈએ. જેથી બધા હરિભક્તો મહેળાવ આવે ને બધાં તીર્થસ્થાનનાં દર્શનનો લાભ લે.' પછી નારાયણભાઈ સામે જોઈને કહે : 'કેમ નારાયણભાઈ ! બરાબર છે ને ?'

તેમણે કહ્યું : 'હા સ્વામી ! બરોબર છે.'

ત્યારે મણિભાઈ સલાડવાળા કહે : 'તેમનો વ્યવહાર દુબળો છે. અને માથાના વાળ જેટલું દેવું છે, તે હું જાણું છું.'

ત્યારે યોગી મહારાજ હસતાં હસતાં કહે : 'દેવું તો મહારાજ વાળી દેશે. બધાં સારાં વાનાં થઈ જશે. નારાયણભાઈને સુખી કરી દેશે. માટે મહેળાવમાં સર્વોપરી પારાયણ કરવું છે અને ડંકો વગાડવો છે. શાસ્ત્રીજી મહારાજ નારાયણભાઈના બધા સંકલ્પો સિદ્ધ કરશે અને ખૂબ રાજી થશે.'

શરૂઆતમાં ૧૮-૧૨-'૫૦ની તારીખ નક્કી થઈ, પરંતુ આ અરસામાં જ થયેલા સરદાર વલ્લભભાઈ પટેલના અવસાનના કારણે આશાભાઈ વગેરેએ નારાયણભાઈને સમજાવ્યા કે 'આવા મોટા માણસ મૃત્યુ પામ્યા ત્યારે આપણે ઉત્સવ કરીએ તો લોકમાં બહુ ખોટું દેખાય. માટે પારાયણ હાલમાં બંધ રાખવું.'

નારાયણભાઈ યોગી મહારાજ પાસે ગયા, ત્યારે એમણે કહ્યું : 'ધર્મસંબંધી સારું કાર્ય બંધ રખાય જ નહિ. વળી, આપણે તો વલ્લભભાઈ પટેલના આત્માની શાંતિ અર્થે આ પારાયણ કરવું છે.' તેથી પારાયણની તારીખ બદલીને તા. ૨૯-૧૨-'૫૦ના રોજ રાખી આશાભાઈ વગેરે સૌ મોટા હરિભક્તોને પણ રાજી કર્યા.

નારાયણભાઈના ગોતરવા કૂવા નજીકના ખેતરમાં ત્રણ દિવસનું પારાયણ યોજાયું. વિશાળ મંડપમાં હરિભક્તો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. ૫૧ યુવકો સ્વયંસેવકના ગણવેશમાં અને ૧૫ બહેનો સ્વયંસેવિકાના ગણવેશમાં ખડે પગે ઊભાં રહીને તમામ બાઈઓ-ભાઈઓની સેવામાં હાજર રહેલાં. આમ, યોગી મહારાજની પ્રેરણાથી અને નારાયણભાઈના સહકારથી સંસ્થામાં સ્વયં-સેવક પ્રવૃત્તિના શ્રીગણેશ મહેળાવની આ પારાયણથી થયા.

પૂર્ણાહુતિને આગલે દિવસે શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ જયંતીની ફિલ્મ બતાવેલી. મહેળાવની આસપાસનાં ગામડાંઓના મુમુક્ષુઓ આ લાભ લેવા ઊમટ્યા હતા. ગામના આગેવાનો અને મોટેરા હરિભક્તો શાસ્ત્રીજી મહારાજને

મહેળાવમાં પધરાવવા માટે અટલાદરા લેવા ગયા હતા, પરંતુ એમણે ઘસીને ના પાડી. પારાયણની પૂર્ણાહુતિને દિવસે ગામધુમાડો બંધ કરાવ્યો. સૌને ભાવથી જમાડ્યા. લગભગ આખા ગામના લોકોએ યોગી મહારાજની પધરામણી કરાવી. કોઈ ઘર બાકી ન રહ્યું.

યોગી મહારાજે નારણભાઈને કહી ગણવેશધારી સ્વયંસેવકોને રૌપ્ય-ચંદ્રકો તૈયાર કરાવીને વિતરણ કર્યું. સૌને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'આ જ રીતે સ્વયંસેવકો, મોટી સંખ્યામાં ગઢડા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હાજર રહે અને સેવા કરીને શાસ્ત્રીજી મહારાજને રાજી કરે.'

વડતાલ સંસ્થાના મહેળાવના આગેવાન હરિભક્ત ફુલાભાઈ સવદાસભાઈ તેમજ પરોક્ષના ઉપાસક વૈષ્ણવ હરિભક્ત જેઠાભાઈ રાયજીભાઈએ પણ આ પારાયણમાં સારો લાભ લીધો અને પારાયણ પૂરું થયા પછી યોગી મહારાજ તથા સંતોને રસોઈ આપી જમાડ્યા.

અક્ષરપુરુષોત્તમ સ્વામી તો ઘણા પ્રસન્ન થઈ ગયા અને યોગી મહારાજ પાસે નારણભાઈને ખૂબ ખૂબ આશીર્વાદ અપાવ્યા. પ્રમુખસ્વામીએ આ પારાયણમાં સેવા પ્રસંગોમાં બધે જ આગળ રહીને દિવસ-રાત જોયા વગર અપરંપાર સેવા-ભક્તિ દ્વારા શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજને રાજી કરી લીધા.

યોગાનુયોગ આ દિવસો દરમ્યાન માગશર સુદ દશમના દિવસે યોગી મહારાજનો ૫૬મો જન્મદિવસ આવી ગયો હોવાથી હરિભક્તોએ 'યોગી'નાં ગુણગાન ગાઈ પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.[૯૭]

મહેળાવના અભૂતપૂર્વ સમૈયા બાદ હરિભક્તોના આગ્રહથી ગામડે ફરી અમદાવાદ, આંબલીવાળી પોળે પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ અહીં ઉપસ્થિત હતા. એમના અંતિમ મંદવાડે ખૂબ ગમગીન વાતાવરણ સર્જી દીધું હતું. તે યોગી મહારાજ આવતાં જરા હળવું થયું.

રાતે આઠ વાગ્યા હશે. શાસ્ત્રીજી મહારાજે એકદમ રમેશભાઈ દલાલને બોલાવ્યા ને કહે : 'જોગી ક્યાં છે ? જોગીને બોલાવ.'

રમેશભાઈએ યોગી મહારાજને વાત કરી. તેઓ આવી હાથ જોડીને ઊભા રહ્યા. ત્યાં તો શાસ્ત્રીજી મહારાજે એકદમ ત્રાડ નાખી : 'એ કોણ છે ? શું

---

૯૭. તે વખતે વૈશાખ વદ બારસની યોગી મહારાજની સાચી પ્રાગટ્ય તિથિ સત્સંગ સમુદાયની જાણમાં ન હતી.

કામ છે તમારે ? ચાલ્યા જાવ !'

યોગી મહારાજ હાથ જોડી એક શબ્દ બોલ્યા વિના અને શાસ્ત્રીજી મહારાજના આ અણધાર્યા વર્તનથી લગીરે આશ્ચર્ય કે ક્ષોભ પામ્યા વિના તરત જ બહાર નીકળી ગયા.

'જોગી તો અનાદિના છે, એની જોડ જડે એમ નથી'

અહીં રઢુના તુલસીભાઈ, રેવાશંકર શુક્લ, મગનભાઈ નરસિંહભાઈ પટેલ, જગજીવનદાસ વગેરે હરિભક્તો શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતાં બેઠેલા. ત્યારે તુલસીભાઈએ પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! આપ આ લોકમાંથી ઉદાસ થઈને અક્ષરધામમાં જવાનો સંકલ્પ કરો છો, તો પછી અમારું શું ? અમારે કોના વિશે અચલ મતિ રાખવી ? વળી, વડતાલવાળા એમ જ કહે છે કે શાસ્ત્રીજી નહીં હોય પછી બધું પડી ભાંગશે. અને છેવટે બધું વડતાલનું જ છે ને ? તેનું અમારે કેમ સમજવું ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજની આંખો કોઈ અપૂર્વ તેજથી ચમકી ઊઠી. ગંભીર નાદે અને સ્પષ્ટ અવાજે એમણે વાત કહેવા માંડી : 'આ સંસ્થા શ્રીજીમહારાજની છે, તો એમને ચિંતા છે. પછી જોગી મહારાજ તો છે જ ને ! જોગી મહારાજમાં તમારે પતિવ્રતાની ટેક રાખવી. હું તે જોગી ને જોગી તે હું. વ્યાસજીએ સંતમાં ભગવાનને અખંડ રહેવાનાં જે લક્ષણો ભાગવતમાં લખ્યાં છે, તે કરતાં વિશેષ લક્ષણો હું જોગી મહારાજમાં દેખું છું.' સર્વે હરિભક્ત આ સાંભળી અત્યંત આશ્ચર્યથી યોગી મહારાજનો મહિમા વિચારવા લાગ્યા.

એક વાર કોઈએ શાસ્ત્રીજી મહારાજને કહેલું : 'સ્વામી ! કાઠિયાવાડના ભક્તો તો યોગી મહારાજ પર પોતાનો હક્ક હોય તેમ તેમને છોડતા જ નથી. ગુજરાત માટે બીજા જોગી બનાવો ને !'

ત્યારે તેમની સામે વેધક દૃષ્ટિ કરી શાસ્ત્રીજી મહારાજે કહેલું : 'એ તો અનાદિના જોગી છે. ચૌદ લોકના બ્રહ્માંડોમાં એમની જોડ જડે તેમ નથી. તો હું બીજો જોગી ક્યાંથી ઉત્પન્ન કરું ?'

શાસ્ત્રીજી મહારાજના મુખેથી આવા અપરિમિત મહિમાના શબ્દો સહજતાથી સરી પડતા ત્યારે દરેક હરિભક્તને અંતરનાં ઊંડાણમાંથી આ મહિમાની પ્રતીતિ અનુભવાતી. સૌને અક્ષર દેરીના આ અવધૂતમાં અનંત શુભ ગુણોથી વિભૂષિત થયેલું ગુણાતીત સ્વરૂપ સદેહે વિચરી રહ્યાનો અનુભવ થતો.

ટૂંક સમયમાં શાસ્ત્રીજી મહારાજ ૮૭મા વર્ષમાં પ્રવેશ કરવાના હતા. હરિભક્તોને ગુરુજયંતી ઊજવવાનો ઉત્સાહ હતો, પરંતુ ગુરુહરિના સ્વાસ્થ્યની ચિંતા તેમનાં કાળજાં કોરી રહી હતી. અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજને સૌએ ભક્તિભીની અંજલિ અર્પી. તેમનાં અનંત ઋણને સંભારી તન-મન-ધન કુરબાન કરી, સત્સંગની ટેક અચળ રાખવા સંકલ્પ કર્યો અને કૃતકૃત્યતા અનુભવી. શાસ્ત્રીજી મહારાજે જાણે હવે અહીં જ રોકાવાના હોય તેવો નિર્ણય કર્યો હતો.

જોગીના રાજીપાનું ફળ

તે દરમ્યાન એક વાર સાંજે મથુરભાઈ, અક્ષરપુરુષોત્તમ સ્વામી અને બીજા સંતો-હરિભક્તો શાસ્ત્રીજી મહારાજ પાસે બેઠા હતા. શાસ્ત્રીજી મહારાજે વાત કરતાં મથુરભાઈને કહ્યું : 'આ જોગી જેવા સાધુ અત્યારે વડતાલ, અમદાવાદ દેશમાં તો શું આખા બ્રહ્માંડમાં પણ નથી. તો એમને રાજી કરી લેશો. તમે પુરીવાળું ખેતર આપવા કહ્યું હતું, તે આ અક્ષર સ્વામી અને જોગી મહારાજ બંને જાણે છે. તો તમારું વચન પાળજો અને જોગી મહારાજના આશીર્વાદ લઈ લેજો. જોગી મહારાજનો જો રાજીપો થઈ જાય અને આશીર્વાદ મળી જાય, તો સો જન્મેય સારું ન થવાનું હોય તેનું આ ને આ જન્મે સારું થઈ જાય એવા એ મોટા છે. વળી, તેઓ બહુ દયાવાળા છે. અટલાદરા આવવાની મારી ઇચ્છા ન હતી, પણ તમોને રાજી કરવા આવ્યો છું.' એટલી વાત કરી.

પછી 'પુરીવાળું ખેતર મથુરભાઈ સંસ્થાને અર્પણ કરશે' એમ કહી યોગી મહારાજે જય બોલાવી હતી તે સંભારીને શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી મહારાજે જય બોલાવી એટલે એમનું રાખવા માટે પણ મારે આવવું પડે ને ?'

મથુરભાઈ તો ગદ્‌ગદ થઈ ગયા કે 'યોગી આવા મોટા સાધુ છે ! કે એમનું વચન રાખવા અને વળી મારા માટે સ્વામી અહીં પધાર્યા !' તેમણે શાસ્ત્રીજી મહારાજ તથા યોગી મહારાજને પ્રાર્થના કરી કે 'સ્વામી ! હું તમારો છું અને સંપત્તિ પણ તમારી છે.'

શાસ્ત્રીજી મહારાજ અનેક નિમિત્તો ઊભાં કરીને યોગી મહારાજનો મહિમા વિસ્તારતા જતા હતા. એમણે આ લોકમાંથી વૃત્તિ સંકેલી મહારાજમાં લીન કરી દીધી હતી. કોઈ બોલાવે તોપણ જવાબ ન આપે. અગત્યનાં કામ હોય છતાં ઇશારે પતાવે અને આખો દિવસ ઢોલિયામાં આડે પડખે રહી માળા ફેરવે. પણ 'જોગી'ની વાત આવે ત્યાં ઉમળકાથી વાત કરવા માંડે.

'ગઢડાની આરતી જોગી ઉતારશે'

આ બધી લીલા જોઈ હરિભક્તોને પણ અશુભ શંકાઓ થવા લાગી. સૌને લાગતું કે હવે 'સત્સંગનો મોભ' તૂટી પડશે કે શું ?

એક વાર સલાડના મણિલાલ ભટ્ટે આવા જ વિચારોમાં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'સ્વામી ! સારંગપુરમાં કળશ અને ગઢડામાં મૂર્તિ બંને સાથે કરવા અને આરતી આપે ઉતારવી એવું વચન આપો.'

આ સાંભળી શાસ્ત્રીજી મહારાજ હસ્યા અને કહ્યું : 'હું તો છું જ ને ! સારંગપુર મંદિરના કળશ ચઢ્યા પછી આરતી ઉતારવાનો મારો સંકલ્પ છે તે ઉતારીશ અને હું નહીં ઉતારી શકું તો જોગી ઉતારશે. જોગી આરતી ઉતારે તે મારા ઉતાર્યા બરોબર જ છે. મારા ઉતાર્યામાં અને એમના ઉતાર્યામાં કોઈ ફેર નથી. ગઢડાની આરતી પણ એ ઉતારશે. એથી તો દીક્ષા આપવાનું, પ્રતિષ્ઠા કરવાનું[૯૮] મેં હવે જોગી મહારાજને સોંપ્યું છે. વળી, એમણે બે-ચાર સાધુ પણ બનાવ્યા છે. એટલે મારાથી નહીં થાય તો જોગી કરશે.'

શાસ્ત્રીજી મહારાજના આવા શબ્દોમાં ભવિષ્યનાં એંધાણ હતાં. આજ સુધી ચીંથરે વીંટાયેલા રતનની જેમ રહેલા 'યોગી'નું સત્યસ્વરૂપ ઓળખાવવા શાસ્ત્રીજી મહારાજ જાણે કટિબદ્ધ થયા હોય, તેમ સત્સંગની મા સમા સંતવર્યનો મહિમા કહેવાની એક પણ તક જતી ન કરતા.

ગમે તેવાને આકર્ષે તેવાં તપ, ત્યાગ, સેવાવૃત્તિ અને સૌની ઉપર અપૂર્વ પ્રેમ જેમનામાં અદ્વિતીયપણે રહ્યાં હતાં, તેવા પ્રેમ અને કરુણાની મૂર્તિસમા 'જોગી'નું સ્થાન લોકહૃદયમાં સ્થિર થતું ગયું હતું. 'લ્યો છાશું...', લ્યો મીઠાં...', 'લ્યો કઢીયું...' જેવા શબ્દોની પરંપરાથી એમનો પ્રેમ હરિભક્તોની થાળીઓ અને હૈયાંઓને છલકાવી દેતો. એમના પ્રસંગમાં આવનારનું દુઃખ પળમાત્રમાં હળવું થઈ જતું. કોઈ દુખિયાને જોઈ એમની દયાનો ઝરો પ્રાર્થનારૂપે ફૂટી નીકળતો : 'મહારાજ મટાડો, સ્વામી મટાડો ! શાસ્ત્રીજી મહારાજ મટાડો !' એમ કહી ધૂન કરવા, માળા ફેરવવા મંડી પડતા. બ્રાહ્મીસ્થિતિવાળા આ સંતે કદીયે કોઈની ઉપેક્ષા કરી ન હતી. કોઈની પ્રકૃતિ કે દોષ સામે જોવાનું એમના સ્વભાવમાં જ ન હતું. દરેકનો મહિમા સમજવામાં કોઈ એમની સરસાઈ કરી શકે નહીં એટલા ઊંચા શિખરે તેઓ બિરાજમાન હતા. એક બુદ્ધિશાળી અને

---

૯૮. દેવચડી, નેનપુર વગેરે હરિમંદિરોમાં યોગીમહારાજે પ્રતિષ્ઠા કરી હતી.

વિદ્વાન સંતે યોગી મહારાજના લાંબા અનુભવ પછી એમને વિશે કહેલું કે 'શાસ્ત્રમાં ઓગણચાલીસ લક્ષણ સાધુનાં લખ્યાં છે, પણ આ જોગી મહારાજમાં તો એથીય વધુ દેખાય છે.'

આ ગુણિયલ સંતની મહત્તા તો એમાં હતી કે આવા દુર્લભ ગુણોના ધારક હોવા છતાં તેનો જરાપણ દેખાવ નહીં તેમજ ભાર નહીં. આવી સંતતાનાં આકર્ષણ અનેરાં જ હોય ! પ્રસંગમાં આવનારા કોઈપણ જીવ એમના પ્રેમ, શુશ્રૂષા, મહિમા અને સાધુતાના દિવ્યપાશમાં બંધાઈ ભગવદાશ્રય પામી કૃતાર્થ થઈ જતા. દરેકને ભગવાનમાં હેત અને નિષ્ઠા કરાવી, તેના પરમ કલ્યાણનો નિઃસ્વાર્થ ધ્યેય રાખનાર આ સંતને આખો સત્સંગ 'સત્સંગની મા' તરીકે જોતો. તેમાં કોઈ જ અતિશયોક્તિ નથી. આવા ભગવત્સ્વરૂપ સંતના ગુણો જોતાં અનેકને શાસ્ત્રીજી મહારાજના મહિમાસભર શબ્દોનો મર્મ સમજાતો.

'હવે જે કાંઈ છે તે જોગી જ છે !'

અમદાવાદથી સનાતનદાસ આદિ સંતો તથા વિનાયકરાવ ત્રિવેદી, રમેશભાઈ દલાલ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને અટલાદરા આવ્યા. તેઓ સૌ દંડવત્ કરી બેઠા. એટલે એમની પાસે શાસ્ત્રીજી મહારાજે જોગી મહારાજને યાદ કર્યા અને બોલ્યા : 'અહો ! જોગી તે જોગી, સાક્ષાત્ ગુણાતીત સ્થિતિ ! પહેલેથી એક જ રહેણીકરણી. રોજ સવારે ૪ વાગે ઊઠે અને પ્રભાતિયાં ગાય. હરિભક્તો ઉપર બહુ જ પ્રેમ. રોજરોજ હરિભક્તોની વાટ જોયા જ કરે. અત્યારે જે કાંઈ છે તે જોગી જ છે. હું તો હવે સૂતો. નિર્ગુણદાસ પણ ગયા. માટે સૌને હવે તેમનો જ આધાર છે. જોગી મહારાજ પાસે તો કરોડ રૂપિયાની ઢગલી કરીએ તોપણ તે ઓછી ગણાય, એવા એ મોટા સાધુ છે.'

એમ જોગી મહારાજનાં ખૂબ ગુણગાન ગાયાં અને પછી બોલ્યા : 'આજ તો જોગીને સંભાર્યા અને શાંતિ શાંતિ થઈ ગઈ !'

'અત્યારે જે કાંઈ છે, તે જોગી જ છે' આ શબ્દો હરિભક્તોને મનમાં પડઘાવા લાગ્યા. એ બ્રહ્મનાદ તેમના અંતસ્તલને સ્પર્શી ગયો અને યોગી મહારાજના ગુણો તેમના હૈયાના ધબકારે ધબકારે સ્પંદિત થવા લાગ્યા. આ હરિભક્તો 'યોગી'ના બૃહદ્ વૈરાગ્યના સાક્ષી હતા. દેહ-દમનમાં ઉપવાસની પરંપરા, સેવા-પરિચર્યામાં ઉજાગરાની પરંપરા, ઠાકોરજીની પ્રેમલક્ષણા ભક્તિમાં ભાવની પરાકાષ્ઠા આમના જેવા અસંખ્ય ભક્તોએ સ્વયં દીઠી હતી.

સાદી છતાં હૃદયંગમ વાતો, ચોસઠ પદી અને કીર્તનોની અલમસ્ત હલક, સ્વામીની વાતો અને વચનામૃતનાં રહસ્યોને સરળતાથી સ્ફૂટ કરતી એમની અમૃતવાણી અને નિર્દોષ દૃષ્ટાંતો, બ્રહ્મના આનંદની લહેરનો આ સ્પર્શ અનેકના જીવનની મૂડી સમાન હતો. માતાની વત્સલતા અને પિતાની શિસ્ત એ તેમના સ્વભાવની નિરાળી અભિવ્યક્તિ હતી. એમની સંનિધિમાં નવા-જૂનાનો ભેદ પાડવો મુશ્કેલ બની જતો, કારણ કે ક્ષણવારના પરિચયમાં તો કોઈને પણ વશ કરી લઈ યોગી મહારાજ ધબ્બો મારી બોલી ઊઠતા : 'આ તો જૂના છે !' 'આ તો આપણા ભાઈબંધ !' આ બ્રહ્મમય વ્યક્તિત્વની આભા છલકાઈ છલકાઈને હરિભક્તોનાં હૈયાં સુધી સ્પર્શે ત્યારે રોમરોમ, એમના પ્રત્યે જાગતાં ભક્તિનાં અનંત આંદોલનોથી ઝંકૃત થઈ જતા.

આવા જોગીને સંભારતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ ગદ્‌ગદ થઈ જતા. જાણે 'જોગી, જોગી' રટતા હોય તેમ ઊંડા વિચારોમાં સૂઈ રહેતા.

મરજીના જાણનારા

વસંત પંચમી પછી થોડા દિવસ રોકાઈ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગી મહારાજ મુંબઈ પધાર્યા. જો કે જીવ તો શાસ્ત્રીજી મહારાજના સ્વાસ્થ્ય સમાચાર જાણી અધ્ધર જ રહેતો. હરિભક્તો પણ સદા ચિંતામાં રહેવા લાગ્યા.

થોડા દિવસ ત્યાં રોકાઈ યોગી મહારાજ, સંતો, હકાભાઈ વગેરે મુંબઈથી સીધા જ અટલાદરા આવી પહોંચ્યા. જોગી મહારાજને જોઈને સ્વામીશ્રી રડી પડ્યા. આથી વાતાવરણમાં ઉદાસી છવાઈ ગઈ. સૌ બહુ જ દિલગીર થઈ ગયા.

યોગી મહારાજે હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું : 'દયાળુ ! આપ જેમ રાજી થાવ તેમ કરીશું. આપને સારંગપુર પધારવું હોય તો તેની તૈયારી કરીએ.'

આ વાત થતાં શાસ્ત્રીજી મહારાજ એકદમ રડતાં અટકી ગયા. પછી કહે : 'હા, મારે સારંગપુર જવું છે, જવું છે, જવું છે.' એમ કહી વળી બોલ્યા : 'મારાથી ત્યાં શી રીતે જવાશે ? આ બધા ત્યાં કેવી રીતે આવશે ? કાંઈ રહી જશે તો ?' શાસ્ત્રીજી મહારાજનાં આવાં અદ્‌ભુત રહસ્યમય ચરિત્રોનો ઉકેલ યોગી મહારાજે સારંગપુર જવાનું નક્કી કરીને લાવી દીધો. શાસ્ત્રીજી મહારાજની અનુવૃત્તિના જાણનાર એકમાત્ર યોગી મહારાજ જ છે, એવી પણ સૌને પ્રતીતિ થઈ. અખંડ દિવ્યભાવમાં રહેનાર નિર્દોષબુદ્ધિના મર્મજ્ઞ યોગી મહારાજને સૌ જોઈ રહ્યા !

વડોદરા સ્ટેશને હૈયે હૈયું દળાય તેવી ભક્ત-મેદનીએ ભારે હૈયે જયજયકાર સાથે શાસ્ત્રીજી મહારાજને સારંગપુર જવા વિદાય આપી. સૌ પ્રાર્થના કરતા હતા કે 'કાંઈ અઘટિત ન બની જાય !'

અમદાવાદમાં પણ સ્ટેશન પર હરિભક્તોની ભારે ભીડ થઈ ગઈ હતી. સૌ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન માટે વ્યાકુળ હતા. એ સૌની સાથે ગુલઝારીલાલ નંદા પણ હતા.

અહીં ટ્રેન બદલવાની હતી. શાસ્ત્રીજી મહારાજ માટે સૌરાષ્ટ્ર રેલવેના જનરલ મૅનેજર એમ. જે. પંડ્યાએ પોતાનું સલૂન ખાસ તૈયાર રખાવ્યું હતું. ગોંડલથી સીદીભાઈ પણ સેવામાં આવ્યા હતા. અમદાવાદથી ચંપકભાઈ બૅંકર સ્વામીશ્રી સાથે જોડાયા. એ વખતે નંદાજી શાસ્ત્રીજી મહારાજનું સ્વાસ્થ્ય નિહાળીને અત્યંત ગળગળા થઈ ગયા. તેઓ સમજી ગયા કે શાસ્ત્રીજી મહારાજ કદાચ હવે ઝાઝો સમય દેહ ન રાખે. તેમણે રડતાં અવાજે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! હવે મારું શું થશે ?'

ત્યારે સ્વામીશ્રીએ નંદાજીના માથે હાથ મૂકીને સાંત્વન આપતાં કહ્યું : 'જોગી મહારાજ છે ને ! તમારું કાંડું હવે જોગી મહારાજને સોંપ્યું.'

સમગ્ર સત્સંગનું સુકાન હવે યોગી મહારાજને સોંપી સ્વામીશ્રી, 'મારામાં અને જોગીમાં એક રોમનોય ફેર નથી' એમ કહી પોતાની 'જોગીરાજ' સાથેની આધ્યાત્મિક એકતા પ્રસંગે પ્રસંગે સૌને સમજાવતા હતા. તે દ્વારા ધીરજ આપતા હતા.

યોગી મહારાજ તથા પ્રમુખસ્વામીએ ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કર્યો. પ્રમુખસ્વામી સારંગપુર પધાર્યા.

'મારો વિધિ પૂરો થયો'

મૂર્તિઓનાં છેલ્લાં દર્શન કરવા શાસ્ત્રીજી મહારાજ ગઢડા જવા તૈયાર થયા. પોતે જોગી મહારાજની ખૂબ રાહ જોતા હતા. સુરતથી મગનભાઈ આવ્યા. તેમણે સમાચાર આપ્યા કે 'યોગી મહારાજ આજે પધારે છે.' આ સાંભળી શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : 'હવે શાંતિ થશે.'

યોગી મહારાજ પધાર્યા. એમને મળતાં જ શાસ્ત્રીજી મહારાજ પ્રફુલ્લિત થયા અને સાંજે ૭ વાગે ગઢપુર પહોંચી ગયા. બીજે દિવસે ખુરશીમાં બેસી મંદિર ઉપર પધાર્યા.

ઉન્મત્ત ગંગાનું જળ મગાવીને મૂર્તિઓને સ્નાન કરાવ્યું, જનોઈ પહેરાવી, કંકુના ચાંદલા કર્યા. પછી દરેક મૂર્તિ ઉપર ભક્તિભાવપૂર્વક હાથ ફેરવ્યો અને હાર પહેરાવ્યા. પોતાના શુભ હસ્તે આરતી ઉતારી. પછી બોલ્યા : 'મારો વિધિ પૂરો થઈ ગયો. પ્રતિષ્ઠા થઈ ગઈ. હવે આપણે આવવું નથી. જોગી મહારાજ આવશે અને આરતી ઉતારશે.'

શાસ્ત્રીજી મહારાજના આ શબ્દોનાં રહસ્યોને તે સમયે કોણ જાણી શકે ?

શાસ્ત્રીજી મહારાજ તથા સંતો સારંગપુર પધાર્યા. ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે આફ્રિકા મંડળને પણ ખાસ તેડાવ્યું હતું. દેશના પણ ઘણા ભક્તો આવ્યા હતા. પ્રતિષ્ઠા અંગેની કેટલીક વાતચીત પછી રામજીભાઈ ખત્રીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'મારે રસોઈ આપવી છે અને આપને જમાડવા છે.'

શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'હું તો ફક્ત રૂપિયાભાર જમું છું, એટલે તારી રસોઈમાં કાંઈ ઠેકાણું પડશે નહીં, પરંતુ યોગી મહારાજ કાલે મુંબઈ જવાના છે તે જો રોકાય તો તારી રસોઈ લેખે લાગે.' એટલે રામજીભાઈએ યોગી મહારાજને વાત કરી. તેમણે રોકાવા હા પાડી. જે વાત મળતાં શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા અને કહ્યું : 'આ યોગી મહારાજમાં સંતનાં જે ચોસઠ લક્ષણો કહ્યાં છે તે તો છે જ અને એથી ઉપરાંત બીજા પણ અનંત ગુણ છે. અનંત કોટિ બ્રહ્માંડમાં યોગી મહારાજ જેવા સંત નથી. તો હવે તેમને જમાડશો અને ધોતિયાં ઓઢાડશો. તથા જે જે સેવા કરશો તે અમે ગ્રહણ કરીશું.' એમ કહી રસોઈ કરાવી પોતે થોડું જમ્યા અને યોગી મહારાજને સારી રીતે જમાડ્યા.

મંદિરના ચોકમાં બપોર પછી લીંબડા નીચે બિરાજી શાસ્ત્રીજી મહારાજ ભક્તોને સુખ આપતા હતા. ક્યારેક અગત્યના મુદ્દાની વાત પણ કરી દેતા.

સાંજે યોગી મહારાજ, પ્રમુખસ્વામી તથા સર્વ સંતો-હરિભક્તો પાસે બેસાડી શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપ સ્વામી સામે દૃષ્ટિ કરી. પછી તેમને સંબોધીને કહ્યું : 'નારાયણ સ્વામી ! અમદાવાદમાં સભા કરીને મેં તમને ચાદર ઓઢાડી મારી જગ્યાએ બેસાડ્યા છે, પણ સત્સંગના અનાદિના મોટેરા તો આ યોગી મહારાજ છે, એમ માની સૌ એમની આજ્ઞામાં વર્તજો. તેઓ ઉદાસ થઈ જાય તેવો પ્રસંગ આવવા દેશો નહીં. આ સાધુએ કોઈ દિવસ મારી મરજી વિરુદ્ધ કાર્ય કર્યું નથી. મારા ગમતામાં સદા વર્ત્યા છે. આ જેવા તો આ એક જ છે. તેમની સેવા કરે મારી સેવા થાય છે. તે તમો સૌ મારી જગ્યાએ જ તેમને ગણશો અને તેમની મન, કર્મ, વચને સેવા કરશો. એમાં અમારો રાજીપો છે.'

બાદ અન્ય મહિમાની વાત કરી સભા વિસર્જન કરી. યોગી મહારાજ બીજે દિવસે મુંબઈ જવા નીકળી ગયા.

આફ્રિકા મંડળ ઘણુંખરું આજુબાજુ વીંટળાઈને બેસતું. મગનભાઈ, હરમાનભાઈ, ત્રિભોવનભાઈ, અંબાલાલભાઈ, સી.ટી. પટેલ વગેરે ભક્તોને સંબોધીને શાસ્ત્રીજી મહારાજ એક દિવસ બોલ્યા : 'યોગી મહારાજ જેવા પુરુષ આ બ્રહ્માંડમાં નથી. વ્યાસજીએ ભાગવતમાં જે ગુણો સંતના લખ્યા છે તેમાં ભૂલથી રહી ગયા હોય, તે ગુણો પણ યોગી મહારાજમાં છે. યોગી અને મારામાં અણુમાત્રનો ફેર નથી. યોગી મહારાજને ઓળખી લેજો. એ ગુણાતીત પુરુષ છે.'

આવી વિશિષ્ટ અને અત્યંત સારગર્ભિત ચર્ચાઓ સિવાય શાસ્ત્રીજી મહારાજે ઘણુંખરું મૌન જ ધારણ કરી લીધું હતું. ફક્ત અંતર્ગત 'સ્વામિ-નારાયણ' મંત્રનો જાપ થતો સંભળાતો હતો. સેવામાં રહેતા અક્ષરપ્રિયદાસે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી : 'દયાળુ, થોડું જમો.' પરંતુ એમણે કાંઈ જ જવાબ ન આપ્યો. એટલામાં જ યોગી મહારાજનો પત્ર આવ્યો. તે સાંભળતાં જ ઉદાસીનતા ટાળી શાસ્ત્રીજી મહારાજ એકદમ બોલી ઊઠ્યા : 'અહો ! જોગી મહારાજ તો સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ છે, બહુ મોટા છે.'

પત્ર સાંભળીને સ્વામીશ્રીએ જમવાનું માગ્યું. ત્યાં બેઠેલા સૌ કોઈને થયું : 'શાસ્ત્રીજી મહારાજ યોગી મહારાજના નામનું અખંડ રટણ કર્યા કરે છે અને એમનું નામ સાંભળતાં આંખો ખોલે છે. યોગી મહારાજે સ્વામીશ્રીને વશ કરી લીધા છે.'

સાંજે ભાવનગરથી કુબેરભાઈ, ઠાકરશીભાઈ, હકાખાચર વગેરે આવી પહોંચ્યા. કુબેરભાઈએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી : 'સ્વામી ! હવે દયા કરો, મુહૂર્ત નજીક આવે છે તો ગઢડા પધારો.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને કહ્યું : 'હું તો આજે ધામમાં જવાનો હતો પણ આ આફ્રિકાના હરિભક્તોનો બહુ પ્રેમ એટલે જઈ શકાયું નહીં ! ગઢડાનું તો મેં પતાવ્યું. મારી વિધિ કરી લીધી. હવે જોગી મહારાજ આરતી ઉતારશે.'

પછી ફરીથી ઉદાસીનતા ગ્રહણ કરી ઊંડા ઊતરી ગયા. શાસ્ત્રીજી મહારાજે ધારણ કરેલી ઉદાસીનતામાંથી હવે કોઈ એમને પાછા વાળી શકે તેમ ન હતું - સિવાય કે જોગી મહારાજ ! તેઓ જ કંઈ કરી શકે તેમ હતા. પરંતુ મોરારકા શેઠને ત્યાં લગ્ન પ્રસંગમાં આશીર્વાદ આપવા માટે મગનભાઈ સેક્રેટરી શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા લેવરાવીને યોગી મહારાજને આગ્રહપૂર્વક મુંબઈ

લઈ ગયા હતા. તેથી તેઓ તત્કાળ અહીં આવી શકે એ શક્ય ન હતું.

અક્ષરના પ્રવર્તક અને સમર્થકનો અક્ષરવાસ

ગઢપુર પ્રતિષ્ઠા નજીક આવતી હતી. તેથી કાંઈ અનિષ્ટ નહીં બને તેનો સૌને વિશ્વાસ હતો. શાસ્ત્રીજી મહારાજે પણ ધીરે ધીરે પ્રકૃતિ બદલી પ્રસન્નતા દેખાડવા માંડી, જેથી તબિયત સુધારા ઉપર લાગતાં હરિભક્તોનો પ્રવાહ ઓછો થાય. સૌ ગઢપુર સેવામાં જાય.

સૌ દૂર ગયા કે એકાએક પ્રકૃતિ બદલી ખાવા-પીવાનું બંધ કર્યું. શ્વાસની ગતિ વધારી દીધી. અચાનક જ અતિ વિષમ પરિસ્થિતિ બની ગઈ. આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું. ક્વચિત્ સૂસવતા વાયરાનો તીણો, બેસૂરો અવાજ ભયંકરતા વધારતો જતો હતો. કોઈ વિપરીત આગાહીની આશંકા સાથે સૌ ઉચ્ચ સ્વરે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્રને દોહરાવતા હતા. અચાનક જાગ્રત થઈ શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું : 'ગઢપુરમાં પ્રતિષ્ઠા થઈ ગઈ ?'

બાજુમાં ઊભેલા મોતીભાઈએ કહ્યું : 'હા સ્વામી ! પ્રતિષ્ઠા થઈ ગઈ.' અને એક દિવ્ય સંતોષની આભા એ તેજસ્વી મુખારવિંદ પર લીંપાઈ ગઈ. વાતાવરણ પૂર્વવત્ ઉદાસ બની ગયું.

સવારે રંગમંડપમાં જવા શાસ્ત્રીજી મહારાજે ઇચ્છા દર્શાવી. અહીં એમને ખાટલા પર સુવાર્યા. સેવકો સમજી ગયા હતા કે 'આ અંતિમ ક્ષણો છે. અમૂલ્ય દર્શન છે. કોઈપણ ક્ષણે સ્વામીશ્રી આપણી વચ્ચેથી વિદાય લેશે.' સૌને હૈયે એક જ પ્રાર્થના હતી : 'સ્વામી ! હજુ અમારી વચ્ચે રોકાઈ જાવ !' પણ લાચાર !

સર્વત્ર તાર કરી દીધા હતા. 'પ્રતિષ્ઠા સુધી તો સ્વામીશ્રી દેહ રાખશે' - એ સૌનો વિશ્વાસ ખોટો પડી રહ્યો હતો. જો કે ઉપાસનાના દિગ્વિજયની એ યશકલગી તો પોતાના પ્રાણપ્યારા જોગી મહારાજના શિરે જ એમને મૂકવી હતી. તેથી એમની ઇચ્છાને રોકી શકવાનું સામર્થ્ય કોઈની પાસે ન હતું.

એકાએક સમગ્ર રંગમંડપ દિવ્ય તેજથી દેદીપ્યમાન થઈ ગયો. સૌ આશ્ચર્યવત્ આજુબાજુ જોવા લાગ્યા. તે જ ક્ષણે સૌની નજર ચૂકવી સવારે બરાબર ૧૦-૫૭ કલાકે સ્વામીશ્રી 'સ્વામી-મહારાજ'નો દિવ્ય ઘોષ કરતા સ્વતંત્રપણે દેહ છોડી અક્ષરધામમાં વિરાજી ગયા.[૯૯]

ભક્તસમાજ પર વજ્રપાત થયો. પ્રલયનો અગ્નિ સૌને તીવ્ર જ્વાળામાં

---

૯૯. વૈશાખ સુદ ૪, સંવત ૨૦૦૭, તા. ૧૦-૫-'૫૧.

સળગાવી રહ્યો હોય તેવી કારમી કરુણતાથી સૌ જડવત્ બની ગયા.

તરત યોગી મહારાજને આ ખબર મુંબઈ પહોંચાડવામાં આવ્યા. તેઓ અત્યંત ગમગીન બની ગયા. એમને બહુ વસમું લાગ્યું અને ઝાડા થઈ ગયા. ઘણી વખત દિશાએ જવું પડ્યું.

એ વખતે મુંબઈથી જલદી સારંગપુર પહોંચવા માટે પ્લેન ચાર્ટર કરવામાં આવ્યું. યોગી મહારાજની સાથે સંતો તથા નંદાજી, ચંપકભાઈ શેઠ, વસંતરાય પંડ્યા, છગનભાઈ, હર્ષદભાઈ દવે, નાનુભાઈ દવે વગેરે ભાવનગર થઈ મોટર રસ્તે સારંગપુર પહોંચ્યા.

શાસ્ત્રીજી મહારાજને પાલખીમાં લીમડા નીચે પધરાવેલા હતા. સર્વત્ર શોકની ઘેરી છાયા ફરી વળી હતી. અખંડ ધૂન-ભજન ચાલુ જ હતાં.

જોગીના મુખારવિંદ પર બ્રહ્મતેજની આભા

યોગી મહારાજના આગમનથી જ સૌને અંતરમાં ઘણું આશ્વાસન મળ્યું. ગુરુને સાષ્ટાંગ પ્રણામ કરી તેઓ પાલખીની બાજુમાં જ નીચે બેસી ગયા. વિશાળ ભક્ત-સમુદાય એકત્રિત થઈ ગયો હતો.

ગઢડા દેશના અગ્રણી અને વિચક્ષણ હરિભક્ત નગરશેઠ મોહનલાલ મોતીચંદ તથા દાદાભાઈ દરબાર, ચાંપરાજભાઈ વગેરે પણ ગઢડાથી આવી પહોંચ્યા.

શાસ્ત્રીજી મહારાજની વિરહ-વેદનાથી દુ:ખી થયેલા હજારો હરિભક્તોની હાજરીમાં યોગી મહારાજ અને પ્રમુખસ્વામીએ અગ્નિસંસ્કાર વિધિ કર્યો.

એકાએક મોહનલાલ મોતીચંદ હકાભાઈને કહેવા લાગ્યા : 'જુઓ, યોગી મહારાજના મુખારવિંદ પર બ્રહ્મતેજ ઝળહળી રહ્યું છે. શાસ્ત્રીજી મહારાજનો પ્રવેશ એમના રોમરોમમાં મને દેખાય છે. શાસ્ત્રીજી મહારાજનું કાર્ય ચાલુ જ રહેશે.'

વાતાવરણમાં ભાગવતમાં ભગવાને ઉચ્ચારેલાં વચનો ગુંજતાં હતાં :

अस्माँल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम् ।
अर्हत्युद्धव एवाद्धा संप्रत्यात्मवतां वरः ॥

'આ લોકમાંથી હું અદશ્ય થઈશ ત્યારે મારામાં રહેલાં જ્ઞાન માટે સાક્ષાત્ ઉદ્ધવ જ યોગ્ય છે, કેમ કે આત્મજ્ઞાનીઓમાં તે શ્રેષ્ઠ છે.'

❀ ❀ ❀

પ્રેમલધારા ૧૬

શાસ્ત્રીજી મહારાજ સદાય પ્રગટ છે !



શાસ્ત્રીજી મહારાજના એકાએક અંતર્ધાન થવાથી સત્સંગ-સમાજ ઉપર ઘેરો શોક છવાઈ ગયો. કદાપિ કલ્પી ન શકાય એવી દુઃખદ ઘટના બની ગઈ. મહારાજના સંકલ્પ પ્રમાણે ગઢપુરમાં ટેકરા ઉપર આરસના સર્વોપરી મંદિરમાં સર્વાવતારી શ્રીજીમહારાજ, સર્વોત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી શાસ્ત્રીજી મહારાજના શુભ હસ્તે બિરાજશે, આ એક જ ઉત્સાહ સૌને હતો. ત્યાં આ પ્રસંગથી સૌનાં કાળજાં વીંધાઈ ગયાં. વિશાદના ઘેરા વાતાવરણમાં સૌ શૂન્યમનસ્ક થયા.

પ્રતિષ્ઠા કરવી કે નહિ, એ નિર્ણય અટવાતો હતો. ત્યાં સૌનાં મૌન વચ્ચે, પ્રકાશપૂર્ણ શબ્દો સરી પડ્યા : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ! એ આપણી વચ્ચેથી ગયા એમ મનાય જ નહિ ! શાસ્ત્રીજી મહારાજ સદાય પ્રગટ છે !'

સૌ યોગીજી મહારાજના બ્રહ્મતેજથી ઝળહળતા મુખારવિંદ સામે જોઈ રહ્યા. એમના શબ્દો, એમની વાણી, એમની મુખાકૃતિ જ સૌને માટે આશ્વાસન-રૂપ અને પ્રતીતિરૂપ બની ગયાં. સૌમાં શ્રદ્ધાનો સંચાર થયો. સૌને અનુભવ થયો કે સ્વામી ક્યાં ગયા છે ! સ્વામી છે જ ! શાસ્ત્રીજી મહારાજે થોડા દિવસ અગાઉ ગઢપુર જઈ મૂર્તિઓની પૂજા કરી, ઉચ્ચારેલા શબ્દો 'યોગી આરતી ઉતારશે' સૌના હૃદયાકાશમાં પડઘાવા લાગ્યા. પ્રતિષ્ઠાની તૈયારીઓ ચાલુ રહી.

ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા

યોગી મહારાજના આધારસ્તંભની આજુબાજુ સૌ પૂર્વવત્ કાર્યરત થઈ ગયા. કોઠારી સ્વામી હરિજીવનદાસે પ્રમુખસ્વામીના માર્ગદર્શન મુજબ મંદિર તથા ઉત્સવની ઘણી જ તૈયારીઓ કરી હતી. ગઢડાના નગરશેઠ મોહનલાલ મોતીચંદ તથા દરબાર દાદાભાઈ ખાચરનો પણ યાત્રિકોના ઉતારા વગેરેની

વ્યવસ્થા માટે સારો સહકાર હતો.

મંગળવાર, તા. ૧૫-૫-'૫૧ના શુભ દિને યજ્ઞ વિધિની પૂર્ણાહુતિ પછી ગઢપુરમા મૂર્તિઓની દિવ્ય શોભાયાત્રા નીકળી. દેશ-વિદેશના અસંખ્ય હરિભક્તો ઉમંગથી ધૂન-ભજનની રમઝટ બોલાવતા હતા. બૅન્ડ-વાજાંની સૂરાવલિઓ અને જયનાદોથી ગઢડાની શેરીઓ ગાજી ઊઠી. શાસ્ત્રીજી મહારાજની સંનિધિનો અનુભવ નાના-મોટા દરેકના મુખ ઉપર દેખાતો હતો. ભક્ત મંડળી સાથેની શ્રીજીની અસવારીનો દેખાવ અને રંગત તાદૃશ્ય થતા હતા.

રાત્રે સભામાં શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ જયંતીની યાદગાર ફિલ્મ બતાવી. સૌનાં હૈયાં પુલકિત થઈ ગયાં.

સવારે સભામાં પણ દાડમાના નારાયણજી મહારાજે શાસ્ત્રીજી મહારાજનાં લીલાચરિત્રો અને મહિમાની અદ્‌ભુત વાતો કરી.

સવત ૨૦૦૭ના વૈશાખ સુદ દશમ ને બુધવાર, તા. ૧૬-૫-'૫૧ના શુભ મુહૂર્તે આરસના ભવ્ય મંદિરમાં મધ્ય શિખરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ સાથે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ, દક્ષિણ મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ અને રાધાજી સહિત ગોપીનાથજી તથા ઉત્તર મંદિરમાં સુખશય્યામાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પટપ્રતિમાની વેદ વિધિથી સ્થાપના થઈ.

ઉમરેઠના શુક્લ વિપ્રવર્ય આચાર્ય કરુણાશંકર શાસ્ત્રોક્ત વિધિ કરાવતા હતા. પ્રતિષ્ઠા વિધિ પછી સ્વામીશ્રીએ[૧૦૦] મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગી મહારાજના જયઘોષથી દિશાઓ પ્રતિધ્વનિત થઈ. સર્વત્ર જયજયકાર થઈ ગયો. આ જયનાદોથી હજારો લોકોનાં મન અને મુખ પ્રફુલ્લિત થયાં.

પ્રમુખસ્વામી, ભક્તિવલ્લભ સ્વામી, સંતસ્વામી, નગરશેઠ મોહનલાલ મોતીચંદ, કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા, આશાભાઈ, ઈશ્વરભાઈ, આફ્રિકાના મગનભાઈ, હરમાનભાઈ, પુરુષોત્તમદાસ, ત્રિભોવનદાસ, પ્રભુદાસ તથા ખેંગારજીભાઈ વગેરે ભક્તોએ પણ આરતીનો લાભ લીધો.

આરતી સમયે અનેક ભક્તોને મહારાજની હસતી મૂર્તિનાં દિવ્ય દર્શન થયાં. પંચધાતુની પૂર્ણકદની મહારાજ-સ્વામીની અજોડ, ભવ્ય અને દિવ્ય મૂર્તિઓ મંદ મંદ હસી રહી હતી. આજથી સવાસો વર્ષ પહેલાં આ જ ભૂમિ ઉપર પગલાં પાડી શ્રીજીએ સંકલ્પ કરેલો કે 'આ ટેકરા ઉપર, ઘેલા કાંઠે મંદિર

---

૧૦૦. હવેથી યોગી મહારાજને 'સ્વામીશ્રી' તરીકે સંબોધીશું.

કરવું છે,' તે આજે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પૂર્ણ થયેલો જોઈ, શ્રીજીમહારાજ જાણે સ્વામી તરફ મીઠું સ્મિત વેરી રહ્યા હતા ! આ જોઈ હજારો સંતો-હરિભક્તોનાં હૈયાં પણ આનંદ પામી, કૃતકૃત્યતા અનુભવતા હતા. શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું સુવર્ણ શિખર આજે સર થયું હતું.

સવારની સભામાં, શરૂઆતમાં કવિઓએ, આ અલૌકિક મંદિર, મૂર્તિઓ તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજની પ્રશસ્તિ ગાઈ. નગરશેઠ મોહનલાલ મોતીચંદે મંદિર-નિર્માણનો ઈતિહાસ કહ્યો કે કેવળ શાસ્ત્રીજી મહારાજના દૃઢ સંકલ્પથી અને મહારાજની ઇચ્છાથી જ બધું સાનુકૂળ થયું. જમીન મળી અને મંદિર થયું. તેમણે પોતાને મળેલી સેવા માટે ધન્યતા માની. કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા સાહેબે પણ પોતાને મળેલી અમૂલ્ય સેવા અને શેઠ મોહનલાલ મોતીચંદ તથા દાદાભાઈ તરફથી મળેલ પૂર્ણ સહયોગ માટે કૃતજ્ઞતા દર્શાવી. એ પછી હરમાનભાઈ, પાળિયાદ બાપુ, દરબાર દાદાભાઈ ખાચર, મણિભાઈ ભટ્ટ, મગનભાઈ સેક્રેટરી વગેરે હરિભક્તોએ ઉપાસના દિગ્વિજયના જુસ્સાભેર યશોગાન કર્યાં.

અંતમાં, સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા જેનો કર્ણસ્પર્શ થતાં જ ભક્તોએ પ્રસન્નતા અનુભવી. શાસ્ત્રીજી મહારાજની મધુર વાણીનો રણકાર એમાં સૌને પ્રતીત થયો.

✧

ગોંડલનું મંદિર પણ નહોતું થયું તે પહેલાં શાસ્ત્રીજી મહારાજે ગોપીનાથ મહારાજ અને રાધિકાજીની આરસની મનોહર મૂર્તિઓ જયપુર તૈયાર કરાવી પેટીઓમાં બંધ રાખી સારંગપુર મંદિરના ભંડકિયામાં મુકાવી હતી.

અમદાવાદથી ખેંગારજીભાઈ, બબુભાઈ કોઠારી, ચંપકલાલ શેઠ, વિનાયકરાવ સાહેબ વગેરે હરિભક્તો સારંગપુર સમૈયામાં ગયા હતા ત્યારે એક વાર શાસ્ત્રીજી મહારાજે બહુ રાજીપો બતાવ્યો અને પેટીઓ ખોલાવી આ હરિભક્તોને મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં. ખેંગારજીભાઈએ મૂર્તિઓ બાબત પૂછતાં શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'આ ગોપીનાથની મૂર્તિ ગઢડામાં પ્રસાદીના ટેકરા ઉપર આરસનું મંદિર કરીશું તેમાં પધરાવવા માટે કરાવી રાખી છે !'

ત્યાર પછી થોડાં વર્ષે શાસ્ત્રીજી મહારાજે દિવ્યભાવમાં આવી જઈને દર્શનાર્થે સારંગપુર આવેલા ખેંગારજીભાઈને કહેલું : 'ગઢડા મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠાની આરતી તમારે હાથે ઉતરાવવી છે !'

ખેંગારજીભાઈ તો દિગ્મૂઢ બનીને શાસ્ત્રીજી મહારાજ સામે જોઈને ઊભા જ રહ્યા ! તેમને એ શબ્દોનો મર્મ ન સમજાયો.

આજે વર્ષો પછી શાસ્ત્રીજી મહારાજ અક્ષરધામ પધારી ગયા અને ગઢડામાં વૈશાખ સુદિ દશમના નિર્ણિત દિવસે યોગી મહારાજના હસ્તે જ પ્રતિષ્ઠા કરવાનો માંગલિક પ્રસંગ આવી ગયો. હજુ ગુરુવર્યના અક્ષરવાસના આઘાતને કળ વળે તે પહેલાં પ્રતિષ્ઠાની આરતીના નાદ સાંભળવાનો સમય આવ્યો. તે વખતે અપાર ભક્તોની મેદનીમાંથી હતાશ હૈયે ઊભેલા ખેંગારજીભાઈ જાણે તંદ્રામાંથી ઝબકી ગયા.

'ખેંગારજીભાઈ ! આવો.' તેમને સંભળાયું. 'આ તો યોગી મહારાજ બોલાવે છે !' તેઓ તરત આગળ ગયા. તેમનો હાથ પકડી સ્વામીશ્રી તેમને નિજમંદિર સુધી લઈ ગયા. આરતી શરૂ થઈ. ઝાલર, નગારાંના મધુર ધ્વનિ સાથે સૌએ શાસ્ત્રીજી મહારાજના સાકાર થયેલા સ્વપ્નને વધાવી લીધું. 'આ અવસર...' પંક્તિના પ્રારંભે સ્વામીશ્રીએ ખેંગારજીભાઈને આગળ કર્યા : 'લ્યો, આરતી ઉતારો.' ખેંગારજીભાઈને શાસ્ત્રીજી મહારાજના શબ્દો સાંભર્યા : 'તારા હાથે આરતી ઉતરાવીશ.' તેમણે સ્વામીશ્રી સામે જોયું. સૂચક દૃષ્ટિપાત કરતાં સ્વામીશ્રીએ એ જ પ્રસંગ યાદ કરાવ્યો : 'ખેંગારજીભાઈ ! ગોપીનાથજીની મૂર્તિની આરતી ઉતારવાનું શાસ્ત્રીજી મહારાજે તમને કહ્યું હતું ને ! તે આજે સ્વામીએ તમારા હાથે ઉતરાવી !'

'પણ તે વખતે અમદાવાદના હરિભક્તો સિવાય કોઈ જ હાજર નહોતું તે છતાં જોગી મહારાજે એ કેમ જાણ્યું !' ખેંગારજીભાઈને સંકલ્પ થયો અને તરત શમી ગયો, કારણ કે શાસ્ત્રીજી મહારાજ જ યોગી મહારાજ દ્વારા પ્રગટ હોવાની તેમને ઝાંખી થઈ ! એ ક્ષણે તો તેમને ખૂબ આશ્ચર્ય થયું. આવા અદ્‌ભુત અનુભવો અસંખ્ય હરિભક્તોને થઈ રહ્યા હતા. તેમની શંકાનું પોપડું આપોઆપ ખરી પડતું અને અંતરમાં શાંતિ પ્રસરી રહેતી.

અક્ષરયાત્રાની મજલ

આ જ તિથિએ ગોંડલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ઊજવાતો, પણ એ દિવસે ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા હોવાથી શાસ્ત્રીજી મહારાજે અગાઉથી સૂચના આપી હતી કે 'વૈશાખ સુદ તેરસને દિવસે ગોંડલ ઉત્સવ કરવો.' તે પ્રમાણે સ્વામીશ્રીએ ગોંડલમાં તૈયારીઓ કરાવી હતી. ગઢપુરમાં સમૈયામાં પણ એની

જાહેરાત થઈ. આફ્રિકાથી પધારેલા હરિભક્તો સાથે દેશના હરિભક્તો મળીને સેંકડોની સંખ્યામાં સૌ ગોંડલ જવા ઉત્સુક થયા.

શાસ્ત્રીજી મહારાજના વિરહનું દુઃખ ભૂલવા, સ્વામીશ્રીમાં શાસ્ત્રીજી મહારાજને નિહાળવા અને એમના દ્વારા શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યનું સુખ ભોગવવા સૌ ભક્તોનાં અંતર તલસી રહ્યાં હતાં. ત્યારે આવી તક કોણ જતી કરે !

હજારો હરિભક્તો સ્પેશ્યલ ટ્રેન દ્વારા સ્વામીશ્રી સાથે ગોંડલ આવી પહોંચ્યા. તેરસને દિવસે અક્ષર દેરીના અવધૂત તરીકે ઓળખાતા સ્વામીશ્રીએ હરિભક્તોને વહેલી સવારે અક્ષર દેરીમાં મહાપૂજાનો લાભ આપ્યો. મૂર્તિઓની પૂજા, અભિષેક વગેરે પાટોત્સવ વિધિ પૂર્ણ થયા પછી સવારે ૯-૦૦ વાગે આશરે બે હજાર જેટલા ભક્ત-સમુદાય સાથે સ્વામીશ્રી ભજન-કીર્તન કરતાં કરતાં પદયાત્રા કરી, ગામમાં આવેલા પ્રસાદીના સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા. પદયાત્રામાં હરિભક્તોએ ધૂન-ભજનની રમઝટ બોલાવી. ગુણાતીત સંતના નેજા નીચે, ગુણાતીત પરિવારની આ મજલ, અક્ષરયાત્રા સમાન શોભતી હતી. ગુણાતીત જ્ઞાનના શૂરવીર ભક્તોની કર્તવ્ય-પરાયણતા અને ભક્તિભાવ આશ્ચર્ય ઊપજાવે એવા હતા. જાણે શાસ્ત્રીજી મહારાજને ખાતરી આપતા ન હોય કે ‘હે સ્વામી ! યોગી મહારાજની આજ્ઞામાં રહી અમે તમારા ચીંધેલા માર્ગે સદાય ચાલીશું. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા દિગંતમાં વગાડીશું.’

સાંજની સભામાં આફ્રિકાના શૂરવીર ભક્તો મગનભાઈ તથા હરમાનભાઈએ ગુરુભક્તિનો મહિમા ગાયો. હજુ પણ ગઢપુરથી ગોંડલ આવતો હરિભક્તોનો પ્રવાહ અવિરત ચાલુ હતો. અસંખ્ય હરિભક્તોને સ્વામીશ્રી પોતાના પ્રિય સ્થાનમાં આશ્વાસન આપતાં આવકારતા હતા. નાના-મોટા સૌની મહિમાપૂર્વક દિવ્યભાવથી સંભાવના કરનાર સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌ અનેરી હૂંફ મેળવતા. સૌનાં હૈયાં હળવાં થતાં.

બારમા અને તેરમાને દિવસે ધાર્મિક વિધિસર કથાવાર્તા, પારાયણની સમાપ્તિ કરી, સ્વામીશ્રીએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

આજ સુધી શાસ્ત્રીજી મહારાજ સાથે, એમના પડછાયાની જેમ પાછળ પાછળ ફરતા સ્વામીશ્રી આજે પોતાના રોમરોમમાં શાસ્ત્રીજી મહારાજને ધારીને, ગુણાતીત પરિવારનું સુકાન લઈ, અક્ષરપુરુષોત્તમની આહ્‌લેક લગાવતા નીકળ્યા હતા. અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવા, ભક્તોના મનોરથો પૂર્ણ

કરવા, સૌને મહારાજની મૂર્તિનું સુખ આપવા, શાસ્ત્રીજી મહારાજની કેડીએ કેડીએ, દાસત્વ-ભક્તિની સહજ ફોરમ પ્રસરાવતાં સ્વામીશ્રીએ ચાલવા માંડ્યું.

ગુજરાતમાં વિચરણ, યુવાનમાં આસ્તિકતાનો સંચાર

આફ્રિકાથી આવેલા હરિભક્તોના મનમાં ઉમંગ હતો કે પોતાને ગામ સ્વામીશ્રીને પધરાવવા. સૌ પ્રથમ જીવાભાઈ હરિભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા આણંદ પધાર્યા. સાથે પ્રમુખસ્વામી વગેરે પંદર સંતો હતા. સ્થાનિક હરિભક્તોને છ દિવસ કથાવાર્તા, દર્શનનો લાભ આપ્યો.

જ્યારે સ્વામીશ્રી આણંદ પધારે, ત્યારે મણિભાઈ નારણભાઈ ખૂબ સેવા કરે. સ્વામીશ્રી તેમના ઘરે પધરામણીએ જાય. મણિભાઈના પુત્ર વિનુભાઈને આ બધું ગમે નહીં. તેથી સ્વામીશ્રી પધારે કે તરત બીજા દાદરેથી ઊતરી બહાર ચાલ્યા જાય. એક વાર તેઓ બહાર નીકળવા ગયા ત્યાં તે જ દાદરેથી સ્વામીશ્રી અને સંતો પધારી રહ્યા હતા. વિનુભાઈને જતા જોઈને સ્વામીશ્રીએ હેતથી હાથ પકડ્યો અને કહે : 'ગુરુ ! ક્યાં જાવ છો ? હાલો મેડા પર.'

કચવાતે મને વિનુભાઈ ઉપર આવ્યા. સ્વામીશ્રીએ તો નિઃસ્વાર્થભાવથી હેત કરી, વાતો કરવા માંડી. પછી કહે : 'લ્યો, કંઠી ધારણ કરો !' એમ કહી જ્યાં કંઠી પહેરાવી કે તરત જ તેમણે તોડી નાખી. તેમનો ઇરાદો એ કે જો સ્વામીશ્રી ગુસ્સે થાય તો મને અહીંથી છૂટવા લાગ મળે.

પણ આ સંત જુદી માટીના હતા. તેઓ તો મીઠું હસ્યા ને થાપો આપી કહે : 'ઓહો ! બહુ બળિયા છે !'

વિનુભાઈ સ્વામીશ્રી સામેથી ખસી ગયા. નીચે જવાનો લાગ શોધ્યો. ત્યાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ જોઈ ટીખળ સૂઝ્યું અને દીવાલમાંથી કાંકરી કાઢી, મુગટ ઉપર તાકી, પાડી નાખવા પ્રયત્ન કરવા માંડ્યા. સ્વામીશ્રી તો પ્રત્યેક ક્રિયાની નોંધ લેવા છતાં જાણે તદ્દન નિર્લેપ ! આરતી થઈ અને ફરતી ફરતી વિનુભાઈ પાસે લાવ્યા તો તેમણે ફૂંકથી ઓલવી નાખી. હવે તો હદ થઈ ગઈ હતી. કોઈને પણ ક્રોધ આવે અથવા ખીજ ચડે જ એવાં આ યુવકનાં કરતૂત જોયાં છતાં વિદાય વેળાએ સ્વામીશ્રીએ વિનુભાઈ સામે પ્રેમાળ સ્મિત વેર્યું.

આ પછી થોડા દિવસ આણંદ રોકાઈ સાંજે ૫-૦૦ વાગે વલાસણ તરફ પ્રયાણ કર્યું, ત્યારે વિનુભાઈ મિત્રો સાથે તળાવની પાળે બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને જોઈ નામ દઈ બોલાવ્યા. વિનુભાઈએ વિચાર્યું : 'માર્યા ! હવે આ સાધુ

નક્કી પોટલાં ઊંચકાવશે.'

છતાં મર્યાદા તોડી ન શકાઈ અને નજીક આવ્યા, ત્યારે તેમને પાસે ખેંચી ધબ્બો આપતાં સ્વામીશ્રી કહે : 'લ્યો, અમે જઈએ છીએ. ભૂલચૂક માફ કરજો !'

વિનુભાઈની સ્તબ્ધતાને કળ વળે તે પહેલાં તો સ્વામીશ્રી વિદાય થઈ ગયા હતા. ઊંડા પસ્તાવા સાથે તેમના અંતરમાં ફરી ફરીને ભાવો ઊઠવા લાગ્યા કે 'આ પ્રેમાળ સ્મિતનો સ્પર્શ ફરી ક્યારે થશે ? આ વહાલના ઉમળકા વેરતું વદન ફરી ક્યારે જોવા મળશે ? તેમની જાણ બહાર તેમના અંતરમાં આસ્તિકતાનાં અંકુર ફૂટવા લાગ્યાં.

ગિરધરભાઈને પ્રતીતિ

આફ્રિકાના હરિભક્ત ગિરધરભાઈએ જ્યારે સ્વામીશ્રીને પોતાના ગામ વલાસણ આવવા વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું : 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા છે. શોક છે. તેથી ન જવાય.' પછી કહે : 'જો તમે સાથે આવો ને અમારી સાથે ફરો, તો ગુજરાતમાં આવીએ.'

ગિરધરભાઈએ તરત જ આફ્રિકાનું બુકીંગ કેન્સલ કરાવવા માટે તાર કરી દીધો અને સ્વામીશ્રી સાથે અડધીયું ભાડે કરી વિચરણમાં નીકળ્યા. આણંદ થઈ બોરીઆવી નજીક જ્યાં વડતાલ જવાનો રસ્તો આવે છે ત્યાં સ્વામીશ્રી કહે : 'ગિરધરભાઈ ! વડતાલમાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરાવો.' તેથી ડ્રાઇવરને વડતાલ જવા કહ્યું. સ્વામીશ્રીએ વડતાલમાં દર્શન કર્યાં ને હરિકૃષ્ણ મહારાજને દંડવત્ કરી ખૂબ ખૂબ પ્રાર્થના કરી. પછી કરમસદ શિવાભાઈ વગેરે ભક્તોને લાભ આપી વલાસણ પધાર્યા.

એ પછી ગિરધરભાઈ તથા સી.ટી. પટેલના આગ્રહથી વલાસણ,[૧૦૧] મોતીભાઈને ત્યાં પોરડા, પ્રભુદાસભાઈને ત્યાં કરોલી થઈ મણિભાઈ મિત્રાલવાળાના આગ્રહથી ભૂમેલ પધાર્યા.

ગામમાં ઘણી જગ્યાએ પધરામણી કરીને ઈશ્વરભાઈ ભાઈલાલભાઈ પટેલના ઘરે છેલ્લી પધરામણીએ આવ્યા. અહીં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ગામનું નામ શું છે ?'

ઈશ્વરભાઈએ કહ્યું કે 'બાપા ! ભૂમેલ છે.'

એટલે સ્વામીશ્રી ઘરની ફરસ ઉપર હાથ ફેરવતાં હસતાં હસતાં કહે :

---

૧૦૧. વૈશાખ વદ ૧૦.

'આ ભૂ(જમીન)નો મેલ આજે કાઢી નાખ્યો.'

પછી ગામમાં આગેવાનો કોણ કોણ છે? તે પૂછ્યું અને ત્રણેય આગેવાનો ઈશ્વરભાઈ, આશાભાઈ તેમજ અંબાલાલભાઈને બોલાવી ત્રણેયના ઘરે પધરામણીએ ગયા. સૌને અલૌકિક સ્મૃતિ સહિત સુખ આપ્યું.

આમ, ગામડે ગામડે ભક્તોના મનોરથ પૂરા કરવા વિચરણ કરતા સ્વામીશ્રી ભૂમેલથી નડિયાદ, સંધાણા થઈ ડભાણ પધાર્યા. કથાવાર્તાથી ધીરજ અને બળ આપી સ્વામીશ્રીએ સૌને રાજી કર્યા. અહીં સુધી સ્વામીશ્રીએ ગિરધરભાઈને સાથે ફેરવ્યા અને દર્શન, વાતો, પ્રસાદી અને મળવું – એ ચારે પ્રકારનાં સુખ આપ્યાં. જાણે શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા જ નથી એવી પ્રતીતિ કરાવી, સ્વામીશ્રીએ ગિરધરભાઈને આફ્રિકા જવા રજા આપી. તેમણે પણ અનુભવ્યું હતું કે સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજ સત્સંગમાં સદાય પ્રગટ જ છે.

એ પછી તેમને આશીર્વાદ આપવા સ્વામીશ્રી આણંદ રેલવે સ્ટેશન પર પણ પધાર્યા હતા. ગિરધરભાઈને સ્વામીશ્રીથી વિખૂટા થવાથી ઘણું દુઃખ થતું હતું. ફૂલહાર લઈને સ્ટેશન પર આવેલા પોતાના પ્રાણાધારનું અમીમય વાત્સલ્ય, ભક્તો પરની કરુણા, મમતા અને પ્રેમ અનુભવી ગિરધરભાઈની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં. સ્વામીશ્રીએ તેમને ફૂલહાર કરી ભાવભીની વિદાય આપી.

સ્વામીશ્રીએ આપેલા સુખને વાગોળતા ગિરધરભાઈ આફ્રિકા પહોંચી ગયા. ત્યાં પણ સર્વને કહેતા : 'શાસ્ત્રીજી મહારાજ ગયા નથી, સ્વામીશ્રીમાં સદાય પ્રગટ છે, છે ને છે.' તેમના શબ્દોમાં હવે પ્રતીતિનો રણકાર હતો.

સત્સંગ મંડળોની સ્થાપના

સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં નવા સંસ્કારી જીવો ઉપર અચૂક એમની દૃષ્ટિ પડે જ. એમની ગુણાતીત દૃષ્ટિમાં કોઈ મુમુક્ષુ બાકી ન રહે. પ્રથમ મુલાકાતે જ એના ઉપર એવું હેત વરસાવે કે વાત્સલ્યની ગંગામાં તરબોળ થઈ જાય, એટલું જ નહીં એ સ્વયં તણાઈ જાય. બીજું કાંઈ જ યાદ ન રહે તોપણ એ છબિ કોઈ ભૂલવા ધારે તોપણ ન ભૂલી શકે અને ઉત્તરોત્તર આકર્ષણ વધતું રહે. પાત્રતા પ્રમાણે સ્વામીશ્રી ક્યારેક એને વર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગી પણ બનાવી દે. વ્યસનમુક્તિનો આદેશ આપે. મહારાજનો આશરો અને આજ્ઞા વાતવાતમાં દૃઢ કરાવવાનું તાન સ્વામીશ્રી હંમેશાં રાખતા.

વસોમાં મગનભાઈના પરિવારે વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી

સ્વામીશ્રી અને સંતોને પધરાવ્યા. નારમાં છોટાભાઈ, ચતુરભાઈ તથા રસિકભાઈ ધનજીભાઈને ત્યાં પધાર્યા. જૂના હરિભક્ત ખુશાલદાદાને સ્વામીશ્રી મહિમાથી મળ્યા. સામાન્ય ભક્તને પણ સ્વામીશ્રી મહિમાની દૃષ્ટિથી જુએ, તો પછી ભગતજી મહારાજના શિષ્ય ખુશાલદાદાને જોઈને તો એમનો આનંદ સહેજે ઊભરાઈ જાય, તેમાં શું આશ્ચર્ય ?

હરમાનભાઈ તથા પ્રહ્‌લાદભાઈ બારોટને ત્યાં તારાપુર, મોતીભાઈ ઝવેરભાઈને ત્યાં પાળજ થઈ ગાના હરમાનભાઈ, પુરુષોત્તમદાસ તથા પ્રભુદાસભાઈને ત્યાં પધાર્યા. દરેક ગામમાં હરિભક્તોને ત્યાં પધરામણીઓ થતી. સવાર-સાંજ કથાવાર્તા અને ભજન-કીર્તનની રમઝટ બોલતી. સત્સંગના આ કાર્યક્રમમાં ઉત્સાહી યુવાનો, ભક્તો સ્વામીશ્રીની નજરે પડી જતા. તેમને જુદા બોલાવી તેઓ મહિમાની અધિક વાતો કરતા અને ગામમાં સત્સંગ મંડળ સ્થાપવા અચૂક પ્રેરણા આપતા. ગાનામાં પણ સત્સંગ મંડળની સ્થાપના થઈ.

ભલાભોળા જણાતા સ્વામીશ્રીની આ કોઈ વિશિષ્ટ રીત હતી. અમસ્તા તો કોઈ ભગવાનને માર્ગે ચડી શકે નહીં, પણ હેતથી, વાત્સલ્યથી સ્વામીશ્રી સૌને સત્સંગ અને ભગવાનમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવતા. એમાં પણ મંડળ સ્થાપવું, નિયમિત સત્સંગ માટે પ્રેરણા આપવી વગેરે સત્સંગ પ્રચારની અજબ યોજના એમના સાધુ હૃદયમાંથી નિપજતી જોઈ સૌને આશ્ચર્ય થતું. સમૂહમાં ભજન-ભક્તિની પ્રેરણાથી એમણે કેટલાય મનુષ્યો, જે આ માર્ગે જલદી વળી શકે નહીં તેમને સત્સંગના રસ્તે મૂકી દીધા ! આમ, સ્વામિનારાયણ સંપ્રદાયથી અપરિચિત એવો વિશાળ વર્ગ ધીરે ધીરે સ્વામીશ્રીની નિશ્રામાં આવવા લાગ્યો.

સી.કે. પટેલ, ચુનીભાઈ, ખોડાભાઈ, રામભાઈ, શિવાભાઈ તથા ઉમેદભાઈ વગેરે ભક્તોને ત્યાં કરમસદ પધરામણી કરી. આફ્રિકાથી ઉત્સવ નિમિત્તે આવેલા રણોલીના કાળીદાસના પુત્રની બાબરી ઉતરાવવા નિમિત્તે સ્વામીશ્રી ખાસ બોચાસણથી પધાર્યા. ભક્તોની નાની-નાની ખેવના પણ સ્વામીશ્રી હસતે વદને વધાવી લેતા. પોતાની અડચણોનો ક્યારેય ખ્યાલ કરતા નહીં.

આ વિચરણમાં વાસણા આવી પહોંચ્યા. અહીં પધરામણીએ જતાં જેઠાભાઈ રામસંગ રબારી કૂવો ખોદાવતા હતા. ત્યાં ખેતરે પધાર્યા અને કૂવામાં પ્રસાદીનાં ફૂલ નાખ્યાં. પછી કહે : 'પાણી ઘણું થશે ને મીઠું થશે.'

કૂવામાં પાણી આવ્યા પછી કૂવાની બાજુમાં સરગવાના અને આંબાના ઝાડ વચ્ચે સ્વામીશ્રી ઘણી વાર પૂજા કરતા. આંબાના મો'રનો પ્રસાદ કરતા અને

સરગવાના ફૂલનો હાર ઠાકોરજીને ધરાવતા. વાસણા આવે ત્યારે છાશ, ચણાનો લોટ નાખીને સરગવાની શીંગનું શાક બનાવતા. એવું સરસ બનાવે કે સૌ આંગળા કરડી ખાય. સ્વામીશ્રીએ હરિભક્તોને કહેલું કે 'અહીં તમે સૌ સરગવા બહુ રોપજો. આ જમીનને સરગવો બહુ ભાવે છે. આ સરગવો જીવનદોરીરૂપ બની જશે. આ સરગવા તો મોટા મુક્ત છે. તમારી સેવા માટે આવ્યા છે.'

સ્વામીશ્રીના એ આશીર્વાદ આજે ફળ્યા છે. વાસણા ગામની સરગવાની શીંગો અમદાવાદ, મુંબઈ, પૂના, મદ્રાસ આદિ મોટાં મોટાં શહેરોમાં જાય છે. ગુજરાતમાં સરગવાની શીંગ દેખાય તે વાસણા ગામની જ હોય.

હરિભક્તની આવરદા વધારે છે

અટલાદરા થઈ ગુરુપૂર્ણિમાના સમૈયામાં બોચાસણ જવા નીકળ્યા ત્યાં ખબર મળી કે વાઘોડિયાના મોહનલાલ પંચાલને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે, કેમ કે તેમને લોહીની ઊલટીઓ થાય છે અને બચવાની કોઈ આશા નથી.

સ્વામીશ્રી સ્ટેશન ઉપરથી સીધા જ સંતો સાથે હૉસ્પિટલમાં આવ્યા. મોહનભાઈ તો લગભગ બેભાન જ હતા. સ્વામીશ્રીએ તુરત જ ધૂન કરાવી અને પ્રસાદીનાં પુષ્પ પાણીમાં નાખી તેમને જળ પાયું. થોડીવારમાં તેઓએ આંખો ખોલી અને 'જય સ્વામિનારાયણ' કર્યા. સ્વામીશ્રીએ તેમના શરીર ઉપર હાથ ફેરવ્યા કર્યો. પછી બોલ્યા : 'આ પ્રસાદીનું જળ તેમને પાજો. જલદી સારું થઈ જશે અને કોઈ જાતનો રોગ દેહમાં રહેશે નહીં. મહાકાળ આવ્યો હતો પણ પાછો ભાગી ગયો છે.'

તેમનાં સ્વજનોને સ્વામીશ્રીના આગમનથી ખૂબ હૈયાધારણ મળી. આવા પ્રસંગે પડખે ઊભા રહી હૂંફ આપનારને કોઈ કેમ વીસરી શકે ?

સ્વામીશ્રી હૉસ્પિટલમાં પધાર્યા એટલે મોડું થયું અને ટ્રેન ઊપડી ગઈ. એટલે ભાડાની મોટર દ્વારા સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. સાથેના એક સંતે કહ્યું કે 'આપણે ટ્રેન ચૂકી ગયા.' સ્વામીશ્રી ભાવથી કહે : 'ટ્રેન ચૂકી ગયા તો શું ? આપણે હૉસ્પિટલ ગયા તો એક હરિભક્તને આવરદા મળી ગઈ અને શાંતિ થઈ ગઈ. માટે ટ્રેન ચૂક્યા તે સાર્થક છે.'

મોહનભાઈની તબિયત દિન-પ્રતિદિન સુધરવા લાગી. તેઓ તદ્દન સાજા-સારા થઈ ગયા. તેમની સારવાર કરતા ડૉક્ટરો પણ સ્વામીશ્રીના આશીર્વાદના પ્રભાવથી વિસ્મિત થઈ ગયા, પરંતુ તેમને એ ખ્યાલ ક્યાંથી હોય

કે ભગવાન તો સદાય પોતાના ભક્તની રક્ષામાં જ બેઠા છે. જેમ મા-બાપ પુત્રને રક્ષે છે, હાથ કંઠને રક્ષે છે, તેમ ભગવાન ભક્તની રક્ષામાં જ રહે છે.

આશાભાઈ પ્રભુદાસ યજ્ઞપ્રિયદાસ બને છે

વર્ષોવર્ષ શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં ઊજવાતો ગુરુપૂનમનો ઉત્સવ આ વખતે સૌએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવ્યો, પણ ભક્તોને એવો જ ભાવ રહ્યો કે શાસ્ત્રીજી મહારાજ પ્રગટ બિરાજે છે. સ્વામીશ્રીએ અલૌકિક રીતે નાના-મોટા, જૂના-નવા સૌની ભાવપૂર્તિ કરી સહેજ પણ ઓછપ જણાવા દીધી નહિ. ગુરુહરિને અંજલિ અર્પવા ગુજરાતનો ભક્ત-મહેરામણ આજે બોચાસણ - ગાદીના સ્થાને ઊમટ્યો હતો. આજથી ૪૫ વર્ષ પહેલાં જે શાસ્ત્રીજી મહારાજે અહીં પ્રથમ ઉપાસના-મંદિરની સ્થાપના કરી, એ જ સ્વામીશ્રી આજે યોગીજી મહારાજરૂપે સૌને લાભ આપતા હતા. પણ એ સમયના જૂના હરિભક્તો તથા બોચાસણના રહેવાસીઓ તો શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં મહાલતા હોય એમ રાચતા હતા. સમૈયો ધામધૂમથી ઊજવાયો. સૌએ પ્રગટ ગુરુહરિનું પૂજન કર્યું, આશીર્વાદ મેળવ્યા અને કૃતકૃત્યતા અનુભવી.

આ ઉત્સવમાં એક વિશિષ્ટ ઘટના બની. વર્ષોથી જેમણે શાસ્ત્રીજી મહારાજનો શિર સાટે પક્ષ રાખ્યો હતો અને મન, કર્મ, વચને સર્વસ્વ અર્પણ કર્યું હતું એવા મૂળ સાધી ગામના વતની આશાભાઈ પ્રભુદાસે સમર્પણનું વિશિષ્ટ પગલું ભર્યું. અસાર સંસારનો ત્યાગ કરી, શાસ્ત્રીજી મહારાજને વિશેષ રાજી કરવા, સ્વામીશ્રીની આજ્ઞામાં રહી સત્સંગ-સમાજ અને સંસ્થાની સેવા કરવા તેઓ તત્પર થયા અને સાધુ યજ્ઞપ્રિયદાસ તરીકે ઓળખાયા. એમની સાથે બીજા હરિભક્તો પણ જોડાયા. એમ ૧૫ જેટલા સત્સંગીઓએ યોગીજી મહારાજના વરદ હસ્તે પ્રથમ ત્યાગાશ્રમની દીક્ષા લીધી.[૧૦૨]

દાડમાના નારણજી મહારાજે દીક્ષા વિધિ કરાવ્યો. સ્વામીશ્રીએ

---

૧૦૨. ૧. આશાભાઈ પ્રભુદાસ પટેલ (સાધી) : સાધુ યજ્ઞપ્રિયદાસ.
૨. નારણભાઈ પટેલ (જેસંગપુરા) : સાધુ ઈશ્વરચરણદાસ.
૩. છોટાભાઈ પટેલ (ગાના) : સાધુ ઘનશ્યામપ્રસાદદાસ.
૪. મોતીભાઈ (ગાના) : સાધુ દેવપ્રસાદદાસ.
૫. બેચરભાઈ (તાજપુર) : સાધુ કૃષ્ણચરણદાસ.
૬. મગનભાઈ (સુજાનપુર) : સાધુ શ્રીહરિદાસ.

નવદીક્ષિતોને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની રખેવાળીમાં ગુણાતીત બાગ દિન-પ્રતિદિન વધુ ખીલી ઊઠશે એનો આનંદ અને ઉમંગ સૌના અંતરમાં ઊભરાવા લાગ્યો.

કલોલના શંકર ભગતે સંકીર્તન વ્યાખ્યાનથી રાજી કર્યા. સર્વત્ર ઉત્સાહની લાગણી પ્રસરી હતી. અહીંથી સ્વામીશ્રી અમદાવાદ આવ્યા.

ઈશ્વરભાઈ દાજીને દિવ્ય દર્શન

શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી કેટલાક જૂના હરિભક્તોને સ્વામીશ્રીમાં શ્રીજીમહારાજના પ્રગટપણાનો નિશ્ચય થતો ન હતો. તેઓ કહેતા : 'સ્વામીશ્રીમાં શાસ્ત્રીજી મહારાજના જેવું ઐશ્વર્ય નથી. કંઈ પરચા બતાવતા નથી. શાસ્ત્રીજી મહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું તેમ સ્વામીશ્રી જો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ હોય તો સમાધિ કરાવે.' એવી એવી ઘણી વાતો કેટલાક સંતો-હરિભક્તો કરતા. પુરુષોત્તમપુરાના આશાભાઈના નાના ભાઈ ઈશ્વરભાઈ દાજી તેમાંના એક.

શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી સંપ્રદાય પ્રત્યે ખાસ લાગણીને કારણે તેઓ મૂંઝાતા. તેમને થતું કે સત્સંગ વધતો અટકી જશે. હરિભક્તોનાં મન પાછાં પડી જશે. આવા સંકલ્પ-વિકલ્પને કારણે તેમને વધુ ઉદ્વેગ રહેતો.

સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે તેઓ આવ્યા હતા. એક ઓરડામાં તેઓ સૂનમૂન બેઠા હતા. સ્વામીશ્રી તેમના મનની પરિસ્થિતિ સમજી ગયા. એમણે દૃષ્ટિ કરી અને તેમને તત્કાળ દિવ્ય દર્શન થયાં. અક્ષરધામમાં શ્રીજી-મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ તથા અનંત મુક્તોનાં દર્શન થયાં. શાસ્ત્રીજી મહારાજે તેમને સાકરની પ્રસાદી આપીને કહ્યું : 'દાજી ! ઉદાસ કેમ છો ? શ્રીજીમહારાજ 'જોગી મહારાજ' દ્વારા

---

૭. બાવાભાઈ (ગોંડલ) : સાધુ ભગવત્‌સ્વરૂપદાસ.

૮. નિર્મળદાસ : સાધુ વિજ્ઞાનદાસ.

૯. છોટાલાલ (ખસ) : જ્ઞાનાનંદ બ્રહ્મચારી.

૧૦. પુરુષોત્તમદાસ (ઊના) : અક્ષરાનંદ બ્રહ્મચારી.

૧૧. સોમા ભગત (રઢુ). ૧૨. શંકર ભગત (રઢુ).

૧૩. ડાહ્યા ભગત (કરોલી). ૧૪. ગોરધન ભગત (અણિયાળી).

૧૫. ખોડા ભગત (અણિયાળી).

સત્સંગમાં સદાય પ્રગટ છે. અમારામાં અને જોગી મહારાજમાં એક રોમનોય ફેર નથી ! માટે એમનામાં મન, કર્મ, વચને જોડાઈ જાઓ.'

જ્યારે તેઓ આ કૃપા-સમાધિમાંથી જાગ્રત થયા, ત્યારે તેમના હાથમાં સાકર હતી. તેમને આ વાત બધાને કરવી હતી, પરંતુ અક્ષરધામના અનવધિકાતિશય સુખનું વર્ણન કરવામાં અતિ હર્ષભીના થઈ જતાં તેમનો કંઠ રુંધાઈ ગયો ! સ્વામીશ્રી પાસે જઈને તેઓ સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ હસીને કહ્યું : 'દાજી રાખો.'

'ના સ્વામી ! આજ સુધી તો આપનો મહિમા સમજાયો ન હતો. આપ શાસ્ત્રીજી મહારાજનું જ સ્વરૂપ છો. સમાધિમાં મને આ બધો જ અનુભવ થયો છે.' ઈશ્વરભાઈ દાજીએ કહ્યું.

તેમણે સત્સંગમાં સર્વને પોતાને થયેલી સમાધિની આ વાત કરી સ્વામીશ્રીનો મહિમા કહ્યો. શ્રીજીમહારાજનું પ્રગટપણું સ્વામીશ્રી દ્વારા છે તે વાતની સચોટ પ્રતીતિ કરાવવા માટે શાસ્ત્રીજી મહારાજે ઈશ્વરભાઈને સમાધિમાં સાકર હાથમાં આપી હતી.

સુકાની ! સત્સંગના કે સેવાના ?

એક દિવસ બપોરના ૩-૦૦ વાગે અમદાવાદ હરિમંદિરમાં રસોડાની નાની ઓરડીમાં સ્વામીશ્રી વાસણ માંજતા હતા. અડધા વાસણો મંજાયાં હશે ત્યાં બબુભાઈ કોઠારી તેમનું કામ પૂરું થતાં ઑફિસમાંથી બહાર નીકળ્યા. તેમને વાસણ ઊટકવાનો ધીમો અવાજ સંભળાયો. તેમને થયું : 'અત્યારે ભરબપોરે કોણ વાસણ માંજતું હશે ?' તેથી તેઓ કુતૂહલવશ જોવા ગયા. પણ બારણું અંદરથી બંધ હતું. તિરાડમાંથી અંદર જોયું તો સ્વામીશ્રી !

તેમને અત્યંત આશ્ચર્ય થયું. હજારો ભક્તો જેમનાં ચરણોમાં આળોટે છે એ પરમ સિદ્ધપુરુષ આવી સેવા પણ કરે છે !

બબુભાઈએ બારણું ખખડાવ્યું, વિનંતી કરી : 'સ્વામી ! આપ રહેવા દો. આવું કામ આપનાથી થાય નહીં.'

ત્યારે સ્વામીશ્રીએ બારણું ખોલ્યું અને હસીને કહે : 'સૌ સેવા કરનારા ખૂબ થાકીને સૂતા છે. એટલે મને સેવા કરવાનો ખરો લાભ મળ્યો છે. માટે ના પાડશો નહીં.'

પરંતુ બબુભાઈના અત્યંત આગ્રહને વશ થઈને સ્વામીશ્રીએ નમતું જોખ્યું.

ભક્તના સાચા ભેરુ

સ્વામીશ્રી અમદાવાદ પધારે ત્યારે હંમેશાં મોટા મંદિરે ચાલીને દર્શન કરવા જતા. ત્યાંથી પાછા ફરતા ખોડી આંબલી પાસે આવે ત્યારે જે હરિભક્ત સાથે હોય તેને અર્જુનભાઈ ચાવડા ઘેર છે કે નહીં, તે પૂછવા મોકલે અને પોતે નીચે ઊભા રહે. જો તેઓ ઘરે હોય તો તેમના ઘરે મેડા ઉપર જાય, પધરામણી કરે. સ્વામીશ્રી પાંચ વાતો બોલે. એ વખતે કેટલાકને મન સ્વામીશ્રીની મહત્તા એક સારા સાધુ તરીકેની હતી. કેમ કે, સ્વામીશ્રીએ પોતાનું અસાધારણ ઐશ્વર્ય ઢાંકી રાખ્યું હતું. સામાન્ય પરિચય હોય તેવા હરિભક્તનું ઘર પણ જો રસ્તામાં આવે તો તેઓ ત્યાં પગલાં કરવા જતા. નાના-મોટા સૌ હરિભક્તો ઉપર અંતરનું હેત હોય તો જ આમ વર્તી શકાય ! જ્ઞાન-ગરીબી ધારણ કરનાર ગુણાતીત સંત વગર આવું કોણ કરી શકે ?

શનિવારે તા. ૨૧-૭-'૫૧ની રાતે ૧૧-૩૦ વાગે સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. મોડી રાતે પણ સ્ટેશન ઉપર હરિભક્તોએ સ્વાગત કર્યું હતું.

બીજે દિવસે કૃષ્ણજી અદાની દેરીએ ગુરુપૂર્ણિમાના પ્રતીક ઉત્સવરૂપે સત્સગ સભા યોજાઈ. ગોંડલથી દાજી બાપુ તથા અક્ષરપ્રકાશ સ્વામી આવ્યા હતા. નારણભાઈ શેઠ, મોહનલાલ અજાગિયા, બદ્રિનાથભાઈ, ડૉ. ટાંક તથા ગણાત્રા વગેરે હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો. હરિભક્તોનાં ઘરે પધરામણીઓ થઈ.

ગણાત્રા સાહેબની મોટરમાં સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. રસ્તામાં રીબડા ગામે વજુભાના સુપુત્રો તથા અન્ય હરિભક્તોએ પણ પધરામણીઓ કરાવી.

પીઢ સત્સંગીઓના ઉદ્‌ગારો

શાસ્ત્રીજી મહારાજના વિરહનું દુઃખ નંદાજી માટે અસહ્ય હતું, પણ સ્વામીશ્રી વિશે હેત તેથી સમય ઓછો હોવા છતાં તેઓ હંમેશાં સ્વામીશ્રીનાં દર્શને આવતા. જેનાથી નંદાજીને શાંતિ થતી.

આ વખતે સ્વામીશ્રી તેમને લાભ આપવા અમદાવાદ પધાર્યા. નંદાજીએ સભામાં શાસ્ત્રીજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું : 'સ્વામીની વાતુમાં કહ્યું છે કે મોટા પરોક્ષ થતા નથી. એ તો હંમેશાં સત્સંગમાં વિચરે છે. મહારાજે પોતાનું કાર્ય ગુરુપરંપરા દ્વારા ચાલુ રાખ્યું છે. તે પ્રણાલિકા અટકવાની નથી. તે

યોગીજી મહારાજ મારફતે ચાલુ રહેશે.'

આવો ભાવ સત્સંગીઓને તો હોય જ પણ વડતાલ સંસ્થાના ટ્રસ્ટી અને પીઢ સત્સંગી, સરકારી વકીલ હરિપ્રસાદભાઈ ચોકસી જેવાએ પણ પોતાની શાસ્ત્રીજી મહારાજ માટેની શ્રદ્ધાંજલિ પાઠવતાં યોગીજી મહારાજને જણાવ્યું[૧૦૩] કે –

'સકળશુભગુણે વિરાજીત, શ્રીજીના લાડીલા, પરમ એકાંતિક, પરમ નૈષ્ઠિક, સંત શિરોમણિ, પરમ પૂજ્ય યોગીજી મહારાજની સેવામાં...

'... મને વિરહનું દુઃખ અતિ તીવ્ર થાય છે. છતાં શ્રીજીમહારાજ તમારામાં સાક્ષાત્ અખંડ રહ્યા છે. અક્ષર અને અક્ષરના મુક્તો પણ સાથે વાસ કરી રહેલ છે. એટલે આપના સંકલ્પમાં બ્રહ્માંડની ઉત્પત્તિ અને પ્રલયની શક્તિ રહેલી છે. સ્વામીશ્રી તો અખંડ આપના હૃદયમાં નિવાસી શ્રીજીની સાથે ફરે છે... મળવાની હૃદયમાં તાણ રહે છે. શ્રીજી પૂરી પાડશે.'

સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ સંપ્રદાયના પીઢ સત્સંગીઓ જેમણે અનેક સંતોનો સમાગમ કરેલો. છતાં શાસ્ત્રીજી મહારાજની વિશેષતા-મહત્તા સમજતા હતા. તેઓ આજે સ્વામીશ્રીના સંબંધથી પૂર્ણ સાંત્વના મેળવતા હતા. એટલું જ નહિ, એકાંતિક સંત દ્વારા મહારાજનું પ્રગટપણું સ્વીકારતા હતા. સ્વામીશ્રીની સાધુતાનો સ્પર્શ લોકહૃદયમાં કેટલો ઊંડો પહોંચ્યો છે તે આથી સમજી શકાય એવું હતું.

નંદાજીને દર્શન-આશીર્વાદ આપી સ્વામીશ્રી સુરેન્દ્રનગર પધાર્યા. ત્રિકમભાઈ રામજીભાઈને ત્યાં બે દિવસ રોકાયા. લીંબડીથી છગનભાઈ, ગોરધનભાઈ વગેરે ઝાલાવાડી ભક્ત-મંડળ દર્શને આવ્યું હતું.

સૌને મળીને અમાસે ગોંડલ પહોંચ્યા. શ્રાવણ સુદ એકમથી પાંચમ સુધી લીંબડી સત્સંગ મંડળ તરફથી ગોંડલમાં પારાયણનું આયોજન થયું. જેમાં સ્વામીશ્રી કથાવાર્તાનો લાભ સૌને આપતા. ગોંડલના સીદીભાઈ સાહેબ, ગણોદ દરબાર નટુભા, રેલવે ડેપ્યુટી મૅનેજર કુમાર માધવસિંહજી તથા રાજકોટ, જામનગર, લીંબડી, રામોદ, દેવચડી, માણાવદર, રાજુલા વગેરે ગામોના હરિભક્તોએ પણ કથાવાર્તાનો સારો લાભ લીધો. ઘણા નવા નવા મુમુક્ષુઓએ સ્વામીશ્રીનો મહિમા જાણી વર્તમાન ધરાવ્યાં. કોઠારી વાસુદેવ સ્વામી, દાજી બાપુ તથા વિરમજી બાપુએ સૌની સારી વ્યવસ્થા કરી.

---

૧૦૩. પત્ર : તા. ૧૨-૭-'૫૧.

શ્રાવણ સુદ પાંચમ ને મંગળવારે સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીં અદાની દેરીએ એમની જયંતી નિમિત્તે સત્સંગ સભા થઈ હતી. સૌ પ્રથમ બૅન્ડવાદનથી સ્વામીશ્રીનું સ્વાગત થયું. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'શાસ્ત્રીજી મહારાજ દિવ્ય દેહે આપણી સાથે જ બિરાજે છે. જ્ઞાન-દૃષ્ટિએ જોવાની જરૂર છે. પ્રગટના સંબંધનો મહિમા સમજવો. પોતાના દોષ જોવા અને ટાળવાનો પ્રયત્ન કરવો. તમામ સંતો-હરિભક્તોમાં સુહૃદભાવ રાખવો.' પોપટભાઈ અનડા, ઝવેરકાકા, ચુનીલાલ વગેરે ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. હરિલાલ, બેચરભાઈ તથા ચંદ્રવદનભાઈએ કીર્તન ગાયાં.

અહીંથી ટ્રેનમાં વિરમગામ પધાર્યા.

શ્રીનગરમાં રંગેચંગે પારાયણ પર્વ

પ્રતિવર્ષ પ્રમાણે આ વર્ષે પણ ચંપકભાઈ શેઠ, વિનાયકરાવ સાહેબ વગેરે હરિભક્તોની વિનંતીથી અમદાવાદમાં 'સત્સંગિજીવન' ગ્રંથની પારાયણનું આયોજન થયું હતું. શ્રાવણ સુદ સાતમ, સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. બે દિવસ પછી પ્રમુખસ્વામીએ કથાનો પ્રારંભ કર્યો. પ્રૉ. બાંભણિયાએ એક દિવસ ભાગવત કથામૃતનો આસ્વાદ કરાવ્યો. સાંજની સભામાં નારણજી મહારાજ સત્સંગનો ઇતિહાસ રસપ્રદ શૈલીમાં કહેતા. છગનભાઈ ટાંક તથા જયંતી ટાંકની દોરવણી નીચે યુવકોની ભજન-મંડળી કીર્તન-ભક્તિનો સારો લાભ આપતી. પૂર્ણિમાને દિવસે પૂર્ણાહુતિમાં બહારગામથી ઘણા હરિભક્તો આવ્યા હતા.

ખેંગારજીભાઈના મનનો ઘાટ બદલ્યો

શાસ્ત્રીજી મહારાજ સાથેના અસાધારણ હેતને કારણે હજુ કેટલાક હરિભક્તો ઉદાસ રહેતા. તેમને સત્સંગનું જેવું છે તેવું સુખ આવતું નહીં. ખેંગારજીભાઈની આ સ્થિતિ હતી. જો કે તેમને ગઢડા પ્રતિષ્ઠા વખતે અનુભવ થયો હતો. છતાં તેમનું મન ઉથડક રહેતું.

એક સમયે ઊંઘ ન આવવાથી તેઓ રાત્રે ૨-૦૦ વાગે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો તંત્રીલેખ લખવા બેઠા. તે લેખ પૂરો કરી વહેલી સવારે સ્નાન-પૂજા કરી શાહીબાગ મંદિરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. આજે નંદાજી દિલ્હી જવાના હોવાથી તેઓ પણ વહેલા દર્શને આવ્યા હતા. સભા ચિક્કાર ભરાઈ ગઈ હતી.

સ્વામીશ્રીએ ભાવવાહી પ્રવચન કર્યું, અને તેના સમાપનમાં 'ગુરુરાજ,

મેરો ઘાટ દૂસરો બનાયો હૈ' એ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીની કીર્તન-પંક્તિ ટાંકતા ખેંગારજીભાઈ તરફ કરુણાદૃષ્ટિ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'ખેંગારજીભાઈ ! સ્વામી ગયા જ નથી. ભગવાન અને મોટાપુરુષ કોઈને નધણિયાતા મૂકીને જતા નથી !' સ્વામીશ્રીએ જે રીતે વાતનો ઉપાડ કર્યો હતો તે સાંભળી ખેંગારજીભાઈ તો દંગ થઈ ગયા. મોડી રાત્રે તેમણે જે લેખ લખ્યો હતો તેનું મથાળું હતું : 'મેરો ઘાટ દૂસરો બનાયો હૈ !' આ શબ્દો તેમને શાસ્ત્રીજી મહારાજે વર્ષો પહેલાં કહેલા : 'ખેંગારજીભાઈ ! ગુરુ એટલે શું ? ઘાટ બદલી નાખે, બ્રહ્મરૂપ કરી દે.' 'ગુરુરાજ, મેરો ઘાટ...' ખેંગારજીભાઈને આનંદનાં પૂર ઊમટ્યાં. સ્વામીશ્રીની સર્વજ્ઞતા અને પોતાના અજ્ઞાનનો વિચાર આવતાં જ તેમણે શંકાઓને દૂર ધકેલી દીધી અને સ્વામીશ્રીના સ્વરૂપમાં આસ્થા અને પ્રતીતિ આણી.

ગાંડો મોહન ડાહ્યો થયો

અહીં પુરુષોત્તમભાઈ લાલજીભાઈ ઠક્કર ખોજા હરિભક્ત રહેતા. તેમના પુત્ર મોહનભાઈ મગજની બીમારીથી ગાંડા જેવા થઈ ગયા હતા. દેહનું ભાન રહ્યું નહીં. પુરુષોત્તમદાસ સ્વામિનારાયણના આશ્રિત હતા અને સ્વામીશ્રી સાથે તેમને હેત હતું. તે અમદાવાદમાં નરનારાયણ દેવના મંદિર પાસે રહેતા હતા. સ્વામીશ્રી જ્યારે અમદાવાદ પધારે અને જૂના મંદિરે દર્શન કરવા જાય, ત્યારે તેઓ જો ઘરે હોય તો બે દાદર ચડીને પણ તેમના ઘરે પધરામણીએ જતા.

સ્વામીશ્રીની આ વિશેષતા હતી કે પોતે સામેથી હરિભક્તોને ઘરે પધરામણીએ જતા અને મમતાપૂર્વક ભક્તોની નિષ્ઠાનું સંવર્ધન કરતા. પુરુષોત્તમભાઈએ મોહનની બહુ દવા કરાવી પણ ડૉક્ટરોએ નિરાશ થઈ તેને ગાંડાની ઇસ્પિતાલમાં દાખલ કરી દેવાની ભલામણ કરી.

પુરુષોત્તમભાઈએ સ્વામીશ્રીને પત્ર લખ્યો. સ્વામીશ્રીએ જવાબમાં જણાવ્યું કે 'મોહનને સાવ સારું થઈ જશે અને ગોંડલ અક્ષર દેરીની મહાપૂજા કરાવશો.'

તેમણે તુરત જ ગોંડલ મહાપૂજાની યાદી મોકલી આપી. પછી સ્વામીશ્રી અમદાવાદ પધારે તેની રાહ જોતા હતા.

આ વખતે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. તેમણે સ્વામીશ્રીની પધરામણી કરાવી, પૂજન કરી, ફૂલહાર પહેરાવ્યા. સ્વામીશ્રી હાથમાં કંકુ લઈ બોલ્યા : 'મોહન ! અહીં આવ. મને ચાંદલો કર.'

ગાંડો મોહન તુરત જ ઊભો થયો અને ડાહ્યો હોય તેમ સ્વામીશ્રીને

ચાંદલો કર્યો. સ્વામીશ્રીએ પણ તેને ચાંદલો કર્યો. જાણે તેના કપાળમાં વિધિએ લખેલા અવળા લેખ સવળા કર્યા ! ત્યારબાદ મોહનને તદ્દન સારું થઈ ગયું.

પુરુષોત્તમદાસના ઘરમાં અને કુટુંબમાં તો આનંદનો પાર ન રહ્યો. સૌની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરાઈ ગયાં. સ્વામીશ્રીએ તેમની વિદાય લીધી ત્યારે બોલ્યા કે 'ભગત ! હવે ગોંડલની મહાપૂજા ચાલુ રાખજો.'

મોહનની તો સાવ કાયાપલટ જ થઈ ગઈ હતી અને જાણે તેને બીજો જ અવતાર થયો ! સ્વામીશ્રીના આશીર્વાદથી ભક્તોનાં દુઃખ આમ એકાએક દૂર થઈ જતાં. સૌને સ્વામીશ્રી પ્રત્યેનો અહોભાવ દિન-પ્રતિદિન વધતો જતો.

અહીંથી નેનપુર થઈ જન્માષ્ટમીના સમૈયા ઉપર સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

મથુરકાકાનું છેલ્લું સમર્પણ

અટલાદરાના મથુરકાકા, જેમણે મંદિરની જગ્યા આપી હતી, તેઓ બીમાર હતા. તેમણે સ્વામીશ્રીને નોમનાં પારણાં કરીને પધરામણીએ આવવા સંદેશો મોકલ્યો. સ્વામીશ્રી તેમની ખબર કાઢવા પધાર્યા.

એ વખતે મથુરકાકાએ આંખમાં આંસુ સાથે બે હાથ જોડીને સ્વામીશ્રીને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે નજીકનું ખેતર મારી પાસે માગ્યું હતું પણ એ સેવા હું કરી શક્યો નહીં, તેથી શરીરે ઘણી બળતરા થાય છે અને અંતરમાં વસવસો થાય છે. મહારાજના વખતમાં રૂડા પટેલે ઘણી સેવા કરેલી, પણ ટાણે બળદની સેવા ન કરી શક્યા તેવું મારું થયું છે. તો તમે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરો તો મારો વસવસો ટળી જાય. ખેતર અર્પણ કર્યાનો લેખ હું તમને આપું છું.'

સ્વામીશ્રીએ તરત જ ધૂન કરાવીને મથુરકાકાને છાતીએ હાથ ફેરવ્યો. એ જ ક્ષણે તેમના અંતરમાં અપાર શાંતિ વ્યાપી ગઈ. તેઓ ગદ્‌ગદ થઈ ગયા. સ્વામીશ્રીના સ્વરૂપમાં તેમને સ્વયં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં.

એ પછી સ્વામીશ્રી 'સ્વામીની વાતો' બોલ્યા અને મથુરકાકાને ખૂબ રાજી કરીને મંદિરે પધાર્યા.

અટલાદરાથી છેલ્લે વિદાય થતાં શાસ્ત્રીજી મહારાજે મથુરકાકાને જે આજ્ઞા કરી હતી, એ પ્રમાણે સ્વામીશ્રીને ખેતર અર્પણ કરી, તેમણે આજ્ઞાનું પૂર્ણપણે પાલન કર્યું. આ શૂરવીર ભક્તરાજે શાસ્ત્રીજી મહારાજની જેમ જ સ્વામીશ્રીને ઓળખી, પ્રસન્ન કર્યા.

શાક સુધારતાં મોજ

આ સમૈયામાં સેવા-સમાગમનો ખૂબ લાભ મળે તે હેતુથી ઘણા હરિભક્તો આવ્યા હતા. સવારે જંબુસરના પુરુષોત્તમભાઈ, મગનલાલ વગેરે પોતાના મિત્રો સાથે શાક સમારતા હતા. સ્વામીશ્રી પણ આ દરમ્યાન આવતા, સૌ સાથે શાક સુધારવા બેસતા, વાતો કરતા અને હેત કરી પ્રવૃત્તિને નિર્ગુણ બનાવી દેતા.

પુરુષોત્તમભાઈને જ્યારે અભ્યાસ વિષે પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે 'બાપા ! હું તો મેટ્રીક સુધી ભણેલો છું અને નોકરી કરું છું.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'તમે ડૉક્ટર થઈ જાશો.' એમ વાત વાતમાં ત્રણ વાર ડૉક્ટર થવાના આશીર્વાદ દીધા.

ત્યારબાદ પાંચ-છ વર્ષે પુરુષોત્તમદાસને સરકાર તરફથી RMPનું સર્ટિફિકેટ મળ્યું અને તેઓ ડૉક્ટર તરીકે પ્રૅક્ટિસ કરવા લાગ્યા. જેમાં તેમને સારો યશ મળવા લાગ્યો. સ્વામીશ્રીની કૃપાથી દર્દીઓને આરામ થઈ જતો. સ્વામીશ્રીના આશીર્વાદથી જીવનમાં તેમને પ્રતિષ્ઠા મળી. અહોભાવથી તેમનું હૃદય સ્વામીશ્રી પ્રત્યે વધુ ને વધુ ખેંચાવા લાગ્યું.

સમૈયો ખૂબ સારી રીતે ઊજવાયો. ઉત્સવ નિમિત્તે આખો દિવસ યજ્ઞપ્રિયદાસ સ્વામી તથા સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો. રાત્રે ભજન-મંડળીઓએ રાસ લીધો. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપી વર્ષોવર્ષ આ જ રીતે સમૈયા-ઉત્સવમાં લાભ લેવાનો અનુરોધ કર્યો.

શ્રીજીમહારાજના સમયથી ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે સ્વામીશ્રી સમૈયાના જબરદસ્ત પુરસ્કર્તા હતા. ઉત્સવપ્રિય સ્વામીશ્રી કોઈ ને કોઈ નિમિત્ત શોધી ઉત્સવો, સભા પ્રસંગો આયોજતા. સૌ સંતો-હરિભક્તો ભેગા થાય, ભગવાનના અને સંતના ગુણગાન ગાય, રમે-જમે એ જોઈને એમને બહુ આનંદ આવતો. ઉત્સવમાં કોઈને નવરા ન રહેવા દે. કથાવાર્તાનો અખાડો ચાલુ હોય. જુવાનિયાઓને સ્વામીશ્રી ઉત્સવની વિવિધ સેવાઓમાં જોડે. પોતે પણ ફરતા રહે અને દરેકની રહેવા-જમવાની વ્યવસ્થા થઈ છે કે નહિ તે તપાસ રાખે. નાનાં-મોટાં સેવાકાર્યો જાતે સંભાળી લે. બધાયને જાતે પીરસીને જમાડવાનો એમને બહુ ઉમંગ. તેથી સમૈયામાં દરેકને આગ્રહ કરી કરીને જમાડ્યા પછી જ પોતે જમવા પધારે. સ્વામીશ્રી જમે ત્યારે જાણવું કે ઉત્સવમાં આવેલા બધા ભક્તો જમી ચૂક્યા છે.

કોઠારી અક્ષરસ્વરૂપદાસ તથા સ્થાનિક ભક્તો ખડે પગે સેવામાં હતા. સલાડના મણિભાઈ ભટ્ટનો ઉત્સાહ અનેરો હતો. વડોદરા, વાઘોડિયા, સલાડ, ઠીકરિયા, જંબુસર, સારીંગ, ભાયલી, ભરૂચ, આણંદ, નડિયાદ, પેટલાદ, નાર, અમદાવાદ, કોયલી, બાજવા, મંડાળા વગેરે ગામોના અસંખ્ય ભક્તોએ ઉત્સવનો લાભ લીધો.

સૂર્યનારાયણની વાડીમાં સૂરજ પ્રકાશે છે

શ્રાવણ વદ નોમે ગુજરાત મેલમાં વડોદરાથી નીકળી સ્વામીશ્રી, મોટાસ્વામી, પ્રમુખસ્વામી વગેરે સંતો તથા દાજી બાપુ સાથે રવિવારે સવારે મુંબઈ આવી પહોંચ્યા. દાદર સ્ટેશને પરાંના હરિભક્તો તથા સેન્ટ્રલ સ્ટેશને શહેરના હરિભક્તોએ સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. સૂર્યનારાયણની વાડીમાં સંતોનો ઉતારો હતો. એ જ દિવસે સ્વામીશ્રી સાયન હૉસ્પિટલમાં એક હરિભક્તને દર્શન આપવા પધાર્યા.

બીજા દિવસથી 'સત્સંગિજીવન'ની પારાયણનો પ્રારંભ થયો. પ્રમુખ-સ્વામી એમના મધુર કંઠે કથા કરતા. 'સ્વામીની વાતું' સ્વામીશ્રી એમની આકર્ષક શૈલીમાં સમજાવતા. જેમાં અનુભવોની નક્કરતા હતી અને સમગ્ર માનવજાત પ્રત્યે વહી આવતી વત્સલતા હતી.

ગ.મ. ૨૮મું વચનામૃત સમજાવતાં તેમણે કહ્યું : 'મહારાજ કહે છે હું તો ભગવાનના ભક્તનો પણ ભક્ત છું, એ જ મારે વિશે મોટો ગુણ છે. આમાં મહારાજે બીજા બધાય ગુણોને ગૌણ ગણી ભગવાનના ભક્તની ભક્તિ કરવી એ જ મોટો ગુણ કહ્યો છે અને એ ગુણ વિના બીજી ગમે તે મોટપ હોય તે શોભે નહિ. જુઓ, શાસ્ત્રીજી મહારાજમાં એ જ મોટો ગુણ હતો. અને તેથી જ મોટપ જગતમાં શોભી ઊઠી. ભગવાનના મુખ્ય ભક્ત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની મહારાજ સાથે ભક્તિ કરવાનો - એટલે અક્ષરપુરુષોત્તમની ભક્તિ કરવાનો દઢાવ રાખ્યો. તેની પુષ્ટિ કરી. તે માટે અથાગ મહેનત કરી મોટાં મોટાં મંદિરો બાંધ્યાં. દુનિયામાં ડંકો માર્યો. આ વચનામૃત જીવનદોરીનું છે.'

સ્વામીશ્રીના આવા ઉદ્‌ગારો ઉપરથી જણાતું કે એમણે પણ આ વચનામૃત પોતાનું કરી રાખ્યું હતું. એ જ પ્રમાણે ભગવાનના ભક્તના અને તેના પણ ભક્ત બનીને રહ્યા. સૌની મહિમાપૂર્વક દાસત્વભાવે સેવા કરતા રહ્યા.

પછી ગ.મ. ૪૬ વચનામૃત વંચાવી કહે : 'આ મરણદોરીના વચનામૃતમાં

મહારાજ કહે છે, જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૈયામાં અભાવ આવ્યો એ એકાંતિક ધર્મમાંથી પડ્યો જાણવો. એકાંતિક ધર્મમાંથી પડવું એ જ એકાંતિકને મરણ છે. ભગવાન ને ભગવાનના સંતનો અવગુણ લેવો એ પંચ મહાપાપથી પણ મોટું પાપ છે. માટે સેવા થાય તે કરવી, પણ અસેવા જે અવગુણ લેવો, તે ક્યારેય ન કરવુ.'

આ બંને વચનામૃતો સ્વામીશ્રી અનેક વાર વંચાવતા. ઉપરના બે મુદ્દાઓ ઉપર ખૂબ જ ભાર મૂકતા. હરિભક્તોને તે પ્રમાણે વર્તવા આગ્રહ કરતા.

સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'ગુણાતીતાનંદ સ્વામી 'મંદિરનો બાજરો ખાઈને પણ સત્સંગ કરો' એમ સૌને કહેતા, કારણ કે સત્સંગથી વિવેક બુદ્ધિ આવે. સત્-અસત્ ઓળખી શકાય. પછી અસત્‌નો ત્યાગ કરી સત્‌નું સેવન થાય. સત્ એટલે આત્મા, પરમાત્મા, સત્‌શાસ્ત્રો અને સત્પુરુષ. પહેલાં સત્પુરુષને ઓળખવા. જેના વિચાર પ્રમાણે વાણી હોય, વાણી પ્રમાણે વર્તન હોય. જેનાં દર્શનમાત્રે જ સંકલ્પો શમી જાય. જેની પાસે ભગવાનની વાર્તા જ હોય, ગ્રામ્યવાર્તા ન હોય. સરળ હૃદયી હોય, સર્વજ્ઞ હોય, નિર્દોષ હોય, એના મુખ થકી સત્‌શાસ્ત્રો સાંભળવાં; તો આત્મદર્શન થાય, પરમાત્માને પમાય.'

'મુંબઈ મોટું શહેર. કોઈને જંપ નહીં. 'અજંપાનગરી.' સ્વામીશ્રી કહેતા અને સમજાવતા : 'સો મળજો વેરી, પણ એક ન મળજો શહેરી.' સો વેરી મળે તો એક નિમિષમાં, એક ઘાએ સમાધાન કરી નાખે. દુનિયાની ઉપાધિમાંથી છૂટી જવાય. પણ એક શહેરી મળે તો અનેક વિષયો આગળ ધરે. જાતજાતનાં વૈભવો - નાટક, સિનેમા બતાવે, ભાતભાતનાં પકવાન જમાડે, ઇન્દ્રિયો વકરી જાય. માયાથી મુક્ત થવાને બદલે માયામાં ગળા સુધી ડૂબી જાય. સ્વામીએ પણ કહ્યું કે મોટા શહેરનું સેવન બંધનકર્તા છે. મહારાજ પણ વસતી કરતાં વનમાં રહેવાનું પસદ કરતા.'

સ્વામીશ્રી કથા કરી રહે પછી મોટાસ્વામી પણ શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો અને પોતાના અનુભવોની વાતો પ્રસંગોપાત્ત કહેતા. લગભગ સમગ્ર જીવન શાસ્ત્રીજી મહારાજના દૃઢ પ્રસંગમાં રહી, શિર સાટે એમનો પક્ષ રાખી અનેક અનુભવોથી રસાયેલ એમની વાણી સૌને ખૂબ જ પ્રેરણા આપતી.

દરરોજ જુદા જુદા હરિભક્તોના ઘરે પધરામણી તથા ઠાકોરજીને જમાડવાનો કાર્યક્રમ રહેતો. ભાદરવા સુદ ચોથને દિવસે સ્વામીશ્રી મોરારકા શેઠના આગ્રહથી તેમના બંગલે રહેવા પધાર્યા. તે બંગલો શહેરથી ઘણે દૂર

હોવા છતાં સ્થાનિક હરિભક્તો સ્વામીશ્રીનો લાભ દરરોજ નિયમિત લેતા. મુંબઈના હરિભક્તો છગનભાઈ, ભગવાનદાસ શેઠ; નાનુભાઈ, મહીપતભાઈ તથા હર્ષદભાઈ વગેરે દવે ભાઈઓ; જેસંગભાઈ, મણિભાઈ બારોટ, સોરાબજી મિસ્ત્રી વગેરેએ સ્વામીશ્રીનાં દર્શન, સમાગમ અને સેવાનો ત્રિવિધ લાભ સારી રીતે લીધો. સૌને થતું કે જાણે શાસ્ત્રીજી મહારાજ જ સુખ આપે છે !

'થાંભલા સાથે કથા કરી, રવિસભા કરો'

મુંબઈથી અટલાદરા જતાં સુરત સ્ટેશન ઉપર હરિભક્તો દર્શને આવ્યા. એ વખતે હરિકૃષ્ણ મગનભાઈ પણ ત્યાં હતા. 'રવિવારની સભા કેવી રીતે થાય છે ?' એ પ્રશ્ન આટલી બધી ભીડમાં પણ સ્વામીશ્રીએ પહેલો પૂછ્યો. ત્યારે હરિકૃષ્ણભાઈ કહે : 'બાપા ! ત્રણ-ચાર હરિભક્તો આવે છે, વધતા નથી. હવેથી ઘરે જ કથા કરી લઈશું. આવતા રવિવારથી સત્સંગ બંધ કરવાની ઇચ્છા છે.'

'અહોહો ! ત્રણ આવે છે !' સ્વામીશ્રી આનંદથી બોલી ઊઠ્યા. હરિકૃષ્ણભાઈ તો અવાક્ થઈ ગયા. 'આ પુરુષને આટલો આનંદ કેમ ?'

સ્વામીશ્રી કહે : 'ગુરુ ! ત્રણેય ન આવે તોપણ એકલા રવિવારની સભા કરવાનો નિયમ રાખવો. આ તો ત્રણ આવે છે ! પણ થાંભલા સાથે કથા કરવી પડે તો તેમ કરવું, પણ નિયમ લો કે બંધ કરવાનો સંકલ્પ કોઈપણ દિવસ ન કરવો. એવો ખપ રાખવો.'

સ્ટેશન ઉપર મિનિટોની ઊડતી મુલાકાતમાં સ્વામીશ્રીએ રવિસભાનો મહિમા હરિકૃષ્ણભાઈને સમજાવી દીધો, ગાડી તો ઊપડી ગઈ પણ હરિકૃષ્ણભાઈ વિચારતા રહ્યા કે ગમે તે ભોગે રવિસભા ચાલુ જ રાખવી. ફરી આવો મોળો વિચાર ન કરવો.

જળઝીલણીના સમૈયા ઉપર સ્વામીશ્રી સંતમંડળ સાથે સારંગપુર આવી પહોંચ્યા. ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી ઘણા હરિભક્તો આ ઉત્સવમાં આવ્યા હતા. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના સમાધિ-સ્થાનનાં દર્શન કરી સૌ ગળગળા થઈ જતા, પણ સ્વામીની મનોહર મૂર્તિમાં સૌને સહેજે જ શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનું સુખ અને આશ્વાસન મળતાં.

બપોરે ૧-૦૦ વાગે સૌ સંતો-હરિભક્તો શોભાયાત્રારૂપે જાળિયા ધરે ભજન-કીર્તન કરતાં ઠાકોરજીને પાલખીમાં પધરાવીને જળ ઝિલાવવા લઈ ગયા. પૂજન, આરતી બાદ જળ ઝિલાવી જળવિહાર અને ગણેશ વિસર્જન પછી

સાંજે ૪-૦૦ વાગે સૌ પાછા ફર્યા. ગામમાં ઠાકોરજીની પાલખી સહિત ઘરે ઘરે પધરામણીઓ થઈ. સાથે સ્વામીશ્રી અને સંતો પણ હતા. ભાદરવાનો તાપ, નિર્જળ ઉપવાસ અને એકાદશીનો આ ઉત્સવ વસમો રહેતો. છતાં સ્વામીશ્રી હોંશે હોંશે દરેક હરિભક્તને ઘરે પધરામણી કરતા.

સ્વામીશ્રી અને સંતમંડળ તા. ૧૩-૯-'૫૧ના રોજ નાનકડા છકડામાં (નાનો ખટારો) ગઢપુર આવવા નીકળ્યા. રસ્તામાં તાજપુરમાં નવા બંધાયેલા હરિમંદિરમાં પધરામણી કરી. નિંગાળા થઈ ભજન-કીર્તન કરતાં ગઢપુર આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ઘેલા નદીમાં ઠાકોરજીને જળ ઝિલાવવા પધાર્યા હતા. રમા ઘાટ ઉપર ઠાકોરજીને પાંચ વખત જળ ઝિલાવી, પૂજા-આરતી કર્યાં. સૌ સંતો-હરિભક્તો સાથે ઘેલામાં સ્નાન કર્યું. શ્રીજીમહારાજ જેમ જળક્રીડા કરતા અને સૌને સ્મૃતિ આપતા, એમ સ્વામીશ્રી પણ સંતની મર્યાદા પ્રમાણે, સૌ સંતો-હરિભક્તોને માથે પ્રસાદીનું જળ ચઢાવી, શુભ સંકલ્પો કરી, ધૂન કરી, આશીર્વાદ આપી સૌને અલૌકિક સ્મૃતિ આપતા. શ્રીજીના પ્રસાદીભૂત નદી-તળાવમાં સ્વામીશ્રીને સ્નાનનો ભારે મહિમા.

આ પ્રસંગે મંડાળાથી ભગતજી મહારાજના શિષ્ય ભક્તરાજ ઉલ્લાસરામભાઈ પણ ખાસ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમની ખૂબ સંભાવના કરી. સારંગપુર સમૈયામાં આવેલા મોટા ભાગના હરિભક્તો સાથે જ હતા તેમજ ગઢડાના નગરશેઠ મોહનભાઈ, દરબાર દાદાભાઈ વગેરે પણ સ્વામીશ્રીનો લાભ લેવાનું ચૂક્યા ન હતા. નદી તરફની હરિભક્તોની ધર્મશાળાનું કામ ચાલતું હતું. તેનું નિરીક્ષણ કરી કોઠારી હરિજીવનદાસને મંદિરના સુંદર કામ અંગે આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ હરિકૃષ્ણ સ્વામીને પણ મળ્યા.

માનનીય નંદાજી દિલ્હી ખાતે ભારતના પ્રધાન મંડળમાં પ્રધાન તરીકે તથા કૉંગ્રેસ કારોબારીના સભ્ય તરીકે નિયુક્ત થયા, એ શુભ સમાચાર મળતાં સૌ આનંદિત થયા. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી ઉત્તરોત્તર પ્રગતિ કરતા નંદાજી દ્વારા સત્સંગની વિશેષ સેવા થાય એવા આશીર્વાદ સ્વામીશ્રીએ પાઠવ્યા.

'તમારી રસોઈ માની લઈશું'

મહુવાના પોપટલાલ હરિલાલ દાણી તથા શાંતિલાલ હરિલાલ દાણી આ વખતે ગઢડા નવા મંદિરે પહેલી જ વાર દર્શને આવ્યા. શાંતિભાઈએ ગઢડામાં જૂના મંદિરમાં 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાડેલું અને આખા કુટુંબને

તેડાવેલું. લીમડાવાળા ડેલે તેમનો ઉતારો હતો. આ બંને ભાઈઓનાં માતુશ્રી કુંવરબાના સંકલ્પે આ પારાયણ યોજાયેલું.

એક દિવસ તેમનાં માતુશ્રીને નવા મંદિરે રસોઈ, ભેટ તથા સંતોને ધોતિયાં ઓઢાડવાનો સંકલ્પ થયો. તેથી તેઓ નવા મંદિરે આવ્યા હતા.

તે બંને ભાઈઓ સ્વામીશ્રીને પગે લાગીને બેઠા. સ્વામીશ્રીએ તેમનો પરિચય પૂછ્યો. બંને મહુવાના વણિક છે તે જાણી સ્વામીશ્રી બોલ્યા : 'ભગતજી મહારાજના પ્રસાદી-સ્થાનના છે.'

સ્વામીશ્રીએ ઉતારા-જમવા માટે પૂછ્યું, ત્યારે તેમણે બધી વાત કરી કહ્યું : 'પરમ દિવસે જૂના મંદિરે પારાયણની પૂર્ણાહુતિ છે. તો અહીં સર્વે સંતો-હરિભક્તોને સારામાં સારી પાકી રસોઈ જમાડો અને આપ કહો તેવો ધોતિયાંનો તાકો ઓઢાડવા આવીએ.'

એવામાં કોઠારી હરિજીવનદાસજી આવ્યા. તેઓ થોડી ચિંતામાં હતા. સ્વામીશ્રીએ કહ્યું : 'શેઠ ! અમારું માનો તો અહીં મંદિરનું કામ ચાલે છે. કડિયા તથા દાડિયાના પગાર ચઢી ગયા છે. તો તમો રોકડા રૂપિયા આપો તો અમે પગાર ચૂકવી દઈએ. તમારી રસોઈ આવી ગઈ તેમ અમે માની લઈશું.'

તે વખતે પગાર ચૂકવવાના પૈસાની જોગવાઈ પણ આમ કરવી પડતી.

સ્વામીશ્રીની વાત સાંભળીને તેઓ બોલ્યા : 'બાપા ! આપની જેમ ઈચ્છા હોય તેમ કરો. અમે આપને રકમ આપી દઈએ.'

સ્વામીશ્રી તે બંને ભાઈઓ ઉપર રાજી થઈ ગયા અને બંનેને બે હાથે બબ્બે ધબ્બા આપી આશીર્વાદ આપ્યા. બંનેનાં અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રીએ મગજના પ્રસાદની મોટી કોથળી આગ્રહપૂર્વક બાંધી આપી. પછી બોલ્યા : 'અમારા કોઠારીની ચિંતા તમે દૂર કરી.'

સ્વામીશ્રીના થોડા જ પરિચયમાં આ બંને ભાઈઓ સ્વામીશ્રીના રંગે રંગાઈ ગયા અને અક્ષરપુરુષોત્તમની દૃઢ નિષ્ઠા કરી સુખી થયા.

તા. ૧૯-૯-'૫૧, ગઢડાથી નિંગાળા થઈ ટ્રેન દ્વારા સૌ ભાવનગર આવી પહોંચ્યા. સ્ટેશન ઉપર જ કુબેરભાઈ અને પરિવાર તથા દરેડ દરબાર, જયંતીભાઈ, ચીમનભાઈ, કાનજીભાઈ વગેરે સ્થાનિક હરિભક્તોએ જયનાદોથી સંતોને વધાવી, ફૂલહારથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

રાતના ૧૨-૦૦ વાગ્યા સુધી સ્વામીશ્રી, મોટાસ્વામી વગેરે સંતો કથાવાર્તાનો લાભ આપતા. કુબેરભાઈ પણ જ્ઞાનગોષ્ઠિમાં એમનો અનુભવ

ઉમેરતા. સૌને આનંદ કરાવતા. સવારે કથાવાર્તા પછી પધરામણીઓ થતી. તેમાં સ્થાનિક હરિભક્તો ઉપરાંત ખોજા શેઠ હીરજીભાઈ અને પરિવાર, દરેડ દરબાર રણવીરસિંહજી, પંડિતભાઈ બધેકા, દલપતભાઈ, કનૈયાલાલ રાવળ આદિ અનેક સત્સંગીઓને ઘરે પધરામણી થઈ. ચાર દિવસ અખંડ જ્ઞાનયજ્ઞ ચાલ્યો.

તા. ૨૨-૯-'૫૧ની સવારે ૫-૩૦ વાગે, સૌ નાનકડા છકડામાં ભગતજી મહારાજના જન્મ સ્થાન મહુવા દર્શને જવા નીકળ્યા.

મહુવાની યાત્રા

રસ્તામાં તળાજા ગામે શેઠ હીરજીભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ઘરે તથા ઑઈલ મિલમાં પગલાં કરાવ્યાં. સ્વામીશ્રી અને સંઘ માટે ઉકાળા-નાસ્તાની વ્યવસ્થા રાખી હતી. એમના સુપુત્રો દાઉદભાઈ તથા સુલતાનભાઈએ પણ સેવાનો લાભ લીધો. સ્થાનિક હરિભક્તો પણ આવી પહોંચ્યા હતા.

તળાજાથી ૯-૦૦ વાગે નીકળ્યા. લગભગ ૪૦ માઈલનો ગાડા રસ્તો કાપી સૌ ભાદરોડ આવી પહોંચ્યા. અહીં નાનકડા યજ્ઞપુરુષદાસ ભગતજી મહારાજને ચંદન ચર્ચીને ભેટ્યા હતા – એ સ્થળોનાં દર્શન કરી મહુવા પધાર્યા.

નારિયેળ અને ફળ-ફૂલના બગીચાઓથી શોભતું મહુવા દૂરથી જ આહ્‌લાદકતા ઊપજાવે છે. રસ્તામાં પ્રસાદીની માલણ નદીએ સૌએ સ્નાન કર્યું. સૌ કીર્તન ગાતાં ગાતાં ભગતજી મહારાજના જન્મ સ્થાને પહોંચ્યા.

સ્વામીશ્રી સાથે હોય ત્યાં કથા-કીર્તનનો સોપો તો ક્યારેય પડે જ નહિ. ટ્રેન કે મોટરની મુસાફરી હોય, શોભાયાત્રા હોય કે ચાલતાં એક સ્થળેથી બીજે સ્થળે જતાં હોઈએ પણ સ્વામીશ્રી અખંડ ભજનનો આગ્રહ રાખતા. પધરામણી જતા હોય ત્યારે પણ એક ઘરેથી બીજે ઘરે જતાં જરૂર ભજન કરાવે જ.

ભગતજી મહારાજના જન્મ સ્થાનમાં જ ઉતારો હતો. સ્વામીશ્રીને મન આ અનન્ય લાભ હતો. કારણ, પ્રસાદીના સ્થળે માત્ર દર્શન કરવા જવાનું હોય તોપણ સ્વામીશ્રીનું મન ત્યાંથી છૂટું પડે નહિ. બાળકની જેમ અધીરા થઈ વારે વારે ભાવથી દર્શન કરે. ત્યારે આ તો સાક્ષાત્‌ સ્થાનમાં રહેવાનું. પછી એમનો આનંદ કેમ સમાય !

ભગતજી જ્યાં બેસતા, સૂતા, જમતા, નાહતા, સભા ભરતા વગેરે સ્થળોએ દર્શન કર્યાં. ગામમાં પધરામણીએ નીકળ્યા. ભગતજી મહારાજે જે મંદિરના પાયા ખોદેલા તે હરિમંદિરે પધાર્યા. સભામંડપમાં ભગતજીનું આસન

મોટાસ્વામીએ સૌને બતાવ્યું. મોહનભાઈ, ભગવાનભાઈ, વકીલ નાગરદાસ વગેરે ભક્તોને ત્યાં પધરામણી કરી સૌ હિંમતભાઈ મામલતદાર સાહેબને ત્યાં આવ્યા. અહીં ઠાકોરજીને થાળ જમાડી, સંતમંડળ સાથે સ્વામીશ્રી માલણ નદીના કિનારે આવ્યા. અહીં આવતાં સ્વામીશ્રી ભાવવિભોર બની ગયા. સમાધિ-સ્થળે દસ દંડવત્ કર્યા, ધૂન કરી, અને અહીં સુંદર છત્રી બનાવી મહારાજનાં ચરણારવિંદ પધરાવવાનો શુભ સંકલ્પ કર્યો.

બપોરે અહીંથી નીકળી, તળાજામાં શેઠ હીરજીભાઈને મળી, છકડામાં ભજન-ભક્તિ કરતાં આગળ ચાલ્યા. બોટાદના અંબાશંકરે ભજનો ગાઈ સૌને રંજન કર્યા. કોઠારી બબુભાઈ પણ જ્ઞાન-ગમ્મત પીરસતા હતા. સાથે મોટાસ્વામી પણ જૂની જૂની વાતો કરતા હતા. ભાવનગરથી દસ ગાઉ દૂર, એક સ્થળે સૌની ઇચ્છાથી નાસ્તો કરવા રોકાયા. ભાવનગરથી કુબેરભાઈએ દૂધમાં બનાવીને કોરો નાસ્તો બાંધી આપ્યો હતો. રાત પડી ગઈ હતી તેથી સ્વામીશ્રીએ સૌને આગ્રહ કરી કરીને જમાડ્યા.

સ્વામીશ્રીની આ આગવી રીત હતી. પોતાને પીરસવાનો, સેવાનો ઉમંગ. વળી, એ નિમિત્તે પોતાનું જમવાનું પણ ટાળી શકાય. અન્નમય બ્રહ્મના આનંદથી સૌને એવા તો તૃપ્ત કરી દે કે સ્વામીશ્રી જમ્યા કે નહિ ? એનો કોઈને ખ્યાલ જ રહે નહિ. આવી યુક્તિથી સ્વામીશ્રી અનેક પ્રસંગોએ બીજાને આનંદ પમાડી પોતે આનંદ પામતા અને સહેજે સહેજે જરાપણ હૂંહાટા વગર પોતાનો નહિ જમવાનો વિચાર-નિયમ, રુચિ સાચવી લેતા.

રાત્રે ૧૧-૦૦ વાગે સૌ ભાવનગર પહોંચ્યા. મહુવાની યાત્રાના સમાચાર આપી સ્વામીશ્રી રાત્રે ૧-૦૦ વાગે પોઢ્યા.

બીજે દિવસે કલેક્ટર રમણભાઈ સાહેબને ત્યાં પધરામણી કરી. કુબેરભાઈની લાતીઓમાં પણ પગલાં કર્યાં. એમના પરિવારના સૌ ભક્તોએ સ્વામીશ્રી અને સતોની સારી સેવા કરી. અહીંથી પાલિતાણા જવા સૌ સ્ટેશને આવ્યા.

ગઢડા મંદિરનું કામ કરતા મિસ્ત્રી હરિપ્રસાદ તથા ચુનીભાઈના આગ્રહથી સ્વામીશ્રી સંતમંડળ સાથે તા. ૨૪-૯-'૫૧, સાંજે પાલિતાણા સ્ટેશને ઊતર્યા. હરિભક્તોએ ફૂલહારથી સ્વાગત કર્યું. સૌ નિશાળે ઉતારે આવ્યા. રાત્રે મોડે સુધી કથાવાર્તા થઈ. બીજે દિવસે લાભશંકર નાગરદાસ, સોમપુરા લક્ષ્મીશંકર, હિંમતભાઈ વગેરે ભક્તોને ત્યાં પધરામણીઓ થઈ. બપોરે દરબાર મંગળસિંહજીભાઈ તથા પંચાળાના જિતેન્દ્ર બાસાહેબને બંગલે સ્વામીશ્રી અને

સંતોએ ઠાકોરજી જમાડ્યા. સાંજે જેઠાભાઈ માળીની વાડીએ સ્નાન કર્યું. જૂના મંદિરે દર્શન કર્યાં. મંદિરના કોઠારી પોપટલાલ તથા રાવબહાદુર લલ્લુભાઈ આદિ જૂના હરિભક્તોએ સ્વામીશ્રીને મંદિરમાં ઊતરવા આગ્રહ કર્યો. 'ભવિષ્યમાં રાજી કરશું' એવું વચન આપ્યું.

જૂનાગઢનો મહિમા

ગોંડલમાં શરદોત્સવ[૧૦૪] તથા અન્નકૂટોત્સવ કર્યા. આ સમૈયામા ભાનુભાઈ ગઢિયા, પોતાના ભાઈઓ નટુભાઈ તથા પ્રવીણભાઈ, જેઓ કલકત્તાથી જૂનાગઢ રહેવા આવ્યા હતા, તેમને સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ લાવ્યા હતા. સ્વામીશ્રી સાથે હેતને લીધે વ્યવહારના પ્રશ્નો પણ હરિભક્તો સ્વામીશ્રીને પૂછતા. તેમણે પોતાનો વ્યવહાર સારો થાય તે માટે જૂનાગઢથી રાજકોટ રહેવા જવાની ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રીએ ધીરે ધીરે કહેવા માંડ્યું : 'જુઓ, પ્રવીણભાઈ ! જૂનાગઢ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું મહાપ્રસાદીનું સ્થાન છે. ભગતજી મહારાજ, જાગાભક્ત સ્વામી, બાલમુકુન્દ સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી આદિ મહામુક્તો ત્યાં બહુ રહેલા છે. તેનો મહિમા બહુ મોટો છે. માટે ત્યાં જ રહેવું. કોઈ સંતો-હરિભક્તો આવે તેમને જમાડવાની સેવા-પરિચર્યા કરવી. મહારાજ-સ્વામી દેશકાળ સારા કરશે. આધિ, વ્યાધિ, ઉપાધિમાં અખંડ રક્ષા કરશે.'

સ્વામીશ્રી અસ્ખલિત પ્રવાહથી જૂનાગઢનો મહિમા ગાઈ રહ્યા હતા. તેમને સ્વામીશ્રીની રુચિ સમજાઈ ગઈ અને જૂનાગઢ જ રહેવા કબૂલ્યું. તેમના દેશકાળ સુધર્યા. જૂનાગઢ દર્શને આવતા હરિભક્તોની સુવિધા સાચવવાથી તેમને સત્સંગનો યોગ પણ રહ્યા કરતો. આમ, બે લાભ થયા.

વૈદ્યો નારાયણો હરિઃ

સ્વામીશ્રી પાસે દિવાળીના નવા દિવસોમાં ભક્તોની ભીડ રહ્યા કરતી. વળી, સેવા માટે પણ યુવકો તથા હરિભક્તો રોકાતા.

માણાવદરના ભગવાનભાઈ ઠાકરશી હંમેશાં અન્નકૂટની સેવામાં જોડાતા. તેમને પગે ખરજવું થયું હતું. અત્યાર સુધી સામાન્ય દેખાતા આ રોગે અહીં મોટું સ્વરૂપ પકડ્યું. તેમનાથી હરી-ફરી શકાય નહીં. પાણી ઝર્યા કરે. સેવા થઈ શકે નહીં. તેમણે સ્વામીશ્રીને મુશ્કેલી જણાવી.

---

૧૦૪. તા. ૧૪-૧૦-'૫૧, શરદ પૂર્ણિમા.

સ્વામીશ્રીએ કહ્યું : 'અક્ષરપ્રકાશ ! આ ભગવાનજીભાઈને દવા ચીંધો.'

તેમણે કહ્યું : 'યોગીજી મહારાજ સાક્ષાત્ બિરાજ્યા હોય ત્યાં દવા શું ચીંધવી ? તેમની તો દૃષ્ટિમાત્રે મટી જાય.'

તેમના વિનોદમાં મહિમાની દૃષ્ટિ હતી. સ્વામીશ્રી હસ્યા ને કહે : 'તલ બાળીને રોગ ઉપર મૂકજો અને અક્ષર દેરીનું જળ મૂકજો.'

'પણ બાપા ! પાણીથી તો વધે.'

'આ અક્ષરધામનું પાણી છે, જાવ નહીં વધે.' અને સૌના આશ્ચર્ય વચ્ચે થોડા દિવસોમાં તેમનું ખરજવું મટી ગયું. તેઓ પહેલાંની જેમ ઉત્સવની સેવામાં લાગી ગયા. તેમને થયું સાચા વૈદ્ય તો નારાયણ કે તેના સંત જ છે. સ્વામીશ્રી ઘણી વાર આવા ઘરગથ્થુ ઉપચારને નિમિત્ત બનાવી કાર્ય કરતા.

'જોગી'નો 'પર'ભાવ

એક દિવસ સ્વામીશ્રી અક્ષર દેરીમાં પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. હરિભક્તો પણ સાથે જ ફરતા હતા. એકદમ સ્વામીશ્રીએ મણિભાઈ તથા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટના હાથ પકડ્યા. અને આંખમાં આંખ પરોવી વેધક કટાક્ષ ફેંક્યો અને મંદ સ્મિત કરી કહે : 'તમને એમ થાય છે કે આ જોગી શું કરશે ? પણ એ તો સૌના પ્રિય થઈ જાશે. શાસ્ત્રીજી મહારાજે આદરેલાં કાર્ય પૂરાં કરશે ને બહુ સમાસ કરશે. હવે શંકા ન રાખવી.' બંને હરિભક્તો ડઘાઈ ગયા. સ્વામીશ્રીએ તેમના મનની મુઝવણ આમ એકાએક ઉકેલી દીધી.

તદ્દન નિર્માની, ભલાભોળા અને નિખાલસ, સદા સહનશીલ અને ગુનેગારનેય ઠપકો ન દેનાર, ક્યારેય ઊંચે સાદે જેમણે હરફ પણ નહોતો ઉચ્ચાર્યો એ 'જોગી'માં દૈવી કૌતુક જોવું એ કસોટી હતી. શાસ્ત્રીજી મહારાજની રાજ રાજેન્દ્ર સમી કાંતિનો તાપ ખમેલા હરિભક્તોને આ શીતળ અમીવર્ષણમાં હજુ વિશ્વાસ બેસતો નહોતો. કેટલાકને મન એ શંકા હતી કે હેત અને વાત્સલ્યનાં હલેસાં સત્સંગની અભિવૃદ્ધિ માટે કદાચ બટકણાં સાબિત થાય.

પણ, આ શબ્દો સાંભળતાં બંને હરિભક્તોએ યોગી મહારાજ સામે જોયું. જાણે તેમના અંતરના નાસ્તિકભાવ પર શ્રદ્ધાનાં પૂર ફરી વળ્યાં. પોતાની ગેરસમજણથી ખસિયાણા પડી ગયેલા બંને ભક્તોએ અંતરથી માફી માગી, સ્વામીશ્રીને વંદન કર્યાં. અને સ્વામીશ્રી ફરી પ્રદક્ષિણા કરવા મંડી પડ્યા : 'હાલો, હમણાં આરતી થાશે.'

અનુવૃત્તિના આશક

દિવાળી અન્નકૂટ સુધી સેવાની સાથે સમાગમની રંગતમાં પલકારામાં વીતી જતા દિવસોમાં 'જોગી'ના સાંનિધ્યનો સ્પર્શ ખૂબ આહ્‌લાદક રહેતો. પ્રસંગોપાત્ત સરી પડતા સ્વામીશ્રીના હૃદ્‌ગત અભિપ્રાયો અને સિદ્ધાંતો મુમુક્ષુ માટે પ્રકાશની કેડીરૂપ થઈ પડતા.

એક કથા પ્રસંગે અર્જુનભાઈ ચાવડાએ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં જ તેમનો મહિમા ગાયો : 'આપે જેવી અનુવૃત્તિ શાસ્ત્રીજી મહારાજની પાળી તેવી કોઈ પાળી ન શકે. જેમ ભગતજીનો દેહ સ્વામીની જીભ વળી તેમ વળ્યો, તેમ આપ પણ...' સ્વામીશ્રીએ વચ્ચે જ કહ્યું : 'ભગતજી તો બહુ મોટા કહેવાય. તેની તોલે કોઈ ન આવે. આપણે તો કાંઈ કર્યું નથી. શાસ્ત્રીજી મહારાજ કહે તેટલું કર્યું છે. કોઈ દી' ઓશિયાળા નથી કર્યા. અમે ઠાકોર જમાડતા હોઈએ ને સ્વામીનો પત્ર આવે કે 'જોગી ! અહીં આવો.' તો જમતાં ઊભા થઈને ગાડી પકડીએ... એમ ઉમંગ બહુ...' અર્જુનભાઈ આવા પ્રસંગો ઉપસ્થિત કરવામાં કુશળ. વળી, સ્વામીશ્રી પણ નિષ્ઠાવાન હરિભક્તોને કથાના સુખથી વંચિત ન રાખતા.

એક વાર મધ્યનું ચોથું વચનામૃત વંચાયું ત્યારે સ્વામીશ્રી કહે : 'આ વચનામૃત અમે સિદ્ધ કર્યું છે. અમે પે'લવે'લા આ વચનામૃત વાંચ્યું ત્યારે એમ થયું કે રમણીય પંચવિષયમાં મન તણાય છે ત્યાં સુધી આપણે ભગવાનનો મહિમા જાણ્યો જ નથી. તે ક્ષણથી જ અમે તેનો હમૂળગો (સદંતર) ત્યાગ કરી દીધો...'

અનાદિ સિદ્ધ 'જોગી'ની આ ભૂમિકાથી સૌને આપોઆપ અંતર્દૃષ્ટિ થઈ. જેમણે કાંઈ જ ત્યાગવાની આવશ્યકતા નથી, એ પુરુષો જ્યારે આવો ત્યાગ રાખે છે, ત્યારે અન્ય માટે આદર્શનું સ્થાપન થાય છે. સૌએ વિચાર્યું : 'આપણે પણ અહીં સુધી પહોંચવું જ રહ્યું.'

અહીંથી પંચતીર્થીની યાત્રા બાદ એકાદશીનો સમૈયો સ્વામીશ્રીએ અમદાવાદ કર્યો. સંવત ૨૦૦૮ના કાર્તિક પૂર્ણિમાના સમૈયા ઉપર બોચાસણ પધાર્યા. આ ઉત્સવમાં નવા વર્ષમા સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા, ગુજરાતનાં ગામેગામથી હરિભક્તો ઊમટ્યા હતા. સૌ હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું.

અહીંથી સ્વામીશ્રી પ્રમુખસ્વામી, મોટાસ્વામી અને સંતો સાથે તા. ૧૭-૧૧-'૫૧ના રોજ અમદાવાદ પધાર્યા. નંદાજી દિલ્હીમાં આયોજન પ્રધાન તરીકે

નિયુક્ત થયા હતા ને તે નિમિત્તે ખાસ આશીર્વાદ લેવા આવ્યા હતા. લગભગ ચારેક દિવસ રોકાઈને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લઈ તેમણે ખૂબ આશીર્વાદ મેળવ્યા.

અઠે દ્વારકા

આ અરસામાં, શાસ્ત્રીજી મહારાજનો મહિમા સાંભળી, છાપરીના શામળ ભગત ૪૦ ગાઉ ચાલીને સારંગપુર આવ્યા. ત્યાં જાણ થઈ કે 'શાસ્ત્રીજી મહારાજ તો અંતર્ધાન થઈ ગયા છે, પણ એમના સ્થાને યોગીજી મહારાજ છે. તે હાલ અમદાવાદ છે.'

એમને મોટાપુરુષનાં દર્શન અને મળવાની ઉત્સુકતા જાગી હતી. વળી, કંઈક ટેક રાખી સંતને પ્રસન્ન કરવાની ભાવનાથી ભરઉનાળામાં તેઓ અડવાણે પગે ચાલીને, ખૂબ કષ્ટ વેઠીને ચોથે દિવસે અમદાવાદ પહોંચ્યા. સ્વામીશ્રી ત્યારે પૂજા કરતા હતા. ભગતને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ શાંતિ થઈ ગઈ.

સ્વામીશ્રીએ પૂજા પછી એક સેવકને કહ્યું : 'આ ભગત બહુ છેટેથી, બહુ દાખડો કરીને શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા છે, તેમને ઉકાળો-નાસ્તો કરાવો.' એ સાંભળી શામળ ભગત વિચારવા લાગ્યા કે શાસ્ત્રીજી મહારાજનાં દર્શને નીકળ્યો છું એ આ યોગી મહારાજને કોણ કહી ગયું ? નક્કી આ મહાત્મા મનનું જાણતા લાગે છે !

પછી તો સ્વામીશ્રીએ ભગતની ઘણી બરદાસ્ત કરાવી.

બીજે દિવસે સ્વામીશ્રી પૂજા કરતા હતા ત્યારે તેમણે સ્વરચિત કીર્તનો ગાયાં. તેમની ઇચ્છાથી સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી બહુ રાજીપો બતાવ્યો. શાસ્ત્રીજી મહારાજનાં દર્શનની તેમની ઝંખના સ્વામીશ્રીનાં દર્શનથી પૂરી થઈ. ભગત સ્વામીશ્રીનાં ચરણોમાં જ ઠરીઠામ થયા.

✧

ભક્તરાજ કુબેરભાઈ બહુ બીમાર છે એવો તાર મળતા સ્વામીશ્રી રાતે ૧૦-૦૦ વાગે ખંભાતથી મોટરમાં નીકળી સવારે ૪-૦૦ વાગે ધોળકા આવ્યા. ત્યાંથી ટ્રેનમાં બેસી સાંજે ભાવનગર આવી પહોંચ્યા. લગભગ સાત દિવસ સ્વામીશ્રી અહીં રહ્યા અને કુબેરભાઈ તથા સૌ મંડળને કથાવાર્તાનો લાભ આપ્યો. કુબેરભાઈની તબિયત સુધારા ઉપર જણાતા, તેમને આશીર્વાદ આપી સ્વામીશ્રી ગઢડા થઈ, લીંબડી ભક્તરાજ છગનભાઈને જોવા પધાર્યા. એમની તબિયત પણ

નરમ હતી. એમને આશીર્વાદ આપી ખારવા, સુરેન્દ્રનગર થઈ ગોંડલ પધાર્યા.

આ રીતે જૂના નિષ્ઠાવાન હરિભક્તોની ખબર લેવાનું પણ સ્વામીશ્રી ચૂકતા નહીં. નાનામાં નાના ભક્તનો મહિમા સમજનાર સ્વામીશ્રી સત્સંગના પીઢ ભક્તોને કેમ ભૂલે ? સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનથી ભક્તોને અનન્ય ઉત્સાહ અને આનંદ મળતા. માતાનું વાત્સલ્ય અને પિતાની છત્રછાયાનો હૂંફાળો અનુભવ નાના-મોટા સૌ ભક્તો પામતા. ક્ષણમાત્રમાં દુઃખ દૂર થઈ જતું. જાણે સર્વસ્વ પ્રાપ્ત થયું હોય એમ સૌને અનુભવાતું. લેશમાત્ર અપૂર્ણતા રહેતી નહીં. સ્વામીશ્રીના સાંનિધ્યમાં જાણે, 'અક્ષરધામમાં મહારાજની સમીપે જ બેઠા છીએ' એવો દિવ્ય અનુભવ સૌ કરતા.

ભૂપતની રંજાડમાંથી પ્રજાની મુક્તિ

સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ ત્યારથી ઉછરંગરાય ઢેબર મુખ્ય પ્રધાન હતા. તા. ૭-૧-'૫૨ની રાતે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા તેઓ અક્ષર મંદિરે આવ્યા. એનું મુખ્ય કારણ એ હતું કે આ અરસામાં સૌરાષ્ટ્રમાં ભૂપત બહારવટિયો કાળો કેર વર્તાવી રહ્યો હતો. કેટલાક ભૂતપૂર્વ રાજાઓનો સહકાર હોવાથી તેને આશ્રય મળી રહેતો અને તેથી સરકાર અને પોલીસતંત્ર તેને પકડવામાં નિષ્ફળ નીવડ્યું હતું. ઢેબરભાઈ અને બધા પ્રધાનોની ઊંઘ હરામ બની ગઈ હતી. તેઓ અત્યંત પરેશાન હતા.

એ વખતે વસોના દરબાર ગોપાળદાસનાં ધર્મપત્ની ભક્તિબાએ ઢેબરભાઈને કહ્યું : 'જો તમે ગોંડલ અક્ષર દેરીની માનતા રાખો અને યોગીજી મહારાજના આશીર્વાદ લો તો બધાં સારાં વાનાં થાય.'

ઢેબરભાઈએ સ્વામીશ્રીને ભૂપત બહારવટિયાના રંજાડની વાત કરી. સ્વામીશ્રી તરત જ ધૂન કરાવી બોલ્યા : 'બહારવટિયો થોડા વખતમાં ભાગી જશે. પ્રજાને શાંતિ થઈ જશે.' સ્વામીશ્રીએ ઢેબરભાઈને આશીર્વાદ આપ્યા.

ઢેબરભાઈએ ભક્તિબાને વાત કરી : 'સ્વામીશ્રીએ બહારવટિયો ભાગી જશે,' એમ કહ્યું છે. પણ ક્યાં ભાગી જશે ? વળી, થોડા દિવસમાં ઉકેલ આવી જશે એવા આશીર્વાદ આપ્યા છે, પણ મને વિશ્વાસ નથી બેસતો.'

ભક્તિબા કહે : 'સ્વામીશ્રી મોટાપુરુષ છે. તે બોલે છે તે હંમેશાં સત્ય થાય છે.' એ પછી આ વાત આગળ ન વધી અને સૌ છૂટા પડ્યાં.

થોડા દિવસમાં કેન્દ્ર સરકારે પૂનાથી પોલીસ અધિકારી અશ્વિનીકુમારને

સૌરાષ્ટ્રમાં મોકલ્યા. ભૂપતને ભીંસમાં લેવા માટે સૌ પ્રથમ તેમણે ભાવનગરના મહારાજાના નાના ભાઈ નિર્મળસિંહની ધરપકડ કરી સર્વત્ર ધાક બેસાડી દીધી.

ભૂપત પણ આ બનાવથી ચોંકી ગયો અને કચ્છમાં થઈને પાકિસ્તાન નાસી ગયો. આમ, સ્વામીશ્રીનું વચન સત્ય ઠર્યું.

ઢેબરભાઈ ચુસ્ત કૉંગ્રેસવાદી રાજકારણી હતા અને આવા ચમત્કારો કે ભવિષ્યવાણીમાં માનતા નહીં, પરંતુ તેમના જ જીવનમાં આવો પ્રત્યક્ષ અનુભવ થયો. તેથી તેમના હૃદયમાં પરમાત્માની અલૌકિક વિભૂતિ સમા સ્વામીશ્રીમાં અત્યંત ભક્તિભાવ ઉત્પન્ન થયો.

અને આ બનાવ બન્યા પછી તો વારંવાર તેઓ અક્ષર દેરીએ આવતા અને સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો પણ અચૂક લાભ લેતા.

વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સ્વામીશ્રીનાં દર્શને

તા. ૮-૧-'૫૨ના રોજ 'પંડિત જવાહરલાલ નહેરુ આ તરફ આવશે', એવા સમાચાર ઢેબરભાઈએ સ્વામીશ્રીને આપ્યા. મંદિર પાસે મુખ્ય રસ્તા ઉપર સુંદર કમાન તૈયાર કરી દરવાજારૂપે શણગારવામાં આવી હતી. અહીં સ્વામીશ્રીએ પંડિતજીનું ફૂલહાર કરી સ્વાગત કર્યું. 'આ નંદાજીના ગુરુ છે' એ રીતે ઢેબરભાઈએ પંડિતજીને સ્વામીશ્રીની ઓળખાણ આપી. અક્ષર દેરીનાં દર્શન કરાવી સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. નહેરુજી સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા.

સ્વામીશ્રીનો પ્રેમ યુવાનોને ઢંઢોળે છે

આ અરસામાં આણંદના રમણભાઈ પટેલ[૧૦૫] સ્વામીશ્રીના પ્રથમ પરિચયમાં આવ્યા. આ પહેલાં તેમણે સ્વામીશ્રીનું ફક્ત નામ સાંભળેલું અને તેઓ સારા સાધુ છે એવી છાપ તેમના મન પર હતી.

વૅકેશનમાં તેઓ પ્રથમ વાર જ ગોંડલ આવ્યા. અક્ષર દેરીમાં તેમને અપાર શાંતિ જણાઈ. ઘણા હરિભક્તો ભેગા થયેલા. ગુલઝારીલાલ નંદા પણ આવ્યા હતા. નંદાજી તે વખતે કેન્દ્રના પ્રધાન મંડળમાં હતા. રમણભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા. તેમના મનમાં ગડમથલ ચાલતી હતી. 'આટલા બધા હરિભક્તો છે. વળી, કેટલીક મોટી વ્યક્તિઓ પણ આવી છે. તેમાં મારી શી ગણતરી !'

---

૧૦૫. સાધુ સ્વયંપ્રકાશદાસ (ડૉક્ટર સ્વામી).

પરંતુ સ્વામીશ્રીની નજર બહાર કોઈ રહી જાય નહીં. સ્વામીશ્રીએ તેમને પ્રેમથી બોલાવ્યા અને કહ્યું : 'નાહી-ધોઈને આવો. પછી નાસ્તો કરાવીએ.'

રમણભાઈ પરવારીને આવ્યા એટલે સ્વામીશ્રી જાતે જ તેમને ભંડારમાં લઈ ગયા. કાગળમાં નાસ્તો મૂક્યો. તેમને બેસવા માટે કોથળો પાથરી આપ્યો અને પોતે તો સ્વાભાવિકતાથી નીચે જમીન ઉપર બેસી ગયા ! રમણભાઈ નાસ્તો કરી રહ્યા ત્યાં સુધી તેઓ સામે બેસી રહ્યા અને પ્રેમથી, આગ્રહપૂર્વક હસતાં હસતાં નાસ્તો આપતા રહ્યા. સ્વામીશ્રીનો આવો નિઃસ્વાર્થ પ્રેમ જોઈને રમણભાઈના અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ઊપજ્યો. વળી, તેમણે જોયું કે 'સ્વામીશ્રી તો નીચે બેઠા છે ! અને પોતે આસન ઉપર બેઠા છે. 'સ્વામીશ્રીને વિવેક કરવાનું પણ પોતે ચૂકી ગયા' – તેમને ખૂબ રંજ થયો. તેઓ સ્વામીશ્રી પ્રત્યે માનથી જોઈ રહ્યા. તેમને હૃદયના ઊંડાણમાંથી સ્વામીશ્રી માટે આદર થયો.

બીજે દિવસે મોરબીથી ડેપ્યુટી કલેક્ટર ગોવિંદસિંહજી દર્શને આવ્યા. તેમની સાથે સ્વામીશ્રી મોટરમાં જૂનાગઢ તથા તેજપુર દર્શને પધાર્યા. આવાં તીર્થોમાં વારંવાર દર્શન કરવાનો તેમનો ખૂબ ઇશક. ભક્તોની સાથે આ તીર્થોમાં ફરી શ્રીજી અને સ્વામીની એક એક પ્રસાદીની જગ્યા અને વસ્તુનો મહિમા સમજાવતા સ્વામીશ્રી થાકતા નહીં. હરિભક્તોની સત્સંગમાં નિષ્ઠા અને દૃઢતા વધે એ માટેનો કોઈ પ્રયાસ કરવામાં સ્વામીશ્રી કચાશ રાખતા નહીં. સંપ્રદાયની પરંપરા અને પ્રણાલિકાની અસ્મિતા ભક્તોમાં જાગ્રત કરવામાં તેઓ સતત પ્રયત્નશીલ રહેતા.

સંવત ૨૦૦૮ વસંત પંચમીનો શાસ્ત્રીજી મહારાજની જન્મ જયંતીનો સમૈયો અટલાદરા મુકામે ધામધૂમથી ઊજવાયો. ચરોતર, કાનમ, સુરત, મુંબઈના હરિભક્તો ઉત્સાહભેર આવી પહોંચ્યા હતા. સૌને શાસ્ત્રીજી મહારાજની સુખદ સ્મૃતિઓ હજુ સતાવતી હતી. ક્યારેક વિરહની વેદના ઊભરાઈ આવતી હતી. એથી જ તો આજે સૌના એકમાત્ર આધાર, પ્રાણપ્યારા સ્વામીશ્રીને મળવા હજારો ભક્ત-હૃદય તલસી રહ્યાં હતાં.

ગુણાતીત ગુરુપરંપરાની આ જ વિશેષતા કે ગુણાતીત સંતની સાચા સ્વરૂપમાં ઓળખાણ કરી હોય, હેત કર્યું હોય, તો પરંપરામાં આવતા મહારાજના ધારક અન્ય ગુણાતીત સંત સાથે જીવ તરત મળી જાય. એકલવાયાપણું ન લાગે, અતડાપણું ન રહે. એક અને અદ્વિતીય ગુણાતીત સંત દ્વારા પૃથ્વી ઉપર સદા વિચરતું મહારાજનું એક અને અદ્વિતીય સ્વરૂપ, એ સાથે

હેત થયા વગર રહે નહિ. કારણ, તત્ત્વ એક જ છે, માત્ર ખોળિયું બદલાય છે.

ગુરુજયંતીમાં સૌએ શાસ્ત્રીજી મહારાજના ગુણાનુવાદ ગાયા, પણ સૌને સ્વામીશ્રીનાં જ યશોગાન કર્યાનો સંતોષ થયો. સ્વામીશ્રીએ પણ આશીર્વચનમાં એ જ લાગણી વ્યક્ત કરી કે 'શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી. આપણી વચ્ચે જ છે.' સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા શિક્ષાપત્રીનો મહિમા પણ ઉચ્ચારાયો. પ્રગટ ગુરુ-મહિમામાં મહાલતા સૌએ પ્રગટ ગુરુનું જયંતી નિમિત્તે પૂજન કરી આશીર્વાદ મેળવ્યા. શાસ્ત્રીજી મહારાજે શરૂ કરેલું ગઢડા મંદિરનું કાર્ય સત્વરે પૂરું કરવા સ્વામીશ્રીએ ભક્તોને હાકલ કરી.

આ ઉત્સવ પછી પ્રમુખસ્વામી તથા મોટાસ્વામીને સાથે લઈને સ્વામીશ્રી અમદાવાદ, સારંગપુર થઈ ગોંડલ પધાર્યા. ફરી સારંગપુર, ગઢડા, ધોળકા થઈ મોટર રસ્તે સ્વામીશ્રી પુરુષોત્તમપુરા પધાર્યા.

પુરુષોત્તમપુરામાં સ્નેહ-સંમેલન

ભક્તરાજ આશાભાઈના બંને સુપુત્રો રમણભાઈ તથા ડાહ્યાભાઈ, તેમજ નાનાભાઈ ઈશ્વરભાઈ પ્રભુદાસના પરિવારે મળીને, પુરુષોત્તમપુરામાં સમૈયો ગોઠવ્યો હતો. ગામોગામ પત્રો લખીને સૌ હરિભક્તોને તેડાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે અહીં અનેક ઉત્સવો કરી, પોતાના લાડીલા હરિભક્તોને લાડ લડાવ્યા છે. સત્સંગના મહિમાની અદ્‌ભુત વાતો કરી છે. એ જ સ્થળે ઉત્સવ નિમિત્તે આમંત્રણ મળતાં હેતવાળા હરિભક્તો હોંશથી દોડી આવ્યા હતા. કારણ ગુણાતીત પરિવારનું અહીં સ્નેહ-મિલન હતું. અક્ષર સ્વામી તથા હરિજીવન સ્વામી વગેરે સંતો તેમજ અમદાવાદથી ચંપકભાઈ શેઠ, વસંતરાય પંડ્યા વગેરે ભક્તો મોટરો લઈને આવી પહોંચ્યા હતા. પ્રસાદીના ખીજડા પાસે સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. સવાર-સાંજ કથાવાર્તા અને જ્ઞાનગોષ્ઠિઓ થતી. અમદાવાદ યુવક મંડળ કીર્તન-ભક્તિનો લાભ આપતું. ઈશ્વરભાઈ દાજીના સુપુત્રો તુલસીભાઈ, લલ્લુભાઈ, ભાઈલાલભાઈ વગેરે ભાઈઓએ પણ સારી સેવા કરી. સૌએ મળીને ગઢપુર મંદિર માટે મોટી રકમ ભેટ ધરી.

પડવાને દિવસે સાંજે સૌ રદ્ધુ પધાર્યા. અહીંથી ઈશ્વરપુરા, નાયકા, શ્રીજીપુરા, ખેડા, નેનપુર, આણંદ, મંડાળા, નાર, જંબુસર વગેરે ગામોમાં વિચરણ કરી સ્વામીશ્રીએ હરિભક્તોને સુખ આપ્યું. ગામોગામ ઘણી પધરામણીઓ થઈ.

❀ ❀ ❀

યજ્ઞપુરુષ-સ્મારક પ્રતિષ્ઠા



સંવત ૨૦૦૮ના ફાગણ સુદ પૂનમે સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સમાધિસ્થાને, આરસની સુંદર દેરીમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવવાનો ઉત્સવ યોજાયો. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના સ્મારક પ્રતિષ્ઠા ઉત્સવમાં હરિભક્તોનો અપાર ઉત્સાહ હતો. વ્યવસ્થા માટે વિવિધ કમિટીઓ નીમી હતી. હરિભક્તોની વ્યવસ્થામાં રણછોડભાઈ વાડીવાળા અને આણંદ મંડળ, પુરુષોત્તમદાસ અને ગાના મંડળ તથા મણિભાઈ ભટ્ટ અને કાનમ મંડળ ખડે પગે હતું. સ્વયંસેવક વિભાગ મહેળાવના નારણભાઈ મહીજીભાઈએ સંભાળ્યો હતો. પ્રમુખસ્વામી, હરિજીવન સ્વામી, ભક્તિવલ્લભ સ્વામી વગેરે સંતોની દોરવણી પ્રમાણે સૌ કાર્ય કરતા હતા. સ્થાનિક હરિભક્તોમાં હકાભાઈ ખાચર વગેરે સેવામાં હતા.

નોમના દિવસથી જ ગુજરાત તથા સૌરાષ્ટ્રના હરિભક્તોનાં મંડળો આવી રહ્યાં હતાં. પાળિયાદ બાપુ, ગઢડા નગરશેઠ મોહનભાઈ, કલેક્ટર રમણલાલ, દરેડ બાપુ, દાદાભાઈ દરબાર, રાજકોટના જજ અનડા સાહેબ, પ્રતાપસિંહ ઈનામદાર, સીદીભાઈ તથા આફ્રિકા મંડળ વગેરે આવી પહોંચ્યા હતા. જૂના મંદિરમાં પણ હરિભક્તોને ઉતારા આપવામાં આવ્યા. ગામના કાઠી દરબારોએ પણ સેવાની તક ઝડપી લીધી હતી. સમગ્ર ગામનો ખૂબ ઉત્સાહ હતો.

પડવાને દિવસે સવારે ૭-૦૦ વાગે, સ્વામીશ્રીના વરદ હસ્તે શાસ્ત્રીજી મહારાજના સમાધિસ્થાને શ્રીજીમહારાજનાં આરસનાં સુંદર ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવામાં આવી. સ્વામીશ્રી સાથે પ્રમુખસ્વામી, નંદાજી વગેરે સંતો-હરિભક્તોએ આરતી ઉતારી. ઉમરેઠના વિપ્ર કરુણાશંકરભાઈએ વેદધ્વનિથી પ્રસંગની અલૌકિકતામાં ઉમેરો કર્યો.

ઉત્સવ દરમ્યાન રોજ સવારે 'સત્સંગિજીવન'ની કથા પ્રમુખસ્વામીના

મધુર કંઠે સાંભળવાનો સૌને લાભ મળતો. સાંજે સ્વામીશ્રીના મુખકમળમાંથી 'સ્વામીની વાતો' ઉપર અમૃતવાણી પીરસાતી. મોટાસ્વામી તથા અક્ષરપુરુષોત્તમ સ્વામી પ્રસંગોપાત્ત કથાવાર્તાનો લાભ આપતા. શ્રીજીમહારાજનાં અદ્ભુત લીલાચરિત્રો, ખૂબ રોચક શૈલીમાં નારાયણજી મહારાજ જ્યારે રજૂ કરતા ત્યારે સભા સ્તબ્ધ બની સાંભળતી.

પાંચેક ફૂટ ઊંચા વિશાળ ચોતરા (પ્લીન્થ) ઉપર વચ્ચે આરસની નાજુક દેરી સુંદર શોભતી હતી. ચારે ખૂણે પથ્થરના રજવાડી છડીદારો શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. દેરી નીચે શાસ્ત્રીજી મહારાજના અસ્થિને તાંબાના કુંભમાં મૂકી રાખવામાં આવ્યા હતા. તેમાંથી એક સાંકડી તાંબાની નળી, ઉપર ચરણારવિંદ સુધી લંબાવી, નજીકમાં ગોઠવી હતી. જેનાથી અસ્થિકુંભનો અદૃશ્ય પણ પવિત્ર સ્પર્શ સૌ અનુભવતા હતા. આ નવીન રચના ભક્તોને બહુ ભાવી ગઈ. હજારો હરિભક્તો તેનો સ્પર્શ લઈ કૃતકૃત્યતા અનુભવતા હતા.

આ જ દિવસે પારાયણની પૂર્ણાહુતિ પણ થઈ. સૌએ સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીનું પૂજન કર્યું. ઈશ્વરભાઈ દાજી, વિનાયકરાવ ત્રિવેદી, ઠાકરશીભાઈ, વસંતરાય પંડ્યા, ભાદરણના હીરાભાઈ વગેરે મુખ્ય હતા. આ પ્રસંગે મુંબઈથી કનૈયાલાલ મુનશી તથા મનુ સૂબેદાર વગેરે મહાનુભાવોએ તારથી શુભેચ્છાના સંદેશાઓ પાઠવ્યા હતા. સાંજે સ્વામીશ્રીએ સૌને ફગવા સાથે આશીર્વાદ આપ્યા.

ગુરુવારે સાંજે સ્વામીશ્રી સંતમંડળ સાથે તાજપુર પધાર્યા. 'ગોકુળિયું ગામ' કહી શાસ્ત્રીજી મહારાજ જેને નવાજતા એ પ્રાસાદિક ગામના પ્રેમી હરિભક્તોએ ઢોલ, ત્રાંસા અને શરણાઈઓના મધુર સ્વરોથી, વચ્ચે વચ્ચે બંદૂકોના શૂરાતન અવાજોથી, વાજતે-ગાજતે સંતોનું સ્વાગત કર્યું. કાઠિયાવાડના સમૈયાની આ રંગત, હિલોળે ચડેલો ભક્ત-સમાજ વગેરે સહેજે જ આ ગ્રામ્ય-વાસીઓના નિર્દોષ પ્રેમની સાખ પૂરતા હતા. મધુર કંઠે ગવાતાં સ્ત્રીઓ દ્વારા વધામણાનાં સમૂહ કીર્તનો વાતાવરણને વધુ ભાવભીનું કરતાં હતાં.

શાસ્ત્રીજી મહારાજ આ ગામમાં અસંખ્ય વાર ઘરે ઘરે પધારેલા. અહીંના હરિભક્તોએ શિર સાટે એમનો પક્ષ રાખેલો. એ સદ્ભાવનો સોદો સ્વામીશ્રી પણ કેમ વીસરે ? સારંગપુર સમૈયામાં આવેલા ઘણા મોટેરા હરિભક્તો અને સંતોને લઈ સ્વામીશ્રી પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે અહીં મંદિરનું ખાતમુહૂર્ત કરેલું. ફાગણ વદ ત્રીજ, શુક્રવારે, નારાયણજી મહારાજે કલ્યાણજીભાઈ પાસે યજ્ઞ

વિધિ કરાવ્યો. શણગારેલા ગાડામાં અક્ષરપુરુષોત્તમની પટમૂર્તિની શોભાયાત્રા ગામની પ્રદક્ષિણા કરી મંદિરમાં આવી. અહીં સ્વામીશ્રીના શુભ હસ્તે મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિ થઈ. સર્વત્ર જયજયકાર થઈ ગયો. જીવરાજભાઈ, અમરસિંહભાઈ, સવાભાઈ, મોહનભાઈ, ધરમશીભાઈ, જાદવભાઈ, નાનજીભાઈ, લક્ષ્મણભાઈ, હીરાભાઈ, વેલાભાઈ વગેરે હરિભક્તોએ સારી સેવા કરી.

અહીંથી સ્વામીશ્રીએ સંતમંડળ સાથે રાજુલા થઈ ઊંટવાડામાં હરિમંદિરનું ખાતમુહૂર્ત કર્યું. આમ, હરિભક્તોના ઉત્સાહથી ગામોગામ અક્ષરપુરુષોત્તમનાં નૂતન હરિમંદિરો નિર્માણ થવા લાગ્યાં.

મહુવાના ભક્તોને અચરજ

રાજુલાથી સ્વામીશ્રીએ મહુવા તાર કર્યો કે 'અમે ત્રીસ જણા આવીએ છીએ, તો રસોઈ તૈયાર રાખજો.'

મહુવાના હરિભક્તો મૂંઝાયા, કેમ કે ત્યાં હરિભક્તો ઓછા. વળી, સ્થિતિ પણ મધ્યમ. તેથી 'સ્વામીશ્રી તથા હરિભક્તોનો સેવાભાર કેમ ઉપાડી શકાશે ?' એમ સંકલ્પો થવા લાગ્યા. ત્યાં તો બે દિવસ પછી સ્વામીશ્રી અને સંઘ આવી પહોંચ્યો. સાથે સાથે આજુબાજુનાં ગામોમાંથી પણ હરિભક્તો આવી પહોંચ્યા. સૌ મૂંઝાતા હતા ત્યારે પોપટભાઈ દાણીનાં પત્ની કહે : 'મૂંઝાવ છો શું ? રસોઈમાં દાળ, ભાત, શાક મૂકી દો અને કંદોઈને ત્યાંથી બીજી મીઠાઈ લઈ આવીએ...'

સ્વામીશ્રીને આ વાતો મળી ત્યારે ધીરેથી કહે : 'ઠાકોરજી ભેળા છે. તે એમને માથે નાખી દેવું. લાવો કપડું... લાડુને ઢાંકી દ્યો. ઘીનો દીવો કરો...' પછી કહે : 'કરો ધૂન...' એમ કહીને પોતે હરિભક્તોની પંગતમાં પીરસવા પધાર્યા. જોતજોતામાં સૌ જમીને ઊભા થઈ ગયા. અને પાંચ લાડુ વધ્યા. જૂના મંદિરના સૌ હરિભક્તોને પણ આ પ્રસંગે ખૂબ ભાર પડી ગયો. ત્રીસની રસોઈમાં એકસો દસ હરિભક્તો જમ્યા.

અહીંથી વડાળ જવાનું હતું, પરંતુ જેકુંવરબહેનનો ખૂબ ભાવ. તેમણે પોતાના પતિ પોપટભાઈ દાણી સાથે કહેવરાવ્યું કે 'ભાદરા આવી, ઉકાળા-પાણી કર્યા વિના નહીં જવાય.'

મોહનભાઈ કહે : 'બાપા ! ભાદરા જવું પડશે. ડોશી આગળ જવા દેશે નહીં. ઘાણલાનાં ડોશી જેવાં છે.' સ્વામીશ્રીએ હસીને સંમતિ આપી.

સૌ સાંજે વડાળ જઈ ભાદરા આવ્યા અને ભક્તોનો ભાવ પૂરો કર્યો.

મહુવા ભગતજી મહારાજના જન્મ સ્થાનમાં દર્શન કરી, તળાજા, ગોપનાથ, ભાવનગર, ગઢડા, અડવાળ થઈ ચૈત્ર સુદ ત્રીજ, અટલાદરા પધાર્યા. બીજા દિવસથી કાનમનું વિચરણ શરૂ થયું.

પરહિત બસ જિનકે મનમાંહી

કંડારી મથુરભાઈને ત્યાં પધરામણી કરી, હરિજયંતીનો ઉત્સવ મણિભાઈને ત્યાં ઠીકરિયા ધામધૂમથી કર્યો. દશમે સાંજે માત્રોજ રાત રોકાઈ ભીખાભાઈ, વિઠ્ઠલભાઈ, જેશંકરભાઈ, ત્રિભુવનભાઈ, ચંદુભાઈ વગેરે ભક્તોને લાભ આપી એકાદશીએ સવારે ગામમાં પધરામણીઓ કરી.

પછી સ્વામીશ્રી અહીંથી બે માઈલ દૂર નાંદ ગામે નર્મદા નદીમાં સ્નાન કરવા ગયા. એકાદશીનું પર્વ અને નર્મદા જેવી નદીનો યોગ. સ્વામીશ્રી સ્નાનાદિકની આવી તક ઝડપી, કોઈ નિમિત્ત ઊભું કરી નદીઓ, તીર્થોને પાવન કરતા. ભક્તોને દિવ્ય સંભારણું આપતા. અહીં પણ સ્નાન કરતી વખતે સ્વામીશ્રીએ સાથેના સંતો-હરિભક્તોને માથે પ્રસાદીનું જળ ચડાવી સ્મૃતિ આપી. જે ઉપસ્થિત ન રહી શક્યા, એવા લાડીલા સંતો-હરિભક્તોને સંભાર્યા. વડ નીચે સભા કરી.

‘ગઢડા મંદિર જલદી પૂરું થાય.... કરો ધૂન. સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....’, ‘ચંપકભાઈ શેઠના દીકરા કિરીટભાઈને સારું થઈ જાય.... કરો ધૂન....’ ‘મણિભાઈ દ્વારા સત્સંગ ખૂબ વધે... કરો ધૂન....’ આવી લાક્ષણિક શૈલીમાં શુભ સંકલ્પો કરી સ્વામીશ્રીએ ભક્તો પાસે ધૂન કરાવી. નદીકિનારે, તીર્થનાં સ્થળોએ સ્વામીશ્રી અવશ્ય શુભ સંકલ્પો કરાવે જ. આમ તો જો કે ચોવીસે કલાક બધાયનું શુભ ચિંતવતા સ્વામીશ્રી, આવા મહત્ત્વના સમયે શુભ સંકલ્પોને જાહેરમાં પ્રગટ કરી, સૌ પાસે પ્રાર્થના કરાવતા. ‘તમે હંમેશાં દરેકનું શુભ ચિંતવતા રહેજો, પ્રાર્થના કરતા રહેજો.’ એવી કાંઈક પ્રેરણા આપવાનો એમનો હેતુ હશે. એમની પ્રાર્થનાથી શુભ સંકલ્પો સાકાર થતા. સર્વનું સદા શુભ થતું રહેતું.

ભક્તવત્સલ

બપોરે સારીંગ પધાર્યા. આણંદના યુવકો વિનુભાઈ તથા રમણભાઈ પણ સાથે હતા. અહીં મનુભાઈએ ભાવથી તેડાવ્યા હતા. એકાદશી હોવાથી

મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ આખો દિવસ કથાવાર્તાનો લાભ આપ્યો.

બીજે દિવસે સ્વામીશ્રીએ આખા ગામમાં લગભગ બધા ઘરે પધરામણી કરી. ઉતારે પાછા ફર્યા ત્યારે જમવાની તૈયારી થઈ ગઈ હતી. હાથ-પગ ધોઈ હજુ બેસવાની તૈયારી કરી ત્યાં જ એક હરિભક્ત આવ્યા અને વિનંતી કરી : 'બાપા ! મારે અમદાવાદ જવાનું છે ને મારા ઘરે પધરામણી બાકી રહી ગઈ છે. ગાડીનો ટાઈમ પણ થયો છે. માટે આપ...'

સ્વામીશ્રી તેમની ઇચ્છા સમજી ગયા અને કહે : 'સારું, આવીએ છીએ. તૈયારી કરો.'

પણ અન્ય સંતો અને ખાસ કરીને મોટાસ્વામી અકળાયા ને બોલી ઊઠ્યા : 'રહેવા દો ને જોગી ! એને અક્કલ નથી ? ક્યાં ગયો હતો અત્યાર સુધી ? આવા તાપમાં આપણે નથી જવું.'

પછી આવનાર ભાઈને કહ્યું : 'એલા એય, તારું ઘર ક્યાં છે ?' હરિભક્તે ગભરાતા ગભરાતા ઘર ક્યાં આવ્યું તે કહ્યું. ત્યારે ફરીથી મોટાસ્વામી ભડકી ઊઠ્યા : 'એક તો ગામના છેવાડે રહે છે. જા, અત્યારે નહીં અવાય.'

પણ સ્વામીશ્રી તો ઊઠ્યા. એક સાધુને વિનંતી કરી સાથે લીધા. વિનુભાઈને પણ સાથે આવવા કહ્યું. પછી હસતાં હસતાં પેલા હરિભક્તને કહે : 'હાલો, તમારા ઘરે !' પછી મોટાસ્વામી વગેરેને કહ્યું : 'તમે જમી લ્યો. હું હમણાં આવું.'

સંતો-હરિભક્તો તો આભા જ બની ગયા. સ્વામીશ્રીએ પ્રેમથી તે હરિભક્તને ત્યાં પધરામણી કરી, તેને રાજી કર્યો.

અહીં બપોરે કથા કરી રહ્યા પછી સ્વામીશ્રી પોતાની છાતી ઉપર હાથ મૂકી વિનુભાઈને કહે : 'આ મૂર્તિનું ધ્યાન ધરો. શાસ્ત્રીજી મહારાજ દર્શન દેશે.'

યુવકો સાથેની આત્મીયતાને કારણે સ્વામીશ્રી પોતાનો હૃદ્ગત અભિપ્રાય અને અધ્યાત્મ-સિદ્ધાંતો સહજ રીતે કહી દેતા.

આવા પ્રેમને કારણે જ સાથેના યુવકોને પણ સ્વામીશ્રીની આજ્ઞા પાળવાનું તાન રહ્યા કરતું, સ્વામીશ્રી સૌને વચનામૃત, વાતો, કીર્તનો ગોખાવે. યુવકો ગોખે પણ ખરા, પરંતુ સાંપ્રદાયિક લઢણો સાથેનાં કીર્તનો અને ખાસ કરીને ચેષ્ટાનાં પદો કંઠે કરતા ખૂબ તકલીફ પડતી. અટપટી કડીઓ અને અર્થબોધ ન થવાથી યુવકો મનમાં ગુંચાતા કે સ્વામીશ્રીની આજ્ઞા પાળી શકાતી નથી, ને અહીં વિચરણમાં સ્વામીશ્રી સાથે ફરી મફતનું ખાઈએ તે સારું નહીં.

તે કરતાં તો ઘરે રહેવું સારું.

આજે રમણભાઈ અને વિનુભાઈએ સ્વામીશ્રીને આ વાત કરી. ત્યારે સ્વામીશ્રી ભાવમાં આવી ગયા ને કહે : 'એમાં શું ? ભલે મોઢે ન થાય. પણ તમે ભેગા ફરો છો, ભીડો વેઠો છો, સેવા કરો છો તે કેવી મોટી વાત ! ઈ મફતનું ખાધું ન કહેવાય. ઊલટું અમે તમારા માટે કાંઈ કરી શકતા નથી ! અમારી જ ભૂલ છે. માટે રાજી થઈને રહો. સમાગમ કરો ને દર્શન દ્યો !'

આ નરી નિખાલસ અને પ્રેમાળ વાણીથી કઈ વ્યક્તિ પ્રાણ પાથરવા તૈયાર ન થાય ? યુવકો રોકાઈ ગયા.

સાંજે મૂળજીભાઈ તથા સોમેશ્વરભાઈના કૂવા ઉપર જઈને સ્વામીશ્રીએ પુષ્પો છાંટ્યાં. ભક્તરાજ મનુભાઈ તો આજે નિહાલ થઈ ગયા હતા. કારણ, સ્વામીશ્રી એમનું સર્વસ્વ હતા.

જુદા જુદા ભક્તોના જુદા જુદા ભાવ. છતાં સ્વામીશ્રીને બધામાં સમભાવ-દિવ્યભાવ ! કોઈપણ ભાવપૂર્તિ કરવામાં સ્વામીશ્રી તત્પર. એમની દૃષ્ટિમાં ભક્તોનો ભાવ જ મુખ્ય હતો, ક્રિયા ગૌણ હતી. જો કે ક્રિયાને પણ એટલું જ મહત્ત્વ આપતા, જેથી ભાવ સંવર્ધન થાય. આ જ એમનો ઉપદેશ અને આ જ એમનો પ્રભાવ. દેહના ભાવથી પર, મહારાજના ભાવથી સભર, શુદ્ધભાવનો, ભક્તિભાવનો એમનો સ્રોત ભલભલાને ભીંજવી દેતો.

તેરશે સાંજે સૌ ભરૂચ વિઠ્ઠલભાઈને ત્યાં પધાર્યા. ઘણા ડૉક્ટરો, વકીલોને ત્યાં પધરામણી થઈ, જેમાં ડૉ. મગનભાઈ મુખ્ય હતા. એમને જ્ઞાનગોષ્ઠિમાં ઊંડો રસ હતો. સ્વામીશ્રીની એક વિશેષતા એ હતી કે ઘણા બુદ્ધિજીવીઓ, જેમણે બહુ જ વાંચ્યું હોય, સાંભળ્યું હોય, વિચાર્યું હોય; એમની શંકા, તર્ક અને ડહાપણને તેઓ સંતોષી શકતા. એમની પાસે શાસ્ત્રોના વિદ્વત્તાપૂર્ણ સંદર્ભો નહોતા, પણ અનુભવ-જ્ઞાનની ઊંડી સૂઝ સાથે સામાના અંતરને પકડવાની આત્મિક શક્તિ હતી. જેથી સાચા જિજ્ઞાસુનું અવશ્ય સમાધાન થતું. સ્વામીશ્રીની સરળ પણ સચોટ વાતોમાં ભલભલા ડાહ્યાઓનું ડહાપણ ઓગળી જતું અને તેમને શાંતિ મળતી, કારણ એ વાણીમાં આત્માનું ઓજસ્ હતું.

ચૈત્રી પૂનમના સમૈયા પર સ્વામીશ્રી બોચાસણ આવી પહોંચ્યા.

ગુજરાતના હરિભક્તોનો બોચાસણના પ્રત્યેક સમૈયા વખતે ખૂબ જ ધસારો રહેતો. તેથી આ વખતે ચોગાનમાં વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. હરિભક્તોને ચૈત્રના સખત તાપમાં થોડી રાહત થઈ. સંતોની હવેલીને

રંગ કરવામાં આવ્યો હતો, તે વધુ શોભાયમાન લાગતી હતી. મંદિરના બીજા માળે પથ્થરના થાંભલા ચઢી ગયા હતા. મંદિર વિશેષ આકાર લઈ રહ્યું હતું. મંદિરના રંગમંડપમાં પણ અક્ષરપુરુષોત્તમ તથા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી તથા પ્રમુખસ્વામીની પટપ્રતિમાઓ પધરાવી હતી. સમૈયાની સભામાં મોટાસ્વામી, પ્રમુખસ્વામી, અક્ષરપુરુષોત્તમ સ્વામીએ લાભ આપ્યો. અંતમાં સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા.

ચૈત્ર વદ ચોથ, સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. ત્યાંથી ફરીથી કાનમનું વિચરણ શરૂ કરતા વાઘોડિયા આવ્યા. અહીં મોહનભાઈ, રણછોડભાઈ, મોરારભાઈ, વિઠ્ઠલભાઈ તથા જેસંગભાઈનો ઉત્સાહ ખૂબ હતો. સમગ્ર મંદિર શણગાર્યું હતું. શેરીઓ ધજા-પતાકાં તથા સુભાષિતોનાં ઠેર ઠેર લગાવેલાં સુંદર બોર્ડથી સુશોભિત હતી. ભજન-મંડળી સાથે મોટરમાં શોભાયાત્રાના રૂપમાં ઘણી પધરામણીઓ થઈ. પાછળ બહેનો પણ કળશ લઈ કીર્તનો ગાતી આવતી હતી. ગામ ભલે નાનું હતું પણ દરેકનો ઉત્સાહ ખૂબ જ હતો.

બાઈ-ભાઈ દરેકને ગામોગામ એક જ સરખો ઉમંગ ! સાથે એક જ ચિંતા કે 'રખે અમે રહી જઈએ !' સ્વામીશ્રીને રાજી કરવાની તક પ્રત્યેક પોતપોતાની હોંશ પ્રમાણે પૂરી કરતા જ. સ્વામીશ્રીની આજુબાજુ સર્વત્ર પ્રેમનું સામ્રાજ્ય પ્રવર્તતું. સૌ તેમાંથી પ્રેમપાત્રો ભરતા અને ઠાલવતા. ભક્તો માટે પૃથ્વી ઉપર આનંદ-મંગલનું આ એક જ સ્થાન હતું.

વાઘોડિયાથી આનંદપુરા, સમળાતલાવ, ખેરવાડી થઈ વાઘોડિયા આવી પહોંચ્યા.

ભાવ, ભક્તિ અને ભીડાનો ત્રિવેણી સંગમ

અહીંથી રાતની ટ્રેનમાં અંટોલી પધાર્યા. સાથે લગભગ ૧૦૦ જેટલા સંતો-હરિભક્તો હતા. શણગારેલાં ડમણિયાં અને ગાડાંઓમાં સ્વામીશ્રી તથા સંતોને બેસાડ્યા. પેટ્રોમેક્ષના અજવાળે અને બંદૂકોના ભડાકે શોભાયાત્રા આગળ ચાલી. આગેવાન ભક્તરાજ જેઠાભાઈને ગામનો પૂરો સાથ હતો. તેથી અંધારી રાતે પણ ગામ હિલોળે ચડ્યું હતું. સૌની નજર સ્વામીશ્રી તરફ હતી. પેટ્રોમેક્ષના અજવાળે સૌ ઊંચા થઈ થઈને ડમણિયામાં, મીંચેલા નેત્રે બિરાજેલા સ્વામીશ્રીને જોવા પ્રયત્ન કરતા હતા. ફૂલહારના ઢગલા થયા. મંગળભાઈ, ભાઈલાલભાઈ, મોહનભાઈ, ગેમલભાઈ, નાગજીભાઈ વગેરે ભક્તોને ઘેર પધરામણી થઈ.

નજીકમાં દેવ નદીએ સ્વામીશ્રીએ સંતો-ભક્તો સાથે સ્નાન કર્યું. સભા કરી. જેઠાભાઈને પુણ્ય આપી રાજી કર્યા. સ્વામીની વાતો બોલી, હળવી શૈલીમાં જ્ઞાન-ગમ્મત પણ કરાવી. જેવો સમય ! કથા પ્રસંગમાં સ્વામીશ્રી ગંભીર વાતો કરે અને ટકોર કરતાં કરતાં કડવા ઘૂંટડા પીવરાવે; જ્યારે હળવી ક્ષણોમાં ગમ્મત સાથે જ્ઞાન પીરસી મીઠો આસ્વાદ પણ કરાવે. અને તેથી જ બધી વાતોની સ્મૃતિ રહે, હૈયું ભર્યું ભર્યું થઈ જાય !

જેઠાભાઈના કૂવે પધરામણી કરી. આરતી પછી આંબા નીચે સભા કરી.

અહીંથી નીકળી કરારી ગામે પધરામણી કરી, ભાયાપુરા પધાર્યા. સોમાભાઈ, વિઠ્ઠલભાઈ, ડાહ્યાભાઈ, શિવાભાઈ વગેરે ભક્તોને ઘેર પગલાં કર્યાં.

આજે એકાદશી હતી, પણ સ્વામીશ્રીનો પધરામણી તથા કથાવાર્તાનો અવિરત દોર ચાલુ જ રહેતો. ચાલુ કથાવાર્તાએ કોઈ કહે : 'મારું ઘર પધરામણીમાં બાકી છે.' તો તરત જ ત્યાં પધારે. વળી, ઉતારે આવી વાતો કરે. આ એમનું જીવન હતું. કારણ, મહારાજનો સંદેશો ઘરે ઘરે પહોંચાડવો હતો. તેથી ઊંઘ-ઉજાગરો, ભૂખ-તરસ, ટાણું-કટાણું જોયા સિવાય ઘરે ઘરે પધરામણીઓ કરતા જ રહેતા. મહારાજનો સંદેશો કાને કાને પહોંચાડવો હતો. એટલે દિવસ-રાત જોયા સિવાય મહારાજના મહિમાની વાતો કરતા જ રહેતા. ઘડીક સ્વામીની વાતું બોલે તો ઘડીક ભજન બોલે; ઘડીક બીજા પાસે વાતો કરાવે તો વળી કીર્તનો બોલાવે. એમ અવિરત સત્સંગ ચાલતો રહેતો. જગતની વાતો કે જગતનો ગંધ અહીંથી સો જોજન દૂર ભાગતો. સમય પસાર કરવા મજાક કે મશ્કરીને અહીં ઓછાયો પણ મળતો નહીં, કારણ કે બ્રહ્માનંદની છોળો અહીં અખંડ ઊડતી હતી ! કાળની ગતિ અહીં થંભી જતી હતી.

ભાયાપુરામાં અંબાલાલ ઈશ્વરભાઈએ તેડાવ્યા હતા. ગામમાં ઘરે ઘરે પધરામણી થઈ. સાથે ભજન-મંડળી ધૂન, ભજન ગાતી ચાલતી હતી. અંબાલાલભાઈ મથુરભાઈના કૂવે પણ પધરામણી થઈ. ખેડૂતોનો આધાર ખેતી અને ખેતીનો આધાર કૂવો. તે સમયમાં પાણીની નહેરો, બોર કે ટ્યૂબવેલ નહોતાં. આ તો 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' એટલે પોતાના કૂવા અખંડ પાણીથી ભરપૂર રહે એવું સૌ કોઈ ઇચ્છે. પણ એવું બને ક્યારે ? બધાની એવી ભાવના કે 'સ્વામીબાપા કૂવે પધરામણી કરે, ફૂલ છાંટે તો પાતાળમાંથી જળદેવતા અખંડ મહેર રાખે.' સ્વામીશ્રી પોતાને માથે કર્તાપણું ન લે, તેઓ તો ધૂન કરાવે, શુભ સંકલ્પ કરે અને બાકીનું બધું જ મહારાજ ઉપર છોડી દે; પણ

ભક્તોને એવો વિશ્વાસ હતો : 'બાપા કહે એમ મહારાજ કરે છે.'

અહીંથી કારવણ ભક્તરાજ પ્રાગજીભાઈ નાગજીભાઈના બંગલે પધાર્યા. ગામમાં ગોરધનભાઈ, શામળભાઈ, ત્રિભોવનભાઈ, ભાઈલાલભાઈ, મથુરભાઈ વગેરે ભક્તોને ઘેર પધરામણી થઈ. નડિયાદથી રામચંદ્રભાઈ, આણંદથી રણછોડભાઈ વાડીવાળા પણ સમાગમમાં આવ્યા હતા. પ્રાગજીભાઈએ બહુ સેવા કરી સ્વામીશ્રીને રાજી કર્યા. બદ્રિનારાયણભાઈ, જેસંગભાઈ, નરહરિભાઈના આગ્રહથી સલાડ પધાર્યા. રૂંવાદ, પોર થઈ સ્વામીશ્રી આણંદ આવી પહોંચ્યા.

અહીં સભા ચાલુ હતી. એવામાં એક નાનકડો બાળક દોડી આવ્યો. સ્વામીશ્રી પાસે જઈ નિર્દોષભાવે કહે : 'બાપા ! મને ચાંદલો કરો ને !'

આખી સભાનું ધ્યાન અહીં ખેંચાયું. કેટલાકને અણગમો થયો. કેટલાક તેના પિતાને શોધવા લાગ્યા. સ્વામીશ્રી સાથેના એક સંતે કહ્યું પણ ખરું : 'જા, પછી કરી દેશે. સભા પછી આવજે.'

સ્વામીશ્રી આ સાંભળી કહે : 'ના, ના, એમ નહીં. ખમો.' એમ કહી કંકુની વાટકી લીધી. પ્રેમથી ચાંદલો કર્યો.

પેલો બાળક કહે : 'આ નહીં, પીળું પીળું આવે તે કરવું છે.'

સ્વામીશ્રીએ આજુબાજુ નજર નાખી. ક્યાંય ચંદન દેખાયું નહીં. સૌ અકળાઈ રહ્યા હતા. પણ સ્વામીશ્રી ધીરે રહી ઊભા થયા. ખડિયો લઈ આવ્યા. પોતાની પૂજા ખોલી. ઓરસિયા પર ચંદન ઘસી પેલા બાળકને પ્રેમથી તિલક કરી આપ્યું અને તે ખુશખુશાલ થઈ દોડી ગયો. સૌ વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યા હતા – સ્વામીશ્રીની શિશુવત્સલતાને, ભદ્રભાવનાને !

આ વિચરણમાં એક ગામમાં સ્વામીશ્રીને રાતે કથાવાર્તા બાદ આરામ માટે પવન આવે એવી ખુલ્લી જગ્યામાં, સાથે ફરતા પાર્ષદે પથારી કરી આપી. સ્વામીશ્રીએ વિનંતી કરતાં કહ્યું : 'મને પવન નહીં ફાવે.'

પેલા પાર્ષદ અકળાયા : 'પહેલાં તો ઠંડા પાણીથી નહાતા અને ખુલ્લા શરીરે કોથળા ઉપર સૂઈ રહેતા હતા. હવે પવન કેમ નહીં ફાવે ?'

સ્વામીશ્રીએ હાથ જોડ્યા : 'ભૈ સા'બ, હવે શરીર ખમે તેવું નથી.'

પણ આ વિનંતીને જરાય ગણકાર્યા વગર પેલા પાર્ષદ પથારી યથાવત્ રાખી સૂવા જતા રહ્યા. સ્વામીશ્રી થોડી વાર સૂતા. પછી બેઠા થઈ વિનુભાઈને કહે : 'પવન ન આવે તેવા ખૂણામાં પથારી કરી દ્યો.' એમ કહી ખૂણામાં પથારી કરાવી સૂતા. સવારે વહેલા ઊઠ્યા. વિનુભાઈને પણ ઊઠાડ્યા અને કહે :

'પથારી હતી તેમ ગોઠવી દ્યો !'

સ્વામીશ્રી સામાન્ય પાર્ષદ પણ પોતાના કોઈ કાર્ય દ્વારા ન દુભાય તથા નાહકનો વિવાદ ઊભો ન થાય તેની કાળજી રાખતા. આવી ગરીબ પ્રકૃતિના સંતમાં બ્રહ્મનો પ્રભાવ નિહાળવાનું ક્યારેક સંતો-હરિભક્તો માટે બહુ મુશ્કેલ બની જતું.

આણંદ મંદિરમાં પ્રતિષ્ઠા

આણંદ ગામને શાસ્ત્રીજી મહારાજે પોતાનું 'ડુંગરી' - એટલે કે આગવું ગામ માનેલું. વડતાલથી નીકળી અહીં જ બોચાસણ મંદિરનો નિર્ણય લેવાયો. એ આણંદના નાના અડધના રેવનદાસની ખડકીના શૂરવીર હરિભક્તો કેશવલાલ, નારણભાઈ, જોરાભાઈ, હરિભાઈ, પુરુષોત્તમભાઈ, મોતીભાઈ, લલ્લુભાઈ, જીવાભાઈ, કરસનભાઈ વગેરેએ શિર સાટે શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખેલો. અક્ષરપુરુષોત્તમના મંદિર માટે વર્ષો પહેલાં મોતીભાઈ ભગવાનદાસે જમીન શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરેલી. પણ બીજાં મોટાં મોટાં મંદિરોના કામ ચાલે ને આણંદ મંડળનો તેમાં મોટો ભોગ, તેથી સ્થાનિક મંદિરની યોજના ગતિશીલ ન બની શકી. સંવત ૨૦૦૧માં હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી ત્યારે એમણે મંદિર નિર્માણની તૈયારી કરવા આજ્ઞા આપી. બધાંને ચિંતા હતી કે આપણે ખપી જઈશું પછી, મંદિર નહિ હોય તો છોકરાં સત્સંગ નહીં સાચવે.

મોતીભાઈ ભગવાનદાસ, મણિભાઈ નારણભાઈ, પુરુષોત્તમભાઈ જોરાભાઈ, જીવાભાઈ નાથાભાઈ, ભૂલાભાઈ પરભુદાસ, જીવાભાઈ હરિભાઈ, રણછોડભાઈ બકોરભાઈ, ફૂલાકાકા, અંબાલાલ કરસનદાસ, ચુનીલાલ કેશવલાલ વગેરે ભક્તોને શાસ્ત્રીજી મહારાજે સંમતિ આપી. મંદિરની જગ્યા થોડી નાની હતી તેથી વધારાની જગ્યા પણ મથુરભાઈ મોતીભાઈએ અર્પણ કરી. શાસ્ત્રીજી મહારાજે મંદિરનો નકશો કરાવ્યો. જેમાં ટાવર મુકાવ્યું. વડતાલના સભામંડપ જેવો આકાર રખાવ્યો. શાસ્ત્રીજી મહારાજ ઘણી વાર કહેતા : 'આ મંદિરનો મહંત હું છું, ને આ મંદિરમાં રહેવું છે.'

સંવત ૨૦૦૮, વૈશાખ સુદ ત્રીજ, રવિવારનું મુહૂર્ત નક્કી થયું. પ્રમુખ-સ્વામી, મોટાસ્વામી, ઘનશ્યામ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ, અક્ષરપુરુષોત્તમ સ્વામી, બાલમુકુંદ સ્વામી વગેરે સંતસમાજ સાથે સ્વામીશ્રી પધાર્યા. નારાયણજી

મહારાજે યજ્ઞ વિધિ કરાવ્યો. મણિભાઈ જીવાભાઈ યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે બેઠા. મૂર્તિઓની અદ્‌ભુત શોભાયાત્રા મોટા અડધ, સ્વામિનારાયણ મંદિર, બજારમાં ટાવર, રેલવે સ્ટેશન, ગામડીને રસ્તે થઈ તળાવ પાસેથી મંદિરે આવી. જ્યાં શ્રીજીમહારાજ અને સંતોનું અપમાન થયું હતું તે બજારના ટાવર પાસે અક્ષરપુરુષોત્તમ મહારાજ ને શાસ્ત્રીજી મહારાજનું સન્માન થાય તેવું મોતીભાઈ ભગવાનદાસે શાસ્ત્રીજી મહારાજ પાસે માગેલું. તે પ્રમાણે શહેરમાં ઠેર ઠેર આણંદની પ્રજાએ મૂર્તિઓને ફૂલહાર તથા અક્ષતથી વધાવી. શંકર કવિએ ભજન-કીર્તનની રમઝટ બોલાવી. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના જયનાદોથી આણંદની શેરીઓ ગાજવા લાગી. આજે આણંદના હરિભક્તોને મહારાજ અને સંતોને સત્કાર્યાનો અનેરો આનંદ પ્રાપ્ત થયો. પૂર્વજોનો ઉદ્ધાર થયાનો હરખ પણ સૌને થયો. સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ અને આરતી ઊતરી. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

જેવું મહારાજને ગઢડું વહાલું હતું, એવું જ શાસ્ત્રીજી મહારાજને આણંદ. સંવત ૧૯૬૦થી સંવત ૨૦૦૭, ૪૭ વરસ સુધી કેશવલાલ પ્રાગજી, મણિભાઈ નારણભાઈ તથા મોતીભાઈ ભગવાનદાસને ઘરે તેઓ અનેક વાર પધાર્યા, ઊતર્યા અને સેવાનો લાભ આપ્યો. આ ભક્તોએ પણ અત્યંત નિર્દોષભાવે શાસ્ત્રીજી મહારાજની સેવા કરી, રાજી કરી લીધા હતા. દેશદેશના હજારો ભક્તોએ આ પ્રતિષ્ઠા-ઉત્સવનો લાભ લીધો.

હજુ કોઈક દ્વેષથી પીડાતા, સ્વામીશ્રીની આજુબાજુ રહી પોતાની દ્વેષભાવના પ્રગટ કરતા રહેતા. આવા ઉત્સવો અને આવા જયજયકાર પછી પણ એવાને સ્વામીશ્રીનું અપમાન, મશ્કરી અને ઉપેક્ષા સૂઝતા. જો કે જાહેરમાં તો કોઈ હિંમત ન કરતું પણ એકાંતનો 'લાભ' લઈ લેતા.

એક દિવસ બપોરે ૪-૦૦નો સમય હતો. ઠાકોરજી જાગ્યા. સૌ દર્શન કરીને નાહવા-ધોવામાં પડ્યા હતા. સ્વામીશ્રીને ૪-૦૦ વાગે ઠાકોરજી આગળ માનસીનો નિયમ. તેથી તેઓ ધ્યાનની મુદ્રામાં સ્થિર થયા. તે વખતે વિનુભાઈ દર્શને આવ્યા. જોયું તો એક અડબંગી પાર્ષદે કેળું ખાઈને તેની છાલ સ્વામીશ્રીના માથા પર મૂકી ! ધ્યાનમાંથી જાગ્રત થતાં સ્વામીશ્રીએ મસ્તક ઉપર કંઈક ભાર અનુભવ્યો. જોયું તો કેળાની છાલ ! જાણે કાંઈ બન્યું જ નથી, તેમ એમણે છાલ બાજુમાં મૂકી દીધી ! સૌની ગેરહાજરીનો 'લાભ' ઉઠાવવાની આવી 'હિંમત' કરનાર પાર્ષદનું આ 'જોગી'એ કેટલું સહન કર્યું હશે !

સ્વામીશ્રીના અતિ દાસત્વને લીધે કેટલાક દુરિજન આટલી હદ સુધી એમની મશ્કરી કરવાની હિંમત કરી શકતા.

નંદાજી સાથે ભાદરા-ડાંગરાની યાત્રા

સ્વામીશ્રી સાથે નંદાજીનો ભાદરા તથા ડાંગરા આ બંને તીર્થોની યાત્રાએ જવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સંવત ૨૦૦૮, વૈશાખ સુદ ૬, બુધવાર, તા. ૩૦-૪-’૫૨, વહેલી સવારે નંદાજી રાજકોટ આવ્યા. રાજકોટ જંક્શને માનનીય ગિરધરભાઈ કોટક, માનનીય ઘનશ્યામભાઈ ઓઝા, ગુરુકુળના શાસ્ત્રી ધર્મજીવનદાસજી તથા મનુભાઈ ચાવડા વગેરેએ સ્વામીશ્રી તથા નંદાજીનું ફૂલહારથી સ્વાગત કર્યું. અહીંથી સૌ ગોંડલ આવ્યા. હીરજીભાઈ ચાવડા, લક્ષ્મણભાઈ વગેરે ભક્તો સાથે હતા.

સ્વામિનારાયણ ભગવાનને ઉત્તર પ્રદેશમાં સૌ ઓળખે, એ માટે હિંદી અને અંગ્રેજીમાં સાહિત્ય તૈયાર થાય અને દિલ્હીથી તેનો પ્રચાર થાય તેવી નંદાજીએ ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં તે માટે રૂડા આશીર્વાદ આપ્યા.

સાંજે ગામમાં પ્રસાદી સ્થાનોમાં દર્શન કરી, રાત રાજકોટ રોકાઈ મોટરોમાં સવારે ભાદરા પહોંચ્યા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાને, ગાર-માટીનાં ઘરોની જગ્યાએ અદાના મંડળે તથા શેઠ હીરજીભાઈએ પાકા ઓરડા ચણાવી, સંવત ૨૦૦૪માં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી હતી. જન્મ સ્થળે ઓટો છે ત્યાં દર્શન-પ્રદક્ષિણા કરી, સ્વામીશ્રીએ ચેવડો તથા પેંડાની પ્રસાદી સૌને વહેંચી.

ગામમાં મંદિરે દર્શન કર્યાં. અહીં પણ સ્વામીશ્રીએ સૌને મગસની પ્રસાદી વહેંચી. ફરી જન્મ સ્થાને જઈ, સૌ ઊંડ નદીએ ગયા. મૂળજી ભક્તના ખેતરનાં દર્શન કર્યાં. ઉનાળાને કારણે નદીમાં પાણી નહોતું. તેથી નદીના પટમાં જ વડલાની છાંયે, રેતી ઉપર સ્વામીશ્રીએ સભા ભરી, બાજુના કૂવામાંથી જળ મગાવી, પ્રસાદી જળ સ્વામીશ્રીએ સૌનાં મસ્તકે ચઢાવ્યું. વડની વડવાઈઓ ઝાલી મહારાજ નદીમાં સ્નાન કરવા પડતા વગેરે પ્રસાદીની વાતો કરી. મહારાજ મૂળજી ભક્ત તથા લાલજી સુથાર સાથે નદીમાં ચોફાળનું નાવ બનાવી ફર્યા એ પ્રસંગનું સુંદર કીર્તન કાના ભગત પાસે ગવરાવ્યું. પતાસાંની પ્રસાદી સૌને વહેંચી.

અહીંથી ડાંગરા જવા નીકળ્યા. મોટર ગરમ થઈ અને માર્ગ ભૂલ્યા.

એટલે સ્વામીશ્રી ખજૂરીના ઝાડ નીચે બિરાજ્યા. ઝવેરકાકાએ બદામ આપી તે પ્રસાદી સ્વામીશ્રીએ સૌને વહેંચી. ઝવેરકાકાએ રસ્તામાં કીર્તનો ગાઈને સૌને આનંદ કરાવ્યો.

ડાંગરામાં સૌને જમવાનું હતું. તેથી ચુનીલાલ તથા અંબાશંકર આગલે દિવસે આવી ગયા હતા. રામજીભાઈએ મોડું થવાથી પોતાનો ખટારો સામે મોકલ્યો, તેથી માર્ગદર્શન મળતાં બધી ગાડીઓ ડાંગરા આવી પહોંચી. અહીં જશવંતસિંહ બાપુએ સૌનું સ્વાગત કર્યું. તાપને લીધે સૌ થાકી ગયા હતા. બપોરે ૨-૦૦ વાગે દેરામાં ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. બપોરે થોડા વિશ્રામ બાદ ગામના મંદિરે દર્શન કર્યાં. પૂજાજી બાપુને ઘરે પધરામણી કરી. ઘેલ નદી ઉપર આવેલ પ્રસાદીની કૂંડીએ સૌએ સ્નાન કર્યું. મંદિરમાં આરતી ઉતારી રાત્રે ૮-૩૦ વાગે સૌ રાજકોટ આવી પહોંચ્યા.

તા. ૨-૫-'૫૨, સવારે ૮-૦૦ વાગે સ્વામીશ્રી નંદાજી તથા અનડા સાહેબ સાથે રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળે પધાર્યા. શાસ્ત્રીજીએ સૌનો સત્કાર કર્યો. સાંજે ગણાત્રાભાઈ, અઢિઆ સાહેબ વગેરે મંડળ સાથે મોટરમાં સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા.

અક્ષર દેરીના પૂજારી

અહીં પાટોત્સવની તૈયારીઓ ચાલતી હતી. ગામોગામથી હરિભક્તો આવ્યા હતા. વહેલી સવારે સૌ અક્ષર દેરીમાં દર્શને આવે ત્યારે સ્વામીશ્રી દેરી વાળતા હોય એવાં દર્શન અચૂક થાય. ગોંડલમાં આ એમનો ક્રમ હતો. અક્ષર દેરી જાતે વાળતા અને કચરામાં એકઠી થયેલી ભક્તોની પદરજ હંમેશાં માથે ચડાવતા તથા આંખે લગાડતા. પછી મહારાજનાં ચરણારવિંદ જળથી ધોઈ, જાતે ચંદન ઘસી, તેનાથી ચરણારવિંદની પૂજા કરતા. ચરણારવિંદનાં એક એક ચિહ્ન ઉપર ચાંદલા કરે, આંગળીઓ અને અંગૂઠા ઉપર ચાંદલા કરે, ચરણારવિંદને ફરતા ચાંદલા કરે. પછી ગુલાબ અને મોગરાનાં પુષ્પો પણ કલાત્મક રીતે ચઢાવે. આ પૂજાનાં દર્શનથી જ ભક્તો આશ્ચર્યમુગ્ધ થઈ જતા. અનેરો આનંદ અનુભવતા. આરતી કરી સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરતા. જેથી હરિભક્તોને પણ પ્રદક્ષિણા ફરવાની પ્રેરણા મળતી. કોઈ દૂર ઊભા હોય તો સ્વામીશ્રી એમને નજીક બોલાવી પ્રદક્ષિણા ફરવાનો મહિમા સમજાવતા.

ઉપર મંદિરમાં આરતી ઉતારતા. મૂર્તિઓનાં ભાવથી દર્શન કરતાં

સ્વામીશ્રીની સૌમ્ય મૂર્તિ સૌને દર્શનીય બની જતી. વળી, નીચે અક્ષર દેરીમાં આવી મહાપૂજા કરતા. સમૈયામાં આવેલા હરિભક્તોને સાથે બેસાડે. હાથમાં જળ આપે, સંકલ્પ કરાવે. વારે વારે ઘંટડી ખખડાવે. ભક્તોના સંકલ્પો સિદ્ધ થાય તે માટે ઉચ્ચ સ્વરે, તાળી વજાડતા ધૂન કરાવે. ત્યાં બેઠેલા દરેક ભક્તને નામ દઈ યાદ કરે ને તેના મનના સંકલ્પો પ્રમાણે ધૂન કરાવે. પોતાના મનોરથ જાણે તે જ ઘડીએ સિદ્ધ થાય છે એવી ભક્તોને પ્રતીતિ આવતી. સ્વામીશ્રી પણ તે ભક્ત સામે કૃપા-કટાક્ષથી નિહાળી, ડોલતાં ડોલતાં, હસતાં હસતાં વધુ ઉત્સાહમાં ધૂન કરતા. સ્વામીશ્રીનાં આ દર્શન જ સૌને અક્ષર દેરીના અવધૂતનો અનહદ આનંદ-અનુભવ કરાવતા.

સભામંડપમાં ભજન-કીર્તન અને કથાવાર્તાનો કાર્યક્રમ અહર્નિશ ચાલતો. ક્યારેક હરિલીલામૃત વંચાય તો ક્યારેક મોટાસ્વામી વાતો કરે. હરિભક્તો પણ કથાવાર્તા કરે. ગુણાતીત બાગની આ વિશિષ્ટતા છે. સંતોની હાજરીમાં, આજ્ઞા થતાં હરિભક્તો પણ અનુભવની વાતો કરી શકે. સમયે સમયે સ્વામીશ્રીના મુખેથી 'સ્વામીની વાતો' અને તેના વિવેચનરૂપ મનનીય વાણીનો આસ્વાદ, સૌ ભક્તોને સભામંડપ તરફ ખેંચતો. 'ચાલો, ચાલો, બાપા વાત કરે છે' એમ બોલતા ભક્તો નાની-મોટી પ્રવૃત્તિઓ છોડી દોડી આવતા.

પાટોત્સવ નિમિત્તે મૂર્તિઓનો અભિષેક થયો. ધોતિયાનો છેડો ઓટીમાં ખોસી, સ્વામીશ્રી બે હાથે જ્યારે ઘનશ્યામ મહારાજને પંચામૃત અને પવિત્ર જળથી સ્નાન કરાવતા હોય ત્યારે ભક્તોને ગુણાતીતાનંદ સ્વામી જ મહારાજની સેવા કરતા હોય એવું ભક્તિસભર દર્શન થતું. નાસિકા, નેત્રો, મુખારવિંદને હળવા સ્પર્શથી સ્નાન કરાવતાં સ્વામીશ્રી મૂર્તિમાં ખોવાઈ જતા. ચરણારવિંદ ઉપર અવશ્ય સારી રીતે અભિષેક કરે. ભોળાભાવે બે હાથ જોડી દર્શન કરે ત્યારે શ્રીજી સાથેની એમની એકાત્મતાનાં દર્શન જરૂર થાય. ગામો-ગામથી પધારેલા હરિભક્તોને પણ સ્વામીશ્રી આ લાભથી વંચિત ન રાખતા. હાથ ખેંચી ખેંચીને એમને બોલાવે અને પ્રત્યક્ષભાવથી મૂર્તિઓની સેવા કરાવે. આરતીમાં પણ સૌને લાભ આપે. આમ, ભક્તિની લહાણી કરવાનું એમને બહુ તાન.

સમૈયાની વ્યવસ્થામાં કોઠારી વાસુદેવ સ્વામી, અન્ય સંતો, ઝવેરકાકા, રામોદના મોહન ભગત, શિવશંકર મહારાજ વગેરે હતા. અક્ષર મંદિરમાં ચલમૂર્તિ સમા હરતા-ફરતા સ્વામીશ્રી તો બધી સેવામાં હાજર જ હોય. મંદિરમાં એમને જોયા હોય તો થોડી વાર પછી રસોડામાં સેવા કરતા હોય

અથવા પીરસતા હોય. તો વળી, કોઠારમાં પ્રસાદ આપતા હોય. આમ, અનેક સ્વરૂપે પોતે સેવા કરી, હરિભક્તોને રાજી કરતા હોય. સભામાં બહુ ઓછું જોવા મળે. પણ એમનું સાંનિધ્ય જ ભક્તોને પૂર્ણકામ કરતું હતું. સમૈયાની અગવડો લેશ અનુભવાતી નહિ.

સ્વામીશ્રીની વિશેષતા એ કે નાના-મોટા સૌને સંભારે. તે વ્યક્તિ સામે હાજર હોય કે ન હોય. તેમને પત્રો લખે, યાદ કરે. કોઈ જતા-આવતા સાથે સંદેશો મોકલે, પ્રસાદ મોકલે, પણ કોઈને ભૂલે નહિ. જાણે, સૌનાં યોગ-ક્ષેમનું સતત વહન કરી રહ્યા ન હોય ! ભક્તો જ એમનું જીવન. મહાપૂજામાં પણ હરિભક્તોનાં સુખ-દુઃખ પ્રમાણે પ્રાર્થના, ધૂન અવશ્ય કરે. કોઈ હરિભક્તનો દુઃખનો કાગળ હોય તો તુરત દેરીમાં જઈને પ્રાર્થના કરે, અને બળનો - આશીર્વાદનો પત્ર લખી સાંત્વન આપે. નહિ તો બેઠાં બેઠાં પણ એનું શુભ ચિંતવી પત્ર લખી શકાય, મહારાજ એમનાથી ક્યાં છેટા હતા ! પણ, દેરીમાં જાય, હરિભક્તનું દુઃખ મહારાજ-સ્વામીને સંભળાવે અને ધૂન કરે. ગુજરાત, મુંબઈ અને આફ્રિકા સુધી પણ એમનો પત્ર-વ્યવહાર તો ચાલુ જ રહેતો.

કોઠારી બબુભાઈની વિનંતીથી સ્વામીશ્રી જેઠ વદમાં અમદાવાદ પધાર્યા. હરિભક્તો સાથે નારાયણ ઘાટ જઈ સમાગમનો લાભ આપી, સૌને બ્રહ્માનદ કરાવ્યો.

‘આજે તો મહારાજ સોંઘા થયા છે’

અહીં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ચાલતા આંબલીવાળી પોળે થઈ નરનારાયણ મંદિરે દર્શન કરવા જવા નીકળ્યા. માર્ગમાં અર્જુનકાકા કહે : ‘આપણે મોટા મંદિરે દર્શને જઈએ છીએ, પણ સમય થઈ ગયો છે. તો ઘણા હરિભક્તો આપણા મંદિરે દર્શન કરવા આવશે ને આપણે મોડું થશે તો સૌ ઘરે ચાલ્યા જશે.’

‘પણ ઠાકોરજીનાં દર્શનનું શું ?’ સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો. પછી કહે : ‘આપણે આવી જઈશું, પણ પ્રસાદીના મંદિરે દર્શન તો કરવાં પડે ને !’

અર્જુનભાઈ પાસે આ ભક્તિભાવનાનો કોઈ ઉત્તર નહોતો.

અહીં પધરામણીઓ કરી મંદિરે પાછા આવ્યા ત્યારે કોઈ સંતે કહ્યું : ‘આપ મોડા થયા તેથી હરિભક્તો દર્શને આવ્યા હતા તે ચાલ્યા ગયા.’

‘એમને રોકવા હતા ને !’ સ્વામીશ્રીએ કહ્યું.

'બે કલાક બેસી, રાહ જોઈ કંટાળીને ચાલ્યા ગયા.'

સ્વામીશ્રી પરભાવમાં આવી ગયા ને કહે : 'પૂર્વે કેટલાય ઋષિમુનિઓ થઈ ગયા. તે સાઠ-સાઠ હજાર વરસ તપ કરતા, તોય ભગવાનનાં દર્શન ન થતાં. ને આ બે કલાકમાં થાકી ગયા. આજે તો મહારાજ સોંઘા થયા છે, પણ જીવને ખપ નહીં !'

સ્વામીશ્રીની પારલૌકિક પ્રતિભા ક્યારેક આ રીતે છતી થઈ જતી.

અત્યારે અક્ષર દેરીનો મહિમા વધે એ જ અભિપ્રાય

શાસ્ત્રીજી મહારાજ અક્ષરધામ પધાર્યા તે પછી સ્વામીશ્રી ગુજરાતમાંથી જે કંઈ સેવા થતી તે રકમ અને જે કાંઈ સામગ્રી ભેગી થતી તે અમદાવાદના રમેશભાઈ દલાલને સોંપતા. અને પછી ત્યાંથી ગોંડલ, સારંગપુર, ગઢડા વગેરે મંદિરોમાં મોકલાતી. પરંતુ હમણાં સેવાનો ઝોક સ્વામીશ્રી મારફત ગોંડલ મંદિર તરફ વળી ગયો હતો. તેથી રમેશભાઈના મનમાં વિચારો આવતા : 'સ્વામીશ્રી બધું એક તરફ જ ખેંચી જાય છે.' એક દિવસ તક મળતાં રમેશભાઈએ ખુલ્લા હૃદયે રજૂઆત કરી : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજ સારંગપુર સેવા મોકલતા અને ગઢડા તથા ગોંડલ પણ સેવા મોકલતા, પરંતુ આપ તો ગોંડલ વધારે સેવા મોકલો છો. જેથી મને આપનામાં મનુષ્યભાવ આવે છે. તો આપ મારા મનને સ્થિર કરો અને સમજાવો કે આપ આમ કેમ કરો છો ?'

આ સાંભળી સ્વામીશ્રી બાળકની જેમ હસી પડ્યા અને બોલ્યા : 'રમેશભાઈ ! હાલમાં રુચિ અક્ષર દેરીની છે. સારંગપુર તો બાપા બેઠા છે, તો ભવિષ્યમાં પ્રમુખસ્વામી લાખો રૂપિયા વાપરશે. માટે હાલમાં તમારે અમારી રુચિ અને અભિપ્રાયમાં ભળી જાવું, જેથી અંતરમાં અખંડ શાંતિ રહેશે.'

ગુણાતીત સંતનું આ જ અલૌકિક ચરિત્ર છે. જેમાં નિષ્ઠાવાન સંતો-ભક્તોને પણ મનુષ્યભાવ આવી જાય. સાધુ તરીકે તો પોતે પંચ વર્તમાને યુક્ત સારધાર વર્તે છે અને સૌને વર્તાવે છે. તેમાં તો કોઈ ખોટ કાઢી શકે એમ નથી હોતું. પણ આવી મનુષ્ય જેવી ક્રિયા કરે અને મનુષ્યની જેમ પક્ષપાત, લોભાદિક ભાવ બતાવે, ત્યારે અચૂક મનમાં ભ્રાંતિ થાય છે કે આમ કેમ ? પણ સમયે સમયે સત્પુરુષોની વિશિષ્ટ રુચિ અને અભિપ્રાય હોય છે, જે સમજાય તો એમના ચરિત્રમાં શંકાને સ્થાન રહે નહીં. એમનામાં લેશ દેહભાવ નથી. તેથી પોતાના દેહને માટે તો કાંઈ પદાર્થ કે સ્વભાવનું બંધન નથી, પણ ઘણી વાર

કોઈ કાર્ય, સ્થાન કે વ્યક્તિ માટે આવું મમત્વ જણાવે છે ત્યારે એમની એ ક્રિયા ગમતી નથી. 'આમ ન કરવું જોઈએ' એવો ભાવ થાય અને મનુષ્યભાવ આવે. પણ ભક્તોએ એ વિચારવું રહ્યું કે એમની કોઈ ક્રિયામાં ક્યારેય અંગત સ્વાર્થ લેશપણ હોતો નથી. લાંબે કાળે કાંઈ ને કાંઈ સારું થવાનું હોય તે જ એકમાત્ર હેતુ ! બીચારો અલ્પજ્ઞ જીવ તે શું જાણી શકે ?

ગુણાતીત સંત આ જાણવા છતાં આવો મનુષ્યભાવ પકડી રાખે છે અને ભક્તોને મુઝવણમાં મૂકી દે છે. આ જ ભક્તોની કસોટી છે. એમાંથી પાર ઊતરવું, અર્થાત્ સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવવા દેવો અને એમનામાં સતત દિવ્યભાવ નિહાળી આનંદમાં રહેવું એ સાધના છે. જેને અનંત કોટિ બ્રહ્માંડોનું બંધન નથી, એમને આ લોકનું શું બંધન ? છતાં વારે વારે બંધન બતાવે છે અને સૌને મોહ પમાડે છે. ગુણાતીત જ્ઞાનમાં બીજી બધી સાધના ગૌણ છે. ગુણાતીત પુરુષ માનુષિક ભાવો બતાવે ત્યારે જ એમાં એમની દિવ્ય લીલાનું દર્શન કરવું, ગાન કરવું - આ જ ભક્તિ છે, સાધના છે, ગુણાતીત જ્ઞાન છે !

બારસની સાંજે પ્રમુખસ્વામીને સાથે લઈ, નડિયાદ થઈ, આણંદ પધાર્યા. અહીંથી ડમણિયામાં વડતાલ દર્શને ગયા. સ્વામીશ્રી સાથે મથુરભાઈ, પુરુષોત્તમભાઈ, જેઠાભાઈ કેશવલાલ વગેરે આવ્યા હતા. વડતાલ મંદિરની સામે વંડામાં ડમણિયું છોડ્યું. સ્વામીશ્રી કહે : 'હાલો આપણે મંદિરે દર્શને જઈએ.'

ત્યારે જેઠાભાઈએ પુરુષોત્તમભાઈને કહ્યું : 'તમે ડમણિયું સાચવો, અમે દર્શન કરીને આવીએ છીએ. પછી તમે દર્શન કરવા માટે જજો.'

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'ડમણિયું મહારાજ સાચવશે ! ડમણિયાને કોણ લઈ જવાનું છે ? પુરુષોત્તમભાઈને આપણી સાથે દર્શનનો લાભ મળે તે માટે સાથે લીધા છે.' સ્વામીશ્રીએ કહ્યું. સૌ સાથે જ દર્શને ગયા.

મથુરભાઈનું કાંડું પકડીને સ્વામીશ્રીએ અક્ષર ભુવન, સભામંડપ વગેરે પ્રસાદી સ્થાને દર્શન કર્યાં. પછી નંદ પરમહંસોનાં આસને દર્શને ગયા. સ્વામીશ્રી આસને આસને પરમહંસનાં નામ બોલી દર્શન કરતાં કરતાં શાસ્ત્રીજી મહારાજના આસને આવ્યા. દંડવત્ કરી બેઠા અને શાસ્ત્રીજી મહારાજનાં લીલાચરિત્રોની ઘણી વાતો કહી.

પછી વંડામાં આવ્યા ત્યારે જેઠાભાઈ બોલ્યા 'બાપા ! આપે પુરુષોત્તમભાઈને સાથે લીધા તે સારું થયું, કારણ કે આવાં મહિમા સહિત દર્શન ન થાત અને શાસ્ત્રીજી મહારાજનાં આવાં બાલચરિત્રોની વાતો ક્યાંથી

સાંભળવા મળત ?' પુરુષોત્તમભાઈ પણ બહુ રાજી થયા.

સ્વામીશ્રી જે રીતે તીર્થોમાં દર્શનનો મહિમા, સાથેના સંતો-હરિભક્તોને કહેતા તેમાં જ એવો મહિમા સૌનાં હૈયાંમાં સ્થિર થઈ જતો. એવું એમની વાણીમાં બળ હતું. સ્થાનનો મહિમા સમજાવે, પ્રસાદીની વાતો કરે, એથી વધુ તો સ્વામીશ્રીનું સાંનિધ્ય જ સાક્ષાત્ ભગવાનનું સાંનિધ્ય બની રહેતું, એવું ખેંચાણ નાના-મોટા, નવા-જૂના સૌને થતું. સ્વામીશ્રી શ્રીજીમહારાજનાં પ્રસાદી સ્થાનોમાં ઓતપ્રોત થઈ જતા. તલ્લીન થઈ જતા.

'હું સેવકની સેવા કરું, એવો મારો મત'

ગુરુપૂર્ણિમાના સમૈયા નિમિત્તે બોચાસણ પધાર્યા. હજારો હરિભક્તો બોચાસણ આવી રહ્યા હતા. ચૌદશે રાત્રે સ્વામીશ્રીએ વરસાદ માટે ખૂબ ધૂન કરાવી. અને પૂનમે સવારથી જ વરસાદ પડવો શરૂ થયો.

સવારે ૮-૦૦ વાગે સભા શરૂ થઈ. મોતીભાઈ ભગવાનદાસ સભા-વ્યવસ્થામાં હતા. સૌ પ્રથમ તેમણે આણંદ મૂર્તિપ્રતિષ્ઠાનું સ્વરચિત કીર્તન ગાયું. અક્ષર સ્વામીએ વચનામૃત કઢાવી વાતો કરી. ખાસ કરીને સંતોનાં શુદ્ધ વર્તન ઉપર ભાર મૂક્યો. ગૃહસ્થોએ ખાન-પાનાદિક શુશ્રૂષાના લોભને વશ બની સાધુઓને બગાડવા નહિ તેવી વિનંતી કરી. સ્વામીશ્રીએ સ્વામીની પાંચ વાતો બોલી સત્સંગનું માહાત્મ્ય સમજાવ્યું તથા મોટાસ્વામી, મગનભાઈ, હકાભાઈ તેમજ પ્રમુખસ્વામીએ વાતો કરી ગઢપુર મંદિરની સેવા કરવાનો અનુરોધ કર્યો. ૧-૩૦ વાગ્યા સુધી ગુરુપૂર્ણિમા નિમિત્તે સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

રાતે આરામમાં પધાર્યા ત્યારે વિનુભાઈ વગેરે યુવકો પણ સ્વામીશ્રીના પગ દાબી રહ્યા હતા. તેમના મનમાં સ્વામીશ્રીના સેવક તરીકે રહેતા એક અડબંગી સાધુનો અભાવ હતો કે આ સ્વામીશ્રીને કનડે છે. વાત તો હકીકત જ હતી, પણ સ્વામીશ્રીએ તે વિષે હરફ પણ ઉચ્ચારેલો નહીં. પણ યુવકોને અભાવ આવ્યો, તે જોઈ સ્વામીશ્રીથી ન રહેવાયું અને અંતર્યામીપણે વાત કરી : 'વિનુભાઈ ! આ સાધુએ શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરી છે. પ્રસાદીના સેવક મળ્યા છે. એની સેવા હું કરું ! એને સેવા કરવા ન દેવાય. મારે સેવક જોઈએ જ નહીં. હું સેવકની સેવા કરું, એવો મારો મત. માટે ગુણ લેવો.'

યુવકોને જાણે અંતર્દૃષ્ટિ થઈ. તેમણે વિચાર્યું : 'હવે એ સંતનો જ શું કામ, કોઈનોય અભાવ ન લેવો !'

સંતની દયા, જીવની અવળાઈ

અહીં તે સમયે ઉત્તમચરણદાસ નામે એક સાધુ હતા. ગૌશાળામાં ખૂબ સેવા કરતા. એક દિવસ સવારે ઉકાળા-પાણી કરતાં સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા. ખોબો ભરીને પ્રસાદી આપી. પછી કહે : 'ગુરુ ! અમારી ભેગા ગામડે હાલો. તમે સેવા બહુ કરી, હવે થોડો સમય સમાગમ કરો.'

'પણ ગાયો-ભેંસો મારા વિના કોઈને ગાંઠે નહીં.'

'કાંઈ વાંધો નહીં આવે. બીજાને દૂધ દો'વા દેશે.' સ્વામીશ્રીના શબ્દોમાં વિનંતીનો સૂર હતો. પણ ઉત્તમચરણદાસનું મન માન્યું નહીં.

સાંજે ઉકાળા-પાણી વખતે સ્વામીશ્રીએ ફરી એની એ જ વિનંતી કરી : 'અમારી ભેગા હાલો. હાલોને ગુરુ ! અમને બહુ મજા આવશે... અમને રાજી કરો...' પણ તેમણે ના જ પાડી.

સ્વામીશ્રીને ગામડે જવાનું હતું. તે દિવસે પણ તેમને બોલાવ્યા ને આગ્રહ કર્યો : 'હાલોને ગુરુ ! ચાર દિવસ. વધારે નહીં. અમારે તો તમને મહિનો ફેરવવા'તા, પણ ચાર દિવસ તો રાખો. અરે, બે દિવસ રાખો. હાલો, પછી પાછા આવી જજો...'

પણ ઉત્તમચરણદાસે હઠાગ્રહ ન મૂક્યો : 'ઢોરને મારા વિના ચાલે નહીં !'

'તમારી મરજીની વાત છે !' સ્વામીશ્રીએ કરુણાથી તેમની સામે જોયું અને રાજકોટ જવા નીકળી ગયા.

સ્વામીશ્રીની તબિયત સારી ન હતી છતાં ગુરુપૂનમ નિમિત્તે પધાર્યા હતા. અહીં બે દિવસ લાભ આપી અમદાવાદ પધાર્યા ત્યારે ખબર મળી કે તે સાધુ ત્યાગાશ્રમ છોડી ચાલ્યા ગયા છે... મહિના પછી વળી કોઈએ કહ્યું કે 'હૉટલમાં વાસણ ઊટકે છે.' સ્વામીશ્રી આ સાંભળી દયાર્દ્રભાવે કહે : 'આપણી ભેગા આવ્યા હોત તો દેશકાળ ન લાગત અને સોના જેવા સાધુ થઈ ગયા હોત...'

પણ કોઈ શું કરે ? જીવ જ અવળો ત્યાં !

ઐશ્વર્યોના ઓવારેથી

શેઠ સોમાભાઈ કશીભાઈ (સી. સોમાભાઈ ચાવાળા) ધંધાર્થે અમદાવાદમાં રહેતા. તેઓ પ્રથમ રણછોડજી, શિવજી અને છેલ્લે માતાજીના ઉપાસક બન્યા હતા. આણંદના ઈશ્વરભાઈ મસાલાવાળા તેમના સંબંધી થાય. તેમના આગ્રહથી

તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પ્રથમ દર્શને જ તેઓ સ્વામીશ્રીની અસાધારણ પ્રતિભામાં અંજાયા. ઘરે સ્વામીશ્રીની પધરામણી કરાવી. એ વખતે તેમણે સંકલ્પ કર્યો કે આપણે અમુક સેવા કરવી છે, પરંતુ ઈશ્વરભાઈએ એમને સ્વામીશ્રીનો મહિમા કહેતા સમજાવ્યું હતું : 'તેઓ અંતર્યામી છે.' તેથી સોમાભાઈને પરીક્ષા કરવાનું મન થયું.

સ્વામીશ્રીની પધરામણીથી ઘરમાં દિવ્ય વાતાવરણ પ્રસરી ગયું. સ્વામીશ્રીએ દુકાન, ધંધા અંગે પૂછપરછ કરી. આશીર્વાદ આપતાં કહ્યું : 'દુકાનો ઘણી વધી જશે અને ધંધો સારો ચાલશે. અક્ષર દેરીએ ચાની સેવા કરતા રહેશો.'

પૂજા પછી સેવા માટે સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે એમણે હસતાં હસતાં સોમાભાઈના મનમાં જે વિચાર હતો તે જ જણાવ્યો. સોમાભાઈને પ્રતીતિ થઈ ગઈ કે 'સ્વામીશ્રી અંતર્યામી ખરા !' સ્વામીશ્રીની રમણીય મૂર્તિ એમના અંતરમાં ઊતરી ગઈ. આ પછી તેઓ ખૂબ જ નિષ્ઠાવાળા ભક્ત થયા. સત્સંગમાં તેમણે ઘણી સેવા કરી.

અહીંથી નડિયાદ, આણંદ થઈ ભરૂચ પધાર્યા. પ્રમુખસ્વામી વગેરે સંતો વડોદરાથી સાથે થઈ ગયા હતા. પાલેજ સ્ટેશને કાનમના ઘણા હરિભક્તો દર્શને આવ્યા હતા. અહીં સર્વને દર્શન-સમાગમનો લાભ આપી તા. ૧૭-૭-'૫૨ના રોજ સુરત પધાર્યા.

બે દિવસ સર્વને કથાવાર્તાનો લાભ આપ્યો. મગનભાઈ, આશાભાઈ, ડાહ્યાભાઈ જરીવાળા, જેકીશનદાસ જરીવાળા વગેરે ભક્તોએ સારી સેવા કરી.

આ વખતે સુરતમાં અંબાલાલભાઈ ભાઈલાલભાઈ પટેલને મગનભાઈ સેક્રેટરીની વાતચીતથી સ્વામીશ્રીનો યોગ થયો અને સુરતવાળા આશાભાઈના ભાગીદાર હોવાને લીધે તેમની કથાવાર્તાથી સ્વામીશ્રીમાં હેત અને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા થયાં. અંબાલાલભાઈને તેમનાં લગ્ન થયાંને સોળ વર્ષ વીતી ગયાં હતાં. સંતાનમાં માત્ર એક કન્યારત્ન હતું. ગાનાવાળા શનાભાઈએ સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રી હસીને બોલ્યા : 'કેમ આજ સુધી કીધું નહિ ! જાવ, મહારાજ મુક્ત આપશે.' સ્વામીશ્રીના આશીર્વાદ પછી બરાબર એક વર્ષે પુત્ર-જન્મ થયો અને તે પછી બીજા દીકરાનો પણ જન્મ થયો. અંબાલાલભાઈની નિષ્ઠા ઉત્તરોત્તર વધતી ગઈ.

❀ ❀ ❀

મુંબઈમાં જ્ઞાનસત્ર



રવિવાર, તા. ૨૭-૭-'૫૨. સવારે મુંબઈ પધાર્યા. ભૂલેશ્વરમાં શેઠ ભગવાન કલ્યાણની વાડીમાં સંતોનો ઉતારો હતો. શ્રાવણ સુદ દશમથી 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની પારાયણ યોજવામાં આવી હતી. પ્રમુખ-સ્વામી સુંદર રીતે ગ્રંથનો લાભ આપતા હતા. સાથે 'વાસુદેવ માહાત્મ્ય' તથા 'સ્વામીની વાતો' પણ વાંચતા. મોટાસ્વામી 'સત્સંગિજીવન' ઉપર વિશેષ વાતો કરતા. સ્વામીશ્રી પણ પ્રસંગોપાત્ત 'સ્વામીની વાતો' ઉપર વિવેચન તેમજ અન્ય પ્રાસાદિક વાતો તેમની આગવી શૈલીમાં કરી, સૌને કથામૃતમાં રસ-તરબોળ કરતા. તેમની વાતોનો સાર આ હતો :

'મોટાપુરુષ કે હરિભક્તોનો અભાવ એટલે દેશકાળ લાગ્યો સમજવો. દેહનો અનાદર, દૃઢ આત્મનિષ્ઠા, પંચવિષયમાં વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ – આ ચાર વાનાં સિદ્ધ થાય તો અભાવ ન આવે. ભગવાનના ભક્તને વિશે સુહૃદપણું એ જ સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન છે. ભગવાન અને મોટાપુરુષને વિશે નિર્દોષબુદ્ધિ રાખવી.

'પોતાને બ્રહ્મરૂપ માની ભગવાન રાખવા. ભર્યા રહેવું પણ ઠાલા ન રહેવું. મારી સાથે ભગવાન છે, ચાલે છે, ખાય છે, બેઠા છે, એવી અખંડ સ્મૃતિ રહે તો અંતરમાં શાંતિ રહે.

'ભગવાનના ભક્તની તત્ત્વે સહિત ઓળખાણ કરવી, મરીને જેને પામવા છે એ જ બેઠા છે. ભગવાનનો આશરો અચળ રાખવો, તો સોડ્યમા રોટલા આવશે. માટે ટેક ન મૂકવી. તે ઉપર કીર્તન છે :

'ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહીં,
ત્રિવિધ તાપે રે, કેદી' અંતર ડોલે નાહીં...'

'શ્રીજીમહારાજને સર્વોપરી ન સમજે અને પોતાને બ્રહ્મરૂપ ન માને એ

જ મૂળ અજ્ઞાન છે. મહારાજ કહે : 'અમારો અવતાર મૂળ અજ્ઞાનના નાશ માટે છે.' મોટાપુરુષના સમાગમમાં આવે ત્યારે મૂળ અજ્ઞાન જાય છે. મોટાપુરુષની દૃષ્ટિ પડે તો જ મૂળ અજ્ઞાન જાય, પણ તપે કરીને કે માળા ફેરવે ન જાય. એ તો સમાગમે કરીને જ જાય.

'દેહના ભાવથી ઉપાસનાનો ભંગ થાય છે. દેહને દ્રવ્ય દેનાર મળે કે દીકરો દેનાર મળે તો તરત મન ત્યાં ચોટે અને ઉપાસનાનો ભંગ થાય. ખરા રાજહંસ હોય તે તો ચાંચ મારે ત્યાં દૂધ-પાણી જુદાં કરી નાખે. તેમ ખરા પરમહંસ હોય તેની વાતોથી જગત ખોટું થઈ જાય અને મુક્ત, અક્ષર અને પુરુષોત્તમ એ ત્રણ સિવાય બીજું કાંઈ રહેવા દે નહિ. એવા ખરા પરમહંસો મહારાજના વખતમાં હતા અને આજે નહિ હોય એમ માનવું નહિ. એ તો હોય જ, પરંતુ સમાગમે કરીને ઓળખાય. નકલી હોય તેને છ મહિના રાખી, દૂધપાક-પૂરી જમાડીએ તોપણ અંતરમાં ટાઢું ન થાય.'

તે ઉપર નિષ્કુળાનંદ સ્વામીનું પદ બોલ્યા :

'એવા બહુ કરતા હોય બોધ તે સાંભળ્યે શું વળે.'
'...જે જમાડીએ તે પણ જાય, ખાધું જે હરામીએ.'

'જેટલો મોટાપુરુષનો સમાગમ એટલો લાભ. સ્વામીએ બ્રહ્માંડ ભરાય એટલી વાતો કરી છે, પણ જેટલી હૈયામાં રાખી હોય તેટલી શાંતિ. વરસાદનું પાણી તો બધે પડે છે અને દરિયામાં ચાલ્યું જાય છે, પણ જો ટાંકા ભરી રાખ્યા હોય તો કામમાં આવે. માટે જેટલી વાતો સાંભળી હોય તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાથી જ સાક્ષાત્કાર થશે. જેવી પ્રાપ્તિ અને સંબંધ થયો છે એવો સમજાય તો બીજે ખોળવા નહિ જવું પડે. જ્યારે યથાર્થ જ્ઞાન થશે ત્યારે ભગવાનનાં દર્શન થશે.

'વચન ખમવાં એ જ સાધુતા. ખાસડાં ખમવાં કઠણ. દેહનો ઘા રુઝાય પણ વચનનો ઘા ન રુઝાય. સાધુતા શીખીએ તો જ ગુરુની મોટપ શોભે. નહિ તો ગુરુ લજાય. મુક્તાનંદ સ્વામીએ લખ્યું : 'નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો...' માટે સર્વના સેવક થાવું એમાં જ મોટાઈ છે. તે ઉપર સાખી છે :

'નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ,
ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.'

'નદીના કાંઠા ઉપર નાની નાની દુર્વા ઊગી હોય તે ગમે તેટલું પાણીનું વહેણ હોય તોપણ ઊખડતી નથી, પણ નદી વચ્ચે ઊગેલ આકડા ને ખાખરા

હોય તે તો ઊખડીને તણાઈ જાય છે. માટે નાના થવામાં માલ છે.'

આમ, સ્વામીશ્રી અદ્ભુત વાતો કરતા.

એક વખત વચનામૃત ગ.પ્ર. ૫૭ વંચાતું હતું. તે ઉપર પ્રશ્ન પુછાયો કે 'ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એટલે શું ?' સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજને સર્વોપરી સર્વ અવતારના અવતારી સમજવા એ સ્વરૂપનું જ્ઞાન કહેવાય અને વિશેષ ઉત્તર સમજવો હોય તો મોતીભાઈ કરશે.'

આ પણ સ્વામીશ્રીની એક રીત હતી. પોતાને કહેવું ન હોય અને બીજા દ્વારા બોલાવવું હોય તો વાતનો દોર બીજાને સોંપી દેતા. શૂરવીર ભક્તરાજ આણંદના મોતીભાઈ ભગવાનદાસ તો તૈયાર જ હતા. તેમણે કહ્યું કે 'ગ.પ્ર. ૨૭ પ્રમાણે જેમાં મહારાજ સર્વપ્રકારે નિવાસ કરીને રહ્યા હોય તે સંતનું સ્વરૂપ એ જ મહારાજનું પ્રગટ સ્વરૂપ. એમ સમજે તો યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થયું કહેવાય. આજે આપણી પાસે એવા સંત યોગીજી મહારાજ છે.' આ ઉત્તર સાંભળી સૌ રાજી થઈ ગયા. મોટાસ્વામી વગેરે સંતો તથા હરિભક્તોએ પ્રમાણ કર્યું. ત્યારે યોગીજી મહારાજ નતમસ્તક મંદ મંદ હસી રહ્યા હતા.

આ રીતે કથાવાર્તાના પ્રસંગો નીકળતા. અનેકના સંશયો દૂર થતા. પ્રગટ સત્પુરુષનો સાચો મહિમા સૌને સમજાતો. કથામાં મારવાડી શેઠિયાઓ તથા મુલતાની શેઠ ફત્નાની, સરકારી વકીલ હરિપ્રસાદ ચોકસી, સરકારના ઍડવોકેટ જનરલ એમ.પી. અમીન, મનુ સૂબેદાર, ચીફ પોલીસ કમિશનર માનસિંહજી ચૂડાસમા, પોલીસ અધિકારી પ્રતાપસિંહ ઇનામદાર વગેરે સદ્ગૃહસ્થો લાભ લેતા. શ્રાવણ વદ બીજ, ગુરુવારે કથાની પૂર્ણાહુતિ થઈ.

પછી સ્વામીશ્રી અને સંતો 'ગણેશ બાગ'માં રહ્યા હતા. બંને વાડીઓની વ્યવસ્થા નાનુભાઈ દવે તથા મણિભાઈ જસાણીએ કરી હતી. અન્ય સેવામાં ભગવાનદાસ શેઠ, જેસંગભાઈ, મહીપતભાઈ તથા હર્ષદભાઈ વગેરે ભક્તો હતા. આ પ્રસંગે સુરત, આણંદ, નડિયાદ, અમદાવાદ, રાજકોટ વગેરે ગામોથી હરિભક્તો ખાસ લાભ લેવા આવ્યા હતા.

કથા દરમ્યાન એક વખતે *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે...'* એ કીર્તન ગવાયું. ત્યારે એક મારવાડી ભક્ત આનંદીપ્રસાદને સમાધિ થઈ. અક્ષરધામમાં તેજોમય દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજનાં દિવ્ય મુક્તો સહિત દર્શન થયાં. સમાધિ અવસ્થામાં જ ગદ્ગદ કંઠે સ્તુતિ કરતા તે વારંવાર સ્વામીશ્રી તરફ જોઈ નમસ્કાર કરતા હતા. આ દિવ્ય અનુભવ જોઈ, સાંભળી સૌને

સ્વામીશ્રીનો અદ્ભુત મહિમા સમજાયો.

સોમવાર, તા. ૧૧-૮-'પર, રાત્રે અમદાવાદ લોકલમાં સ્વામીશ્રી અને સંતોએ વલસાડ જવા વિદાય લીધી. સ્વામીશ્રી તથા સંતો માટે બળવંતરાય બ્રહ્મભટ્ટે સ્ટેશન ઉપર બધી વ્યવસ્થા કરી હતી. આથી, સેન્ટ્રલ સ્ટેશન ઉપર પણ સભા જેવું થઈ ગયું. ગાડી ઊપડવાને વાર હતી. તેથી સ્વામીશ્રી પોતાની અસલ રીત પ્રમાણે 'હાલો, ભાતું બંધાવીએ...' એમ કહી સ્વામીની વાતો બોલ્યા. ગાડી ઊપડવાને વાર હતી. સ્વામીશ્રીની મરજી જાણી સૌ ચેષ્ટાનાં પદો બોલવા લાગ્યા. બીજી બાજુ સ્વામીશ્રીને ફૂલહાર વિધિ પણ શિસ્તબદ્ધ ચાલતો હતો. આ વખતે સ્વામીશ્રીનું આકર્ષણ અનેકગણું વધી ગયું હતું. જેની પ્રતીતિ સ્ટેશન ઉપર મોડી રાત્રે વળાવવા આવેલા ભક્તોની સંખ્યાને જોઈને થતી હતી.

સ્વામીશ્રી સંતમંડળ સાથે અટલાદરા જન્માષ્ટમીના સમૈયા ઉપર પધાર્યા. બોચાસણથી અક્ષર સ્વામી તથા શ્રીજીસ્વરૂપદાસ પણ આવ્યા હતા. મોટાસ્વામી વગેરે સંતોએ જ્ઞાનામૃતનો લાભ આપ્યો. કાનમ-વાકળના હજારો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. રાત્રે જન્મોત્સવ પછી ભજન-મંડળીઓએ આખી રાત ભજન-કીર્તન કર્યાં. કોઠારી સ્વામી તથા મથુરકાકા, સેજાકૂવાના અંબાલાલ, મણિભાઈ વગેરે વ્યવસ્થામાં હતા. જૂના મંદિરના પીઢ હરિભક્ત ડી.ટી.એસ. ભોગીલાલભાઈ પણ દર્શને આવ્યા હતા.

વડોદરાના શાંતિલાલ મૂળશંકર પુરોહિતને ઘણા સમયથી સાધુ થવાનો વિચાર. મોટાસ્વામીએ તેમને કહ્યું : 'યોગી મહારાજની જોડમાં સેવા કરનાર કોઈ સાધુ નથી, તો તમે તેમની સાથે રહેજો.'

તેઓ બ્રાહ્મણ હતા. એટલે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'સાધુ થવું છે કે બ્રહ્મચારી ?'

તેમણે કહ્યું : 'બાપા ! સાધુ થવું છે.'

સ્વામીશ્રી રાજી થયા. સ્વામીશ્રીએ ગોંડલના કોઠારી વાસુદેવ સ્વામીને પત્ર લખ્યો કે એક બ્રાહ્મણ સાધુ થવા આવે છે અને આપણને બહુ કામમાં આવશે.'

જન્માષ્ટમીના સમૈયે અટલાદરામાં સ્વામીશ્રીએ તેમને દીક્ષા આપી અને કહ્યું : 'જૂના બાલમુકુંદદાસ સ્વામી ધામમાં ગયા. તેથી આપનું નામ બાલમુકુંદદાસ રાખીએ છીએ.'

તે વખતે તાજપુરવાળા મોટાસ્વામી, જે બહુ તીખા સ્વભાવના હતા, તે સ્વામીશ્રીની સાથે સેવામાં જોડમાં હતા. પણ ત્યારપછી બાલમુકુંદદાસ સ્વામીને

સાથે લીધા હતા.

‘મને હમણાં ત્યાં નહિ ફાવે’

આ સમયે વડોદરા જ્ઞાનમંદિરમાં રહેતા ધર્મજના પૂજાભાઈને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે તે સમાચાર, નાથાલાલ યોગીનાએ સ્વામીશ્રીને આપ્યા કે ‘પૂજાભાઈને ખીલી વાગતાં ડાયાબિટીસને કારણે પગ પાક્યો છે, તેથી સયાજીરાવ હૉસ્પિટલમાં છે.’

આ સાંભળી સ્વામીશ્રી કહે : ‘આવા ભક્તની ખબર કાઢવા આપણે જવું જ જોઈએ.’

સ્વામીશ્રી હૉસ્પિટલમાં હરિભક્તની મુલાકાત માટે આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ પૂજાભાઈ હર્ષથી પુલકિત થઈ ગયા. દંડવત્ કરવા ઊઠવા લાગ્યા. ત્યાં સ્વામીશ્રી કહે : ‘પૂજાભાઈ ! તમારા દંડવત્ માની લીધા.’

પછી સ્વામીશ્રીએ પાસે બેસીને પગે હાથ ફેરવ્યો. ત્યારે પૂજાભાઈ કહે : ‘સ્વામી ! તમારાં દર્શનથી અડધું દરદ મટી ગયું અને તમે હાથ ફેરવ્યો ત્યાં બધું દરદ મટી ગયું છે.’

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ‘પૂજાભાઈ ! પગ તો બહુ સૂજી ગયો છે. ધામમાં લઈ જઈએ તો કેમ ?’

ત્યારે તેમણે હસીને કહ્યું : ‘ના સ્વામી ! મને હમણાં ત્યાં નહીં ફાવે. હું તો ત્યાંથી પાછો આવીશ અને પ્રગટ શ્રીજીમહારાજ જેમાં વિરાજે છે તે આપ જેવા સંત અને આપના ભક્તોની સેવા કરીશ.’ પૂજાભાઈ અત્યંત સેવાભાવી હતા.

તેમની સમજણ જોઈને સર્વે હરિભક્તો સ્તબ્ધ બની ગયા. નરસિંહ મહેતાએ લખેલું ભક્તનું લક્ષણ અહીં ચરિતાર્થ થતું હતું :

‘હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે.’

સ્વામીશ્રી પણ હરખાયા. અને ધીરેથી પૂછ્યું : ‘પૂજાભાઈ ! આ લોકમાં કેટલાં વરસ રહેવું છે ?’

‘બાપા ! આવરદા આપો તો પાંચ-પચ્ચીસ વરસ રહેવું છે.’

‘જાવ, પાંચ વરસ મહારાજ દેહ રાખશે.’ એમ કહી બે મિનિટ ધૂન કરીને આશીર્વાદ આપી, સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. થોડા દિવસમાં જ પૂજાભાઈને તદ્દન સારું થઈ ગયું અને સ્વામીશ્રીના વચન અનુસાર પાંચ વરસ દેહ રહ્યો અને સત્સંગમાં સેવા-ભક્તિ કરતાં દેહ છોડ્યો.

યુવાનોની આધુનિક અભિરુચિને આદર મળે છે

આ સમયે કૉંગ્રેસ સેવાદળે 'અખિલ ભારત સાઈકલ પ્રવાસ'નું આયોજન કરેલું. તેની આગેવાની નાનુભાઈ સી. પટેલને આપી હતી. તેઓ મોટાસ્વામીના પૂર્વાશ્રમના પુત્ર રમણભાઈના સાળા થાય. તેમને વાઘોડિયાના ધીરુભાઈ સોનીએ સૂચન કર્યું કે તમે જ્યારે હજારો કિલોમીટરના પ્રવાસે જાવ છો. તો સ્વામીશ્રી વડોદરા બિરાજે છે, તેમના આશીર્વાદ લેવા જરૂરી છે. જેથી તમારો પ્રવાસ નિર્વિઘ્ને પૂરો થશે. વળી, પ્રવાસમાં આનંદ પણ આવશે.

સ્વામીશ્રી લક્કડપીઠામાં કોઈ હરિભક્તને ત્યાં બિરાજમાન હતા. નાનુભાઈ ધીરુભાઈ સાથે સવારે પહોંચ્યા. પ્રથમ મોટાસ્વામીને વાત કરી. ત્યારે તેઓ ઉગ્ર થઈને બોલ્યા : 'અલ્યા, કોઈ બીજો ધંધો છે કે નહીં ? સાઇકલ ઉપર શું દાટ્યું છે ?' એવામાં સ્વામીશ્રી આવી ગયા એટલે કહે : 'સ્વામી ! આને ના કહો. સાઇકલ ઉપર પ્રવાસે જાય નહીં.'

પરંતુ સ્વામીશ્રીએ હસતાં-હસતાં ઠાકોરજીની પ્રસાદીનો તાજો હાર ઉતારીને નાનુભાઈને પહેરાવ્યો, કપાળમાં ચાંદલો કર્યો અને મોટાસ્વામી પાસે પણ ચાંદલો કરાવ્યો. પછી મોટાસ્વામીને કહે : 'પહેલાં લોકો પગપાળા જાત્રા કરતા. આ બધા સાઇકલ ઉપર જાય છે. દાખડો તો એક જ છે !' એમ કહીને આશીર્વાદના ધબ્બા આપી બોલ્યા : 'જાવ, તમારી જાત્રા સફળ થશે.'

પછી પ્રસાદ આપ્યો અને પૂછ્યું : 'ક્યારે નીકળવાના છો !'

'બાપા ! આવતીકાલે નીકળવાનું નક્કી કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'સવારે અટલાદરા ઠાકોરજીનાં દર્શન કરી, પ્રસાદ લઈને જજો.'

'બાપા ! વહેલું ૪-૦૦ વાગે જવાનું રાખ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'તો વહેલી સવારે ૪-૦૦ વાગે રસોઈ કરી દઈશું, પણ તમે પ્રસાદ લઈને જજો.'

બીજે દિવસે વહેલી સવારે ૪-૦૦ વાગે સ્વામીશ્રીએ જાતે જ સૌને પીરસીને જમાડ્યા તેમજ પાંચ શેર પ્રસાદીનો મગસ રસ્તામાં નાસ્તા માટે બાંધી આપ્યો. વહેલી સવારે મંગળા આરતીમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરીને તેમણે સાઇકલ પ્રવાસ શરૂ કર્યો. સ્વામીશ્રીએ ધુળિયા સુધી હરિભક્તોને આ બધા સાઇકલ પ્રવાસીઓને બધી સગવડ આપવા માટેના પત્રો પણ લખી દીધા.

આ અરસામાં નાથાલાલ યોગીનાએ વડોદરામાં સ્વામીશ્રીનો ફોટો છાપવા માટે, પ્રથમ મોટો બ્લોક તૈયાર કરાવ્યો હતો. તેના કાગળ લેવા માટે લીંબાસીના ધૂળાભાઈ પટેલની દુકાને ગયા અને સ્વામીશ્રીનો ફોટો છાપવા માટે કાગળની પૂછપરછ કરી. તેઓ લીંબાસીના હોવાથી સ્વામીશ્રીથી પરિચિત હતા. તેમના કાકાના દીકરા વિઠ્ઠલભાઈએ શાસ્ત્રીજી મહારાજ પાસે વર્તમાન ધરાવેલાં હતાં, પરંતુ ધૂળાભાઈને કુસંગીના સંગથી સ્વામીશ્રીનો અભાવ હતો.

નાથાલાલને તેઓ પૂછવા લાગ્યા કે 'સાધુનો ફોટો શા માટે છપાવો છો ?' એમ ઘણી ચર્ચા કરી. આ વાત કરતાં તેમને હાંફ ચઢતો હતો. નાથાલાલે તેમને ઘણા દાખલા, દૃષ્ટાંતો આપીને સ્વામીશ્રીનો મહિમા કહ્યો. 'ટી.બી. અને દમ જેવા ભયંકર રોગ કેવળ આશીર્વાદથી તત્કાળ મટાડે છે,' એવી વાત કરી અને ધૂળાભાઈને કહ્યું : 'તમે ઘણા ડૉક્ટરોની દવા કરી હશે, પણ આ એક ડૉક્ટર બાકી છે એમને મળો, દર્શન કરો ને આશીર્વાદ લ્યો, તમારું કામ થઈ જશે.'

આ વાત ચારેક દિવસથી તેમના મનમાં રમતી હતી. એવામાં જાણ થઈ કે સ્વામીશ્રી અટલાદરા બિરાજે છે. તેથી તેઓ સાંજે નાથાલાલ યોગીના સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને ઓળખાણ આપી ત્યારે બહુ રાજી થઈને થાપો મારતાં કહ્યું : 'અમે તો પ્રથમથી જ ઓળખીએ છીએ. આ તો લીંબાસીવાળા વિઠ્ઠલભાઈના ભાઈ !' એ પ્રમાણે કહેતાં તેમનો રોગ મટી જાય એવા આશીર્વાદ આપ્યા. ધૂળાભાઈને એ સ્પર્શમાં પોતાના રોગનો જ નહીં, અંતરના પ્રશ્નોનો ઉકેલ પણ મળી ગયો હોય તેમ શાંતિનો અનુભવ થયો. રોગ મટ્યો અને તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી બન્યા.

મંદિરમાં જમાડી જીવતરની ભૂખ ભાંગી

શ્રાવણ માસમાં પારાયણ પ્રસંગે, અમદાવાદમાં કોયલીના પુરુષોત્તમભાઈ સેનિટરી ઇન્સ્પેક્ટરનો કોર્સ કરવા માટે મંદિરમાં રહી અભ્યાસ કરતા હતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શને ગયા ત્યારે સ્વામીશ્રીએ તેમનું નામ તેમજ અન્ય વિગતો પૂછી. જેસીંગપુરાના ઈશ્વરભાઈના પુત્ર જાણી સ્વામીશ્રી રાજી થયા અને બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજના વખતમાં અમે ત્યાં ઘણી વખત આવેલા.'

પછી અભ્યાસ અને જમવા અંગે પૂછ્યું. પુરુષોત્તમભાઈએ કહ્યું : 'બાપા ! સર્વોદય લોજમાં જમું છું.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે છીએ ત્યાં સુધી તમારે અહીં જ જમવું.'

પરંતુ તેમને કોઠારી બબુભાઈનો ડર હતો. તે ઘણા કડક હતા. વળી, એ દિવસો રેશનીંગના હતા. તેથી, તેઓ જો કોઈ સ્થાનિક હરિભક્તને જોઈ જાય તો તરત જ ટોકતા અને કહેતા : 'બે રૂપિયા મારી પાસેથી લઈ જાઓ. લોજમાં જમો, પણ અહીં ન જમશો.'

પછી સ્વામીશ્રીએ બબુભાઈને પ્રસાદી આપી પુરુષોત્તમભાઈ વિશે ભલામણ કરી. બબુભાઈ પણ આ વાતમાં રાજી થકા સંમત થયા અને પુરુષોત્તમભાઈને લોજમાં જમવાનું બંધ રહ્યું.

તેમને થયું કે સ્વામીશ્રીના અલૌકિક પ્રેમનું વર્ણન થઈ શકે તેમ નથી. જગતનો પ્રેમ સાપેક્ષ અને સ્વાર્થ પર નિર્ભર હોય છે. નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ તો આવા સત્પુરુષ જ આપી શકે છે.

ભાદરવા સુદ ત્રીજ, સવારે લગભગ ૨૦૦ જેટલા હરિભક્તો સાથે સ્વામીશ્રી ભજન-કીર્તન કરતાં કરતાં નારાયણ ઘાટના પ્રસાદી સ્થાને પધાર્યા. સ્નાન કરી, મંદિરમાં દર્શન કર્યાં.

તા. ૨૩-૮-'૫૨, સવારે પ્રમુખસ્વામી, મોટાસ્વામી, શેઠ ભોગીલાલ, વસંતરાય પંડ્યા, મગનભાઈ, હકાભાઈ વગેરે સાથે સ્વામીશ્રી ધ.ધુ. આચાર્ય મહારાજ દેવેન્દ્રપ્રસાદજી મહારાજના બંગલે પધાર્યા. મહારાજ ચોકમાં ખુરશી ઉપર બેઠા હતા. સૌએ દંડવત્-પ્રણામ કરી, ફૂલહાર કર્યા. સ્વામીશ્રી થોડી વાતો બોલ્યા. મોટાસ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનું આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે અમદાવાદમાં સ્વાગત કર્યું તે વાત કરી. આચાર્ય મહારાજ યાત્રા કરીને આવ્યા હતા. તેની ફળશ્રુતિ વર્ણવી. હકાભાઈ ખાચરે અભિનંદન આપ્યા. સત્સંગની અભિવૃદ્ધિ થાય એવી શુભેચ્છા આચાર્ય મહારાજે પાઠવી. પછી મંદિરે આવ્યા.

અહીંથી ડભોઉ, બોચાસણ, નેનપુર થઈ ફરી અમદાવાદ આવી પહોંચ્યા. શુક્રવાર, તા. ૨૯-૮-'૫૨, રાત્રે સોમનાથ મેલમાં સારંગપુર પધાર્યા. જળ-ઝીલણીનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. સાંજે શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાનમાં સભા થઈ હતી. મોજીદડ બાળમંડળે રાસનો કાર્યક્રમ આપ્યો. બાળકોના નિર્દોષભાવથી સ્વામીશ્રી રાજી થયા અને શિક્ષકોને અભિનંદન આપ્યા.

સ્થિતપ્રજ્ઞનો બ્રહ્માનંદ

દરેડ દરબાર મહીપતસિંહજીની વિનંતીથી ભાદરવા સુદ પૂનમ,

સ્વામીશ્રી દરેડ પધાર્યા. બંને કુમારોએ સારી સેવા કરી. વાડીમાં પધરામણી કરી. પછી નવાગામમાં શેઠ કેશવલાલ, ગઢડામાં દરબાર દાદાભાઈ વગેરેને લાભ આપી, મંદિરે દર્શન બાદ આરામ કર્યો.

અહીંના કોઠારી હરિજીવનદાસને સ્વામીશ્રી તરફથી થોડો અસંતોષ રહ્યા કરતો. તેમને લાગતું કે 'જોગી'ને વહેવાર ચલાવતાં જ આવડતું નથી. તેથી તેમનાથી સ્વામીશ્રીને ન બોલવાના શબ્દો પણ અવારનવાર બોલાઈ જતા.

આ વખતે પણ તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'જોગી ! તમે જ બધો વહેવાર બગાડો છો, કોઈને કાંઈ કહેતા નથી. બધા મનફાવે તેમ કરે છે. તમને ન આવડતું હોય તો...'

સ્વામીશ્રી એકદમ હાથ જોડી નિર્દોષભાવે બોલ્યા : 'તમે સાચું કહો છો. હું તો કોઈને કહી ન શકું. તમનેય ન કહી શકું, બીજાનેય ન કહી શકું. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિએ બધું ચાલે છે. તમે પ્રાર્થના કરો અને આશીર્વાદ આપો. હું પણ પ્રાર્થના કરું...'

આ નિર્દોષ વાત સાંભળી કોઠારી હસી પડ્યા. સ્વામીશ્રી પણ હસી પડ્યા અને બધી વાત ઊડી ગઈ. સ્વામીશ્રીના મોં પર કોઈએ વખાણ કર્યા હોય ને જેવો રાજીપો અને હાસ્ય હોય તેવી પ્રસન્નતા છલકાતી હતી.

ત્યાં ઊભેલા વિનુભાઈ તો જોઈ જ રહ્યા કે ઠપકો ખમીને આટલી સહજતાથી હસી પડવું એ ખરેખર કોઈ સ્થિતિ છે કે પછી આભાસ ? આદર્શ જ છે કે પછી વાસ્તવિકતા ? તેમણે ઘણી વખત જોયું હતું કે ગમે તેવા સિદ્ધનો પણ સ્વભાવ ઝળકી ઊઠે એવી સ્થિતિમાં સ્વામીશ્રી સ્થિતપ્રજ્ઞ રહી બ્રહ્માનંદી મસ્તીમાં રહેતા, કારણ કે તેમને સ્વભાવ ઝળકી ઊઠવાનો જ ભય નહોતો. સ્વભાવ હોય ત્યારે ભય હોય ને ?!

મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય

ભાદરવા વદ ૪, શાસ્ત્રીજી મહારાજની તિથિ નિમિત્તે સારંગપુરમાં ઉત્સવ થયો. ત્યાંથી મોજીદડમાં પારાયણ કરી વાગડ, કંથારિયા, લીંબડી, ખારવા થઈ વઢવાણ પધાર્યા.

અહીં ચંદુભાઈના ઘરે ઉતારો હતો. દસ સંતો તથા દાજી બાપુ વગેરેને સાથે લઈ સ્વામીશ્રી સ્વામિનારાયણના મંદિરે દર્શન કરવા પધાર્યા. પછી પધરામણી માટે ખાંડી પોળના દરવાજે નીકળ્યા. પરંતુ ત્યાં તો નદીએથી પાણી

ભરીને આવતી-જતી સ્ત્રીઓની ખૂબ અવરજવર હતી. ચંદુભાઈ તથા દાજી બાપુ આગળ હતા. સ્વામીશ્રીએ દાજીબાપુને કહ્યું : 'બૈરાંને કાઢો.'

દાજી બાપુ બોલ્યા વગર ચાલ્યા જતા હતા. તેથી સ્વામીશ્રીએ ફરી કહ્યું. દાજી બાપુએ ફરી સાંભળ્યું - ન સાંભળ્યું કર્યું. આમ, બે-ત્રણ વખત થયું. પછી સ્વામીશ્રીએ જરા ભારપૂર્વક કહ્યું. ત્યારે દાજી બાપુ આકળા થઈ ગયા ને બોલ્યા : 'શું મારે ઘરે કાંઈ દીવાની-ફોજદારી છે ? તે સત્તાથી હું બૈરાંને કાઢું ?'

સ્વામીશ્રી મૌન બની ગયા ! અને માળા લઈ જમણો હાથ ઊંચો કરી ફેરવવા લાગ્યા. જેમાં સ્વામીશ્રીના સંકલ્પની તાકાત વહેતી હતી. જોતજોતામાં તો આખો રસ્તો સ્ત્રીઓની અવરજવર વગરનો થઈ ગયો ! સ્વામીશ્રીએ જાણે સૌની વૃત્તિ ફેરવી નાખી અને નિયમ સાચવ્યો. આ સમયે ને આ રસ્તે સ્ત્રીઓ ન હોય તે બને જ નહીં, પણ આજે કંઈક જુદું જ કૌતુક જોઈ આશ્ચર્ય સાથે સૌ સ્વામીશ્રીનો મહિમા વિચારવા લાગ્યા.

અહીંથી રાજકોટ થઈ ગોંડલ પધાર્યા. સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે એક દિવસ બંધિયા પધાર્યા. રામાનંદ સ્વામીનાં પ્રસાદી સ્થાનોનાં દર્શન સૌને કરાવ્યાં હતાં.

✧

આ વખતે શરદ પૂનમના સમૈયામા ગોંડલ આવવા ગઢડાથી હરિજીવનદાસ સ્વામી હરિભક્તો સાથે નીકળ્યા. પ્રમુખસ્વામી, મગનભાઈ સેક્રેટરી, હકાભાઈ વગેરે ટેક્સીમાં નીકળ્યા અને હરિજીવનદાસ કેરિયરમાં આવવા નીકળ્યા. ત્યાં રસ્તામાં ભયંકર અકસ્માત થયો અને કેરિયર ઊંધું પડ્યું. હરિજીવનદાસ સ્વામીના હાથનો અંગૂઠો જુદો થઈ ગયો અને ઘણું જ વાગ્યું. પ્રભુચરણ સ્વામી અને ગઢડાના વૈદ્ય પ્રાણલાલ તો એ જ સ્થળે અક્ષરનિવાસી થયા. પાછળ પોલીસની જીપ આવતી હતી. તેમણે સૌને પ્રાથમિક સારવાર અર્થે બીજું વાહન રોકીને ભાવનગર પહોંચાડ્યા.

આ બાજુ જસદણમાં પ્રમુખસ્વામી કેરિયરની રાહ જોઈ રહ્યા. ભગવાં કપડાં જોઈને પોલીસ જીપમાંથી એક પોલીસે આવીને અકસ્માતના સર્વે સમાચાર આપ્યા, તેથી પ્રમુખસ્વામી વગેરે સૌ ઘટના સ્થળે પહોંચી ગયા.

સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા તેથી દિલગીર થયા. તેમને તરત જ હરિજીવનદાસ સ્વામીને મળવા જવું હતું, પરંતુ શરદોત્સવ આવી ગયો હતો.

શરદોત્સવ સભામાં ખેંગારજીભાઈ, મગનભાઈ, મોહનભાઈ અજાગિયા,

ચંદુભાઈ વિદ્યાધિકારી, ગોવિંદસિંહજી ચુડાસમા વગેરે ભક્તોનાં પ્રવચનો થયાં. મોટાસ્વામીએ વાતો કરી. અંતમાં, સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. પાંચ આરતીઓ થઈ. દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. આફ્રિકામાં મોમ્બાસામાં મંદિર જલદી થઈ જાય, એ નિમિત્તે અક્ષર દેરીમાં સ્વામીશ્રીએ બ્રાહ્મણ પાસે વિધિપૂર્વક સંકલ્પ કરાવી ધૂન-પ્રાર્થના કર્યાં. જે આશીર્વાદથી મોમ્બાસામાં નિર્માણ થઈ રહેલા મંદિરના કાર્યને ઘણો વેગ મળ્યો.

આ પછી સ્વામીશ્રી કોઠારી હરિજીવનદાસને મળવા માટે ખાસ ભાવનગર હૉસ્પિટલમાં પધાર્યા. કોઠારીને ઘણી જ શાંતિ થઈ. સ્વામીશ્રીએ તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. ધીરજ બંધાવી. થોડી વાર ધૂન કરી. પછી તેમની રજા લઈ અન્નકૂટનો ઉત્સવ ઊજવવા ફરી ગોંડલ આવ્યા.

✧

આ સમૈયામાં રોહીશાળાના કાનજીભાઈ જસમતભાઈ પટેલ તથા દેવરાજભાઈ પણ આવ્યા હતા.

કાનજીભાઈ આમ તો ગઢડાના ગોપીનાથજી મંદિરના ટેમ્પલ કમિટીના સભ્ય. વળી, રાજકારણમાં પણ આગળ પડતા. વિચક્ષણ અને મુત્સદ્દી આગેવાન તરીકે આખું ગામ એમની આમન્યા રાખે. તેમના જમાઈ દેવરાજભાઈને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા તે તેમને રુચતું નહિ. તેથી તેમની સાથેનો વ્યવહાર પણ તેમણે નહીંવત્ કરી દીધો. આ પછી રાજકારણને કારણે અંગત નિષ્ફળતા તથા અન્ય પ્રસંગો બનતા તેમને ખૂબ અશાંતિ ઊભી થઈ. રાત-દિવસ મૂંઝવણ અને તમોગુણમાં પસાર થવા લાગ્યા. ક્યાંય ચેન ન પડ્યું એટલે ગઢડા જઈ ગોપીનાથજીની મૂર્તિ સામે એક પગે ઊભા રહીને દિવસો સુધી માળા ફેરવી, પણ મનની પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડ્યો.

યોગાનુયોગ દેવરાજભાઈને રોહીશાળા જવાનું થયું અને કાનજીભાઈની ઉદાસીની વાત સાંભળી. તેમણે પણ કોઈ જ પૂર્વગ્રહ વગર પોતાની અશાંતિની વાત દેવરાજભાઈને કરી. આટલી ખિન્નતા જોઈ દેવરાજભાઈએ કહ્યું : 'આપને ખોટું ન લાગે તો એક સૂચન છે. શરદ પૂનમના સમૈયે ગોંડલ જઈ યોગીબાપાને વાત કરો, દર્શન કરી આશીર્વાદ લો તો ક્ષણભરમાં શાંતિ થઈ જશે. આ મારો જ નહીં, બીજા કેટલાયનો અનુભવ છે.'

ડૂબતો માણસ તરણું પણ પકડે એમ કાનજીભાઈએ તૈયારી બતાવી. સ્વામીશ્રીની અલગારી સાધુ-પ્રતિભાનાં દર્શન થયાં. ગુણાતીત સંતના સાંનિધ્યની

તેમને અનુભૂતિ થઈ. સ્વામીશ્રીની પારદર્શક નિર્મળતાએ તેમને વિચારોની શુદ્ધિ અને મનની શાંતિ આપી. કાનજીભાઈ બ્રહ્મસુખમાં ગરકાવ થઈ ગયા.

સાંજે જ્યારે દેવરાજભાઈએ પૂછ્યું કે 'હવે કેમ વર્તે છે ?' ત્યારે કાનજીભાઈ એક શ્વાસે બોલી ગયા : 'શાંતિ, શાંતિ, શાંતિ... મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે તેની મને પ્રતીતિ થઈ. આવતીકાલે સવારે મારે સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવાં છે. જો સ્વામીનાં દર્શન પહેલાં હું ધામમાં ગયો હોત, તો આવા સંત સાથે દ્વેષ રાખવાથી ધક્કો મારીને શ્રીજીમહારાજ મને ધામમાંથી પાછો જ કાઢત. તમે મારી ઉપર ઉપકાર કર્યો છે કે આવા સંતના જોગમાં લઈ આવ્યા...'

દેવરાજભાઈએ વર્તમાન ધરાવવા સાથે મુશ્કેલી પડશે અને દુઃખ પણ આવશે એમ કહી વાત કરી : 'જો તમે અહીં વર્તમાન ધરાવશો તો ગઢડા ટેમ્પલ કમિટીમાંથી રાજીનામું આપવું પડશે, કારણ કે તેની તમારા ઉપર ફરજ પાડવામાં આવશે.'

'તો રાજીનામું આપીશ.' કાનજીભાઈએ ખુમારીથી કહ્યું. સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદથી જે શાંતિ મળી હતી તેનો તેમને કેફ હતો. 'હું એ સભ્યપદ છોડીશ, પણ મને નંદ-પંક્તિના પરમહંસ દશાવાળા યોગીજી મહારાજ મળ્યા છે તેને ક્યારેય નહીં છોડું.'

દેવરાજભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. તેમને માન્યામાં નહોતું આવતું કે આ વ્યક્તિમાં આટલું જલદી અને આટલું ઊંડું પરિવર્તન !

તેમણે સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં અને ગામમાં સત્સંગ મંડળને પણ ખૂબ મોટો સધિયારો મળી ગયો. પાંચમાં પુછાય તેવા કાનજીભાઈને ગુણાતીત જ્ઞાન સમજાયું, તેથી ઘણાંને તેમની માન્યતામાં વિશ્વાસ આવ્યો. અને ઘણાં કુટુંબો સત્સંગ તરફ વળી ગયાં.

ભક્તરાજ મગનભાઈ

આ જ અરસામાં, આફ્રિકામાં ભક્તરાજ મગનભાઈના અક્ષરનિવાસથી સમગ્ર સત્સંગ-સમાજમાં તેમજ વિશેષે કરીને આફ્રિકામાં શોકની લાગણી પ્રવર્તી. સ્વામીશ્રીએ ૭૦ શબ્દોનો લાંબો તાર પાઠવ્યો હતો તેમજ પત્રો લખી આશ્વાસન તથા આશીર્વાદ આપ્યા હતા.

સંવત ૧૯૮૮માં, એટલે આજથી વીસેક વર્ષ પહેલાં એમને હરમાનભાઈ થકી સત્સંગનો યોગ થયો હતો. 'વચનામૃત', 'સ્વામીની વાતો' આદિ ગ્રંથોનો

અભ્યાસ કર્યો. ભાગવત આદિ સત્‌શાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. નિર્ગુણ સ્વામીના પત્રોથી શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા સમજાતાં અને શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડતાં તેમને માહાત્મ્ય સહિત ભક્તિ અને જ્ઞાનની સરવાણી ફૂટી નીકળી. અનેક જીવોને શાસ્ત્રીજી મહારાજનો માહાત્મ્યે સહિત નિશ્ચય કરાવ્યો. કેટલાકને સત્સંગનો રાહ બતાવી ધર્મ, સદાચાર, અહિંસા અને બ્રહ્મચર્યના મહાન ગુણોનો આદર્શ આપી અતિ ચારિત્ર્યવાન જીવન અર્પ્યું. કેટલાકને મદ્યપાન અને દુર્વ્યસનોમાંથી તાર્યા. કેટલાકને તો પોતે અનુભવેલ દિવ્યાનંદનાં અમૃતપાન કરાવ્યાં. પૂર્વ આફ્રિકામાં શાસ્ત્રીજી મહારાજના ફક્ત સંકલ્પ-બળથી જ ભક્તરાજ મગનભાઈ દ્વારા અક્ષરપુરુષોત્તમની ઉપાસના, પક્ષ, સદ્‌ભાવ અને આજ્ઞારૂપી ગુણાતીત બાગ થોડા વખતમાં જ ખૂબ ખીલ્યો.

એકાએક સંવત ૨૦૦૮, ભાદરવા વદ ૫, સોમવાર, તા. ૮-૯-'૫૨. સવારે બ્રાહ્મમુહૂર્તમાં ટરોરોમાં મગનભાઈએ દેહત્યાગ કર્યો. આથી, આફ્રિકામાં હરિભક્તોને બહુ જ મોટી ખોટ પડી.

તેઓ કહેતા : 'જ્યારે બળદ, ગાય, ભેંસ, બકરાના અવતાર થયા હશે, ત્યારે ઘણી વાર વેચાયા હોઈશું. તો આ મનુષ્ય દેહે કદાપિ શાસ્ત્રીજી મહારાજનું વચન જે, 'ગઢપુર મંદિર પૂર્ણ કરો,' તે પાળતાં વેચાવું પડે તોપણ શું ? આ દેહ ભગવાન પરાયણ કરી દેવું એ જ સૌનું જીવનધ્યેય હોય. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : 'ફેરો ફાવ્યો આ વાર...' એ ન્યાયે આ જ અવતારે, આ અલભ્ય લાભ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા પરમ ભાગવત સંતના પ્રસંગથી મળ્યો છે.'

સત્સંગીઓ તરફનો તેમનો ભાવ, પ્રેમ, લાગણી અવર્ણનીય હતાં. સત્સંગીના દુઃખે દુઃખી થતા અને તેને ટાળવા ઉપાય કરતા. માળાઓ ફેરવતા અને શ્રીજીમહારાજની કૃપાથી તેમને દુઃખ કે રોગમુક્ત કરી સુખિયા કરતા.

મગનભાઈ છેલ્લે છેલ્લે ખાસ ભારપૂર્વક હરિભક્તોને કહેતા કે મોમ્બાસા મંદિરનું કામ સમગ્ર આફ્રિકા મંડળે પૂરું કરવાનું છે તેમજ યોગીજી મહારાજ આફ્રિકા પધારે ત્યારે દરેક હરિભક્તે તન, મન, ધનથી સેવા કરી રાજી કરી લેવા. આ આદેશો અને યોગીજી મહારાજના આશ્વાસન સાથેના આશીર્વાદથી હરિભક્તોએ સત્સંગ-પ્રવૃત્તિનો વેગ ચાલુ રાખ્યો.

સ્વામીશ્રીની આજ્ઞાથી મગનભાઈના અક્ષરવાસ નિમિત્તે ગોંડલમાં પારાયણનું આયોજન થયું. શરદ પૂનમને દિવસે પૂર્ણાહુતિ થઈ. આ પ્રસંગે

સ્વામીશ્રીએ ભક્તરાજ મગનભાઈની અનેક સ્મૃતિ કરાવી. ખાસ તો એમનું કથાવાર્તાનું અંગ સંભાર્યું કે તેમને શાસ્ત્રીજી મહારાજનો જ્યારથી મહિમા સમજાયો કે આ ભગવાનના અખંડ ધારક ગુણાતીત સંત છે, તે પછી એ વાત અનેક મુમુક્ષુઓને કેમ દૃઢ થાય તે માટે જ રાત-દિવસ તેઓ પ્રયત્નશીલ રહેતા.

ગામેગામ સમૈયા-ઉત્સવો યોજતા. મહિનામાં એક સમૈયો કંપાલા, જિન્જા, ટરોરો કે આજુબાજુનાં ગામોમાં હોય જ. તેમને કથાવાર્તાનો ખૂબ ઈશક. તેથી બપોરે કથા શરૂ કરે, તે બીજે દિવસે વહેલી સવારે સમાપ્તિ થાય. મહિમાની વાતો કરવામાં તેમનો ઉત્સાહ હંમેશાં નવો ને નવો રહેતો. સવારે સૌને સ્નાનાદિકથી પરવારવા માટે છૂટા કરતા. કથા દરમ્યાન એવા સાવધ રહેતા કે આંખનું મટકું પણ મારતા નહીં. કથામાં બેઠેલા ભક્તોને પણ ખબડદાર રાખતા. આવા કથાવાર્તાના અખાડાથી, અસંખ્ય પ્રસંગોથી સૌને અકલ્પ્ય પોષણ મળ્યું. સ્ટેશન માસ્તરની નોકરી દરમ્યાન સ્ટેશન ઉપર ટ્રેનના બે-ત્રણ સમયના આવાગમન સિવાય બીજું કામ ન હોય ત્યારે બીજાં રેલવે સ્ટેશનો ઉપર નોકરી કરતા ભક્તો સાથે કલાકો સુધી તાર દ્વારા સત્સંગની વાતો કરતા, અને સૌને ભગવાન ને સંતનો મહિમા તથા પ્રાપ્તિનું અનુસંધાન આપતા. આવી એમની ધગશ હતી.

નિદ્રાજિત

આ વખતે અર્જુનભાઈ સ્વામીશ્રીના આગ્રહથી બે-ત્રણ દિવસ રોકાયા પછી જવા માટે રજા લીધી. રાત્રે કથાવાર્તા, નિયમ-ચેષ્ટામાં જ ૧૨-૦૦ વાગી ગયા.

અર્જુનભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'મારે વહેલી સવારે ૪-૦૦ વાગ્યાની ટ્રેનમાં જવું પડે તેમ છે. મને કોણ જગાડશે ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હું તમને બરાબર ૩-૦૦ વાગે જગાડીશ. માટે ચિંતા ન કરશો.'

બરાબર રાત્રે ૩-૦૦ વાગે સ્વામીશ્રીએ તેમને જગાડ્યા અને દાતણ આપ્યું. તેઓ દિશાએ જઈ આવ્યા, એટલે ગરમ પાણી ચોકડીમાં મૂકી દીધું. અને સ્નાન-પૂજા કરીને તૈયાર થયા ત્યાં સ્વામીશ્રીએ ચા તૈયાર કરી દીધી. તે પાઈ, દેરીમાં દર્શન કરાવી, સાથે પ્રસાદી તેમજ નાસ્તો બાંધી દીધા. પછી મંદિરમાંથી એક સેવકને સ્ટેશન પર સાથે મોકલ્યા.

સ્વામીશ્રીની આવી સરભરાથી અર્જુનકાકાનું હૃદય ભરાઈ આવ્યું. તેમની

આંખોમાંથી કૃતજ્ઞતા અને જોગીનાં ઋણ અશ્રુબિંદુ બનીને સરી પડ્યાં !

તેમણે વિચાર્યું : સ્વામીએ મને જગાડ્યો ત્યારે તો પોતે પૂજા પણ કરી લીધી હતી. શું આ પુરુષ નિદ્રાજિત છે કે પછી મારા જેવા માટે તેમણે ઉજાગરો કર્યો ? તેમને સ્વામીશ્રીની સુષુપ્તિથી પરની ભૂમિકાનાં દર્શનથી અત્યંત અહોભાવ થયો.

અહીં કથામાં એક સમયે સ્વામીશ્રીએ સનાતન સ્વામીને ત્રીજા પ્રકરણની સ્વામીની વાતો મોઢે બોલાવી. એક વાતમાં થોડી ભૂલ પડી. ત્યારે સ્વામીશ્રી બોલવા લાગ્યા કે 'શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી કે અક્ષર સ્વામી વાતો કરતા હોય ત્યારે હાથમાં માળા લઈને હું મહારાજનું ધ્યાન ધરતો હોઉં, પણ બીજાને શું લાગે કે યોગી ઊંઘે છે. પણ કહે : 'વાતો બોલો.' તો ધાણી ફૂટે તેમ કડકડાટ વાતો બોલવા માંડું.' એમ પોતાના અંગની વાત કરી.

એકાંતની વાતો

એક દિવસ સવારે ૧૦-૩૦ વાગે વિનુભાઈનો હાથ પકડી કહે : 'હાલો, લીંબુની વાડીમાં.' પછી ત્યાં જઈ એક ઝાડ નીચે પોતાનું ગાતરિયું પાથરી સ્વામીશ્રી કહે : 'વિનુભાઈ ! લીંબુનાં ઝાડ હલાવો.' તેમણે હલાવ્યું અને પાકાં લીંબુ નીચે પડ્યાં. તે સ્વામીશ્રી અને વિનુભાઈ વીણવા લાગ્યા.

પછી ગાતરિયામાં બધાં લીંબુ ભરી, પોટલાની જેમ બાંધી, સ્વામીશ્રી ખભે ચડાવી ચાલવા લાગ્યા. વિનુભાઈએ કહ્યું : 'લાવો સ્વામી ! લઈ લઉં.' પણ સ્વામીશ્રીએ ના પાડી અને જાતે જ ઊંચક્યું. વળી, ડાબા હાથે વિનુભાઈનો હાથ પકડ્યો. પછી ચાલતાં ચાલતાં કહે : 'યુવકોને કહેવું કે બ્રહ્મચર્ય પાળવું, તો શ્રીજી-મહારાજ રાજી થાય. ભગતજી મહારાજ, જાગા સ્વામી રાજી થાય; શાસ્ત્રીજી મહારાજ રાજી થાય; સત્પુરુષ રાજી થાય. મોટા મોટા સંતો બધા ખૂબ રાજી થાય.'

સ્વામીશ્રીના હૃદયની વાતો આવી એકાંત ક્ષણોમાં ખૂબ સહજતાથી વહેતી.

અન્નકૂટ ઉત્સવ બાદ સ્વામીશ્રી ગુજરાત તરફ પધાર્યા. તા. ૮-૧૧-'૫૨, સ્વામીશ્રીએ ભાદરણ વગેરે ગામો ફરી પાળજ ગામ પાવન કર્યું. પાળજમાં ઝવેરભાઈ તળશીભાઈ પટેલ શાસ્ત્રીજી મહારાજના હેતવાળા અને નિષ્ઠાવાન હરિભક્ત હતા. સ્વામીશ્રી કારતક માસમાં પૂનમ પછી ધર્માદો ઉઘરાવવા ગાડામાં અહીં આવતા.

આ વખતે ઝવેરભાઈ પટેલ ગામની ભાગોળે બેઠા હતા. તેમને મનમાં

થતું કે 'શાસ્ત્રીજી મહારાજ તે શાસ્ત્રીજી મહારાજ ! બીજા ભલે મોટા કહેવાતા હોય પણ એમની તોલે ન આવે.'

ગાડું નજીક આવ્યું. તેમણે જોયું તો શાસ્ત્રીજી મહારાજ ગાડામાં બેઠેલા ! તેઓ એકદમ ઊભા થઈને દંડવત્ કરવા લાગ્યા. પછી યોગીજી મહારાજને જોયા ત્યારે સમજાયું કે યોગીજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ એક જ છે. એમાં કોઈ ફેર નથી. તેમને શાસ્ત્રીજી મહારાજના અંતિમ શબ્દો યાદ આવ્યા. મનમાંથી શંકા દૂર થઈ ગઈ. પૂર્વવત્ સ્વામીશ્રીની સેવા કરવા લાગ્યા.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્ !

વસોના દરબાર ગોપાળદાસ ૧૯૫૧માં અવસાન પામ્યા. તેમનાં પત્ની ભક્તિબાને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ ભાવ હતો. પણ પુત્ર મહેન્દ્રભાઈને ધર્મ, ભક્તિ, ઈશ્વર વગેરે બાબતમાં આસ્થા નહીં. તેમને એમ કે ઈશ્વર હોય તો ભલે રહ્યા, આપણી આડે ક્યાં આવે છે ? અને ન હોય તો કાંઈ નહીં, આપણે ક્યાં કાચું ખાઈએ છીએ ?

જો કે ઘરના ધર્મ-સંસ્કારોને કારણે, બાળપણથી માતા-પિતા તરફથી દસ માળા ફેરવીને જ જમાય – આ નિયમ તેમણે પાળેલો, તે પણ ગૌમુખીમાં હાથ નાખી આંગળાં હલાવવા સુધી જ ! આવા નાસ્તિક માનસવાળા યુવાને ૧૯૫૦માં રાજકોટમાં સ્વામીશ્રીનાં પોતાના ઘરે દર્શન કર્યાં હતાં. ત્યારે પણ, આદર-સત્કારને બદલે છટકી જવાનું તેમને યોગ્ય લાગેલું અને તેમણે ભક્તિબાને કહેલું : 'બા ! ભારતભરમાં આવા બાવીસ લાખ બાવાઓ છે. કેટલાકની પૂજા કરશો ?'

પરંતુ પિતાશ્રી અક્ષરનિવાસી થયા પછી જવાબદારી પોતાને માથે આવી. ભક્તિબાએ એક વાર કહ્યું : 'આ જાન્યુઆરીમાં બાપા આપણા ઘરે વસો આવે છે. તે સત્કારમાં ખડે પગે ઊભો રહેજે.'

મહેન્દ્રભાઈ મૌન રહ્યા. ઘરમાં બે જ પુરુષો હતા. પોતે અને શાળામાં ભણતો ભત્રીજો. સ્વામીશ્રીને આવવાનો દિવસ આવી ગયો. ભક્તિબા મૂંઝાતાં હતાં કે સ્વામીશ્રીને સત્કારવા શી રીતે ? છેવટે મહેન્દ્રભાઈએ કહ્યું : 'બા ! તમે મૂંઝાવ નહીં. હું સત્કારીશ.' પછી કહે : 'તમને રાજી રાખવા !' તેમનો ઈશારો એ તરફ હતો કે પોતાને તો સંતો પ્રત્યે નફરત જ છે !

સ્વામીશ્રી અને સંતમંડળ વસો આવ્યું. મહેન્દ્રભાઈએ સ્વામીશ્રીને

સત્કાર્યા. કોઈ જ વિશેષ વાતો નહીં. થોડો આંખોનો સંવાદ. મહેન્દ્રભાઈને લાગ્યું કે મારા અંતરનો મેલ આ નિર્મળતાથી ધોવાવા લાગ્યો છે ! તેઓ પ્રથમ દર્શને એ રીતે ઘાયલ થયા કે પોતે ઘવાયા છે તેની મોડી મોડી જાણ થઈ. એમને સમજાયું : 'गुरोस्तु मौनं व्याख्यानम्।'

સ્વામીશ્રીના શરણે રહી તેમણે સત્સંગની ઘણી સેવાઓ કરી. તેઓ કહેતા : 'સ્વામીશ્રીએ મને અપહૃત કર્યો છે એમ કહેવું યોગ્ય ન ગણાય. તેથી સુહૃત શબ્દ બંધબેસતો હોય તો જરૂર વાપરી શકાય. આ 'હરણ' થયાનું મને ઘણું મોડું સમજાયું હતું !'

સ્વામીશ્રીના વ્યક્તિત્વમાં ભગવદ્ભાવની એવી ફોરમ હતી કે નાસ્તિકતાની દુર્ગંધને યોજનો દૂર હડસેલી મૂકે.

આમ, ચરોતરમાં લગભગ ૩૦ ગામો ફરી, ગઢપુરની સેવા કરાવી, સ્વામીશ્રી અમદાવાદ થઈ ગોંડલ આવી પહોંચ્યા.

ગઢપુર મંદિરની સેવાની હાકલ

ચોથની રાતે ૧૨-૩૦ વાગે સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. મોડી રાતે પણ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનની આતુરતાથી વાટ જોઈ રહ્યા હતા. તા. ૧૯-૧-'૫૩, વસંત પંચમીની વહેલી સવારે ઠાકોરજીની આરતી પછી સ્વામીશ્રી મહાપૂજામાં બિરાજ્યા. ત્યારે સમૈયામાં આવેલા સેંકડો હરિભક્તો અગાઉથી આવીને સભામાં ગોઠવાઈ ગયા હતા. સ્વામીશ્રી પોતે મહાપૂજા કરવાના હતા તેનું ઘણું મોટું આકર્ષણ હરિભક્તોને હતું. મહાપૂજાની જુદી જુદી વિધિઓ કરતા સ્વામીશ્રી પૂજામાં તલ્લીન થઈ જતા. વળી, પોતાના ઘેરા અવાજે મંત્રો બોલતા હોય, મહારાજ-સ્વામીને રીઝવતા હોય, ત્યારે વાતાવરણ દિવ્ય બની જતું. પૂજામાં બેઠેલા દરેક હરિભક્તના નામ દઈને શુભ સંકલ્પો કરે, ધૂન કરે. ખરેખર એ લહાવો અલભ્ય હતો ! સ્વામીશ્રીના મુખમાંથી જ્યારે જ્યારે, જે જે હરિભક્તોનાં નામ બોલાય, ત્યારે તે તે હરિભક્ત ખૂબ ખૂબ ધન્યતા અનુભવતા, અલૌકિક આનંદ પામતા. એવી એમની વાણીમાં મોહિની હતી. દરેકના અંતરમાંથી એક જ અવાજ ઊઠતો : 'અરે ! બાપા મારું નામ બોલ્યા. ભારે કામ થઈ ગયું. મારાં બહુ મોટાં ભાગ્ય !' સૌને બ્રહ્મના સંબંધનો અલૌકિક કેફ ચઢી જતો. આવી સ્મૃતિઓથી જ સ્વામીશ્રી અને સત્સંગ સાથે સૌની ગ્રંથિ દૃઢ થતી.

સભામાં મોટાસ્વામીના વક્તવ્ય પછી સ્વામીશ્રીએ અમૃતવચન કહ્યાં :

'સંત-હરિભક્તોએ પંચ વર્તમાનરૂપી ધર્મ તથા મહિમાએ સહિત સેવા-ભક્તિ કરવાં. શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. શુદ્ધ ચારિત્ર્ય કેળવી સ્વામીના સંબંધવાળાનો મહિમા સમજવો. ઈર્ષા, દ્વેષ ટાળી શુદ્ધ ભાવથી સમાગમ કરવો.'

પ્રમુખસ્વામી અને ખેંગારજીભાઈનાં પ્રવચનો પછી રસિકભાઈએ આફ્રિકાથી આવેલો હરમાનભાઈનો ઉત્સાહભર્યો પત્ર સભામાં વાંચ્યો હતો. તેમાં ગઢપુર મંદિર સત્વરે પૂરું કરવાનો નિર્દેશ હતો. દેશના હરિભક્તો ચંપકભાઈ શેઠ, મથુરભાઈ મકનદાસ, મણિલાલ સલાડવાળા, ઈશ્વરભાઈ પ્રભુદાસ, હીરાકાકા, મોતીભાઈ ભગવાનદાસ, હર્ષદભાઈ આદિ ભક્તોને ટકોર કરી હતી. સમગ્ર સભામાં આ ઉત્સાહ પ્રેરિત પત્રથી ગઢપુર મંદિર માટે શું શું કરી નાખીએ એવી વ્યાપક લાગણી પ્રસરી હતી.

જો કે દેશમાં પણ ગામોગામ શાસ્ત્રીજી મહારાજની છેલ્લી ઇચ્છા પૂર્ણ કરવાના આ કાર્ય માટે સૌ કટિબદ્ધ હતા. સ્વામીશ્રી અને સંતો દિવસ-રાત ગામોગામ વિચરણ કરી, હમણાં તો આ જ સેવાકાર્ય આગળ ધપાવવામાં મંડ્યા હતા. ગામોગામ આ નિમિત્તે જ પધરામણીઓ અને સેવા થતી હતી. આ બધી દોડધામમાં સ્વામીશ્રી પોતાના દેહની લેશમાત્ર પરવા રાખતા નહીં. કેમ વધુ સેવા થાય અને કાર્ય જલદી પૂરું થાય એ જ એક લક્ષ્ય હતું.

સાંજે સમૈયો વિખરાયો ત્યારે ઘણા હરિભક્તો નવા થયેલા અટલાદરા સ્ટેશનથી જ ટ્રેનમાં બેસવા જઈ રહ્યા હતા. તે સર્વની સાથે સ્વામીશ્રી અને સંતો પણ ધૂન, ભજન કરતાં સ્ટેશને ગયા. થોડા જ દિવસ પહેલાં ડી.ટી.એસ. ભોગીલાલ ત્રિવેદી, રાવજીભાઈ વગેરે અધિકારીઓના સહકારથી, અંબાલાલ બી. પટેલના પુરુષાર્થથી અટલાદરાનું ફ્લેગ સ્ટેશન મોટાસ્વામીએ ખુલ્લું મૂક્યું હતું. સૌની વિનંતીથી સ્વામીશ્રી ત્યાં પગલાં કરવા પધાર્યા. ટ્રેનને આવવાની વાર હતી. તેથી સ્ટેશન ઉપર જ સભા કરી. સ્વામીશ્રી થોડી વાતો બોલ્યા. ભક્તો આજુબાજુ વીંટળાઈને બેસી ગયા હતા. જ્યાં સ્વામીશ્રી હોય, પછી તે બેઠા હોય, ઊભા હોય કે કોઈપણ ક્રિયા કરતા હોય, પણ ભક્તોનું વૃંદ ત્યાં જામી જ જાય. આવા પ્રસંગે સ્વામીશ્રી પણ ઉપદેશની બે વાત અવશ્ય કરે જ. સૌને જ્ઞાનનું ભાતું બંધાવે. એવો એમનો પણ સામે અદમ્ય ઉત્સાહ ! ટ્રેન આવી. ડ્રાઈવરને સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો અને પ્રસાદ આપ્યો. એન્જિન ઉપર પુષ્પો છાંટ્યાં. 'જય ટ્રેન ! પ્રસાદની થઈ ગઈ.' એમ બોલતાં સ્વામીશ્રીએ

સર્વ અધિકારીઓને પણ આશીર્વાદ આપ્યા.

આ વખતે શંકરભાઈ પૂંજાભાઈ તથા પ્રભુદાસ નાથાલાલ આફ્રિકાથી વતનમાં કલોલી આવ્યા. સ્વામીશ્રી અટલાદરા બિરાજે છે એ જાણ થતાં તેમણે નટુભાઈ તથા કાંતિભાઈને સ્વામીશ્રીને આમંત્રણ આપવા મોકલ્યા.

સ્વામીશ્રી સાંજે કલોલી પધાર્યા. ચતુરભાઈ શિવાભાઈ પટેલને ત્યાં ઉતારો હતો. રાતે સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનું અલૌકિક સુખ આપ્યું.

નટુભાઈ સુરત જિલ્લામાં આવેલ માંડવીમાં ઇજનેર તરીકે નોકરી કરતા હતા. તેમની ઇચ્છા અમેરિકા જવાની હતી. સ્વામીશ્રીને તેમણે પૂછ્યું : 'બાપા ! મારે અમેરિકા જવું કે નહીં ?'

સ્વામીશ્રી બોલ્યા : 'તમે જજો. સોળમે દિવસે તમને નોકરી મળી જશે. સરકાર બાપા તમારી વાટ જોઈને જ ત્યાં બેઠા છે.'

પછી વાત આગળ ચલાવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યારે નીકળશો ?'

નટુભાઈએ કહ્યું : 'બાપા ! એક ૨૦મી તારીખનું પ્લેન છે અને બીજું ૨૫મીનું છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'પહેલા પ્લેનમાં જશો નહીં. બધાં સગાં-વહાલાંને મળીને બીજા પ્લેનમાં જ જશો.' સ્વામીશ્રીની આજ્ઞા તેમણે શિરોમાન્ય કરી.

સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવીને કંઠી બાંધી. દારૂ, માંસ ન ખાવા આજ્ઞા કરી. પછી 'દરરોજ પાંચ માળા સ્વામિનારાયણની ફેરવવી,' એમ કહી હાથ ઊંચો કરી પોતાની લાક્ષણિક અદાથી માળા ફેરવી બતાવી.

થોડા દિવસે વર્તમાનપત્રોમાં સમાચાર આવ્યા કે અમેરિકા જતાં તા. ૨૦મીના પ્લેનને ભયંકર અકસ્માત નડ્યો હતો અને તેમાં બેઠેલા મુસાફરો મૃત્યુ પામ્યા હતા. નટુભાઈના ગામમાં તો આ વાંચતાં જ સર્વ તેમને કહેવા લાગ્યા : 'સ્વામીશ્રી તો અંતર્યામી પુરુષ લાગે છે. તેથી જ તમને આગળથી ચેતવી દીધા.' આ રીતે સૌ કોઈ સ્વામીશ્રીની પ્રશંસા કરવા લાગ્યા.

નટુભાઈને પણ સ્વામીશ્રીમાં વધુ હેત થયું. તેમણે મનમાં દૃઢ ગાંઠ વાળી કે 'જીવનમાં સ્વામીશ્રી જે કહે તે જ વેદવાક્ય.'

તેઓ ૨૫મીના પ્લેનમાં અમેરિકા ગયા. સ્વામીશ્રીના વચન અનુસાર તેમને તુરત નોકરી મળી ગઈ.

❀ ❀ ❀



સાબરકાંઠો પ્રથમ વાર બ્રહ્મભીનો થયો

પ્રમુખસ્વામી, મોટાસ્વામી, સંતસ્વામી, મુનિસ્વામી વગેરે અગિયાર સંતો તથા નારણજી મહારાજ, રામચંદ્ર ઠાકર, ખેંગારજીભાઈ, પુરુષોત્તમદાસ, વિનાયકરાવ, બબુભાઈ કોઠારી વગેરે ૨૫ ભક્તોના મંડળ સાથે સ્વામીશ્રી, મહા સુદ ૯, શુક્રવાર, તા. ૨૩-૧-'૫૩, બપોરે ટ્રેનમાં અમદાવાદથી નીકળી સાંજે હિંમતનગર પહોંચ્યા.

ચુનીભાઈ સોની, ભીખાભાઈ, વિઠ્ઠલભાઈ વગેરે ભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. રાતે સ્વામીશ્રી તથા સંતોએ કથા-કીર્તનનો લાભ આપ્યો.

બીજે દિવસે બપોરે ટ્રેનમાં ઈડર પહોંચ્યા. સરકારી અમલદારોએ કરેલી ખાસ બસ દ્વારા સૌ મંદિરે આવી પહોંચ્યા. નાનકડા પહાડની તળેટીમાં, હરિયાળી વચ્ચે નાનું શિખરબદ્ધ મંદિર ઘણું શોભાયમાન છે. મંદિરના મહંત સ્વામીએ સૌને સત્કાર્યા. સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. ઠાકોરજી જમાડી ગામમાં હરિભક્તોને ત્યાં પધરામણીઓ કરી. બપોરે ૩-૦૦ વાગે સૌ ટોરડા જવા નીકળ્યા.

ટોરડા નજીક શામળાજીનું અતિ પ્રાચીન, સુંદર મંદિર છે. મેશ્વો નદીના મૂળમાં ડુંગરોની વચ્ચે આવેલા આ તીર્થમાં અહીંના મુખિયાજીએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું અને સૌને મંદિરની શામળાજીની મૂર્તિ સાથે સંકળાયેલા ખુશાલ ભટ્ટ - ગોપાળાનંદ સ્વામીનો ઈતિહાસ જણાવ્યો. મંદિરના જૂના ચોપડાઓમાં લખેલો ઈતિહાસ બતાવી એમણે કહ્યું કે શામળાજી ખુશાલ ભટ્ટ સાથે ટોરડા રમવા જતા. બંને વચ્ચે અલૌકિક મૈત્રી હતી. આ હકીકતો સાંભળી સ્વામીશ્રી અને સંતો ખૂબ રાજી થયા. ધૂન કરી શુભ સંકલ્પો કર્યા. શામળાજીની મનોહર મૂર્તિ જાણે વધુ પ્રસન્ન દેખાતી હતી. ગુણાતીત સંતના સંબંધથી અહીંના તીર્થત્વમાં ઉમેરો થયો.

ઈડરથી શામળાજી જવા માટે સંતો-હરિભક્તો માટે અડધિયા(સ્ટેશન વેગન)ની વ્યવસ્થા હતી. સૌ તૈયાર થયા. ત્યાં સ્વામીશ્રીએ સાથે આવેલા શાંતિભાઈને કહ્યું : 'તમે કુટુંબ સાથે છો. તેથી બસમાં શામળાજી આવો. ત્યાંથી ટોરડા જવા તમારી વાટ જોશું.' શાંતિભાઈ આ વિસ્તારના ભોમિયા. તેથી સ્વામીશ્રી તથા સંતોની વ્યવસ્થામાં તેઓ હતા.

તેમની સાથે પોતાનાં તથા રમેશભાઈ દલાલનાં પત્ની હતાં. તેમણે સ્વામીશ્રીની સાથે રહેવા દલીલ કરી : 'અડધિયામાં આપની સાથે આવી જવાશે. હું તથા કુટુંબીઓ છેલ્લી સીટ પર બેસીશું ને આપ ડ્રાઈવરની સીટ પર બેસશો એટલે...'

'ઈ નો બને !' સ્વામીશ્રીએ કહ્યું. શાંતિભાઈને સ્વામીશ્રીના ચુસ્ત નિયમ-પાલનની જાણ નહોતી. તેથી ફરી કહ્યું : 'બાપા ! પડદો બાંધી દઈએ તો ?'

'ઈ ચાલે જ નહીં,' સ્વામીશ્રીએ દૃઢતાથી કહ્યું. 'ચલાવી લેવાય જ નહીં. અમારી આજ્ઞા પાળો. બસમાં શામળાજી પહોંચી જાવ. ત્યાં જમી લેજો. પછી ટોરડા જવાનું છે.'

કચવાતા મને તેઓ બધાં શામળાજી પહોંચ્યાં. સ્વામીશ્રી તો અહીંથી નીકળી ગયા હતા. ઠંડી, અંધારું અને બસના હડદાથી કંટાળેલા શાંતિભાઈને સૌ પ્રથમ એ વિચાર આવ્યો કે અહીંથી ટોરડા કેવી રીતે જવાશે ? સ્વામીશ્રી પણ જતા રહ્યા !

તેઓ મંદિરમાં આવ્યા. પૂજારીએ તેમને પ્રેમથી સત્કાર્યા. પછી કહ્યું : 'દર્શન કરી લ્યો. પછી ગરમ રસોઈ તૈયાર છે. આપના માટે સ્વામીબાપાએ મને ગરમ ગરમ જમાડવાની ભલામણ કરી છે.'

સૌએ જમી લીધું ત્યાં સુધી પૂજારી એક યા બીજી રીતે સ્વામીશ્રીનો મહિમા ગાતા રહ્યા. શાંતિભાઈને ટોરડા જવાની ચિંતા હજુ મગજમાંથી ખસતી નહોતી. તેમને આશ્ચર્ય એ થયું કે 'આ પૂજારી પર સ્વામીશ્રીએ એવાં કેવાં કામણ કર્યાં છે કે તેનો ઉમંગ હજુ ઓસરતો જ નથી !'

સૌ સૂવા ગયા. થોડીવારમાં તો ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. એવામાં બારણે ટકોરા પડ્યા. દરવાજા ખોલીને જોયું તો સ્વામીશ્રી સાથે ગયેલા અડધિયાનો ડ્રાઈવર ! 'ચાલો ! સ્વામીબાપાએ મને તમને લેવા મોકલ્યો છે !'

'પણ ત્રણ જ વ્યક્તિ માટે આવું મોટું અડધિયું ?' શાંતિભાઈએ કુટુંબીજનોને જગાડ્યાં. સૌ ટોરડા જવા રવાના થયા. શાંતિભાઈએ જોયું કે જેવી

પૂજારીની સ્થિતિ હતી તેવી જ ડ્રાઈવરની ! 'યોગીબાપા એ યોગીબાપા !' ડ્રાઈવર આ શબ્દો નહીં નહીં તોપણ કલાકમાં પચીસ વખત બોલ્યો હશે. પારકાને પોતાના કરી લેવા એ સ્વામીશ્રીના વાત્સલ્યસ્પર્શને માટે સાવ સરળ હતું. તેમના અલ્પ પરિચયમાં જ માનવી તેમની પારલૌકિક ચેતનામાં ખોવાઈ જતો.

સૌ ટોરડા પહોંચ્યા ત્યારે રાતે ૧૨-૦૦ વાગ્યા હતા. સ્વામીશ્રી ઠાકોરજી જમાડી ગોપાળાનંદ સ્વામીના વંશજ રવિશંકર ઠાકર પાસેના જૂના હસ્તલિખિત પુસ્તકમાંથી ખુશાલ ભટ્ટનાં બાળચરિત્રો સાંભળી રહ્યા હતા. નંદાજી વગેરે હરિભક્તો પણ આજુબાજુ બેઠા હતા.

શાંતિભાઈએ દંડવત્ કર્યાં. સ્વામીશ્રી પ્રેમથી બોલ્યા : 'આવી ગયા ને ? અમે વાટ જ જોતા હતા કે શાંતિભાઈ આવે પછી સૂવા જઈએ !'

શાંતિભાઈ જાણે માધુર્યના પૂરમાંથી પસાર થયા પછીનો મધુર રોમાંચ અનુભવી રહ્યા. 'આવા હેત-પ્રેમ જીરવવા પણ પાત્રતા જોઈએ.' તેમણે વિચાર્યું. 'છતાં સ્વામીશ્રી તો પાત્ર-કુપાત્ર જોયા વિના અમી વરસાવ્યા જ કરે છે.'

પોતાને આવેલા મનુષ્યભાવની શાંતિભાઈએ મનોમન માફી માગી.

એકાદશીને દિવસે સવારે ૪-૦૦ વાગે સ્વામીશ્રીએ મુદ્દાની ઘણી વાતો કરી. તેનો સાર એ હતો કે 'સત્સંગીમાત્રમાં સુહૃદપણું રાખવું. નાનામાં નાના સત્સંગીનો મહિમા સમજવો. દરેકે સત્સંગ વધે તેવા પ્રયાસ કરવા. લાખો રૂપિયાની સેવા કરી હોય, તે કરતાં પણ મોટાના વચનમાં ટૂક ટૂક થઈ જાય તેના ઉપર અતિશય રાજીપો છે.'

સવારે ખુશાલ ભટ્ટના જન્મ સ્થાને 'ગોપાળ આશ્રમ'માં દર્શને પધાર્યા. રવિશંકરભાઈએ ખુશાલ ભટ્ટની પ્રસાદીની કાષ્ટની પવનપાવડી સ્વામીશ્રીને ભેટ આપી. ખુશાલ ભટ્ટ જ્યાં ધ્યાન કરતા તે અચળેશ્વર મહાદેવનાં પણ દર્શન થયાં.

બપોરે ૧-૦૦ વાગે સૌ ઈડર આવી પહોંચ્યા. અહીંથી ટ્રેનમાં પ્રાંતિજ જવા નીકળ્યા. હિંમતનગર સ્ટેશને ચુનીભાઈ સોની વગેરે સો જેટલા આબાલ-વૃદ્ધ ભક્તો દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને ઊતરવા અત્યંત આગ્રહ કર્યો. છેવટે સ્ટેશન ઉપર વેઈટિંગ રૂમમાં જ ધોતિયાં ઓઢાડી સૌએ સ્વામીશ્રી અને સંતોની પૂજા-સેવા કરી. અમદાવાદના નવા ઉત્સાહી ભક્ત શાંતિભાઈ શાહના આગ્રહથી પ્રાંતિજ આવી પહોંચ્યા.

મંદિરમાં જ ઉતારો હતો. બ્રહ્મચારી મહારાજે સારી વ્યવસ્થા આપી હતી. સાંજે શાંતિભાઈને ત્યાં પધરામણી કરી. સાંજે સંતોનાં કીર્તનગાન, નારાયણજી

મહારાજનાં ચરિત્રગાન અને સ્વામીશ્રીની સાંખ્યની વાતો સાથે સંત-મહિમાની વાતોથી સૌને ખૂબ આનંદ થયો. બીજે દિવસે અમદાવાદ આવતાં કેમ્પના હનુમાનજીનાં દર્શન કરી સાંજે ફાસ્ટમાં રાજકોટ પધાર્યા.

આ તીર્થયાત્રા દરમ્યાન ટોરડા પ્રસાદી સ્થાનથી સ્વામીશ્રીએ હરિભક્તો ઉપર આશીર્વાદ પત્ર લખ્યો હતો. જેમાં ગઢપુર મંદિર જલદી પૂરું થાય અને સેવા કરનાર સૌને મહારાજ સુખી રાખે, સંકલ્પો પૂરા કરે તેવા આશીર્વાદ પાઠવ્યા. સાથે જણાવ્યું કે 'ગુણાતીત જ્ઞાનનો બગીચો ખીલતો રહે. વચનામૃત તથા સ્વામીની વાતુંના હરિભક્તો ભોગી થાય અને સદાય તે જ્ઞાનમાં મસ્ત બને અને સુખી રહે. સાક્ષાત્ સ્થાન અક્ષર દેરી સૌના મનોરથો પૂરા કરે તે દૃઢ સંકલ્પ કરેલો છે.' વળી, પત્રમાં સૌને 'સ્વામિનારાયણ પ્રકાશ'ના ગ્રાહક થવા અનુરોધ કર્યો અને લખ્યું : *'મહામુક્ત ગોપાળાનંદ સ્વામીના જન્મ સ્થાનમાંથી પત્ર લખ્યો છે, તે જય જય જય થશે. બ્રહ્માંડમાં ડંકો વાગશે. તા. ૨૫-૧-'૫૩, ટોરડા, સંવત ૨૦૦૯, મહા સુદિ ૧૧, રવિવાર, ૯-૩૦ વાગે.'*

તિથિ, તારીખ, વાર, સમય અને સ્થળની વિગત સ્વામીશ્રીને મન બહુ મહત્ત્વની હતી. જાણે ઇતિહાસકાર હોય તેમ પત્ર લખવામાં, નોંધ લખવામાં કે વાતચીત કરવામાં ઉપરની વિગતોની ખાસ નોંધ લે. તિથિ કે વાર સાથે સંકળાયેલાં મહત્ત્વનાં પર્વો કે વ્રતો તેની પણ જરૂર નોંધ લે. સમય અને સ્થળનું મહત્ત્વ તેમજ જાણપણું આપી, સ્વામીશ્રી સૌને વિશિષ્ટ સ્મૃતિ આપતા. એમની સાથે સંકળાયેલા પ્રસંગોને યાદ રાખવા જીવનનું ભાતું બનાવવા પ્રેરતા. કારણ, ભક્તોને માટે આ અલૌકિક સંભારણું બ્રહ્મમાર્ગનું સાધન હતું.

હજારો હરિભક્તોને સત્સંગનું વિવિધ સુખ અને કથાવાર્તાનો આનંદ આપવા દેહની સહેજ પણ પરવા કર્યા વિના સ્વામીશ્રી રાત-દિવસ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વિચરતા રહ્યા. રાજકોટથી પોરબંદર, વડિયા, ગોંડલ, બોટાદ, સારંગપુર, ગઢડા, અમદાવાદ, પોરડા, આણંદ, અજમાવત કોટ, કણભા, ધોળકા, સારંગપુર, કારિયાણી, ગઢડા, અટલાદરા, ડભોઈ થઈ આણંદ પધાર્યા.

બાળ મનોવિજ્ઞાનની બારાખડી ઘૂંટાવી

અહીં મંદિરમાં એક બાળક ક્યારનો તોફાન કર્યા કરતો હતો. એક હરિભક્ત ઊભા થયા. તેને ધમકાવ્યો ને કહે : 'ભાગ અહીંથી !'

સ્વામીશ્રી આ સાંભળી એકદમ બોલી ઊઠ્યા : 'કાઢો નહીં, કાઢો નહીં,

અહીં બોલાવો. આગળ બેસાડો !'

તે હરિભક્ત બાળકને લઈ આવ્યા. સ્વામીશ્રી કહે : 'અહીં બેસો. પલાંઠી વાળો. હં...એમ !' સ્વામીશ્રીએ કથા શરૂ કરી. થોડીવારે બાળક ઊભો થઈને ચાલવા લાગ્યો. સ્વામીશ્રી કહે : 'લો પ્રસાદ. એમ ને એમ નહીં જવાય !' એમ કહી મગસની લાડુડી આપી. બાળક ફરીથી પોતાની જાતે જ પોતાના સ્થાને બેસી ગયો. સ્વામીશ્રી કહે : 'પ્રસાદ ખાઈ લીધો ? અહીં જ ખાઈ લેવો.'

બાળક લાડુ ખાઈ ગયો ત્યારે કહે : 'જાવ, હવે રમો !'

તે ખુશ થઈ દોડીને બહાર જતો રહ્યો. સ્વામીશ્રી હરિભક્તને કહે : 'નાનાં છોકરાં છે. રીસાય, તોફાન કરે, પણ એણે આપણી આજ્ઞા પાળી, મુક્ત છે ! માટે ધમકાવવા નહીં. પ્રેમથી કહેવું, તો માને. કોઈનો તિરસ્કાર ન કરવો...'

સ્વામીશ્રી એક મનોવિજ્ઞાનીની જાણકારીથી હરિભક્તને સમજાવી રહ્યા હતા. તેમણે જ તો બાળકોનું સાચું હીર પારખ્યું હતું !

લાલજી મહારાજને યજ્ઞોપવીત વિધિ પ્રસંગે શુભાશિષ

અમદાવાદમાં હરિજયંતીનો ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો. ધ.ધુ. આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજના બંને લાલજી મહારાજોને યજ્ઞોપવીત આપવાની હોવાથી સત્સંગ સમુદાય અહીં ઊમટ્યો હતો. શાહીબાગ મંદિરે સ્વામીશ્રીનાં દર્શનનો લાભ પણ સત્સંગ-સમાજે ઉત્સાહથી લીધો.

ચૈત્ર સુદ દશમ, સાંજે પીઠવા વલ્લભદાસ તથા સોમેશ્વરદાસને ત્યાં મણિનગર પધરામણી કરી, મુક્તજીવનદાસજીના મંદિરે દર્શને પધાર્યા. તેમણે સારું સ્વાગત કર્યું. શેઠ બળદેવદાસને આશીર્વાદ આપી મંદિરે આવી રાતે ૮-૩૦ વાગે સ્વામીશ્રી આચાર્ય મહારાજને બગલે પધાર્યા. પ્રમુખસ્વામી, મોટાસ્વામી, ચંપકભાઈ શેઠ, વિનુભાઈ, ખેંગારજીભાઈ, હકાભાઈ, મેજર ભગવત્‌સિંહજી વગેરે સાથે હતા. આચાર્ય મહારાજને ફૂલહાર કરી લાલજીને યજ્ઞોપવીત નિમિત્તે ખુશાલી વ્યક્ત કરી અક્ષરપુરુષોત્તમ સત્સંગ મંડળ તરફથી સારી ભેટ મૂકી. શાસ્ત્રી ગોપાળ-ચરણદાસ, મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ વાતો કરી. આચાર્ય મહારાજે શુભેચ્છા વ્યક્ત કરી, બંને લાલજી મહારાજોને આશીર્વાદ આપવા યોગી મહારાજને કહ્યું. કેશવલાલ કારભારીએ બધી વ્યવસ્થા ગોઠવી હતી.

✧

તા. ૩૦-૩-'૫૩, ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કરી, સ્વામીશ્રી આણંદ નાના અડધના મંદિરે પધાર્યા.

અહીં પધરામણીએ જતાં સ્વામીશ્રીએ વિનુભાઈનો તથા બીજા યુવકનો હાથ પકડ્યો હતો. પેલા યુવકે કહ્યું : 'બાપા ! હું જુદો રહું છું.'

'બૈરાંથી ?' સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું.

'ના, બાપા ! મા-બાપથી !'

'એમાં શું ? એ તો સૌ જુદા પડી જાય છે ! બૈરાંથી જુદા પડવું !' સ્વામીશ્રીએ સહજ પોતાની રુચિ જણાવી.

ગૃહસ્થોએ પણ સંયમ રાખવો એ સ્વામીશ્રીનો મત. અને તેમાં સૌએ ખબડદાર રહેવું, એમ સ્વામીશ્રી કહેતા.

થોડા આગળ ગયા ત્યાં નજીકમાં એક કૂતરું બેઠું હતું. વિનુભાઈને થયું કે 'લાવ, લાત મારીને કૂતરાને ખસેડું.' પણ જ્યાં નજીક પહોંચ્યા ને લાત મારવા જતા હતા, ત્યાં સ્વામીશ્રીએ વિનુભાઈનો હાથ ખેંચી તેમને બાજુ પર લઈ લીધા અને કહે : 'એવું ન કરાય. એ ધ્યાન કરે છે !' પછી કહે : 'લ્યો, દૃષ્ટિ પડી ગઈ.' (કૂતરા પર)

વિનુ ભગતે પૂછ્યું : 'હવે એનું શું થશે ?'

'બદરિકાશ્રમમાં તપ કરવા જશે...'

વિનુભાઈને પ્રશ્નો ઊઠવા લાગ્યા, પણ પૂછ્યા નહીં. એવામાં બધા પ્રશ્નોનો ઉત્તર કરતા હોય તેમ સ્વામીશ્રી કહે : 'ભજન કરી લેવું !'

'મને અખંડ ભજન થાય છે'

રાત્રિના કથા પ્રસંગમાં સ્વામીશ્રીની હાજરીમાં જ સ્વામીશ્રીનો ખૂબ મહિમા ગવાયો. ત્યારે ઝારોળાવાળા જશભાઈ યુવકોને પૂછવા લાગ્યા : 'આવી સ્થિતિમાં સ્વામીશ્રીને અખંડ ભજન કેવી રીતે થતું હશે ?'

એ વખતે સ્વામીશ્રી કહે : 'મને અખંડ ભજન થાય છે. સાચું કહું છું. સાચું હોય તો તે કહેવું જ જોઈએ ને !'

પછી કહે : 'હેતવાળાને કહેવાય.'

જશભાઈએ પૂછ્યું : 'બાપા ! અખંડ ભજન કેવી રીતે થાય છે ?'

સ્વામીશ્રી કહે, 'તમે તમારું નામ ભૂલો છો ? હું જશભાઈ... હું જશભાઈ... એમ રહ્યા જ કરે છે ને ! એમ અખંડ ભજન થાય.'

સેવા અને સાદાઈના શણગાર

બીજે દિવસે બપોરે સ્વામીશ્રી મોતીભાઈ ભગવાનદાસને પાણી પીવડાવતા હતા. વિનુભાઈએ પૂછ્યું : 'બાપા ! આ બધા આપનો મહિમા સમજે છે, છતાં આપની પાસે સેવા કેમ કરાવે છે ?'

સ્વામીશ્રી હાથ જોડીને, ખૂબ ગરજવાન હોય તેમ કહે : 'વિનુભાઈ ! હું આ બધાનો ખૂબ જ ઋણી છું. આ હું ખરેખર કહું છું. આ તો સેવા આપે છે ! શાસ્ત્રીજી મહારાજના ભક્તોની સેવા ક્યાંથી ? આપણે તો દૂધ પાવું જોઈએ, પણ પાણી પાઈએ છીએ. આપણે તો કાંઈ કરી શકતા નથી !'

વિનુભાઈ સ્વામીશ્રીના આ અણધાર્યા ઉત્તરથી અવાક્ થઈ ગયા.

અહીં સ્વામીશ્રીનો માથાનો રૂમાલ-પાઘ ધોવા કાઢી હતી. ફરી બાંધતી વખતે બે યુવકોએ પાઘના વસ્ત્રના બે છેડા પકડ્યા હતા. એ વસ્ત્રમાં પંદર-સત્તર કાણાં હતાં. તે જોઈ રમણભાઈએ કહ્યું : 'બાપા ! આ પાઘ બદલી નાખો ને ! આટલાં બધાં કાણાં પડી ગયાં છે.'

સ્વામીશ્રી કહે : 'પાઘ ક્યાં ના પાડે છે ?' એમ કહી માથે હાથ ઘસતાં હસી પડ્યા. આ સ્વામીશ્રીની લાક્ષણિકતા હતી.

તા. ૪-૪-'૫૩ના રોજ નંદાજી વિદ્યાનગર આવેલા. ત્યાંથી સ્વામીશ્રીના દર્શને આણંદ આવ્યા. વડતાલ કમિટીના સભ્ય રાવબહાદુર ડાહ્યાભાઈ, સત્ય-નારાયણભાઈ વગેરે મોટેરા ભક્તો પણ હતા. આજ્ઞા, ઉપાસના સંબંધી સારી વાતો થઈ. રાતે સ્વામીશ્રીએ વિદ્યાનગરમાં ભાઈકાકાને ત્યાં પધરામણી કરી, સત્સંગની જૂની વાતો થઈ. ભાઈકાકાએ પોતાના શાસ્ત્રીજી મહારાજ સાથેના અનુભવો કહ્યા. પંડિત મયાદત્ત પાંડેએ સ્વામિનારાયણીય પંચ વર્તમાનની મહત્તા સમજાવી. સલાડના મણિભાઈ, હર્ષદભાઈ વગેરે સાથે હતા.

નરનારાયણ મંદિરમાં સ્વાગત

તા. ૮-૪-'૫૩. સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી કાળુપુર મંદિરે આવ્યા. નંદાજી, શેઠ ભોગીભાઈ ચોકસી, ચંપકભાઈ શેઠ વગેરે હરિભક્તો સાથે હતા. કેશવલાલ કારભારીએ સ્વાગત કર્યું. નરનારાયણ દેવના તથા ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી આચાર્ય મહારાજનાં દર્શને આવ્યા. શાસ્ત્રીજી નારાયણ-પ્રસાદદાસ, બળદેવપ્રસાદદાસ, મહંત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ, હાલના મહંત

ભક્તિજીવનદાસ, ગવૈયા શ્રીવલ્લભદાસ વગેરે સંતો, પાર્ષદો હાજર હતા. નંદાજીએ આચાર્ય મહારાજનું ફૂલહારથી પૂજન કર્યું. સત્સંગની અભિવૃદ્ધિ માટે આચાર્ય મહારાજ તથા મોટેરા સંતોને અનુરોધ કર્યો.

તા. ૯-૪-'૫૩, સ્વામીશ્રી સંતમંડળ સાથે સવારની ૫-૩૦ની લોકલમાં અડાસ ચુનીભાઈ લલ્લુભાઈ આફ્રિકાવાળાને ત્યાં પધાર્યા. જશભાઈ, મનુભાઈ વગેરે ભક્તોએ પધરામણીઓ કરાવી. સાંજના અડાસ સ્ટેશને ૧૯૪૨માં થયેલ શહીદોને સ્વામીશ્રીએ શ્રદ્ધાંજલિ સહિત આશીર્વાદ આપ્યા. એમના આત્માના કલ્યાણ માટે પ્રાર્થના કરી. આરતી, ધૂન, પ્રાર્થનાથી સ્ટેશનનું વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

બીજાની ભૂલનું પ્રાયશ્ચિત્ત

સ્વામીશ્રી સાથે વિચરણમાં સાધુ નરનારાયણદાસ, નાથાલાલ યોગીના વગેરે જોડાયા હતા. સિનોરથી વહેલી સવારે કંથારિયા આવ્યા. સ્નાનાદિક વિધિ માટે ઉતારાની બાજુના મકાનમાં જવાનું હતું. નરનારાયણ સ્વામી વહેલા શૌચ-સ્નાનાદિથી પરવારી ઉતારે જતા રહ્યા. સ્વામીશ્રી પરવાર્યા અને પૂછ્યું : 'નરનારાયણ સ્વામી ક્યાં ?'

'એ તો પૂજા કરવા બાજુના મકાનમાં ઉતારે ગયા છે.'

'એમ !' સ્વામીશ્રી ચોંકી ગયા. કોઈ મોટી ભૂલ થઈ ગયાની ભોંઠપ તેમના નિર્દોષ ચહેરા પર છવાઈ ગઈ. ઉતારે જઈ પૂજા કરી. હરિભક્તો જ્યારે બપોરે જમવા બોલાવવા આવ્યા, ત્યારે જમવાની ના પાડી : 'આજે ઉપવાસ છે.'

'કેમ ?' ભક્તોએ પૂછ્યું.

'ગૃહસ્થના ઘરે જોડ વિના સાધુએ એક મિનિટ ન રહેવાય. આજે સવારે અમારી એ ભૂલ થઈ ગઈ !' સ્વામીશ્રીએ નરનારાયણ સ્વામીની ભૂલ પોતે ઓઢી લીધી.

'પણ નાથાલાલ તો હતા ને !'

'ઈ નો હાલે. ત્યાગી જોઈએ. નાથાલાલ ગૃહસ્થ કહેવાય !' અને સ્વામીશ્રીએ બધાનો આગ્રહ છતાં જરાપણ મચક ન આપી. અલ્પ વચનમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડ્યાની - એમની નિયમો પાળવાની દૃઢતા વિપરીત સંજોગો પણ ન પીગળાવી શક્યા તો આ હરિભક્તોનું બીચારાનું શું ગજું !

અહીંથી અટલાદરા, વડોદરા વિચરી અમદાવાદ પધાર્યા.

અમદાવાદ શહેર સત્સંગ વિકાસ યોજના

પુરુષોત્તમ માસ નિમિત્તે પ્રમુખસ્વામીએ અહીં 'સત્સંગિજીવન'નું પારાયણ કર્યું. સ્વામીશ્રી પણ અમૃતવાણી પીરસતા. રાતના ૧૨-૦૦ વાગ્યા સુધી સત્સંગ ચાલતો. ત્રણેક દિવસ સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રીએ નારાયણ ઘાટ, સાબરમતીમાં સ્નાનનો કાર્યક્રમ પણ યોજ્યો હતો. તા. ૨૩-૪-'૫૩ પારાયણની પૂર્ણાહુતિ થઈ. આ વખતે અમદાવાદ જેવા મોટા શહેરમાં સત્સંગ વિકાસની વિશિષ્ટ યોજના સ્વામીશ્રીના આદેશથી અમલમાં આવી. જેમાં શહેરને વિવિધ વિભાગોમાં વહેંચી, તે તે વિસ્તારોમાં સત્સંગ પ્રવૃત્તિને વેગ આપવાનું આયોજન થયું. આ પ્રવૃત્તિ માટે સ્વામીશ્રીએ ખૂબ રાજીપો દર્શાવી આશીર્વાદ આપ્યા.

સત્સંગનો વિકાસ થાય અને નવા નવા મુમુક્ષુઓને સત્સંગનો - સત્પુરુષનો યોગ થાય, અક્ષરપુરુષોત્તમનો મહિમા સમજાય, એ પ્રવૃત્તિ માટે સ્વામીશ્રી હંમેશાં ઉત્સુક રહેતા. હરિભક્તોને પણ સતત માર્ગદર્શન આપતા. મોટાં શહેરોમાં સત્સંગ વૃદ્ધિની આવી વિશિષ્ટ યોજનાનો વિચાર કરતા જણાય કે સ્વામીશ્રીની કેટલી દીર્ઘદૃષ્ટિ ! સમયની સાથે કદમ માંડીને આગળ વધવાનું કેવું સુંદર આયોજન ! જમાનાની નાડ પારખીને પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાની કેવી સૂઝ ! આવાં અનેક પગલાંઓ, સાધુવેશમાં, સાદા-સીધા જણાતા સ્વામીશ્રીની કાર્યનિષ્ઠા અને આયોજન-શક્તિના પુરાવાઓ હતા. તેમની પાસે સૌને ભગવાનમાં જોડવાના અનેકવિધ ભક્તિમાર્ગો હતા.

અવગુણ શ્રવણની સજા

આ સમયે વિનુભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમના ખબર-અંતર પૂછ્યા. પછી એકદમ પૂછ્યું : 'ટ્રેનમાં શું કર્યું ?'

વિનુભાઈ જવાબ આપતા ગૂંચવાયા. એવું બન્યું હતું કે ટ્રેનમાં એક હરિભક્ત મુસાફરી દરમ્યાન ભેટી ગયા. તે પણ સ્વામીશ્રીનાં દર્શને જ જતા હતા. તેમણે એક સંતના[૧૦૬] અવગુણની ઘણી વાતો કરી. અને તે બધી જ સાભળવાનો પણ એટલો જ આગ્રહ રાખ્યો. વિનુભાઈને વાતો નહોતી સાંભળવી તોપણ બેસી રહેવું પડ્યું ! તે બધી વાત વિનુભાઈએ અચકાતાં સ્વામીશ્રીને કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'બે ઉપવાસ કરી લેજો. તમે સાંભળી

---

૧૦૬. જે પાછળથી સંસ્થા છોડી ચાલ્યા ગયા હતા.

કેમ ?' એમ કહી પેલા હરિભક્તને પણ બોલાવ્યા અને કહ્યું : 'તમે એક ઉપવાસ કરી લેજો.'

'સાંભળે તેને બે !' અભાવ-અવગુણના શબ્દોની સ્વામીશ્રીને કેટલી અરુચિ હતી ! જો કે એક નગુણા અસાધુની ચર્ચા જ ટ્રેનમાં થઈ હતી, છતાં સ્વામીશ્રીએ આવો ભારે દંડ ફટકાર્યો !

અહીંથી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અહીં ઘનશ્યામ મહારાજનું ચાંદીનું સિંહાસન તૈયાર થઈ ગયું હતું. તેનું ઉદ્ઘાટન કરવાનું હતું. સીદીભાઈના પરિવારે આ સેવા કરી હતી. અલૌકિક મૂર્તિ ઘનશ્યામ મહારાજ આજે ચાંદીના સિંહાસનમાં બિરાજવાના હતા, તેનો સૌથી વધુ ઉમંગ સ્વામીશ્રીને હતો. એમના મુખારવિંદ ઉપર વિશેષ પ્રસન્નતા વર્તાતી હતી. ભલા, જે હંમેશ પ્રસન્ન છે તેમને વળી કઈ નવી પ્રસન્નતા ! પણ પોતાના પ્રાણપ્યારા ઘનશ્યામ મહારાજની અલૌકિક છબી નીરખતાં એમની છાતી ગજગજ ફૂલતી હતી. ચાંદીનું સિંહાસન આજે પાવન થતું હતું. સ્વામીશ્રી આજાનબાહુ ડોલાવતા, લટકાળાને લટકાં કરી, આરતી ઉતારતા લાડ લડાવતા હતા. ધ્રિબાંગ ધ્રિબાંગ નગારા ઉપર ડાંડીઓ પડી, ઝાલર ઝણઝણી ઊઠી. ઘંટારવ અને ઘંટડીના રણકારે ભક્તોના નાભિમાંથી નીકળતા આર્ત શબ્દોને દિવ્યતા મળી. જયનાદોથી વાતાવરણમાં મંગલતા ઊભરી ઊઠી. ઉત્સવ ખૂબ સુંદર રીતે ઊજવાઈ ગયો.

આવા ઉત્સવો પ્રસંગે વિવિધ સેવા કરતા યુવકો આજે શાક સુધારતાં પહેલાં ધોઈ રહ્યા હતા. તે જ સમયે સ્વામીશ્રી ત્યાંથી પસાર થયા. જોયું તો યુવકો ગાળ્યા વિનાના પાણીથી બટાકાં ધોઈ રહ્યા હતા. સ્વામીશ્રી ઊભા રહ્યા અને નજીક આવી કહે : 'નળને ગળણું બાંધવું. શાક ગાળેલા પાણીથી ધોવું. હવે આ બધાં બટાકાં ન વપરાય. ઊટકી નાખો તો વપરાય.'

પછી રાખથી બધાં બટાકાં ઊટકી નાખવા આજ્ઞા કરી. યુવકો તો વિચારમાં પડી ગયા. બે મણ બટાકાં રાખથી ઊટકવાનાં !

એવામાં સ્વામીશ્રી કહે : 'હું પણ બટાકાં ધોવા આવું છું. બધાં ધોઈ ન નાખતા, મારા માટે રાખજો.'

યુવકો પોતાને આવેલા વિચારથી શરમાઈ ગયા અને ગાળ્યા વિનાનું પાણી વાપરીને થયેલા નિયમ-લોપની આ શિક્ષા તેમણે સહર્ષ સ્વીકારી લીધી. સૌ મંડી પડ્યા અને એક એક બટાકાં રાખથી ઊટકી નાખ્યાં ! એમને પાઠ મળ્યો, નાનામાં નાનો નિયમ-લોપ સ્વામીશ્રીની નજર બહાર નથી હોતો. અને

તેમને ગમતો નથી હોતો !

જોગીની વાણીની વાંસળી

અધિક વૈશાખ સુદ ૧૪, સોમવાર, તા. ૨૭-૪-'૫૩, સ્વામીશ્રી સંતમંડળ સાથે મુંબઈ પધાર્યા. બ્રહ્મક્ષત્રિયની વાડીમાં ઉતારો હતો. બાલુભાઈ, સૂર્યકાંતભાઈ વગેરે યુવકો સાથે અમે વાડી, પારાયણની વ્યાસપીઠ વગેરે તોરણો, ધજાપતાકાં તથા સુંદર સૂત્રોનાં બોર્ડથી સુશોભિત કર્યાં હતાં. પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ની કથાનો પ્રારંભ કર્યો. નારાયણજી મહારાજ એમની રસાળ શૈલીમાં લીલાચરિત્રો વર્ણવતા. અક્ષર સ્વામી 'વચનામૃત'ની કથા કરતા. રાત્રે હર્ષદભાઈ 'મુક્તચિંતામણિ' વાંચતા. રસોડાની વ્યવસ્થામાં શેઠ ભગવાનદાસ, જેસીંગભાઈ, નાનુભાઈ તથા મહીપતભાઈ દવે હતા.

રાત્રે આરતી-ધૂન પછી એક કલાક સ્વામીશ્રી અદ્‌ભુત વાતો કરતા અને સૌને અક્ષરધામના સુખમાં મૂકી દેતા. સ્વામીશ્રી કહેતા :

'સત્પુરુષને સામો ધાવ્યો હોય તે આજ્ઞા-ઉપાસનામાં ગુડિયું વાળે નહિ. કામ, ક્રોધ આદિમાં લોપાય નહિ. સુખ લેતાં આવડવું જોઈએ. માટે સમાગમ કરી લેવો અને ઓળખી લેવા. પાછળથી બળતરા ન થાય. તે ઉપર સાખી છે :

'સમજણ વિનાના સાંગલા, પીંજણ પબેડા ખાય,
ચીંચોડો ચૂં ચૂં કરે, રસ તો કૂંડીમાં જાય.'

એમ પાત્ર હોય એ જ જ્ઞાનરસ ઝીલી શકે. બાકી તો ચીંચૂડા અને પીંજણની જેમ હૂહાટા બહુ કરે.

'સંત થવું. જનક, દાદાખાચર વગેરે ગૃહસ્થ હતા પણ સંત કહેવાયા. આજ તો ત્રીજે ડચકે અક્ષરધામ પમાય છે. તે ડચકાં કોને કહેવાં ? પહેલું ડચકું માયાથી મુકાયો તે મુક્ત થયો; બીજે ડચકે અક્ષરરૂપ થયો; અને ત્રીજે ડચકે પુરુષોત્તમને પામી ગયો.

'શાસ્ત્રમાં મહિમામાં ઉદ્ધવને વખાણ્યા, ભક્તિમાં ગોપીઓને, દાસત્વમાં હનુમાનજીને અને વૈરાગ્યમાં જનકને, પરંતુ સ્વામીના ભક્તોમાં તો બહુધા ચારેય ગુણ છે. તે ચારેય ગુણ આપણે સર્વોપરી કરવા, જેથી વિશેષ શોભે.

'જાણપણારૂપ દરવાજો એટલે શું ? ભગવાન અને ભગવાનના ભક્તનો અભાવ પેસવા ન દેવો. એમ રહેવાય ત્યારે જ દરવાજે ઊભા રહ્યા કહેવાય. સંતનો મહિમા સમજવો એ જ સેવા અને મહિમા ન સમજાય એ જ વાસના.

સત્પુરુષને વિશે પ્રીતિ એટલી જ વાસના બળી કહેવાય. માટે પ્રીતિ થઈ હોય તો અપૂર્ણપણું માનવું નહિ. વહેવાર તો દેહ છે તે કરવો પડે.

'પોતાને મળી જે મનુષ્યમૂર્તિ તેમાં અખંડ દિવ્યભાવ રાખવો. અક્ષરધામમાં જે તેજોમય, દિવ્ય સ્વરૂપ છે, તે જ પ્રગટ પ્રમાણ મનાય તે શુદ્ધભાવે દર્શન કર્યાં કહેવાય. અંતકાળે ભગવાન ને સંતનાં અડધી ઘડી દર્શન થાય છે, તેમાં આનંદ થઈ જાય છે. કારણ એ દિવ્ય દર્શન મનાય છે. પણ મનુષ્યરૂપે અખંડ દર્શન થાય છે. એ દિવ્ય દર્શન મનાતું નથી એટલે આનંદ થતો નથી.'

આમ, સ્વામીશ્રી સ્વ-સ્વરૂપના મહિમાની અદ્‌ભુત વાતો કરતા. મહિમાવાળા હરિભક્તોને જોઈ સહેજે નિષ્ઠા અને મહિમાની વાતો સ્વામીશ્રીના મુખેથી સરી પડતી. સેવા, મહિમા, પ્રીતિ, વાસના, શુદ્ધભાવે દર્શન શું ? જાણપણું શું ? વગેરેની શાસ્ત્રમાં મળતી આવે એવી વ્યવહારિક વ્યાખ્યાઓ, રોજેરોજના જીવનમાં મૂકી શકાય એવા સાધનાના અનુભવથી રસાયેલા અર્થો, એ સ્વામીશ્રીની વાણીની વિશેષતા હતી. જાણે સરળ, પ્રાસાદિક ભાષામાં વેદવાણી ઉચ્ચારતા ન હોય ! એવો ભક્તોને ભાવ થતો. એમની આ અનુભવવાણી ઉપર સૌ મુગ્ધ થઈ જતા. હિમાલયનાં ઉપવનોમાં ઋષિમુનિઓ સમક્ષ ઉપનિષદ સમયનું વાતાવરણ અહીં ખડું થતું લાગતું. અરે ! આ તો એથીયે અધિક અક્ષરધામની સભા હતી ! ઉપનિષદોએ જે બ્રહ્મનો મહિમા ગાયો છે તે મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાંનિધ્યમાં, પરબ્રહ્મની ઉપાસના સૌ કરતા હતા. સૌ બ્રહ્માનંદ માણતા હતા. જાણે એ વાણીનું પાન જ કર્યા કરીએ.

સ્વામીશ્રી આગળ બોલતા :

'સત્પુરુષનો સંગ એટલે સત્પુરુષના ગુણ લાવવા. પોતાનું મનગમતું સાચવીને બીજું અર્પણ કરવું, તે મન દીધું ન કહેવાય. તન, મન, ધન સર્વસ્વ અર્પણ કરવું. મને કરીને સત્પુરુષને વિશે નાસ્તિકભાવ ન આવવા દેવો, એ ઉત્તમ સેવા છે. ભગવાનના ભક્તનો અભાવ આવે ત્યારે દાઝ થવી જોઈએ.

'આટલું જ્ઞાન કહીએ છીએ પણ હૃદયમાં ઊતરતું નથી. તેનું કારણ પ્રમાદ અને મોહ એ બે શત્રુ નડે છે. પ્રમાદ એટલે ન કરવાનું કરીએ છીએ અને કરવાનું નથી કરતા; મોહ એટલે સત્યમાં અસત્ય જુએ અને અસત્યમાં સત્ય જુએ.

'ગળા સુધી જગત ભર્યું હોય એટલે સત્પુરુષની વાત ન બેસે. તે ઉપર એક દૃષ્ટાંત છે : એક બ્રાહ્મણને બીજે ગામ કંકોત્રી દેવા મોકલ્યો. તેણે રસ્તામાંથી પાંચ શેર ભૂંજેલા ચણા લીધા અને આખા રસ્તે ચણા ખાધા. પછી

કંકોત્રી આપી એટલે યજમાને લાડુની પાકી રસોઈ આપી. તે રસોઈ કરતો જાય અને ચણા ખાધેલા એટલે પાણી પીતો જાય. પછી લાડવા તૈયાર થયા. પણ ગળા સુધી પાણી પીધેલું એટલે લાડવા ખાવા સમર્થ ન થયો. તેમ ગળા સુધી જગત ભર્યું હોય તેનાથી સત્પુરુષની વાતરૂપ અમૃતરસના લાડુ ખાઈ શકાય જ નહિ.

'સાચું જ્ઞાન જ્યાં હોય ત્યાં માયા જોર ન કરે. ભગવાન જ્યારે મળે ત્યારે અપમાન થાય, નિંદા થાય, ત્યારે સમજવું કે હવે ખરેખરા ભગવાન મળ્યા છે. બીજે તો સમૈયા થાય અને માન મળે.'

ગુણાતીત જ્ઞાનની આવી અદ્‌ભુત અમૃત-વર્ષાથી સભા સ્તબ્ધ થઈ જતી. સંપ્રદાયના પીઢ હરિભક્ત, વડતાલના ટ્રસ્ટી અને સરકારી વકીલ હરિપ્રસાદ ચોકસી આ વાતો સાંભળી મુગ્ધ થઈ જતા અને કહેતા કે 'મહારાજના પરમહંસ જેમણે ન જોયા હોય તે આ યોગીજી મહારાજને જોઈ લે.'

ભોગીલાલ ડી. ટી.એસ. તો ખાસ વાતો સાંભળવા જ દોડી આવતા. મનુ સૂબેદાર, મારવાડી શેઠિયાઓ ગોકુળચંદ મોરારકા, સકસરિયા શેઠ, સીંધી ગૃહસ્થ ફત્નાની શેઠ, પોલીસ કમિશનર એમ.એમ. ચુડાસમા, ઊનાના ગાંધી શેઠિયાઓ માણેકચંદભાઈ, પાનાચંદભાઈ, અભેચંદભાઈ તથા મોહનલાલ શ્રીજીના વગેરે સંપ્રદાયના જૂના હરિભક્તો આ લાભ ચૂકતા નહિ.

અલમસ્તપણે ડોલતા, હસતા, તાળી વજાડતા, અમૃત-વાણી રેલાવતા સ્વામીશ્રીનાં દર્શન કરી, કોટ્યાધિપતિ મોરારકા શેઠ બોલી ઊઠતા : 'બડો સાધુ ! યોગી મહારાજ બહોત બડો સાધુ.'

સ્વામીશ્રીની વાણીમાં દૃષ્ટાંતોનું આકર્ષણ પણ અનેરું હતું. પોતે પૂર્ણ હાવભાવ સાથે ચિત્રાત્મક રીતે દૃષ્ટાંત કથાઓ કહેતા, શ્રોતાને પકડી રાખતા. સંવાદ, રમૂજ અને વર્ણનનું માધુર્ય લાવી કથાને ખૂબ રોચક બનાવતા. નાનાં બાળકો પણ એમની સામે એકીટશે જોઈ એમની વાતો સાંભળતા. એમની વાણી એક શબ્દમાં વર્ણવવી હોય તો કહી શકીએ કે 'જાદુગારી' હતી. મુંબઈની દોડધામમાં થાકેલો માનવી અથડાતો-કુટાતો પણ બરાબર ૮-૦૦ના ટકોરે તો સભામાં ગોઠવાઈ જ ગયો હોય. અને સ્વામીશ્રીના મુખમાંથી મહારાજ, ગુરુ શાસ્ત્રીજી મહારાજની સ્તુતિ શરૂ થાય. જય બોલાય અને 'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી,' એ ખોંખારો, એ ઘેરો મધુર બ્રહ્મનો નાદ સંભળાય :

'મનુષ્ય દેહ અલભ્ય છે. અમૂલ્ય છે. તેનું કાંઈ મૂલ નથી. અનંત જન્મનાં પુણ્યે મળે છે. ભરતખંડમાં મનુષ્ય દેહ મળવો દુર્લભ છે. તેમાં પણ સત્સંગ

મળવો કઠણ છે. તેમાં પણ આવા સંત મળવા અતિ દુર્લભ છે. આ બધુંય મળ્યા પછી શું કરવું? તો જેવી દેહને વિશે અને દેહના સગાં-સંબંધીને વિશે આત્મબુદ્ધિ છે, તેવી જ સંતને વિશે આત્મબુદ્ધિ રાખવી. આપણે ભગવાનના થઈ જવું અને ભગવાનને આપણા કરવા. જેમ લગ્ન વખતે સ્ત્રી, પુરુષ સાથે હસ્તમેળાપ કરે છે, તેમ આપણે ભગવાન અને સંત સાથે હાથ મેળવી લેવો. જો આમ કરે તો પંચ મહાપાપનો કરનારો હોય તેનો પણ મોક્ષ થાય.

'આત્યંતિક જ્ઞાન તો પ્રત્યક્ષ પરમાત્મા અથવા સદ્‌ગુરુરૂપ હરિ પાસેથી જ પમાય છે. તે આત્યંતિક જ્ઞાન તે શું? માયાના આકારને ખોટા કરી, ઇન્દ્રિયોને નિયમમાં રાખીને મન શુદ્ધ કરવું. એમ ચૈતન્યરૂપ થવાથી ભગવાનને પમાય છે. બ્રહ્મરૂપ થવું એ જ શ્રીજીમહારાજની આજ્ઞા છે. એવી રીતે નિર્વાસનિક થયા પછી સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જે પુરુષોત્તમ નારાયણ તેમના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો જે, 'આ મને મળ્યા છે, તે સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ છે. સર્વ અવતારના અવતારી છે. સર્વ કારણના કારણ છે. સર્વ ધામના ધામી છે.' એવો નિશ્ચય કરી ભગવાનની અખંડ ભક્તિ કરે તો તે જીવ અક્ષરધામને પામે છે. અને એમ ન સમજાયું હોય તો કેવી દશા થાય છે? તે ઉપર દૃષ્ટાંત છે :

'એક વાણિયો હતો. તે લાખોનો વેપાર કરતો હતો. તેને એક પુત્ર હતો. બહુ જ આળસુ. બાપ ઘણું જ કહે પણ કાંઈ ધંધો કરે નહિ. એક વખત પુત્રે કહ્યું કે મારે પરદેશ કમાવા જવું છે. તેથી તેના બાપે તેને સાત વહાણ ભરી સોનામહોર આપી. પછી તે જાવા બંદર ગયો ને ત્યાં જઈ સોનામહોર બધી ખર્ચી નાખી, અને વહાણમાં પથરા ભરી કેટલેક વર્ષે પાછો આવ્યો. બંદર ઉપર બધા શેઠિયાઓ તથા તેનો બાપ સૌ સામૈયું કરવા આવ્યા. પછી ખબર પડી કે આ તો પથરા લાવ્યો છે! તેથી સૌ ભોંઠા પડી ગયા.

'તેમ જો આપણે એવું જ્ઞાન પ્રાપ્ત નહીં કરીએ, તો દેહ મૂક્યા કેડે જ્યારે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આપણને તેડવા આવશે ત્યારે તે ભોંઠા પડી જશે અને કહેશે જે, આત્યંતિક જ્ઞાનને પામ્યો નથી અને જડ જેવો છે. એને શું કરવા મોકલ્યો હતો અને શું કરી આવ્યો? માટે આ જ્ઞાન સિદ્ધ કરી લેવું.'

જે મૂર્તિનું આવું જબરદસ્ત આકર્ષણ ઊપજ્યું હોય પછી એની પધરામણી કરાવવા માટે કોણ ઝાલ્યા રહે? વૈશાખ સુદ ચોથ, શાસ્ત્રીજી મહારાજની

સંવત્સરીના દિવસે સવારે ૭-૦૦ વાગે સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. અ.નિ. સરદાર વલ્લભભાઈના ભાઈ કાશીભાઈ, શેઠ શ્યામલાલ વૈદ્ય તથા માટુંગામાં હરિભક્તોને ત્યાં પધરામણી કરી, બોમ્બે સેન્ટ્રલ ગોવિંદભાઈ નિગોઝવાળાને ત્યાં જમ્યા. વજુભાઈ ઘીવાળાની દુકાને પધરામણી કરી, પછી સાંતાક્રુઝમાં હરિભક્તોને ઘેર પગલાં કર્યાં. લગભગ સતત ૧૪ કલાક મુંબઈના એક ખૂણેથી બીજા ખૂણા સુધી પધરામણીઓ કરી.

પ્રતાપસિંહ ઈનામદાર પોલીસ ખાતાના ઘણા ભાવિકોને સ્વામીશ્રીનાં દર્શને લાવતા હતા. તેમણે વરસોવામાં પોતાના ભાઈને ત્યાં સ્વામીશ્રી, સંતો તથા ૩૦૦ જેટલા હરિભક્તોને તેડાવી, સમુદ્ર-સ્નાનનો સારો સમૈયો કર્યો.

પારાયણ દરમ્યાન મેંગણીના કુમાર બળવંતસિંહ અભ્યાસાર્થે વિલાયત જતા હોઈ, સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપવા સાંતાક્રુઝ એરપોર્ટ ઉપર પધાર્યા હતા. ગુજરાતથી પણ ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા મુંબઈ આવ્યા હતા. છેલ્લા બે દિવસ સ્વામીશ્રી મોરારકા શેઠને બંગલે બિરાજ્યા. ત્યાં ઘણા મારવાડી શેઠિયાઓ અને ઉદ્યોગપતિઓએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો.

એક દિવસ એક ભક્ત પેંડા ભરેલી છાબડી પેક કરીને લાવ્યા હતા અને તેમણે આ છાબડી ખોલ્યા વિના સ્વામીશ્રીને ધરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'લ્યો, આ પેંડા આવ્યા ! ઠાકોરજીને ધરી દ્યો.'

આ પ્રસંગે મુંબઈના હરિભક્તો તથા ભાદરણના હરિભક્ત ડાહ્યાભાઈ સ્વામીશ્રીની પાસે જ બેઠા હતા. સેવકે છાબડી ખોલી તો અંદરથી પેંડા જ નીકળ્યા ! એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપે તો અંતર્યામીપણું વાપર્યું !'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ના, ના, એવું નથી. આ તો 'કાગનું બેસવું ને ડાળનું પડવું' એવું થયું છે !' સ્વામીશ્રીની નિર્દોષ, સહજ વાણી સાંભળી સૌ હસી પડ્યા અને સ્વામીશ્રી પોતે પણ હસી પડ્યા ! સ્વામીશ્રીને તો સદાય પોતાની શક્તિ-સામર્થ્ય-ઐશ્વર્ય છુપાવવાનું જ તાન. કદાપિ આવા પ્રસંગે પોતાનો ઢાંકી રાખેલ પ્રતાપ છતો થઈ જાય તોપણ તેઓ વાતને બીજી તરફ વાળીને કોઈને પણ તે લેશમાત્ર જણાવા ન દેતા.

તા. ૨૧-૫-'૫૩, ફાસ્ટમાં સ્વામીશ્રી મુંબઈથી સુરત જવા નીકળ્યા. સ્ટેશન ઉપર ભક્તોની ભારે ભીડ જામી હતી. સ્વામીશ્રીની કોટમાં ફૂલહારના ઢગલા થયા. સ્ટેશન ઉપર ફરતા હજારો મુસાફરો આશ્ચર્યવત્ આ દૃશ્ય જોઈ

રહ્યા હતા. જાણે-અજાણે સ્વામીશ્રીનાં દર્શનથી સંસ્કાર પામી રહ્યા હતા.

જેકીશનદાસ શેઠ વિલાયત જતા હોઈ, સુરતમાં એમના બંગલે સ્વામીશ્રીનો ઉતારો હતો.

'આંબો તે આંબો'

અજમાવત કોટના અંબાલાલ સોમેશ્વરને સ્વામીશ્રીનો મહિમા જાણીને દર્શન કરવાની ખૂબ ઇચ્છા થઈ. સ્વામીશ્રી સુરત પધાર્યા ત્યારે તેઓ ભાડાના ઉછીના રૂપિયા લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને આશીર્વાદ લીધા.

સુરતથી અજમાવત કોટ પાછા આવ્યા. પછી તેમને કાનમાં બહેરાશ આવી. લોકોમાં ચર્ચા થવા લાગી કે સ્વામિનારાયણનો નવો ધર્મ સ્વીકાર્યો તેથી માતાજી કોપાયમાન થયાં છે. થોડા વખતમાં આંખમાં પણ ઝાંખપ આવી અને જીભે બોલવાનું બંધ થઈ ગયું. હવે તો લોકો ખુલ્લેઆમ તેમની ટીકા કરવા લાગ્યા. પણ, તેમના અંતરમાંથી નિષ્ઠા ડગી નહીં. તેમણે તો 'આંબો તે આંબો ને લીમડો તે લીમડો' આવો દૃઢ નિશ્ચય કરી રાખ્યો હતો અને સ્વામીશ્રી જેવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ કરી લીધી હતી. શ્રીજીમહારાજે આવી કપરી કસોટી લીધી છતાં તેઓ આનંદ-મસ્તીમાં રહેતા અને સ્વામીશ્રીની સ્મૃતિએ સહિત શ્રીજીમહારાજનું ભજન કરતા હતા.

આ અરસામાં તેમનાં ધર્મપત્ની અને સગાં-સંબંધી દોરા-ધાગાનો વિચાર કરવા લાગ્યાં, પણ તેમણે તો સખત વિરોધ કર્યો અને જણાવી દીધું કે 'મારી ગમે તેવી પરિસ્થિતિ હોય પણ ભગવાન સ્વામિનારાયણ સિવાય મારે કોઈમાં જરાપણ શ્રદ્ધા કે નિષ્ઠા નથી. તો તમારે તે પ્રયત્ન કરવો નહિ.'

તેમની અચલ નિષ્ઠાથી એક રાત્રે સ્વામીશ્રીએ તેમને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને કહ્યું : 'ભગત ! તમે મૂંઝાશો નહિ. સર્વે સારાં વાનાં થશે. તમે સર્વ પ્રકારની ચિંતામાંથી મુક્ત થઈ જશો.'

સ્વામીશ્રીનાં દર્શન થવાથી તેમને અધિક બળ મળી ગયું. અંતરમાં પરમ શાંતિ વ્યાપી ગઈ. ધીરે ધીરે અંબાલાલભાઈની તબિયત પણ પહેલાં જેવી જ સારી થઈ ગઈ અને ટૂંક સમયમાં તેમને ત્યાં પુત્રજન્મ થયો.

સાચા આપ્તજન

આ અરસામાં ગોવિંદસિંહજી ચુડાસમાને લીવર એન્લાર્જ થતું હતું.

દુખાવો બહુ થવા લાગ્યો. સાથે માથાનો દુખાવો પણ રહેતો. રાજકોટમાં તેઓ નિષ્ણાત ડૉક્ટરોની સારવાર લઈ રહ્યા હતા, પણ જરાય ફાયદો જણાયો નહિ.

સ્વામીશ્રી પાટોત્સવ ઊજવવા ગોંડલ પધાર્યા ત્યારે તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ તેમનું પ્રસાદીના હારતોરાથી સન્માન કર્યું. ગોવિંદસિંહજી બેઠા પણ સ્વામીશ્રીએ નજર નાખતાં જ તેમનું સ્વાસ્થ્ય નાણી લીધું ને પૂછ્યું : 'હમણાં તબિયત મોળી લાગે છે.'

ત્યારે ચુડાસમા સાહેબે કહ્યું : 'આપના આશીર્વાદ લેવા માટે જ આવ્યો છું.'

સ્વામીશ્રી કરુણાસભર સ્વરે બોલી ઊઠ્યા : 'તમે સ્વામીને બહુ રાજી કર્યા છે. માટે આવી પીડા ન હોય.' એમ કહીને પેટ પર હાથ ફેરવ્યો અને બોલ્યા : 'જાવ, મહારાજ મટાડી દેશે.'

ચુડાસમા સાહેબે કહ્યું : 'બાપા ! એક બીજી પ્રાર્થના છે, 'મારી કલેક્ટરની નોકરી ઘણી આકરી છે. તેમાં ઘણી વખત બહુ મુસીબત આવે છે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'બેય દુઃખ આજથી ગયાં.'

સ્વામીશ્રીના આશીર્વાદથી એ ક્ષણથી જ લીવર અને માથાના દુખાવાનું દર્દ ગાયબ થઈ ગયું; અને કલેક્ટરના પદેથી નિવૃત્ત થયા ત્યાં સુધી તેમના દરેક કાર્યમાં સફળતા મળતી રહી અને સરકારમાં તેમની કારકિર્દી એક યશસ્વી અમલદાર તરીકે રહી.

સ્વામીશ્રી હરિભક્તની સામાન્ય તકલીફ પણ જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી આશીર્વાદ આપે, ધૂન કરાવે અને જરૂર પડે તો દવા પણ કરાવે. જૂનાગઢના પ્રાગજીભાઈને ગેસની તકલીફ છે તે જાણ થતાં જ સ્વામીશ્રીએ તેમને ગોંડલ આવવા જણાવેલું અને કહેલું : 'ત્યાં રાજવૈદ્ય જીવરામ કાળીદાસ છે. તે આપણા હેતવાળા છે. તેમની દવા કરાવીશું.'

સ્વામીશ્રીએ ગોંડલ પધારી તરત જ જૂનાગઢ સમાચાર મોકલ્યા. તેથી પ્રાગજીભાઈ ગોંડલ આવ્યા. તેમને સાથે લઈને જાતે જ વૈદરાજની રસશાળામાં પધાર્યા ! જીવરામ વૈદ્યને તો સ્વામીશ્રી પ્રત્યે અપાર આદરભાવ, પૂજ્યભાવ હતો. તેઓ સ્વામીશ્રીને હિંદુ સંસ્કૃતિના આધારસ્તંભ, રક્ષક અને પોષક માનતા. સૌને સ્વામીશ્રીનો મહિમા કહેતા. તેમણે સત્કાર કરી આગમનનું કારણ પૂછ્યું. સ્વામીશ્રીએ પ્રાગજીભાઈની ઓળખાણ કરાવી. ગેસની તકલીફની વાત કરી. વૈદ્યરાજે તેમને તપાસીને દવાઓ આપી. થોડા દિવસોમાં ઘણો ફરક પડ્યો ને પ્રાગજીભાઈ ફરી દવા લેવા અને તેમની ફી ચૂકવવા

ગોંડલ આવ્યા, પરંતુ વૈદ્યરાજે તેનો અસ્વીકાર કરતાં કહ્યું : 'સ્વામીશ્રી જેવા મહાન સંત મારે આંગણે આવીને તમારા જેવા ભક્તની દવા માટે માગણી કરે તે મારાં મોટાં ભાગ્ય ગણું છું. તમારે રકમ આપવી હોય તો એમનાં ચરણોમાં ધરો, કારણ કે દવા તો નિમિત્તમાત્ર છે. મોટાપુરુષો કર્તાપણું લેતા નથી. પોતે અકર્તા રહે છે અને શ્રેય મારા જેવાને આપે છે.'

વૈદ્યરાજ જીવરામ કાળીદાસની ખ્યાતિ દેશ-વિદેશમાં હતી અને ગોંડલ નરેશ ભગવત્‌સિંહજીના તેઓ રાજવૈદ્ય હતા. વળી, પ્રકાંડ પંડિત હતા. તેમના મુખે સ્વામીશ્રીનો આવો મહિમા સાંભળી પ્રાગજીભાઈ આશ્ચર્ય પામ્યા. વળી, પોતાના જેવા એક સામાન્ય ભક્ત માટે સ્વામીશ્રી જાતે વૈદ્યરાજના દવાખાને આવે અને આટલો બધો રસ લે એથી તો પ્રાગજીભાઈ અત્યંત ગદ્‌ગદિત થઈ ગયા.

વૈશાખ સુદ પૂનમે સ્વામીશ્રી સંતમંડળ સાથે રાજકોટ આવવા નીકળ્યા. રસ્તામાં ગુરુકુળમાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ સ્વામીશ્રીનું સ્વાગત કરી મંદિરમાં દર્શન કરાવ્યાં.

અહીંથી ૨૦૦ જેટલા સંતો-હરિભક્તોના સંઘ સાથે ડાંગરા તથા ભાદરા દર્શન કરી રામજીભાઈ મિસ્ત્રીને ત્યાં જામનગર પધાર્યા.

આફ્રિકાથી પંડોળીના ચતુરભાઈ અહીં ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મંદિરમાં કોઠારી ઓમપ્રકાશદાસે સ્વામીશ્રી અને સંતોનું સ્વાગત કરી દર્શન કરાવ્યાં. સ્વામીશ્રી આણદાબાવાના આશ્રમમાં પધાર્યા. અહીં મહંત માયાપ્રસાદજીએ સ્વામીશ્રીને સત્કાર્યા. કલેક્ટર સાહેબ તથા મેજર ભગવત્‌સિંહજીને બંગલે પધરામણી થઈ. રેલવે અધિકારી કુમાર માધવસિંહ પણ દર્શને આવ્યા હતા.

અહીંથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના જન્મ સ્થાન શેખપાટ દર્શન કરી સંતસ્વામી વગેરે સંતો સાથે સ્વામીશ્રી વંથળી પધાર્યા.

અહીં સુંદર મંદિર છે. દેવસિંહભાઈ તથા ભાલાજીભાઈ વગેરે ઉત્સાહી ભક્તોએ સેવા કરી. રાત્રે આખું ગામ સભામાં એકત્રિત થયું હતું. કથાવાર્તા, કીર્તન-ભક્તિની ઝડીઓ વરસી. ૧૨-૦૦ વાગ્યા સુધી ઘનશ્યામ શિક્ષણ શાળાના વિદ્યાર્થીઓએ કીર્તનો, સંવાદ, આસનો વગેરે કાર્યક્રમ સ્વામીશ્રી આગળ રજૂ કરી સંતોને રાજી કર્યા. લગભગ ૬૦ ઘરે પધરામણીઓ થઈ.

દરબાર જોરુભાની વિનંતીથી શનિવારે સવારે લાખાણી પધાર્યા. અહીં પણ લગભગ ૪૦ દરબારોને ઘરે પધરામણી થઈ. તાપ સખત હતો. છતાં

ગાડામાં બિરાજી વંથળી થઈ, ટ્રેનમાં રાત્રે ૧૧-૩૦ વાગે ગોંડલ આવ્યા.

ચુસ્ત જૈનધર્મી છોટુભાઈ વકીલને સત્સંગ થવો બહુ કઠણ, પરંતુ એક વાર પ્રભુદાસ લાલાજી તેમને ટ્રેનમાં મળી ગયા. તેમની વાતોથી ગુણ આવતાં છોટુભાઈ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને વકીલની સનદ માટે આશીર્વાદ આપેલા અને કહેલું : 'સંસ્થાનાં ઘણાં કામ તમારા મારફત કરાવવાનાં છે.'

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન પછી તેમને સ્વામીશ્રીમાં ખૂબ હેત થયું. વળી, સનદ માટે અનેક વાર નામંજૂર થયેલી અરજી સ્વામીશ્રી પાર પાડશે, એ વિશ્વાસે તેઓ આવતા રહેલા.

સ્વામીશ્રીએ તેમને એક વખત આદેશ આપ્યો હતો : 'છોટુભાઈ ! બંધિયામાં હરિમંદિર કરવું છે. તમે પ્રયત્ન કરશો. જે દિવસે મંદિરનાં નળિયાં ચઢશે, તે દિવસે તમને સનદ મળી જશે.'

છોટુભાઈએ કાર્યવાહી આરંભી. બંધિયાના ચંદ્રસિંહ બાપુને મળી જમીન બક્ષિસ મેળવી, મંદિરનું કામ શરૂ કરાવ્યું.

આ વખતે સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારે બંધિયા જવા ઇચ્છા દર્શાવી. મંદિરનું બાંધકામ વગેરે જોઈ ખૂબ રાજી થયા. તે દિવસે જ મંદિરનાં નળિયાં ચઢવાનાં હતાં. છોટુભાઈ તો અહોભાગ્ય માની સેવા કરતા હતા. વળી, સ્વામીશ્રીના આશિષ હતા તેથી તે જ દિવસે તેમને વકીલની સનદ મળી. તેમને સેવા અને સંતઆશિષનો મહિમા સમજાયો.

બપોરની ટ્રેનમાં વાંકાનેર જઈ મણિલાલભાઈની તબિયત જોઈ, આશીર્વાદ આપી, રાતની ટ્રેનમાં તા. ૧૦-૬-'૫૩ના અમદાવાદ આવી પહોંચ્યા.

સ્નાનાદિકથી પરવારી, લાલજી મહારાજનાં દર્શન કરી, સભામાં સ્વામીશ્રીએ સૌરાષ્ટ્રના શુભ સમાચાર આપ્યા. સ્વામીશ્રી જે ગામ પધારે ત્યાં આગળના ગામના હરિભક્તોનો પ્રેમ, ભક્તિ, મહિમાની અવશ્ય વાત કરે. સૌને ખૂબ બળ અને પ્રેરણા આપે. આથી હરિભક્તોમાં પરસ્પર મહિમા દૃષ્ટિ, સુહૃદભાવ અને ઉત્સાહ વધતો. જેનું સ્વામીશ્રી સચોટ રીતે સદાય સંવર્ધન કરતા. એકબીજા હરિભક્તોને મળતા જોઈ, પ્રેમ વરસાવતા જોઈ એમને બહુ આનંદ થતો.

એ જ દિવસે બપોરની ટ્રેનમાં અટલાદરા જવા નીકળ્યા. નડિયાદ, આણંદ, વડોદરા સ્ટેશનોએ ભક્તો દર્શને ઊમટ્યા હતા. વિશ્વામિત્રી થઈ નાની ગાડીમાં

સ્વામીશ્રી અટલાદરા સ્ટેશને આવ્યા. વાજતે-ગાજતે સ્વામીશ્રીનું સામૈયું કર્યું. અસંખ્ય હરિભક્તોએ જયનાદોથી સ્ટેશન ગજવી મૂક્યું. બગીમાં બેસી, ધૂન-ભજન કરતાં મંદિરે આવ્યા. વૈશાખ વદ નોમ થી જેઠ સુદ પડવા સુધી, ભક્તરાજ ઉલ્લાસરામભાઈએ મંદિરમાં પારાયણ યોજ્યું હતું. સ્વામીશ્રીના આગમનથી તેઓ ઘણા રાજી થયા. મગનભાઈએ એમની નિષ્ઠાનો મહિમા કહ્યો.

શનિવાર, તા. ૧૩-૬-'૫૩, વડોદરાથી સાંજના ફાસ્ટમાં ગોંડલ પધાર્યા. અક્ષર દેરીમાં રાજકોટના અઢિઆ મોહનભાઈના કુટુંબમાં બટુકની યજ્ઞોપવીત વિધિમાં આશીર્વાદ આપી, મેલમાં ગોંડલથી નીકળી સુરેન્દ્રનગર આવ્યા.

જ્યાં દ્વેષનાં પૂર ઓસરી જાય છે

સુરેન્દ્રનગરના વતની અને અમદાવાદ દેશના આચાર્ય મહારાજ દેવેન્દ્ર-પ્રસાદજીના કુલમુખત્યાર નર્મદાશંકર આચાર્ય બોચાસણ સંસ્થા પ્રત્યે અત્યંત અણગમો ધરાવતા. વર્ષો પહેલાં સ્વામીશ્રી સુરેન્દ્રનગરના મંદિરે દર્શન કરવા પધાર્યા હતા. સભા કરીને બેઠા અને 'સ્વામીની વાતો' બોલ્યા.

બરાબર આ જ સમયે નર્મદાશંકર ત્યાં આવ્યા અને ક્રોધથી લાલપીળા થઈને કહ્યું : 'તમે બોચાસણના બંડિયા છો. આ મંદિરમાં કથાવાર્તા કરવાનો તમને હક્ક નથી. માટે બહાર નીકળી જાવ.'

સ્વામીશ્રી અને સંતો-હરિભક્તો એક શબ્દ પણ બોલ્યા વિના ધીરેથી બહાર નીકળી ગયા. આ પછી નર્મદાશંકર આચાર્ય કોઈ કારણસર ગુનાહિત બન્યા. તેમના વિરુદ્ધ ફોજદારી ગુનો નોંધાયો. તેમણે બધી જ લાગવગ લગાડી, પૈસા વાપર્યા, પણ તે છૂટી શકે તેવી કોઈ પરિસ્થિતિ ન હતી.

આ અરસામાં સૌરાષ્ટ્રના મહાન સંતપુરુષ તરીકે સ્વામીશ્રીનું નામ લોક-જીભે રમી રહ્યું હતું. નર્મદાશંકરના હૃદયમાં મૂંઝવણ હતી. તેમાં વરસો પહેલાં સ્વામીશ્રીના અપમાનની યાદ તાજી થઈ. તેમને ઘામાં મીઠું ભભરાવ્યા જેવી વેદના થઈ. તેમણે ચંદુલાલ મહેતાને પોતાની મૂંઝવણ કહી. તેમણે કહ્યું : 'આના માટે એક જ ઉપાય. સ્વામીશ્રી પાસે જવું અને આશીર્વાદ લેવા.'

બંને તરત જ ગોંડલ આવ્યા. સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને તેઓ રડી પડ્યા અને અણધારી આવી પડેલી આફતમાંથી ઉગારી લેવા માટે કરગરી પડ્યા.

સ્વામીશ્રીએ કરુણા અને વહાલથી તેમના મસ્તકે હાથ ફેરવ્યો અને કહ્યું : 'નર્મદાશંકરભાઈ, શ્રીજીમહારાજની દયાથી તમારો વાળ વાંકો નહીં થાય. તમે

નિર્દોષ છૂટી જશો.' એમ કહી ધૂન કરાવી.

સ્વામીશ્રીના આશીર્વાદ મુજબ નર્મદાશંકરભાઈ નિર્દોષ છૂટી ગયા. પછી ફરી ગોંડલ જઈ, પોતે સ્વામીશ્રીનું અપમાન કરેલું એ પ્રસંગ યાદ કરી, ક્ષમા માગી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એવું કંઈ અમને યાદ નથી ! એવું કાંઈ બન્યું પણ નથી ! માટે તમારા મનમાંથી જ આ વાત કાઢી નાખો !'

પોતાના અપમાનની યાદ પણ ન હોવી એ કેટલી ઊંચી કક્ષા ! તેમને થયું : અહીં 'શબ્દના ઘા રુઝાતા નથી' એ વાયકા ખોટી સાબિત થાય છે. આ પુરુષને 'શબ્દથી ઘા લાગવા' જેવી કોઈ વસ્તુની જ ખબર નથી ! તેઓ અશ્રુભીની આંખે સ્વામીશ્રીને નમી પડ્યા. અને સુરેન્દ્રનગર પધારી સ્વામીશ્રીને પોતાના ઘરે ઠાકોરજી જમાડવાનું આમંત્રણ આપ્યું અને કહ્યું : 'તો જ મને શાંતિ થશે.'

સ્વામીશ્રી આ વખતે સુરેન્દ્રનગર પધાર્યા ત્યારે નર્મદાશંકરભાઈએ લાભ લઈ લીધો. પોતાની ગણતરી મુજબ તેમણે પિસ્તાળીસ હરિભક્તોની રસોઈ બનાવી હતી, પરંતુ સ્વામીશ્રી સુરેન્દ્રનગર પધાર્યા છે તેની જાણ થતાં જ આજુબાજુનાં ગામડાંઓમાંથી ઘણા હરિભક્તો નર્મદાશંકરભાઈના આંગણે ઊમટ્યા. તેઓ મૂંઝાયા. પણ સ્વામીશ્રીએ ઠાકોરજી સન્મુખ ઘીનો દીવો કરાવીને સૌને જમવા બેસવાની આજ્ઞા આપી. કુલ ૩૦૦ હરિભક્તો જમ્યા !

આ નજરે નિહાળેલા ચમત્કારથી તેઓ દિગ્મૂઢ થઈ ગયા. કથા પ્રસંગમાં તેમણે પ્રવચન કરતાં કહ્યું : 'હું કારભારી થયો, આચાર્ય મહારાજનો કુલ-મુખત્યાર થયો, પરંતુ સત્સંગ અને સત્પુરુષને ઓળખવાની દૃષ્ટિ ઘણી મોડી સાંપડી. સ્વામીશ્રીએ મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનું ઋણ હું ક્યારેય ચૂકવી નહીં શકું.' તેઓ ગદ્ગદ થઈ ગયા. દ્વેષનાં પૂર ઓસરી ગયાની નિશાની પશ્ચાત્તાપના રૂપે તેમની આંખોમાં અશ્રુબિંદુ બની ડોકાઈ રહી.

અહીંથી ગઢડા દર્શન કરી, નિંગાળા થઈ, સ્વામીશ્રી ગાડામાં રોહીશાળા આવી પહોંચ્યા. હીરજીભાઈને ત્યાં પુત્ર-જન્મની ખુશાલીમાં પધરામણી થઈ. કોઠારી સુંદરજીભાઈ, ડાહ્યાભાઈ મેરાઈ, ત્રિભોવનભાઈ વગેરે ભક્તો સેવામાં હતા. સદ્ગુરુ બ્રહ્મચારી અક્ષરાનંદજીના જન્મ સ્થાનનાં તથા મહારાજના પ્રસાદીના ઓટે દર્શન કરી, નદીના પટમાં સભા કરી. ગુણાતીતાનંદ સ્વામી અહીં પધારેલા તે વાત બોલ્યા.

અહીં સ્વામીશ્રી, શાસ્ત્રીજી મહારાજ સાથે ઘણી વાર આવ્યા હતા. એક વાર એક્કામાં મુસાફરી કરતા આ બે મહાપુરુષોનાં દર્શન થયાં, તેથી

વલ્લભભાઈ કાનજીભાઈને સંસ્કાર પડ્યા. ભાવ થયો. તેઓ ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા વખતે પણ ગયા હતા. પણ સત્સંગનો રંગ બહુ ઓછો. પ્રતિષ્ઠામાંથી પાછા ફર્યા તે રાતે તેમને સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'જે દર્શન કર્યાં છે તે ભુલાય નહીં ! આ સાધુને ઓળખી રાખજે !'

વલ્લભભાઈ સફાળા બેઠા થઈ ગયા. પેલા મધુર સ્વપ્નનો રોમાંચ હજુ તાજો જ હતો. તેઓ તે શબ્દો વાગોળતા રહ્યા.

આ વખતે સ્વામીશ્રી રોહીશાળા આવ્યા ત્યારે પોતાના ઘરે ઉતારો આપી, સેવાની તક ઝડપી લીધી. તેમણે સ્વામીશ્રીને આ ઘર બાબત વાત કરી કે 'તેમાં ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય છે. તેનું કેમ કરવું ?'

'તે બદરિકાશ્રમમાં ચાલ્યા જશે. કોઈ ભૂત-પ્રેત અહીં રહેશે નહીં !' એમ કહી પ્રસાદીનું જળ મગાવી સ્વામીશ્રીએ અંજલિ ભરીને બધે છાંટવા માંડ્યું. પછી ઘર ફરતી દૂધની ધાર કરાવી અને આશિષ આપ્યા કે 'ભૂખ્યા-દુ:ખિયા નહીં રહો.'

સ્વામીશ્રીની આ અકારણ દયાથી વલ્લભભાઈ તો ભાવવિભોર બની ગયા. તેમનાં તમામ દુ:ખ અને ભૂતાદિકના ઉપદ્રવો શાંત થઈ ગયા.

અંધશ્રદ્ધા અને વહેમના વમળમાંથી સમાજની મુક્તિ

રોહીશાળામાં સૌને સત્સંગનો અમૂલ્ય લાભ આપી, લાખિયાણીથી નારણભાઈ તથા મહીજીભાઈ તેડવા આવ્યા હતા તેથી ત્યાં પધાર્યા. લગભગ ઘરે ઘરે પધરામણી થઈ. રતુભાઈ રાજપૂતને ત્યાં ગયા ત્યારે સ્વામીશ્રીની નજર ગોખલામાં પડી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું છે આ ?'

'બાપા ! મેલડી માતાનું થાનક છે.'

'એમ ? આપણે હવે શ્રીજીમહારાજના થયા.' સ્વામીશ્રીએ કહ્યું : 'તે બિરાજે ત્યાં મેલાં દેવ-દેવી ન રખાય. લ્યો, આ મૂર્તિ.' સ્વામીશ્રીએ તેમને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ આપી. પછી ચોખ્ખું પાણી મગાવી, માતાજી પર અને શ્રીફળ પર છાંટ્યું. હાથ અડાડી કહે : 'આ બધું કૂવામાં પધરાવી દેજો.'

'પણ... આ તો...' તેમના સંબંધી આડા પડ્યા. પણ રતુભાઈએ શૂરવીરતાથી સ્વામીશ્રીની આજ્ઞા પાળી. કુટુંબીઓ તેમને વઢવા લાગ્યા : 'માતાજીનો કોપ થશે તો ધનોત-પનોત નીકળી જશે.' પણ રતુભાઈ મક્કમ રહ્યા.

બે વરસે તેમને ગંભીર બીમારી આવી. તેમના મોટાભાઈએ કહ્યું : 'માતા

કોપ્યાં છે. તે પધરાવી દે નહીં તો મરી જઈશ.'

'ભલે મરું, પણ જે મુખે પાન ચાવ્યાં છે, તે મુખે આવળ નહીં ચવાય ! મને પુરુષોત્તમ નારાયણ મળ્યા અને સ્વામીશ્રી જેવા સદ્‌ગુરુ મળ્યા, તો આ બધું નહીં બને.'

મોટાભાઈને આ શબ્દોમાં પોતાની વિડંબના લાગી. તેમણે રતુભાઈ સાથે બોલવા-ચાલવાનો વ્યવહાર પણ મૂકી દીધો. જો કે, રતુભાઈને સ્વામીશ્રીની કૃપાથી વળતાં પાણી થયાં. પણ તેમની ટેકની વાત જાણી સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

અહીં બેચરભાઈના ઘરે પણ સૂરધન પધરાવ્યા હતા. તેને કૂવામાં પધરાવી દેવા કહ્યું અને તેમને પણ આવા વહેમોથી મુક્ત કર્યા.

પુરુષોત્તમ નારાયણનો આશ્રિત થઈ કોઈ અંધશ્રદ્ધામાં જીવે તે સ્વામીશ્રીને કેમ પસંદ હોય ? અને તેથી જ તો પોતાનું અવિરત વિચરણ હતું. જેનાથી વિષય, વ્યસન અને વહેમોની નાગચૂડમાંથી છૂટી માનવી આચારશુદ્ધિ અને આહારશુદ્ધિ સાથે ભગવદ્-ભજનનું સુખ લઈ શકે. સાદા ઉપદેશમાં સમૂળું પરિવર્તન એ સ્વામીશ્રીની વિશેષતા હતી.

અહીં નવાગામથી શેઠ કેશવલાલભાઈ તેડવા આવેલા, પણ ફરી આવવાનો વાયદો આપી સ્વામીશ્રી ગાડામાં કારિયાણી પધાર્યા.

મંદિરમાં કોઠારી ધર્મવલ્લભદાસજીએ સ્વાગત કર્યું. દરેક પ્રસાદીનાં સ્થાને દર્શન કરાવ્યાં. મહારાજનાં લીલાચરિત્રો સંભળાવ્યાં.

પછી સારંગપુર દર્શન કરી સંતોને મળ્યા. શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર સંત હરિકૃષ્ણદાસ સ્વામીને જોતાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ઓહો ! હરિકૃષ્ણ સ્વામી આપણા ઉપર શાસ્ત્રીજી મહારાજ જેવું જ હેત રાખે. અખંડ નિર્દોષબુદ્ધિ.'

ત્યારે હરિકૃષ્ણ સ્વામી કહે : 'તમો શાસ્ત્રીજી મહારાજ જ છો ને ! શો ફેર છે ?' જૂના સંતોને સ્વામીશ્રી પ્રત્યે અનન્યભાવ હતો.

અહીંથી આણંદ થઈ ભાદરણ પધાર્યા. અંબુભાઈ હીરાભાઈની દીકરીનાં લગ્ન હોવાથી સ્વામીશ્રીને ખાસ તેડાવ્યા હતા. હીરાકાકાએ શાસ્ત્રીજી મહારાજનો શિર સાટે પક્ષ રાખી સેવા કરી હતી.

અહીં ભીમ એકાદશીનો સમૈયો કરી, તા. ૨૫-૬-'૫૩ના આણંદ થઈ નડિયાદ ધોરીભાઈ કિશોરભાઈના પૌત્ર શાંતિભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ

આપવા પધાર્યા. જૂના જૂના હરિભક્તોના વ્યાવહારિક પ્રસંગો સાચવી મોટા-પુરુષ સૌને કેટલા રાજી કરે છે ! વિચરણમાં પડતાં કષ્ટને પોતે ગણકારતા નથી.

અન્નને ઔષધ બનાવ્યું

આ અરસામાં બળવંતભાઈ બ્રહ્મભટ્ટ મુંબઈથી દસ દિવસની રજા લઈ પોતાના પિતાશ્રી બકોરભાઈને મળવા નડિયાદ આવ્યા હતા. તેમને જાણ થઈ કે યોગી મહારાજ પણ હાલ અહીં જ છે, તેથી તરત જ તેઓ દર્શન કરવા ગયા. સ્વામીશ્રીએ ખબર-અંતર પૂછ્યા, ત્યારે તેમણે પોતાના સંઘરણીના રોગની વાત કરી. સ્વામીશ્રી કહે : 'તમે અમારી સાથે ફરજો. તમારો રોગ મટી જશે.'

તેમણે હા પાડી અને તે જ દિવસે સ્વામીશ્રી પીપલગના ભાઈલાલભાઈના નવા મકાનના વાસ્તુ પ્રસંગે પધાર્યા. વિધિ પછી સૌ જમવા બેઠા હતા, ત્યારે સ્વામીશ્રી પીરસવા પધાર્યા. બળવંતભાઈને જોઈને કહે : 'લ્યો ટી.ટી. ! લાડુ જમો.' સ્વામીશ્રી તેમને ટૂંકા નામે ટી.ટી. કહેતા.

'પણ બાપા ! દરદ છે...'

'મટી જશે. મહારાજ સંભારી ખાઈ લેવું, લ્યો.'

કંઈક થઈ જાશે તો ? એમ શંકા રહેવા છતાં તેઓ જમી ગયા અને બધું જ પચી ગયું ! આમ, આઠ-દસ દિવસ તેમને સાથે ફેરવી દર્શન-પ્રસાદીનું સુખ આપ્યું.

રજાના દિવસો પૂરા થતાં બળવંતભાઈએ રજા માગી ત્યારે સ્વામીશ્રીએ રાજી થઈને રજા આપી. પછી પૂછ્યું : 'તમારો રોગ ક્યાં હતો ?' એમ કહી શરીરે હાથ ફેરવ્યો ને કહે : 'તમારો રોગ હવે વયો ગ્યો ! ઘરે જઈ બધી દવા ફેંકી દેજો.'

પછી પૂજા આપી નિયમિત પાંચ માળા ફેરવવા નિયમ આપ્યો. ત્યારથી તેમના રોગે કાયમી વિદાય લીધી.

લખાવડના એક હરિભક્તને નડિયાદની મિશન હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. સ્વામીશ્રી તેમની ખબર જોવા અને આશીર્વાદ આપવા મિશન હૉસ્પિટલમાં પધાર્યા. એ વખતે કૃષ્ણાભાઈ પણ ખબર કાઢવા આવેલા.

સ્વામીશ્રીએ એ બીમાર હરિભક્તની તબિયતના સમાચાર પૂછ્યા અને આખા શરીરે હાથ ફેરવ્યો. તથા સાથે આવેલા સંતો-હરિભક્તો સહિત થોડી વાર ધૂન કરાવીને બોલ્યા કે 'તબિયત સારી થઈ જશે, મૂંઝાશો નહીં.'

સ્વામીશ્રીની આ બધી ક્રિયાઓ જોઈને કૃષ્ણાભાઈને સ્વામીશ્રીનો બહુ ગુણ આવી ગયો. આમ તો કૃષ્ણાભાઈની છાપ નડિયાદમાં માથાભારે માણસ તરીકેની હતી. સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે એક મોટા સંત જાણીને તેમણે પણ બે હાથ જોડ્યા અને કહ્યું : 'બાપા ! મારે ઘેર જમવા પધારો.'

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો ધબ્બો મારતાં કહ્યું કે 'અમે તમારે ત્યાં વાજતે-ગાજતે આવીશું.' એમ કહેતાં ફરી હસતાં તેમના ગળામાં હાથ ફેરવ્યો.

સ્વામીશ્રીના સ્પર્શથી કૃષ્ણાભાઈના શરીરમાં એક રોમાંચ થઈ ગયો. તેમના અંતરમાં અદ્ભુત શાંતિ પ્રસરી ગઈ.

બીજે દિવસે મગનભાઈ વીમાવાળાની મોટરમાં વડતાલ પધાર્યા. દરેક પ્રસાદીનાં સ્થળે દર્શન કર્યાં. કોઠારી રામસંગ ભગતને મળ્યા. ગોમતીમાં સ્નાન કર્યું. બેઠકમાં સભા કરી 'વાતો' બોલ્યા. અંબાલાલભાઈના પીઠામાં, પીપલગના ભાઈલાલભાઈએ બધી વ્યવસ્થા કરી હતી. અહીં ઠાકોરજી જમાડી રાત્રે બોચાસણ પધાર્યા.

જેઠ સુદ ૧૫, અનાયાસે બોચાસણમા સમૈયા જેવું થઈ ગયું. આજુબાજુના હરિભક્તોએ લાભ લીધો. પછી આફ્રિકાથી આવેલા ગોરધનભાઈને ત્યાં ધર્મજ, જશભાઈ ગાર્ડને ત્યાં સોજિત્રા તથા પેટલાદ, પંડોળી થઈ શનિવારે બોચાસણ પધાર્યા.

મુંબઈના ગોવિંદભાઈ નિગોઝવાળા તરફથી મંદિરમાં ચાલતું આરસકામ તથા રંગકામ નિહાળ્યું. મોહનભાઈ મિસ્ત્રી તથા તેમના ચિ. કાંતિભાઈને આશીર્વાદ આપી, સભામાં વાતો કરી.

રવિવાર, તા. ૧૨-૭-'૫૩, બોચાસણથી ડભાસી જઈ આવી રાત્રે ફાસ્ટમાં અમદાવાદ પધાર્યા. નંદાજી દર્શને આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજના અદ્ભુત જીવન પ્રસંગોની વાતો થઈ. તેઓ ઘણા રાજી થયા. સ્વામીશ્રીએ એમને સંતો-હરિભક્તોની યાત્રાની સ્પેશિયલ ટ્રેનની માહિતી આપી અને જ્યારે ટ્રેન છપૈયા પહોંચે ત્યારે ત્યાં દર્શને આવવા ભલામણ કરી. નંદાજીને બંગલે પગલાં કર્યાં. ગોરધનભાઈ પટેલ બીમાર હતા, તેમને ઘેર દર્શન આપી આણંદ પધાર્યા.

રવિવારે ભેગું થવું તો જ સુખ આવશે

અહીંથી તા. ૧૭-૭-'૫૩, સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સત્સંગ-સમાજને ઉપયોગી થાય તેવો એક સુંદર પત્ર લખ્યો હતો. જેમાં

'પ્રકાશ'ના ગ્રાહક બની નિયમિત પાઠ કરવા સૌને ભલામણ કરી હતી. પ્રકાશનો પાઠ કરવાથી જરૂર જ્ઞાન પ્રાપ્ત થશે એવા આશીર્વાદ પાઠવી છેલ્લે જણાવ્યું કે,

'જુઓ, મુંબઈમાં મંડળ સ્થપાયું છે. અમદાવાદમાં મંડળ સ્થપાયું છે. તેમ દરેક ગામમાં મંડળ સ્થાપવાનું છે. દર રવિવારે ગુણાતીત મંડળે ભેગું થવું અને બ્રહ્મનિરૂપણ કરવું તો જ સુખ આવશે. આપણો સત્સંગ વધશે. માટે ગ.મ. ૬૩ પ્રમાણે ત્રણ વાનાં કરવાથી જીવમાં બળ આવે છે. હે સત્સંગીઓ, બળ રાખશો. મહારાજ તથા સ્વામી ને પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ જેવા સંતમાં આત્મબુદ્ધિ કરીને બળ રાખવું.' (અષાઢ સુદ ૬, શુક્રવાર, સવારના ૮-૩૦, તા. ૧૭-૭-'૫૩. આણંદ)

આ રીતે ગામોગામ સત્સંગ મંડળો સ્થપાય તથા રવિસભા થાય તેવી આજ્ઞા સ્વામીશ્રીએ જાહેરમાં સૌને કરી. જો કે પોતે અગાઉ ઘણાં વર્ષોથી જ્યાં જ્યાં પધારે ત્યાં સત્સંગ મંડળની સ્થાપના કરી અઠવાડિક રવિસભાની આજ્ઞા દરેકને કરતા. તે માટે હેતવાળા હરિભક્તોને આજ્ઞાપત્રો પણ લખતા. પણ આ પત્રથી સ્વામીશ્રીએ સમગ્ર સત્સંગ-સમાજને પોતાની અંતરની ઇચ્છા વ્યક્ત કરતા ભારપૂર્વક આજ્ઞા કરી. ગુણાતીત જ્ઞાનના ભક્તોને એકત્રિત કરી વ્યવસ્થિત, શિસ્તબદ્ધ ગુણાતીત સમાજ સ્થાપવાનું સ્વામીશ્રીનું આ પગલું દીર્ઘદૃષ્ટિ યુક્ત હતું. સાથે સાથે સમૂહ-ભક્તિથી એકબીજાને સત્સંગનું બળ પણ વિશેષ મળે એ દૃષ્ટિ પણ હતી.

વટહુકમ

તા. ૫-૮-'૫૩, અષાઢ વદ એકાદશી, ગોંડલથી પણ સ્વામીશ્રીએ હરિભક્તો ઉપર પ્રકાશ દ્વારા એક પત્ર પાઠવ્યો. જેમાં મથાળામાં જણાવ્યું :

'વટહુકમ નં. ૧.'

'રવિવારે મંડળે ભેગા થવુ. સભામાં કયો ટાઇમ ગોઠવો છો તે જણાવશો. તો હવે રવિવારે ભેગા થાશો. ભેગા થઈને પા કલાક ધૂન્ય, પછી બે વચનામૃત, પછી ૧૦ વાતો, બે કીર્તન ગાઈને ઊઠવું. પૂનમ, અમાસ, બે એકાદશીઓએ ઉચ્છવ કરશો. આટલી આજ્ઞા છે. શિર સાટે ચઢાવજો. ગામોગામ મંડળ સ્થાપિત કરવાનાં છે. હરમાનભાઈ ગાનાવાળા પધારવાના છે, તે સમજૂતી આપે તેમ વર્તશો. બળ રાખશો. સૌ એકાદશી ઉપવાસ ફરાળ કરી

કરશો. દરેકે મંદિરે જાવું, ને હાજરીપત્રક રાખવું.'

'વટહુકમ' શબ્દ વાપરીને સ્વામીશ્રી કેટલી અપેક્ષા રાખે છે. કેટલી ફરજ પાડે છે તે જણાય છે. ફેર એટલો જ હતો કે આ વટહુકમ સાધુનો હતો, પ્રેમનો હતો. વળી, સભાની વિગતે સૂચના, હાજરીપત્રક રાખવા સુધીની આજ્ઞા કરે છે. દોરવણી આપવા, સત્સંગ-પ્રચારક હરમાનભાઈ ગામોગામ મોકલે છે. કેવું સુંદર આયોજન ! મંદિરે જવું, એકાદશી કરવી. આ બધા સત્સંગના નિયમોનું પ્રચલન સ્વામીશ્રીએ પત્રો લખી, વાતો કરી હરિભક્તોને દૃઢ કરાવ્યું. આ રીતે કાયમનો ઠેલ માર્યો, પ્રણાલિકા પાડી.

બાળ-સનેહીનો અધ્યાત્મ-વર્ગ

અહીંથી સ્વામીશ્રી કરમસદ પધાર્યા. જૂના હરિમંદિરે ઉતારો હતો. અહીં મોટા નરસિંહભાઈ ભગત એક બાળક લઈને આવ્યા. તેના કપાળમાં તિલક ચાંદલો જોઈ સ્વામીશ્રી કહે : 'ઓ... હો... હો ! બહુ શોભે છે !'

એવામાં એ બાળક દૂર ગયો. તેણે તિલક-ચાંદલો ભૂંસી નાખ્યો ને હસવા લાગ્યો. સ્વામીશ્રી કહે : 'અહીં આવો. વાત કહું.'

તે આવ્યો ત્યારે સ્વામીશ્રીએ તેનું કપાળ કપડાંથી લૂછ્યું. ફરી ચાંદલો કર્યો ને કહે : 'પ્રસાદ આપશું. હવે ન ભૂંસશો.'

પણ બાળકે તો પ્રસાદ ખાઈ ફરી ચાંદલો ભૂંસી નાખ્યો. તેથી નરસિંહભાઈ તેને ધમકાવીને મારવા ગયા. ત્યાં સ્વામીશ્રી કહે : 'હાં, હાં ભગત ! મારશો નહીં. લાવો, ફરી ચાંદલો કરી દઉં !'

તે જ સમયે એ બાળકનો નાનો ભાઈ સ્વામીશ્રી પાસે આવ્યો. સ્વામીશ્રીએ પ્રેમથી તેને ચાંદલો કર્યો. ત્યારે પેલો મસ્તીખોર બાળક પણ પાસે આવીને ઊભો રહ્યો. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તેને પણ ચાંદલો કર્યો. એટલું જ નહીં, ચંદનની અર્ચા પણ કરી.

પાસે ઊભેલા વિનુભાઈને થયું કે આ ડોળી છોકરો શું સમજતો હશે ?

એવામાં સ્વામીશ્રીએ કથાનો પ્રારંભ કર્યો : 'આ વાતું તો જેના ભૂંડા આશય હશે તેને દાબીને પણ ઉપર આવશે !'

વિનુભાઈ ચોંકી ઊઠ્યા. તેમનો બાળક પ્રત્યેનો અભાવ પણ નિર્મૂળ કરવા ઉપર સ્વામીશ્રીની વાતો હતી. પધરામણીએ જતાં વિનુભાઈએ સ્વામીશ્રીને આ વાત કરી કે 'મને બાળકનો અભાવ આવ્યો તે પણ આપે દૂર કર્યો.'

સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'એ અમે ન જાણીએ. શાસ્ત્રીજી મહારાજ બોલી જાય.'

વિનુભાઈને ફરી પ્રશ્ન થયો : 'આ સ્વામીશ્રીનું અંતર્યામીપણું નથી ?'

હજુ તેઓ પૂછે તે પહેલાં સ્વામીશ્રી કહે : 'આપણું તો મહારાજ ચલાવે છે. અંતર્યામી હોય કે ન હોય તેનું આપણે શું કામ છે ? આપણે તો આંબો તે આંબો ને લીંબડો તે લીંબડો. એમ જડબેસલાક કરી દેવું. સ્થાપન-ઉત્થાપન ન કરવું.'

'આપ જ કરાવો છો.' વિનુભાઈએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એમ જ પાકું થાય !'

આ બ્રહ્મવિદ્યાની હરતી-ફરતી કૉલેજમાં જીવન જીવવાની વિદ્યાના કંઈ કેટલાંય પાસાં પ્રયોગશાળા કે સંશોધનાત્મક વિવરણ વર્ગો કે કોઈ વિશેષ અભ્યાસ વિના સ્વામીશ્રી સહજતાથી શીખવી દેતા. અને સૌને પ્રતીતિ આવતી કે અમારી જન્મોજન્મની કસર ટળી છે.

અહીંથી ગાના થઈ તા. ૨૫-૭-'૫૩ના દિવસે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. ગુરુપૂર્ણિમાના સમૈયામાં હરમાનભાઈ આફ્રિકાથી આવ્યા હતા. તેમણે ખૂબ જ જુસ્સાપૂર્વક મહિમાની વાતો કરી, સૌને ઘણું બળ પ્રેર્યું હતું.

પછી રાજકોટ થઈ ગોંડલ પધાર્યા. રણછોડદાસજી મહારાજ દેરીએ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી તેઓ ખૂબ જ રાજી થયા.

મોળું નામ અને કામ જેમને ગમતું નહીં

અમદાવાદમાં સ્વામીશ્રી બિરાજમાન હતા ત્યારે એક દિવસ કાળી પધાર્યા હતા. અહીં ગામલોકોએ વાજતે-ગાજતે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. બપોરે ૧૨-૦૦ થી ૨-૩૦ સુધી ગામમાં ૫૦ પધરામણીઓ થઈ.

કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રી એકાએક કહે : 'આ ગામનું નામ 'કાળી' ન જોઈએ. ભગવાન અને સંતનો એને સંબંધ થયો તેથી હવે એ 'કાળી' મટી ગયું, પવિત્ર થઈ ગયું. માટે આજથી આ ગામનું નામ 'અક્ષર પુરી' સૌએ કહેવું.' એમ ગામલોકોને સ્વામીશ્રીએ સદાને માટે સ્મૃતિ આપી કે તમે 'કાળી' ગામના નથી, પણ 'અક્ષર પુરી'ના અક્ષરમુક્તો છો. એવું કાયમ અનુસંધાન રહે એવું ગોઠવી આપ્યું.

અમદાવાદના અંબાલાલ ભગત બકરી પોળમાં રહે. તેથી બકરી પોળવાળા અંબાલાલભાઈ એમ સૌ બોલતા. સ્વામીશ્રી કહે : 'અંબાલાલભાઈ

જેવા શૂરવીર, જ્ઞાની હરિભક્ત જે પોળમાં રહે તે પોળ 'સિંહ પોળ' તરીકે ઓળખાવી જોઈએ. માટે આજથી એનું નામ 'સિંહ પોળ.' અને એ નક્કી કરવા પોતે ઘણી વાર અંબાલાલભાઈને બોલવા ઊભા કરે ત્યારે કહે : 'હવે સિંહ પોળવાળા અંબાલાલકાકા બે શબ્દ બોલશે !'

નામમાં પણ એમને મોળું ગમતું નહીં. કોઈ અર્થહીન કે તુચ્છ નામ હોય તો પોતાને ગમે નહીં. નામમાં પણ જુસ્સો, અર્થ સભરતા, ભગવાનનો સંબંધ એમને ગમતો. એટલે ઘણા ગૃહસ્થો બાળકોનાં નામ પડાવવા આવે ત્યારે સ્વામીશ્રી ભગવાનનું જ કોઈ નામ આપે. જેથી બાળકને પોતાને, મા-બાપને ભગવાનની સ્મૃતિ રહે. સ્વામીશ્રી ઘણી વાર અજામિલની વાત કરતા કે 'નારદજીના વચને દીકરાનું નામ 'નારાયણ' પાડ્યું, તો અંતસમે કલ્યાણ થયું.' એમ કહી ઘણી વાર રમૂજ પણ કરતા કે 'નામ હોય લક્ષ્મીદાસ ને ભારા વેચતો હોય, ને નામ હોય ગંગા પણ તરસે મરતી હોય !' મૂળ તો જેમાં ભગવાનનો સંબંધ આવે એ એમને મન શ્રેષ્ઠ.

તા. ૨૪-૮-'૫૩, પ્રાંતિજ થઈ હિંમતનગરમાં ચુનીભાઈને સત્સંગ-લાભ આપી, ખેડબ્રહ્મા સ્ટેશને ઊતરીને, ચાલીને નારણદાસ મોદીને ઘરે જવા નીકળ્યા. રસ્તામાં હરણાવ નદી પાર કરવાની હતી. વરસાદ પુષ્કળ પડ્યો હતો. તેથી માથોડાં ઊંચું પાણી હતું.

સરળતાથી નદી પાર કરાય તે માટે ઘાસલેટના રેણ કરેલા છ ડબ્બા બાંધીને તરાપો બનાવેલો. તેના ઉપર સ્વામીશ્રીને બેસાડીને નદી પાર કરાવી. પણ વહેણ એવું હતું કે જરાપણ ગાફલાઈ ચાલે નહીં. હરમાનભાઈની છત્રી આ બેધ્યાનપણામાં જ તણાઈ ગઈ.

સ્વામીશ્રીએ તરાપા ઉપર બેસીને સંકલ્પ કરી નદીમાં જ ધૂન કરાવી કે આ નદી ઉપર પુલ થઈ જાય. રાત્રે જાહેર સભામાં પણ આ અંગે આશીર્વાદ આપી ધૂન કરાવી હતી.

નારાયણભાઈ મોદી જ્યારે જ્યારે સ્વામીશ્રીનાં દર્શને જતા ત્યારે સ્વામીશ્રી પુલ બાબતે પૂછતા. જો કે સ્વામીશ્રીનો સંકલ્પ હતો તેથી ચાર-પાંચ વરસે પુલ થઈ ગયો. નહીંતર, સરકારી તુમારશાહીમાં બે-ત્રણ પેઢી પણ કદાચ પસાર થઈ જાય તો નવાઈ નહીં !

ખેડબ્રહ્મા માતાના મંદિરે તથા બીજાં મંદિરોમાં દર્શન કરી હરિકૃષ્ણ મહારાજને માતાજીના સરોવરમાં સ્નાન કરાવ્યું. આજુબાજુના કંપામાંથી ઘણા

હરિભક્તો આવ્યા હતા. મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનો લાભ આપ્યો. નારણભાઈ મોદી તથા ઉદેસિંહે ખૂબ સેવા કરી. પાછા વળતા નદી પાર કરી આદિવાસીઓના આશ્રમમાં પધાર્યા. ભજન-કીર્તન, વાતો કરીને ભૃગુઋષિના આશ્રમે દર્શન કરી અમદાવાદ આવ્યા. દરેક સ્થળે ઘણા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, સૌને મહારાજનો આશરો કરાવ્યો.

અટલાદરા જન્માષ્ટમીનો સમૈયો કરી સ્વામીશ્રી ખેડા પધાર્યા.

સંવત ૨૦૦૯, શ્રાવણ વદ દશમથી ભાદરવા સુદ બીજ સુધી છોટાભાઈ સારસાવાળા તરફથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સત્સંગિજીવન' સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીજીમહારાજના પ્રસાદીના રામજી મંદિરમાં, વાત્રક નદી કિનારે, નવા પુલ પાસે રખાયેલા સભા સ્થળે સ્વામીશ્રી તથા પ્રમખસ્વામી કથામૃતનું પાન કરાવતા હતા. લગભગ ૩૦ જેટલા સંતો અને હજાર જેટલા હરિભક્તો આજુબાજુ તેમજ દૂરદૂરથી પારાયણનો લાભ લેવા આવ્યા હતા. સોમવતી અમાસને દિવસે, સ્વામીશ્રીએ સંતો તથા હરિભક્તો સાથે વાત્રક નદીમાં સ્નાન કર્યું. પૂર્ણાહુતિને દિવસે સંતો સાથે ગ્રંથની શોભાયાત્રા સુંદર રીતે કાઢવામાં આવી હતી. મોટાસ્વામી, ઘનશ્યામ સ્વામી, અક્ષર સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ, નારણજી મહારાજ, હરમાનભાઈ વગેરે વક્તાઓએ સારો લાભ આપ્યો. ગાનાની યુવાન ભજન-મંડળીએ રાસ, ભજનોથી સૌને રાજી કર્યા. સંતોનો ઉતારો મંદિરમાં હતો. પાર્ષદ રામજી ભગતે મંદિરમાં સંતોની સારી સેવા કરી. ગોવિંદભાઈ, નાથાભાઈ, ચતુરભાઈ, મહીજીભાઈ, પ્રભુદાસ તથા મૂળજીભાઈ વગેરે યુવક મંડળે મળીને સારી વ્યવસ્થા કરી. સ્વામીશ્રી અહીંથી એક દિવસ માટે પીજ પધાર્યા હતા.

તા. ૧૩-૯-'૫૩, સ્વામીશ્રી માતર પધારી સત્સંગ-સમાજને 'પ્રકાશ' દ્વારા પત્ર લખ્યો. જેમાં આગામી સ્પેશિયલ ટ્રેનમાં જોડાવા આદેશ આપતા. શરૂમાં 'પ્રકાશ'નો મહિમા લખ્યો :

'પરમ પૂજ્ય સ્વામીના શબ્દ ઉપર પ્રેમ રાખીને દરેક હરિભક્ત ગ્રાહક થાય એ સૌને કહેવાનું છે.' આવા પ્રેમાળ શબ્દોમાં આજ્ઞા કરી જણાવ્યું :

'સ્પેશિયલ ટ્રેન, યાત્રા માટે સ્વામીના પ્રતાપે ને આશીર્વાદથી થાય છે. સૌને અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીના જન્મ સ્થાન તીર્થભૂમિની જાત્રા થાય. આખી જિંદગીનું ભાથું તે જ છે. તે જમા કરાવી લેવું. અક્ષરધામનું સુખ ભોગવી લેવું. તે માટે ખાસ આમંત્રણ છે.

'આવી રીતે અક્ષરધામની સ્પેશિયલ કીર્તન, ભજન ગાતાં ગાતાં નીકળશે તો લાભ લેશો. કોઈને કોઈ જાતનું દુઃખ શ્રીજીમહારાજ પડવા નહીં દીયે. તે દયાળુ પ્રભુ શ્રીજીમહારાજ આપને શાંતિ આપશે ને ભારે ડંકો વાગશે. એ જ.'

ઓછા શબ્દોમાં ઘણો મહિમા કહી સ્વામીશ્રીએ સૌને યાત્રા-ટ્રેનમાં આવવા આમંત્રણ આપ્યું.

કેસર ભગતનો કેસ સ્વીકાર્યો

પછી રઢુ, પુરુષોત્તમપુરા થઈ સારંગપુર જળઝીલણીનો ઉત્સવ કર્યો.

આસો સુદમાં સ્વામીશ્રી કંથારિયા, ચચાણા, ભોઈકા, ગઢડા, અડવાળ થઈ નારાયણ ધરે અમાસનો સમૈયો ઊજવી મોજીદડ પધાર્યા. આ ગામના મંદિરમાં કેસર ભગત નામે સારા ભક્ત રહેતા અને ગુરુ ગણેશ ભક્તની સેવા કરતા. તેમને પેટમાં ગોળાનું દરદ હતું. કોઈ ઉપાયે મટ્યું નહીં. તેથી તેઓ આ લોકથી ઉદાસ થઈ ગયા. તેમણે સ્વામીશ્રીના પગ પકડી લીધા અને કહ્યું : 'આ દરદ મટાડવું તમારા હાથમાં છે, પરંતુ મારે મટાડવું નથી. મારે હવે આ લોકમાં કોઈ વાસના નથી. રામભાઈ તથા ઘનશ્યામભાઈ બેઉ દીકરા બધો વહેવાર સંભાળશે. વળી, મારે અક્ષરપુરુષોત્તમની પાકી નિષ્ઠા છે અને તમે મોક્ષનું દ્વાર છો એવી મારી સમજણ છે. તો આ ક્ષણે જ મને ધામમાં લઈ જાઓ.'

સ્વામીશ્રી કહે : 'ધૂન કરીએ. તમારું દરદ મટી જાય.'

'મારે રોગ મટાડવો નથી, પણ ભવરોગ મટાડવો છે. આ ક્ષણે એ રોગ મટે તે માટે ધામમાં લઈ જાઓ. મહારાજ તમારું માને છે. તમે મહારાજને સર્વ પ્રકારે વશ કર્યા છે. માટે તમારા ચરણમાં અરજ કરું છું.'

ભક્તનાં આવાં દીન-વચનો સાંભળીને સ્વામીશ્રી બોલ્યા : 'આવું કોઈ માગતું નથી. તમને ધન્ય છે જે, તમે ધામ માગો છો !'

પછી સ્વામીશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ મંગાવી અને તેમના મસ્તક ઉપર મૂકી અને બોલ્યા : 'આવતીકાલે સવારે ૧૦ વાગે મહારાજ તમને ધામમાં લઈ જાશે.'

સ્વામીશ્રી સાંજે વિદાય થયા અને બીજે દિવસે સવારે સ્વામીશ્રીના વચન અનુસાર કેસર ભક્તનો અક્ષરવાસ થયો.

અહીંથી લીંબડી, વઢવાણ થઈને દશેરાએ ગોંડલ આવી પહોંચ્યા. પછી આફ્રિકાથી આવેલા પ્રેમજીભાઈ પબારીને ત્યાં ગળોદર પધાર્યા.

તિલક-ચાંદલાના આગ્રહી

દિવાળીના આ વૅકેશનમાં મુંબઈ, આણંદ વગેરે ગામોના કેટલાક યુવકો સ્વામીશ્રીની આજ્ઞાથી વિચરણમાં સાથે હતા. સ્વામીશ્રી યુવકોની ખૂબ જ ખબર રાખતા. ગળોદરમાં બપોરે ચાર વાગે વાડીમાં યુવકો સાથે સ્નાન કરવા પધારેલા. અહીં સ્નાન કર્યા પછી કૂવાના થાળામાં સ્વામીશ્રી બેઠા. આજુબાજુ યુવકો ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીએ યુવકોને બળની વાતો કરતા કહ્યું : 'આપણે ગુણાતીત બચ્ચા ! સિંહના બચ્ચા ! કોઈથી બીવું નહીં. શરમ રાખવી નહીં. તિલક-ચાંદલો કરવો. નિશાળે, કૉલેજમાં તિલક-ચાંદલો કરીને જ જવું. બજારમાં નીચી દૃષ્ટિ રાખી ચાલવું. રસ્તે ચાલતા વાતો બોલવી.' એમ ઘણી વાતો કરી, તિલક-ચાંદલો કરવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો. અને બાજુમાં તાંબાના દેગડામાં પાણી હતું તે કિશોરભાઈ, નટુભાઈ, જશભાઈ તથા મને હાથમાં આપી પાણી મુકાવ્યું કે હવેથી તિલક-ચાંદલો કરવો જ.[૧૦૭]

---

૧૦૭. યુવકોને પણ થયું કે હવે તિલક-ચાંદલો કર્યા વગર છૂટકો જ નથી. નહીં તો સ્વામીશ્રી નારાજ થશે. કારણ ઘણા સમયથી તેઓ આ આજ્ઞા અમને કરતા હતા. હું મુંબઈમાં જે શાળામાં ભણતો તે અમુલખ હાઈસ્કૂલમાં વૅકેશન-વર્ગો ચાલુ થઈ ગયા હતા. એટલે આ વખતે મારે વહેલું મુંબઈ આવી જવું પડ્યું. ખૂબ હિંમત ભેગી કરી તિલક-ચાંદલા સાથે નિશાળે જવા પ્રયાણ કર્યું. મનમાં એક જ ભય - કહો કે શરમ હતી કે બધા મશ્કરી કરશે ! ખાસ તો શાળાના પ્રિન્સિપાલ પાવરી સાહેબ, જેઓ પારસી હતા અને ખૂબ મશ્કરા હતા, તેઓ ન હોય ત્યાંથી મશ્કરી ઊભી કરતા. તેમાં કપાળ ઉપરનો તિલક-ચાંદલો તો તેમને મોટું નિમિત્ત મળી જશે ! અને વર્ગમાં જરૂર ઠેકડી ઉડાડશે. વળી, એ પોતે જ વૅકેશનમાં વર્ગો લઈ રહ્યા હતા. તેથી મારા મનમાં ભારે મથામણ હતી. અનેકવાર વિચારો આવ્યા કે ભૂંસી નાખું, પણ છેવટે નિશાળ આવી ગઈ. વર્ગમાં પ્રવેશ કર્યો. બધા મારી સામું જુએ પણ બોલે નહીં. વર્ગ પૂરો થયા પછી બધા મળ્યા પણ કોઈ કાંઈ પૂછે નહીં. પ્રિન્સિપાલ સાથે બીજી વાતચીત થઈ પણ કશું બોલ્યા નહીં. વર્ગો પૂરાં થતાં ઘર તરફ પ્રયાણ કરતાં વિચાર આવ્યો કે મારા કપાળમાં તિલક-ચાંદલો છે કે કેમ ? કારણ, કોઈએ કાંઈ પૂછ્યું નહીં. માટુંગા કીંગસર્કલ પાસે આવતાં અરોરા સિનેમાના બાથરૂમમાં જઈને કાચમાં જોયું તો તિલક-ચાંદલો યથાવત્ ! કોઈ બોલ્યું નહીં એ તો મને મહાન ચમત્કાર લાગ્યો. મનમાં થયું સ્વામીશ્રીએ જ સૌનાં મન, વાણી સ્થિર કરી દીધાં હશે. હિંમત મળી ગઈ. તિલક-ચાંદલો કાયમ ચાલુ થઈ ગયાં. એ કેવળ સ્વામીશ્રીનાં અતિ હેતભર્યાં આજ્ઞાવચનોને કારણે જ.

વળી, કાલવાણીમાં યુવકોના હાથ પકડી સ્વામીશ્રી દરેક પ્રસાદીનાં સ્થાનોમા ફર્યા. ખાસ કરીને મહારાજે જ્યાં ૫૦૦ પરમહંસોને દીક્ષા આપી એ સ્થળનો એવો તો મહિમા કહ્યો કે યુવકોના મનમાં દઢતા થઈ જાય કે આપણે પણ સ્વામીશ્રીના વચને કુરબાન થઈ જવું. પ્રસાદીના દરેક સ્થળનો યુવકોને વિગતે મહિમા સમજાવી, સ્વામીશ્રી યુવકોના માનસમાં શ્રીજીમહારાજનાં અલૌકિક વ્યક્તિત્વની આબેહૂબ છાપ સ્થિત કરી શકતા. આ રીતે ઊગતા યુવાનોની ગળથૂથીમાં મહારાજનો મહિમા અને સત્સંગની દઢતા કરાવી રહ્યા હતા.

માળિયા હાટીનાના મંદિરના ભંડારમાં કિશોરભાઈ વગેરે યુવકોને ને મને રસોઈ કરતાં શીખવ્યું. જાતે શાક સુધારવાની તેમજ બીજી મદદ કરવા લાગ્યા. આવા ગુરુ કોને વહાલા ન લાગે !

અહીં ભગતજીએ ૩૦૦ આંબાને પાણી પાયેલું તે પ્રસાદીની વાડીએ દર્શને જવાનું હતું. સ્વામીશ્રી, મોટાસ્વામી તથા હરમાનભાઈ બંધ ઘોડાગાડીમાં બેસીને નીકળ્યા, પરંતુ અચાનક એ ઘોડાગાડીનું પૈડું તૂટ્યું. બધા એકબીજા પર પડ્યા. થોડું ઘણું વાગ્યું. સૌ માંડ માંડ બહાર નીકળ્યા. યુવકો વગેરેને ફાળ પડી કે સ્વામીશ્રીને તો કાંઈ થયું નથી ને ? તેઓ દોડતા આવી પહોંચ્યા, ત્યારે સ્વામીશ્રી ધૂળ ખંખેરતા હસતાં હસતાં કહી રહ્યા હતા : 'પરચો થયો. કેમ હરમાનભાઈ !'

મોટાસ્વામી તો ક્યારનાય અકળાઈ ગયા હતા ને ઘોડાગાડીવાળાને ધમકાવતા હતા. તે સાંભળી એકદમ હસી પડ્યા ને કહે : 'શું, ધૂળ પરચો થયો ?'

સ્વામીશ્રી કહે : 'રક્ષા થઈને !'

સૌ ખડખડાટ હસી પડ્યા. વાતાવરણ ગમગીન કે અવસાદપૂર્ણ બને તે પહેલાં તો સ્વામીશ્રી તેને હળવું બનાવી દેતા. સૌ ચાલતાં જ વાડીએ પહોંચ્યા અને ભાવથી દર્શન કર્યાં.

જૂનાગઢમાં તો ગુણાતીતાનંદ સ્વામીનું પ્રસાદીનું એક પણ સ્થાન બાકી રાખ્યું નહીં. દરવાજામાંથી જ, ભગતજી નાહ્યા હતા તે એંઠવાડની કૂંડી, વતું કરતા તે ઓટલો, મંદિર તથા ઝીણાભાઈનો દરબાર, અક્ષર ઓરડી, સ્વામી જમતા તે ભંડાર, નાહતા તે ચોકડી, જૂના સભામંડપમાં પોતાનું આસન તથા મોટા સદ્‌ગુરુઓનાં આસન, સ્વામી મહાપૂજા કરતા તે સિંહાસન, ભગતજીને સાક્ષાત્કાર કરાવ્યો તે ઓરડો – આ બધાં સ્થળોએ યુવકોના હાથ પકડીને ફર્યા. યુવકો ટોળે વળી જાય, એક-એકના હાથ ખેંચીને સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાવે. જાણે પોતાનું જ ઘર હોય એટલી આત્મીયતાથી

સ્વામીશ્રી અહીં બધે ફરતા હતા. એક-એક સ્થળનો પોતે જે રીતે પરિચય આપતા તેમાં એટલા ઓતપ્રોત અને પ્રભાવક હતા કે સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામી જ આપણી સાથે વાત કરે છે એવો સૌ યુવકોને અનુભવ થતો હતો !

જુવાનિયા સાથે ફરે, તેમને એકલી વિષય-ખંડનની ને ધર્મ-નિયમની વાતો કરે તો તો બધા ભાગી જાય ! થોડા લાડ લડાવવા પડે, જેથી સત્સંગની આકરી વાતો પણ ગળે ઊતરી શકે. જૂનાગઢમાં નટવરલાલ જીકારને ત્યાં યુવકોને રસ-પૂરી પણ ખૂબ જમાડ્યા. એટલો આગ્રહ કરી વહાલ વરસાવતાં જાતે પીરસે કે ભલભલા સ્વચ્છંદ યુવાનો એમના નિર્મળ અને કોમળ પ્રેમ-પાશમાં બંધાઈ જાય. પછી ક્યારેય એમને ભૂલી શકે નહીં. જગતમાં એમના સિવાય કશું દેખાય જ નહીં ! આવી લગની સ્વામીશ્રી યુવકોને લગાડી દેતા.

જૂનાગઢથી ગોંડલ આવતા જેતપુર રોકાયા. બપોરે ઠાકોરજી જમાડી સૌ આરામ કરતા હતા, ત્યારે ચુની ભગત મોટેથી 'સ્વામીની વાતો' ગોખી રહ્યા હતા. તેથી યુવકોને ઊંઘમાં ખલેલ પડતી.

સાંજે સ્વામીશ્રી સ્નાન કરી રહ્યા હતા ત્યારે યુવકોએ ફરિયાદ કરી : 'બાપા ! આજે ચુની ભગતે કોઈને સૂવા દીધા નહીં.'

'એમ ?' સ્વામીશ્રીએ કહ્યું : 'બોલાવો ઠપકો આપીએ.'

યુવકો તેમને બોલાવી લાવ્યા. ચુની ભગત તો હાથ જોડી ઊભા રહ્યા. સ્વામીશ્રીએ મુખ ગંભીર કરી ઠપકો આપવો શરૂ કર્યો અને હસી પડ્યા. ગુસ્સાનો દેખાવ પણ કરી શક્યા નહીં !

સ્વામીશ્રી સાથે યુવકો પણ હસી પડ્યા. તેમને લાગ્યું કે ગુસ્સાનો દેખાવ કરવામાંયે આ પુરુષને કેટલો આયાસ કરવો પડે છે ! અને છતાં પણ એ નિષ્ફળ નીવડે છે ! ક્રોધનો ઊભરો શમાવવો જુદી વાત છે અને ક્રોધ જ ન આવવો એ જુદી વાત છે !

અહીંથી સ્વામીશ્રી દિવાળી-અન્નકૂટ પર્વ નિમિત્તે ગોંડલ પધાર્યા.

બ્રહ્મવિદ્યાના તાલીમ વર્ગો

નવા દિવસોમાં દેશદેશથી હરિભક્તો સ્વામીશ્રીના આશીર્વાદ લેવા ગોંડલ દોડી આવતા. અક્ષર મંદિર ભક્તોથી ઊભરાઈ જતું. નોમથી અન્નકૂટની તૈયારી ચાલે. તેમાં સ્વામીશ્રી બધા યુવકોને સેવામાં જોડી દે. મીઠાઈ બનાવતા કંદોઈને મદદ કરવી, સીધું-સામાન પહોંચાડવું વગેરે સેવા માટે યુવકો દોડાદોડ

કરતા. અન્નકૂટ માટે અનેક પ્રકારના લાડુ, અડદિયા, પેંડા વગેરે વાળવાના હોય. તેમાં યુવકો સ્વામીશ્રી સાથે ટોળે વળીને બેસી જતા. એક પગે પલાંઠી વાળી, બીજો પગ ઊભો રાખી, સ્વામીશ્રી બે હાથે બહુ ઝડપથી, જાણે મશીનમાંથી વળાઈને ઊતરતા હોય તેમ એક સરખા કદના લાડુ વાળતા. યુવકોને સત્સંગની વાત કરતા જાય, આનંદ કરાવતા જાય અને એટલી તો ચપળતાથી સેવા કરે કે યુવાનો સૌ જોઈ રહે ! એમનો સેવાનો ઈશક સહેજે દેખાઈ આવતો.

શ્રીજીની આજ્ઞા પ્રમાણે ભજન કરતાં કરતાં જ સેવા કરવાનું એમને તાન. તેથી યુવકો પાસે એક પછી એક કીર્તનો બોલાવે, વાતો કરાવે, પોતે વાતો કરે એમ ભજનનો દોર અખંડ ચાલુ રખાવે. સ્વામીશ્રીની હૂંફમાં કોઈને થાક લાગતો નહીં. આ સાથે મંદિર વાળવું, વાસણો ઊટકવાં, ચોકા-ભંડાર સાફ કરવા, મૂતરડી તથા પાયખાનાં સાફ કરવાં વગેરે રોજની સેવાનાં કાર્યો તો યુવકોને સોંપેલાં જ હતાં. પોતે બરાબર તપાસ રાખે. એક-એક સેવામા યુવકોને ખટકો રખાવે. કોઈને સહેજ પણ ગાફેલ રહેવા ન દે. વળી, કોઈ ઢીલો-પોચો હોય તો નભાવી પણ લે. પણ વહેલી સવારે ૪ વાગે અને રાતે ૧૧ પછી યુવકોને એકાંતે બેસાડી, ટોળે મળી, એવી તો બળની વાતો કરે કે ગમે તેવા આળસ-પ્રમાદ ખંખેરી નાંખે. સેવામાં દેહના ચૂરેચૂરા કરી નાખવાની તત્પરતા સૌમાં જગાડી દે. પ્રેમમૂર્તિ સ્વામીશ્રીની વાણીમાં, શબ્દોમાં એમના જીવનભરનું તપ, શ્રમ અને સત્ય હતાં, તે યુવકોમાં રહેલી સ્વચ્છંદતા તથા લાપરવાહીનાં મૂળિયાં ઊખેડી નાંખી શ્રદ્ધા અને સેવાનાં બીજ રોપતા હતા.

આ પછી અન્નકૂટ ગોઠવવાનો લાભ પણ યુવકોને મળતો. કેટલાક યુવકો નવા દિવસોમાં મંદિરમાં શોભા-સજાવટ કરતા. બ્રાહ્મણ યુવકોને રસોડામાં જ આખો દિવસ મદદ કરવાની રહેતી, તો બાકીના યુવકોને સવાર, બપોર, સાંજ પીરસવાની સેવા મળતી. આમ, સ્વામીશ્રીના આદેશથી સૌ સેવા-ભક્તિમાં રત રહેતા. કોઈને થાક લાગતો નહીં. સ્વામીશ્રીની મૂર્તિનું સૌને અધિક ને અધિક આકર્ષણ થતું. અને જરાપણ નવરાશ મળે તો સ્વામીશ્રીના પ્રેમ તથા વાત્સલ્યનો મહિમા ગાતાં કોઈ થાકતા નહીં. સ્વામીશ્રી યુવકોનાં જીવનમાં વણાઈ રહ્યા હતા.

❀ ❀ ❀

એકાવન સંતોનો સંકલ્પ સ્વામીશ્રી જાહેર કરે છે



એક દિવસ આણંદના વિનુભાઈ અને રમણભાઈ બંને અક્ષર દેરીમાં પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. વહેલી સવારે મંગળા આરતી થતી હતી. બરાબર એ જ સમયે સ્વામીશ્રી દેરીમાં પૂજા કરવા માટે પધાર્યા. બંનેએ દેરીની તથા સ્વામીશ્રીની પૂજાની પ્રદક્ષિણા થાય તે રીતે ફરવાનું શરૂ કર્યું. એ વખતે સ્વામીશ્રીએ બંનેને પાસે બોલાવીને કહ્યું : '૧૯૬૧માં આપણે ગઢડા મંદિરના કળશ ચડાવવા છે. તે વખતે ૫૧ સાધુ કરવા છે. તેમાં તમારે પણ સાધુ થવાનું છે.'

આ સમયે રમણભાઈને તો સ્વપ્ને પણ સાધુ બનવાનો ખ્યાલ કે સંકલ્પ ન હતો. વળી, તેમને ત્યાગાશ્રમ સંબંધી કશી માહિતી પણ ન હતી, પણ સ્વામીશ્રીએ તેઓને એવા હેતથી પોતાના કરી લીધા હતા કે જે પ્રેમનો જગતમાં ક્યાંય જોટો જડે નહિ.

સ્વામીશ્રી રાતે યુવકોની પથારી પણ જાતે કરી આપે. યુવકોને ઉપવાસ હોય ત્યારે લીંબુના પાણીથી પારણાં કરાવે અને મગ તથા દહીં પણ સામે બેસીને જમાડે.

આ અરસામાં યુવક મંડળોની શરૂઆત થઈ ચૂકી હતી. સ્વામીશ્રી સૌને પ્રેરણા આપી સત્સંગમાં દૃઢતા કરાવતા.

સાંપ્રદાયિક સાહિત્ય સર્જનનો પ્રારંભ

અક્ષર દેરીમાં હરમાનભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'પ્રાગજી ભગતનું જીવન ચરિત્ર હર્ષદભાઈ લખે તો સારું. તેઓ જૂના છે. શાસ્ત્રીજી મહારાજ પાસે તથા નિર્ગુણદાસ સ્વામી પાસે ભગતજી મહારાજના પ્રસંગો અને કથાવાર્તા ખૂબ સાંભળી છે. વળી, લેખનશક્તિ સારી છે.'

સ્વામીશ્રી આ વાત સાંભળી ઘણા જ રાજી થયા અને આ કાર્ય માટે તત્કાળ સંમતિ આપી.

પણ હર્ષદભાઈના મનમાં ગડમથલ હતી કે 'આ કાર્ય તેમની શક્તિ બહારનું છે. આવા ગુણાતીત પુરુષનું ચરિત્ર લખવું તે ઘણું કપરું કામ છે. તેમના દિવ્ય જીવનને બરાબર ન્યાય ન આપી શકાય તો ?' આ પ્રશ્ન એમના મનમાં ઘોળાતો હતો. ત્યારે સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં ખૂબ આશીર્વાદ આપ્યા. અને જણાવ્યું : 'આપણે ક્યાં લખવું છે ? ગુણાતીતબાપા આવીને કલમ ઉપર બેસી જશે ને સારું લખાશે. માટે ચિંતા કરો નહીં ને 'હા' પાડો.'

બીજો પ્રશ્ન સમયનો હતો. આ કાર્ય માટે પૂરતો સમય તો ત્યારે જ મળે જો ધંધામાંથી નિવૃત્તિ લેવાય. આ બાબતમાં પણ સ્વામીશ્રીએ એકાએક તેમને આજ્ઞા આપી કે 'હવે ધંધો-વ્યવહાર બધું ગૌણ કરી નાખો અને શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા છે કે આ જ કાર્ય કરો.'

સ્વામીશ્રીના આદેશથી તેમણે આ કાર્ય શરૂ કર્યું. પ્રેરણા મળતી ગઈ અને જીવન ચરિત્ર લખાતું ગયું. સ્વામીશ્રી જાણે લખાવતા હોય એવા ચમત્કારિક અનુભવો થયા. લખતાં વિચાર ઉદ્‌ભવ થાય કે આવી સત્પુરુષની વાત શાસ્ત્રોના આધારે લખવી. તે મુજબ જ્યારે ગીતા, ભાગવત, ઉપનિષદ કે મહાભારતનું પુસ્તક ખોલે કે એ મતના જ શ્લોકો-વિગતો મળતા જાય.

શાસ્ત્રીજી મહારાજે પોતે લખેલ ૧૨૦ પાનાંના જીવન ચરિત્રમાં ભગતજી મહારાજના સ્વરૂપનું વર્ણન આવ્યું ત્યારે મનમા એમ સકલ્પ થયો કે ભગતજી મહારાજ કેવા અદ્‌ભુત - અલૌકિક હશે ! એવી ઉત્કંઠા જાગી. સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરીશું. તમને ભગતજીનાં દર્શન કરાવશે.' અને તેમની ઇચ્છાથી ભગતજી મહારાજનાં દિવ્ય દર્શન થયાં અને લેખન-કાર્યમાં ઘણો વેગ મળ્યો.

સ્વામીશ્રીએ આ ગ્રંથ-પ્રકાશનમાં એટલો બધો રસ લીધો કે છાપવા માટેનું મુહૂર્ત, પ્રકાશનનું મુહૂર્ત બધું જાતે નક્કી કરી આપ્યું અને ગોંડલમાં જ કેવળચંદભાઈને બોલાવી તેમના 'ભગવદ્‌ લીથો પ્રેસ'માં ગ્રંથ છાપવા નક્કી કર્યું.

ત્યારપછી સ્વામીશ્રીની આજ્ઞાથી તીર્થયાત્રાનું પુસ્તક, શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર, ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર, શ્રીજીમહારાજનું જીવન અને તત્ત્વજ્ઞાન (ગુજરાતી અને અંગ્રેજીમાં) વગેરે ગ્રંથો લખવાની તેમને સેવા મળી. શ્રીજીમહારાજની પરાવાણી 'વચનામૃત' ગ્રંથનું પણ અંગ્રેજીમાં ભાષાંતર

કર્યું. આ સિવાય સત્સંગ-પ્રસારણના કાર્યમાં ઉપયોગી એવું ઘણું સાહિત્ય તેમના દ્વારા થયું.

ગઢડાના નગરશેઠ મોહનલાલ મોતીચંદને અંતિમ સુખ

ગઢડાના નગરશેઠ મોહનભાઈ મોતીચંદ સહકુટુંબ ગોંડલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ ત્રણેક દિવસ રોકાયા. સ્વામીશ્રીએ તેમને કથાવાર્તા-દર્શનનો એવો લાભ આપ્યો કે તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ. અક્ષર મંદિરનું દિવ્ય વાતાવરણ અને સ્વામીશ્રી જેવા દિવ્ય પુરુષના સાંનિધ્યનો તેમને અલૌકિક અનુભવ થયો.

જતી વખતે તેઓ પોતાના મિત્ર ગોવિંદસિંહજી ચુડાસમાને કહેવા લાગ્યા કે 'અહીં મને મોક્ષનો અનુભવ થાય છે. યોગીજી મહારાજ જેવા સાધુ મેં હજુ જોયા નથી.'

ગઢડાના નગરશેઠે સંપ્રદાયના અનેક સંતોનો પરિચય કરેલો, પણ ખૂબ જ વિચક્ષણ એવા શેઠની નજર ક્યાંય ઠરી નહોતી. શાસ્ત્રીજી મહારાજના પ્રભાવમા ખેચાયા હતા, પણ બહુ નજીક આવવાનો પ્રસગ આ વખતે સ્વામીશ્રી પાસે મળ્યો અને એમના અંતરનાં કમાડ ખૂલી ગયાં. અંતરમાં ખૂબ શાંતિ અનુભવતા ભારે હૈયે તેમણે સ્વામીશ્રીની વિદાય લીધી.

ભંડારનો ધુમાડો સેવાના ઈશકમાં આડ કરતો નથી

અહીંથી સ્વામીશ્રી રામોદ પધાર્યા. આ ગામને તેઓ 'ગોકુળિયું ગામ' કહેતા. ત્યાંના મોહનભાઈ, ભૂરાભાઈ, મૂળુબાપા, વેલાબાપા, પ્રેમજીભાઈ મિસ્ત્રી, નારણભાઈ વાળંદ, ટપુભાઈ કોટવાળ વગેરે બહુ પ્રેમી, સરળ અને નિખાલસ પ્રકૃતિના હરિભક્તો. તેમાં પણ મોહનભાઈને સ્વામીશ્રી સાથે સખાભાવ. ગોંડલમાં તેમને દરેક સમૈયે સ્વામીશ્રી અગાઉથી જ સેવામાં તેડાવી લેતા.

સ્વામીશ્રી પધાર્યા તેથી તેમણે લાડુની રસોઈ આપી. ઘણા હરિભક્તો જમવાના હતા. માતમ સ્વામી રસોઈ બનાવવા લાગ્યા. સ્વામીશ્રી હરિભક્તોને કથાવાર્તા કરી રહ્યા હતા.

ભંડાર હવા-ઉજાસ વિનાનો અને બળતણનાં લાકડાં લીલાં, તેથી ધુમાડો બહુ થવા લાગ્યો. માતમ સ્વામીની આંખો બળવા માંડી. તેથી તેઓ તો રસોઈ પડતી મૂકીને મેડી ઉપર જઈને સૂઈ ગયા. થોડી વારે કથા સમાપ્ત થઈ.

સ્વામીશ્રીએ રસોડામાં જઈને જોયું તો લાકડાં બળતાં હતાં. માતમ સ્વામી ન મળે ! ઉપર ગયા તો માતમ સ્વામી ગોદડું ઓઢીને સૂતા હતા. સ્વામીશ્રીએ કારણ પૂછ્યું, તો કહે : 'મારે રસોઈ કરવી નથી. ધુમાડો બહુ થાય છે.'

ત્યારે સ્વામીશ્રી હેતથી બોલ્યા : 'આપણે ઠાકોરજીને થાળ વખતસર ધરવો પડશે તેનું શું થશે ?'

ત્યારે માતમ સ્વામી ખિજાઈને બોલ્યા : 'તમારે થાળ ધરવો હોય તો તમે કરો. મારે તો ભંડારમાં આવવું નથી.'

સ્વામીશ્રીએ નીચે આવી કછોટો મારી, હાથ-પગ ધોઈ, રસોઈ શરૂ કરી દીધી. જોતજોતામાં લાડુ, દાળ, ભાત, શાક વગેરે તૈયાર થઈ ગયાં.

ત્યાં મોહનભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને રસોઈ કરતાં જોઈ પૂછ્યું : 'માતમ સ્વામી ક્યાં ગયા ?'

ધુમાડાથી સ્વામીશ્રીની આંખો પણ લાલઘૂમ થઈ ગઈ હતી. સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'આજે ઘણા વખતે મને ઠાકોરજીના થાળની સેવા મળી. માતમ સ્વામી બહુ દયાળુ, પ્રેમથી સેવા આપી.'

મોહનભાઈને માતમ સ્વામી સાથે પણ ઘણું હેત હતું. ઉપર જઈ માતમ સ્વામીને તેમણે ઢંઢોળી જગાડ્યા. ત્યારે કહે : 'મારે ધુમાડો ખાવો નથી.'

પછી મીઠો ઠપકો આપતાં મોહનભાઈએ કહ્યું : 'જોગી મહારાજે ધુમાડો ખૂબ ખાધો, પણ તમે નીચે ઊતર્યા નહીં. ભંડાર તમારે કરવાનો હોય.'

પછી સૌને જમાડી, યોગી મહારાજે માતમ સ્વામીને પ્રેમથી જમાડ્યા.

બપોરે ૪ વાગે ઠાકોરજીને શેરડીનાં માદળિયાં ધર્યાં. સૌને પ્રસાદી આપી પોતે થોડાં માદળિયાં જમ્યા. ત્યારે મોહનભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! ધુમાડાએ આપને બહુ હેરાન કર્યા. હવે મેડિયું થાય તો કાયમનું દુઃખ મટે.'

સ્વામીશ્રી હસ્યા અને પોતે જમતા હતા તે માદળિયાં મોહનભાઈને આપ્યાં ને પૂછ્યું : 'કેટલાં થયાં ?'

'સાત.' તેમણે ગણીને કહ્યું. સ્વામીશ્રીએ સૂચક દૃષ્ટિપાત કર્યો.

મોહનભાઈ એ વખતે તો સ્વામીશ્રીની પ્રસાદીનું રહસ્ય ન સમજ્યા, પરંતુ બરાબર સાત વરસે મોટી મેડીઓ થઈ ત્યારે તેમને શેરડીનાં માદળિયાં સાંભર્યાં. સાત વરસ અને સાત માદળિયાંનો પ્રસંગ મોહનભાઈ તથા ઘરના સર્વના જીવમાં જડાઈ ગયો.

અહીંથી યુવકોને સાથે લઈ સ્વામીશ્રી થાણાદેવડી પધાર્યા. થાણાદેવડીના

દરબારને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ ભાવ. સ્વામીશ્રી સાંજે પહોંચ્યા. દરબારે ભાવથી સ્વાગત કર્યું. તેમની પાસે શ્રીજીમહારાજની પ્રસાદીની તલવાર હતી. તેઓએ તેનાં દર્શન સ્વામીશ્રીને અનેક વાર કરાવ્યાં હતાં. પ્રસાદીની તલવાર હોવા છતાં સ્વામીશ્રી તલવારને ઊંચકતા સંકોચાતા હતા. દરબાર સાહેબે સ્વામીશ્રીને હાથમાં આપવા પ્રયત્ન કર્યો ત્યારે હાથ પાછા લઈ લીધા. પછી ધીરેથી સ્પર્શ કર્યો અને હાથ આંખે અડાડ્યો, પણ 'તલવાર સાધુના હાથમાં ન શોભે' એમ વિચારી હાથમાં તો લીધી જ નહીં.[૧૦૮]

'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'નો જન્મ

ગોંડલથી ટ્રેનમાં સ્વામીશ્રી માણાવદર જઈ રહ્યા હતા. ગિરદી બહુ હતી. તેથી ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરી રહ્યા હતા. સાથે એક સંત અને સેવામાં ચુની ભગત હતા.

મુસાફરીમાં પણ સ્વામીશ્રીનું સેવાકાર્ય ચાલતું હોય. નાની એવી લૂગડાની પોટલીમાં થોડાં પોસ્ટકાર્ડ, પરબિડિયાં વગેરે ટપાલની સામગ્રી સ્વામીશ્રી સાથે રાખતા. ટ્રેન ઊપડી એટલે એમણે ટપાલની પોટલીમાંથી વાંચવાના પત્રો કાઢ્યા. પછી ઇન્ડિપેન લઈ એક કાગળ ઉપર કંઈક નોંધ કરવા લાગ્યા. તેઓ જમણા હાથે અંગૂઠા અને પહેલી આંગળી વચ્ચે નીબને અડોઅડ પણ બહુ દબાવીને ઇન્ડિપેન પકડતા. એટલે ઘણી વાર આંગળી શાહીથી ભૂરી થતી. વળી, ઇન્ડિપેન દેશી, જાડી, મોટી રાખતા, જેથી તેમાં શાહી વધુ સમાય. પેનની પકડ એવી હતી કે કાગળ ઉપર અક્ષરની જુદી જ ભાત પડતી.

નોંધમાં એમણે રવિસભા અંગે સૂચના લખી હતી કે 'રવિવારે સભા કરશો...' 'વચનામૃત' અને 'સ્વામીની વાતું'ની યાદી સાથે આપી હતી. આ નોંધ સ્વામીશ્રીએ ચુની ભગતને આપી અને ટ્રેનમાંથી મુંબઈ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને હિંમતનગર એમ આઠ શહેરોમાં વડીલ મંડળો તથા બાળ મંડળોને પત્રો લખવા કહ્યું. પછી પોતે એમાં સહીઓ કરી.

આ થઈ રવિસભાના આજ્ઞાપત્રોની શરૂઆત.

જો કે આમ તો પોતે વર્ષોથી હેતવાળાં મંડળોમાં જાતે આજ્ઞાપત્રો લખતા જ હતા. પણ આ પછી નિયમિતપણે રવિવાર આવતાં પહેલાં સ્વામીશ્રીના

---

૧૦૮. ઑક્ટોબર, ૧૯૫૩.

આજ્ઞાપત્રો મંડળોમાં પહોંચી જતા. પત્રોની સંખ્યા વધી એટલે છાપેલાં પોસ્ટકાર્ડ લખવાનાં શરૂ કર્યાં. જેમાં સ્વામીશ્રીની સૂચના પ્રમાણે 'વચનામૃત' અને 'સ્વામીની વાતું'ની યાદી અપાતી તથા વિશેષ આજ્ઞાઓ લખાતી. છતાં સ્વામીશ્રી તો સહી કરતા જ.

એમ કરતાં દર અઠવાડિયે ૯૬ જેટલા પત્રો થઈ ગયા, એટલે પત્ર-વ્યવહારનું કામ મુંબઈ મંડળને સોંપાયું. મંડળોની સંખ્યા ૧૫૦ જેટલી પહોંચી એટલે તા. ૫-૧૨-૧૯૫૬થી સાઈક્લોસ્ટાઈલ કરેલી 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' રવિસભા અને સત્સંગ સમાચાર માટે સ્વામીશ્રીના આશીર્વાદથી મુંબઈથી દરેક મંડળને મોકલવાની શરૂ થઈ. આજે તેનો વિસ્તાર અનંત ગણો વધી ગયો.

યુવાન ચંદ્રકાન્તને સત્સંગની ચોટ

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારે રાજકોટથી ચંદ્રકાન્ત અઢિયા દર્શને આવ્યા હતા. તેમના મામા લક્ષ્મીદાસ ગણાત્રાની ઑફિસમાં સેલ્સમૅનની નોકરી કરતા આ યુવકને જર્મની જવાની ખૂબ ઇચ્છા. તેથી તેમણે સ્વામીશ્રીને પોતાની ઇચ્છા જણાવી આશીર્વાદ માગ્યા.

આમ તો તેમને નોકરીના કામે ફરતા રહેવાનું થતું. તેથી ખંભાત ગયેલા ત્યારે ત્યાંના મંદિરમાં સ્વામી માયાતીતાનંદજી પાસે આશીર્વાદ લીધા જ હતા અને તેમણે કહેલું કે 'તમારી ઇચ્છા પૂરી થશે.'

લક્ષ્મીદાસ ગણાત્રાને એમ કે અહીં રહી ધંધો વિકસાવવો, પણ જર્મની ન જવું. તેથી તેમણે તે જ વખતે સ્વામીશ્રીને કહ્યું કે 'આ ત્યાં ન જાય તે માટે સમજાવો.'

સ્વામીશ્રીએ ચંદ્રકાન્તને ધબ્બો આપી હેતથી સમજાવ્યા : 'અહીં રહો. તમારે જર્મની જવાનું નહીં થાય. મામાની ઑફિસ સંભાળજો ને ધંધો વધારજો.'

'પણ બાપા ! બધી તૈયારી થઈ ગઈ છે. પાસપોર્ટ તૈયાર છે.'

'પણ અમારું કહ્યું માનો.'

ચંદ્રકાન્તભાઈને બહુ ગેડ ન બેઠી. તેઓ મુંબઈ જઈ વિઝાની પેરવી કરવા લાગ્યા, પરંતુ પાસપોર્ટમાં કોઈ પ્રકારનો વાંધો આવવાથી તે રદ થયો. વિઝા ન મળ્યા. તેથી જર્મની જવાની પરવાનગી મળી શકી નહીં. તેઓ વીલે મોંએ પાછા ફર્યા.

જ્યારે ખંભાત ગયા ત્યારે માયાતીતાનંદ સ્વામીને પૂછ્યું કે ‘આપ વચન-સિદ્ધ છો, છતાં વચન કેમ અફળ ગયું ?’

તેમણે પૂછ્યું : ‘કોઈ બીજાને આ અંગે વાત કરી હતી ?’

‘હા, મારા મામાના ગુરુ યોગી મહારાજને પૂછ્યું હતું ત્યારે એમણે ના પાડી હતી.’

‘તો તો તે કામ ન થાય. એ શ્રીજીમહારાજના બહુ પ્રતાપી અને સમર્થ વચનસિદ્ધ પુરુષ છે.’ માયાતીતાનંદ સ્વામીએ કહ્યું.

આ મહિમાના શબ્દોએ ચંદ્રકાન્તભાઈને એવી ચોટ લગાવી કે તેઓ નિષ્ઠાવાન સત્સંગી થયા અને સ્વામીશ્રીની મરજીમાં રહી સત્સંગની સારી સેવા કરી.

સ્વામીશ્રીને શરીરે તાવ જેવું હતું એટલે કાર્તિક એકાદશી અને પૂર્ણિમાના ઉત્સવો ગોંડલમાં જ કર્યા. હરમાનભાઈ, ખેંગારજીભાઈ, હકાભાઈ વગેરે ભક્ત મંડળ સાથે જ હતું.

પછી અમદાવાદ થઈ સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

❀ ❀ ❀

શાસ્ત્રીજી મહારાજ સ્પેશિયલ ટ્રેન



સ્વામીશ્રી સાથે પ્રમુખસ્વામી, મોટાસ્વામી વગેરે ૧૬ સંતો, લગભગ ૫૦૦ જેટલા હરિભક્તો યાત્રામાં જઈ રહ્યા હતા. સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'મને શાસ્ત્રીજી મહારાજે કહેલું કે 'નારણ'દા'ને છપૈયાની જાત્રા કરાવજો.' એટલે પ્રમુખસ્વામીને છપૈયા, અયોધ્યાનાં દર્શન કરાવવા આ સ્પેશિયલ ટ્રેન કાઢી છે. ઉત્તર ભારતનાં અનેક તીર્થોમાં યાત્રા થવાની હતી પણ છપૈયાનાં દર્શન સ્વામીશ્રીને મન યાત્રાનું કેન્દ્ર અને હેતુ હતાં. પોતાના પત્રમાં પણ સ્વામીશ્રીએ હરિભક્તોને છપૈયા-દર્શનની જ એકમાત્ર મહત્તા બતાવી હતી.

યાત્રામાં જનારા હરિભક્તો અટલાદરા આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી સાથે તીર્થયાત્રાનો સૌને અનેરો ઉમંગ હતો. સોમવારે બપોરે વડોદરા સ્ટેશને આવી પહોંચ્યા. સ્ટેશન ઉપર વાજતે-ગાજતે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આખી ટ્રેન ફૂલહારથી શણગારવામાં આવી હતી. સ્વામીશ્રી જેમાં બેસવાના હતા એ સેકન્ડ ક્લાસનો ડબ્બો પણ યુવકોએ ભાવથી શણગાર્યો હતો. સ્ટેશન ઉપર હરિભક્તોની અસહ્ય ભીડ જામી હતી. મૂકવા આવનાર ભક્તોનો સમૂહ બહુ મોટો હતો. સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ માટે પડાપડી થઈ રહી હતી. હરમાનભાઈએ પ્રસંગોચિત પ્રવચન કર્યું. વડોદરાના વિખ્યાત 'સ્ટાર બૅન્ડ'ની સૂરાવલિ વચ્ચે, હરિભક્તોના જયનાદોના અપૂર્વ ઉદ્‌ઘોષ સાથે તા. ૨૩-૧૧-'૫૩ના ૩-૪૫ વાગે ટ્રેને વિદાય લીધી. મૂકવા આવનાર સેંકડો હરિભક્તોનાં મનમાં વસવસો રહી ગયો કે 'આપણે રહી ગયા. આવો લાભ ફરી નહીં મળે.' જો કે છેલ્લી ઘડીએ યાત્રિકોનો ધસારો ખૂબ વધી ગયો, તેથી બે ડબ્બા વધારવા પડ્યા હતા. સૌ ભારે હૈયે વિખરાયા.

આ ટ્રેનનું નામ 'શાસ્ત્રીજી મહારાજ સ્વામિનારાયણ સ્પેશિયલ ટ્રેન' રાખવામાં આવ્યું.

વળી, સંપ્રદાયના ઈતિહાસમાં એક અતિ મહત્ત્વનો પ્રસંગ પણ યાત્રા દરમ્યાન ગોઠવાયો. અમદાવાદના ધર્મધુરંધર આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સમગ્ર સત્સંગના સંતો-હરિભક્તોની ઘણા વખતથી તીવ્ર ઈચ્છા હતી કે 'છપૈયા સ્વામિનારાયણ' મોટું રેલવે સ્ટેશન બને. છેલ્લાં લગભગ પચાસ વર્ષથી, ઘણા પૈસાના ભોગે ઘણા પ્રયત્નો થયા પણ તે નિષ્ફળ રહ્યા. આચાર્ય મહારાજની ઈચ્છા પૂર્ણ કરવા સ્વામીશ્રી નિમિત્ત બન્યા. સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે આ સ્ટેશન થવું જ જોઈએ. એમણે નંદાજીને વાત કરી. સ્વામીશ્રીને રાજી કરવા નંદાજીએ આ અંગેના સક્રિય પ્રયત્નો કર્યા. રેલવે મિનિસ્ટર માનનીય લાલબહાદુર શાસ્ત્રીને વાત કરી. કાર્યવાહી તરત આગળ વધી અને 'છપૈયા સ્વામિનારાયણ' રીતસરનું મોટું સ્ટેશન કરવાની સૂચના રેલવે મૅનેજર તથા અન્ય રેલવે અધિકારીઓને અપાઈ ગઈ. નંદાજીએ આ વિશિષ્ટ પ્રસંગે છપૈયા દર્શને આવવાનું વચન આપ્યું.

યાત્રા શરૂ થતાં પહેલાં સ્વામીશ્રીએ એક અકળ લીલા કરી. યાત્રા શરૂ થવાને થોડા દિવસ બાકી હતા ને સ્વામીશ્રીએ ગોંડલમાં બીમારી ગ્રહણ કરી. આયોજકોમાં દોડાદોડ થઈ ગઈ. સૌ ગોંડલ પહોંચ્યા. સ્વામીશ્રીએ તાવ અને અશક્તિ ખૂબ જ ગ્રહણ કરેલાં. પણ હરમાનભાઈ વગેરે ભક્તોને સ્વામીશ્રીએ હૈયાધારણ આપી કે 'હવે મને સારું છે, સ્પેશિયલ બંધ નહિ રહે.'

આ સમયે ભક્તિબા ગોંડલમાં હતાં. તેમણે કાર્યકર્તાઓને ચેતવણી આપી કે 'આટલી ઠંડીમાં અને આવી નાદુરસ્ત તબિયતમાં સ્વામીશ્રીને હરિદ્વાર, છપૈયા યાત્રામાં લઈ જાવ છો, તે જરાય યોગ્ય નથી.' વળી, સૌ મૂંઝાયા.

સ્વામીશ્રીએ અશક્તિમાં પણ ઉત્સાહથી હરિભક્તોને જણાવ્યું કે 'આજથી તમારાં દર્શનથી મને હવે સારું થઈ જશે. જરાય ચિંતા કરશો નહિ. તમે બધી તૈયારી કરો. શાસ્ત્રીજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, સાક્ષાત્ શ્રીજીમહારાજ આપણી સાથે છે. ટાઢ તો ક્યાંઈ જતી રહેશે. કોઈને કોઈ જાતનું શરીરનું દુ:ખ, અગવડ, કાંઈ મહારાજ રહેવા દેશે નહિ. શાંતિ રાખવી. એક-બીજાનો મહિમા સમજી સેવાનું તાન રાખવું.'

એ નિમિત્તે સૌને દેરીમાં પ્રદક્ષિણા તથા માળા કરવાની આજ્ઞા કરી. થોડી વાર પછી સ્વામીશ્રી પોતે અક્ષર દેરીમાં પધાર્યા. આથી સૌ આશ્ચર્યમાં પડી ગયા. બધા એક સાથે બોલી ઊઠ્યા : 'બાપા ! આપ બહાર કેમ નીકળ્યા ? આટલી અશક્તિ ને તાવ !'

'રોગ તો હવે ગિયો ! હવે ક્યાં તાવ છે !' સ્વામીશ્રીએ હસતાં હસતાં જણાવ્યું. ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે આ પુરુષની લીલા અકળ છે.

સૌ સ્વસ્થ થયા અને યાત્રાની તડામાર તૈયારીઓ પૂર્વવત્ ચાલુ રહી.

આયોજકોને વળાવતાં કહે : 'લો, હવે થોડું વાતોનું ભાથું બંધાવીએ. સ્વામી કહેતા કે મુક્તોની માયા બહુ ભારે છે. સ્વામી જૂનાગઢ બિરાજતા ત્યારે ઘણા હરિભક્તો તેમને વીંટળાઈને બેઠા હોય, વાતોથી સૌનાં અંતર ટાઢાં થઈ જતાં. તેમણે બીજ વાવ્યાં, તેનાં શાસ્ત્રીજી મહારાજે ઝાડ કરી દીધાં. તેની છાયામાં આપણે બ્રહ્મકિલ્લોલ કરીએ છીએ. અને કરવાનું એ જ છે. હવે તો એની ઘટા ફાલે-ફૂલે એ કરવાનું છે. માટે માન, મોટાઈ કે ઠૂઠપણું મૂકી દેવું. એમાં માલ નથી. નમ્રતા રાખવી. વિવેક રાખવો. સૌમાં સદ્ભાવ વધારવો. પ્રેમથી સેવા કરી ભગવાન અને મોટા સંતને રાજી કરી લેવા. એ જ મનુષ્ય-જન્મનું સાર્થક છે.'

સ્વામીશ્રીના કર્તાપણાનો, નિયંતાપણાનો ખ્યાલ સૌને રહે, અંદરોઅંદર ખૂબ જ સદ્ભાવ અને સુમેળથી કાર્ય થાય, એવો જ કોઈ ઉદ્દેશ સમજાવવા સ્વામીશ્રીએ આ ચરિત્ર કર્યું હશે. યાત્રા એટલે એમને મન એક જ લક્ષ્ય હતું કે શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ કરવો. પ્રમુખસ્વામીને છપૈયાનાં દર્શન કરાવવાં અને બ્રહ્મવિદ્યાની હરતી-ફરતી પ્રયોગશાળા સમી યાત્રાની ટ્રેનમાં ભીડાભક્તિ સાથે સુહૃદભાવના બ્રહ્મસૂત્રો સૌને દૃઢ કરાવવાં. ગુણાતીત સમાજના સૂત્રધાર સ્વામીશ્રીએ બીમારી બાજુએ મૂકી દીધી અને પૂર્વવત્ પ્રસન્નતાપૂર્વક યાત્રામા જોડાયા.

ક્ષીપ્રા 'અક્ષર'રૂપ બને છે

ગોધરા, દાહોદ વટાવી ટ્રેન તા. ૨૪-૧૧-'૫૩, સવારે ૪ વાગે ઉજ્જૈન પહોંચી. વાહનવ્યવસ્થાની ઊણપને કારણે એક બસમાં સ્વામીશ્રી, સંતો અને કેટલાક હરિભક્તો ગોઠવાયા. ઉજેણી નગરીમાં ક્ષીપ્રા નદીમાં સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. સાથે આવેલા યાત્રિકોને માથે જળ ચઢાવ્યું. હાથ ઊંચો કરી અતિ ઉત્સાહમાં આ 'અક્ષર નદી' એવું ક્ષીપ્રાનું નવું નામ જાહેર કર્યું. 'જે કોઈ આમાં સ્નાન કરશે તેને સત્સંગનો યોગ થશે' – એવા આશીર્વાદ આપ્યા.

અહીંથી ગોપાળ મંદિરે આવ્યા. મંદિરની બાંધણી સ્વામીશ્રીએ વખાણી. સ્ટેશને આવી બધા યાત્રિકોને ફરીથી દર્શન દીધાં. માઇક પાસે આવી આ

યાત્રાના પ્રથમ ઉપદેશનું મહાવાક્ય કહ્યું : 'ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં આવે નહિ. જેમ જળકૂકડીને જળ લોપે નહિ, તેમ એવા પુરુષ માયામાં આવે તોપણ માયા લોપી શકે નહિ. એવા સમર્થ પુરુષ હોય તે અનંત જીવોને માયા પાર કરી મૂકે.'

તે જ રાત્રે ડબ્બામાં મુક્તાનંદ સ્વામીનું પદ *'નારદ ઐસે સાચે સંતકી રીતિ, જેહી સુની સાધુ પરત પિછાનત'* એ ગવરાવ્યું. અને સમજાવ્યું કે 'આવા એકાંતિક સંત એ જ મહારાજનું સર્વસ્વ છે. એવી રીતે મહારાજના વખતમાં હતા અને આજે પણ છે. ગ.મ. ૩૦ પ્રમાણે એ જ મહારાજને પ્યારા સાધુ છે. એની ઓળખાણ થાય તો માયાના પેચમાં આવવા દે નહિ.'

યાત્રા-ટ્રેનનો મુકામ જ્યાં જ્યાં થાય ત્યાં પ્લૅટફૉર્મ ઉપર જ સભા ગોઠવાતી. આગ્રામાં સ્ટેશન ઉપર સભા થઈ. સ્વામીશ્રીને તો એક જ તાન, ઉપદેશનો એક જ સૂર -

'હજારો મુક્તોને ભજન કરવા આ સ્પેશિયલ છે. ભગવાનના સંતના સંબંધે એ નિર્ગુણભાવને પામી ગઈ છે. જે એને સંભારશે તે બધા જ મોટી સિદ્ધિને પામશે. આજે પ્રમુખસ્વામીને છપૈયાની જાત્રા કરાવવાનો સંકલ્પ પૂરો થાય છે. 'આ સ્પેશિયલ ચાલશે કે નહિ ? દુઃખ પડશે, અગવડ આવશે' એવા સંકલ્પો ઘણાને થતા હતા. પણ સર્વોપરી થયું છે. બધાને આપણો ભાર પડી ગયો છે. કેટલાકને રોગને લીધે આવવાના સંકલ્પ ન હતા. તેમને પણ 'પરાણે બ્રાહ્મણી' કરી લીધા છે. પણ રોગમાત્ર છપૈયાની જાત્રામાં મટી જશે. ઓછું ખાશે તોપણ શેર લોહી ચડશે અને શૂળીનું દુઃખ કાંટે સરશે.

'આ તીર્થોમાં આપણે દાન કરવું. મહારાજે તો યજ્ઞો કર્યા, લાખો બ્રાહ્મણો જમાડ્યા અને દક્ષિણા આપી, પણ પાછળ કારભારીઓ લોભી પાક્યા તે સ્વામિનારાયણને લોભી કહેવરાવ્યા. આપણે દાન કરીએ તો લોકોને આપણો ગુણ આવે અને તેમનું કલ્યાણ થાય. માટે દાન તો જરૂર કરવું જ.'

અહીં અમદાવાદ પાસે રકનપુરના ભક્તરાજ અંબાલાલભાઈના ચિ. નારણભાઈ મોટી પેઢીમાં મૅનેજર હતા. તેમની વિનંતીથી બપોરે તેમની પેઢી ઉપર સ્વામીશ્રી તથા સંતો પધાર્યા હતા. તેમણે ફૂલહારથી સ્વામીશ્રીનું સ્વાગત કરી, ઠાકોરજીની પૂજા કરી. પેઢીના બીજા સ્ટાફને પણ સ્વામીશ્રીના આશીર્વાદ અપાવ્યા. આ વખતે પેઢીના રસોઈયા, નોકર, ડ્રાઈવર તથા ઘોડાગાડી હાંકનાર નાનામાં નાના માણસને પ્રસાદીનો હાર પહેરાવી સ્વામીશ્રીએ આશીર્વાદ

આપ્યા. અહીંથી નારણભાઈ સ્વામીશ્રીને તાજમહાલ બતાવવા લઈ ગયા અને સ્ટેશને પાછા મૂકી ગયા.

સાંજે ટ્રેનના ડબ્બામાં પણ સ્વામીશ્રીએ એ જ વાત કરી કે 'અક્ષરધામનું સુખ મળ્યું છે, તે જો મનાય તો અષ્ટસિદ્ધિ અને નવનિધિ એમાં જ છે. ભગવાન હોય ત્યાં ભક્તની ભીડ હોય. ભગવાનને એ ભીડ ગમે છે.' એમ કહીને તુલસીદાસજીની સાખી બોલ્યા :

'ચિત્રકૂટ કે ઘાટ પે, ભઈ ભક્તન કી ભીડ,
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.'

વ્રજભૂમિમાં ગુણાતીત સંતનાં પગલાં

તા. ૨૬મીએ આગ્રાથી નારાયણભાઈ બે મોટરો લઈને સવારે ૮ વાગે મથુરા સ્ટેશને સેવામાં આવી ગયા. તેમની મોટરોમાં સ્વામીશ્રી અને સંતોએ ગોકુલ, વૃંદાવન, ગોવર્ધન પર્વત, રાધા કુંડ, જતીપુરા વગેરે સ્થળોએ દર્શન કર્યાં. વૃંદાવન જતાં બિરલા મંદિર તથા વૃંદાવનમાં સોનાના સ્તંભવાળું લક્ષ્મીચંદ શેઠનું મંદિર, જયપુર મહારાજનું કનક મંદિર, કાચ મંદિર એવાં અનેક મંદિરોનાં દર્શન કર્યાં. રંગનાથ ભગવાનના મંદિરમાં પૂજારીએ આરતીનો લાભ પણ આપ્યો. અને ૪ વાગે સૌ મથુરા આવી પહોંચ્યા.

સવારે નીકળતાં પહેલાં પણ સ્વામીશ્રીએ સભા કરી. સંપ, સુહૃદપણું, એકબીજાની સેવા કરવી એ ઉપર ખૂબ વાતો કરી હતી : 'કોઈ બેઠો ભજન કરે તેને મારે બેઠા ખાવા દેવું, લૂગડાં મારે ધોવરાવવાં. એમ અપાર શ્રદ્ધા ને ધીરજ હોય તો મહારાજ તો સહાય કરવા બેઠા છે.'

તે ઉપર મુક્તાનંદ સ્વામીનાં કીર્તનો બોલાવ્યાં :

'તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે,' તથા *'હરિજન થઈને હાણ-વરધ, સુખ-દુ:ખ મનમાં નવ આણીએ.'*

સ્વામીશ્રીએ સમજાવ્યું કે 'આ કીર્તનમાં સુખ-દુ:ખ મનમાં ઉતારવાનું કહ્યું નથી. પણ આપણે એ જ કરીએ છીએ એટલે દુ:ખ થાય છે. પરોક્ષના ભક્તોએ જો ધીરજ રાખી તો મુક્તાનંદ સ્વામીએ તેમનાં આખ્યાનો લખી દીધાં. તે મુજબ આપણે ચાલવાનું છે.'

સાંજે દર્શન કરીને આવ્યા પછી અન્નકૂટની પ્રસાદી વહેંચતાં હસતાં હસતાં સૌને કહ્યું : 'બધાને સોળ આની પરોક્ષમાં માલ મનાય છે. પણ ખરો

લાભ આ દર્શન-સમાગમમાં જ છે. વેગળું સાકર જેવું, ઢૂંકડું કડવું, એવું મનાઈ ગયું છે. પણ શ્રીજીમહારાજનો મહિમા બસો વર્ષમાં એવો વધી જશે કે પાંચ હજાર વર્ષનું સૌ ભૂલી જશે.'

ભારતના પાટનગરમાં

તા. ૨૮-૧૧-'૫૩, ન્યૂદિલ્હી સ્ટેશને ટ્રેન આવી પહોંચી. સૌ નાહ્યા, પરવાર્યા અને સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે સભા કરો. વહેલી સવારે ઠંડીમાં નંદાજી પણ દર્શને આવી ગયા હતા. આયોજકોમાં વાતો ચાલતી હતી. સ્વામીશ્રી તો ધ્યાનમાં ઊતરી ગયા હોય એમ દર્શન દેતા હતા. બધાની વાતો પૂરી થઈ એટલે 'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી' એ રીતે 'સ્વામીની વાતો' બોલવાની શરૂ કરી :

'વ્યવહારમાર્ગ તો કાંઈ કઠણ નથી, એ તો સૌને આવડે. પણ જ્ઞાન માર્ગ સમજવો, એ માર્ગે ચાલવું એ કઠણ છે. અને કરવાનું પણ એ જ છે. જેનું કર્યું થાય છે તે તો જાણીએ કંઈ જાણતા નથી અને વચમાંથી બીજા કેટલાક મનસૂબા કરે છે.'

કેટલીક વાતો બોલ્યા પછી કહે :

'પ્રગટનું ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં આવે નહિ. માયામાં ક્યારે ન અવાય ? વર્તમાન ન લોપીએ, ભગવાન ને ભગવાનના ભક્તનો અભાવ ન આવે, અને સુહૃદપણું રહે, તો માયાના પેચમાં અવાય જ નહિ. સગાભાઈ અને મા-બાપ વિષે પ્રીતિ રહે છે તેવી હરિભક્તમાં રહે તો સુહૃદપણું થયું ગણાય. સ્વામી કહેતા કે આગળ સુહૃદપણાનો ધક્કો લાગશે. સુહૃદપણું હોય તો જ મોટાપુરુષ આપણને પાંખમાં બેસારે.

'આપણે સેવા કરવી, પણ 'તુમ ગુરુ અને હમ બી ગુરુ' એમ ન કરવું. બોચાસણમાં એક ધૂળો ભગત રહેતો. લૂલો, જાતે કોળી હતો. વાસણ ઊટકવાની સેવા જ તેણે કરવાની. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે આ ધૂળા ભગતનો મહિમા જો સમજાય, તો જ મારો પૂરેપૂરો મહિમા તમે સમજ્યા ગણાશો. માટે ભગવાન ને ભગવાનના ભક્તનો ભીડો વેઠવો, પણ અવગુણ ન લેવો. કારણ ધૂળમાંથી ધાન થાય છે.

'આગ્રામાં આપણે હનુમાનજીનાં દર્શન કર્યાં. તેમાં છાતી ફાડી રુંવાડે રુંવાડે રામ બતાવ્યા. તેમ આપણે રુંવાડે રુંવાડે સ્વામિનારાયણનું ભજન થશે

ત્યારે જ પૂરો મહિમા સમજ્યા છીએ એમ મનાશે.

'આ સ્પેશિયલમાં આપણે કથાવાર્તા કરવા જ આવ્યા છીએ. કથાવાર્તા છે એ ભગવાનની મૂર્તિ છે. તે થાય તો જ જાત્રાનું ફળ મળે. સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે છે એમ કાનજીભાઈને સ્વપ્નમાં કહી ગયા છે. તો ટાઢ-તડકો નહીં લાગે. આખા તીર્થનું ભાતું છપૈયામાં છે, પરંતુ આગળ ધોળકા, અમદાવાદ આવે છે તેમાં કંઈ જોવા જેવું નથી. જે જોવાનું છે તે ભેગું છે. માટે આગળ કાંઈ જોવાનું નથી.

'સચ્ચિદાનંદ સ્વામીએ અગિયાર ઉપવાસ કર્યા અને ટાઢ-તડકો વેઠ્યો તો રણછોડજી વશ થઈ ગયા અને દ્વારિકા છોડી વડતાલ આવ્યા. માટે ભગવાન તો તપે કરીને જ રાજી થાય છે. આપણે તો એવો દાખડો કરવો પડતો નથી. રોજ મિષ્ટાન્ન, ચા, નાસ્તા વગેરે મળે છે. છતાં દુઃખ મનાય છે તો સુખ ક્યાં મનાશે ? માટે, *'બળભરી વાતો મુખે કરવી, મોળી વાત કે'દી ન ઉચ્ચરવી; મુખોમુખ થઈ ઓળખાણ, કોઈ વાતની ન રહી તાણ.'*

સ્વામીશ્રી અને મોટેરા સંતોનો ઉતારો નંદાજીને ત્યાં હતો. બીજે દિવસે આખા સંઘને તેમના બંગલે આવવાનું આમંત્રણ હતું. તેથી મણિભાઈ સલાડવાળા આખા સંઘને સેક્રેટરીએટની ઑફિસો, પાર્લામેન્ટનો સભાગૃહ વગેરે બતાવી નગરયાત્રાના સ્વરૂપમાં સ્વામિનારાયણ મંત્રની ધૂન કરાવતાં નંદાજીને બંગલે લઈ આવ્યા. વિશાળ ચોગાનમાં સભાનું આયોજન કર્યું હતું. જયસુખભાઈ હાથી તથા બીજા અમલદારો હાજર રહ્યા. કીર્તન-ભક્તિ પછી હરમાનભાઈ, નંદાજી, ત્રિભોવનદાસ વગેરેનાં પ્રવચનો થયાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં, 'સ્વામીની વાતો' બોલી સમજાવતાં કહ્યું :

'મનુષ્યભાવ ન આવવા દેવો તે એનું નામ કે મોટાપુરુષને પોતા જેવા સમજે. કોટિ જન્મે કસર ટળવાની હોય તે આ ને આ જન્મે ટળે, જો મોટાપુરુષ મળે ને કહે તેમ કરે તો.'

'હાંજી ભલા સાધુ...' કીર્તન બોલ્યા. અને કહે : 'એવું સાધુપણું પ્રાપ્ત કરવું. મહારાજ કહે, તેને અને પુરુષોત્તમ નારાયણને લેશમાત્ર છેટું નથી. ધૂળ જેવો હરિભક્ત હોય, તેનો પણ અવગુણ કદી ન લેવો.

તુલસી જાકે મુખનસે, ભૂલે નીકસે રામ,
તાકે પગકી પહેનિયાં, મેરે તનકી ચામ.

'આવું થાય ત્યારે મહિમા સમજ્યા કહેવાઈએ. સમજ્યા ! બજારમાંથી

રૂપિયા આપી જોડા સિવડાવી દેવા એમ નથી, પણ પોતાનું ચામડું ખેંચીને સિવડાવવાનું કહ્યું. એમ થાય ત્યારે મહિમા સમજ્યા કહેવાય.'

પછી મોટાસ્વામીએ વાતો કરી. થાળ-આરતી થયાં. અતિશય ઉત્સાહ તથા પરસ્પર હેત-પ્રીતથી અક્ષરધામનું વાતાવરણ સર્જાયું હતું. પ્રસાદ લઈ નંદાજીના પૂજાના ઓરડામાં દર્શન કરી સૌ વિખરાયા.

અહીં સ્વામીશ્રીએ ઢેબરભાઈને યાદ કર્યા અને મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

ઢેબરભાઈ એ વખતે કૉંગ્રેસ પ્રમુખ હતા અને દિલ્હીમાં જ હતા. સ્વામીશ્રીએ તેમને યાદ કર્યા છે એવો ફોન થયો, ત્યારે તેઓ જવાહરલાલ નહેરુ સાથે મિટિંગમાં બેઠા હતા. તેમણે નહેરુજી પાસે પંદર મિનિટની રજા માગી. નહેરુજીએ કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'ગુજરાતના એક મોટા સંત યોગીજી મહારાજ આવ્યા છે. પ્રેમની મૂર્તિ છે. આપ એમને ગોંડલમાં મળેલા. મારા જીવનમાં એમના ઘણા ઉપકાર છે. માટે મારે એમને મળવું જોઈએ.' નહેરુજીએ સ્મિત કરતાં રજા આપી. આવી અગત્યની મિટિંગ છોડીને ઢેબરભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા, તે વાત જ તેમની સ્વામીશ્રી પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિની સાખ પૂરતી હતી.

સ્વામીશ્રી દિલ્હીમાં બે-ત્રણ દિવસ રહ્યા તે દરમ્યાન નંદાજીના બંગલે એ વખતના પ્રધાનો લાલબહાદુર શાસ્ત્રી, જગજીવનરામ, જયસુખલાલ હાથી, સરદાર પટેલના સેક્રેટરી મૂળશંકરભાઈ ભટ્ટ, કિશોરભાઈ ગઢિયા વગેરે અનેક મહાનુભાવોએ સ્વામીશ્રીનાં દર્શન અને સત્સંગનો લાભ લીધો હતો.

તા. ૩૦-૧૧-'૫૩, દિલ્હી પ્લેટફૉર્મ ઉપર સભા થઈ. જાણે બધાને બ્રહ્મરૂપ કરી દેવા એવી જ એક ભાવના હોય, તેમ સ્વામીશ્રીએ બ્રહ્મભાવની જ વાતોનો મેઘ વર્ષાવ્યો : 'બ્રહ્મરૂપ થવામાં દેહ અંતરાયરૂપ છે. અને પરબ્રહ્મમાં જોડાવામાં સંગ અનેક પ્રકારના અંતરાયરૂપ છે. સંગ શું ? તો આવા દિવ્ય-ભાવવાળા સત્સંગીને વિશે મનુષ્યભાવ લાવીએ તે જ કહેવાય. માટે મનુષ્યભાવ તો લાવવો જ નહિ.'

રાત્રે ન્યૂદિલ્હી સ્ટેશનથી ટ્રેન જૂના દિલ્હી સ્ટેશને આવી. કેટલાક ઠાકોર દરબારો, અમલદારો, વેપારીઓ, રેલવે અધિકારીઓ વગેરે ઘણા મોટા માણસો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ભેટ, ફૂલહાર અને દર્શન માટે પડાપડી થઈ. સ્ટેશન ઉપર સભામાં સ્વામીશ્રીએ કહ્યું : 'સાંખ્યવિચાર કરવા શીખવો. સાંખ્ય વગર અર્ધો સત્સંગ. અર્ધો સત્સંગ તે શું ? તો મનનું ધાર્યું ન થાય ત્યારે મોટા-

પુરુષ ખોટા થઈ જાય.' આવી મુદ્દાની વાતો કરતા હતા.

ત્યાં ગાડી ઊપડવાનો સમય થયો. નંદાજી વિદાય આપવા આવવાના હોવાથી તેમની રાહ જોવાતી હતી. સ્વામીશ્રી કહે : 'નંદાજી બહુ નિયમિત છે. આવતા જ હશે.' પછી કહે : 'નંદાજી બહુ મોટા માણસ, એક દિવસ વડા-પ્રધાન થશે !'

તે વખતે 'લોકસત્તા'ના દિલ્હી ખાતેના પ્રતિનિધિ જયંત ગઢિયા બાજુમાં ઊભા હતા. તેમને થયું કે આ વાતમાં કોઈ તથ્ય નથી. કેમ કે નંદાજી તે વખતે કૅબિનેટના સામાન્ય પ્રધાન હતા. વળી, મૌલાના આઝાદ, ડૉ. કાત્થુ જેવા ધુરંધર રાજકારણીઓ હયાત હતા. અને અન્ય પ્રધાનો પણ નંદાજી કરતાં વધુ પ્રભાવશાળી અને ઊંચા સ્થાને હતા. તેથી દેશનો કાર્યભાર તેમના હાથમાં આવવાની કોઈ શક્યતા નહોતી. તેઓ વિચારમાં પડી ગયા.

એવામાં નંદાજી આવી ગયા. સ્વામીશ્રીને પગે લાગી આશીર્વાદ માગ્યા. ટ્રેને દિલ્હી છોડ્યું.

નહેરુજીના અવસાન બાદ ૧૯૬૪માં નંદાજી કામચલાઉ વડાપ્રધાન તરીકે નિમાયા ત્યારે સ્વામીશ્રીના વિધાનનું સત્ય જયંત ગઢિયાને સમજાયું અને મનમાં આશ્ચર્ય પણ અનુભવ્યું.

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું નહોતું તેથી તેમના ડબ્બા પાસે યાત્રિકોની ભીડ ખાળવાનો વ્યવસ્થાપકો પ્રયત્ન કરતા. પણ સ્વામીશ્રી પોતે જ ડબ્બાની બહાર નીકળી, ટ્રેન આગળ ફરી, તમામ ગોઠવણ જોવા નીકળતા. એ રીતે સૌને સ્વયં દર્શન આપતા. રોજ જે સ્થળે રોકાવાનું હોય ત્યાં પ્લૅટફૉર્મ ઉપર સવારના સભા કરતા. દર્શનનું અલભ્ય સુખ આપતા. જે સંતો સાથે પધાર્યા હતા તેમના ડબ્બામાં જતા. તેમની તબિયત, સગવડ વગેરેની તપાસ કરતા. બેસતા, વાતો કરતા અને સુખ આપતા. સભામાં પણ સૌને અગવડ-સગવડ ઉપર કોઈ જાતનો ધોખો ન કરવા, સુહૃદભાવ કેળવવા, કથાવાર્તા-દર્શન વગેરેનું સુખ વિચારવા ઉપદેશ આપી, દિવ્યાનંદ કરાવતા.

પરમ દયાળુ સ્વામીશ્રી હરિભક્તોને જરાય અગવડ ન પડે તેની અખંડ કાળજી રાખતા. એમનો ઉપદેશ ગમે તેવા પ્રકૃતિથી ખરડાયેલા માનસને શાંત, શુદ્ધ કરી દેતો. પ્રકૃતિના દોષરૂપી વિષને તત્કાળ શમાવનાર નોળવેલ જેવી અમૃતવર્ષા એમની વાણીમાંથી અખંડ વરસતી.

એમની દેહથી પર સ્થિતિને જોઈ, સૌ કોઈ દેહના ભાવથી પર રહેવામાં

સફળતા મેળવી શકે, એવાં એમનાં પરમ પાવન દર્શન ! એમની સાધુતા, પ્રેમ, મહિમા, બ્રહ્મસ્થિતિના અમોઘ બળથી સૌ આનંદમય વર્તતા. પોતાના સંકલ્પ બળે જ તેમણે માંદાને સાજા રાખ્યા. જે કાંઈ ખાઈ ન શકે, તે ગમે તેટલું જમે તે તમામ પચી જતું. નિર્બળને હરવા-ફરવાનું બળ મળતું. અગવડમાત્ર સગવડમાં ફેરવાઈ જતી. અખંડ અક્ષરધામનો આનંદ આનંદ રહેતો !

હર કી પેડી પાવન કરી

તા. ૧-૧૨-'૫૩, યાત્રા ટ્રેન હરિદ્વાર આવી પહોંચી. પ્રકૃતિએ જાણે હરિને રીઝવવા વિશેષ સુંદરતા ધારણ કરી હોય એવું અહીંનું રમ્ય વાતાવરણ હતું. આવા સ્થાનમાં કથાનો વિશેષ આનંદ આવે. સ્વામીશ્રીએ હંમેશ મુજબ સભાનું આયોજન કર્યું. 'મહાધ્યાનાભ્યાસમ્...' શ્લોકથી મંગલાચરણ કરી, ગ.પ્ર. ૭૬નું વચનામૃત મોઢે બોલ્યા : 'ક્રોધી, ઈર્ષાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના મનુષ્ય, તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ. આમાં સિદ્ધાંત એ છે કે આપણે સૌ હરિભક્ત થયા છીએ, માળા ફેરવીએ છીએ પણ સ્વભાવ ટાળ્યા સિવાય સત્સંગી કહેવાઈશું નહિ. ક્રોધ કરવાનું કદાચ મન થઈ જાય, તો કોઈ નિયમ-ભંગ કરાવવા આવે ત્યારે કરવો. એ ક્રોધ નિર્ગુણ થઈ જશે. ઈર્ષાવાળો તો કોઈની ઉત્કૃષ્ટતા ખમી શકે જ નહિ. કપટી હોય તે દંભે કરીને ભક્તિ કરે, માટે નિષ્કપટ થાવું. લોયાનું ૫મું વચનામૃત વિચારવું. ઈર્ષા ઉપર સારંગપુરનું ૮મું વચનામૃત વિચારવું. ક્રોધ ઉપર લોયાનું ૧લું વચનામૃત વિચારવું. માન ઉપર લોયાનું ૧૬મું વચનામૃત વિચારવું.

'વળી, મહારાજ કહે : 'કામીનો તો અમારે વિશ્વાસ જ નહિ. પંચ વર્તમાન લોપે તેને સત્સંગી કહેવાય જ નહિ. પંચ વર્તમાન દેહે કરીને પાળવાં એ પણ ભીડો છે. માટે એ વેઠવો અને વર્તમાન બરાબર પાળવાં. વચનનો ભીડો, સેવાનો ભીડો, બે કલાક કથામાં વધારે બેસાડે અને પ્રકૃતિ મરોડે એ પણ ભીડો. જેણે વચન માન્યું તેને આનંદ થયો. માટે સર્વ પ્રકારે ભીડો વેઠવો. હરિભક્તોની સેવા કરવી. નવરાવવા, દાતણ આપવાં વગેરે સેવા છે. તો શાસ્ત્રીજી મહારાજ રાજી થશે.'

૧૦ વાગે ગંગા-કિનારે 'હર કી પેડી' ઉપર સૌ નાહવા ગયા. સ્વામીશ્રી તથા સંતો ઘોડાગાડીમાં બિરાજ્યા હતા. હરિભક્તો સૌ નગરયાત્રારૂપે 'સ્વામિનારાયણ' ધૂન કરતા ચાલતા હતા. રસ્તામાં અનેક ભાવિકો સ્વામીશ્રીને બે

હાથ જોડી પાવન થતા હતા. ગંગા તો પુનર્જીવન પામવા રાહ જોતી, સ્વામીશ્રીને નવરાવવા જળને વધુ સ્વચ્છ બનાવી, ઉતાવળે દોડતી હતી. સ્વામીશ્રીએ સૌ પ્રથમ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. પોતે સ્નાન કર્યું. હરિભક્તોને માથે જળ ચઢાવી સૌને નાહવાની આજ્ઞા કરી. આવા મહાન તીર્થસ્થાનમાં સૌને ગુરુપૂજાનો અલભ્ય લાભ મળ્યો.

'નૈમિષારણ્ય સાથે છે'

બીજે દિવસે સૌને હૃષીકેશ જવાનું હતું. સવારે ૭-૧૫ વાગે પરવારી સ્વામીશ્રી ડબ્બામાં સગડીથી તાપતા હતા. *'ધીર ધુરંધરા શૂર સાચા ખરા, મરણનો ભય તે મનમાં ન આણે'* – એ પ્રભાતિયું બોલ્યા અને કહ્યું કે 'મરણનો ભય તો દેહને છે. જીવ તો અવિનાશી છે. પોતાનું સ્વરૂપ દેહ માને તો દુઃખ રહે. માટે પોતાનું સ્વરૂપ દેહ ન માનવું. નૈમિષારણ્ય સાથે છે, પણ પરોક્ષનો મહિમા બહુ એટલે લોકોને તાણ રહે.'

અહીં સભા ન થઈ. બધાને બસમાં લક્ષ્મણઝૂલા જવાનું હતું. ઘણા હરિભક્તો બહાર નીકળી ગયા હતા. સ્વામીશ્રી પધારવાના નહોતા તેથી મોટાસ્વામી સાથે પ્લૅટફૉર્મના બાંકડા ઉપર તડકે બેઠા. થોડા ભક્તો વીંટળાઈને બેઠા હતા. દર્શન સારાં થતાં હતાં. સ્વામીશ્રી કહે : 'ભગવાનની ભક્તિમાં દેહ જ વિઘ્નરૂપ છે. માટે દેહનું માનવું નહિ. હિમાલયની તળેટીમાં મહારાજ ફર્યા છે. માટે બધું જ પ્રસાદીનું છે.'

મોટાસ્વામીએ મહારાજના વિચરણની વાત કરી. આજે એકાદશી હતી.

તા. ૩-૧૨-'૫૩, ટ્રેન નૈમિષારણ્ય આવી પહોંચી. સ્વામીશ્રીને શરીરે ઠીક ન હતું. તેથી તેઓ બહાર પધાર્યા ન હતા. ડબ્બામાં વાત કરી કે 'નૈમિષારણ્યનું માહાત્મ્ય તો હજારો વર્ષ થયાં એટલે બધાને મનાય. લોકો અથડાય પણ ખરા. પણ ખપવાળાની ખોટ છે. પ્રગટના ભક્તોનાં દર્શનથી અને તેઓ જ્યાં જ્યાં સ્નાન કરે છે ત્યાં લોકોને સંસ્કાર થશે. સત્સંગમાં જન્મ થશે. આવી રીતે સ્વામીનો સંકલ્પ - દસ કરોડ મનુષ્ય સ્વામિનારાયણનું ભજન કરે - તે સિદ્ધ થશે.'

કર્નલ ભાટિયાને દિવ્યચક્ષુ

તા. ૪-૧૨-'૫૩ના સૌ અયોધ્યા આવી પહોંચ્યા. મંદિર પાછળ ચોકમાં

પ્રસાદીની છત્રી સામે સવારના મીઠા તાપમાં ઓટલા ઉપર સભા થઈ. સ્વામીશ્રીની તબિયત અસ્વસ્થ જણાતી હતી. તેઓ કહે : 'દર્શનનું જેવું તાન છે, તેવું આજ્ઞા પાળવાનું રાખવું. આજ્ઞા પાળવામાં ગુડિયું ન વાળવું.'

પછી મંદિરમાં અને આજુબાજુનાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. ૧૧ વાગે ઘનશ્યામ મહારાજની રાજભોગની આરતી પોતે ઉતારી.

ફૈઝાબાદથી ધીરુભા રાણા સ્વામીશ્રીને આમંત્રણ આપવા આવ્યા હતા. સાંજે પધારવાની સ્વામીશ્રીએ અનુમતિ આપી. પાછળથી આયોજકોને જાણ થતાં તેમણે સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે પધરામણી બંધ રખાવી. ભક્તરાજ દાજીબાપુના સુપુત્ર આ નિષ્ઠાવાન ભક્તનો ઘણો જ ભાવ હતો. સ્વામીશ્રીની પણ ઘણી ઇચ્છા હતી. પણ કાર્યકર્તાઓની સૂચનાને માન આપી, મોટાસ્વામી, પ્રમુખસ્વામી વગેરે સંતો તથા કેટલાક મોટેરા હરિભક્તોને મોકલ્યા. મિલિટરીને છાજે એવા ભારે દબદબાથી એમણે સંતોનું સ્વાગત કર્યું. સૌ અધિકારીઓને આશીર્વાદ અપાવ્યા.

બીજે દિવસે સવારે ધીરુભા રાણા, લશ્કરી ઉચ્ચ અધિકારી કર્નલ પી. ભાટિયા, મેજર નઈડકા અને મેજર બીઓહાર વગેરેને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. અસ્વસ્થ તબિયત હોવા છતાં સ્વામીશ્રીએ એમનું સારું સ્વાગત કર્યું. એમણે સ્વામીશ્રીને ફૂલહાર કર્યા. સ્વામીશ્રીએ પોતાની લાક્ષણિક અદામાં કર્નલ ભાટિયાના વાંસામાં જોસથી આશીર્વાદનો થાપો આપ્યો, ત્યારે ધીરુભા રાણા તો સ્તબ્ધ થઈ ગયા કે સ્વામીશ્રીએ આને ધબ્બો માર્યો ! આને જરૂર ખોટું લાગશે. પણ કર્નલ બહુ રાજી થયા ને કહે : 'તમે કહેતા હતા ને કે આ સાધુ છે, પણ ના, આ તો ભગવાન છે.'

એક ક્ષણિક પ્રસંગ અને દર્શનમાં ભાટિયા સાહેબને આવો દિવ્ય અનુભવ થયો, ત્યારે ધીરુભાનો શ્વાસ હેઠે બેઠો. સ્વામીશ્રીએ થોડી વાતો કરી. પ્રસાદ આપ્યો. સૌ રાજી થયા.

એ જ દિવસે સાંજે સ્વામીશ્રીએ આવા દૂર દેશમાં ધર્મ, નિયમ અને નિષ્ઠામાં શૂરા એવા ધીરુભા રાણાને રાજી કરવા, ફૈઝાબાદ એમને ત્યાં પધરામણી કરી ભક્તનો મનોરથ પૂર્ણ કર્યો. ધીરુભા, મોટાભાઈ ભગવત્‌સિંહ તથા પરિવાર સૌ રાજી રાજી થઈ ગયા. આ જ નિર્દોષ વાત્સલ્ય ! નાદુરસ્ત તબિયત, સંપૂર્ણ પ્રતિબંધ છતાં સ્વામીશ્રી પધાર્યા, પછી ભક્તોનાં મન કેમ ઝાલ્યાં રહે ! એ પ્રેમમૂર્તિ સ્વામીશ્રી ઉપર ભક્તો ન્યોછાવર થઈ જાય એમાં શું આશ્ચર્ય !

'છપૈયા સ્વામિનારાયણ' સ્ટેશનનું ઉદ્‌ઘાટન

સ્વામીશ્રીની તબિયત સારી ન હતી, તેથી અયોધ્યા રોકાઈ ગયા. યાત્રા ટ્રેન રાત્રે અયોધ્યાથી નીકળી બારાબંકી થઈ, સવારે ૧૦ વાગે છપૈયા પહોંચી.

છપૈયા સ્ટેશને તમામ ગાડીઓ ઊભી રહે એવું મોટું સ્ટેશન બને એ માટે, સ્વામીશ્રીની આજ્ઞાથી નંદાજીએ બધી વ્યવસ્થા કરી દીધી હતી. પ્લૅટફૉર્મ, ઑફિસો, વેઈટીંગ રૂમ, પાણીની વ્યવસ્થા વગેરે માટેના ઑર્ડરો અપાઈ ગયા હતા. સ્પેશિયલ ટ્રેન પહોંચતાં પહેલાં રેલવેના ટ્રાફિક મૅનેજર, ડી.ટી.એસ. અને મોટા અધિકારીઓ છપૈયા આવી ગયેલા. તેઓ પણ સ્પેશિયલ ટ્રેનના સ્વાગતમાં જોડાયા.

છપૈયામાં અભૂતપૂર્વ સન્માન

શાસ્ત્રીજી મહારાજ સ્પેશિયલ ટ્રેન, યોગીજી મહારાજ તથા અક્ષર મંડળના સ્વાગતની અભૂતપૂર્વ તૈયારીઓ મંદિર તરફથી થઈ હતી. ગ્રામજનો, મોટા મોટા સત્સંગીઓ, આચાર્ય મહારાજના કારભારી રાવજીભાઈ પટેલ, ભલાભાઈ, કેશવલાલ કારભારી, આણંદના ઘનશ્યામભાઈ દવે, છપૈયા મંદિરના સંતો વગેરે અગાઉથી સ્વાગત માટે સ્ટેશને આવેલા. છ હાથી, શરણાઈ, ઢોલ-ત્રાંસા વગાડનારા ગ્રામજનો, મોટરો, સિગરામ અને ૬૦ બેલગાડીઓ સાથે અપૂર્વ ઉત્સાહથી સૌ ઊભા હતા.

પરંતુ ભારે ખાન, પાન અને માનને ઠોકરે મારનાર આ સંતવર્ય, સન્માનથી મૂંઝાઈ ગયા હોય તેમ અંતર્યામીપણે જાણી, અગાઉથી જ પોતાનો કાર્યક્રમ બદલી નાખ્યો. પોતાના ઈષ્ટ-અભીષ્ટ, સર્વસ્વ, જીવનપ્રાણ પુરુષોત્તમ નારાયણની જન્મ-ભૂમિ ઉપર, સેવકને આવું માન કેમ ઘટે ? એટલે જ બીમારી ગ્રહણ કરી, સંઘથી છૂટા પડ્યા. સ્વામીશ્રીના નહિ પધારવાથી સૌ નિરાશ થયા, પણ સાંજે પધારશે એ આશ્વાસન મળ્યું.

સ્વામીશ્રી બપોરે ૩ વાગે પધાર્યા. એમના આવતાંની સાથે જ આખો સંઘ એકત્રિત થઈ ગયો. સંઘનો પ્રાણ આવ્યો હોય એમ સૌ ચેતનવંતા બની ગયા. મંદિરના મહંત તથા સંતોએ હર્ષપૂર્વક સ્વાગત કર્યું. આચાર્ય મહારાજના ઉતારામાં જ સ્વામીશ્રીનો ઉતારો હતો. સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા. ધર્મકુળ સાથે ઘનશ્યામ મહારાજની મૂર્તિની શોભા અદ્‌ભુત હતી. સ્વામીશ્રી

મહારાજ સામું જોઈ રહ્યા ત્યારે મૂર્તિ મરક મરક હસતી હતી. સ્વામીશ્રી દર્શન કરતાં તન્મય બની ગયા હતા ! મહારાજ જોગીને પૂછી રહ્યા હતા કે 'કેમ મોડા આવ્યા ? સ્વાગતની તૈયારીઓ આટલી બધી કરી હતી ને !'

'મહારાજ ! હું તો આપનો દાસ છું. મારે વળી સ્વાગત શેનું ?' જાણે જોગીએ કહ્યું.

'ના, તમે મને પ્રાણથી પણ વહાલા છો. મારા ધામમાં - જન્મ સ્થાનમાં મારે તમને સત્કારવા હતા.' જાણે મહારાજ બોલી રહ્યા ન હોય !

આવો કંઈક સંવાદ ભક્ત અને ભગવાનને ચાલ્યો હશે ! સ્વામી-સેવકભાવે નતમસ્તક સ્વામીશ્રી ઘણી વાર સુધી ઊભા રહ્યા.

બાજુમાં ઊભેલા પ્રમુખસ્વામીને નજીક બોલાવી સ્વામીશ્રીએ એમને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં અને શાસ્ત્રીજી મહારાજનું વચન પૂર્ણ કર્યું.

અહીંથી રંગમહોલમાં દર્શને આવ્યા. બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની અલૌકિક મૂર્તિનાં દર્શન કર્યાં. જન્મ સ્થાનમાં પધાર્યા. સ્વામીશ્રી દર્શનથી ભાવવિભોર થઈ ગયા હતા. છપૈયા મંદિરના મહંત સ્વામી યજ્ઞપુરુષદાસજી, શાસ્ત્રી નારાયણપ્રસાદજી, સાધુ ઘનશ્યામદાસજી, જૂના મહંત ચિતારા બળદેવ-પ્રસાદજી વગેરે સંતોને પણ સ્વામીશ્રી હેતથી મળ્યા.

સાંજના સ્વામીશ્રીના આસને જ સભા થઈ. તબિયત સારી હતી. પૂરા ગુલાબી મિજાજમાં હતા. સ્વામીશ્રી કહે : 'આવું રમણીય સ્થાન એટલે રોગ બધો મટી ગયો. આ સ્થાનનો મહિમા ૨૦૦ વર્ષમાં તો ખૂબ વધી જશે. હજારો દર્શન કરવા આવશે. સાંજે સભામાં કથાવાર્તા થાય એ જ જાત્રા. બાકી તો સૌ દર્શન કરે છે અને પરોક્ષનાં તીર્થોમાં આંટા મારે છે. સો વાતની એક વાત, આ તીર્થ સંભારી રાખવું.'

બીજે દિવસે સવારે, ઘનશ્યામ મહારાજનાં બધાં જ પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. અહીં વિજ્ઞાનદાસ સ્વામી ધામમાં ગયા હતા. તેમનો જ્યાં અગ્નિ-સંસ્કાર કરેલો તે સ્થળ મોટાસ્વામીએ બતાવ્યું. સ્વામીશ્રીએ ત્યાં ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવવા મથુરભાઈને આજ્ઞા કરી. સાક્ષાત્ શ્રીજીને અખંડ ધારનાર સ્વામીશ્રી સાથે હતા, તે યાત્રિકોને મન અતિ આનંદની સ્મૃતિ હતી. મંદિરે આવ્યા ત્યાં નંદાજી નોર્ધન રેલવેના જનરલ મેનેજર મિ. અરોરા સાથે આવ્યા. સ્વામીશ્રીએ તેમને બધે દર્શન કરવા મોકલ્યા.

સાંજે સભામંડપમાં અપૂર્વ સભા થઈ. સભામંડપ સુંદર શણગાર્યો હતો.

સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, મોટાસ્વામી, મંદિરના મહંત તથા અન્ય સદ્‌ગુરુઓ તેમજ નંદાજી અને યાત્રિકોની વિશાળ સભા યોજાઈ હતી. સ્વામીશ્રી 'સ્વામીની વાતો' બોલી સમજાવતાં કહે :

'સ્વામી ગરીબ હરિભક્તનું બહુ રાખતા. પંચાળા દરબારને પણ દાણા પહોંચાડતા. અને જ્યારે સ્થિતિ સારી થઈ ત્યારે તેમણે ધર્માદો જૂનાગઢ આપવો શરૂ કર્યો. પણ ગરીબ કોને કહેવો ? જે સહન કરે એ ગરીબ. સમર્થ થકા જરણા કરવા એ કઠણ. બે શબ્દ કોઈ કહે અને પાછા ન વળે તે ગરીબ.

'આવું રમણીય સ્થળ. અનંત અવતારો, પ્રકૃતિ-પુરુષ અને પ્રધાન-પુરુષ આ સ્થાનમાં માથાં ઘસે છે. એવા સ્થાનમાં જો વૃત્તિ આડી-અવળી રાખીએ તો સુખ થાય નહિ. અને જો મહિમા સમજીએ તો જ્ઞાનતંતુ ખીલે, શાંતિ થઈ જાય. તે ઉપર કીર્તન છે :

'શાંતિ પમાડે તેને સંત કહીએ...' પણ શાંતિ પમાડે એવા સંત જોઈએ. તે કેવા હોય ? તે ઉપર કીર્તન છે :

'હાંજી ભલા સાધુ, હરિ કી સાધ, તન કી ઉપાધિ તજે સોઈ સાધુ...'

એ પ્રમાણે બ્રહ્મરૂપ થવાની અને સંતમાં જોડાવાની ઘણી વાતો કરી.

આ પ્રસંગે આચાર્ય મહારાજ પોતે પધારવાના હતા, પણ પોતાની નાદુરસ્ત તબિયતને લીધે મોટા લાલજી તેજેન્દ્રપ્રસાદજી, કારભારીઓ તથા સદ્‌ગુરુઓને મોકલ્યા હતા.

છપૈયા મહંત યજ્ઞપુરુષદાસજી ગુણાતીત જ્ઞાન બિરદાવે છે

તા. ૮-૧૨-'૫૩, સવારે ૮-૩૦ વાગે અદ્‌ભુત સભા યોજાઈ. વચ્ચે આસન ઉપર લાલજી મહારાજ તથા સ્વામીશ્રી અને અન્ય સંતો આજુબાજુ બિરાજ્યા હતા. સ્વામીશ્રીની બાજુમાં નંદાજી હતા. આયોજકોએ મંડળ તરફથી રૂા. ૫,૦૦૧/- આચાર્ય મહારાજને ભેટ અને રૂા. ૬,૦૦૧/- ઠાકોરજીના પાકા થાળ માટે ભેટના અર્પણ કર્યા. નંદાજીએ સ્ટેશનની વ્યવસ્થા માનનીય લાલ-બહાદુર શાસ્ત્રીની મદદથી એક જ દિવસમાં ચમત્કારી રીતે થઈ તે વાતો કરી. તથા સ્વામીશ્રીની સાથે આ મહાપ્રસાદીના સ્થાનમાં દર્શનનો લાભ મળ્યો, તેનો મહિમા વર્ણવ્યો. શુદ્ધ વર્તન રાખી, સાથે મળી, સત્સંગ વિકાસનું કાર્ય કરવા તેમણે સૌને અનુરોધ કર્યો.

સ્વામીશ્રીએ સૌનું અંતર ભેદાઈ જાય એવા બ્રહ્મભાવમાં વાત કરી : 'આ

સત્સંગમાં તો અનંત પ્રહ્લાદ અને અનંત અંબરીષ છે. પર્વતભાઈ જેવા પણ છે. પણ સમાગમ થાય ત્યારે જ તે ઓળખાય. આજે સત્સંગમાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. મોટા સાધુ દ્વારા સુખ આપે છે. તેમાં જોડાય તો બ્રહ્મરૂપ કરી મૂકે. જેનું અંતર કામ, ક્રોધ, માનથી ધગતું જ હોય, તેને જોઈ મોટા શી રીતે રાજી થાય ? મહારાજને રાજી કરી દોષ ટાળવા હોય, તો આપણને જે સર્વોપરી સ્વરૂપ મળ્યું છે તેમાં અનન્ય નિષ્ઠા રાખીને જોડાવું. ખરેખરા સંત હોય તેનો સંગ રાખવો, તો મહારાજ અને મોટાનો રાજીપો જ છે. એથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય અને અક્ષરધામનો અધિકારી થઈ જાય.'

પછી છપૈયાના મહંત સ્વામી યજ્ઞપુરુષદાસજીએ ગુણાતીત જ્ઞાનની સર્વોત્તમતા ઉપર તેમજ સ્વામી શાસ્ત્રીજી મહારાજ એ સર્વોપરી સત્પુરુષ હતા અને હાલ યોગીજી મહારાજ અજોડ સંત છે, તેવો પોતાનો અંતરનો ભાવ રજૂ કરતું અતિ ભાવવાહી પ્રવચન કર્યું હતું. તેમણે કહ્યું :

'આજે છપૈયામાં બોચાસણ સંસ્થા તરફથી યોગીજી મહારાજ તથા સર્વ સત્સંગીઓ દર્શન કરવા માટે આ સ્થળે પધાર્યા છો. આ સ્થળ મહાપવિત્ર છે. શ્રીજીમહારાજનો સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નવમીને દિવસે આ સ્થળે આવિર્ભાવ થયો. તેને આજે ૧૭૩ વર્ષ થયાં. તેથી આ ધામ અક્ષરધામ તુલ્ય છે, તેમાં કાંઈ અતિશયોક્તિ નથી. આ સ્થાન ઉપર સર્વે સત્સંગીઓ શાસ્ત્રીજી મહારાજના આદેશથી આવ્યા છો. શાસ્ત્રીજી મહારાજમાં એક મહાન ગુણ હતો તે હું બીજા કોઈમાં દેખતો નથી. તેમણે નંદા સાહેબ જેવાને સત્સંગી કર્યા છે. સ્વામિનારાયણની નિષ્ઠા જગતભરમાં પ્રવર્તાવી છે. આ ગુણાતીત જ્ઞાન સર્વોપરી છે. એ તેમનાથી જ થાય. આપણા સંપ્રદાયના કેટલાક સાધુઓ, સત્સંગીઓ વગેરેને 'શ્રીજીમહારાજ સર્વોપરી છે' એમ કહેતાં જે બીક લાગતી હતી, તેવાને તથા ઇતર સંપ્રદાયના નાસ્તિકો, જૈનો વગેરે લાખોને સત્સંગી કર્યા છે. અને એક-એક સાધુ વાંસે લાખ-લાખ મનુષ્યો ફરશે તે શાસ્ત્રીજી મહારાજે સિદ્ધ કરી બતાવ્યું છે.

'વળી, આ સ્થાનમાં આપ સર્વે પધાર્યા છો. અમોએ ૩૫ વર્ષથી અત્રે સ્ટેશન કરવામાં પ્રયત્ન કર્યા હતા અને રૂ. ૫૦,૦૦૦/- ખર્ચ્યા હતા. વળી, તે વખતના જે જે અમલદારો હતા તેમની સિફારસો કરી હતી. તોપણ કાંઈ ન થયું તે આજે સહેજમાં જ થયું છે. તેને માટે યોગીજી મહારાજ તથા નંદા સાહેબનો આભાર માનવામાં આવે છે. આ ગામ નાનું છે. વળી, નજીકમાં કોઈ

મોટું શહેર નથી. તેથી કોઈ ચીજ-વસ્તુ મેળવવાની મુશ્કેલી રહેતાં આપ સર્વની પૂરી સગવડ ન સાચવી શકાઈ હોય તો માફ કરશો. અને રાજી રહેશો.'

હરમાનભાઈએ આફ્રિકા સત્સંગ મંડળના ઉત્સાહનો ખ્યાલ આપતો પત્ર વાંચ્યો. છપૈયા મંદિરના સંતો, આચાર્ય મહારાજ, લાલજી મહારાજ વગેરેની પ્રશંસા કરી. આટલા બધા પ્રેમ, સત્કાર માટે સૌનો આભાર માન્યો.

મહારાજના કારભારી રાવજીભાઈએ આચાર્ય મહારાજનો સંદેશો જાહેર કર્યો : 'મહારાજે લાલજી મહારાજ દ્વારા કહેવડાવ્યું છે કે તબિયતને કારણે હું નથી આવી શક્યો, પણ લાલજીને મોકલ્યા છે. તે છે એ હું જ છું, એમ માનજો. યોગીજી મહારાજ અને નંદાજીને કહેજો કે સ્ટેશન માટે આખો સત્સંગ આપનો આભાર માને છે.' પછી રાવજીભાઈએ જણાવ્યું કે 'શાસ્ત્રીજી મહારાજનો મહિમા અદ્‌ભુત છે. આચાર્ય મહારાજને એવી અંતરની મહેચ્છા છે કે બંને દેશના સંતોમાં એવું થઈ જાય કે આપણે બધા એક જ છીએ. એવી મહારાજની મહેચ્છા સિદ્ધ થાય તે માટે હું યોગીજી મહારાજને પ્રાર્થના કરું છું.'

લાલજી મહારાજને હારતોરા પહેરાવી પૂજા કરી આરતી ઉતારવામાં આવી.

ખરેખર ત્રણ દિવસ સુધી અહીંના વિદ્વાન સેવાભાવી સંતોએ સ્વામીશ્રી અને સંઘની ખૂબ સરભરા કરી. રસોઈ કરાવવી, પંગતમાં જાતે ઉત્સાહથી પીરસવું તેમજ ઉતારા, ચા-પાણી વગેરે તમામ સગવડમાં બધાએ ઊભે પગે રહી અંતરથી સંભાવના કરી હતી.

નાદુરસ્ત તબિયતની અશક્તિ અને યાત્રાની હાલાકી દૂર ફગાવી દઈ, સ્વામીશ્રી આ સ્થાનમાં અત્યંત પ્રસન્ન હતા. સદાય નિર્દોષતા પાથરતી એમની હસતી આંખો, ગાલ ઉપર ઊપડતી હાસ્ય રેખાઓ, હોઠો ઉપરનું સ્મિત અહીં પૂર્ણકળાએ ખીલી ઊઠ્યાં હતાં. એમનામાં તો ક્યારેય અપૂર્ણતા નથી. ભક્તોમાં જ્યારે ભક્તિભાવની ભરતી આવે, ત્યારે એમનામાં પૂર્ણતા સોળે કળાએ ખીલેલી દેખાય છે. દિવ્યતાની ખુમારી સ્વામીશ્રી સર્વત્ર પ્રસરાવી રહ્યા હતા.

એક વાર અહીં રસોઈમાં માણસો વધી જવાથી અને ઉતાવળને કારણે, શીરો સહેજ કાચો રહી જવાથી, કેટલાક દેહના અતિ જતનવાળાએ શીરો લીધો નહિ. સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં કહે : 'છપૈયાનો શીરો ક્યાંથી ! કાચો છે, એમ કહેવાય જ નહિ.' એમ કહી સૌને આગ્રહ કરી કરીને શીરાનો પ્રસાદ જમાડ્યો. આવી નાની બાબતોમાં પણ એમનો આ સ્થાન માટેનો મહિમા અને પક્ષપાત સહેજે પ્રગટ થઈ જતા.

આ રીતે ત્રણ દિવસનો ઐતિહાસિક સમૈયો છપૈયા મંદિરમાં ઊજવાયો. આચાર્ય મહારાજ, મંદિરના મહંત અને તમામ સંતો-કાર્યકર્તાઓનો પ્રેમ અને સુહૃદભાવનું વર્ણન થઈ શકે એમ નહોતું. આવા સુહૃદભાવથી જ સંપ્રદાયમાં એકતા સ્થપાય અને સંપ્રદાય બળવત્તર બને.

છપૈયા સ્ટેશને સૌ સંતો, કારભારીઓ વળાવવા આવ્યા હતા. ત્યાંથી સાંજે નીકળી તા. ૯-૧૨-'૫૩, ટ્રેન બનારસ આવી પહોંચી.

ભક્તોની સુખાકારીની ખેવના

જ્યાં આગલે દિવસે હિમવર્ષા જેવી કડકડતી ઠંડી પડી હોય, તે જ જગ્યાએ સ્પેશિયલ ટ્રેન પહોંચે કે તરત ટાઢ ઓછી થઈ જાય. હિમાલયમાંથી નીકળતી ઉત્તરની શીતળ પવિત્ર નદીઓમાં માથાબોળ સ્નાન કરવામાં આવે તોય પણ કાંઈ ન થાય એ આશ્ચર્ય - એ રક્ષાનો અનુભવ સેંકડો ભક્તોએ અનુભવ્યો. તમામનાં અશક્તિ, તાવ વગેરે સ્વામીશ્રીએ પોતે જ જાણે યોગ-કળાથી ગ્રહણ કરી લીધાં ન હોય ! તેમ લાગતું હતું. નહિતર ઉનાળામાં પણ જે સ્વામીશ્રી બ્લેન્કેટ ઓઢે, બારીની નાની એવી તિરાડમાંથી પણ પવન પેસી ન જાય તેની કાળજી રાખે, શિયાળામાં તો સાત-સાત ઓઢવાનાં રાખે, તેમને ટ્રેનની મુસાફરીમાં, રાત્રે ભારતીય ટ્રેનનાં ખખડી ગયેલાં બારણાં અને બારીઓની તિરાડમાંથી ઠંડીના સૂસવાટામાં શે ઊંઘ આવતી હશે ? ઠંડી છાતીમાં પેસી જતી હશે. એ બધી જ હાડમારીને અંદર સમાવી દઈને, અવગણીને, ભક્તોનાં સુખ માટે સ્વામીશ્રી સ્વસ્થતા બતાવતા.

ભક્તોની સુખાકારીનો પ્રતાપ હતો - સ્વામીશ્રીના સંકલ્પનો. હરિભક્તોનાં મન ઉપરના એમના દિવ્ય ચમત્કારી વર્ચસ્વનો. નહીં તો આ ઋતુમાં આવા સમયે, આવી યાત્રા માટે કોઈ તૈયાર જ ન થાય. વળી, બેસવા-ઊઠવામાં, નાહવા-ધોવામાં, ખાવા-પીવામાં, હરવા-ફરવામાં અનેક અગવડો ઊભી થાય જ. માનસિક મૂંઝવણ થાય. એકબીજાના સ્વભાવની ઝમકનાં દર્શન થાય જ.

તમામના સ્વભાવને, પ્રકૃતિને પલટાવી નાખનાર સ્વામીશ્રીનો ડબ્બો, ટ્રેનની વચ્ચે, અક્ષરધામના મધ્ય સમો અખંડ દિવ્યતાની છોળો ઉછાળતો, ચમકના પર્વત સમો, સદા આકર્ષક બની રહેતો. ઠાકોરજીની આરતી, સવારનાં પ્રભાતિયાંથી શરૂ થતા કથા-કીર્તનના ઝપાટા, સ્વામીશ્રીનાં અલૌકિક દર્શન

વગેરેને લીધે કાયમ તૃષાતુર ચાતકોની માફક ભક્તોનો મોટો સમૂહ અહીં ઊમટતો રહેતો. આ મૂર્તિમાન બ્રહ્મમાંથી અખંડ ઊડતા સ્ફુલિંગથી જ આવી યાત્રામાં અક્ષરધામનું સુખ અને આનદ પ્રવર્તી રહેતાં; પ્રકૃતિમાત્ર દબાઈ જતી.

યાત્રામાં સૌને સાથે રાખી કથાવાર્તા, ભજન, દર્શન, સ્મરણ, ઉપદેશનું સાક્ષાત્ સુખ આપી, સદા સૌને કૃતાર્થ કરવાનો એક જ આશય, સ્વામીશ્રીને મન સ્પષ્ટ રહેતો. એમનું મૌન પણ વ્યાખ્યાન બની જતું. એમની દરેક ચેષ્ટા-ક્રિયા ઉપદેશરૂપ બની જીવની ત્રુટિઓ કાઢવામાં અતિશય અસરકારક નીવડતી. આથી સૌ એકબીજાના સ્વભાવથી ટેવાઈ ગયા અને સ્વામીશ્રીની આજ્ઞા-પાલનના પ્રતાપે આત્મારૂપે વર્તતા થયા. છેવટે તો કેવળ મહિમા અને બ્રહ્મભાવ જ છાઈ રહ્યો. સ્વામીશ્રીનો ઉપદેશ-સૂર પણ કેવળ આ વાત દૃઢ કરાવવાનો હતો. જ્ઞાન સૌને હતું. સૌ નિષ્ઠાવાન હતા. જે કાંઈ બાકી હતું તે દેહભાવ ટાળવાનો હતો. એ ટાળવા માટે જ આ યાત્રાનો પ્રયોગ હતો.

કાશીમાં યાત્રાનું શ્રેષ્ઠ સુખ

કાશીમાં સવારમાં રોજના નિયમ પ્રમાણે પ્લેટફૉર્મ ઉપર સભા થઈ. અહીંની સભા અલૌકિક હતી. સ્વામીશ્રીએ અપાર દયા જણાવતાં મુદ્દાની વાતો છૂટથી કરી :

‘હલકો થઈને સેવા કરે તો માન જાય અને ભગવાનના ભક્તનો મહિમા સમજે તો ઈર્ષા જાય. જાણપણારૂપ દરવાજે રહેવું. ઉત્તમ પુરુષનો સંગ રાખવો. નામી વિના નામથી કામ સરતું નથી. નામ તે ફૂલ છે અને નામી તે ફળ છે. નામ તો બધા લે, પણ મૂર્તિમાન બેઠા તેની સ્મૃતિએ સહિત જે નામ લે તે ફળ. તેમાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ ત્રણે પૂગે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. ભગવાન અખંડ રહ્યા હોય તો સંત, નહિ તો ચીરોડી. ચીરોડી ને સાકર દેખાવે સરખાં પણ સ્વાદમાં ફેર, તે અનુભવે જણાય. ગ.પ્ર. ૨૭ પ્રમાણે સંત છે તેમાં ભગવાન અખંડ રહ્યા છે. એટલે જ્યારે ભગવાન અને સંત મળ્યા, અને તેમાં પૂરો ભાવ બેસે, ત્યારે નામીએ સહિત નામ લીધું કહેવાય.

‘આપણે ગમે તેટલાં સાધન કરીએ, પરંતુ ભગવાન ને સંતને વળગ્યા હોઈએ તો જ ફાયદો થાય અને એકાંતિક ધર્મ સિદ્ધ થાય. તીર્થમાં આવીએ તે તીર્થનું ફળ લેવા માટે. તેમ આપણે અક્ષરધામમાં જવું હોય તો સ્વભાવ મૂકવા. પાંચ ઘાંટી સમજવી : ઉપાસના સમજવી; સાધુ ઓળખવા; ઉત્તમ ભોગમાંથી

રાગ ટાળવો; દેહ અને આત્મા નોંખા સમજવા; અને સૌથી કઠણ ભેગા રહીને મહિમા સમજવો.

'માટે જાત્રામાં સુખ મળ્યું હોય તે સંભારી રાખવું, પણ અગવડ પડી હોય તેને ન સંભારવી. જેવું તેવું, જેમ તેમ ભોગવી લેવું. ગુણગ્રાહક થવું. તેમાં જેવું સુખ છે તેવું બીજામાં નથી. હવે આઠ દિવસમાં એવું સુખ લેવું કે જાણે અક્ષરધામમાં જ બેઠા છીએ. આ ડબ્બા બધા ભગવાન ને સંતના સંબંધે નિર્ગુણ થઈ ગયા છે. ગ.પ્ર. ૭૧ પ્રમાણે માયિકભાવ ન લાવવો અને સુખિયા રહેવું.

'જેને મહારાજ અને મોટા સંત સાથે પ્રીતિ હોય તે જ સત્સંગ જાળવે. પણ પ્રીતિ વગર તો સત્સંગ થાય નહિ. જેને સંપૂર્ણ પ્રીતિ હોય તે સત્સંગ જેવો છે તેવો કરે અને પોતાનું સ્વરૂપ દબાવી રાખે, છકી ન જાય, જેમ તેમ બોલે નહિ. સ્વામી શાસ્ત્રીજી મહારાજે કેવો જાળવ્યો ! તેમ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરેએ ઐશ્વર્ય દબાવી રાખ્યાં છે. જેવો છે એવો સત્સંગ કરે એટલે, મોટાપુરુષ જેવા છે તેવા ઓળખી તે રૂપ થઈ જાય, તદ્‌વતભાવને પામી જાય.'

આ રીતે પ્લૅટફૉર્મ ઉપર અદ્‌ભુત વાતો કરી. યાત્રાનું શ્રેષ્ઠ સુખ અહીં જ આપ્યું હોય એવો સૌને આનંદ થયો. સભાની સમાપ્તિ પછી સૌ દર્શને નીકળ્યા.

બીજે દિવસે સવારે સર્વ યાત્રિકોએ કાશીવિશ્વનાથનાં દર્શન કરી મણિકર્ણિકાના ઘાટ ઉપર ગંગાસ્નાન કર્યું. વિશ્વનાથ મંદિરના ચોક પાસે સૌ ભેગા થયા. ત્યાંથી ૧૦-૦૦ વાગે નગરયાત્રારૂપે બૅન્ડ-વાજાં સાથે, ધૂન-ભજન કરતાં, સ્થાનિક મંદિરના સંતો તથા મહંત સાથે ૧૧-૩૦ વાગે સૌ મંદિરે આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ રાજભોગની આરતી ઉતારી ત્યારે ભક્તિજીવન સ્વામી ગવૈયા ભાવવિભોર થઈ બોલી ઊઠ્યા : 'આજે સાચી પ્રતિષ્ઠા થઈ !'

આરતી પછી હરિભક્તોએ જયજયકાર કર્યો. મંદિરના મહંત શાસ્ત્રી શ્વેત-વૈકુંઠદાસજી તથા સ્વામી ભક્તિજીવનદાસજી વગેરે સંતો-હરિભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું. શ્વેતવૈકુંઠ સ્વામીને સ્વામીશ્રી પ્રત્યે અપાર ભાવ, એટલે પોતાના સ્વજન, ગુરુજન હોય એ ભાવથી જ સ્વામીશ્રી સાથે વર્તે. સભામાં કાશીના વિદ્વાન પંડિતોએ વેદોચ્ચાર સહિત સ્તુતિ-પ્રાર્થના કરી, સ્વામીશ્રીને ભાવાંજલિ અર્પણ કરી.

પછી સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે, મંદિર પાછળ આવેલા ગૌઘાટ ઉપર ગયા. સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. સંતો-હરિભક્તોને

શિરે પ્રસાદી-જળ ચઢાવ્યું. સૌએ સ્નાન કર્યું. હરિભક્તોએ સ્વામીશ્રીની પૂજા કરી. 'સ્વામીની વાતો' બોલી સ્વામીશ્રીએ સભાની સમાપ્તિ કરી.

સાંજે ડાહ્યાભાઈ વગેરે હરિભક્તોને ત્યાં પધરામણી કરી. મંદિરે થઈ સ્ટેશને આવ્યા. સંતો સ્ટેશને મૂકવા આવ્યા હતા. ટ્રેન કાશીથી ગયાજી જવા ઊપડી.

ગયામાં પિતૃઓની મુક્તિ

તા. ૧૧-૧૨-'૫૩, સવારે ગયામાં પ્લૅટફૉર્મ ઉપર સભા થઈ. ગઢડાના શેઠ મોહનલાલ મોતીચંદ અક્ષરનિવાસી થયાના સમાચાર આવવાથી સ્વામીશ્રીએ ધૂન કરાવીને કહ્યું : 'મૂર્તિનું ધ્યાન ધરો.' પછી કહે :

'શેઠના સહકારથી જ ગઢડાનું મંદિર થયું. વળી, શેઠ છેલ્લે છેલ્લે ગોંડલ આવ્યા. સવારના ચાર વાગે નાહી, પરવારી મંગળા વખતે કથા સાંભળી. 'ધીર ધુરંધરા'નું પ્રભાતિયું સાંભળ્યું. તેનો અર્થ જ્યારે સમજાવ્યો ત્યારે બહુ રાજી થયા અને કહ્યું : 'અક્ષર દેરીમાં કથાનું સુખ બહુ આવ્યું. આવું સુખ બીજે કોઈ ઠેકાણે મળતું નથી.' અક્ષર દેરીમાં છેલ્લે આવી, પોતાનું જીવન સાર્થક કરી નાખ્યું.

'ભગવાનના ભક્તના દુઃખે દુઃખી ન થાય, તો ગ.મ. ૬૦માં મહારાજે તેને વિમુખ અને ચાંડાળ કહ્યો છે. દેહ તો આજે પડે કે ગમે ત્યારે પડે, પણ તેને તો શાસ્ત્રીજી મહારાજની સેવામાં જ રાખવું. મહાદેશકાળમાં સત્સંગ રહે અને સમજણ ચૂંથાઈ ન જાય ત્યારે સત્સંગ કર્યો કહેવાય. ચંપકભાઈ જેવા મહામુક્ત અગત્રાઈના પર્વતભાઈ જેવા કહેવાય. કિરીટભાઈ ધામમાં ગયા અને મહાદેશકાળ આવ્યો તોપણ સત્સંગ શિર સાટે રાખ્યો. માટે ભગવાન ને ભગવાનના ભક્તનાં આખ્યાન કહેવાં અને સાંભળવાં, એ જ સત્સંગ છે. એ સત્સંગે કરીને જ ભગવાન વશ થાય છે.

'મોટાપુરુષને હાથ જોડાય, પણ તે કહે તેમ કરવું કઠણ છે. હાથ તો સૌ જોડે. ગ.મ. ૬૨ સિદ્ધ કરવું. દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર સર્વસ્વ સોંપી દે. સેવામાં જે કામ ન આવે તેનો ત્યાગ કરે. રાજાભાઈએ તે કર્યું. તીર્થનું ફળ એ જ કે આવી સ્થિતિ થાય. એવું ફળ લઈ લેવું. ફરી આવો જોગ નહિ મળે. માટે સંપ, સુહૃદભાવ, કથાવાર્તાઓ કરીને પણ આપણે ભીડો વેઠવો.

'આ તીર્થમાં જે નહિ આવ્યા હોય અને આવી બળની વાતો નહિ સાંભળી હોય તેને બળતરા થશે. અહીં બધાને સુખ આવ્યું છે. કારણ કોઈને દુઃખ ન થાય એવો આપણો સિદ્ધાંત છે. આ તો સ્વામી અને મહારાજે સાનુકૂળ

રાખ્યું છે કે ટાઢ ન પડવા દીધી અને બધીય સગવડ થઈ. આવી જાત્રાથી હૈયામાં શાંતિ થાય. માટે જેને કાંઈ અગવડ લાગી હોય તે આ ગયા તીર્થમાં કાઢી નાખે અને બહુ જ આનંદ આવ્યો એમ માની સુખિયા રહે.'

પછી ફલ્ગુ નદીમાં સૌએ સ્નાન કર્યું. પિતૃશ્રાદ્ધ વિધિ માટે ઘણા સ્વામીશ્રી સામે બેઠા અને સંકલ્પનું જળ લીધું. સ્વામીશ્રીએ ચાર સંકલ્પો કર્યા : (૧) સર્વે હરિભક્તોને સુહૃદપણું રહે. (૨) સર્વે હરિભક્ત ગુણાતીત મંડળ આ ગયાક્ષેત્રમાં પધાર્યા છે તે સર્વે તથા જે નથી આવી શક્યા તે સર્વે વ્યવહારે સુખી થાય અને તેમના પિતૃ સર્વે ગમે તે લોકમાં ગયા હોય તેને મહારાજ અક્ષરધામમાં લઈ જાય. (૩) સાધુ વધે અને એક-એક સાધુ બીજા બે-બે વધારે અને (૪) આફ્રિકામાં સત્સંગ વધે.

આ રીતે સ્વામીશ્રીએ પોતાના હરિભક્તોના સંબંધે એમના જ પિતૃઓને અક્ષરધામના અધિકારી બનાવ્યા. ભગવાન સત્પુરુષ દ્વારા પ્રગટ છે એના સંબંધમાં કેટલો મહિમા ! ગમે તે જીવ ગમે તે યોનિમાં ભટકતો હોય, તે સંતના વચને સત્સંગના યોગમાં આવે અને અક્ષરધામ પ્રાપ્ત કરે. આ પ્રગટની ભક્તિનો પ્રતાપ !

પ્રયાગ તીર્થને નવજીવન બક્ષ્યું

તા. ૧૨-૧૨-'૫૩, વહેલી સવારે ટ્રેન પ્રયાગ પહોંચી. અહીં કુંભની તૈયારીઓ ચાલતી હતી. સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી નૌકાવિહાર કરી સંગમ ઉપર પહોંચ્યા. ત્રિવેણી સંગમમાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી, સૌને માથે જળ ચઢાવ્યું. સૌએ સ્નાન કર્યું. પંડાઓને દક્ષિણા આપી. છતાં બધા પાછળ પડે. તે જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'અહીં એકલા અવાય એવું જ નથી. તમે બધા સાથે આવ્યા તે ઠીક થયું. આ તો એકલદોકલને પાડી દે તેવા છે !'

હરમાનભાઈ અન્ય સાધુ-મહાત્માને ભારપૂર્વક કહેતા કે 'અમે તો ભગવાન સાથે લઈને ફરીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'એમ ન કહેવું. એમ કહેશો તો આ નાવડું જ ઊંધું પાડી દેશે !' સૌ હસી પડ્યા.

કેટલાક તરવૈયા પૈસા માટે પાણીમાં ડૂબકાં મારતા હતા. તેને જોઈને સ્વામીશ્રી કહે : 'આને કેટલો દેહનો અનાદર છે ! પૈસા સારું ટાઢ ખમે છે. એમ આપણે ભગવાન સારુ દેહનો અનાદર કેળવવો જોઈએ.'

ત્રિવેણી-સ્નાન પછી અક્ષયવટનાં દર્શન કરી સ્ટેશને આવ્યા.

રાતે રેલવે પ્લૅટફૉર્મ ઉપર સભા થઈ. સ્વામીશ્રી કહે : 'આજનો દિવસ માંગલિક છે. ત્રિવેણી સંગમ મહાપવિત્ર. શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસ સાથે સુખ દેવા પધાર્યા. તે સુખનો અનુભવ કર્યો હશે તો યાદ આવશે. ઘણા કુંભ થયા, પણ આજે આ તીર્થને નવજીવન મળ્યું. આજે નવું તીર્થ થયું. આપણે સૌ નાહ્યા. આજથી હવે જે જે આ તીર્થમાં નહાશે તેનું કલ્યાણ થશે. અને સત્સંગમાં જન્મ થશે. આપણાથી ઝાઝું ન ફરાય, પણ ઘણાનું આ દ્વારા કલ્યાણ થશે.

'આ સ્પેશિયલનું ભજન કરવું. મહિમા ગાવો, પણ મનુષ્યભાવનો મહિમા ન ગાવો. શાસ્ત્રીજી મહારાજે દયા કરી આપણને સુખ આપ્યું છે. અક્ષરધામનું સુખ આપ્યું છે. જો સમજાય તો. હરિદ્વાર, હૃષીકેશ એ બધાં તીર્થ ખરાં, પણ આ પ્રગટ તીર્થ છે તેમાં શાંતિ છે. જેણે જેણે અયોધ્યામાં, ગંગામાં, ફલ્ગુમાં નાહીને પૂજન કર્યું તેને અનંત ગણું પુણ્ય થશે. પૈસા સામું ન જોવું પણ આ સ્થાન, આ જોગ, બધું અલૌકિક છે. કરોડ રૂપિયા દેતાં આવા સાધુ ન મળે. હવે બધા બીજી સ્પેશિયલ જોડવાનો સંકલ્પ કરે છે, જો આમાં સ્વાદ આવ્યો તો. માટે આપણે હવે પ્રગટની જાત્રા કરવી; સારંગપુર, ગઢડા, ગોંડલ, ભાદરા વગેરે.'

ગોદાવરીને તીરે

રાત્રે ટ્રેન ઊપડી. ૨૪ કલાકની મુસાફરી હતી. રવિવારનો આખો દિવસ ટ્રેનમાં જ ગયો. તા. ૧૪-૧૨-'૫૩, નાસિક આવી પહોંચ્યા. પ્લૅટફૉર્મ ઉપર સભા થઈ. ગ.પ્ર. ૧૫મું વચનામૃત સ્વામીશ્રી મોઢે બોલ્યા અને કહે : 'ભગવાન તથા સંત જે જે વચન કહેશે તેમજ મારે કરવું છે, એમ જો થાય તો પોતે પોતાના ગુરુ થવાય.' થોડી સ્વામીની વાતો બોલ્યા, પછી કહે : 'આ બધાં પ્લૅટફૉર્મ પ્રસાદીનાં થયાં. તો હવે જે કોઈ અહીં આવશે તે સર્વે સંસ્કારી થઈ જશે.' એમ કહી ગોદાવરી-સ્નાન માટે નીકળ્યા.

સ્નાન કરી, કાળારામ-ગોરારામનાં દર્શન કરી, તપોવન બ્રહ્મચર્યાશ્રમમાં બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદના આગ્રહથી પધાર્યા. બ્રહ્મચારીએ સ્વામીશ્રીને આશ્રમમાં બધે ફેરવ્યા. પ્રેસ, ભંડાર, કોઠાર બધે પગલાં કરાવ્યાં.

ત્યારબાદ સભામાં પધાર્યા. સ્વામીશ્રી માટે સુશોભિત આસન બનાવ્યું હતું. હરમાનભાઈ, મગનભાઈનાં પ્રવચનો પછી બ્રહ્મચારીએ સ્થાનનો મહિમા કહ્યો : 'આ સ્થાન બધાનું છે. અહીં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, અક્ષર-

પુરુષોત્તમ વગેરેની જય બોલી શકાય છે.' સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી. પ્રસાદ વહેંચાયો. સ્વામીશ્રી થોડી વાતો બોલ્યા.

બીજે દિવસે ટ્રેન મુંબઈ આવી પહોંચી. અહીં શેઠ ભગવાનદાસ, પ્રતાપસિંહ ઈનામદાર, નાનુભાઈ, મહિપતભાઈ વગેરે ભક્તોએ સ્વાગત કર્યું.

દિગ્વિજયી યાત્રા પછી સ્વામીશ્રીનું ઠેર ઠેર સન્માન

તા. ૧૫-૧૨-'૫૩, માગશર સુદ ૧૦, શરૂઆતમાં પૂરી તપાસ અને સંશોધનના અભાવે આ તિથિએ યોગીજી મહારાજનો શુભ જન્મદિન છે, એવો સૌને ખ્યાલ હતો. એટલે એમની જયંતી આ દિવસે ઊજવાતી. સ્વામીશ્રીએ પણ આ અંગે ક્યારેય સ્પષ્ટતા કરી નહીં. મૌન રાખ્યું. એમને ક્યાં પોતાના જન્મોત્સવની દરકાર હતી ! પોતે ઘણી વાર કહેતા : 'મારી જયંતી ઊજવે એ મને ન ગમે, શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવાય તેમાં હું રાજી.'

પણ પાછળથી એમના પૂર્વાશ્રમના કુટુંબીઓ પાસેથી જ જાણવા મળ્યું કે 'આ એમનો ખરો જન્મદિવસ નથી. સાચી જન્મ-તિથિ તો વૈશાખ વદ ૧૨, સંવત ૧૯૪૮ છે.' સ્વામીશ્રીનું જન્મ સ્થાન ધારી તે વખતે વડોદરા ગાયકવાડ રાજ્ય નીચે હતું. તેથી વડોદરામાં શિક્ષણ ખાતાનાં જૂનાં દફતરોમાં તપાસ કરી ત્યારે આ સાચો દાખલો મળ્યો હતો.

પરતુ અગાઉની માહિતી પ્રમાણે આજનો દિવસ સ્વામીશ્રીના જન્મોત્સવનો હતો. મુંબઈ સત્સંગ મંડળે ભારે તૈયારીઓ કરી હતી. યોગાનુયોગ આજના શુભ દિવસે જ ટ્રેન મુંબઈ પહોંચી. તેથી સહેજે એ લાભ મળ્યો હતો. આ નિમિત્તે સાંજે ૬ વાગે સુંદરાબાઈ હૉલમાં સભા યોજાઈ હતી. સરકારી વકીલ તથા પીઢ હરિભક્ત હરિપ્રસાદ ચોકસી સભાપ્રમુખ હતા. તેમણે તથા જૂના હરિભક્તો ગોવિંદજી શેઠ, માણેકચંદ ગાંધી વગેરે ભક્તોએ હારતોરા કર્યા. યુવક મંડળની સમૂહપ્રાર્થના બાદ યુવકો માઇક ઉપરથી 'સ્વામીની વાતો' મોઢે બોલ્યા. યુવક મંડળે તૈયાર કરેલ 'જ્ઞાનયજ્ઞ' પ્રથમ હસ્તલિખિત અંકનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. સ્વામીશ્રી સભામાં જ અંક ખોલીને જોવા લાગ્યા. ઘણા સમયથી એમની ઇચ્છા કે યુવકો કાંઈક નવું કરી બતાવે. યુવકો દ્વારા સત્સંગ સંબંધી લખાયેલાં સુંદર લેખો, નિબંધો, વર્ણનો, કાવ્યો વગેરે સુશોભિત રીતે અંકમાં આલેખાયેલાં જોઈ બહુ જ રાજી થયા. કારણ, યુવકો તેમનું હૃદય હતા. અને આ એમનો પહેલો પ્રયાસ હતો. મોટેરા હરિભક્તોને પણ ઊગતા

યુવાનોનો આ પ્રયાસ ગમી ગયો.

હરમાનભાઈ, ખેંગારજીભાઈ, હર્ષદભાઈ, ચોકસી સાહેબ વગેરેએ સ્વામીશ્રી તથા યાત્રાનો મહિમા ગાયો. ચોકસી સાહેબ તથા સર્વ આમંત્રિત મહેમાનોએ ૫૯ દીવાની આરતી ઉતારી. તે સમયે સ્વામીશ્રીનાં દર્શન અને પ્રભાવથી ચોકસી સાહેબ એટલા ભાવવિભોર બની ગયા કે એમણે જાહેરમાં સ્ટેજ ઉપર જ સ્વામીશ્રીને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. આખી સભા આ જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી. જૂના સંપ્રદાયના આવા પીઢ હરિભક્ત પોતાનો માન-મરતબો મૂકીને, આ રીતે જાહેરમાં સ્ટેજ ઉપર જ સ્વામીશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરે એ જોઈ સૌ ગદ્ગદ થઈ ગયા.

સ્વામીશ્રીએ સ્વામીની વાતો બોલી આશીર્વાદ આપતાં કહ્યું : 'એક હરિભક્તને વર્તમાનમાં ફેર પડ્યો. જૂનાગઢનો જેઠ સુદ ૧૧નો સમૈયો હતો. સભામાં સ્વામી આગળ નિષ્કપટ થયો. એટલે સ્વામીએ તેને પ્રાયશ્ચિત્ત આપ્યું. સભામાં નિષ્કપટ થાય તેનાં પંચ મહાપાપ મોટાપુરુષ બાળી નાખે. સભામાં નિષ્કપટ થવું ઘણું કઠણ છે.

'આ સત્સંગ તો બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ છે. માટે લો. ૧૮ અને ગ.મ. ૬૩ પ્રમાણે મનુષ્યભાવ લાવવો જ નહિ. જીવને એવો સનેપાત છે કે મનુષ્યભાવ આવે તો જ સુખ. છપૈયા સ્થાન મહાચમત્કારી. અનંત કોટિ મુક્તો, અવતારો, પ્રધાન-પુરુષોને ભજવા યોગ્ય.'

પ્રવચન બાદ સ્વામીશ્રીને ફૂલહાર કરવા માટે પડાપડી થઈ, તે એટલે સુધી કે સ્ટેજ ઉપરથી જાહેર કરવું પડ્યું કે બીજે દિવસે સેન્ટ્રલ સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર પૂજન વિધિ થશે. માટે સૌએ ત્યાં લાભ લેવો. છતાં અહીં લાઇન લાગી ગઈ હતી. તેથી કાર્યક્રમ લગભગ ૯ વાગે સમાપ્ત થયો.

બીજે દિવસે એકાદશી હતી. સૌએ પૂજનનો લાભ લીધો. સવારથી સાંજ સુધી સ્વામીશ્રીનાં દર્શન, કથાવાર્તા, વાતચીત, પૂજા, સેવા, આશીર્વાદ માટેનો એટલો બધો ઉત્સાહ કે સેન્ટ્રલ સ્ટેશન ઉપર કે શહેરમાં, સુંદરાબાઈ હૉલમાં કે મહાલક્ષ્મી સ્ટેશન ઉપર મુંબઈના હરિભક્તોના ધસારાથી, ઉત્સાહથી મુંબઈનું વાતાવરણ મોહમયીનું મટી જાણે મોક્ષમયીનું બની ગયું હોય એમ લાગતું હતું.

રાતે મુંબઈથી નીકળવાનું હતું. એક કલાક પહેલાં સભા થઈ, પ્રવચનો થયાં. ત્યારે પણ સ્વામીશ્રીને હાર ચઢાવી, પૂજા કરવા માટે પડાપડી થઈ.

ઊપડતાં પહેલાં સૌને કેસરિયા દૂધ તથા પેંડા અપાયાં. હલવાના ડબ્બા પણ મુંબઈ મંડળ તરફથી દરેક યાત્રિકને વહેંચાયા.

રાત્રે ૯ વાગે ટ્રેન મુંબઈથી સુરત જવા નીકળી.

સુરતની પ્રેમપ્રસાદીથી યાત્રાની પૂર્ણાહુતિ

સુરત સ્ટેશન ઉપર મગનભાઈ, આશાભાઈ, ત્રિભોવનદાસ કાપડિયા, મશાલજી શેઠ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રી અને યાત્રિકોનું સ્વાગત કર્યું. સ્ટેશનથી મંદિર સુધી નગરયાત્રાના રૂપમાં મોટરો, ગાડીઓ અને પદયાત્રીઓ ધૂન-ભજન કરતાં સ્વામિનારાયણ મંદિરે આવી પહોંચ્યા. સંતોએ સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી સભામંડપમાં જ સભા થઈ. આગેવાન જૂના હરિભક્ત ગુલાબભાઈએ સાચા સંતનો મહિમા, સત્સંગની એકતા, વિશાળ દૃષ્ટિ ઉપર બહુ જ પ્રેમભર્યું પ્રવચન કર્યું. સ્વામીશ્રી અને સંતોની પૂજા કરી. હરમાનભાઈએ આભાર વ્યક્ત કર્યો અને આ મંદિર સાથે શાસ્ત્રીજી મહારાજનો સંબંધ વર્ણવ્યો : અહીં જ શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજનો પ્રથમ યોગ થયો. અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અને પ્રવર્તનની વિચારણા અહીં જ પ્રથમ થઈ હતી. તે જૂની સ્મૃતિઓ કરાવી. અહીંથી સૌ અરદેશર કોટવાળને ત્યાં પાઘનાં દર્શન કરવા ગયા.

વાડીમાં મંડળ તરફથી સૌને સુરતી દૂધપાક અને ઘારીનું ઉત્તમ ભોજન હતું. સુરતનો કાર્યક્રમ જ્યારે નક્કી થયો ત્યારે મગનભાઈ વગેરે ભક્તોએ સ્વામીશ્રીની આજ્ઞા માગી કે અમારે સૌને રાજી કરવા છે. તો બધાને શું રસોઈ જમાડવી ? સ્વામીશ્રીએ એકદમ પ્રેમભર્યા જુસ્સાથી જાહેર કર્યું : 'દૂધપાક... પૂરી !'

ઠાકોરજી અને ભક્તોને ઉત્તમ પકવાન જમાડવાનો સ્વામીશ્રીને ઘણો ઉમંગ. પોતે એમાંથી કણ જેટલું પણ અંગીકાર કરવાના ન હોય, પણ હરિભક્તોનાં સુખમાં જ પોતાનું સુખ માનતા સ્વામીશ્રી ભક્તોને ખૂબ લાડ લડાવતા. શાસ્ત્રીજી મહારાજ જે અદ્ભુત સુરતી દૂધપાક બનાવતા એનું આબેહૂબ વર્ણન સ્વામીશ્રી અનેક વાર કરતા. એ રીતે શાસ્ત્રીજી મહારાજની રસોઈ બનાવવાની કળા અને પ્રવીણતાનો મહિમા ગાતાં થાકતા નહિ. જ્યારે જ્યારે પણ સુરત પધારે ત્યારે ઠાકોરજી તથા સાથેના સંતો-હરિભક્તોને માટે સુરતી દૂધપાક અને બીજી ભાતભાતની રસોઈ બનાવડાવી ઉત્સાહથી જમાડે.

પોતે ત્યાગ કરે અને બીજાને આગ્રહથી જમાડે. સ્વામીશ્રીની આવી ઉત્તમ વિરક્તિ જોઈને હરિભક્તો નતમસ્તક થઈ જતા.

અહીંથી વડોદરા થઈને યાત્રા ટ્રેન ગુરુવાર, તા. ૧૮-૧૨-'૫૩, સવારે ૧૧-૩૦ વાગે બોચાસણ પહોંચી.

અહીં યાત્રાની પૂર્ણાહુતિ થઈ. સ્વામીશ્રીનાં દર્શને હજારો હરિભક્તો આવ્યા હતા. સ્ટેશન ઉપર સૌએ સ્વામીશ્રી અને હરિભક્તોનું સ્વાગત કર્યું. વાજતે-ગાજતે ધૂન-ભજન કરતાં સૌ મંદિરે આવ્યા. સાંજે સભા થઈ હતી. મોટાસ્વામી તથા હરમાનભાઈએ યાત્રાનો હેવાલ આપ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ત્રિવેણી સંગમના પવિત્ર જળનું સર્વને ચરણામૃત આપવામાં આવ્યું. સ્વામીશ્રી કહે : 'આ અમૃતપાન છે. જે યાત્રામાં નથી આવ્યા તેમને પણ આ લેવાથી યાત્રાનું ફળ મળશે.'

આમ, છપૈયાનું સ્વાગત, મુંબઈમાં સ્વામીશ્રીનો જન્મોત્સવ, કાશી અને સુરતની નગરયાત્રા અને સ્વામીશ્રીએ આપેલાં દર્શન અને સમાગમના અલૌકિક સુખની સ્મૃતિ કરતાં સૌ વિખરાયા.

આ અરસામાં સીસ્વાના મિસ્ત્રી ફુલાભાઈ હરગોવિંદદાસે મંદિરમાં કબાટ બનાવ્યાં હતાં. કોઠારી સ્વામીએ સ્વામીશ્રીને કહેલું કે તેમને આશીર્વાદ આપજો.

સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી સભામંડપમાં આવ્યા ત્યારે મિસ્ત્રીને જોયા. સ્વામીશ્રી તેમની નજીક ગયા ને આશીર્વાદ આપતાં કહે : 'બહુ સારાં કબાટ કર્યાં છે. પગાર કોઠારી સ્વામી ચૂકવી દેશે. તેમાંથી એક મહિનાનો પગાર અક્ષર દેરીની મહાપૂજામાં લખાવજો.'

'ભલે બાપા.' તેઓ ગદ્ગદ થઈ ગયા. સ્વામીશ્રીએ એમને પાણી મગાવી આપ્યું. તેઓ સ્વસ્થ થયા અને કહે : 'બાપા ! દીકરીનાં લગ્ન આવે છે ને દેશકાળ બહુ નરમ છે. આશીર્વાદ આપો.'

'જાવ, કોઈ મોટો સાહેબ મળી જશે ને સુખિયા થઈ જશો !' સ્વામીશ્રીએ બે ધબ્બા આપીને કહ્યું.

થોડા જ દિવસોમાં ભાયલી પાસે ગાસગેટનું કારખાનું નખાયું અને ફુલાભાઈના પુત્ર શાંતિલાલને તેના કોઈ અંગ્રેજ એન્જિનિયરનો ભેટો થઈ ગયો. આ પરિચયમાં જ તેમને ખૂબ સારા પગારે નોકરી મળી અને વહેવાર ખૂબ સુધરી ગયો. ફુલાભાઈની નિષ્ઠા દૃઢ થઈ. એમણે પોતાના બે પુત્રોને સાધુ થવા સ્વામીશ્રીને અર્પણ કર્યા.

અહીંથી ભાદરણ, પાળજ, દાઓલ થઈ સ્વામીશ્રી ગાના પધાર્યા. અહીં શ્રીજીમહારાજ પધારેલા તથા શાસ્ત્રીજી મહારાજ પધારેલા ત્યારે ગામના લાકો ઘીની મશાલોથી સ્વાગત કરતા હતા. તે જ પ્રમાણે આ વખતે આખા ગામે ઘીની મશાલો પ્રજ્વલિત કરી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. કથાવાર્તાનો અલૌકિક આનંદ સ્વામીશ્રીએ સૌને આપ્યો. હરમાનભાઈએ આખા ગામને જમાડ્યું. યુવક મંડળે સારી સેવા કરી. ઘણી પધરામણીઓ થઈ.

આણંદ થઈ માગશર વદ ૧૧, લગભગ ૧૫૦ જેટલા હરિભક્તો, પ્રમુખસ્વામી, મોટાસ્વામી, શ્રીજીસ્વરૂપદાસ વગેરે મંડળ સાથે સ્વામીશ્રી વડતાલ પધાર્યા. અમદાવાદથી પણ ઘણા મોટેરા હરિભક્તો આવ્યા હતા.

મંદિરે દર્શન કર્યાં. બ્રહ્મચારીજીએ પ્રસાદીના ફૂલહારથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. હરિકૃષ્ણ મહારાજ આગળ ધૂન કરી. પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી મોટેરા સંતોને મળ્યા. ઉગમણી બેઠકે તથા જોબન પગીની મેડીએ દર્શન કરી ગામમાં મુખીને ત્યાં પધરામણી કરી. ગોમતીજીએ પાણી લીલવાળું હતું. છતાં સૌને મહિમા સમજાવી સ્નાન કરાવ્યું તથા પોતે સ્નાન કર્યું. હરિભક્તોએ પૂજા કરી. સ્વામીશ્રીએ ચાર સંકલ્પો કરી ધૂન કરાવી :

(૧) આખું જગત સ્વામિનારાયણનું ભજન કરે, (૨) સૌના દેશકાળ સુધરે, (૩) ગઢપુર મંદિર વહેલું પૂરું થાય અને (૪) આફ્રિકામાં શાંતિ રહે, સત્સંગ વધે. પૂર્વ આફ્રિકામાં કેન્યામાં તે વખતે માઉમાઉની ચળવળ ચાલતી. તેથી અશાંતિ જેવું હતું. તે શાંતિ થાય તે માટે સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો. જેથી ત્યાં વસતા આપણા હરિભક્તોને મુશ્કેલી ન પડે.

અહીંથી ફરી આણંદ પધાર્યા.

અહીં એક હરિભક્ત પાછા પડી ગયા હતા. તેમને થતું કે શાસ્ત્રીજી મહારાજ જેવું અત્યારે નહીં. સ્વામીશ્રીને આ વાત મળી ત્યારે કહે : ‘આપણે ક્યાં ખોટું કરીએ છીએ ? સાચી વાત કરીએ છીએ. સંતમાં ભગવાન નખશિખ રહ્યા છે. પણ કોઈ ન માને તો તેની મરજીની વાત !’

એક હરિભક્ત કહે : ‘બાપા ! ત્રિભુવન ગોપાળ પણ પાછા જ પડી ગયા હતા ને !’

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : ‘ગુરુ ! એમ ન કહેવાય. પાછા પડ્યા નથી, એક ધોરણમાં બે વરસ કાઢ્યાં એમ કહેવાય ! ફરી પાસ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ તે શાસ્ત્રીજી મહારાજ ! લીંબડો તે લીંબડો ! એવી નિષ્ઠા

હતી. આપણે ન ફરવું. અમે સ્વામીને એવા સેવેલા !'

સ્વામીશ્રીને કોઈની ટીકામાં કે ટીકાના સંદર્ભે થતી ચર્ચામાં ભાગ લેવાની ફાવટ જ નહીં, અને તેથી જ તેમની ગુણગ્રહણની ચપળતા સામાન્ય જન કરતાં અનેકગણી તીવ્ર હતી.

અહીંથી મોટાસ્વામી અને પ્રમુખસ્વામી ખાનદેશ તરફ ગયા. અને સ્વામીશ્રી ઉત્તરસંડા થઈ નડિયાદ પધાર્યા.

અહીં સ્ટેશન ઉપર સ્વામીશ્રીનું સ્વાગત કર્યું અને અદ્‌ભુત શોભાયાત્રા કાઢવામાં આવી. સ્વામિનારાયણ મંદિરના પ્રવેશદ્વાર ઉપર નડિયાદ મંદિરના કોઠારી કાનજીભાઈ બ્રહ્મભટ્ટ તથા ઈશ્વરભાઈ લાભશંકર પંડ્યાએ ફૂલહારથી સ્વાગત કર્યું. મંદિરમાં દર્શન કરી સભામંડપમાં બિરાજ્યા. હરમાનભાઈએ જુસ્સાભેર શૈલીમાં સંપ, સુહૃદભાવથી સંપ્રદાયનો પ્રચાર દુનિયાના ખૂણે ખૂણે કરવા હરિભક્તોને હાકલ કરી.

સાંજે રાવપુરામાં મોઢ બ્રાહ્મણની વાડીમાં જાહેર સભા થઈ. નવા રાવપુરા, રસ્તાઓ, સભાસ્થાન તોરણોથી શણગાર્યું હતું. સ્વામીશ્રીએ 'શાસ્ત્રીજી મહારાજ યુવક મંડળ'ની સ્થાપના કરી. જે યુવાનોએ હર્ષથી વધાવી લીધી હતી. ઘણી પધરામણીઓ બાદ સ્વામીશ્રીએ કૃષ્ણાલાલ જીવાભાઈ પટેલને ત્યાં ઠાકોરજી જમાડ્યા. પ્રવીણચંદ્ર ગોરધનદાસ બ્રહ્મભટ્ટ, ઘનશ્યામભાઈ દત્તરામભાઈ, વિઠ્ઠલભાઈ બકોરભાઈ, ભાઈલાલભાઈ, મગનભાઈ વીમાવાળા તથા સેક્રેટરી ઠાકોરભાઈએ સારી વ્યવસ્થા કરી હતી.

❀ ❀ ❀

અક્ષર મંદિરમાં નિવસતા યોગીરાજ



ધોળકાના સત્સંગી રેવાશંકર ત્રિવેદી કૉંગ્રેસના આગેવાન કાર્યકર હતા. કોઈને ગાંઠે નહિ એવા ભડવીર; પરંતુ શાસ્ત્રીજી મહારાજ પાસે દાસભાવે વર્તે. શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી સ્વામીશ્રી સાથે પણ એવા જ ભાવથી જોડાયેલા. દર વરસે તેઓ દિવાળી અને બેસતું વર્ષ સ્વામીશ્રીના સાંનિધ્યમાં જ કરે અને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવે.

સ્વામીશ્રી ગુજરાતમાં વિચરતા હતા તે દરમ્યાન તેમના અંતરમાં ગોંડલ દર્શને જવાની ઇચ્છા થઈ. તેમને ખ્યાલ નહીં કે સ્વામીશ્રી ગુજરાતમાં છે. તેથી એક મોટો ફૂલહાર ઘરે તૈયાર કરાવ્યો અને સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા.

પ્રથમ દેરીમાં તથા ઉપર ઠાકોરજીનાં દર્શન કરીને ઑફિસમાં દાજી બાપુ તથા કોઠારી છગનભાઈને મળ્યા. તેમણે કહ્યું : ‘સ્વામીશ્રી તો ગુજરાતમાં વિચરણ કરે છે. અહીં નથી.’

ઉતારા-જમવાનું પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : ‘મારે તો બાપા અહીં બિરાજતા હોય તો એક-બે દિવસ રહીને, અક્ષર દેરીની પ્રદક્ષિણા તથા તેમના સમાગમનો લાભ લેવાનો સંકલ્પ હતો.’

તેઓ અત્યંત ભક્તિભાવપૂર્વક શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં દર્શન કરીને સ્વામીશ્રીના ઓરડામાં આવ્યા.

ઓરડામાં પલંગ પર સ્વામીશ્રી બિરાજમાન હતા ! તેમને લાગ્યું કે ‘સ્વામીશ્રી તો છે ! કારભારીએ કેમ અવળું કહ્યું હશે ?’

એવામાં સ્વામીશ્રી બોલ્યા : ‘આવો રેવાશંકરભાઈ ! હાર પહેરાવો. ઘણા દિવસે મળ્યા. હવે બે દિવસ રહીને દેરીની પ્રદક્ષિણા કરજો.’

રેવાશંકરભાઈએ હાર સ્વામીશ્રીના કંઠમાં પહેરાવ્યો. સ્વામીશ્રીએ તે હાર તેમને પાછો આપ્યો. અને રેવાશંકરભાઈ જ્યાં વાત કરવા જાય છે ત્યાં

સ્વામીશ્રી ન મળે ! તેમને જાણે સ્વપ્ન આવ્યું હોય તેમ આ બધું બની ગયું. તેમણે પોતાની જાતને ઢંઢોળી. તેઓ સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં જ હતા. આ શું બની ગયું ? સ્વામીશ્રી તેમને દર્શન આપી અદૃશ્ય થઈ ગયા અને અનુભવ કરાવ્યો કે પોતે અહીં સદાય પ્રગટ જ છે. સ્થૂલ સ્વરૂપે વિચરતા હોય છે, પરંતુ દિવ્ય સ્વરૂપે સદાય અક્ષર મંદિરમાં બિરાજે છે.

તેમણે ઑફિસમાં આવીને આ વાત દાજી બાપુ તથા સર્વેને કરી, ત્યારે એ સૌ પણ આશ્ચર્યચકિત થઈ ગયા.

રેવાશંકરભાઈ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર બે દિવસ રહીને દેરીની પ્રદક્ષિણાનો લાભ લઈને ધોળકા ગયા.

✧

સ્વામીશ્રી નડિયાદથી અમદાવાદ પધાર્યા. સ્વામીશ્રી વર્ષોવર્ષ મકર-સંક્રાન્તિનો સમૈયો રાજકોટ જ કરતા. આથી પોતે વિચાર્યું કે અમદાવાદથી રાજકોટ મકરસંક્રાંતિ કરવા જતાં વચ્ચે સારંગપુર પણ જવું. તેથી સારંગપુર પત્ર લખી જણાવ્યું : 'પોષ સુદ ૭ના રોજ હું સારંગપુર આવું છું.'

પરંતુ આફ્રિકામાં કેન્યાના કાઉન્સિલર એ.બી. પટેલ મુંબઈ આવ્યા હતા. બધો કાર્યક્રમ બદલી સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. સ્વામીશ્રી તેમને મળ્યા, આશીર્વાદ આપ્યા.

અહીં ભૂલેશ્વરમાં સ્વામિનારાયણ મંદિરમાં દર્શને પધાર્યા. વડતાલના મુખ્ય કોઠારી રામસંગ ભગતે સ્વાગત કર્યું. સ્વામીશ્રી સાથે આવેલા અક્ષર સ્વામી અહીં કથાવાર્તા કરવા રોકાયા.

મનુષ્યભાવનું પ્રાયશ્ચિત્ત

હરિભક્તોનાં દુઃખ નિવારણ માટે અને તેમના મનોરથોની સિદ્ધિ માટે સ્વામીશ્રી સૌને અક્ષર દેરીની મહાપૂજાની માનતા આપતા. આ રીતે અક્ષર મંદિર ગોંડલની સેવા તેઓ સૌ પાસે કરાવતા.

તે વખતે ગઢડા મંદિરનું કામ હજુ ચાલુ હતું. બીજાં મંદિરોમાં પણ નાનાં-મોટાં કામ ચાલુ રહેતાં. દરેક મંદિરમાં કોઠારીઓને આર્થિક ભીંસ રહેતી. તેથી ઘણા સંતોના મનમાં થતું કે યોગીજી મહારાજ ઘણીખરી સેવા ગોંડલ લઈ જાય છે. બીજાં મંદિરોના નિભાવનો વિચાર કરતા નથી. વાસ્તવમાં તો સમગ્ર સત્સંગમાં જ્યાં જે કોઈ સેવા કરતા તે કેવળ સ્વામીશ્રીને રાજી કરવા જ કરતા.

તેથી એમના પ્રતાપથી જ મંદિરોનો વ્યવહાર ચાલતો હતો, એ સૌ ભૂલી જતા હતા. સ્વામીશ્રીએ ધારણ કરેલી ગરીબ પ્રકૃતિને લીધે, પ્રસંગ આવે ઘણા સંતો-હરિભક્તો એમને સંભળાવતા કે તમે ગોંડલનું વધુ ખેંચો છો. સ્વામીશ્રી આ બધું સાંભળી રહેતા.

એક વાર કેટલાક સંતોની ભંભેરણીથી જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ નાના અક્ષર સ્વામીએ પણ આ અંગે સ્વામીશ્રીને ટકોર કરી. તેઓ વિવેક ચૂકી ગયા. જેમના દ્વારા સાક્ષાત્ શ્રીજીમહારાજ પૃથ્વી ઉપર પ્રગટ છે એવા ગુણાતીત સ્વરૂપ સંતની ક્રિયામાં દોષ પરઠી, એમને બે વેણ કહ્યાં. સ્વામીશ્રી કશું બોલ્યા નહિ. સાંભળી રહ્યા.

પણ એ રાત્રે શાસ્ત્રીજી મહારાજે એમને સ્વપ્નમાં દર્શન દીધાં અને ઠપકો આપ્યો કે 'જોગી જેવા સાધુને તમે કેમ દુભવ્યા ?'

અક્ષર સ્વામીએ ઘણી માફી માગી : 'સ્વામી ! ભૂલ થઈ ગઈ.'

શાસ્ત્રીજી મહારાજે એમને પ્રાયશ્ચિત્તરૂપે ૫૧ ઉપવાસ કરવા કહ્યું. ત્યાં અક્ષર સ્વામીની આંખ ખૂલી ગઈ. તેમને અંતરમાં ઘણી બળતરા થઈ. તેમણે સ્વામીશ્રીની ઘણી માફી માગી. નારિયેળ તથા સાકરનો પડો એમનાં ચરણોમાં ધરી પૂજા કરી. સ્વામીશ્રી તો જાણે કાંઈ બન્યું જ નથી એમ પૂર્વવત્ હસતા રહ્યા.

આ વખતે મુંબઈમાં તેમણે ૫૧ ઉપવાસ પૂરા કર્યા. પછી તો યોગીજી મહારાજના અપરંપાર મહિમાની વાતો તેઓ હરિભક્તોને કરવા લાગ્યા.

યુવા-ચેતનાના ઉદ્ધારક

ગઈ દિવાળી પહેલાં મુંબઈમાં સ્વામીશ્રીની આજ્ઞાથી વ્યવસ્થિત યુવક મંડળની સ્થાપના થઈ ગઈ હતી. શરદ પૂનમના તથા દિવાળીના સમૈયામાં મુંબઈના યુવકો સેવામાં પણ હતા. સૌનો ઉત્સાહ ઘણો હતો. જયંતી પ્રસંગે ઉદ્‌ઘાટિત કરેલા 'જ્ઞાનયજ્ઞ' અંકને આ વખતે સ્વામીશ્રીએ શાંતિથી નિહાળ્યો અને પોતાનો અભિપ્રાય પણ લખ્યો :

'ત્રિમાસિક પ્રકાશ બહુ જ સારું જ્ઞાનવાળું છે. તો તમામ યુવકો આવા લેખો લખશે તો તેમના ઉપર સ્વામી, શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ ખૂબ જ રાજી થશે ને આશીર્વાદ આપશે. માટે સ્વામી યજ્ઞપુરુષદાસજી મુંબાઈ મંડળના જય જય જય. બધા બળ રાખશો તો મંડળ વધશે. દા. જ્ઞાનજીવનદાસજી, મુંબઈ, પોષ સુદ ૭, વાર સોમવાર, આનંદ મંડળ કે'વાશે, તા. ૧૧-૧-'૫૪.'

શરૂઆતમાં મુંબઈ યુવક મંડળનું નામ સ્વામીશ્રીએ 'શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી યુવક મંડળ' એવું આપેલું હતું. યુવક પ્રવૃત્તિ શરૂ થાય અને ખૂબ વિકાસ પામે તે માટે સ્વામીશ્રીનો ઉત્સાહ એટલો બધો કે એનું શબ્દોમાં વર્ણન થઈ શકે એમ નથી. અઠવાડિયામાં ત્રણ કાગળો આવે. એક પત્ર વાંચીને યુવકો હજુ તો વિચાર કરે ત્યાં બીજા યુવક ઉપર ફરી પત્ર આવે. તે સૌ વાંચે ત્યાં ત્રીજા યુવક ઉપર વળી પત્ર આવ્યો જ હોય. ઉત્સાહ અને બળભર્યા શબ્દો અને મહિમાથી સ્વામીશ્રી યુવકોને એવા તો નવાજી દે કે સૌ રાત-દિવસ સ્વામીશ્રીની આજ્ઞાનું જ ચિંતવન કરે. બીજું કાંઈ સૂઝે જ નહિ. ક્યારે રવિવાર આવે અને સભા ભરીએ. સૌ ઉત્સાહથી સ્વામીશ્રીનો મહિમા સમજવામાં તથા ગુણાતીત જ્ઞાનમાં રસ લેવા લાગ્યા. ચર્ચાઓ, ગોષ્ઠિઓ થતી. રોજનીશી લખાતી. આમ, સ્વામીશ્રીએ યુવકોને અદ્‌ભુત પ્રેરણા-પીયૂષ પાયાં.

દર્શન ઘેલા ભક્તો

આ તરફ, પત્ર દ્વારા સ્વામીશ્રીના આગમનના સમાચાર સાંભળી સારંગપુરના સંતો-હરિભક્તોના ઉત્સાહનો પાર ન રહ્યો. ગામોગામ ખબર પહોંચી ગયા. તેથી ફરતાં ગામડાં સમઢિયાળા, ઝમરાળા, કેરિયા, ખોપાળા, નિંગાળા, તુરખા, તાજપુર વગેરે ગામોથી હરિભક્તો ભેગા થઈ ગયા. જાણે સમૈયો હોય એમ સારંગપુરમા હરિભક્તોની મેદની જામી હતી. સૌ સ્વામીશ્રીનાં દર્શનની ચાતક જેમ રાહ જોઈ રહ્યા હતા. કોઠારીએ સ્વાગત માટે બૅન્ડ પણ બોલાવ્યું હતું.

એવામાં મંદિરમાં ઘોડાગાડીએ પ્રવેશ કર્યો. સૌ હરિભક્તોએ જય પોકારી. બૅન્ડ-વાજાં શરૂ થઈ ગયાં. ત્યાં ઘોડાગાડીમાંથી તો હરિભક્તો ઊતર્યા. સૌની ધારણા ખોટી પડી. હરિભક્તોએ ખબર આપ્યા કે 'સ્વામીશ્રીને તો આફ્રિકાના રાજકીય નેતા એ.બી. પટેલને મળવા અચાનક મુંબઈ જવું પડ્યું છે.'

આ સમાચારથી સૌ અત્યંત નિરાશ થઈ ગયા. સ્વામીશ્રીનાં દર્શનનો પ્રચંડ ઉત્સાહ ક્ષણવારમાં ભાંગી પડ્યો. સૌને જાણે વીજળી પડી હોય એવો આઘાત લાગ્યો.

ગામોગામ અને શહેરોમાં, આબાલવૃદ્ધ બાઈ-ભાઈ સૌને સ્વામીશ્રીનાં દર્શનની ખૂબ જ ખેંચ રહેતી અને સ્વામીશ્રી પોતાને ગામ પધારે, દર્શન-સમાગમનો લાભ આપે એ માટે સૌ અધીરા બની જતા. સમૈયા-ઉત્સવોમાં પણ

એવું જ થતું. ગામોગામથી હરિભક્તોના સંઘ ઊમટતા. સ્વામીશ્રીનાં દર્શન માટે પડાપડી થતી. પારાવાર હરિભક્તોને રોકી રાખવા પડતા. ધક્કા મારી ખાળવા પડતા, તોપણ પડતા-આખડતા સૌ સ્વામીશ્રી નજીક પહોંચી જતા.

શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી સ્વામીશ્રીએ હરિભક્તોમાં આવું કામણ કર્યું હતું. પોતાનું ઘર હોય કે ખેતીવાડી હોય, પોતાના મકાનનું વાસ્તુ હોય કે લગ્ન પ્રસંગ હોય; સ્વામીશ્રીને પોતાને ત્યાં પધરાવવાનું સૌને તાન રહેતું. ગામોગામ અમાપ પધરામણીઓ થતી. તેમાં દિવસ-રાત જોવાતાં નહિ. જમવાનો કે સૂવાનો સમય સચવાતો નહિ. કોઈ પૂર્વ આયોજન કે વ્યવસ્થા રહેતી નહિ. આડેધડ કાર્યક્રમો ગોઠવાતા. પ્રેમના અતિરેકમાં હરિભક્તોને શિસ્તનો ખ્યાલ રહેતો જ નહિ. તેથી સ્વામીશ્રીનો સાર્વજનિક મૂડીની જેમ સૌ મનફાવે એમ લાભ લેતા. આજીવન સતત ઉપવાસ, તપ અને વૈરાગ્યથી જેમણે પોતાના શરીરની શક્તિ ક્ષીણ કરી નાખી હતી, શરીરમાં કોઈ કસ રહેવા દીધો નહોતો, એવા સ્વામીશ્રી પણ નાના-મોટા, ગરીબ-તવંગર, ગામડાંના કે શહેરના, સૌ ભક્તોને રાજી કરવા એ જ ભક્તિ સમજી, ગુજરાતનાં ગામડે ગામડે, ખૂણે ખૂણે ફરી વળતા.

દયાળુ સ્વામીશ્રીએ વિચાર્યું કે સારંગપુરમાં સૌ સંતો-હરિભક્તો મારી રાહ જોતા હશે. મોટા હરિભક્તો મને મુંબઈ તાણી ગયા, પણ ગામડાંના પ્રેમી-ભક્તો નિરાશ થયા હશે. તેથી તેમણે ગામોગામ હરિભક્તોનાં નામો યાદ કરી, જાતે પત્રો લખી આશ્વાસન આપ્યું કે 'હું અટલાદરા વસંત પંચમીનો સમૈયો કરી ત્યાં જરૂર આવીશ.'

નાનામાં નાનો ભક્ત દુખાય તે સ્વામીશ્રીને મન સાક્ષાત્ શ્રીજીમહારાજ દુખાય એવી લાગણી એમના હૃદયમાં હંમેશાં રહેતી.

મુંબઈથી નીકળી બાલમુકુંદ સ્વામી સ્વામીશ્રી સાથે તા. ૧૩-૧-'૫૪ વડોદરા આવી પહોંચ્યા. અહીં વાડી સ્વામિનારાયણ મંદિરમાં મહંત તથા સંતોએ સ્વાગત કર્યું. દર્શન કર્યાં. ભાટવાડામાં જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન હતું. સ્વામીશ્રી પધારતાં બૅન્ડ-વાજાંથી સ્વાગત કર્યું. જ્ઞાનમંદિર અને પોળ સુંદર શણગાર્યાં હતાં. આજુબાજુનાં ગામોથી ઘણા હરિભક્તો પણ આવી ગયા હતા. ડેપ્યુટી કલેક્ટર પ્રદ્યુમ્નસિંહ તથા જૂના મંદિરના મહંત તથા સંતો આવ્યા હતા. હરમાનભાઈએ સત્સંગ પ્રચાર, સુહૃદભાવ, ચારિત્ર્ય અને શિક્ષાપત્રી-પાલન માટે યુવકોને હાકલ કરી હતી. સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા વર્ણવ્યો. સાંજે

ભાદરવા ઠાકોર, રાજપર દરબાર વગેરે દર્શને આવ્યા હતા.

અહીંથી ટ્રેનમાં સ્વામીશ્રી નડિયાદ થઈને અમદાવાદ પધારવાના હતા. કૃષ્ણાભાઈનાં ધર્મપત્નીએ ભક્તિભાવથી સ્વામીશ્રી માટે તરબૂચનાં પાણીથી પાપડ બનાવ્યા હતા. તે કૃષ્ણાભાઈને રેલવે સ્ટેશને લઈ જવા માટે આપ્યા.

તેઓ સ્ટેશને આવ્યા. ટ્રેન આવતાં જ જયનાદથી સ્ટેશન ગાજી ઊઠ્યું. કૃષ્ણાલાલ આગળ આવ્યા અને પાપડ તથા બીજી વસ્તુઓ સ્વામીશ્રીને આપી. બીજા હરિભક્તોએ પણ સ્વામીશ્રીને ઘણી ચીજ-સામગ્રી અર્પણ કરી, પણ સ્વામીશ્રીએ તેમાંથી પાપડનું પડીકું હાથમાં લઈને મસ્તકે અડાડ્યું અને રાજીપો દર્શાવ્યો. ઘરે જઈને કૃષ્ણાલાલે પોતાનાં પત્નીને આ વાત કરી. ત્યારે તેમની આંખમાંથી હર્ષનાં આંસુ આવી ગયાં : 'સ્વામીશ્રીએ મારી મનોકામના અને ભાવના પૂર્ણ કરી !'

રાત્રે અમદાવાદ પહોંચ્યા. સભામાં ડેપ્યુટી કલેક્ટર ગોહિલ સાહેબ, સાણંદ કારભારી દવે વગેરે આવ્યા હતા.

અમદાવાદના હરિભક્તો ચંપકભાઈ, વિનાયકરાવભાઈ વગેરેએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આ વખતે પ્રમુખસ્વામી, મોટાસ્વામી ખાનદેશ છે. તેથી આ ઉત્સવ ઉપર તેઓ અમદાવાદ નહિ આવી શકે. તો આપ આ ઉત્સવ અહીં ઊજવો.' ભક્તાધીન સ્વામીશ્રીએ તુરત એમની વિનંતી માન્ય રાખી.

બીજે દિવસે ઉત્તરાયણની સભા મિસ્ત્રીને મેડે થઈ હતી. મોટા મંદિરે તેમજ આંબલી પોળે દર્શન કર્યાં. ૪ વાગે 'કચ્છ-સૌરાષ્ટ્ર મોચી જ્ઞાતિ કેળવણી મંડળ'ના કાંકરિયા રોડ ઉપરના છાત્રાલયમાં પધરામણી થઈ. સુંદર મંડપ બાંધેલો. સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા ઉપર ભાર મૂક્યો. દેવશીભાઈ, ગોરધનભાઈ વગેરે ભક્તોએ સારી સેવા કરી.

અમદાવાદથી રાતની ગાડીમાં બેસી રાજકોટ પધાર્યા.[૧૦૯] અદાની દેરીએ સભા થઈ. કરસનદાસ ગણાત્રા નાની ઉંમરમાં અક્ષરનિવાસી થવાથી તે નિમિત્તે ધૂન કરી. લક્ષ્મીદાસ ગણાત્રા વગેરે કુટુંબીજનોને આશ્વાસન આપી, આશીર્વાદ આપ્યા. શાંતિ પમાડી.

ભાન ભુલાવતી જોગીની રઢ

અક્ષરપુરુષોત્તમ મંદિરમાં ઉતારો હતો, પરંતુ હરિભક્તોને રાજી રાખવા

---

૧૦૯. તા. ૧૫-૧-'૫૪.

ઠાકોરજી જમાડવાનો કાર્યક્રમ જુદા જુદા હરિભક્તોને ત્યાં રહેતો. હરિભક્તો પણ સ્વામીશ્રીની સેવા કરવા, રાજી કરવા ગાંડા-ઘેલા થઈ જતા. ભાગવતમાં ગોપીઓ કૃષ્ણ પાછળ ઘેલી થતી એ વાતો તો પ્રસિદ્ધ છે, અહીં પણ નાનાં-મોટાં, બાઈ-ભાઈ તમામને સ્વામીશ્રીનું ઘેલું લાગતું.

અહીંના માસ્તર મોહનલાલ અઢિયાએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'કાલે સવારે પારણાંમાં ઉકાળો-નાસ્તો મારે ઘરેથી લાવીશ.'

સ્વામીશ્રીને ઉપવાસ હતો. બીજે દિવસે બધી સામગ્રી જેમ બને તેમ જલદી લઈ જવામાં મોહનભાઈને રાત્રે ઊંઘ પણ આવી નહિ. આખી રાત એક જ અનુસંધાન. સવારે વહેલા ઊઠી બધાને ઉઠાડ્યા. ઝટ ઝટ નાહી લીધું. પ્રેમમાં ને પ્રેમમાં બોલવા લાગ્યા : 'બાપા ! હું આવું છું.' સ્વામીશ્રી જ નજર સામે દેખાયા કરે. 'બીજા કોઈ નાસ્તો લઈને આવી જશે તો ? સ્વામી એનો નાસ્તો-ઉકાળો લઈ લેશે તો ?' એવા બેબાકળા થઈ ગયેલા. ઘરનાંને ખૂબ ઉતાવળ કરાવી, ઉકાળાની બરણી અને નાસ્તાનો ડબો લઈને ઘરની બહાર નીકળ્યા.

ત્યાં એમના પુત્ર ચંદ્રકાન્તભાઈ સામે મળ્યા. તેઓ હસવા લાગ્યા અને કહે : 'બાપુજી ! તમે આ શું પહેર્યું છે ?'

તેમણે જોયું તો ધોતિયાને બદલે સાડી પહેરી લીધી હતી ! પછી હાંફળા-ફાંફળા ધોતિયું પહેરી મંદિરે સ્વામીશ્રી પાસે પહોંચ્યા. ત્યારે સ્વામીશ્રી તો પૂજા કરી રહ્યા હતા. દંડવત્ કર્યા - ન કર્યા ને પ્રેમઘેલા તેઓ બોલવા લાગ્યા : 'બાપા ! થોડું મોડું થયું છે. માફ કરશો.'

હરિકૃષ્ણ મહારાજને ઉકાળો-નાસ્તો ધરીને સ્વામીશ્રી આગળ મૂકી દીધાં અને કહે : 'મારી આટલી સેવા અંગીકાર કરો. બીજા લાવશે તો મારી સેવા રહી જશે.'

સ્વામીશ્રીએ ધીરજ આપતાં પ્રેમથી હસતાં હસતાં કહ્યું : 'બીજા લાવશે તોપણ તમારું પહેલાં વાપરીશું. તમે ચિંતા ન કરો.'

પૂજા પછી સ્વામીશ્રીએ સૌ સંતો-હરિભક્તો સાથે એમનો પ્રસાદ અંગીકાર કર્યો. સ્વામીશ્રીની સેવા કરવાનું ભક્તોને આવું તાન હતું. સ્વામી-બાપામાં રહીને ભગવાન અંગીકાર કરે છે, તેવો ભાવ હતો.

વિભૂતિ જ્યોતિને વિભૂતિ દર્શન

દક્ષિણમાં નીલગિરિમાં આવેલા કોટાગિરિ આશ્રમના સુપ્રસિદ્ધ યોગી અને

જ્યોતિષી, નિત્યાનંદ કવીશ્વર વિભૂતિ જ્યોતિ ખાસ સ્વામીશ્રીનાં દર્શને રાજકોટ આવ્યા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ તેમને એવી અનુભૂતિ થઈ કે ભગવાનનું બાળસ્વરૂપ મૂર્તિમાન અવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર અવતરેલું છે. પરસ્પર પરિચય થયો. પણ તે પહેલાં જ તેમને સ્વપ્નમાં એક સંતનાં દર્શન થયેલાં અને 'આવજો' એવો સાદ સંભળાયો હતો તે પ્રસંગની સ્મૃતિ થઈ આવી. સ્વપ્નમાં નિહાળેલા સંત અને સ્વામીશ્રી એક જ હતા તે પ્રત્યક્ષ દર્શનથી નક્કી થયું. તેથી વધુ આશ્ચર્ય પામી સ્વામીશ્રીનાં દર્શનથી તેઓ ભાવવિભોર બની ગયા.

રાજકોટથી ગોંડલ જતાં તેઓ મોટરમાં સ્વામીશ્રી સાથે જ બેઠા હતા. રસ્તા ઉપર મોટર ઝડપથી પસાર થતી હતી. તેઓ સ્વામીશ્રી તરફ જોતા હતા ત્યારે સ્વામીશ્રીનું મુખારવિંદ અને શરીર બદલાતાં હોય અને વધુ દેદીપ્યમાન લાગતાં હોય એવો એમને દિવ્ય અનુભવ થયો. તેથી સ્વામીશ્રીનાં ચરણારવિંદ તરફ જોવા લાગ્યા, તો તે એકસરખાં જ દેખાતાં હતાં. એ તરફ દૃષ્ટિ વધુ સ્થિર કરતાં, સ્વામિનારાયણ ભગવાનનાં કોમળ ચરણારવિંદનાં તેમાં દર્શન થયાં. ધીરે ધીરે તેમને એવો ભાવ થયો કે કોઈ સર્વ સત્તાધીશ દિવ્ય વિભૂતિની બાજુમાં તેઓ બેઠા છે. સ્વામીશ્રીના સાંનિધ્યમાં, મંદિરમાં તથા અક્ષર દેરીમાં પણ તેમને એવો અનુભવ થયો કે કોઈ દિવ્ય તત્ત્વની વધારે ને વધારે નજીક તેઓ જઈ રહ્યા છે. સ્વામીશ્રીના આશીર્વાદ અને સત્સંગ-સેવાનું વ્રત લઈ તેઓ મુંબઈ ગયા.

આ અરસામાં સ્પેશિયલ ટ્રેનનો હેવાલ રજૂ કરતો, 'સ્વામિનારાયણ પ્રકાશ'નો વિશેષાંક પ્રગટ થયો હતો. તેના આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ લખ્યું : *'આ અંક સ્વામીના સંકલ્પથી બહાર પડેલ છે. એવું માનશો કે આ તો પુસ્તક છે. જેમ 'સત્સંગિજીવન' તેમ આ પુસ્તક સ્વામીના ચરિત્રવાળું બન્યું છે... અંકરૂપી પુસ્તક સૌ જીવની પેઠે સાચવજો. વાર્ષિક પાઠ શ્રાવણ માસમાં સૌ કરજો. તેમજ સાચવજો. ખોવાઈ ન જાય, ગેરવલ્લે ન પડે. સો વરસે કાઢીએ તો સૌનાં ઘરમાંથી નીકળે તેમ સાચવજો. જે જાત્રામાં ભલે ન આવ્યા, તે આ ગ્રંથ વાંચે તેમને જાત્રાનું ફળ મળી ચૂક્યું માનવું.'*

આ અંકનો મહિમા સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન' તુલ્ય કહ્યો. કારણ એમાં મહારાજના ધારક પ્રગટ સંતનાં ચરિત્રો હતાં. 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ સ્વામીશ્રી નિયમિત કરતા અને કરાવતા. તેના ગ્રાહક થવાની પણ સૌને આજ્ઞા કરતા અને એ માટે આશીર્વાદ પત્રો લખતા. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી શરૂ થયેલ 'સ્વામિનારાયણ પ્રકાશ' સ્વામીશ્રીને મન

શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ સમાન હતું.

✧

વસંત પંચમીને હજુ વાર હતી. ત્યાં સ્વામીશ્રીનો પત્ર આવ્યો કે 'પોષ વદ ૧૧ના રોજ અમે સારંગપુર આવીએ છીએ.'

વળી, સૌના આનંદનો પાર ન રહ્યો અને સૌ દર્શન માટે હર્ષઘેલા બની ગયા.

મુંબઈના હરિપ્રસાદ ચોકસી એમનાં ધર્મપત્ની અક્ષરનિવાસી થવાથી ઉત્તરક્રિયા વિધિ કરવા ગઢડા આવ્યા હતા. એમણે સ્વામીશ્રીને ખાસ તેડાવ્યા. તેથી સ્વામીશ્રી ગોંડલથી ગઢડા પધાર્યા. સ્વામીશ્રીએ કથાવાર્તા કરી તેમને ઘણી શાંતિ પમાડી. ત્યાંથી એમની સાથે કારિયાણી દર્શન કરી કોઠારી ધર્મ-વલ્લભદાસજીને મળ્યા. તેમણે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. પછી સૌ સારંગપુર આવી પહોંચ્યા.

મંદિરે દર્શન-પ્રદક્ષિણા બાદ હનુમાનના, ગણપતિનાં દર્શન કરી, સ્વામીના સમાધિ સ્થાને દેરીએ પધાર્યા. આજે એકાદશી હતી, તેથી કોઈ ઉતાવળ નહોતી. ૫૧ પ્રદક્ષિણા કરી, ઓટલા ઉપર બિરાજી સ્વામીના મહિમાની વાતો કરી. ૧૦ માળા ફેરવી, ધૂન કરાવી. મંદિરે પધારી સૌ સંતો-હરિભક્તોને મળ્યા. હસતાં હસતાં સૌને સમાચાર પૂછ્યા. અખંડ હાસ્ય રેલાવતી સ્વામીશ્રીની મૂર્તિ જ એવી મનોહારી હતી કે દર્શનમાત્રથી જ દેહનું ભાન ભૂલી જવાય. શું કહેવું ? શું સાંભળવું ? કંઈ ખબર પડે જ નહિ. સૌ મૂર્તિમાં તણાઈ જતા.

મંદિરમાં ૪ વાગે સભા રાખી હતી. ચોકસી સાહેબને લઈ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં દર્શન કરાવવા ગયા. મૂર્તિ તથા પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરાવ્યાં. એકાએક સ્વામી સાંભરી આવવાથી ચોકસી સાહેબ એકદમ ગળગળા થઈ ગયા. હૈયું ભરાઈ આવ્યું. ગળે ડૂમો ભરાયો. તેથી સ્વામીશ્રીએ આશ્વાસન આપતાં કહ્યું : 'સ્વામી તો આપણી સાથે જ છે. આપણી બધાની વચ્ચે સ્વામી પ્રત્યક્ષ બિરાજમાન છે. આ બધાં સ્વામીનાં જ સ્વરૂપ છે. આ સ્થાન પણ અક્ષરધામ જેવું છે. શાસ્ત્રીજી મહારાજને આ સ્થાન બહુ પ્રિય હતું.' એમ કહી ધૂન કરાવી. પછી સભામાં પધાર્યા.

સભામાં જે વચલે થાંભલે શાસ્ત્રીજી મહારાજ બિરાજતા, તે જ થાંભલે સ્વામીશ્રીનું આસન હતું. સૌ સ્વામીશ્રીની મૂર્તિમાં એકતાર થઈ ગયા હતા. ચોકસી સાહેબે ભાવવાહી પ્રવચન કર્યું.

સવારે ૩ વાગે જાગી એક કલાક ધ્યાનમાં બેઠા. ૪ વાગે સ્નાન કરવા

પધાર્યા. બાળમુકુંદદાસ સ્વામી તથા ચુની ભગત સેવામાં હતા. સ્નાન કરતાં કરતાં સૌ મુક્તોને સંભારવાની ખાસ ટેવ. પૂજામાં ૫૦ માળા ફેરવવાનો નિયમ. મંગળા આરતી કરી, પછી સ્વામીને ઓરડે દર્શન કરી, પછી જ પારણાંમાં થોડું લીંબુનું પાણી ગ્રહણ કર્યું. શણગાર આરતી પછી ધનજીભાઈ, વાઘજીભાઈ, હકાભાઈ ખાચર તથા મહેતાજી નારણ ગોરને ત્યાં પધરામણી કરી હનુમાનજીના મંદિરે પધાર્યા.

કોઠારી મોહન ભગતે પોતાના આસને સ્વામીશ્રીનું સ્વાગત કરી, ખૂબ ભાવ બતાવ્યો. આલાભાઈ ખાચર, કારભારી લાભશંકર તથા ગ્રામ્યજનો પણ અહીં ઉમળકાથી દર્શને આવ્યા હતા.

રાજકોટથી ગણોદ દરબાર મહોબતસિંહ તથા જેસીંગભાઈ નવી મોટર લઈ સ્વામીશ્રીને તેડવા આવ્યા હતા. સ્વામીશ્રીએ સૌને આગ્રહથી શીખંડ-પૂરી જમાડ્યાં. પછી ગઢડા થઈ ગોંડલ પધાર્યા.

આમ, પોષ સુદ ૧૫નું ગ્રહણ તથા મહોદય પર્વ ગોંડલ કરી, અટલાદરા વસંતોત્સવ ઊજવી, સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. નંદાજીને મળી સોખડા વગેરે ગામોમાં વિચરી આણંદમાં શાંતિલાલ પુરુષોત્તમની દુકાનનું ઉદ્‌ઘાટન કર્યું. બાદ અંજેસર થઈ સાંકરદા પધાર્યા.

સાંજે પધરામણીએ જવાની તૈયારી કરી. પીવા માટે તુંબડીમાં પાણી આપ્યું, ત્યારે કહે : 'ધરાવ્યું ?'

'હા.' વિનુભાઈએ કહ્યું. સ્વામીશ્રી તેમના હાથને ટેકો આપી, જમણા હાથે ઊંચેથી પાણી પીવા લાગ્યા. મનમોહક અદામાં પગની આંટી વાળીને ઊભેલા સ્વામીશ્રીની મૂર્તિ ખરેખર ચિરસ્મરણીય હતી.

વિનુભાઈને થયું કે 'પાણી પણ ધરાવીને પીવાનું ?' તેઓ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવા ધારતા હતા પણ પૂછી ન શક્યા. ત્યાં સ્વામીશ્રીએ કહ્યું : 'આત્મ-નિવેદીએ પાણી પણ ભગવાનને ધરાવીને, યાદ કરીને પીવું.'

પછી શાસ્ત્રીજી મહારાજને યાદ કરી કહે : 'સ્વામી પણ નીલકંઠ વર્ણીની પેઠે તપસ્વી સૂકલકડી હતા. બહુ તેજ છૂટતું. એવી એકવડી મૂર્તિનાં પણ અમે દર્શન કરેલાં. સ્વામીનો ઝપાટો બહુ. દસ ગાઉ ચાલ્યા જાય. ઊડે ! કોઈ સાથે ચાલી ન શકે.'

પુરુષોત્તમભાઈ કહે : 'આપનું પણ એવું જ છે ને !'

સ્વામીશ્રી કહે : 'આપણે તો કાંઈ નહીં ! શાસ્ત્રીજી મહારાજની વાત

જુદી. બ્રહ્માંડમાં એવો કોઈ ન મળે. એ તો ઘણાયને સભામાં પકડતા : 'એય, ક્યાં વૃત્તિ ગઈ ?' એની વૃત્તિ બીજે ગઈ જ હોય...'

આમ, જૂની સ્મૃતિ કરી સૌને ગુરુહરિનો મહિમા કહ્યો.

ભાદરણમાં મેમ્બર તરીકે ઓળખતા ભાઈલાલભાઈને શાસ્ત્રીજી મહારાજે દિવ્યરૂપે દર્શન દીધાં અને પારાયણ કરવા આજ્ઞા કરી. તેથી સ્વામીશ્રીએ ફાગણ સુદ પાંચમથી ભાદરણમાં પારાયણ કરવાનું નક્કી કર્યું.

પછી બોચાસણ થઈ ધર્મજ પધાર્યા. અહીં નાથજીભાઈના શિષ્ય ઉમેદભાઈ સ્વામીશ્રીનાં દર્શને તથા કથાવાર્તામાં નિયમિત આવતા. ખૂબ સદ્‌ભાવ રાખતા. અહીં લોકસેવક ઇન્દુલાલ યાજ્ઞિક સ્વામીશ્રીનાં દર્શન તથા આશીર્વાદ મેળવવા આવ્યા હતા.

સંવત ૨૦૧૦, ફાગણ સુદ ૩, અમદાવાદ નરનારાયણ દેવનો પ્રતિષ્ઠોત્સવ હતો. તેથી મંદિરે દર્શને પધાર્યા. ભોગીભાઈ ચોકસીને બંગલે થઈ ભક્તરાજ નાથજીભાઈ શુક્લની તબિયત નરમ હોવાથી સંતમંડળ સહિત સ્વામીશ્રી તેમને જોવા નવીનચંદ્ર શેઠને બંગલે જયંતીભાઈ કોઠારીને લઈને પધાર્યા. સ્વામીશ્રીએ ધૂન કરાવી. તેઓ ઘણા જ રાજી થયા. આચાર્ય વિહારી-લાલજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજના મહિમાની ઘણી વાતો કરતાં કહ્યું : 'મને પણ ભગતજી મહારાજનો યોગ થયો હતો. અને એમણે મને શિક્ષિત પ્રજામાં સત્સંગ કરાવવાનો આદેશ આપેલો. જે આજ્ઞા હું હજુ પાળું છું. ભગતજી મહારાજ ગોરે વાન હતા. અને એમના મુખારવિંદ ઉપર તેજની પ્રભા દેખાતી હતી.'

ત્યારબાદ ઈશ્વરલાલ વકીલે સ્વામીશ્રીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. મણિલાલ ભાલજા વગેરે હરિભક્તો પણ હાજર હતા.

અમદાવાદ દેશના ધર્મધુરંધર આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજના લાલજી યોગેન્દ્રપ્રસાદજી મહારાજ ખૂબ બીમાર હતા. સ્વામીશ્રીને તેની જાણ થતાં જ તેમની ખબર પૂછવા જવાની ઇચ્છા દર્શાવી. તેની પૂર્વ તૈયારી માટે જયંતીભાઈ કોઠારી અસારવા આચાર્ય મહારાજના બંગલે ગયા. તે વખતે નરનારાયણ મંદિરના ટ્રસ્ટી નવીનચંદ્ર વાડીલાલ શેઠ તથા રેલવેના પ્રથમ ભારતીય ટ્રાફિક સુપ્રિન્ટેન્ડન્ટ ભોગીલાલ ત્રિવેદી ત્યાં બેઠા હતા. તેઓ સ્વામીશ્રીની ઇચ્છા જાણી ખૂબ રાજી થયા. ભોગીલાલ તો સૌને સંબોધીને કહેવા લાગ્યા : 'મેં 'સ્વામીની વાતો' ઘણી વખત વાંચી છે, સાંભળી છે, પણ જ્યારે યોગીબાપા બોલે છે ત્યારે

જે આનંદ આવે છે તેવો આનંદ ક્યારેય નથી આવતો.'

'તમારી વાત સાચી છે.' આચાર્ય મહારાજે કહ્યું, એ એવા નિર્દોષ સંત છે કે એમની વાણી અને વર્તન બંનેમાં એકતા છે. અમારા ઉપર પણ એમની અપાર..લાગણી છે.'

તેમણે વ્યવસ્થા અને તૈયારી કરી. સ્વામીશ્રી પધાર્યા. યોગેન્દ્રપ્રસાદજી મહારાજના શરીરે હાથ ફેરવી, શ્રીજીમહારાજને પ્રાર્થના કરી. પછી બેઠકમાં પધારી 'સ્વામીની વાતો' બોલી સૌને બ્રહ્મમસ્તીમાં તરબોળ કરી દીધા. આચાર્ય મહારાજનાં ચરણોમાં ભેટ મુકાવી, એકાદ કલાકની મુલાકાત બાદ મંદિરે પધાર્યા.

ત્યારબાદ ભાદરણ પધારી પારાયણનો પ્રારંભ કર્યો. પ્રમુખસ્વામી તથા શ્રીજીસ્વરૂપદાસ કથામૃતનો લાભ આપતા. હીરાભાઈ, કાશીભાઈ, ડાહ્યાભાઈ વગેરે સારી સેવા કરતા. ભાદરણના ભક્તોનો પ્રેમ બહુ, તેથી દૂર દૂરથી હરિભક્તો પારાયણનો લાભ લેવા આવ્યા હતા. તા. ૧૬-૩-'૫૪ના મંગળવારે પૂર્ણાહુતિ થઈ.

આ પારાયણમાં ભાદરણના કાશીકાકાના દીકરા ઉપેન્દ્રભાઈ વલસાડથી આવ્યા હતા. તેઓ એસ.ટી.માં જુનિયર આસિસ્ટંટના હોદ્દે વલસાડમાં નોકરી કરતા. તેમનો આઈ.એ.એસ.ની પરીક્ષામાં બેસવાનો સંકલ્પ હતો. તે વાત તેમણે સ્વામીશ્રીને કરી અને પાસ થઈ જવાય તેવા આશિષ માગ્યા.

સ્વામીશ્રી કહે : 'તેથી શું થાય ?'

ત્યારે ઉપેન્દ્રભાઈએ કહ્યું : 'બાપા ! કલેક્ટરની નોકરી મળે.'

ત્યારે સ્વામીશ્રી હસ્યા ને આશીર્વાદ આપતાં કહ્યું : 'જાવ, બધું સારું થશે.'

એ વખતે ઉપેન્દ્રભાઈએ વર્તમાન નહોતાં ધરાવ્યાં અને સત્સંગ સંબંધી કોઈ જ્ઞાન પણ નહોતું. એ પછી વર્ષો વીત્યાં. સંજોગવશાત્ આઈ.એ.એસ.ની પરીક્ષામાં બેસવાનું બની શક્યું નહીં. ત્યારે મનમાં થતું કે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા પણ કાંઈ ફળ મળ્યું નહિ.

ત્યારપછી એસ.ટી.માં તેમની એકાએક સિનિયર અધિકારી તરીકે સારી જગ્યા પર નિમણૂક થઈ. જે તદ્દન અશક્ય હતું. સ્વામીશ્રીના ફરી આશીર્વાદ મળ્યા. ઉત્તરોત્તર બે-ત્રણ વખત પ્રમોશન મળ્યાં અને ડિવિઝનલ કન્ટ્રોલર તરીકેના હોદ્દે પહોંચ્યા, જે કલેક્ટરની સમકક્ષ ગણાય.

ઝારોળાના વિઠ્ઠલભાઈ ચોકસી મૂળ તો વડતાલ સંપ્રદાયના, પણ ઘરે સ્વામીશ્રીની પધરામણી થયા પછી અપાર હેત થઈ ગયું. સ્વામીશ્રી સાથે તેઓ

ગામડે ફરતા.

આ અરસામાં વિઠ્ઠલભાઈ સ્વામીશ્રી સાથે વિચરણમાં હતા. એ વખતે બદલપુર, રાસ, કઠાણા વગેરે ગામોમાં બળદગાડામાં જ જતા. સ્વામીશ્રી તેમને પોતાના ગાડામાં બેસાડે અને હેતથી 'સ્વામીની વાતો' શીખવે.

વસંત પંચમીનો સમૈયો કરીને એકાદ માસ ગામડાંમાં ફરી, અમદાવાદ થઈ, સ્વામીશ્રીનો કાર્યક્રમ સારંગપુર જવાનો થયો.[૧૧૦] વિઠ્ઠલભાઈએ ઝારોળા જવા રજા માગી, ત્યારે સ્વામીશ્રીએ કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! કપડાં નથી.'

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'તમારાં કપડાં આવી જશે. માટે ચિંતા કરશો નહિ. અમારી સાથે ચાલો.'

પછી સારંગપુરનો અતિ અપાર મહિમા ગાયો અને કહે : 'તમે સારંગપુર મંદિર જોયું છે ? શાસ્ત્રીજી મહારાજ બહુ રહેતા. એમને બહુ પ્રિય. શ્રીજી-મહારાજની રમણરેતી. મંદિર બહુ મોટું. દરવાજો બહુ મોટો. શાસ્ત્રીજી મહારાજ જ આવું મંદિર કરી શકે.'

આવા મહિમાનાં વચનોથી વિઠ્ઠલભાઈને સ્વામીશ્રી સાથે સારંગપુર જવાનું મન થઈ ગયું. સ્વામીશ્રી સાથે તેઓ ટ્રેનમાં બેઠા. આણંદ સ્ટેશને ઝારોળાના હરિભક્તો દર્શને આવેલા. વિઠ્ઠલભાઈના મોટાભાઈ પણ આવેલા. તેઓ વિઠ્ઠલભાઈનાં કપડાં સાથે લાવેલા. ત્યારે વિઠ્ઠલભાઈને સ્વામીશ્રીના અંતર્યામી-પણાનો પ્રત્યક્ષ અનુભવ થયો.

સારંગપુરની દિનચર્યા

સંવત ૨૦૧૦ ફાગણ સુદ પૂનમે સ્વામીશ્રી દરેડ દરબાર રણવીર-સિંહજીની મોટરમાં સારંગપુર પધાર્યા. પ્રમુખસ્વામી, મોટાસ્વામી, કોઠારી હરિજીવન સ્વામી વગેરે સાથે હતા. સારંગપુરના વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સંત હરિકૃષ્ણ સ્વામીએ પ્રાતઃકાળના આ સમયનું સુંદર વર્ણન કર્યું છે :

'તે સમયે ઊષાએ શું જોયું ? તેણે મંદિરમાં માનવમેદની જોઈ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો સ્નેહ જોયો. દર્શન કર્યાં. આનંદિત વાતાવરણ જોયું. સ્વામીશ્રીનું ઐશ્વર્ય જોયું. હરિભક્તોને નિર્માની થઈ સ્વામીનાં ચરણોમાં આળોટતા જોયા. પોતાને દર્શન થવાથી 'કૃતાર્થ થઈ' માની, ગુલાલ ઉડાડી

---

૧૧૦. તા. ૧૮-૩-'૫૪.

ચાલી ગઈ.'

સ્વામીશ્રી સભામાં પધાર્યા. ચુની ભગતે સ્વામીશ્રીને ઉકાળો પીવા બોલાવ્યા. તે પહેલાં તો હસતે મુખે સ્વામીશ્રી સૌને બોલાવવા લાગ્યા : 'ચાલો પ્રમુખસ્વામી ! ચાલો મોટાસ્વામી ! ચાલો દરેડ બાપુ ! ચાલો હકાભાઈ....' બધાને સાથે બેસાર્યા. ભક્તો સાથે કેટલું સામીપ્ય ! પોતાને હાથે સૌને મમરા અને ચેવડો વહેંચ્યો. મહારાજ જેમ ગોવાળ મંડળી કરી સૌ ભક્તોને આનંદ કરાવતા એમ સૌને પ્રસાદ વહેંચ્યો. પોતે થોડાં મમરા ને ઉકાળો લીધા. સભામાં 'સ્વામીની વાતો' ઉપર વિવેચન કરી, ભક્તો ઉપર આશીર્વાદની અમીવર્ષા વરસાવી.

બપોરે 'હરે' થયા ત્યારે પણ સ્વામીશ્રીએ ઝાલાવાડના દરબારોને પંગતમાં તાણ કરીને જાતે પીરસ્યું. રસોઇયા મોહનલાલે સ્વામીશ્રી માટે મોળી રસોઈ કરી હતી. તે અલ્પાહાર કર્યો. છેલ્લે 'લાવો તાજી છાશું' એમ બોલી પત્તરમાં છાશ ભરી, તુંબડીમાંથી થોડું પાણી રેડી, ચપટીથી થોડું મીઠું ભભરાવી છાશ પીવા લાગ્યા. પોતે ઘણી વાર યુવકોને ઉપદેશ આપતા કે ભૂખ હોય તેથી અડધો ભાગ ખાવું, પા ભાગ પાણી પીવું ને પા ભાગ ખાલી રાખવો. ચારેય ખૂણે ક્યારેય પેટ ભરવું નહિ.

વચનામૃતો વંચાવી સ્વામીશ્રીએ નિયમની બપોરની કથા કરી. આરામ કરવા પધાર્યા. પણ બહાર હરિભક્તો સ્વામીશ્રીને મળવા આતુરતાથી ભેગા થઈ ગયા હતા. કોલાહલ ઘણો થતો હતો. સ્વામીશ્રીએ બારણાં ખોલ્યાં. સૌ અંદર ધસી ગયા. સ્વામીશ્રીએ એક પછી એક ઘણા સાથે વાતો કરી.

પછી સભામંડપમાં પધાર્યા. ત્યાં ઘણાને મળ્યા ને વાતો કરી. સ્નાનાદિક પછી મંદિર ઉપર ઉત્થાનનાં દર્શન કરી, હરિભક્તો સાથે દેરીએ પધાર્યા. ૫૧ પ્રદક્ષિણા કરી, ધૂન કરી, કીર્તનો બોલાવ્યાં. સંતો-હરિભક્તો સાથે રમૂજી સ્મૃતિ કરી આનંદ કર્યો. આનંદમૂર્તિ સ્વામીશ્રી પોતાના સાધુતા-સભર છાંયડામાં બ્રહ્માનંદની મીઠી લહરો હંમેશાં વહાવતા.

સંધ્યા આરતી પછી રૂપચોકીમાં, શાસ્ત્રીજી મહારાજ જ્યાં સભા ભરતા ત્યાં જ સ્વામીશ્રીએ પણ થોડી વાતો કરી. રાત્રે પણ હરિભક્તોને તાણ કરીને જમાડ્યા. સભા થઈ. અડવાળના એક કિશોરને કીર્તન ગાવાનો ઉમળકો થયો એટલે પોતાના પિતાને પૂછપરછ કરતો કનડવા લાગ્યો. ત્યારે તેમણે કહ્યું : 'પહેલાં સ્વામી પાસે વર્તમાન તો ધરાવ.'

સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવ્યાં. તેનો સંકલ્પ જાણી સ્વામીશ્રીએ

અંતર્યામીપણે તેને પૂછ્યું : 'કીર્તન આવડે છે ? બોલ.'

તેણે, *'તમે મારા થયા, હું તમારો થયો, બહુનામી,*
આવો આવો સહજાનંદ સ્વામી...'

એ કીર્તન મીઠી હલકે ભાવથી ઉપાડ્યું. તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. સભા પણ ભાવવિભોર બની ગઈ.

પછી પુરુષોત્તમ ભગત હરિલીલામૃતમાંથી બે પ્રકરણો મોઢે બોલ્યા. તે ઉપર મોટાસ્વામીએ વાતો કરી.

વર્તમાનકાળે રાજીપો શેમાં ?

ત્યારે એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! 'સ્વામીની વાતો'માં એક પ્રશ્ન છે કે હાલ શ્રીજીમહારાજનો રાજીપો શેમાં છે ? તો હું પણ પૂછું છું કે વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજનો રાજીપો શેમાં છે ?'

ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'હાલ શાસ્ત્રીજી મહારાજનો રાજીપો તો તેમણે જે આ પાંચ મંદિરો કરી અક્ષરપુરુષોત્તમની ઉપાસના સ્થાપી, તે કાર્યમાં મન-કર્મ-વચનથી ભળવું, પુષ્ટિ કરવી, તેમાં છે. તથા એકાંતિક સંતને વિષે સૌને નિષ્ઠા કરાવવી, અને પ્રત્યક્ષ ભગવાન અને સંતમાં સૌને જોડવા. વળી, શ્રીજીમહારાજે બાંધેલી મર્યાદાને લાંછન ન લાગે તેમ ત્યાગી-ગૃહસ્થને વર્તન રાખવું, તેમાં રાજીપો છે. ચોથું હરિભક્તો તથા સંતોને સુહૃદપણું રાખવું અને એકબીજાનો મહિમા સમજવો.' આવી અદ્ભુત વાત સાંભળી સૌ ઘણા રાજી થયા.

પડવાને દિવસે શણગારમાં 'કેસરિયે વાઘે કસુંબલ પાઘે' મહારાજનાં દર્શન કરી, કીર્તન ગાતાં ગાતાં સૌ દેરીએ આવ્યા. ૫૧ પ્રદક્ષિણા કરી. મોહન ભગતે સભાની વ્યવસ્થા સારી કરી હતી. મોટાસ્વામીએ સૌને બરફીનો પ્રસાદ વહેંચ્યો. કીર્તનો બોલાયાં. સ્વામીશ્રીએ 'સ્વામીની વાતો' બોલી સૌને આનંદ કરાવ્યો. કોઈને ઊઠવું ગમતું નહોતું. સ્વામીશ્રીની આનંદમય, શાંત, પવિત્ર મૂર્તિમાં સૌ લીન થઈ ગયા હતા. સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ચાલીને હનુમાનજીના મંદિરે દર્શને ગયા. પાછા પધાર્યા. હરિભક્તો સૌ ઉલ્લાસથી રંગે રમ્યા. ઠાકોરજીને ધરાવેલાં ફગવાં સ્વામીશ્રીએ સ્વહસ્તે સૌને વહેંચ્યાં.

ફૂલદોલનો સમૈયો ઊજવી અહીંથી સ્વામીશ્રી અડવાળ જવા નીકળ્યા. અક્ષરપ્રકાશ સ્વામી તથા ચુની ભગત સાથે હતા. રસ્તામાં રાયકા સ્ટેશને ઊતર્યા. અડવાળ સમયસર ટપાલ નહીં મળવાથી સ્ટેશને કોઈ તેડવા આવ્યું

નહોતું. આથી સ્વામીશ્રીએ અક્ષરપ્રકાશ સ્વામીનું પોટલું તથા પોતાનું પોટલું ઉપાડ્યું. ચુની ભગત પાસેથી ટપાલનું વજનદાર પોટલું તથા તેમનું પોટલું પણ સ્વામીશ્રીએ લઈ લેવા આગ્રહ કર્યો. પણ તેમણે ના પાડી. ખૂબ વજન લઈ રાયકા સ્ટેશનથી ગામ સુધી બધા ચાલીને ગયા.

ગામના હરિભક્તોને સમાચાર મળતાં જ તેઓ સામા તેડવા આવ્યા. અને સ્વામીશ્રી પાસેથી પોટલાં લેવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી કહે 'પહેલાં ચુની ભગતનાં પોટલાં લઈ લ્યો, કારણ કે તેમણે બહુ વજન ઉપાડ્યું છે.' ભગત શરીરે બહુ મજબૂત નહીં, તેથી સ્વામીશ્રી તેમની ચિંતા કરવા લાગ્યા.

સ્વામીશ્રીનો તો સ્વભાવ જ એવો કે ભક્તને કોઈપણ પ્રકારનું કષ્ટ પડે તો તેમને જ જાણે તે દુઃખ થતું હોય તેટલી હમદર્દી આંખો અને હાવભાવમાં તરી આવે.

તા. ૨૩-૩-'૫૪, અમદાવાદમાં નંદાજીને દર્શન દઈ સ્વામીશ્રી અટલાદરાની આજુબાજુ ગામોમાં ફરતા ભરૂચ ડૉ. મગનભાઈને ત્યાં પધાર્યા. શહેરના અગ્રગણ્ય સજ્જન મોતીલાલ વીણ તથા અન્ય વકીલો અને ઑફિસરોએ અહીં સારો લાભ લીધો.

વર્તન વાતો કરે છે

આ તરફ નોંધણા ગામે એક રાત્રિનું રોકાણ કરેલું ત્યારે પૂનમભાઈના ઘરે નવાં બનાવેલાં ગાદલાં-ગોદડાં સ્વામીશ્રી માટે આસનમાં પાથર્યાં હતાં.

રાત્રે સભા પૂરી થયા બાદ સ્વામીશ્રી ઉતારે આવ્યા, ત્યારે પોતાના માટે આવી સૂવાની વ્યવસ્થા જોઈ, વધારાનાં ગાદલાં લઈ લેવા અને માત્ર એક જ ગાદલું રાખવા હરિભક્તોને સૂચના આપી. પરંતુ પ્રેમી હરિભક્તોએ પ્રેમથી બનાવેલ આ આસન ઉપર સ્વામીશ્રી સૂવે જ તેવો આગ્રહ રાખ્યો.

બધા હરિભક્તો ગયા પછી સ્વામીશ્રીએ યુવકો પાસે આસનમાંથી વધારાનાં ગાદલાં-ગોદડાં લેવડાવી લીધાં અને માત્ર એક જ ગાદલું રાખ્યું. પછી કહે : 'આ દેહ તો બળીને રાખોડી થઈ જશે, એને સુખ ન દેવાય. આપણે તો દેહને ખાસડાં જેવું કરી દેવું. આપણે તો ભગવાન ભજી લેવા.'

આ શબ્દોમાં સાંખ્યશાસ્ત્રની અનુભૂતિની સૌરભ હતી. આત્મનિષ્ઠાની સતત જાગૃતિનો રણકાર હતો.

'સ્વામીશ્રી જ્યારે એક ગાદલાં પર સૂવે, ત્યારે અમારે તો ગાદલાં ઉપર

પણ કેમ સૂવાય ?' યુવકોએ વિચાર્યું અને પોતાનું ગાદલું કાઢી નીચે જાજમ ઉપર જ સૂતા.

ગુરુ જેવું આચરણ કરે છે તે મુજબ જ શિષ્યો પણ આચરણ કરે છે. ઉપદેશ કરતાં ગુરુનું વર્તન શિષ્યો માટે આદર્શરૂપ અને વધુ અસરકારી નીવડે છે.

સવારે સૌ સંતો તથા યુવકો ઠંડા પાણીથી નાહ્યા. એટલે હરિભક્તોને બહુ ભાર પડી ગયો કે આવાં તપ-ત્યાગ-વૈરાગ્ય જો યુવકોના જીવનમાં હોય, તો તેમના સંતો અને સ્વામીશ્રીમાં તો તેની કેવી દૃઢતા હશે ?

ભરૂચથી ગુમાનદેવ હનુમાન દર્શન કરી અવિધા, જંબુસર થઈ નહાર આવ્યા. અહીં સાંજે મહીસાગરમાં સંતો સહિત સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા અને ગઢપુર મંદિર જલદી પૂરું થઈ જાય તે માટે ધૂન કરી. પછી ઠાકોરભાઈને ત્યાં કેલોદ થઈ ઠીકરિયા પધાર્યા. મણિભાઈએ ભારે ધામધૂમ કરી હતી.

ચૈત્ર સુદ આઠમને દિવસે રાત્રે મણિભાઈએ સર્વ સંતો-હરિભક્તો માટે રસોઈ તૈયાર કરેલી. સ્વામીશ્રીને જમવા માટે આગ્રહ કર્યો. સ્વામીશ્રી બપોરે એક જ વખત જમતા. દિવસમાં એક જ વાર પત્તર માંડવું એવો સ્વામીશ્રીનો નિયમ હતો. બીજે દિવસે નવમીનો નિર્જળ ઉપવાસ હતો. તેથી મણિભાઈએ અતિ આગ્રહ કર્યો અને સ્વામીશ્રીને જમવા બેસાર્યા. સર્વે સંતો પણ બેઠા. સ્વામીશ્રીના પત્તરમાં પિરસાવીને મણિભાઈ બહાર હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા માટે ગયા. એટલે સ્વામીશ્રી તે પત્તર પોતાના જોડિયા સંતના પત્તરમાં ઠાલવીને પત્તર ધોઈને રૂમમાં પોતાના આસને જઈને બેઠા.

પોતાના કોઈપણ નાના-મોટા નિયમમાં એમણે ક્યારેય બાંધછોડ ચલાવી લીધી નથી. નિયમોની આટલી ચુસ્તતા, છતાં ક્યારેય સખ્તાઈ કે કડકાઈ બતાવી અથવા હુંહાટો રાખી તપ-ત્યાગની ખખાનાં દર્શન કરાવ્યાં નથી. એવું સ્ફટિક સમું નિર્મળ જીવન તેઓ જીવી ગયા કે જેમાંથી અનેકે શ્રેષ્ઠ વર્તનનો આદર્શ ઝીલ્યો.

અહીં ૨૪ કલાક ધૂનનો કાર્યક્રમ હતો. હરિજયંતીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો.[૧૧૧] સ્વામીશ્રીએ આદેશ આપ્યો કે આજે મહારાજ પાસે માયા પર થવાનો અને ભગવાનના ભક્તમાં દિવ્યભાવ અખંડ રહે એ બે વર માગવા. સ્વામીશ્રી ભક્તચિંતામણિનું ૬૪મું ફગવાનું પ્રકરણ મોઢે બોલ્યા.

પછી માત્રોજ નજીક નર્મદામાં સ્નાન કરી, સારંગ થઈ ચૈત્રી પૂર્ણિમાના

---

૧૧૧. તા. ૧૧-૪-'૫૪. ચૈત્ર સુદ નોમ.

સમૈયે બોચાસણ પધાર્યા.

ચાણસદનો મહિમા

ચાણસદમાં સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની પટમૂર્તિઓ તથા હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા હતી. એ નિમિત્તે આગલે દિવસે મૂર્તિઓની સુંદર શોભાયાત્રા ભાગોળથી મંદિર સુધી ઉત્સાહપૂર્વક કાઢવામાં આવી. રસ્તામાં ગામના ભક્તોએ વાટા(દરબારી ઉતારા)માં શોભાયાત્રા-સ્થિત મૂર્તિઓ તથા સ્વામીશ્રીની વધામણી કરી.

વૈશાખ સુદ ૬, શનિવાર, તા. ૮-૫-'૫૪ના સવારે વડોદરાના પ્રખ્યાત શાસ્ત્રી શંકર પાઠકે સ્વામીશ્રી દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજની વેદ વિધિ-પૂર્વક પ્રતિષ્ઠા કરાવી. યજ્ઞમાં યજમાન તરીકે જેઠાભાઈ અમથાભાઈ બેઠા હતા. વૈદ્યરાજ મૂળજીભાઈ તથા યુવક મંડળે મંડપ, યજ્ઞ, રસોડું તથા બીજી અનેક સેવા ખૂબ જ ઉત્સાહથી ઉપાડી લીધી હતી.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અહીં ભગતજી મહારાજ એકવીસ વખત આવેલા અને બહુ રહેલા. મહાપુરુષ સ્વામી અહીં રહેતા. શાસ્ત્રીજી મહારાજ અને અમે સૌ બહુ રહેતા. વળી, પ્રમુખસ્વામીનું તો આ જન્મ સ્થાન છે. પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ કહેવાય. એમના ગામમાં પ્રતિષ્ઠા થઈ, તે ગામનું આયુષ્ય દસ હજાર વર્ષ વધી ગયું ! અને સૌ તને, મને, ધને સુખિયા થઈ ગયા.

'પહેલાં શાસ્ત્રીજી મહારાજ અને અમે અહીં ગાડામાં આવતા. ગાડું ન હોય તો મકરપુરા સ્ટેશનથી ચાલીને પણ આવતા. ભગતજી મહારાજ ચાલીને આવતા. આપણા ગામ માટે કેવો ભીડો વેઠ્યો ! તો મહિમા સમજવો જોઈએ. ભગતજી મહારાજની દૃષ્ટિથી પ્રમુખસ્વામી જેવા મોટાપુરુષ અહીં પ્રગટ થયા, તે ગામનું મોટું ભાગ્ય છે. આ ગામ તીર્થભૂમિરૂપ થઈ ગયું.'

આ પ્રસંગે એક દિવ્ય અનુભવ થયો જે ચાણસદ ગામના જૂના લોકો આજે પણ યાદ કરે છે. પ્રતિષ્ઠાને દિવસે આજુબાજુથી તેમજ દૂરથી પણ ઘણા હરિભક્તો આવ્યા હતા. જે રસોઈ બનાવી હતી તેથી લગભગ ચાર ગણું માણસ આવ્યું ! કાર્યકર્તાઓ મૂંઝાયા.

સ્વામીશ્રી રસોડામાં પધાર્યા અને ઠાકોરજી પધરાવી ઘીનો દીવો કર્યો અને તે અખંડ રાખવા આદેશ આપ્યો. પ્રતિષ્ઠામાં આવેલા બધા હરિભક્તો

તથા આખું ગામ જમ્યું, પણ રસોઈ અખૂટ ! છેવટે આજુબાજુનાં ગામોમાં ને ખેતરોમાં માણસો મોકલી સૌને તેડાવ્યા. તે બધાને પણ જમાડ્યા. છતાં રસોઈ વધી. ગામમાં ઘરદીઠ પાંચ પાંચ લાડુ આપ્યા અને રબારીઓને ગાયો માટે રસોઈ આપી, તોપણ રસોઈ ખૂટી નહીં. પછી મોડી રાત્રે બધું ઢાંકી દીધું.

બીજે દિવસે સવારે સ્વામીશ્રીને વાત કરી. એમની આજ્ઞાથી એ દિવસે ફરી ગામમાં ઘરદીઠ પ્રસાદી વહેંચી. આજુબાજુનાં ગામોમાં ટોપલા ભરી મોકલાવી, ત્યારે મેળ પડ્યો ! આમ, સ્વામીશ્રીની દૃષ્ટિથી પ્રસાદી અખૂટ બની ગઈ. આવો અનુભવ કેટલીક વાર થતો હોય છે. જો કે મોટાપુરુષનું મુખ્ય કાર્ય તો એ છે કે આવી દિવ્યતા જોતાં પણ કોઈ જીવને સાચી વાત સમજાઈ જાય ! ક્યારેક આવા ચમત્કારી પ્રસંગો બને, પણ સ્વામીશ્રી સૌને જ્ઞાનથી જ સત્સંગની દૃઢતા કરાવવા માગતા. પરચાની અપેક્ષા રાખવાની સદા ના પાડતા.

સાંજે ઠાકોરજીનાં દર્શન કરી, ભગતજીની પ્રસાદીની થાંભલીએ ૧૧ પ્રદક્ષિણા અને ૧૧ દંડવત્ કરી ભાવથી ભેટ્યા.

ભાદરા અને હડમતિયા સ્ટેશનો ઉપર જ્ઞાનગંગા

ગઢડા તથા ગોંડલ પાટોત્સવ કરી, લગભગ ૧૫૦ જેટલા સંતો-હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી ડાંગરા તથા ભાદરા પધાર્યા. કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા પણ સાથે હતા.

એ વખતે ભાદરા રેલવે સ્ટેશનથી બે માઈલ જેટલું ચાલીને ગામમાં પહોંચાતું. ભાદરા ગામ પહોંચતા સ્વામીશ્રીએ વાત કરી : 'શાસ્ત્રીજી મહારાજે વાત કરેલ કે ખાંડણિયા ગામ છે ત્યાં એક રજપૂત હરિભક્ત છે. તેને એવું બળ હતું કે સ્વામીએ કહ્યું કે 'ભગત ! સારંગપુર આવશો ?' ત્યારે કહ્યું : 'હા મહારાજ ! આવીશ.' પણ પગે ગોઠણમાં ઘાવ હતા અને ચલાતું પણ નહિ. છતાં હા કહી અને કહ્યું કે 'મહારાજ ! આવા પગે ચાલીને અઢાર વખત જગન્નાથપુરી જઈ આવ્યો છું અને હવે સારંગપુર આવતા શું અડચણ થશે ?' આવું પ્રગટનું બળ હતું. તે ભક્ત દરરોજ વીસ વીસ ગાઉ ચાલે. પગે ચાલતાં. અને આપણે તો સાજા-સારા અને ગાઉ - દોઢ ગાઉ ચાલવું તેમાં મૂંઝવણ થાય. ત્યારે આપણે શું મહિમા ? અને શું બળ ? તેનો વિચાર કરવો.

'તુલસીદાસજીની સાખી છે. સંતનાં દર્શન કરવા જાય ત્યારે જે ચાલીને જાય તેને ડગલે ડગલે કોટિ યજ્ઞનું ફળ થાય છે. તે જે કોઈ ચાલીને આવ્યું હશે

તેને યજ્ઞનું ફળ; અને આ પ્રગટ સ્થાનમાં દર્શનથી યાત્રાનું ફળ મળ્યું. બાકી તો હોંસાતોંસીમાં જે ગાડે ચડી બેઠા તે તો કોરાધાકોર રહ્યા. અમે પણ કોરા રહ્યા. પણ મોટર ગામને પાદર રહી ત્યાંથી ચાલીને પચીસ ડગલાં જ ચાલ્યા, એટલે એટલું જ ફળ મળ્યું. તો તમારાં ભાગ્યનો તો પાર નહિ, જે આટલું ચાલીને આવ્યા. તો કોટિ કોટિ યજ્ઞનું ફળ મળ્યું. તો બળ રાખવું. અને મોટા વૃદ્ધ, બાળકો વગેરેની સંભાળ રાખી, તેમને માટે બેસવાની સગવડ કરી આપી, આપણે સૌએ ચાલીને આવવું.'

પાછા ફરતાં ભાદરાના નાનકડા સ્ટેશન ઉપર સ્વામીશ્રીએ આ સ્થાનનો મહિમા કહ્યો : 'આ સ્થાન અને આ દર્શન બહુ જ દુર્લભ છે. મોટા મોટા અવતાર આદિક તથા ઈશ્વરોના માથાના મુગટ દર્શન કરતાં ઘસાઈ ગયા છે. છતાં પણ અંતરીક્ષમાંથી જ ફક્ત દર્શન કરી શકે છે. આપણી જેમ અહીં પ્રવેશ કરી શકતા નથી. તમારા જેવા અક્ષર મુક્તોની કૃપા માટે પ્રાર્થના કરે છે. તમારી દૃષ્ટિ પડી જાય તો તમારી મદદથી જ સાક્ષાત્ દર્શન થાય તેવાં મહાદુર્લભ આ દર્શન છે. વાઈસરૉય, ગવર્નરને દર્શન થાતાં નથી, તે તમને થાય છે. ટોરડામાં જે મંદિર થયું, એમ અહીં શિખરબદ્ધ મંદિર થશે અને ભાદરા સ્ટેશન પણ ગામની નજીક પાકું બંધાશે. આવા અલૌકિક સ્થાનમાં દર્શન કર્યાં, મહાપ્રસાદીની ઊંડ નદીમાં સ્નાન કર્યું, આનંદ આનંદ થઈ ગયો.'

હડમતિયા સ્ટેશન ઉપર સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી હતી. સ્વામીશ્રી કહે : 'સત્સંગમાં અખંડ દિવ્યભાવ રહે એ જ ભક્તિ. ભગવાનના ભક્તને દિવ્ય જ સમજવા. સત્સંગ એટલે સત્પુરુષ. પ્રગટ સત્પુરુષ જ જીવના હૈયામાં પ્રધાન હોય, એટલે જીવનો વળગાડ કાઢી નાખે. સંપૂર્ણ સત્સંગ ત્યારે જ થાય.

'સ્વામીની વાતુંમાં છે કે 'વાતન કી વાત બડી કરામત', જે વાતમાં પ્રગટનો સંબંધ હોય તે વાત કરામત છે. પ્રગટની વાત તો જાદુ છે. જાદુ શું ? કે જગત ખોટું કરી નાખે.'

આ બંને તીર્થસ્થાનમાં તમામ પ્રસાદી સ્થાને દર્શન કરી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.

અમૃતલાભની આષાઢી હેલી

અહીં અક્ષર દેરીમાં ગ.મ. ૫૧, ૫૩ અને ૫૪ વચનામૃતો વંચાવ્યાં. સ્વામીશ્રીએ વાત કરી : 'આ જીવ પોતે પોતાને જોઈ શકતો નથી કે 'હું કેવો

છું ?' એવો અજ્ઞાની છે. છતાં મોટા સત્પુરુષની ક્રિયામાં ખોડ કાઢે છે. તે મૂર્ખ શિરોમણિ છે. માટે સત્પુરુષની રજેરજ જેવી ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ રાખવો. આવો ભાવ સત્પુરુષને વિશે જો આત્મબુદ્ધિ થાય તો જ આવે. મૂળુભાના દીકરાનો હાથ ચિચોડામાં કચડાઈ ગયો, ત્યારે મૂળુભાને અરેરાટી થઈ. જેવી એકતા દીકરા સાથે થઈ ગઈ હતી, એવી એકતા સત્પુરુષને વિશે થાય, ત્યારે આત્મબુદ્ધિ અને પ્રીતિ સિદ્ધ થાય. એવી આત્મબુદ્ધિ થઈ હોય પછી પ્રકૃતિ મરોડે, સ્વભાવ મરોડે તોપણ સરખું રહે, સરળ વર્તે, અને અખંડ શાંતિ અને આનંદમાં મસ્ત રહે. એટલે ગ.મ. ૫૧ સિદ્ધ થાય.

'આવું પ્રકૃતિપુરુષથી પર જ્ઞાન શીખવું અને માયા પર થવું. આપણે અક્ષરધામમાં બેઠા છીએ એવું અખંડ મનાય; શહેર, ઓસરી, મેડી, હવેલી કે જગત કંઈપણ દૃષ્ટિમાં ન આવે, ત્યારે સંપૂર્ણ સત્સંગ થયો કહેવાય. એવું જ્ઞાન જેને થયું હોય તે દુખિયો રહે નહીં.

'ગુણાતીતના સમાગમથી જ ખોટ ટળશે. સ્વરૂપાનંદ સ્વામી અખંડ મૂર્તિ દેખતા તોપણ જ્યારે મહારાજે મંદવાડમાં મૂર્તિ ખેંચી લીધી ત્યારે મંદવાડનું અતિશય દુ:ખ થયું. છેવટે દાદાખાચરના નળિયાનું ધ્યાન કર્યું ત્યારે શાંતિ થઈ. માટે પુરુષપ્રયત્નના બળે કરીને મૂર્તિ દેખાય અને પ્રગટ સત્પુરુષના સંબંધે કરીને સ્થિતિ થાય એ બેમાં આટલો ફેર છે. નિર્વિકલ્પ નિશ્ચયરૂપે ભગવાન ભાસે એ સાચી સિદ્ધદશા છે.

'એકાંતિક ધર્મમાં ખોટ આવે એવા પદાર્થ તથા કુસંગનો ત્યાગ કરવો. પ્રકૃતિ-પુરુષ સુધીના પદાર્થ એકાંતિક ધર્મમાં ખોટ લાવી દે એવા છે. માટે ધામ, ધામી અને મુક્ત એ ત્રણ જ રહે એ વચનામૃત ગ.મ. ૨૪ સિદ્ધ કરવું. સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે, તો એ સિદ્ધ થાય. દેહ આપણો રાખવો નહીં, સત્પુરુષને સોંપી દેવો. ગ.મ. ૨૮ પ્રમાણે ભક્તના ભક્ત થવું. કથનમાત્ર નહીં, આચરણમાં મૂકી દેવું. એવા ભગવાનના ભક્ત જે પ્રગટ વિચરતા હોય તે સંતહરિને મન, કર્મ, વચને સેવીએ તો રાજીપો થઈ જાય.

'એકાંતિકપણું સિદ્ધ કરવું. એકાંતિકપણું એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત એક ભગવાનનું જ સ્વરૂપ રહે તે કહેવાય. એ તો આપણે નિરાકાર થઈએ અને સાકાર ભગવાનને રાખીએ ત્યારે જ થાય.

'મુક્તાનંદ સ્વામીને મહારાજના વચનમાં ટૂક ટૂક વર્તવાની ટેવ. આજ્ઞાને વિશે જેને અધિક વર્તવાનો ઈશક હોય તે મહારાજને ગમતું, પણ બીજાને

સાચવવા એવું વર્તાવતા નહિ. સત્પુરુષની દૃષ્ટિ તો અનેક જીવને કેમ સમાસ થાય તેવી જ હોય છે. માટે મોટાપુરુષ આટલું ઠીક કરે છે અને આટલું ઠીક નથી કરતા તેમ જાણવું તે ખોટ કહેવાય. એ તો બીજાને સાચવવા દીર્ઘદૃષ્ટિથી કરતા હોય, તે આપણને સમજ ન પડે. માટે તેમને વિષે અખંડ નિર્દોષબુદ્ધિ રહે એ જ અખંડ વૃત્તિ કહેવાય. ગમે તેવું વચન કહે તોપણ થડકાટ ન થાય, અભાવ ન આવે અને સેવામાં તત્પરતા રહે, ત્યારે નિર્દોષબુદ્ધિ સાચી. પોતે તો સંતનાં જે લક્ષણ હોય તેથી બહાર ન વર્તે, પણ સ્વાભાવિક પ્રકૃતિથી કોઈને વઢે, ટોકે, પ્રકૃતિ મરોડે ત્યારે પણ આનંદ રહે. પોતે ધાર્યું હોય તેમ ન થવા દે. બીજાનું વિશેષ રાખે. એવે વખતે સ્થિતિ રહેવી બહુ કઠણ છે.

'બ્રહ્મસ્થિતિ એટલે શું ?' તેનો ઉત્તર કર્યો કે 'મહિમા સમજતાં સમજતાં પ્રગટ મૂર્તિને વિષે દિવ્યભાવ થાય અને ધામની મૂર્તિ અને પ્રગટ મૂર્તિ એક થાય ત્યારે જીવ તદાશ્રિત અનુભવજ્ઞાન સિદ્ધ થયું ગણાય. ભડકો દેખાય કે ન દેખાય. ધોળકાના હરિશંકરભાઈ બહુ પ્રશ્નો પૂછતા. ત્યારે સ્વામીએ કહ્યું જે, સુરતમાં મહારાજે તમને દર્શન આપી, વાતું કરી જૂનાગઢ મોકલ્યા, તે જ ભગવાન આજે આ સંત દ્વારા સાક્ષાત્ દર્શન આપે છે.

'હીરા વતે હીરો વેધીએ એ શું ?' તે સમજાવતાં કહ્યું : 'જ્યારે અંતરમાં સાક્ષીરૂપ ભગવાન છે, તેને પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનની પ્રતીતિ આવે ત્યારે હીરો ઓળખાયો કહેવાય. સાક્ષી જ્યારે હા પાડે ત્યારે જ પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થાય. ત્યારે મુક્તપણાનું માન ટળી જાય. ત્યારે હરિનો વ્યાપ થાય.

'આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ...'

— એ પદ બોલ્યા.

'મુમુક્ષુ હોય, એકાંતિક હોય, તેને જ માયા આવરણ કરે. ખરેખરો હોય તો માયાના પેચમાં ન આવે. તે પેચ ત્રણ પ્રકારના છે : (૧) વર્તમાનમાં ચૂક થાય; (૨) સુહૃદપણામાં ફેર પડે; અને (૩) ઉપાસનામાં ફેર પડે. પ્રત્યક્ષ ભગવાનના ગુણ ગાવા એ જ સેવા; એ લાભ મળે તેવો નથી.

'ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી'

'મુક્તાનંદ સ્વામીએ કહ્યું :

'શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ.'

'દેહના તાલ રહેવા દે નહીં. તેમાં શૂળી એટલે શું ? સમૈયા-ઉત્સવ વખતે ખાવા-પીવામાં, પાથરવા-ઓઢવામાં, ઓછું-વત્તું, મોડું-વે'લું થાય તે સહન કરી

લેવું. તેમાં મૂંઝાવું નહિ. લાડવા મળે નહીં, લીંબડા નીચે સૂવાનું કહે, લીંબડો વાટીને પીવાનું કહે અને કદાચ શૂળી ઉપર ચડવાનું કહે તો તરત જ ચડી જવું. આજ્ઞા પળાય એ જ શૂળી ઉપર શયન. જેમ ભગતજીને ગિરનારને લાવવા કહ્યું, તેમ આજ્ઞા માનવી. ભગવાનને કે સંતને તો કોઈને શૂળી ઉપર ચડાવવા નથી, પણ આ સમજણ કરી રાખી હોય તો મૂંઝવણ થાય નહિ. તે ખપવાળા હોય તેનાથી જ થાય.

'મહારાજની આજ્ઞા સૌએ આ બે કીર્તન[૧૧૨] મોઢે કરવાની છે. તો કોણે આજ્ઞા પાળી ? અને કોણે મોઢે કર્યા ? તો હવે સૌએ મોઢે કરવાં. વળી જ્યારે એમ આજ્ઞા થાય કે ખાવા નહિ મળે, પાથરવા નહિ મળે અને લીંબડો વાટીને પીવો પડશે, અને સમૈયે આવજો; તો કેટલા આવે છે તે જોવું. તેમાં જે આવે તે જ ખરા.

'સંતને ભગવાન કહેવા નહિ; ભગવાન જેવા કહેવા. નહિ તો ધોકા ખવડાવશો. ભગવાન ત્રણ પ્રકારે વિચરણ કરે છે : સ્વયમ્, સંત દ્વારા, મૂર્તિ દ્વારા. સ્વયમ્ અને સંત દ્વારા પ્રગટ વિચરતા હોય ત્યારે ધ્યાન, ભજન, માળા વગેરેનો બહુ આગ્રહ રાખવો નહીં. તે વખતે તો સન્મુખ બેસી દર્શનનો, કથાવાર્તાનો લાભ લેવો. તેમાંથી વિશેષ દૃઢતા થાય. અને તેમની ગેરહાજરી હોય, અગર આપણે સમીપમાં ન હોઈએ, ત્યારે મૂર્તિમાં પ્રગટ વિરાજમાન છે. એમ ભાવ લાવી પૂજન, ભજન, માળા વગેરે પ્રગટની જેમ કરવું. જેથી સુખ અને શાંતિ થાય.'

✧

સ્વામીશ્રી વૈશાખ વદ દશમ, અમદાવાદ પધાર્યા. જેતલપુર દર્શન કરી પુરુષોત્તમપુરા, રઢુ, ડભાણ દર્શન કરી ધર્મજ, ભાદરણ થઈ અટલાદરા આવ્યા. અહીં મથુરકાકાનો અક્ષરવાસ થવાથી પરિવારમાં સૌને આશ્વાસન આપી, અમદાવાદ થઈ, અમાસે પાછા ગોંડલ પહોંચ્યા.

ગોંડલથી લગભગ ૧૫ થી ૧૬ કિ.મિ. દૂર આવેલું બંધિયા પ્રસાદીનું ગામ. આ ગામે આત્માનંદ સ્વામી, રામાનંદ સ્વામી વગેરે રહેતા. અહીં મૂળુભાઈનો દરબાર, માઢમેડી, ડોસાભાઈનું ઘર, તેમની દુકાન, ગંગાજળિયો કૂવો, લીંબડો વગેરે પ્રસાદી સ્થાનો છે. માઢમેડી ઉપર ગોખમાં મહારાજ રહેતા. લીંબડાનાં પાન વાટીને છ માસ સુધી મહારાજે તેનો રસ પીધો. વડ નીચે

૧૧૨. ૧. મારા હરજી શું હેત ન દીસે રે.... ૨. મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે....

મહારાજ અને સંતો ધ્યાનમાં બેસતા. મૂળુભાઈ દરબાર મહારાજની સેવા કરતા, ગંગાજળિયા કૂવામાં મહારાજ સ્નાન કરતા અને નજીકમાં સભા ભરતા. સ્વામીશ્રીએ અહીં ઓટો કરાવી શ્રીજીનાં ચરણારવિંદ પધરાવ્યાં હતાં. ગોંડલના છોટુભાઈ વકીલે તે સેવા કરી હતી. વર્ષો પહેલાં શાસ્ત્રીજી મહારાજ અહીં ગાડામાં બેસીને દર્શને આવેલા. ત્યારે યોગી મહારાજને કહેલું કે 'આપણે આ તીર્થસ્થાનમાં મંદિર કરવું છે.' તે વચનાનુસાર અહીં આફ્રિકાવાળા હરમાનભાઈની મદદથી થોડા સમયમાં જ સ્વામીશ્રીએ હરિમંદિર કર્યું. છોટુભાઈ વકીલે બધી વ્યવસ્થા કરી હતી. અને જેઠ સુદ ૪, શુક્રવાર, તા. ૪-૬-૧૯૫૪ના રોજ વેદોક્ત વિધિથી મૂર્તિપ્રતિષ્ઠા કરી. ઉનાળાની રજાઓ હતી તેથી ગામોગામના યુવકો સ્વામીશ્રીના સમાગમ માટે આવ્યા હતા. તે બધાને વહેલા બંધિયા મોકલી, સમૈયાની તૈયારીઓ કરી હતી. યુવકોએ આખું ગામ શણગાર્યું હતું. મૂર્તિઓની શોભાયાત્રા પણ વાજતે-ગાજતે કાઢવામાં આવી. અક્ષર સ્વામી, માતમ સ્વામીને સ્વામીશ્રીએ મંદિરની સેવા સોંપી હતી.

યુવકોનો મહિમા

સાથે ફરતા સૌ યુવકો બંધિયામાં રાત્રે મંદિરના ચોકમાં સૂતા હતા. એવામાં સ્વામીશ્રીને લઘુ કરવા જવાનું થયું. તે સમયે વિનુભાઈ પણ જાગી ગયા. તેમણે જોયું તો સ્વામીશ્રી દંડવત્ કરી રહ્યા હતા. વિનુભાઈ એકદમ ઊઠીને દોડ્યા. સ્વામીશ્રીને ઊભા કર્યા. અને પ્રશ્નસૂચક નજરે સ્વામીશ્રી સામે જોઈ રહ્યા કે આમ કોને દંડવત્ કરતા હતા ? મંદિરના સિંહાસનની દિશા પણ નહોતી. વળી, જે તરફ દંવડત્ કરતા હતા તે તરફ તો સૌ સૂતા હતા, એ ચોક હતો. પછી પૂછ્યું ત્યારે સ્વામીશ્રી કહે : 'યુવકોને ! બધા મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરીને ભીડો ખમે, સેવા કરે, એટલે હેત આવી ગયું. મહિમા સમજવો પડે ને ! યુવકો અમારો મહિમા સમજે તો અમારે પણ મહિમા સમજવો જોઈએ ને !'

'પણ, બાપા ! આવી રીતે કેટલીક વાર રાત્રે દંડવત્ કર્યા હશે ?'

'કાંઈ નહીં.' સ્વામીશ્રી વાત ટાળતાં કહે : 'થાય એટલું કરીએ.' એમ કહી આરામ માટે પધાર્યા. જ્યારે યુવકોને આ વાતની જાણ થઈ, ત્યારે સૌ ગદ્ગદિત થઈ સ્વામીશ્રી પ્રત્યે અહોભાવમાં ડૂબી ગયા.

વેકેશન પૂરું થતાં સૌ યુવકો પોતપોતાને વતન પહોંચે કે તુરત સ્વામીશ્રીની સ્વ-હસ્તાક્ષરમાં પત્રધારા તો ચાલુ જ રહેતી. હજુ તો યુવકો મુંબઈ

પહોંચ્યા જ છે, એવામાં તુરત સ્વામીશ્રીએ મુંબઈ યુવકમંડળ પર પત્ર લખ્યો :

સ્વામીશ્રીજી સત્ય છે.

તા. ૯-૬-'૫૪, ગોંડલ

મુંબઈ યુવક મંડળને પાળવાનું.

(૧) ૫ વાગે ઊઠવું.
(૨) ૫ મિનિટ ધ્યાન ધરવું - મૂર્તિનું.
(૩) મા-બાપને વે'લું પગે લાગવું. આજ્ઞા પાળવી.
(૪) હંમેશાં ૧ વચનામૃત, ૫ વાતો વાંચવી.
(૫) ક્રોધ જીતવો. ક્રોધ થાય તો ૫૧ માળા ફેરવવી.
(૬) દર રવિવારે સભામાં જવું.
(૭) યુવક મંડળ (અને સૌએ) સુહૃદપણું રાખવું.
(૮) છે.પ્ર. ૨૪મું વાંચશો. ૧૬ વાનાં સિદ્ધ કરવાં.
(૯) છે. ૧૬ વાંચશો. કંઠે કરશો.
(૧૦) એકાદશી કરવી.
(૧૧) નિયમની ૧૫ માળા ફેરવવી.
(૧૨) કંઠે કરેલી વાતો ૧૫ બોલવી. ૨ વચનામૃત બોલવાં.
(૧૩) લેસન નિશાળનું પૂરું વાંચવું.
(૧૪) પોતાના આત્માને બ્રહ્મ માનવું.
(૧૫) અજંપા નગરીમાં રહેવું તે નીચી દૃષ્ટિ રાખીને ચાલવું. આ ૧૫ નિયમ શિર સાટે પાળવા. સ્વામી રાજી થશે. જયજયકાર થશે.

સહી દા. જ્ઞાનજીવનદાસજીના જય સ્વામિનારાયણ. ગોંડલ અક્ષર મંદિરના સંપૂરણ આશીર્વાદ છે.

આવા પત્રોથી યુવકોને એવું તો બળ મળતું કે આચરણ એમના જીવનના એક અનિવાર્ય અંગરૂપે વણાઈ જતું.

વરુણદેવ દર્શને

ગઢડામાં સૂર્યગ્રહણ તથા રથયાત્રા કરી, અષાઢ સુદ ૩, શનિવાર, તા. ૩-૭-'૫૪, સ્વામીશ્રી ભાવનગર પધાર્યા. પ્રમુખસ્વામી, સંતસ્વામી હરમાનભાઈ વગેરે સાથે હતા.

સવાર-સાંજ કથાવાર્તા તથા પધરામણીનો કાર્યક્રમ ચાલતો. રોજ નવા

હરિભક્તોને ત્યાં બપોરે સંતો ઠાકોરજી જમાડતા. રાત્રે ૧૧-૩૦ સુધી ભજન કીર્તન અને કથાવાર્તા થતાં. સ્વામીશ્રીનું અહીં સૌને અનેરું આકર્ષણ હતું. ભાવિક ભક્તોને જોઈને સ્વામીશ્રી પણ કથા-કીર્તન દ્વારા બ્રહ્મરસની છાકમછોળ, મુક્ત મનથી, દિવ્ય રમ્ય હાસ્ય સાથે રેલાવ્યે જતા હતા. વચ્ચે વચ્ચે પત્રલેખન તથા પત્રવાચન ચાલુ જ રહેતું.

સ્વામીશ્રીનું શાશ્વત અલૌકિક હાસ્ય જાણે સાક્ષાત્ અક્ષરધામની પ્રસન્નતા પ્રગટ કરતું. તેમના પરમ સંતુષ્ટ મુખારવિંદ ઉપર કલ્યાણકારી રાજીપાની દિવ્ય જ્યોતિ ઝળહળી રહેતી. ઘણા સમય પછી મળનારની પણ ઓળખાણ તાજી રાખી, વાંસામાં પરમ હિતકર અને આનંદકર થાપાઓ મારી, શુભાશિષોનો ઓઘ અખંડ રેલાવતા. સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સાક્ષાત્ અક્ષરધામનું સુખ સૌ અનુભવતા.

સ્વામીશ્રી આઠ દિવસ રહ્યા. દરમ્યાન યુવક મંડળની સ્થાપના થઈ. શહેરના મેયર વકીલ પુરુષોત્તમભાઈએ વિનંતી કરી કે શહેરને પાણી પૂરું પાડતું બોરતળાવ ભરાતું નથી. માટે સ્વામીશ્રી ત્યાં પધારી, આશીર્વાદ આપે.

એક સાંજે સ્વામીશ્રી ત્યાં પધાર્યા. જળદેવતાની પૂજા તથા આરતી કર્યાં. હાર ચડાવ્યો. એટલામાં સૌના આશ્ચર્ય વચ્ચે એકાએક એક નાગ જળમાંથી બહાર આવ્યો. સૌને લાગ્યું કે જાણે સાક્ષાત્ વરુણદેવ પધાર્યા ! સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. અને ટૂંક સમયમાં જ ઉપરવાસમાં સારો વરસાદ થવાથી બોરતળાવની જળ સપાટી ધાર્યા કરતાં ઘણી જ ઊંચે આવી ગઈ. સૌ શહેરી-જનો આ ચમત્કારથી સ્વામીશ્રીનો ઘણો મહિમા સમજ્યા.

રાજકવિ હરદાનભાઈ સાથે સ્વામીશ્રી એક દિવસ નામદાર ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીને બંગલે પધાર્યા. પ્રમુખસ્વામી, ઠાકરશીભાઈ, દાજીબાપુ વગેરે સાથે હતા. પૂજન અને આરતી બાદ કીર્તનો ગવાયાં. નામદાર મહારાજા સાહેબે સ્વામીશ્રીને કહ્યું : 'કીર્તનમાં જે સંતનાં લક્ષણો વર્ણવ્યાં તે હું આપનામાં પ્રત્યક્ષ જોઈ શકું છું. ભાવનગરનાં ધન્યભાગ કે આપ અહીં પધાર્યા.'

સ્વામીશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજનો મહિમા કહી દર્શન કરાવ્યાં.

અહીંના મુકામ દરમ્યાન નિવૃત્ત ન્યાયાધીશ કાળીદાસભાઈ ઓઝા, ડૉ. નાગરદાસ શાસ્ત્રી, નાગર સદ્ગૃહસ્થો સુમનભાઈ દેસાઈ, વકીલ રામભાઈ દેસાઈ, ન્યાયમૂર્તિ ડૉ. લાભશંકર આચાર્ય, મીઠાવાળા મુગટભાઈ કામદાર,

બચુભાઈ લોખંડવાળા, અમૃતલાલ ભાયાણી વગેરે મહાનુભાવો તથા વેપારીઓ, અમલદારો, શિક્ષકો વગેરેએ સ્વામીશ્રીની સાધુતાનો પરિચય મેળવ્યો અને દર્શન-સમાગમનો લાભ લીધો હતો.

અષાઢ સુદ ૧૧ ઉપર સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. સૌને ચાતુર્માસના વિશેષ નિયમો આપી બપોરની લોકલમાં નડિયાદ થઈ પેટલાદ પહોંચ્યા.

પેટલાદ સ્ટેશને જ સ્વામીશ્રીના ડબ્બામાં અપાર ભીડ જામી. ગાડી એક કલાક ઊભી રહી તે દરમ્યાન ઘણા હરિભક્તો એકત્રિત થઈ ગયા હતા. લગભગ આખી ટ્રેનમાં સમૈયે જતા હરિભક્તો હતા. બોચાસણમાં ગુરુપૂર્ણિમાના ઉત્સવ ઉપર હરિભક્તોની ભીડ પ્રતિવર્ષ વધતી જતી. સત્સંગ સભામાં હરમાનભાઈ, મગનભાઈ તથા મણિભાઈએ ગઢપુર મંદિર જલદી પૂરું કરવા હરિભક્તોને હાકલ કરી. સૌએ સારી સેવા નોંધાવી. ગુરુપૂજનનો લાભ પણ સૌએ શાંતિથી લીધો. લગભગ બે કલાક આ વિધિ ચાલ્યો.

અહીંથી અમદાવાદ થઈ સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. વિરમગામ સ્ટેશને ધીરૂભાઈને ત્યાં એક કલાક રોકાઈ, નાહી-ધોઈ સેવાનો લાભ આપ્યો.

અહીંથી ગોંડલ જવા ટ્રેનમાં બેઠા. એ વખતે ચુની ભગત પાર્ષદમાં સેવામાં હતા. સ્વામીશ્રીની જોડમાં એક સંત હતા.

બપોરે ૪ વાગ્યા હતા. ટ્રેન એક પછી એક સ્ટેશનો વટાવતી આગળ ધપી રહી હતી. હજુ બંને સેવકો સૂતા હતા. સ્વામીશ્રી ઊઠ્યા. ઠાકોરજીને જગાડ્યા. અને ખાસ ઠાકોરજી માટે સાથે રાખેલું ઠંડું પાણી ધર્યું. પછી અત્યંત નમ્રભાવે ઠાકોરજી સાથે વાર્તાલાપ કરવા લાગ્યા : ‘મહારાજ ! તાપ બહુ લાગ્યો હશે, ઠંડું પાણી પીવો.’

પછી પોતે ઠાકોરજીને પોતાના ગાતરિયાને ચોવડું કરીને પવન નાખવા લાગ્યા અને બોલવા લાગ્યા : ‘મહારાજ ! આપને કષ્ટ પડ્યું હોય, ઊંઘ ન આવી હોય તો માફ કરશો.’ એમ બોલીને ઠાકોરજીની સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યા.

ચુની ભગત આ સાંભળી એકદમ બેઠા થઈ ગયા અને ઈષ્ટદેવ સાથેનો સ્વામીશ્રીનો આ આત્મીય સંવાદ સાંભળી મુગ્ધ થઈ ગયા.

રવિવાર, તા. ૧૮-૭-’૫૪, સાંજે સૌરાષ્ટ્રના રાજપ્રમુખ, ભાવનગર નરેશ માનનીય કૃષ્ણકુમારસિંહજી તથા સૌરાષ્ટ્રના પંતપ્રધાન માનનીય ઢેબરભાઈ, માનનીય પ્રધાન જાદવજીભાઈ, ગોંડલ મહારાજા વિક્રમસિંહજી,

કુમાર શિવરાજસિંહજી, કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા વગેરે સ્વામીશ્રી તથા અક્ષર મંદિરનાં દર્શને આવ્યા હતા. હારતોરા, ચાંદલા કરી સ્વામીશ્રીએ સૌનું સ્વાગત કર્યું. અક્ષર દેરીનો મહિમા સમજાવી, પાંચ પ્રદક્ષિણા ફર્યા. મંદિરમાં મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં. શાસ્ત્રીજી મહારાજના કાર્યનો મહિમા સ્વામીશ્રીએ સૌને સમજાવ્યો. ચા-પાણી, નાસ્તો કરી, મહેમાનો સભામાં આવ્યા. અહીં સ્વામીશ્રીએ પાંચ 'સ્વામીની વાતો' બોલી, ટૂંકમાં વિવેચન કરી, સૌને આશીર્વાદ આપ્યા. પ્રસાદીનાં પાન-બીડાં આપ્યાં. સ્વામીશ્રીનાં દર્શન અને એમની આભામાં જ ખોવાઈ જતાં સૌએ વિદાય લીધી.

વાતોમાં કરામત

ગુણાતીતાનંદ સ્વામીની વાતો એ સ્વામીશ્રીનું અમોઘ શસ્ત્ર અને અજોડ શાસ્ત્ર. જેમ કોઈ વિદ્વાન ગીતા, ભાગવત આદિક શાસ્ત્રનાં અવતરણોને આધારે પોતાની બુદ્ધિ પ્રમાણે વાતો કરે, તેમ સ્વામીશ્રીને 'વાતું' મોઢે બોલીને જ સહેજે વાતો કરવાનો અધ્યાસ. બે-પાંચ માણસો હોય કે પછી બે-પાંચ હજાર હોય, ગામડાંના માણસો હોય કે વિદ્વાન કે નેતાઓ, પણ દરેકની આગળ સ્વામીશ્રી વાતો બોલી સમજાવે. ખૂબી એ હતી કે પોતે પ્રસંગ પ્રમાણે પોતાનો વિષય અગાઉથી નક્કી નહોતા કરતા. સ્વાભાવિક જ વાતોનો પ્રવાહ કીર્તનો-દૃષ્ટાંતો સાથે એમના મુખકમળમાંથી વહેતો. પણ એ શબ્દોમાં કોઈના પણ હૃદયને સ્પર્શ કરવાની તાકાત હતી. સૌનો અંતરાત્મા કબૂલ કરે એવો પ્રભાવ હતો. કારણ એ વાતો અંતરમાંથી આવતી હતી. પાતાળ ઝરણાની જેમ ફૂટતી હતી. ભગવાન એમાં રહીને બોલતા હતા. શ્રોતાઓ મુગ્ધ થઈ જતા. જીવ-પ્રાણીમાત્રનું હિત કરવાનો, ભલું કરવાનો એ શબ્દોમાં રણકાર હતો, મર્મ હતો. માન-મોટપની આકાંક્ષાથી શૂન્ય, ગુણાતીત સંતના સચ્ચિદાનંદ તેજનું એ વાણીમાં ખમીર હતું. ગુણાતીતાનંદ સ્વામીએ જે કહ્યું કે 'આ વાતો તો અંગ્રેજના લોઢા જેવી તીક્ષ્ણ છે. *અડતામાં અળગું કરે, લેશ ન રહે સંસાર...*' એવી કરામત સ્વામીશ્રીની વાતોમાં હતી.

મુંબઈમાં અક્ષરસુખની લ્હાણ

શનિવાર, તા. ૨૪-૭-'૫૪, સ્વામીશ્રી સંતમંડળ સાથે મુંબઈ પધાર્યા.

પ્રતાપસિંહ ઇનામદારના પ્રયત્નથી શહેરની વચ્ચે, મંદિર નજીક, વિશાળ

કપોળ વાડીમાં મંડળના ઉતારાની વ્યવસ્થા કરી હતી. વાડીના વિશાળ હૉલમાં વચ્ચે સુશોભિત સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ તથા ગુરુપરંપરાની મૂર્તિઓ પધરાવી સુંદર મંદિર ગોઠવ્યું હતું. શરૂઆતમાં 'સત્સંગિજીવન'ની કથાનો લાભ પ્રમુખસ્વામીએ આપ્યો. રવિવાર, તા. ૮-૮-'૫૪, પારાયણની પૂર્ણાહુતિ થઈ. આ પ્રસંગે ચોકસી સાહેબ, શેઠ કલ્યાણજીભાઈ, શેઠ માણેકચંદ ગાંધી વગેરે સંપ્રદાયના જૂના પીઢ ભક્તો પણ કથાનો લાભ લેતા. ત્યારપછી વચનામૃતની પારાયણ શરૂ થઈ. સંતસ્વામી, મોટાસ્વામી વગેરે સંતો વચનામૃત સમજાવતા.

રાતે પણ સ્વામીશ્રી સમક્ષ હર્ષદભાઈ વચનામૃત વાંચતા અને સ્વામીશ્રી અદ્‌ભુત વાતો કરતા.

'જીવનમુક્ત કોને કહેવાય ?' એ સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'છતી દેહે ભગવાનના સંબંધને સાક્ષાત્કાર્ પામી ગયો હોય તેને જીવનમુક્ત કહેવાય. તે પાંચ ઇન્દ્રિયો જીતી, છઠ્ઠું મન ભગવાન સન્મુખ જ રાખે. પણ એવા ગુરુ મળ્યા હોય ત્યારે એવી સ્થિતિ થાય.

'ગુરુ પગ આપે છે મોક્ષ માટે, ઉત્સવ-સમૈયામાં જવા માટે. હાથ આપે છે માળા ફેરવવા અને સેવા કરવા. ત્રિવિધ તાપથી શાંતિ પમાડે છે. પણ '*જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે...*' એ અજ્ઞાન છે. જોતજોતામાં એવા ગુરુ ષડૂર્મિએ રહિત કરી દે છે. દેહ મૂકીને જેને પામવું છે તે દેહ છતાં જ મળ્યા છે. આવો મહિમા સમજાય તો દિવ્યભાવ રહે. ગ.અં.૭ પ્રમાણે એવો ભક્ત છતી દેહે ભગવાનના ધામને પામી રહ્યો છે. ભગવદીના પ્રસંગથી એવો મહિમા સમજાય છે.

'અહો, માણસ આ થાંભલાનાં દર્શન કરે છે પણ કોઈ આ સાધુનાં દર્શન કરતું નથી ! આ સાધુ તો જોતજોતામાં નિર્ગુણભાવને પમાડી દે એવા છે. 'સત્સંગિજીવન'માં ભાલચંદ્ર શેઠના પ્રશ્નમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું તેવી ભક્તિ આપણે કરવી. શ્રવણભક્તિ મુખ્ય કહી છે. તે વખતે બધા સંકલ્પને પડતા મૂકવા. કથા સાંભળતી વખતે બ્રહ્મરૂપ થવું જ જોઈએ, તો જ પ્રગટ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય. આ વાડીનાં પણ ધન્ય ભાગ્ય છે કે સર્વોપરી સંતો પધાર્યા. સર્વોપરી જ્ઞાનનું બ્રહ્મનિરૂપણ થયું. હવે પછી જે જે અહીં ઊતરશે તે પરમપદને પામી જશે. આવું સર્વોપરી તીર્થ થઈ ગયું.

'પ્રહ્‌લાદજીએ ભગવાનને છ મહિનામાં વશ કર્યા, પણ આજે એવો દાખડો નહિ કરવો પડે. જો ખરેખરો મંડે તો છ કલાકમાં વશ થઈ જાય એવા

છે. અખંડ સ્મૃતિ અને જાણપણું રાખે તો થાય. જાણપણું શું ? આજ્ઞા, ઉપાસનામાં ભંગ થાય તો જાણપણું ગયું કહેવાય.

'મસ્તક સોંપ્યું ક્યારે કહેવાય ? જ્યારે આપણું કાંઈ ન રહે ત્યારે. દાદાખાચરની જેમ. એવા ભક્તને તો ભગવાન ને ભગવાનના સંત એ જ સુખદાયી છે. અખંડ ભગવાન રાખ્યા હોય તે જ સંત. જો મહારાજ અને સંતને સુખદાયી જાણીએ તો જગતની કોઈ વસ્તુમાં લોભાઈએ નહિ. આ લોકનું સુખ ઈચ્છે તે ભગત નહિ. તે ઉપર સાખી છે :

'સુખને માથે શિલા પડે, રામ હૃદેથી જાય,
બલિહારી એ દુઃખની, પળે પળે રામ ભજાય.'

'જાણપણારૂપ દરવાજો એ જ અક્ષરધામ. મહારાજે ૫૦૦ પરમહંસો અને મોટા મોટા હરિભક્તોની સભામાં આ વાત કરી હતી. બધાના દોષ ટળી ગયા હતા, સ્વભાવ પણ ટળ્યા હતા, પરંતુ ચોર-ચકાર કોને કહ્યા ? ભગવાન કે ભગવાનના સત્પુરુષને વિશે અભાવ આવે કે દોષ પરઠાઈ જાય અથવા ક્રિયામાં મનુષ્યભાવ આવે એટલે જાણપણારૂપ દરવાજામાં દોષ પેઠા કહેવાય. માટે સત્પુરુષને વિશે અખંડ નિર્દોષબુદ્ધિ રાખવી. એવી નિર્દોષબુદ્ધિ કેમ થાય ? તે ઉપર વડતાલનું નવમું વચનામૃત વિચારવું.

'સત્પુરુષને વિશે પ્રીતિ એ જ મોટામાં મોટું સાધન છે. પ્રીતિ આત્માને સજાતિ ક્યારે થાય ? જ્યારે આ લોકની ઈચ્છા ટાળીને પ્રીતિ થાય ત્યારે. તે આત્માને સજાતિ પ્રીતિ કહેવાય. તે ઉપર પંચાળા ૩જું વિચારવું. નિર્દોષબુદ્ધિ એ જ સેવા છે.'

આ દિવસોમાં ઘણી પધરામણી થઈ. સ્વામીશ્રી પધરામણીએથી ઉતારે કપોળ વાડીમાં પધારે ત્યારે યુવકોના હાથ ઝાલી વાડીના ખૂણે પગલાં પાડે. ઝડપથી ચાલે અને એવી બળની વાતો કરે કે ગમે તેવા શિથિલ અને મંદ યુવકને ઉત્સાહ ચડી જાય.

શ્રાવણની વરસાદી મોસમ હોવાથી સ્વામીશ્રી સભા-મંડપના આસને બિરાજે. તેમનું શાલ, ટોપી અને શ્વેત દાઢીથી ઓપતું ભરાવદાર મુખારવિંદ અલૌકિક શોભતું હતું.

એક દિવસ ઉપવાસની બપોરે સ્વામીશ્રી લઘુ કરીને વિનુભાઈ તથા અમદાવાદના હરિકૃષ્ણભાઈ પટેલનો હાથ પકડી સભામંડપમાં આવ્યા. સામે શાસ્ત્રીજી મહારાજની પ્રતિમા જોઈને કહે : 'જુઓ, શાસ્ત્રીજી મહારાજ

આપણાં મા-બાપ.' પછી આજુબાજુ જોઈ થોડે દૂર થોડા હરિભક્તો બેઠા હતા, તે તરફ આંગળી ચીંધી કહે : 'આ આપણાં સગાંવહાલાં.' અને છત તરફ હાથ ઊંચો કરી કહે : 'આ આપણું ઘર, અક્ષરધામ ! હવે જવાનું-આવવાનું ક્યાં રહ્યું ? બધું જ અહીં છે. માટે સાધુ થઈ જાવ !'

સ્વામીશ્રી સહજતાથી પોતાના 'મિશન' તરફ આગળ વધતા જતા હતા. પોતાના સાંનિધ્યનો દિવ્ય સ્પર્શ આપીને, યુવકોમાં ત્યાગનું સિંચન કરવાની એમની ફાવટ ખરેખર અતુલ હતી.

તા. ૮-૮-'૫૪ના દિવસે પૂર્ણાહુતિમાં આશિષામૃત વહાવતાં કહ્યું : 'અમહિમાની વાત ન સાંભળવી. પ્ર. ૭૧, દેહ મૂકીને જેને પામવું છે તે દેહ છતાં જ મળ્યા છે. આવો મહિમા સમજાય તો દિવ્યભાવ રહે. અં. ૭, આવો ભક્ત છતી દેહે ભગવાનના ધામને પામી રહ્યો છે. ભગવાનના ભક્તના પ્રસંગથી એવો મહિમા સમજાય છે. એ પ્રસંગ ઓછો થાય તો મહિમા ઓછો સમજાય.

'અક્ષર અનંત કળાએ ખેલે એમ અનંત સ્વરૂપ ધારે. કાર્ય કરવા માટે પણ વ્યતિરેક અક્ષર જે છે તેમાં સર્વ પ્રકારે મહારાજ નિવાસ કરીને રહે છે. અને એ સ્વરૂપ તો એક જ હોય. અને પ્રત્યક્ષ વિચરણ કરતું હોય એ સ્વરૂપને વિશે પ્રીતિ બીજે સર્વ ઠેકાણેથી ટાળીને કરવી. ગ.મ. ૨૪ સિદ્ધ કરવું. તો જ આત્મદર્શન થશે.

'અંતર્દૃષ્ટિ કરીને આત્માને જોવો તે આત્મદર્શન નથી, પણ બહાર પ્રત્યક્ષ આત્મા દેખાય છે તે આત્મદર્શન જ્ઞાને કરીને સ્થિતિ કરી હોય તો જ થાય. અને તો જ મનાય.'

તા. ૧૫-૮-'૫૪, સવારે રાવળ સાહેબને ત્યાં પધરામણીએ ગયા હતા. પધરામણીમાં પણ થોડી 'સ્વામીની વાતો' અવશ્ય બોલવાની. સમય હોય તો નિરૂપણ પણ કરે. સાહજિક ગુણાતીત જ્ઞાન પીરસાઈ જાય.

આજે સ્વામીશ્રીએ ઉપસ્થિત ભક્તગણને સંબોધતાં કહ્યું :

'આજે સુગમ થયું છે તે શું ? તપ કરવું પડતું નથી. પહેલાં આકરું તપ થતું. હવે એ ન થઈ શકે, એટલે મંદિરો કર્યાં. ગામ વચ્ચે વન કર્યાં. રસોઈ પાકી લેવાની, પણ પાણી નાખી મેળવીને જમવાનું; એટલે નિઃસ્વાદી. તેથી પંચ વર્તમાન અત્યારે પાળવાનું સુગમ થયું છે. એવી મહારાજે દયા કરી છે.'

આવી સાંપ્રદાયિક મહિમાની વાતો પણ પધરામણી દરમ્યાન ટૂંકા સમયમાં સ્વામીશ્રી સાહજિક કરતા. અને કેટલી સરળતાથી બોલતા કે પંચ

વર્તમાન અત્યારે પાળવાનું સુગમ થયું છે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ તથા નિર્માન - પંચ વર્તમાન પાળવા અતિ મુશ્કેલ હોવા છતાં સ્વામીશ્રી માટે કેટલા સુગમ ને સરળ છે. તે ઉપરથી એમની પારલૌકિક સ્થિતિનો સહેજે પરિચય મળે છે.

આજે સાંજે મોચી જ્ઞાતિના સમારંભમાં વાલકેશ્વર વિઠ્ઠલનાથજીના મંદિરમાં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે પધાર્યા હતા. સૌને આશીર્વાદ આપી ઉતારે પધાર્યા.

બીજે દિવસે ઇનામદાર સાહેબની ઑફિસમાં પધરામણીએ પધાર્યા. ત્યારે પણ વાત કરતાં કહ્યું હતું : 'ઝાંઝવાના જળની જેમ જગત ખોટું થઈ જાય, ત્યારે પૂરું જ્ઞાન થયું કહેવાય. એવું જ્ઞાન થાય ત્યારપછી સંગનું સુખ મળે. એટલા માટે સત્સંગ થયા પછી સમાગમ જો ન થાય, તો સુખ ન આવે.'

આમ, સત્સગનો મર્મ સમજાવી સૌને આદર્શ સુધી પહોંચાડવા સ્વામીશ્રીની જ્ઞાનવાણી અવિરત વહેતી રહેતી. પછી તે બાળક હોય કે મોટો હોય, નિર્ધન હોય કે ધનિક હોય, એમને મન તો સૌને માયામાંથી મુક્તિ અપાવી બ્રહ્મસુખના ભોગી કરવા એ જ એક તાન હતું.

તા. ૧૭-૮-'૫૪ના દિવસે શેક્સરિયા શેઠ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ત્યારે સ્વામીશ્રી એક સ્વામીની વાત બોલ્યા : 'બ્રહ્માંડ આખું સ્વામિ-નારાયણનું ભજન કરશે ત્યારે સત્સંગ થયો જાણવો... મહારાજને સર્વોપરી સમજાવી દેવા એ સેવા છે, એ પરમાર્થ ભક્તિ છે.'

શેક્સરિયા શેઠ જેવા મારવાડી કરોડપતિ શેઠિયા દર્શને આવે ત્યારે પણ સ્વામીશ્રી પોતાની મસ્તીમાં સાંપ્રદાયિક વાતો કરતા. મહારાજનો યથાર્થ મહિમા પ્રવર્તાવવાનું કેટલું તાન ! ગુણાતીત વગર આવું કોણ સંબોધી શકે ! બીજા મોટાની શેહમાં તણાઈ જાય. જેવું છે એવું કહી શકે નહિ. શેઠિયા રાજી રહે એવી વાત કરે. એ તો ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે પાત્ર-કુપાત્ર જોયા વગર મહારાજના મહિમાની વાત કરવી પડે. સત્પુરુષના સબીજ શબ્દો જરૂર સમાસ કરે જ. અને થતું પણ એવું જ. સ્વામીશ્રીની પ્રતિભામાં કરોડપતિ શેઠિયાઓ કે બુદ્ધિના પારંગતો, વકીલો, ડૉક્ટરો અંજાઈ જતા. સ્વામીશ્રીનાં દર્શનમાં જ ખોવાઈ જતા. એમના અહંશૂન્ય પારલૌકિક પ્રેમના પ્રવાહમાં તણાઈ જતા. અમૃતવાણીનું પાન કરતા. જ્ઞાનવાર્તા સમજે - ન સમજે, પણ એટલું જરૂર અનુભવતા કે આ પુરુષ આ લોકના નથી. કોઈ ઓલિયા છે !

એટલી ચોટ તો અંતરમાં જરૂર લાગી જ જતી !

૨૮ દિવસ સ્વામીશ્રી મુંબઈ રહ્યા. રોજેરોજ ઘણા નવા હરિભક્તો જોગમાં આવતા અને વર્તમાન ધરાવી આશ્રિત થતા હતા. હરમાનભાઈ સ્વામીશ્રીના પત્ર-વ્યવહારની સેવા સંભાળતા હતા. ભગવાનદાસ શેઠ, નાનુભાઈ, મહીપત-ભાઈ, જેસીંગભાઈ વગેરેએ તમામ વ્યવસ્થા ઉપાડી લીધી હતી.

અધ્યાત્મ-વિદ્યાના પાઠો

કપોળ વાડીમાં સ્વામીશ્રી રાત્રે યુવકો સાથે બેસીને ગોષ્ઠિ કરતા. ઘણી વખત બીજા મોટેરા સંતને પણ વાતો કરવાની આજ્ઞા કરતા. તેમાં મુખ્યત્વે સંસાર છોડીને ત્યાગી થવાની વાતો તથા જેમ-તેમ, જેવું-તેવું અને જ્યાં-ત્યાં ચલાવી લેવું, એ સૂત્ર ઉપર સ્વામીશ્રી ખૂબ જ ભાર મૂકતા.

એક દિવસ સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'કોઈ યુવકે રાત્રે સૂતી વેળા ઓશીકું ન લેવું. હાથનું ઓશીકું કરીને સૂવું.'

બધા યુવકોને સ્વામીશ્રીની આજ્ઞા શિરોમાન્ય હતી, પરંતુ કસોટીનો પ્રથમ દિવસ હતો તેથી કેટલાક યુવકોએ પાટલાનાં ઓશીકાં કર્યાં ને સૂઈ ગયા.

મોડી રાત્રે સ્વામીશ્રી બાલમુકુન્દદાસ સ્વામીનો હાથ પકડીને લઘુ કરવા નીકળ્યા. સ્વામીશ્રીના એક હાથમાં બૅટરી હતી. તેમણે બૅટરી કરીને જોયું તો ઈડરના ગુણવંતભાઈ સોની પાટલાનું ઓશીકું કરીને સૂતા હતા. તે જાગી ગયા અને સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ગુરુ ! પાટલાનું ઓશીકું ન કરાય, હાથનું ઓશીકું કરવું.'

આ વખતે ઘણાખરા યુવકો જાગી ગયા હતા. તેથી ધીરે રહીને : 'હવે બધા સૂઈ જાવ. બધા થાક્યા-પાક્યા સૂતા છે તે જાગી જશે.' એમ કહીને સ્વામીશ્રી ચાલ્યા ગયા.

જાગી ગયેલા યુવકો પણ પાટલા કે પાટિયું જે કાંઈ લીધું હતું તે છોડીને હાથનું ઓશિકું કરીને સૂઈ ગયા. યુવકોની પાસે અત્યારથી જ ત્યાગાશ્રમના નિયમો પળાવીને ભવિષ્યમાં આદર્શ સાધુતા યુક્ત સંતમંડળ તૈયાર કરવાની સ્વામીશ્રીની ભાવના હતી.

આ અરસામાં રમણભાઈ મૅડિકલ કૉલેજમાં ભણતા હતા. તેઓ તિલક-ચાંદલો કરે તે માટે સ્વામીશ્રી બહુ જ આગ્રહ રાખતા. તેઓ ઘણી વાર સ્વામીશ્રીને પૂછતા કે 'તિલક-ચાંદલો શા માટે કરવાનો ? ન કરે તો શું સત્સંગી

મટી જાય ? શું તિલક-ચાંદલો કરે તે બધા સત્સંગી હોય છે ?' આમ, તેઓ સ્વામીશ્રીને અનેક પ્રશ્નો પૂછતા.

સ્વામીશ્રી તેમને કોઈ જ જવાબ આપતા નહીં. કોઈ કોઈ વાર સ્વામીશ્રી, સિપાઈ રાજાની આજ્ઞાથી પાણીમાં પડ્યો અને રાજાએ તેને ગામ ભેટમાં આપ્યું, તે દૃષ્ટાંત આપીને સમજાવતાં. પણ રમણભાઈને આ વાત ગળે ન ઊતરે. વળી, કૉલેજમાં તિલક-ચાંદલો કરવાની તેમની હિંમત ચાલતી ન હતી.

સ્વામીશ્રી આ બાબતમાં જ્યારે બહુ આગ્રહ કરતા ત્યારે તેઓ સ્વામીશ્રીને કહેતા : 'બાપા ! આપ કહો તો તિલક-ચાંદલો ન કરવાના પ્રાયશ્ચિત્તરૂપે હું એક ઉપવાસ કરી લઉં.'

સ્વામીશ્રી અત્યંત હેતથી જવાબ આપતા : 'અમારે ઉપવાસ નથી કરાવવો પણ તિલક-ચાંદલો કરાવવો છે !'

પાછળથી કૉલેજમાં રમણભાઈ ઉપર સ્વામીશ્રીનો પત્ર આવ્યો કે 'તિલક-ચાંદલો કરશો તો ખૂબ સુખી થશો.'

સ્વામીશ્રીના આ પત્રના શબ્દોની તેમની ઉપર ઘણી ઊંડી અસર થઈ. જાણે ગૂઢ પ્રેરણા મળી ! ખૂબ બળ મળ્યું. અને કોઈપણ જાતના સંકોચ વિના તેમણે તે જ દિવસથી કપાળમાં તિલક-ચાંદલો કરવાનું શરૂ કરી દીધું !

સ્વામીશ્રીએ જ્યારે આ સમાચાર જાણ્યા, ત્યારે તેઓશ્રી રમણભાઈ ઉપર અત્યંત પ્રસન્ન થઈ ગયા.

બુઝાયેલ દીવડાને ચિનગારી આપી

તે સમયે મોમ્બાસાથી ચુનીભાઈ નાથાભાઈ પટેલ ભારતમાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીની સાથે તેમને એક હરિભક્તના ઘરે ભોજન માટે જવાનું હતું. તેમની મોટર સ્વામીશ્રીની મોટરથી આગળ જતી હતી. તેમને સિગારેટનું એવું વ્યસન કે સૌ તેમને ચેઈન સ્મોકર કહેતા. તેઓએ મોટરકારમાં સિગારેટ પીવાનું શરૂ કર્યું. પછી જમીને કપોળ વાડીએ ઉતારે પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'મોટરમાં સત્સંગની વાતો કરતાં કરતાં ગ્યા'તા ને ?'

ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! સિગારેટની આદત છે તે સિગારેટ પીતો હતો.'

'લ્યો, ભારે કરી.' સ્વામીશ્રીએ તેમનો નિષ્કપટભાવ જોઈ હસતાં હસતાં કહ્યું : 'આપણે સત્સંગી, સિગારેટ ન પીવાય.'

'બાપા ! ઘણા પ્રયત્ન કર્યા પણ છૂટતી નથી.' તેમણે કહ્યું.

'તમે સિગારેટ પીઓ છો, તેથી અમારા હૃદયમાં બહુ બળ્યું !' સ્વામીશ્રી બોલતાં બોલતાં ગંભીર બની ગયા.

ચુનીભાઈએ વિનમ્ર બની આશ્ચર્ય વ્યક્ત કર્યું : 'બાપા ! આપના હૃદયમાં બળ્યું ?'

'તમારી સાથે અમારે આત્મીયતા છે, તેથી બળે છે !' સ્વામીશ્રીના મુખારવિંદ પર બાળકની નિર્દોષતા હતી અને આંખોમાં વહાલા સ્વજનના આવા તુચ્છ વ્યસનની વેદના હતી. જીવની નિર્બળતાને સ્વામીશ્રી કરુણાની નજરે જોઈ રહ્યા.

ચુનીભાઈને થયું કે 'હું સ્વામીશ્રીનો મહાન અપરાધ કરી રહ્યો છું.' તેમણે તરત જ બે હાથ જોડી કહ્યું : 'બાપા ! બળ આપો. આજથી હું સંકલ્પ કરું છું કે સિગારેટ કદી પીશ નહીં. હું તો બુઝાયેલ દીવડો છું. તમે દિવેલ પૂરજો ને પ્રકાશ કરજો.'

'જાવ, મહારાજ ભળશે.' સ્વામીશ્રીએ થાપો આપતાં કહ્યું : 'લ્યો બળ.'

'હવે વ્યસનનું શરણું છોડી આપનું શરણું સ્વીકાર્યું છે તો દયા રાખજો.'

સ્વામીશ્રી આવી શરણાગતિ જોઈ મોજમાં આવી ગયા અને ફરી ધબ્બો આપીને કહે : 'જાવ, આજથી વ્યસન મુંબઈના દરિયામાં ગયું !'

અને સૌનાં આશ્ચર્ય વચ્ચે તેઓ તદ્દન નિર્વ્યસની થઈ ગયા. પારસ સ્પર્શે કથીર પણ કુંદન થાય તે આનું નામ !

'આત્મા દેખાય છે, પણ મનાતો નથી !'

જન્માષ્ટમીને દિવસે સવારે ૮ વાગે અટલાદરામાં પ્રવેશતા મહાદેવના દેરા પાસે, રેલવે ફાટક આગળ યુવક મંડળ તથા સેંકડો હરિભક્તોએ સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. વાજતે-ગાજતે સ્વામીશ્રીને મંદિરમાં પધરાવ્યા. ઉત્સવ નિમિત્તે રાત્રે ૧૨ વાગ્યા સુધી ભજન-કીર્તનો થયાં તેમજ સ્વામીશ્રી, મોટાસ્વામી અને હરિભક્તોએ વાતો કરી. આફ્રિકાના પત્રોનું વાચન થયું. બોચાસણ તથા આણંદ યુવક મંડળે કીર્તન-ભક્તિથી સૌને આનંદ કરાવ્યો. વડોદરા યુવક મંડળના નાથાલાલ, ચંદ્રકાન્ત, વીરસિંગ, કાળીદાસ, નગીનલાલ, ભૂપતસિંહ, રાવજીભાઈ, જશભાઈ, જયંતીભાઈ તથા આણંદ, અમદાવાદ, બોચાસણ યુવક મંડળે તમામ વ્યવસ્થા અને સેવાઓ ઉપાડી લીધી હતી.

આ રીતે સ્વામીશ્રીની પ્રેરણાથી ગામોગામનાં યુવક મંડળો સમૈયામાં

સેવા અને વ્યવસ્થાની સારી કામગીરી બજાવતાં. અટલાદરાના સમૈયામાં પીરસવાની સેવામાં તો મણિભાઈ ભટ્ટનું બ્રાહ્મણ મંડળ હોય જ. કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામી તથા ચતુર્ભુજ સ્વામીનો સહકાર પણ સારો હોય. સેજાકૂવા, ગોરિયાદ, જંબુસર, અંટોલી, અંજેસર, વાઘોડિયા, મિરસાપુરા વગેરે ગામોના યુવાનો પણ સેવામાં જોડાઈ જતા. ગામોગામ શરૂ થયેલી યુવક પ્રવૃત્તિથી ઉત્સવ-સમૈયાઓમાં ભજન-કીર્તનો ગાવાં તથા વિવિધ વ્યવસ્થાઓ કરવી, એમાં યુવકો ઉત્સાહથી ભાગ લેતા. ધીરે ધીરે સત્સંગની જાગૃતિ આવવા લાગી.

સ્વામીશ્રી સભા ભરીને બિરાજમાન થયા હતા. ત્યારે યુવકોને પ્રશ્ન પૂછ્યો : 'તમે કોઈ તમારો આત્મા જોઈ શકો છો ? જે જોઈ શકતા હોય તે પોતાની આંગળી ઊંચી કરે.'

થોડી વાર સુધી તો કોઈ બોલ્યું નહિ. સર્વે હરિભક્તો એકબીજાની સામે જોવા લાગ્યા. કેટલાક કૌતુકથી સ્વામીશ્રીની સામું જોઈ રહ્યા. એ વખતે એક યુવકે આંગળી ઊંચી કરી. સ્વામીશ્રી કહે : વિઠ્ઠલ ક્યાં ગયો ? તેને પૂછીએ.'

ઝારોળાના વિઠ્ઠલભાઈ મૂંઝવણમાં પડી ગયા. શો ઉત્તર આપવો તે ગમ પડી નહિ. ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર આપતાં કહ્યું : 'જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ આ પ્રશ્ન સભામાં કરેલો. ત્યારે તેમણે ઉત્તર આપ્યો હતો કે આત્મા દેખાય છે પણ મનાતો નથી. ભગવાનના ધારક મોટા એકાંતિક સત્પુરુષ જ આપણો આત્મા છે. માટે સત્પુરુષને આપણો આત્મા માનવો. સત્પુરુષનું દર્શન થયું એ જ આત્મદર્શન છે.'

સ્વામીશ્રીએ આ પ્રશ્નનું બહુ જ સરળતાથી નિરૂપણ કર્યું. તેથી સર્વે યુવકોને આનંદ થયો. જાણે આત્મદર્શન લાધ્યું હોય તેવા પરિતોષની રેખાઓ સૌનાં મુખ પર દેખાવા લાગી.

અટલાદરામાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા.

અહીં ચંપકભાઈ શેઠના ઉત્સાહથી તથા વિનુભાઈ, બબુભાઈ, ખેંગારજીભાઈ, શંકરલાલ, અર્જુનભાઈ, અંબાલાલભાઈ, શિવલાલ પરમાર વગેરે ભક્તોના સહકારથી શ્રાવણ માસમાં શ્રીમદ્‌ભાગવતના પારાયણનો વિદ્વાન પંડિત ભગવતીપ્રસાદે શ્રાવણ સુદ પડવાથી પ્રારંભ કર્યો. સાંજે 'સત્સંગિજીવન'માંથી 'હરિગીતા'ની કથા થતી. પ્રમુખસ્વામી પણ સૌને કથાનો આસ્વાદ કરાવતા. શાસ્ત્રીજી પણ સ્વામીશ્રીની હસતી, ડોલતી દિવ્ય મૂર્તિનાં દર્શનથી પ્રેરાઈને, રોજ સ્વામીશ્રીના મહિમાના ઉત્કૃષ્ટ લલિત શ્લોકોની રચના

કરી, ભાવવાહી શૈલીમાં જ્યારે ગાઈ સંભળાવતા, ત્યારે સભા પણ સ્વામીશ્રીના ગુણાનુવાદના શ્રવણમાત્રથી ડોલવા લાગતી. સ્વામીશ્રી મંદ મંદ હસતા, દિવ્ય દર્શનદાન આપતા.

તેમાંય પ્રસ્તુત શ્લોક તો અનેકની જીભે રમવા લાગ્યો હતો :

तालिप्रदानरणितै र्गमितान्धकारं, स्निग्धं प्रसन्नवचनै र्मुदितान्तरालम् ।
दिव्यं प्रसन्नविभवञ्च विशालभालं, योगीश्वरं प्रणुत हे मनुजाः सतालम् ॥

– તાળીના તાલબદ્ધ અવાજથી જેમણે જન્મોજન્મનો અંધકાર દૂર કર્યો છે, સ્નિગ્ધ પ્રસન્ન વચનોથી જેમણે હૃદયને આનંદિત કર્યું છે, જેઓ વિશાલ ભાલથી સુશોભિત છે. તેવા પ્રસન્ન વૈભવશાળી દિવ્ય યોગીશ્વરને હે માનવો ! તમે પ્રેમપૂર્વક પ્રણામ કરો.

સવાર-સાંજ સ્વામીશ્રીનો મુખ્ય કાર્યક્રમ પધરામણીએ જવાનો રહેતો. દરરોજ સ્વામીશ્રી મોટા મંદિરે પણ અચૂક દર્શને જતા. સ્વામીશ્રીની દુર્લભ વાતોનો લાભ સૌને રાત્રે મળતો. મોક્ષભાગી હરિભક્તો તથા યુવકો રાત્રે ૧૨ સુધી રોકાતા અને લાભ લેતા. અંબાલાલભાઈ બ્રહ્મભટ્ટ, ગોરધનભાઈ, મણિભાઈ, રમેશભાઈ, નટુભાઈ, મધુભાઈ, શાંતિભાઈ વગેરે પ્રેમી ભક્તો તથા હરિકૃષ્ણભાઈ, દીનુભાઈ, મહેન્દ્રભાઈ, જગદીશભાઈ વગેરે યુવાનો સેવાનો સારો લાભ લેતા. મોડી રાત્રે અને વહેલી સવારે સ્વામીશ્રી યુવકોને ગમ્મત સાથે જ્ઞાનની ગંભીર વાતોનું સહજતાથી પાન કરાવતા.

મંદિરના વિશાળ ચોકમાં સાંજે પૂર્ણાહુતિના પ્રસંગનો લાભ સૌને સારો મળ્યો. સંતો-હરિભક્તોનાં પ્રવચનો પછી સ્વામીશ્રીના આશીર્વાદથી વિરાટ સભામાં બ્રહ્માનંદ રેલાઈ ગયો. રાત્રે ૧૦ સુધી પૂજન ચાલ્યું. આ રીતે રોજ શાહીબાગ અક્ષર મંદિર હરિભક્તોની અવરજવરથી ભરચક રહેતું. રાત્રે ૧૨ સુધી ભક્તો સ્વામીશ્રીને છોડતા નહિ. જૂના મંદિરના પણ સેંકડો હરિભક્તો તથા કેટલાક સંતો મંદિરમાં સ્વામીશ્રીનાં દર્શને આવી જતા. સ્વામીશ્રીનાં અલૌકિક સાંનિધ્યનો લાભ લેવાની લાલચ તેઓ જતી કરી શકતા નહિ. સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રેમ અને સુહૃદભાવ જોઈ સૌ એક અવાજે કહેતા કે 'આ દિવ્ય પ્રેમ અને ભક્તિભાવના પ્રવાહમાં, આ જોગી તો આખા સત્સંગમાં 'અક્ષરપુરુષોત્તમ' 'અક્ષરપુરુષોત્તમ' કરી દેશે.'

પ્રસંગોપાત્ત સ્વામીશ્રી 'સ્વામિનારાયણ પ્રકાશ' માસિક દ્વારા હરિભક્તોને જાહેરમાં આજ્ઞાપત્રો લખતા. તેમાં પણ ઘણી વિશેષતા રહેતી. પ્રાસંગિક

મુદ્દાની વાત લખીને પછી સમજણ-જ્ઞાનના મુદ્દાનો પણ એમાં જરૂરથી સમાવેશ કરતા. ત્યારે આપણને જણાય કે પોતાને જે કરાવવાનું તાન છે તે શરત જરાપણ ચૂકતા નથી. ગુણાતીત સંતનું જે માટે પ્રગટપણું છે તે નિશાનનું ધ્યાન પોતાના આશ્રિતને પણ સહજતાથી રખાવે છે.

આ જ અરસામાં અમદાવાદથી એક પત્ર લખ્યો :

શ્રાવણ વદી અમાસ, વાર શનિવાર, સવારના ૭ વાગે, નારણઘાટ સાબરમતી નદી કિનારે સ્નાન જાત્રા.

'ઓહોહો, આ સમય સ્વામીને રાજી કરવાનો સમય છે. સ્વામીનો રાજીપો ગઢપુર મંદિર કરવાનો છેલ્લો હતો. તો હવે તે સંકલ્પ આફ્રિકા મંડળ દ્વારે તથા આ દેશના મંડળ દ્વારે પૂરો થશે. તે નિમિત્તે સાક્ષાત્ ગોંડલ અક્ષર દેરીમાં ૨૧ માળાની ધૂન્ય શરૂ કરાવી છે. તેમાં મુંબઈ મંડળ તથા આ દેશના તમામ હરિભક્તો ભળેલ છે. તો હવે આપણો છેલ્લો જન્મ કરીને બ્રહ્મરૂપ માનીને પુરુષોત્તમ ભગવાનને હૃદયમાં અખંડ ધારી લેવા તે સિદ્ધાંત છે. તો સમજણ ચોખ્ખી કરવી. સારંગપુરના ૪ પ્રમાણે, લોયાના ૭ પ્રમાણે બ્રહ્મરૂપ થાવું એ જ, આજે શ્રાવણ માસે અમાસ પર્વણીએ આ સંકલ્પ મોટાસ્વામી તથા નારણસ્વામી સાથે કરેલો છે.'

સામાન્યપણે પત્રનું સમાપન કરતા લખનાર કાગળના પૂર્વાર્ધનો સારાંશ રજૂ કરી, તે ઉપર ભાર મૂકે. જ્યારે સ્વામીશ્રી પત્રના સમાપનમાં બ્રહ્મરૂપ થવાની જ વાત ઉપર ભાર મૂકે છે. આવા પ્રગટ સત્પુરુષના જોગમાં બ્રહ્મરૂપ થવાનું બાકી ન રહી જાય તે જાણપણું આપે છે. જો કે એમની દરેક આજ્ઞા બ્રહ્મરૂપ થવા માટે જ છે. એ મહિમાથી અને ભાવથી આદેશને અમલમાં મૂકવાનો હોય છે. પત્રની શરૂઆત પણ કેટલી અદ્‌ભુત ! *'આ સમય સ્વામીને રાજી કરવાનો સમય છે.'*

'અબ પછતાયે હોત ક્યા...'

આ વખતે નડિયાદના રામચંદ્ર રણછોડભાઈ સુથાર સ્વામીશ્રીનાં દર્શને અમદાવાદ આવ્યા હતા. એક દિવસ સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'સાધુ થશો ?'

'હા, બાપા !'

'લ્યો, મૂકો પાણી... કો' સાધુ થઈશ.'

'સાધુ થઈશ...'

સ્વામીશ્રીએ તેમને ત્રણ વાર પાણી મુકાવી સંકલ્પ દૃઢાવ્યો. પણ એક યા બીજા કારણે તેઓ સાધુ ન થઈ શક્યા.

આ પછી બે વર્ષે તેઓ સ્વામીશ્રીને બાવળામાં મળ્યા ત્યારે પણ સ્વામીશ્રીએ સમજાવ્યા : 'તમે સાધુ થાવ, તો મંદિરના કોઠારી બનાવું. અને તમારી એકોતેર પેઢી તરી જશે.'

પણ નોકરીના બહાના હેઠળ તે વખતે પણ તેમણે ના પાડી.

છેવટે બોચાસણમાં પોતાનાં લગ્ન માટે આશીર્વાદ લેવા ગયા ત્યારે સ્વામીશ્રી જાણે ભવિષ્ય જોતા હોય તેમ બોલ્યા : 'સંસારમાં પડીશ નહીં, બહુ દુ:ખ થશે. માટે ભગવાન ભજી લે.'

પણ રામચંદ્રભાઈ ન માન્યા અને આગ્રહ રાખી લગ્નના આશીર્વાદ માગ્યા. ત્યારે સ્વામીશ્રીએ રજા આપી. પણ લગ્ન પછી પંદર જ દિવસમાં પત્ની નાસી ગઈ. બીજાં લગ્નમાં બે વરસમાં છૂટાછેડા લેવા પડ્યા અને ખૂબ દુ:ખી થઈ ગયા. તેઓ પસ્તાવા સાથે કહેતા : 'જો વચન પાળ્યું હોત તો સ્વામી રાજી થઈ ગયા હોત. પણ આજે તો ઘાંચીના બળદની જેમ ચક્કર મારીને ત્યાંનો ત્યાં જ પડી રહ્યો છું !'

પણ અબ પછતાયે હોત ક્યા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત !

અંદરથી કોઈ રોકી રહ્યું હતું

અહીં એક દિવસ બપોરે ૪ વાગે ડૉ. શંકરભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા. તેમને સિનેમા જોવાની ભારે લત લાગી હતી. તે દિવસોમાં મિરજાપુર પાસે એક થિયેટરમાં 'સેમસન ડેલીલાહ'નું ચિત્ર ચાલી રહ્યું હતું. તેમને તે જોવા જવું હતું.

તેઓ સભામાંથી ઊઠ્યા. કોઈ દિવસ સ્વામીશ્રી તેમને પૂછતા નહીં, પણ આજે પૂછ્યું : 'ક્યાં ચાલ્યા ?'

'બાપા ! સિનેમા જોવા જવું છે.' તેમણે નિષ્કપટપણે જવાબ આપ્યો.

'સિનેમા કેવું હોય ? અહીંના કરતાં ત્યાં વધારે આનંદ આવે ?'

સ્વામીશ્રીના પ્રશ્નથી તેઓ વિચારમાં પડી ગયા. પછી કહ્યું : 'બાપા ! તમને સાધુને એમાં ખબર ન પડે. એ તો દરેકના શોખની વાત છે. મને તો સિનેમા જોવાનું બહુ ગમે છે.' નવાસવા સત્સંગી તેથી મર્યાદાનો બહુ ખ્યાલ ન રહેતા તેઓ બોલી ઊઠ્યા.

'જરૂર જાવ.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

શંકરભાઈએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીની આંખોમાંથી ન કળી શકાય તેવો પ્રેમનો પ્રવાહ વહી રહ્યો હતો. તેમની આંખો જાણે હસી રહી હતી ! અને તેનો શીતળ સ્પર્શ શંકરભાઈના ચિત્તને સ્પર્શી રહ્યો હતો.

તેઓ બહાર આવ્યા અને હઠીભાઈની વાડી સુધી પહોંચ્યા હશે ત્યાં કોઈ અગમ્ય શક્તિ તેમને પાછા ખેંચી રહી હોય તેવો ભાસ થયો. તેમણે આગળ જવા પ્રયાસ કર્યો પણ પગ ઊપડે નહિ. અંદરથી જાણે કોઈ રોકતું હોય તેવું લાગ્યું.

તેઓ તરત જ પાછા આવ્યા. સ્વામીશ્રી હસીને બોલ્યા : 'કેમ, ન ગયા ?'

'બાપા ! આજે મૂડ નથી. સિનેમા જોવા નથી જવું. આજે સ્વાદ નહીં આવે.' તેઓ મન મારીને બોલી રહ્યા હતા.

'શંકરભાઈ ! એમાં સ્વાદ જ નથી. લ્યો, અમે આશીર્વાદ દઈએ. આ પાણી લો અને કહો : કોઈ દિવસ સિનેમા નહીં જોઉં.'

'બાપા ! મને વિશ્વાસ નથી. મને ટેવ પડેલી છે !' તેમણે હૃદયમાં હતી તેટલી હિંમત ભેગી કરતાં કહ્યું.

'પણ તમે નિશ્ચય કરીને આશીર્વાદ લો તો ભગવાન બધું સંભાળી લેશે.'

આજે સ્વામીશ્રી તેમના હૃદય પર સંપૂર્ણપણે છવાઈ ગયા હતા. તેમને જાણે અનુભવાયું કે સ્વામીશ્રી મારા અંતરને પકડી રહ્યા છે, કબજે કરી રહ્યા છે.

શંકરભાઈએ હાથ ધર્યો. સ્વામીશ્રીએ જળ મુકાવ્યું. અને ખૂબ રાજી થઈ, આશીર્વાદના ત્રણ-ચાર ધબ્બા આપી દીધા.

તે દિવસ અને તે ઘડી, શંકરભાઈએ કદી સિનેમા જોઈ નથી અને તેનો સંકલ્પ પણ ઊઠ્યો નથી !

❀ ❀ ❀

દંઢાવ્યમાં વિચરણ



અમદાવાદના મુકામ દરમ્યાન, જ્ઞાન અને પ્રેમનો જેમાં સમન્વય થયો હતો એવા અતિ ઉત્સાહી ભક્તરાજ અંબાલાલભાઈ તથા સોમચંદ શેઠ વગેરે ભક્તોની વિનંતીથી શ્રીજીમહારાજના પ્રસાદીભૂત દંઢાવ્ય દેશમાં રાજપુર ગામે સ્વામીશ્રીનો કાર્યક્રમ ગોઠવાયો. ભાદરવા સુદ ૨, સોમવાર, તા. ૩૦-૮-'૫૪, સવારની ૫-૧૫ની ટ્રેનમાં નીકળી સ્વામીશ્રી, મોટાસ્વામી, સંતસ્વામી વગેરે સંતમંડળ તથા કાનજીભાઈ સોની, અર્જુનભાઈ, મોહનભાઈ બગડ વગેરે ભક્ત મંડળ સવારે ઝુલાસણ આવી પહોંચ્યા. અહીંથી શણગારેલાં ગાડાંઓમાં તથા સુંદર માફામાં સ્વામીશ્રી અને સંતો રાજપુર પધાર્યા.

પહેલાં પરબડીએ સ્વાગત કર્યું. પછી પાદરમાંથી ઊંટ ઉપર નિશાન-ડંકા, ઘોડેસવારો, બૅન્ડ-વાજાં, શણગારેલા માફામાં સ્વામીશ્રી અને ઝાંઝ, પખાજ ને ભૂંગળો સાથે ઓચ્છવિયા ભજન-મંડળીઓ અને ભક્તોની અદ્‌ભુત શોભાયાત્રા નીકળી. દારૂખાનું તથા બંધૂકોના અવાજથી વાતાવરણમાં ગાજવીજ ને ઝબકારા થતા હતા. છડીદાર અંબાલાલ પહેલવાન અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા યોગીજી મહારાજની બુલંદ અવાજે છડી પોકારતા હતા. આખું ગામ ગાંડુંતૂર બન્યું હતું. માફામાં બિરાજેલા સ્વામીશ્રી પણ મંદ હાસ્ય વેરતાં, ડોલતાં સૌ ઉપર અમીદષ્ટિ વરસાવતા હતા.

આખા ગામમાં શોભાયાત્રા ફરી, મંદિરે આવી. મંદિર સુંદર રીતે શણગાર્યું હતું. આકર્ષક દરવાજો ઊભો કરવામાં આવ્યો હતો. મંદિરમાં પ્રવેશતાં જ ચીમનલાલ શાસ્ત્રીએ વિધિપૂર્વક હરિકૃષ્ણ મહારાજનું સ્નાન કરાવી, પૂજન કરાવ્યું. અભિષેકના પ્રસાદી જળનો રેલો ગામ બહાર પહોંચાડ્યો હતો.

વ્યાસપીઠ ઉપર સ્વામીશ્રી તથા મોટાસ્વામીને પધરાવી કથાનો પ્રારંભ કરાવ્યો. કુબેરભાઈ, સોમચંદભાઈ, બહેચરભાઈ, કચરાદાસ, શંકરલાલ,

પુરુષોત્તમદાસ મારફતિયા વગેરે ભક્તોએ પૂજન કરી આરતી ઉતારી. અંબાલાલભાઈએ ભાવભીનું સ્વાગત-પ્રવચન કર્યું. ચીમનભાઈ શાસ્ત્રીએ વિદ્વત્પૂર્ણ શૈલી અને સુમધુર વાણીથી 'સત્સંગિજીવન'ની કથા સંભળાવી સ્વામીશ્રી તથા મોટાસ્વામીને પ્રસન્ન કર્યા હતા.

સવારની કથા પછી સ્વામીશ્રીને એક્કામાં બેસાડી, હરિભક્તો એક્કો ખેંચીને પધરામણીએ ફેરવતા. પધરામણીનું આયોજન શિસ્તબદ્ધ હતું. આગળ ઓચ્છવિયા કીર્તન-ભજન કરતા ચાલતા. લગભગ ૯૬ પધરામણીઓ થઈ હતી. સાંજે સંતસ્વામી 'સ્વામીની વાતો' સમજાવતા. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી, મોટાસ્વામી, મોહનભાઈ બગડ, કાનજીભાઈ સોની તથા અંબાલાલભાઈ પણ વાતો કરી સૌને રંજન કરતા. અમદાવાદથી સંગીતકાર છગનભાઈ, અંબાલાલ-ભાઈ તથા પ્રતાપભાઈએ પણ આવીને લાભ આપ્યો હતો.

ઝુલાસણ, મોખાસણ, ડાંગરવા, પલિયડ, વડુ, કરજીસણ, ચલાસણ, ઊંઝા, નગાસર વગેરે ગામોથી હરિભક્તોના સમૂહો લાભ લેવા આવતા હતા. *'હાંજી ભલા સાધુ'; 'શાંતિ પમાડે તેને સંત કહીએ'; 'ભજ્યો નહિ ભગવાન મુરખ, જીવતાં મર્યો'* વગેરે કીર્તનો ભાવવાહી લહેકાથી ગાતા, કડીએ કડીએ દૃષ્ટાંતો સાથે રમૂજ કરાવતા, મસ્તીમાં ડોલતા, તાળીઓની રમઝટ દેતા, જેની ક્યાંય જોડ જડે નહિ એવા આ જોગીએ કથાવાર્તામાં અમૃતનો મેઘ વરસાવ્યો હતો. આ વાતો-દર્શનથી તણાતા, વધુ ને વધુ ભક્ત મંડળીઓ ગામેગામથી લાભ લેવા ઊમટતી હતી.

પૂર્ણાહુતિની આગલી સાંજે મંદિરના વિશાળ ચોગાનમાં સુંદર સિંહાસન ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. તે સમયે આખું હરિમંદિર મીણબત્તીઓ પ્રગટાવી, શોભાયમાન કર્યું હતું. એ શોભામાં અભિવૃદ્ધિ કરતા સૌ ભક્તોએ સ્વામીશ્રી અને સંતોની સમૂહમાં આરતી ઉતારી હતી.

શુક્રવાર, તા. ૩-૯-'૫૪, કથાની પૂર્ણાહુતિ થઈ. સૌ ભક્તોએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું પૂજન કર્યું ત્યારે નાના-મોટા સૌનો સ્વામીશ્રી પ્રત્યેનો પ્રેમ, ઉત્સાહ, સંપ જોઈ મોટાસ્વામી ગળગળા થઈ ગયા હતા.

બપોરે ગામની નિશાળમાં પધરામણી કરી હતી. લગભગ ૩,૦૦૦ માણસો અહીં એકત્ર થયા હતા. અહીં પણ બાળકોએ સમૂહમાં આરતી ઉતારી. શિક્ષકો તથા બાળકો કૃતકૃત્ય થયા. નિશાળના આચાર્યે બાળકોને આશીર્વાદ આપવા બદલ સ્વામીશ્રીનો ખૂબ આભાર માન્યો. જોઈતનદાસ, રાણા શિવાજી,

રાણા ગલાબજી, કલ્યાણદાસ, કેશવલાલ, પ્રહ્લાદભાઈ, પુરુષોત્તમદાસ, ઘનશ્યામભાઈ, માણેકલાલભાઈ વગેરે યુવકોએ સારી સેવા કરી હતી.

વિદાય પ્રસંગે સમગ્ર ગામ ભારે હૈયે સ્વામીશ્રીને વળાવવા આવ્યું. નાનાં નાનાં બાળકો 'જોગીબાપા ફરી ક્યારે આવશો ?' એમ બોલતાં પાછળ પાછળ આવતાં હતાં. આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોને સ્વામીશ્રીએ પાંચ દિવસમાં એવી મોહિની લગાડી કે સૌને સ્વામીશ્રીનો વિરહ અસહ્ય થઈ પડ્યો. સૌએ ગદ્ગદ કંઠે મૂંગી વિદાય આપી. જીવનના અંત સમયે પણ જેની સ્મૃતિ એટલી જ તાજી રહે, તેવો આજનો આ પ્રસંગ વિરલ હતો.

ગામોગામ ભક્તો અને મુમુક્ષુઓ આ જ રીતે સ્વામીશ્રી પાછળ ઘેલા ઘેલા થઈ જતા, એવી ચમત્કૃતિ એમની મૂર્તિમાં હતી. ચમક-પહાણની જેમ સૌ ખેંચાતા. સ્વામીશ્રીને ભૂલી શકતા નહિ. આમ, સૌનું ભલું ઇચ્છતા, સૌને ભગવાન પરાયણ કરતા સ્વામીશ્રી અવિરત વિચરતા.

અનુભવની સરાણે બુદ્ધિમાં પ્રકાશ

આ દરમ્યાન ભરૂચના ડૉ. મગનભાઈના પિતાશ્રી અવિધા ગામે બીમાર પડ્યા. એક રાત્રિએ અચાનક તેમના વતન અવિધાથી માણસ બોલાવવા આવ્યો; 'તેમના પિતાશ્રી દેસાઈભાઈ બેભાન છે અને અંત અવસ્થા જેવું છે,' તેવા સમાચાર આપ્યા.

એ વખતે અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો. ભરૂચથી અવિધા ૩૬ કિલોમીટર દૂર. જો તેમના પિતાશ્રીને કંઈ થાય તો કુટુંબનો બોજો તેમના પર આવે અને જવાબદારી ઘણી વધી જાય. વળી, પોતાને જે પ્રગતિ કરવાની મહત્ત્વાકાંક્ષા હતી, તે નષ્ટ થઈ જાય. તેથી તેઓ સ્વામીશ્રીને મનોમન પ્રાર્થના કરવા લાગ્યા. પ્રત્યેક વાતને તર્ક અને બુદ્ધિના ત્રાજવે તોલનારા આ મગનભાઈ આજે એકદમ શ્રદ્ધાળુ બની ગયા ! એવામાં તેમને વિવિધરંગી પ્રકાશ દેખાયો. થોડીવારે તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. તેઓ તો દિગ્મૂઢ થઈ ગયા. તેમની બુદ્ધિ આ વાતને સ્વીકારવા તૈયાર નહોતી. છતાં આંખોથી દેખાઈ રહેલી ઘટના ખોટી તો કહી શકાય તેમ નહોતું. ત્યાં સ્વામીશ્રી બોલ્યા : 'મગનભાઈ ! ચિંતા કરશો નહીં, તમે ગામ જઈને બાપુજીને દવા આપો. સારું થઈ જશે.'

મગનભાઈ ઊભા થઈ ગયા. હાથ જોડ્યા, ત્યાં ફરી સ્વામીશ્રીનો અવાજ સંભળાયો : 'શ્રીજીમહારાજ ધામમાં તેડી જવા માટે આવ્યા હતા, પરંતુ અમે

પ્રાર્થના કરી : 'હજુ દસ વરસ રાખો. મગનભાઈને તેમની બહુ જરૂર છે.' તેથી શ્રીજીમહારાજે કૃપા કરી અને દસ વર્ષનું આયુષ્ય આપ્યું છે.'

એ જ વખતે અવિધામાં દેસાઈભાઈ બેભાન અવસ્થામાં ઊભા થઈને કહેવા લાગ્યા : 'મને તેડવા આવ્યા છે. મારે જવું છે.'

તેમનાં માતુશ્રી બહુ સમજદાર હતાં. તે કહે : 'તેમનો હાથ ઝાલીને લઈ જાવ, ક્યાં જવું છે ?'

સંબંધીઓએ મદદ કરીને ઊભા કર્યા અને બહાર રવેશ સુધી તેઓ ચાલ્યા. પછી થાંભલાને હાથથી પકડીને ઊભા રહીને બોલ્યા : 'શ્રીજીમહારાજ મને ના કહે છે. હવે લઈ જવા નથી, એમ કહે છે.' એમ કહેતાં તેઓ ફરી પથારીમાં આવીને સૂઈ ગયા.

મગનભાઈ તો સ્વામીશ્રીનાં દર્શન પછી તરત જ અવિધા આવવા નીકળી ગયા હતા. તેઓ ઘરે આવ્યા, ત્યાં તેમના પિતાજીને થયેલાં દર્શનની વાત જાણી. એક જ સમયે થયેલા આ બે પ્રસંગોએ મગનભાઈનું વિચારવલણ બદલી નાખ્યું. તેઓએ તરત જ તેમના પિતાશ્રીની દવા કરી, ઈન્જેક્ષન આપ્યાં. થોડા દિવસે તેમના દરદને વળતાં પાણી થયાં.

ધર્મશાસ્ત્રોના અભ્યાસી અને ડૉક્ટરના નાતે કોઈને કોઠું ન આપે તે મગનભાઈ, આ અનુભવથી સૌને કહેવા લાગ્યા : 'યોગીજી મહારાજને સ્વામિનારાયણ ભગવાન વશ છે. અને એમની ઇચ્છાથી આજે કળિયુગમાં સ્વામિનારાયણ ભગવાન તેના આશ્રિતોને તેડવા આવે છે, અને અન્યને તેની પ્રતીતિ માટે દર્શન આપે છે. એ વાત તદ્દન સાચી છે.'

✧

સારંગપુરમાં જળઝીલણી ઉત્સવ કરીને ભાદરવા વદ છઠના દિવસે સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. પ્રસાદી સ્થાનોમાં દર્શન કરી, ટેકરા ઉપર મંદિરે આવ્યા. મંદિરમાંથી ઘેલા નદીમાં ઊતરવાનાં નવાં તૈયાર થયેલાં પગથિયાં જોઈને સ્વામીશ્રી બહુ રાજી થયા. કારણ, શાસ્ત્રીજી મહારાજનું એ આયોજન હતું કે મંદિરમાંથી ઘેલામાં નાહવા ઊતરાય એવાં પગથિયાં ભવિષ્યમાં કરવાં. તે જોઈને સ્વામીશ્રીને કેમ આનંદ ન થાય ! ઘેલા તરફથી મંદિરમાં જવાનાં પગથિયાંનો દેખાવ પણ સુંદર લાગતો હતો. સ્વામીશ્રીએ કોઠારી હરિજીવન સ્વામીને આ કાર્ય માટે ખૂબ આશીર્વાદ આપ્યા. દશમ સુધી અહીં રોકાઈ આજુબાજુનાં ગામોમાં હરિભક્તોને સારો લાભ આપ્યો.

મૂંગા પ્રાણી ઉપર અનુકંપા

ગઢપુરમાં શ્રીહરિનું શ્રાદ્ધ - સ્મૃતિ પર્વ કરી, મોજીદડ થઈ, ભાદરવા વદ અમાસનો સમૈયો નારાયણ ધરે કર્યો. ત્યારબાદ સ્વામીશ્રી વાગડ પધાર્યા.

અહીંથી કંથારિયા જવા મહીપતસિંહ પાસે ગાડું જોડાવ્યું. ચોમાસાની ઋતુ તેથી વરસાદ ખૂબ અંધાર્યો હતો. કંથારિયા પહોંચી મંદિરમાં પ્રવેશ્યા ત્યાં વરસાદ તૂટી પડ્યો. સ્વામીશ્રી ઠાકોરજીને દંડવત્ કરીને આસને બેઠા અને તરત જ મહીપતસિંહને પાસે બોલાવ્યા અને પૂછ્યું : 'બળદ ક્યાં બાંધ્યા છે ?'

'બાપા ! લાલ બાપુને ત્યાં બંધાવ્યા છે.'

'નીરણ કરી છે ?'

'હા બાપા ! કરી છે.'

થોડી વારે વરસાદ રહી ગયો. સભામાં ઘણા હરિભક્તો આવી ગયા હતા અને ભજન-કીર્તન થતાં હતાં. ત્યાં સ્વામીશ્રીએ ફરી મહીપતસિંહને બોલાવી કહ્યું : 'જાઓ, બળદને ફરી વખત નીરણ કરી આવો ને !'

મહીપતસિંહ બાપુ વિચારવા લાગ્યા કે સ્વામીશ્રીને બળદ જેવાં પ્રાણીઓ ઉપર પણ કેવી મમતા છે !

આ વર્ષોમાં ચુની ભગત સ્વામીશ્રીની સેવામાં સાથે ફરતા. તેમની પાસે ૧૦૨ વચનામૃત અને સ્વામીની વાતોનું બીજું, ત્રીજું અને ચોથું પ્રકરણ સ્વામીશ્રીએ મોઢે કરાવ્યાં હતાં. સ્વામીની વાતોનું ત્રીજું પ્રકરણ સ્વામીશ્રીએ ઘણા યુવકો તથા સંતો પાસે મોઢે કરાવેલું. વિચરણ દરમ્યાન ગાડામાં મુસાફરી કરતા હોય ત્યારે સ્વામીશ્રી ચુની ભગત પાસે વાતો, વચનામૃત બોલાવતા.

આ રીતે એક વખત ચુની ભગત બીજા પ્રકરણની બાવીસમી વાત બોલ્યા : 'કેટલાક રસોઈ કરે છે, પાણી ભરે છે, ને કેટલાક લખે છે, ભણે છે ને કેટલાક ખડ વાઢવા જાય છે ને કેટલાક ઢોર ચારવા જાય છે, ઈત્યાદિક ક્રિયાઓ કરે છે. તે તો એમ જાણવું જે, એ સર્વે દેહનો વ્યવહાર છે તે કર્યું જોઈએ, પણ કરવાનું તો બીજું છે. તે શું જે, મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી; ઉપાસના ને જ્ઞાન શીખવું; સત્સંગ-કુસંગ ઓળખવો; ને સત્સંગમાં રહેવાય એવો દૃઢ પાયો કરવો; ઈત્યાદિક કરવાનું છે તે કરવું. અને મનુષ્યને જે જે કરવાનું છે તે કહીએ તો તેમાં અટકે છે, પણ જ્ઞાન વિના સર્વે કાચું છે. ને અંતરમાં ખોટા ઘાટ થાય તે પણ જ્ઞાનની કસર છે. અને મહારાજ પૂછતા જે, 'એને ક્રિયા સાધુ સાથે

હેત છે ને કિયા સાધુ પાસે બેઠક-ઊઠક છે' એમ તપાસ કરવાનું કહેતા.'

આ વાત સાંભળીને સ્વામીશ્રી બોલ્યા : 'જો આ વાત સિદ્ધ કરે તો કોઈ સાધુ ઘરે ન જાય એવી આ સર્વોપરી વાત છે.'

સ્વામીશ્રી આવી મર્મની વાતો અને અંતરની રુચિને, વિચરણમાં મળતાં એકાંતે, અંગત સેવકો પાસે વ્યક્ત કરતા. સેવકો મુગ્ધ થઈ અમૂલ્ય અધ્યાત્મ-યુક્તિ પામ્યાના સંતોષ સાથે આભારવશ નજરે સ્વામીશ્રીનાં દર્શન કરી રહેતા.

આમ વસ્તડી, ચચાણા, કંથારિયા, ભોયકા, નવાગામ, અડવાળ થઈ મોજીદડ પાંચ દિવસ રહી લીંબડી, વઢવાણ થઈ ગોંડલ પધાર્યા.

લગભગ દશેરા સુધી સ્વામીશ્રીએ ઝાલાવાડનાં આ બધાં ગામોમાં વર્ષોવર્ષની જેમ વિચરણ કર્યું. શાસ્ત્રીજી મહારાજના સમયમાં તો આ બધાં ગામડાંઓમાં એમનો ઘણા દિવસો સુધી પડાવ રહેતો. દરબારોને અતિશય હેત કરાવીને, એમનો સત્સંગ સાચવ્યો. આ પ્રદેશના જૂના સત્સંગીઓ, ગરાશિયા દરબારોમાં મર્યાદાનો આગ્રહ બહુ. એટલે સામાન્ય સંતોથી તો એમનું મન પલળે જ નહિ. ધર્મ-નિયમમાં જે શૂરા હોય, ત્યાગ-વૈરાગ્યમાં જે પૂરા હોય, તે જ બાપુઓનો આદર પામી શકે. સામાન્ય સંતો તો આ પ્રદેશમાં પગ જ મૂકે નહિ. એ સંજોગોમાં સ્વામીશ્રીએ આ પંથકમાં હજારો હરિભક્તોને સેવા-ભક્તિથી રાજી કર્યા હતા. એટલું જ નહિ, પણ એમનાં મન જીતી લીધાં હતાં. આ દરબારો જ્યારે સમૈયામાં આવે ત્યારે આટલી બધી ભીડમાં એને કોણ સાચવે ? સમૈયાની અનેકવિધ સેવા અને જવાબદારીઓમાં પણ સ્વામીશ્રીએ એમને ઊની ઊની રોટલીઓ ખવડાવી છે. નાહવા માટે ગરમ પાણી પહોંચાડ્યું છે. અને કપડાં સુધ્ધાં ધોઈ દીધાં છે. ત્યારે દરબારો સમૈયાની ભીડમાં જોગીને ખોળતા અને જોગી એમને ખોળતા !

કદાચ આવી સુવિધા એમને ઘેર હોય કે ન હોય ! ગરમ ગરમ ફુલકા તો કાઠિયાવાડમાં ક્યાંથી મળે ? કદાચ કોઈને મળે તોપણ આ ભાવ ક્યાં હતો ? અનંત સ્ત્રીઓની પતિસેવાને ઠોકરે મારે એવો દિવ્ય પ્રેમ અને મહિમા, સ્વામીશ્રીને ખોળે સૌ પામતા હતા, ત્યારે સૌના હોઠ ઉપર અને હૃદયમાં 'જોગી' બિરાજી ગયા હતા.

ખાટલાની પાટી ખેંચવાની સેવા

ભાદરણના કાન્તિભાઈ ભાઈલાલભાઈ પટેલને સ્વામીશ્રીએ પત્ર લખીને

જી.કે. સ્વામી સાથે પૂનમના સમૈયામાં ગોંડલ બોલાવ્યા હતા. સ્વામીશ્રીએ એક પાટીવાળો ખાટલો ભરવા માટે પાટી ખેંચવા કાન્તિભાઈને બોલાવ્યા. ખાટલાની એક તરફ સ્વામીશ્રી પાટી ખેંચવા બેઠા અને બીજી બાજુ કાન્તિભાઈને બેસાડ્યા.

સ્વામીશ્રીએ કાન્તિભાઈને કહ્યું : 'તમે જ બરોબર જોર કરીને પાટી ખેંચજો, કારણ કે મારાથી વધારે જોર થઈ શકશે નહીં.'

કાન્તિભાઈ કહે : 'બાપા ! આપ ચિંતા કરશો નહિ, આપની આપેલી જ શક્તિ છે.'

પછી સ્વામીશ્રી તથા કાન્તિભાઈ સામસામે બેસીને પાટી ખેંચવા લાગ્યા. સ્વામીશ્રી પાટી ખેંચતા કહે : 'આ તો મોટાસ્વામી સમૈયામાં પધારે છે, તેથી તેમના સૂવા માટે ખાટલો તૈયાર કર્યો છે. વળી, ઘણા હરિભક્તો અહીં સમૈયામાં આવશે. તે બધાને માટે દાતણ, ચા, નાસ્તો, ઉકાળો વગેરે બધી તૈયારીઓ કરવી પડશે. તો તમે પણ સેવામાં જોડાઈ જાવ. આવી સેવાનો જોગ પછી મળશે નહીં. આવી સેવા તો મોટા મોટા દેવતાઓને પણ દુર્લભ છે.'

સ્વામીશ્રીની ભક્તિભાવના તથા ભક્તોની સેવાની દિવ્યભાવનાને જોઈને કાન્તિભાઈ સ્તબ્ધ જ બની ગયા !

સુહૃદભાવના મૂર્ત સ્વરૂપ

અહીં નવા સંત ધર્મજીવન સ્વામી પૂજારી તરીકે સેવા આપતા. એક દિવસ બપોરે ચારેક વાગ્યે ઠાકોરજીના થાળ માટે તેઓ પૂરી તળવા બેઠા. વચ્ચે કંઈક કામ આવતા ઊભા થયા તે ખબર ન રહી, તેમાં ઠેસ વાગતાં તેલનું આખું કડાયું ઊંધું વળી ગયું. ધર્મજીવન સ્વામી તો સ્તબ્ધ બની ઊભા રહી ગયા. 'કોઠારી વાસુદેવપ્રિય સ્વામીને ખબર પડશે તો ઘણું ટોકશે' – એ વિચારે ભય પેસી ગયો.

એવામાં જ વાસુદેવ સ્વામી આવી પહોંચ્યા. પરિસ્થિતિ જોઈને તેમનો પિત્તો ગયો. જવાબદાર વ્યક્તિ તરીકે અને મમત્વની દૃષ્ટિએ એમને કહેવાનો હક્ક હતો. તેઓ બે-ચાર વાક્યો ઊંચેથી બોલ્યા. એવામાં સ્વામીશ્રી ત્યાં આવી પહોંચ્યા. પળવારમાં પરિસ્થિતિ કળી ગયા ને હાથ જોડી વાસુદેવ સ્વામીને કહે : 'કોઠારી મહારાજ ! એ ભૂલ મારાથી થઈ છે. તેલ ઢોળાઈ ગયું છે. આ વખતે માફી આપો. હવેથી ધ્યાન રાખશું. આ નાના સાધુએ કાંઈ કર્યું નથી.'

વાસુદેવ સ્વામી શું બોલે ? છતાં બે શબ્દ સંભળાવ્યા કે ધ્યાન રાખવું જોઈએ ને ! થોડીવારે તેઓ જતા રહ્યા. સ્વામીશ્રી ધર્મજીવન સ્વામીને કહે :

'હાલો ગુરુ ! બધું કટ કટ સાફ કરી નાખીએ.'

જો કે તેમણે સ્વામીશ્રીને તે ન કરવા દીધું, પણ પોતાની ભૂલ ઢાંકી સ્વામીશ્રીએ માથે લઈ લીધી એ પ્રસંગ એમના જીવનો સંગાથી બની ગયો. સ્વામીશ્રી તો સુહૃદભાવના મૂર્ત સ્વરૂપ હતા.

અક્ષર મંદિરનાં અનેરાં આકર્ષણો

ગોંડલમાં સ્વામીશ્રીના પ્રેમપૂર્ણ આગ્રહને વશ હજારો હરિભક્તો શરદ પૂનમના સમૈયામાં આવતા. અમુક હરિભક્તોને સ્વામીશ્રી સમૈયામાં સેવા કરવા આવવા માટે પત્રો લખતા. પણ બહુધા તો અક્ષર મંદિરમાં બિરાજતા સ્વામીશ્રીનું ખેંચાણ જ એવું હતું કે બાઈ-ભાઈ હજારો ભક્તો ભાન ભૂલીને દોડી આવતાં. ટ્રેન-બસનાં ભાડાંની જોગવાઈ ન હોય તો ઊછીના-પાછીના કરીને પણ સૌના પગ ગોંડલ તરફ વળતા. અને હવે તો સ્વામીશ્રીએ યુવાનોને પણ ગોંડલનું ઘેલું લગાડ્યું. તેથી બાળકો, કિશોરો તથા યુવાનો સૌને મન દિવાળી અને ઉનાળાની રજાઓ ગાળવાનું સ્વામીશ્રીની હાજરીમાં ગોંડલ સિવાય કોઈ ઉત્તમ સ્થાન જ નહોતું.

અને અહીં આવ્યા પછી એક-બે નહિ, પાંચ-પચ્ચીસ નહિ, પણ બધાં જ – સેંકડો નાનાં-મોટાં, આધેડ-વૃદ્ધ, બાઈ-ભાઈ, જેમ કોઈ પ્રેમી પોતાની પ્રિયતમા પાછળ પાગલ બનીને ફરતો હોય તેમ સૌ સ્વામીશ્રીની પાછળ ગાંડાઘેલાં થઈને ફરતાં.

વહેલી સવારે ૪ વાગે હજુ બધે અંધારું જ અંધારું હોય ત્યારે સૌ નાહી-ધોઈ, પૂજા કરી, અક્ષર દેરીમાં આવી જાય. અક્ષર દેરીમાં સ્વામીશ્રીનાં સાંનિધ્યનો અને પૂજા-દર્શનનો લહાવો અલૌકિક હતો. સ્વામીશ્રી દેરીમાં પૂજા કરતા હોય, આરતી ઉતારતા હોય, મહાપૂજા કરતા હોય, મહાપૂજાની આરતી-પ્રદક્ષિણા કરતા હોય કે પછી વાતો કરતા હોય; પણ એ દર્શન સૌને દેહભાન ભુલાવી દેતાં. એકતાર બની સૌ સ્વામીશ્રી સામે જોઈ રહેતાં. સચ્ચિદાનંદ બ્રહ્મના શાશ્વત સુખના શાશ્વત આનંદમાં સૌ લીન થઈ જતાં. જાણે પૃથ્વી ઉપર અક્ષરધામના સુખનો મૂર્તિમાન અનુભવ !

શણગાર પછી સ્વામીશ્રીની આજ્ઞાથી સૌ હોંશે હોંશે સેવામાં લાગી જતાં. *'નીચી ટે'લ મળે તો માને ભાગ્ય જો...'* એ સેવાનો અદ્‌ભુત મહિમા સ્વામીશ્રી ઉપદેશતા. અને માહાત્મ્ય જ્ઞાને સહિત સેવા-ભક્તિનો આદર્શ મંદિરના ખૂણે

ખૂણે જોવા મળતો. કોઈ ચોક વાળે તો કોઈ વાસીદું કરે, કોઈ વાસણ ઊટકે તો કોઈ ચોકા સાફ કરે. કોઈ પાયખાનાં ધૂએ તો કોઈ ઉકરડા સાફ કરે. વય કે મર્યાદા, માન કે મોટપ, હોદ્દો કે સત્તાનું ભાન ભૂલી, બાપાને રાજી કરવાના તાનથી સૌ સેવામાં લાગી જતાં. શ્રમયજ્ઞનાં અહીં અદ્‌ભુત દર્શન થતાં.

બીજી બાજુ સભામંડપમાં કથાવાર્તાનો અખાડો ચાલતો હોય. અહીં પણ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સંતો તથા ભક્તો ગુણાતીત જ્ઞાન અને પ્રગટ સત્પુરુષના મહિમાની વાતોના ઝપાટા બોલાવતા હોય. આમ, આખો દિવસ સેવા-ભક્તિ અને જ્ઞાન-ભક્તિ સતત ચાલતાં હોય ત્યારે ગુણાતીત સંતના સામ્રાજ્યમાં કાળનું આવરણ ટળી જતું. સમયનો કોઈને ખ્યાલ ન રહેતો. દિવાળીના દિવસો ક્યાં પસાર થઈ જતા તે ખબર જ રહેતી નહિ. સૌ સ્વામીશ્રીના પ્રેમપાશમાં બંધાઈ જતા. કાળ, કર્મ, માયાનાં બંધનો અહીં છૂટી જતાં.

સ્વામીશ્રી પણ સૌ ભક્તોની સેવા-સરભરાની વ્યવસ્થાની પ્રેમથી પૂરી દરકાર લેતા. સવારમાં સૌને ગાંઠિયા અને બુંદીના લાડુ સાથે ચા-ઉકાળાની જોગવાઈ થતી. બપોરે પણ પાકી રસોઈ સ્વામીશ્રી હરિભક્તોને જાતે આગ્રહ કરી પીરસવા નીકળતા. સાંજે પણ પૂરું ભોજન. છતાં યુવકોને વારાફરતી ઉપવાસ કરવાનો લાભ મળતો જ.

આ વખતે ગોંડલમાં રસોડાની વ્યવસ્થામાં નારણભાઈ શેઠ હતા. જમાડવાનો તેમને ઇશક ખરેખરો, તેથી ભોજન-વ્યવસ્થા સૌને સંતોષકારક રહેતી. તે જ રીતે ઉતારા-પાગરણની વ્યવસ્થામાં જૂના હરિભક્ત ઝવેરકાકા, તેમની સાથે રાયસાહેબ, પુરુષોત્તમ ભગત, વીરમજી બાપુ તથા યુવકો મદદમાં રહેતા. ગોંડલ સ્ટેશને આવતી દરેક ટ્રેન ઉપર હરિભક્તોને લેવા સ્વામીશ્રી યુવકોને મોકલતા. ગાડાઓમાં સામાન ભરી, ધૂન-ભજન કરતાં સૌ મંદિરે આવતાં. કોઈ વૃદ્ધજન હોય તો યુવકો એમને આગ્રહ કરીને ગાડામાં સારી રીતે બેસાડી દે. સૌ પદયાત્રાનો આગ્રહ વિશેષ રાખતા.

આ વખતે મંદિરના ચોકમાં શરદ પૂર્ણિમાની શીતળ ચાંદનીમાં અક્ષર જન્મોત્સવની સભા સુંદર યોજાઈ. ઊંડ નદીમાં મહારાજ ભક્તો સાથે ચોફાળ ઉપર બેસી વિહાર કરે છે, તે વિશાળ ચિત્રપટની પિછવાઈ આગળ સિંહાસનમાં પટપ્રતિમાઓ ગોઠવી હતી. અજાગિયા સાહેબ તથા ચીમનલાલ શાસ્ત્રીનાં પ્રવચનો બાદ મોટાસ્વામીએ આરતી ઉતારી હતી.

સ્વામીશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં વાતો કરી :

'મહિમા સમજવાનું કારણ ભગવદીનો પ્રસંગ છે. આ ગોંડલ દેરીનો અદ્‌ભુત પ્રતાપ છે. શાસ્ત્રીજી મહારાજને આ ધામ ખૂબ પ્રિય હતું. સમૈયામાં જ્ઞાનામૃતનો લાભ લેવો. થાય તો સેવા કરવી, પણ અસેવા ન કરવી. મોહનો ક્ષય થાય તો મોક્ષ થાય. આવા સમૈયામાં મોહનો ક્ષય થાય છે અને અજ્ઞાન-રૂપી અંધારું જતું રહે છે. મોટા સંતનો સમાગમ થાય છે. આજ તો સમૈયામાં બધી વાતે સાનુકૂળ છે. પહેલાં તો સાધુઓને મારતા. રેલ વગેરેનું સાધન ન હતું. આજ તો સત્સંગની ભરજુવાની છે. આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ રાખવો. બ્રહ્મરૂપ થાવું. નિષ્કપટપણે વર્તવું. આ સમજાય તો લાભનો પાર નથી અને ન સમજાય તો ખોટનો પાર નથી.'

મોટાસ્વામી, નારાયણજી મહારાજનાં પ્રવચનો થયાં. ગોંડલ નરેશ વિક્રમસિંહજી અને રાજકુટુંબ દર્શને આવ્યાં. તેમનું બૅન્ડ-વાજાંથી સ્વાગત કર્યું.

ત્રીજી આરતી થઈ. હરમાનભાઈએ પ્રવચનમાં જણાવ્યું : 'યુવક મંડળોની પ્રવૃત્તિથી સત્સંગ ખૂબ વધે છે. યોગીજી મહારાજ અપૂર્વ શ્રમ લઈ આ કાર્ય કરી રહ્યા છે.' પૂજન વિધિ બાદ ચોથી આરતી થઈ. ખેંગારજીભાઈના પ્રવચન પછી સ્વામીશ્રીએ પાંચમી આરતી ઉતારી. સભાનું સંચાલન હરમાનભાઈ કરતા હતા. ભગવત્‌સિંહજી તથા દાજીબાપુ સભા-વ્યવસ્થા સંભાળતા હતા.

સમૈયાના આગલે દિવસે સ્વામીશ્રી કંઈક કામ અંગે કોઠારમાં પધાર્યા. સાથે કેટલાય હરિભક્તો પેસી ગયા. ત્યારે કોઠારી વાસુદેવ સ્વામીએ હસતાં હસતાં ગમ્મતમાં કહ્યું : 'જોગી ! બહાર જાવ. આ તમે અંદર આવ્યા તેથી આ બધી ગિરદી થઈ, તે અકળામણ થાય છે ને કાંઈ સૂઝતું નથી.'

એટલે સ્વામીશ્રી ખૂબ જ હસી પડ્યા અને તુરત બહાર નીકળવા લાગ્યા. પોતે એટલા સરળ કે કોઈ ક્ષોભ જ નહિ ! તે જોઈ વાસુદેવ સ્વામી હસતાં હસતાં કહે : 'અરે, જોગી ! પાછા વળો. હું તો એમ જ ગમ્મત કરું છું. આ તો તમારી પાછળ બધા ફરે છે, અમારી પાછળ કોઈ ફરે તેમ નથી.'

આ સમૈયામાં મુંબઈથી કેશવચંદ્ર અમીન પણ આવ્યા હતા. મે મહિનામાં ઑફિસના કામ અંગે તેઓ જમ્મુ-કાશ્મીર ગયા હતા. ત્યાંથી શ્રીનગર જતાં અકસ્માતમાં તેમની મોટર ખાડામાં પડી ગઈ. ડ્રાઇવરને, પોતાના મિત્રને અને પોતાને થોડું વાગ્યું, પણ તે વખતે બહુ રક્ષા થઈ. તેથી અક્ષર મંદિરે મહાપૂજા કરાવવી તેવો સંકલ્પ કર્યો હતો. તેથી તેઓ આ સમયે આવ્યા હતા.

સ્વામીશ્રીએ તેમને આવકાર્યા. ખબર-અંતર પૂછી, વિગત જાણી, દેરીએ

પ્રદક્ષિણા ફરવા કહ્યું. તેમના પિતા શંકરભાઈ સોલિસિટર દ્વારા તેમને સત્સંગનો વારસો. તેથી સંસ્કારી અને મુમુક્ષુ જીવ. તેમણે ભાવપૂર્વક માનતા પૂરી કરી. સ્વામીશ્રીનું પ્રેમાળ વ્યક્તિત્વ આટલા ટૂંકા સહવાસે તેમને વસી ગયું. આ પછી તેમને સત્સંગનો રંગ વધુ ને વધુ ચડતો ગયો.

એક દિવસ સ્વામીશ્રી રાત્રે ૧૦ વાગે મંદિરના સભામંડપમાં બેસીને પત્રો લખી રહ્યા હતા. સામે થોડા હરિભક્તો બેઠા હતા. નિયમ-ચેષ્ટા વખતે અર્જુનકાકાના પુત્ર ચંદુભાઈ તથા તેમના મિત્ર બાબુભાઈ મોહનલાલ પટેલ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા. સ્વામીશ્રીએ તેમને પાસે બોલાવ્યા ને જમવા તેમજ ઉતારાની પૂછપરછ કરી. તેમણે જમી લીધું હતું. સૂવાનું સભામંડપમાં જ જણાવ્યું. તેથી સ્વામીશ્રીએ પાસે ઊભેલા એક પાર્ષદ પાસે પાગરણ મંગાવ્યું ને જાતે જ પાથરવા લાગ્યા.

બંને મિત્રો આ જોઈ આભા જ બની ગયા. સ્વામીશ્રી ભક્તોનાં સુખની કેવી કાળજી રાખે છે અને કેવા નિર્માની છે, એમ વિચારતાં બંને મિત્રો સૂઈ ગયા.

વહેલી સવારે તેઓ સ્નાન વિધિ પતાવીને અક્ષર દેરીમાં ગયા. આજે તેમને જવાનું હતું. સ્વામીશ્રી અક્ષર દેરીમાં આરતી ઉતારવા પધાર્યા. સર્વત્ર દિવ્યતા પ્રસરી રહી હતી. જાણે અક્ષરધામ અવનિ પર આવ્યું હતું.

સ્વામીશ્રીએ આરતી ઉતારતાં છેલ્લી કડી *'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી...'* આવી ત્યારે બંને મિત્રોને પાસે બોલાવીને તેમના હાથમાં આરતી ઉતારવા આપી. એ પછી સ્વામીશ્રીએ તેમને ઉકાળો-નાસ્તો કરાવીને વિદાય કર્યા. આ બંને પ્રસંગો યુવાનોના જીવનનું ભાથું બની ગયા.

અક્ષર દેરીમાં સ્વામીશ્રી આરતી ઉતારતા હોય ત્યારે ઘણી વાર આજુબાજુ હરિભક્તો ઊભા હોય તેમને પણ આરતી ઉતારવા આપતા. આ અલૌકિક લાભ મળતાં, ભક્તોને સ્વામીશ્રીમાં અનેરું આકર્ષણ થતું. સ્વામીશ્રી સાથેની પળેપળ, તેમા પણ એમનો અગત સ્પર્શ તો પ્રત્યેકના જીવનમા અવિસ્મરણીય બની જતો ! એવી એ મૂર્તિની અલૌકિકતા હતી.

સોરઠમાં તીર્થદર્શન

આસો વદ ૩, સ્વામીશ્રી સંતમંડળ સાથે માણાવદર પધાર્યા.

અહીં મંદિરે દર્શન કરી, છગનભાઈને ત્યાં મહારાજની પ્રસાદીની વસ્તુઓનાં દર્શને પધાર્યા. મહારાજે જેતલપુર યજ્ઞમાં પહેરેલું પીતાંબર, ગાદીએ

બેઠા ત્યારે રામાનંદ સ્વામીએ ઓઢાડેલી ચાદર, પંચાળામાં રંગે રમ્યા તે પિચકારી, પત્ર લખ્યો તે નીચે મૂકવાની પાટી, ગુણાતીતાનંદ સ્વામીનાં ધોતિયાં વગેરે મહાપ્રસાદીની વસ્તુઓ હતી.

સ્વામીશ્રીએ એક ગાળેલા પાણીનો ઘડો મગાવ્યો. પ્રસાદીની વસ્તુનો થોડો થોડો ભાગ તેમાં બોળી, પ્રસાદી જળ સૌને ચરણામૃત તરીકે આપ્યું તથા સૌને માથે પણ જળ ચઢાવ્યું હતું. અને એ જળની ૧૨ શીશીઓ ભરીને ગોંડલ, રાજકોટ, અટલાદરા, વડોદરા, અમદાવાદ, ધર્મજ, ઝારોળા, ભાદરણ, બીલાડા અને મુંબઈ વગેરે ગામોના હરિભક્તો તથા યુવકોને આપી. પછી લક્ષ્મીવાડી તથા બીજાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં.

જૂનાં પ્રસાદીનાં તીર્થોમાં પ્રસાદી સ્થાનો તથા વસ્તુઓનાં દર્શન કરવાં તથા કરાવવાં સ્વામીશ્રીને મન એક લહાવો હતો. યુવકો તથા હરિભક્તોને હોંશે હોંશે તૈયાર કરતા. કંઈ પણ બાકી ન રહી જાય એ તકેદારી રાખતા. દરેક સ્થાનમાં બધાને એકઠા કરે. કોઈ આઘુંપાછું હોય તેને યાદ કરી, નજીક બોલાવે. પ્રસાદીની વિગતનો મહિમાનો લેખ અથ થી ઈતિ વંચાવે. દરેક વખતે આ રીતે વંચાવતા, પણ એમને તો એ શ્રવણ નિત્ય નવીન અને નવીન જ લાગતું. એવી અસાધારણ શ્રદ્ધા અને ભક્તિનાં દર્શન સ્વામીશ્રીમાં તે સમયે સૌને થતાં. સ્થળનો ઈતિહાસ જાણતા હોય તોપણ લેખ જરૂર વંચાવે. નવા-નવા યુવકો સાથે હોય તેને એ લેખ નોટબુકમાં લખી લેવાનું પણ કહે. દંડવત્ કરે, ધૂન કરે, શુભ સંકલ્પો કરે, પ્રસાદ વહેંચે. આમ, અલૌકિક સ્મૃતિ આપે. સ્વામીશ્રી જાણે શ્રીજીને પ્રત્યક્ષ હરતા-ફરતા જોતા હોય તેવા ભાવવિભોર જણાતા.

બે દિવસ પછી અહીંથી ગાડાં જોડી પીપલાણા દર્શને ગયા. મુંબઈના ભાવિક લાખોપતિ શેઠ ફત્નાની સ્વામીશ્રીના ખાસ આશીર્વાદ લેવા, મેઘપુર સ્ટેશને થઈ, ચાર માઈલ ચાલીને અહીં આવેલા. અહીંથી સંઘ સાથે સ્વામીશ્રી આખા પધાર્યા હતા. આ બધી તીર્થયાત્રાઓ અલૌકિક રહેતી. સ્વામીશ્રી ગાડામાં બિરાજ્યા હોય, નવયુવાનો ગાડાની આજુબાજુ ચાલતા હોય, બપોરના સમયે તડકો હોય તો એકાદ યુવકે ગાડામાં આગળ બેસી સ્વામીશ્રી ઉપર છત્રી ધરી રાખી હોય. યુવકો સમૂહમાં કીર્તન ગાતાં ગાતાં ચાલતા હોય અથવા 'સ્વામીની વાતો' મોઢે બોલતા હોય. એક કીર્તન પૂરું થાય અને સ્વામીશ્રી ઈશારો કરે એટલે યુવકો બીજું કીર્તન ઉપાડે. એ દર્શન, એ સ્મૃતિ, ચિરંતન બની રહેતાં.

આખાથી પાછા આવીને સૌએ સ્વામીશ્રી સાથે ઓઝત નદીમાં સ્નાન

કર્યું. સૌ યુવકો, ભક્તો સ્વામીશ્રી નજીક પહોંચી જતા. સ્વામીશ્રી પોતાને માથે જળ ચઢાવે, એવો અતિશય ઉમંગ દરેકને રહેતો. તે માટે પણ પડાપડી થતી. સ્વામીશ્રીના વરદ હસ્તે અભિષેકની એ પ્રસાદી, એ ક્ષણ દરેકને કૃતકૃત્યતાનો અનુભવ કરાવતી. એ આનંદ અવર્ણનીય રહેતો.

પીપલાણામાં દરેક પ્રસાદી સ્થળનાં દર્શન કરી, સાંજે ૬ વાગે ગાડાંઓમાં નીકળી, રાત્રે ૨ વાગે સૌ માણાવદર આવી પહોંચ્યા. પછી જૂનાગઢ કલ્યાણજીભાઈને ત્યાં પધાર્યા. દરેકે દરેક પ્રસાદી સ્થાનમાં દર્શન કર્યાં. અહીંથી ગોંડલ પધાર્યા. યુવકો તથા હરિભક્તોને આ યાત્રામાં અપાર સુખ આપ્યું.

આ અરસામાં સ્વામીશ્રીના પૂર્વાશ્રમના મોટાભાઈ ભક્તરાજ કમળશીભાઈ તથા નાનાભાઈ છગનભાઈએ પૂરી તપાસ કરી સત્સંગ-સમાજને જાણ કરી કે યોગીજી મહારાજની જન્મ તિથિ સંવત ૧૯૪૮, વૈશાખ વદ ૧૨ના શુભ દિને છે. હવે પછી સ્વામીશ્રીના જયંતીના ઉત્સવો આ સાચી તિથિએ ઊજવવા, એમ સર્વે મંડળોને સૂચના આપવામાં આવી હતી.

શરદ પૂર્ણિમાથી અન્નકૂટ સુધી ગોંડલમાં ઉત્સવનું વાતાવરણ રહેતું. આમ તો સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌને નિત્ય ઉત્સવ-આનંદનો અનુભવ થતો પણ દિવાળીનાં પર્વો નિમિત્તે હજારો ભક્તો આવ્યા હોય. સત્સંગ તથા સેવાનો અખાડો જામ્યો હોય. ઉત્સવપ્રિય સ્વામીશ્રી પણ પ્રસન્નતા પ્રસરાવતાં ચોતરફ મંદિરમાં ઘૂમતા હોય.

લક્ષ્મી-પૂજન તથા ચોપડા-પૂજન અક્ષર દેરીમાં થતાં. ગોંડલ, રાજકોટ તથા દૂર દૂરથી હરિભક્તો ખાસ ચોપડા લઈને પહોંચી જતા. અક્ષર દેરીમાં તે ગોઠવવામાં આવતા. મુહૂર્તના સમયે સ્વામીશ્રી પાઘ પહેરી દેરીમાં પધારતા. વેદોક્ત વિધિથી ચોપડાઓનું પૂજન કરતા. સૌનાં ધંધા-રોજગાર, વેપાર-પાણી સારાં થાય, બધાં સુખી થાય, વર્ષ સારું જાય, આવી અનેક શુભભાવના સાથે સ્વામીશ્રી દરેકને આશીર્વાદ આપતા. એટલું જ નહિ, પણ દરેકના ચોપડામાં લાલ ખીત્તાથી જાતે સહી કરતા. સેંકડો ચોપડા હોય તેમાં સ્વામીશ્રી જાતે મતું મારી આપતા. જેમાં ઓછામાં ઓછા દોઢ-બે કલાક નીકળી જતા. ભક્તોને રાજી કરવા સ્વામીશ્રી રાજી થકા આ કાર્ય કરતા. વેપાર-ધંધામાં આ રીતે સ્વામીશ્રીના હસ્તાક્ષર-આશીર્વાદ મેળવી સૌના આનંદનો પાર રહેતો નહિ. અંતરમાં ખાતરી થતી કે આ વર્ષ બહુ સારું જશે. ધંધામાં ઘણી બરકત રહેશે.

દર વર્ષની જેમ આજે પણ સ્વામીશ્રી રાજકોટ જવા તૈયાર થયા. પાઘ

પહેરી સ્વામીશ્રી પૂજારી સ્વામીના રૂમ તરફ લીંબડા પાસે યુવકો વાસણ ઊટકી રહ્યા હતા, ત્યાં પધાર્યા. અને યુવકોને સેવા કરતા જોઈ રાજી થયા. પછી એક થાળી ઉપાડી. તપાસીને જોયું તો તેમાં જરા ચીકાશ લાગી. તેથી તરત જ કહે : 'આમ ન ઊટકાય. આમાં ઠાકોરજી જમે.'

'બાપા ! આ તો હરિભક્તો માટે છે.' એક યુવકે કહ્યું.

'તે એમાં ઠાકોરજી નથી ? હરિભક્તોમાં રહીનેય મહારાજ-સ્વામી જમે છે. માટે ચોખ્ખાં ચાંદી જેવાં થવાં જોઈએ. જુઓ આમ...' એમ કહેતાં સ્વામીશ્રી માથે પાઘ, ખભે શાલ ને પગરખાં સહિત નીચે બેસી ગયા. યુવકો 'હાં હાં... રહેવા દો...' એમ કરતા રહ્યા અને સ્વામીશ્રીએ બે-ત્રણ વાટકા ઊટકી નાખ્યા ! એવી ઝડપ છતાં એવી ચોકસાઈ અને ચોખ્ખાઈ કે યુવકો વિસ્મિત થઈ ગયા.

સેવાના પાઠ સ્વામીશ્રી વાતો દ્વારા જ નહીં, વર્તન દ્વારા પણ આપી દેતા.

થોડીવારે હાથ ધોઈ સ્વામીશ્રી રાજકોટ તરફ વિદાય થયા.

અન્નકૂટ પછી આજુબાજુનાં ગામડાંઓમાં સ્વામીશ્રી જાતે પ્રસાદ વિતરણ કરવા નીકળતા. નાની એવી ગાડીમાં પ્રસાદના ટોપલા ચડાવ્યા હોય. સ્વામીશ્રી સાથે બાલમુકુંદ સ્વામી તથા એક ભગત હોય. દાજી બાપુ, એકાદ યુવક અને ડ્રાઈવર. કારતક બેસી ગયો તેથી ઠંડી શરૂ થઈ ગઈ હોય. વહેલી સવારે અંધારામાં સ્વામીશ્રી ગામબહાર નદી-નાળામાં નાહવા જાય. પછી પૂજાપાઠ-ઉકાળા કરી ગામના હરિમંદિરમાં બેઠા હોય. સવારે યુવકોને હરિભક્તો સાથે ઘેર ઘેર મોકલે. એક એક અડાળી (રકાબી) અન્નકૂટનો પ્રસાદ ઘરે ઘરે પહોંચાડવાનો. બપોરે ઠાકોરજી જમાડી સાંજે બીજે ગામ. ક્યારેક પસ્તીના કાગળ મગાવી, સ્વામીશ્રી નાનાં-નાનાં પડીકાં વળાવે. જાતે બેસી જાય. ખૂબ ઝડપથી વાળે. ઉપર સૂતરનો દોરો વીંટાવે. સાંજે આરતી ટાણે છોકરાઓ મંદિરમાં ભેળા થાય. તેમને બધાને બેસાડી, *'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ'* ધૂન બોલાવરાવે. પછી બધાંને અન્નકૂટની પ્રસાદી વહેંચે. આમ, ચાર-પાંચ દિવસમાં આજુબાજુનાં ખાસ ખાસ ૧૦ થી ૧૨ ગામડાંઓમાં ફરી, સ્વામીશ્રી ગોંડલ આવી જતા. પછી એકાદશીએ અમદાવાદ જતા.

આ વખતે સ્વામીશ્રી પ્રથમ ઘોઘાવદર પધાર્યા. અહીં પધારે ત્યારે નદી કિનારે આવેલા શિવજીના દેરે અવશ્ય દર્શને જાય. આ દેરીએ ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મરૂપ થવાનાં પાંચ વચનામૃત સમજાવ્યાં હતાં. આ પ્રસાદી સ્થાને આવ્યા હોય ત્યારે સ્વામીશ્રી વધુ સમય શિવજીના દેરામાં ગાળે. પાસેની

નદીમાં ઘણી વાર સ્નાન પણ કરે.

આ વખતે સ્વામીશ્રી શૌચ જઈ રહ્યા હતા. ઘણે દૂર કોઈ સ્ત્રી પસાર થતી હતી. તેથી સ્વામીશ્રી એકદમ હાંફતાં-હાંફતાં પાછા આવ્યા અને ગભરાયેલા ચહેરે કહે : 'કોઈ ધ્યાન રાખતું નથી, ડોશી આવી જાય છે !' પછી ફરી વાર ગયા અને સ્નાન વિધિ બાદ ઉતારે પધાર્યા.

અલ્પ વચનના પાલનમાંયે કેટલો ખટકો !

પછી રામોદ, મોવૈયા, દેવચડી, શિવરાજગઢ, માંડવા વગેરે ગામો ફરી સ્વામીશ્રી ગોંડલ આવી, ફરી ગણોદ, ઉપલેટા, વરજાંગ જાળિયા અને ધોરાજી થઈ ગોંડલ પધાર્યા.

ગોંડલમાં આ વખતે મુંબઈ, આણંદ, ધર્મજ, કરમસદ, વીરસદ, ઝારોળા વગેરે ગામોના યુવકો ભેગા થયેલા. સ્વામીશ્રી બધાને સેવા-સમાગમનો લાભ સારો આપતા. વહેલી સવારે ૪ વાગે અને મોડી રાત્રે ૧૧ પછી પાસે બેસાડી ગોષ્ઠિમાં પોતાની અનુભૂતિ વાણીરૂપે સંભળાવતા-સમજાવતા. દરેક યુવકની વ્યક્તિગત સંભાળ લેતા અને સુખ આપતા. દરેકને એવું જ લાગે કે સ્વામીશ્રી મારા ઉપર ખરેખરા રાજી છે. સૌનાં ગજાં પ્રમાણે સૌને સુખ આપવાની એમનામાં અદ્ભુત કળા અને શક્તિ હતાં. સૌનાં મનની તાસીર જાણી, તેને સર્વ પ્રકારે રાજી કરવાની એમનામાં અસાધારણ ક્ષમતા હતી. પૃથ્વી ઉપરનો કોઈપણ માણસ આવે અને સ્વામીશ્રી પાસેથી હસતે હૈયે ન જાય એ બને જ નહિ. પ્રેમના અખૂટ ભંડાર એમની પાસે હતા. જે સૌનાં પાત્ર છલકાઈ જાય ત્યાં સુધી સ્વામીશ્રી ભરી આપતા.

'વચનામૃત'ની સુંદર પ્રતનું ઉદ્ઘાટન

એકાદશીએ અમદાવાદ પધાર્યા. મોટા મંદિરે દર્શન કરી, મિસ્ત્રીને મેડે સભા થઈ. આ પ્રસંગે સંસ્થાએ 'સસ્તું સાહિત્ય' સાથે રહીને સૌ પ્રથમ વાર પ્રગટ કરેલા સુંદર વચનામૃત ગ્રંથનું ઉદ્ઘાટન સ્વામીશ્રીએ કર્યું અને પ્રથમ ગ્રંથ ઉપર હસ્તાક્ષર કરી આપ્યા. સ્વામીશ્રી અનેક વાર હરિભક્તોને આજ્ઞા કરતા કે 'વચનામૃત' અને 'સ્વામીની વાતું'ના ચોપડા ઘરે ઘરે હોવા જોઈએ.' આ અંગેના એમના ખાસ આગ્રહથી પ્રેરણા મેળવી, હરમાનભાઈએ સારામાં સારી રીતે વચનામૃત છપાવી, હરિભક્તોને ઉપલબ્ધ કરવા પ્રયત્ન કર્યો. અત્યાર સુધી જૂની પ્રતો બાળબોધ લિપિમાં મળતી હતી, પણ સામાન્ય માણસને તથા વૃદ્ધોને

માટે એ એટલી સુવાચ્ય નહોતી. હરમાનભાઈએ સસ્તા સાહિત્ય સાથે સંપર્ક સાધી, ગુજરાતી મોટા ટાઈપમાં વચનામૃત છપાવવાનું નક્કી કર્યું. સંપાદક સદ્‌ગુરુઓએ આપેલાં વચનામૃતનાં શીર્ષક તથા દરેક વચનામૃતમાં મુદ્દાનાં વાક્યો બોલ્ડમાં છાપીને સમગ્ર સંપ્રદાયમાં પ્રથમ વાર જ સુંદર વચનામૃતો છપાયાં. સાથે દાદાના દરબારમાં શ્રીજી વચનામૃત સંભળાવે છે અને સદ્‌ગુરુઓ સાંભળે છે એવી સુંદર છબી પણ મૂકી. હરમાનભાઈની મહેનત અને આવી સુંદર પ્રતથી પ્રસન્ન થઈ સ્વામીશ્રીએ હરિભક્તોને આજ્ઞા કરી કે દરેકે આ પ્રત વસાવવી. અને ટપોટપ પુસ્તકો ઊપડવા લાગ્યાં.

બોચાસણમાં કાર્તિક પૂર્ણિમાનો સમૈયો સારો યોજાયો. કોઠારી શ્રીજીસ્વરૂપદાસ બીમાર હતા. તેથી કોઠારી ભક્તિજીવનદાસે સમૈયાની બધી વ્યવસ્થા ગોઠવી હતી. પ્રમુખસ્વામી બે દિવસ અગાઉ આવી સૌને માર્ગદર્શન આપતા હતા. સ્વામીશ્રીના પ્રેમ અને સતત પ્રયત્નથી હવે ગામોગામ યુવક મંડળો શરૂ થઈ ગયાં હતાં. અને સમૈયામાં યુવક મંડળોનો ધસારો સારો રહેતો. તેમજ યુવકો સમૈયાની વિવિધ સેવાઓમાં પણ સ્વામીશ્રીને રાજી કરવા જોડાઈ જતા.

બોચાસણ ગામના જ બહાદુરસિંહ તથા શનાભાઈ ઉતારા-પાગરણની વ્યવસ્થામાં હતા, તો રાવજીભાઈ વગેરે યુવકો ચા-પાણી તથા પીરસવાની વ્યવસ્થામાં હતા. ગોવિંદ સ્વામી કોઠાર તથા ભંડાર સંભાળતા. ઈશ્વર ભગત તથા કેશવ ભગત સૌને પ્રસાદ આપતા. આ સઘળી વ્યવસ્થા સુંદર ગોઠવાઈ હતી.

સમૈયાની આગલી રાત્રે વસો, ભાદરણ તથા ઝારોળાની ભજન-મંડળીઓએ ભજન કર્યું. પૂર્ણિમાની સભામાં હરમાનભાઈએ નવાં તૈયાર કરેલાં વચનામૃતોની જાહેરાત કરવામાં આવી.

સમૈયામાં વિશેષતા એ હતી કે હરિભક્તોમાં અરસપરસ અત્યંત પ્રેમ, સુહૃદભાવ, એકાત્મભાવ તથા સેવાવૃત્તિથી ઘણી જ દિવ્યતા જણાતી હતી.

શાસ્ત્રીજી મહારાજે શ્રીજીસ્વરૂપદાસજીને ફરીથી દીક્ષા આપી ત્યારે મોટા ભાગના સંતો-હરિભક્તોએ ના કહેલી, પરંતુ શાસ્ત્રીજી મહારાજે અપાર કરુણા વરસાવી અને તેમને ક્ષમા આપી હતી.

એ પછી શ્રીજીસ્વરૂપદાસજીને એમ લાગતું કે મારી કોઈ ખાસ ખબર રાખતું નથી. પણ સ્વામીશ્રી જ્યારે જ્યારે બોચાસણ પધારે, ત્યારે તેમને ધોતિયાં આપે અને તેમને જોઈતી ચીજ-વસ્તુ મગાવી આપે.

એક વાર મોહનભાઈ મિસ્ત્રીને તેમણે કહ્યું : 'જોગી મહારાજ જેવા કોઈ

મહાન સંત નથી. મને તેઓ જોઈતી બધી ચીજ-વસ્તુઓ મગાવી આપે અને બહુ સાચવે છે. આવા અજાતશત્રુ સંત ક્યાંય ન મળે. દુર્વાસા ઋષિએ ગમે તેમ કર્યું પણ અંબરીષ રાજાને ભાવફેર ન થયો. આજે એવા નિર્દોષબુદ્ધિવાળા સંત યોગી મહારાજ છે.' આવો અપરંપાર મહિમા કહેતાં શ્રીજીસ્વરૂપદાસજીની આંખો સજળ બની ગઈ.

બોચાસણથી કરમસદ થઈ દાવોલમાં અંબાલાલભાઈ વગેરે ભક્તોને લાભ આપી, બોરસદ થઈ વાસણામાં ભક્તોને ઘેર ઘેર પધરામણી કરી.

પધરામણીમાં એક હાઈસ્કૂલના પ્રિન્સિપાલ સ્વામીશ્રીને તેમના ઘરે લઈ ગયા અને ભેટમાં ફક્ત સવા આનો મૂક્યો. સાથે આવેલા હરિભક્તોને મનમાં થયું કે આટલે દૂર સુધી સ્વામીશ્રીને પધરામણીમાં બોલાવી, ફક્ત સવા આનો જ ભેટ મૂકે તે ઠીક ન કહેવાય. જો કે સ્વામીશ્રીને તો આ વાતની ખબર જ ન હતી. પછી તરત કળી ગયા, ત્યારે પ્રેમથી હસી પડ્યા. પેલા હરિભક્તની મુશ્કેલી અને પેલા હરિભક્તની ભાવના બંને સ્વામીશ્રી સમજી ગયા, પણ કોઈ જ વિપરીત પ્રતિભાવ નહીં ! આટલી બધી પધરામણી થઈ પણ થાકની કોઈ નિશાની ચહેરા ઉપર જણાવા દીધી નહિ. સ્વામીશ્રીએ પ્રિન્સિપાલ સાહેબને ખૂબ ખૂબ આશીર્વાદ આપી વિદાય લીધી.

સ્વામીશ્રી તથા સંતોએ કથાવાર્તા કરી સૌને આનંદ કરાવ્યો. કાશીભાઈ, શંકરભાઈ, ઈશ્વરભાઈ, ભાઈલાલભાઈ વગેરેનો ઉત્સાહ ખૂબ હતો.

તમારું કલ્યાણ થઈ ચૂક્યું છે

તા. ૧૯-૧૧-'૫૪, સ્વામીશ્રી ઝારોળા પધાર્યા. અહીં કથા પ્રસંગે ધર્મજના હરિભાઈ પુરુષોત્તમભાઈએ પ્રશ્ન પૂછ્યો 'પ્રથમના ૧૬મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અંત સમયે સ્વામિનારાયણનું નામ લેવાથી અક્ષરધામ પમાય. લોયાના ૭મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે અનુભવસિદ્ધ જ્ઞાન થાય ત્યારે કલ્યાણ થાય. જ્યારે અન્ય વચનામૃતોમાં આશરાથી કલ્યાણ થાય એમ લખ્યું. વળી, કોઈ વચનામૃતમાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કરવાથી એકાંતિક ધર્મ પામી મોક્ષ સિદ્ધ થાય એમ લખ્યું છે. તો આથી ગૂંચવાડો થાય છે, તો કેમ સમજવું ?

આ સવાલ સાંભળીને સ્વામીશ્રી મંદ મંદ હસતાં કહે : 'આપણને તો શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાયા છે તેથી કલ્યાણ થઈ જ

ગયું છે. અને એમાં બધું જ આવી જાય છે. માટે ચિંતા કરશો નહીં અને તમારું કલ્યાણ થઈ ચૂક્યું છે એમ માનજો.'

સ્વામીશ્રીએ કલ્યાણનો સરળ અને સીધો માર્ગ બતાવ્યો. સત્પુરુષ મોક્ષનો ધોરી માર્ગ છે. તે વાતની તેમને પ્રતીતિ આવી.

બારૈયા ભક્તને પ્રેમદાન

ભાદરણ ગામથી એક માઈલ દૂર એક જંગી વડ છે. ત્યાં ઘણાં વર્ષોથી બારૈયા જ્ઞાતિનો જેઠા નામનો એક પરબવાળો ઝૂંપડી બાંધી રહેતો હતો. ગામના પટેલોએ આજીવિકા માટે તેને એક નાનું ખેતર આપેલું.

તે ઝારોળાથી ભાદરણ ભણવા આવતા વિદ્યાર્થીઓને, વટેમાર્ગુઓને તથા આજુબાજુનાં ખેતરોના ખેડૂતોને ઉનાળાના તાપમાં ઠંડું પાણી પાવાની સેવા કરતો.

પૂર્વના બલિષ્ઠ સંસ્કાર કહો કે તેની સેવાના પુણ્યપ્રતાપે કહો, પરંતુ એક વખત જેઠાને ભાદરણમાં સ્વામીશ્રીનાં દર્શન થઈ ગયાં. જેઠો દિલનો ભોળો હતો. તેણે સ્વામીશ્રીને પોતાની ઝૂંપડી પાવન કરવા માટે પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ કોલ આપ્યો : 'જાવ જેઠાભાઈ ! અમે તમારી ઝૂંપડીમાં આવીશું.'

એ વાતને એક-બે વરસ થઈ ગયાં. આ વખતે સ્વામીશ્રી બોચાસણથી ઝારોળા પધારેલા અને ત્યાંથી બળદગાડામાં ભાદરણ જવા નીકળ્યા. ત્યારે કાચા રસ્તા, ધૂળની ડમરિયો ઊડે. વળી, સ્વામીશ્રીને ગાડામાં બેસે એટલે પિચોટી ખસી જતી. સ્વામીશ્રીને ગાડાની મુસાફરી બિલકુલ અનુકૂળ ન હતી છતાં બીજાં કોઈ વાહનો નહિ હોવાને કારણે સ્વામીશ્રી ગાડામાં જવા નીકળ્યા. સખત તાપ હોય, કડકડતી ઠંડી હોય કે મૂશળધાર વરસાદ હોય, સ્વામીશ્રીનું વિચરણ કાયમ ચાલું જ રહેતું.

સ્વામીશ્રીએ માર્ગમાં અચાનક ગાડું અટકાવ્યું અને કહે : 'અમારે લઘુ કરવા માટે ઊતરવું છે.' એમ કહીને સ્વામીશ્રી નીચે ઊતર્યા અને લઘુ કરીને હાથ ધોયા. પછી બોલ્યા : 'આ જગ્યા બહુ સારી છે. પાસે નાનું તળાવ છે.' એમ જાણી જોઈને સ્વામીશ્રી સમય પસાર કરી રહ્યા હતા. સાથે આવેલા સંતો તથા ઝારોળાના રમણભાઈ ડી. પટેલ વગેરે યુવકો ભાદરણ પહોંચી જવા ઉતાવળા થતા હતા.

એવામાં જેઠાને ખબર પડી, કોઈ સંત આવ્યા છે. તે દોડતો આવ્યો. જોયું તો સ્વામીશ્રી ! તે તો હર્ષઘેલો થઈ ગયો. રામાયણે આલેખેલા શબરીના પ્રસંગનું

જાણે પુનરાવર્તન થયું ! ભાવવિભોર થયેલા આ ગરીબ ભક્તનો હર્ષ સમાતો ન હતો. તેણે કાલીઘેલી બોલીમાં આવકારી સ્વામીશ્રીને પોતાની ઝૂંપડીમાં પધરાવ્યા. સ્વામીશ્રીને મન કોણ ગરીબ ને કોણ તવંગર ! આ ઝૂંપડીમાં ભર-બપોરે પણ અંધારું હતું. તેથી ફાનસ પેટાવ્યું. સ્વામીશ્રી જાણે રાજમહેલમાં બેઠા હોય તેમ જેઠાના ખખડધજ આવાસમાં બેસી આનંદ માણી રહ્યા હતા.

જેઠાએ સ્વામીશ્રીને એક શ્રીફળ, સાકરનો પડો તથા બે આના ભેટ ધર્યા ને બોલ્યો : 'મારી અલ્પ ભેટ સ્વીકારજો અને મને આપની પાસે કાયમ રાખજો.'

સ્વામીશ્રી બોલ્યા : 'જેઠાભાઈ ! અમે આજે તમારો સંકલ્પ પૂરો કર્યો. હવે શ્રીજીમહારાજ તમને ધામમાં લેવા માટે આવશે. ભોળાના ભગવાન છે. તે બે વર્ષે મહારાજ તમને તેડી જશે.'

બરાબર બે વર્ષે ગરીબનિવાજ સ્વામીશ્રી જાતે જ દિવ્ય સ્વરૂપે પધાર્યા ને જેઠાને દિવ્ય તનુ આપીને અક્ષરધામમાં લઈ ગયા.

મોટેરાની યાત્રા

ગુરુવાર, તા. ૨-૧૨-'૫૪, સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે અમદાવાદથી કાળીગામ(અક્ષર પુરી) પધાર્યા. રામજી મંદિરમાં સૌનો ઉતારો હતો. અંબાલાલભાઈએ ગ્રામ્યભાષામાં સત્સંગ અને સત્પુરુષના મહિમાની વાતો કરી, સૌને આનંદ પમાડ્યા. મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે સૌ ખટારામાં બેસી ૧૨ વાગે મોટેરા પધાર્યા હતા. મંદિરમાં દર્શન કરી, ઓશરીમાં એક કલાક કથાવાર્તા કરી. સૌ પ્રસાદીના મહાદેવે ગયા, જ્યાં શ્રીજીમહારાજ પધારેલા. અહીં નદીમાં સૌએ સ્નાન કરી, મોટેરાથી સાથે આવેલા મગન પગીને વાતો કરી. બધી કુટેવો છોડાવી સ્વામીશ્રીએ વર્તમાન ધરાવ્યાં. નદીમાં સ્નાન કરાવ્યું તથા નદીને દંડવત્ કરવાની સ્વામીશ્રીએ તેને આજ્ઞા કરી. પછી કહે : 'ઘણાં વર્ષોનો મોટેરા દર્શન કરવાનો અમારો સંકલ્પ આજે પૂરો થયો.'

કાળીમાં રાત્રે ૧૨ સુધી કથાવાર્તા થઈ. રણછોડભાઈ મુખી, શંકરભાઈ, શામળકાકા, નાથાભાઈ વગેરે ભક્તોએ સારી સેવા કરી.

શનિવારે અડાલજ જવા નીકળ્યા. રસ્તામાં ચાંદખેડા ગામમાં મંદિરમાં પધરામણી કરી. હરિભક્તોને કથાવાર્તા કરી. હરમાનભાઈએ સૌને સત્સંગનો મહિમા સમજાવ્યો. અડાલજ આવી, સ્વામીશ્રીએ શૌચ જઈ આવી સ્થાનના

ઈતિહાસનો લેખ વંચાવ્યો. અને કહે : 'આ વાવનું પાણી મહારાજના વખતનું છે, માટે સૌએ સ્નાન કરવું જોઈએ.' એમ કહી પોતે નાહ્યા અને સૌ ભક્તોને પણ નવડાવ્યા. મોતીભાઈ વાજતે-ગાજતે મંદિરે લઈ ગયા. બપોરનો સમય હતો તેથી દર્શન થયાં નહિ. સ્વામીશ્રીએ હરિભક્તોને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમારા ગામમાં આવ્યા અને તમે ખરો લાભ લઈ લીધો. આ તો વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવા જેવું થયું.' તેમના દીકરાઓને પણ સત્સંગ રાખવા અને સંતોની સેવા કરવા સમજાવ્યું.

અહીંથી પાછા કાળી પધાર્યા. રાત્રે ૧૨ સુધી કથાવાર્તા થઈ. બીજે દિવસે સાબરમતીમાં ડૉ. મધુભાઈ વગેરે ભક્તોએ લાભ લીધો. આજે રવિવાર હોવાથી સાંજે શાહીબાગ મંદિરે પધારી સૌને કથાવાર્તાનો લાભ આપ્યો.

માગશર વદ પડવાથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઘેલાના કાંઠે, ગઢપુર મંદિરમાં, રંગમંડપમાં પ્રમુખસ્વામીએ પારાયણનો પ્રારંભ કર્યો. વચ્ચે મોટા-સ્વામી પણ લાભ આપતા. રાત્રે સ્વામીશ્રી વચનામૃત વંચાવી, વાતો કરતા. વચ્ચે એક દિવસ દરેડ જઈ કુંવર સાહેબને નિશાળે બેસાડવાના હતા તે નિમિત્તે આશીર્વાદ આપી, પાછા ગઢપુર પધાર્યા. આજુબાજુનાં ગામોના હરિભક્તોએ સારો લાભ લીધો. એક દિવસ ગઢાળીની નિશાળના વિદ્યાર્થીઓએ સારો લાભ લીધો. સ્વામીશ્રીએ અહીં યુવક મંડળની સ્થાપના કરી અને વૈદ્ય ધીરજલાલ આણંદજીને પ્રમુખ બનાવ્યા. ગુરુવારે સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. કોઠારી હરિજીવનદાસ, દેવપ્રસાદ સ્વામી તથા સંતો, હરિભાઈ મિસ્ત્રી, મહેતાજી નાનુભાઈ વગેરે મંડળે સારી સેવા કરી.

અહીંથી સ્વામીશ્રી આંબરડી, ઘેલા સોમનાથ, ગઢડા, સારંગપુર થઈ ઝમરાળા પધાર્યા. કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રીએ વાત કરી : 'જેને જેનો આશરો તેને તેની લાજ.' પથ્થરનું નાવ હોય ને તેમાં જો બેસીએ તો તળિયે લઈ જાય, અને જો લાકડાનું નાવ હોય ને તેમાં જો બેસીએ તો કાંઠે લઈ જાય. આ તો દૃષ્ટાંત, તેનો સિદ્ધાંત શું ? સાચા સત્પુરુષને શોધીને તથા ઓળખીને તેમાં જીવ બાંધવો. સંસારરૂપી સાગર તરવો હોય તો લાકડાના નાવરૂપી સાચા સત્પુરુષને પકડવા.'

'આપણે તો શ્રીજીના દાસ !'

ઝાલાવાડનાં આ વિચરણમાં હરિભક્તોનો અપાર ઉત્સાહ જોઈને સાથે

ફરનારા યુવકોને સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજાતો.

એક દિવસ એકાદશી હતી. બપોરે યુવકો આરામની તૈયારી કરતા હતા. ત્યાં સ્વામીશ્રી આવ્યા અને યુવકોને કહ્યું : 'આજે સૂઈ જઈએ તો ઉપવાસનું ફળ ન મળે.'

યુવકો બેઠા થઈ ગયા અને કહે : 'બાપા ! અમે નહીં સૂઈએ. પણ આપે સવારે ૮-૦૦ વાગ્યાથી બપોરના ૧-૦૦ વાગ્યા સુધી સતત પધરામણીઓ કરી છે. માટે આપ સૂઈ જાવ એવી પ્રાર્થના છે.' એમ કહી યુવકોએ સ્વામીશ્રીની પથારી પાથરી દીધી. સ્વામીશ્રી પથારીમાં બેઠા. સર્વે યુવકો આસપાસ બેસી ગયા અને સ્વામીશ્રીનું શરીર દાબવા લાગ્યા.

પછી સ્વામીશ્રી કહે : 'પ્રશ્ન પૂછો.' એટલે વિઠ્ઠલભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આટલા વખતથી હું આપની સાથે ફરું છું, તો શ્રીજીમહારાજના સ્વભાવનું જે વર્ણન છે, તે આપનામાં મળતું આવે છે. તો આપ અને શ્રીજીમહારાજમાં ઘણું સામ્ય જણાય છે. તો ફેર ક્યાં છે તે જણાવો ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એક રતિ બીન એક રતિકો ! આપણે શ્રીજીમહારાજના દાસ કહેવાઈએ. 'સત્પુરુષમાં મહારાજ અખંડ રહ્યા છે' એમ કહેવાય, પણ બીજું કાંઈ ન બોલવું.'

પછી સ્વામીશ્રીએ એકાદશીને દિવસે પોતાના દિવ્ય સંબંધનું અલૌકિક સુખ આપીને શ્રીજીમહારાજનો અલૌકિક મહિમા કહ્યો.

અહીંથી સમઢિયાળા, બરવાળા થઈ નાવડા પધાર્યા. શિવાભાઈ, કાનભાઈ વગેરે ભક્તોએ લાભ લીધો. પછી ધોલેરા ગયા.

અહીં પ્રસાદી સ્થાનનાં દર્શન કર્યાં. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના સમાધિ સ્થળે દર્શન કરતાં સ્વામીશ્રી ભાવમાં આવી ગયા અને ધોલેરા મંદિરના કોઠારી હરિપ્રસાદ સ્વામીને કહે : 'અહીં આરસની દેરી હોવી જોઈએ. તમે અમને રજા આપો તો અમે આરસની દેરી બનાવી દઈએ.'

ત્યારે તેમણે કહ્યું : 'એમાં મારાથી રજા ન અપાય, કેમ કે તેમાં મારું ન ચાલે.' પરંતુ તેમને સ્વામીશ્રીની ઉદાર ભાવના ખૂબ સ્પર્શી ગઈ.

પછી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. કોઠારી સ્વામીએ સ્વામીશ્રીને વધુ રોકાવા ઘણો આગ્રહ કર્યો, પરંતુ કાર્યક્રમ નક્કી હોવાને કારણે સ્વામીશ્રીને જવું પડે તેમ હતું. તેથી મંદિરમાં હરિભક્તો પાસે ઘણી સારી સેવા કરાવી કોઠારીને રાજી કરી, સ્વામીશ્રી રોહીશાળા પધાર્યા.

જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે

સ્વામીશ્રી તથા સંતો જૂના મંદિરમાં ઊતર્યા હતા. મંદિરમાં કોઈ સંત ન હતા. સ્વામીશ્રીએ કથાવાર્તા કરી સૌ હરિભક્તોને બ્રહ્માનંદ કરાવ્યો. અને ગામમાં ઘણાં ઘરે પધરામણીઓ થઈ. પણ એક દ્વેષીએ ગઢડા સમાચાર આપ્યા કે અહીં બંડિયા આવ્યા છે.

જો કે સ્વામીશ્રી તો અહીં એક દિવસ રોકાઈને સારંગપુર જતા રહ્યા હતા. પરંતુ સમાચાર મળતાં જ ગઢડાથી ગદાધરાનંદ સ્વામી રોહીશાળા આવ્યા અને હરિભક્તોને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા : 'બંડિયાની લાળ અડી ગઈ છે તે હડકાયા કૂતરાની લાળ બરાબર છે. તે તમે સર્વે ભ્રષ્ટ થઈ ગયા. અને એક ભવમાં બે ધણી કર્યા. હવે આવે તો કોઈએ જવું નહીં ને તેનો ટાંટિયો ભાંગી નાખવો.' આવો વિરોધ અને દ્વેષ જોઈ હરિભક્તો બહુ નારાજ થયા અને પોતપોતાના ઘરે ચાલ્યા ગયા.

એ પછી ચાર-પાંચ દિવસે ગદાધરાનંદ સ્વામી મંદિરેથી નીચે ઊતરતાં પડી ગયા અને સાથળનું હાડકું ભાંગ્યું. તેમને સાથ આપનારનો પગ પણ ભાગ્યો. સૂરજ સામે ધૂળ ઉડાડનારની આંખમાં જ ધૂળ પડી. ત્યારબાદ સ્વામીશ્રી તેમને મળવા ગઢડા ગયા હતા.

મુંબઈથી દ્વારકાદાસ મોરારકા ગોંડલ, ગઢડા, સારંગપુર દર્શને આવવાના હતા, તેથી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. મારવાડી શેઠિયાઓને ગોંડલ, ગઢડા, સારંગપુર ત્રણેય ધામની યાત્રા સારી રીતે કરાવી, ફરી પાછા સ્વામીશ્રી લાખિયાણી થઈ નવાગામ પધાર્યા. શેઠ કેશવલાલભાઈ તથા કુટુંબીજનોએ સેવાનો લાભ લીધો. કાળાતળાવ, દૂધાધાર, ખોપાળા થઈને ગઢાળી પધાર્યા. પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. કાળીદાસભાઈ તથા મણિભાઈ મુંબઈવાળા શેઠે સારો લાભ લીધો. કથાવાર્તામાં સ્વામીશ્રીએ કહ્યું :

'સાધુનાં લક્ષણો બહાર આવ્યાં વગર રહેતાં નથી. શાસ્ત્રીજી મહારાજને હારતોરા, પૂજન, વાજાં વગેરે ઠાઠ ગમતા નહિ. કોઈ આવો ઠાઠ લઈને વચમાં ઊભા હોય તો બીજે મારગે જતા રહેતા. સત્પુરુષના ગુણ જણાયા વિના રહેતા નથી. જેના અંતરમાં જે હોય તે બહાર નીકળ્યા વિના રહેતું નથી.

'મહારાજે એક વખત સાથે ફરતાં સંતોને કહ્યું કે 'તમારે બધાને જો શીરો ખાવો હોય તો હું કહું તેમ કરો.' સંતો બે દિવસના ભૂખ્યા હતા. તેમણે કહ્યું :

'તમે કહો તેમ કરવા તૈયાર છીએ.' મહારાજ કહે : 'તમે આ વેશ બદલી બાવાઓનો વેશ પહેરી લ્યો અને સ્વામિનારાયણનું નામ લેશો નહિ.' સંતોએ વેશપલટો કરી નાખ્યો. બાવાઓ ભેળા ભળી ગયા. તેમની સાથે સૌ શીરાની રસોઈ જમી, રાતે સૂઈ ગયા. પણ સવારના એક સાધુ વહેલા ઊઠીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરવા લાગ્યા. તેથી બાવાઓ જાણી ગયા કે આ તો બધા સ્વામિનારાયણના સાધુ છે, એટલે સંતોને મારીને કાઢી મૂક્યા.

'જો હૃદયમાં સ્વામિનારાયણનું નામ હતું, તો બહાર નીકળ્યા વગર રહ્યું નહિ. તેવી રીતે જો આપણા અંતરમાં ખરેખરી ભક્તિ હોય તો તેનો ઉમળકો બહાર આવ્યા વગર રહે નહિ. ભલે મોટાપુરુષને પાણી પાવાની કે બીજી સેવા આપણને ન મળે, પણ જો અનુવૃત્તિ પાળીએ તો સત્પુરુષના ગુણ સહજ જ આપણામાં આવે છે. રાજીપો મળે છે.'

અહીંથી સ્વામીશ્રી ગઢડા થઈ, રાજકોટ પધાર્યા. મકરસંક્રાંતિ નિમિત્તે સ્વામીશ્રી વર્ષોવર્ષ રાજકોટ પધારતા અને ઘરેઘર પધરામણી કરતા.

આ વખતે સ્વામીશ્રી સવારે ૧૦ વાગે 'બેચર-મેઘજી એન્ડ સન્સ' બુકસેલર્સની દુકાને પધરામણીએ જવાના હતા. સૌએ તૈયારી કરી, પણ ૧૨-૩૦ સુધી સ્વામીશ્રી ન પધાર્યા. બીજા સૌ ઘરે ચાલ્યા ગયા, પરંતુ પ્રવીણભાઈ કક્કડ હજુ દુકાને સ્વામીશ્રીની રાહ જોઈને બેઠા હતા. જો કે તેમને જરાપણ સત્સંગનો રંગ નહીં. વળી, ઈંડા વગેરે ખાતા અને જુગારનું પણ વ્યસન ! કુટુંબનો સત્સંગનો વારસો ખરો, પણ પોતે સ્વીકારેલો નહીં. છેવટે થાકીને તેમણે દુકાન બંધ કરી. તાળું વાસતા હતા ત્યાં ચુનીભાઈ ચાતુર્વેદી આવી પહોંચ્યા અને કહ્યું : 'સ્વામીશ્રી પધારે છે.'

તેમણે કચવાતે મને દુકાન ખોલી. થોડીવારે સ્વામીશ્રી પધાર્યા. પૂજન-આરતી કર્યા પછી સ્વામીશ્રીએ પ્રવીણભાઈ કક્કડની ડોકમાં હાથ નાખીને કંઠીની તપાસ કરી, પણ કંઠી ન હતી. પછી કાનમાં આંગળી નાખીને ફેરવવા લાગ્યા. પ્રવીણભાઈનો કાન વારે વારે પાકી જતો ને બહુ પીડા થતી. તેમના મનમાં થયું : 'આ બાવો પણ જબરો લાગે છે, બીજાના કાનમાં આંગળી શું કામ નાખતો હશે ?' પણ એકાએક કંઈ યાદ આવતા તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'સ્વામીજી ! આ મારો કાન વારેવારે પાકી જાય છે તે મટાડો.'

સ્વામીશ્રીએ કહ્યું : 'અક્ષર દેરીની મહાપૂજા કરાવો. તમારો પાકતો કાન મટી જશે.' તેમણે તરત જ મહાપૂજા કરાવી. થોડા સમયે તેમને તે દરદ તદ્દન

મટી ગયું. સત્સંગ પાકો થયો. વ્યસનો પણ દૂર થયાં અને તેમનું જીવન સત્સંગ પરાયણ બની ગયું.

ઉતરાણને દિવસે રાતે અમદાવાદ પધાર્યા. અહીં મૂળ રણોલીના વતની કાશીભાઈ જેઠાભાઈ કંપાલાથી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

આમ તો અરવિંદ-તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી, વિચક્ષણ અને બુદ્ધિશાળી આ ભક્તને સત્સંગનો યોગ નહોતો, પરંતુ પોતાના મિત્ર ચુનીભાઈ અડાસ-વાળાના યોગથી તેમને સ્વામિનારાયણ ધર્મમાં રસ જાગ્યો હતો. ચુનીભાઈ પણ મૂળ મહર્ષિ અરવિંદના શિષ્ય, પણ તેમને ગુણાતીત જ્ઞાનની વાત સમજાતાં તેમણે કાશીભાઈને પણ એ વાત કરી. ભક્તરાજ મગનભાઈ, ત્રિભોવનદાસ વગેરે ભક્તોની કથાવાર્તાથી કાશીભાઈને સાચી ઉપાસના સમજાઈ. સ્વામીશ્રીનાં દર્શનની તેમને ઘણી ઈચ્છા હતી. તેવામાં પોતાની બંને પુત્રીઓના લગ્ન પ્રસંગે તેમને ભારત આવવાનું થયું અને અમદાવાદમાં પ્રથમ દર્શને તેમને સ્વામીશ્રીમાં સમર્થ યોગીપુરુષની પ્રતીતિ થઈ.

સ્વામીશ્રીએ તેમને હેતથી ખબર-અંતર પૂછ્યા, ત્યારે કાશીભાઈએ સહેજે પોતાની પુત્રીઓનાં લગ્ન બાબત આશીર્વાદ માગ્યા. અને કહ્યું : 'આર્થિક મુશ્કેલી તો છે, પણ આપ દયા કરો તો તે દૂર થાય.'

સ્વામીશ્રીએ હસતાં હસતાં બે ધબ્બા આપ્યા અને કહે : 'જાવ, મહારાજ ભળશે. તમારો સંકલ્પ જરૂર પૂરો થશે.' પછી હરમાનભાઈને પણ તેમની સાથે રહી કામ ઉકેલી આપવા આજ્ઞા કરી.

આ લાગણી અને મમતાએ કાશીભાઈનું હૈયું જીતી લીધું. ગદ્‌ગદભાવે તેઓ સ્વામીશ્રીનાં ચરણે નમી પડ્યા. અને અગોચર દિવ્ય શક્તિના હાથ પોતાના કામ પાછળ કાર્યશીલ છે તેમ પુત્રીઓનાં લગ્ન વખતે તેમને અનુભવ થયો.

એ લગ્નમાં પધારવા તેમણે સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું. રણોલી જઈ સ્વામીશ્રીએ તેમનો ભાવ પૂરો કર્યો હતો અને ચંદુભાઈ અને રમણભાઈ - બંને જમાઈઓને આશિષ આપ્યા.

સ્વામીશ્રી તો યોગક્ષેમના રખેવાળ. તે ધ્યાન ન રાખે તો બીજું કોણ રાખે ?

અમદાવાદમાં નંદાજીને દર્શન-આશીર્વાદ આપી, પાછા રાજકોટ, ગોંડલ, ડાંગરા, ભાદરા, જાયવા, જામનગર, ગોંડલ થઈ વસંત પંચમીએ અટલાદરા પધાર્યા.

❀ ❀ ❀

પ્રથમ યુવક અધિવેશન



તા. ૨૮-૧-'૫૫, વસંત પંચમીના દિવસથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં યુવક મહામંડળનું પ્રથમ અધિવેશન યોજાયું હતું. આજે વર્ષોથી જે કાર્ય સ્વામીશ્રી એકલે હાથે કરી રહ્યા હતા, તે કાર્યને આગેવાન હરિભક્તોએ વ્યવસ્થિત રીતે આયોજવાનો વિચાર કર્યો. અત્યાર સુધી સ્વામીશ્રી ગામોગામ યુવકોને ભેગા કરતા. તેમને યુવક મંડળ રચવાનો આદેશ આપતા. મંડળના પ્રમુખની વરણી પોતે જ કરતા. સૌને પ્રત્યક્ષ તથા પત્રો લખી ખૂબ ઉત્સાહ પ્રેરતા. જેને પરિણામે દેશમાં તેમજ આફ્રિકામાં પણ કંપાલા, મોમ્બાસા, નૈરોબી વગેરે સ્થળોએ યુવક મંડળોની સ્થાપના થઈ ચૂકી હતી. નિયમિત રવિવારની સભાઓ થતી. દિવાળી તથા ઉનાળુ વૅકેશનમાં યુવકો સ્વામીશ્રી સાથે ગામડાંઓમાં ફરતા. સમૈયા-ઉત્સવોમાં યુવકોની ભીડ ઘણી રહેતી. યુવક મંડળો સમૈયાઓની વિવિધ સેવાઓ ઉપાડી લેતા.

પ્રમુખસ્વામીએ આ પ્રથમ અધિવેશન ખુલ્લું જાહેર કર્યું. મંત્રી બળવંત ભટ્ટે અધિવેશનનો હેતુ સમજાવ્યો કે યુવક પ્રવૃત્તિ દ્વારા ગુણાતીત જ્ઞાનનો ડંકો મારવો. હરમાનભાઈએ દરેકે તિલક-ચાંદલો કરવો તે આજ્ઞા ઉપર ભાર મૂક્યો. શંકરલાલ ઠાકરે 'સુહૃદપણું એ સત્સંગનું આભૂષણ છે' એ મુદ્દો સમજાવ્યો. મગનભાઈએ આર્થિક પાસું સદ્ધર કરવા અનુરોધ કર્યો. હર્ષદભાઈએ જણાવ્યું કે આપણી પાસે સર્વોપરી સંત છે અને સર્વોપરી ઉપાસના છે. તેને જગત સમક્ષ યુવકો દ્વારા મૂકવી.

યોગીજી મહારાજે યુવક પ્રવૃત્તિ વૃદ્ધિ પામે એવા અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. એમનો આ શુભ સંકલ્પ જ પર્યાપ્ત હતો. ખેંગારજીભાઈએ અધિવેશનના પ્રમુખ સ્થાનેથી જણાવ્યું કે 'સત્સંગ એક શરીર છે. યોગીજી મહારાજ તેનો આત્મા છે. યુવકોએ તેના હાથ-પગ બનવાનું છે. વડીલોએ તેના

મસ્તક બની રહી આ યુવક પ્રવૃત્તિને વેગ અને ઉત્સાહ મળે તે માટે સંપૂર્ણ સહકાર આપવાનો છે.' ચંપકભાઈ શેઠ તથા મણિભાઈ ભટ્ટે પણ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

યુવકોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે અમુક કાર્યક્રમો વિચારાયા. શારીરિક : સ્વયંસેવક દળની રચના કરવી તથા શિબિરો યોજવી. માનસિક : કેળવણી વિષયક પ્રવૃત્તિઓ શરૂ કરવી. શિષ્યવૃત્તિઓ, પારિતોષિકો તથા ચંદ્રકો આપવા. સમૈયાઓમાં વ્યવસ્થા, શિસ્ત માટે તાલીમ, ભજન-મંડળીની રચના, સ્વામીશ્રી તથા સંતોની ગામમાં પધરામણી વખતે વ્યવસ્થા, પર્યટનો યોજવાં, વિશિષ્ટ યુવક અંકોનું પ્રકાશન કરવું, વ્યવસ્થા અને પ્રચાર માટે ભંડોળ એકઠું કરવું તથા મધ્યસ્થ સમિતિને હેવાલો મોકલવા વગેરે આયોજનો નક્કી થયાં. આ ઉપરાંત આધ્યાત્મિક : યુવક મંડળો દ્વારા શુદ્ધ, સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન તથા નિયમ, નિશ્ચય, પક્ષ અને સદ્‌ભાવનું સંવર્ધન, મુખ્ય હેતુઓ હતા.

ગુરુવાર, તા. ૨૭-૧-'૫૫, સાંજે શાસ્ત્રીજી મહારાજના ખંડમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા મોટાસ્વામી બિરાજમાન હતા. ઓરડો હરિભક્તોથી ભરાઈ ગયો હતો. ત્યારે આનંદમગ્ન સ્વામીશ્રીએ કહ્યું : 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થાય તો પ્રકૃતિ-પુરુષના લોચામાં ન આવે. માટે એ નિષ્ઠા સૌને કરાવવી એ જ સદાવ્રત. મહારાજે આવું સદાવ્રત બાંધ્યું. ભૂખ્યો શું સદાવ્રત બાંધે ? પણ જેની પાસે કંઈ હોય તે બાંધે. માટે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળો હશે તો તે આ સેવા કરી શકશે. આ જ્ઞાન-નિષ્ઠાની સર્વેએ જરૂર દૃઢતા કરવી એ જ મુદ્દો છે.'

તા. ૨૮-૧-'૫૫, વહેલી સવારે પૂજા કરીને સ્વામીશ્રી સગડી તાપતા હતા. સંતો-હરિભક્તો ઘણાં દર્શન કરતા બેઠા હતા. સ્વામીશ્રીની સાંનિધ્યમાં સવારનો આ સમય અતિ અલૌકિક જણાતો. રોજના નિયમ પ્રમાણે સ્વામીશ્રી *'ધીર ધુરંધરા...'*ના પ્રભાતી પદો બોલતા હતા. તેમાં નીચેની કડી આવી :

'પ્રેમ બાગબગીચે નવ નીપજે, દામ ખરચે નવ પ્રેમ પામે,
મસ્તક ધડામાં જે જન મેલશે, તે ઘટ પ્રેમ પ્રવાહ પામે...'

તે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'જોખ કરવામાં, ધડો કરવામાં પથ્થર, ઢેખાળા વગેરે વપરાય. તેને તુલ્ય પોતાનું મસ્તક મૂકે તેને જ સત્સંગ ઓળખાયો છે. અને વિશેષ કરવાનું તો ત્યારપછી રહે છે. ફિરંગી નિત્ય કવાયત કરાવે છે. કોઈને મોળા પડવા દેતા નથી. તેમ આપણે કથાવાર્તાની રાત્રિ-દિવસ કવાયત

થાય તો મોળા પડાય નહિ. પ્રશ્ન-ઉત્તર કરવા અને કોઈને સમજણમાં ફેર હોય તો સવળું સમજાવી, ઉપાસના શુદ્ધ સર્વોપરી પ્રગટની કરાવી દેવી. સા. ૪ વિચારવું અને સિદ્ધ કરવું. લોયા ૧૨ પ્રમાણે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરી દેવો. જો શ્રદ્ધાવાળા થઈએ તો રૂડા દેશકાળ પણ ભગવાન મેળવી આપે અને ઉત્તમ વક્તા પણ મેળવી આપે.

'બ્રહ્મરૂપ થવામાં દેહ આડો આવે છે. માટે ઉત્તમ પુરુષનો સંગ રાખવો, જેથી દેહરૂપ મનાઈ ગયું છે તે બ્રહ્મરૂપ મનાવી દે. અને બ્રહ્મરૂપ કરી પુરુષોત્તમમાં જોડી દે. સારંગપુરના રાઠોડ ધાધલ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા હતા. વાતો ઘણી સાંભળી પણ એકે યાદ રહી નહીં. એટલે નીકળતી વખતે સ્વામીને કહ્યું : 'સ્વામી ! આપે વાતો તો ઘણી કરી, પણ મને એકે યાદ નથી.' ત્યારે સ્વામીએ કહ્યું : 'સરસવની કોથળી, પડી ગઈ ખેતરમાં, ઉપર પડ્યો વરસાદ... પછી શું થાય ? સર્વે બીજ ઊગી નીકળે. તેમ મોટાપુરુષના શબ્દ આગળ જરૂર ઊગી નીકળશે અને બ્રહ્મરૂપ થઈ જવાશે, પણ યાદ નથી રહ્યું એટલે એકે શબ્દ મિથ્યા ગયો એમ ન માનવું. એ સબીજ શબ્દ છે. તે જ્ઞાન થશે. માટે ધારવા-વિચારવાનો અભ્યાસ રાખવો. અને એમ ન થાય તો મોટાપુરુષની સ્મૃતિ જરૂર રાખવી.

'મોટાપુરુષના સમાગમથી દેહાભિમાન ઘસાઈ જાય છે અને દાસત્વભક્તિ આવે છે. દાસત્વપણું એ ભગવાનનો ગુણ છે. દાસત્વભક્તિ આવે ત્યારે પૂરું થાય. ગ.પ્ર. ૧૪ વિચારવું. ગ.મ. ૭ શાસ્ત્રીજી મહારાજના અંગનું વચનામૃત. આવાં વચનામૃતો વાંચવાં, વિચારવાં અને સિદ્ધ કરવાનું તાન રાખવું. ત્યારે મોટા રાજી થાય.' બ્રાહ્મમુહૂર્તમાં સ્વામીશ્રીનાં બ્રહ્મવાક્યો સૌને સોંસરા ઊતરી જતાં. બ્રહ્માનંદ આપતા.

સ્વામીશ્રીએ સવારની સભામાં સ્વામીની વાત બીજા પ્રકરણની ૪૫ વંચાવતાં પૂછ્યું કે 'અક્ષરધામના મુક્તને કસર ટાળવા અહીં આવવું પડે છે. એ કસર કઈ ?' એનો ઉત્તર પોતે જ કર્યો કે 'બ્રહ્મરૂપે ન વર્તાય એ કસર. ગુણાતીત મારો આત્મા ન મનાય ત્યાં સુધી કસરમાં જ બેઠા છીએ. વરતાલ ૧૧ વચનામૃત પ્રમાણે સત્પુરુષને વિષે પ્રીતિ થાય ત્યારે કસરમાત્ર ટળી જાય.'

ડગલે ને પગલે બ્રહ્મવિદ્યાની પરબ

તા. ૨૯-૧-'૫૫, અટલાદરાથી મહેમદાવાદ જતાં વડોદરા સ્ટેશનના

પ્લૅટફૉર્મ ઉપર, રૂની ગાંસડી ઉપર સ્વામીશ્રી સહજતાથી બિરાજ્યા હતા. સર્વ હરિભક્ત ઊભા હતા અને દર્શન કરતા હતા. ત્યારે હર્ષદભાઈને નજીક બોલાવી, ધીમેથી કહ્યું : 'આપણા ગુરુ ગુણાતીતે ૪૫ ગુરુ કર્યા હતા. દરેકમાંથી ગુણ લીધો હતો તો આટલો સમાસ થઈ શક્યો. બધાને ગુણ આવ્યો. માટે આપણે ગુણ લેતાં શીખવું. અક્ષરના ઝઘડામાં પણ બાલમુકુંદ સ્વામી કહેતા : 'ભા, મારા ગુણાતીત મૂળ અક્ષર છે. અને જો ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર હશે તો ધામમાં જઈને જોજો...'

એટલામાં ગાડી આવી એટલે સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા.

શરૂઆતનાં વર્ષોમાં સ્વામીશ્રી મુસાફરી વખતે, રેલવે સ્ટેશન ઉપર કોઈ એકાંત સ્થળે, વેઈટિંગ રૂમમાં કે ટ્રેનમાં કે ગાડામાં મુસાફરી કરતા, ઘણી વાર સંતો-હરિભક્તો-યુવકોને વાતો કરતા. ઘણી વાર મુદ્દાની વાતો, ક્યારેય ન સાંભળી હોય તેવી પણ સાંભળવા મળતી.

'મુક્ત મોહ મનુષ્ય કી, વૃથા આયુષ્ય ન જાત,
ભજન ભક્તિ જો કરે, તાકુ કાળ ન ખાત...'

મુક્તાનંદ સ્વામીની આ પંક્તિ સ્વામીશ્રીના જીવનમાં સાંગોપાંગ ચરિતાર્થ દેખાતી. જ્યારે પણ, થોડો પણ સમય મળે ત્યારે કથાવાર્તા, જ્ઞાનચર્ચા, મુદ્દાની વાતોની લહાણ સૌને કરાવે જ. નહિ તો સ્ટેશન ઉપર ટ્રેન આવવાની તૈયારી હોય ત્યારે કોઈને વાત કરવાનું સૂઝે જ નહિ. સૌ કોઈ ટ્રેનમાં ચઢવાની મથામણમાં જ હોય. કદાચ વાત કરે તો વ્યાવહારિક હળવી વાતો થાય, પણ જ્ઞાનની, સમજણની, મહત્ત્વની વાતો નીકળે જ નહિ. કોઈને એવું બહુ મન થઈ આવતું હોય તો મુદ્દાની વાતો તો નિરાંતે શાંતિથી બેસાડીને જ સમજાવે. પણ આવા અણધાર્યા સમયે કરેલી મુદ્દાની વાતો ચિરંજીવ બની જતી.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે કથાવાર્તા છે એ મહારાજની મૂર્તિ છે. આ રીતે હરેક ક્ષણે તેઓ મહારાજની મૂર્તિમાં રહેતા. તેની આવા પ્રસંગોએ સૌને દઢતા થતી. મહારાજના મહિમાની વાતો તથા સત્સંગની દઢતાની વાતોનો સ્રોત અખંડ ઝરતો રહેતો. એના પાન કરનારા પાવન થઈ જતા, શાંતિ અનુભવતા.

મહેમદાવાદમાં પ્રભાશંકર પંડ્યાએ પોતાના પુત્રની બાબરી ઊતરાવવા નિમિત્તે સ્વામીશ્રીને તેડાવ્યા. ભક્તોના આવા નાના-નાના વ્યાવહારિક પ્રસંગો પણ સ્વામીશ્રી સાચવતા અને મનોરથો પૂર્ણ કરતા.

અહીંથી અમદાવાદ, શાહપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં ખેંગારજીભાઈના

આમંત્રણથી પધાર્યા. ૩૧ જાન્યુઆરી, પ્રતિવર્ષ શાળાનો 'સ્થાપના દિન' તરીકે ઊજવાય છે. કારણ, અંગ્રેજી કૅલેન્ડર પ્રમાણે એ દિવસે શાસ્ત્રીજી મહારાજની જન્મ તારીખ છે. આખો દિવસ સ્વામીશ્રી શાળામાં રહ્યા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે શાળાના બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓનું આત્યંતિક કલ્યાણ થશે.

પછી મંદિરે આવી પહેલા માળે બિરાજ્યા હતા. ત્યાં સ્વામીશ્રી માટે ઉકાળો ને મમરા આવ્યા. અને બીજા સંતો-હરિભક્તો પણ ઉકાળો ને નાસ્તો કરવા બેઠા. એ વખતે દેવા ભગત બહારની ગૅલેરીમાં બેઠા હતા. તેમના તરંગી વિચારોથી સૌ તેમને 'ગાંડો' ગણતા.

ઉકાળો-નાસ્તો પીરસનારા પણ તેમની ઉપેક્ષાથી ત્યાં જઈ પીરસતા ન હતા. સ્વામીશ્રીએ બે વખત ધ્યાન દોર્યું. પછી પોતે જ પોતાનો ઉકાળો તથા મમરા લઈ તેમને આપ્યા !

'तुल्यः प्रियाप्रियो धीरः' જેને પ્રિય અને અપ્રિય, બધું જ સમ વર્તે છે તે પુરુષનો ગુણાતીતભાવ આવા પ્રસંગે છતો થઈ જતો !

આણંદ થઈ વડતાલ પધાર્યા. સાથે ભૂમેલના ઈશ્વરભાઈ ભાઈલાલભાઈ પણ આવ્યા હતા. સ્વામીશ્રીને ટૂંક સમયમાં આફ્રિકા જવાનું હતું, તેથી અહીં હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પ્રાર્થના કરી : 'હે મહારાજ ! અમે પ્રથમ વાર જ આફ્રિકા જઈએ છીએ, તો અખંડ ભેળા રહેજો.'

એ વખતે સ્વામીશ્રીના મુખ પર આનંદ અને સંતોષ છવાઈ ગયો. મહારાજને પ્રાર્થના કરવામા અને અક્ષરપુરુષોત્તમ જ્ઞાનનો ડંકો હવે વિદેશમાં પણ વાગશે એ વિચારમાં તેઓ દર્શન મગ્ન બની ગયા. સાચે જ, સત્પુરુષ ઈષ્ટદેવ પ્રત્યેની દાસત્વભક્તિ ક્યારેય પણ ચૂકતા નથી.

તા. ૧-૨-'૫૫, સ્વામીશ્રી ગાના પધાર્યા. ગામના પટેલ ચતુરભાઈએ સ્વામીશ્રીને તેડાવી મંદિરમાં ઉતાર્યા હતા.

બીજે દિવસે બપોરની સભામાં ગ.મ. ૪૬ વંચાવી સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનના એકાંતિક છે એ જ ભગવાનનો માર્ગ છે. તેનો અભાવ એ જ ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો. એકાંતિક ધર્મ એટલે શું ? સત્પુરુષનું પ્રગટપણું એ જ એકાંતિક ધર્મ. એકાંતિક ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહ્યો છે અને સત્પુરુષ ભગવાનની મૂર્તિના અખંડ ધારક છે. માટે સત્પુરુષના આધારે એકાંતિક ધર્મ રહ્યો છે. 'સત્સંગિજીવન'ના ખરડામાં લખ્યું છે કે એકાંતિક ધર્મ

સત્પુરુષ પૃથ્વી ઉપર છે ત્યાં સુધી જ રહે છે. એટલે સત્પુરુષનો અભાવ કદાપિ લેવો જ નહિ.

'સત્પુરુષનો અભાવ લીધો કેમ કહેવાય ? તેમની ક્રિયા જ્યારે ન ગમે ત્યારે અભાવ આવ્યો કહેવાય. આટલું ઠીક નથી કરતા એવો સંકલ્પ થાય, તે પણ અભાવ આવ્યો કહેવાય. એવા સંકલ્પ કદાચ થતા હોય અને સમજણે કરીને ટાળી નાખે તો અભાવમાંથી બચે, પણ એની ગ્રંથિ જો બેસી જાય તો તો એકાંતિકના ધર્મમાંથી પડ્યો જ જાણવો. તે ઉપર બ્રહ્માનંદ સ્વામીનો સવૈયો છે :

શ્રીઘનશ્યામ કહે સુન નારદ, અંતર શુદ્ધ મેરો મત એહી હૈ,
મો સંગ પ્યાર સદા મમ, નામ ઉચ્ચારત જેહી હૈ,
સંત સાચે જગમાંહી ફીરે, તીનકું દુ:ખ નિરંતર દેહી હૈ,
બ્રહ્મમુનિ ભગવંત કહે, સોઈ મુને ભજે તોહી નરકમેં જાહી હૈ.

'મહારાજ છતાં જેમણે જેમણે સેવા કરી હતી અને રાજી કર્યા હતા પણ જો સ્વામીનો દ્રોહ કર્યો તો પડી ગયા. પવિત્રાનંદ સ્વામી આવા ધર્મવાળા હતા પણ જો ભગતજીનો દ્રોહ કર્યો તો દુ:ખ આવ્યું. માટે શાસ્ત્રીજી મહારાજની સેવા કરી હોય, પણ તેને મળેલા અને તેના રાજીપાવાળાનો દ્રોહ કર્યો હોય તો સર્વે પુણ્ય બળીને ભસ્મ થઈ જાય છે.'

અહીંથી રણોલી જમવા જવાનું હતું. બસમાં બેસી સૌ સંતો-હરિભક્તો સાથે રણોલી જવા નીકળ્યા. વચમાં વીરસદ આવ્યું. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ વડતાલ હતા ત્યારે આ વીરસદનું મંદિર તેમણે બંધાવ્યું હતું અને અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી હતી. માટે આવા મહાપ્રસાદી સ્થાનનાં દર્શન કરવાં જોઈએ.' એટલે ગામમાં આવેલા મંદિરમાં દર્શન કર્યાં. નવું શિખરબદ્ધ મંદિર પણ અહીં બંધાતું હતું તે જોઈ રાજી થયા. બે પધરામણીઓ કરી, બપોરે રણોલી પહોંચ્યા.

અહીં કાશીભાઈએ પોતાની બે દીકરીઓના લગ્ન પ્રસંગે તેડાવ્યા હતા. ઠાકોરજી જમાડી ૪-૩૦ વાગે સ્વામીશ્રી આરામમાંથી જાગ્યા. પછી વચનામૃત ગ.મ. ૪ વંચાવી કહે : 'મહિમા સમજાય ત્યારે રાજ્ય હોય કે ભીખ માગવાની હોય, પણ સમભાવ વર્તે. આવી ઉચ્ચ સ્થિતિવાળો ભક્ત જ ભગવાનનો કે તેના મોટા સંતનો યથાર્થ મહિમા સમજી શકે. તેને જ અખંડ ચિંતવન થાય.'

પછી ગ.મ. ૫ અને ગ.મ. ૬ વંચાવી પધરામણીએ નીકળ્યા. રાત્રે ૯-૦૦ વાગે ગાના પાછા પધાર્યા.

યુવકોની હરતી-ફરતી તાલીમ શિબિરો

સ્વામીશ્રી ગામડામાં વિચરણ કરતા હોય ત્યારે બપોરે ૪-૦૦ વાગે હરિકૃષ્ણ મહારાજને ઉઠાડીને જળપાન કરાવે. માનસી કરે. યુવકો, હરિભક્તો જે સાથે ફરતા હોય તે ભેગા થઈ જાય. સાથે ફરનાર કોઈ ભક્ત ન દેખાય તો તેને સાદ કરી બોલાવે. આમ, યુવકો તથા હરિભક્તોની દિવસમાં પાંચ-છ વાર હાજરી અવશ્ય લે. ખાસ તો કથાવાર્તાના સમયે અને બપોરે જમાડતી વખતે. એટલે ખાસ કોઈ મહત્ત્વના કામ સિવાય એમના સાંનિધ્યમાંથી તરી જઈ શકે નહીં. જો કોઈ આઘુંપાછું થઈ જતું હોય તો તેને અવશ્ય મીઠો ઠપકો આપે કે સમાગમમાં આવ્યા છો તો સમાગમ કરી લેવો. સમાની ગમ ઓળખવી. ટાણે સમાગમમાં હાજર થઈ જવું પણ ઘમાધમ ન કરવો. આડુંઅવળું તરી જવું નહીં.

બપોરે માનસી પછી વચનામૃત વંચાવે. સમય હોય તો વાતો કરે. મોટાસ્વામી સાથે હોય તો તેમને વાતો કરવાનો ઈશક, એટલે તેમની પાસે વાતો કરાવે અને પોતે ટપાલ લખે. પછી પધરામણીએ નીકળે.

સંધ્યા આરતી પછી ગામડામાં બાળકોને ભેગા કરી ધૂન બોલાવવી, ભજન ગવરાવવું વગેરે બાળ કાર્યક્રમો ચૂકે નહીં. વયે કરીને વૃદ્ધ હોવા છતાં સ્વામીશ્રી બાળકોમાં ઊંડો રસ લે. બાળકોના ગળામાં કંઠી છે કે નહીં તે તપાસ કરે. પ્રસાદ વહેંચી સૌને વિદાય કરે. રાત્રે ગામના હરિભક્તો સાથે મોડે સુધી કથાવાર્તા ચાલે. સાથે મોટા હરિભક્તો હોય તો તેમની પાસે વાતો કરાવે. મોટાસ્વામી પણ કલાક સુધી વાત કરતા. પછી છેલ્લે પોતે સ્વામીની વાત બોલી કીર્તન-દૃષ્ટાંતો સાથે મોડી રાત્રે પણ નિંદરને ઠેલી દે એવી રસપ્રદ વાતો કરે. કદાચ કોઈ ઝોલે ચડે તો તેને સભામાં જ સાદ કરે અને સૌનાં ઝોલાં ઉડાડી દે. સાથે યુવકો ફરતા હોય તો મોડી રાત્રે તેમને એકાંતે બેસાડી વાતો કરવાની જ. લગભગ ૧૨-૦૦ વાગ્યા પછી જ આરામમાં જાય.

અને સવારે તો વહેલા ૩-૦૦ વાગે ઊઠી જાય. પથારીમાં ધ્યાન, ભજન કરે. પછી યુવકોને જ્યાં સૂતા હોય ત્યાં ફાનસ અથવા બેટરીના આછા અજવાળે કોઈને ઠેસ લાગી ન જાય એવી સાવચેતીથી ગોતી ગોતીને ઉઠાડે. એકાંતે નજીક બેસાડે. મહિમાની વાતો કરે. સવારે પૂજા-પાઠ પછી પણ પ્રભાતી પદ બોલી વિવેચન કરે. ઉકાળા-પાણી પછી વચનામૃતની કથા કરીને પછી જ પધરામણીએ નીકળવાનું. બપોરે ઠાકોરજી જમાડ્યા પછી પણ બપોરની કથા.

આમ, આખો દિવસ વચનામૃતની કથા, કીર્તન, સત્સંગ ચાલુ જ રહે.

ગુરુવાર, તા. ૩-૨-'૫૫, આજે એકાદશી હોવાથી અખંડ કથાવાર્તા જ કરવાની હતી. સંતસ્વામીએ ઘણી વાતો કરી. બપોરે ૪-૩૦ વાગે સ્વામીશ્રીએ વચનામૃત ગ.પ્ર. ૨૩ વંચાવ્યું. તેમાં વાત આવી કે નારદ, બ્રહ્મા એવી સ્થિતિમાં નહોતા વર્તતા તો પરણવાનું મન થયું. ત્યારે સ્વામીશ્રી એકદમ હસી પડ્યા અને કહે : 'પરણવાનું મન થાય એટલે પંચ વિષયમાંથી મન નીકળ્યું નથી એ નક્કી વાત છે. ત્યાગી થઈને પણ આવા સંકલ્પ જ્યારે થાય ત્યારે મહારાજે વચનામૃતમાં લોકમાં અને શાસ્ત્રમાં મળતું આવે એટલે એવી સ્થિતિમાં નહોતા વર્તતા એમ કહ્યું, પણ સ્થિતિવાળો હોય તે વર્ત્યા વિના રહે જ નહીં એ મુદ્દો છે.'

એકાદશીનાં પારણાં હરમાનભાઈને ત્યાં કરી, સાંજે ડૉ. કેશવલાલ દવેના આગ્રહથી પંડોળી પધાર્યા. અહીંથી નાર ખુશાલદાસને મળી, પંડોળી થઈ સાંજે ધર્મજ આવ્યા. આફ્રિકાવાળાં રેવાબાએ તેડાવ્યા હતા. ઉમેદભાઈ પણ દર્શન, કથાવાર્તાનો લાભ લેતા.

અહીં રાત્રે સ્વામીશ્રી હર્ષદભાઈનો હાથ પકડી લઘુ કરવા જતા હતા, ત્યારે મુદ્દાની વાત કરી કે 'આપણો તો એ જ સિદ્ધાંત છે કે કોઈનો અવગુણ આવે જ નહીં. જાઓ, સૂઈ જાઓ.' એમ કહી સૂવા મોકલ્યા.

આ પણ સ્વામીશ્રીની વિશેષતા હતી કે ગમે ત્યારે પણ હરિભક્તો કે યુવકોનો હાથ પકડી કાંઈક મુદ્દાની વાત કરી દે. ધર્મ-નિયમ સંબંધી પૂછી લે. નિષ્કામ ધર્મ બરાબર પળે છે કે નહીં તે વાત જાણી લે. બીજી કાંઈ સૂચના આપવી હોય તોપણ ચાલતાં ચાલતાં જ જણાવી દે. આજુબાજુ હરિભક્તો ઊભા હોય તો દૂર ખૂણામાં લઈ જઈને પણ બે શબ્દો ઉપદેશના સંભળાવી દે.

ગામડામાં વહેલી સવારે કે બપોરે ૪-૦૦ વાગે નદી-તળાવે નાહવા જાય ત્યારે, યુવકોના હાથ પકડી હાથમાં લોટો લઈ શૌચ જતા હોય ત્યારે, કે ધૂળથી હાથ ધોતા હોય ત્યારે, કે સ્નાન કરતા હોય ત્યારે, કે પધરામણીએ યુવકોનો હાથ પકડીને જતા હોય ત્યારે, ગમે ત્યારે, અવકાશ મળે કે તરત, સ્વામીશ્રી ધીરેથી કોઈ ન સાંભળે તેમ, આદેશ કે ઉપદેશના બે મધુર શબ્દો કાનમાં કહી દે, તે કદી કોઈ ક્યારે પણ ભૂલી શકતા નહીં. વાતવાતમાં ઉપદેશ આપવાની એમની આ સહજ ટેવ હતી. જેની મીઠાશ કોઈ વીસરી શકતું નહીં. આવી ટૂંકી વાતચીતમાં પણ સ્વામીશ્રી ઘણાને જબ્બર ચોટ લગાડી દેતા. જીવનું રૂપાંતર કરી દેતા.

તા. ૬-૨-'૫૫, વહેલી સવારે પૂજા પછી મંદિરમાં ઘણા હરિભક્તો

દર્શને આવી ગયા હતા. સારી સભા થઈ.

ગ.મ. ૫૭ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

‘ભગવાનને વિશે પ્રીતિ કરવી તે આત્મસત્તારૂપે રહીને જ કરવી. આત્મસત્તારૂપ નથી રહેવાતું, આવરણો અને વિક્ષેપ આવે છે ત્યાં સુધી અજ્ઞાન છે. માટે ખરેખરું જ્ઞાન શીખવું. તે જ્ઞાન એટલે શું ? તો અખંડ જાણપણું રાખી ભગવાનની મૂર્તિ વિના બીજે વૃત્તિ જાય જ નહીં, ત્યારે ખરેખરું જ્ઞાન થયું ગણાય. માટે જ્ઞાન અને વૈરાગ્યે કરીને સર્વ માયિક વસ્તુનો નિષેધ કરી નાખવો તો જ આવરણ ટળી જાય. તેમજ ખરેખરો વૈરાગ્ય થાય ત્યારે પ્રકૃતિ-પુરુષ સુધી સર્વ કાર્યમાંથી વૃત્તિ સંકેલાઈ જાય અને પ્રકૃતિ-પુરુષ સુધીનાં કાર્યમાત્ર નાશવંત અને તુચ્છ જ મનાઈ જાય. આવી રીતે જ્ઞાન અને વૈરાગ્યને સિદ્ધ કરી આત્મસત્તારૂપે રહીને જે મહારાજને વિશે પ્રીતિ કરે છે તે ખરેખરો ભક્ત છે. પણ એ ભગવાનની મૂર્તિ વિના બીજા પદાર્થમાં હેત થઈ જાય તો એવા ભક્તને તુચ્છ બુદ્ધિવાળો કહ્યો. આવી રીતે મહારાજના વખતમાં પણ ઘણાથી નહીં વર્તાયું હોય, ત્યારે જ મહારાજે આવા શબ્દો લખ્યા છે.

‘કુંડળનાં રાઈબાઈને સમાધિ થતી અને અખંડ મહારાજની મૂર્તિ દેખતાં. એક વખત ગુણાતીતાનંદ સ્વામી કુંડળ થઈ નીકળ્યા ત્યારે એક હરિભક્ત પાસે પુછાવ્યું કે ‘રાઈબાઈને મહારાજના વખતમાં સમાધિ થતી અને અખંડ મૂર્તિને દેખતાં. તે હવે સમાધિ થાય છે ?’ ત્યારે રાઈબાઈએ કહેવરાવ્યું કે ‘સમાધિ તો કરું તો થાય, પણ દીકરા, દીકરી, વહેવાર અને વાડીમાં વૃત્તિ ચોંટી ગઈ છે. તે સમાધિમાં બેસવા નવરાશ મળતી નથી.’

‘આ રીતે આવા મોટા જેણે મહારાજની મૂર્તિનું સુખ લીધું છતાં તે સુખને ભૂલીને વહેવારમાં વૃત્તિ ચોંટાડી દીધી અને મૂર્તિ ભૂલી ગયા, એ ખરેખરા જ્ઞાન-વૈરાગ્યની ખામી. પણ જ્યારે સર્વ સુખનું કારણ મૂર્તિ મનાય તો તુચ્છ અને નાશવંત પદાર્થમાં વૃત્તિ ચોંટે જ નહીં. માલ મનાય જ નહીં. જેને એવો માલ વહેવારમાં અને પદાર્થમાં મનાય છે, તેને મહારાજે મીનડિયા ભક્ત કહ્યા. ભક્તની પંક્તિમાં તો ગણ્યા પણ મીનડી જેવા, કૂતરા જેવા કહ્યા, જે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે અને તેમાં સુખ માને. પણ મૂર્ખો એમ નથી સમજતો કે મારા જ લોહીના સ્વાદમાં હું સુખ માનું છું ! તેમ આ જીવ પણ દુઃખને વિશે સુખ માને છે અને દુઃખે યુક્ત સુખ સારુ મોટાપુરુષ આગળ પ્રાર્થના કરે છે. માટે યથાર્થ ભક્ત થાવું. તે સિદ્ધાંત રાખવો.

'દાસપણું એ ભગવાનનો ગુણ છે. માટે એવા ગુણ લાવવા શીખવું. એવો ગુણ આવે તો દિવ્યભાવ વધતો જાય અને મોટાપુરુષની સર્વે ક્રિયા અલૌકિક જ જણાય. જ્યાં સુધી 'હું કંઈક છું' એવું અહમ્ રહે છે, ત્યાં સુધી પોતે મોટા જેને માન્યા હોય તેને પણ બે શબ્દ ઉપદેશના અને સલાહના આપવાનું મન થઈ જાય છે. માટે મોટાપુરુષની સર્વ ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ લાવવા માટે વરતાલનું ૧૧મું સિદ્ધ કરવું. એવી પ્રીતિ જો મોટાપુરુષ સાથે થાય તો આત્મદર્શનનું થઈ ચૂક્યું જ છે. અને એવી પ્રીતિવાળા પુરુષમાં સત્પુરુષના સર્વે ગુણ આવે ત્યારે જ સ્થિતિ થઈ ગણાય.'

આ પ્રસંગ ઉપર મોટાસ્વામીએ ગ.પ્ર. ૫૮ વચનામૃત સમજાવ્યું કે જેમ જેમ મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરતો જાય, તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય.

પછી સ્વામીશ્રીએ વચનામૃત ગ.પ્ર. ૪૦ સમજાવતાં કહ્યું : 'ભગવાનનું સ્વરૂપ ઓળખાય ત્યારે તેમાં સ્થિતિ થાય. એવું સ્વરૂપ ઓળખાય, જગતના ઘાટ બંધ થાય અને શુભ વાસના નારદ, સનકાદિક અને શુકજી જેવા થવાની રહે ત્યાં સુધી સવિકલ્પ સ્થિતિમાં કહેવાય. અને અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિશે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ. માટે આપણે સર્વેએ નિર્વિકલ્પ સમાધિવાળા થવાનો આગ્રહ રાખવો. અને ભગવાનનું સ્વરૂપ ઓળખી તેમાં સર્વ પ્રકારે ચિત્તની વૃત્તિ ચોંટાડી દેવી. આવો સિદ્ધાંત સિદ્ધ થશે ત્યારે ખરેખરું સુખ આવશે. આનંદના ઓઘ વળશે. અખંડ અહોહોપણું રહેશે. શાંતિ શાંતિ થઈ જશે.'

પછી *'સંત વિના રે સાચી કોણ કહે...'* તથા *'અનુપ સંતને આપું ઉપમા...'* એ બે પદ પોતે બોલ્યા.

રવિવારે પૂનમનો સમૈયો બોચાસણ કર્યો. અહીં નાના અક્ષર સ્વામી તથા મોટા અક્ષર સ્વામી, બંને સદ્ગુરુઓની તબિયત જોઈ, તેમની સારવાર માટે બંદોબસ્ત કરાવ્યો. તેમને જલદી સારું થઈ જાય તે માટે ધૂન કરી. પછી ઘેલાભાઈ રાવજીભાઈ પટેલના આમંત્રણથી ભાદરણ થઈ આણંદ રામચંદ્રભાઈના જમાઈ રતીલાલના દીકરાને જનોઈ વિધિ નિમિત્તે આશીર્વાદ આપી ચંપકભાઈ શેઠનો ઘણો આગ્રહ હતો તેથી અમદાવાદ આવી પહોંચ્યા.

તીર્થધામ ટોરડામાં નિર્ગુણ સુખ

મંગળવાર, તા. ૮-૨-'૫૫, સવારની ટ્રેનમાં કથાવાર્તા કરતાં નંદા સાહેબ

સાથે હિંમતનગર આવ્યા. રસ્તામાં વાતો કરતાં સ્વામીશ્રીએ પ્રશ્ન કાઢ્યો : ‘નિર્ગુણ સુખ શું ?’ પછી તેનો કાંઈ ઉત્તર ન કર્યો. હરિભક્તો ઉત્તરની અપેક્ષાથી સ્વામીશ્રી સામે જોતા રહ્યા. એવામાં નંદાજીએ પ્રશ્ન પૂછ્યો. તે ઉપર સ્વામીશ્રીએ સામે પૂછ્યું : ‘જ્ઞાનની સ્થિતિ અધિક કે સાક્ષાત્કારની ?’ પછી પોતે જ તેનો ઉત્તર કર્યો કે ‘ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્કારની સ્થિતિ કરાવતા હતા. એ માર્ગ જુદો છે. આજે પણ એવું થઈ જાય. પણ આપણે જ્ઞાનની સ્થિતિ કરવી. તેમાં જીવ ટકે અને થાળે પડે.’

વળી પૂછ્યું : ‘ભગવાન ભાસે છે તે નિર્વિકલ્પ નિશ્ચયરૂપે ભાસે એમ કહ્યું છે. તે શી રીતે સમજવું ?’ તેનો ઉત્તર કર્યો : ‘પ્રત્યક્ષ સ્વરૂપને વિશે એવો ભાવ અચળ બેસે એ જ નિર્વિકલ્પ સ્થિતિ, તદાત્મકપણું અને સમાધિ. એ જ જ્ઞાનની સ્થિતિ.’

આવી જ્ઞાન-ગોષ્ઠિ કરતાં હિંમતનગર પહોંચી ગયા. હરિભક્તોએ વાજતે-ગાજતે સ્વામીશ્રીને મંદિરમાં પધરાવ્યા. બપોરે ચાર વાગે નંદાજી કેટલાક અમલદારો, કૉંગ્રેસી કાર્યકર્તાઓ, વકીલો વગેરે સ્થાનિક મહાનુભાવો સાથે દર્શને આવ્યા. તે સમયે સ્વામીશ્રીએ નિષ્ઠાની અને મહિમાની ઘણી વાતો કરી. અને સ્વામીની વાતો બોલીને કહ્યું : ‘સ્વામીનો સિદ્ધાંત એ છે કે આ વાતું સાંભળવાથી અક્ષરધામ મનુષ્યરૂપે દેખાય છે !’

સાંજે ૬ વાગે સ્વામીશ્રી થોડા હરિભક્તો સાથે બેઠા હતા. હેતવાળા હરિભક્તોને જોઈને સ્વામીશ્રીને વાતો કરવાનો ઉમળકો થઈ આવતો. સ્વામીશ્રી કહે : ‘કોઈને ઘસારો આવે એવા શબ્દો લખવા નહીં અને બોલવા પણ નહીં. બાકી મહારાજનો મહિમા સ્વામી સમજે અને સ્વામીનો મહિમા મહારાજ સમજે. બીજો કોણ સમજી શકે ? બીજાને તો નેતિ નેતિ જેવું છે. આજ મહારાજ અને સ્વામી પ્રત્યક્ષ બિરાજે છે, પણ તેમનું સુખ લેતાં આવડવું જોઈએ. માટે મોટાનો પ્રસંગ નિરંતર કરવો. કોઈ સમે કેવી વાત થઈ જાય અને આપણી ખોટ ટળી જાય. એ ખોટ સમજણની છે. દોષ તો મહારાજ દૃષ્ટિએ કરીને ટાળી નાખે, પણ સ્વરૂપ સમજવામાં ખોટ રહી જાય તો છેવટ સુધી વાંધો ભાંગે નહીં.’

હિંમતનગરથી રાત્રે વડાલી ચુનીલાલભાઈને ઘરે પધાર્યા. મશાલો તથા દીવાના અજવાળે કેટલાક હરિભક્તોને ત્યાં પધરામણીઓ કરી. વહેલી સવારે ૪-૦૦ વાગ્યાની ટ્રેનમાં સ્વામીશ્રી ઈડર મંદિરે પધાર્યા. અહીં સ્નાનાદિકથી પરવારી ગ.અં. ૩૮મું વચનામૃત હરિભક્તોને સમજાવતાં કહે : ‘આ છેલ્લી

શિખામણનું વચનામૃત છે. શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા તે પહેલાં આ મુદ્દાની - સર્વોપરી ઉપાસનાની વાત ચોખ્ખી કરતા ગયા છે. માટે આ ઉપાસના - શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય સિદ્ધ કરી લેવો.'

રાતે મંદિરમાં સારી સભા થઈ. મંદિરના મેડે સ્વામીશ્રી સગડી પાસે બેસી તાપતા હતા. થોડીવારે સ્વામીની પહેલા પ્રકરણની છેલ્લી વાત બોલ્યા કે 'કથા કરે, કીર્તન કરે...' પછી કહે : 'આ વાતનો સિદ્ધાંત એ છે કે દેહરૂપ માને ત્યાં સુધી ભગવાનને ધારી શકે નહીં. ભગવાન અખંડ રહે એટલે સદાય રહે, બે ઘડી આવે અને જાય એમ નહીં. માટે એવું જે સ્વરૂપ તે તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. માટે નિર્ગુણભાવમાં રહીને કથા કરે, વાર્તા કરે તો સમાસ થાય...'

એક સંતને પૂછ્યું : 'દેહભાવ એટલે શું ?'

ત્યારે તે સંત કહે : 'હું જ દેહમાં વર્તું છું તો તે ભાવને ટાળવાની વાત કેમ કરી શકું ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આજ્ઞા પ્રમાણે વર્તીને વાત કરે એ જ દેહભાવ ટાળ્યો કહેવાય. માટે જો વાતું કરવાની આજ્ઞા કરે તો 'સ્વામી મોટા છે, મહારાજ સર્વોપરી છે,' એવી વાતો, જેવી આવડે તેવી કરવી. તેથી મોટા રાજી થઈ જાય.'

બાદ મોટરમાં શામળાજી પધાર્યા. અહીં ઠાકોરજી જમાડી નંદાજીની મોટરમાં ટોરડા પધાર્યા.

સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળે એ હેતુથી નંદાજીએ આ કાર્યક્રમ ખાસ ગોઠવ્યો હતો. ટોરડામાં સ્વામીશ્રી દરેક પ્રસાદી સ્થળે, એમનો હાથ પકડી દર્શન કરાવે. સર્વ હસ્તામલક દેખવા છતાં, જાણે કંઈ જ ન જાણતા હોય તેવી કુતૂહલતા બતાવે. ગોપાળાનંદ સ્વામીના પ્રસાદીનાં સ્થાન જાણી પોતે દર્શન કરે અને સર્વેને મહિમા સહિત દર્શન કરાવે.

રાત્રે મંદિરમાં આરતી, ધૂન, કીર્તન કર્યાં. જમ્યા પછી સારી સભા થઈ. બાજુમાં સગડી રાખી સ્વામીશ્રી તાપતા હતા. નંદા સાહેબ, ખેંગારજીભાઈ, ચંપકભાઈ શેઠ, હર્ષદભાઈ વગેરે ભક્તો સ્વામીશ્રીની વાતો સાંભળવા ઉત્સુક હતા. 'સ્વામીની વાતો' સમજાવતાં સ્વામીશ્રી કહે :

'દેહને લઈને, દેશને લઈને જીવ ગ્લાનિ પામી જાય છે. દેહ સાજો-માંદો થાય તો ગ્લાનિ પામી જવાય, પણ ગ્લાનિ પામવી નહીં. કર્યું તો એક ભગવાનનું જ થાય છે. માટે સ્થૂળનું દુ:ખ આવે, સૂક્ષ્મનું દુ:ખ આવે અને કારણનું દુ:ખ આવે તેને માનવું નહીં.'

ત્યારે ચંપકભાઈ શેઠે પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! સ્થૂળનું અને સૂક્ષ્મનું શું દુઃખ એ તો સમજાય, પણ કારણનું શું દુઃખ હશે તે સમજાતું નથી. માટે કૃપા કરીને એ સમજાવો.'

સ્વામીશ્રી પાસે સદ્ય ઉત્તર; ઝાઝું ભાષ્ય નહીં, ઝાઝું વિવેચન નહીં, ઝાઝું લંબાણ નહીં. તેમણે ઉત્તર કર્યો : 'અવ્યક્ત રાગ ઊપડે તે જ કારણનું દુઃખ છે.'

જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ સ્વામીશ્રીની વાતોની વેધકતા તીવ્ર થતી ગઈ. એ બ્રહ્માનંદના પ્રવાહમાં સૌ સહેજે ખેંચાતા હતા. અક્ષરધામનું સુખ અનુભવતા હતા. સૌ એકચિત્તે સ્વામીશ્રીની મૂર્તિ સામું જ જોઈ રહ્યા હતા. નંદાજી આસનબદ્ધ સ્થિર થઈને, શ્રદ્ધાપૂર્વક, આનંદથી, એકચિત્તે સ્વામીશ્રીની વાતો સાંભળી રહ્યા હતા. સ્વામીશ્રીએ પણ સૌને પોતાની મૂર્તિમાં સ્થિર કરી દીધા હતા. સ્વામીશ્રી કહે : 'ભગવાનમાં જોડાવું કાં સાધુમાં જોડાવું. અને જેટલો જીવ સાધુમાં બંધાણો છે તેટલો જ સત્સંગ છે. કારણ સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને વૃદ્ધિ પમાડી દે; એકાંતિક ધર્મની સ્થિતિ કરાવી દે; મૂર્તિમાં જોડી દે. અને કરવાનું પણ એ જ છે. ભગવાન તો અલમસ્ત જાતિ છે, પણ એમનો દિવ્યભાવ સત્પુરુષના સમાગમથી જ આવે. માટે સત્પુરુષનો સમાગમ અધિક છે, કારણ કે સાધુની વાતુંની ગતિ કાળના જેવી છે. તે દેખાય નહીં પણ અજ્ઞાન ટાળી નાખે. જેમ બાળકમાંથી જુવાન થાય છે, વૃદ્ધ થાય છે તે દેખાતું નથી. બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે, તેટલું કામ અહીં એક દિવસે થાય છે.

'માવા ભગતને સ્વામીએ એક વખત પૂછ્યું : 'માવા ભગત ! આ દુનિયા શું કરે છે ?' માવા ભગત કહે : 'ધૂડમાંથી ધાન કરે છે અને ધાનમાંથી ધૂડ કરે છે.' આટલું સમજાઈ જાય ત્યારે કોઈ વાતમાં માલ મનાય નહીં. મોટાપુરુષના સમાગમથી જ જીવ બીજી રીતનો થઈ જાય છે.'

રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી સ્વામીશ્રીએ અલૌકિક વાતો કરી. સૌ સ્થળ, કાળ તથા દેહનું ભાન ભૂલી ગયા હતા.

ગુરુવાર, તા. ૧૦-૨-'૫૫, સવારે ખૂબ જ ઠંડી હતી. સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી ગોપાળાનંદ સ્વામીનાં સર્વ પ્રસાદીનાં સ્થાનોએ નંદાજી સાથે દર્શને નીકળ્યા. ગોપાળાનંદ સ્વામીના વંશજ રવિશંકરભાઈ સાથે હતા. ગામમાં બધે ફરીને નદીને સામે કાંઠે પ્રસાદીનો મહુડો છે ત્યાં દર્શને પધાર્યા. આ વખતે હર્ષદભાઈએ સ્વામીશ્રીનો હાથ પકડ્યો હતો. અમદાવાદથી હિંમતનગર ટ્રેનમાં જતાં સ્વામીશ્રીએ નંદા સાહેબ વગેરે હરિભક્તોને પ્રશ્ન પૂછ્યો હતો : 'નિર્ગુણ

સુખ શું ?' તે વખતે એનો ઉત્તર રહી ગયો હતો. તે પ્રશ્ન હર્ષદભાઈએ સ્વામીશ્રીને રસ્તામાં પૂછ્યો. ત્યારે તેમણે હસીને કહ્યું : 'મૂર્તિનું સુખ અખંડ આવે તે નિર્ગુણ સુખ.'

સવારે પૂજામાં સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ સગડી મુકાવી. ઠંડી પુષ્કળ હતી. તેથી એક હરિભક્તે કહ્યું : 'બાપા ! તમે હરિકૃષ્ણ મહારાજની બહુ ખબર રાખો છો.'

તે સાંભળી સ્વામીશ્રી તરત બોલ્યા : 'એવું ન બોલાય, હરિકૃષ્ણ મહારાજ આપણી ખબર રાખે છે. આપણે એમની શું ખબર રાખવાના હતા ?'

સ્વામીશ્રીના આ સ્વામી-સેવકભાવના ઉદ્ગારો સાંભળી સૌ સાશ્ચર્ય એમની અલૌકિક મૂર્તિ નિહાળી રહ્યા !

બરાબર ૯-૪૫ વાગે સૌ મહુડે પહોંચ્યા. અહીં એક ઓટો છે. દરેકે મહુડાની પ્રદક્ષિણા કરી અને સ્વામીશ્રીની આજ્ઞાથી પાંચ દંડવત્ કર્યા. પછી ત્યાં ખેતરમાં જ શાલ પાથરી તે ઉપર સ્વામીશ્રી પૂર્વાભિમુખે બિરાજ્યા. પાસે સંતો-હરિભક્તો બેઠા હતા. સ્થાનિક ભક્તો ચણાનો ઓળો, ઘઉંનો પોંક વગેરે લાવ્યા. તે ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રી થોડો જમતા જાય અને ખોબે ખોબે હરિભક્તોને આપતા જાય. પછી પોતે બોલ્યા કે 'આપણે હાલ મહારાજની શી મરજી છે એ જાણી લેવું, અને તે પ્રમાણે વર્તી, ડંકો મારી, છેલ્લો જન્મ કરી, આશીર્વાદ લઈ અક્ષરધામમાં જવાનું છે. જેના ઉપર મોટા સાધુ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય. તે કેમ જણાય કે જીવ સુખિયો થઈ ગયો ? તો સંકલ્પ રહિત જીવ થઈ જાય તે સુખિયો કહેવાય. એવું થાય ત્યારે જ મૂર્તિનું સુખ આવે.

'આપણે સૌ એવો સંકલ્પ કરો કે આખો સત્સંગ સુખિયો થઈ જાય અને મહારાજ-સ્વામીનું ભજન થાય. માયા શમી જાય.'

એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો : 'રજ-તમના વેગ કેમ શમે ?'

'અખંડ ભજન, સ્મૃતિ થાય, ત્યારે ટળે.' સ્વામીશ્રીએ કહ્યું.

'વેગ આવતા જણાય, પણ અંતરમાં વિક્ષેપ થતો ન હોય ત્યારે કેમ સમજવું ?' એક ભક્તે પૂછ્યું.

'એ તો દેહના ધર્મ છે, આવે અને જાય.' સ્વામીશ્રીએ ઉત્તર કર્યો.

આ પ્રમાણે મંદિરમાં, વાડીમાં, ખેતરમાં, કૂવા ઉપર, જ્યાં ત્યાં કોઈ પ્રસંગે સ્વામીશ્રીની સાથે, સર્વત્ર બ્રહ્મનો જ આનંદ, એ જ કથા, એ જ વાર્તા, અખંડ સચ્ચિદાનંદ સુખ.

ટોરડાથી ઈડર આવી રાત રહ્યા. હિંમતનગરના મહારાજાના કાકા મદનસિંહજી સત્સંગી હતા. નંદા સાહેબના ગુરુ સ્વામીશ્રી સાબરકાંઠામાં વિચરે છે તેમ જાણી, સ્વામીશ્રીની પધરામણી તેમના મહેલમાં કરાવવાની તેમની ઇચ્છા હતી. તેથી તેમણે ગુણવંતભાઈ સોનીને બોલાવી, સ્વામીશ્રીને આમંત્રણ આપવા માટે, સાથે પોતાના સેક્રેટરીને મોકલ્યા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અત્યારે તો કાર્યક્રમ પ્રાંતિજનો છે એટલે ત્યાં જઈએ છીએ. ત્યાં હરિભક્તો રાહ જોઈને બેઠા હશે. પણ બાપુ બપોરે મોટર પ્રાંતિજ મોકલે તો અમે હિંમતનગર આવીશું.'

જોગી જીતી ગયા !

સ્વામીશ્રી પ્રાંતિજ પધાર્યા. આ ગામ આમ તો જૂના સંપ્રદાયનો ગઢ ગણાય, પરંતુ તે વખતે હરિપ્રસાદ મૂલચંદ શાહ શૂરવીર હરિભક્ત. તેથી બ્રહ્મચારીઓ ચણભણથી આગળ બીજું કશું કરી શકે તેમ ન હતું.

ગામની ભાગોળથી નગરયાત્રારૂપે સ્વામીશ્રીનું સ્વાગત થયું. બાબુભાઈએ રસોઈ આપી હતી તે મંદિરમાં જ કરવી પડે તેમ હતું, પરંતુ બ્રહ્મચારીઓનો સહકાર નહીં. વહીવટકર્તાઓએ ખૂબ વિનંતી કરી, તેથી નાની એવી જગા પર ચૂલા વગેરેની વ્યવસ્થા માટે તેમણે સંમતિ આપી. સંતો રસોઈ વગેરેની તૈયારી કરતા હતા. ત્યાં તો મુખ્ય બ્રહ્મચારી નીલકંઠાનંદજી એકદમ ભંડારમાં આવ્યા અને બોલવા લાગ્યા : 'આ ભંડાર અભડાવી માર્યો. બધા ઢોંગી ભેગા થયા છો. દેવની મર્યાદા નથી અને સ્વતંત્રપણે વર્તો છો. મારે એક મિનિટ અહીં રહેવું નથી...'

આવા બરાડા સાંભળી સૌ દોડી આવ્યા. સ્વામીશ્રીને પણ આ જાણ થઈ તેથી મેડા પર ચાલતી સભામાંથી નીચે પધાર્યા ને બ્રહ્મચારી હજુ કાંઈ કહેવા જાય તે પહેલાં તો તેમને દંડવત્ કરવા લાગ્યા. બ્રહ્મચારી તો ડઘાઈ ગયા. ત્યાં સ્વામીશ્રી કહે : 'માફ કરો. આ સર્વે નાના છે. તે અણસમજણથી કાંઈ ભૂલ થઈ હશે તે ભૂલ અમારી જ છે ! અમે હવે બહાર રાંધવાની વ્યવસ્થા કરીએ. માટે રાજી રહેજો !' એમ બોલતાં બીજા ત્રણ દંડવત્ કરી લીધા. હરિભક્તો જ નહીં, બીજા નાના બ્રહ્મચારીઓ અને નીલકંઠાનંદજી પણ દંગ થઈ ગયા. તેમને સ્વામીશ્રીનો બહુ ગુણ આવ્યો.

સ્વામીશ્રીએ સંતોને બહાર રસોઈ કરવા કહ્યું અને મામલો હળવો બની ગયો. ઘટના વીતી ગઈ પણ તેની અસરો અને પોતે કરેલી ભૂલનો અંગારો

નીલકંઠાનંદજીના દિલને સદાને માટે દઝાડતો રહ્યો. તેમને લાગ્યું કે 'જોગી' જીતી ગયા !

બપોરે ૩-૦૦ વાગે બાપુની મોટર સ્વામીશ્રીને લેવા માટે પ્રાંતિજ આવી પહોંચી. સ્વામીશ્રી સ્નાન કરીને તૈયાર થયા. અને ત્રણ સંતો સાથે હિંમતનગર પધાર્યા.

એ વખતે હિંમતનગરના મહારાજા દલજીતસિંહજી પણ ત્યાં આવ્યા. મદનસિંહજીને આશીર્વાદ આપીને મહારાજા સાહેબના આગ્રહથી તેમના મહેલમાં પધાર્યા. તેમની ખાસ ઇચ્છા હતી તે મુજબ સ્વામીશ્રી તેમને એકાંતમાં મળ્યા. તેમણે તાંત્રિક સાધના શરૂ કરી હતી. અને આબુમાં એક તંત્રસિદ્ધ ગુરુ હતા તે તેમને સિદ્ધિ પ્રાપ્ત કરાવે તે માટે સ્વામીશ્રીના આશીર્વાદ જોઈતા હતા.

મહારાજાની વાત સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસી રહ્યા. સ્વામીશ્રીએ તેમની ઇચ્છા અનુસાર આશીર્વાદ આપ્યા.

પછી મહારાજાએ બે હાથ જોડી નમ્ર પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા ! આપ ફરી પધારો ત્યારે મારા મહેલમાં ઉતારો રાખશો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારે સાધુને તો મંદિરમાં ઉતારો શોભે, પણ મહેલમા ન શોભે.'

સ્વામીશ્રીનું ઉત્તમ કક્ષાનું વૈરાગ્યમય જીવન જોઈને મહારાજા અત્યંત પ્રભાવિત થયા. પાછળથી મહારાજા સાહેબે મંદિર માટે પોતાની જમીન 'કૃષ્ણાર્પણ' કરી હતી.

રાત્રે પ્રાંતિજ આવી બીજે દિવસે તલોદ ચુનીકાકાને ત્યાં પધરામણી કરી, અમદાવાદમાં નંદા સાહેબના મકાનનું ખાતમુહૂર્ત કર્યું.

પછી મંદિરે પધાર્યા ત્યારે કોઈ હરિભક્તે સ્વામીશ્રીને વાત કરવા કહ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ સર્વે ભક્તનાં દર્શન થાય છે એ જ વાત !'

ડૉ. કૂક સ્વામીશ્રીના હાસ્યની ભાષા ઉકેલે છે

સ્વામીશ્રી આણંદ પધાર્યા. અહીં એક બીમાર હરિભક્તને સ્ટેશન નજીકના દવાખાનામાં રાખ્યા હતા. સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં, તેમની ખબર કાઢવા જવા તૈયાર થયા. તે સમયે વાહનની કોઈ સગવડ ન થઈ, તેથી જોડના સંતની સાથે વિનુભાઈનો હાથ પકડી ચાલવા લાગ્યા. દવાખાને પહોંચ્યા ત્યારે પેલા હરિભક્ત એટલા રાજી થયા કે જાણે અડધો રોગ મટી ગયો !

તે હૉસ્પિટલમાં ખ્રિસ્તી ડૉક્ટર કૂક સેવા આપી રહ્યા હતા. તેઓ પણ સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થયા અને કહે : 'He is always Smiling.'

ત્યારે કોઈએ તેમને પૂછ્યું : 'તમને કેવી રીતે જાણ થઈ ?'

'એમના મુખ ઉપરની રેખાઓથી !' ડૉ. કૂકે હસતાં હસતાં કહ્યું.

સ્વામીશ્રીનું નિર્દોષ હસતું મુખ સૌને આપોઆપ હસાવતું, તેની ત્યાં ઊભેલા સૌને પ્રતીતિ થઈ.

અંતરની અભિરુચિ

આણંદ મંદિરમાં કથાવાર્તાના પ્રસંગમાં, ગ.મ. ૫૨નું સ્વામીશ્રી નિરૂપણ કરતા હતા. તેમાં વાત આવી કે 'ત્યાગીને જે શોભારૂપ છે તે ગૃહસ્થને દૂષણરૂપ છે.'

ત્યારે એક યુવકે પૂછ્યું : 'બાપા ! તમે અમારી પાસે ત્યાગીના નિયમ પળાવો છો. સ્ત્રીને ન અડવું, મેળાવીને પાણી નાખીને જમવું... તેનું શું સમજવું ?'

સ્વામીશ્રી કહે : 'જ્યાં સુધી પરણ્યા ન હોય, ત્યાં સુધી ત્યાગી જ કહેવાય.'

ત્યારે એક પરણિત યુવક કહે : 'બાપા ! મારું શું ? મને પણ મેળાવીને જમવાની આપે આજ્ઞા કરી છે.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'તમારો જીવ ત્યાગી છે ! અક્ષરધામમાં નથી જાવું ? વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ. એકાંતિક બનાવવા છે એટલે નિયમ પાળવાનું કહીએ છીએ. બીજાને ક્યાં કહીએ છીએ ?' એમ બોલતા થોડા ગંભીર થઈ ગયા.

કોઈ નિયમો પાળવામાં શિથિલતા જણાવે અથવા થોડી ઘણી છૂટછાટ લઈ નિયમો પાળવાની અરુચિ રાખે, તેના પર સ્વામીશ્રી રાજી ન થતા.

નિર્ગુણદાસ સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી શાસ્ત્રીજી મહારાજના કેટલાક શિષ્યોને ઊંડે ઊંડે ઉદાસીપણું રહેતું અને સ્વામીશ્રીમાં પ્રગટપણાના ભાવથી પૂરેપૂરા જોડાઈ શકતા ન હતા.

આણંદના જૂના ભક્તરાજ મોતીભાઈ ભગવાનદાસને થોડેઘણે અંશે આવું રહેતું હતું. શાસ્ત્રીજી મહારાજની અત્યંત સેવા કરેલી અને કીર્તનો રચેલાં. શાસ્ત્રીજી મહારાજે એમને અપાર સુખ આપેલું, પરંતુ સ્વામીશ્રીમાં એવા જ ભાવથી જોડાતાં મનમાં ખચકાટ અનુભવતા હતા.

સ્વામીશ્રીએ આણંદથી વિદાય લેતી વખતે હર્ષદભાઈને કહ્યું કે 'તમે હજુ ત્રણ દિવસ અહીં રોકાજો અને મોતીકાકાને પ્રગટમાં નિષ્ઠા કરાવજો. પછી જ જવાનું રાખશો.'

સ્વામીશ્રીની આજ્ઞાથી હર્ષદભાઈ અને મણિભાઈ નારણભાઈએ કથા-વાર્તાનો અખંડ અખાડો માંડ્યો અને મોતીભાઈના જીવમાં શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીમાં એક રોમનોય ફેર નથી એવી પ્રગટની નિષ્ઠા દૃઢ કરાવી. સ્વામીશ્રી હર્ષદભાઈ ઉપર ખૂબ પ્રસન્ન થયા અને અંતરના આશીર્વાદ આપ્યા.

તા. ૧૬-૨-'૫૫ના દિવસે આણંદથી અટલાદરા આવી સોખડા જતાં રસ્તામાં છાણી ગામે પ્રસાદીની છત્રીએ દર્શન કર્યાં. પછી છાણી મંદિરમાં પધાર્યા. અહીં કથા પ્રસંગમાં પ્રશ્ન પૂછ્યો કે 'ગ.મ. ૩૦ના વચનામૃતમાં પ્રકૃતિ-પુરુષની પર જે શુદ્ધ બ્રહ્મ કહ્યું છે, ત્યારે એ સિવાયનું બીજું બ્રહ્મ ક્યું ?'

તે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'મહાપુરુષ એ પ્રકૃતિ વેષ્ટિત બ્રહ્મ છે, ગ.મ. ૩૧ વચનામૃત પ્રમાણે.'

અહીંથી સંધ્યા સમયે સૌ સોખડા પહોંચ્યા. રાતે ૮-૦૦ વાગ્યાની સભામાં યુવકોને સંબોધતાં કહ્યું : 'આ દેહને સત્પુરુષની સેવામાં જોડી દેવું, પરંતુ સાચવવું નહિ. દેહાભિમાનમાં દોષમાત્ર રહ્યા છે અને આત્મનિષ્ઠામાં ગુણમાત્ર રહ્યા છે. માટે દેહને સુવારી રાખવું, જાળવવું - એમ બધી ક્રિયામાં દેહરૂપી દુશ્મન વધી જાય છે. દેહને સત્પુરુષની સેવામાં વાપરવાથી સત્પુરુષ રાજી થાય છે. માટે જ્યારે ભગવાન જેવા સાધુ મળ્યા ત્યારે વિષયમાંથી રાગ, અજ્ઞાન ટાળવા અને આજ્ઞા પાળવી. જેટલું કામ ભગવાનથી થાય છે, તેટલું જ આવા સંતથી થાય છે.

'જ્ઞાનકૂંચી ગુરુ ગમસે ગયા તાળાં ઊઘડી...'

'તે સત્પુરુષ દ્વારા સાચું જ્ઞાન થાય છે અને મૂળ અજ્ઞાન ટળે છે. તે મૂળ અજ્ઞાન શું ? મહારાજને સર્વોપરી ન જાણવા, તે મૂળ અજ્ઞાન.'

સ્વામીશ્રીની વેધક વાણીમાં યુવકોને પોતાના આત્માનું પ્રતિબિંબ દેખાતું. પોતાની મલિનતા ટાળવા સતત પ્રયત્નશીલ રહેતા આ ગુરુહરિ તરફ સૌ સદા ભક્તિનમ્ર રહેતા. અને ક્યારે સ્વામીશ્રીની વાત સાંભળીએ ને ક્યારે એમનું વચન અધ્ધર ઝીલીએ એમ સૌને રહ્યા કરતું.

બીજે દિવસે સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા ત્યાં વાત કરી : 'આ જીવ કોઈ દિવસ ભગવાનને માર્ગે ચાલ્યો નથી. સાવ નવો આદર છે...' એ વાત

બોલતાં પૂછ્યું : 'ભગવાનનો માર્ગ શું ? અને ચાલ્યો શું કહેવાય ?'

'જેટલો એકાંતિક સત્પુરુષનો સમાગમ કર્યો, એટલો માર્ગે ચાલ્યો કહેવાય. એવો સમાગમ જે કરતો હોય તેને વ્યવહાર તો પાછળ ચાલ્યો આવે છે. જેમ બળદ લેવા જાય તેમાં બગાઉ લેવા જવી પડતી નથી. સ્વામી ભેગા ફરવું, અખંડ કથાવાર્તા કરવી, એમ જે કરતો હોય તે માર્ગે ચાલ્યો કહેવાય. અંતે તે જ સાથે આવશે. જ્યારે ભગવાનનો વાસ થશે, ત્યારે દોષમાત્ર ટળી જશે. તે ઉપર ગ.પ્ર. ૨૭ વચનામૃત વિચારવું.

'ભગવાન ભજવામાં કસર રહે છે તે બ્રહ્મરૂપ થવાની અને સત્પુરુષમાં જોડાવાની. આ કસર નહિ ટળી હોય તો બીજો જન્મ લેવો પડશે. જેટલો સ્વપ્નમાં વ્યવહાર દેખાય, તેટલો સત્સંગ ગૌણ. શિવલાલભાઈ, દાદાખાચર વગેરેને સત્સંગ પ્રધાન અને વ્યવહાર ગૌણ. વ્યવહાર પ્રધાન હોય ત્યારે સુખ ન આવે.

'રાજીપો ક્યારે થાય તો ત્રણ પ્રકારે મન, કર્મ, વચને સેવા કરે. નાસ્તિકભાવ મનમાં રહે છે એ વિશેષ નડે છે. દેહે કરીને સેવા કરે, ગુણ ગાય પણ પોતાનું જુદું માને એ નાસ્તિકભાવ. માટે મહારાજ-સ્વામીને ધણી માની સર્વે તેમનું જ છે, એ જ ખરી શ્રદ્ધા, એ જ આસ્તિકભાવ. અને એવો જે હોય તેના મનની સર્વે ગ્રંથિઓ ટળી જાય અને આસ્તિકભાવ આવે.

'મોજીદડના એક હરિભક્ત, તેમને સ્વામી કહે કે 'રાત છે કે દિવસ ?' ત્યારે તે કહે : 'સ્વામીની બનાવેલી રાત્રિ અને દિવસ છે. માટે જો રાત કહો તો રાત. એમાં વાંધો નથી. પણ જો રૂપિયા માગો તો હૈયું તૂટે.' માટે એમ ન કરવું.

'શાસ્ત્રમાં તો પર્વતભાઈ અને ગોરધનભાઈનાં નામ લખાયાં, કારણ કે આજ્ઞામાં ટૂક ટૂક વર્ત્યા અને યાહોમ - સર્વસ્વ સોંપી દીધું. મહારાજ અને સ્વામી તો આપણો વ્યવહાર સાચવે છે. મોટા તો આપણને મોટા બનાવવા, બ્રહ્મરૂપ બનાવવા અને પોતાની મૂર્તિનું સુખ આપવા બેઠા છે, પણ જીવને લેતાં આવડતું નથી.

વળી શુક્રવાર, તા. ૧૮-૨-'૫૫, સવારે વાત કરતાં કહ્યું : 'ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં ન આવે. માયાનો પેચ એટલે જગતનો પ્રવાહ.

પછી વચનામૃત ગ.પ્ર. ૪૦ વંચાવી વાત કરી : 'સવિકલ્પ સમાધિ તે કેને કહીએ અને નિર્વિકલ્પ સમાધિ તે કેને કહીએ ? આપણે કઈ સમાધિમાં છીએ ? પહેલાં તો ભગવાનનું સ્વરૂપ જ ન ઓળખતો હોય અને ઘણા સાંધા હોય તેને સ્વરૂપની ઓળખાણ કેમ થાય ? માટે વિજાપુરનાં વજીબાના જેવી ટેક રાખવી.

પહેલાં ભગવાનના સ્વરૂપને ઓળખવું અને હેત કરવું. કોઈ આંબા-આંબલી બતાવે તોપણ લોભાય નહિ. નિર્વિકલ્પમાં અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું. પણ અક્ષરબ્રહ્મને ઓળખતો ન હોય તો સાધર્મ્યપણાને શી રીતે પામે ?'

મહા વદ એકાદશીએ સ્વામીશ્રી ઠીકરિયા પધાર્યા. મણિભાઈએ ગામોગામના હરિભક્તોને તેડાવી ઉત્સવ યોજ્યો હતો.

શનિવાર, તા. ૧૯-૨-'૫૫ના સાંજે ૫-૦૦ વાગે વચનામૃત ગ.મ. ૧ વંચાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજે પોતાનો મહિમા બહુ જ દબાવી રાખ્યો પણ કહ્યો નહિ, પરંતુ જ્યારે સ્વામીને આજ્ઞા કરી ત્યારે સ્વામીએ છૂટા વાવટા મૂક્યા અને જેમ છે તેમ મહારાજનો મહિમા કહ્યો, અને હજારેને મહારાજની મૂર્તિમાં જોડી દીધા.'

ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું : 'વર્તમાનકાળે પ્રત્યક્ષ મૂર્તિમાં કેવી રીતે જોડાવું ?'

સ્વામીશ્રીએ હસીને કહ્યું : 'મહારાજ, સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજને આગળ રાખી જેટલો મહિમા કહેવાય એટલો કહેવામાં બાધ નથી. તે સિવાય 'એક રતિ બીન એક રતિ કો !'

ઠીકરિયાથી શિવરાત્રિએ ભરૂચ પધારી નર્મદા-સ્નાન કર્યું. રવિવારે રાત્રિસભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'ખરેખરું જ્ઞાન એટલે શું ? જ્ઞાન થાય પણ જે જ્ઞાનમાં બીજાનો ભાર રહે નહિ અને નિયમ-ધર્મને ગૌણપણું આવે, તે નિર્બીજ જ્ઞાન કહેવાય. સબીજ જ્ઞાનમાં તો મહિમાએ સહિત દરેકમાં દિવ્યભાવ રહે, નિયમ-ધર્મ પળાય અને સૌને સમાસ થાય તેમ વર્તે. તેવું જ્ઞાન થાય તેને અંતરે શાંતિ રહે અને બીજાને પણ શાંતિ કરી શકે. નિર્બંધ હોય તે બીજાને નિર્બંધ કરી શકે.' તે ઉપર બંધીતોડ ગુરુનું દૃષ્ટાંત આપ્યું.

અહીંથી શુક્લતીર્થ, મંગલેશ્વર થઈ, ઝાડેશ્વર નટવરભાઈને ત્યાં પધાર્યા. અહીં ઘણી પધરામણીઓ થઈ. અમાસે ફરીથી નર્મદા-સ્નાન કરી, બુધવાર તા. ૨૩-૨-'૫૫ના દિવસે માત્રોજ પધાર્યા.

સવારે કથા પ્રસંગમાં સા. ૬ઠ્ઠું વચનામૃત સમજાવતાં કહ્યું :

'પરાવાણી એટલે પરબ્રહ્મના ગુણ ગાવા. એ જ કરવાનું છે. આખો દિવસ. પણ બીજી વાણી ન કાઢવી.

'ગ.મ. ૩૭મા વચનામૃતમાં કહ્યું : 'જ્ઞાની પણ પ્રકૃતિ અનુસાર આચરણ

કરે. કઠણ વચન ઉપદેશના કરનારા કહે તોપણ તેને વિશે હેત અને વિશ્વાસ હોય તો પ્રકૃતિ ટળે. માટે વેગમાં ન આવવું. વેગમાં આવવાથી પ્રકૃતિ ટળતી નથી. સત્પુરુષ દુ:ખવીને વચન કહે, તો ગમે તેટલો વેગ હોય તોપણ તે મૂકીને સત્પુરુષ કહે તે પ્રમાણે કરે તો જ પ્રકૃતિ ટળે.'

સ્વામીશ્રીનું કાનમમાં વિચરણ હોય ત્યારે સારીંગના મનુભાઈ આગ્રહ કરી સ્વામીશ્રીને અને સંતોને પોતાને ગામ જરૂરથી પધરાવે. આજુબાજુનાં ગામોમાંથી પણ મોટો ભક્ત-સમુદાય સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે ઊમટે. આ વખતે સારીંગમાં બે દિવસ રોકાઈને સૌને કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યું.

તા. ૨૪-૨-'૫૫ના રોજ ટપાલ લખતાં બાજુમાં બેઠેલા હરિભક્ત સાથે વાત કરતાં કહે : 'દરેકને સંપ રહે અને સૌમાં દિવ્યભાવ વધે એ જ કરવાનું છે. એવું થાય તો સત્સંગ વધે. સ્વામી શાસ્ત્રીજી મહારાજ પણ એમ જ રાખતા. નિર્ગુણ સ્વામી પણ એમ જ રાખતા. દિવ્યભાવ કેળવવો, તો સંપ રહેશે અને વિક્ષેપ નહિ થાય. સત્સંગ વધશે.'

વળી, સાંજે મૂળજીભાઈના પંપે પાણીની ક્યારીમાં સંતો-હરિભક્તો સાથે બેઠા હતા. ત્યારે સ્વામીશ્રીએ વાત કરી કે –

'પાંચ ઘાંટી ઓળંગવી. ભેગા રહીને મહિમા સમજવો એ મોટી ઘાંટી છે. સાધુના સમાગમે એ ઘાંટી ઓળંગાય છે. ભગવાનના ભક્તના ગુણ ગાવાથી જ જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. માટે સદા ગુણ ગાયા કરવા, પરંતુ અવગુણ તો ગાવા જ નહિ.

'નિર્દોષબુદ્ધિ જેવી કોઈ સેવા નથી. અને એ જેવી કોઈ ભક્તિ નથી. નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ. માટે ભગવાન તથા ભગવાનના ભક્તને અખંડ નિર્દોષ સમજવા. મોટાપુરુષને વિષે અંતરાય રાખવો નહિ, તો અવયવ ફરી જાય. અવયવ ફરે એટલે અખંડ કથાવાર્તા-સમાગમમાં જ રુચિ વર્તે અને એના સંગે ટાઢું થઈ જાય.

'આ ગામમાં ભાઈ રામદાસજી થઈ ગયા. એવા મોટાપુરુષના સ્થાનક શાંતિ આપે છે. ટોરડામાં ગોપાળાનંદ સ્વામીનાં સ્થાને દર્શન કર્યાં તો શાંતિ થઈ ગઈ. પ્રસાદીનાં સ્થાનનાં દર્શનથી તથા એવા મોટા ભગવાનના ભક્તનાં દર્શનથી ટાઢું થાય અને રુચિ સારી થઈ જાય છે. પણ મોટાપુરુષ જ્યારે હોય ત્યારે ઓળખાય નહિ. શાસ્ત્રીજી મહારાજ જેવા છે તેવા જણાયા નહિ. જેણે જાણ્યા અને ટાણાની સેવા કરી લીધી તેને અખંડ શાંતિ. એવા પુરુષ પરોક્ષ

થાય ત્યારે મહિમા સમજાય.

'એમ પ્રગટની ઓળખાણ થોડાં પુણ્યે થતી નથી. એ ઓળખાણ યથાર્થ થાય ત્યારે અંતરમાં અખંડ શાંતિ અને આનંદ વર્તે.

'છેલ્લાનું ૧૧મું વચનામૃત સિદ્ધ થાય, સીતાજીની સમજણનું - ત્યારે સાચી સમજણ આવી કહેવાય અને ભગવાનને વિષે નિર્દોષબુદ્ધિ સિદ્ધ થઈ ગણાય.'

પછી સ્નાન કરવા પધાર્યા. ખૂબ સ્મૃતિ આપી. હજુ હમણાં જ જ્ઞાન-ગંગામાં તરબોળ થયા ને આ બ્રહ્મમય જળલીલાનોય લાભ આપ્યો. તેથી સૌ ખૂબ રાજી થયા. પછી પંપની બાજુની જગા પર બિરાજ્યા.

યુવકો આજુબાજુ ગોઠવાઈ ગયા ત્યારે સ્વામીશ્રીએ ફરી વાત ઉપાડી : 'ગ.પ્ર. ૫૮મા વચનામૃતમાં - 'મોટા રાજી કેમ થાય ?' એ વાત સમજાવી. 'નિષ્કપટપણે વર્તે, દોષનો ત્યાગ કરે, સંતનો ગુલામ થઈને રહે, માન ટળે ભાવે રહે અને દેહે કરીને સર્વને નમતો રહે. રાજીપા માટે શ્રીજીમહારાજે સૂક્ષ્મ વાત કરી : 'ચરણોમેં શીશ નામી, દીનતા ઉચ્ચારીએ.'

'ઢોલરવાના ભગવાનભાઈ ઠક્કરે સેવા બહુ કરી, ચાંદીનાં કમાડ કર્યાં, પણ સંકલ્પ બહુ થાય. જાગા સ્વામીને વાત કરી. ત્યારે તેમણે કહ્યું કે સ્વામીને કહેજો કે 'હું તમારો છું.' એમ કહ્યું ત્યારે શાંતિ થઈ. એમ પોતાનો ભાવ ભૂલી સત્પુરુષને મન અર્પણ કરી દે.'

બીજે દિવસે ગામમાં ઘણી પધરામણીઓ થઈ. સ્વામીશ્રી દરેકના ઘરે થોડું બેસે. 'સત્સંગ ક્યારથી થયો ? પૂજા-કંઠી છે ?' એમ હેતથી પૂછે, પ્રસાદ આપે અને થોડી વાત પણ કરે.

આજે હર્ષદભાઈ દવે પધરામણીમાં સાથે હતા. તેમણે વચનામૃત ગ.મ. ૪૨ ઉપર પ્રશ્ન પૂછ્યો કે 'આ વચનામૃત ચાવીનું કેમ કહેવાય છે ?'

ત્યારે સ્વામીશ્રીએ સમજાવ્યું કે 'ગુણાતીતાનંદ સ્વામીએ આને ચાવીનું વચનામૃત કહ્યું છે. કારણ, તેમાં અક્ષરના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે. પુરુષોત્તમ નારાયણના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી, એટલે કહેવાતું નથી. જો કે અક્ષરના સ્વરૂપનું પણ વર્ણન થઈ શકતું નથી. છતાં અક્ષરના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કરવાથી પુરુષોત્તમના સ્વરૂપનો મહિમા સમજાય છે. કેમ જે, 'જ્યારે આવા મોટા અક્ષર, તો તેના પતિ પુરુષોત્તમ તો કેવા હશે ?' આ મુદ્દો છે. અને અક્ષરનો આવો મહિમા યથાર્થ સમજાય તો કલ્યાણની ચાવી હાથમાં આવી ગઈ.'

આ બાજુ સુરતના આશાભાઈને ત્યાં વલાસણમાં ગંગાપૂજન હતું. તેથી તેમના આગ્રહથી સ્વામીશ્રી ફાગણ સુદ ૪, સીધા વલાસણ પધાર્યા. ગંગા-પૂજનનો વિધિ પૂરો કરી, કથાવાર્તા તથા પધરામણીઓ કરી, સૌ હરિભક્તોને રાજી કરી, સ્વામીશ્રી પાછા શિનોર પધાર્યા.

આફ્રિકાવાળા શામળભાઈના આમંત્રણથી શિનોરથી પાણેથા જવા માટે ફાગણ સુદ ૬, સાંજે ૩-૧૫ વાગે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, મોટાસ્વામી, સંત-સ્વામી, અક્ષરસ્વરૂપ સ્વામી વગેરે અગિયાર સંતો તથા દાજી, મણિભાઈ, બાવાજીભાઈ વગેરે ભક્તો સાથે નાવમાં નીકળ્યા. નૌકાવિહાર દરમ્યાન સ્વામીશ્રીએ કથાવાર્તા કરી. દાડમનો પ્રસાદ સૌને વહેંચ્યો તથા આરતી, સ્તુતિ વગેરે કર્યાં. ૪ કલાકે સામે કિનારે પાણેથા પહોંચ્યા. હરિભક્તોએ ધામધૂમથી સ્વાગત કર્યું. કથાવાર્તા, પધરામણીઓ કરી સ્વામીશ્રીએ હરિભક્તોને રાજી કર્યા.

બીજે દિવસે બપોરે નર્મદાસ્નાન કર્યું. સ્વામીશ્રીએ ઠાકોરજીને સ્નાન કરાવી સૌને માથે જળ ચઢાવ્યું અને નાવમાં બિરાજ્યા. કથાવાર્તા, ધૂન, ભજન કરતાં રાત્રે ૮-૩૦ વાગે સૌ શિનોર આવી પહોંચ્યા. અહીંથી કંડારી, સલાડ વગેરે ગામો ફર્યા.

આ રીતે દેહની પરવા કર્યા વગર વિચરણ કર્યું. નરમ તબિયતને કારણે અશક્તિ હતી. વળી, ગૂમડું થયું હતું. આ બધી તકલીફોને ન ગણકારતાં કાનમમાં રોજ ત્રણ-ચાર ગામો ફરીને, સ્વામીશ્રી સખત પરિશ્રમ લઈ રહ્યા હતા. ગામોગામ હરિભક્તોનો ભાવ પણ એટલો બધો કે સ્વામીશ્રી કોઈને નારાજ ન કરી શકે. એટલે પધરામણીઓ પણ પુષ્કળ થતી. પૂરતો આરામ મળે જ નહિ. ડમણિયામાં ફરવાનું એટલે ઘણી વાર સ્વામીશ્રીની પિચોટી ખસી જાય, ઝાડા થઈ જાય, પેટ ચોળાવવું પડે, છતાં સ્વામીશ્રી વિચરણ ચાલુ રાખતા.

અમદાવાદ થઈ ફાગણ સુદ ૧૫, સમૈયા ઉપર સારંગપુર પધાર્યા.

ભવ્ય મંદિરમાં સુવર્ણ સિંહાસનમાં શાસ્ત્રીજી મહારાજ બિરાજશે

અમદાવાદના હરિભક્તો આ સમૈયામાં આવ્યા હતા.

તા. ૮-૩-'૫૫ના દિવસે સ્વામીશ્રી રમેશભાઈ દલાલનો હાથ ઝાલીને શાસ્ત્રીજી મહારાજની દેરીએ પ્રદક્ષિણા ફરતા હતા. ત્યારે રમેશભાઈએ પૂછ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજ જેવા મોટાપુરુષની નાની દેરી છે તેને બદલે મોટું મંદિર ન હોવું જોઈએ ?'

એ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'રમેશભાઈ ! અહીં ભવિષ્યમાં લાખો રૂપિયાનું મંદિર થશે. અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સોનાના સિંહાસનમાં બેસશે. એવો મહિમા વધશે. અને મોટા મોટા આચાર્યો માથાં ઘસશે.'

સ્વામીશ્રીની વાત સાંભળીને રમેશભાઈ અત્યંત આશ્ચર્ય પામ્યા, પરંતુ સ્વામીશ્રીનાં આ વચનો ભવિષ્યમાં એમણે સાકાર થતાં જોયાં.

સ્વામીશ્રી પ્રદક્ષિણા કરીને વાડીમાં પધાર્યા. સાથે આવેલા ભક્તો સભારૂપે ગોઠવાઈ ગયા એટલે સ્વામીશ્રીએ વાત કરી : 'આજે સમાધિ સ્થાનમાં આપણે સૌ ભેગા થયા છીએ. શ્રીજીમહારાજે આ ગામમાં ફગવાં આપ્યાં હતાં. શાસ્ત્રીજી મહારાજે પણ મગનભાઈ, પ્રભુદાસ લાલાજી વગેરેને ફગવાં આપ્યાં હતાં. આવું આ સ્થાન. સાક્ષાત્ અક્ષરધામમાં બેઠા છીએ. કોઈનો અવગુણ ન આવે એવો સંકલ્પ કરીને આપણે સત્સંગમાં આગળ વધવું. ગ.પ્ર. ૨૪ વચનામૃત વાંચી વિચારવું. આવી નિર્દોષબુદ્ધિ રાખશું તો નિર્દોષ થઈ જશું. માટે ગોંડલ, સારંગપુર - બધાં મંદિરોને વિશે દિવ્યભાવ - અક્ષરધામનો ભાવ રહે એવી ધૂન્ય કરવી.'

રાય અને રંક પ્રત્યે સમતા

અમદાવાદના માંડવીની પોળવાળા અખંડાનંદ ઔષધાલયના વૈદ્યરાજ અંબાશંકર ઉમિયાશંકર ભટ્ટ મૂળ તો શિયાણીના વતની. તેમના પૂર્વજોમાં અખંડાનંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજ પાસે દીક્ષા લીધેલી અને સત્સંગમાં બહુ પ્રસિદ્ધિ પામ્યા હતા.

ફૂલદોલના સમૈયે તેઓ પણ સારંગપુર આવ્યા હતા. સ્વામીશ્રીનો બોટાદનો કાર્યક્રમ હતો. તેથી હકાભાઈ ખાચર, મગનભાઈ સેક્રેટરી વગેરે સાથે મુલાકાત થતાં તેમને બોટાદમાં પણ લાભ મળ્યો.

બીજે દિવસે સવારે ભાવનગરથી મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજીનો તાર આવ્યો. તેમાં તેમના કુંવર સાહેબનાં લગ્ન પ્રસંગે તેઓ સ્પેશિયલ ટ્રેન લઈને રસાલા સાથે જઈ રહ્યા છે, તો સ્વામીશ્રી બોટાદ જંક્શન ઉપર કુંવર સાહેબને દર્શન અને આશીર્વાદ આપવા પધારે, તેવી વિનંતી હતી.

સ્વામીશ્રી, મોટાસ્વામી, પ્રમુખસ્વામી, સંતવલ્લભ સ્વામી વગેરે સંતમંડળ તથા સર્વે હરિભક્તો સ્ટેશન પર પધાર્યા. સ્વામીશ્રીએ કુંવર સાહેબને ઠાકોરજીનો હાર પહેરાવ્યો અને પ્રસાદી આપી. મહારાજા તથા તેમના પરિવારને આનંદ

આનંદ થઈ ગયો. મહારાજાએ પણ સ્વામીશ્રીનું અભિવાદન કરી આભાર માન્યો. તેમણે વિદાય લેવા રજા માગી. સ્વામીશ્રીએ પ્રસન્ન થઈ આશીર્વાદ આપી વિદાય કર્યા.

તે વખતે સ્ટેશન ઉપરનો સાંધાવાળો સ્વામીશ્રીને પગે લાગીને કહે : 'બાપા ! મારે ત્યાં પધારો, મારી ઝૂંપડી પાવન કરો.'

ત્યારે મોટાસ્વામી કહે : 'સાડા બાર વાગ્યા છે. તાપ ઘણો જ થઈ ગયો છે. અમારે સારંગપુર જઈ ઠાકોરજીને જમાડવાના છે. માટે અત્યારે નહીં !'

પરંતુ સ્વામીશ્રી કોનું નામ ! તેમણે કહ્યું : 'મોટાસ્વામી ! આપણે તેને રાજી કરો. તેનો પ્રેમભાવ તો જુઓ.' એમ કહી સ્વામીશ્રી ચાલ્યા.

સૌ સ્વામીશ્રીને જ અનુસર્યા. મોટાસ્વામી કાંઈ બોલી શક્યા નહીં. સાંધાવાળો પોતાની નાની ઓરડીમાં સ્વામીશ્રીને પધરાવી રાજીનો રેડ થઈ ગયો. તે ભાન ભૂલીને આમતેમ રઘવાયો થતો હતો. તેણે સ્વામીશ્રીની પૂજા અને આરતી કર્યાં. સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપી સારંગપુર આવવા આજ્ઞા કરી.

'હજુ હમણાં જ મહારાજા જેનાં ચરણે પડતા હતા, તે ચરણો મારી ઝૂંપડીને પાવન કરી રહ્યાં છે !' એ વિચાર સાથે સાંધાવાળો આનંદવિભોર હતો. અન્ય સૌ પણ આ કરુણાસાગરની કરુણા અને સ્થિતપ્રજ્ઞ સમદૃષ્ટિને વિચારી રહ્યા હતા.

એવામાં અહીંના સ્ટેશન માસ્તર પ્રેમશંકર દવે આવ્યા અને પોતાના ઘરે ભોજન માટે પધારવા આગ્રહ કર્યો : 'સ્વામી ! રસોઈ તૈયાર છે.'

મોટાસ્વામી કહે : 'સારંગપુરમાં સંતો વાટ જોઈને બેઠા હોય, માટે ત્યાં જવું છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે માસ્તરનો ભાવ પૂરો કરો. અહીં ઠાકોરજીને જમાડી લઈએ. સારંગપુર સંદેશો મોકલી આપીએ.'

કેવળ કરુણાદૃષ્ટિથી અને સર્વના કલ્યાણના હેતુથી સ્વામીશ્રી નાના-મોટા સર્વ ભક્તોના સંકલ્પો પૂરા કરતા. સત્પુરુષ જ એનું નામ, જે ગમે તે સમયે, ગમે તેના ભાવ પૂરા કરી શકે. એમાં પોતાના વિચારો, પોતાના દેહની સંભાળને ગણકારે નહીં ! દેહ, ઇન્દ્રિયો તથા અંતઃકરણથી જે અતીત હોય તે જ આમ સાહજિકતાથી વર્તી શકે. સૌને પ્રસન્ન કરી શકે.

સ્વામીશ્રી સારંગપુરમાં રોજ સાંજે વાડીમાં અલૌકિક લાભ આપતા. તા. ૧૦-૩-'૫૫ના રોજ 'સ્વામીની વાત' બોલ્યા : 'વાંકિયામાં વાત કરી કે આ

વાતું ફરી જન્મ થવા દે તેવી નથી.' પછી તે ઉપર વાત કરી : 'કસર કાઢવી હોય ત્યારે સમાગમ કરવો. દેહરૂપ મનાય એ મોટી કસર. શબ્દ લાગે, માન-અપમાન લાગે. બ્રહ્મરૂપ થાય ત્યારે કસર ટળે. 'ગુણાતીત મારું સ્વરૂપ છે' એમ માનવું જોઈએ. સ્વાદમાત્ર નીકળી જવો જોઈએ. ગળેથી નીચે ઊતર્યા પછી સ્વાદ નથી. ગુણાતીત સ્વરૂપ થઈએ ત્યારે મોટાપુરુષના ગુણ આવે અને લો. ૧૦ સિદ્ધ થાય.'

સ્વામીશ્રી સંતસ્વામી વગેરે સંતો સાથે તા. ૧૩-૩-'૫૫ના દિવસે સારંગપુરથી વાગડ થઈ ઊંચડી જવા માટે ગાડામાં નીકળ્યા. વચ્ચે આબાસરના હરિભક્તોને ખબર પડતાં રસ્તા પર ઊભા રહ્યા અને સ્વામીશ્રીને ગામમાં પધારવા પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ ગામમાં ઘરોઘર પધરામણી કરી. એ વખતે મોહનભાઈ ડાહ્યાભાઈનું બીડીનું વ્યસન છોડાવ્યું.

સ્વામીશ્રી જૂના મંદિરે દર્શને ગયા. મંદિર જીર્ણ થઈ ગયું હતું. સ્વામીશ્રીએ સર્વે હરિભક્તોને કહ્યું : 'આ મંદિર સુધારો.'

ત્યારે હરિભક્તો કહે : 'બાપા ! વરસ નબળાં આવે છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આવતું વર્ષ સારું થશે. મંદિરનો જીર્ણોદ્ધાર કરી દેજો.'

સ્વામીશ્રીના આશીર્વાદથી વરસ સારું થયું અને સૌએ મળીને મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો.

સ્વામીશ્રી ત્યાંથી વિદાય થઈ ઊંચડી થઈ અડવાળ પધારી, એક અઠવાડિયું સૌને બ્રહ્મલાભ આપ્યો.

તા. ૧૬-૩-'૫૫ના બુધવારે રાતે ૯-૧૫ વાગે વચનામૃત ગ.પ્ર. ૨૨ ઉપર વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કથાવાર્તા, કીર્તન વગેરે સ્મૃતિએ સહિત કરવું. ભગવાનની સ્મૃતિ વિના કાંઈ કાર્ય ન કરવું, તો ઘણું સુખ આવે. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, ચાલતાં દરેક ક્રિયા ભગવાનની મૂર્તિને સંભારીને કરવી, તો આનંદના ફુવારા છૂટે અને અખંડ કેફ વર્તે. હું ગાઉં છું ને ભક્તો સાંભળે છે તેવો ભાવ આવવા ન દેવો, પરંતુ મૂર્તિને ધારીને દરેક ક્રિયા કરવી.'

ભગવાનની મૂર્તિ સંભારીને ક્રિયા કરવી... આનંદના ફુવારા છૂટે... અખંડ કેફ વર્તે... આ અનુભવ વાણી જ સ્વામીશ્રીની અલૌકિક સ્થિતિની પ્રતીતિ દરેકને સહેજે કરાવતી. પોતે મૂર્તિનો આનંદ કેવો ભોગવે છે તેનો પરિચય પણ એમના શબ્દો ઉપરથી, ભાવ ઉપરથી, વર્તન ઉપરથી ગમે તેને થતો.

'પહેલાં તો ગુણાતીત જ્ઞાનવાળા ન હતા, પરંતુ અત્યારે તો કલકત્તા અને વિલાયતના ઝાંપા સુધી જ્ઞાન પ્રસરી ગયું છે.'

સ્વામીશ્રીએ વિલાયતના સત્સંગની આગાહી કરી આગળ કહ્યું 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે અમે તો કેટલાકને બ્રહ્મવિદ્યા શીખવાડીને મોકલેલા છે. જાગા સ્વામીએ પૂછ્યું : 'બ્રહ્મવિદ્યા શીખવાડેલા છે તેનું લક્ષણ શું ?' એક તો આવા સંતમાં સહેજે હેત થાય, વગર બોલાવ્યે. બીજું, અખંડ સ્થિતિમાં રહે. અખંડ સ્થિતિ શું ? અખંડ કથાવાર્તા, ભજન, કીર્તન કર્યા કરે અને મૂર્તિમાં મગ્ન રહે. અને વહેવારે તો ખપ પૂરતો કર્યા કરે.'

અઠવાડિયામાં અલૌકિક સ્થિતિ સુધીના બોધપાઠ આપી જાળિયા પધાર્યા. સૌને ખૂબ આનંદ થયો. શહેરના યુવકો વિચરણમાં સાથે જ હતા. સ્વામીશ્રી તેમને વાતો સાંભળવા ખાસ બેસાડતા, અને નિશાન પણ તેમને જ બનાવતા. યુવકો પણ સ્વામીશ્રીની આવી અકારણ કરુણાથી ગદ્ગદ થઈ જતા.

તા. ૧૭-૩-'૫૫ની રાતે સ્વામીશ્રીએ યુવકોને સંબોધતાં કહ્યું : 'સંત-સ્વામી ટ્યુશન આપશે, એટલે તમે પાસ થઈ જશો. કેમ કે તેમને પ્રૅક્ટિસ છે. પ્રથાની વાતો વધુ કરવી, સભામાં આસન વાળીને બેસવું. અત્યારે સંતનો જોગ છે. મહારાજના મહિમાની, ધર્મની કથાવાર્તા કરવી. શ્રદ્ધાની ટેવ રાખવી. સાત સમેલિયા થવું. ગમે તે ક્રિયા કરતા હોઈએ - પેશાબ કરવા જતા હોઈએ તોપણ ધ્યાનમાં રહેવું, તો આપણા જીવમાં બળ રહે. રમતમાં કોઈએ પડવું નહીં. મોટા સંત બેઠા હોય તો મેડા ઉપર ચઢીને માથાં ઓળવાં વગેરે દેખાવ ન કરવો. દાતણ ચાલતાં ચાલતાં ન કરવું. દિશાએ જઈને સાધુની જેમ ધૂળ્યથી હાથ ધોવા.'

પછી ધૂન કરાવીને કહે : 'ભાદર નદી પ્રસાદીની. મહારાજ નાહેલા.'

પછી વીરડામાં પ્રસાદીનું પતાસું નંખાવ્યું. એક હરિભક્ત ફોટા પાડતા હતા તેને કહ્યું : 'રેડી' એમ કહેજો.' પછી બધા યુવકોને સંબોધીને કહે : 'સત્પુરુષનો ગુણ તો તો આવે જો નિર્દોષ સમજે. જેટલો અંતરાય રહે છે એટલી ખાધ રહે છે.'

'બુદ્ધિયોગ શું ? આપણામાં શ્રદ્ધા વધે તે રાજીપો, ભગતજી મહારાજ સ્વામીની આજ્ઞાથી ગિરનારને બોલાવવા ગયા. કેટલી શ્રદ્ધા, કેટલો વિશ્વાસ ! શંકા-જુક્તિ થાય તેમ હતું, છતાં શંકા ન કરી. એવી શ્રદ્ધા (હૃદયમાં) ઊતરે ત્યારે બધાં વચન પળે. અંતરાય ન રહે. તન, મન, ધન 'યાહોમ' થઈ જાય.'

રાત્રે સભામાં કહે : 'મને કોઈ વાતું કરે તે સાંભળવાની બહુ મજા આવે. પહેલાં ઝોલાં બહુ આવતાં. હવે ઠીક થયું છે.'

ખસતા થઈ વઢવાણ જવા નીકળ્યા. રસ્તામાં બોટાદ સ્ટેશને સ્થાનિક

હરિભક્તોને ત્રણ કલાક કથાવાર્તા, દર્શનનો લાભ આપ્યો.

દંડી સંન્યાસી આરતી ઉતારવા પ્રેરાય છે

વઢવાણ જતાં સ્વામીશ્રીએ સુરેન્દ્રનગર સ્ટેશન ઉપર જ સભા ગોઠવી. આસપાસનાં ગામડાંના ઘણા હરિભક્તો દર્શને આવ્યા હતા. સૌને આશીર્વાદ આપ્યા. પછી ત્ર્યંબકભાઈ ટ્રોલીવાળાની મોટરમાં વઢવાણ આવ્યા.

સવારે ૧૧ વાગે દીવાન સાહેબની ડેલીના ગેસ્ટ હાઉસમાં જાહેર સભામાં પધાર્યા. કલેક્ટર ગોવિંદસિંહ ચુડાસમા પ્રમુખ હતા. સભામાં વઢવાણના સમ્માનનીય સંન્યાસી દંડી સ્વામી ઓમપ્રકાશાનંદજી આવ્યા હતા. સૌએ સ્વામીશ્રીનો મહિમા કહ્યો. સ્વામીશ્રીએ સંત-મહિમાની વાત કરી અને દંડી સ્વામીનો મહિમા કહી, તેમનો તથા કલેક્ટર સાહેબનો આભાર માન્યો. સ્વામીશ્રીની નમ્રતા અને નિર્માનીપણું જોઈને દંડી સ્વામીના અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ માન થયું અને સાંજે પોતાના આશ્રમમાં પધારવા સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું.

સાંજે ૫ વાગે સ્વામીશ્રી દંડી સ્વામીના આશ્રમમાં જવા નીકળ્યા. જડેશ્વર સોસાયટીમાં તેમનો આશ્રમ હતો. તેમણે સ્વામીશ્રીનું સન્માન કર્યું. આશ્રમમાં બધે પગલાં કરાવ્યાં. પછી તેઓ સ્વામીશ્રીને પોતાના ધ્યાનના ભોંયરામાં લઈ ગયા. પોતે જે આસન પર બેસતા તે મૃગચર્મ પર સ્વામીશ્રીને બેસાડ્યા અને પૂજા કરી, આરતી તૈયાર રાખી હતી તે પ્રગટાવી, તેઓ સ્વામીશ્રીની આરતી ઉતારવા લાગ્યા. સ્વામીશ્રી આગ્રહપૂર્વક ના પાડતા રહ્યા, પરંતુ તેમણે આરતી ચાલુ જ રાખી. એ વખતે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પોતાના ખોળામાં રાખી. ત્યારે દંડી સ્વામી બોલ્યા : ‘સંન્યાસી થયા પછી મેં શંકરાચાર્ય સિવાય હજુ સુધી કોઈની પૂજા-આરતી કરી નથી, પરંતુ આજે યોગીબાપાની પૂજા-આરતી કરું છું, કારણ કે ગીતામાં ભગવાને કહ્યું છે : ‘निर्मानमोहा जितसङ्गदोषाः...’ એવા સંત યોગીજી મહારાજ છે. તેથી મારા જેવા એક સંન્યાસીનું મસ્તક તેમનાં ચરણોમાં નમી પડે છે. યોગીજી મહારાજ રૂપે આજે સાક્ષાત્ પરમાત્મા મને દર્શન આપી રહ્યા છે !’ આટલું બોલતાં તેઓ ભાવ-વિભોર થઈ ગયા.

ચૈત્ર સુદ ૪, સાંજે ગોંડલ આવી પહોંચ્યા.

સ્વામીશ્રી ટૂંક સમયમાં આફ્રિકા પધારતા હોવાથી, ચૈત્ર સુદ ૭, હારતોરા

કરી, શ્રીફળ તથા સાકર હાથમાં ધરી સૌએ ભાવભીની વિદાય આપી. રાજકોટ સ્ટેશને સેંકડો હરિભક્તો વિદાય આપવા આવ્યા હતા. એ જ રીતે સુરેન્દ્રનગર સ્ટેશને પણ ઝાલાવાડના હરિભક્તોની પુષ્કળ ભીડ હતી. રાત્રે ૧૦ વાગે અમદાવાદ સ્ટેશને આવ્યા. બબુભાઈ કોઠારીએ સુંદર રીતે મંદિર શણગાર્યું હતું.

આઠમને દિવસે નરનારાયણ મંદિરમાંથી બે ગવૈયા સાધુ આવ્યા. તેમણે વાજિંત્ર સાથે બે કીર્તનો ગાયાં. સ્વામીશ્રી બહુ રાજી થયા અને કહે : ‘તમે અમને દર્શન દીધાં તે સારું કર્યું !’

ત્યારે તેઓ કહે : ‘સ્વામી ! અમે તમારાં દર્શને અને આશીર્વાદ લેવા આવ્યા છીએ. માટે આમ અવળું ન કહો.’ એમ કહી તેઓ પગે લાગ્યા.

સ્વામીએ બંનેની પીઠ પર ધબ્બો આપી આશીર્વાદ આપ્યા.

પછી સેવક ઉકાળા-પાણી માટે બોલાવવા આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીને કહ્યું : ‘બેય સંતોને ઉકાળો પીવા ભેગા લઈ લ્યો.’

પ્રમુખસ્વામીએ તે સંતોને સાથે લીધા. બધું પીરસાઈ રહ્યું ત્યારે સ્વામીશ્રી કહે : ‘શરૂ કરો.’ પછી ગવૈયા સંતો કહે : ‘આજે તમારી પ્રસાદી આપો. તે માટે જ અમે અહીં ઉકાળો પીવા આવ્યા છીએ.’

સ્વામીશ્રી તેમની ભાવના જોઈ બહુ રાજી થયા. અને પોતાના પાત્રમાંથી થોડી પ્રસાદી આપી. ગવૈયા સાધુઓએ ધન્યતા અનુભવી.

બીજે દિવસે હરિજયંતીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો.

સ્વામીશ્રીને નિર્જળ ઉપવાસ હતો. પણ સવારથી રાત સુધી ભરચક કાર્યક્રમ રહ્યો. સવારે મોટા મંદિરે દર્શન કરી, મિસ્ત્રીને મેડે સભા થઈ. બકરી પોળ મંડળે સ્વામીશ્રીને વિદાય આપવા મંડપ બાંધી ખૂબ શોભા કરી હતી. બૅન્ડ-વાજાંથી અભિવાદન કર્યું હતું. મોમ્બાસા મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે તથા સત્સંગ પ્રચારાર્થે સૌ પ્રથમ વાર આફ્રિકા જઈ રહ્યા હતા. તેથી હરિભક્તોને અનેકગણો ઉત્સાહ અને આનંદ હતો. રાઠોડ મંડળે પણ પ્રેમપૂર્વક વિદાય આપી. ઘણી જગ્યાએ પધરામણીઓ થઈ. સાંજના આંબલીવાળી પોળમાં પણ સંગીત-મંડળે કાર્યક્રમ ગોઠવી ભાવભીની વિદાય આપી. મોડી રાત્રે શાહીબાગ મંદિરે પધાર્યા. આમ, સ્વામીશ્રીને માટે તો હરિજયંતીના નિર્જળ ઉપવાસમાં વિદાય સમારંભો અને પધરામણીની પરંપરા વસમાં બન્યાં હતાં, પણ એમને દેહની ગણના નહોતી. હરિભક્તોના આનંદમાં એમનો આનંદ હતો. તેથી જ આ ઉંમરે આવો ભીડો તેઓ ખમી શકતા હતા.

આનંદ-ઉદ્વેગ મિશ્રિત વિદાય

અહીંથી બોચાસણ જવા નીકળ્યા. અમદાવાદ, નડિયાદ તથા પેટલાદ સ્ટેશને સેંકડો હરિભક્તો, વિદેશગમન પહેલાં સ્વામીશ્રીનાં દર્શન માટે ઊમટ્યા હતા. એક બાજુ મનમાં સ્વામીશ્રીના વિરહની વેદના હતી, તો બીજી બાજુ મનમાં અત્યંત ખુશાલી હતી કે 'હવે વિદેશમાં અક્ષરપુરુષોત્તમનો ડંકો વાગશે. સ્વામીશ્રીનાં પગલાં આફ્રિકાની ધરતી ઉપર પડશે. એ ધરતી પાવન થશે, હજારો જીવોને સંસ્કાર થશે. દરિયાપાર અક્ષરપુરુષોત્તમના ઝંડા ફરકતા થઈ જશે.' એ આનંદ સૌનાં મનમાં એટલો બધો હતો કે સ્વામીશ્રીના સાંનિધ્યથી ભલે વંચિત રહેવું પડે, પણ શાસ્ત્રીજી મહારાજનું કાર્ય દિગંતમાં પ્રસરે એવી સૌને ખેવના હતી. જો કે પ્રગટના ભક્તોને પ્રગટની તાણ સદાય રહે, પણ એ પ્રગટ સત્પુરુષનાં દર્શન-સમાગમનો લાભ આફ્રિકાની ધરતી ઉપર પણ નવા મુમુક્ષુઓને મળે, તો ભલે મળે, અમે સ્વામીશ્રીની આજ્ઞા પાળીને, એમની મૂર્તિ અમારી ભેળી રાખીશું. એવા સંતોષથી, મન મનાવી ભક્તો આજે આનંદમાં ઉલ્લસી રહ્યા હતા.

પેટલાદથી સ્વામીશ્રી નાર મણિભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં પધાર્યા. તેમના ઘરે મૂર્તિપ્રતિષ્ઠા કરી. ભગતજી મહારાજના મળેલા ખુશાલદાદાને મળ્યા.

બપોરે બોચાસણ પધાર્યા. પૂર્ણિમાનો સમૈયો બારસે ઊજવ્યો. અહીં પણ ચરોતરના હજારો હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. સ્વામીશ્રીની મૂર્તિનું આકર્ષણ જ એવું હતું કે ગમે તેવું કામ હોય, પણ ભક્તોનાં મનમાં જબરજસ્ત ખેંચાણ થતું કે 'સ્વામીશ્રીનાં દર્શન કરી આવીએ, ફરી ક્યારે દર્શન થાય ?' આબાલવૃદ્ધ હજારો ભક્તોનાં મનમાં કોઈ અદૃશ્ય, અદ્‌ભુત ખેંચાણ થતું અને સ્વામીશ્રીને ખોળે માથું મૂકી, આશીર્વાદનો થપ્પો-ધબ્બો મળે ત્યારે જ જીવને ચેન પડતું, શાંતિ મળતી.

પોતાની સાનુકૂળતાનો સહેજે ત્યાગ

આ દિવસોમાં અક્ષર સ્વામીની તબિયત ખૂબ નરમ હતી. પોતાની દેહક્રિયા પણ જાતે કરી શકતા નહીં. તેમને સેવાભાવી સેવકની જરૂર હતી. વળી, સ્વામીશ્રી પણ આ માટે ખૂબ ચિંતિત હતા. તેથી વૈશાખમાં ગોંડલ પાટોત્સવ થયો ત્યારે જ ત્યાંના પૂજારી હરિસેવાદાસ સ્વામીને અક્ષર સ્વામીની

સેવામાં જોડાવા પૂછ્યું હતું, પણ તેમનું મન માન્યું નહીં. છેવટે સ્વામીશ્રીએ બાલમુકુન્દ સ્વામીને કહ્યું : 'તમે જશો ?'

'ભલે બાપા ! જેવી આજ્ઞા.' તે જ દિવસે તેઓ સ્વામીશ્રી સાથે ભાવનગર જઈ, એક પાર્ષદ સાથે બોચાસણ આવી અક્ષર સ્વામીની સેવામાં જોડાઈ ગયા.

બોચાસણમાં બાલમુકુન્દ સ્વામીને સેવા કરતા જોઈ સ્વામીશ્રીએ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો. બાલમુકુન્દ સ્વામી આફ્રિકાની યાત્રામાં પોતાની સાથે જોડાવાના હતા, તેથી સ્વામીશ્રીએ અક્ષર સ્વામીને કહ્યું 'સ્વામી ! બાલમુકુન્દદાસને અમારી ભેગા તેડવા આવ્યા છીએ.'

અક્ષર સ્વામીને આંચકો લાગ્યો. આવો સારો, સુશીલ અને નમ્રતાથી સેવા કરતો સેવક તેમને ક્યારેય મળ્યો ન હતો. તેથી તેઓ જરા અસ્વસ્થ થઈ ગયા. સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે બાલમુકુન્દ સ્વામીને બોલાવ્યા : 'તમારે આફ્રિકા જવાનું છે તો તમારું મન શું કહે છે ?'

'આપની આજ્ઞા એ જ મારું જીવન છે. એટલે કહો તેમ કરું.'

'ઓ... હો... હો...' સ્વામીશ્રીના મુખમાંથી રાજીપો ઊછળી આવતો હતો : 'તમે અક્ષર સ્વામીની સેવા કરો તેમાં અમે બહુ રાજી છીએ !'

સંતોની સૌ પ્રથમ વિદેશયાત્રામાં સ્વામીશ્રીની સેવામાં તેમને જવાનું હતું. વળી, વિદેશયાત્રાની મહેચ્છા કોને ન હોય ? પણ ગુરુવચને સઘળું ન્યોછાવર કરનારા આ સંત અક્ષર સ્વામીની સેવામાં રહ્યા. એ નિર્ણય જાણતાં જ અક્ષર સ્વામીની આંખો છલકાઈ ઊઠી. સ્વામીશ્રી તેમને મળવા આવ્યા ત્યારે ક્યાંય સુધી એમનો હાથ દબાવી આંસુઓ વહેવા દીધાં. આંસુની લિપિમાં અહીં પ્રેમની ભાવના વધુ ઘૂંટાતી હતી. તેમણે કહ્યું : 'જોગી ! તમે શાસ્ત્રીજી મહારાજ જ છો. તમારામાં ને સ્વામીમાં એક રોમનોય ફેર નથી. તમે તો ગુણાતીત મૂર્તિ છો !'

સ્વામીશ્રીએ વિદાય લેતાં આજ્ઞાપાલક શિષ્યને છાતી સરસા ભેટી આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું ન હતું. તેથી બાલમુકુન્દદાસ સ્વામી જેવા આજ્ઞાંકિત અને મહિમાથી સેવા કરનાર સંતની સ્વામીશ્રીને જોડમાં ખાસ જરૂર હતી. હજુ સુધી સ્વામીશ્રીની જોડમાં વિવિધ અને વિચિત્ર પ્રકૃતિવાળા સાધુઓ બદલાતા રહેતા અને એમની સગવડ ઘણી ઓછી સચવાતી. સ્વામીશ્રી કદી અગવડ જણાવતા નહિ. બાલમુકુન્દ સ્વામી પહેલી વાર એવા સેવક મળ્યા હતા કે જે મરજી જાણી સેવા કરે.

પરદેશી ભૂમિ ઉપર, સાથે સારા સેવક હોય તો દેહ સારું રહે ને વધુ વિચરણ થાય. વધુ ભીડો ખમાય, વધુ હરિભક્તોને રાજી કરી શકાય. એવી જ ભાવનાથી બાલમુકુન્દ સ્વામીને સાથે લેવાની ઈચ્છા હતી. પણ અક્ષર સ્વામીનું મન દુઃખાતું દેખી સ્વામીશ્રીએ પોતાનો નિર્ણય કટ ફેરવી નાખ્યો. એક જ ઈચ્છા કે શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર આવા જૂના સંતની બરાબર સેવા થાય, તેમનું દિલ ન દુભાય.

બાલમુકુન્દ સ્વામી પણ એવા આજ્ઞાંકિત કે સ્વામીશ્રીની સેવાનો અને પરદેશનો મોહ છોડી, અક્ષર સ્વામીની અનન્યભાવે સેવા કરી. સ્વામીશ્રીની અનુવૃત્તિ સાચવી. સંતો તો ઘણા હતા પણ, સ્વામીશ્રીની આવી આજ્ઞા કોણ પાળે ? એવો મહિમા જોઈએ ને !

'મને ધામમાં તેડી જવાનું કામ તમે કરો'

બપોરે ફરીથી સ્વામીશ્રી નાના અક્ષર સ્વામીના આસને ગયા. ત્યાં તેઓ ગદ્ગદિત થઈ ગયા; આંખમાં આંસુ સાથે સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'હવે ધામમાં લઈ જાવ. તમારી પ્રાર્થના મહારાજ સાંભળે છે.'

સ્વામીશ્રીએ તેમને બહુ સાંત્વન આપ્યું ને ધૂન કરી.

પછી મોટા અક્ષર સ્વામીના આસને ગયા. સ્વામીશ્રી થોડી વાર તેમની પાસે બેઠા. આસપાસ સંતો-હરિભક્તો વીંટળાઈને ઊભા હતા. સ્વામીશ્રી કહે : 'કંઈક વાત કરો.'

ત્યારે તેઓ બોલ્યા : 'પહેલાં મને વાતો કરતાં આવડતી નહોતી. એક વખત શાસ્ત્રીજી મહારાજે મને ગામડે ફરવા જવાનું કહ્યું. મેં કહ્યું : 'સ્વામી ! મારે ઘરે હું સત્સંગી નહોતો. તમારાં વચને સાધુ થયો. તમે કારખાનામાં જોડ્યો. તમે મને જ્ઞાનવાતો શીખવી નથી. કારખાનાનું કામ જ કરાવ્યું છે.' પછી તો શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી ગઈ. મને અડધો કલાક વાત કરીને શાસ્ત્રીજી મહારાજે જ્ઞાનની સ્ફુરણા કરી. જ્ઞાનનો ધોધ છૂટ્યો. મેં વચનામૃત કોઈ દી' હાથમાં લીધું ન હતું, પણ ૨૬૨ વચનામૃતમાંથી ગમે તે વંચાતું હોય તો હું કહી દઉં કે 'ફલાણા વચનામૃતમાં આ સાધુનો પ્રશ્ન છે અને આ ઉત્તર છે.' આ તો શાસ્ત્રીજી મહારાજની દયાથી થયું. જેમ આ કામ શાસ્ત્રીજી મહારાજે કર્યું, તેમ બીજું કામ તમે કરો.' એમ બોલતાં ગદ્ગદ કંઠે પ્રાર્થના કરી કહ્યું : 'મને ધામમાં તેડી જવાનું કામ તમે કરો. શાસ્ત્રીજી મહારાજ તમને વશ

છે. મહારાજ, સ્વામી તમે કહો તેમ કરે છે. માટે ધામમાં તેડી જાવ તો સારું.'

સ્વામીશ્રીની આંખમાંથી કરુણાનો પ્રવાહ વહેવા લાગ્યો. તેમણે ધૂન કરાવી કહ્યું : 'તમે શાસ્ત્રીજી મહારાજની સેવા કરી, બહુ રાજી કર્યા છે. તો સ્વામી આવીને તમને તેડી જશે.' એમ સાંત્વન આપ્યું.

સૌની વિદાય લઈ, અહીંથી વાસદ થઈ, ટ્રેનમાં અટલાદરા પધાર્યા. અહોહોહો ! અહીં કાનમ-વાકળના હરિભક્તો દર્શને ઊમટ્યા હતા ! અસહ્ય મેદની, દર્શન માટે પડાપડી. જાણે અમે રહી જઈશું ! બાપા ચાલ્યા જશે તો ! ધીરજ ગુમાવી ભક્તો સ્વામીશ્રીની આજુબાજુ ટોળેટોળાં વળતાં હતાં.

પણ સ્વામીશ્રી એના એ જ ! એમના મુખ ઉપર એ જ પ્રસન્નતા. એમને મન કોઈ વિદેશગમનની ખુશાલી નહોતી. હા ! એક આનંદ હતો, દૂર આફ્રિકા દેશમાં, મોમ્બાસા બંદરે, ભવ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરવાની હતી. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂરો કરવાનો હતો.

સૌને આશ્વાસન આપતાં સ્વામીશ્રી મળતા હતા.

વડોદરા સ્ટેશને રાત્રે ૧૨ વાગે હજારો ભક્તોની ભીડ જામી હતી. વિરહનું દુઃખ અને વિદેશમાં થનાર દિગ્વિજયની ખુશાલી, એમ ઊભય લાગણીઓ સૌની આંખોમાં તરવરતી હતી. મોડી રાત્રે ભરૂચ, સુરત સ્ટેશનો ઉપર પણ એટલી જ ભીડ.

ચૈત્ર સુદ ૧૪, સવારે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. ચૈત્રી પૂનમનો સમૈયો મુંબઈ ઊજવાયો.

❀ ❀ ❀

સત્સંગ સાગરો ઓળંગે છે



'અખિલ ભારત સત્સગ પરિષદ'ના પ્રમુખપદેથી, અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં કવિશ્રી ન્હાનાલાલે ઉચ્ચાર્યું હતું કે 'સ્વામિનારાયણ સંપ્રદાય સાગરો ઓળંગે છે.' પરિષદના મંત્રી હતા - આફ્રિકા નિવાસી હરમાનભાઈ પટેલ કે જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર જ્યોતિર્ધર બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી, સંપ્રદાયના પ્રસારણનો પ્રથમ ઝંડો આફ્રિકામાં આ સદીના ત્રીજા દાયકાના અંત ભાગમાં ઉપાડ્યો હતો. એમના જ મંત્રીપદે, નૈરોબીમાં સને ૧૯૪૫માં પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અસ્તિત્વમાં આવ્યું.

ગુજરાતમાં ચરોતર પ્રદેશના મૂળ ગાના ગામના વતની હરમાનભાઈને, સને ૧૯૨૭માં આફ્રિકા જતા પહેલાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપેલા કે 'પરદેશ જાય છે તો ગમે તેવા દેશકાળમાં પણ સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે તે ભૂલીશ નહિ.' પણ આફ્રિકા આવ્યા પછી સત્સંગ-પ્રવૃત્તિમાં તેમને કોઈનો સાથ મળ્યો નહિ.

ફરી દેશમાં આવ્યા. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીએ સત્સંગ-પ્રવૃત્તિ વિશે પૂછ્યું. હરમાનભાઈએ નિરાશાપૂર્વક કહ્યું : 'આફ્રિકામાં સત્સંગ બિલકુલ નથી. કોઈ ભજન કરવા તૈયાર નથી.'

'પ્રયત્ન કરજો, સત્સંગ તમારા દ્વારા ઘણો વધશે.' શાસ્ત્રીજી મહારાજે આશ્વાસન સાથે આશીર્વાદ આપ્યા.

આફ્રિકામાં રેલવેમાં નોકરી કરતા હરમાનભાઈની કીબ્વેઝી સ્ટેશને બદલી થઈ. અહીં સ્ટેશન માસ્તર તરીકે વસોના મગનભાઈ મોતીભાઈ પટેલ હતા. હરમાનભાઈના યોગથી મગનભાઈને સત્સંગનો રંગ લાગ્યો. એમણે ધર્મગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓની

આફ્રિકામાં ભાળ કરી. ચરોતરના ઘણા પાટીદાર ભાઈઓ રેલવેમાં નોકરી કરતા. રેલવે-સ્ટાફ અને ટેલિગ્રાફની મદદથી તેઓ સૌને સત્સંગના સમાચાર તથા દેશથી આવતા શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પત્રો તથા નિર્ગુણદાસ સ્વામીના જ્ઞાનપત્રો પહોંચાડવા લાગ્યા. મગનભાઈની જ્યાં જ્યાં બદલી થઈ, ત્યાં ત્યાં સત્સંગ-પ્રવૃત્તિ શરૂ થતી ગઈ. મોમ્બાસા, નૈરોબી, ટરોરો, જિન્જા, એલ્ડોરેટ વગેરે વગેરે સ્થળોએ સત્સંગ મંડળો સ્થપાયાં. સત્સંગ-સંમેલનો યોજાવા લાગ્યાં.

નૈરોબીમાં સત્સંગ-પ્રવૃત્તિ વધતાં સને ૧૯૪૫માં 'પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ'ની સ્થાપના થઈ. મગનભાઈની પ્રેરણાથી ટેમ્પલ રોડ ઉપર મંદિર નિર્માણ પામ્યું. ધામ, ધામી અને મુક્તની સુંદર ત્રિમૂર્તિ શાસ્ત્રીજી મહારાજે આરતી ઉતારી દેશમાંથી મોકલી, જેની સ્થાપના નૈરોબી હરિમંદિરમાં સૌ પ્રથમ થઈ.

શાસ્ત્રીજી મહારાજની આગાહી

સને ૧૯૫૧માં પૂર્વ આફ્રિકાથી સત્સંગનો યાત્રા-સંઘ પહેલી વાર મોટા સમૂહમાં, સ્ટીમર રસ્તે દેશમાં ગયો. શાસ્ત્રીજી મહારાજે સર્વેને આજ્ઞા કરીને પોતાના સાન્નિધ્યમાં બોલાવી દર્શન, સેવા અને સમાગમનો બહુ લાભ આપ્યો.

એક દિવસ સવારે શાસ્ત્રીજી મહારાજ પ્રસાદીના લીમડાના વૃક્ષ નીચે ઢોલિયો ઢળાવી બિરાજેલા. આફ્રિકાના સૌ હરિભક્તો સામે બેઠા હતા. તે વખતે એકાએક એમણે પોતાનો જમણો હાથ ઊંચો કરી સૌને કહ્યું કે 'જુઓ, દરિયાપાર પહેલું મોમ્બાસા આવે. તો ત્યાં અક્ષરપુરુષોત્તમ મહારાજનું મંદિર થશે. યુગાન્ડામાં કંપાલા પણ મંદિર થશે. અમારા આશીર્વાદ છે. પ્રયત્ન કરજો.' આ આશીર્વાદથી સૌ પ્રથમ મોમ્બાસામાં મંદિર કરવા માટે પ્રયત્નો શરૂ થયા.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનમાં મ્બાલેમાં મોટો ઉત્સવ યોજાયો અને 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ'ની સ્થાપના થઈ અને મોટા પ્રમાણમાં સભાસદો નોંધાયા. મોમ્બાસામાં મંદિર બાંધવાનું નક્કી થયું. ત્યારબાદ ભક્તરાજ મગનભાઈના અચાનક અક્ષરનિવાસથી આફ્રિકા સત્સંગ મંડળને બહુ ખોટ પડી. સૌએ ધીરજ રાખી સત્સંગ-પ્રવૃત્તિનું કાર્ય ચાલુ રાખ્યું.

આફ્રિકા જવાનો નિર્ણય

સને ૧૯૫૫માં દરિયાપારના દેશમાં સૌ પ્રથમ મોમ્બાસામાં પાંચ લાખ

શિલિંગના ખર્ચે અક્ષરપુરુષોત્તમ મંદિર તૈયાર થયું. સ્વામીશ્રીએ મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું અને પોતે પહેલવહેલા આફ્રિકા પધારવા નક્કી કર્યું.

સ્વામીશ્રી ચૈત્ર સુદ ૧૪ મુંબઈ પધાર્યા. કપોળ વાડીમાં ઉતારો હતો. સ્વામીશ્રીની ઇચ્છા હરમાનભાઈ સાથે મુંબઈથી ઊપડતી સ્ટીમર કરંજામાં તા. ૮-૪-'૫૫ના આફ્રિકા જવાની હતી. એટલે બોચાસણમાં પૂનમનો ઉત્સવ બારશે ઊજવ્યો. પાછળથી સ્ટીમરમાં જવાનું બંધ રહ્યું. કારણ સંતોના નિયમાનુસાર પ્લેનમાં બધી વ્યવસ્થા-અનુકૂળતા થઈ અને બુધવાર, તા. ૧૩-૪-'૫૫ના નીકળવાનું નક્કી થયું.

મુંબઈથી અપૂર્વ વિદાય

યોગીજી મહારાજ અને સ્વામી યજ્ઞપ્રિયદાસજી (મોટાસ્વામી) આફ્રિકા જવાના હોવાથી ચૈત્ર વદ પાંચમ વિદાયમાનનો કાર્યક્રમ ગોઠવ્યો, જેમાં મુંબઈના માજી એક્ટિંગ પોલીસ કમિશનર પ્રવીણસિંહજી, વડતાલ કમિટીના સભ્ય હરિકૃષ્ણભાઈ અમીન, બચુભાઈ ડ્રેસવાળા, માણેકચંદ ગાંધી, શેઠ ગોવિંદજી કલ્યાણજી, મોહનલાલ શ્રીજીના, હર્ષદભાઈ વગેરેએ પોતાના પ્રેમના ઉદ્‌ગારો કહ્યા.

મોહનલાલ શિવલાલ શ્રીજીનાએ કહ્યું : 'પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે આફ્રિકામાં ડંકો બજાવ્યો છે તેવો બીજા કોઈ સંતોએ બજાવ્યો નથી. ને તેની પુષ્ટિ માટે આ સંતો જાય છે ને પૂરેપૂરો સૌ કરતાં વિશેષ ડંકો મારી આવશે. યોગીજી મહારાજે ખરેખરી નિષ્ઠા પ્રવર્તાવી છે અને સત્સંગ કરાવ્યો છે. ને ઘણા સંતો આફ્રિકા ગયા હશે, પણ આ સંતો તો જુદો જ વિજય ડંકો મારશે ને બહુ જ સત્સંગ કરાવશે ને સૌનાં હૈયાંમાં શાંતિ થશે.'

ચોકસી સાહેબે કહ્યું : 'ઘણા આફ્રિકા ગયા હશે ને જશે, પણ આ સંત તો એક અને અદ્વિતીય. તેઓ તો ભારે ડંકો મારી આવશે. આફ્રિકામાં શાસ્ત્રીજી મહારાજે સત્સંગ બહુ જ ફેલાવ્યો. પણ હવે તો બહુ જ વધશે. ને સ્વામીએ કહ્યું છે કે 'પાંદડે પાંદડે સ્વામિનારાયણ થશે' તે હવે સિદ્ધ થશે. આ ઇતિહાસ બહુ જ અપૂર્વ છે ને તે સોનેરી અક્ષરે લખાશે. આજે તો આફ્રિકા જાય છે તો હવે પછી વિલાયત જશે ને સ્વામિનારાયણનો પૂરેપૂરો ડંકો વાગશે, જયજયકાર થઈ જશે. આ સંતોને 'જાઓ' તેમ કહેતાં આપણી જીભ ઊપડતી નથી, તો વિદાય કેમ અપાય ?

સ્વામીશ્રીએ જણાવ્યું : 'આશીર્વાદ ઘણા આપ્યા છે. પણ હવે તે આશીર્વાદ ઝીલવા પડશે. મહારાજ લાખ મણ લોઢાનો ગોળો પડે ને વાને લે'રખે ઘસાઈને રજ જેવડો થઈ જાય ને રજ ભેગો ભળી જાય એટલે છેટેથી આવ્યા છે, તે દાખડો આપણે સુફળ કરવો.

'વૃત્તિ એક છે તો આપણે ભેગા છીએ, તે સારંગપુર-૧૦ વચનામૃત પ્રમાણે અંતર્દષ્ટિ થશે એટલે પાસે જ છીએ ને ! માટે અંતર્દષ્ટિથી જોવું. ને સત્સંગ તો આનાથી અનંતગણો વધશે. માટે લાખ ગાઉ છેટે જઈએ તોપણ પાસે જ છીએ. તે આફ્રિકા જઈએ કે વિલાયત જાઓ. આફ્રિકા જઈએ છીએ એ તો સત્સંગ પ્રચાર માટે જવું પડે. આજ્ઞા પાળવી, તો પાસે જ છે ને તે વિના તો પાસે હોય તોપણ છેટો જ છે.

'લોયાના ૭મા વચનામૃત પ્રમાણે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મમાં જોડાવું તે જ કરવાનું છે. તે સ્વામીએ કહ્યું હતું કે આચાર્ય હોય કે નાનો-મોટો ભગવાન હોય કે ગમે તે હોય, પણ લોયાના ૭ પ્રમાણે કર્યા વિના છૂટકો નથી.

'ગુરુમુખી સુખડાં માણે.' તે જો આજ્ઞામાં રહીશું ને છેટે જઈશું તોપણ પાસે જ સુખ છે. માટે વૃત્તિથી પાસે જ છીએ. કોઈનો અભાવ-અવગુણ લેવો નહિ ને સુહૃદપણું રાખવું. સૌએ પાંચ માળા ફેરવવી.'

પછી સૌએ સંતોનું પૂજન કરીને અલૌકિક લાભ લીધો.

પ્રથમ વિદેશ પ્રવાસ

સંવત ૨૦૧૧ના ચૈત્ર વદ છઠ, બુધવાર, તા. ૧૩-૪-૧૯૫૫ના રોજ સાંજના સાત વાગે ઍરોડ્રોમ ઉપર સ્વામીશ્રી, મોટાસ્વામી, ઈશ્વરભાઈ દાજી વગેરેને વિદાય આપવા પ્રમુખસ્વામી - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તથા હરિભક્તો મોટા સમૂહમાં એકત્રિત થયા હતા. બૅન્ડ-વાજાં ને ફૂલહારની અર્પણ વિધિ બાદ ઍરોડ્રોમ જવા સુગંધીમાન હારતોરાથી શણગારેલી મોટરોમાં બિરાજમાન થયા. આઠ વાગે ઍરપોર્ટ પર પહોંચ્યા. લગભગ બે હજાર ભક્તોની ભારે મેદની ગુરુહરિને વળાવવા આવી હતી.

ઍરપોર્ટ ઉપર જ ધૂન, કીર્તન, કથા તથા ચેષ્ટા કરી, ચકોર ચંદ્રને જુએ તેમ ભાવિક ભક્તો સ્વામીશ્રીને જોઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ સૌને આશીર્વચનો કહ્યાં.

સૌ ૯-૪૫ વાગે ઍરોપ્લેનમાં બેઠા ને ૧૦-૦૦ વાગે ઍરોપ્લેન ઊપડ્યું ત્યાં સુધી સૌએ દર્શન કર્યાં. ઍરોડ્રોમના અધિકારીઓને પણ આશ્ચર્ય હતું કે

ઘણા મોટા માણસો જાય છે, પણ આ પ્રમાણે કોઈને વિદાયમાન આપ્યું હોય એવું અમે જોયું નથી.

દેશના સમગ્ર સત્સંગીઓને સ્વામીશ્રીએ આદેશ આપ્યો હતો કે 'આફ્રિકાથી પાછા આવીએ ત્યાં સુધી સૌએ આ આજ્ઞાનો અમલ કરવો : (૧) ગ.મ. ૨૮ અને ગ.અં. ૨ વચનામૃત મોઢે કરવાં. (૨) સ્વામીની વાતું ૧૦ મોઢે કરવી. (૩) 'અનંત કોટિ' અષ્ટક ને પ્રાર્થના મોઢે કરવી. (૪) ચેષ્ટા મોઢે કરવી. (૫) રવિવારની સભામાં અચૂક હાજરી આપવી. (૬) બે કીર્તનો મોઢે કરવાં. (૭) પરદેશ જઈએ છીએ એ નિમિત્તે પાંચ માળાઓ સૌએ ફેરવવી...' જે સૌએ હૃદયમાં ધારી લીધી.

સવારના ૧૧-૦૦ વાગે નૈરોબી આવવાનું હતું પણ વરસાદને લીધે સૌ ૧-૩૦ વાગે સુખરૂપે નૈરોબી પહોંચ્યા. સેંકડોની સંખ્યામાં હરિભક્તો એકત્રિત થયેલા. ઠંડી અને વરસાદમાં ચાર કલાકના તપ પછી દેશમાં સ્વામીશ્રીનાં દર્શનથી સૌ ઘણા રાજી થયા. જયનાદોથી વધાવ્યા. ફૂલહાર કર્યા. ઍરપોર્ટ ઉપર યુગાન્ડાના ધારાસભ્ય અને ઉદ્યોગપતિ માનનીય સી.કે. પટેલ સ્વામીશ્રીને મળ્યા અને આશીર્વાદ લીધા. કંપાલા મંદિરનો પ્લોટ અપાવવામાં એમણે મદદ કરેલી. તેઓ કહેતા : 'આ દેશમાં એક જ ધર્મ જોઈએ - સ્વામિનારાયણનો. તેઓમાં સંપ ને ચારિત્ર્ય અનોખી છાપ પાડે છે, જે મારો જાત-અનુભવ છે.'

સ્વામીશ્રીએ હવાઈ મુસાફરીમાં આજે સવારના આઠ વાગતાં સુધી ૩૬ કલાકનો નિર્જળ ઉપવાસ કરેલો.

૨-૩૦ વાગે સ્વામીશ્રી, મોટાસ્વામી સાથે ટેમ્પલ રોડ ઉપરના સ્વામિનારાયણ મંદિરે આવી પહોંચ્યા. ઠાકોરજીનાં દર્શન કરી નિત્ય વિધિ કરતાં પાંચ વાગ્યા. સભા પછી સ્વામીશ્રીએ આરતી ઉતારી. આ જ મૂર્તિઓ શાસ્ત્રીજી મહારાજે દેશમાં આરતી ઉતારીને મોકલી હતી. ૧૧-૦૦ વાગ્યા સુધી સૌએ સભાનો લાભ લીધો.

તા. ૧૬-૪-'૫૫, અહીં તો દરેકને સવારના ૮-૦૦ વાગ્યાથી કામ પર જવાનું. એટલે ૬-૦૦ થી ૭-૪૫ સુધી સભા થઈ. બાદ સંતોને નૈરોબીના દરેક ધર્મના મંદિરમાં દર્શને લઈ ગયા. દર્શન બાદ આગ્રહ કરી કુદરતી આશ્ચર્ય બતાવતું 'કીકુયુ તળાવ' પણ બતાવ્યું. અહીં સ્વામીશ્રીએ ધૂન કરાવી.

ત્યાંથી સાતેક માઈલ દૂર મગુગા સરકારી ખેતીવાડી રિસર્ચ ખાતાની ઑફિસો છે, જેમાં વસોના ધુળાભાઈને ત્યાં પધરામણી કરી ૧૨ વાગે નિવાસ-

સ્થાને આવ્યા. અત્રેની ધારાસભાના સભ્ય કરમસદના જેઠાભાઈ દર્શને આવેલા તે મળ્યા.

નૈરોબીના નગરશેઠ શ્રી કાનજી નારણજી પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. નૈરોબીથી મોમ્બાસા જવા સાંજે ટ્રેનમાં વિદાય લીધી.

મોમ્બાસામાં શાનદાર સ્વાગત

મોમ્બાસાના સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા કરવા આવેલા સંતોના સ્વાગત માટે મોમ્બાસા સ્ટેશને મોટી માનવ-મેદની ઊમટી હતી. આશરે ત્રણેક હજાર ભાવિકોએ સ્ટેશન ઉપર અને ત્યાંથી મંદિર તરફ નીકળેલી સત્કાર-યાત્રામાં ભાગ લીધો હતો.

રવિભાઈ પંડ્યા, ચુનીભાઈ પટેલ, રામદાસભાઈ, હંસરાજભાઈ તથા અન્ય ગૃહસ્થોએ સ્વામીશ્રી તથા સંતોને હારતોરા અર્પણ કરી સ્વાગત કર્યું.

બૅન્ડ-વાજાં તથા ભજન-ધૂન રેલાવતી બ્રોડકાસ્ટિંગ ગાડી સાથે ભવ્ય સત્કાર-યાત્રા શરૂ થઈ હતી.

સ્ટેશને હાજર રહી સત્કાર માટેની વ્યવસ્થામાં રવિવાર છતાં મોમ્બાસા સ્ટેશન માસ્તર મિ. મેકડરમીટે સુંદર સહકાર આપ્યો. પોલીસ વડાએ પણ બે યુરોપિયન અધિકારીઓ તથા વીસેક અન્ય પોલીસની સેવા આપી હતી, જેઓ સ્ટેશનથી મંદિર સુધી સાથે રહ્યા અને વ્યવસ્થા જાળવી. સ્ટેશન માસ્તરને તો સ્વામીશ્રીએ તેમની પ્રગતિ માટે પણ ધબ્બો આપ્યો અને પાંચ દિવસમાં તો તેમનું અટકી ગયેલું પ્રમોશન મળી ગયું.

મંદિર આગળ પ્રવેશદ્વારમાં આવતાં જ સ્વામીશ્રી ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. નીચે ઊભેલી માનવ-મેદનીને યોગીજી મહારાજે પહેલે માળે બાલ્કનીમાં ઊભા રહી દર્શન આપ્યાં.

સ્વામીશ્રીનો ઉતારો સી.ટી. પટેલના ઘરે હતો. નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રીએ સત્સંગીઓની સાથે 'પટેલ સમાજ'માં ઠાકોરજી જમાડ્યા. સાંજે પાંચ વાગ્યા બાદ સ્વામીશ્રી, મોટાસ્વામી સાથે મંદિરે પધાર્યા. ઘણા ભાવિકોને દર્શન-લાભ આપી કથા-કીર્તનનો લાભ આપ્યો.

તા. ૧૮-૪-'૫૫ના દિવસે સાંજે કેન્યાના પ્રસિદ્ધ દૈનિક 'કેન્યા ડેઈલી મેલ'ના માલિક તથા તંત્રી શ્રી રવિભાઈ પંડ્યાના ઘરે પધાર્યા. અહીં શહેરના ઘણા મહાનુભાવો એકત્રિત થયા હતા. સ્વામીશ્રી અને સંતોની જ્ઞાનવાર્તા તથા

કીર્તન-ભક્તિથી પ્રભાવિત થતાં સૌએ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

રાત્રિસભામાં મ્બાલેના બાળક બળભદ્રને સ્વામીશ્રીએ 'સ્વામીની વાતો' બોલવા ઊભો કર્યો. તેની સાથે ત્રણ બાળકો ઊભા થઈ ગયા. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. એવામાં 'વાતો'માં શબ્દ આવ્યો - 'મોટાપુરુષને બાઝી પડવું.'

સ્વામીશ્રી કહે : 'નીચે પાડી દેવા એમ ને ? બોલો બળભદ્ર...'

પછી આશરાની વાત આવતાં વચનામૃત વર. ૫ વંચાવ્યું. સ્વામીશ્રી બાળકો પાસે ઘણી વાર 'વાતો', કીર્તનો બોલાવતા, તેથી બાળકોને પણ સ્મૃતિ રહે. એક વાર તો પાંચ જ હરિભક્તો વચ્ચે બળભદ્રને કીર્તનો બોલવા કહ્યું ! એ બાળકે કીર્તન ઉપાડ્યું : *'આવો યોગી, આવો યોગી, આવો યોગીરાજ...!'*

સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'ગુરુ ! આવાં કીર્તન ન બોલવાં !'

મંદિરનો ઈતિહાસ

ભક્તરાજ મગનભાઈના સંકલ્પથી સી.ટી. પટેલની નૈરોબીથી મોમ્બાસા બદલી થઈ. ૧૯૫૧માં તેઓ મોમ્બાસા આવ્યા. એમના ઘરે સત્સંગ-પ્રવૃત્તિ શરૂ થઈ. નવા નવા મુમુક્ષુઓ સત્સંગમાં આવવા લાગ્યા.

સને ૧૯૫૩માં મોમ્બાસા મંદિર બાંધવાની શરૂઆત થઈ. ભાઈલાલભાઈ પટેલ (ખાનકૂવા), ભટેસા સાહેબ, પ્રેમજીભાઈ, માધાભાઈ, હરમાનભાઈ, સી.ટી. પટેલ, ત્રિભોવનદાસ, અંબાલાલભાઈ, મોહનભાઈ, જમનાદાસભાઈ, જેઠાભાઈ મિસ્ત્રી અને આફ્રિકાના સમસ્ત હરિભક્તોએ અપૂર્વ સહકાર આપી બે વર્ષમાં મંદિર તૈયાર કર્યું. જેઠાભાઈ મિસ્ત્રી તથા જમનાદાસભાઈ મિસ્ત્રીએ જાત મહેનત કરી મજૂરો, કડિયા, સુથાર ઉપર ધ્યાન રાખી ખૂબ સેવા કરી. આખા આફ્રિકાના હરિભક્તોના સંપૂર્ણ સહકાર, એકરુચિ, એકતા અને સુહૃદપણાના પ્રતીકરૂપે મંદિરમાં પહેલે માળે 'ભક્તરાજ મગનભાઈ સ્મારક લાઈબ્રેરી' તૈયાર કરવામાં આવી.

સ્વામીશ્રીએ સંવત ૨૦૧૧ના વૈશાખ સુદ ૩, અખાત્રીજનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું. તેથી ૧૯૫૫ના એપ્રિલની ૨૩, ૨૪ અને ૨૫ તારીખો દરમ્યાન નગરયાત્રા, જમણવાર અને મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવો અનુક્રમે નક્કી થયા.

યજ્ઞ અને શોભાયાત્રા

તા. ૨૩-૪-'૫૫, શનિવારના મંગલ પ્રભાતે સમાજમાં સુશોભિત

યજ્ઞમંડપમાં યજ્ઞનો પ્રારંભ થયો. શ્રી સ્વામિનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મી-નારાયણ, શ્રી સદ્‌ગુરુઓ તથા શ્રી હનુમાનજી-ગણપતિની પ્રતિમાઓ યજ્ઞમંડપમાં પધરાવાઈ હતી. હજારો ધર્મપ્રેમી ભાઈ-બહેનો યજ્ઞનાં દર્શનાર્થે આવ્યાં.

બપોરે શોભાયાત્રા નીકળી. મોમ્બાસાના આનંદમગ્ન શહેરીઓએ નાત-જાત તથા ઊંચ-નીચના વર્ગભેદ વિના આ શોભાયાત્રામાં જોડાઈને ઐક્યની સાખ પૂરી. લગભગ ૮ થી ૧૦ હજાર ભાવિકોની વિશાળ શોભાયાત્રાનાં દર્શનનો શહેરના ૩૫ થી ૪૦ હજાર જેટલા ભાવિકોએ ઠેર ઠેર અલભ્ય લાભ લીધો હતો. ૪૦૦ જેટલા સ્વયંસેવકો, ૪૦ આફ્રિકન પોલીસ, ૧૫ સ્પેશિયલ પોલીસ તથા ૫ યુરોપિયન અફસરોએ યાત્રામાં વ્યવસ્થા જાળવવામાં સાથ આપ્યો હતો. આ પ્રસંગે પૂર્વ આફ્રિકાના સમગ્ર હરિભક્તો દૂર દૂરથી આવી પહોંચ્યા હતા. યાત્રા બપોરના ૩-૧૫ વાગે નીકળીને ૬-૪૦ વાગે મંદિરે પહોંચી.

વચ્ચે 'કચ્છી-ગુજરાતી હિંદી યુનિયન'માં હજારોની સંખ્યામાં વાટ જોઈ રહેલા નગરજનોએ ઉમળકાભર્યું સ્વાગત કર્યું. 'હિંદી યુનિયન'ના પ્રમુખશ્રીએ હારતોરા પહેરાવી મોમ્બાસાની સમસ્ત હિંદુ જનતા વતી આવકાર આપતાં જણાવ્યું હતું કે 'આજે મોમ્બાસાના આંગણે સોનાનો સૂરજ ઊગ્યો છે કે જેથી આવા મહાન સંત અત્રે પધાર્યા છે.' બાદ વિરાટ માનવ-મેદની વચ્ચે સંતોનું પૂજન કરવામાં આવ્યું. તે પછી સ્વામીશ્રીએ આશીર્વચનો કહ્યાં. સ્વામિનારાયણ સત્સંગ મંડળના મંત્રીએ હિંદીઓને દીપાવે એવી શિસ્ત જાળવવા બદલ આભાર વ્યક્ત કર્યો.

અત્રેના વર્ષો જૂના વતનીઓનું એવું માનવું હતું કે આવી દેદીપ્યમાન ભવ્ય શોભાયાત્રા તથા આવી શિસ્ત અમે છેલ્લાં ૪૦ વર્ષથી જોઈ નથી.

માર્ગમાં સેંકડો વ્યક્તિઓ કેમેરા લઈને ફોટાઓ ઝડપતી નજરે પડતી હતી. તેમાં યુરોપિયનોએ તો ખૂબ જ ફોટા લીધા. અહીંના વતનીઓને અજાયબીનો પાર ન હતો.

મકાનોની અટારીએથી અને બારીએ સ્ત્રી-પુરુષો સંતોનાં તથા મૂર્તિઓનાં દર્શન કરી કૃતાર્થ થયાં.

યુરોપિયનો, એશિયનો તથા આફ્રિકનોનાં ટોળેટોળાં ઠેર ઠેર દૃશ્ય જોવાની કુતૂહલતા દાખવી રહ્યાં હતાં.

બૅન્ડ, નાના યુવકોની ટુકડી, ભાવિક જનતા અને હરિભક્તો, બ્રોડ-કાસ્ટિંગ વાન, સંતોની ફૂલહારથી શણગારેલી ગાડી, રંગબેરંગી રેશમી વસ્ત્રો

તથા ધજા-પતાકાથી શણગારેલી મૂર્તિઓની ગાડી, મહિલા મંડળ અને સૌથી છેલ્લે સ્વયં-સેવકોની એક ટુકડી સાથે શોભતી આ યાત્રા સાંજના ૬-૪૦ વાગે મંદિરે આવી પહોંચી. આખો સ્ટેશન રોડ ધજા-પતાકાથી શણગારાયો હતો.

મંદિર ઉદ્‌ઘાટન

સત્સંગ મંડળ વતી સી.ટી. પટેલે સભાના આકારમાં ફેરવાઈ ગયેલ આ વિરાટ માનવ-મેદનીને ઉદ્દેશીને જણાવ્યું હતું કે 'આવી અદ્‌ભુત શોભાયાત્રામાં જે શિસ્ત અને શાંતિ જાળવવામાં આવી છે, એથી હિંદી કોમનું આપણે ગૌરવ વધાર્યું છે.' તેમણે સૌનો હાર્દિક આભાર માન્યો.

સ્વામિનારાયણ સત્સંગ મંડળના પ્રમુખ એ.બી. પટેલ, C.M.G.એ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આવો મહાન પ્રસંગ એ મોમ્બાસાનો સુવર્ણ દિવસ છે.

તેમણે રામેશીવાળા લક્ષ્મીદાસ માધવાણીને મંદિર ખુલ્લું મૂકવા વિનંતી કરી હતી. માધવાણીએ ટૂંકું પ્રવચન કરી ધજા-પતાકા તથા રંગબેરંગી ઇલેક્ટ્રિક લાઇટથી દીપતા મંદિરના પ્રવેશદ્વારનું ચાંદીનું તાળું ખોલી મંદિર જાહેર જનતા માટે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે તેમણે તેમના વડીલોની યાદમાં મોટું દાન કર્યું હતું.

એ.બી. પટેલ, લક્ષ્મીદાસભાઈ, આર.બી. પંડ્યા, ચુનીભાઈ, છોટાભાઈ વગેરે સદ્‌ગૃહસ્થો તથા વૈષ્ણવ ધર્માચાર્ય મુરલીધર લાલજી મહારાજ પણ ઉદ્‌ઘાટન વિધિમાં હાજર હતા.

સ્વામીશ્રી અને અન્ય સંતો બાલ્કનીમાં ગયા અને ત્યાંથી રસ્તા ઉપર ઊભરાતી માનવ-મેદનીને દર્શન દઈ આશીર્વાદ આપ્યા. પટેલ સમાજના મકાનથી ઠેઠ સ્ટેશન સુધીનો રસ્તો લગભગ બંધ હતો. કારણ એ જગ્યા ભાવિક મેદનીથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી.

આમ, મોમ્બાસાના ઇતિહાસનો સુવર્ણદિન ખૂબ જ આનંદ-ઉત્સાહથી નિર્વિઘ્ને પૂરો થયો.

પ્રસાદનું અક્ષયપાત્ર

આ સુવર્ણ પ્રસંગે આખા શહેરની પ્રજાને મહાપ્રસાદ માટે જાહેર નિમંત્રણ હતું. હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બુંદીના લાડુ બનાવવા છે, તે

કેટલા લોટના કરીએ ?'

'૧૮ ફાસલા.'[૧૧૩] સ્વામીશ્રીએ કહ્યું.

હરિભક્તોએ રસોઈયાને એટલો લોટ જોખી આપ્યો. રસોઈયો અકળાયો ને કહે : 'તમે શું ધાર્યું છે ? આખું શહેર આટલા લોટમાં શું ખાશે ?'

'તું ચિંતા ન કર.' હરિભક્તોએ કહ્યું.

'તો રસોઈ નહીં બનાવીએ. અમારીયે લાજ જાય.'

'પણ યોગીબાપાની આજ્ઞા છે કે આટલું જ કરવું. માટે જલદી કરવા માંડો !'

ઠેર ઠેરથી ભાવિકો આવ્યા હતા. 'સમાજ'ના ચોગાનનો ખૂણેખૂણો પ્રસાદ જમતા ભાવિકોથી રોકાયેલો હતો. સાંજે પાંચ વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં વીસ હજાર માણસ જમી ગયું, છતાં લાડુ વધ્યા. ગરીબ આફ્રિકનોને આપી દીધા તોયે વધ્યા અને તેનાં ભાથાં બંધાવ્યાં અને છેલ્લે નર્સરી શાળાઓમાં બાળકોને પ્રસાદરૂપે વહેંચ્યા. હજુ થોડા લાડુ વધ્યા હતા. સૌ મૂંઝાયા કે શું કરવું ? આ તો જાણે લાડુનું પાતાળ ફાટ્યું ! સ્વામીશ્રીને પૂછ્યું. સ્વામીશ્રી કહે : 'નાખો દરિયામાં. જીવ-પ્રાણી જે જમશે તેનું કલ્યાણ !'

ભોજન-વ્યવસ્થામાં હિંદુ સ્વયંસેવકો તથા રસોઈના સરસામાનની ચોખ્ખાઈ વગેરેની તમામ સેવામાં મહિલા મંડળે અપૂર્વ સેવા બજાવી. આમ તો સ્વામીશ્રી પધાર્યા ત્યારથી જ પટેલ સમાજમાં રસોડું ચાલુ થયું હતું. અન્ય શહેરો-ગામોમાંથી આવતા સત્સંગી તથા મહેમાનોને જમાડવા મહિલા મંડળની એકધારી સેવા વિના આ પ્રસંગમાં મોટી ખામી રહી ગઈ હોત. આવી મૂક અને સતત સેવામાં મહિલા મંડળનો ઉત્સાહ દાદ માગી લે તેવો હતો.

સ્થિતપ્રજ્ઞની મૂર્તિસમા સ્વામીશ્રીની સૌમ્ય, વાત્સલ્યસભર મૂર્તિએ મોમ્બાસાની જનતાને ઘેલું લગાડ્યું હતું. જરાપણ કંટાળ્યા વગર કલાકો સુધી લોકો તેમનાં દર્શન કર્યા કરતા.

આફ્રિકામાં પ્રથમ વાર શ્રી અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠા

સંવત ૨૦૧૧, વૈશાખ સુદ અખાત્રીજ, તા. ૨૫-૪-'૫૫, સોમવારના શુભ દિવસે મૂર્તિઓની પધરામણી પટેલ સમાજમાંથી મંદિરમાં કરવામાં આવી હતી. જ્યાં જટાશંકર શુકલ અને વિદ્વાન બ્રાહ્મણોએ પ્રાણ-પ્રતિષ્ઠાની વેદોક્ત

---

૧૧૩. એક ફાસલો = ૩૬ રતલ.

વિધિ કરાવી. મૂર્તિઓની અનાવરણ વિધિ કંપાલાવાળા ત્રિભોવનદાસ મૂળજીભાઈએ કરી.

બાદ સ્વામીશ્રીના વરદ હસ્તે ન્યાસ વિધિ તથા નેત્ર-અનાવરણ વિધિ સાથે મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ. હજારો ભક્તોએ આ પ્રતિષ્ઠોત્સવ જયનાદો ને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. કારણ, આજે ભારતની બહાર - દરિયાપારના એક વિશાળ દેશમાં - આફ્રિકા ખંડમાં, અક્ષરે સહિત પુરુષોત્તમની સનાતન ઉપાસનાનાં સ્વરૂપો, સ્વામીશ્રી દ્વારા સ્થાપિત થયાં હતાં. 'અંધારખંડ' તરીકે ઓળખાતો આ દેશ, આજે ખરેખર પ્રકાશપૂર્ણ બન્યો હતો.

થાળ-પૂજન બાદ મૂર્તિઓની પ્રથમ આરતી જિન્જાના મણિભાઈ એમ. પટેલે ઉતારી અને મોટું દાન જાહેર કર્યું હતું.

યજ્ઞ વિધિમાં કમ્પાલાવાળા રણછોડભાઈ પટેલ તથા મોમ્બાસાના પ્રેમજીભાઈ વગેરે બેઠા હતા.

ધ્વજ ચડાવવાની અંતિમ વિધિ દેશથી સંતો સાથે આવેલા અને મોટાસ્વામીના પૂર્વાશ્રમના ભાઈ ઈશ્વરલાલ પ્રભુદાસે કરી હતી. જયઘોષણાઓ વચ્ચે ધજા લહેરાતી થઈ હતી. સાંજે ૫-૩૦ વાગે મંદિરમાં પ્રથમ સમૂહ આરતી સાથે પ્રતિષ્ઠોત્સવ ઊજવાઈ ગયો.

વરસાદની ઋતુ છતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે વરસાદ નહીં પડે, ત્યારે સૌને ઊંડે ઊંડે આશંકા હતી, પરંતુ આખા પ્રસંગ દરમ્યાન એક ટીપુંએ ન પડ્યું અને તેના બીજા જ દિવસે પાંચ-પાંચ ઈંચ વરસાદ તૂટી પડ્યો ત્યારે સૌને સ્વામીશ્રીનાં વચનોની પ્રતીતિ આવી.

તા. ૨૭-૪-'૫૫ના દિવસે સ્વામીશ્રી શેઠ લક્ષ્મીદાસ માધવાણીને ત્યાં રામેશી સ્યુગર ફેક્ટરીમાં પધાર્યા હતા. બધે પગલાં કર્યાં. નિશાળના હૉલમાં સભા થઈ. લક્ષ્મીદાસભાઈ તથા કાંતિભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. રામેશી ગામના, ફેક્ટરીમાં કામ કરતા સેંકડો ભાવિકોએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો. ફેક્ટરીના સેંકડો આફ્રિકન મજૂરો સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી મુગ્ધ બની આનંદ પામતા હતા. બધાએ પ્રસાદ અહીં જ લીધો હતો.

અહીં મંદિરમાં સંધ્યા આરતી પછી સ્વામીશ્રી જાતે બાળકોને *'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ...'* એ ધૂન બોલાવતા અને મંદિરની સુંદર મોટી મૂર્તિઓ બતાવી સ્વામી અને નારાયણની ઓળખાણ પણ બાળકોને કરાવતા. તેમજ *'દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ...'* એ કીર્તન પણ બાળકો પાસે ગવરાવતા.

એકાદશીને દિવસે રાત્રે ઉતારે સ્વામીશ્રીએ વાત કરી : 'જેમ આ દેશમાં તમે સૌ કમાવા આવ્યા છો, હવા ખાવા નથી આવ્યા; તેમ અક્ષરધામમાંથી આપણને મોક્ષની કમાણી કરવા મહારાજે મોકલ્યા છે. મરતી મરતી કાન હલાવે તે ન હાલે. શૂરવીર થઈને કામ કરી લેવું.'

સારંગપુરનું ૭મું વચનામૃત વંચાવી વાત કરી : 'મન તો કબાલા તોડી નાખે એવું છે. નૈમિષારણ્ય ક્ષેત્ર તો સંત છે. ઇન્દ્રિયો કુંઠિત થઈ, તે કુંઠિત કેમ સમજવી ? જેમ ત્રણ દિવસના ભૂખ્યા હોય અને દૂધપાક-પૂરી કરી હોય અને તેમાં સર્પની લાળ પડતાં દેખી હોય, પછી કોઈ કહે - 'બે સબડકા માર, રૂા. ૫,૦૦૦ દેવાના છે.' તો કોઈ મારે ? ન મારે. તેમ જ્યારે મોટા સંતનો રાજીપો મળે, ત્યારે પાંચે ઇન્દ્રિયોની વૃત્તિ કુંઠિત થઈ જાય. કોઈ ગાળ દે તો કાંઈ તેનાથી ગૂમડાં થાય છે ? ભલેને ગાળ દે, એનું મોઢું દુઃખશે. એને શબ્દની વૃત્તિ કુંઠિત થઈ કહેવાય. આપણે આત્મા, બ્રહ્મરૂપ છીએ, એમ મનાય.'

કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રી હરિભક્તોને કહેતા : 'આપણે અહીં શું કરવા આવ્યા છીએ ? પૂજાવા માટે નહિ. સંપ, એકતા માટે આવ્યા છીએ. ગામેગામ ફરી, કથાવાર્તા કરી સમાસ કરવો. શાસ્ત્રીજી મહારાજ જેમાં રાજી થાય, તે કરવું. મોટા મોટા આગેવાનો બેઠા છે ત્યાં સિદ્ધાંતની વાત કરું છું. એમાં નજર રાખી એમને રાજી કરો, તો કરોડગણા રાજી થઈશું. રણછોડભાઈ સમજ્યા, શું કરવું તે ?'

ત્યારે રણછોડભાઈ (કંપાલાવાળા) કહે : 'અહં-મમત્વ જતું નથી.'

સ્વામીશ્રી કહે : 'સિદ્ધાંત તરફ નજર રાખો, ને જે ભેગું કર્યું હોય તે ગઢડામાં હોમી દો તે સિદ્ધાંત ! ફૂલો નથી જોઈતાં, હારથી પૂજાવું નથી, ધોતિયાં જોઈતાં નથી, માન નથી જોઈતું, પણ ગઢડાની સેવા કરી લો. સમજી ગયા ?

'કંપાલા, જિન્જા બધાને એક જ મમત્વ, એક જ તાન. એમાં અમે રાજી. જમાડવામાં બહુ ખર્ચ ન કરવો. પણ ગઢડાનું પૂરું ન કરીએ તો બધા કહેશે : 'શાસ્ત્રીજી મહારાજ ગયા અને આમનું પડી ભાંગ્યું.' માટે બીજા બધા ખર્ચ ઓછા કરી, સેવા કરવાનું તાન સૌ રાખો, તો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂરો થાય અને આપણા ઉપર આશીર્વાદના ઢગલા વરસે. શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ કર્યો કે ગઢડાનું મંદિર પૂરું કરવું.'

એટલામાં પ્રસાદ આવ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જુઓ, આ તો ગઢડાનો પ્રસાદ-થાળ આવ્યો. મોતીનો મેઘ વરસ્યો. શાસ્ત્રીજી મહારાજના ત્રણ

સિદ્ધાંત : સંપ, સુહૃદપણું અને સાધુમાં દિવ્યભાવ...'

'આપણે શાસ્ત્રીજી મહારાજને કાગળ લખી દઈશું.' ત્યારે પ્રશ્ન થયો કે 'સ્વામીને ક્યાં કાગળ લખશો ?' તો કહે : 'આપણે શાસ્ત્રી મહારાજને ખબર આપીશું કે તમારો સંકલ્પ પૂરો થયો. હવે આશીર્વાદ આપો.' અમે મથુરા ગયા ત્યારે એક બાવો જમનાજીની સવા મણની આરતી ઉતારતો હતો. તેમ આપણે ઘેલાની આરતી ઉતારવી. આપણને સ્વામીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી આપી છે.

'આપણે તો કાલ ખપી જઈશું પણ યુવક મંડળ બળ રાખશે. સ્વામીનો એવો સંકલ્પ છે, તો આપણે બે વર્ષ રોટલો ઓછો ખાઈને પણ તેમનો સંકલ્પ પૂરો કરવો છે !'

તા. ૫-૫-'૫૫, સવારે સ્વામીશ્રી સ્નાન કરતાં કહે : 'આજ તો ચાર વાગે નિદ્રા ઊડી ગઈ. પછી એક કલાક ભજન કર્યું. અને પાંચ વાગ્યા એટલે થયું : ચાલો, નાહી આવીએ.' નાહીને આવ્યા ત્યાં સી.ટી. પટેલ ઊઠ્યા.

પછી કહે : 'સી.ટી. બાપા, અત્યારે તો ગોંડલ આરતીઓ થતી હોય અને સો-સો પ્રદક્ષિણા થઈ ગઈ હોય.' એમ ગોંડલ - અક્ષર દેરીની સ્મૃતિ કરી.

બીજે દિવસે પુરુષોત્તમભાઈ પલાણાવાળાને ત્યાં સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. એમના મકાનમાંથી મંદિરનાં દર્શન થતાં હતાં. તેથી હાથ જોડીને સ્વામીશ્રી બોલ્યા : 'જય મંદિર !'

ત્યાંથી મંદિરે આવી, ત્રિભોવનદાસને કંપાલા જવા રજા આપી. મહારાજની પ્રસાદીનાં પુષ્પો આપ્યાં અને કહ્યું : 'અહોહો ! ત્રિભુવનદાસભાઈએ બહુ સુખ આપ્યું. ત્યાં જઈને કાગળ લખજો.'

પછી બપોરે ઠાકોર જમાડતાં કહે : 'આજે વરસાદ જમવા ગયો છે.'

દેશથી એક હરિભક્ત આવેલા. એમને પૂછ્યું કે 'તમે આવ્યા ત્યારે સ્ટીમર ડોલતી હતી ?'

તેઓ કહે : 'સહેજ પણ ખબર નથી પડી, પણ કિનારે આવી ત્યારે ડોલી.'

તો કહે : 'આપણે સ્ટીમરમાં આવ્યા હોત તોય એવું થાત.'

સ્વામીશ્રીને સ્ટીમરમાં આવવાની ઇચ્છા હતી, પણ સૌના આગ્રહથી પ્લેનમાં પધાર્યા. પણ પ્લેનમાં ખરાબ હવામાનને કારણે પ્લેન બમ્પિંગ કરે ત્યારે તકલીફ જેવું લાગતું. તેથી પ્લેનમાં પણ ફાવ્યું નહોતું.

સાંજે બાબુભાઈ વાળંદને ત્યાં પધરામણીએ પધાર્યા. ત્યાં કચ્છી ભાઈઓ ભેગા થયા હતા. તેમને વાત કરી કે 'શિવાલય આદિક મંદિરમાં દર્શન કરવાં -

એમ મહારાજે લખ્યું છે. તો આ સ્વામિનારાયણના મંદિરમાં સૌએ દર્શને જવું. અમે રામનવમીને દિવસે મણિનગરના મંદિરે ગયા હતા.' એમ એકતાની ઘણી વાતો કરી.

અહીં હરિભક્તોએ પૂછેલા કેટલાક પ્રશ્નોના સ્વામીશ્રીએ સચોટ ઉત્તરો આપ્યા હતા.

'જોડાયા કોને કહેવાય ?'

સ્વામીશ્રી : 'અનુવૃત્તિ પાળે તેને જોડાયા કહેવાય. મન અર્પણ કરી દે તેને જોડાયા કહેવાય. સત્સંગમાં ભીડો વેઠવો. જેમ ભીડો વેઠશો તેમ મોટા થાશો.'

'ભીડો એટલે શું ?' હરમાનભાઈએ પૂછ્યું.

'પાંચ હરિભક્તો આવ્યા હોય, તેમની આગતા-સ્વાગતા કરવી.' સ્વામીશ્રીએ સમજાવ્યું : 'મહિમા સમજાય તો ભીડો વેઠાય. ભગવાનના ભક્તની જેટલી સેવા થાય તેટલી કરવી, સ્વાગત કરવું, સૌને પાણી પાયા જ કરવું. એ સેવાભાવ છે. આપણે તો પ્રગટવાળા છીએ. સેવાભાવી થાવું. થોડાએ પતરાવળાં ઉપાડવા ઊભા રહેવું. મહિમા જાણ્યા સિવાય સુખિયા ન થવાય.'

બોલતાં-ચાલતાં ભગવાનનાં દર્શન

ગુલુના વૈષ્ણવ ભક્ત રસિકભાઈ, પિતાના ગોલોકવાસથી ખૂબ ઉદાસ રહેતા. નોકરી છોડી તેઓ વિષ્ણુસહસ્રનામ જપતા સમય પસાર કરે અને સામે સાંઈબાબાની મૂર્તિ રાખે.

તેમના મિત્ર વજુભાઈ એક વાર તેમને મળવા ગયા. આવી વિચિત્રતા જોઈ તેમને રમૂજ થઈ કે મૂર્તિ સાંઈબાબાની અને મંત્ર વિષ્ણુસહસ્રનામ ! તેમણે પૂછ્યું, ત્યારે રસિકભાઈએ પિતાના મૃત્યુના આઘાતની વાત જણાવી અને એકદમ બોલવા લાગ્યા : 'મારે ભગવાન પાસે જવાબ માગવો છે કે મારા પિતાને તમે કેમ વહેલા ઉપાડી લીધા ?'

વજુભાઈ કહે : 'જવાબ મળ્યો ?'

'અરે, ભગવાન મળવા જોઈએ ને પહેલાં !'

'મારી પાસે છે ! બોલતાં-ચાલતાં ભગવાન !'

રસિકભાઈ જોઈ રહ્યા કે આ મારી મશ્કરી તો નથી કરતા ને ? તેમણે એ શબ્દોમાં નિષ્ઠાનો રણકાર પારખ્યો ને વિચાર્યું : 'ચાલો એ ભગવાન પાસે !'

વજુભાઈએ વાતની સ્પષ્ટતા કરી : 'મારી વાત ખોટી હોય તો આ મારો

તિલક-ચાંદલો લાજે ! પણ ડુંગર જેવડાં દુ:ખને નિવારે ને આપણી સાથે વાતો કરે ને શાંતિ આપે એવા પ્રગટ ભગવાન આજે સંત દ્વારા વિચરે છે. શું વિચાર છે ? શરણું લેવું છે...'

'એમ નહીં. પહેલાં બતાવો તો માનું.'

'ચાલો, સત્સંગ સભામાં.'

બંને મિત્રો ૧૯૫૨માં સી.ટી. પટેલના ઘરે સભામાં આવ્યા. સ્વામીશ્રીની પ્રેમાળ ચિત્રપ્રતિમા જોતાં જ રસિકભાઈને શાંતિ થઈ ગઈ. તેમને સત્સંગ સભામાં રસ વધ્યો અને આ વખતે સ્વામીશ્રી મોમ્બાસા પધાર્યા ત્યારે સૌ પ્રથમ દર્શન થયાં. પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે થતી કથાવાર્તાથી તેમને અક્ષરપુરુષોત્તમની વાત સમજાઈ. સ્વામીશ્રીના ધબ્બાનો સ્વાદ ચાખ્યો અને તેમણે વર્તમાન ધરાવ્યાં.

વજુભાઈને તેઓ ઘણી વાર કહેતા કે 'હું તો તમારો જન્મોનો ઋણી છું કે તમે મને બોલતાં-ચાલતાં ભગવાનનાં દર્શન કરાવ્યાં.'

મુમુક્ષુઓના માર્ગદર્શક

તા. ૧૨-૫-'૫૫, ૮-૨૫ વાગે રમણિકભાઈ વાલજી માણેકને જનોઈ દેવાની હતી. તેથી વિધિ કરાવવા સ્વામીશ્રી પોતે બેઠા. ઠાકોરજીની મૂર્તિ સામે બેસીને 'મહાધ્યાનાભ્યાસં... અનેકેભ્યો સદ્‌ભ્યો...' શ્લોકો બોલ્યા.

રમણિકભાઈના હાથમાં કંકુ વગેરે આપીને ઠાકોરજીની પૂજા કરાવી, સંકલ્પ કરાવવા લાગ્યા... 'અદ્ય... માસે... પક્ષે... કઈ તિથિ થઈ ? કયો વાર થયો ? વૈશાખ માસે કૃષ્ણ પક્ષે તિથિ પાંચમ ને ગુરુવાર છે. રમણ ભક્તને ઠાકોરજી સમક્ષ જનોઈ પહેરાવાય છે !'

પછી સંતો તથા હરિભક્તોને ચાંદલા કરાવી, પૂજા કરાવી. જનોઈ આપતાં કહે : 'દિશા-પાણીએ જવું ત્યારે કાને ચડાવવી; જૂઠું ન બોલવું. આજ સુધીનાં પાપ બળ્યાં. ધોતિયાં ઓઢાડો સૌને. આજે એકટાણું જમજો.'

વજુભાઈ ડાયરી લખતા હતા. સ્વામીશ્રી કહે : 'રાખો, એને. જરા પગ ચાંપી લો.' પછી કહે : જરા આ બાજુ બેસો, મોટાસ્વામી હમણાં આવશે. આપણે એમની ગાદી દબાવી બેસવું નથી.' પછી સેવાની વાત કરતાં કહે : 'મેં સંકલ્પ કર્યો છે. સૌ ત્રણ પગાર દે, એટલે આપણું મંદિર (ગઢપુર) પૂરું થાય. બે-ત્રણ મહિને અમે જઈએ તે પહેલાં બધાએ દઈ દેવા. પછી બે વર્ષ સુધી કંઈ માગવું નથી. અને એટલું ન બને તો થોડા દેવા.'

વજુભાઈ કહે : 'બાપા ! કોઈ મોટા માણસને ચમત્કાર બતાવો તો રૂપિયાના ઢગલા થઈ જાય.'

'સ્વામીએ ના પાડી છે. આ મોરારકા શેઠની વાત શાસ્ત્રીજી મહારાજને કરેલી, ત્યારે તેમણે કહેલું કે એના ભાગ્યમાં સેવા નથી એટલે નહિ કરે.' એમ કહી મર્મમાં હસવા લાગ્યા.

'ચમત્કાર એટલે બીજું કાંઈ નહિ પણ મહારાજની મૂર્તિ સ્વપ્નમાં દેખાય, એવું થાય તેવું કરો, તો ગુણ આવે.' વજુભાઈએ કહ્યું.

'હા, સાચી વાત.' એમ કહી ફરી પોતાની વાત દોહરાવી : 'ગરીબ દે એવું પૈસાવાળો ન દે. આપણે સૌ સત્સંગીને આજ્ઞા કરવી કે ત્રણ પગાર દે, પછી બે વર્ષ સુધી કંઈ માગવું નથી. એમ સેવા કરે તો કાંટો ચઢી જાય.'

બપોરે ૧૨ વાગે એક દરજી ભક્તની દુકાને પધરામણી કરી હતી.

સાંજે મોટા ભાઈલાલભાઈને ત્યાં નાઝીમોઝામાં પધરામણીમાં એમના ચિ. મહેન્દ્રને વર્તમાન ધરાવતાં કહે : 'સિનેમા-નાટક નહિ જોવાય; બીડી-બાકસ કંઈ નહિ થાય; નિત્ય સાંજે મંદિરે આવવું.' પછી પોતે સ્વામીની વાતો બોલ્યા.

માધાભાઈના ઘરે પણ એમના દીકરાને વર્તમાન ધરાવતાં કહે : 'પાંચ માળા ફેરવવી ને નિત મંદિરે આવવું.'

એ જ રીતે હરમાનભાઈના સાળા ચીમનભાઈને પણ વર્તમાન ધરાવી, નિત્ય મંદિરે આવવાની આજ્ઞા કરી.

અહીંથી પુરુષોત્તમ ભગતને ત્યાં પધરામણીએ જતાં રસ્તામાં વજુભાઈના હાથનો ટેકો લીધો ને કહે : 'વજુભાઈ બહુ હારા. પ્રશ્ન પૂછે ને હાથ પણ ઝાલે.'

'સવારે કામ, ક્રોધ, લોભ કાઢવાની વાત કરી હતી, તેનું શું ?' વજુભાઈએ પૂછ્યુ

'નૈરોબી આવીએ ત્યારે વાત.'

'તો હજુ ચાર મહિના, ઑગષ્ટ સુધી વાટ જોવી પડશે ?'

'ના, એમ હોય ? લો, થાપો મારીએ.' એમ કહી થાપો આપી આશીર્વાદ આપ્યા : 'જાવ, શાંતિ થઈ જશે.'

ભગતનું ઘર આવી ગયું. સોફા ઉપર અઢેલીને બિરાજ્યા. 'આજ મારે ઓરડે...' એ ચારેય પદ બોલ્યા. હાથમાં ગુલાબનું ફૂલ હતું તે સૂંઘતા હતા. પૂજન-આરતીમાં બધાં અષ્ટકો બોલ્યા.

કેટલાક મુમુક્ષુઓને તથા યુવકોને વર્તમાન ધરાવ્યાં. માધાભાઈ કહે :

'સ્વામી ! મારી બધી રૂમોમાં પગલાં કરાવવાં રહી ગયાં.'

'બે માળ છે ને ચડાવવા છે ?' મોટાસ્વામીએ ના પાડી.

સ્વામીશ્રી કહે : 'ભલેને ત્રણ માળ રહ્યા. હાલો, ઈમ નો હાલે.' એમ કહી વજુભાઈનો હાથ ઝાલી દાદર ચડવા લાગ્યા. બધે ફરી પગલાં કર્યાં. ઠાકોરજી પધરાવ્યા ને મંદિરે પધાર્યા.

એવામાં બપોરની સભામાં રસિકભાઈ આવ્યા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : 'સિગારેટ છોડી ?'

'ના.'

'ઈ નો હાલે. લાવો પાણી.'

'સિગારેટ વિના ચાલતું નથી.'

'નાના હતા તે આજ લગી હાલતું જ તુંને ! માટે આ ગજવામાં છે ઈ ફેંકી દ્યો. થોડા દિવસ મોમાં લવિંગ રાખવું.' એમ કહી એમના હાથમાં પાણી આપતાં કહ્યું : 'હે મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, આ ભાઈને નિશ્ચયમાં બળ દેજો.' એમ કહી પાણી મુકાવ્યું.

'કેટલી પીઓ છો ?'

'પિસ્તાલીસ શિલિંગની.'

'દર મહિને પિસ્તાલીસ !... રોજ દોઢ શિલિંગ એક વર્ષ સુધી મંદિરમાં નાખવો.' સ્વામીશ્રીએ તોડ કાઢ્યો.

સભા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'સાચું બોલતો હોય તોપણ કોઈનું વાંકું ન સાંભળવું. કોઈ સંભળાવવા આવે તો કહેવું : 'હાલ, ભાગ !' એ સુહૃદપણું. સાંભળીએ તો દેશકાળ લાગે. સ્વામી હતા તે કોઈ વડતાલની વાંકી વાત કરે તો ઊઠાડી મૂકે. સ્વામી કહેતા કે અમે વડતાલથી આવ્યા છીએ. એમ કહી અટકાવતા.'

અહીં એક બપોરે હંસરાજભાઈના આગ્રહથી સ્વામીશ્રી મકુપા રોડ ઉપર આવેલા લોહાણા મહાજન બોર્ડિંગ હાઉસમાં પધાર્યા. મંદ ગતિએ ચાલતા, મરક મરક હસતાં હસતાં સ્વામીશ્રી સાથેના સંતને કહે : 'ઠાકોરજી લાવો, અહીં પધરાવીએ.' પછી ઠાકોરજીનો હાર કાઢી લઈ, પુષ્પ તોડતા જાય અને જ્યાં લીમડો છે ત્યાં ત્રણ હૉલ બાંધવાની યોજના હતી ત્યાં આગળ પધાર્યા. લીમડાને પુષ્પથી વધાવતાં બોલ્યા : 'આ તો ગઢડાનો લીમડો છે. આની નીચે

તો શ્રીજીમહારાજ બેઠા હતા.' એમ કહી હંસરાજભાઈને કહ્યું : 'આ લીમડો કાપશો નહિ.'

શ્રીજીમહારાજ દિવ્ય દેહે અહીં પધારેલા કે આજે સંતસ્વરૂપે પધાર્યા, એ વાત સૌનાં મનમાં જ રહી ગઈ !

આગળ ચાલતાં ચાલતાં જમીન ઉપર પુષ્પ છાંટતા હતા. ત્યારે જશભાઈએ પૂછ્યું : 'સ્વામી ! અહીંયાં પહેલાં કોણ રહેતું હતું ?'

'આ તો ઋષિઓની જગ્યા છે અને તેમાં આપણે આવ્યા.' સ્વામીશ્રી હળવેકથી બોલ્યા.

અહીં મણિભાઈ લાલભાઈ દેસાઈનાં પત્નીને સ્વામીશ્રી માટે નાસ્તો બનાવીને મોકલવાનો ખૂબ ભાવ. આમેય તેઓ વલસાડના અનાવિલ બ્રાહ્મણ. તેમને શંકરલાલ પારેખનાં માતુશ્રી તરફથી સત્સંગનો રંગ લાગ્યો હતો.

એક દિવસ તેમણે સમોસાં કરીને મોકલ્યાં. સ્વામીશ્રીએ તે જોઈ મણિભાઈને પૂછ્યું : 'આ શું બનાવ્યું છે ?'

'બાપા ! સમોસાં છે.'

'ઓ...હો...હો...' સ્વામીશ્રીએ લહેકાથી કહ્યું : 'ઈ તો નામ જ આજે હાંભળ્યું !' એમ કહી હસી પડ્યા ને સૌને રમૂજ કરાવી.

મણિભાઈનાં પુત્રી નીમીબહેનને એવો સંકલ્પ રહ્યા કરે કે સ્વામીશ્રીની પ્રસાદીની માળા મળે તો સારું. એક દિવસ તેમના ભાઈ અનિલભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા, ત્યારે રાજી થઈને સ્વામીશ્રીએ તેમને માળા આપી અને નીમીબહેનનો સંકલ્પ પૂરો થયો. આમ, આખા કુટુંબની નિષ્ઠા વધુ દૃઢ બની.

શનિવાર, તા. ૧૪-૫-'૫૫, સવારે સ્વામીશ્રી દાતણ કરી રહ્યા હતા. કનુભાઈ તથા જશભાઈ, બંને યુવકો સેવામાં હતા. જશભાઈ પ્રભાતિયાંનાં પદ ગાતા હતા. વાતાવરણ પવિત્ર હતું. ત્યારે વજુભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! અક્ષરધામમાં આમ જ ચાલતું હશે ?'

'ના, ત્યાં તો દાતણ-પાણી કાંઈ નહિ. ત્યાં તો ભગવાનની મૂર્તિની સામું જ નિરંતર જોઈ રહેવાનું. ત્યાં આવો વેહ, આવાં કામ ન મળે.' સ્વામીશ્રીએ દંતધાવન કરતાં કરતાં જવાબ વાળ્યો.

'ધામમાં મૂર્તિ ક્યાં દેખાતી હશે ? નજીકવાળાને સારી અને દૂરવાળાને ઝાંખી, એમ દેખાતું હશે ?'

'લે, એમ હોતું હશે ? ત્યાં તો સર્વત્ર... અધો-ઊર્ધ્વ... બધે નજીક જ

દેખાય... સૌને સરખું જ સુખ આવે... ત્યાં અહીંના જેવું નહિ.'

'અનેક બ્રહ્માંડમાં આમ દેખાતું હશે ?'

'બ્રહ્માંડોનો પાર નથી. અણુની માફક અસંખ્ય બ્રહ્માંડ ઊડતાં હોય, આવું અક્ષરધામનું સુખ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સાંજે સભામાં સ્વામીશ્રી બહુ મસ્તીમાં હતા. ગાલ ઉપર બ્રહ્માનંદની સુરખી અને મુખ પર વૈરાગ્ય-ત્યાગની કાંતિ ચમકી રહી હતી. અંતરવૃત્તિ કરીને આંખો મીંચીને બિરાજમાન થયા હતા. માથે ગરમ ટોપી અને તે ઉપર થઈને ખભે વીંટેલી શાલ, અડધા ગાલને ઢાંકી રહી હતી.

આ મૂર્તિનાં કામણ એવાં હતાં કે સૌને પોતાને ત્યાં પધરાવવાની હોંશ થતી. મોમ્બાસાની આજુબાજુનાં શહેર કે ટાઉનોમાં જવાનું થતું ત્યારે ટ્રેઈનની જ વ્યવસ્થા હતી. આજે સ્વામીશ્રી કહે : 'હેં સી.ટી. સાહેબ ! આપણે પરચો કરવો છે. આપણાં પંદર-વીસ માણહ છે તે એક થર્ડ ક્લાસનો ડબો જોડે. તે તમે જઈને સ્ટેશન માસ્તરને વાત કરો. જાવ થઈ જશે. એટલે બધાને સુખ આવે...'

હરિભક્તો ને સંતોનું રિઝર્વેશન ફર્સ્ટ ક્લાસમાં કરાવી લીધું હતું. થર્ડ ક્લાસમાં આફ્રિકાની ટ્રેઈનોમાં મુસાફરી કરવી અશક્ય હતી. કારણ, એમાં બધાં આફ્રિકન સ્ત્રી-પુરુષો મુસાફરી કરતાં. તેમાંયે આફ્રિકન સ્ત્રીઓને સંતોથી દૂર રહેવાનું સમજાવવું, એ બધું સહજ બની શકે એમ નહોતું. છતાં સ્વામીશ્રીને થર્ડ ક્લાસમાં મુસાફરી કરવાનો ખૂબ આગ્રહ રહેતો. પોતે હરિભક્તોને પણ ઘણી વાર સમજાવતા કે આપણે થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરવી. પૈસા બચે તો ઠાકોરજીની એટલી વધુ સેવા થાય.

એટલામાં રિલાયન્સ પ્રેસવાળા રેવનદાસ સ્વામીશ્રીની મૂર્તિ પ્રસાદીની કરાવવા લઈ આવ્યા. પોતાની જ મૂર્તિ જોઈ સ્વામીશ્રી કહે : 'આ તો પ્રસાદીની જ છે.'

૮-૧૫ વાગે મંદિરે જતાં સી.ટી. પટેલે વાત કરી : 'છોટાભાઈને દમનો વ્યાધિ છે ને બીમાર છે. તે આજે ત્રણ વાગે સ્ટેશને આવશે.'

'ચાલો, આપણે તે તરફ થઈને જઈએ.' સ્વામીશ્રીએ કહ્યું. સૌ મકુપા રેલવે ક્વાર્ટર્સમાં પહોંચ્યા. છોટાભાઈની પથારી નજીક જઈ સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'દમ મટો, દમ મટો.' એમ કહી આશીર્વાદ આપી પ્રસાદીનો હાર પહેરાવ્યો, ગુલાબનાં ફૂલ આપ્યાં ને કહે : 'મટી જશે. મહારાજને સંભારવા. એ આપણા ધણી...' પછી કહે : 'કરો ધૂન... મહારાજ મટાડો. હે મહારાજ ! દમ

ભાગી જાવ.' એમ કહી તેમના શરીરે હાથ ફેરવ્યો.

એક-બે પધરામણી કરી. ઘણા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં. ૧-૩૦ વાગે બપોરે હંસરાજભાઈના ઘરે ઠાકોરજી જમાડી, સી.ટી. પટેલને ત્યાં વિશ્રામ લીધો.

આમ, મોમ્બાસામાં લગભગ એક માસ સુધી સ્વામીશ્રી અને સંતોના સાન્નિધ્યમાં અખંડ જ્ઞાનયજ્ઞ ચાલ્યો. ઠેર ઠેર પધરામણીઓ થઈ. શહેરના અગ્રગણ્ય વેપારીઓ તથા સામાજિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનોએ પણ સ્વામીશ્રી અને સંતોની પધરામણી કરાવી અલભ્ય લાભ લીધો.

મોમ્બાસાના અગ્રગણ્ય નાગરિકો શેઠ સુંદરજી નાનજી, હંસરાજ દુર્લભજી, માણેકલાલ કાલીદાસ કાનજી, એ.બી. પટેલ, પ્રેમચંદ રાયચંદ અને ચંદારીઆ ભાઈઓ વગેરેને ત્યાં પધરામણીઓ થઈ. કચ્છી ભાઈઓએ પણ પોતાનાં ઘરે તથા ખેતરોમાં-વાડીઓમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી.

'લોહાણા રેસ્ટ હાઉસ'માં લોહાણા જ્ઞાતિ તરફથી એક ભવ્ય સ્વાગત-સભા ગોઠવવામાં આવી હતી. ડિવાઈન લાઈફ સોસાયટી, રાધાકૃષ્ણ મંદિર, ટોનોનોકા સોશિયલ હૉલ, થિયોસોફિકલ સોસાયટી તથા અન્ય ધાર્મિક સંસ્થાઓએ સ્વામીશ્રી તથા સંતોનું, પોતપોતાનાં સ્થાનોમાં - મંદિરોમાં સ્વાગત કર્યું.

પટેલ સમાજ, નવનીત મહાજન વાડી, કચ્છી લેવા પટેલ સમાજ તથા હિંદુ યુનિયન જેવી જાહેર સંસ્થાઓમાં જાહેર સત્સંગ સભાઓ થઈ.

સ્વતંત્રતાની આગાહી

આફ્રિકનો પણ સ્વામીશ્રીનાં દર્શન કરી પોતાની સ્વાહિલી ભાષામાં એમને 'મુંગુ' એટલે કે 'ભગવાન' કહી સંબોધતા અને નમી પડતા.

આમ, મોમ્બાસાની જનતાને અપૂર્વ લાભ મળ્યો. અજોડ સાધુતા, અતિ નમ્રતા, નિર્દોષતા, દિવ્યતા, પ્રેમ વગેરે અનેક ગુણોની ચિરસ્થાયી છાપ જાહેર જનતા ઉપર પડી. રેડિયો ઉપરથી પ્રસારિત થયેલા આશીર્વાદમાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'મહારાજ આ દેશને સ્વતંત્રતા અપાવશે.' સાત જ વર્ષ બાદ આ આશીર્વાદ સત્ય થયા.

સ્વામીશ્રી સૌ પ્રથમ આ દેશમાં પધાર્યા અને નૈરોબી મિલિટરી ઍરપોર્ટ ઉપર એમનાં પુનિત પગલાં પાડ્યાં. એ વખતે આ દેશમાં 'માઉ માઉ'ની જબરદસ્ત ચળવળ ચાલતી હતી. હરિભક્તોએ વિનંતી કરી કે 'સ્વામી ! અહીં આફ્રિકનો યુરોપિયનોને અને હિંદીઓને મારે છે, હલ્લા કરે છે. પછી જંગલોમાં

સંતાઈ જાય છે.'

ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'મહારાજ આ ધમાલ ૧૪ દિવસમાં બંધ કરી દેશે.'

તે પ્રમાણે બરાબર ૧૪ દિવસમાં જ શાંતિ સ્થપાઈ ગઈ ! સ્વામીશ્રીના કાર્યક્રમમાં પણ કોઈ વિઘ્ન નડ્યું નહિ.

સંત સંબંધે કડવાશ ગઈ

અહીં સ્વામીશ્રીના ઉતારે સી.ટી. પટેલના મકાનના કમ્પાઉન્ડમાં એક લીમડો હતો. એની એક ડાળી સ્વામીશ્રી પૂજા કરતા ત્યારે હંમેશાં છાંયો આપતી. સૌના આશ્ચર્ય વચ્ચે એ એક જ ડાળ મીઠી બની ગઈ હતી ! બાકી આખો લીમડો કડવો. આ અચરજ જોઈ મોમ્બાસાના સેંકડો નગરજનોએ આશ્ચર્ય અનુભવ્યું હતું અને લીમડાનાં મીઠા પાન ચાખી પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. સંતના સંબંધે ઝાડવાં પણ પોતાના સ્વભાવ મૂકી દે છે !

આ અરસામાં જ મોમ્બાસામાં શેઠ હીરજી કરમશી શાહના ઘરે શ્રીજી-મહારાજ અને સ્વામીએ દિવ્ય દેહે પધારી ચંદનનાં પગલાં પાડ્યાં તથા ચંદનનાં છાંટણાં કર્યાં. આખું શહેર એ પગલાંનાં દર્શન કરવા ઊમટ્યું હતું અને સૌને પ્રતીતિ થઈ હતી કે યોગીજી મહારાજના વરદ હસ્તે, સાક્ષાત્ અક્ષર અને પુરુષોત્તમની પ્રતિષ્ઠા મંદિરમાં થઈ, એટલે જ મહારાજ અને સ્વામીએ આ રીતે દર્શન દીધાં. આવા અનેક ચમત્કારોથી સૌને સ્વામીશ્રીના પ્રતાપનો પ્રત્યક્ષ અનુભવ થયો.

તા. ૧૭-૫-'૫૫, મોમ્બાસાથી નૈરોબી જવા ટ્રેનમાં નીકળ્યા. ગાડી ઊપડી. વચમાં સીમાન્ઝીનો દરિયો દેખાયો. ત્યારે સ્વામીશ્રી કહે : 'જે દરિયો !' એમ કહી દરિયાને પગે લાગ્યા.

હરિભક્તો મોમ્બાસામાં સમાસ થયો તેની વાતો કરવા લાગ્યા. સંધ્યા સમય હતો તેથી ગોડી બોલી, આરતી-અષ્ટક બોલ્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી જાગ્રત થતાં પ્રાતઃવિધિમાં સ્વામીશ્રીને દાતણ કરવા આપ્યું.

'જરા કચરીને લાવો,' સ્વામીશ્રીએ કહ્યું, એટલે 'Kiu' સ્ટેશને પ્લૅટફૉર્મ ઉપર દાતણ કચર્યું. દાતણ-પાણી કરીને બેઠા.

ત્યાં મોટાસ્વામી *'મધુકર વાત મોહનવર કેરી...'* એ પદ બોલ્યા. પછી

સંતોએ ધીરધુરંધરાનાં પદો ગાયાં. સ્વામીશ્રી પણ સાથે સાથે ગાવા લાગ્યા. માથે ગરમ ટોપી પહેરી હતી અને ગરમ ભગવો કામળો ઓઢીને અતિ આનંદમાં આવી ડોલતાં-ડોલતાં ગાતા હતા અને માળા ફેરવતા હતા. 'ધ્યાન ધર'નાં પદો સંતો પાસે ગવરાવ્યાં ત્યાં નૈરોબી આવી ગયું.

અહીંની 'ગાંધી મૅમોરિયલ કૉલેજ'ના પ્રેરક કાર્યકર ડૉ. રમણલાલ યાજ્ઞિક આ અરસામાં જ રાજકોટથી નૈરોબી આવ્યા હતા. સી.ટી. પટેલની મુલાકાતથી તેમને સ્વામીશ્રીનો મહિમા સમજાયો, દર્શનનું આકર્ષણ થયું. તેમણે સી.ટી. પટેલને કહ્યું : 'હું સ્વામીજીનાં દર્શને તો આવું, પણ દિવ્ય શાંતિનો અનુભવ થાય તો માનું.'

સ્વામીશ્રી નૈરોબી પધાર્યા ત્યારે સી.ટી. પટેલે સમાચાર આપ્યા કે દર્શને આવજો. દર્શને આવતાં પહેલાં ડૉક્ટર યાજ્ઞિકે ત્રણ સંકલ્પ કર્યા કે આ પૂરા થાય તો દિવ્ય પુરુષ સાચા. એક, સ્વામીજી મને આસન પાથરી આપે. બીજું, હાર પહેરાવે. ને ત્રીજું, હું દસ વાગે પ્લેનમાં દારેસલામ જવાનો છું તે કહી દે. વળી, પ્રસાદ આપી મારા મિત્રોને પ્રસાદ આપવા ભલામણ કરે.

તેઓ મંદિરે પહોંચ્યા. સી.ટી. પટેલ તેમને સ્વામીશ્રી પાસે લઈ ગયા. ત્યાં તો સ્વામીશ્રી એકદમ ઊભા થયા ને ગાદલું લઈ પાથરી દીધું ને કહે : 'આવો યાજ્ઞિક સાહેબ ! તમારાં દર્શન અમને આ દૂર દેશમાં થયાં.'

પછી ખબર-અંતર પૂછતાં સી.ટી. પટેલને કહે : 'પૂજારી પાસેથી હાર લાવો. સાહેબને પહેરાવીએ.' એમ કહી હાર પહેરાવ્યો. યાજ્ઞિક સાહેબ અહોભાવથી વિચારી રહ્યા કે બે સંકલ્પો તો ઘડીના છઠ્ઠા ભાગમાં પૂરા થઈ ગયા ! ત્યાં સ્વામીશ્રીએ પ્રસાદ ધર્યો : 'લ્યો. આજે દારેસલામ જાઓ છો તો તમારા મિત્રોનેય પ્રસાદ દેજો !'

સ્વામીશ્રીની આવી અમાપ શક્તિથી તેઓ ઘણા પ્રભાવિત થયા અને હંમેશ માટે ગુણાનુરાગી સત્સંગી થયા.

અનેક વૈષ્ણવ ભક્તોને પણ પોતાના આરાધ્ય-સ્વરૂપની પ્રતીતિ સ્વામીશ્રીમાં આવવા લાગી. સૌને નિષ્ઠા દૃઢ થતી ગઈ અને વિદેશની ધરતી પર સત્સંગ વૃદ્ધિ પામતો ગયો.

વૈષ્ણવ ભક્ત પ્રેમજી સવજી પટેલે સ્વામીશ્રીનાં પ્રથમ જ વાર નૈરોબીમાં દર્શન કર્યાં. તેઓ ચુસ્ત વૈષ્ણવ હતા અને ગોકુળ, મથુરા, વૃંદાવન અને ગિરિરાજમાં અઢાર મહિના રહ્યા હતા. વૈષ્ણવી ભક્તિના રંગે પૂરા રંગાયેલા

તેમને સ્વામીશ્રીમાં બાલમુકુન્દનાં દર્શન થયાં. તેમણે વર્તમાન ધરાવ્યાં અને ૧૯૫૩થી અંબાલાલભાઈના સંસર્ગે સત્સંગનો યોગ થયો તે બદલ તેમણે પરમાત્માનો આભાર માન્યો. તેઓ નિષ્ઠાવાન ભક્ત બન્યા અને દેશમાં આવી જૂનાગઢ મંદિરની વર્ષો સુધી સેવા કરી.

નૈરોબીથી મોટર રસ્તે નેવાસા થઈ નકુરુ હીરજી બાપાને આશીર્વાદ આપી તા. ૧૭-૫-'૫૫ના રોજ સવારે સાત વાગે યુગાન્ડાના પ્રવેશદ્વાર ટરોરો પધાર્યા.

અહીં સૌનું ભાવભીનું સ્વાગત થયું. કમ્પાલા, જિન્જા, નાઈગોગેરા બુજેટા, બુકેડિયા, કીડનગોલી, કકોરો, મ્બાલે, બુસોલ્વે, મઝાન્ઝી, બુસિયા વગેરે સ્થળોએથી યુગાન્ડાના ઘણા હરિભક્તો સ્ટેશને સ્વામીશ્રીને વધાવવા એકત્રિત થયા હતા. હરિભક્તોએ ફૂલહારથી સ્વાગત કર્યું. ત્યારબાદ ૩૦ મોટરોમાં સ્ટેશન ઉપરથી નગરયાત્રા કાઢી, ગામને પ્રદક્ષિણા કરી સી.એમ. પટેલને ત્યાં ઉતારે પધાર્યા.

ભક્તરાજ મગનભાઈની સમાધિએ

સ્નાન વિધિ બાદ ૧૧-૦૦ વાગે ભક્તરાજ મગનભાઈના સમાધિ સ્થાને દર્શને ગયા. ત્યાં આરતી, ધૂન તથા થાળ કરી, ઉતારે આવી સભા ભરી. સ્વામીશ્રીએ કહ્યું :

'આખા આફ્રિકા ખંડમાં તીર્થ-ભૂમિકા અહીં છે. હું જ્યારે ગોંડલ અક્ષર દેરીમાં ગયો, ત્યારે મેં ત્રણ સંકલ્પો કરેલા :

(૧) મોમ્બાસા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા અતિ ધામધૂમથી થઈ જાય અને હજારો માણસો ઠાકોરજીના દર્શન કરે.

(૨) જે જે હરિભક્તો દેશમાં આવ્યા હતા તેમનાં તો દર્શન કર્યાં હતાં, પરંતુ જે હરિભક્તો અહીં હતા તેમનાં દર્શન કરવાં.

(૩) મગનભાઈના સમાધિ સ્થાનનાં દર્શન થાય.

'અહીં ટરોરો સ્ટેશનમાં આવતાં જ શાંતિ થઈ ગઈ.

'સમાધિ સ્થાનમાં આરતી ઉતારી અને મગનભાઈ તેમજ નિર્ગુણ સ્વામીને રાજી કર્યા. મગનભાઈ જ્યારે અક્ષર દેરીમાં ગોંડલ આવ્યા હતા, ત્યારે અમો ગોંડલથી જૂનાગઢ ગયેલા. ત્યાં મંદિરમાં બધી જગ્યાએ દર્શન કરીને આઠ વાગે પાછા આવ્યા હતા. અમો મોટરમાં વાતો કરતા જતા હતા. રસ્તામાં પંપ આવે છે ત્યાં આગળ કૂવામાંથી પાણી કાઢીને પીધેલું, તે ઇદમ્ યાદ આવે છે.'

અહીં હરમાનભાઈ, ત્રિભોવનદાસ, સી.ટી. પટેલ વગેરેએ પ્રસંગોચિત વાતો કરી. પછી સ્વામીશ્રી બોલ્યા :

'અહીં ત્રણ શિખરનું મંદિર થશે. હજારો માણસો તેનાં દર્શન કરશે. મગનભાઈના સમાધિ સ્થાનની જગ્યા બહુ પુણ્યશાળી બનશે. તેની માનતાઓ ઘણાં માનશે, આવીને મસ્તક નમાવશે.

'કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે...'

'એક જીવને માયાપર કરવો તે આખા બ્રહ્માંડનું પુણ્ય મળે છે અને એક જીવને મોક્ષના માર્ગમાંથી પાડવો તે આખા બ્રહ્માંડનું પાપ લાગે છે. દરેક જણે પાંચ-પાંચ જણને સત્સંગ કરાવવો. પંચ વર્તમાન પાળે તે બધા જ સત્સંગી. જે દારૂ પીતો હશે તેની શી ગતિ થતી હશે ? જ્યારે સમજશે કે તેનાથી બહુ જ મોટું પાપ છે, ત્યારે તેની મેળે જ કાઢી નાખશે. કાઠિયાવાડમાં મહારાજ તથા સંતો પધાર્યા, તે દેશ ચોખ્ખો કરી નાખ્યો. આ દેશ મગનભાઈ તથા નિર્ગુણ સ્વામીએ ચોખ્ખો કર્યો છે, પરંતુ આઠ આની બાકી રહ્યો છે. તો તમે ભેગા થઈ કાઢી નાખો. ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત વગેરેની પારાયણ કરો, યજ્ઞ કરાવો અને દરેક જીવને સુપાત્ર કરો. મહારાજે કુપાત્ર જીવને સુપાત્ર કરી દીધા હતા. મહારાજે છપૈયામાં જન્મ ધર્યો પછી તેમણે ઝાડ ઉપર ચઢીને જોયું કે કઈ બાજુ મુમુક્ષુઓ વધુ છે. પછી પશ્ચિમ દિશામાં વધુ હોવાથી, ગોળા ખાઈને તેમજ મહાસંકટો વેઠીને બધાને સીધા કરી દીધા.'

જિન્જામાં પ્રથમ યોગી જયંતી

બપોરે ઠાકોરજી જમાડી, આરામ બાદ સ્વામીશ્રી મોટરમાં જિન્જા પધાર્યા. અહીં રેલવે સ્ટેશનના કમ્પાઉન્ડમાં મોટી સંખ્યામાં શહેરની જનતા અને અગ્રગણ્ય સદ્ગૃહસ્થો રાહ જોતાં ઊભા હતા. જયનાદો થયા. મૂળજીભાઈ માધવાણીની નવી શેવરોલેટ ગાડીમાં સ્વામીશ્રીને પધરાવી, અદ્ભુત શોભા-યાત્રા કાઢી. સંતોનો ઉતારો મણિભાઈના ઘરે હતો. સાંજે સુંદર સત્સંગ સભા થઈ, જેમાં સંતો-હરિભક્તોનાં ભજન-કીર્તનો તથા પ્રવચનો થયાં.

તા. ૧૯-૫-'૫૫, આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૬૪મી જન્મ જયંતી હતી. વૈશાખ વદ ૧૨, એમનો પ્રાગટ્ય દિન સૌ પ્રથમ વાર સંપ્રદાયમાં અહીં ઊજવાતો હતો.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'જૂનાગઢમાં સ્વામી બિરાજમાન હતા. વરસાદ પડતો હતો. સ્વામીએ કહ્યું : 'જેનું કર્યું થાય છે તે તો જાણે જાણતા નથી.' આપણે સ્વામી પાસે જઈએ અને કહીએ કે 'આનું શું કરું ? આ કેમ કરું ?' ત્યારે સ્વામી કહે : 'બધો ભાર ભગવાનને માથે નાખી દેવો. તેના સિવાય સૂકું પાંદડું પણ હાલવાને સમર્થ નથી.'

'અહીં આફ્રિકા દેશમાં મંદિર થયું તે હજારો લોકો દર્શન કરશે, કેટલાય માનતાઓ માનશે. ગુણાતીતાનંદ સ્વામી કહે : કરોડ મનવારો ભરવી છે, કેટલાયે જીવનું કલ્યાણ કરવું છે. પછી અમે વિચાર કર્યો જે, અમારું દર્શન કરે તેનું કલ્યાણ. પરંતુ ધ્યેય મોટો છે તેથી અમારા સાધુનું દર્શન કરે તેનું પણ કલ્યાણ; તે વખતે સાચા, વિકાર વગરના અને નિષ્કામી સાધુ થોડા હતા. તેથી અમારા હરિભક્તનું દર્શન કરે તેનું પણ કલ્યાણ ! હિંદુસ્તાન, આફ્રિકા, અમેરિકા, લંડનમાં આપણા સંપ્રદાયના ઘણા છે. મહારાજે મોકલેલા છે, તે સત્સંગ કરતા હશે અને કરાવતા હશે. આ બધા સંસ્કાર-સમાગમ વાતો સાંભળીને, સેવા કરીને પડે છે.

'શું હેતુથી આવ્યા છીએ ? શું આપવું ? માથું આપવું. સો માથાં આપતાં પણ ભગવાન ન મળે, અને એક માથું ભગવાન માટે આપે એમ સમજે તો ભેટંભેટા, નહીં તો છેટંછેટા. દોષ હોય તે ટાળવા. અહીંના નેટિવો (Native) પણ સત્સંગ કરે. નોકરો હોય તેમને નિયમ આપી દઈએ અને કહીએ કે સીધા રહેજો. પાંચ માળા ઘમકાવો. આપણે કોદાળી, પાવડો લઈને મંડી પડવાની જરૂર છે. ટ્રેક્ટરો લઈને હજારો વીઘા ખેડી નાખવા જોઈએ. (સત્સંગ કરાવવા રૂપ ખેતરો ખેડવાનો નિર્દેશ કર્યો.)

'આપણે સત્સંગ કરાવવો. જે નવા સત્સંગી બનશે તેનું ફળ આપણને મળશે. આપણને ભીડો વેઠવો પડશે. દામોદર હતા તે ભાડું પણ આપતા અને સમૈયા વગેરે કરાવતા. ભાડું આપીને પણ સત્સંગ કરાવજો. આજ તો અલભ્ય લાભ મળ્યો છે. તે પર દૃષ્ટાંત છે :

'એક મિયાં હતા અને એક પટેલ હતા. બંને જણ ભાઈબંધ. પટેલે શેરડી વાવેલી. તેથી પટેલ કહે : 'તમે જમાદાર છો, તો મારી શેરડી જમો.' ત્યારે મિયાં કહે : 'અમે શેરડી ના ખાઈએ.' પટેલ કહે : 'રસ પીઓ...' ત્યારે કહે : 'અમે રસ ન પીએ.' એમ જમાદાર માનમાં રહી ગયા. શેરડીનો ગોળ પણ બની ગયો. મિયાં દિશાએ જવા જતા હતા. તે રસ્તામાં શેરડીનાં ભોથાં પડેલાં

જોયાં. ત્યારે તેમને થયું કે શેરડી તો ન ખાધી, પણ તે કેવી હતી તે તો જોઈએ ! તેથી ભોંયે પડીને રસ્તામાં પડેલાં ભોથાં ચાખી જોયાં. ત્યારે કહે : 'આ તો બહુ સરસ છે !' ત્યારે હેતુ એ છે કે એવા પુરુષ ન મળે તો ભોથાં ચાટવાં પડે. તેથી શેરડીનો રસ ચાખી લેવો.

'આપણે તપાસ કરવી જે, હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? આપણે પૈસા ભેગા કરીએ છીએ, પણ પાછા વળતાં શીખવું. અધર્મ-નીતિનો પૈસો ન લેવો. આજ્ઞા-ઉપાસના રાખી રોટલા કમાઈશું તો મહારાજ કોઈ દિવસ દુઃખ નહિ પડવા દે. જેટલાં સત્કર્મ કર્યાં હોય, જેટલું મંદિરના અર્થે વાપર્યું હોય તે સત્કર્મ થાય. જો જ્ઞાન પ્રાપ્ત કરીશું, તો કામ આવશે. ભગવાનના સંતની સેવા અબજો કે લાખોપતિને ન મળે, તે મહારાજે આપણને આપી છે. ધારણાં-પારણાં કરે, વ્રત કરે, દાન કરે, જપ કરે, ઊંધે માથે લટકે તોપણ ભગવાનની પ્રાપ્તિ ન થાય, પરંતુ આપણને સહેજમાં થઈ ! મોટાનો આશરો થાય તો બેડોપાર થઈ જાય. મહારાજ કહે છે કે 'મોટા હોય તે અમને નથી ગમતા, નાના ગમે છે. કારણ, માન નહિ, મોટાઈ નહિ.'

આજે સવારે જયંતી નિમિત્તે સૌ હરિભક્તોએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીના પૂજનનો લાભ લીધો.

બપોરે લગભગ ૩,૦૦૦ જેટલા હરિભક્તોએ મહાપ્રસાદ લીધો, જેમાં જિન્જા યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી. ઉત્સવ નિમિત્તે શહેરમાં સુંદર શોભાયાત્રા કાઢવામાં આવી. રસ્તામાં વિશ્વકર્મા મંદિરમાં દર્શન કરી સાંજે ૬-૦૦ વાગે સ્વામીશ્રી તથા સંતો સભામાં પધાર્યા. શેઠ દયાળજીભાઈ વડેરાએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. બાદ સી.ટી. પટેલ તથા હરમાનભાઈનાં પ્રવચનો પછી દેશમાંથી આવેલા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું.

અહીં કમ્પાલાથી યુવકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અડાસના ચુનીભાઈના યુવાન પુત્ર મહેન્દ્રભાઈ પણ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. 'સાધુ થશો ?' સ્વામીશ્રીએ એકદમ જ ચોંકાવનારો પ્રશ્ન પૂછ્યો. ક્યારેય જે પરિસ્થિતિનો વિચાર નહિ કરેલો તે સંબંધમાં એકદમ કહેવું પણ શું ? પણ સ્વામીશ્રીના વાત્સલ્યપૂર્ણ શબ્દો સાથે એમના સામીપ્યમાં જ કોઈ એવી દિવ્યતા રહેતી કે કોઈપણ વ્યક્તિ પોતાનું અસ્તિત્વ એમની નજીક ભૂલી જતી, અલૌકિક સ્પર્શ અનુભવતી અને સાહજિક રીતે જ સ્વામીશ્રીના પ્રભાવમાં આવી એમને નારાજ કરી શકતી નહિ. કોઈ એવા જ અનુભવમાં ખોવાઈ ગયેલા મહેન્દ્રભાઈએ

તુરત 'હા' પાડી દીધી.

તા. ૨૦-૫-'૫૫, સવારે સ્વામીશ્રીએ ગ.પ્ર. ૨૩ તથા ૨૪ વચનામૃતો નિરૂપી, કમ્પાલાના ચુનીભાઈ તથા કનુભાઈને સિદ્ધાંતની વાતો કરી.

'પ્રગટ એટલે શું સમજવું ?' એ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું : 'પોતાને શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ ધારવું. શાસ્ત્રીજી મહારાજ મારું મોક્ષનું દ્વાર છે - એમ સમજીને ભજન કરે તે પ્રગટ ઉપાસના.

'મહારાજની મૂર્તિ સિવાય બીજાનો ભાર ન રહે. જ્યારે પૂરેપૂરો મહિમા સમજાય, ત્યારે ગ.પ્ર. ૨૪ પ્રમાણે અખંડ મહારાજની મૂર્તિ દેખાય. મહારાજ, સ્વામી અને મુક્ત સિવાય બધામાંથી પ્રીતિ તૂટી જાય. આ સિવાય કંઈ જ ન દેખાય. એક મહારાજમાં જ અખંડ વૃત્તિ રહે. જગતમાં વૃત્તિ જાય તો સમજવું કે માહાત્મ્યની ખટાઈ ચઢી નથી.

'ચાળા ચૂંથવા માંડે એટલે શું ? કે ભગવાન સંભારે અને થોડો વખત વ્યવહાર પણ કરે. એ તો મગનભાઈની જેમ અખંડ ભગવાનની વાતો કરે ત્યારે સુખ આવે, તે વિના ન આવે. માટે અખંડ ભગવાનમાં વૃત્તિ રાખવી. ભગવાનમાં વૃત્તિ રહે એને માયામાં મન જાય જ નહિ. જીવકોટિ, ઈશ્વરકોટિ, માયા તુચ્છ થઈ જાય. થોડી વાર ભજન કરે અને થોડી વાર દેહરૂપે વર્તી વ્યવહાર કરે, તે તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું છે.

'પોતામા ગમે તેટલા દોષ હોય, પણ જે ભગવાનને તથા તેમના સતને નિર્દોષ ધારે તો નિર્દોષ થઈ જાય છે. નિર્દોષ સમજે તો જ નિર્દોષ થતો જાય છે. તે સંતમાં દોષ પરઠે, તો ગમે તેવો નિર્દોષ હોય તોપણ દોષવાળો થઈ જાય છે. માટે સંતમાં કદીય દોષ જોવા નહિ. ભગવાનનું બળ રાખે તો અંતર સૂનું ન રહે. અને એમ સમજવું કે 'મહારાજ પુરુષોત્તમે મને તેમનું સ્વરૂપ ઓળખાવ્યું છે, સતના સમાગમમા મને રાખ્યો છે. આવો સતનો સમાગમ મને મળ્યો છે અને સર્વ દોષથી મને મુક્ત કર્યો છે.' એમ મહારાજનું બળ રાખે તો આનંદ રહે અને પોતાનું બળ હોય તો સૂનું રહે. માટે હંમેશાં ભગવાનનું બળ રાખવું. તેની દયા થઈ તો સત્સંગના જોગમાં આવ્યા; નહિ તો આવો સંતનો જોગ ન મળે. જેને મહારાજ તથા સ્વામી મળ્યા છે અને આ જોગ મળ્યો છે માટે સાધારણ છે તોપણ તેનો ગુણ લેવો, પણ દોષ પરઠવો નહિ.

'અવગુણ લેવાનો રસ્તો તો કોઈ દિ' લેવો જ નહિ. અવગુણ લેવાની બારી આમાં કાંઈ જડી જ નહિ. સત્સંગમાં ન ઘટે તેવો સ્વભાવ છે પણ

મહારાજ તારશે. માટે તેનો ગુણ લેવો.'

અહીંના મુકામ દરમ્યાન વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી એમ ત્રણ ગ્રંથોની પારાયણ યોજવામાં આવી હતી.

જિન્જાની આજુબાજુનાં ગામોમાં

સવારે સ્વામીશ્રી બુજેટા પધાર્યા. અહીં મણિભાઈ સાઇકલવાળાની ઓઈલ મિલ, આટાની મિલ તથા વાસણના કારખાનામાં પધરામણી કરી. આ નિમિત્તે એમણે બહુ મોટી સેવા, સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી. વળી, સ્વામીશ્રીને ફેરવવા માટે એક નવી ગાડી પણ સેવામાં તૈયાર રાખી. તેઓ જાતે જ ડ્રાઈવિંગ કરતા ને સેવાનો લાભ લેતા. પોતે નિર્માની અને મૂકસેવક, સેવાનો લેશપણ હુંહાટો નહિ.

અહીંની પધરામણીઓથી જિન્જાની આજુબાજુ, યુગાન્ડાનાં ગામડાંમાં વિચરણનો કાર્યક્રમ શરૂ થઈ ગયો. નાનાં ગામડાંમાં પણ સૌ સ્વામીશ્રીનો લાભ લેવા લાગ્યા. નવા-નવા મુમુક્ષુઓ વર્તમાન ધરાવી સત્સંગી થવા લાગ્યા અને વ્યસનોથી મુક્ત થઈ સત્સંગ પરાયણ જીવન જીવતા થયા. મગનભાઈ અને હરિભક્તોએ આ પ્રદેશમાં સત્સંગનાં જે બીજ રોપ્યાં હતાં, તે હવે ફાલીફૂલી વૃક્ષનું સ્વરૂપ ધારણ કરવા લાગ્યાં.

અહીંથી બીકવે પધાર્યા. ગોંડલવાળા નાનજીભાઈ રતનશીને ત્યાં ઉતારો કરી નિશાળમાં સત્સંગ સભા કરી. નાનજીભાઈના ઉત્સાહને કારણે, ગામ-લોકોએ સારો લાભ લીધો, પધરામણીઓ પણ થઈ. કેટલાક આફ્રિકનોને પણ વર્તમાન ધરાવ્યાં.

રાત્રે જિન્જા આવી પહોંચ્યા. જિન્જામાં સત્સંગ અને પધરામણીનો કાર્યક્રમ નિયમિત રહેતો. સ્વામીશ્રીની સેવા કરી, એમને રાજી કરી લેવાનો હરિભક્તોનો સારો ઉત્સાહ હતો. આખા આયોજનમાં મણિભાઈ સાથે રાવજીભાઈ સી. પટેલ, ચતુરભાઈ, દાલિયા, રણછોડભાઈ, મનજીભાઈ વગેરેએ રસ અને ખંતપૂર્વક સેવા બજાવી.

અહીંથી બુલોપા જતાં રસ્તામાં નાઈગોબિયામાં પણ હરિભક્તોએ પધરામણીનો લાભ લીધો. સ્વામીશ્રી બુલોપા પધાર્યા.

અહીં હરિભક્તોએ ભજન-મંડળી સાથે સ્વામીશ્રીનું ગામ બહાર સ્વાગત કર્યું. ગામ નાનું પણ સ્વાગત-યાત્રામાં હરિભક્તોનો ઉત્સાહ ખૂબ જણાતો હતો.

આફ્રિકનો પણ 'મૂંગું, મૂંગું' એમ કહેતાં ઉમંગથી નાચવા-કૂદવા લાગતા. અહીં પુરુષોત્તમભાઈ તથા હરિભક્તોએ મંડપ, સિંહાસન વગેરે સુશોભિત કરી ખૂબ તૈયારીઓ કરી હતી. સત્સંગ બાદ અનેક ભાવિકોએ વર્તમાન ધારણ કરી, બીડી-સિગારેટ તથા દારૂ આદિક વ્યસનોનો સામેથી ત્યાગ કર્યો હતો. આ જ મોટાપુરુષના સાન્નિધ્યનો મહિમા ! જેનાથી અનેકને પવિત્ર થવાની - સંસ્કારી બનવાની - સત્સંગ કરવાની પ્રેરણા આપોઆપ મળતી હતી.

બુલોપાથી નમેન્ડવા કરસનભાઈ કુરજીને ત્યાં પધાર્યા. તેમનું આખું કુટુંબ બહુ પ્રેમી. તેથી તેમણે સેવાનો સારો લાભ લીધો. ગામમાં પધરામણીઓ પણ થઈ.

અહીંથી બુકામ્બા જીનરીએ પધાર્યા. રણછોડભાઈ અને છગનભાઈને ત્યાં પધરામણી કરી, કમુલી આવી પહોંચ્યા.

અહીં સ્વાગતયાત્રા, પધરામણી અને સભા બાદ રાત્રે ૯-૧૫ વાગે નામાસાગલી આવી પહોંચ્યા. અહીં નાઈલ નદી પસાર થાય છે અને લેક આલ્બર્ટનું પોર્ટ પણ છે. ભક્તરાજ મગનભાઈએ અહીં સારો સત્સંગ કરાવેલો. અહીં પધરામણી કરી, રાત્રે બુલોપા સૌને મળીને ૧-૦૦ વાગે જિન્જા પધાર્યા.

અહીં બે દિવસ વચનામૃતનું પારાયણ યોજવામાં આવ્યું હતું. સર્વ હરિભક્તોએ કથાવાર્તાનો સારો લાભ લીધો.

જિન્જામાં મૂળજીભાઈ માધવાણીને ત્યાં પધરામણી કરી હતી. અહીંથી કકિરા પણ ગયા હતા. હરિભક્તોનો પ્રેમ તથા સંતોની સેવા કરવાનો ઉમંગ ઘણો હતો. સ્વામીશ્રી કંઈક અંગીકાર કરે તો આપણું કલ્યાણ થાય, એ ભાવથી સૌ પોતાની વસ્તુ ગ્રહણ કરવા આગ્રહ પણ કરતા, પરંતુ સદા અનાસક્ત અને માયાનાં દ્વન્દ્વોથી પર આ પુરુષ કાંઈ જ અંગીકાર કરતા નહીં, તેથી ભક્તો લાચાર બની જતા.

કકિરામાં વસેલા માધવાણી નગરમાં બધી ફેક્ટરીઓમાં એમણે ખૂબ ભાવપૂર્વક સ્વામીશ્રીનાં પગલાં કરાવ્યાં. સ્વામીશ્રીએ પણ સૌને ખૂબ રાજી કર્યા.

ટરોરોની આજુબાજુનાં ગામોમાં

તા. ૪-૬-'૫૫, જિન્જાથી નીકળી સ્વામીશ્રી બુસંભાટીઆ પધાર્યા. આખું ગામ શણગારી હરિભક્તોએ બેન્ડથી સ્વામીશ્રીનો સત્કાર કર્યો. પોપટલાલભાઈએ ઉત્સવનું સફળ આયોજન કર્યું હતું. સૌ સાંજે ટરોરો પધાર્યા.

રેલવે-સ્ટાફ ક્વાર્ટર્સ પાસે વલ્લભભાઈના કારખાનાથી સૌ વાજતે-ગાજતે

સ્વાગત-યાત્રારૂપે ગામ બહાર મંદિર છે ત્યાં આવી પહોંચ્યા. સૌએ સ્વામીશ્રી અને સંતોનું ફૂલહાર કરી સ્વાગત કર્યું. ભક્તરાજ મગનભાઈના સતત યોગને કારણે, પૂર્વ આફ્રિકાના સત્સંગના કેન્દ્ર સ્થાન બનેલા ટરોરોમાં, હરિભક્તોનો ઉમંગ સ્વાભાવિકપણે જ વિશેષ હતો. નાનું ગામ, ઓછી પ્રવૃત્તિ, સુખી જીવન અને સત્સંગનો રંગ, આમ બધો સુમેળ થતાં હરિભક્તો તન, મન, ધનથી સ્વામીશ્રીને પ્રસન્ન કરવા તત્પર હતા.

અહીંથી બુકેડિયા ઈશ્વરભાઈ, શિવાભાઈ તથા અંબાલાલભાઈને ત્યાં પધરામણી કરી. ગોરધનભાઈને ત્યાં કીડનગોલી પણ પધાર્યા હતા.

તા. ૭મીએ ટરોરો જતાં મ્બાલે થોડો સમય રોકાઈ જશભાઈ અને મગનભાઈની દુકાને પધરામણી કરી હતી. આ પ્રસંગે ગામના અનેક આગેવાનોએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો હતો.

તા. ૮-૬-'૫૫, સ્વામીશ્રીએ અહીં ટરોરોમાં સભા પ્રસંગે વાત કરી :

'આવા સાધુ ખાસડાં મારે તોપણ અક્ષરધામમાં લઈ જાય. ખાસડાં શું ? તો બહુ કઠણ વચનના ડંખ મારે તે જ ધામમાં લઈ જાય. આપણને વખાણે, ટોકે નહીં, તે નરકમાં નાખે. આપણે ભગવાનને સંભારીશું તો તે આપણી ફકર રાખશે. ભગવાન મળ્યા પછી કરવાનું તે છે. આપણને કોણ મળ્યા છે ? ક્યાં જવું છે ? હઠ, માન, ઈર્ષ્યા છોડવી પડે, તો અંતરમાં ટાઢું રહ્યા કરે અને ધગી ન જાય. આપણને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું તેને વળગી રહેવું. આજ્ઞા પાળવી. પાંચ વર્તમાન પાળવા. અહીં કરીએ તે કોણ જાણનાર છે ? એ ન રાખવું. એ તો *'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્તકી ચોરી.'* બધું જ પ્રભુ જાણી રહ્યા છે.

'ઉત્તમ કોણ ? માથા સાટે સત્સંગ રાખે, આજ્ઞા-ઉપાસના લોપે નહીં. લાખો રૂપિયા આપો પણ હરામ છે. બીજા કોઈ નથી કરતા તે આપણે શા માટે કરવું જોઈએ ? નકામો ખર્ચ ન કરવો. વ્યસન છોડી દેવું. જિન્જામાં મણિભાઈએ ત્રીસ વર્ષનું સિગારેટનું વ્યસન મૂકી દીધું. જોડા કાઢીને બેસીને જમવું. કાળા રાંધે તે ખાવું નહીં. હાથે રાંધી લેવું અથવા બીજી સગવડ કરી લેવી. 'ભલે થઈ જાય' એમ થવા ન દેવું. આપણે સ્વામિનારાયણિયા છીએ. વાણિયો, કાણિયો અને સ્વામિનારાયણિયો છેતરાય નહિ.

'વાણિયો પાકું નામું લખે. પાઈની ભૂલ હોય તો આનાનું દિવેલ બાળીને નામું સુધારે. કાણિયા પણ ખૂબ પાકા હોય છે. એમ સ્વામિનારાયણિયા પણ

છેતરાય નહિ. કોઈને દગો નથી દેવો. સો ગળણે ગાળીને કામ કરવું. આપણે ભગત થયા તે આઘું-પાછું ન કરવું. દગો ન કરવો. આજ્ઞા પૂરી પાળે તેના ઉપર ભગવાન રાજી રહે. કોઈનું દેવું લેવું નહીં. પચાવી પાડવું નહિ. વિચારીને કામ કરવું. આપણે કમાણી કરવા આવ્યા છીએ, પણ હિન્દુભાઈઓએ ભેગા થઈ વચનામૃત, સ્વામીની વાતો વાંચવી. આ દેશમાં વારે ઘડીએ આવી શકાય નહિ. તેથી આશરો રાખશો તો ભગવાન દુઃખ નહિ દે; રોટલો વગેરે દેશે.

'એક હતા મિયાં સાહેબ. હંમેશાં ચોરી કરે. કોઈના ખળામાં દાણા પડ્યા હોય તે છાનામાના ઉપાડે. તેને મનમાં એમ થાય : 'મારો પચાસ મણનો ઢગલો તે કેવડો મોટો થઈ ગયો.' અલ્લાએ જાણ્યું એટલે દસ ઊંટવાળાને મોકલ્યા. મિયાં સાહેબ ઊંઘતા હતા. ઊંટવાળા બધુંય અનાજ લઈ ગયા. ચાર વાગે નીકળી ગયા. મિયાં ઊઠ્યા તે વખતે બધું લઈ ગયા હતા. તેથી એને થયું કે ૧૫૦ મણ ગયું, પણ સાથે સાથે મારું ૫૦ મણ હતું તે પણ ગયું.

'આપણું ભગવાન સાચવે. ભગવાન ચોરને ઊંધો પાડી દે. આપણું લઈ ન જવા દે. ઘરમાં પેઠો હોય તે પાછો પડે. આશરો અને નીતિ પાળશો તો ભગવાન રાજી થશે. કથાવાર્તા કરવી. આશરો અને ટેક જોઈએ. ભગવાન ભૂખ્યા નહીં રાખે. એક નારી સદા બ્રહ્મચારી. આવો જોગ ફરી ન મળે. શ્રીજીમહારાજના વખતમાં બધા સંતો અને બીજા કેટલાકને બચાવ્યા. ખરાબ માણસને દૃષ્ટિથી સીધા કરી દીધા. અક્ષરધામમાં લઈ જાય. ભગવાનના ધામમાં લઈ જાય એ જ ખરી ભક્તિ. આ તો પડ છાંટ્યું.'

પછી સાંજની સભામાં સ્વામીશ્રીએ વાત કરી :

'ધર્મ દરેકે પાળવો. મુનિ-ઋષિઓએ પણ પાળ્યા. ધર્મ એટલે ફરજ. પાંચ વર્તમાન પાળે તે સત્સંગી. બધાએ ભેગા થવું. બધાએ જુદાં જુદાં કીર્તન ગાવાં. સંગઠન રાખીશું તો કશું જ નહિ પેસે. અહીં પરદેશમાં આવ્યા છીએ એ બધાને કહીએ છીએ. ધર્મ પાળો અને દારૂ બંધ કરવો. પંચ કરીને ઝઘડા થયા હોય તેનો નિવેડો લાવવો, પણ કોર્ટે ન ચઢવું. ગામમાં પચીસ દુકાન હોય પણ પોતપોતાના નસીબમાં જેટલું હશે તેટલું આવશે. *'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'* આ રીતે આપણે વર્તવું. પાણી ગાળીને પીવું. જોડા પહેરીને જમવું નહીં. પ્યાલી ન પીવી. સૌ સૌના ધર્મ પાળવા. બધાને ભજવા. પોતે પોતાના ઈષ્ટદેવને માનવા. આડા-અવળા થઈશું તો અધોગતિ થશે. મુક્તાનંદ સ્વામી કહે છે કે મોહમાં આપણું જીવન વીતી જાય છે. પોતાથી બને તેટલું તો કરવું.

'આશરો એ મોટી વાત છે. શિવજી અને પાર્વતી ચાલ્યાં જતાં હતાં. પાર્વતીએ કહ્યું કે 'બધા બહુ દુઃખી છે. તેમને કંઈક આપો.' પછી કહે : 'હું તેમને આપીશ, પણ કંઈ લેશે નહિ.' એમ કહીને સોનાનું કડું રસ્તામાં નાખ્યું. ત્યા ચાર જણા ચાલ્યા જતા હતા. સોનાનું કડુ પડ્યુ હતું પણ તેમણે ન જોયું. શિવજીએ કહ્યું કે 'જોને આ ચાલ્યા જાય છે. હોય તેટલું જ મળે છે.' આપણે ભગવાન રાખ્યા હોય તો એક ઘડીમાં ૫,૦૦૦ શિલિંગ આપે અને એમ ને એમ આપણે બેસી રહીએ તો કશુંયે ન મળે.'

રાત્રે સભા પ્રસંગમાં પણ સત્પુરુષમાં જોડાવાની વાત કરતાં કહ્યું :

'ભજન કરતાં કરતાં ક્રિયા કરે તો અંતરમાં ટાઢું રહ્યા કરે. ભગવાનની આજ્ઞા કોઈએ ન લોપવી. કામ તો કરવું. મનમાં ધ્યાન, મુખમાં રામનું નામ. ભજન કરતાં કરતાં કામ કરવું. બરાબર સંભારીને કરે તો ભગવાન તેનું કામ કરે જ. એકચિત્તે ભગવાનનું નામ લેવું. સત્પુરુષમાં પ્રીતિ કરે તો ભજન થાય.

'અર્જુન ભગત વ્યવહારમાં બહુ કુશળ. મહારાજ તેમના પાડોશમાં કોઈ ભક્તને તેડવા આવ્યા. અર્જુન ભગતને તે દર્શન થયાં. માંદા હરિભક્તને તેડી ગયા. તેને થયું : 'હું આ દાંડો પકડીને જાઉં.' પછી મહારાજે કહ્યું : 'મુક્તાનંદ સ્વામી ! કોઈની ગંધ આવે છે ?' નીચે જોયું તો મહારાજ કહે : 'આની જ આવે છે.' તેથી હાથ છોડાવ્યા અને નીચે રાખ્યા. ત્યારે તેમને થયું આમ કેમ ? મને કેમ કાઢી મૂક્યો ? પછી જૂનાગઢમાં સ્વામી બેઠા હતા તે પૂછ્યું કે 'સ્વામી ! આજે મને આ પ્રમાણે થયું.' સ્વામી કહે, 'આજ્ઞા-ઉપાસનામાં ફેર નથી, પણ વ્યવહારમાં તો બહુ માથાં મારો છો અને પટલાઈ છોડતા નથી. ધામમાં જવું હોય તો મંદિરમાં બરાબર માળા ફેરવજો. બ્રહ્મરૂપ માનો.' પછી વિશ્વાસ બેઠો. એકત્રીસ દિવસ થયા તે મહારાજ આવ્યા અને તેડી ગયા. વહેવારની ગંધ હતી પણ મહારાજે કાઢી.

'પૂરેપૂરી આસક્તિ હોય તો કેવી રીતે ધામમાં લઈ જાય ? ત્યાં તો બરાબર પાકું ખાતું છે. કંઈ પોલ નથી. બળતરા ન રાખવી. ગુણ લેવો. ભગવાન રાખવા. આપણો વ્યવહાર ભગવાન ચલાવે. આપણે પાણીમાં ડૂબકી મારીએ છીએ તે આપણને ભાર નથી લાગતો, પણ માથે જુદું પાણી લઈએ તો ભાર લાગે. એમ આપણે ન રાખવું.'

આજે નાઈગોંગરામાં સ્વામીશ્રીના સાન્નિધ્યમાં સારો સમૈયો થયો. ગામડાંઓમાંથી આવેલા ૩,૦૦૦ જેટલા હરિભક્તોએ પ્રસાદ લીધો. નેટિવોને

પણ વર્તમાન ધરાવવામાં આવ્યા. સ્વામીશ્રીની ખાસ ઇચ્છા રહેતી કે 'નેટિવોને સત્સંગનો યોગ કરાવવો. શિક્ષાપત્રી એમની સ્વાહિલી ભાષામાં તરજુમો કરી એમને આપવી.'

સ્વામીશ્રીના આગમનની ખુશાલીમાં તેમજ અનેક મુમુક્ષુઓને એમનાં દર્શન-સમાગમનો યોગ પ્રાપ્ત થાય એવા શુભ હેતુથી ટરોરોમાં તા. ૧૨મીએ ઠાકોરજીનો મહાપ્રસાદ લેવા માટે ભોજન સમારંભ યોજ્યો હતો. હજારો ભાવિકોએ પ્રસાદ લીધો. એ નિમિત્તે ઘણા હરિભક્તો આજુબાજુનાં ગામોમાંથી પણ આવ્યા હતા.

તા. ૧૪-૬-'૫૫, ભક્તરાજ મગનભાઈના સમાધિ સ્થાને આજે રાત્રે ૩-૩૦ વાગ્યા સુધી સત્સંગ ચાલ્યો. સ્વામીશ્રી, સંતો તથા જૂના અનુભવી હરિભક્તોએ કથાવાર્તાનો અદ્ભુત લાભ આપ્યો. એક યાદગાર ઉત્સવ બની ગયો.

મ્બાલેવાળા ચતુરભાઈ સ્વામીશ્રીને વડુડા પધરામણીએ લઈ ગયા હતા. આ ગામ એમણે જ વસાવ્યું હતું.

વળી, મ્બાલેવાળા મૂળજીભાઈએ પણ સ્વામીશ્રીને કકોરો ગામે લઈ જઈ, પધરામણીઓ કરાવી. સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ અપાવ્યો. સાંજે સીરોકો ગયા. આ ઉપરાંત, પુરુષોત્તમદાસ મુખીને ત્યાં બુસિયા, સીરોટી વગેરે ગામોમાં પધારી સ્વામીશ્રીએ સૌના મનોરથો પૂર્ણ કર્યા.

જેઠ સુદ ૧૩ને દિવસ, સદ્ગુરુ નિર્ગુણદાસ સ્વામીના દેહોત્સર્ગ દિને 'લેક વિક્ટોરિયા'ને કિનારે મઝાન્ઝી ગામે સમૈયો કર્યો. ૫૦૦ જેટલા હરિભક્તો સાથે સ્વામીશ્રીએ સરોવરમાં સ્નાન કર્યું. રામભાઈ તથા બેચરભાઈએ સારી સેવા કરી. અહીં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આ પાણી જે પીશે તે સત્સંગી થશે.'

તા. ૨૦મીના રોજ ગ્રહણ હોવાથી સવારે ૪ થી ૭ વાગ્યા સુધી કથાવાર્તા થઈ.

રથયાત્રા ઉત્સવ

તા. ૨૧-૬-'૫૫, રથયાત્રાનો ઉત્સવ ભક્તરાજ મગનભાઈના સમાધિ સ્થાને ઊજવવામાં આવ્યો. પ્રદક્ષિણા, આરતી, થાળ બાદ સ્વામીશ્રીએ શુભ સંકલ્પો કરાવી ધૂન કરાવી હતી :

(૧) અહીંના સત્સંગીઓએ ગઢડાની સેવા કરી છે. તેમના વેપાર સારા ચાલે, સુખી સુખી થઈ જાય. (૨) સારું કમાય. (૩) પાકા પાયે આફ્રિકા દેશમાંથી કોઈને કાઢી ન શકે તેની ધૂન. (૪) આખું આફ્રિકા સત્સંગી થઈ જાય! (૫) ટરોરોમાં મંદિર થઈ જાય. (૬) કમ્પાલામાં મંદિર થઈ જાય. (૭) ગઢપુરનું મંદિર જલદી પૂરું થઈ જાય. (૮) આફ્રિકામાં સત્સંગીઓ થાય. (૯) આપણા શ્રીજીપરામાં ફેક્ટરી થઈ જાય. (૧૦) દેશમાં વરસાદ તથા દેશકાળ સારા થાય. (૧૧) આ બધા સંકલ્પ કર્યા તે ફળીભૂત થાય.

આ રીતે, સમાધિ સ્થાન ઉપર ૧૧ સંકલ્પોની ધૂન કરી. ટરોરો અને આજુબાજુનાં ગામોને ૧૫ દિવસનો લાભ મળ્યો અને સૌએ તન, મન, ધનથી સારી સેવા કરી.

કમ્પાલામાં ગુરુપૂનમ

તા. ૨૩-૬-'૫૫, સ્વામીશ્રી ટરોરોથી કમ્પાલા જવા નીકળ્યા. ટરોરોથી લગભગ ૫૦ હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા કમ્પાલા સુધી લગભગ ૧૪૦ માઈલ સાથે આવ્યા હતા. સ્વામીશ્રીની કામણગારી મૂર્તિનો સૌને એવો તો નેડો લાગ્યો હતો કે ટરોરોથી છૂટા પડતાં કેટલાય હરિભક્તોની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી, સંતો-હરિભક્તો સહિત કમ્પાલા રેલવે સ્ટેશન નજીક આવી પહોંચ્યા. હરિભક્તોએ ફૂલહારથી સ્વાગત કર્યું. બાદ ઠાકોરજી સહિત સંતોની સ્વાગત-યાત્રા સભા સ્થળે આવી પહોંચી હતી. અહીં સુંદર સભામડપ બાંધવામાં આવ્યો હતો.

ત્રિભોવનદાસ તથા પ્રભુદાસ લાલાજી વગેરે હરિભક્તોના સતત પોષણથી અહીં પણ સૌનો ઉત્સાહ અવર્ણનીય હતો.

આર.યુ. પટેલને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો. એમની જીનરીની ખુલ્લી જગ્યામાં જ સુંદર સભામંડપ હતો. શહેરની ભાવિક જનતા પણ આ લાભ ચૂકતી નહિ.

તા. ૨૫મીએ સવારે ૮-૦૦ વાગે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'જે પાન નીકળે તે વચનામૃત કાઢો.' તો લોયાનું છઠ્ઠું વચનામૃત નીકળ્યું. તેથી તેના ઉપર વાતો કરી સમજાવ્યું. પછી સનાતન મંદિરે દર્શને પધાર્યા.

તા. ૩૦મીએ નિયમની એકાદશી હતી. પૂજા પછી સૌને વિશેષ નિયમ

આપ્યા. સ્વામીશ્રીને સળેખમ થયું હતું. રાતની સભામાં પધાર્યા નહોતા, ઉતારે રહી શેક કર્યો હતો.

શનિવાર, તા. ૨-૭-'૫૫, રાત્રે સભામંડપમાં વાત કરતાં કહે : 'શું શું વાત થઈ તે યાદ રાખવી. મનમાં ચિંતવન કરવું. દેહની અંદર આત્મા છે તે મેલો થાય ત્યારે જ્ઞાનરૂપી ગંગામાં આત્માને નવડાવવો. સાબુની જગ્યાએ સ્મરણ કરવું. ધોકો શું ? તો ધ્યાનરૂપી ધોકો ખાય. ત્રણ વાનાં બને ત્યારે ઊજળો થાય.'

તા. ૩જીએ સ્નાન પહેલાં નળ ચોળાવ્યા. સ્વામીશ્રીને કેટલીક વાર પિચોટી ખસી જતી, ત્યારે હંમેશાં દેશી-પદ્ધતિ પ્રમાણે નળ ચોળાવતા. મોટા-સ્વામી સાથે હોય ત્યારે તેઓ પણ ખૂબ હેતથી સ્વામીશ્રીના નળ ચોળતા અને પગ ખેંચી ટચાકો પણ ફોડતા.

આજે સવારે તથા સાંજે શહેરમાં પધરામણીઓ કરી, સભામંડપમાં ઘણી વાતો કરી હતી. આજે તબિયત સારી ન હોવાથી ૧૦-૦૦ વાગે પોઢી ગયા.

તા. ૪થીએ પૂજા પછી, સત્સંગ વધે તથા ગુરુપૂર્ણિમાનો સમૈયો સારો ઊજવાય તે માટે ધૂન કરાવી. ગઢડાના કળશ-પ્રતિષ્ઠા ઉત્સવ વખતે સૌને આખી સ્ટીમર ભાડે કરીને ગઢડા આવવા આજ્ઞા કરી હતી. ત્યારે પંચતીર્થી પણ કરી લેવા જણાવ્યું હતું. 'ઉતાવળ ન કરવી. દરેક સ્થાનમાં રાત રોકાવાય તેમ ગોઠવવું,' એમ સમજાવ્યું.

સભા પ્રસંગમાં સંતો પાસે ભક્તચિંતામણિ તથા હરિલીલામૃત પણ વંચાવતા અને વાતો કરતા. મોમ્બાસાથી આવેલા સી.ટી. પટેલ પાસે પણ વાતો કરાવતા.

આજે સવારે તથા સાંજે પધરામણીઓ કરી. રાત્રે ૯-૩૦ વાગે સભામાં સ્વામીશ્રી કહે : 'સ્વામી હતા ત્યારે મને કહે બોલો, ત્યારે મને કાંઈ બોલતાં આવડતું નહિ, પરંતુ મૂર્તિ ધારીને બોલતો. મને વાત આવડતી નહિ, પણ ત્યારે આજ્ઞાથી બોલતો. સ્વામી કહે : 'બોલો.' એટલે તરત બોલવાનું શરૂ કરી દેતો. ગાંડું-ઘેલું બોલાય તેવું, પણ સ્વામી રાજી થાય. આજ્ઞામાં ટૂક ટૂક. વચને પ્રવૃત્તિ, વચને નિવૃત્તિ...'

'મન, કર્મ, વચને સેવા કરવી, મનમાંથી નાસ્તિકપણું કાઢી નાખવું. શંકા થાય એટલે આસ્તિકપણું ન રહ્યું. એવા પુરુષ મળવા દુર્લભ. સંબંધથી અક્ષરધામ મળી જાય. જેમ કહે તેમ થાય ત્યારે દુઃખ ન રહે.'

મંગળવાર, તા. ૫-૭-'૫૫, ગુરુપૂર્ણિમા પ્રસંગે ગુરુહરિના સાન્નિધ્યમાં,

ગામોગામથી ઘણા હરિભક્તો આવી પહોંચ્યા હતા. પ્રાતઃપૂજા બાદ ભક્તચિંતામણિ તથા વચનામૃત વંચાવ્યાં. આજે ઉત્સવ નિમિત્તે સૌને પ્રસાદ લેવાનું આમંત્રણ હતું. તેથી સ્વામીશ્રીએ ૧૦-૩૦ વાગે રસોડે પધારી, રસોઈ દૃષ્ટિપ્રસાદી કરી.

ઉતારે આવી કમ્પાલામાં મંદિર થઈ જાય, સત્સંગ વધે ને સત્સંગીઓ સુખી થઈ જાય, એ શુભ સંકલ્પો કરી ધૂન કરાવી. પછી સ્વામીશ્રી જાતે ઠાકોરજીને થાળ ધરાવવા બેઠા. ખૂબ લાડથી ઠાકોરજીને જમાડીને પછી પાંચ દંડવત્ કર્યા ને બોલ્યા કે 'સાક્ષાત્ શ્રીજીમહારાજ જમી ગયા !'

વિશ્રામ પછી ચાર વાગે ઉતારે સત્સંગની ઘણી વાતો કરી.

સાંજે પાંચ વાગે ગુરુપૂનમના ઉત્સવનો કાર્યક્રમ શરૂ થયો. સ્વામીશ્રી સંતો સાથે સભામાં પધાર્યા. કીર્તન બાદ ત્રિભોવનદાસ, હરમાનભાઈ તથા સી.ટી. પટેલે પ્રવચનો કર્યાં.

આશીર્વાદ આપતાં સ્વામીશ્રી પહેલા પ્રકરણની પહેલી સ્વામીની વાત બોલ્યા : 'ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી...' એ ઉપર વાત કરી. ગઢડા અંત્યનું ૮મું વચનામૃત 'સદાય સુખિયા રહેવાનું' તથા ૧૧મું વચનામૃત 'સીતાજીના જેવી સમજણનું' સિદ્ધ કરવા જણાવ્યું. પછી કહે : 'તો સંગઠન રહે. કોઈનામાં દોષ ન દેખાય. પોતાના અવગુણ ટાળવાનો પ્રયાસ કરવો - એ આપણી ગુરુપૂર્ણિમા. મહારાજ, સ્વામી, સંતો સાક્ષાત્ બિરાજે છે. આપણે દેખતા નથી પણ તેઓ આપણને દેખે છે. આનંદમાં રહેવું, કેફમાં રહેવું.'

સૌએ સમૂહ-આરતીનો લાભ લઈ, સમૂહ-પૂજન કર્યું. ૮-૩૦ વાગે ઉત્સવની સમાપ્તિ થઈ. આ પ્રસંગે બુગાન્ડા રાજ્યના મુખ્યપ્રધાન કટીકીરો તેમજ તેમના ખજાનચી, અન્ય અમલદારો તથા અંગ્રેજ અધિકારીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

કમ્પાલાની આજુબાજુનાં ગામોમાં

તા. ૭મીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦મું સમજાવતાં હાથી ને સસલાનું દૃષ્ટાંત આપી કહ્યું : 'હાં હાં ગડથલ કરવું તે શું ? અનુવૃત્તિ પાળવી. સેવા કરવી. આજ્ઞા પાળવી, આજ્ઞામાં ટૂક ટૂક થવું.'

કથા બાદ આરતી કરી ૮-૩૦ વાગે સ્વામીશ્રી સંતો સાથે નીકળ્યા. મિટીયા, કસાન્ડા તથા બુકોયા ગામોમાં પધરામણી કરી રાત્રે કમ્પાલા પધાર્યા.

તા. ૯-૭-'૫૫, આરતી કરીને ૮-૩૦ વાગે નીકળીને બોંબો, કલુલે, બોવા, વોબુલેન્ઝી, લુવેરો વગેરે ગામોમાં પધરામણી તથા સત્સંગ સભાઓ કરી, સૌને આશીર્વાદ આપી રાત્રે કમ્પાલા આવી પહોંચ્યા.

રાતે ૧૦-૧૦ વાગે સ્વામીશ્રીએ અહીં સભામાં વાત કરતાં કહ્યું : 'સ્વામી કેમ રાજી થાય એમ કેફ રાખવો. ત્રણ વર્ષ સુધી સેવા દેવા માટે જ ધંધો કરવો. ગમે તેમ કરીને પણ વહેલો ધર્માદો દઈ દેવો. મોક્ષનો સ્વાદ આવ્યો છે તો લઈ લેવો. શાસ્ત્રીજી મહારાજ રાજી થાય અને બળ આવે. બળદ, વિવાહ તથા ફોજદારીમાં તરત જ પૈસા આપવા પડે છે.' એમ કહી શ્રદ્ધાપૂર્વક આજ્ઞા પાળવાનો સિદ્ધાંત સમજાવ્યો.

તા. ૧૦મીએ પધરામણી બાદ ૧૨-૩૦ વાગે મંડપમાં પધાર્યા. આજે સમૂહ-ભોજનનો કાર્યક્રમ હતો તેથી સૌ હરિભક્તોને સ્વામીશ્રીએ જાતે પીરસીને જમાડ્યા હતા. ગામના કેટલાક આગેવાનોને આમંત્ર્યા હતા. તેમની સાથે સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. કથાવાર્તા-પ્રશ્નોત્તર પછી વિશ્રામ કરી, સ્નાનાદિક વિધિથી પરવારી, લુહાણા કલબમાં સત્સંગ સભામાં પધાર્યા. આશીર્વાદ આપતાં *'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન બ્રહ્મભાવની મસ્તીમાં ગાયું તેમજ નરસિંહ મહેતા રચિત *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા...'* એ કીર્તન પણ પોતાની લાક્ષણિક શૈલીમાં ગાઈને રાજા અંબરીષની વાતો કરી હતી.

તા. ૧૧મીએ આરતી બાદ રણછોડભાઈના શાંભે પધાર્યા હતા. અહીં કૉફીના છોડ પાસે બેસી ધૂન કરાવી. ૧૨-૩૫ વાગે કમ્પાલા આવી પહોંચ્યા. સાંજે અહીંથી ૩૦ માઈલ દૂર કોજા કેમ્પમાં પધરામણી કરી, આરતી કરી ૮-૪૫ વાગે કમ્પાલા આવી પહોંચ્યા.

આજે અહીંના જાણીતા ઍડ્વોકેટ એ.સી. પટેલ ધામમાં ગયા હતા. તેઓએ બે-ત્રણ દિવસ પહેલાં જ વર્તમાન ધરાવ્યાં હતાં. આ સમાચારથી દિલગીર થતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સા. ૧૧મું વકીલ સાહેબને સિદ્ધ થયું. અંતકાળે સંત મળે તો તેનું કલ્યાણ થઈ જાય. આ દેહનો કોઈ નિરધાર નથી. છેલ્લો જન્મ થયો. મોટા યોગી રિબાઈને મરી જાય, પરંતુ આ તો એમ ને એમ થયું. જીવ બહુ બળિયો. મહારાજે ધામમાં લઈ લીધા. આસ્થા ફળે છે. પૂર્વના સંસ્કાર તે જોગ થઈ ગયો. નહિ તો અહીં તો શું છે ? કથા સાંભળવાની છે. પૂર્વના સંસ્કારી. બધાને ભાવના બેસે છે. ભગવાનના સંતમાં આત્મબુદ્ધિ - સેવા વગેરે રાખવું. આત્યંતિક કલ્યાણ થઈ જાય.'

કમ્પાલાના સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન આ નોંધપાત્ર પ્રસંગ બન્યો. અંબાલાલ સી. પટેલ મૂળ પલાણાના વતની, ખ્યાતનામ ઍડ્વોકેટ અને શહેરની અગ્રગણ્ય વ્યક્તિ હતા. સ્વામીશ્રી કમ્પાલા આવ્યા ત્યારે મળવા માટે કોઈ મિત્ર સાથે આવેલા. આધુનિક કેળવણી હોવાથી પોતે પુનર્જન્મમાં નહોતા માનતા, પરંતુ એક દિવસ સ્વામીશ્રી સાથે ત્રણ કલાક સુધી બેઠા ને શંકાઓનું સમાધાન થયું. ધીરે ધીરે દરરોજ સવારે અને સાંજે દર્શન કરવા આવવા લાગ્યા. તેઓના વિચારો તદ્દન જુદા હતા, પરંતુ સ્વામીશ્રી સાથેની મુલાકાત બાદ તેમાં પરિવર્તન આવ્યું. દરરોજ સવારે સાત વાગે આવી એક-બે કલાક સંતો સાથે બેસી કથાવાર્તા સાંભળતા.

જ્યારે સ્વામીશ્રીને શહેરમાં જવાનું થાય ત્યારે સ્વામીશ્રી તેમને બોલાવી તેમનો હાથ ઝાલી મોટરમાં બેસતા. બીજા ઘણા હરિભક્તો સ્વામીશ્રીનો હાથ ઝાલવા જાય, પરંતુ તેઓ અંબાલાલભાઈનો હાથ પકડીને જ ચાલતા. એ રીતે લગભગ ૧૫ દિવસ સુધી સેવા કરી. તેમને સદ્ભાવ વૃદ્ધિ પામતાં પોતાને ત્યાં સ્વામીશ્રીની પધરામણી પણ કરાવી હતી. કોણ જાણે કેવી રીતે પણ થોડા દિવસ પછી તેમને લાગવા માંડ્યું કે મારું આત્યંતિક કલ્યાણ અહીં જ છે, એવી દૃઢતા થવાથી સ્વામીશ્રીના પુનિત હસ્તે વર્તમાન ધરાવી, કંઠી પહેરી શિષ્યત્વ સ્વીકાર્યું.

સ્વામીશ્રી બહારગામ જવાના હોય ત્યારે વહેલા આવીને દર્શન કરી જતા. તા. ૧૨મીના રોજ સવારે ૧૦ વાગે રણછોડભાઈના બગીચામાં - શાભામા જવાનું હતું તે દિવસે અંબાલાલભાઈ સવારના ૭-૩૦ વાગે સ્વામીશ્રીનાં દર્શન કરવા આવી ગયા અને ઠેઠ ૯-૩૦ વાગ્યા સુધી સ્વામીશ્રીનાં દર્શન અને કથાવાર્તાનો લાભ લીધો. તેઓ જવા માટે ઊભા થયા ત્યારે સ્વામીશ્રી પણ ઠેઠ બારણા સુધી વળાવવા ગયા. સ્વામીશ્રીએ અંબાલાલભાઈને પૂછ્યું કે 'આજે ઑફિસમાં મોડું નહિ થાય ?'

ત્યારે અંબાલાલભાઈ કહે : 'સ્વામી ! ઑફિસ તો રોજ ચાલુ જ છે. આવો સમાગમ ક્યાં મળવાનો છે !'

પછી સ્વામીશ્રીએ તેમની છાતી ઉપર હાથ ફેરવતાં કહ્યું : 'આવજો, હવે હેતભાવ રાખજો ને રાજી રહેજો.'

સ્વામીશ્રી પાસેથી રજા લઈ અંબાલાલભાઈ ઑફિસે ગયા. સાંજે ૪-૩૦ વાગે ઑફિસેથી ઘેર આવ્યા. કોટ, બૂટ કાઢ્યા વિના જ પાણી પીતાં કહ્યું : 'હવે ચા મૂકો. પછી મારે સ્વામીજીનાં દર્શને જવું છે.'

એક બાજુ ધર્મપત્નીએ ચા મૂકી અને આ બાજુ અંબાલાલભાઈએ દેહ મૂકી દીધો. ફક્ત થોડા જ દિવસોમાં સ્વામીશ્રી સાથે જીવ જોડી એમણે મનુષ્ય દેહ સાર્થક કરી દીધો.

તા. ૧૨મીએ મંડપમાં આરતી બાદ વચનામૃત તથા ભક્તચિંતામણિની કથા કરી ૯-૩૦ વાગે પધરામણીએ પધાર્યા.

સાંજે મંડપમાં *'હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ...'* એ કીર્તન ગાતાં વાતો કરી, શેખપાટ અને ભાદરા વચ્ચે, મૂળજી શર્મા તથા લાલજી સુથારે ૭ વર્ષ સુધી સતત રોજ રાત્રે ગોષ્ઠિ કરી એ દૃષ્ટાંતથી સમજાવ્યું કે 'બંને કોઈ દિવસ ઊંઘ્યા જ નહિ. આવો સ્વાદ ભગવાનની મૂર્તિમાં આવે ત્યારે જગત કૂચા થઈ જાય.'

તા. ૧૩મીએ સવારે નાકાઉકા પધારી કસાન્જેમાં પણ પધરામણી કરી. ૧૨-૪૫ વાગે કમ્પાલા આવી પહોંચ્યા હતા. સાંજે સભામાં વાતો કરી હતી : 'આ દર્શન તો બહુ દુર્લભ છે. દેશમાં વરસાદ નથી તો ખબર આવે છે કે ધૂન કરો, વરસાદ થાય. મોટાપુરુષ જશે ત્યારપછી રોવું પડશે. શાસ્ત્રીજી મહારાજ સ્વામી પ્રગટ હતા અને જેમણે રાજીપો લીધો, લાભ લીધો તેને શાંતિ થઈ.'

રાત્રે ઉતારે યુવક મંડળને વાતો કરી, પત્રો વાંચી ૧૦-૦૦ વાગે ગઢડા પ્રથમ ૬૭ અને ૬૮ આ બે વચનામૃતો વંચાવ્યાં. આખું આફ્રિકા સત્સંગી થાય એવી ધૂન કરાવી.

નાના-મોટા નિમિત્તે સ્વામિનારાયણ મંત્રની ધૂનનું અમોઘ અસ્ત્ર સ્વામીશ્રી વાપરતા. જરા સમય મળ્યો કે કોઈ શુભ સંકલ્પની ધૂન સૌ પાસે કરાવે. પોતે પણ એવા એકતાર થઈ ધૂન કરે કે સાથેના સૌને તેમાં જોડાવું જ પડે. ધૂનમાં સ્વામીશ્રીની મગ્નતા જોઈ, ધૂન કરનારને પણ સત્સંગ તથા ભજનની ધૂન લાગી જતી. એટલો તો લાભ સૌને થતો જ.

તા. ૧૫મીએ અહીંથી નીકળીને પહેલાં કારાગોલા ફોલ્સ પધાર્યા. સ્નાન કરી શુભ સંકલ્પ કર્યા. ત્યાંથી કાકાકાલા, ક્યુન્ગા, કસાવો, નાકાસાજીઆ પણ પધાર્યા. કાકાકાલામાં જીનરીમાં ૨-૦૦ વાગે ઠાકોરજી જમાડ્યા. સાંજે પધરામણી કરી ૮-૩૦ વાગે કમ્પાલા આવી પહોંચ્યા.

એકાદશી, શનિવાર, તા. ૧૬મીએ બપોરે મસાકા જવા નીકળ્યા. ૪-૦૦ વાગે રણછોડભાઈના શાંભે આવી પહોંચ્યા. ચાનું વાવેતર જોઈ ચાની ફેક્ટરીમાં પગલાં કરી સૌને ખૂબ આનંદ કરાવ્યો. સાંજે ૬-૦૦ વાગે મસાકા

પહોંચી ગયા. ૬૪ મોટરો સ્વાગત-યાત્રામાં હતી. હિંદુ યુનિયનમાં સભા થઈ.

તા. ૧૭મીએ સવારે ૮-૩૦ વાગે હિંદુ યુનિયનમાં સભા થઈ. *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા...'* એ કીર્તન ગાઈ સ્વામીશ્રીએ વાતો કરી હતી. દૃષ્ટાંતો આપી સમજાવ્યું કે 'મનુષ્ય દેહ કિંમતી છે, તે પ્રભુ-ભક્તિ કરી લેવી. સત્પુરુષ બૂમો પાડે કે 'ભાઈ ! પાછા વળો, ભક્તિ કરો અને ઉદ્ધાર કરો.' ત્યારે આપણે કહીએ કે 'મહારાજ ! તમે ન સમજો, અમે કરીએ છીએ તે બરાબર છે.' પણ એવું ન કરવું. નમી દેવું.'

બીજે દિવસે અહીંની સ્કૂલમાં લાભ આપી, કેટલીક પધરામણીઓ કરી ૧૦-૩૦ વાગે કીઝીબા થઈને કલીસીઝો પધાર્યા. બંને સ્થળોએ પધરામણીઓ થઈ. અહીં બે વાગે ઠાકોરજી જમાડીને, કૉફીની ફેક્ટરીમાં વિશ્રામ લીધો. સાંજે અહીં જ સત્સંગ સભા યોજાઈ.

પછી મંદિરમાં આરતી કરી, ૮-૦૦ વાગે મસાકા આવી પહોંચ્યા.

આત્મમંથનની પ્રેરણા

તા. ૨૦મીએ સવારે કવેકા જવા નીકળ્યા. અહીં બપોરે ૨-૦૦ વાગે ઠાકોરજી જમાડ્યા. સાંજે ગામમાં પધરામણીઓ કરી. સભામંડપ સારો બાંધ્યો હતો, તેમાં કથાવાર્તા કરી, અહીં મંદિરમાં દર્શન કરી નાકાસીકે પધાર્યા હતા. સૌને વ્યસનો છોડાવી, સત્સંગનો અનુરોધ કર્યો. રાત્રે ૧૦-૦૦ કલાકે કમ્પાલા આવ્યા.

અહીં રતિભાઈ શિવાભાઈ પટેલના ઘરે પધરામણી થઈ. તેઓ દારૂ-વ્હીસ્કીના અઠંગ વ્યસની. તેમના ઘરે વ્હીસ્કીની એટલી બધી ખાલી બાટલીઓ ભેગી થઈ હતી કે તેને વેચતાં હજારો રૂપિયાની કિંમત ઊપજે !

સ્વામીશ્રીએ આ વાત જાણી તેમને આ લત છોડવા સમજાવ્યું અને કંઠી બંધાવી નિયમ આપ્યો. રતિભાઈ કેવળ હસ્યા. સ્વામીશ્રી ઘરમાંથી બહાર ગયા કે તરત જ તેમણે કંઠી તોડી નાખી અને વ્હીસ્કી પીવી શરૂ કરી. નિયમ તો આપ્યો પણ તેમની તે પાળવાની કોઈ તૈયારી નહીં. પણ હવે એટલું તો થયું, જ્યારે હાથમાં બૉટલ લે ત્યારે તેમની આંખો સામે નિયમ આપતી સ્વામીશ્રીની નિર્દોષ મૂર્તિ તરી આવતી. તેમનો હાથ પાછો પડતો. મનમાં મંથન ચાલતું. અને આખરે એ મંથનના પરિણામે તેમનું મનોબળ કેળવાયું અને દારૂ-વ્હીસ્કીની જબરદસ્ત નાગચૂડથી તેઓ સદાને માટે છૂટી ગયા.

તા. ૨૧મીએ સવારે ૧૦-૩૦ વાગે મંડપમાં વાતો કરતાં સ્વામીશ્રીએ

કહ્યું : 'મન સોંપ્યું કેમ કહેવાય ? ટૂક ટૂક થઈ જાય. સત્પુરુષને કહેતાં બીક લાગે તો મન સોંપવામાં ફેર. જાગા સ્વામી ૧૮ દિવસ સુધી સાંખડાવદરના બીડમાં સ્વામીની આજ્ઞાથી રહ્યા અને દિવ્ય દૃષ્ટિથી જૂનાગઢના સમૈયાનું સુખ લીધું. મન ન સોંપ્યું હોય તો 'આટલું કરશો ?' એમ કહેવું પડે, તે ઓશિયાળાપણું કહેવાય. અને સોંપ્યું હોય તો ઠોકી ઠોકીને કહે. મનુષ્યભાવ રહે છે ત્યાં સુધી ટૂક ટૂક થવાતું નથી.'

રાત્રે ૧૦-૩૦ વાગે સભામાં સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તનો મહિમા સમજીએ તો સદા દિવ્યભાવ રહે. આ તો 'હમ બે બુટી, તમ બે બુટી.' એમ ન રાખવું. જેટલી સેવા ને ભીડો વેઠાય એટલું ભાથું છેવટનું છે. ઝીણાભાઈએ કમળશીભાઈની સેવા કરી. મહિમા જાણે તો સુહૃદભાવ આવે. જ્ઞાનતંતુ વધે. મહિમા સમજાય તો થાય. આ તો મોટાની સેવા કરે, પણ છેલ્લી પંક્તિના હરિભક્તની પૂજ્યપણે સેવા કરે, તો બધું થાય. એકાંતિક માનવા, બ્રહ્મરૂપ માનવા. સમજણથી દૃઢતા થાય છે, મહિમાથી સેવા થાય છે, આશીર્વાદથી મહિમા સમજાય છે.'

અહીં ઘણી વાર સવારે ૫-૦૦ વાગે જાગ્રત થયા પછી, સ્વામીશ્રી સાથેના સંતો-યુવકોને સત્સંગના મહિમાની - બળની વાતો - જ્ઞાનગોષ્ઠિ કરતા. આજે કહે : 'સત્સંગ વધારવો. મોટરમાં જતા હોઈએ તોપણ સ્વામીની વાતું વગેરે બોલવી, જેથી મોટરની રજથી ભૂમિ પવિત્ર થાય.'

જ્ઞાનગોષ્ઠિ દ્વારા વશીકરણ

તા. ૨૨મીએ બપોરે કમ્પાલાના મેયર મિ. બર્ડ સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને આશીર્વાદ મેળવી રાજી થયા.

સાંજે સભામાં કહે : 'આરતી બોલીએ ત્યારે જોસથી બોલવું. દેવતાઓ પણ સાંભળે. ઝઘડામાં ચૂપ થઈ જવું...

'લીંબડી દરબારના પુત્ર મરણ પામેલા. એક વર્ષ સુધી કાંઈ ન કર્યું. પછી અમે બધા ગયા. શાસ્ત્રીજી મહારાજ સ્વામીએ દરબારને જ્ઞાન આપ્યું. ત્યારે માંડ આંખ ઊઘડી. દરબાર કહે : 'સ્વામી ! તમે આવ્યા તો મને જીવતો રાખ્યો. શાંતિ વળી ગઈ.' વસ્તુ જાય તો શોક થઈ જાય, પરંતુ તેને સત્પુરુષ શાંત કરી દે. કંઈ રોગ થયો હોય તો ડૉક્ટર ભૂંગળી મૂકે, તેમ સત્પુરુષ જીવમાં ઇન્જેક્શન મૂકે. રોગ જતો રહે. સહેજ લાગે તો ખરું, પણ અંતરમાં શાંતિ અને સુખ થઈ

જાય. નિર્ભય કરી દે. મચ્છર ઊડે તોપણ આંખ મીંચી જઈએ છીએ, તો ભયવાળા થયા ને ! પણ સત્પુરુષથી નિર્ભય થવાય. કાળથી પણ ન બીવે, મહાકાળ પણ સામું જોઈ ન શકે.'

રાત્રે ૧૦-૩૦ વાગે ઉતારે જ્ઞાનગોષ્ઠિ કરતાં કહે : 'ગુરુ ગમે તેમ કહે તોપણ શંકા ન રહે. ઘર બાંધ્યાં હોય તે પણ સેવામાં આપી દેવાં. કુટુંબને ભગવાનની મૂર્તિમાં જોડવું. યાહોમ કરે તો મહારાજ સાચવે. દાદાખાચર, ઝીણાભાઈ વગેરે નોકર થઈને રહેતા. ધણી ભગવાન છે. દસમો-વીસમો ભાગ આપતાં પણ અચકે છે. તે કહેશે, આ તમારી કંઠી. અમદાવાદમાં મિટિંગ બોલાવી. સ્વામી કહે : 'ગઢડાનું આરસનું મંદિર મારાથી થાય તેમ નથી. તમે કરો.' પછીથી સંકલ્પ કર્યો. સ્વામીને આફ્રિકાની સેવા લેવી હતી. માટે બધું થયું છે. આપણાં ધન્ય ભાગ્ય છે કે આપણને આ સેવા મળી ને તમારાં દર્શન થયાં. નહિ તો કોટિ કલ્પે અહીં ન આવત. સત્સંગ વધ્યો, વધ્યા કરશે.'

પછી મંદિરની જગ્યા મળે તથા વરસાદ થાય તે ધૂન કરાવી.

તા. ૨૩મીએ સવારે ઊઠીને તરત હંમેશ મુજબ યુવકોને સત્સંગની બળભરી વાતો કરતાં કહે : 'હું આત્મા છું, ગુણાતીત છું, એમ ધારવું. દેહભાવ ન આવવા દેવો. આપણે ખુરશી થઈને બેસી જવું, પછી અંદર બોલનારા મહારાજ છે તે બેસીને બોલશે. આત્મા-પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું. ખરેખરું જ્ઞાન થાય તો માયા લોપી જ ન શકે.'

રાતે કથા પ્રસંગમાં રાજાભાઈની વાત વિસ્તારે વર્ણવી. પછી કહે : 'આવી આત્મબુદ્ધિ હોય તો દેશકાળ લાગે ? ગમે તેવા દેશકાળ આવે તોપણ બૈરાનું ન માને. પહેલાં હરિભક્ત, પછી બધું. જાનકીજીને રામજીએ વનવાસ દીધો. પછીથી સીતાજીએ વિલાપ કર્યો. લક્ષ્મણજી અતિશય દિલગીર થયા. વાંક નહિ અને કાઢી મૂક્યાં. કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ ન લીધો. અવગુણ લેવાની બારી હતી, છતાં અવગુણ ન લીધો. ભગવાન અને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ ન લે.

'ભગતજી મહારાજ જૂનાગઢ હતા. બધાએ વડતાલમાં મળીને વિમુખ કર્યા. બધા તેમને કહે : 'સ્વામીને કહેવડાવો ને ! સીતાજીએ પણ કહેવડાવ્યું કે રામચંદ્રજીને કહેજો.' પરંતુ ભગતજી મહારાજ કહે : 'મેં પંચ વર્તમાન લોપ્યું નથી કે કંઈપણ કોઈનો અવગુણ લીધો નથી. તે છતાં હું નહિ કહું. બહાર રહીને દર્શન કરીશ.' તે સમજણ સીતાજીના કરતાં વધુ થઈ કહેવાય.

'આવું દુઃખ પડે તોપણ કહેવડાવવું નહિ. આપણે આપણો અવગુણ લેવો; સામાનો ગુણ લેવો.'

રવિવાર, તા. ૨૪મીએ સવારે અને સાંજે શહેરમાં પધરામણીઓ કરી. સાજે ૪-૩૦ વાગે યુવક મંડળની સભામાં ગઢડા પ્રથમનું ૮મું વચનામૃત સમજાવ્યું. સ્વામીશ્રીની રોચક શૈલીથી દરેક તેમને વશ થઈ જતા.

રાત્રે સભા પ્રસંગમાં કહે : 'દોષો છોડવા. ખંડન સિવાય દોષ ન નીકળે. મોટાપુરુષ ને ભગવાનનો ધંધો તે જ છે. જીવની વાસના તોડી સન્માર્ગે ચઢાવવા. ગ.પ્ર. ૩૮ - મોટા રાજી થાય પણ કુસકાં ન માગવાં. જગતનાં સુખ કુસકાં જેવાં છે.'

પછી *'હરિ ભજતાં સૌ મોટપ પામે...'* તથા *'શાંતિ પમાડે તેને સંત કહીએ...'* એ કીર્તનો અલમસ્તાઈથી ગાઈને સમજાવ્યાં.

'અહીં મંદિર કરવું છે'

તા. ૨૬મીએ આરતી પછી સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે મંદિરના પાયા હાથે ખોદવા. પછી કહે : 'રણછોડભાઈ ! બિલકુલ ગભરાશો નહિ. તમને લોકો સામેથી પૈસા આપવા આવશે અને કહેશે, 'લો રણછોડભાઈ, પૈસા. મંદિર બાંધો.'

પધરામણી બાદ મણિભાઈના શાંભા ઉપર પધાર્યા. બધે ફર્યા. અહીં સમૈયો સારો ઊજવાયો.

કથા પ્રસંગમાં સ્વામીની વાતો બોલ્યા : 'આ કારખાનાં બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે... દેશમાં સ્પેશિયલ ટ્રેન લઈને જાત્રાએ ગયા હતા પણ બે કલાક કથા કરી લઈએ. ગાડી છૂટે એટલે સભા ભરીએ. કથાવાર્તા એ ભગવાનની મૂર્તિ છે. તેનાથી અંગ બંધાઈ જાય.

'ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા સમજવો. ટોકે તો સમજી લેવું, અત્યારે કે પછીના સમય માટે કહેતા હોય, શાસ્ત્રીજી મહારાજની સેવા કરે છે. 'સ્વામીના ઓશિયાળા થાજો, પણ સ્વામીને ઓશિયાળા કરશો મા,' બાપુ રતનજીએ જાગા સ્વામીને વાત કરેલી. સત્સંગ એવો કરવો જે જીવમાં - પાતાળે પાયા નંખાય. સુહૃદભાવ, સંપ, મોટેરાની અનુવૃત્તિ રાખવી. બધા મોટેરા થઈ જાય તો વ્યવહાર ન ચાલે...'

અહીંથી બાજુના કકીરા ગામે પધારી સૌને સત્સંગનો લાભ આપ્યો હતો.

કમ્પાલાથી સ્વામીશ્રી પ્લેનમાં અરૂઆ અને ગુલુ પધાર્યા. ગુલુથી લીરા,

હોઈઝા, મ્બરારા, કલીરો, ફોર્ટ પોર્ટલ વગેરે ગામોમાં પધરામણી કરી. ભાવિકોને દર્શન-સમાગમનો લાભ આપ્યો અને નવા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, વ્યસનો છોડાવી સત્સંગી કર્યા.

આ રીતે, સ્વામીશ્રી લગભગ ૧ માસ અને ૭ દિવસ કમ્પાલામાં રહ્યા અને ઘણો સત્સંગ થયો. અહીં આશાભાઈએ રસોડાની સેવા સંભાળી હતી. એક મિનિટ પણ રસોડું છોડી બીજે જતા નહિ, તેથી લગભગ સ્વામીશ્રીએ એમને સામેથી બોલાવીને રાજી થઈને આશીર્વાદ આપ્યા હતા.

કમ્પાલામાં છેલ્લા દિવસોમાં સ્વામીશ્રીએ ધૂનનું પ્રકરણ શરૂ કર્યું હતું. ૫૧ માળાની ધૂન, ૧૨૫ માળાની ધૂન, એમ રોજ ધૂન કરાવતા. સભા પૂરી થાય અને આરામમાં જાય ત્યારે રાત્રે ૧૨ વાગી જતા. સવારે તો વહેલા ઊઠી જવાનું. દેહને માત્ર અવગણીને જ નહિ પણ અત્યંત ભીડો આપીને સ્વામીશ્રીએ ભક્તોને રાજી કર્યા. ભાવિકોને વ્યસન-મુક્ત કરી ધર્મને માર્ગે ચડાવ્યા.

સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે અહીં પણ મંદિર માટે જગ્યાનો પ્રયત્ન ચાલતો હતો. એક વખત પધરામણીમાં ફરતાં ફરતાં અચાનક હાલ જ્યાં મંદિર છે એ જગ્યાએ સ્વામીશ્રી ઊભા રહ્યા અને પુષ્પ છાંટી કહ્યું : 'અહીં મંદિર કરવું છે, પ્રયત્ન કરજો.'

એ જગ્યાએ મોટો ખાડો હતો. પાણી ભરાયેલું રહેતું. મચ્છર ખૂબ. છતાં અરજી કરી. તે નામંજૂર થઈ. સ્વામીશ્રી કહે : 'ફરી અરજી કરો.' આખરે જગ્યા મળી ગઈ. મંદિરના નકશા કરી પાછળથી સ્વામીશ્રીને દેશમાં મોકલ્યા તો કહે : 'મોટું મંદિર કરવું છે.' પરંતુ ત્યાં દેશકાળ બગડતા હતા, તેથી ફરી પુછાવ્યું. તો સ્વામીશ્રી કહે : 'આને લઈને હરતાં-ફરતાં મંદિર કરવાં છે. અનેક યુવકોને સત્સંગ થશે.' તેથી મોટા મંદિરનો આદર થયો.

સ્વામીશ્રીએ કહેલું કે 'અહીં યુવકોને શ્રમયજ્ઞ કરાવવો છે. બળમાં આવી જાવ. સ્વામી હરિભક્તો પાસે પાયા ગળાવતા. સેવા કરે તે મેવા પામે.'

સત્સંગ, શ્રદ્ધા અને વિશ્વાસની મીમાંસા

રવિવાર, તા. ૩૧મીએ સવારે સ્થાનિક મંદિર - પ્રભુદાસભાઈને ઘેર પધરામણી કરી, આરતી કરી, મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. પ્રભુદાસભાઈને ઘેરથી નીકળતાં, એમના દરવાજામાં ઊભા રહીને 'મંડળની જે...' 'આશીર્વાદની જે...' 'મંદિરની જે...' એમ ત્રણ જય બોલ્યા.

બાદ શ્રી રણછોડભાઈની જીનરી-નાઝીન્ગો પધાર્યા. ત્રીસેક જેટલી મોટરો તથા લોરીઓમાં સૌ હરિભક્તો પણ આવી પહોંચ્યા હતા. ૫૦૦ જેટલા ભક્તોએ પ્રસાદ લીધો. સમૈયો સારો થયો.

બપોરે ૪-૦૦ વાગે સૌને આશીર્વાદ આપતાં કહ્યું : 'સૌએ રોજ સાંજે મંદિરમાં જવું.' અહીંથી સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા. સૌ હરિભક્તોની આંખોમાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રીએ અલૌકિક સુખ સૌને આપ્યું હતું. આજે એમનું સાન્નિધ્ય દૂર થઈ રહ્યું હતું, તેથી સહેજે જ નાનાંમોટાં સૌ દુઃખ અનુભવી રહ્યાં હતાં.

સાંજે જિન્જા આવી પહોંચ્યા હતા. રાત્રે ૯-૧૫ વાગે સભામાં વાતો કરતાં કહે :

'સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી; દેહના જેવી, સંબંધી જેવી ને તીર્થ જેવી. તીર્થધામ - અડસઠ તીર્થ સંતના ચરણમાં. તેનાં નામ આપણને નથી આવડતાં પણ સંતમાં છે. માળા ફેરવવી તે તો આપણે માર્ગે ચાલ્યા છીએ, પરંતુ સંતમાં જીવ જોડવો તે સત્સંગ. સત્સંગની વાતો કરીએ છીએ પણ કેટલી જીવમાં ઉતારી, ખુમારી આવી ? પ્યાલી ચઢે, ત્યારે કેવી ખુમારી આવે છે ! જીવમાં ખરી ખાતરી થઈ હોય તો બીજું વહાલું રહે નહિ. સત્સંગ - સત્ય એવા પરમાત્મા, શાસ્ત્ર અને સત્ એવા એકાંતિક સંત - એ રૂપ ખટાશ આવે તો કાંટો ચઢી જાય.

'જૂનાગઢના નવાબ સાહેબ હતા. અમી મોઢામાં ન આવે. એક બારોટને ખબર પડી. ત્યાં ગયો. કહે : 'લાવો, હું દવા કરું.' ખાટી વસ્તુ લીધી અને ચટણી કરવા મંડ્યા. પછી તો નવાબને અમી છૂટી. પાંચ હજારની પેદાશવાળો પ્રદેશ ભેટ આપ્યો. ખટાશે અમી લાવી. જેવો સત્સંગ છે તેવો પૂરો નથી થયો. અહીંથી બજારમાં જાય તો બજારની અમી છૂટે.

'આ તો અમાયિક વિષય. પણ તેનો ઈશક નથી જાગ્યો. 'શેરડીના કૂચા બહુ હારા છે, લાવો ખાઈએ,' તેમ કહે ? એમ મહિમા સમજાય તો સત્સંગ થાય.

'સત્સંગમાં સંગઠન રાખવું. આંબો હોય તેને ફળ આવે છે, તે નમે છે. અને એરંડો વગેરે ઝાડ હોય તે ઊંચા ચઢે છે. તેમ આપણે ભગવાનના ગુણ જેમાં હોય તેને નમવું પડે. દાસત્વ-ભક્તિ ઉત્તમ છે. તે સત્પુરુષની કૃપાથી આવે છે.

'જેમ શાંભામાં ખડ રહે તો બરકત ન આવે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવા બેઠા તો ક્રોધના, માનના વગેરે દોષ કાઢી નાખીએ તો ભગવાન વરણીય થઈ જાય. ભગવાન પાસે રહે, પડખે ન જાય. આ કરવાનું છે. બગીચો ખીલશે ત્યારે

અંતરમા આનદના ફુવારા છૂટશે.'

આટલી વાત કરી ત્યાં લાઈટ સહેજ બંધ થઈ. એટલે કહે : 'દેહનું પણ આવું જ છે, નિરધાર નથી. માટે ત્રણ દિવસ સત્સંગ કરી લેવો.'

શ્રાવણી પૂર્ણિમાએ ૧૧-૦૦ વાગે નાઈલ નદી ઉપર 'ઓવન ફૉલ્સ' પધાર્યા. સૌ સંતો-હરિભક્તોને બ્રહ્માનંદ કરાવ્યો. સ્વામીશ્રી અને સંતોએ સ્નાન કર્યા બાદ હરિભક્તોએ સ્નાન કર્યું. હરિભક્તોએ જનોઈ બદલાવી. પછી શુભ સંકલ્પોની ધૂન કરાવી.

તા. ૪-૮-'૫૫, ટરોરો પધાર્યા.

રાત્રે સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ જૂનાગઢમાં સ્વામીના વચને પ્રાગજી ભક્ત ગિરનારને બોલાવવા ગયા, એ દૃષ્ટાંત આપી કહ્યું : 'આનું નામ વિશ્વાસ, આનું નામ શ્રદ્ધા. હૃદયમાં ભગવાન પ્રવેશ કરે છે. શંકા કરવી જ નહિ. ટૂક ટૂક થઈ જવું. એવો વિશ્વાસ કરીએ તો ભગવાન સહાય કરે, દૃષ્ટિ રાખે. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ રાખીએ તો રાજીપો થાય.

'પૃથુ રાજાએ કથા સાંભળવા દસ હજાર કાન માગ્યા. ભલે કાન બે હોય, પણ દસ હજાર કાન જેટલી શ્રદ્ધા રાખે. ભગવાનની મૂર્તિ વિશે તૃપ્તિ ન થાય. કથાવાર્તા સાંભળે એટલે શ્રદ્ધા વધે, બળ આવે, કાંટો ચઢી જાય. નહિ તો ઢીલા થઈ જવાય. મહારાજે પાંચ વાર કથા પ્રવર્તાવી છે. આપણે કરવાનું કેટલું છે ? સત્સંગ પ્રધાન કરવાનો છે. કથાવાર્તા તીવ્ર વેગે કરે તો જાગૃતિ રહે.

'આપણે જેટલી સેવા તથા આત્મબુદ્ધિ કરીએ તેટલી ઓછી પડે. આપણે ગમે તેટલી વાતો કરીએ પણ નિશાન હાથમાં જોઈએ. નિશાન-આત્મબુદ્ધિ, તેમાં ફેર પડે એટલે નિશાન ગયું કહેવાય.

'ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ ખરું લક્ષણ છે. ભૂલમાં સ્વામિનારાયણ નામ દેતો હોય તેને પોતાના ચામડાના જોડા કરી આપવા. આનું નામ આત્મબુદ્ધિ. શું કરી નાખીએ ? એમ નિષ્ઠા બંધાઈ જાય, ત્યારે મહિમા સમજાય. બીજું કાંઈ કરવાનું નથી. ભગવાનના ભક્તમાં સદાય દિવ્યભાવ રહે, એકબીજાને દેખીને હેતના ફુવારા છૂટે, ત્યારે આત્મબુદ્ધિ થઈ કહેવાય. શાસ્ત્રીજી મહારાજ આ જ વાત કરતા.

'આત્મબુદ્ધિ અને પક્ષ જોઈએ. ત્યારે જ ગુણાતીત-બચ્ચો થયો કહેવાય, વ્યવહાર ગૌણ થઈ જાય. સમાગમથી ખોટ જતી રહે, અખંડ આનંદ રહે, અક્ષરધામમાં બેઠા હોય તેમ લાગે. તેવા પુરુષ શાસ્ત્રીજી મહારાજ ન મળ્યા

હોત તો આપણું અધૂરું રહી જાત.

'જેટલો નિર્દોષભાવ થાય તેટલા આપણામાં ગુણ આવે, બળ આવે. જેટલી સેવા વધુ તેટલું બળ વધુ આવે. વ્યવહારમાં લોકો લાખો રૂપિયા ખર્ચે છે તો આ તો સંત ને ભગવાન માટે છે. એમને નિર્વાસનિક જાણ્યા તો નિર્વાસનિક બનાવી દે. જેમ જેમ સમાગમ થાય, તેમ તેમ દોષ જતા રહે.

'અહીંથી ગયા પછીથી ત્યાં સત્સંગ ઘણો વધશે. કારણ, તમોએ શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂરો કર્યો તે ત્યાં છાપ પડશે.

'આ લાભ, આ જોગ, આ મહિમા, ગોતવા જઈએ તોય ન મળે. બળભરી વાતો કરવી. નિઃશંક થઈને રહેવું. મોળી વાત થાય ત્યારે ખાવું નહિ. આ બ્રહ્માંડમાં આપણને સંત મળ્યા તેથી વધુ ભાગ્યશાળી કોઈ નથી. આ જોગ શાસ્ત્રીજી મહારાજની કૃપાથી મળ્યો છે. આ સમાગમ ક્યાંથી થવાનો હતો ? એવું મંડવું, એવો સંપ રાખવો, દાસના દાસ થાવું.

'હરમાનભાઈ, રણછોડભાઈ, ત્રિભોવનદાસ, સી.ટી. પટેલ અને અંબાલાલ એ મોટેરા સ્થાપ્યા છે. એમની આજ્ઞામાં રહેવું. હવે બે વર્ષ બાદ સ્ટીમર આપણી કરીને આવવું. અમો મુંબઈ લેવા આવીએ. ગઢડામાં કળશ ચઢે, સિંહાસન થાય. ત્યારબાદ હજારો દીવાની આરતી કરીને પંચતીર્થી કરાવવી છે. એ ભાથું બંધાવી દેવું છે, પ્રગટનાં તીર્થ જેવાં એકેય તીર્થ નથી. છેલ્લો જન્મ થઈ જાય. બહુ માણસો આવશે.'

યુગાન્ડાથી વિદાય લેતાં, જ્ઞાન-સમજણનું અલૌકિક ભાથું સ્વામીશ્રી સૌને બંધાવી રહ્યા હતા. એમના એક એક શબ્દમાં ઉત્સાહ, પ્રેમ, મહિમા ને દિવ્ય-ભાવનો પ્રકાશ હતો. શબ્દો જ્યારે વાણીરૂપે પ્રગટતા, ત્યારે બ્રહ્મતેજનો સ્રોત ઝરતો. સૌ એમાં લીન થઈ જતાં. માયિક બંધનો અદશ્ય થઈ જતાં. શું એ પરાવાણી !

સંતને રાજી કરતાં આવડે તે બુદ્ધિ

આફ્રિકા સત્સંગમાં મગનભાઈનું ખૂબ મોટું પ્રદાન. તેમના સંપર્કે ગોરધનભાઈ ખૂબ સારા સત્સંગી થયા. તેમના સાદા વર્તનથી તેઓ જી.કે. સ્વામીના નામે ઓળખાતા. સ્વામીશ્રી ટરોરો પધાર્યા ત્યારે તેમણે સમાગમ, કથાવાર્તા વગેરેનો ખૂબ લાભ લીધો. દેશમાં જતાં સ્વામીશ્રીએ એમને કહ્યું : 'અમારી સાથે ચાલો.'

આ શબ્દે એમને એવી અસર થઈ કે તેઓ પોતાના શેઠને ચાવી અને રાજીનામું આપી નોકરીએથી છૂટા થઈ ગયા અને કહ્યું : 'આ તમારી ચાવી છે. કેશમાં કંઈ રકમ આઘીપાછી નથી ને ! તે જોઈ લો. ખૂટે તો મારા ખાતે લખી લેજો. મારા ગુરુની આજ્ઞાથી મારે ભારત જવાનું છે.'

ખૂબ સારી નોકરીને ઠોકરે મારતા આ ભક્તના વર્તનમાં શેઠ વગેરેને મૂર્ખાઈ લાગી પણ ગુરુહરિને રાજી કરતાં આવડે તેના જેવી બુદ્ધિ બીજી કઈ ? તેઓ દેશમાં આવી સેવામાં લાગી ગયા.[૧૧૪]

રવિવાર, તા. ૭મીએ સવારે પધરામણી કરી સમાધિ સ્થાને પધાર્યા. અહીં સ્વામીશ્રી કહે :

'વાત બહુ થઈ ગઈ. કાયમ થાય છે. સિદ્ધાંત – ભગવાન અને ભક્તમાં જેવો ભાવ છે, તેવો કાયમ રહેવો જોઈએ. લોયા ૧૭મું સિદ્ધ કરવું પડશે.

'દેહનો આદર છે એટલે વાંધો આવે છે, જેનો નિષેધ કરે છે. સ્વભાવ ટાળવા પડશે. અહીં સમાધિ સ્થાનમાં સ્વભાવ છોડવા. ભગવાનના ભક્ત ટોકે તેને વધુ નમવું, વધુ મોટા ગણવા, આંટી ન રાખવી. શ્રદ્ધા રાખવી; અપમાન કરે, ટુંકારા કરે, તો સહન કરવું. જમવા બેઠા હોય ને ઉઠાડે તો ઊઠવું. અભાવ ન આવવો જોઈએ. ખોટું ન લગાડવું. ગોદડું ન મળે તો ચલાવી લેવું.

'ગુણાતીતાનંદ સ્વામી '૨૩ની સાલમાં ધામમાં ગયા. '૨૦ની સાલથી વંચાવતા. કાયમ ત્રણ વર્ષ સુધી આ વચનામૃત વંચાવતા. એ દરેકે સિદ્ધ કરવાનું છે.'

આજે બપોરે બધા હરિભક્તોને સ્વામીશ્રીએ જાતે પીરસીને ખૂબ જમાડ્યા.

સાંજે ૪-૦૦ વાગે યુવક મંડળની સભામાં ગ.પ્ર. ૨૪ અને ૩૦ તથા સ્વામીની વાતો પહેલા પ્રકરણની ૭૦ થી ૮૦ સમજાવી.

---

૧૧૪. દેશમાં આવી તેઓ સ્વામીશ્રીની પત્રલેખનની સેવામાં રહ્યા. તેઓ કથામાં બેઠા હોય તોપણ સ્વામીશ્રી તેમને ઉઠાડતા અને કહેતા : 'તમારે કથામાં ન બેસવું. જાવ પત્ર લખો.'

તેમની કાર્યશક્તિની સ્વામીશ્રી ખૂબ જ પ્રશંસા કરતા. થોડો વખત તેમને મકરાણા-રાજસ્થાનમાં પણ રાખ્યા હતા. અહીં ઘણી મુશ્કેલી સહી તેમણે ગઢડા મંદિરના આરસ માટે ખૂબ સેવા કરી. છેલ્લે બોચાસણ રાખી સ્વામીશ્રીએ તેમની સેવાઓ લીધી. તેમને સ્વામીશ્રી પ્રત્યે તથા પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અપાર દિવ્યભાવ. તેથી આદર્શ સત્સંગી તરીકે તેમની છાપ ઊભી થઈ.

જ્ઞાનનો કેફ

યુગાન્ડાના પ્રેમી હરિભક્તોએ સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી. સ્વામીશ્રી અને સંતો સોમવાર, તા. ૮-૮-'૫૫, સવારે ટ્રેનથી નકુરુ આવી પહોંચ્યા. સ્નાનાદિક વિધિથી પરવારી નકુરુથી નીકળી ૧૨-૪૫ વાગે મોટર રસ્તે નૈરોબી પધાર્યા. સાંજે ભક્તચિંતામણિ વંચાવી, સભામાં વાતો કરી :

'નિયમ પાળીશું તો મહારાજ રાજી થશે. લક્ષ્મીના તો ઢગલા થશે. તે ભગવાન અને સંતની દાસી છે. દસમો-વીસમો ભાગ કાઢવો. ૪૭મા શ્લોકની આજ્ઞા પાળવી. ૧૯મા ભાગનો વ્યવહાર અને એક ભાગ ધર્માદો. ધર્માદો ચોખ્ખો ન કાઢે તો અગ્નિ થઈને જતો રહે; રાજાના વાંકમાં આવે તો તે લઈ જાય, કાં ઉંદરડાં કાતરી ખાય. વ્યવહારમાં સુખી રહેવું હોય તો ધર્માદો કાઢવો.'

'સ્વામી જૂનાગઢ હતા ત્યારે એક હરિભક્ત કહે : 'સ્વામી ! બહુ ગરીબ છું.' ત્યારે સ્વામી કહે : 'મંદિરમાં જાવ ત્યારે ખાલી હાથે ન જવું. ગામડામાં મુઠડી લઈ જાય છે. એવી મૂઠી લઈ જવી કે કોઈ દિવસ ખૂટે નહિ. રસોઈ આપવી, જેથી કાયમ ખાવાનું મળે. ગોદડી, ઘરેણાં વગેરે ઠાકોરજીને ભેટ કરવી, તેથી તે ન ખૂટે. અને દસમો ભાગ કાઢે તો કોઈ દિવસ વ્યવહારે દુઃખી ન થાય.'

તા. ૧૦મીએ સાંજે સ્વામીશ્રીએ વાતો કરતાં કહ્યું :

'ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયું હોય તો કેવો કેફ રહે ? કેવી શાંતિ રહે ?' કોળી ભક્ત હતો. સ્વામીએ માથે હાથ મૂક્યો. કેફ આવી ગયો. તે વતું નહોતો કરાવતો. સાધુ કહે : 'અલ્યા, તને આનો નથી મળતો ?' ત્યારે કહે : 'મારા ઉપર ગુણાતીતનો હાથ પડ્યો છે. તે વતું શાનો કરાવું ?'

'પછી ખાવાનો સ્વાદ ઓછો થઈ ગયો. લોટ લઈ રોટલા શેકી ખાય, છાશ પીવે. એક જણે પૂછ્યું : 'શું ખાવ છો ?' ત્યારે કહે : 'મારે ખાવાની શી જરૂર છે ?' કોઈ રૂપિયા આપે તો કહે : 'ગુણાતીતનો હાથ પડ્યો છે, મારે પૈસા ખૂટે ?' અને કોઈ જો આગ્રહથી આપે તો ખાટલા નીચે ઘલાવીને કોઈને આપી દે. કેવો કેફ !

'આપણને આવું બળ આવે તો માયાનો લોચો રહે નહિ. સત્પુરુષનો જોગ મળે તે જ મનુષ્ય દેહનું ફળ છે.

પછી *'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી...'* તથા *'હાંજી ભલા*

સાધુ...' કીર્તનો લાક્ષણિકતાથી ગાઈ સમજાવ્યાં.

પ્રેમપ્રવાહના વેગમાં

નૈરોબી, તા. ૧૧-૮-'૫૫, ગુરુવારે, જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. રાત્રે ઉત્સવની સભામાં સ્વામીશ્રી કહે : 'આજે જન્માષ્ટમી. બજારમાં ફરવાનું નહિ. રૂપ જોવું નહિ. ભગવાનની કથા સાંભળવી. બધું પાળવું જોઈએ. પાનાં વગેરે ન રમવાં. અહીં તિલક-ચાંદલા પણ નથી કરતા. શ્રીજીમહારાજે છાપ દીધી છે તે તો ગમે ત્યાં જઈએ તોપણ કરવું. નબળી વસ્તુ છોડીએ પણ આ તો વ્યવહાર પણ સુધારી દે. ભલે ને ખીજવે. સ્વામિનારાયણનું નામ દે તોપણ સમાસ થાય. દરેકે તિલક-ચાંદલા કરવા. એમ કરશું તો છાપ પડશે, આબરૂ વધશે. હાઈકોર્ટવાળા વકીલ હરિપ્રસાદ ચોકસી છે તે પણ તિલક-ચાંદલો કરીને જાય.'

અહીં પધરામણીએ જતાં આજે ભૂદરભાઈ નાગરદાસ જાજલના ઘરે જવાનું થયું. સ્વામીશ્રી કહે : 'આ તો ઓળખ્યા.' એમ કહી ભૂદરભાઈને પાસે ખેંચીને કહેવા લાગ્યા : 'તમે નાના હતા ત્યારથી અમે તમને ઓળખીએ છીએ. તમે મોજીદડ (લીંબડી) રહેતા ત્યારે માથે લાલ રંગનું મધરાશિયું બાંધતા અને પંચિયું ને કેડિયું બાંધતા, તે અમને હજી યાદ છે !'

ભૂદરભાઈ તો આશ્ચર્યમાં પડી ગયા. તેમને થયું : સ્વામીશ્રીને મારા પર કેટલું હેત હશે કે ૪૫ વર્ષ પહેલાંની વાત એમને એવી ને એવી યાદ છે ! તેઓ ગદ્‌ગદ થઈ ગયા. એવામાં સ્વામીશ્રીએ કહ્યું : 'સુખી છો ને ?' એમ કહી આજુબાજુનાં ઘર જોવાં લાગ્યાં. પછી કહે : 'આ તો આપણું જ ઘર છે.' ભૂદરભાઈ તો આ પ્રેમપ્રવાહમાં ક્યારનાય તણાઈ ગયા હતા. સ્વામીશ્રી કહે : 'એક વચનામૃત વાંચવું. કથા કરવી.' તેમણે તરત જ એ આજ્ઞા સ્વીકારી અને તેઓ નિષ્ઠાવાન સત્સંગી થયા.

તા. ૧૩મીથી નૈરોબીની આજુબાજુનાં ગામોમાં જવાનું હતું. તેથી સવારે નૈરોબીથી નીકળીને કીઝાબે પહોંચ્યા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે અહીં દુકાનો બંધ રાખવામાં આવી હતી. સૌએ સત્સંગનો લાભ લીધો. સમાસ સારો થયો.

સાંજે નકુરુ ગયા. અહીં સ્વાગત માટે ઘણા હરિભક્તો આવ્યા હતા. સાંજે રાધા-કૃષ્ણના મંદિરમાં સભા રાખવામાં આવી હતી. ચાર દિવસ નકુરુ રહ્યા હતા. ગામના અગ્રણીઓએ પણ સારો લાભ લીધો. ધર્મજના વકીલ

સાહેબ તેમજ ભાદરણના જશભાઈ અહીં અગ્રગણ્ય હરિભક્તો. તેઓએ સ્વામીશ્રીને ઘણા પ્રશ્નો પૂછ્યા. અહીં સત્સંગ મંડળની સ્થાપના થઈ હતી. અહીં સ્વામીશ્રી બોલી ગયા હતા કે 'સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે ૪૦ વર્ષ રહ્યા પણ દરરોજ નવું સુખ ! સ્વામીએ ખૂબ આનંદ કરાવ્યો.'

તા. ૧૭મીની સાંજે, ગીલગીલ થઈ નૈવાસા ગયા. નૈવાસા મંદિરમાં ઘણી જ સારી સભા ભરાઈ. નૈરોબીથી પણ ઘણા હરિભક્તો મોટરમાં આવ્યા હતા.

અંતકાળે મારા જનને જરૂર તેડવા આવવું

તા. ૧૮મીની સવારે નકુરુથી નીકળીને રોંગાઈ થઈને સબાટીયા પધાર્યા. અહીં ચતુરભાઈએ ઘણી સારી સેવા ઉઠાવી લગ્નની માફક ઉત્સવ કર્યો.

બીજે દિવસે સવારે સબાટીયાથી નીકળીને એલ્ડેમારેવાઈન, માજી મજૂરી થઈ એલ્ડોરેટ પહોંચ્યા. ગામના અગ્રગણ્ય માણસોએ સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. સોમાભાઈને ત્યાં રોકાઈ, અહીંની શાળામાં બે દિવસ 'માનવધર્મ અને સત્પુરુષનાં લક્ષણ' ઉપર માનનીય સત્સંગ-લાભ આપ્યો.

ત્યાંથી તા. ૨૧મીએ કીટાલે ગયા. અહીં 'ગાંધી મેમોરિયલ હૉલ'માં સંતોનો ઉતારો હતો.

તા. ૨૩મીએ કાકામેઘા થઈને કિસુમુ આવ્યા. અહીં લક્ષ્મીનારાયણ મંદિરમાં જાહેર સભાઓ થઈ. સભાખંડ ચિક્કાર ભરાઈ ગયો હતો. મંડળની સ્થાપના કરવામાં આવી. અહીં ઘણી પધરામણીઓ થઈ. રાત્રે પણ પધરામણીએ જવું પડતું.

તા. ૨૫મીએ કિસુમુથી નીકળી કેરીચો પધાર્યા. અહીં સવારે તથા રાતે એમ બે જાહેર સભાઓ થઈ. ગામના અસંખ્ય મુમુક્ષુજનો સ્વામીશ્રીની અમૃત-વાણીનો લાભ લઈ પાવન થયા. અહીં એક વર્ષમાં ૩૦૦ ઈંચ વરસાદ પડે છે, પરંતુ સ્વામીશ્રીએ આ વિસ્તારમાં વિચરણ શરૂ કરતાં પહેલાં જ સંકલ્પ કર્યો હતો કે 'હરિભક્તોને વધુમાં વધુ લાભ મળે, વધુ ધર્મમાર્ગે વળે...' તેથી નકુરુથી નીકળ્યા ત્યારથી કોઈ સ્થળે વરસાદ નડ્યો નહિ. આફ્રિકાના આ વિસ્તારમાં અત્યારે વરસાદની ઋતુ હોવા છતાં સ્વામીશ્રીએ કેવળ પોતાનાં દર્શન-સમાગમનું સુખ આપવા, શ્રીજીમહારાજનો સંબંધ કરાવવાના હેતુથી પોતાના પ્રતાપે કરીને સર્વત્ર વરસાદ રોકી રાખ્યો. સ્વામીશ્રી કેરીચો આવ્યા તેના આગલા દિવસોમાં પુષ્કળ વરસાદ હતો, પરંતુ સ્વામીશ્રી આવવાના હતા તેના

એક દિવસ અગાઉથી વરસાદ અને ઠંડી અદૃશ્ય થઈ ગયાં હતાં.

તા. ૨૭મીએ સવારે સ્વામીશ્રીને કેરીચોથી નીકળી લુમ્બવા પધાર્યા પછી મોલો જવાનું હતું. રસ્તે લોંડીઆની ગામ આવે. સ્વામીશ્રી ગિરધરભાઈને કહે : 'આ ગામમાં આપણે મોટર લઈ લો.'

'બાપા ! અહીં કોઈ સત્સંગી રહેતા નથી. અહીં જવાનો પ્રોગ્રામ પણ નથી.' ગિરધરભાઈએ કહ્યું.

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'પ્રોગ્રામ છે એટલે તો જવું છે.'

ગિરધરભાઈને સમજ ન પડી, છતાં સ્વામીશ્રીની આજ્ઞા હતી તેથી મોટર લોંડીઆની તરફ લીધી.

ગામમાં જતાં એક લોહાણા વેપારીની દુકાન આવી. સ્વામીશ્રી કહે : 'આ દુકાનમાં જઈ પૂછો.' વેપારીએ જાણ્યું કે મોટરમાં યોગીજી મહારાજ જઈ રહ્યા છે. તેથી તુરત જ મોટર પાસે જઈ કહ્યું : 'બાપા ! મારા પિતાજી બીમાર છે અને ગઈકાલના આપની ઝંખના કરે છે. આપ કેરીચો પધાર્યા છો તે સમાચાર પેપરમાં વાંચ્યા ત્યારથી આપનાં દર્શનની રઢ લીધી છે. આપ મારા ઘેર પધારો.'

સ્વામીશ્રી દુકાનમાં થઈને ઘરમાં પધાર્યા. પેલા વૃદ્ધના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. તેમણે કહ્યું : 'મને આશા હતી જ. આપ મારી અંતિમ ઇચ્છા પૂરી કરવા જરૂર પધારશો. પેપરમાં આપના ફોટાનાં દર્શન કર્યાં ત્યાં મને ખાતરી થઈ કે આ મહાપુરુષ છે અને જરૂર મને દર્શન આપશે. આપ અંતર્યામી પ્રભુ છો.'

ગિરધરભાઈ સમજી ગયા કે એક મુમુક્ષુના અંતરની તીવ્ર ઇચ્છા પૂરી કરવા અને તેમને દર્શન આપી તેમનો મોક્ષ કરવા સ્વામીશ્રી આ ગામે પધાર્યા હતા. એ વૃદ્ધ ભક્તના જમાઈ ધીરુભાઈ ત્યાં ખબર કાઢવા આવેલા. તેઓ ગિરધરભાઈને ઓળખતા હતા. તેથી સ્વામીશ્રીનાં દર્શન કરી ગિરધરભાઈને મળી તેઓ પણ રાજી થયા.

મોલોમાં સ્વામીશ્રીનો ઉતારો જમનાદાસ નારણભાઈ પટેલના નવા બંગલામાં હતો. મોલોમાં અસહ્ય ઠંડી હતી. તેમાં વળી નવું મકાન. તેથી સ્વામીશ્રીને છાતીમાં ઠંડી પેસી ગઈ હતી. ગળામાં ખરેરીની પણ કાયમની તકલીફ અહીંથી શરૂ થઈ, જે સ્વામીશ્રી પાછળથી હંમેશાં યાદ કરતા કે પંચાવનમાં આફ્રિકા ગયા અને મોલોમાં ઠંડી ગરી ગઈ તે હજુ નીકળતી નથી.

સ્વામીશ્રી વાતો કરતા હોય ત્યારે અવશ્ય એકાદ વાર તો ગળામાં

ખરેરી આવે જ અને બોલવામાં ખરખર થાય, તકલીફ પડે. આવી નાજુક એમની તબિયત હતી. વળી, શરદીની તાસીર. પણ સ્વામીશ્રી વિચરણમાં દેહની કોઈ સુવિધા ગણકારતા જ નહિ અને કેટલીક કાયમની શારીરિક મુશ્કેલીઓ વહોરી લેતા.

એક દિવસ મોલો રોકાઈને તા. ૨૮મીએ સવારે એલ્બર્ગન થઈને ઓલકલાઉ પધાર્યા, સાંજે ગીલગીલ થઈને રાત્રે નૈરોબી આવી પહોંચ્યા.

તા. ૨-૯-'૫૫ સુધીના નૈરોબી રોકાણ દરમ્યાન સવારે તથા રાત્રે યોજાતી સભામાં સ્વામીશ્રીની કથાવાર્તાનો લાભ મળતો. દિવસ દરમ્યાન શહેરના જુદા જુદા ભાગમાં હરિભક્તોને ત્યાં પધરામણીઓ થતી.

અહીંથી એક દિવસ સ્વામીશ્રી સંતમંડળ સાથે કીકુયુ પધાર્યા હતા.

તા. ૩જીના રોજ સવારે નૈરોબીથી મચાકોસ આવી પહોંચ્યા. ગામની ભાગોળે બૅન્ડ-વાજાં સાથે આખું ગામ સ્વામીશ્રી અને સંતોના સ્વાગત માટે આવ્યું હતું. શોભાયાત્રા બાદ સૌ મોતીભાઈને ત્યાં ઉતારે આવ્યા. મોતીભાઈએ ભારે ધામધૂમ કરી આખા ગામને જમાડ્યું. સાંજે જાહેર સભામાં સ્વામીશ્રીએ જ્ઞાનવાતો કરી સૌને અપાર આનંદ કરાવ્યો. અનેકનાં અંતરમાં ધર્મભાવના જાગ્રત થઈ. અનેકે સ્વામીશ્રી પાસે વર્તમાન ધારણ કરી વ્યસનો મૂક્યાં.

તા. છઠ્ઠીએ સવારે નાન્યુકી પધાર્યા હતા. હરિભક્તોએ ફૂલહારથી સ્વાગત કર્યું. અનેક હરિભક્તો તથા મુમુક્ષુઓનાં ઘર પાવન કરી, વ્યસન-મુક્ત કરી, સૌને કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યું.

છેલ્લા ત્રણ દિવસ સુધી નૈરોબીના હરિભક્તોના મનોરથ પૂરા કર્યા.

ટાન્ગાનિકામાં વિચરણ

તા. ૧૦ના રોજ સ્વામીશ્રી નૈરોબીથી ટાન્ગાનિકા રાજ્યના અરૂશા ગામે જવા નીકળ્યા. બપોરે ૧-૦૦ વાગે ત્યાં પહોંચ્યા. અરૂશા નજીક સ્થાનિક હરિભક્તો મોટરો લઈ સ્વાગત કરવા સામા આવ્યા હતા. સૌએ સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કર્યા. ગામ પાંચ માઈલ દૂર હતું. શોભાયાત્રારૂપે સૌ શહેરમાં આવ્યા. અરૂશાના શેઠ નરસિંહદાસ, જેઓ પૂર્વ આફ્રિકાના અગ્રગણ્ય ઉદ્યોગપતિ હતા, તેઓ પણ સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવ્યા હતા. લેચકોના મેમ્બર હોવાને કારણે દારેસલામમાં મિટિંગ હોવા છતાં તે રદ કરી તેઓ સ્વામીશ્રીના સ્વાગતાર્થે આવ્યા. એટલું જ નહિ, સ્વામીશ્રી અને સંતોનો ઉતારો

પણ તેમને ત્યાં જ હતો. નરસિંહદાસના વિશાળ બંગલામાં સંતો માટે મોટા મોટા પલંગો બિછાવ્યા હતા. પણ સ્વામીશ્રી તો જમીન ઉપર જ પથારી કરાવી પોઢ્યા હતા.

સાંજે યોજાયેલી જાહેર સભામાં અનેક નવા મુમુક્ષુ ભાઈઓએ સ્વામીશ્રીનાં દર્શન અને અમૃતવાણીનો લાભ લીધો. બે દિવસ રોકાયા. તેમાં અનેક પધરામણીઓ થઈ. સ્વામીશ્રીનાં આશીર્વચનનો ત્રણ સભાઓમાં લાભ મળ્યો.

એક દિવસ સ્વામીશ્રી ગામમાં ચાલી રહેલી રામાયણ-પારાયણમાં પધાર્યા હતા. મોટાસ્વામીએ રામાયણ ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું. સ્વામીશ્રીએ વાતો કરી સૌને શાંતિ પમાડી. આજના પ્રવચનમાં સંપ, સુહૃદભાવ અને એકતા વિષયને અનુલક્ષીને વાતો કરી. સૌને તેવું જીવન જીવવાનો અનુરોધ કર્યો. કોઈની નિંદા ન કરવી. અન્ય ધર્મો પ્રત્યે ભેદભાવ હશે તો તે લાંબુ ચાલી નહિ શકે - એ જુદાં જુદાં દૃષ્ટાંતો આપી સૌને બ્રહ્માનંદ કરાવ્યો હતો.

તા. ૧૨મીએ સવારે નરસિંહદાસ શેઠની સાઇકલની ફેક્ટરી ઉપર પધરામણી કરી, મોશી પધાર્યા. અહીં પણ સર્વ હરિભક્તોએ ગામ બહાર સ્વાગત કર્યું. વાસુદેવભાઈ રાવજીભાઈ અમીનને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો.

ત્રીસ વર્ષથી અહીં સ્થિર થયેલા હરિભક્તો એમ ધારતા હતા કે હજી સુધી અહીં જે સંતો આવ્યા છે, તેમનાં પ્રવચનો સાંભળવાં ૧૦-૧૫થી વધુ માણસો આવતા નથી. તેથી આ પ્રસંગે પણ તેમ જ હશે. પરંતુ સ્વામીશ્રીના આગમન નિમિત્તે યોજાયેલી જાહેર સભામાં હિન્દુ યુનિયનનો હૉલ ચિક્કાર ભરાઈ ગયો. આટલા બધા શ્રોતાઓ ક્યાંથી આવી ચડ્યા તે કાર્યકર્તાઓને સમજાયું નહિ. સ્વામીશ્રીની દિવ્ય અનુપમ વાણીથી સૌનાં અંતર વીંધાઈ ગયાં, વધુ આકર્ષણ થયું. બીજે દિવસે તો તેથી વધુ સંખ્યામાં ગ્રામ-જનતા દર્શન અને કથાવાર્તાનો લાભ લેવા ઊમટી. જેમનું વર્તન જ વાતો કરે છે, તેવા મન-કર્મ-વચને ઐક્ય અનુભવતા આ સંતનું આકર્ષણ વધવાથી, સૌએ વધુ રોકાવા માટે આગ્રહ કર્યો, પરંતુ આગળનો કાર્યક્રમ નક્કી થઈ ચૂક્યો હતો. સ્વામીશ્રી રોકાઈ શકે તેમ નહોતું. મોટર દ્વારા સ્વામીશ્રી નૈરોબી પધાર્યા.

અહીં તા. ૧૮મીથી ભટેસા તરફથી 'સત્સંગિજીવન'ની કથાનો પ્રારંભ કરવામાં આવ્યો. મંદિરનો વિશાળ હૉલ સંપૂર્ણ ભરાઈ જતો. તા. ૧૯મીના સ્વામીશ્રીની અમૃતવાણી નાના પ્રવચનરૂપે રેડિયો ઉપરથી પ્રસારિત કરવામાં આવી હતી.

રોયલ ટેક્નિકલ કૉલેજમાં પધરામણી

તા. ૨૩મીએ કથાની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રીએ અહીંની રોયલ ટેક્નિકલ કૉલેજમાં પગલાં કર્યાં. ચાર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ કૉલેજ હિંદ બહારના દેશમાં મહાત્મા ગાંધીજીના સ્મારક તરીકે સ્થપાઈ હતી. આ કૉલેજના બાંધકામમાં 'ગાંધી મેમોરિયલ એકેડેમીક સોસાયટી' તરફથી લગભગ પાસઠ લાખ રૂપિયા અર્પણ કરવામાં આવેલ. આ ફંડ ભેગું કરવાના કાર્યમાં પ્રોફેસર યાજ્ઞિકનો મહાન ફાળો હતો. તેમણે સ્વામીશ્રીની પધરામણી કૉલેજમાં કરાવી. સ્વામીશ્રીએ બધી જગ્યાએ ફરીને ફૂલ છાંટ્યાં અને કુમકુમના ચાંદલા કર્યા. કૉલેજના મુખ્ય અધિકારી (The Dean of the College) શ્રીયુત જી. ડબલ્યુ. પોલાર્ડ સાહેબે રોયલ ટેક્નિકલ કૉલેજ તરફથી સ્વામીશ્રી તથા સંતોને સત્કારી કૉલેજની અભિવૃદ્ધિ માટે આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ રાજી થઈને આશીર્વાદ આપી કુમકુમના ચાંદલા કર્યા. પ્રસાદીનો હાર પહેરાવ્યો. આ કૉલેજના બાંધકામમાં બ્રિટન, અમેરિકા, કેન્યા, યુગાન્ડા, ટાન્ગાનિકા, જર્મની તરફથી સારી રકમો મળી હતી.

સ્વામીશ્રી સાથે એ.બી. પટેલ, ચુનીભાઈ નાથાભાઈ પટેલ, શેઠ કાનજી નારણજી તથા ધીરુભાઈ નાનજી કાળીદાસ આદિ આગેવાન હિંદી મહાનુભાવો ઉપરાંત બે યુરોપિયન અધિકારી તથા પ્રોફેસરો પણ હાજર હતા. સૌનો ગ્રુપ ફોટો લેવાયા બાદ પ્રસાદ લઈને સ્વામીશ્રી મંદિર પધાર્યા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીએ યાજ્ઞિક સાહેબને આવા વિદ્યાદાનના કાર્યમાં સહાયભૂત થવા માટે આશીર્વાદ આપીને ઇચ્છા વ્યક્ત કરી હતી કે તેમની મારફતે લંડનમાં ભણતા વિદ્યાર્થીઓ માટે પણ એક બોર્ડિંગ હાઉસ બનાવવું, જેમાં સ્વામિનારાયણના સર્વોપરી સિદ્ધાંતનો પ્રચાર થાય.

મોમ્બાસામાં જળઝીલણી

તા. ૨૫-૯-'૫૫, સ્વામીશ્રી તથા મોટાસ્વામી અન્ય ભક્તો સાથે ટ્રેનથી મોમ્બાસા પધાર્યા. સ્ટેશન ઉપર ભાવિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી સ્વાગત કર્યું. પોલીસ પણ વ્યવસ્થામાં ગોઠવાઈ ગઈ હતી. સ્ટેશનથી સ્વાગત-યાત્રા મંદિરે આવી. જયનાદો ગુંજતા પવિત્ર વાતાવરણમાં શોભાયાત્રા મંદિરે આવી પહોંચી, ત્યારે યુવકોએ દારૂખાનું ફોડી સ્વામીશ્રીના આગમનને

ખુશાલીપૂર્વક વધાવી લીધું. રંગબેરંગી દીવાઓ અને તોરણો ઉપરાંત ૧૫૦૧ જેટલા ઘીના દીવા પ્રગટાવી મંદિર અને મૂર્તિઓને પણ સ્વામીશ્રીના માનમાં શણગારવામાં આવ્યાં હતાં. ભક્તિદીપોની અસંખ્ય હારમાળાથી મંદિર વધુ દેદીપ્યમાન લાગતું હતું. બાળકોએ પુષ્પવૃષ્ટિ કરી. ૧૨૫ દીવાની આરતી બાદ દાસ ભગતે સ્વરચિત સ્વાગત-કીર્તન ગાયું.

એકત્રિત થયેલ સત્સંગી સમૂહને સદુપદેશ આપી સ્વામીશ્રી સંતમંડળ સાથે સ્નાન-પૂજા માટે પધાર્યા.

સાંજે હીરજી કરમશીને ત્યાં પધરામણીએ પધારી, અહીં થોડા સમય પહેલાં શ્રીજીમહારાજે દિવ્ય દર્શન આપી ચરણારવિંદ તથા હાથના થાપાની નિશાની આપી હતી તેનાં દર્શન કર્યાં.

તા. ૨૯મીએ જળઝીલણીનો મહોત્સવ ધામધૂમથી ઊજવાયો. સાંજે સાડા ચાર વાગે શોભાયાત્રારૂપે ઠાકોરજી સાથે ગણપતિને સુશોભિત પાલખીમાં પધરાવ્યા હતા. આખી પાલખી ફૂલહાર તથા તોરાથી શણગારવામાં આવી હતી. શોભાયાત્રાની શરૂઆતમાં બૅન્ડ-વાજાં વાગતાં હતાં. હજારો હરિભક્તો આ શોભાયાત્રામાં જોડાયા હતા. માર્ગમાં હિંદુ યુનિયનના મંદિરે દર્શન કરીને ઓલ્ડ પોર્ટ પધાર્યા. અહીં સંતો-હરિભક્તો સહિત સ્વામીશ્રી સ્ટીમલોંચમાં બિરાજ્યા ને સમુદ્રમાં જ પાંચ પ્રદક્ષિણા કરી પાંચ વાર ઠાકોરજી સાથે ગણપતિજીની આરતી ઉતારવામાં આવી હતી. છેલ્લા ફેરામાં સ્વામીશ્રીએ ગણપતિનું સમુદ્રજળમાં વિસર્જન કર્યું. પછી મંદિરે પધાર્યા. સમુદ્રકિનારે ૩ થી ૪ હજારની સંખ્યામાં હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા.

રાત્રે પણ આ ઉત્સવ મંદિરમાં ઊજવવામાં આવ્યો હતો. આજે એકાદશી હોવાથી સંતો સાથે ઘણા હરિભક્તોએ નિર્જળ ઉપવાસ કર્યો હતો.

તા. ૩૦મી ને બારસે સ્વામીશ્રીએ પારણાં કર્યાં. બપોરે પણ ઠાકોરજી અહીં જ જમાડ્યા હતા. મોમ્બાસા ભારત જવા માટેનું દ્વાર હોવાથી પરદેશ જતા-આવતા અનેક મુમુક્ષુઓ દરરોજ સ્વામીશ્રીનાં દર્શને આવતા હતા. ભૂતકાળમાં કોઈ દિવસ ન જોયેલા ઉત્સવો, ઉત્સાહ અને આવા પુરુષનાં દર્શન કરી સૌ કૃતકૃત્યતા અનુભવતા હતા.

અહીં સ્વામીશ્રીએ કથા પ્રસંગમાં કહ્યું :

‘છતી દેહે અક્ષરધામ તે શું ? બધાના ભીડા વેઠે, સેવા કરે અને મનમાં લાગે કે કંઈ જ કર્યું નથી. મહિમા વધે.

'સત્સંગ ખૂબ વધશે. કાયમ પારાયણો, કથાવાર્તા થશે. અખંડ જ્ઞાનના અખાડા જામશે. કરવાનું શું ? એક જીવને આ માર્ગમાં ચઢાવે તો આખા બ્રહ્માંડનું પુણ્ય મળે. દેહને બ્રહ્મરૂપ માનવો.

'સ્વામીનો અભિપ્રાય જાણે, એની મરજી વિના બીજો સંકલ્પ પણ ન કરે. એના વચનમાં વિશ્વાસ તે જ ભક્તિ. એ કહે એ જ ઠરાવ એ જ ભક્તિ. દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત. નિર્દોષભાવ કરવાથી બહુ મોટા થાય. તેના ઉપર સત્પુરુષ દેખાડો ન કરે પણ અંતરથી ખૂબ રાજીપો આપે. પ્ર. ૭૬ - આ તો આપણું ધાર્યું કરાવીએ છીએ. વચનનો ભીડો એ જ ભક્તિ. સભામાં ટોકે તોપણ કંઈ ન થાય. આ તો ભગવાન નથી ટોકતા. વગર વાંકે ટોકે પણ મન મોળું ન પડે. એ પરીક્ષામાં પાસ થાય ત્યારે ભક્તિ, સંગઠન, ગુરુકૃપા થાય.'

બે જાતનાં પ્રમોશનની સિદ્ધિ

સ્વામીશ્રી નૈરોબીથી મોમ્બાસા ટ્રેનમાં આવતા હતા ત્યારે રેલવેમાં નોકરી કરતા અંબાલાલ પી. પટેલે વાત કરી કે 'હવે મારે દર મહિને વીસ દિવસ લાઈન ઉપર પગાર કરવા માટે જવું પડશે અને દસ દિવસ જ નૈરોબીમાં રહેવાનું થશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારે સત્સંગનું કામ કરવાનું હોય, કથાવાર્તા કરવાની હોય, માટે નૈરોબીમાં જ રહેવું.'

'તો મારા પ્રમોશનની ટર્ન ચૂકી જવાય !'

'જાવ, પ્રમોશન જરૂરથી મળી જશે. એ તો સ્વામી અને મહારાજને દેવું છે તે દેશે.' સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી દેશમાં પધાર્યા પછી પત્ર લખ્યો કે 'પ્રમોશન મળ્યું હશે.' ત્યારે અંબાલાલભાઈએ ઉત્તર પાઠવ્યો : 'મારે પ્રમોશનનો લોભ નથી, પણ મારા દોષ-સ્વભાવમાત્ર ટળે ને એકાંતિક ધર્મ સિદ્ધ થાય, તેવું પ્રમોશન જોઈએ છે.'

સ્વામીશ્રીએ આશીર્વાદ પત્ર લખ્યો કે 'અમારે બંને જાતનાં પ્રમોશન તમને આપવા છે !'

એ પછી આશ્ચર્ય તો એ થયું કે એસ્ટાબ્લિશમેન્ટ સેક્શનના વડા સી.યુ. પટેલે પ્રમોશન મેળવનારની યાદી ચીફ એકાઉન્ટન્ટને મોકલી, જેમાં અંબાલાલભાઈનું નામ જ લખ્યું નહોતું. પણ જ્યારે ચીફે સહી કરી પાછી

મોકલી, ત્યારે તેમાં પ્રથમ નામ અંબાલાલભાઈનું હતું ! તે વાંચીને સી.યુ. પટેલને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : 'ભગત ! તમારું નામ જ લખ્યું નહોતું ને ચીફે કેમ ઉમેર્યું તે ખબર ન પડી.'

ત્યારે ગુરુહરિને યાદ કર્યા : 'આ મારા ગુરુ યોગીજી મહારાજનો પ્રતાપ છે. એમણે જ ચીફમાં પ્રવેશ કરીને મારું નામ પ્રથમ લખાવ્યું છે.'

સી.યુ. પટેલ સ્વામીશ્રીની આ શક્તિથી અત્યંત આશ્ચર્ય પામ્યા. તેમને પ્રમોશન મળી ગયું, અને વહેવાર અને સત્સંગ બંનેમાં અનુકૂળતા થઈ ગઈ.

ઐશ્વર્ય દર્શનની પ્રતીતિ

તા. ૨-૧૦-'૫૫, સ્વામીશ્રી, સંતમંડળ, સી.ટી. પટેલ વગેરે હરિભક્તો સાથે વિમાનમાર્ગે ટાંગા થઈ દારેસલામ આવવા નીકળ્યા. અગાઉથી જાણ કરી હોવાથી ટાંગા દોઢસો ઉપરાંત હરિભક્તો હારતોરા લઈ દર્શન કરવા આવ્યા હતા. હરિભક્તોએ પુષ્પહાર અર્પણ કરી સ્વાગત કર્યું. દર્શનનું સુખ આપી એ જ પ્લેનમાં સાંજે ૬-૩૦ વાગે દારેસલામ પધાર્યા.

અહીં પણ મોટી સંખ્યામાં હરિભક્તો સ્વાગત કરવા પધાર્યા હતા. ૨૫ જેટલી મોટરકારોમાં શોભાયાત્રારૂપે ભજન-ધૂન સાથે ગામમાં ફેરવીને સ્વામીશ્રી અને સંતોને ઉતારે લાવવામાં આવ્યા.

સ્વામીશ્રીનો ઉતારો લક્ષ્મીનારાયણ મંદિરમાં હતો. ત્રણ દિવસના મુકામ દરમ્યાન અનેક નવા મુમુક્ષુઓ સ્વામીશ્રીના યોગમાં આવ્યા. સંતોને જોતાં, તેમની વાણી-વર્તનની એકતાથી સૌને અપાર ગુણ આવતો; જાણે સ્વપ્ન જોતા હોઈએ તેવો ભાસ થતો, કારણ કે સ્ત્રી-દ્રવ્યના અષ્ટ પ્રકારે ત્યાગી સંતની પદરજ જાણે કે યુગો પછી આ ભૂમિ પર પડી. આવાં દુર્લભ દર્શન ક્યાંથી થાય ? સૌએ વધુ રોકાવા માટે ખૂબ આગ્રહ કર્યો. મોરોગોરો ગામે પધારવા પણ ખૂબ વિનંતી કરી, પણ હવે તો ભારત પ્રતિ પ્રયાણની ઘડીઓ ગણાતી હતી. પ્રોગ્રામ ઘડાઈ ચૂક્યો હતો, તેથી તેમાં ફેરફાર શક્ય નહોતો.

અહીંથી સ્વામીશ્રી, સંતો તથા સી.ટી. પટેલ વગેરેને પ્લેન દ્વારા ઝાંઝીબાર જવાનું હતું. ડી.કે. પટેલ ટિકિટો મેળવવા માટે પ્રયત્ન કરતા હતા. હેલ્થ સર્ટિફિકેટ બરાબર ન હોવાથી ટિકિટો કોઈપણ સંજોગોમાં તાત્કાલિક મળે તેમ ન હતી. ડી.કે. પટેલ ત્યાંના અગ્રગણ્ય નાગરિક હતા. ઓળખાણ ઘણી, પણ આ કામ થયું નહિ.

સવારે વચનામૃતનું નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ સી.ટી. પટેલને કહ્યું : 'જાઓ, કેમ બેઠા છો ? ટિકિટનું કામ પતાવો.'

સી.ટી. પટેલ તરત આશીર્વાદ લઈ ડી.કે. પટેલને મળ્યા અને કહે : 'ચાલો, આપણે ટિકિટો માટે એરવેઝ ઑફિસે જઈ આવીએ.'

તેમણે કહ્યું : 'કોઈપણ સંજોગોમાં ટિકિટ મળવાની શક્યતા નથી.'

સી.ટી. પટેલે તેમને કહ્યું : 'હવે આપણે બાપાના વચને જઈએ છીએ.'

તેઓ એરવેઝ ઑફિસે ગયા. થોડી વાત કરી ત્યાં જ ટિકિટો કાઢી આપી. ડી.કે. પટેલ તાજુબ થઈ ગયા : 'આ કેમ થયું ?' સી.ટી. પટેલ કહે : 'બાપાનો આવો પ્રભાવ અને દિવ્ય શક્તિ છે. આ તો સામાન્ય બાબત છે, પરંતુ તેઓ ધારે તો સૂર્ય-ચંદ્રને સ્થિર કરી શકે છે. બ્રહ્માંડની ગતિ ફેરવી શકે છે.'

સી.ટી. પટેલે તેમને સ્વામીશ્રીનો અપરંપાર મહિમા સમજાવ્યો.

એ પછી ડી.કે. પટેલે પોતાના ઘરે સ્વામીશ્રીની પધરામણી કરાવી. પોતે ચાર હાર સંતોને પહેરાવ્યા. પાંચમા સંતને માટે હાર બચ્યો ન હતો, તેથી તેઓ મૂંઝાતા હતા. એવામાં સ્વામીશ્રી કહે : 'આ લ્યો હાર.' સ્વામીશ્રીએ ઐશ્વર્ય-બળે પાંચમો હાર સર્જ્યો ! ડી.કે. પટેલ તો દિગ્મૂઢ થઈ ગયા. તેમને પ્રતીતિ આવી : 'આ પુરુષ સાધારણ નથી !'

તેઓ તે સમયે 'લેચકો'ના મેમ્બર હતા, વળી વિદ્વાન અને વિચક્ષણ એવા કે ૨૫ વર્ષથી સામાજિક કાર્યોમાં તેમણે સફળતા મેળવી હતી. તેમણે સ્વામીશ્રી વિષે અહોભાવ વ્યક્ત કરતાં જાહેર સભામાં કહ્યું : 'આવા મહાપુરુષ આ દેશમાં આ પહેલાં કોઈ પધાર્યા જ નથી. આ સંતોનું વર્તન અતિ ઉચ્ચ છે.' સ્વામીશ્રી ત્રણ દિવસ રોકાયા તે દરમ્યાન તેઓ અખંડ સાથે રહી નિકટતાથી પ્રસંગમાં આવ્યા અને સ્વામીશ્રીના રંગે રંગાયા.

તેવા જ બીજા એક મોટા વેપારી શેઠ મગનલાલ મોરઝરીઆ કે જે દેવાણીના ઉપનામથી ઓળખાતા, તેઓ પણ ખૂબ પ્રભાવિત થયા. તેમણે સ્વામીશ્રી અને સંતોને ધામધૂમથી શોભાયાત્રારૂપે પોતાને ત્યાં પધરાવી હારતોરા-પૂજાનો લાભ લીધો.

'અમે તમને અક્ષરધામમાં ફેરવીશું'

તા. ૬-૧૦-'૫૫, ૧-૩૦ વાગ્યાના વિમાનમાં ઝાંઝીબાર જવાનું હતું.

'પટેલ સમાજ'માં યોજાયેલ વિદાય સમારંભમાં સર્વ હરિભક્તો, મુમુક્ષુ

ભાઈઓ અગાઉથી આવી ગયા હતા. સૌને આશીર્વાદ પાઠવી ૧૨-૩૦ વાગે વિદાય લઈ સ્વામીશ્રી એરપોર્ટ ઉપર પધાર્યા. અહીં પણ હરિભક્તોની સભા થઈ જતાં સૌને જ્ઞાનગોષ્ઠિનો દિવ્ય લાભ આપ્યો.

સ્વામીશ્રી પ્લેનમાં બેસવા પધાર્યા, ત્યારે સર્વ હરિભક્તો ગળગળા થઈ ગયા હતા. ફક્ત ત્રણ દિવસના રોકાણમાં જ સૌને સ્વામીશ્રી સાથે અપાર હેત-પ્રેમની લાગણી થઈ હતી.

બપોરે ૨-૩૦ વાગે ઝાંઝીબાર પહોંચ્યા. અહીં પણ વિમાન મથકે અનેક ગુજરાતી ધર્મપ્રેમી ભાઈઓ સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવ્યા હતા. સ્વામીશ્રીના કૃપાપાત્ર ભક્તરાજ કરમશી પ્રભુદાસ વડગામાના ઘરે જ સંત-મંડળનો ઉતારો હતો. મોમ્બાસા પ્રતિષ્ઠા પ્રસંગે પણ તેમણે સારી સેવા આપી હતી. રાત્રે મોટાસ્વામીએ દોઢ કલાક સુધી વાતો કરી હતી. ત્યારબાદ સ્વામીશ્રીએ સૌને હાસ્યરસમાં તરબોળ કરી બ્રહ્મરસ પીરસ્યો હતો.

તા. ૭મીએ સમગ્ર ટાપુ ઉપર વસતા અનેક મુમુક્ષુજનોને લાભ મળે તે હેતુથી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતો તથા સ્વામીશ્રીની પરાવાણીનું શ્રવણ કરી સૌને થયું કે 'આવી વાતો પહેલાં કોઈ દિવસ સાંભળી જ નથી.' સ્વામીશ્રીની પ્રિય, હિતકર અને શાસ્ત્રોક્ત વાણી સાંભળી સૌને ઘણો જ ગુણ આવ્યો હતો.

તા. ૮-૧૦-'૫૫, ઝાંઝીબારથી વિદાય લઈ વિમાનમાર્ગે નૈરોબી જવાનું હતું. માર્ગમાં દારેસલામ મુકામ હતો. ત્યાં પણ એરપોર્ટ ઉપર અનેક હરિભક્તો ફરી દર્શનનો લાભ લેવા આવ્યા હતા. દારેસલામથી ટાંગા આવ્યા. અહીં વિમાની મથકે હરિભક્તો મોટી સંખ્યામાં દર્શને આવ્યા હતા. ટાંગાથી વિદાય લઈ સ્વામીશ્રી સંતો તથા હરિભક્તો સાથે મોમ્બાસા આવી રહ્યા હતા. સ્વામીશ્રીએ સી.ટી. પટેલને પૂછ્યું : 'નીચે શું દેખાય છે ?'

'નીચે માધવાણીનો શેરડીનો શાંભો દેખાય છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'ઓહો, બહુ જલદી આવી ગયા !'

'હા બાપા ! હવે પાંચ મિનિટમાં આપણે મોમ્બાસા ઊતરીશું.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'જેમ તમે અમને ફેરવો છો, તેમ અમે તમને અક્ષરધામમાં ફેરવીશું અને મોજ કરાવશું. તમે અહીંના ભોમિયા, અમે ત્યાંના ભોમિયા !'

સી.ટી. પટેલને થયું : 'અક્ષરધામના નિવાસી હોય તે જ આ પ્રમાણે

કહી શકે.'

સી.ટી. પટેલ અહીં ઊતરી ગયા. અહીં પણ મોમ્બાસા સત્સંગ મંડળના બે હજાર હરિભક્તો આ છેલ્લાં દર્શનનો લાભ લેવા એરપોર્ટ પર આવ્યા હતા. સ્વામીશ્રીએ વિમાન બહાર પધારી, સભામાં બિરાજી દર્શન સાથે છેલ્લી શીખના શબ્દો પણ પ્રેમથી કહ્યા. સૌની વિદાય લઈ એ જ વિમાનમાં નૈરોબી પધાર્યા.

અહીં પણ ઘણા હરિભક્તો દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ મંદિરે આવી રાત્રિમુકામ કર્યો. સૌ હરિભક્તોને માટે આ અમૂલ્ય લહાવો હતો.

બીજે દિવસે તા. ૯મીએ સવારે નૈરોબીથી સૌની વિદાય લઈ વિમાન-માર્ગે જિન્જા પધાર્યા. અહીં પણ એરપોર્ટ પર ૩૦૦ ઉપરાંત હરિભક્તો સ્વાગત કરવા પધાર્યા હતા. ૯-૨૦ વાગે જિન્જા પધાર્યા. બૅન્ડ-વાજાં સાથે શોભાયાત્રારૂપે શહેરમાં આવ્યા. બપોર સુધી અહીં રોકાઈ ૩-૩૦ વાગે કમ્પાલા જવા વિદાય લીધી. કમ્પાલામાં નાનજીભાઈ તરફથી પારાયણનું આયોજન હતું, તેથી સ્વામીશ્રી અનેક કાર્યક્રમો રદ કરી અહીં પધાર્યા હતા.

અહીં યોજાયેલી શોભાયાત્રામાં અનેક હરિભક્તો, સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો. સ્વામીશ્રીનાં દર્શન અને કથાવાર્તાનો લાભ મળી રહ્યો હતો. પણ હવે એક જ અઠવાડિયામાં સ્વામીશ્રી સ્વદેશ પધારશે એ વિચારથી સૌનાં અંતઃકરણમાં ગ્લાનિ જણાઈ આવતી હતી. પાંચ દિવસની આ પારાયણની પૂર્ણાહુતિ તા. ૧૩મીએ સવારે કરવામાં આવી અને તે જ દિવસે બપોરે વિદાય લઈ સ્વામીશ્રી જિન્જા પધાર્યા. અહીં રાત રોકાઈ હરિભક્તોને વિદાય વેળાની શીખ આપી. તા. ૧૪મીએ ટરોરો એક દિવસ લાભ આપી, તા. ૧૫મીએ નૈરોબી આવ્યા. અહીં ત્રણ દિવસનો મુકામ હતો.

પૂર્વ આફ્રિકાથી વિદાય

તા. ૧૬-૧૦-'૫૫, પૂર્વ આફ્રિકાના તમામ હરિભક્તોનો ભોજન-સમારંભ યોજવામાં આવ્યો. તે નિમિત્તે માનનીય એ.બી. પટેલ, ડૉ. યાજ્ઞિક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. નૈરોબીમાં આકાર લઈ રહેલી રોયલ ટેક્નિકલ કૉલેજના લાઈબ્રેરી વિભાગ માટે સ્વામીશ્રી તથા મોટાસ્વામીએ મોટું દાન જાહેર કર્યું હતું. જે ડૉ. યાજ્ઞિકને અર્પણ કરવામાં આવ્યું.

આજે વિદાય સભામાં આદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સર્વેને એટલું કહેવાનું છે કે સૌ કોઈ મંદિરમાં - સત્સંગ પ્રવૃત્તિમાં મદદ



સૌના લાડીલા યોગીજી મહારાજ

શાસ્ત્રીજી મહારાજના અનુગામી યોગીજી મહારાજે દેશ-વિદેશમાં વિચરણ કરીને સર્વત્ર અદ્વિતીય દિવ્ય પ્રતિભાનો પ્રકાશ પાથર્યો...



દિલ્હીમાં આર્ષદ્રષ્ટા સ્વામીશ્રી અને પ્રમુખસ્વામીની પધરામણી, સાથે યજ્ઞપ્રિય સ્વામી
ગુલઝારીલાલ નંદાજીના નિવાસસ્થાને ઉષ્માભર્યું સ્વાગત... (સને ૧૯૫૩)









રિ-પ્રાગટ્યભૂમિ છપૈયાનાં દર્શન કરાવવા સ્વામીશ્રીએ સ્પેશિયલ ટ્રેન યાત્રાપ્ર
ય જય . સ્ટેશને સ્ટેશને સ્વામીશ્રીએ દિવ્ય જ્ઞાનની હેલી વરસાવી. (સને ૧૯૫૩)








મોમ્બાસામાં રેલવે સ્ટેશન પર સ્વામીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત...

સ્વામીશ્રીના સ્વાગત માટે રેલવે સ્ટેશને ઊમટેલી માનવમેદની...





મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે મોમ્બાસાના રાજમાર્ગો પર અભૂતપૂર્વ શોભાયાત્રા યોજાઇ

માનવ મહેરામણ વચ્ચે ખુલ્લી મોટરમાં સ્વામીશ્રી (સને ૧૯૫૫)





દિવ્ય દૃષ્ટિનાં દાન (શોભાયાત્રા, મોમ્બાસા, સને ૧૯૫૫)

સ્વામીશ્રી અને સંતોનો ઉષ્માભર્યો સ્વાગત સમારોહ





આફ્રિકામાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું સ
પ્રથમ મંદિર, મોમ્બાસા.
મંદિરના પ્રવેશનું ઉદ્‌ઘાટન કર્યા બાદ ઝરૂ
પધારેલા સ્વામીશ્રીનાં દર્શનાર્થે ભક્તમેદનં


તિષ્ઠા વિધિનાં દર્શનાર્થે મોમ્બાસા મંદિરના વિશાળ હોલમાં ભક્તમેદની








'પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે...'
સામાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ બાદ શ્રીહરિની પ્રથમ આરતી ઉતારતા સ્વામીશ્રી (મોમ્બાસા, સને ૧૯











મોમ્બાસામાં પધરામણીએ પધારતા સ્વામીશ્રી...

ઘરોઘર પધરામણીઓ કરીને સ્વામીશ્રીએ આફ્રિકામાં સત્સંગની હરિયાળી પાથરી દીધી...






ામીશ્રીના યોગે સત્સંગના રંગે રંગાતા ' ન્યા ડેઈ મેલ'ના તંત્રી તથા ાપતિ ર વભાઈ




રવિભાઈ પંડ્યાના નિવાસસ્થાને સ્વામીશ્રીનાં દર્શને ઊમટેલો ભક્તસમુદાય (મોમ્બાસા)



રામેશી સુગર મિલમાં સ્વામીશ્રીની પધરા
શ્રી ત્રિભોવનદાસ સાથે સ્વામીશ્રી...

ેશી સુગર મિલના માલિક શેઠ શ્રી લક્ષ્મીદાસ માધવાણી સ્વામીશ્રીનું પૂજન કરી સત્કારે છે...





હરમાનભાઈ સાથે આનંદલહાણ માણતા સ્વામીશ્રી...

આફ્રિકન મુમુક્ષુ પર આશિષવર્ષા કરતા વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રી






મોમ્બાસામાં હિન્દુ મંદિરમાં સત્સંગસભામાં ભજનની મસ્તીમાં સ્વામીશ્રી

ભક્તો સાથે સમુદ્રમાં સ્નાનલીલા (બમ્બૂરી બીચ, મોમ્બાસા)









‘લ્યો લાડુ, મારા સમ. એક ત લ્યો જ…’



સદ્‌ગ્રંથોમાં હસ્તાક્ષર પાડીને આશીર્વાદ લખતાં લખતાં ઠંડીને ખાળતા ધાબળિયા સંત

'યોગી આંખડી તમારી આ, જમુનાનાં નીર છે; જોજો જરા નજર કરી આ ઈજા ગંભીર છે...





ન્ડાના મુખ્ય શહેર કંપાલામાં સ્વામીશ્રીનું આગમન (સાથે આર. યુ. પટેલ તથા ત્રિભોવનદાસ

કંપાલાના રાજમાર્ગો ઉપર શાનદાર સત્કારયાત્રા





અગણિત આંખોને આકર્ષતા, નિમીલિત નયને શોભાયાત્રામાં સ્વામીશ્રી

શોભાયાત્રાને શોભાવતા મહાપુરુષનાં દર્શને ઊમટેલી મેદની





પધરામણીમાં ભક્તોને રાજી કરતા

ભક્તોના આફ્રિકન શાંભાઓ(ખેતરો)માં પગલાં પાડતા







અંતર્મુખ યોગી

'અડસઠ તીરથ જેની કાયા છે, જે સત્સંગીઓની છાયા છે;
એવા શ્યામ મળ્યા ઘનશ્યામ મળ્યા...'



સ્થિતપ્રજ્ઞ યોગી

'જેનાં ચરણોમાં ગંગા આવી વહે, જેનાં દર્શનથી સુખ શાંતિ મળે;
મહારાજ મળ્યા યોગીરાજ મળ્યા...'



કૃપાદૃષ્ટિ

'જુગોજુગ જીવજો પ્યારા, યોગી મારી આંખના તારા;
ભક્તોને હૃદય વસનારા, યોગી મારી આંખના તારા.'









ર્વ આફ્રિકાથી વિદાય લઈ ભારત આવતાં એડન એરપોર્ટ પર ભક્તો દ્વારા સત્કાર

એડનમાં ગિરધરભાઈ દેપાલના ઘરે સત્સંગલાભ આપતા સ્વામીશ્રી





યોગનિદ્રામય યોગીરાજ
(ટ્રેનમાં તથા નિજનિવાસે સ્વસ્વરૂપમાં લીન સ્વામીશ્રી)



કરશો. બીજું કહેવાનું કે અમારે સ્વાર્થ નથી. નિયમ પાળજો. સત્સંગમાં એક સંપ રાખવો. ભક્તોમાં ભેદભાવ ન રાખવો, વાડો ન રાખવો. ફરજ ચૂકવી નહિ. તે આશીર્વાદ છે.

'યુવક મંડળો ૫૧ સ્થાપ્યાં છે, તે અમો કાગળ લખીશું તે બધે લખી દેવા. યુવક મડળ વધશે તો જાગૃતિ થાશે. યુવક મંડળ માટે આપણે ગરજ રાખવી, બોલાવવા-ચલાવવા. જીવને કલ્યાણનો ખપ નથી. ખપ જાગશે ત્યારે સત્સંગ વધશે. સંગઠનભાવ રાખશો. ભેગા થઈને વાતો કરશો.'

હવે બે દિવસ જ બાકી હતા. તેથી સર્વ હરિભક્તો ગદ્ગદ થઈ ગયા હતા.

તા. ૧૮-૧૦-'૫૫ના દિવસે બપોરે ૧૨-૦૦ વાગે સભા ભરવામાં આવી, જેમાં ઈશ્વરભાઈ દાજીને સ્મૃતિચંદ્રક આપવામાં આવ્યો. સર્વ હરિભક્તોએ સ્વામીશ્રી અને સંતોને હારતોરા કર્યા. બપોરે ૧૨-૩૦ વાગે એરપોર્ટ જવા નીકળ્યા. ત્રણ મોટી બસો તથા અનેક મોટરકારો લઈને હરિભક્તો એરોડ્રોમ ઉપર પણ વિદાય આપવા આવ્યા હતા. 'ઈસ્ટ આફ્રિકન એરવેઝ'માં સ્વામીશ્રીને બેસવાની વ્યવસ્થા સંપૂર્ણ મર્યાદા અનુસાર જ કરવામાં આવી હતી.

એરપોર્ટ પર મોટાસ્વામી, દાજી વગેરે સંતો-હરિભક્તોની આંખમાંથી પણ આ વસમી વિદાય વેળાએ અશ્રુધારા વહી રહી હતી. એકદમ ગંભીરતા છવાઈ ગઈ હતી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'કમ્પાલા તથા ટરોરોમાં મંદિર થઈ જશે એટલે જરૂર ફરી આવવાનું થશે. મૂર્તિપ્રતિષ્ઠા કરવા જરૂર આવીશું.'

દોઢ કલાક સુધી સૌને દર્શન આપ્યાં. સૌ મીણનાં પૂતળાંની જેમ સ્થિર થઈ ગયા. જ્યારે સ્વામીશ્રી પ્લેનમાં બેસવા માટે પધાર્યા, ત્યારે પ્રત્યક્ષ દર્શન નહીં થાય પણ અંતરથી અને દિવ્ય દેહે અખંડ સાથે જ છે, એવી હૈયાધારણ રાખી સૌ પાછા ફર્યા. સ્વામીશ્રી અને સંતો એડન પધાર્યા.

છ માસમાં ભગવાનનાં દર્શન !

સ્વામીશ્રી તથા મોટાસ્વામીએ, છ માસ પહેલાં પૂર્વ આફ્રિકાના પ્રવાસે જતાં એરપોર્ટ ઉપર એડનની જનતાને સારો એવો દર્શનલાભ આપ્યો હતો, તે વખતે હરિભક્તોએ પૂર્વ આફ્રિકાથી પાછા ફરતાં સ્વામીશ્રી અને સંતોને એડનમાં થોડો વખત રોકાવા અતિશય આગ્રહ કર્યો હતો.

એડનમાં રોકાવાય તેટલો વખત ન હતો, પણ પત્રો દ્વારા અતિશય આગ્રહ થવાથી સ્વામીશ્રીએ એડનમાં પાંચ દિવસ રોકાવાની કૃપા કરી અને તા. ૧૮-

૧૯-૨૦-૨૧ અને ૨૨ ઑક્ટોબર સુધી રોકાઈ જનતાને અમૂલ્ય લાભ આપ્યો. આટલા ટૂંકા ગાળામાં પણ એમણે લોકોમાં ધાર્મિક ભાવના જગાડી દીધી.

નવાઈની વાત એ હતી કે અહીં ગણ્યાગાંઠ્યા પાંચ-સાત હરિભક્તો હતા. તેમના મનમાં ચિંતા રહેતી હતી કે સ્વામીશ્રીનું સ્વાગત બરાબર થશે કે નહિ ? પણ સ્વામિનારાયણ ધર્મ ઘણો વિસ્તૃત હોવાથી સત્સંગી ન હોય તેવા કેટલાક ભાઈઓ ને તેમના ઓળખીતા સંબંધીઓ વગેરે તરફથી સ્વામીશ્રીનું સ્વાગત કરવા ભલામણ પત્રો આવ્યા. આ રીતે ગામના અગ્રગણ્ય નાગરિકો-હરિભક્તો અને ભાવિકોએ સ્વામીશ્રીનું તા. ૧૮મીએ સાંજે સાત વાગે એડન એરપોર્ટ ઉપર ઘણું માનપૂર્વક સ્વાગત કર્યું.

અહીં સ્વામિનારાયણનું મંદિર ન હોવાથી સંતોનો ઉતારો ગિરધરભાઈ પ્રભુદાસ દેપાલાને ત્યાં રાખવામાં આવ્યો હતો. ત્યાં મંદિરની માફક લોકો સ્વામીશ્રી તથા સંતોનાં દર્શનનો લાભ લેતા હતા.

તા. ૧૯ અને ૨૦મીએ હવેલી - વૈષ્ણવ મંદિરમાં સ્વામીશ્રીનું જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. ઘણા ભક્તો તેનો લાભ લેવા આવ્યા હતા. જાહેર સત્સંગ સભા માટે આ જગ્યા નાની પડતી હોવાથી તા. ૨૧મીએ 'ગુજરાતી એજ્યુકેશન સોસાયટી'ના મેદાનમાં સત્સંગ-સભા રાખવામાં આવી હતી.

અહીં આણંદના ઈશ્વરભાઈ પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. આમ તો નાસ્તિક વિચારવાળા ! વળી, કોઈપણ ધર્મના સંતો વગેરે પ્રત્યે વિશેષ આદર પણ નહિ. પણ પોતે ચારિત્ર્યશીલ જીવન જીવવાનો આગ્રહ રાખે. ગિરધરભાઈ દેપાલા તેમના મિત્ર થાય, તે નાતે તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. પળમાત્રનાં દર્શનમાં જ તેમના અંતરનાં કમાડ ઊઘડી ગયાં. તેમણે પ્રશ્ન કર્યો : 'સ્વામીજી ! તમે મને છ માસમાં ભગવાનમાં દર્શન કરાવશો ?'

'જાવ, જરૂર થશે.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'પણ વર્તમાન ધરાવી સત્સંગી થાવ.'

તેમણે વર્તમાન ધરાવ્યાં અને બરાબર છ માસે રાત્રે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી સાથે તેમને યોગી મહારાજનાં દર્શન થયાં.

જો કે તેમને સમજાઈ ગયું હતું કે સંતમાં શ્રીહરિ અખંડ વિચરે જ છે. તેથી આવા દર્શનનો આગ્રહ રાખવો એ અપૂર્ણપણું છે. તેમણે નિષ્ઠાપૂર્વક સત્સંગની સેવા કરવા માંડી. એડનના સત્સંગ વિકાસમાં ખૂબ મોટો ફાળો આપ્યો.

અહીંના ટૂંકા નિવાસમાં ઘણા લોકો સ્વામીશ્રીની તરફ આકર્ષાયા. સ્ત્રી-

ધનના ત્યાગી સંતો એડનમાં પહેલી વાર આવ્યા છે – એમ જાણી ઘણા લોકોએ પોતાને ઘેર પધરામણી કરાવી. જો કે, ચાર દિવસ એ ઘણો ઓછો વખત કહેવાય. તેથી સંતોષકારક લાભ ન લઈ શકાયો. સ્વામીશ્રીને રોકવા માટે ઘણાએ આગ્રહ કર્યો પણ ફેરફાર ન કરી શકાયો.

તા. ૨૨મીના રોજ સવા ચાર વાગે દેશમાં જવા માટે સ્વામીશ્રીએ વિદાય લીધી.

ઉપસંહાર

ગુણાતીત સંતનું પૃથ્વી ઉપરનું અવતરણ ઘણી સાંકેતિક ઘટનાઓથી મઢાઈને વિશિષ્ટરૂપે બહાર આવે છે. આ જન્મ નૈષ્ઠિક બાલબ્રહ્મચારી આ યોગીના જીવનમાં બાલ્યકાળથી જ કૌટુંબિક માયા કે દુન્યવી ગંધ જોવા મળતી નથી. પ્રભુ-ભજનમાં તલ્લીન, જીવનમાં એકમાત્ર ભક્તિની રટના લાગતાં જૂનાગઢના કૃષ્ણચરણ સ્વામીની નિશ્રામાં ત્યાગાશ્રમમાં પ્રવેશ પામ્યા. જૂનાગઢી સદ્‌ગુરુઓનો સમાગમ, રાત-દિવસ મહિમા યુક્ત સેવાનું બંધાણ પાડી, નાના-મોટા સૌને ઘણા ટૂંકા ગાળામાં વશ કરી લીધા. ત્યાં એકાએક શાસ્ત્રીજી મહારાજનું દર્શન થતાં એમને ગુરુપદે સ્વીકારી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન-કાર્યની ઉત્કટ સેવામાં સહભાગી થવા, જૂનાગઢી પરિવારની મહોબત છોડી નીકળી પડ્યા, તે એમને માટે ઘણું દુષ્કર હતું. આ સંયોગ કેવળ ઈશ્વર-પ્રેરિત જ હતો.

શાસ્ત્રીજી મહારાજથી દૂર યા નજીક રહી, એમનામાં જ રાત-દિવસ વૃત્તિ પરોવી, એમની અનુવૃત્તિરૂપી ભક્તિમાં જોડાયા. જો કે શરૂમાં બે-પાંચ નહિ પણ સત્તર સત્તર વર્ષ સુધી વિજ્ઞાનદાસ સ્વામીના અસહ્ય ત્રાસનો આકરો તાપ ઠંડે કલેજે સહેતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજમાંથી વૃત્તિ સહેજ પણ ચલિત થવા દીધી નહિ. એમને વિશે પતિવ્રતાની ટેક રાખી, એમના માનીને બીજાની સેવા કરવાનું સ્વીકાર્યું. બીજાને અનંત યુગ જેવું ભારણ થઈ પડે એવો વિજ્ઞાનદાસ સ્વામી સાથેનો અતિ વિષમ કસોટી-કાળ એમને મન ક્ષણિક જ રહ્યો.

શાસ્ત્રીજી મહારાજનો સંકેત મળતાં એમનાં ચરણે સદાને માટે નિવસી રહ્યા. એમનાં નાનાંમાં નાનાં વેણ ઉપર આજીવન તન-મનને બાંધી દઈ સંતો તથા હરિભક્તોની પ્રભુ-ભાવે સેવા કરી. ગોંડલનું મંદિર આકાર લેતાં ગુરુ શાસ્ત્રીજી મહારાજે એમને એ અક્ષરધામની સેવામાં જોડી દીધા. અક્ષર દેરીના

અવધૂત અહીં પૂર્ણકળાએ ખીલ્યા. મહંત પદે બિરાજતા છતાં દાસભાવે રહ્યા. શાસ્ત્રીજી મહારાજે એમનો અનહદ મહિમા વર્ણવી યોગીના સ્વરૂપની ઓળખાણ આપી, પોતાનો ઉત્તરાધિકાર સોંપ્યો.

સ્વામીશ્રીએ સાધુતાની સુવાસથી સત્સંગ-સમાજને સુખ-શાંતિ અર્પી સૌની મનોકામનાઓ પૂર્ણ કરી. ગઢપુર મંદિર પૂર્ણ કરવાની ગુરુઆજ્ઞા શિરે ઝીલી, દિવસ-રાત વિચરણ-પધરામણી કરી ભક્તોને એ સેવામાં પ્રેર્યા. સાથે યુવાનો અને બાળકોને સત્સંગમાં આકર્ષ્યા. સ્પેશિયલ ટ્રેનમાં ભારત-યાત્રા કરી, તીર્થોને તીર્થત્વ આપ્યું. પ્રભુ-ભક્તોને છપૈયા-દર્શન કરાવી, છપૈયામાં રેલવે સ્ટેશન સ્થાપી, મહારાજની સેવાનો અનહદ આનંદ મેળવ્યો અને યાત્રામાં ભક્તોને બ્રહ્મવિદ્યાની તાલીમ આપી.

ગઢપુર મંદિરની સેવા નિમિત્તે આફ્રિકાનો પ્રવાસ કર્યો અને આબાલવૃદ્ધ ભક્તોને સત્સંગનો ભારે રંગ લગાડ્યો. ખાસ કરી બાળકો અને યુવકોને પ્રેરણા આપી.

આમ, જોતજોતામાં શાસ્ત્રીજી મહારાજના ઉપાસના પ્રવર્તન-કાર્યને સતત વેગ આપી જબરો ઠેલ માર્યો. ખાસ કરીને નવી પેઢીમાં સત્સંગના સંસ્કારો સિંચવાનું અને જાળવવાનું એક અકલ્પ્ય કાર્ય એમણે આદર્યું. સાથે સાથે સત્સંગ-સમાજનો વિસ્તાર, મંદિર-નિર્માણ અને અન્ય પ્રવૃત્તિઓ પણ એમની પ્રેરણાથી આપોઆપ વિસ્તરતી ગઈ, જે હવે પછીના ગ્રંથોમાં આપણે જોઈશું.

❀ ❀ ❀

પરિશિષ્ટ : ૧
સ્વામીશ્રીએ કરેલા મુખપાઠની નોંધ

સ્વામીશ્રી જૂનાગઢ હતા ત્યારે એમણે કંઠસ્થ કરેલાં વચનામૃતો, સ્વામીની વાતો, ભક્તચિંતામણિનાં પ્રકરણો તેમજ અષ્ટકોની યાદી એમની સ્વહસ્તે લખેલી ડાયરીમાંથી પ્રાપ્ત થતાં અહીં આપવામાં આવી છે.

કીર્તન **પદ**

૧. મહારાજ આજ વડતાલથી આવશે ૮
૨. રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે ૪
૩. આજ મારે ઓરડે રે ૪
૪. મોહનને ગમવાને ઇચ્છો માનુની ૪
૫. હેલી જોને આ નંદકુમાર ૪
૬. માણકીએ ચડ્યા રે, મોહન વનમાળી ૪
૭. સર્વે સખી જીવન જોવાને ચાલો રે ૪
૮. આજ સખી આનંદની હેલી ૪
૯. લટકાળા તારે લટકે રે ૪
૧૦. તારો ચટક રંગીલો ૪
૧૧. મળે જીવનમુક્ત જોગિયા ૪
૧૨. સંત પારસ ચંદન બાવના ૧
૧૩. અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે ૪
૧૪. સંત જન સોઈ સદા મોહે ભાવે ૪
૧૫. ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર ૪
૧૬. સહજાનંદ હરિ પ્રગટ થયા ૪
૧૭. કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે ૪
૧૮. જાવું છે રે જાવું છે, નાદાન ૪
૧૯. હૈયના ફૂટ્યા હરિસંગે હેત ન કીધું ૪
૨૦. રે સગપણ હરિવરનું સાચું ૪
૨૧. હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે ૪
૨૨. મનની વાતો મનમાં રહી ગઈ રહી ગઈ રે ૮
૨૩. ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતાં મર્યો ૪
૨૪. પરભાતે રે, ઊઠી દર્શન દીધાં દયા કરી રે ૪
૨૫. આજ મોક્ષને વરસવા કાજે રે રાખ્યા સ્વામીને મહારાજે રે ૪

ગોડી

એકાદશી

પ્રભાતી

થાળ

આમ, સ્વામીશ્રીએ કંઠસ્થ કરેલ કુલ ૨૫૯ કીર્તનોની યાદી મળે છે.

વચનામૃત

ગઢડા પ્રથમ : ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૭, ૨૮, ૪૪, ૪૯, ૫૦, ૫૪, ૫૯, ૬૭, ૭૬.
સારંગપુર : ૧૭.
કારિયાણી : ૭.
લોયા : ૧૭.
ગઢડા મધ્ય : ૭, ૮, ૧૨, ૨૫, ૩૦, ૩૭, ૪૨, ૪૯, ૫૦, ૫૪, ૫૭, ૫૯.
વરતાલ : ૧૪, ૧૬.
અમદાવાદ : ૨, ૩.
ગઢડા અંત્ય : ૫, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૯, ૩૮, ૩૯.

કુલ ૪૧ વચનામૃતોની યાદી મળે છે. વળી, સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'અમે આખું વચનામૃત મોઢે કરવા ધારેલું. તેમાંથી પ્રથમના (ગઢડા) ૬૬ થયા. પછી રહી ગયું.'

આ વચન પ્રમાણે તે વચનામૃતોનો પણ ઉપરોક્ત યાદીમાં સમાવેશ કરી શકાય.

સ્વામીની વાતો

સદ્‌. બાલમુકુંદદાસજી પ્રકાશિત છ પ્રકરણની વાતોમાંથી ૧ થી ૪ પ્રકરણ.

ભક્તચિંતામણિ

પ્રકરણ : ૨, ૪૧, ૪૨, ૬૪, ૭૬, ૧૫૯.

નિષ્કુળાનંદ કાવ્ય

પુરુષોત્તમ પ્રકાશ : પ્ર. ૯, ૧૩, ૧૪, ૨૩, ૩૧, ૫૦.
ચોસઠ પદી : સંપૂર્ણ.
કલ્યાણ નિર્ણય : સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું.
હરિસ્મૃતિ : જીવન જાણું છું.


સિદ્ધાંત સાગર

કૃપા કરો મુજ ઉપરે (ચાર પ્રકરણ)

સંસ્કૃત અષ્ટકો

૧. ભવસંભવ, ૨. શ્રીવાસુદેવવિમલામૃત, ૩. વિહરતિ યો ક્ષરે, ૪. જલધર સુંદર, ૫. મુક્તાનાં સદસિ, ૬. વદન તર્જિતરમ્ય, ૭. જીર્ણદુર્ગનગરે વસનીયં, ગુણાતીતમુનિ

ઉપરોક્ત યાદી સંપૂર્ણ છે એમ કહી શકાતું નથી, આ ઉપરાંત પણ કેટલાંક કીર્તનો, વચનામૃતો, વાતો, શ્લોકો, પ્રકરણો તથા સાખીઓ સ્વામીશ્રીએ નાની ઉંમરે કંઠસ્થ કર્યાં હતાં, જે નોંધના અભાવે અપ્રાપ્ય છે. (શ્રી વલ્લભદાસ પુરુષોત્તમદાસ પોપટના સૌજન્યથી)



‘અમે બધા સદ્‌ગુરુઓની ખૂબ સેવા કરી અને રાજીપો મેળવ્યો છે. દેહને ઘસી નાંખ્યો છે.
અમે સં. ૧૯૬૯માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા.
સં. ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સ્વામીની એકધારી આજ્ઞા પાળી રાજી કર્યા.
શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે, પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી
તે સ્વામી અતિશય રાજી થયા છે. ને અત્યારે દર્શન દે છે ને સુખ આવે છે.
અમને શાસ્ત્રીજી મહારાજ ‘જોગી’ કહીને બોલાવે તે
એકદમ કાંટો ચઢી જાય કે મને શાસ્ત્રીજી મહારાજે બોલાવ્યો !
અને કાગળ લખતો હોઉં તો પેન મૂકી દઉં અને જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં....’

- સ્વામીશ્રી યોગીજી મહારાજ

8 G 8 1 1